
ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૭૬ • વર્ષ - ૨૦૨૦



કિંમત : ₹ ૪૦/-

VISIT…

LANZAROTE
Caliente.COM



“ પ્રકાશ પર્વ ”
- નરેન અંધારીયા
મો. - ૯૪૨૯૬૩૬૬૮૪

ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત : ૨૦૭૬

વર્ષ : ૨૦૨૦

તંત્રી
અશોક કાલરીયા

સહતંત્રી
અરવિંદ પટેલ

સંપાદક
પુલક ત્રિવેદી

ઉપસંપાદક
જગદીશ આચાર્ય

સહસંપાદક
ઉર્વી રાવલ, શીરિન સૈયદ, બેલા મહેતા

વિતરણ વ્યવસ્થા
ઇશ્વર ઠાકોર, જયેશ દવે, હસમુખ પટેલ, કિર્તી પરમાર,
જે. બી. મુનિયા, પ્રકાશન શાખા, ગાંધીનગર
તથા જિલ્લા માહિતી કચેરીઓ

પ્રકાશક
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રોસેસિંગ અને મુદ્રણ
સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ

વેબસાઇટ
www.gujaratinformation.net

કિંમત : ₹ ૪૦/-

આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા
વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.







આવો, આપણા ગુજરાતને
ઉત્તમથી સર્વોત્તમ બનાવવા માટે સંકલ્પબદ્ધ બનીએ...

દિવાળીમાં સેંકડો-હજારો દીપકની જ્યોતના પ્રકાશનો અજવાશ ઊર્ધ્વગામી સંકલ્પો સાથે નવા વર્ષમાં પ્રવેશનું ઈજન આપે છે. નૂતન વર્ષે નવતર જોશ અને હોંશ સાથે જીવનના ઉત્કર્ષનાં દ્વાર ખખડાવવાનાં છે. આગળ વધવાનું છે. જેનાં મન અને હૃદયમાં અજવાળું હોય એનો આત્મા પ્રકાશિત જ હોય. આત્મજ્યોત આગળ અનેક સૂર્યનો પ્રકાશ પણ પાણી ભરતો હોય છે. આ દીપોત્સવના પર્વે આપણે સૌ ગુજરાતી બાંધવ સ્વયંના આત્માની જ્યોતિ પ્રગટાવી દેશ, રાજ્ય, સમાજ, પરિવાર અને પોતાને ઉજળા કરવાનો સાચા હૃદયથી પ્રયત્ન કરીએ એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના છે. તિમિર ઉપર પ્રકાશપુંજ પાથરતા દીપોત્સવી પર્વ અને વિક્રમ સંવત-૨૦૭૭ના નૂતન વર્ષ નિમિત્તે, હું ગુજરાતના સૌ ગુજરાતી બાંધવોને દીપાવલીની મંગલકામના સાથે નવા વર્ષની ઉન્નતિ માટે શુભેચ્છાઓ પાઠવું છું.

ભારતના ઉત્સવો ખરા અર્થમાં લોકોત્સવો છે. સ્નેહીજનો, મિત્રો અને પરિવાર સાથે દરેક ઉત્સવ આનંદથી ઉજવવામાં આવે છે. દિવાળી એટલે દીપોત્સવ, ઝગમગતા દીવડાઓનું આ જાજ્વલ્યમાન પર્વ છે. અંધકારને દૂર કરવા દીપ પ્રાગટ્યથી પ્રકાશનો મહિમા સમજાવતો અનોખો લોકોત્સવ એટલે દિવાળી. જ્ઞાન અને સંસ્કારના પ્રકાશના પ્રસાર માટે આ તહેવારમાં સાથે મળીને પ્રત્યેક વ્યક્તિ અને પરિવાર આગળ વધે ત્યારે અજ્ઞાનનો અંધકાર ટકી શકતો નથી.

આ વર્ષે આપણા સૌની કપરી કસોટી થઈ છે. રાજય સરકારની પ્રબળ ઈચ્છાશક્તિ, ગુજરાતીઓની કોઠાસૂઝ તેમ જ કર્મયોગને વરેલા વહીવટી તંત્રના સામંજસ્યથી કોરોના મહામારીના કપરા સમયમાં પણ વિકાસના દરેક ક્ષેત્રમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. કોરોના સામે પ્રત્યેક ગુજરાતીબંધુએ ખભેખભા મિલાવી મુકાબલો કર્યો છે. મ્હોં વકાસીને જોયા કરવાને બદલે આપણે સૌ ગુજરાતી બાંધવોએ નરબંકાઈથી કોરોના સામે બાથ ભીડી છે. વૈશ્વિક મહામારી કોવિડ-૧૯ જેવી આપત્તિના સમયે કોરોના સંક્રમણને નિયત્રંણમાં લાવવા મોટા પાયે કોવિડ ટેસ્ટિંગ, ટ્રેકિંગ, ટ્રીટમેન્ટ, વિશેષ કોવિડ હૉસ્પિટલો તેમજ પ્લાઝમા બેન્કની પહેલ જેવી વ્યવસ્થાઓ ઊભી કરવામાં ગુજરાતે ઉદાહરણીય કાર્ય કર્યું છે.



ગુજરાતમાં પેશન્ટ રિકવરી રેટ અન્ય રાજ્યો કરતાં ઘણો ઊંચો છે. મૃત્યુદરમાં દિન પ્રતિદિન ઘટાડો થતો જાય છે. ગુજરાતના મહેનતું વેપારીઓ અને ખમીરવંતી ખંતીલી પ્રજાના સહયોગના કારણે જનજીવન તથા ઉદ્યોગ - ધંધા પૂર્વવત થઈ રહ્યાં છે. કોરોના સામે જંગ લડી રહેલા ગુજરાતને 'જીતશે ગુજરાત, હારશે કોરોના'નું સૂત્ર આપી સરકારે નાગરિકો અને ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સમાં અભિનવ ઊર્જાનો સંચાર કર્યો છે.

નિર્ણાયકતા વિકાસની મુખ્ય ધરોહર છે. જન વિશ્વાસની મજબૂત ધરોહર ઉપર બનેલી જનહિતલક્ષી સરકારના તમામ નિર્ણયોમાં લોકો કેન્દ્ર સ્થાને રહ્યા છે. જિલ્લાઓના વહીવટી તંત્રની સાથે યોગ્ય સંકલનમાં રહી રાજ્યના ખૂણે ખૂણામાં લોકકલ્યાણકારી અભિયાનો તથા યોજનાઓના લાભ પહોંચાડવાની દિશામાં ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

નકારાત્મકતાને દૂર કરી સૌના સાથ, સૌના વિકાસના ધ્યેય મંત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરીને આવનારા દિવસો આપણા સૌ માટે મંગલમય બની રહે તે માટે નૂતનવર્ષના પ્રારંભે શુભ સંકલ્પ કરીએ. ગુજરાતની વિકાસયાત્રામાં સક્રિય ભાગીદાર બનીએ. ગુજરાતનો વિકાસ ક્યારેય અટક્યો નથી અને ક્યારેય અટકવાનો નથી. ગુજરાત સરકાર હંમેશાં જનસામાન્યની પડખે અડીખમ ઊભી છે. મને વિશ્વાસ છે, ગુજરાતની જનતાના ખમીર પર, મને વિશ્વાસ છે ૧૩ કરોડ ભૂજાઓના બળ પર. મુશ્કેલીનો સમય પસાર કરી ખૂબ ઝડપથી ગુજરાતની વિકાસયાત્રાને તેજ બનાવવા આપણે સૌ આપણું સામર્થ્ય બતાવીશુ.

ગુજરાત દીપોત્સવી અંક રાજ્યના સાહિત્યકારો અને વાચકોમાં આગવું સ્થાન ધરાવે છે. તમામ પ્રકારના સાહિત્યને એક જ ગ્રંથમાં માણવાનું દીપોત્સવી અંકમાં સુલભ બને છે. પોતાની સાહિત્ય સર્જનકલાને ગુજરાત દીપોત્સવી અંકના સાહિત્ય રસિકો સાથે વહેંચવા બદલ લેખકો, ચિંતકો, કવિઓ, તસવીરકારો અને ચિત્રકારો સૌને અભિનંદન.

સૌ ગુજરાતી બાંધવોને દીપાવલી અને નવા વર્ષની અનેક અનેક શુભેચ્છાઓ...

જય જય ગરવી ગુજરાત...

વિજય રૂપાણી

મુખ્ય મંત્રી, ગુજરાત રાજ્ય







નકારાત્મકતાના અંધકારને દૂર કરીને હકારાત્મકતાનો પ્રકાશ પાથરીએ...

નવી આશાઓ અને નવા અરમાનોનું આકાશ ખોલતું પર્વ એટલે દીપોત્સવ. જીવન કેવી રીતે જીવવું એના કોઇ નિર્ધારિત અભ્યાસક્રમો ન હોય, પરંતુ જીવન કેવી રીતે માંજવું અને ઉજાળવું એની દઢનિશ્ચયી પ્રબળ નિષ્ઠા તો હોવી જ જોઇએ. નવરાત્રી અને શરદ પૂનમના દીવડાઓની જ્યોતનું અજવાળું ઘરમાં ચારેકોર પથરાયું છે. હવે પ્રત્યેક પરિવારનાં આંગણામાં દિવાળીના કોડિયામાં નવા વર્ષનુ શુભત્વ ઝગારા મારી રહ્યું છે. દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. યુગોથી ભારતીય સંસ્કૃતિએ અજ્ઞાનતા અને અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દીવાની સમજ સ્વીકારી છે. દીપની શુભ જ્યોત ઊર્ધ્વગામી બનવાનો શુભસંદેશ આપે છે. દીવાઓની દીપમાળા અંધકારને ફેડીને ઉજાસનાં ઓવારણાં લે છે.

દિવાળી અને નૂતન વર્ષ આપણી ભવ્ય અને દિવ્ય સંસ્કૃતિનું અનોખુ સંસ્કાર પર્વ છે. અજવાળું હંમેશાં પવિત્ર કહેવાય કારણ કે, અજવાળામાં નવતર હોંશ અને જોશ હોય છે. વિતેલા વર્ષના પ્રત્યેક દિવસ અમૂલ્ય અનુભવોનો ખજાનો આપીને જાય છે અને નવા વર્ષની ઉષા આગળ વધવાના શુભત્વના સંકેત સાથે ટોડલે ઊભી હોય છે. દીપાવલી એટલે ફટાકડાની આતશબાજીમાં ઈર્ષા, દ્વેષ અને નકારાત્મકતાનો ધુમાડો કરવાનું મહા પર્વ.

કોરોના મહામારીના પ્રકોપના કારણે આ વર્ષ વિશ્વ સમસ્ત માટે ખૂબ કપરું રહ્યું. કોરોનાની મહામારી સામે ગુજરાતે રીતસર બાથ ભીડી. કોવિડ ૧૯ જેવી બીમારીમાં સ્વયં સુરક્ષિત રહી પરિવાર અને સમાજને સુરક્ષિત રાખવાનો સંકલ્પ કરીએ. મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો, બાળકો, વંચિતો, વનબંધુઓ તેમજ સામાજિક, આર્થિક અને શૈક્ષણિક રીતે નબળા વર્ગોની આરોગ્ય સુખાકારી સાથે ઊર્ધ્વગામી વિકાસ માટેની ગુજરાત સરકારની દઢ નિર્ણાયકતાની પ્રતીતિ જનજનને થઇ રહી છે. નિર્ણાયક સરકારના પ્રત્યેક નિર્ણયના કેન્દ્રમાં જનતા છે. આરોગ્ય, શિક્ષણ, પાણી, ખાદ્ય સુરક્ષા, વીજળી, સામાજિક સમરસતા, ઉદ્યોગ, પર્યાવરણ, માળખાગત સુવિધા જેવા તમામ ક્ષેત્રે સરાહનીય કામગીરીના કારણે આજે ગુજરાત દેશ અને દુનિયામાં 'વિકાસ મોડેલ' કહેવાય છે.

આવનારા વર્ષમાં આપણે સૌ આપણી અંદર રહેલી રચનાત્મક શક્તિઓને ખિલવીને વિકાસના નવા પ્રકાશ પૂંજનું આહવાન કરીએ. દિવાળીનું આ પર્વ આપણા માટે નવી આશા લઇને આવે તેવી શુભેચ્છાઓ સાથે ગુજરાત દીપોત્સવીનો વિક્રમ સંવત ૨૦૭૬નો અંક આપના કરકમળમાં મૂકતા આનંદની લાગણી અનુભવું છું. મને પૂર્ણ શ્રદ્ધા છે કે, રાજ્ય સરકારના માહિતી વિભાગ દ્વારા પ્રતિ વર્ષની પરંપરા અનુસાર આ વર્ષે પણ ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને કલા-સાહિત્યને પ્રસ્તુત કરતો ગુજરાત દીપોત્સવી અંક સૌ વાચકો, અભ્યાસુઓ, કલા રસિકો અને સાહિત્ય રસિકોની જ્ઞાન પિપાસાને તૃપ્ત કરશે.

ગુજરાત દીપોત્સવી અંકના સુજ્ઞ વાંચકો અને સર્વે ગુજરાતી બાંધવોને દીપાવલીના પર્વની શુભેચ્છાઓ સાથે નૂતન વર્ષાભિનંદન....

અશ્વિનીકુમાર, આઇ.એ.એસ.
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ







વિકાસના નવતર સીમાડાઓ સર કરવાની શુભકામનાઓ...

સમયના પંખીની પાંખો એટલી તેજ રફતારથી ફરફરતી હોય છે કે, આપણને એમ લાગે કે, હજી હમણાં તો હોળી ગઈ, નોરતાં ગયાં ત્યાં હર્ષ-ઉલ્લાસ સાથે પ્રકાશનું અદ્વિતીય પર્વ દીપાવલીનું આગમન થઈ ગયું. પ્રકાશના મહાત્મ્યનું આહવાહન કરીને અંતરને અજવાળવાનો અનેરો ઉત્સવ એટલે દીપોત્સવ. આંગણે રંગોળી તેમજ બારણે આસોપાલવનાં તોરણ સજાવવાના ઉત્સાહ સાથે ઝળહળતા દીવાઓની હારમાળાને આવકારવા સૌ કોઇ સુસજ્જ છે. ઉત્સવો જીવનને ઉમંગ, ઉલ્લાસથી ભરી દે છે. આગળ વધવાના નવતર સંકલ્પો લેવા માટે ઉત્સવો પ્રોત્સાહિત કરે છે.

૨૦૨૦નું વર્ષ સમગ્ર વિશ્વ માટે જબરજસ્ત ઉતાર ચઢાવનું વર્ષ રહ્યું. વિટંબણા, આફતો અને સમસ્યાઓમાંથી માર્ગ કાઢવાનું ખમીર પરમાત્માએ માનવીને ઉપહાર સ્વરૂપે આપ્યું જ છે. આજે હાર છે તો કાલે જીત, આજે નિરાશા છે તો કાલે આશા. આશાનો એક દીપક નિરાશારૂપી તિમિરને દૂર હડસેલી દેવાની અપ્રતિમ ક્ષમતા રાખે છે. ખમીરવંતા ગુજરાતીઓ આફતને અવસરમાં પલટાવવામાં અજબની ખુમારી ધરાવે છે. સમગ્ર વિશ્વમાં કોરોના નામના અદૃશ્ય વાઇરસે અફડાતફડી મચાવી દીધી છે. ગુજરાતે આગોતરા પગલાં લીધાં. કેન્દ્ર સરકારે લીધેલા પ્રત્યેક નિર્ણયોનું ચૂસ્તપણે પાલન કરવાની સાથોસાથ કોરોના મહામારીને અટકાવવા કોઈ કચાશ ના રાખી. અને આમ પણ, થાકે, હારે અને ઝૂકે એ ગુજરાત અને ગુજરાતી નહીં.

'ગુજરાત દીપોત્સવી અંક- ૨૦૭૬' વાચકો સમક્ષ રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું. આ દીપોત્સવી અંકમાં ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો, સર્જકો, વિવેચકો, ચિંતકોની કલમે લખાયેલી સાહિત્યકૃતિઓ, અભ્યાસલેખો, કાવ્યો, નવલિકાઓ, નાટિકાઓ સાથેનો સાહિત્ય રસથાળ પીરસવામાં આવ્યો છે. વિશેષાંકમાં પ્રકૃતિ, લોકજીવન અને માનવસંવેદનાઓને અભિવ્યક્ત કરતી રંગીન તસવીરોને સમાવિષ્ટ કરવામાં આવી છે. પ્રતિવર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ વિશેષાંકને રસપ્રદ, વાચનક્ષમ અને આકર્ષક બનાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

ગુજરાતને વધુ ઉજ્વળ બનાવી વિકાસના નવતર સીમાડાઓ સર કરવા માટે આપણે સૌ ગુજરાતી બાંધવો નવા વર્ષે સંકલ્પબદ્ધ બનીએ. દીપોત્સવી પર્વનું તેજપુંજ સૌના જીવનમાં વિકાસનો ઉજાસ લાવનારું બની રહે તેવી શુભેચ્છા સાથે વિ.સં. ૨૦૭૭ના નવા વર્ષની શુભકામનાઓ.

અશોક કાલરીયા

અશોક કાલરીયા

માહિતી નિયામક





અનુક્રમણિકા









અનુક્રમણિકા





અનુક્રમણિકા



નાટિકા સંપુટ







અનુક્રમણિકા



અનુક્રમણિકા









અનુક્રમણિકા









હેમરાજભાઈ દેસાઈ
ગાયત્રી ત્રિવેદી
હર્ષ પગી
હેમંત પંડ્યા
ભૂમિકા ભાવસાર
દામોદર ગજ્જર
રમેશભાઈ ગોહિલ
દુર્ગેશ ઉપાધ્યાય
ભાર્ગવી આર. ભટ્ટ
દેશળ બી. પગી
હસમુખભાઈ રાવલ
અંજલી મહેતા
રેખા જયદેવસિંહ વેગડ
જયદીપ એન. ઠાકર
એન. પી. વૈશ્યક
હરિશ મકવાણા
ભાટી એન.
અર્પણ કાપડિયા
પશાભાઈ મકવાણા

શૈલેષ રાવલ
પિનલ પંચાલ
રક્ષા ભટ્ટ
જગદીશ મેવા
મુકેશ પંડિત
નટુભાઈ પરીખ
સંજીવ પંડ્યા
રેખા ચૌહાણ
કનુભાઈ પટેલ
પરેશ પ્રજાપતિ
વિક્રમ બી. પગી
ડૉ. ઉષા રા. પાઠક
બલવંતભાઈ જોષી
અનસૂયાબહેન પટેલ
અવની ઘનશ્યામભાઈ દવે
આનંદ પટેલ
તેજસ જીનગર
પ્રિયા પરિયાણી
જસ્મીન દવે

હરિભાઈ ટંડેલ
કલ્પિત પંચાલ
હેતલ દવે
રમેશ હાલારી
નટુભાઈ મિસ્ત્રી
નિરૂપમા ટાંક
રસિક ગલચર
તેજસ દોષી
મનહર કાપડિયા
અમૂલ પરમાર
પ્રશાંતભાઈ પટેલ
જયેશભાઈ જાદવ
જેસલબા જાડેજા
જય પંચોલી
નરેન અંધારીયા
નયના મેવાડા
જિગ્નેશ બી. પટેલ
ફાલ્ગુની પારેખ
ગજુ પટેલ

: મુખપૃષ્ઠ - ૧ :
ડૉ. અશોક જી. પટેલ
(૯૪૨૮૮૧૧૦૦૩)

: મુખપૃષ્ઠ - ૨ :
અશોક ખાંટ
(૯૯૯૮૯૯૯૮૦૯)

: રેખાંકન :
જય પંચોલી
(૯૬૨૪૨૨૭૧૪૦)








" બિલ્વાભિષેક "
- કલ્પિત પંચાલ
મો.- ૯૮૨૫૦૦૫૧૧૭



" પ્રેમનાં પુષ્પો"
- હરિભાઈ ટંડેલ
મો.- ૯૨૬૫૭૧૮૪૦૦



ગુણવંત શાહ
ડૉ. વિષ્ણુ પંડ્યા
ડૉ. બળવંત જાની
કુમારપાળ દેસાઈ
દેવેન્દ્ર પટેલ
જય વસાવડા
ભવેન કચ્છી
ડૉ. નરોત્તમ વાળંદ
યશવંત મહેતા
નરોત્તમ પલાણ
જોરાવરસિંહ જાદવ
હસુ યાજ્ઞિક
ભદ્રાયુ વછરાજાની
ડૉ. ભગવાનદાસ પટેલ
યાસીન દલાલ

શિવદાન ગઢવી
પ્રસાદ બ્રહ્મભટ્ટ
દોલત ભટ્ટ
પરમાનંદ માણેકલાલ ગાંધી
ડૉ. માણેક પટેલ 'સેતુ'
કિશોર મકવાણા
નટુભાઈ પરમાર
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
ડૉ.અશોક નારાયણ
કાકડિયા મનસુખ વી.
ભૂપેન્દ્ર મો. દવે
અજય મો. નાયક
વી. એસ. ગઢવી
નીલેશ પંડ્યા
સોમાભાઈ વિ. પટેલ
પુલક ત્રિવેદી



“ અમે મહિયારાં”
- જિગ્નેશ બી. પટેલ

સરદાર પટેલ : ઠંડી મક્કમતાના સ્વામી

- ગુણવંત શાહ

સરદાર વલ્લભભાઈ પટેલને સમજવામાં આપણો પનો ટૂંકો પડતો જણાય તો એમાં સરદારસાહેબનો કોઈ વાંક નથી. પોતાને જે સત્ય જણાય તે વાત ગાંધીજી સમક્ષ સ્પષ્ટપણે પ્રગટ કરવા માટે જરૂરી એવી નિરપવાદ નિખાલસતા સરદારમાં હતી. શ્રી મનુભાઈ પંચોળી(દર્શક)નું નાનકડું પુસ્તક 'વંદના' વાંચવા જેવું છે. સરદારને સમજવામાં સાહિત્યકાર અને ઈતિહાસજ્ઞ એવા દર્શકે સરદારનું દર્શન આ પુસ્તકમાં જે રીતે પ્રગટ કર્યું છે, તે માટે એમનો જેટલો આભાર માનીએ એટલો ઓછો ગણાય.

સરદાર પટેલની મૃત્યુતિથિ ૩૧મી ડિસેમ્બર (ગુરુવારે) છે. તોય આજે ૨૭મી જુલાઈએ (સોમવારે) લખવા બેસી ગયો તેનું કારણ શું ? બસ, એમ જ, રહેવાયું નહીં તેથી. સરદાર, નેહરુ અને ગાંધીજી વચ્ચેની કેમિસ્ટ્રી કેવી હતી? તદ્દન સચોટ જવાબ ગાંધીજીના મંત્રી પ્યારેલાલના શબ્દોમાં પ્રાપ્ત થાય છે. સાંભળો :

નાના નાના મુદ્દાઓની બાબતમાં
ગાંધીજીના વલણ પરત્વે સરદાર
તેમ જ પંડિત નેહરુ ઉભયને
પ્રકૃતિથી જ અણગમો હતો.
પરંતુ ગાંધીજી વિના બેમાંથી એકેને ચાલતું ન હતું ,
અને
ગાંધીજી એવા નિર્ણય પર આવ્યા હતા કે,
સરકારમાં તેમની બંનેની સેવાઓની
દેશને જરૂર છે.

(મહાત્મા ગાંધી : પૂર્ણાહુતિ-૪ પાન - ૩૫૧)

....આપણે તેમને (ગાંધીજીને) સાફ કહી દેવું જોઈએ કે કોંગ્રેસ પાસે જે વસ્તુ નથી, તે છે, એમ કહીને ચાલવા જઈએ તો કાંઈ ચાલવાનું નથી અને નુકસાન થવાનું છે.

દર્શક આગળ નોંધે છે : આ ભાષણમાં અપાર સત્યનિષ્ઠા, અજોડ હિંમત, નમ્રતા, અહિંસા છે અને છતાં તાદૃશ્ય જ્ઞાન છે. રાજકારણ તો 'આર્ટ ઓફ ધ પોસિબલ' છે, શક્યતાની કલા છે, નર્યું નીતિશાસ્ત્ર નહીં. (સુપુત્રી મણિબહેનની ઉપસ્થિતિમાં દર્શકે આપેલી આ વિગતોમાં ગાંધીજી સાથે સરદારે કોઈ બેઈમાની કરી ખરી? બસ, સરદાર આવા નિખાલસ હતા અને નિખાલસતા વિના સત્યનિષ્ઠા ટકી શકે ખરી? સાચું કહું? સરદારને જો રેંટિયામાં શ્રદ્ધા ન હોત તો તેમણે રેંટિયો ન જ ચલાવ્યો હોત. એમની જેલડાયરી વાંચો. સરદાર સાબરમતી જેલમાં પણ રોજ રેંટિયો ચલાવતા હતા. આવા સ્વચ્છ મહામાનવને એમના મૃત્યુ પછી જે અન્યાય થયો તેમાં રહેલું મહાપાપ ક્યારે ટળશે? પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આ માટેના પ્રયત્નોની કદર આજે નહીં થાય તો ક્યારે થશે? ગાંધી પરિવાર નહીં હોય ત્યારે? દર્શક લખે છે :

આ ભાષણમાં અપાર સત્યનિષ્ઠા, અજોડ હિંમત, નમ્રતા, અહિંસા છે અને છતાં તાદૃશ્ય જ્ઞાન છે. રાજકારણ તો 'આર્ટ ઓફ ધ પોસિબલ' છે, શક્યતાની કલા છે, નર્યું નીતિશાસ્ત્ર નહીં

શાસ્ત્રોમાં કહ્યું છે :
માણસમાં બ્રાહ્મણ ચડિયાતો છે,
બ્રાહ્મણમાં જ્ઞાની અને
જ્ઞાનીમાં પણ કર્તાજ્ઞાની શ્રેષ્ઠ.
સરદાર 'કર્તાજ્ઞાની' હતા.

સાચું કહું ? સરદારનું આવું પરિશુદ્ધ મૂલ્યાંકન તો દર્શક જ કરી શકે. કેટલાય બૌદ્ધિકોને સરદારની આટલી સચોટ અને તર્કપૂર્ણ પ્રશંસા નહીં ગમે. એક ચતુર સુજાણે દલીલ કરી હતી કે સરદારને અન્યાય થયો નથી. કારણ કે સરદાર એવા બહાદુર હતા કે, કોઈ એમને અન્યાય કરી જ ન શકે. આવું કહેવામાં થતો 'અપ્રગટ અન્યાય' વાચકોના ધ્યાન



બહાર જાય ખરો? ખરા સરદારને પામવા હોય, તો આજે જ 'વંદના' પુસ્તિકા ખરીદીને વાંચવાની ફરમાઈશ કરવાનું મને ગમશે.

સરદાર વલ્લભભાઈ પટેલ જ્ઞાતિવાદી કે કોમવાદી ન હતા. એમને જીવનની છેલ્લી ક્ષણ સુધી ગેરસમજનો અઢળક વૈભવ પ્રાપ્ત થયો હતો. તેઓ સ્વભાવે જ કોઈને માટે ત્યાગ કરવામાં ઉતાવળ કરનારા ભૂમિપુત્ર હતા. ગાંધીજીના એક ઈશારે એમણે સાપ કાંચળી ઉતારે એ રીતે ભારતના પ્રથમ વડાપ્રધાન બનવાની તક આવી મળી તે જતી કરી હતી. ૧૯૨૯ના વર્ષમાં જ્યારે લાહોરમાં ભરાનારા કોંગ્રેસ અધિવેશનમાં કોંગ્રેસનું અધ્યક્ષપદ પ્રાપ્ત થવાની તૈયારીમાં હતું, ત્યારે ગાંધીજીના ઈશારે એ પદ પંડિતજીને મળે તે માટે હરીફાઈમાંથી ખસી ગયા. જવાહરલાલે પોતે જ આત્મકથામાં લખ્યું છે કે પોતાને એવી લાગણી થઈ કે એ પદ ચોર દરવાજેથી પ્રવેશીને મેં મેળવ્યું છે. આવા ત્યાગ માટે જવાહરે એક વાર પણ સરદારને થેંક-યૂ જેવા બે શબ્દો નથી કહ્યા. વડાપ્રધાન બન્યા પછી પણ નેહરુના વર્તનમાં જે આભિજાત્ય પ્રગટ થવું જોઈએ તે કદી પ્રગટ થયું ન હતું. હૈદરાબાદની સમસ્યાના સફળ ઉકેલ પછી જ્યારે સરદારની સલાહથી ક.મા. મુનશી નેહરુને મળવા માટે ગયા ત્યારે જે ઠંડો પ્રતિભાવ મળ્યો તેમાં ભારોભાર કટુતા હતી, જાણે સરદારે અને મુનશીએ કોઈ ગુનો કર્યો હોય તેવું વર્તન નેહરુએ બતાવ્યું હતું. નેહરુનું ચાલ્યું હોત, તો હૈદરાબાદનો પ્રશ્ન આજે પણ U.N.O. માં હોત!

કર્તવ્યતત્પર એવા સરદાર ડાબેરીઓની નિંદાથી ક્ષોભ પામે એવા નબળા મનના ન હતા. અંદરથી પ્રામાણિક અને નિર્ભય મનુષ્ય જ ગેરસમજનો સામનો કર્મનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠા દ્વારા કરી શકે.

સરદાર વિષે દિલ્હીનાં અખબારોમાં સમાજવાદીઓનાં લખાણોમાં સરદાર અને મુનશી અંગે જે નિંદારસ પ્રગટ થતો તેથી લીલાવતી મુનશીએ સરદારશ્રીને પત્ર લખ્યો જેનો જવાબ આપ્યો તેમાં સરદારનું નીલકંઠસંલક્ષણ (નીલકંઠ-syndrome) પ્રગટ થયું. કર્તવ્યતત્પર એવા સરદાર ડાબેરીઓની નિંદાથી ક્ષોભ પામે એવા નબળા મનના ન હતા. અંદરથી પ્રામાણિક અને નિર્ભય મનુષ્ય જ ગેરસમજનો સામનો કર્મનિષ્ઠા અને રાષ્ટ્રનિષ્ઠા દ્વારા કરી શકે. આવો મનુષ્ય જ ભારતના મુસલમાનોને સુદર્શનચૂર્ણ જેવું કડવું છતાં કલ્યાણકારી સત્ય સાફ શબ્દોમાં સંભળાવી શકે. સરદાર પટેલને પ્રાપ્ત થયેલો શત્રુવૈભવ એટલું તો અવશ્ય સિદ્ધ કરે છે કે સરદારની ધાતુ મજબૂત હતી. કાયર મનુષ્ય નિર્વીર્ય હોય છે, અજાતશત્રુ નથી હોતો. નપુંસક મનુષ્ય શત્રુવિહોણો હોય તેથી શું? પરાક્રમ કરનાર મનુષ્ય શત્રુવિહોણો હોઈ જ ન શકે. સરદારને ઈતિહાસ જરૂર ન્યાય આપશે. તેમણે રાષ્ટ્રને એક કરીને ઈતિહાસ રચ્યો હતો. મેક્સમુલરે ઈતિહાસની મૌલિક વ્યાખ્યા કરી છે : ' ઈતિહાસ એટલે માનવીના મનની આત્મકથા.' આવા સરદારનું આજે પુનરાગમન થઈ રહ્યું છે.

કોઈ માને કે નહીં માને, પરંતુ હકીકતમાં દમ છે કે સદ્ગત નારાયણ દેસાઈની ગાંધીકથામાં પણ સરદારને જે આદર મળવો જોઈએ તે નહોતો મળતો. આવી ફરિયાદ મને કરનારા કેટલાક ગાંધીજનો જ હતા. એ દિવસોમાં 'સેક્યુલર કોરોના' ચેપી હતો. મૃત્યુ પછીનાં વર્ષોમાં સરદારનો યથાસ્થાને ઉલ્લેખ કરવામાં પણ વક્તાઓને 'ગેરસમજ થશે' એવો ભય લાગતો. આવો ભય કેવળ કોંગ્રેસના નેતાઓને જ નહીં, પણ સર્વોદયના કાર્યકર્તાઓને પણ લાગતો. આવું વલણ વર્ષો સુધી રહ્યું તોય સરદારને મળતા લોકાદરમાં ઘટાડો ન થયો. આજે સરદારનું પુનરાગમન થઈ રહ્યું હોય એવું જણાય તો તેમાં સરદારે પાળેલી રાજધર્મની નક્કરતા (Solidity) નો ફાળો ઓછો નથી.

સરદાર અને ગાંધીજી સાથે ઓછો વિચારભેદ ન હતો. નહેરુને તો ગાંધીજી સાથે એથી પણ વધારે મતભેદ હતો. નેહરુએ રેંટિયો ચલાવેલો, તોય એમને રેંટિયા સાથે જોડાયેલી ગ્રામકેન્દ્રી અર્થવ્યવસ્થામાં લગીરે શ્રદ્ધા ન હતી. સરદારે કરેલા એક પ્રવચનને વિગતવાર રજૂ કરીને દર્શકે આ વાત બહુ નજાકતથી પોતે આપેલા પ્રવચનમાં સમજાવી છે. સરદાર સંપૂર્ણપણે નિખાલસ હતા તેથી એમની વૈચારિક, પ્રામાણિકતા છોડીને ગાંધીજી સાથે બધી વાતે સંમત થવાની ઉતાવળમાં ન હતા. મનુભાઈએ(દર્શકે) જે પ્રવચન કર્યું તે વખતે સરદારપુત્રી મણિબહેન પોતે ઉપસ્થિત હતાં. માત્ર થોડા મુદ્દા જ અહીં પ્રસ્તુત છે. શબ્દો સરદારના છે, જે મનુભાઈએ પોતાના પ્રવચનમાં પ્રગટ કર્યા છે.

સાંભળો :

- પણ અમે એવું નથી માનતા કે સ્વરાજ આવ્યા પછી અમારે લશ્કર નહીં રાખવું પડે, નાનું રાખીએ પણ રાખવું તો પડે એવું અમને લાગે છે.

- ગાંધીજીએ કહ્યું કે 'તો હું તમારી ભેગો ન રહું.' આ પ્રમાણે ઊભી થયેલી ગૂંચ ઉપર કોંગ્રેસ કારોબારી એવા નિર્ણય પર આવી છે કે ગાંધીજી જોડે તે ઠેઠ સુધી ચાલી શકે તેમ નથી. આમ છતાં તે એમ પણ સમજે છે કે એમને પોતાને એમના મહાન આદર્શોનો પંથ એમની રીતે જ ખેડવાની છૂટ હોવી જોઈએ.
- હિંદમાં તેમ જ દુનિયામાં અત્યારે ભારી આક્રમણ તેમ જ આંતરિક અનવસ્થા પરત્વે પ્રવર્તી રહેલી પરિસ્થિતિમાં કોંગ્રેસ ચલાવવાના કાર્યક્રમ અને પ્રવૃત્તિ અંગેની જવાબદારીમાંથી કારોબારી ગાંધીજીને છૂટા કરે છે.
- મેં તો ગાંધીજીને કહ્યું, કે તમે હુકમ કરતા હો તો મને તમારા પર એટલી શ્રદ્ધા છે કે આંખો મીંચીને દોડું, પણ તેઓ કહે છે કે હવે મારા કહેવાથી નહીં, તમને સૂઝ પડતી હોય તો મારા માર્ગે ચાલો.
- પણ મને સૂઝ ન પડતી હોય એમાં સૂઝ પડે છે, એવું મારાથી કેમ કહેવાય..?.. કોઈએ પણ બાપુ સાથે બેઈમાની ન કરવી જોઈએ...
- અત્યારના સંજોગોમાં અહિંસાનો સંપૂર્ણ પ્રયોગ કરવો કોંગ્રેસ માટે શક્ય જ નથી. અમારી શક્તિની મર્યાદા છે.

સરદાર અને નેહરુ, બેમાંથી કોઈ મહાત્મા ન હતા. બંને ઊંચા ગજાના રાજકીય નેતા હતા, પરંતુ ગાંધીજીની ઊંચાઈએ પહોંચવામાં તેમને સફળ થવાની હોંશ પણ ન હતી. ગાંધીજીના સત્યનો પ્રભાવ જ એવો હતો કે બંને ગાંધીજીના ચુંબકત્વ સામે લાચાર હતા


સરદાર અને નેહરુ, બેમાંથી કોઈ મહાત્મા ન હતા. બંને ઊંચા ગજાના રાજકીય નેતા હતા, પરંતુ ગાંધીજીની ઊંચાઈએ પહોંચવામાં તેમને સફળ થવાની હોંશ પણ ન હતી. ગાંધીજીના સત્યનો પ્રભાવ જ એવો હતો કે બંને ગાંધીજીના ચુંબકત્વ સામે લાચાર હતા. બારડોલી સ્વરાજ આશ્રમમાં સેવા આપનારાં નિરંજનાબહેન ક્લાર્થી સરદારના સાથી સદ્ગત ઉત્તમચંદ શાહે દીકરી નિરંજનાને સંભળાવેલો પ્રસંગ નિરંજનાબહેનની સુપુત્રી પ્રજ્ઞાએ કહ્યો હતો. સરદાર જ્યારે પણ ટોઈલેટમાં જાય ત્યારે ઉત્તમચંદભાઈ આગળથી એક સળગતી સિગારેટ યોગ્ય સ્થાને મૂકી આવતા. એક દિવસ ઉત્તમચંદભાઈ એમ કરવાનું ભૂલી ગયા. થોડાક કાર્યકર્તાઓની હાજરીમાં સરદારે આડકતરો ઈશારો કરીને ઉત્તમચંદભાઈને આ વાત પહોંચાડી દીધી. તરત જ ઉત્તમચંદભાઈ બોલ્યા: 'હવેથી એવી ભૂલ નહીં થાય.' વાત પતી ગઈ.

સરદાર જીવતા હતા ત્યારે એમના સૌથી કડવા ટીકાકાર જયપ્રકાશજી હતા. જયપ્રકાશ સમાજવાદી હતા અને સરદારને ડાબેરી સમાજવાદીઓ પ્રત્યે સોલિડ પૂર્વગ્રહો હતા. ગાંધીજીના દેહવિલય પછી જયપ્રકાશ પોતાની જાહેરસભાઓમાં 'ગાંધીજીના હત્યારાઓ'ની આકરી ટીકા કરતા અને આડકતરી રીતે સરદારની નિંદા કરતા. એવા જયપ્રકાશે બારડોલીમાં યોજાયેલી ખેડૂતસભામાં સરદાર વિષે જે શબ્દો ઉદ્ગાર્યા તે મનુભાઈ પંચોળી(દર્શક) નોંધ્યા છે. સાંભળો :

'મારી જુવાનીમાં મેં સરદારને
બરાબર ઓળખ્યા ન હતા.
અત્યારે વિચાર કરતાં એમ લાગે છે કે
સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન તરીકે
પંડિતજીને બદલે સરદાર હોત તો સારું થાત.'

'વંદના' લે. મનુભાઈ પંચોળી(દર્શક)
પ્રકાશક : આર.આર.શેઠની કંપની,
અમદાવાદ-૩૮૦ ૦૦૧, મુંબઈ (૪૦૦ ૦૦૨) પાનઃ૭

મનુભાઈ આ શબ્દો કહ્યા પછી આગળ લખે છે : ' જે.પી. જેવી જ અનુભૂતિ આજની વિષમ દેશસ્થિતિમાં ઘણાંને થતી હશે. મહાપુરુષોને એમના જમાનામાં નજીકના અને દૂરના લોકોનો આવો અભાવ કે વિરોધ સહન કરવો જ પડે છે...એમાંય જો એ મહાપુરુષ સ્પષ્ટ વક્તા કે અપ્રિય પથ્ય સૂચવતા હોય, તો વિશેષ અણગમો તે ઘડીએ પેદા થાય છે. પણ જેણે પ્રજાહિત કરવું છે, તેણે 'અપ્રિયસ્વાપિ પથ્યસ્ય' વક્તા થવું જ પડે છે.' (વંદના, પાન - ૭)



મનુભાઈ પંચોળી (દર્શક)ની પુસ્તિકા સરદાર પટેલની પ્રતિભાને સમજવામાં અત્યંત ઉપકારક છે. (એ પુસ્તિકા મને મિત્ર જયંતી નાઈ તરફથી મળી હતી અને તે મને ખજાના જેવી લાગી હતી. એ માટે હું ભાઈ જંયતીનો ઉપકૃત છું.) દર્શક લખે છેઃ

સરકાર કહે છે કે નવમી ઓગસ્ટનો ઠરાવ પાછો ખેંચો, પણ એમાં તો એક કાનોય ખસવાનો નથી. ને એમણે 'હિંદ છોડો નહીં પણ એશિયા છોડો'- એમ અવાજ ઉઠાવ્યો.

('વંદના', પાન -૩)

અહમદનગરના કિલ્લામાંથી બહાર આવનારાઓમાં સરદાર જ પહેલા હતા અને ત્યારે એમણે આવા સ્પષ્ટ શબ્દો અંગ્રેજ સરકારને કહ્યા હતા. સરદાર પટેલની અભયસિદ્ધિને બિરદાવવામાં ગુજરાતમાં દર્શક સૌથી મોખરે હતા. તેઓ સરદાર માટે કહે છે તે બે વાર વાંચવા જેવું છે :

અહમદનગરના કિલ્લામાંથી બહાર આવનારાઓમાં સરદાર જ પહેલા હતા અને ત્યારે એમણે આવા સ્પષ્ટ શબ્દો અંગ્રેજ સરકારને કહ્યા હતા. સરદાર પટેલની અભયસિદ્ધિને બિરદાવવામાં ગુજરાતમાં દર્શક સૌથી મોખરે હતા

તેમને ભય ન હતો. ભય જ તેમની પાસે આવતાં ભય પામતો. અવસાન વખતે તેમને વીલ કરવાપણું ન હતું કારણ કે સંતાનોને આપવા જેવું કાંઈ હતું જ નહીં!

બેચાર જોડ લૂગડાં જ ફક્ત!

પરમ અકિંચન, પરમ નિર્ભય હતા.

જે.પી.ની લાગણી સાથે ઘણા લોકો મળતા થશે. આજની કથળેલી જ નહીં, રસ્તો ન સૂઝે તેવી ગૂંચવાયેલી પરિસ્થિતિમાં સરદાર જ સુકાની હોત તો સારું થાત, કારણ કે રાજ્યનીતિ, ખાસ કરીને લોકશાહી-રાજનીતિ માત્ર આદર્શનાં રંગભર્યા સ્વપ્નાં પર નિર્ણય લઈ શકતી નથી. વાસ્તવિકતા અને આદર્શ બંને લોકશાહી-રાજનીતિની આંખો છે. બે આંખોની સહિયારી કામગીરીથી જે દૃશ્ય સાંપડે તેના પર નિર્ણયો લેવાવા જોઈએ. સરદાર સાહેબની આ બંને આંખો સાબૂત હતી.

('વંદના', પાન-૭)

'આજે ભારત વિષે જે કંઈ કહેવા યોગ્ય કે વિચારવા યોગ્ય છે, તે મોટે ભાગે સરદાર પટેલની કુનેહયુક્ત મુત્સદ્દીગીરી અને કુશળ વહીવટને લીધે જ છે. તેમ છતાં આપણે એમની સતત અવગણના કરી છે.'

- ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

(મે, ૧૩, ૧૯૫૯નો દિવસે પોતાની ડાયરીમાં કરેલી નોંધ.)

ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી,
જૂના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૨૦
ફોન : ૦૨૬૫-૨૩૪૦૬૭૩

પ્લેટોના અવસાન પછી એરિસ્ટોટલ એકેડેમીમાં ભણાવી રહ્યો હતો. વર્ગમાં એક વિદ્યાર્થીએ કહ્યું : 'એરિસ્ટોટલ! તમે જે કહો તે ઠીક છે, પરંતુ પ્લેટો તો જુદું કહેતો હતો.' આવું વર્ગમાં ચારપાંચ વાર બન્યું ત્યારે એરિસ્ટોટલે ઠંડે કલેજે એ વિદ્યાર્થીને માત્ર એક જ વાક્ય કહ્યું : 'મિત્ર પ્લેટો મહાન હતો, પરંતુ સત્ય તો પ્લેટોથી પણ વધારે મહાન છે.' આપણે સતત યાદ રાખવાનું છે કે ગાંધીજી મહાન હતા, પરંતુ સત્ય એમનાથી પણ મહાન ગણાય. સરદારને સમજવાની ચાવી એરિસ્ટોટલના વાક્યમાં રહેલી છે. સત્યમેવ જયતે!

સંસ્કૃતિની સ્વરભૂમિ...

- ડૉ. વિષ્ણુ પંડ્યા

કોઈ એક સ્થાન એવું હોય છે, જ્યાં શક્તિ, ભક્તિ અને શ્રદ્ધા સાથેના તર્કની દીર્ઘ તવારિખ રચાયેલી હોય છે. ગુજરાતના સદ્‌ભાગ્યે દ્વારિકા એવું નગર છે જ્યાં એકલી જમીન પર જ નહીં, છેક સમુદ્રની ગહેરાઈમાં આપણી સંસ્કૃતિના કીર્તિસ્તંભો ઊભા છે. કોઈપણ પુરાતત્ત્વવિદ્‌ને પૂછો તો તે પેટાળમાં પડેલી એક, બે નહીં, અનેક દ્વારિકા નગરીનો ઇતિહાસ આપણી સમક્ષ ધરી દેશે!

બધે આવું કંઈ બનતું નથી હોતું. કેટલાંક જ સ્થાનવિશેષ પાસે આવી સમૃદ્ધિ છે એટલે દ્વારિકાને આપણું 'સંસ્કૃતિ સ્થાન' ગણવામાં આવે છે. અહીં રાજ્ય, રાજ્યશાસન, પ્રજાજીવનનો વૈભવ, ધાર્મિક આસ્થા,અધ્યાત્મની આરાધના, વિજ્ઞાન અને બીજાં શાસ્ત્રોનું અધ્યયન-સંશોધન, સ્વાતંત્ર્યપ્રીતિ અને તર્કની ભૂમિ પરનો વિહાર: આટલું એકસાથે સર્જાતું રહ્યું. દ્વારિકાએ નિર્માણનો સ્તંભ રચ્યો અને વિનાશનો યે અનુભવ લીધો. માનવીય આપત્તિઓથી પ્રાકૃતિક આપત્તિઓ સુધીનો તેને અનુભવ છે અને દ્વારિકાની માટી મોટા પડકારો માટે જગજાણીતી છે. યાદવાસ્થળીનો કારમો પ્રસંગ તે આસાનીથી ભૂલીને 'નવ-દ્વારિકા'નું નિર્માણ કરે છે. ભારત-પાકિસ્તાન યુદ્ધ સમયે પણ દ્વારિકા અને દ્વારિકાધીશ પાકિસ્તાનના નિશાન પર હતાં.

સ્વાતંત્ર્યસંગ્રામમાં દ્વારિકા ? હા,

હમણાં સાહિત્ય અકાદમીના એ જિલ્લાના લેખકો-કવિઓની સંગાથે અમે બેટ દ્વારિકામાં કાર્યક્રમ કર્યો હતો. ગુરુદ્વારામાં 'સંગત' કરી, 'ગુરુબાની' સાંભળી, માથું ટેકવ્યું, એક દિવસ તેના મહેમાનગૃહમાં રહ્યા, પછી બીજા દિવસે આ ખોબા જેવડાં નગરની ઉબડખાબડ સાંકડી ગલીઓમાં નીકળ્યાં. અહીં એક 'રંગુનવાલાનો બંગલો' નામે નિવાસ છે. બંગલો તો નથી, બે માળનું મકાન છે. પણ તેનો ઇતિહાસ અદ્‌ભુત છે. આ મકાનમાં હેમરાજ બેટાઈ અને હીરાલક્ષ્મી બેટાઈ રહેતાં હતાં. બેટમાં રહ્યા એટલે બેટાઈ કહેવાય! પોરબંદર અને બેટ દ્વારિકા પછી રંગુન સ્થળાંતર કર્યું. બીજાં વિશ્વયુદ્ધ દરમિયાન ટોકિયો-સિંગાપુર-રંગુનમાં ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામનો ઐતિહાસિક અધ્યાય રચાયો. રાસબિહારી બોઝ અને નેતાજી સુભાષચંદ્ર બોઝે જાપાન સાથેનાં યુદ્ધમાં ભારતીય યુદ્ધ કેદી સિપાહીઓની આઝાદ હિન્દ ફોજ રચી. એશિયન ભારતીયો તેમાં જોડાયા. રંગુનમાં ''આઝાદ હિન્દ સરકાર'' રચવામાં આવી. તેની પોતાની બેંક, ચલણ, સરકાર, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત બધું હતું. ખરેખર તો સ્વાધીન ભારતની એ બીજી સરકાર હતી. (પ્રથમ આઝાદ હિન્દ સરકાર અફઘાનિસ્તાનમાં રાજા મહેન્દ્ર પ્રતાપે રચી હતી.) ત્રીજી ૧૯૪૭ પછી ભારત સરકાર બની.

આઝાદ હિન્દ ફોજ માટે બેટાઈ દંપતીએ પોતાની સમૃદ્ધ કમાણી સંપૂર્ણ રીતે ધરી દીધી અને પોતે પણ ફોજમાં જોડાયાં હતાં. ઘણા ગુજરાતીઓએ આ સ્વાતંત્ર્ય-જંગમાં ભાગ લીધો હતો. તેમાં હેમરાજ હીરાબહેન અગ્રજ હતાં.

આજે તો આ મકાનની સારસંભાળ એક સ્થાનિક નિવાસી કરે છે. કોઈ દાવેદાર નથી. બેટાઈ દંપતી પણ થોડા સમય પર અવસાન પામ્યું. (તેમની મુલાકાત લઈને વાર્તાકાર રજનીકુમાર પંડ્યાએ એક મોટો લેખ કર્યો હતો.) એટલે માત્ર ''રંગુનવાલાનો બંગલો'' નામ રહી ગયું છે. ખરેખર તો આવાં સ્થાનોને 'ઐતિહાસિક પ્રવાસન સ્થળ' તરીકે સુપ્રતિષ્ઠ કરવાં જોઈએ.

દ્વારિકાનો પરિચય કેવા કેટલા પડાવ સાથેનો રહ્યો હશે ?

આ દ્વારિકાએ કંઈ ઓછા આઘાત-પ્રત્યાઘાતો સહન કર્યા નથી. ગોપીગીતમાં તો આર્તનાદ વ્યક્ત પણ થયો કે ક્ષણનો ૧૭૦૦મો ભાગ છે ત્રુટિ! આટલી ત્રુટિ પણ કૃષ્ણવિહોણી અમને એક યુગ જેવડી લાગે છે.

આનો અર્થ એ કે શ્રીકૃષ્ણની દ્વારિકા કેવી ભવ્યાતિભવ્ય હશે ? વૈભવી દ્વારાવતી, ચાર મુખ્ય ધામોમાંની એક, કોઈ પણ મહાકાવ્ય તેના વિના અધૂરું લાગે. સર્જન અને વિસર્જન. કૃષ્ણે વસાવી એ તો છઠ્ઠી દ્વારિકા હતી. પછી સમુદ્રે તેને સમાવી લીધી. પછીની તે સાતમી દ્વારિકા.

હા, તેનું સંશોધન ડૉ. એસ.આર.રાવ અને ડૉ. હસમુખ સાંકળિયાએ કર્યું. કૃષ્ણ તો છેક ૩૩૦૦ વર્ષ પૂર્વે આવ્યા હતા. એક ગણતરી પ્રમાણે સાતમો મન્વંતર-વૈવસ્વત, તેની અઠ્ઠાવીસમી ચતુર્યુગીનો પ્રારંભ 'સત્યયુગ'તરીકે થયો. એ રીતે આજે વૈશ્વિક મનુષ્યસૃષ્ટિને ૧૨,૦૫,૩૮,૧૧૮ વર્ષ થયાં. અદ્‌ભુત છે કૃષ્ણકથા :

બ્રહ્માંડાનિ બહૂનિ
પંકજભવાન્પ્રત્યેજત્યદ્દ ભૂતાન્
ગોપાન વત્સયુતાનદર્શયજં
વિષ્ણુનરોણાંય યઃ
શંભૂર્ય શ્ચરણોદ્દકમ સ્વશિરસા
ધત્તે ચમૂર્તિત્રયાત્

કૃષ્ણો વૈ પૃથગસ્તિ
કોઙપિ વિકૃતઃ સચ્ચિમન્યો નીલિમા!

આ કૃષ્ણે જ રચ્યાં અનેક બ્રહ્માંડો, બ્રહ્માંડોમાં ગોપાલકો, ગાયો અને વિષ્ણુઓ! શિવે તેના ચરણે વહેતી જળગંગાને મસ્તકે ધારણ કરી. અરે, આ જ તો સત્ય- બ્રહ્માવિષ્ણુમહેશ પ્રતિમાથીયે અલગ, અલૌકિક, સચ્ચિદાનંદમય, અવિકારી અને શ્યામ પરમેશ્વરરૂપ છે.

આ સ્તુતિ ગાઈ હતી આદિ શંકરાચાર્યે . કૃષ્ણ-દ્વારિકાનો તો ઘટના-સંસાર રચાયો હતો. 'પારિજાતનાં વૃક્ષોથી શોભિત નગરી- બલરામનાં રેવતીની સાથે લગ્ન, પછી રુકિમણિ હરણ, સોળ રાત્રિ સુધી જામ્બુવાન સાથે યુદ્ધ, સ્યાંમતક મણિની શોભા, સત્યભામા સાથેનાં લગ્ન, કાલિંદીનો ભવનપ્રવેશ, પ્રિયંવદા-ભદ્રા- અને ૧૬૦૦૦ કન્યાઓની ભૌમાસુરથી મુક્તિનો સંઘર્ષ, અનિરુદ્ધ-ઉષાનાં લગ્ન (આ ઉષા તે આજના 'ઓખા'નું મૂળ!) પુત્ર સામ્બવાનાં લક્ષ્મણા સાથે લગ્ન, પછી -

'સમય સમય બલવાન છે
નહીં પુરુષ બલવાન,
કાબે અર્જુન લૂંટિયો
વહી ધનુષ વહી બાણ!''

શ્રીકૃષ્ણે ૧૦૦ વર્ષ શાસન કરીને યાદવાસ્થળીથી દુઃખી થઈને દ્વારિકા છોડ્યું, સર્વત્ર ડૂબ્યું. પણ પ્રપૌત્ર વજનાભે દેવાલય- હરિગૃહમાં સ્થાપિત કર્યું. ઈ.સ. પૂર્વે આઠમીથી બીજી સદી સુધી પછી આવ્યા મૌર્ય-ક્ષત્રપ- શાલિવાહન-ગારુલક-સૂર્યપૂજક ચૌરા અને અરબ આક્રમણો. આદિ શંકર પરિભ્રમણ કરતા આવ્યાં, દ્વારિકાધીશનો જિર્ણોદ્ધાર કરાવ્યો. શારદાપીઠની સ્થાપના કરી તેમાં પ્રથમ આચાર્ય બન્યા 'હસ્તભલાક' 'હાથમાં આમળાં' જેવા જ અદ્ભુત!

દ્વારિકા આંતરરાષ્ટ્રીય ખ્યાત હતું. વિક્રમ સંવતના પ્રથમ શતકમાં છેક ગ્રીસની એથેન્સ નગરીમાં યવનાચાર્ય સુપ્રતિષ્ઠ હતા, તેમણે 'યવનજાતક' નામે સમુદ્ર શાસ્ત્રનો ગ્રંથ રચ્યો. અને ઈસવીસન બીજા શતકમાં અહીં એક રાણી વીરા થઈ

દ્વારિકા આંતરરાષ્ટ્રીય ખ્યાત હતું. વિક્રમ સંવતના પ્રથમ શતકમાં છેક ગ્રીસની એથેન્સ નગરીમાં યવનાચાર્ય સુપ્રતિષ્ઠ હતા, તેમણે 'યવનજાતક' નામે સમુદ્ર શાસ્ત્રનો ગ્રંથ રચ્યો.

અને ઈસવીસન બીજા શતકમાં અહીં એક રાણી વીરા થઈ. રુકદામનનું સામ્રાજ્ય માલવાથી સમગ્ર રીતે વ્યાપક થયું. અવંતિ, અનુપદેશ, નીવૃત્ત, અનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરુ, કચ્છ, સિન્ધુ, સૌવીર, અપરાંત, નિષાદ બધે ધ્વજ ફરક્યો. ગિરિનગર રાજ્યમાં રુદ્રદામનના આદેશથી સુવર્ણસિકતા અને પલાશિનીનાં ભયાનક પૂર સામે સેતુબંધ રચવામાં આવ્યો. વિશાખાદત્તને આભારી હતો.પછી નજર ગઈ દ્વારિકા પર. ત્યાં પણ પહ્લવ વિશાખદત્ત પહોંચ્યો. મોટું યુદ્ધ થયું. રાજવી વાસુદેવે લડતાં લડતાં છેલ્લા શ્વાસ લીધા. અને સૈન્યનું નેતૃત્વ વાસુદેવ-પત્ની ધીરાદેવીએ લીધું!

તેને બંદીની બનાવવામાં આવી. રાજદરબારમાં પ્રસ્તુત કરી. ગૌરવભેર તેણે કહ્યું : હું દ્વારિકાના મહારાજાની મહારાણી છું, મારી સાથે એક રાજ્ય બીજાં રાજ્ય સાથે સન્માન અને સમાનતા જાળવે તે રીતે તમારી પાસે વર્તવાની આશા છે.

એ જ સમયે રુદ્રદામનની પુત્રીએ તેને સાંભળી. રાજવી પિતાને કહ્યું કે જય અને પરાજય તો પ્રાસંગિક છે, પિતાજી! આ આર્યનારીનું તેજ- સ્વરૂપ જુઓ. છલોછલ આત્માભિમાનને પારખો. તેમને મુક્ત કરો અને દ્વારિકા જવા રથ તૈયાર કરાવો.

રુદ્રદામનને નવાઈ લાગી. પોતાની પુત્રી પરાજિત દુશ્મનની રાણી પ્રત્યે આટલી મુગ્ધ?

બન્યું હતું એવું કે ધીરાદેવીને પ્રથમ તો વિશાખદત્તે જેલમાં રાખ્યાં, ત્યાં રુદ્રદામનની પુત્રી મળવા ગઈ. આ ભૂમિની તેજસ્વિનીને જોઈને, સાંભળીને લાગ્યું કે ખરું ખમીર તો અહીં પડ્યું છે, આ રાણીમાં. રુદ્રદામનનેય તેણે કહ્યું કે મને મુક્ત કરો. છ મહિના પછી-આટલાં સૈન્ય કરતાં અનેક ગણું લઈને- મારાં દ્વારિકા પર આક્રમણ કરજો. પછી જે નિયતિ હોય તેને સ્વીકારજો, તમે અને હું પણ- રાજા અભિભુત થયો.

ધીરાદેવીને મુક્ત કરવામાં આવી. ''જાઓ રાણી, છ મહિનાનો તમને ઉપહાર આપું છું.''

ધીરાદેવીએ બીજી વાત કરી, રુદ્રદામન શાતવાદનનો વંશ, અને ધીરાદેવીનો ક્ષત્રપ. આ બંનેનો સ્નેહસંબંધ રચાય, એક થાય તો કેવું મોટું અને ભયમુક્ત સામ્રાજ્ય રચી શકાય.

રુદ્રદામન વિચારમાં પડ્યો. ધીરાએ તેને વિચાર કરતો કરી મૂક્યો.

ધીરા અને મીરાં.

મેડતાથી નિકળી હતી આ રાજરાણી, કૃષ્ણમયી બનીને. યાત્રામાં જ દ્વારિકા આવતાં મહારાજા ભોજરાજના રાજદૂત મળવા આવ્યા. ''મહારાજાનો આગ્રહ છે કે આપ પાછા ફરો. વૃંદાવનથી દ્વારિકાની ભક્તિયાત્રા તો પૂરી થઈ. ભજનભક્તિના પર્વનું સમાપન થયું, હવે રાજમહેલમાં પધારો. ભલે શ્રીકૃષ્ણની ભક્તિ કરો, એ દ્વારિકામાં છે તેમ મેડતામાંયે છે! હવેલીમાં ત્યાંયે શ્રીકૃષ્ણ બિરાજે છે..''

મીરાં : હે રાજદૂત, આ સમુદ્ર અને તેના પર નીલરંગી આકાશ નિહાળ્યું તમે? અને આ શંખછીપલાંની રેતી?

'હા.'

'પવનવેગમાં હલેસાં મારીને દૂ...ર સુદૂર જતો નાવિક?'

'હા.'

મીરાં : તો ભોજરાજાને સંદેશો આપજો કે એક નૌકામાં બેસીને હું નીકળી છું. મારો કિશન મને સાદ દે છે. પાછાં વળવું અસંભવ છે.

રાજદૂત : પણ મહારાણી...

મીરાં : હા, મહા-રાણી, એકાદ દેહમાં એકાદ વ્યવસ્થામાં પૂરાયેલી વ્યક્તિની નહીં, સમગ્ર વિશ્વનાં કૃષ્ણસ્વરૂપની મહારાણી! જુઓ, સંભળાય છે તેનો સ્વર, મહારાસ, અને સંગીત? સૂર્ય-ચંદ્ર-તારલા-મેઘ-તાપ-નક્ષત્રો, બધાં ધરતી અને આકાશઃ મારા મહારાજની સંગાથે મહાનૃત્ય કરી રહ્યાં છે. મહા-રાજ મારો કનૈયો. નટવર નાગર. રાહ જોઈ રહ્યો છે મારી... તે સૂર છેડે છે બંસરીનો. તે મૌની બને છે. ખડખડ હસે છે. છટકી જાય છે. કદમ્બની ડાળે બેસીને વાંસળી વગાડે છે. યમુનામાં તરે છે. બંસીધર, ગિરિધર, ચક્રધર...

એ જ તો વિશ્વાધાર!''

રાજદૂતે આ સાંભળ્યું. પથ્થર પર લકીર ખેંચવી અસંભવ હતી એમ તેને લાગ્યું, ને મીરાં?

મૈં ગિરિધર કે ઘર જાઉં
ગિરિધર મ્હારો સાંચો પ્રીતમ
દેખત રુપ લુભાઉં.
રૈણ પડે તબ હી ઉઠી જાઉં
ભૌર ભયે ઉઠિ જાઉં,
રૈણ દિના વાકે સંગ કેલું
જ્યું ત્યું વાહિ લુભાઉં
જો પહિરાવે સોઈ પહેર.
જો દે સોઈ ખાઉં.
મેરી ઉણકી પ્રીત પુરાણી
ઉણ વિણ પલ ન રહાઉં.
જહં બૈઠે તિત હી બૈઠું
બેચે તો બિક જાઉં,
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર
બારબાર બલિ જાઉં!

શું મીરાં દ્વારિકાથી દક્ષિણ ભારતે પહોંચી હતી? કે દ્વારિકાધીશમાં અંતર્ધાન થઈ હતી? સંશોધકો આ બે માન્યતા ધરાવે છે, પણ જનમાનસની મીરાં આ બધાંથી પાર થઈ ગઈ છે.

એક વધુ અદ્વિતીય ઘટના આ સમુદ્ર કિનારાએ સાચવી રાખી છે. ૩૦ માર્ચ, ૧૬૧૯, વિક્રમસંવત ૧૭૫૬નો વૈશાખી દિવસ. ગુરુ ગોવિંદસિંહ અને સામે પગડીધારી શીખ. ગુરબાની ચાલે છે. સત શિરી અકાલનો ગગનભેદી નારો. ગોવિંદ તો ગોવિંદ હતાને?

સવા લાખ સે એક લડાઉ
ચિડિયોં સે મૈં બાજ લડાઉ,
બિલ્લિ સે મૈં શેર લડાઉં
તબ ગોવિન્દસિંહ કહલાઉં!

ફરી 'વાહે ગુરુ કી ફતેહ!' ગુરુએ હાથમાં તલવારની સાથે સંબોધન કર્યું : મા દુર્ગાએ હવે ભેટ માંગી છે, પાંચ બંદાઓની. તેની સામે જ બલિદાન આપનારા વીર બંદાઓ, બોલો, તૈયાર છો?

એક પછી એક એમ પાંચના લોહી નિગળતાં મસ્તક ધરાવવાનાં છે. શું તમે ગુરુ સમક્ષ અને મા દુર્ગા સમક્ષ શિરસમર્પણ કરશો?

ભીડમાંથી પ્રથમ ઊભો થયો ભાઈ દયાસિંહ. લાહોરવાસી હતો, ગુરુ તેનો હાથ પકડીને પાછળની છાવણીમાં લઈ જાય છે અને થોડીવારે રક્તરંજિત તલવાર લઈને પાછા ફર્યા. 'બીજો કોણ?' ધરમસિંહ જાટ, ઉત્તર પ્રદેશનો ત્રીજો હિંમતરાય ખ્રિસ્તી, જગન્નાથપુરીનો એક પછી એક બંદાને પાછળની છાવણીમાં લઈ જાય અને ગુરુ લોહીભીની તલવારની સાથે પાછા આવે.

ચોથો હતો મોહકમસિંઘ. બેટ દ્વારિકામાં જન્મ્યો. માતા દેવીબહેન, પિતા તીરથદાસ. છીપાકામથી રોજગારી મેળવે. છેક દ્વારિકાથી બળદગાડીમાં આવ્યો, મા-બાપની રજા લઈને. આવે-દેશ ધરમ માટે બોલાવ્યા હોય ને ના આવીએં તો મોત પણ બૂરું આવે.

સૂર્ય-ચંદ્ર-તારલા-મેઘ-તાપ-નક્ષત્રો, બધાં ધરતી અને આકાશઃ મારા મહારાજની સંગાથે મહાનૃત્ય કરી રહ્યાં છે. મહા-રાજ મારો કનૈયો. નટવર નાગર. રાહ જોઈ રહ્યો છે મારી... તે સૂર છેડે છે બંસરીનો. તે મૌની બને છે. ખડખડ હસે છે. છટકી જાય છે

તેને પણ ગુરુએ અંદર મોકલ્યો. એ જ તલવાર, એ જ લોહી. પાંચમો કર્ણાટકના બીદર ગામનો સાહિબચંદ. જાણે કે દેશ આખાનું પ્રતિનિધિત્વ!

ગુરુએ રહસ્ય છતું કર્યું : તમારા આ બંદાઓ હણાયા નથી. મારે તો પરીક્ષા લેવી હતી. આ તલવાર પરનું લોહી આ જુવાનોનું નથી, બકરાંઓનું છે! હવે મારા આ ''પંજ પ્યારા'' છે, મારા ''સિંહ''! કેશ-કંગી-કડું-કચ્છો-કિરપાણથી તમારા દેહને સજાવજો, બધાં રણભૂમિનાં પ્રતીક છે અને આપણો 'ખાલસા'પંથ ! જુઓ, કોઈ જાતપાત નથી. દયાસિંઘ ખત્રી છે, ધરમસિંહ જાટ છે, હિંમતસિંઘ કુંભાર અને સાહિબસિંઘ વાળંદ. મોહકમસિંઘ દૂર દ્વારિકામાં કપડાંનું રંગાટકામ કરતો. પણ બંદા થયા, હવે માત્ર 'ધર્મસૈનિક' પંજ પિયારે!

મોહકમસિંઘ જનમ્યો હતો ૧૬૭૬માં. બચપણથી ચોર્યાસી ધૂણાના ઉદાસી અખાડામાં જાય. શીખ ગુરુ નાનક-બાનીથી તરબતર થાય. ને એમ જ આનંદપુર સાહેબની નિશ્રામાં પહોંચ્યો. ૧૫૨૩ વિક્રમ સંવત, જેઠ સુદ સપ્તમીએ-શનિવારે પટણામાં ગોવિંદ જનમ્યા અને મુઘલો સામેના દારુણ યુદ્ધની વચ્ચે ગ્રંથ સાહેબની પ્રતિષ્ઠા કરી. વિક્રમ સંવત ૧૭૬૪ની ભાદ્રપદી ચતુર્થીએ છેલ્લા શ્વાસ લીધા, પણ તે પૂર્વે તેમણે શીખ ધર્મને જ હિન્દુસ્તાનનો સંગ્રામી આત્મા બનાવી દીધો. ખાલસા પંથની રચના કરીને Regimentation કર્યું.

ગુજરાતનો શીખ ધર્મ સાથે ગાઢ નાતો રહ્યો છે નાનકદેવે પાટણ, ઈડર, સુરત, ભરુચ, રાજપીપળા, ખંભાત, વડોદરા, અમદાવાદ, ડાકોર, ખેડા, વઢવાણ, પાલીતાણા, જૂનાગઢ, વેરાવળ, સોમનાથ, છાયા(પોરબંદર), દ્વારકા, અંજાર, માંડવી, ભૂજ, લખતર અને બેટ દ્વારકાની યાત્રા કરી હતી. લખપત-ભરુચ-વડોદરાનાં ગુરુદ્વારા નાનકદેવનાં નામ સાથે સંકળાયેલાં છે.

આમાં બેટ દ્વારિકાનું અધિક મહત્ત્વ છે, શીખ ઈતિહાસમાં. અહીં મહાપ્રભુ વલ્લભાચાર્ય (ઇ.સ. ૧૫૨૭), ગોસાઈ વિઠ્ઠલનાથ, તેમના ભાઈ રઘુનાથજી (૧૫૭૪) અને આદિ શંકરાચાર્ય પણ પધાર્યા હતા. નાનકદેવના પુત્ર શ્રીચંદજી ઉદાસી અખાડાના સ્થાપક ગણવામાં આવે છે. ચોર્યાસીના ધૂણામાં વાંઝા છીપા દરજીના મોહકમ વારંવાર જતા. ૧૬૮૫માં આનંદપુર પહોંચ્યા. ૧૭૫૬માં ખાલસા પંથ સ્થપાયો. પંથજન્મસ્થાન કેશગઢ સાહેબમાં.૧૭૦૪થી ૨૦ ડિસેમ્બરે ગુરુ ગોવિંદસિંહ ૪૦૦ શીખ શિષ્યો સાથે આનંદપુર સાહેબથી સરસા નદી પાર કરી રહ્યા હતા ત્યારે મુઘલ વઝીરખાનનો હુમલો થયો. ૪૦૦માંથી ૪૦ શીખ શિષ્યો ગોવિંદસંઘની સાથે નદી પાર કરી શક્યા અને ચમકોરે સાહેબ (રાપર) પહોંચ્યા..ત્યાં પુનઃ યુદ્ધ થયું તેમાં ગુરુ ગોવિંદસિંઘના પુત્ર અજિતસિંઘ યુદ્ધના મેદાને પડ્યા, તેમની સાથે મોહકમ સિંઘ પણ રહ્યા, મોહકમસિંઘે અગિયાર લડાઈમાં બહાદૂરી બતાવી. છેલ્લી ડિસેમ્બર ૧૭૦૪, ચમકોરમાં બીજીવારનાં યુદ્ધમાં શહીદ થયા. બેટ દ્વારિકામાં ગુરુ નાનકદેવજી ગુરુદ્વારા આજે ય ઊભું છે. જ્યાં મોહકમસિંઘનો જન્મ થયો હતો.

દ્વારિકા-ઓખામંડળે અંગ્રેજો સામેનું સ્વાતંત્ર્ય યુદ્ધ તો લાંબા સમય સુધી ખેલ્યું આરંભડા, વસઈ, ધ્રાસણવેલ, બેટ દ્વારિકા, માછરડાની ધાર, કોડીનાર, પીપરડી, આભપરા, બરડાનો ડુંગર, ગીરનું જંગલ અને પોરબંદર નજીકનું વછોડા-વનચરડામાં યુદ્ધ કરતાં કરતાં મૃત્યુ, આ વાઘેર માણેકોની શૌર્યગાથા, ૧૮૨૦થી ૧૮૬૫ સુધી ચાલી. અહીં જ વાઘેર-માણેક સ્ત્રીઓએ સમુદ્ર કિનારેથી બ્રિટિશ સમુદ્રી જહાજમાંથી ઝીંકાતા તોપના ગોળા, પોતાના પાણીથી ભીંજવેલા ગોદડાં-તકિયા-ગાદલાંમાં ઝીલી લીધા હતા!

૧૯૬૫ - ૧૯૬૯માં ભારત પર પાકિસ્તાને નાપાક આક્રમણ કર્યું. કચ્છ-બનાસકાંઠા અને જામનગરના સમુદ્ર કિનારા સુધી તેના ઓળા વિસ્તર્યા. ખાવડા, ભૂજ, ધર્મશાળા, બાંદી, બ્રીજ, ધોરડો, બન્ની, છાડબેટ, વીત્રાકોટ, સરદાર ચોકી, કરીમશાહી, બિયારબેટ, બોરિયા બેટ, સર્વત્ર યુદ્ધનાં વાદળ. દ્વારિકા ઓખા પરના આકાશી બોંબમારા સમયે અન્ય જવાનોની સાથે 'એર ડિફેન્સ રેજિમેન્ટ કેમ્પ'નો પૂર્વ સૈનિક ગણપત લક્ષ્મણ ભટ્ટ પણ જોડાયો. પોતાના એસ.ટી. વર્કશોપમાં કામ કરતો હતો. હાકલ પડી એટલે દોડી આવ્યો. દ્વારિકા સ્થિત લશ્કરી છાવણીના વડાને મળ્યો. તોપ અને રાઈફલનો તેને અનુભવ હતો. આકાશેથી બોમ્બ વર્ષા કરતું પાકિસ્તાની વિમાન દેખાયું. દ્વારિકાધીશને હેમખેમ રાખવા આ ગુજરાતી સૈનિકે પાકિસ્તાની સેબર જેટને તોડી પાડ્યાં!

આ ગણપતની દેશભક્તિનું મૂળ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની તાલીમમાં હતું. અમદાવાદના કેંપ હનુમાન, સદર બજારની શાખાનો તે સ્વયંસેવક હતો.

દ્વારિકામાં પગ માંડીએ અને વિશ્વનાં સ્પંદનો ઝીલાય. આ સમુદ્રકિનારે એક દીવાદાંડી (લાઈટહાઉસ) ઊભી છે, રાતે અજવાળાં પાથરે છે, સમુદ્રવલય તેને ઝીલે છે. ભડકેશ્વર મહાદેવનું મંદિર દરિયાઈ મોજાંઓની વચાળે છે. ગોમતી-ઘાટે દર્શનાર્થીઓ ઉમટે છે. સમુદ્રની પગથારે નાનાંમોટાં મંદિરો. પશ્ચિમે રુક્મિણી પોતાના ઠાઠથી વિરાજે છે. મધ્યભાગે ગૂગળી યજમાનોની હિલચાલ, આદિ શંકરાચાર્યની શારદાપીઠ અને દ્વારિકાધીશનો વૈભવ નગરની બહાર હવે જ્યાં કોલેજ છે તે કોઈ સમયે ગાયકવાડી જેલ હતી! આ જ રસ્તે વરવાળાની વનરાજિ અને ઓખા બંદરગાહ આવે, ત્યાંથી સમુદ્રનૌકાની સફર કરો એટલે બેટ દ્વારિકા પહોંચાય....

અત્યારે દરિયાકિનારે જે કંઈ છે એ તો સહસ્ર વર્ષોની યાદગીરીના અવશેષ માત્ર છે. જૂનું પુરાણું કંઈ પાછું આવતું નથી પણ ધરતી પર પગ માંડો એટલે શ્રીકૃષ્ણ, ધીરા, મીરાં, શંકરાચાર્ય, વલ્લભાચાર્યશી, ખમીરવંતા બહાદૂર માણેકો સુધીનો રણકાર સંભળાય. 'ના છડિયાં હથિયાર...'ના નાયક મૂળુભા અને જોધાભા કંઈ-તત્કાલીન શાસકોએ ચીતરેલા ધાડપાડુ- નહોતા, ખરા અર્થમાં સ્વાભિમાનને-વટને-જાળવવા નીકળેલા લોકનાયકો હતા. જોધાભા તો પોતે જ ફિલસુફ વિપ્લવી હતો ને મુળુભા દ્વારિકાધીશનો સાચુકલો રખેવાળ હતો. વડોદરાની ગાયકવાડી જેલ પણ તેને નાથી શકી નહોતી અને પોતાના પાંચ બહાદૂર સાથીઓ સહિત, પોરબંદર નજીકના વનચરડા-વછોડા-ના પાદરે દલિતવાસમાં, રાજ્યની પોલીસ ગિશ્ત સામે લડતાં લડતાં નિછાવર થયા હતા. ત્યાં પાંચ પાળિયા તો છે પણ સા-વ નિઃસ્તબ્ધ. પ્રવાસન વિભાગે આવાં સ્થાનોને એવી રીતે જોડવાં જોઈએ, જેથી નવી પેઢીને તેના પ્રતાવી પૂર્વજોની ઝાંખી થાય. સંસ્કૃતિની સ્વરભૂમિનો પરિચય આત્મસાત્ થાય તો સાંસ્કૃતિક રાષ્ટ્રવાદનો ધ્વજ વધુ ઊંચો ફરકશે.

ગુજરાત સાહિત્ય અકાદમી,
અભિલેખાગાર ભવન, સેક્ટર-૧૭
ગાંધીનગર
મો. ૯૪૨૭૮૦૪૭૨૨

કચ્છી લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના શ્રદ્ધેય સારસ્વતઃ દુલેરાય કારાણી

- ડૉ. બળવંત જાની

કચ્છ ભૂ-ભાગ ભારતીય સંસ્કૃતિનો પ્રાચીન પરિસર છે. અહીં ભાષાકીય, સાહિત્યિક, ઐતિહાસિક, સ્થાપત્ય, ખાન-પાન અને જીવનશૈલી સંદર્ભે આગવી-અનોખી પરંપરા આજે પણ જીવંત છે. અંગ્રેજો અને અન્ય થોડા ભારતીય વિદ્વાનોએ અંગ્રેજીમાં ઘણું લખ્યું છે. ગુજરાતીમાં મહત્ત્વની સામગ્રી જે, બે-ચાર વિદ્વાનો રામસિંહ રાઠોડ, શંભુદાન ગઢવી, દુલેરાય કારાણી અને ગોવર્ધન શર્મા દ્વારા પ્રાપ્ત છે, એમાં અગ્રણી છે દુલેરાય કારાણી. એમના દ્વારા પ્રકાશિત કાર્યનું પૂરું ચિત્ર ગુજરાતીમાં આજ સુધી પ્રસ્તુત થયું ન હોઈને એમના પ્રદાનનો મહિમા પૂરો પ્રમાણાયો નથી. બહુ ઓછાને ખ્યાલ છે કે 'જળકમળ' તથા 'હસતારામ' તખલ્લુસથી પણ તેઓ સાહિત્યસર્જન કરતા હતા. આપણે સૌરાષ્ટ્ર કે ગુજરાતના સંશોધકો-સંપાદકોનો ખૂબ મહિમા કર્યો. એમનાં મૂલ્યાંકનો પણ ખૂબ થયાં. પરંતુ આવા કચ્છને સંપૂર્ણતયા સમર્પિત અને કચ્છનો જ પ્રતિબદ્ધ બનીને આજીવન અભ્યાસ પ્રસ્તુત કરતા રહેલા કારાણીના કામને આપણે બહુ વિગતે અવલોક્યું નહીં. શતાબ્દીવર્ષ ચાલ્યું ગયું. ઈ.સ. ૨૦-૨૧માં સવા શતાબ્દી ઉજવણી માટે આપણે કશુંક આગોતરું આયોજન કરીને સવાસો વર્ષે તો એમનાં વધામણાં-ઓવારણાં ઓછા-ઓછા થઈને લેવાં જોઈએ. અહીં પ્રારંભે એમના કવનની-જીવનની થોડીક વિગતો અને પછી કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના સંદર્ભે એમના પ્રદાનને મૂલવવાનો ઉપક્રમ છે.

કારાણી : કવન - સર્જન સંદર્ભ -

એમણે નવલકથાઓ, નાટકો અને કવિતા જેવા સર્જનાત્મક સાહિત્યસ્વરૂપોમાં કરેલા પ્રદાનની ગુજરાતી સાહિત્યનાં જે-તે સ્વરૂપોની ઇતિહાસમાં નોંધ લેવાઈ નથી. કચ્છના ઇતિહાસને અનુલક્ષીને લખાયેલી પાંચ નવલકથાઓ 'જામ ચનેસર' (૧૯૬૬), 'જામ રાવળ (૧૯૬૮)', 'જમાદાર ફત્તેમંદ' (૧૯૭૮), 'જામ લક્ષરાજ'(૧૯૭૯), 'જામ અબડો અભંગ'(૧૯૮૧) મહત્ત્વની છે. ગુજરાતની કચ્છના રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક ઇતિહાસની ભારે મહત્ત્વની ઘટનાઓને આલેખતી શૌર્ય, વીરત્વ અને અડગતા-અટલતાનાં મૂલ્યોની માવજત કરતી તથા કચ્છ સાથે સંકળાયેલા મહત્ત્વના સંદર્ભોને નવલકથાના માધ્યમથી આલેખતી ઐતિહાસિક ગુજરાતી નવલકથાઓ અવલોકનીય છે. એનો વિગતો અભ્યાસ થવો જોઈએ. કચ્છી સમાજ, સંસ્કૃતિના અનેક સંદર્ભો પણ એમાંથી પ્રગટે છે. એ આજ સુધી વણમૂલવ્યા રહી ગયા. હવે કચ્છને તો યુનિવર્સિટી પણ મળી છે, છતાં દુર્લક્ષ જ સેવાઈ રહ્યું છે.

એમણે રચેલા કચ્છના ઐતિહાસિક-સામાજિક પ્રસંગોને આલેખતાં ચારેક નાટકોની પણ ગુજરાતી નાટ્યસાહિત્યના ઇતિહાસમાં પ્રદાનસંદર્ભે નોંધ લેવાઈ નથી. 'જામ વીર ખેંગાર' (૧૯૬૯), 'જગડુ દાતાર' (૧૯૭૧), 'જામ અબડો'(૧૯૭૨), 'ઝારેજો યુદ્ધ'(૧૯૭૨) નાટકોમાં ઐતિહાસિક-સામાજિક કચ્છી સંઘર્ષને વિષયસામગ્રી તરીકે ખપમાં લેવાયો છે. સંવાદમાં કચ્છી ભાષાને, કહેવતોને-રૂઢિપ્રયોગોને કલાત્મક રીતે પ્રયોજ્યા હોઈને કચ્છી વાતાવરણ પ્રગટતું અનુભવાય છે. ગૌતમ શર્મા, મૂળરાજ રૂપારેલ, ઉમિયાશંકર અજાણી અને આનંદ ચંદેના કચ્છી સાહિત્યમાંથી પસાર થઈએ ત્યારે કારાણીની કથનકળાની મોહિનીમાંથી છૂટી શકાતું નથી. એ સર્જક કારાણીની મને મોટી સિદ્ધિ જણાઈ છે. ૧૧ કાવ્યગ્રંથોમાં સંચિત એમણે કરેલું કાવ્યસર્જન ગુજરાતીમાં પણ અને કચ્છીબોલીમાં પણ છે. કવિ તરીકે છંદવિનિયોગમાં ચારણી છટાને તેમણે કલાત્મક રીતે ઝીલીને નાદવિશ્વ ખડું કર્યું છે. 'કારાણી કાવ્યકૂંજ'ના પાંચ ભાગ ઈ.સ. ૧૯૩૫થી ૧૯૭૮ દરમ્યાન પ્રગટતા રહ્યા. એમણે રચેલી છ બાવની કવિતા 'ગાંધીબાવની'(૧૯૪૮), 'દયાનંદ બાવની'(૧૯૫૫), 'હરિજન બાવની'(૧૯૫૯), 'સોનલ બાવની'(૧૯૬૫), 'કલ્યાણ બાવની'(૧૯૭૨), 'મહાવીર બાવની'(૧૯૭૭) મહત્ત્વની કાવ્યરચનાઓના ગ્રંથો છે. બ.ક. ઠાકોર જેવા દુરારાધ્ય કવિએ એમના 'આપણી કવિતાસમૃદ્ધિ'ના પ્રથમ ભાગમાં 'ઝારાનું મયદાનેજંગ' કાવ્ય પસંદ કરેલું. 'સોનલ બાવની' અને 'કલ્યાણ બાવની' તો ગુજરાતી કરુણ પ્રશસ્તિમાં ભારે નોંધ લેવા જેવી રચનાઓ અભ્યાસીઓથી ચૂકી જવાઈ છે. આપણે ત્રિભુવન વ્યાસના 'ધન્ય ધન્ય સૌરાષ્ટ્ર ધરણી'ને ખૂબ ચગાવ્યું, મૂલવ્યું. નર્મદના 'જય-જય ગરવી ગુજરાત'ને અને ઉમાશંકરના 'ગુજરાત મોરી-મોરી રે'ને જેટલાં વધાવ્યાં એટલાં દુલેરાયના કચ્છી ધરતીને વધાવતા-

ગુજરાતીમાં મહત્ત્વની સામગ્રી જે, બે-ચાર વિદ્વાનો રામસિંહ રાઠોડ, શંભુદાન ગઢવી, દુલેરાય કારાણી અને ગોવર્ધન શર્મા દ્વારા પ્રાપ્ત છે, એમાં અગ્રણી છે દુલેરાય કારાણી. એમના દ્વારા પ્રકાશિત કાર્યનું પૂરું ચિત્ર ગુજરાતીમાં આજ સુધી પ્રસ્તુત થયું ન હોઈ એમના પ્રદાનનો મહિમા પૂરો પ્રમાણાયો નથી

'વિકટ વન ડુંગરા, વિકટ રણવાટ જ્યાં, વિકટ ભૂજકોટ વંકો ભૂજંગી;

વિકટ પથરાળ, રેતાળ રસ્તા અને વિકટ રણવીર વીરત્વ વંગી.'

વાછરો વીર ને વીર પાબૂ તણી વીરતા ભોમના ભાર હરણી,

ભારતીય માતને ખોળલે ખેલતી, ધન્ય હો ધન્ય હો કચ્છી ધરણી.'

ગીતમાંથી કચ્છીયત પ્રગટે છે. આટલું ચુસ્ત ઝૂલણા પરંપરામાં ઉમેરણ રૂપના ગીત તરીકે પણ એનાં ઓવારણાં લેવાનાં રહે. કચ્છ યુનિવર્સિટીનું 'યુનિવર્સિટી ગીત' બની શકે એવી એ રચના છે. 'કારા ડુંગર કચ્છ જા'(૧૯૬૨) ઉપરાંત ત્રણ જેટલા એમના અનુવાદો પણ ભારે પ્રમાણભૂત છે. 'રસાલો શાહ અબ્દુલ લતીફ બિટાઈ' (૧૯૭૯),, 'શાયર નજીર'(૧૯૭૯), 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'- કચ્છી (૧૯૮૮) એમના આ ક્ષેત્રના પ્રદાનને પણ આપણે પૂરું પ્રમાણવામાં પાછા પડ્યા છીએ. આમ, લોકસાહિત્ય સિવાયના નવલકથા, નાટક, કવિતા અને અનુવાદના ૨૬ જેટલા ગ્રંથો મને એમની કવન-સાહિત્ય સેવાની બળૂકી સોગાદ જણાયા છે.

કારાણી : આગવા અને અનોખા-

મેઘાણીની લગોલગ જેમની બેઠક-સ્થાનક મુકાવું જોઈતું હતું. બલકે કેટલીક બાબતે તો તેઓ મેઘાણીથી પણ કેટલુંક આગવું અને અનોખું અર્પણ કરી શક્યા. લોકસાહિત્યનાં લઘુસ્વરૂપો આપણે બહુ એકઠાં કર્યાં નથી, એના અર્થો સારવ્યા-તારવ્યા નથી. એની સાથે સંકળાયેલાં કથાનકો પણ બહુ સાચવ્યાં નથી અને સિદ્ધાન્તરૂપ તારવેલ નથી. દુલેરાય કારાણીએ કચ્છી લોકકહેવતોને લગતા ચાર-પાંચ ગ્રંથો સંપાદિત કર્યા. 'કચ્છી પીરોલી' પણ આ શ્રેણીમાં સ્થાન પામે. 'કચ્છી બાલ અખાણી' પણ એવું જ મહત્ત્વનું લઘુલોકસાહિય કૃતિનું દૃષ્ટાંત છે. 'કચ્છનાં રસઝરણાં', 'મીઠે મિરાણજાં મોતીડાં' અને 'કચ્છી કિસ્સા બાવની' જેવાં બીજાં પાંચ-છ એમ કુલ દશેક જેટલાં કચ્છી લોકસાહિત્યના લઘુ સ્વરૂપનાં ટચૂકડાં ઉદાહરણોને સાચવી લેતા ગ્રંથો છે. એની સાથે જોડાયેલી કથાઓ, સમાજ, ઈતિહાસ અને લોકસંસ્કૃતિકેન્દ્રી વિગતો પણ આ નિમિત્તે એમના દ્વારા સચવાઈ. એના સિદ્ધાંત સ્વરૂપને પણ તારવ્યું. ગુજરાતના લઘુલોકસાહિત્યનાં દૃષ્ટાંતોમાં કચ્છનું મહત્ત્વનું સચવાયું દુલેરાય કારાણીને કારણે, જે લોકસાહિત્યક્ષેત્રનું મેઘાણીથી આગવું, એવું લઘુસ્વરૂપની કૃતિઓ અને સિદ્ધાંતલક્ષી અવધારણા રૂપે અનોખું અને વિશિષ્ટ પ્રદાન.



દુલેરાય કારાણીએ કચ્છી લોકકહેવતોને લગતા ચાર-પાંચ ગ્રંથો સંપાદિત કર્યા. 'કચ્છી પીરોલી' પણ આ શ્રેણીમાં સ્થાન પામે. 'કચ્છી બાલ અખાણી' પણ એવું જ મહત્ત્વનું લઘુલોકસાહિય કૃતિનું દૃષ્ટાંત છે

બીજું, મેઘાણીએ ઘણું લોકસાહિત્ય એકત્ર કર્યું. એનાં આસ્વાદ અને અર્થઘટનો પણ આલેખ્યા પરંતુ એમની પાસેથી સૌરાષ્ટ્રી તળપદા શબ્દોના અર્થોનો કોશ સમયના અભાવે આપણે મેળવી ન શક્યા. કદાચ એમને એ યોજના ઘડવાનું ટાણું ન મળ્યું. પણ કારાણીએ તૈયાર કરેલો 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' એમની આજીવન કચ્છી સાહિત્ય સાધનાનું સુફળ છે. એમના અભ્યાસનું અંતિમ પરિપાક રૂપી ફળ આ શબ્દકોશ છે. આપણે વિગતે એનું અવલોકન, મૂલ્યાંકન કર્યું નથી. બહુ ઓછાને ખ્યાલ છે કે સિંધી, ખોજકી, ગુજરાતી ભાષાના ઘણા જૂના શબ્દો અહીં સચવાયા છે.

ત્રીજું, મેઘાણીએ મૌલિક પરંપરાના ઈતિહાસને અને લૌકિક કથાનકોને જાળવતી કથાઓ ખૂબ આપી. પણ લોકકવિઓ અને લોકસંતો-લોકધર્મોનાં કથાનકો પ્રમાણમાં ઓછાં એકત્ર કરી શક્યા. જ્યારે કારાણીએ કચ્છી કવિ અને કચ્છી લોકધર્મ-પંથપરંપરાને વિપુલ માત્રામાં સાચવી લીધી. એટલે લોકકવિ-લોકસંત-પંથકેન્દ્રી કથાનકો એમના દ્વારા ઘણાં મળ્યાં. કચ્છી સંતો અને કવિઓની શૃંખલા અકબંધ રીતે દસ્તાવેજી રૂપ પામી. આમ, બે-ત્રણ બાબતે લોકસાહિત્યક્ષેત્રે મેઘાણીથી આગવાં અને અનોખાં કાર્યો તેઓ સ્થાપિત કરી શક્યા. તેમણે લોકસાહિત્યને બૃહદ્ અર્થમાં કંઠસ્થ પરંપરાના સાહિત્ય તરીકે સંતધારા-ચારણ-બારોટધારાને પણ સમાવિષ્ટ કરવાની વિભાવના સ્વીકારી જણાય છે અન્યથા આટલું વ્યાપકરૂપે તેઓએ કચ્છી કંઠસ્થ પરંપરાનું લોકસંત સાહિત્ય એકત્ર કર્યું ન હોત.

કચ્છના રાઓ મદનસિંહજી, લંડનના આયરલેન્ડમાંના ઈતિહાસના વિશ્વવિખ્યાત વિદ્વાન વિલિયમ્સ રશબ્રૂકને કચ્છના ઈતિહાસ આલેખનકાર્ય માટે ભૂજ લઈ આવેલા. બહુ ઓછાને ખ્યાલ છે અને જેની લગભગ નોંધ પણ

અભ્યાસીઓએ નથી લીધી કે રશબૂકને ઇતિહાસની વિગતો કહેનાર-અર્પનાર માહિતીદાતા તરીકે રાજ્ય તરફથી નિયુક્ત હતા દુલેરાય કારાણી.

રશબૂકને કારાણીએ આપેલ દુહો-
'કારા ડુંગરા કચ્છ જા, ધોરા ણ ચરે,
સિજ ઉલથે સામા મિલેં, ડિસંજે ડુખ ટરેં.'

રશબૂકે અંગ્રેજીમાં લખાયેલા કચ્છના ઇતિહાસનું 'બ્લેક હિલ્સ ઓફ કચ્છ' રાખ્યું. એનો ગુજરાતી અનુવાદ કર્યો વસંતરાય પટ્ટણીએ પણ એમાં દુલેરાય કારાણીએ પૂર્તિરૂપે-ઉમેરણરૂપે અનેક સંદર્ભો મૂકીને રશબૂકથી ચૂકી જવાયેલી ટૂંકમાં કહેવાયેલી-લખાવેલી બાબતોને વિગતે આલેખીને 'કારા ડુંગર કચ્છ જા' અર્થાત્ 'ઇતિહાસ અને લોકકથામાં કચ્છ' નામથી પ્રકાશિત કર્યો. કચ્છની પ્રસિદ્ધિ અંગ્રેજી ગ્રંથને કારણે વિશેષ થઈ, એમાં દુલેરાય કારાણીના માહિતીદાતા તરીકેના સંદર્ભોની નોંધ અનેક સ્થાને બ્રિટિશ ઇતિહાસકારે પૂરી પ્રામાણિકતા દાખવી છે. દુલેરાય કચ્છી સાંસ્કૃતિક સંદર્ભોના સંરક્ષક હતા, સાધક હતા. આલેખક અને સંપાદક પણ હતા. કચ્છ વિષયે બધું એમને હૃદયગત હતું. મેઘાણીને માહિતીદાતાનો આધાર હતો જ્યારે કારાણી સ્વયં માહિતીદાતા હતા પોતાના અને અન્યના પણ.

કચ્છ માટે માત્ર ત્રણ-ચાર નામો-દુલેરાય કારાણી, શંભુદાન ગઢવી, રામસિંહ રાઠોડ અને ગોવર્ધન શર્મા. પણ આમાં પ્રમુખ નામ અને કામ દુલેરાય કારાણીનું, કારણ કે કચ્છને જ તેઓ સમર્પિત હતા, પ્રતિબદ્ધ હતા

જેમ રાજસ્થાનને કર્નલ જેમ્સ ટોડ મળ્યા તે જ રીતે કચ્છને દુલેરાય કારાણી મળ્યા. એ રીતે એલ.એફ. રશબ્રૂક વિલિયમે પણ બહુ સાચી રીતે કારાણીને કચ્છના જેમ્સ ટોડ તરીકે ઓળખાવ્યા છે. રશબૂક વિલિયમ્સ જેવા અંગ્રેજ વિદ્વાને કચ્છ વિશેની મોટાભાગની જાણકારી કારાણીની મદદથી મેળવેલી. એમના ગ્રંથ 'બ્લેક હિલ્સ ઓફ કચ્છ'નું ગુજરાતી 'કારા ડુંગર કચ્છ જા' નામથી સંવર્ધિત સ્વરૂપે કારાણીએ કરેલું. કચ્છના જાણતલ અંગ્રેજ અમલદાર કચ્છની માહિતીના ખરા જાણતલ તરીકે કારાણીને માને અને માહિતીને વિશ્વ સમક્ષ મૂકનાર વિદ્વાન ટોડની કક્ષાએ સ્થાપે એ તળપદી સંસ્કૃતિના જાણતલનું ભારે મોટું બહુમાન છે.

છેક ઈ.સ. ૧૮૧૫થી અંગ્રેજ અમલદારોએ કચ્છ એક આગવા લોકસાંસ્કૃતિક ભૂભાગ તરીકે અવલોકીને એના વિશે અભ્યાસપૂર્ણ ગ્રંથો રચીને વિશ્વને કચ્છનો પરિચય કરાવવાનું આરંભેલું એમાં આદ્યસ્થાને આવે અંગ્રેજ મેકમર્ડો. પછી બર્જેશ ને બ્લેનફર્ડ, ગ્રાન્ટ અને પોસ્ટાંસ ત્યારબાદ કેમ્પબેલ, ફાર્બસ અને બાર્ટન જેવા વિદ્વાનોએ કચ્છ-કાઠિયાવાડની આગવી લોકસાંસ્કૃતિક અને લૌકિક ઐતિહાસિક વિગતોથી વિશ્વને સુવિદિત કર્યા. કચ્છ માટે માત્ર ત્રણ-ચાર નામો-દુલેરાય કારાણી, શંભુદાન ગઢવી, રામસિંહ રાઠોડ અને ગોવર્ધન શર્મા. પણ આમાં પ્રમુખ નામ અને કામ દુલેરાય કારાણીનું, કારણ કે કચ્છને જ તેઓ સમર્પિત હતા, પ્રતિબદ્ધ હતા. કચ્છમાં રહ્યા અને કચ્છથી નિષ્કાસિત થયા પણ કચ્છમાં જ લીન તલ્લીન રહ્યા. એકનિષ્ઠા ભાવે કચ્છને જ ભજતા રહ્યા. આવા બધા આગવા-અનોખા ગણાવી શકાય એવા એમના વ્યક્તિત્વના રંગોને કારણે મને તેઓ મેઘાણી આગવા-અનોખા એવાં ગુજરાતી સારસ્વત પરંપરાના ભારે મહત્ત્વના અભ્યાસનિષ્ઠ સ્વાધ્યાયનિષ્ઠ સંશોધક મનિષી જણાયા છે.

ફ્રાંસ્વા માર્લિઝો સાથે, તેઓ નરસિંહ મહેતા ઉપર કામ કરતા હતા ત્યારથી એટલે કે ૧૯૮૨થી મારે સંબંધ. ફ્રાંસની સોરોબોન યુનિવર્સિટીમાં મુલાકાતી અધ્યાપક તરીકે ઈ.સ. ૧૯૯૮ એપ્રિલમાં મારે જવાનું બનેલું. ડૉ. માર્લિઝો સાથે ભાયાણી સાહેબને કારણે મારે અંગત સંબંધ સ્થપાયો. એમની ગુજરાતની દરેક મુલાકાત વખતે એમની સાથે સાથે કચ્છ અને સૌરાષ્ટ્રના પ્રવાસમાં જોડાવાનું મારે બનતું. ૧૯૯૯ અને ૨૦૦૧માં તેઓ કચ્છી કાનફટ્ટાનાથ સંપ્રદાય વિશે કામ કરતાં ત્યારે હું પ્રવાસમાં હતો. પ્રાણગિરિ ગોસ્વામી સાથેની, ભૂજ મ્યુઝિયમની મુલાકાત વખતે એમની પાસે રશબૂકનું અને કારાણીના અનુવાદનું એમ બંને પુસ્તકો હોય. ભૂકંપ પછી પણ તેઓએ જ્યાં જ્યાં પ્રવાસ કરેલો એ બધાં સ્થાને પુનઃપ્રવાસ કરીને નોંધ કરેલી. નાથ વિશેનો કારાણીની વિગતો અને ઈસ્માઈલી ખોજા તથા નિજારી ગુપ્તી ખોજાઓની ક્રિયાકાંડની વિગતો માટે એમણે મારી પાસે પીર શમ્સકૃત 'ગોવરચંદનો આખિયાન' સંપાદિત કરાવેલું. કારાણી વિશેનો મારો એ સમયનો ઘનિષ્ઠ સ્વાધ્યાય અને અભ્યાસનોંધો મને અહીં આ


કચ્છી લોકસાહિત્યના પ્રખર સંશોધક દુલેરાય કારાણી

સ્વાધ્યાયલેખમાં ખપમાં લાગી છે. કારાણીના સંદર્ભોનો આદર સાથે માર્લિઝો ઉલ્લેખ કરતાં લખે છે કે, 'મને દુલેરાય કારાણી આવાં બધાં કારણે કચ્છની સંસ્કૃતિના મોટા ગજાના આગવા-અનોખા સંશોધક અને શ્રદ્ધેય સંપાદક જણાયા છે.'


કારાણી : જીવનસંદર્ભ -

દુલેરાય કારાણીનું જીવન ભારે સંઘર્ષપૂર્ણ રહ્યું. સતત અભાવજન્ય અવસ્થા વચ્ચે પણ પૂરા સ્વમાની રહ્યા. જરૂરિયાતો જ બહુ રાખી નહીં. સંતોષ, સ્નેહ અને સદ્‌સભર એમનું જીવન અન્યને પણ શાતા અર્પનારું બની રહ્યું.

૨૬-૨-૧૮૯૬ એમનો જન્મદિવસ. ચૌહાણ વંશના ક્ષત્રિય. મૂળ વતન તો રાજસ્થાનનું અજમેર. ચારસો વર્ષ પહેલાં વડવાઓ કચ્છમાં સ્થાયી થયેલા. પિતાશ્રીનું નામ લાખાભાઈ. માતુશ્રીનું નામ માલાબા. પિતાશ્રી ઊંટનો વેપાર કરતા. લોકસાહિત્યના જાણતલ હતા. કારાણીજીના કાકા કેશવજીભાઈ શિક્ષક હતા. ધનજીકાકા વાર્તાકાર અને જાદુગરી પણ કરતા.

દુલેરાય કારાણીનું પ્રાથમિક શિક્ષણ આરંભાયું સાતેક વર્ષની ઉંમરે, મુન્દ્રાની દરબારી ગુજરાતી નિશાળમાં. ગુજરાતી સાતમી પછી બીજી અંગ્રેજી પસાર કરી. બીજી ભાષા સંસ્કૃત સ્વીકારી હતી. ચોથી અંગ્રેજી પૂર્ણ કરે ત્યાં તો માતુશ્રીનું અકાળે નિધન થયું. અભ્યાસ અધૂરો છોડવો પડ્યો. વડીલ બંધુ આફ્રિકા જવા નીકળ્યા અને દુલેરાય જ્યાં ભણતા હતા ત્યાં પાંચમા આસિસ્ટન્ટ તરીકે શિક્ષકની નોકરીમાં જોડાઈ ગયા. શિક્ષકની નોકરી ઉપરાંત ખાનગી ટ્યૂશન પણ આપતા. વચ્ચે આફ્રિકાથી પરત થઈને આવેલા મોટાભાઈ સાથે નાગપુર જવું પડેલું. પણ ત્યાંથી પરત થયા અને

દુલેરાય કારાણીનું જીવન ભારે સંઘર્ષપૂર્ણ રહ્યું. સતત અભાવજન્ય અવસ્થા વચ્ચે પણ પૂરા સ્વમાની રહ્યા. જરૂરિયાતો જ બહુ રાખી નહીં. સંતોષ, સ્નેહ અને સદ્‌સભર એમનું જીવન અન્યને પણ શાતા અર્પનારું બની રહ્યું



શિક્ષણકાર્યમાં જ સેવારત રહ્યા. ઉર્દૂ, સિંધી, ફારસી અને અંગ્રેજી ભાષાઓ પણ આ સમયગાળા દરમ્યાન શીખ્યા. 'યંગ ઈન્ડિયા' અને બીજા અંગ્રેજી ગ્રંથોનું વાંચન, અનુવાદ, સિંધી અને ઉર્દૂમાંથી પણ કરવાનું ચાલુ રાખ્યું. લોકકથાઓ તો બાળપણથી માતાને મોઢેથી અને પછીથી પિતા પાસેથી ખૂબ સાંભળેલી. કેટલુંક મેળવતા પણ હતા. કાવ્યસર્જનની પ્રેરણા પણ આ ગાળા દરમ્યાન મળી.

અઢાર વરસ સુધી મુન્દ્રા પછી ગુંદીયાણીમાં શિક્ષક તરીકે બદલી થઈ. ત્યારે મદનજીબાવાએ ભૂજમાં લગ્ન ઉત્સવ પ્રસંગે નિમંત્રીને વ્યવસ્થા જાળવણીનું કામકાજ સોંપ્યું. લગ્ન પ્રસંગે કચ્છી કાવ્યરચના કરીને લગ્નકમિટિના સભ્યોને આપી. કલ્પનાનું નિરૂપણ, શબ્દચયનનું માધુર્ય અને લય-ઢાળ નિર્ણાયકોને સ્પર્શી ગયા તેથી ૧૫૦ કચ્છી કોરીનું ઈનામ મળ્યું. નારાયણ સરોવરની જાગીરનો વહીવટ સંભાળવા મૂકયા પણ રાજકીય કાવાદાવા અને ખટપટનો ભોગ બન્યા. તેથી પછીથી એમને તુર્ત જ કચ્છના શિક્ષણના ડેપ્યુટી તરીકે નિયુક્ત કર્યા. કચ્છમાં આ કારણે સતત પ્રવાસ રહ્યો અને સતત માહિતીદાતાઓને પૃચ્છા કરી. માહિતી એકત્ર કરીને નોંધ રાખી. કચ્છીયતના જ્ઞાની-ખજાનચી બની રહ્યા. જાતે સ્વપ્રયત્ને જાતનોંધ દ્વારા એકત્ર કરેલી સામગ્રી ઉપરાંત એમને ભૂજના વાલજી કરસનજી વકીલ પાસેથી હસ્તલિખિત ઈતિહાસની સામગ્રીને સાચવતો ચોપડો પણ મળેલો. આ કારણે તેઓને મળેલી અને પ્રાપ્ત સામગ્રી વચ્ચે તાળો મેળવવાની અનુકૂળતા પણ રહી.

મુન્દ્રા નિવાસ દરમ્યાન એમના સન્મિત્ર હાથીભાઈએ કારાણીજીનો પરિચય જૈન યતિ કલ્યાણચંદ્રજી મહારાજ સાથે કરાવેલો. એમની સમક્ષ 'ઝારાનો મયદાનેજંગ' કાવ્યપાઠ રજૂ કર્યો. શુદ્ધ ભાષા-ઉચ્ચારણ, શિષ્ટ પદાવલિ અને મૂલ્યનિષ્ઠાનો પરિચય કરાવતી વિષયસામગ્રી મુનિશ્રીને સ્પર્શી ગઈ. એ મિલન ગાઢ મૈત્રીમાં પરિણમ્યું. મહારાજસાહેબની સંગત વધી. એમની સાથે વિશેષ મુલાકાતો, નિરાંતે વાતો અને સાહિત્યસ્વાદ એમાં કેન્દ્રસ્થાને રહેતા. તેઓ બંસરીવાદનમાં કુશળ હતા. શતરંજ રમતમાં પણ બાહોશ હતા.

ઈ.સ. ૧૯૧૭માં સોનલબા સાથે લગ્ન થયું. એમનાં સંતાનો પોતાની રીતે વિકાસ સાધતાં રહ્યાં. ઈ.સ. ૧૯૪૮માં બધા મિત્રો નિવૃત્ત થતા હતા એમની સાથે કારાણીએ પણ નિવૃત્તિ મેળવી લીધી. નિવૃત્ત થયા પછી નિરાંતે યતિશ્રી કલ્યાણચંદ્ર મહારાજને મળવા માટે સોનગઢ ગયા. ત્યાં 'મહાવીર જૈનચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ'માં યતિશ્રીએ કારાણીજીને રોકી લીધા. સોનગઢ આશ્રમમાં રહીને અભ્યાસ

કરતાં બાળકોને સંભાળવાનું અને 'સમયધર્મ' નામના સામયિકનું સંપાદનકાર્ય સંભાળ્યું. ઈ.સ. ૧૯૪૮થી ૧૯૭૩ પચીસેક વર્ષ સુધી ત્યાં સ્થાયી થઈને રહ્યા. વાચન, લેખન, પ્રકાશન તથા સવાર-સાંજ કલ્યાણચંદ્રજી સાથે પદયાત્રી બનીને ચાલવું અને કલ્યાણચંદ્ર મુનિ સાથે સત્સંગ, બાળકો સાથે રાત્રિ વાર્તાલાપ. એમની સાથે વર્ષમાં એક વખત લાંબો પ્રવાસ. ભારે નિરાંતનું જીવન જીવ્યા. ઘણાં પ્રકાશનો અહીં રહ્યે-રહ્યે જ તૈયાર કર્યાં.

આશ્રમમાં મહાનુભાવોનાં-સારસ્વતોનાં વ્યાખ્યાનો પણ ગોઠવે. ર.વ.દેસાઈ, પંડિત સુખલાલજી, મુનિ સંતબાલજી, નારાયણ દેસાઈ, સ્વામી આનંદ આદિએ કારાણીના સાહિત્યને પણ પ્રસંગોપાત પોંખ્યું હોય. એમની સાથે એકાદ દાયકા જેટલો સમયગાળો સહવાસી તરીકે વિદ્યાર્થી અવસ્થામાં ગાળ્યો એ જૈન યુવક સંઘ-મુંબઈના સ્વર્ગસ્થ પ્રમુખશ્રી અને મારા આદરણીય સન્મિત્ર ડૉ. ધનવંત શાહે એ સંસ્મરણોને આલેખતો વિગતે લેખ એમના શતાબ્દી વર્ષની ઉજવણીના ગ્રંથમાં આલેખ્યો છે. ઉમાશંકર જોશી કારાણીના ઘરને અને કારાણીને તીર્થ તરીકે માનતા. એમનો નિર્વ્યાજ સ્નેહ અને નિર્મળ પ્રકૃતિ માટે સારસ્વત સમુદાય સમાદર ધરાવતા. કલાગુરુ રવિશંકર રાવળ અને મહારાજ કૃષ્ણકુમારસિંહજીને પણ કારાણીજી પરત્વે અપાર આદર.

વિદ્યાપાસનામાં, લેખન-અધ્યયનમાં જ વ્યસ્ત રહ્યા. લખવું-વાંચવું એમ નર્મદ-મેઘાણીની માફક કલમને ખોળે પોતાના આયખાને સમર્પિત કરનારા દુલેરાય આયુષ્યના ૯૩મા વર્ષે પણ પત્રવ્યવહાર-લેખન, પ્રકાશનમાં વ્યસ્ત રહેતા

મને આદરણીય સન્મિત્ર ધનવંતભાઈ શાહની સાથે ઈ.સ. ૧૯૮૧માં એમને અમદાવાદમાં મળ્યાનું તીવ્ર સ્મરણ છે. સૂરતના જૈન સાહિત્ય સમારોહમાંથી એમની સંગાથે અમદાવાદ આવેલો. ગુજરાત રાજ્ય સરકારશ્રી તરફથી ગૌરવ પુરસ્કારથી તેમને પુરસ્કૃત કરવાનો સમારંભ હતો. એમના પરત્વેના અપાર સમાદરને કારણે તેઓ એ પ્રસંગે ખાસ આવતા. રસ્તામાં તેમને વિશેની અનેક વાતો સાંભળવા મળેલી. તેઓ આ શુભપ્રસંગે અંગત રીતે એમને શાલ-સ્મૃતિચિહ્નથી કાર્યક્રમ પૂર્વે જ સન્માનિત કરવા માગતા હતા. કાળો કોટ, સફેદ મખમલી ધોતી, માથે બાંધણી ભાતની જાંબલી રંગની કચ્છી પાઘડી, હાથમાં સીસમની લાકડી, ચમકતી આંખો, વિશાળ કપાળ, તીણી નાસિકા નીચે ભરાવદાર શ્વેત પૂણી જેવી મૂછોથી શોભતું મુખારવિંદ અને ગૌરવવર્ણા, ધનવંતભાઈએ ચરણવંદના કરીને એમને શાલથી વિભૂષિત કરેલા. એમને ભેટી પડેલા. ધનવંતભાઈની આંખમાં હર્ષાશ્રુ જોઈને પુનઃભેટેલા. દુલેરાય કારાણીને પ્રથમ જોવાનું આ દૃશ્ય ચિર સ્મરણીય છે. ધનવંતભાઈએ મારો પરિચય કરાવેલો. મને એમના સ્નેહાશિષ સાંપડેલા.

જીવનની તડકી-છાંયડીમાં તેઓ આજીવન એકનિષ્ઠ વિદ્યાવ્યાસંગી બની રહ્યા. વિદ્યાપાસનામાં, લેખન-અધ્યયનમાં જ વ્યસ્ત રહ્યા. લખવું-વાંચવું એમ નર્મદ-મેઘાણીની માફક કલમને ખોળે પોતાના આયખાને સમર્પિત કરનારા દુલેરાય આયુષ્યના ૯૩મા વર્ષે પણ પત્રવ્યવહાર-લેખન, પ્રકાશનમાં વ્યસ્ત રહેતા. જયમલ્લ પરમારને 'ઊર્મિનવરચના' માટે લેખ મોકલે. પત્રની સાથે-સાથે એક દુહો પણ લખે અને એ જ અઠવાડિયે ૨૬-૨-૧૯૮૯ના શતાયુ થવાના સાત વર્ષ પૂર્વે અનંતની યાત્રાએ ચાલી નીકળે. કચ્છી સંસ્કૃતિના જાણતલની વિદાય સાથે જ્ઞાનોપાસકની પણ વિદાય થઈ.

કારાણી : કચ્છી-લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના પ્રદાતા -

દુલેરાય કારાણીના કચ્છી લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના પ્રદાનરૂપ ગ્રંથોને મેં ચાર વિભાગમાં વર્ગીકૃત કરીને અત્રે મૂલવેલા છે.

(૧) કંઠસ્થપરંપરાનું દંતકથા, ઇતિહાસ અને લૌકિક ચરિત્રકેન્દ્રી કચ્છી સાહિત્ય :

૧. 'કચ્છ કલાધર-૧' : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૨. 'કચ્છ કલાધર-૨' : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૩. 'કચ્છી સંતો અને કવિઓ-૧' : (૧૯૫૯, ૧૯૮૮)
૪. 'કચ્છી સંતો અને કવિઓ-૨' : (૧૯૬૪, ૧૯૮૮)
૫. 'મેકરણ ડાડા : ૧૯૬૦'
૬. 'કચ્છના ભક્તિમાન કવિઓ': (૧૯૮૨)
૭. 'જાડેજા દેવાજીની દેવવાણી' : (૧૯૮૨)
૮. 'કારા ડુંગર કચ્છ જા' : (૧૯૬૩)
૯. 'રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો' : ૧૯૭૯)

(૨) લઘુસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :

૧. 'કચ્છી રસઝરણા' (૧૯૨૮)
૨. 'કચ્છી કહેવતો' (૧૯૩૦)
૩. 'કચ્છી કિસા બાવની' (૧૯૩૮)
૪. 'કચ્છી પીરોલી' (૧૯૭૫)
૫. 'સાર્થ કચ્છી કહેવતો' (૧૯૭૬)
૬. 'કચ્છની કહેવતકથાઓ' (૧૯૭૬)
૭. 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧)
૮. 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' (૧૯૮૨)
૯. 'મિઠે મિરાણજાં મોતીડાં' (૧૯૮૮)

(૩) લોકકથાકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય

૧. 'કચ્છની રસધાર', ભાગ-૧ (૧૯૭૨)

૨. 'કચ્છની રસધાર', ભાગ-૨ (૧૯૭૪)
૩. 'કચ્છની રસધાર', ભાગ-૩ (૧૯૭૬)
૪. 'કચ્છની રસધાર', ભાગ-૪ (૧૯૭૬)
૫. 'કચ્છી પ્રેમકથાઓ' (૧૯૮૪)
૬. 'કચ્છી કથામૃત' (૧૯૭૦)
૭. 'કચ્છી બાલ અખાણી' (૧૯૭૦)

(૪) વૈવિધ્યસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :

૧. 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૪)
૨. 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્યપદ' (૧૯૭૨)
૩. 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯)

કચ્છની લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના ગંજાવર સંપાદનગ્રંથોમાં તેઓ કચ્છના મૌખિક ઇતિહાસને-સંસ્કૃતિને ઉકેલતા હોઈને, કંઠસ્થપરંપરાના સંતસાહિત્ય, ચારણી સાહિત્ય અને લોકસાહિત્યને પણ ઉદ્‌ઘાટિત કરતા હોઈને અને સાથે-સાથે કચ્છી ભાષાના રૂપનો પરિચય પણ કરાવતા હોઈને એનો મહિમા ખૂબ છે. કચ્છી લોક, કચ્છી સંસ્કૃતિના સંરક્ષક, સાધક અને સંપાદક દુલેરાય કારાણીની કચ્છી સાહિત્ય અને સંસ્કૃતિની સાધનાના સુફળરૂપ આ શૃંખલા છે. આ ચાર પ્રકારે વર્ગીકૃત કરેલા કચ્છી લોકસંસ્કૃતિ લોકસાહિત્યક્ષેત્રના એમના પ્રદાનની મહત્તાને ટૂંકમાં પ્રમાણીએ.

પ્રાક્‌કથનમાં જ જણાવે છે કે, 'કચ્છનો પ્રાચીન તેમજ અર્વાચીન ઇતિહાસ કચ્છીઓના મસ્તકને ઉન્નત બનાવે તેવું ગૌરવ ધરાવે છે.' 'પ્રત્યેક દેશના પ્રમાણભૂત ઇતિહાસની રચનામાં લોકકથાઓનો ફાળો પણ નાનો-સૂનો હોતો નથી

(૧) કંઠસ્થપરંપરાનું દંતકથા, ઇતિહાસ અને લૌકિક ચરિત્રકેન્દ્રી કચ્છી સાહિત્યઃ

૧. 'કચ્છ કલાધર' પ્રથમ ખંડ : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૨. 'કચ્છ કલાધર' દ્વિતીય ખંડ : (૧૯૩૪, ૧૯૫૧, ૧૯૬૮, ૧૯૮૭)
૩. કચ્છના સંતો અને કવિઓ ભાગ-૧ : (૧૯૫૯, ૧૯૮૮)



૪. 'કચ્છી સંતો અને કવિઓ' ભાગ-૧ : (૧૯૬૪, ૧૯૮૮)
૫. 'મેકરણ ડાડા' : (૧૯૬૦)
૬. 'કચ્છના ભક્તિમાન કવિઓ' : (૧૯૮૨)
૭. 'જાડેજા દેવાજીની દેવવાણી' : (૧૯૮૨)
૮. 'કારા ડુંગર કચ્છ જા'અનુવાદ-સંવર્ધન : (૧૯૬૩)
૯. 'રસાલો શાહ અબ્દુલ લતીફ ભિટાઈ જો' : (૧૯૭૯)

દુલેરાય કારાણીને એમનું જીવનકાર્ય-લક્ષ્ય તરુણવયે જ સમજાઈ ગયું હશે. અન્યથા બત્રીશ વર્ષની વયે 'કચ્છી રસઝરણા' જેવું કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિની કંઠસ્થપરંપરાની રસપૂર્ણ વિગતોને રસપ્રદ રીતે અભિવ્યક્તિ અર્પીને પ્રકાશિત કરવાનું એમનાથી બન્યું ન હોત.

કચ્છની લોકસંસ્કૃતિ સાથે સંકળાયેલો લોકધર્મ, સાંસ્કૃતિક તથા રાજકીય ઇતિહાસની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી લોકસાહિત્યિક સામગ્રીનો સર્વાંગીણ પરિચય કરાવતા આકરગ્રંથ 'કચ્છ કલાધર' ભાગ-૧ અને ભાગ-૨ (૧૯૩૪) એમણે આડત્રીશમે વર્ષે પ્રકાશિત કર્યા. એ ગ્રંથની સામગ્રીનાં એકત્રીકરણ-લેખન અને પ્રકાશન પાછળ બે દાયકા જેટલો સમય આપેલો. એ રીતે અઢાર-ઓગણીસ વર્ષની યુવાવયે વિશેષ અર્થોપાર્જન પરત્વે બહુ ન દોરવાયા અને કચ્છની કંઠસ્થ પરંપરામાં જળવાયેલી સામગ્રીને એકત્ર કરવામાં સમર્પિત રહ્યા. એ ગુજરાતી સારસ્વત વ્યક્તિમત્તાનું ઊજળું ઉદાહરણ છે.

એમને બહુ સ્પષ્ટ રીતે ખ્યાલ છે કે કચ્છ ભૌગોલિક, ઐતિહાસિક અને સામાજિક રીતે ગુજરાતનો આગવો ભૂ-ભાગ છે. ગુજરાત રાજ્યનું તો હજુ અસ્તિત્વ ન હતું. પાકિસ્તાનનો જન્મ પણ નહીં થયેલો એ સમયના સાંસ્કૃતિક ગુજરાતના આગવા ભૂ-ભાગ પ્રદેશની અનોખી વિગતો એમણે એકત્ર કરવાનું પ્રારંભ્યું હશે. તેઓ 'કચ્છ કલાધર'ના પોતાના આલેખન સંદર્ભે ભારે સ્પષ્ટ છે. પ્રાક્‌કથનમાં જ જણાવે છે કે, 'કચ્છનો પ્રાચીન તેમજ અર્વાચીન ઇતિહાસ કચ્છીઓના મસ્તકને ઉન્નત બનાવે તેવું ગૌરવ ધરાવે છે.' 'પ્રત્યેક દેશના પ્રમાણભૂત ઇતિહાસની રચનામાં લોકકથાઓનો ફાળો પણ નાનો-સૂનો હોતો નથી. લોકકથાઓનું સંશોધન એ જ ઇતિહાસ છે. લોકકથામાં ચમત્કારી તત્ત્વો પણ હોય છે. એ તત્ત્વોનું બારીક નિરીક્ષણ કરવાથી તેમાંથી કંઈક નવું જ નવનીત નીકળી આવે છે.'

કચ્છનો સર્વાંગીણ પરિચય કરાવવાના તેમનાં આવા દૃષ્ટિકોણને કારણે કચ્છનો માત્ર રાજકીય ઇતિહાસ જ

નહીં પણ સાંસ્કૃતિક અને સામાજિક ઇતિહાસ આપણને પ્રાપ્ત થયો. લોકોમાં પ્રચલિત-પરંપરિત માન્યતાઓમાં-કથાઓમાં જે ચમત્કારિક તત્ત્વો હોય એને તર્કને આધારે ગાળી નાખીને તથ્યો તારવવાનો અભિગમ એમની બિનંગત પર્યેષક દૃષ્ટિનો પરિચાયક છે. 'કચ્છ કલાધર' શીર્ષક એનું દ્યોતક છે. રાજ ચલાવવાની પણ એક કળા છે. સંતો અને સમાજના સામાન્યમાં સામાન્યથી અસામાન્ય અને અદ્વિતીય કક્ષાના માણસો એમના જીવનમાં મૂલ્યોની જાળવણી અને મનની ગતિવિધિ સામે કેવો મુકાબલો માંડે છે એ કલાના કચ્છી કિસ્સાઓનો આલેખ એટલે 'કચ્છ કલાધર'ના બન્ને ભાગમાંથી સંગ્રહિત અઠ્ઠાવન પ્રકરણો.

અહીં જામ ઉનડથી માંડીને રાઓ ભોજરાજથી ખેંગારજી અને તમાચીજી સુધીના રાજવંશોના શાસનકાળની વિગતોનો પરિચય છે. ઓઢા જામ અને હોથલ પદમણીની, મોડપીરની, જેસલ જાડેજા અને તોરલની ઇતિહાસમૂલક લોકકથા છે. કેસર મકવાણો અને જગડુ દાતારની દાતારીની, ભેરુઓ ગારુડી, સસઈ-પુનુહ તથા સુહિણી-મેહારની પ્રણયકથાઓ છે. સમાજમાં પ્રચલિત 'કચ્છની પ્રાચીન રૂપરેખા', 'મરુવંશ', 'કચ્છમાં કાઠી રાજ્ય' જેવાં પ્રકરણોમાંથી કચ્છમાં શાસક તરીકે જાડેજાઓની કુળકથા પણ સાંપડે છે. આવા કારણથી કારાણીકૃત 'કચ્છ કલાધર'ની સામગ્રી કંઠસ્થ પરંપરામાં જળવાયેલા કચ્છી લોકસાહિત્યનો ખજાનો છે. લોકો ઇતિહાસને, સંસ્કૃતિને અને સમાજને અવલોકીને એમાંનું શું સાચવે છે. એની સરૂપરેખા સર્વાંગીણ રીતે પ્રાપ્ત થતી હોઈને એક મોટું કામ માત્ર કારાણીએ કર્યું. આવો સોરઠી ઇતિહાસ મેઘાણી પાસેથી સાંપડ્યો હોત તો આજે ગુજરાતની લૌકિક તસવીર પૂરી સચવાઈ ગણાત. એ રીતે પણ કારાણી આગવા, અનોખા અને અનન્ય છે.

સંતો અને સમાજના સામાન્યમાં સામાન્યથી અસામાન્ય અને અદ્વિતીય કક્ષાના માણસો એમના જીવનમાં મૂલ્યોની જાળવણી અને મનની ગતિવિધિ સામે કેવો મુકાબલો માંડે છે એ કલાના કચ્છી કિસ્સાઓનો આલેખ એટલે 'કચ્છ કલાધર'ના બન્ને ભાગમાંથી સંગ્રહિત અઠ્ઠાવન પ્રકરણો

'કચ્છના સંતો અને કવિઓ'(૧૯૫૯)ના બે ખંડો પણ કચ્છી કંઠસ્થ પરંપરાની વિપુલ સામગ્રીની ઓળખ કરાવતા હોઈને એની મહત્તા પણ ઓછી નથી. 'કચ્છના ભક્તિમાન કવિઓ' (૧૯૮૦)એ પુસ્તકમાંથી પસાર થતાં કચ્છમાં પ્રચલિત વિવિધ પંથો, સંતો તથા ભક્તકવિઓની પૂરી ભાળ મળે છે. એ રીતે આ ગ્રંથશ્રેણી પણ 'કચ્છ કલાધર'ની માફક આકર ગ્રંથ છે. કચ્છમાં પ્રચલિત નાથપંથના સંતો એમનું જીવન-સ્થાનક, રવિ-ભાણ પંથની પરંપરાના સંતો અને સ્થાનકો, ચારણી સંતો-ભક્તો, સ્વામિનારાયણીય સંતો, જૈન સંતો, હરિજન સંતો, મુસ્લિમ સંતો, જખડાડા-મામૈદેવ અને મેકરણ ડાડા જેવા તમામ કચ્છીનાં પૂજનીય સ્થાનકો, મહિલા સંતો અને એમના સાહિત્યથી અહીં સુપરિચિત થવાનું બને છે. પોતાના સમકાલીન અને અનુકાલીન ભક્તિમાન કવિઓની વાણીને પણ એમણે અહીં વણી લીધી હોઈને એમનું આ કાર્ય કંઠસ્થ પરંપરાના કચ્છી લોકસાહિત્ય સંદર્ભે સર્વગ્રાહી ચિત્ર પ્રસ્તુત કરે છે. સંતોની લોકાભિમુખતા અને રાજ્ય સામે મુકાબલાની કથા તથા એમના કવનમાંથી પ્રગટતી અધ્યાત્મલક્ષિતાને અને મૂલ્યપ્રતિબદ્ધતાને કારણે આ સંતો સામાજિક અનુસંધાનની અભ્યાસસામગ્રી બની રહે છે. 'મેકરણ ડાડા' (૧૯૬૦) તથા 'જાડેજા દેવાજીની દેવવાણી' (૧૯૮૨)થી સ્વતંત્ર રીતે કચ્છી સંત પ્રતિભા અને એમના દુહા-સાખીઓનો પરિચય કરાવતા ગ્રંથો છે. એમણે જાતે પ્રવાસ કરી, અધિકૃત માહિતીદાતાઓ પાસેથી માહિતી એકત્ર કરી અને પોતે જ બધા અંકોડા મેળવીને, ઐતિહાસિક ચકાસણી કરીને આલેખેલું આ કચ્છી સંતસાહિત્ય ભારતીય અધ્યાત્મકેન્દ્રી સાહિત્યનું તેજસ્વી પ્રકરણ છે.

આ બન્ને ગ્રંથશ્રેણીમાંથી વિદેશી-વિધર્મી આક્રમણો, વિવિધ સંસ્કૃતિઓના આગમન સામે અને રાષ્ટ્રપ્રીતિને કારણે કચ્છીઓએ કેવો પ્રભાવ પાથર્યો અને એથી સામંજસ્ય સધાયું. સંમિશ્રિત સાંસ્કૃતિકરૂપ નિખાર્યું એનો પરિચય હાજીપીર, જખડાડા વગેરે કથાનકમાંથી મળી રહે છે.

રશબ્રૂક વિલિયમ્સ ભારતીય રાજકીય ઇતિહાસના ઊંડા જ્ઞાતા હતા. કચ્છના મહારાજાઓશ્રી ખેંગારજી બાવા એમના શાસનકાળ દરમ્યાન પોતાના કોંસ્ટિટ્યૂશન એડવાઈઝર તરીકે એમને લંડનથી ઈ.સ. ૧૯૩૨માં કચ્છમાં લઈ આવેલા. એમના સહયોગી તરીકે દુલેરાય કારાણીની નિયુક્તિ કરેલી. રશબ્રૂકજીને બધી માહિતી એકત્ર કરી આપવા માટે એમની સાથે સમગ્ર કચ્છનો પ્રવાસ કરવાનું, એમની સાથે ચર્ચા-વિમર્શ કરવાનું અને પોતાની પાસેથી વિગતો રશબ્રૂકજીને આલેખન માટે આપવાનું કામ કારાણીજીનું હતું. અંગ્રેજ વિદ્વાનની ઘટનાઓ-પ્રસંગોને નોંધવાની અને એમાંથી આલેખન નોંધ કરવાની પદ્ધતિથી પણ કારાણીજી આ ચારેક વર્ષના સમય દરમ્યાન આપમેળે-આપબળે કેળવાયા. 'કચ્છ કલાધર' ગ્રંથનું લેખનકાર્ય આ સમયગાળા દરમ્યાન થયું હતું. પશ્ચિમના વિદ્વાનને આમાંનું ખપ પૂરતું આપવાનું પણ બન્યું અને પોતાને કેટલીક મહત્ત્વની વિગતો પણ આ નવા ક્ષેત્રકાર્યને કારણે સહજ રીતે સાંપડી એ સ્વાભાવિક છે. 'કારા ડુંગર કચ્છજા' (૧૯૬૩)એ 'બ્લેક હિલ ઓફ કચ્છ' પ્રકાશિત થયાં બાદ એનો ગુજરાતી અનુવાદ એમની નજર હેઠળ તૈયાર થયો. કેટલીક વિગતો અંગ્રેજ વિદ્વાન દ્વારા છોડી દેવાયેલી એને આમેજ કરીને, તથા

સાંપડેલી વિશેષ વિગતોને ઉમેરીને થયેલો શુદ્ધિ વૃદ્ધિવાળો અનુવાદ મને અને ડૉ. માર્લિઝોને વધુ પ્રમાણભૂત જણાયો છે. કોઈ અભ્યાસીએ રશબ્રૂક અને કારાણીની સામગ્રીને ચકાસીને નૂતન વિગતો ખોલી મૂલવવી જોઈએ. કારાણીની મુદ્રિત સામગ્રીમાંથી બહુ થોડું રશબ્રૂકમાં અવલોકવા મળે છે. કારાણીના આ અનુવાદનું આને કારણે ભારે મહત્ત્વ છે.

દુલેરાય કારાણી કચ્છી, ગુજરાતી, સિંધી, હિન્દી, અરબી, ફારસી, ઉર્દૂ અને અંગ્રેજી એમ છએક અનેક ભાષાઓના જાણકાર હતા. આવા કારણે સિંધના મહાનકવિ અબ્દુલ લતિફના સાહિત્યથી પણ પરિચિત થયેલા. કચ્છ-સિંઘ પ્રદેશનું નિકટત્વ પણ તેઓ જાણતા. એમણે 'રસાલો શાહ અબ્દુલ લતિફ ભિટાઈ જો' (૧૯૮૨) માં કથાની મહત્ત્વની કડીઓનો ગુજરાતી અનુવાદ કરીને એમાંની સિંધ લોકકથાઓ તથા સિંધી ઘટનાવલિઓથી પરિચિત કર્યા. સિંધની કથાના કચ્છમાં પ્રચલિત લોકકથાઓ પણ 'કચ્છ કલાધર'માં આલેખેલી મૂળ સિંધી અને કચ્છ-ગુજરાત પંજાબમાં પ્રચલિત 'સસઈ અને પુનુહ', 'સુહિણી મેહાર' જેવી અનેક લોકકથાઓનો તુલનાત્મક અભ્યાસ કરવો જોઈએ. આ માટેની પ્રમાણભૂત સામગ્રી કારાણીના આ અનુવાદગ્રંથમાં ઉપલબ્ધ છે.

દુલેરાય કારાણી કચ્છી, ગુજરાતી, સિંધી, હિન્દી, અરબી, ફારસી, ઉર્દૂ અને અંગ્રેજી એમ છએક અનેક ભાષાઓના જાણકાર હતા. આવા કારણે સિંધના મહાનકવિ અબ્દુલ લતિફના સાહિત્યથી પણ પરિચિત થયેલા

દુલેરાય કારાણીનાં લોકસાહિત્ય ક્ષેત્રનાં કાર્ય આ ક્ષેત્રકાર્ય આધારિત શોધગ્રંથો અને બે અનુવાદ ગ્રંથોને કારણે આગવા પ્રકારનાં ગણાવા જોઈએ. તેમના આ સાહિત્યમાંથી પસાર થઈને એટલે કચ્છના લોકસાહિત્યને પૂર્ણ રૂપમાં વાંચી-સમજી શકાય. મારી દષ્ટિએ એમનું આ કાર્ય કચ્છી લોકસાહિત્યનું પ્રવેશદ્વાર છે. કચ્છી લોકસાહિત્યનું પુરોવચન છે. કારાણીએ કચ્છ પ્રદેશનું માત્ર લોકસાહિત્ય જ ન સુલભ કરાવ્યું. પણ એના લોકસાંસ્કૃતિક અને ઐતિહાસિક સંદર્ભ દ્વારા પણ વિગતે આલેખ્યો. એમના આ ગ્રંથો માત્ર ઇતિહાસગ્રંથો નથી પણ સાંસ્કૃતિક અધ્યયન-કલ્ચરલ સ્ટડીઝ છે. આ અધ્યયન-સ્ટડી-પણ માત્ર ઉપરછલ્લું, પ્રાથમિક કે પરિચયાત્મક નથી પણ ઊંડાણથી અનેક સ્તરોનો પરિચય કરાવતું સર્વાંગીણ અધ્યયનનાં પરિપાકરૂપ આલેખન છે. કારાણીના લોકસાહિત્યના કાર્યના અભ્યાસલેખમાં પ્રારંભે એમના આવા દષ્ટિકોણવાળા સાહિત્યને અલગ તારવીને વર્ગીકૃત કરીને એમના આ કાર્યને આવા કારણથી મેં અહીં પ્રારંભે મૂલવ્યું છે.

(૨) લઘુસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :

૧. 'કચ્છી રસ ઝરણા' (૧૯૨૮)
૨. 'કચ્છી કહેવતો' (૧૯૩૦)
૩. 'કચ્છી કિસા બાવની'(૧૯૩૮)
૪. 'કચ્છી પીરોલી' (૧૯૭૫)
૫. 'સાર્થ કચ્છી કહેવતો'(૧૯૭૬)
૬. 'કચ્છની કહેવત કથાઓ' (૧૯૭૬)
૭. 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧)
૮. 'કચ્છી ગુજરાતી શબ્દકોશ' (૧૯૮૨)
૯. 'મિઠે મિરાણજા મોતીડા' (૧૯૮૮)

એક મૂળભૂત બાબત તો સ્પષ્ટ છે કે દુલેરાય કારાણી કચ્છ વિસ્તારમાં પ્રચલિત પરંપરિત લોકસાહિત્યના સંપાદક, સંરક્ષક અને આલેખક છે, એ કારણે કચ્છની આગવી-અનોખી લોકસાંસ્કૃતિક અને રાજકીય ઐતિહાસિક વિગતોથી પરિચિત કરાવતા લોકસાહિત્યનું એમણે આલેખન કર્યું. પણ ગુજરાતી સમાજને-સાહિત્યપ્રેમીઓને કચ્છી લોકસાહિત્યનો સાચો પરિચય મળી રહે એટલે કચ્છી લોકબોલીમાં પ્રચલિત લોકસાહિત્યના વિવિધ સ્વરૂપની રચનાઓનો અર્વાચીન ગુજરાતીમાં આસ્વાદ કરાવતા હતા. એમણે કચ્છી શબ્દોનો અર્વાચીન ગુજરાતી શબ્દકોશ પણ તૈયાર કરીને પ્રકાશિત કર્યો. મહત્ત્વની બાબત તો એ છે કે એમણે કચ્છી લોકસાહિત્યને અધિકૃત માહિતીદાતા પાસેથી માત્ર એકત્ર જ ન કર્યું. એ કચ્છ વિસ્તારમાં જ પ્રચલિત બની રહે એ એમનો આશય ન હતો. એમની મહત્ત્વાકાંક્ષા તો એ હતી કે સમગ્ર ગુજરાતી ભાષા સમાજને એની સૌંદર્યલક્ષિતા અને તળપદી વાણીની તાકાતનો પરિચય પ્રાપ્ત થાય. બીજો એવો પણ આશય હતો કે ગુજરાતનું તળપદું સાહિત્ય, સામગ્રી અને અભિવ્યક્તિ સંદર્ભે કચ્છી, સિંધી સાથે કેટલું બધું સામંજસ્ય ધરાવે છે એનો ખરો ખ્યાલ મળી રહે. મેઘાણીએ આ કામ ભારે દષ્ટાંતોથી લોકગીત-લોકકથા સંદર્ભે મૂલ્યવાન સુદીર્ઘ અભ્યાસલેખો તૈયાર કરીને એ સમયે જણાવેલું કે ગુજરાતી લોકગીતો, હિન્દી, પંજાબી, કાશ્મીરી, બંગાળી, મરાઠી અને ભારતીય ભાષાઓના લોકગીતો સાથે ઘણું બધું સામંજસ્ય ધરાવે છે. કારાણીએ આવું કાર્ય આગળ વધારવા માટે કચ્છી લોકસાહિત્યનાં લઘુસ્વરૂપોને પહેલાં હાથમાં લીધાં અને એનું સંપાદન ગુજરાતી ભાષામાં અર્થાત્ કચ્છી બોલીને ગુજરાતી લિપિમાં મૂકી આપીને ગુજરાતીમાં એની સમજણ, એમાંની વિશિષ્ટતાઓ-કૃતિને આધારે તારવીને મૂકી આપીને સ્વરૂપગત લાક્ષણિક્તાઓનાં-સૈદ્ધાંન્તિક પાસાઓનો પરિચય કરાવ્યો.

ગુજરાતી લોકસાહિત્યમાં દુહાઓના વિપુલ માત્રામાં સંચયો-સંકલનો હતાં. લોકમાં પ્રચલિત કંઠસ્થ પરંપરામાં જળવાયેલી કહેવતો, ઉખાણાઓ, ઓઠાઓ અને રૂઢિપ્રયોગો

જેવાં લઘુસ્વરૂપો પરત્વે બહુ લક્ષ્ય અપાયું ન હતું. કારાણીએ કચ્છની કંઠસ્થ પરંપરાની આવા પ્રકારની લોકવાણીમાં પ્રચલિત કચ્છી કહેવતો અને રૂઢિપ્રયોગો તથા આમાં સંકળાયેલી ટૂંકી કથાઓ, કિસ્સાઓ, ઓઠાઓના લઘુસ્વરૂપની કૃતિઓના ચાર-પાંચ સંગ્રહો આપ્યા. ઉપરાંત ઉખાણાં-પીરોલી તથા 'મીઠે મીરાણજાં મોતીડાં' તથા 'કચ્છી રસઝરણા' રૂપે બેએક સંગ્રહોમાં આ લઘુસ્વરૂપના લોકસાહિત્યની કૃતિઓને સંપાદિત કરી. કચ્છી બોલીના એક-એક શબ્દો કેવા અર્થસભર છે અને અર્વાચીન ગુજરાતીનો કયો અર્થ કચ્છી શબ્દમાં નિહિત છે એને ખોલી બતાવતો 'કચ્છી-ગુજરાતી શબ્દકોશ' પણ તૈયાર કરીને કચ્છીવાણીમાં ભારતીયતાના-ગુજરાતીના પ્રાણ પડઘાય છે એની પ્રતીતિ કરાવી.

'કચ્છી કહેવતો' (૧૯૩૦), 'સાર્થ કચ્છી કહેવતો' (૧૯૭૬), 'કચ્છની કહેવતકથાઓ' (૧૯૭૭) અને 'કચ્છી રમૂજી કહેવતો' (૧૯૮૧) આ ચાર પુસ્તકો ગુજરાતી લઘુસ્વરૂપના લોકસાહિત્યના કહેવત સ્વરૂપના શાસ્ત્રીય ગ્રંથો છે. લઘુલોકસાહિત્યના સ્વરૂપના આ ગ્રંથોમાં કૃતિઓને આધારે તેઓ જે-તે સ્વરૂપની સૈદ્ધાન્તિક અવધારણા પણ ઘડી આપે છે. પશ્ચિમમાં થયેલી વિચારણાને આધારે નહીં પણ એમણે અભ્યાસમાં-ખપમાં લીધેલી કૃતિમાંથી પ્રગટતા સ્વરૂપને તેઓ ખોલી આપતા હોઈને એમની પાસેથી આપણી પોતીકી સ્વરૂપલક્ષી વિચારણા આપણી ભાષામાં પ્રાપ્ત થાય છે. એમના લોકસાહિત્યિક સંપાદનગ્રંથોની બીજી વિશિષ્ટતા એ છે કે તેઓ પ્રાપ્ત થયેલી વિપુલ કહેવતોને આકારાદિક્રમે ગોઠવે છે. ચારેય ગ્રંથોમાં કુલ મળીને પાંચેક હજાર કહેવતો અને શતાધિક કહેવત- લઘુકથાઓ સંપાદિત થયેલી છે. કચ્છી બોલીની કહેવત ગુજરાતી લિપિમાં મૂકીને એના અર્વાચીન ગુજરાતી ભાષામાં અર્થો, એનો સાર, એમાં રહેલો ધ્વનિ અને પ્રાપ્ત થઈ શકી હોય તો કહેવત સાથે જોડાયેલી કથા-ટૂચકાઓ પણ મૂકી આપે છે. તેમણે કહેવતોમાંથી રમૂજ-હાસ્ય પ્રગટાવતી કચ્છી કહેવતોનું અલગ સંપાદન તૈયાર કરેલું છે. આ ઉપરાંત કચ્છી કહેવતને લગતી ગુજરાતી ભાષાની કહેવતને દૃષ્ટાંત તરીકે સામેલ કરેલું છે. એમના સંપાદનોની ત્રીજી વિશિષ્ટતા એ છે કે તેઓ કચ્છી બોલીના વ્યંજનો અને ઉચ્ચારણોની ખાસિયતોથી પણ અભ્યાસીઓને અભિજ્ઞિત કરે છે. આવાં બધાં કારણે એમના લોકસાહિત્ય લઘુસ્વરૂપ કહેવત વિશેનાં ચારેય સંપાદનો લોકસાહિત્યના લઘુસ્વરૂપની સમજ, કૃતિ, સામગ્રીની ગોઠવણ, અર્થ, કથાનક અને સમાન ગુજરાતી કહેવતોનું નિદર્શન એમ પાંચ-છ પ્રકારની શાસ્ત્રીય પદ્ધતિરૂપને કારણે ખરા અર્થમાં કારાણીના પ્રદાનરૂપ છે. એમણે સંપાદનમાં નોંધેલી કહેવત સ્વરૂપલક્ષી અવધારણાનો પરિચય મેળવીએ.

'કહેવત એટલે વંશપરંપરાથી લોકસંભાષણમાં ઊતરી આવેલ અનુભવી પુરુષોનાં, બોધરૂપ-દૃષ્ટાંતરૂપ વચનબાણો. આ વચનબાણ જેના હૃદયમાં લાગે છે તેના હૃદય પર તે કાયમની અસર કરી બેસે છે. આ કારણથી હર કોઈ કહેવત એક જમાનામાંથી બીજા જમાનામાં ઊતરી આવવા સમર્થ બને છે.'

એક કહેવત માટે સામાન્ય રીતે ચાર તત્ત્વોની આવશ્યકતા છે. અલ્પશબ્દાત્મકતા, વ્યાવહારિક્તા, ચમત્કૃતિ અને લોકપસંદગી. અલ્પશબ્દાત્મકતા અર્થાત્ લઘુતાને એક કહેવત કશા પ્રયાસ વિના તરત યાદ રહી જાય છે. કારણ કે થોડા શબ્દોથી પણ તેમાં પુષ્કળ અર્થનો સમાવેશ થયેલો હોય છે. વ્યાવહારિક્તાને લઈને કહેવતને માનવહૃદયમાં ઠસાઈ જવાનું બળ પ્રાપ્ત થાય છે. ચમત્કૃતિના કારણે કહેવત લોકહૃદયને આકર્ષી શકે છે. આ ત્રણેય તત્ત્વોના એકત્ર બળથી તે લોકપસંદગી પ્રાપ્ત કરી શકે છે. લોકપસંદગી એ કહેવતના પ્રાણ સમાન છે.

કહેવતો એટલે જ્ઞાનીઓનો જ્ઞાનકોશ-ડાહ્યા લોકોના ડહાપણનો જ્ઞાનભંડાર.

એક કહેવત ઉદાહરણ તરીકે વપરાઈને તેના જેવા અન્ય પ્રસંગોને લાગુ પડી શકે એવી હોવી જોઈએ. આ ગુણ સિવાય એક વાક્ય ચાહે તેવું સુંદર હોય છતાં તેને કહેવત તરીકે સ્વીકારી શકાય નહિ. કારણ કે તેમાં યોગ્ય સમયે આપણા સ્મૃતિપટ પર તરી આવવાની શક્તિ હોતી નથી. બહુ બહુ તો આવા વાક્યને એક સુભાષિત કહી શકાય, કહેવત ન કહી શકાય. સુભાષિત એ અમુક દુકાન પરથી જ વટાવી શકાય એવી હૂંડી છે. જ્યારે કહેવત તો રસ્તે ચાલતાં બજારમાં બેધડક વટાવી શકાય એવું રાજમાન્ય ચલણી નાણું છે- લોકસિક્કો છે.

'કહેવતો બહુધા અલ્પશબ્દાત્મક હોતાં શિક્ષિત કરતાં અશિક્ષિત જનતા તેમને તરત અપનાવી લે છે. આજનો સુધારક વર્ગ ભાગ્યે જ કોઈ કહેવતોનો ઉપયોગ કરતો હોય છે જ્યારે બળદોનાં પૂછડાં મરોડતો ખેડૂત, ગાડાં હાંકતો ગાડાવાળો, વાડીઓમાં વૈયા ઉડાડતો દહાડિયો કે ગામડિયો, વાતની વાતમાં પાંચ-દશ કહેવતો ઝપાટાબંધ ગબડાવી દેશે.'

નવલકથા, નાટકો કે કાવ્યોમાં ઓતપ્રોત રહેનાર સાક્ષરો કરતાં દૂહા, સોરઠા અને ભજનો, કાફીઓ લલકારનાર લોકસાહિત્યના આશકોની જીભને ટેરવે કહેવતોના થોકના થોક રમતા હોય છે.

નવલકથા, નાટકો કે કાવ્યોમાં ઓતપ્રોત રહેનાર સાક્ષરો કરતાં દૂહા, સોરઠા અને ભજનો, કાફીઓ લલકારનાર લોકસાહિત્યના આશકોની જીભને ટેરવે કહેવતોના થોકના થોક રમતા હોય છે

કહેવતોનું સ્થાન ગગનગામી હવેલીઓની ઊંચી

અટારીઓ પર નહિ પરંતુ જંગલ-ઝાડીઓ, ખેતર-વાડીઓની કાંટા-કાંકરાવાળી ગામડાંની ધરતી પર છે.

'જુદા જુદા દેશોની કહેવતો એક બીજાને ઘણી મળતી આવતી હોય છે. કારણ કે જુદા જુદા દેશોના રીત-રિવાજ, આચાર-વિચાર, વાણી-વર્તન વગેરે વિવિધ પ્રકારનાં હોવા છતાં ઘણી બાબતો એક સરખી-સામાન્ય પણ હોય છે. બધા દેશોમાં સજ્જન-દુર્જન, ઉદ્યોગી-આળસુ, સાક્ષર-નિરક્ષર, ગરીબ-તવંગર, લુચ્ચા અને ભોળા લોકો પણ વસતા હોવાથી તત્સંબંધી અનુભવોનો આંતરભાવ એકસરખો જ હોય છે.'

ઘણીવાર એક ભાષાની કહેવતો બીજી ભાષામાં પણ ઊતરી આવે છે. કેટલીક વાર તેમાં પરિવર્તિત પણ થઈ જાય છે. દા.ત. હિન્દી ભાષાની એક જૂની કહેવત છે : 'કહાં રાજા ભોજ ઔર કહાં ગાંગેવ-તૈલંગ!' આ ગાંગેવ ત્રિપુરીનો રાજા હતા અને તૈલંગ તૈલંગણનો રાજા હતો, બંને ભોજ રાજાના દુશ્મન હતા. ઉપર્યુક્ત કહેવતે આગળ જતાં એક વિચિત્ર પલટો ખાધો. 'ગાંગેવ-તૈલંગ' ને સ્થાને કોણ જાણે ક્યાંથી 'ગાંગો તેલી' આવી ગયો! આમ, કાળના પ્રભાવે કહેવતોમાં પરિવર્તન પણ આવી જાય છે.

કહેવતો, એ ભાષાનું તેમજ લોકસાહિત્યનું એક આવશ્યક અંગ છે. કચ્છના લોકસાહિત્યમાં પણ કહેવતો પુષ્કળ પ્રમાણમાં મોજૂદ છે. ઘણી જૂની કહેવતો સમયના પરિવર્તનને લઈને લુપ્ત થઈ ગઈ છે.

('સાર્થ કચ્છી કહેવતો', દુલેરાય કારાણી, પૃષ્ઠ : ૫, ૬ ૭)

તેમણે લોકસાહિત્યનાં લઘુસ્વરૂપોમાં બીજું મહત્ત્વનું કાર્ય કર્યું, પીરોલી-ઉખાણાના એકત્રીકરણ અને અભ્યાસમૂલક સંપાદનનું. 'કચ્છી પીરોલી'માં તેમણે કચ્છી પીરોલી એકત્ર કરીને એનો સ્વરૂપલક્ષી પરિચય પણ કરાવ્યો

એમની આ સ્વરૂપલક્ષી વિચારણા પોતાના પરિચયમાં આવેલી કૃતિઓને આધારે પોતે બાંધેલી છે. એમાંનો અંગ્રેજ બ્રિટિશ અમલદારોના માહિતીદાતા તરીકેનો એમની સાથેના વિમર્શને કારણે પ્રાપ્ત માહિતીને પણ તેઓ પોતાની સ્વરૂપ વિચારણામાં વણી લે છે. સૂત્રાત્મકતાથી તેઓ એની ટૂંકી વ્યાખ્યા પણ બાંધી આપે છે. એમણે કચ્છી બોલીનાં વ્યંજનો અને ઉચ્ચારણોની વ્યવસ્થાથી પણ અભ્યાસીઓને અવગત કર્યા છે.

એમણે કહેવતોનું એકત્રીકરણ કર્યું. એમણે વર્ગીકૃત કરીને અભ્યાસ કર્યો. એના અર્થો કર્યા, એની સ્વરૂપલક્ષી ચર્ચા કરી, એમની સાથે સંકળાયેલી કથાઓ આલેખી અને શાસ્ત્રીય રીતે અકારાદિક્રમે જુદાં જુદાં ચાર સંપાદનો કર્યાં. આ ચારેયને એક સાથે એકત્ર કરીને એક જ ગ્રંથમાં અકારાદિક્રમે ગોઠવીને એનું અભ્યાસપૂર્ણ ઉપોદ્‌ઘાત સાથે પુનઃ સંપાદન થવું જોઈએ. કચ્છી ભાષાના વિકાસની, રૂપની ખરી સૌંદર્યરેખાથી ભાવિ પેઢી પરિચિત થશે. કારાણીનું કહેવતમૂલક સંશોધન-સંપાદન ગુજરાતી લોકસાહિત્યના લઘુસ્વરૂપનું તેજસ્વી પ્રકરણ છે.

તેમણે લોકસાહિત્યનાં લઘુસ્વરૂપોમાં બીજું મહત્ત્વનું કાર્ય કર્યું, પીરોલી-ઉખાણાના એકત્રીકરણ અને અભ્યાસમૂલક સંપાદનનું. 'કચ્છી પીરોલી'માં તેમણે કચ્છી પીરોલી એકત્ર કરીને એનો સ્વરૂપલક્ષી પરિચય પણ કરાવ્યો. કૃતિને આધારે કૃતિમાંથી પ્રગટતી પીરોલી લઘુસ્વરૂપની ખાસિયતો આલેખીને કઈ રીતે કહેવતથી અને કિસ્સાથી જુદી તરી આવે છે એ સ્પષ્ટ કરતો આલેખ પણ તૈયાર કર્યો છે. તેમનાં સંપાદનો તેમણે દાખવેલા-અપનાવેલા આવા શાસ્ત્રીય અભિગમને કારણે લોકસાહિત્યના લઘુસ્વરૂપની મીમાંસા કરતા ગ્રંથના સ્થાન-માનને પ્રાપ્ત કરે છે, પણ તેમના આ પ્રદાનની આલોચના કે મહત્તા આપણા સાહિત્યિક ઈતિહાસમાં બહુ થઈ નથી. અહીં એમણે કરેલી પીરોલી સ્વરૂપની ચર્ચાના કેટલાંક ઘટકોથી સુપરિચિત કરાવવા માટે અહીં ઉદાહૃત કરેલું છે. આપણે ત્યાં ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ 'મધ્યકાળના સાહિત્યપ્રકારો'માં અને મંજુલાલ મજમુદારે 'ગુજરાતી સાહિત્યસ્વરૂપો'માં થોડી સ્વરૂપ ચર્ચા કરેલી છે પણ એ ઉપરાંતની ઘણી પાયાની ચર્ચાના અંશો મને કારાણીની 'પીરોલી' સ્વરૂપ અવધારણામાં અવલોકવા મળ્યા છે તે અહીં ઉદાહૃત કરેલા છે.

'પિરોલી' એ કચ્છી ભાષાનો શબ્દ છે. એનો અર્થ થાય છે ઉખાણું. હિન્દી ભાષામાં જેને 'પહેલી' કહે છે એ પહેલી શબ્દ કચ્છીમાં પિરોલીરૂપે પ્રચલિત છે. પહેલીનું જ કચ્છીમાં પિરોલી રૂપે રૂપાંતર થયું હોય તેમ સ્પષ્ટ દેખાય છે. ગુજરાતી ભાષામાં એને સમસ્યા કહે છે, પ્રહેલિકા પણ કહે છે. આ પ્રહેલિકા પણ પહેલી સાથે મળતો ઝૂલતો શબ્દ છે. એ રીતે જોતાં બધી ભાષાઓ એકબીજા સાથે કોઈને કોઈ રીતે સંબંધ ધરાવતી-સંકળાયેલી હોય છે. સૌરાષ્ટ્રમાં એને 'વરત' નામથી ઓળખાવાય છે.

'દુનિયાની પ્રત્યેક ભાષામાં આવી પહેલીઓને : પિરોલીઓને સ્થાન છે. કચ્છમાં તો આવી પિરોલીઓ ગામે ગામ અને ઘેરઘેર સાંભળવા મળે છે. રાત્રે વાળુ કરીને વાર્તાલાપ કરતાં અનેક કુટુંબો પિરોલીઓ દ્વારા પોતાના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે અને આનંદની મજા માણે છે.'

કચ્છના પ્રત્યેક ગામમાં પિરોલીઓના જાણકારો અને પિરોલીઓનું ઘડતર કરનારા કવિઓ મળી આવે છે. રાતે ચોરામાં કે ગામના પાદરમાં પિરોલીઓની રમઝટ જામે છે. સામસામે પિરોલીઓનાં તીર છૂટે છે. બુદ્ધિમાન જાણકારો થોડો વિચાર કરીને તરત પિરોલી ભાંગી શકે

છે. લોકસાહિત્યના કવિઓ દ્વારા- અનાયાસે પિરોલીઓની રચના પણ થતી રહે છે.

'કચ્છમાં ઊંડે ઊંડે આવેલાં અનેક ગામડાં આજે પણ નિરક્ષર જેવાં જ રહ્યાં છે. આમ છતાં કાન દ્વારા મળતા જ્ઞાનથી આ ગ્રામ્યજનતા વંચિત હોતી નથી. પિરોલીઓ, કહેવતો, ભજનો, કાફીઓ એ ગ્રામ્ય પ્રજાની જ્ઞાનશાળાના જ્ઞાનગુરુ સમાન હોય છે. ગ્રામ્યસમાજ પોતે જ એક વિશ્વવિદ્યાલય રૂપે છે, એમાં હરિજનોથી માંડીને બ્રાહ્મણો એકબીજાને જ્ઞાનદાન કરતા રહે છે. જ્યાં બધા ગુરુ છે અને બધા જ શિષ્ય છે એનું નામ છે ગ્રામ્યસમાજ. એની જ્ઞાનશાળામાં બ્રાહ્મણને પણ સ્થાન છે, અછૂતને પણ સ્થાન છે. હરિજનોના મુખમાંથી નીકળતાં ભજનો અરે કાફીઓ, બ્રાહ્મણોને અને અન્ય ઉચ્ચ વર્ણોને પણ આનંદમગ્ન બનાવે છે. હરિજનો પાસેથી બ્રાહ્મણો પણ લોકસાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરે છે.'

'પિરોલીની શબ્દરચના અને એના બંધારણ માટે કોઈ ખાસ નિયમ નક્કી કરવામાં આવેલો નથી. કેટલીક પિરોલીઓ દૂહા-દોહરામાં હોય છે. કેટલીક સોરઠામાં અને બ્હેતોમાં પણ હોય છે. કેટલીક ચાર-છ કે આઠ-દશ લીટીઓમાં હોય છે. એક-બે લાઈનમાં પણ હોય છે. કોઈ માત્ર બે-ચાર શબ્દોની બનેલી પણ હોય છે. કોઈ જોડકણામાં જ જડેલી હોય છે. કોઈ સવાલજવાબમાં જ સમાપ્ત થતી હોય છે. આમ, અનેક નામી-અનામી કવિઓએ જુદી જુદી રીતે એની રચના કરેલી છે.'

'કચ્છમાં ઊંડે ઊંડે આવેલાં અનેક ગામડાં આજે પણ નિરક્ષર જેવાં જ રહ્યાં છે. આમ છતાં કાન દ્વારા મળતા જ્ઞાનથી આ ગ્રામ્યજનતા વંચિત હોતી નથી. પિરોલીઓ, કહેવતો, ભજનો, કાફીઓ એ ગ્રામ્ય પ્રજાની જ્ઞાનશાળાના જ્ઞાનગુરુ સમાન હોય છે

'પિરોલી એ સાક્ષરોની સંપત્તિ નહીં, પણ નિરક્ષરોનું નાણું છે. કચ્છમાં એક વખતે ચારે તરફ નિરક્ષરતા વ્યાપી રહી હતી એટલે પિરોલીનું સાહિત્ય એ પ્રદેશમાં પુષ્કળ પ્રમાણમાં હતું. પિરોલી અને કહેવતો એ જ કચ્છની સાહિત્યસંપત્તિ હતી. આ સંપત્તિ વડે કચ્છડો સમૃદ્ધ હતો.'

('કચ્છી પિરોલી', દુલેરાય કારાણી, પૃ. ૪, ૭, ૯, ૧૨, ૧૫)

એમણે ચર્ચેલા મુદ્દાઓ એમના પિરોલી અભ્યાસમાંથી ધ્યાનમાં આવ્યા એ નોંધેલા છે. એમની સૂક્ષ્મ દૃષ્ટિ અને સર્વાંગી રીતે સાહિત્યને અવલોકવાથી, ચિંતનાત્મક સાહિત્યિક વિમર્શનો પરિચય મળી રહે છે. ઉપરાંત એમણે ચર્ચેલી એક પિરોલી અને એની સમજણનો પણ પરિચય મેળવીએ.

'હથ બોલે ને હથ સુણે,
કન તાં સુણે ન કીં,
કાં બોડો ગુરુજી સુણે,
બ્યો કો સુણે ન તીં.'
'હાથ બોલે અને હાથ સાંભળે,
કાન તો કશું ન સાંભળે,
કાં તો બહેરો ગોરજી સાંભળે,
બીજો કોઈ ન સાંભળે.'

- નાડીપરીક્ષા

- કચ્છ-માંડવીનો ગોરજી કાંતિવિજયજી એક ચારણ કવિની નાડી જોતો હતો. એ વખતે નાડીમાં બોલનાર હતો કવિનો હાથ અને સાંભળનાર હતો નાડીપરીક્ષક ગોરજીનો હાથ. કાન કંઈ સાંભળી શકે તેમ ન હતો. માત્ર બહેરા ગોરજી જ સાંભળી શકતા હતા અને તે બીજો કોઈ પણ ન સાંભળી શકે તેમ સાંભળતો હતો.

('કચ્છી પિરોલી', દુલેરાય કારાણી, પૃ. ૩)

'પિરોલી' સાહિત્ય સ્વરૂપ અને કૃતિઓનું સંપાદન એમ બંને રીતે તેમણે લોકસાહિત્યનાં ઓછાં ચર્ચાયેલાં લઘુસ્વરૂપની વિશિષ્ટતા અને લોકસાંસ્કૃતિક મહત્તા એમ ઉભય રીતે પરિચય કરાવ્યો એનું ઘણું મહત્ત્વ રહેવાનું.

ગુજરાતી અને કચ્છી લોકસાહિત્યમાં અલ્પ ખેડાયેલાં લઘુસ્વરૂપો વિશે તેમણે કરેલાં સંશોધન, સંપાદન અને કૃતિપરિચયથી આ ક્ષેત્રના તેઓ પ્રારંભિક સંપાદક ગણાયા. તેમણે આ ઉપરાંત એવું જ બીજું લઘુસ્વરૂપ- ઓઠા-કિસ્સા અને મોતીડાં જેવા નાનકડા દૃષ્ટાંતમૂલક લઘુસાહિત્યસ્વરૂપ વિશે પણ ખેડાણ કર્યું. 'કચ્છ કિસ્સાબાવની' (૧૯૩૮) અને 'મિઠે મિરાણજાં મોતીડાં' (૧૯૮૪) સંગ્રહોમાં નાનકડા આપણે ગુજરાતીમાં જેને ઓઠા તરીકે ઓળખીએ છીએ તેવા કચ્છી કિસ્સાં, મીઠાં મોતી જેવી રૂપકડી નાનકડી દૃષ્ટાંતકથાના સંચય પણ તૈયાર કરેલા.

લોકોમાં વાતચીતમાં ઓઠા-દૃષ્ટાંત અવશ્ય ટપકી પડતાં હોય છે. એ પ્રસંગકથા કે કહેવતકથાથી આગવી અને અલગ મુદ્રા પ્રગટાવતાં હોય છે. તેમણે કચ્છી સમાજમાં કંઠસ્થ પરંપરામાં પ્રચલિત આવાં લૌકિક દૃષ્ટાંતો એકત્ર કર્યાં.એને અર્વાચીન ગુજરાતી ભાષામાં સમજાવ્યાં. મોટેભાગે આવી કિસ્સા રચનાઓ લોકમાનસમાંથી પડઘાતા ડહાપણ અને ચતુરાઈપણાને કોઠાસૂઝને પ્રગટાવનારાં હોય છે. 'કચ્છી રસઝરણાં' (૧૯૮૮) પણ આવી નાનકડી દૃષ્ટાંતકથામૂલક રચનાઓ સંગ્રહી છે. કારાણીની વિશિષ્ટતા એ છે કે તેઓએ આવી અલગ-અલગ પ્રકૃતિની રચનાઓને નામકરણ-સ્વરૂપ સંદર્ભની ઓળખ પણ આપી. તેઓ આરંભિક હોઈને કચ્છમાં પ્રચલિત કહેવત, પિરોલી-ઉખાણાં અને કિસ્સા-ઓઠાં એમ

ત્રણેક પ્રકારના લોકસાહિત્યમાં લઘુસાહિત્યસ્વરૂપની આઠ-નવ કૃતિના સંપાદનોમાં જે-તે સ્વરૂપની રચનાઓ સંપાદિત કરી. એમને ક્ષેત્રકાર્યમાંથી પ્રાપ્ત થયેલી સામગ્રીનું વર્ગીકરણ અને સ્વરૂપલક્ષી સંપાદનો અલગ-અલગ ગ્રંથો રૂપે કરાવીને કચ્છી લોકસાહિત્યને ઘાટ આપ્યો અને એનું ઘડતર પણ કર્યું.

લઘુસ્વરૂપકેન્દ્રી રચનાઓનું એકત્રીકરણ એ તેમનું પોતીકું દષ્ટિબિંદુ લોકસાહિત્ય સંદર્ભે કેવું સુરેખ અને સ્પષ્ટ હતું તેનો પરિચય કરાવે છે. તેઓ પ્રાપ્ત સામગ્રીને પ્રકૃતિ પ્રમાણે વર્ગીકૃત કરીને, અકારાદિક્રમે ગોઠવીને, વિષય પ્રમાણે વિભાજન કરીને અને સ્વરૂપલક્ષી લાક્ષણિક્તાઓ તારવીને અભ્યાસપૂર્ણ દષ્ટિપૂત રીતે સંપાદનો પ્રકાશિત કરતા હોઈને એમનાં કાર્યને શાસ્ત્રીય પરિમાણ પ્રાપ્ત થયેલું જોઈ શકાય છે. એમની અભ્યાસનિષ્ઠા, સૂક્ષ્મ રીતનો સ્વાધ્યાય અને એને આલેખવાનો પોતીકો અભિગમ ભલે કોઈ સૈદ્ધાન્તિક શાસ્ત્રીય વિભાવનાને આધારે ન ઘડાયેલો હોય તો પણ એ સંપાદનોમાંથી એમની પોતીકી સૈદ્ધાન્તિક ભૂમિકા અને શાસ્ત્રીય દષ્ટિકોણ પ્રગટતા જોઈ શકાય છે. દુલેરાય કારાણીની આ એક મહત્ત્વની અને મોટી રિદ્ધિ છે.

(3) લોકકથાકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :

૧. 'કચ્છ કથામૃત' (૧૯૭૦)
૨. 'કચ્છની રસધાર' ભાગ-૧(૧૯૭૨)
૩. 'કચ્છની રસધાર' ભાગ-૨ (૧૯૭૪)
૪. 'કચ્છની રસધાર' ભાગ-૩ (૧૯૭૬)
૫. 'કચ્છની રસધાર' ભાગ-૪ (૧૯૭૬)
૬. 'કચ્છી બાલ અખાણી' (૧૯૮૧)
૭. 'કચ્છી પ્રેમકથાઓ' (૧૯૮૪)

કચ્છી લોકકથાઓનું સંપાદન કારાણીનું એક મહત્ત્વનું પ્રદાન ગણાશે. લોકકથાઓનાં સંપાદનમાં તેઓ સાંભળેલી પ્રાસંગિક ઘટના કે કથાનું પુનઃકથન ગુજરાતી ભાષામાં કરે છે. વચ્ચે-વચ્ચે ક્યાંક કચ્છી દુહો પણ સાંકળે છે ક્યારેક કથાનો આરંભ જ દુહાથી કરે છે. કચ્છી દુહાનો ગુજરાતી અનુવાદ મૂકે છે. કથા સાથેના દુહાઓ લગભગ જ્યાં-જેટલા પ્રાપ્ત હોય ત્યારે પૂરેપૂરો પાઠ મૂકે છે. 'ઓઢા-હોથલ' અને 'કચ્છનો કેસરી પીર કરાયલ અને સતી કપૂરી' એના તરત જ સ્મરણે ચઢતાં ઉદાહરણો છે. કથાપ્રસંગને લગતી કચ્છી કવિતા કોઈ ચારણ કે બારોટે કહેલી હોય તો એને એમાં સ્થાન આપે. કચ્છી દુહાઓ કચ્છી લોકકથામાં પ્રાણ સમાન છે. કારાણી આ દુહાને એના અધિકૃત પાઠ સાથે, ભાવાર્થ સાથે વાર્તામાં સાંકળીને વાર્તાઓનું કથન આલેખન કરે છે. જીવરામ અજરામર ગોર એમના પુરોગામી. એમની કથાઓથી તેઓ દીક્ષિત હતા. જીવરામ અજરામર ગોરે પહેલવહેલાં આ રસપ્રદ લૌકિક કથાઓ માટે 'કચ્છની રસધાર' નામથી સંચય તૈયાર કરેલો. મેઘાણીને એ સમયમાં રસપ્રદ, રસપૂર્ણ અને રસિક વાતો માટે પ્રયોજાયેલા 'રસધાર' શબ્દ ગમી ગયેલો. સાચો પણ લાગેલો. એમણે પછીથી લોકકથાઓના સંચયને 'સૌરાષ્ટ્રની રસધાર'શીર્ષકથી પ્રકાશિત કર્યો. કારાણીને પણ જીવરામ અજરામર ગોરની પરંપરા, પ્રચલિત સંજ્ઞા કચ્છની રસપૂર્ણ અને વિવિધ રસની રસાનુભૂતિ કરાવતી કથાઓ માટે 'કચ્છની રસધાર' શીર્ષકથી ચાર ભાગમાં પંચોતેરથી વધુ કથાઓ આલેખી, પોતે આ વિગત 'કચ્છની રસધાર'(૧૯૭૨)ના ત્રીજા ભાગના બે-બોલ, આમુખમાં કબૂલ્યું છે કે, 'આજથી પોણી સદી પહેલાં કચ્છના આદ્ય લોકસાહિત્યકાર કવિશ્રી જીવરામ અજરામર ગોર કચ્છના તખ્તા પર પ્રકાશમાં આવ્યા. સમસ્ત ગુજરાતમાં સૌથી પ્રથમ એમણે લોકસાહિત્યનાં સંશોધન અને પ્રકાશનની શરૂઆત કરી એ સમયના સાપ્તાહિક 'ગુજરાતી'ના દીપોત્સવી અંકોમાં લોકસાહિત્યની એમની કથાઓ પ્રગટ થવા લાગી હતી.' 'ઊઢો-હોથલ', 'ઉમર-મારઈ', 'સુહણી-મોહાય', 'કરાય-કપૂરી' વગેરે લોકકથાઓ છપાતી રહી. એ જ અરસામાં 'કચ્છની રસધાર' નામનું એમનું પુસ્તક પ્રગટ થયું અને જીવરામ અજરામર ગોર ગુજરાતના પહેલા લોકસાહિત્યકાર તરીકે પ્રખ્યાત થયા. જીવરામ ગોરનું 'કચ્છની રસધાર'નું એક જ પુસ્તક પ્રગટ થયું હતું. આજે આ જૂના નામથી રસધારો જુદા-જુદા ભાગોમાં નવા સ્વરૂપે પ્રગટ થવા લાગી છે. 'જીવરામ ગોરનું શીર્ષક સ્વીકારીને કચ્છ વિસ્તારની ઐતિહાસિક, લૌકિક અને પ્રાચીન સાંસ્કૃતિક પ્રસંગોની કથાઓની રચના કરી કારાણીએ કચ્છી લોકકથા સાહિત્યથી ગુજરાતી લોકસાહિત્યને સમૃદ્ધ કર્યું.'

કચ્છી દુહાઓ કચ્છી લોકકથામાં પ્રાણ સમાન છે. કારાણી આ દુહાને એના અધિકૃત પાઠ સાથે, ભાવાર્થ સાથે વાર્તામાં સાંકળીને વાર્તાઓનું કથન આલેખન કરે છે. જીવરામ અજરામર ગોર એમના પુરોગામી. એમની કથાઓથી તેઓ દીક્ષિત હતા

તેમની લોકકથા આલેખન શૈલી જીવરામ ગોરથી અનુપ્રાણિત છે. વળી, અંગ્રેજોને માહિતીદાતા રૂપે કહેલા કથા પ્રસંગોને તેઓ જ્યારે પુનઃકથન રૂપે આલેખે છે ત્યારે એમાં વર્ણનોમાં કે પાત્રોના પરિચયમાં બહુ પડતા નથી. એટલે એમણે આલેખેલી લોકકથાઓમાં સર્જનાત્મક અંશો બહુ ભળેલા જણાતા નથી.

'ચારણની ચતુરાઈ અને ચાબખા' તથા 'ચારણ અને હાલોજી' જેવી કથાઓ બનેલા પ્રસંગની સાક્ષીરૂપ દુહાઓથી બદ્ધ છે. ચારેય સંગ્રહોમાંથી ચારણ વિશેની છ-સાત લોકકથાઓ મળે છે. તેમણે 'કચ્છ કથામૃત'(૧૯૭૦)માં પણ કચ્છી લોકકથાઓ આલેખી છે અને 'કચ્છી પ્રેમકથાઓ' (૧૯૮૪) પણ કચ્છ-સિંધ પ્રદેશની પ્રણય પ્રસંગકેન્દ્રી

લોકકથાઓનો સંચય છે. 'કચ્છકલાધર', 'કચ્છી સંતો'માં આલેખેલાં ચરિત્રાત્મક આલેખનો અને એ વિષયની લોકકથાઓમાંથી પસાર થતાં એમની લોકકથાની કથનકલાનું સ્વરૂપ આપણને સ્પષ્ટ થાય છે. ક્યાંક અતિશયોક્તિસભર, વર્ણનો-આલેખનોની ભરમાર નહીં અવલોકવા મળે. કચ્છી બોલીના સંવાદો પણ બને ત્યાં સુધી અર્વાચીન ગુજરાતીમાં આલેખે છે. અવશ્ય ક્યાંક કચ્છી બોલી કે શબ્દો પ્રસંગોપાત તેઓ પ્રયોજે છે.

'કચ્છી બાલ અખાણી' (૧૯૮૧)એ કચ્છની બાળલોકકથાઓ છે. શિશુ-તરુણ વયના કુમારોની જિજ્ઞાસાને પોષક અને કચ્છની સાંસ્કૃતિક છબિને આલેખતી આ કથાઓ ગુજરાતી બાળલોકસાહિત્યની મહત્ત્વની રચનાઓ જણાય છે. ગીજુભાઈ બધેકાના ખરા પુરોગામી તેઓ છે એની પ્રતીતિ આ સરળ રસળતી શૈલીની બાળલોકકથાઓમાંથી મળી રહે છે.

કચ્છી લોકકથાના આઠ સંચયો કારાણીને કચ્છના જીવરામ અજરામર ગોર પછીના લોકવાર્તા આલેખક અને ગુજરાતી લોકકથા સાહિત્યના મહત્ત્વના પ્રદાતા તરીકે સ્થાપે છે. પણ દુર્ભાગ્યે તેમની આ મહત્તાને ગુજરાતી લોકકથાના ઈતિહાસમાં બહુ પ્રમાણાઈ નથી.

કચ્છી દુહાઓ કચ્છી લોકકથામાં પ્રાણ સમાન છે. કારાણી આ દુહાને એના અધિકૃત પાઠ સાથે, ભાવાર્થ સાથે વાર્તામાં સાંકળીને વાર્તાઓનું કથન આલેખન કરે છે. જીવરામ અજરામર ગોર એમના પુરોગામી. એમની કથાઓથી તેઓ દીક્ષિત હતા

(૪) વૈવિધ્યસ્વરૂપકેન્દ્રી કચ્છી લોકસાહિત્ય :

૧. 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૪)

૨. 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય' (૧૯૭૨)

૩. 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯)

૪. 'લોકગૂર્જરી' વાર્ષિક સામયિકના સંપાદન (૧૯૭૯-૧૯૮૦)

દુલેરાય કારાણીએ કચ્છી કંઠસ્થ પરંપરામાં જળવાયેલી વિવિધ સામગ્રીના આકરગ્રંથોના નિર્માણ નિમિત્તે દંતકથાઓ-લોકમાન્યતાઓનો ખજાનો ખોલી આપ્યો. લઘુકથાનક-સ્વરૂપના લોકસાહિત્યની સામગ્રી અને એની વિશિષ્ટતાઓ તારવી આપી. શતાધિક કચ્છી લોકકથાઓના આઠેક સંચયો સંપાદિત કર્યા. આ ઉપરાંતનાં વિવિધ સ્વરૂપલક્ષી કચ્છી લોકસાહિત્યના ત્રણ સંચયો- 'કચ્છનું લોકસાહિત્ય' (૧૯૬૪), 'કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય' (૧૯૭૨) અને 'કચ્છનું વિવિધલક્ષી લોકસાહિત્ય' (૧૯૭૯) પણ મહત્ત્વના ગ્રંથો છે.

તેમણે લઘુ સ્વરૂપોની કૃતિઓ ઉપલબ્ધ કરાવી આપી. આ ઉપરાંતના દુહા, રાસડા, ગીતો, આગમવાણી, કટાક્ષવાણી, સલોકાઓ આમ લઘુસ્વરૂપની અને દીર્ઘસ્વરૂપની લોકગીતો, ગીતકથાઓ અને કથાગીતો લોકસાહિત્ય કૃતિઓ એના વિવરણ સાથે સુલભ કરાવી આપી. લોકસાહિત્ય વિશેની તેઓની સમજ પણ ઘણી સ્પષ્ટ છે. એમની પોતીકી રીતે એમણે આમુખમાં લોકસાહિત્ય વિશે આલેખેલી વિભાવના અવલોકીએ.

'લોકસાહિત્ય એ લોકજીવન સાથે અનાદિ કાળથી જડાયેલું છે, વણાયેલું છે. માનવ જીવનનું તે એક અવિભાજ્ય અંગ છે. જ્યારે સાંસ્કૃતિક સાહિત્યનો અભાવ હતો ત્યારે પણ લોકસાહિત્યનું અસ્તિત્વ હતું.'

લોકસાહિત્ય એટલે સ્વાભાવિક સાહિત્ય. અનેક અનામી કવિઓ અને સરસ્વતી સેવકોનો એમાં ફાળો હોય છે. એવા લોકકવિઓના હૃદયતલમાંથી બહાર પડેલાં વચનો લોકસાહિત્યનું સ્વરૂપ પકડે છે. લોકસાહિત્ય અનાયાસે જ રચાઈ જતું હોય છે. વાંસનો અંકુર ધરતીના પડને ફોડીને ફૂટી નીકળે છે તે જ રીતે આ લોકસાહિત્ય સાહજિક રીતે જ બળ કરીને અંતરની ધરતીમાંથી ફૂટી નીકળે છે.

લોકકવિ, એ એક એવા પ્રકારનો કવિ છે જેને નથી હોતી કીર્તિની કામના કે નથી હોતી લક્ષ્મીની તમન્ના. આ લોકકવિની કૃતિ કદી નષ્ટ થતી નથી. લોકહૃદયના કોઈને કોઈ ખૂણામાં એના અવશેષ જળવાઈ રહે છે અને તે ફરી ફરીને સજીવન થાય છે.

એક સમય એવો હતો જ્યારે લોકસાહિત્યની મહત્તાની અને વિશિષ્ટતાની આપણને પૂરી જાણ ન હતી. વિદ્વદ્ વર્ગનો અમુક ભાગ લોકસાહિત્યને ગ્રામ્યસાહિત્ય કહીને એની અવગણના પણ કરતો. એ વખતે સાંસ્કૃતિક સાહિત્યમાં લોકસાહિત્યને સ્થાન ન હતું. પરંતુ હવે તો વિદ્વદ્ વર્ગ તેમજ સામાન્ય વર્ગ-તમામ આમજનતા લોકસાહિત્યમાં રસ લેવા લાગે છે. આ એક આનંદની વાદ છે.

('કચ્છ પ્રદેશનું લોકસાહિત્ય', દુલેરાય કારાણી, પૃષ્ઠ : ૨)

કચ્છના વિવિધસ્વરૂપકેન્દ્રી લોકસાહિત્યથી અભિજ્ઞિત કરાવવાના આશયથી તેઓ કચ્છી વનસ્પતિના, છપ્પનિયા દુષ્કાળના અને છન્નુના દુકાળના વિપુલ દુહાઓ ઉપરાંત મેહકરણ-મેકરણ ડાડા કથિત દુહાઓ અને એના અર્થો મૂકે છે. મામૈયાદેવની આગમવાણી, દેદાનો રાસડો, વરસાદ સંબંધી લોકવાણી- ભડલીગીતો, કોરશી પટેલના સલોકો, કાયાંજીનો સલોકો, વાઘેલાનો સલોકો તથા 'ભૂતકાળનું લોકસાહિત્ય સલોકા'માં વિપુલ દૃષ્ટાંતો મૂકીને આ બધી લઘુસ્વરૂપની લોકસાહિત્યની રચનાઓ આસ્વાદ સાથે ઉપલબ્ધ કરાવતા હોઈને એનું ઘણું મૂલ્ય છે.

દુલેરાય કારાણીએ અનેક કચ્છી લોકગીતો પણ આ ગ્રંથોમાં સુલભ કરી આપ્યાં છે. 'ડુંગરા ભગતનું લોકગીત', 'જમાદાર ફતેહ મહમ્મદનાં લોકગીતો', 'સોના વડારણ' જેવાં લોકગીતો કે 'ઝારાની લડાઈ મહારથી મેઘજી શેઠ', 'વીજળી'નાં લોકકથાગીતો પણ આ સ્વરૂપની કચ્છની પ્રાણવાન રચનાઓ છે. તેમણે આલેખેલી ગીતકથાઓ 'સોના વડારણ', 'ઝારાની પનિહારી' , 'બહારવટિયાનો જૂમલો' પણ કચ્છી લોકસાહિત્યનો કૃતિલક્ષી પ્રત્યક્ષ પરિચય અને આસ્વાદને કારણે ઉલ્લેખનીય બની રહે છે.

તેઓ 'ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ' દ્વારા પ્રકાશિત થતાં લોકસાહિત્યના વાર્ષિક સંશોધન સામયિક 'લોકગૂર્જરી'ના સંપાદક પદે પણ બે વર્ષ ૧૯૭૯-૧૯૮૦ સુધી રહ્યા. એ સમયે તેમની સાથે જેઠાલાલ ત્રિવેદી અને માધવ ચૌધરી પણ સંપાદકો હતા. સામયિક માટે તેમણે અનેક વિદ્વાનોના અભ્યાસલેખો પ્રકાશિત કર્યાં. તેઓએ ગુજરાત રાજ્ય સરકારની લોકસાહિત્ય સમિતિના સદસ્યપદે પણ સેવાઓ આપેલી.

હકીકતે તો તેમણે આ ત્રણેય ગ્રંથોમાં વિવિધ સ્વરૂપની રચનાઓ અને એના આસ્વાદો અહીં સંચિત કર્યા છે. આમાંનું કેટલુંક આંશિક કે ખંડિત રૂપે પૂર્વેની કૃતિઓમાં અવલોકવા પણ મળે છે. પરંતુ કચ્છી દુહાઓ, સલોકો કે આગમવાણી ઉપરાંત કચ્છી લોકગીતો, ગીતકથાઓ, કથાગીતો અને રાસડાઓ સાથે સંકળાયેલા કથાસંદર્ભને અનુષંગે તેઓ આલેખન કરતા હોઈને સ્વરૂપકેન્દ્રી સ્વતંત્ર કૃતિલક્ષી આસ્વાદમૂલક લોકસાહિત્ય તરીકે આ ગ્રંથોની સામગ્રીને અવલોકવાની રહે. સર્વતોમુખી અભિગમથી તેઓએ અહીં કચ્છી લોકસાહિત્યને કેન્દ્રિત કર્યું છે. કહેવતો, ઉખાણાં અને પિરોલીઓનાં સ્વતંત્ર રીતે તેમણે સંપાદનગ્રંથો તૈયાર કરેલા સંપાદિત કરવાનું પાછળથી મળેલું આ સ્વરૂપોનું સાહિત્ય અહીં લેખસ્વરૂપે સ્થાન પામેલું અવલોકવા મળે છે. હવે જ્યારે એમના સાહિત્યનું પુનઃસંપાદન કરવાનું બને ત્યારે વિવિધ સ્વરૂપોને અનુલક્ષીને બધા ગ્રંથોમાંથી ચયન કરીને એકરૂપે સ્વરૂપકેન્દ્રી ગ્રંથમાળા તૈયાર કરવાની રહે. એમાંથી એમણે વિપુલ માત્રામાં એકત્ર કરેલા લઘુ અને દીર્ઘસ્વરૂપના કચ્છી લોકસાહિત્ય સંપાદન અને અભ્યાસનો આલેખ મળી રહેશે.

તેઓનું લોકસાહિત્યિક સંપાદનકાર્ય કાલજયી બન્યું છે. આજે પણ એટલું તાજું જણાય છે. પરંતુ હવે આપણી લોકસાહિત્યના અભ્યાસની દૃષ્ટિ વિકાસ પામી, એટલે લાગે કે તેમણે આયુષ્યનાં પચાસ-સાંઠ વરસ સુધી એકનિષ્ઠભાવે લોકસાહિત્ય ક્ષેત્રની સેવા કરીને એકત્ર કરેલું સાહિત્ય કચ્છના કયા વિસ્તારનું એટલે કે વાગડ, બન્ની કે અન્ય ભિન્ન-ભિન્ન નામથી પ્રચલિત કયા વિસ્તારનું આ સાહિત્ય છે એનો ખ્યાલ એમાંથી આવતો નથી. તેમણે કચ્છમાં ખૂબ જ પ્રચલિત ગુપ્તી ઈસ્માઈલી ખોજાઓ વિશે કશું જ આપ્યું -કહ્યું નથી. તેમણે રણકથાઓ કે સાગરકથાઓ લગભગ આપી જ નહીં, મોટેભાગે માહિતીદાતાઓ વિશે પણ કશું કહ્યું નહીં. એટલું ખરું કે તેમણે પોતે જ બધું એકત્ર કર્યું પણ કોની પાસેથી, કયા વિસ્તારમાંથી એની માહિતી અભ્યાસીઓને ઉપલબ્ધ ન કરાવી. આટલીક મર્યાદા માત્ર ધ્યાનમાં આવે છે. બાકી એમણે સંપાદિત કરેલું કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિવિષયક બધું જ આલેખન પૂરું પ્રામાણિક, શ્રદ્ધેય પ્રકારનું છે. એમણે આ સામગ્રીને અતિશયોક્તિ કે ચમત્કારોથી અળગું રાખ્યું છે એ ભારે મોટી બાબત છે. આ કારણે કચ્છી લોકસાહિત્ય અને લોકસંસ્કૃતિના તેઓ મોટા ગજાના સંરક્ષક અને સંપાદક છે. તેમણે કોઈ ઈનામ-અકરામની કે કોઈની મૂલવણીના શબ્દોની પણ દરકાર ન રાખી. ખરા અર્થમાં નિરપેક્ષ રહીને સાહિત્યસેવામાં રત સારસ્વત તરીકેની મુદ્રા સ્થાપી ગયા. આમાંથી એમની નિરપેક્ષ સાહિત્યસેવી અને ઉજજવળ વ્યક્તિમત્તાનો પરિચય મળી રહે છે.

કશુંક આગવું, અનોખું અને વણખેડાયેલા ક્ષેત્રમાં એમણે કરેલી પહેલ-ખેડાણ એમની સારસ્વતપ્રતિભાનું દ્યોતક છે. આજે રાષ્ટ્રીય ધોરણની સરાણે પણ એમણું કાર્ય ઊણું ઊતરતું નથી. નિસર્ગદત્ત પ્રતિભા, કોઠાસૂઝ અને દૃષ્ટિપૂત સાહિત્યસેવા વિચારશીલ શ્રદ્ધેય સારસ્વત કારાણીનું ભલે આજ સુધી ઉવખાઈ-અવગણાઈ પણ અંતે-આખરે કોઈકના ધ્યાનમાં આવ્યા તો ખરા. ભવભૂતિનું 'કાલો હ્યયં નિરવધિઃ' પ્રાવચન સાચું લાગે છે.

સંદર્ભસામગ્રી :

૧. 'કચ્છની અસ્મિતાનો ગાયકઃ દુલેરાય કારાણી - ડૉ. ગોવર્ધન શર્મા, ભાવના મહેતા'
૨. 'કચ્છની શક્તિ દુલેરાય કારાણી વિશેષાંક-૧૯૯૬-જુલાઈ'
૩. 'દુલેરાય કારાણી સ્મૃતિઅંક સ્વબળ-૧૯૮૯-જુલાઈ'
૪. 'કારાણી અમૃતદોહન'- (કવિવર દુલેરાય કારાણી શતાબ્દી મહોત્સવગ્રંથ)-૧૯૯૭, ડૉ. ધનવંત શાહ
૫. 'ગુજરાતી સાહિત્યકોશ' ભાગ-૧(અર્વાચીનકાળ)-૧૯૯૦, ડૉ. ચંદ્રકાન્ત ટોપીવાળા
૬. દુલેરાય કારાણીના પ્રકાશિત, સમગ્ર સાહિત્ય ગ્રંથો

'તીર્થ' ૨૬૪-જનકપુરી, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫(ગુજરાત)
મો. ૯૮૨૫૦૭૫૦૭૮

'નવ ઉદ્ધરત ગુજરાત'

- કુમારપાળ દેસાઈ

આજે ગુજરાતમાં માતૃભાષા ગુજરાતીના પ્રસાર માટેના પ્રયત્નો થતાં જોઈએ, ત્યારે માનસપટ પર ગુજરાતપ્રેમી ઉમદા અંગ્રેજ અમલદારની યાદ જાગે છે. ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આ અધિકારી ફાર્બસ પાસે સત્તા હતી, પદ હતું, પ્રતિષ્ઠા હતી, પરંતુ એ બધાથીય વિશેષ એ અંગ્રેજ અમલદારના મનમાં ગુજરાતી ભાષાનો મહિમા કરવાની અદમ્ય ભાવના હતી.

આજથી બરાબર ૧૭૪ વર્ષ પહેલાં અંગ્રેજ સનદી અમલદાર એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસ અમદાવાદમાં સહાયક ન્યાયાધીશ તરીકે આવ્યા. એમનું કામ તો અદાલતી ફેંસલા આપવાનું હતું, પરંતુ પોતે જ પ્રજાની વચ્ચે આવ્યા, એની સર્વાંગી ઉન્નતિ કરવાનો દૃઢ નિર્ધાર કર્યો.

એ સમયના અમદાવાદની અને ગુજરાતની હાલત દુર્દશાપૂર્ણ હતી. રાજવીઓના છડેચોક ચાલતા જુલમ અને કારભારીના ત્રાસથી પ્રજા ગૂંગળાઈ ગઈ હતી. બળિયાના બે ભાગ જેવી પરિસ્થિતિમાં અન્યાય, અનીતિ, વ્યભિચાર અને બળાત્કાર આદિ દુર્ગુણો સર્વત્ર મહાલી રહ્યા હતા. વિદ્વત્તાને વિદાય મળી હતી અને વહેમનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપ્યું હતું. ગ્રંથો ગ્રંથભંડારોમાં હતા ખરા, પણ જ્ઞાનીઓના પઠનને બદલે ઉધઈઓનું ભોજન બની ગયા હતા. એ ગ્રંથોમાં રહેલા જ્ઞાનની કોઈને કશી જાણ કે ફિકર નહોતી. આવે સમયે ગુજરાતમાં એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસનો પ્રવેશ થયો. આ અંગ્રેજ અધિકારીના દિલમાં માનવતાનો વાસ હતો અને તેથી એણે સત્તાનો રુઆબ બતાવવાને બદલે ગરીબ, અભણ અને વહેમોથી ઘેરાયેલી પ્રજાના ઉત્કર્ષનો વિચાર કર્યો.

વિદ્વત્તાને વિદાય મળી હતી અને વહેમનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપ્યું હતું. ગ્રંથો ગ્રંથભંડારોમાં હતા ખરા, પણ જ્ઞાનીઓના પઠનને બદલે ઉધઈઓનું ભોજન બની ગયા હતા. એ ગ્રંથોમાં રહેલા જ્ઞાનની કોઈને કશી જાણ કે ફિકર નહોતી



ફાર્બસસાહેબને નામે જાણીતા થયેલા આ અધિકારીએ સનદી સેવા માટે ઉચ્ચશિક્ષણ આપતી ઈંગ્લેન્ડની હેલિબરી સ્કૂલમાં તાલીમ લીધી હતી. આ તાલીમ સમયે વિદ્યાર્થી ફાર્બસને સર વિલિયમ જોન્સના ગ્રંથો ભેટ મળ્યા. કાલિદાસના પ્રખ્યાત નાટક 'શાકુંતલ'નો વિલિયમ જોન્સે કરેલો અનુવાદ વાંચીને જર્મન મહાકવિ ગ્યૂથે એટલા બધા આનંદવિભોર બની ગયા કે એ નાટ્યગ્રંથ પોતાના મસ્તક પર મૂકીને નાચ્યા હતા! 'ઋતુસંહાર' અને 'ગીત ગોવિંદ'નો સર વિલિયમ જોન્સે અનુવાદ કર્યો અને 'એશિયાટિક રિસર્ચિસ' નામના ચાર ગ્રંથો પ્રકાશિત કર્યા હતા.

સર વિલિયમ જોન્સના બાળપણમાં પારિતોષિક રૂપે મળેલા ગ્રંથોએ ફાર્બસસાહેબમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદરભાવ જગાડ્યો. સંસ્કૃત ભાષા શીખ્યા, ભારતમાં આવતાં સાથે માત્ર બે મહિનામાં હિંદુસ્તાની અને એ પછી મરાઠી ભાષા અને ત્યારબાદ એમણે ગુજરાતી ભાષા શીખવાનો પ્રારંભ કર્યો. આવા ફાર્બસસાહેબના ગ્રંથાલયમાં વિલિયમ જોન્સનાં પુસ્તકો માનવંતુ સ્થાન ભોગવતાં હતાં અને જિંદગીભર પોતાને ઈનામરૂપે મળેલા એ ગ્રંથોને ગર્વથી બતાવતા હતા.

સર વિલિયમ જોન્સ પ્રાચ્યવિદ્યાવિદ્ હતા, તો એલેકઝાંડર ફાર્બસ સ્થાપત્યવિદ્ અને ઈતિહાસપ્રેમી હતા.

સ્થપતિ બનવા માટે ફાર્બસે ઈંગ્લેન્ડમાં પ્રસિદ્ધ કલાવિદ્ જ્યોર્જ બાર્સેવિની પાસેથી સ્થાપત્યનો અભ્યાસ કર્યો હતો અને સ્થપતિની આંખે એમણે ગુજરાતના કલાજીવન, લોકજીવન અને એના ઈતિહાસનું દર્શન કર્યું અને એને પરિણામે આ પ્રદેશ અને દેશ વિશે એમના હૃદયમાં કલ્યાણભાવના જાગી. મુંબઈ ત્રૈમાસિક વાર્તિક પત્રના દસમાં અંકમાં 'હિંદુસ્તાનનું કૌશલ્ય' 'Indian Architecture' વિશે લખતાં જણાવ્યું.

'ગુજરાતનો મહિમા તેનાં બાંધકામોનાં ખંડિત ચિહ્નથી પોતે જાણ્યો, તે જ રીતે આખા ભારતખંડનો મહિમા તેનાં અલૌકિક કળાકૌશલ્યનાં પ્રાચીન ચિહ્નથી, આખું જગત જાણે, અને તેનો મહિમા અને તેની કુલીનતા જાણી તેના ઉપર અનુકંપા આણી પ્રીતિ કરે. કલ્યાણ કરવું એ તો પછી પ્રીતિનું અનિવાર્ય ફળ છે જ.'

સ્થપતિ બનવા માટે ફાર્બસે ઈંગ્લેન્ડમાં પ્રસિદ્ધ કલાવિદ્ જ્યોર્જ બાર્સેવિની પાસેથી સ્થાપત્યનો અભ્યાસ કર્યો હતો અને સ્થપતિની આંખે એમણે ગુજરાતના કલાજીવન, લોકજીવન અને એના ઇતિહાસનું દર્શન કર્યું અને એને પરિણામે આ પ્રદેશ અને દેશ વિશે એમના હૃદયમાં કલ્યાણભાવના જાગી

આ રીતે આ સ્થપતિએ ગુજરાતની પ્રજાની વર્તમાન દુર્દશાથી દુઃખી થવાને બદલે એને દૂર કરવાના સાચદિલ પ્રયત્નો કર્યા. એમની વિદ્યાનો પ્રકાશ કળા પર પડ્યો અને કળાનો પ્રકાશ વિદ્યા પર પડ્યો. ગુજરાતનાં શિલ્પ સ્થાપત્યોને જેમ જેમ નિહાળતા ગયા, તેમ તેમ અનુભવતા ગયા કે કેવી પ્રતાપી હશે આ પ્રજા કે જેણે આવાં ઉત્તમ સ્થાપત્યોની રચના કરી હશે. એ શિલ્પ-સ્થાપત્યમાંથી એમને એ પ્રજાના ઈતિહાસનો સાક્ષાત્કાર થતો સંભળાતો, એની કમનીય કલા-કારીગરીની



સૂક્ષ્મતા એમની કળાસમજનો ખ્યાલ આપતી હતી. એમાંથી એ સમયના લોકોના પહેરવેશ અને જીવનશૈલીની ઝાંખી થતી અને આ રીતે ગુજરાતના સ્થાપત્યો આ અંગ્રેજ અમલદારને ગુજરાતી ભાષા તરફ દોરી ગયા.

એ સમયે ભોગીલાલ માસ્તર પાસેથી એમણે ગુજરાતી શીખવાનો પ્રારંભ કર્યો, પરંતુ આ વહાલી ભાષાનો વિશેષ અભ્યાસ કરવા માટે એમનું મન આતુર બન્યું અને એથી જ એમણે ભોળાનાથ સારાભાઈને એ વિશે વાત કરી. ભોળાનાથ સારાભાઈએ વઢવાણમાં વસતાં દલપતરામને સાદ દીધો. એ જમાનામાં તાર-ટપાલ નહીં, વાહન-વ્યવહારની કોઈ સુવિધા નહીં. આથી પોતાની પેઢીના માણસ મારફતે એમણે વઢવાણમાં દલપતરામને જાણ કરી.

કવિ દલપતરામ અમદાવાદ આવ્યા અને ગુજરાતી ભાષાસાહિત્યની એક યાદગાર ઘટનાનું સર્જન થાય છે. અમદાવાદના ખાનપુરમાં નદીના કિનારે આવેલા ચાંદા-સૂર્યના મહેલમાં પહેલી મુલાકાત થઈ.

આ સમયે ફાર્બસસાહેબે દલપતરામને પૂછ્યું કે તેઓ એમની પાસે ગુજરાતી ભાષા શીખવા માગે છે, તો તેઓ કેટલા પગારની અપેક્ષા રાખે છે?

દલપતરામે કહ્યું, 'બસો રૂપિયા'. ફાર્બસ સાહેબ તો આશ્ચર્ય પામ્યા. 'આટલો બધો પગાર!' એમને વિચારમાં પડેલા જોઈને દલપતરામે કહ્યું, 'સાહેબ, વર્ષે આટલી રકમ તો જોઈએ ને!'

ફાર્બસસાહેબે કહ્યું, 'હું તો માસિક પગાર સમજ્યો હતો. તમે તો વાર્ષિક પગારની વાત કરો છો.' એમણે પોતાની આવકમાંથી એમને મહિને વીસ રૂપિયા પગાર આપવાનું નક્કી કર્યું. જો કે એ ઉપરાંત દલપતરામને રાજ્યાશ્રય દ્વારા વર્ષાસનો અને પારિતોષિકોની પણ આવક થતી હતી.

આ મુલાકાતે ગુજરાતની સંસ્કૃતિમાં નવો ઈતિહાસ સર્જ્યો. એ બંનેની દોસ્તી તો દિલની દોસ્તી બની, પરંતુ ફાર્બસસાહેબના પ્રત્યેક વિદ્યાકાર્યમાં દલપતરામે જીવનભર સાથ આપ્યો અને દલપતરામને ફાર્બસસાહેબમાં એક ગુણગ્રાહક અને કદરદાન આશ્રયદાતા મળ્યો. કર્તવ્યનિષ્ઠ

ફાર્બસસાહેબ ઉમદા રીતે પોતાનું સરકારી અમલદાર તરીકેનું કર્તવ્ય બજાવતા હતા, પરંતુ એ પછીનો સમય વિદ્યાભ્યાસમાં ગાળતા હતા. જેમ જેમ ગુજરાતી ભાષા શીખતા ગયા, તેમ તેમ ગુજરાત પ્રદેશ પર વધુને વધુ ચાહના જાગવા લાગી. એ સમયે ફાર્બસસાહેબ જૂના હસ્તલિખિત ગ્રંથોની શોધ કરતા હતા. જૂનાં કાવ્યોની નકલ કરાવતા હતા અને પછી એ બધું પોતાના 'રાસમાળા' પુસ્તકને માટે કવિ દલપતરામ પાસે બેસીને એનું વાચન કરતા હતા અને એનો અર્થ સમજતા હતા.

પ્રાચીન ગુજરાતના રાજવીઓની રહેણીકરણી અને એ સમયના કવિઓના ડાયરા કેમ જામતા એનાં વર્ણનો સમજતા. આની સાથોસાથ એ સમયના રીતરિવાજો, આચારવિચાર, લગ્ન-મૃત્યુ વિધિ અને તીર્થધામોની માહિતી મેળવવા માટે ઉત્સુક રહેતા.

ફાર્બસસાહેબે પોતે મહી કાંઠામાં પોલિટિકલ એજન્ટ હતા, ત્યારે ઈડરના ઠાકોરસાહેબ દ્વારા કવિઓને નિમંત્રણ આપીને એક કાવ્યમેળો પણ ગોઠવ્યો હતો. આ કાવ્યમેળામાં દલપતરામે એક કવિના મુખે કહેવડાવ્યું હતું,

'કુથ્થા પુસ્તક કાપિને, એનો નકરીશ અસ્ત

ફરતો ફરતો ફાર્બસ, ગ્રાહક મળ્યો ગૃહસ્થ'

એટલે કે કવિ ઉધઈને પુસ્તક કાપવાની ના કહે છે, કારણ કે એનો ઉપયોગ કરનારો ફાર્બસ નામનો ગૃહસ્થ હવે મળ્યો છે.

ફાર્બસસાહેબે આ પ્રાચીન ગ્રંથો મેળવવા માટે અથાગ પુરુષાર્થ કર્યો. એ સ્વયં કવિઓ અને ચારણોને નિમંત્રણ આપીને બોલાવતા અને એમની રચનાઓ સાંભળતા ને લખાવતા. ઠેર ઠેર ગ્રંથભંડારોમાં મહત્ત્વની હસ્તપ્રતોની શોધ કરવા લાગ્યા. એમને જાણ થઈ કે મહાકવિ ચંદનો 'પૃથ્વીરાજ રાસ' એક મહત્ત્વની કૃતિ છે. એંસી હજાર શ્લોક ધરાવતો આ ગ્રંથ છે. છાણી, વીજાપુર આદિ ગામોનાં ગ્રંથભંડારોમાં એમણે એની શોધ ચલાવી. જેવી ખબર મળે કે કોઈ દુર્લભ પુસ્તક અમુક ભંડારમાં છે, તો એ તરત જ સરકારી માણસો દ્વારા તપાસ કરાવતા, પોતાની ઓળખાણનો ઉપયોગ કરતા, સામે ચાલીને એને ઘેર જઈ ગ્રંથની માંગણી કરતાં અને ધન આપીને ખરીદવું પડે તો ખરીદતા.

એમને ખબર પડી કે મુંબઈની રોયલ એશિયાટિક સોસાયટીની શાખામાં 'પૃથ્વીરાજ રાસો'નું પુસ્તક છે. ત્યાંથી એ પુસ્તક મંગાવ્યું, પણ તે સંપૂર્ણ નહોતું. એવામાં જાણ થઈ કે બુંદિ કોટાના રાજા પાસે 'પૃથ્વીરાજ રાસો'નું આખું પુસ્તક છે. ફાર્બસ સાહેબે ત્યાંના અંગ્રેજ રેસિડેન્ટને કહીને એની તપાસ કરવા પ્રયત્ન કર્યો. ઘણી મહેનત બાદ એ પુસ્તક મળ્યું. એ પુસ્તકનો ટપાલખર્ચ એ જમાનામાં ૧૧૦ રૂપિયા થયો હતો ! જોકે આ પુસ્તક પણ અપૂર્ણ હતું. ફાર્બસ સાહેબે લહિયાઓ પાસે એની પ્રત કરાવી. આવી રીતે સંસ્કૃત, ગુજરાતી અને વ્રજભાષાનાં ઘણાં પુસ્તકો એમણે મેળવ્યાં હતાં.

ફાર્બસસાહેબે આ પ્રાચીન ગ્રંથો મેળવવા માટે અથાગ પુરુષાર્થ કર્યો. એ સ્વયં કવિઓ અને ચારણોને નિમંત્રણ આપીને બોલાવતા અને એમની રચનાઓ સાંભળતા ને લખાવતા. ઠેર ઠેર ગ્રંથભંડારોમાં મહત્ત્વની હસ્તપ્રતોની શોધ કરવા લાગ્યા

એવામાં ફાર્બસસાહેબને જાણ થઈ કે પાટણમાં ઘણા પ્રાચીન ગ્રંથો છે. તપાસ કરતાં જાણવા મળ્યું કે ત્યાં બે ઉપાશ્રયો આવેલા છે અને એ ઉપાશ્રયોમાં અતિ દુર્લભ ગ્રંથોનો સંગ્રહ છે. એક ઉપાશ્રય પુનમિયા ગચ્છના સાધુનો હતો, તો બીજો ઉપાશ્રય સાગર ગચ્છનો હતો. એમણે આ ઉપાશ્રયોમાંથી પુસ્તકો મંગાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ કોઈએ દાદ આપી નહીં. કેટલાક ગ્રંથસંગ્રહોમાં એને સાચવનારા જ એના માલિક બની જાય છે અને પછી એ વિદ્યાધન પર સાપ કુંડલી મારે તેમ બેસી જાય છે!

ફાર્બસસાહેબ અમદાવાદથી ઘોડા પર બેસીને પાટણ ગયા. પાટણના સાગરગચ્છના ઉપાશ્રયમાં સાધુમહારાજને મળ્યા અને એમની સાથે અત્યંત મધુર વાણીમાં નમ્રતાપૂર્વક વાત કરી. અંગ્રેજ અમલદાર ઉપાશ્રયમાં આવ્યા છે એમ માનીને સાધુમહારાજે એમને બેસવા માટે ખુરસીની ખાસ સગવડ કરી હતી, પણ આ અંગ્રેજ અમલદાર ફાર્બસ તો જમીન પર મૂકેલા ચાકળા પર બેઠા. એમની નમ્રતા જોઈ સાધુજનો આશ્ચર્ય પામ્યા. એમણે સાધુઓને શાલ વહોરાવી, એટલું જ નહીં પરંતુ મધુર વાણીથી એમને પ્રસન્ન કર્યા.

બંને ઉપાશ્રયના સાધુઓ પ્રસન્ન થયા પછી ફાર્બસસાહેબે ગ્રંથભંડારની સૂચિ માંગી. તેમણે એક દાબલાનાં પુસ્તકોની સૂચિ આપી, જેમાં ૫૦૦ જેટલાં પુસ્તકોની નામાવલિ હતી.

ફાર્બસસાહેબ તો સૂચિ વાંચતા જાય અને આનંદથી ઊભરાતા જાય. એક એકથી ચડિયાતા દુર્લભ પુસ્તકો હતાં. એમને મનમાં થયું કે આ બધાં પુસ્તકો મળી જાય, તો કેવું સારું? પણ એની સાથોસાથ એમણે વિચાર્યું કે જો બધા ગ્રંથો માગીશ તો સાધુમહાત્મા તૈયાર નહીં થાય. કદાચ અતિ લોભી પણ માની લે. આથી બધા ગ્રંથો માંગવાને બદલે અત્યંત મહત્ત્વના એવા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય લિખિત 'દ્વયાશ્રય' પુસ્તક માગ્યું.

સાધુ ચમકી ગયા. પુસ્તક તે કઈ રીતે અપાય? એમણે આપવાની અનિચ્છા વ્યક્ત કરી એટલે ફાર્બસસાહેબે એમનાં પર કોઈ દબાણ કર્યું નહીં, ધાકધમકીની તો વાત જ કેવી! બલકે એમણે તો કહ્યું કે મારે આ એક ગ્રંથની જરૂર છે. આપ કહો તે વ્યવસ્થા કરાવું. છેવટે ઉપાશ્રયમાં લહિયાને બેસાડીને આ આખુંય પુસ્તક એમણે લખાવી લીધું. આમ એકલા સાગરગચ્છના ઉપાશ્રયમાં જ આવાં ૩૫૦૦૦ પુસ્તકો હતાં. પણ દુર્ભાગ્ય એ હતું કે આ પુસ્તકોની વિદ્યા ગ્રંથ ભંડારોમાં ગૂંગળાતી હતી અને વિદ્વાનોને તે અપ્રાપ્ય બની હતી. આ ગ્રંથ ભંડારોમાંથી ફાર્બસસાહેબે ખાસ કરીને ઇતિહાસ સંબંધી પુસ્તકોનો સંગ્રહ કર્યો. 'પ્રબંધચિંતામણિ', 'ભોજપ્રબંધ', 'પૃથ્વીરાજ રાસ', 'કુમારપાલ રાસ', 'દ્વયાશ્રય', 'પ્રવીણસાગર', 'શ્રીપાલરાસ', 'હમીરપ્રબંધ' જેવા ગ્રંથો એકત્રિત કર્યા અને એનો પોતાના ગ્રંથ 'રાસમાળા' માટે સારો એવો ઉપયોગ કર્યો.

દૂર દેશાવર ઇંગ્લેન્ડથી ભારત આવેલા અંગ્રેજ સરકારી અમલદાર એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસને ગુજરાતનાં સ્થાપત્યોમાં એનો ભવ્ય ભૂતકાળ દેખાયો, તો ગુજરાતના જ્ઞાનભંડારોમાં રહેલા ગ્રંથોમાં ઇતિહાસના પ્રભાવશાળી તેજનો અનુભવ થયો.

આ સનદી અમલદારને ગુજરાતની ભૂમિ માટે એવો તો પ્રેમ જાગ્યો કે આધુનિક યુગના પરોઢના સમયે એણે અનેક ક્ષેત્રોમાં ગુજરાતની સેવા કરી. આથી તો એ દોહો સર્વત્ર પ્રસિદ્ધ હતો,

કર્નલ ટોડ કુલિન વિણ, ક્ષત્રિ-યશ ક્ષય થાત,
ફાર્બ્સ સમ સાધન વિના, નવ ઉદ્ધરત ગુજરાત

ફાર્બસસાહેબ અને કવિ દલપતરામના સંબંધનો પ્રારંભ ગુરુશિષ્યથી થયો અને સમય જતાં બંને ગાઢમૈત્રીનું દૃષ્ટાંત બની રહ્યા! ફાર્બસસાહેબે વ્રજભાષામાં સરળતાથી કવિતા સર્જતા દલપતરામને સ્વભાષાનો મહિમા સમજાવ્યો અને માતૃભાષા ગુજરાતીમાં કવિતા રચવાની પ્રેરણા આપી

ફાર્બસસાહેબ અને કવિ દલપતરામના સંબંધનો પ્રારંભ ગુરુશિષ્યથી થયો અને સમય જતાં બંને ગાઢમૈત્રીનું દૃષ્ટાંત બની રહ્યા! ફાર્બસસાહેબે વ્રજભાષામાં સરળતાથી કવિતા સર્જતા દલપતરામને સ્વભાષાનો મહિમા સમજાવ્યો અને માતૃભાષા ગુજરાતીમાં કવિતા રચવાની પ્રેરણા આપી. એ સમયે કાઠિયાવાડના રાજદરબારોમાં પરંપરાગત રીતે વ્રજ ભાષામાં કવિતા ગવાતી હતી. વળી, દલપતરામને વ્રજ ભાષાનો એટલો બધો મહાવરો હતો કે એમને કવિતા કરવી હોય, તો વ્રજભાષામાં જ કરતા. મિત્રની સલાહથી કવિ દલપતરામે ગુજરાતી ભાષામાં કવિતા રચવાનો પ્રારંભ કર્યો. પરિણામે જે સમયે ગુજરાતી ભાષા માત્ર 'બજાર ભાષા' તરીકે ઓળખાતી હતી, તેને એક સમર્થ સર્જક મળ્યા. ફાર્બસસાહેબ 'ગુજરાતી કવિતા જહાજના કૂવાથંભ' તરીકે ઓળખાયા. વળી દલપતરામે અંગ્રેજી ભાષાનો અભ્યાસ કર્યો નહોતો, ત્યારે એમને પશ્ચિમનાં મૂલ્યો અને એની ભાવનાઓનો પરિચય ફાર્બસસાહેબ પાસેથી સાંપડ્યો.

ફાર્બસ-દલપતની દોસ્તી પણ એવી કે ગુજરાતના ઇતિહાસને શોધવા માટે તાર-ટપાલ વિનાના જમાનામાં ખાસ માણસ મોકલીને દલપતરામને વઢવાણ તેડું મોકલ્યું અને એ પછી બંને ગાઢ મિત્રોની માફક જીવનભર જીવ્યા. એમનું મિલન ગુજરાતી સમાજ, સાહિત્ય અને સંસ્કૃતિને માટે પૂર્વ-પશ્ચિમના સમન્વયનું પરિબળ બની ગયું. એ સમયે શેરબજારનો જુવાળ આવ્યો અને અનેક લોકોએ એમાં પૈસા રોક્યા હતા. ૧૮૬૫માં થયેલી આર્થિક બરબાદીના સમયે ફાર્બસસાહેબે જ કવિ દલપતરામને સહાય કરી હતી. એ સમયે મહારાજા ખંડેરાવ ગાયકવાડના દરબારમાં જઈને દલપતરામે કાવ્યભાષણ આપ્યું. ભાષણ આપતાં પૂર્વે પોતાની ઓળખ આપતાં દલપતરામે કહ્યું કે તેઓ 'રૂડી ગુજરાતી વાણી, રાણીના વકીલ છે' એમનું આ ભાષણ સાંભળીને મહારાજા ખંડેરાવ ગાયકવાડ પ્રસન્ન થયા, પણ દલપતરામે મહારાજને સ્નેહભર્યો ઉપાલંભ આપીને કહ્યું, 'ગુજરાત રાજ્યમાં તો ગુજરાતી ભાષાનું ચલણ હોવું જોઈએ' અને એ માટે એમણે મહારાજને કેટલાંક સૂચનો પણ કર્યાં હતાં.

ફાર્બસસાહેબે જોયું કે ગુજરાત અને સમગ્ર દેશ જુદાં જુદાં વહેમો અને માન્યતાઓમાં ખૂંપેલો છે. એમણે પ્રજાને વહેમ, રૂઢિ અને ખોટી માન્યતાઓથી મુક્ત કરવા માટે ઈનામી નિબંધસ્પર્ધાનું આયોજન કર્યું. આ નિબંધમાં એમણે સમાજસુધારાને લક્ષમાં રાખીને જુદા જુદા વિષયો રાખ્યા અને એ નિબંધોમાંથી ઈનામી નિબંધ પ્રકાશિત કરતા હતા. દલપતરામે આ ઈનામી સ્પર્ધામાં 'ભૂતનિબંધ' લખ્યો અને એક અર્થમાં કહીએ તો ગુજરાતી નિબંધસાહિત્યનો પ્રારંભ કર્યો. આ 'ભૂતનિંબધ' ફાર્બસસાહેબને એટલો બધો ગમી ગયો કે એમણે એની સમતોલ પ્રસ્તાવના તો લખી જ, પણ એથીય વિશેષ એ નિબંધનો સ્વયં અંગ્રેજી અનુવાદ કર્યો અને પ્રજામાં વૈજ્ઞાનિક બુદ્ધિ પ્રેરવાનો પ્રારંભ કર્યો. ગુજરાતની પ્રસિદ્ધ ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની ગ્રંથપ્રકાશન માળાએ એના પ્રથમ મણકા તરીકે આ 'ભૂતનિબંધ' પ્રગટ કર્યો. એમાં ગુજરાતમાં પ્રવર્તતા વહેમોનું ખંડન કરવામાં આવ્યું અને વિશેષે તો ડાહ્યાભાઈ વેદિયાની પરંપરામાં ઉછરેલા દલપતરામના કેટલાક સાહસિક અને હિંમતભર્યા વિચારો આમાં પ્રગટ થયા. એ પછી ફાર્બસસાહેબે જ્ઞાતિસંસ્થા, બાળવિવાહ જેવા વિષયો પર નિબંધસ્પર્ધા યોજી હતી.

'ભૂતનિબંધ' એ દલપતરામનું પહેલું ગદ્ય લખાણ છે, તો એ જ રીતે ફાર્બસની પ્રેરણાથી દલપતરામ 'લક્ષ્મી' નામનું નાટક લખે છે. ગુજરાતી સાહિત્યના ગદ્ય અને પદ્યના પ્રારંભ માટે ફાર્બસસાહેબ નિમિત્ત બને છે

'ભૂતનિબંધ' એ દલપતરામનું પહેલું ગદ્ય લખાણ છે, તો એ જ રીતે ફાર્બસની પ્રેરણાથી દલપતરામ 'લક્ષ્મી' નામનું નાટક લખે છે. ગુજરાતી સાહિત્યના ગદ્ય અને પદ્યના પ્રારંભ માટે ફાર્બસસાહેબ નિમિત્ત બને છે. એટલું જ નહીં, પણ 'ફારબસ વિરહ'માં દલપતરામનું શોકાતુર હૃદય પોતાના મિત્ર ફાર્બસની વિદાયથી દુઃખ અનુભવે છે અને ગુજરાતને પહેલું શોકપ્રશસ્તિકાવ્ય મળે છે.

ઠેર ઠેર ફરીને ગુજરાતના ગ્રંથો અને વિશેષે ઈતિહાસગ્રંથોનો સંગ્રહ કરનાર ફાર્બસે 'રાસમાળા'ની રચના કરી છે. આ સમયે તેઓ જૂના હસ્તલિખિત ગ્રંથોની શોધ કરતા, પ્રાચીન કાવ્યોની નકલ કરાવતા. કવિ દલપતરામ પાસે બેસીને એનો અર્થ સમજતા. ૧૮૫૪ની ૨૮મી માર્ચે ફાર્બસસાહેબ ઈંગ્લેન્ડ ગયા, પણ એમનું હૃદય તો ગુજરાતમાં હતું. પોતાની સાથે ગુજરાતના ઈતિહાસને લગતાં પુસ્તકો લેતા ગયા. 'રાસમાળા'ના પુસ્તકની રચના કરી. ઈંગ્લેન્ડમાં મળતાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના આ પ્રદેશને લગતા પત્રોનો શ્રમ વેઠીને અભ્યાસ કર્યો. પૂરા દોઢ વર્ષની જહેમત બાદ 'રાસમાળા'ના બે ભાગો તૈયાર થયા. ફાર્બસસાહેબે એનું પ્રકાશન લંડનમાં આવેલા રિચર્ડસન બ્રધર્સના પ્રેસમાં કરાવ્યું. પુસ્તકમાં મહત્ત્વનાં ચિત્રો મૂક્યાં અને જેમ કર્નલ ટોડને કારણે રાજસ્થાનના રજપૂતોના ઈતિહાસ તરફ સહુની નજર ગઈ, એ જ રીતે ફાર્બસસાહેબના 'રાસમાળા'ના કારણે ગુજરાતના ઈતિહાસ તરફ સૌની મીટ મંડાઈ.

ફાર્બસ સાહેબે ગુજરાતમાં વૈજ્ઞાનિક બુદ્ધિ ખિલવવાની અને એ રીતે પ્રજાનો અભિગમ બદલવાનું કાર્ય કર્યું. સિદ્ધપુર, અણહિલપુર અને પાલિતાણામાં આવેલાં સ્થાપત્યો જોયાં. દેવાલયો, જળાશયો, કીર્તિસ્તંભો અને ખંડેરોને નિરખતી વખતે એમની આંખ ગુજરાતના ઈતિહાસ પર ઘૂમી વળતી હતી. વળી ચિત્રકળામાં પણ પ્રવીણ હોવાથી એ સ્વયં સ્થાપત્યનાં ચિત્રો દોરતા. સતત પગપાળા પ્રવાસ કરતા. તેઓ પોતાની પાસે એક નકશો, નાણાંની કોથળી, પિસ્તોલ અને લાકડી રાખતા હતા. એમનો અંતિમ લેખ પણ ગુજરાતના તીર્થધામ સોમનાથ વિશેનો છે.

અનેક ક્ષેત્રોમાં ગુજરાતપ્રેમી અંગ્રેજે નવપ્રસ્થાનો કર્યાં. એમણે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી અને એના દ્વારા ગુજરાતી ગ્રંથોના પ્રકાશનનું મહત્ત્વનું કામ હાથ ધર્યું. એનું કામ બરાબર ચાલતું નહોતું, ત્યારે એમણે દલપતરામને ફરી પાછા બોલાવ્યા અને દલપતરામ ફાર્બસસાહેબનું કહેણ આવતા પગારનો કશોય વિચાર કર્યા વિના અમદાવાદ દોડી આવ્યા. એ જમાનામાં આ સંસ્થાનો હેતુ વર્તમાનપત્ર પ્રગટ કરવું, લાઈબ્રેરીની સ્થાપના કરવી, ગુજરાતી કોશ માટે શબ્દસંગ્રહ કરવો, હસ્તપ્રતોનો સંગ્રહ કરવો, સહશિક્ષણની નિશાળો સ્થાપવી, શાળોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવું, ઈનામી નિબંધો લખાવીને નવાં પુસ્તકો રચવાની યોજના કરવી અને વિદ્યાર્થીઓને ઉત્તેજન ઈનામોનો હતો. અને એને પરિણામે આ સંસ્થા(જે પછીથી ગુજરાત વિદ્યાસભા નામે ઓળખાઈ) એ ૧૮૪૯ની બીજી મેએ દર બુધવારે પ્રગટ થતું 'વરતમાન' અઠવાડિકનો પ્રારંભ કર્યો.

આની પાછળ ફાર્બસસાહેબનો આશય એટલો જ હતો કે જે સાધનો દ્વારા પોતાના દેશ ઈંગ્લેન્ડનો ઉત્કર્ષ થયો છે, એ બધાનાં બીજ ગુજરાતમાં રોપવાં. એ સમયે બુધવારે પ્રગટ થતું હોવાથી ઘણાં વર્ષો સુધી ગુજરાતના વર્તમાનપત્ર 'બુધવારિયા' તરીકે ઓળખાતું હતું ! આવું અખબાર પ્રકાશિત કરવા ફાર્બસસાહેબને અંગ્રેજોનો ખોફ પણ વહોરવો પડ્યો અને એમને અટકાવવા ન્યાયાધીશોએ પરિપત્ર પણ કાઢ્યો કે સરકારી નોકરે વર્તમાનપત્રના કામથી દૂર રહેવું. અમદાવાદ વર્નાક્યુલર સોસાયટીની નિશાળ સ્થાપી. ૧૮૫૦માં 'બુદ્ધિપ્રકાશ' સામયિકનો પ્રારંભ કર્યો, તો ૧૮૫૧માં સંસ્થાનું પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું. ફાર્બસસાહેબ સૂરતમાં ગયા, તો ત્યાં પણ સંસ્થાની સ્થાપના કરી. 'સૂરત સમાચાર' નામનું પત્ર પ્રગટ કર્યું અને એન્ડ્રુઝ પુસ્તકશાળા શરૂ કરી.

૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામ સમયે ફાર્બસસાહેબે ભારતની પ્રજાના અવાજને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો. એક અંગ્રેજ અમલદાર હોવા છતાં એમણે વસ્તુસ્થિતિનું વાસ્તવિક મૂલ્યાંકન કરતાં કહ્યું, 'લોકોના ઉપર અનેક પ્રકારના અન્યાય થયા તેથી જ બળવો થયો.' વળી એમણે લખ્યું, 'અન્યાય થાય છે એવું સમજી જે દેશની પ્રજા સક્રિય થઈ હોય, તે દેશમાં કદાપિ રાજ્ય રાખી શકાય નહીં.(માટે અન્યાય કરવો નહીં) એવું લોર્ડ એલેન્બરો વદે છે તે યથાર્થ અને સત્ય છે.'

ફાર્બસસાહેબ ઈંગ્લેન્ડ ગયા, પણ ત્યાં રહીને ભારતની પ્રજાનો અવાજ એનાં અખબારો સુધી પહોંચાડ્યો હતો. ભારતવાસીઓ માટે જ્યારે મહાઘાતકી, જંગલી અને ક્રોધી એવાં વિશેષણોથી ઈંગ્લેન્ડમાં લેખો લખાતા હતા, ત્યારે ફાર્બસસાહેબે યુરોપમાં ભારતનો પક્ષ બતાવવાનો પ્રયાસ કર્યો એટલું જ નહીં, પણ દૃઢતાપૂર્વક કહ્યું પણ ખરું છે કે ભારતમાં અંગ્રેજો અને એમની સુકુમાર સ્ત્રીઓ સલામત છે.

આવા ફાર્બસસાહેબ અત્યંત પ્રેમાળ સરકારી અધિકારી હતા. ગુજરાતની પ્રજા વહેમથી પીડિત હતી, છતાં એના તરફ સતત એમના હૃદયનું વાત્સલ્ય વહેતું રહ્યું. પગપાળા પ્રવાસ કરવાના શોખીન ફાર્બસસાહેબ જે કોઈ વટેમાર્ગુ મળે તેની સાથે પ્રેમથી વાત કરતા હતા. એમનાં સુખ-દુઃખને સમજવાનો પ્રયાસ કરતા હતા. કોઈ ગરીબ મળે તો મદદ કરતા હતા. એકવાર જંગલમાંથી પસાર થતા હતા, ત્યારે એક સ્ત્રી માથે લાકડાનો ભારો ઊંચકીને જતી હતી. એ ખૂબ થાકી ગઈ હતી, પણ એના માથાનો ભાર ઉતારનાર એક ઈશ્વર સિવાય બીજું કોઈ દેખાતું નહોતું! એવે સમયે ફાર્બસસાહેબ ત્યાંથી નીકળ્યા, એની પાસે ગયા અને મદદ કરીને એના માથેથી લાકડાનો ભારો ઉતરાવ્યો.

ફાર્બસસાહેબ મુંબઈમાં આવ્યા ત્યારે શ્રી મનઃસુખરામ ત્રિપાઠીના સહયોગથી ગુજરાતી સભાની સ્થાપના કરી. એના માટે મુંબઈના ધનિકોએ ૩૭ હજાર રૂપિયા અને કાઠિયાવાડના રાજરજવાડાંઓએ ૨૮ હજાર આપ્યા. એ પછી ફાર્બસસાહેબનું અવસાન થતાં મુંબઈની 'શ્રી ગુજરાતી સભા'ની સાથે એમનું નામ જોડી 'ફાર્બસ ગુજરાતી સભા' રાખવામાં આવ્યું. એક અંગ્રેજ અમલદારે ગુજરાતી ભાષા, સાહિત્ય, સમાજ અને સંસ્કૃતિની કેવી અનન્ય સેવા કરી!

આવા ફાર્બસસાહેબ અત્યંત પ્રેમાળ સરકારી અધિકારી હતા. ગુજરાતની પ્રજા વહેમથી પીડિત હતી, છતાં એના તરફ સતત એમના હૃદયનું વાત્સલ્ય વહેતું રહ્યું. પગપાળા પ્રવાસ કરવાના શોખીન ફાર્બસસાહેબ જે કોઈ વટેમાર્ગુ મળે તેની સાથે પ્રેમથી વાત કરતા હતા

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૨
ફોન : ૦૭૯-૨૬૬૦૨૬૭૫



આપણી ભાષા કથીર હોય તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ

- દેવેન્દ્ર પટેલ

ગુજરાતની પ્રજાને આજથી ૧૦૦ વર્ષ પૂર્વેના રાજકીય ઈતિહાસની બહુ ઓછી ખબર છે. ઐતિહાસિક રીતે ૧૯૧૭નું ગયું વર્ષ ઘણું મહત્ત્વનું હતું. ખેડા સત્યાગ્રહ, અમદાવાદનો મિલ મજૂર સભાગૃહ, ચંપારણ સત્યાગ્રહ, રેંટિયાની શોધ વગેરે ઘટનાને એક સૈકો થયો.

એ બધામાં એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી : ૧૯૧૭માં મળેલી ગુજરાતની પહેલી રાજકીય પરિષદ. પહેલી ગુજરાતની રાજકીય પરિષદ તા. ૩, ૪, ૫ નવેમ્બર, ૧૯૧૭ના દિવસોમાં પંચમહાલના ગોધરા ખાતે મળી હતી. આ પરિષદનું કાર્યક્ષેત્ર ગુજરાત પૂરતું સીમિત હોવા છતાં તેમાં લોકમાન્ય ટિળક, વરાડના રાજા ખાપરડે તથા મોહંમદ અલી ઝીણાએ પણ હાજરી આપી હતી.

સ્વદેશી ભાષાના સંદર્ભે ગાંધીજીએ કહ્યું હતું કે, બહારની પરદેશી ભાષા સુવર્ણમય હોય તો પણ તે ઉપયોગની થઈ શકતી નથી. આપણી ભાષા કથીર હોય તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ

લઘુતાગ્રંથિ છોડો

તા. ૩ નવેમ્બર, ૧૯૧૭ના રોજ બપોરે બે વાગે ૫૦૦ મહિલાઓ અને ૧૦,૦૦૦ની જનમેદની સાથે યોજાયેલી એ પરિષદનું પ્રમુખસ્થાન દક્ષિણ આફ્રિકાથી પાછા આવેલા ગાંધીજીએ સંભાળ્યું. તેઓ શરૂઆતમાં જ બોલ્યા હતા : ''મને આ ઉચ્ચ પદ (પ્રમુખસ્થાન) આપ્યું તે માટે આપ સૌનો હું આભાર માનું છું. અહીંના રાજકારણમાં હું અઢી વર્ષનો બાળક છું. (ગાંધીજી તા. ૯ જાન્યુઆરી, ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા હતા.(દક્ષિણ આફ્રિકાના મારા અનુભવ પર હું અહીં વ્યાપાર કરી શકતો નથી. એક સૂત્ર છે કે, જે વખત અને વચન નહીં સાચવે તેને સ્વતંત્રતા નહીં મળે. આપણે બે વાગે કાર્ય શરૂ કરવાના હતા તેના બદલે આપણે તો પોણો કલાક મોડું શરૂ કર્યું છે તેથી આપણને જ્યારે પણ સ્વરાજ્ય મળવાનું હશે તે કરતાં પોણો કલાક મોડું મળશે.''


આ રાજકીય પરિષદની નોંધપાત્ર વાત એ હતી કે પહેલી રાજકીય પરિષદમાં ગાંધીજીએ બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યેની વફાદારીના શિરસ્તાનો છેદ ઉડાડી દીધો. ઈ.સ. ૧૯૧૭ સુધી ભારતમાં કોંગ્રેસ કે અન્ય સભાઓની શરૂઆત 'Long live the Emperor' કહી એક ઠરાવ કરી બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે વફાદારી દર્શાવવાની પ્રણાલિકા હતી. શિરસ્તો ગાંધીજીએ ગોધરામાં તોડ્યો.ગાંધીજીએ કહ્યું : ''કશા કારણ વગર આવો ઠરાવ પસાર કરી આપણે આપણી લઘુતા દેખાડીએ છીએ. અંગ્રેજો એમની પરિષદોના પ્રારંભમાં આવો ઠરાવ કરતા નથી.''

આ પછી બ્રિટિશ સામ્રાજ્ય પ્રત્યે વફાદારી દર્શાવતા ઠરાવની બીજી રાજકીય પરિષદો અને કોંગ્રેસના અધિવેશનોમાં બાદબાકી થઈ ગઈ.

અસ્પૃશ્યતા એક કલંક

પરિષદમાં ગાંધીજીનું ભાષણ સૈકાઓથી સમાજના અત્યાચારોનો ભોગ બનેલા અંત્યજો માટે નોંધપાત્ર હતું. તેમણે કહ્યું કે,''અંત્યજોનો એક જુદો વર્ગ હોય તે હિંદને માટે કલંક છે. નાત-જાત એ બંધારણ છે. પાપ નથી. પરંતુ અસ્પૃશ્યતા એ તો પાપ છે, સખત ગુનો છે અને હિંદુસ્તાન જો આ નાગનો સમયસર નાશ નહીં કરે તો એ એને ભરખી જશે. અંત્યજોને હિંદુ ધર્મથી અળગા હરગીઝ ન માનવા જોઈએ. તેમની સાથે હિંદુ સમાજના પ્રતિષ્ઠિત માણસોની જેમ વર્તવું જોઈએ.''

સ્વદેશી ભાષાના સંદર્ભે ગાંધીજીએ કહ્યું હતું કે, બહારની પરદેશી ભાષા સુવર્ણમય હોય તો પણ તે ઉપયોગની થઈ શકતી નથી. આપણી ભાષા કથીર હોય



તો પણ તેને સુવર્ણમય બનાવવી જોઈએ. આ પરિષદમાં ગાંધીજીએ બીજા વક્તાઓને પણ આગ્રહપૂર્વક ગુજરાતીમાં ભાષણ કરાવડાવ્યું હતું.

જોકે ગાંધીજીની આ સફળતામાં જ મોહંમદ અલી ઝીણા અને ગાંધીજી વચ્ચે વૈચારિક વૈમનસ્યતાનું બીજ વવાયું હોવાનું રાજમોહન ગાંધી માને છે.

ભાષણો અંગે ગાંધીજી

ગાંધીજીએ આ પરિષદમાં એક મહત્ત્વપૂર્ણ વાત કહી : " સ્વરાજ્ય વિના હિંદુસ્તાનમાં શાંતિ સંભવ નથી. પરંતુ જો આપણે સ્વરાજ્ય માટેની ચળવળ માત્ર સભાઓ ભરીને જ કરીએ તો પ્રજાને હાનિ થવાનો સંભવ છે. મેળાવડા અને ભાષણો યોગ્ય સ્થળે અને યોગ્ય વખતે જ શોભી શકે છે પણ માત્ર મેળાવડા કે ભાષણોથી પ્રજા ઘડાતી નથી."

રેંટિયો મળ્યો

ગાંધીજીનું રચનાત્મક શસ્ત્ર 'રેંટિયો'ની શોધ પણ ગોધરા પરિષદની ફળશ્રુતિનો એક ભાગ હતી. ગાંધીજીએ કહ્યું હતું : "આ બહેન (ગંગાબહેન)નો વિશેષ પરિચય મને ગોધરાની પરિષદમાં થયો. મારું દુઃખ મેં તેમની પાસે મૂક્યું ને દમયંતી જેમ નળની પાછળ ભમી હતી તેમજ રેંટિયાની પાછળ ભમવાનું પ્રણ(પ્રતિજ્ઞા) લઈ તેમણે મારો ભાર હળવો કર્યો. ગુજરાતમાં સારી પેઠે ભમ્યા પછી ગાયકવાડના વિજાપુરમાંથી ગંગાબહેનને રેંટિયો મળ્યો."

આમ રેંટિયાની શોધ પાછળ પણ ગોધરાની પરિષદ નિમિત્ત બની.

શતાબ્દી સ્મરણ

'શતાબ્દી સ્મરણ : પહેલી ગુજરાત રાજકીય પરિષદ ગોધરા, ૧૯૧૭' શીર્ષક હેઠળનું એક સુંદર પુસ્તક લખનાર લેખક સંપાદક ડૉ. અરુણ વાઘેલા અને સહ સંપાદકો પ્રો. વિનોદ ગાંધી તથા ડૉ. ગૌતમ ચૌહાણે ગોધરામાં મળેલી પહેલી ગુજરાત રાજકીય પરિષદ અંગે સુંદર સંશોધન કર્યું છે. તેમાં તેમણે કરેલા સંશોધનાત્મક અભ્યાસની ફળશ્રુતિમાં જણાવવામાં આવ્યું છે કે, "ગાંધીજીની માફક ગાંધીજીની જેમ સરદાર પટેલ અને બીજા કાર્યકર્તાઓ પણ આ રાજકીય પરિષદના પ્રભાવથી પેદા થયા. સરદાર પટેલને ગુજરાતવ્યાપી નેતા તરીકે ઉપસાવવામાં ગોધરા પરિષદ મદદરૂપ નીવડી. આ પરિષદ પછી રચાયેલા કાર્યકારી મંડળના સરદાર પટેલ મંત્રી બન્યા. તેથી વેઠપ્રથા વિરુદ્ધના ઠરાવનો અમલ કરાવવા માટે પણ તેમની જવાબદારી વધી. ગાંધીજીના અંગત મંત્રી મહાદેવ દેસાઈ આ રાજકીય પરિષદ પછી તરત જ જોડાયા. ઈંદુલાલ યાજ્ઞિક, શંકરલાલ બેન્કર પણ અહીંથી જ પ્રેરણા પામ્યા. ટૂંકમાં ગોધરાની પરિષદ નેતાઓ અને કાર્યકર્તાઓ તૈયાર કરનારી પ્રયોગશાળા પુરવાર થઈ. રાજકીય પરિષદના છેલ્લા દિવસે દલિતોના વિસ્તારમાં મળેલા મેળાવડાને અંત્યજ પરિષદનું નામ મળ્યું. ગોધરામાં ગાંધીજીએ અસ્પૃશ્યતા નિવારણના ઇતિહાસમાં ક્રાંતિકારી કામ કર્યું.

પરિષદનું મહત્ત્વ

ગોધરા પરિષદના મહત્ત્વને સમજાવતા ઈંદુલાલ યાજ્ઞિકે કહ્યું હતું : "ગુજરાતની રાજકીય તવારીખમાં ગોધરાની રાજકીય પરિષદ સીમાચિહ્નરૂપ બની હતી. જાગૃત થયેલી પ્રજાએ અને એના નવા નાયકોએ ગોધરામાં મળીને ગાંધીજીને કુમકુમ તિલક કરી ગુજરાતની આગેવાની અર્પણ કરી. ગાંધીજીએ ચંપારણમાં સત્યાગ્રહ કરીને, આફ્રિકાની ગિરમીટીઓ પ્રથા રદ કરાવીને અને વિરમગામની જકાત બંધ કરાવીને ચમત્કાર કર્યો. આવા ત્રિવિધ વિજયથી તેમણે સિદ્ધ કરેલા કર્મયોગનો મંત્ર તેમણે ગોધરામાં સાદી બોલીમાં ફરી ફરીને આપ્યો."

"સ્વરાજ્ય વિના હિંદુસ્તાનમાં શાંતિ સંભવ નથી. પરંતુ જો આપણે સ્વરાજ્ય માટેની ચળવળ માત્ર સભાઓ ભરીને જ કરીએ તો પ્રજાને હાનિ થવાનો સંભવ છે. મેળાવડા અને ભાષણો યોગ્ય સ્થળે અને યોગ્ય વખતે જ શોભી શકે છે પણ માત્ર મેળાવડા કે ભાષણોથી પ્રજા ઘડાતી નથી"

ગુજરાતના નવેસરના ઘડતરનું બીજ જ્યાં રોપાયું તેવી ગોધરાની પહેલી રાજકીય પરિષદ ગુજરાતના રાજકીય ઇતિહાસનું એક સોનેરી ઊજળું પ્રકરણ છે. ગુજરાતની નવી પેઢીને આ પહેલી ઐતિહાસિક રાજકીય પરિષદ ૧૯૧૭થી વાકેફ કરવી જોઈએ.

એ-૧૦૧, અભિલેખ વિલા, શીલજ ચાર રસ્તા પાસે,
શીલજ, અમદાવાદ-૩૮૦૦૫૯
(મો. ૯૮૭૯૨૦૭૧૦૨)





જર, જમીન, જોરુનાં દેવી : લક્ષ્મી

- જય વસાવડા

ભારતમાં નવરાત્રિ આવે એને આડે દસેક દિવસ બાકી હશે ત્યાં સુપરસ્ટાર સ્પેનિશ અભિનેત્રી એવી સલમા હાયેકે એક પોસ્ટ મૂકી સોશિયલ નેટવર્ક પર, જે અહીં હેડલાઈનમાં ચમકી. સલમાએ ભારતના લક્ષ્મીદેવીનું રાજા રવિવર્મા રાજી થઈ જાય એવું સરસ ચિત્ર મૂકીને અંગ્રેજી અને સ્પેનિશમાં લખ્યું, જેનો અનુવાદ વાંચો :

'મારે જયારે મારા આંતરિક સૌંદર્ય/ઈનર બ્યુટી સાથે કનેક્ટ થવું હોય ત્યારે હું મારું મેડિટેશન દેવી લક્ષ્મીને ધ્યાનમાં રાખી કરું છું. જે હિંદુ ધર્મમાં પ્રતિનિધિત્વ કરે છે સમૃદ્ધિ, સંપત્તિ, સદ્‌ભાગ્ય, પ્રેમ, સૌંદર્ય અને માયા (શબ્દશઃ ઈલ્યુઝન કે મેજિક), આનંદ, સુખ અને પ્રગતિનું! કોઈ અકળ કારણથી એનું ચિત્ર મને જોયફૂલ / આનંદિત કરે છે અને આનંદ જ તમારી ઇનર બ્યુટી સુધી પહોંચવાનું સર્વોત્તમ દ્વાર છે.'

વાહ, જોબન પડદા પર પાથરી ચિરયુવા લાગતી સલમાના ધનકુબેર ફ્રેન્ચ પતિ પિનો ગુચ્ચી સહિત બાવીસેક ફેશન બ્રાન્ડસના રણીધણી છે ! અબજોની દોલત ધરાવે છે. એ રીતે લક્ષ્મીપૂજા સલમાને ફળી જરૂર. આમ પણ હમ્પીના ખંડેરોથી ઝુરિકના મ્યુઝિયમો સુધી વિષ્ણુના સંગિની તરીકે સંસાર ચલાવવામાં ચાલકબળ એવા દિવાળીના મુખ્ય અધિષ્ઠાત્રી લક્ષ્મીજી જોવા મળે !

શ્રીદેવી. ઐશ્વર્યા. લક્ષ્મી.

ત્રણે ય નામ અભિનેત્રીના નહિ, દિવાળીને જેમનું હોંશે હોંશે પૂજન કરીએ છીએ એ લક્ષ્મીદેવીના છે. લક્ષ્મી એટલે જ જર, સોનું, રૂપું, હીરા, મોતી, ઝવેરાત, રૂપિયા, ડોલર, યુરો, પાઉન્ડ, યેન, એ હોય તો જ જમીન આવે. ખરીદી શકાય કે ખરીદેલી હોય એ ટકાવી શકાય. અને ઘરમાં



આવતી સ્ત્રીને તો ભારતમાં ગૃહલક્ષ્મી જ કહેવાય. દીકરી જન્મે એને ય લક્ષ્મી આવ્યા, એમ જ વધામણી અપાય. અને લક્ષ્મી તો રૂપના પણ દેવી. રૂપાળી રમણી લક્ષ્મીકૃપાથી જ બની શકાય. માટે લક્ષ્મી એટલે જર, જમીન અને જોરુ.

આમ પણ, દિવાળીની બજારમાં ફરો એટલે લક્ષ્મીના પગમાં પડવાનું મન થઈ જ જાય ! ફટાકડા કે કપડાના ભાવ સાંભળો, ગ્રીટિંગ્સ કે કલર્સનું બજેટ ફાળવો, મકાનના સુશોભનથી મીઠાઈઓના સર્જન સુધી લક્ષ્મીની અદશ્ય બોલબાલા છે. પ્રવાસ કે ટેલિફોનના બિલ્સ, શોપિંગની ક્રેડિટ- ઈન્ટરેસ્ટ... બધે જ કમલા (કમળે જેને ધારણ કરી છે, અને જેણે કમળને ધારણ કર્યુ છે તેવા લક્ષ્મીદેવી સ્તો!)નો કમાલ દેખાય ! તમારે રામની ભક્તિ કરવી હોય કે અંબાની સ્તુતિ-આશીર્વાદ તો પહેલા લક્ષ્મીજીના જ મેળવવા પડે ! સ્વયં નારાયણને પણ લક્ષ્મીપતિ થવું પડ્યું હોય, તો પછી બાપડા નરનો શો વાંક ?

કેટલાક તજજ્ઞો માને છે કે 'ધનતેરસ' મૂળ તો વૈંદકના પિતામહ ગણાતા ધન્વંતરિની ઉપાસનાનો તહેવાર છે. પણ કળિયુગ આવતા પહેલા જ સુજ્ઞજનોને લક્ષ્મીદેવીની આરાધનાનું મહાત્મય સમજાઈ ગયું હશે. એટલે ધનતેરસે ધન્વંતરિને બદલે ધનની પૂજા થવા લાગી હશે ! એક જાહેર સમારંભમાં આયોજકોએ સરસ્વતીની બાજુમાં લક્ષ્મીની છબી મૂકીને દીપપ્રાગ્ટય કર્યું હતું. વાત એકદમ બરાબર છે. લક્ષ્મીની કૃપા વિના સરસ્વતીના સાધકોને આજકાલ હોલ પણ ભાડે મળતો નથી !

દિવાળીનો આખો તહેવાર ભારતીય ફેસ્ટિવલ્સની માર્કેટમાં 'ફ્લેગશિપ' બ્રાન્ડ છે. દીપાવલી એટલે જ લક્ષ્મીનું મહત્ત્વ સમજાવતું પર્વ ! આ ઉત્સવ સમ્રાટની ઉજવણી પાછળ નરકાસુરના વધથી રામના અયોધ્યા આગમન સુધીના અનેક કારણો ભલે કહેવાય, આ તહેવાર લક્ષ્મીપૂજનનો બની રહ્યો છે. દિવાળી જ નહિ, ધનતેરસે પણ લોકો કુંભની રંગોળી કરીને લક્ષ્મીવંદના કરવા લાગે છે.

ગ્રીક માયથોલોજીમાં જે સ્થાન સૌંદર્ય અને સંપત્તિની દેવી એફ્રોડાઈટનું છે, એ ભારતીય પુરાણકથાઓમાં ઐશ્વર્યાની અધિષ્ઠાત્રી એવી 'શ્રીદેવી' યાને લક્ષ્મીનું છે. લક્ષ્મીની પ્રશંસા કરતું વૈદિક સાહિત્યનો ભાગ ગણાતુ-શ્રીસૂક્ત એક ઉત્તમ અલંકારિક રચના છે. આજના શુષ્ક ધાર્મિકજનો ભલે સૌંદર્ય વિરોધી થઈ ગયા, ભારતના પ્રાચીન ધાર્મિક સાહિત્યમાં ડગલે

ને પગલે અદ્‌ભુત સૌંદર્યવર્ણનો પથરાયેલા છે. શ્રીયંત્ર ઘણાને યાદ હશે, પણ શ્રીસૂક્ત નહિ હોય !

એમાં લક્ષ્મીની પ્રશંસા હિરણ્યવર્ણમ (સુવર્ણ જેવી ચમકવાળી), પદમવર્ણમ (કમળ જેવા ગુલાબી વાનવાળી) અને આદિત્યવણી (સૂર્ય જેવી દેદીપ્યમાન) જેવા શબ્દોથી કરીને સૌંદર્ય સંપત્તિ, સંતાન અને સુખ માટે એને ભજવામાં આવી છે. શાસ્ત્રોક્ત રીતે લક્ષ્મીના આઠ મુખ્ય પ્રકાર છે : આદિલક્ષ્મી, ધાન્યલક્ષ્મી, ધૈર્યલક્ષ્મી, ગજલક્ષ્મી, સંતાનલક્ષ્મી, વિજયલક્ષ્મી, વિદ્યાલક્ષ્મી અને ધનલક્ષ્મી. લક્ષ્મી નસીબવાનોને મળે છે, કારણ કે એ પ્રારબ્ધની દેવી છે. કહેવાય છે કે એ ઋષિભૃગુ અને ખ્યાતિની કન્યા હોઈને વિધાતાની બહેન છે ! એ ફળદ્રુપતા, સૌંદર્ય અને સંપત્તિની માતા છે. મહર્ષિ અરવિન્દે લક્ષ્મીને પ્રેમશક્તિ કહીને 'રેડ મધર'ની ઉપમા આપેલી.

ધુવડ પર સવારી કરનાર લક્ષ્મી બ્રહ્માંડના પ્રતીક જેવા સહસ્ત્રદલ કમળ સાથે જોડાયેલી છે. માટે જ વિષ્ણુના અવતાર ગણાતા વેંકટેશ્વરની પત્ની પદમાવતી (લક્ષ્મી) છે. લક્ષ્મી વિષ્ણુની છાતીમાં વસે છે. માટે જ વિષ્ણુનું નામ છે શ્રીનિવાસ! લક્ષ્મી સ્વર્ગલોકની પ્રમુખ નૃત્યાંગના છે. અપ્સરાઓને શાસ્ત્રીય નૃત્ય શીખવનાર પણ લક્ષ્મી છે. કોશા કે ઈન્દિરાના નામે ઓળખાતી મહાલક્ષ્મી સૃષ્ટિની રચના પહેલા વૈકુંઠમાં રમા નામે ઓળખાતી, એમ ભાગવત કહે છે. દેવરાજ ઈન્દ્ર અને દાનવરાજ બલિ બંનેથી નારાજ થઈને જળસમાધિ લઈ લેનાર આદિલક્ષ્મી પછી શ્રીદેવી બનીને ઐશ્વર્યામય થયા !

દુનિયામાંથી ગ્રીક સંસ્કૃતિ સદંતર નાબૂદ થઈ ગઈ, પણ ગ્રીક દેવી દેવતાઓના નામ બધી સંસ્કૃતિ પર છવાયેલા રહ્યા ! કારણ ? એને શ્રદ્ધા-પૂજન અર્ચનના બંધન વિના જાણવા માણવાની નવી પેઢીને મોકળાશ મળી. એમની રંગબેરંગી વાર્તાઓમાં જગતને રસ પડયો. એમના નોખા-અનોખા પાત્રો લોકોથી દૂર ઊંચાઈ પર જવાને બદલે લોકોની વચ્ચે, લોકોના ખોળામાં પહોંચી ગયા. સદ્‌નસીબે ગ્રીકરોમન કલ્ચર બચ્યું ન હોઈ 'ધાર્મિક લાગણી દુભાવા'ની આહલેક જગાવતો કોઈ વિધ્નસંતોષી પ્રગટ ન થયો. માટે એ દેવી-દેવતાઓ મ્યુઝિયમથી કોમ્પ્યુટર પ્રોગ્રામ સુધી, વીડિયો ગેઈમ્સથી કોમિક્સ સુધી અમર બની ગયા.

ભારત પાસે તો અન્ય તમામ સંસ્કૃતિઓને એકઠી કરો, એથી ય વધુ મજાનો ખજાનો છે. રસતરબોળ કરી દે એવી કહાનીઓ છે પણ બધું ધાર્મિક્તાની તાળાબંધીમાં કેદ પડયું હોઈને રસિક રીતે યુવા ભારતીયો સુધી પહોચતું નથી. ધીરે ધીરે 'હેરી પોટર' એમના પર કામણ કરે છે અને ફેન્ટાસ્ટિક ફેન્ટેસીથી છલોછલ પુરાતન કથાઓ નામશેષ થતી જાય છે. પંડિતો એને પ્રમાણભૂત ઈતિહાસ તરીકે સિદ્ધ કરવા માટે હલ્લાગુલ્લા કરે છે. પુસ્તકો-ચર્ચાઓ શિબિરો થાય છે.

પછી શું ? એનાથી એ જનમાનસના હૃદય સુધી પહોંચે છે ? એ ઉગતી પેઢીના બચ્ચાંઓ અને ઉગી ચૂકેલી પેઢીના જવાનોના વોટ્સએપ મેસેજીઝ સિવાયનો જીવનનો અંતરંગ હિસ્સો બને છે ? જો આમ ન થાય તો આ બધો બૌદ્ધિક વ્યાયામ નિરર્થક છે. ગૌરવના ભાષણોથી સ્નેહનો સંબંધ નથી બનતો. પછી નવું વર્ષ માત્ર નવો દટ્ટો અને નવી ડાયરી લઈ આવે છે, નવો અભિગમ, નવી મુક્તિ, નવી ક્રાંતિ નહિ !

ઉદાહરણ માટે લક્ષ્મીદેવી સાક્ષાત મોજૂદ છે. ફોનના ટચસ્ક્રીનથી કાચની છબીઓ સુધી લક્ષ્મીનું પૂજન થશે પણ લક્ષ્મીના ઉદ્‌ભવથી બેહદ પ્રચલિત કથા પણ આજે કેટલાને યાદ છે ? કુંભના સ્ટિકર્સ લગાવનારને લક્ષ્મી અને કુંભ વચ્ચેના સંબંધની ખબર છે ? જરા 'સમુદ્રમંથન'ની દશાવતારી કથા યાદ કરો. એની ભવ્યતા 'ટેન કમાન્ડમેન્ટસ'ને પણ ટપી જાય એવી છે. તો, દેવ-દાનવના સંગ્રામની વાતમાં વળી શું જાણવા જેવું હતું ? આવો પ્રશ્ન થઈ આવે તો જાણવું કે દિવાળીમાં ઘરની સાથે દિમાગના જાળા પણ સાફસૂફ કરવાના છે! દેવ અને દાનવો ઓરમાન ભાઈઓ છે, એ જાણો છો ? દાનવ અને દૈત્ય એક જ નથી એ ખબર છે ? ધન્વંતરિ અને લક્ષ્મી વચ્ચે ધનતેરસ સિવાયનો સંબંધ જાણો છો ?

ઓકે. માંડીને વાત કરીએ. આમ તો ભારતના પ્રાચીન ગ્રંથોમાં અસંખ્ય વિરોધાભાસો છે, જે સ્વાભાવિક છે. પણ બધાનું તારણ કંઈક આવું છે. બ્રહ્માંડના પ્રથમ રાજા બ્રહિની દસમી પેઢીએ પ્રચેતસ દક્ષ હતો. (શિવના સસરા દક્ષ પ્રજાપતિની વાત નથી) દક્ષને તેર દીકરીઓ હતી, જે તમામ બ્રહ્માના માનસપુત્ર (જેમના નામ પરથી કાશ્મીર નામ પડયું છે તેવા) કશ્યપ ઋષિને પરણી હતી. એમાં આદિતીને ૧૨ પુત્રો થયા, જે આદિત્યો કહેવાયા. સૌથી નાના વિષ્ણુના વંશજો દેવ કહેવાયા.

અદિતીની જ બહેન દિતીના સંતાનો દૈત્યો કહેવાય. જેમાં હિરણ્યકશ્યપુ એન્ડ કંપનીનો ઉદ્‌ભવ થયો. દનુ નામની દેવ-દૈત્યોની માસી વત્તા સાવકી માના સંતાનો દાનવો કહેવાયા. કશ્યપની પત્નીઓ પ્રથા, કપિલા, વિશ્વા અને મુનિના સંતાનો ગાંધર્વો અને અપ્સરાઓ બન્યા. કદ્રુના પુત્રો નાગ (ભક્ષક) અને વનિતાના બે પુત્રો સૂર્યરથનો સારથી અરૂણ તથા વિષ્ણુનું વાહન ગરુડ થયા. ઉપરાંત દાન્યા, કલા, ક્રોધા અને સિંહિકાના પણ સંતાનો હતા! બાય ધ વે, બ્રહિની ૧૫મી પેઢીએ વિવસ્વાન (સૂર્ય)ના પુત્ર સત્યવ્રત યાને વૈવસ્વતઃ મનુ અને શુત્પાના પ્રલય બાદના સંતાનો એટલે માનવો !

સુરાપાન કરે તે સુર(દેવ)અને એ ન કરે તે અસુર ! દૈત્યો-દાનવોમાં શંબર, વિરૂપાક્ષ, મારીચ, નિકુંભ, વાતાપિ,

હયગ્રીવ, આરિષ્ટ, સ્વર્ભાનુ (રાહુનો બાપ) વગેરે પ્રમુખ નામો હતા. એમની શક્તિઓ પાસે દેવો નબળા હતા. હિરણ્યકશ્યપુના પુત્ર પ્રહલાદના પુત્ર વિરોચનનો પુત્ર એટલે બલિ. અસુરગુરુ શુક્રાચાર્યની સંજીવની વિદ્યાના પ્રતાપે બલિએ ત્રિલોક પર કબજો કરી લીધો. અસહાય ઈન્દ્રે (રાબેતા મુજબ) વિષ્ણુની સહાય માંગી. સંજીવનીનો મુકાબલો કરવા વિષ્ણુએ અમૃત મેળવવાની સલાહ આપી. પણ અમૃત મેળવવું કેમ ?

ધરતી ત્યારે ક્ષીરસાગર યાને દૂધના અફાટ સમુદ્રમાં ડૂબેલી હતી. સમુદ્રનું બ્લેન્ડરથી છાશ વલોવાય, એમ મંથન (ચર્નિંગ, યુસી !) કરવાનું નક્કી થયું. સમુદ્રને વલોવવો કઈ રીતે ? મંદાર પર્વતને વલોણા તરીકે વાપરવાનું સૂચન થયું. (કહેવાય છે કે મંદાર આજના બિહારના ભાગલપુરમાં છે.) વાસુકિ નાગને દોરડારૂપે એની ફરતે વીંટાળવાનો બંને બાજુથી પર્વત ધૂમાવી દરિયો વલોવવાનો !

દુર્બળ દેવોથી એકલે હાથે આ કામ ન થાય, માટે ઐતિહાસિક સંધિ કરીને બલિરાજાના દાનવોની મદદ માંગવામાં આવી. ભારત-પાકિસ્તાનની સંયુક્ત ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયાને પડકારે એમ દેવ-દાનવ અમૃતની આશાએ એકઠા થયા. પ્રચંડ મંદાર પર્વતને ગરૂડે ઊંચકીને ક્ષીરસાગરમાં મૂક્યો. વાસુકિના મુખ પાસે વિષ્ણુ ઊભા હોઈ ને દૈત્યોએ એ ભાગ પસંદ કર્યો. ઘમ્મરવલોણું ફર્યું કે પર્વત તો શ્વેત દૂધના દરિયામાં ડૂબવા લાગ્યો!

નીચે આધાર આપવા માટે વિષ્ણુએ કૂર્મ અવતાર ધારણ કર્યો. વિરાટ કાચબાનું રૂપ ધારણ કરવાની સ્પેશયલ ઈફેક્ટ સજીને ફરી સમુદ્રમંથન આગળ ધપાવ્યું ત્યાં તો ‘કાલકૂટ' નામનું હળાહળ ઝેર નીકળ્યું ! આખા મનોમંથનથી દૂર ભોળા શંભુને (વિનવીને વિષપાન કરાવાયું.) બહુજન હિતાય ઝેર ગટગટાવેલા મહાદેવે એ ગળામાં ભર્યું હોઈને એમનું ગળું ભૂરું પડી ગયું. માટે નામ પડયું નીલકંઠ !

પછી તો એક પછી એક અજાયબ ભેટો મંથનમાંથી મળતી ગઈ. ‘સુરભિ' નામે ઓળખાતી કામધેનુ (ઈચ્છો તે આપનારી) ગાય નીકળી. જે ઋષિઓને સોંપાઈ. રંભાની આગેવાની નીચે અપ્સરાઓ નીકળી. જે દેવલોકમાં ગઈ. કૌસ્તૂભમણિ અને પાંચજન્ય શંખ વિષ્ણુની પાસે રહ્યા. કાળી પૂંછડીવાળો ઉચ્ચૈઃશ્રવા નામનો અશ્વ બલિએ લઈ લીધો. સાત સૂંઢાળો ઉડતો ઐરાવત હાથી ઈન્દ્રે રાખ્યો. (મ્યાનમારની ઈરાવદી નદી મૂળ ‘ઐરાવત' નદી હતી) પારિજાત નામનું માગો તે મળે એવું ‘કલ્પવૃક્ષ'નીકળ્યું, જે દેવોના નંદનવનમાં ગયું.

બેહદ સ્વરૂપવાન તારૂણી મદ્યની સાથે નીકળી, અને અસુરોએ મોહિત થઈને એને રાખી લીધી. આ સમુદ્રમંથનમાં હાથીઓની સલામી વચ્ચે લાલ વસ્ત્રોમાં સજ્જ, હાથમાં કમળ રાખેલી સુંદરી પ્રગટ થઈ. એ હતી ‘જલધિજા' યાને જળમાંથી જન્મેલી લક્ષ્મી ! લક્ષ્મીએ હાથમાં વરમાળા રાખેલી. ઈન્દ્ર અને બલિ તરફ નજર પણ નાખ્યા વિના સૃષ્ટિ સંચાલક એવા વિષ્ણુના કંઠમાં હાર નાખી દીધો ! અમૃતમંથનમાં એની સાથે અલક્ષ્મી પણ પ્રગટ થયેલી. જેનામાં લક્ષ્મીથી વિરુદ્ધ ગુણો હતા. આજે ય અસ્વચ્છતા હોય ત્યાં અલક્ષ્મીનો વાસ હોય તેવી માન્યતા છે. છેલ્લે, અમૃતમંથનના અંતે હાથમાં અમૃતકુંભ લઈને ધન્વંતરિ પ્રગટ થયા. આ કુંભ માટે ઝપાઝપી થઈ. એમાંના ચાર ટીપાં ઉજ્જૈન, નાસિક, પ્રયાગ અને હરદ્વારમાં પડયા. માટે ત્યાં કુંભમેળાઓ યોજાય છે ! પછીનો રાહુ, કેતુ, મોહિનીવાળો ક્લાઈમેક્સ ખૂબ જાણીતો છે. આ સમુદ્રમંથનનું શિલ્પ કમ્બોડિયાના મંદિર અંગકોરવાટની ભીંતો પર કે થાઈલેન્ડના પાટનગર બેંગકોકના સ્વર્ણભૂમિ એરપોર્ટ પર આજે ય છે ! ભારતમાં લક્ષ્મીની પૂજા એ પ્રામાણિક કર્તવ્ય છે. વાસ્તવમાં આપણે આ એક પૂજન જ કરીએ છીએ, સામે ભલેને મંદિરો બદલાતા રહે ! વેદમાં પણ આ ધાન્યની દેવીને જ આખુ સૂક્ત માને છે!

કદાચ એટલે જ લક્ષ્મીના પુત્રનું નામ કામદેવ હશે ! જી હા, પ્રેમ-સૌંદર્ય, શૃંગારનો આ દેવ લક્ષ્મીપુત્ર મનાય છે. અને રતિ લક્ષ્મી પુત્રવધૂ ! લક્ષ્મીનો સીધો સંબંધ એટલે શૃંગારપ્રિય નારી સાથે છે. લક્ષ્મી એટલે ખજાનો. લક્ષ્મી એટલે ભોગવટો. સૃષ્ટિના પાલનહાર વિષ્ણુની એ અર્ધાંગિની છે. લક્ષ્મીની અમીદ્રષ્ટિથી જ ઘર, પત્ની, બાળકો, મિત્રો, અન્ન અને પ્રતિષ્ઠા મળે છે...આવી પ્રાર્થના ઈન્દ્રના મુખેથી ‘વિષ્ણુપુરાણ'માં રચાઈ છે ! જર,જમીન, જોરુ આવી ગયા ને! વેલ સેઈડ ! સેલ્ફ ફાઈનાન્સ્ડ શિક્ષણ સંસ્થાઓમાં સરસ્વતીની તસવીરો સાથે લક્ષ્મીની ગોઠવવી જોઈએ. એમની કૃપા વિના એજ્યુકેશન તો શું, એડ્મિશન પણ નથી મળતું !

સલમા હાયેકને લીધે પશ્ચિમના ફેશનજગતમાં જેમની તસવીરને નામ ચર્ચાય એ લક્ષ્મીના પ્રાગટ્યની આખી કહાની સાથે જગતના ચિત્રો માણવાનો શોખ હોય તો ખ્યાલ આવે કે એનું ગજબનાક સામ્ય બર્થ ઓફ વીનસની માયથોલોજી સાથે છે ! સમુદ્રમાથીજ સૌંદર્ય અને ઐશ્વર્યના વૈભવવિલાસની દેવી વીનસ બહાર આવી હતી અને રૂપથી બધા અંજાઈ ગયા હતા. એ ફર્ટીલિટી યાને ફળદ્રુપતા અર્થાત સમૃદ્ધિની પણ દેવી ગણાય. વીનસ જાણે લક્ષ્મીની જ સાયન્સની ભાષામાં ઓલ્ટરનેટિવ યુનિવર્સમાં બહેન હોય એવું લાગે !

‘ગુજરાત દીપોત્સવી' વાચકપરિવારને દિવાળી પર વૈશ્વિક મંદીમાં લક્ષ્મીજી રીઝે એવી શુભેચ્છાઓ...

૩૦૨, ઉજાશ ફ્લેટ, નાલંદા પાર્કની બાજુમાં,
અમીન માર્ગ, કાલાવડ રોડ,
રાજકોટ. મો. -૯૮૨૫૪૩૭૩૭૩



મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ગુજરાત વસ્યું લોકહૈયે...

કારણ ?

- સામયિકની લોકાભિમુખ નીતિ,
- સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

જેમાં,

- નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

પરિણામ ?

- લોકોનો અદમ્ય ઉત્સાહ,
- વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

અને ફેલાવામાં અગ્રહરોળ ?

- ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- સમસ્યા અને સંવેદનાની વાતો...
- જન કલ્યાણની યોજનાની વાતો...
- લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

ગુજરાત પાક્ષિકની PDF
www.gujaratinformation.net
લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.



ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.net

● લવાજમ ●
કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
₹ ૫૦.૦૦

ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત

ધન્ય ભૂમિ ગુજરાતની : જ્યાં મોટા માણસોને નાના માણસો જિવાડે છે

- ભવેન કચ્છી

ધ્રુવ ભટ્ટે સરસ પ્રસંગ કહ્યો છે. દર વર્ષે નાનાં બાળકોને લઈને ગીરમાં કેમ્પ કરવાનું થતું, ત્યારે ત્યાં ગીર વનવિભાગના એક ઓફિસર હતા શૈલેન્દ્ર સિંહા. સિન્હા સાહેબ દર વર્ષે કહેતા કે 'તમે કેમ્પ કરો છો પણ કંઈક ફીડબેક કે, સૂચનો આપતા નથી. તમારા સૂચનો ગીર અને જંગલ ખાતાને ઉપયોગી થાય.' પછી તો કેમ્પ અમુક વર્ષ પછી કરવાના પણ બંધ કરી દીધા. એમાં એકવાર સમાચાર આવ્યા કે સિન્હા સાહેબ ગુજરી ગયા. આ સમાચાર મળતા મને સિંહ સાહેબનું લેણું યાદ આવ્યું કે, કંઈક ગીરને ઉપયોગી થાય એવું કરવું.

હું ગીરમાં રહેવા લાગ્યો. શરૂઆતમાં શું કરવું કે લખવું એવી કોઈ દિશા નહોતી મળતી. પણ એમાં એક બે પ્રસંગો એવા બન્યા કે જેમાં એકવાર રખડતા એક નેસડામાં એક ઝૂંપડાની બરાબર ઉપર એક ઝાડ નમેલું હતું. મેં ઝૂંપડામાં રહેતા માડીને કહ્યું 'આ ઝાડ નીચે ઘરના બધાય રહો છો. આ તો ગમે ત્યારે પડશે.'

એ માડીએ કહ્યું 'એમ નો પડે... ઝાડને ખબર હોય નીચે માણહ રે'સે... 'અને બસ અહીંથી દિશા મળી. આ ભૂમિમાં રહેતા લોકોનો સમાજ, પ્રકૃતિ અને સિંહ જેવા પ્રાણી સાથેનો એમનો નાતો. રખડતા-રઝળતા એના અનુભવો લેતો ગયો અને એમાંથી સાહિત્ય કૃતિ 'અકૂપાર' જન્મી'

એ માડીએ કહ્યું 'એમ નો પડે... ઝાડને ખબર હોય નીચે માણહ રે'સે... 'અને બસ અહીંથી દિશા મળી. આ ભૂમિમાં રહેતા લોકોનો સમાજ, પ્રકૃતિ અને સિંહ જેવા પ્રાણી સાથેનો એમનો નાતો. રખડતા-રઝળતા એના અનુભવો લેતો ગયો અને એમાંથી સાહિત્ય કૃતિ 'અકૂપાર' જન્મી.'

ગુજરાતી સાહિત્યને તત્ત્વમસી, સમુદ્રાન્તિકે, અકૂપાર, તિમિરપંથી, કર્ણલોક જેવી અનોખી નવલકથાઓથી રળિયાત કરનાર લેખક ધ્રુવ ભટ્ટે 'અકૂપાર'ના સર્જન બીજ માટે ઉપરોક્ત પ્રસંગ નિમિત્ત ગણાવ્યો છે. માત્ર સર્જકને જ નહીં આપણને પણ સહજ રીતે કોઈ અજાણી વ્યક્તિ કે પ્રસંગથી અનુભવાતી કોઈ સંવેદના હલબલાવી શકવી જોઈએ.

ખરેખર એવું બનતું જ હોય છે કે, આપણે જેમને અભણ, ગરીબ કે ગમાર ગણતા હોઈએ છીએ, ક્યારેક તેઓ આપણને સંસ્કાર અને સંસ્કૃતિ કોને કહેવાય તે શીખવાડી જતા હોય છે. તેઓએ નથી કોઈ તત્ત્વજ્ઞાન કે વેદો અને ઉપનિષદો વાંચ્યા કે નથી કથા-પ્રવચનો-સત્સંગની સરવાણી ઝીલી.

તમે અંતરિયાળ ગિરનારના જંગલમાં રહેતા પરિવારો અને મિત્રો જોડે પરિક્રમા કરતા હો અને કોઈ મઢી કે ઝૂંપડું માર્ગ પર આવે ત્યારે સામે ચાલીને જ ઝૂંપડામાં વસતા માથે ફાળિયું બાંધેલા, મેલા ઘેલા ગામઠી ભાઈ તેમના પીળા દાંતથી તમે અત્યાર સુધી ક્યારેય આટલી આત્મીયતા ના અનુભવી હોય તેવું સ્મિત આપતા કહેશે કે 'બેહો, થોડો પોરો ખાવ (વિરામ લો) 'તમે થાકી ગયા છો. ભાઈ ચાર કિલોમિટર ચાલીને લાવેલ માટલાનું પાણી તમારી સામે ધરી દે છે. ઝૂંપડીમાંથી હવે વધુ એક વ્હાલભર્યો આવકાર આપતો અવાજ આવે છે કે 'પી લો... તમારા શહેરમાં આવું મીઠું પાણી નઈ મળે.'

આપણા ગ્રૂપમાંથી શહેરીવૃત્તિ બહાર લાવતા કોઈ ગણગણાટ કરશે કે 'ચા મળે તો જમાવટ થઇ જાય.' ઝૂંપડીમાં રહેતા પરિવારના કાન પર ચા શબ્દ પડે તે જ પ્રત્યાયન તેઓ માટે પૂરતું હતું.

તેઓ અંદરોઅંદર મુંઝાય છે. ચહેરા પર નિરાશા ડોકાતી જોઈ શકાય છે. 'પાંચ -પંદર મિનિટ વિહામો લો. ત્યાં સુધીમાં તમારા સૌનો થાક ઉતારી જાય તેવી ચા થઇ જાહે ' તેમ કહી ભાઈ ઝૂંપડીની બહાર જાય છે. બેન લાકડા સળગાવી અગ્નિ પ્રગટાવે છે. ભાઈ તેમની ઝૂંપડીવાળીને (ઘરવાળી તો કહી શકાય તેવી ભૌતિકતા તેઓ નહોતા ધરાવતા) હાથમાં કંઈક આપે છે. થોડી મિનિટોમાં તો ગ્રૂપના તમામ ૧૦ પ્રવાસીઓને કાંસાની રકાબી હાથમાં પકડાવી ભાઈ ધગધગતી તપેલીમાંથી ગરમાગરમ ચા પીરસવા માંડયા.

ભાઈએ સહેજ ઝંખવાણા થઈને કહ્યું કે 'દૂધ નહોતું .. નેસડો થોડો દૂર છે અને ચાની ભૂકી કે પડીકું રોજ અમને પરવડે પણ નહીં. તમે દૂધ અને ચાની ભૂકી વગરની આ ચા પી જુઓ જામો પડી જાહે ..' ચાના ઘૂંટ માંડતા જ લિજ્જતથી સૌના મસ્તિષ્કમાં ઊર્જાનું મોજું ફરી વળ્યું . 'અદભુત. શેની બનાવેલ છે ?' તેવો પ્રશ્ન

વાતાવરણમાં ફરી વળ્યો. ભાઈએ કહ્યું કે 'તમે ચાની ઈચ્છા કરી એથી અમે પહેલા તો ખુબ દુખી થયા કે અમે તમે પીવો છો તેવી ચા નહીં આપી શકીએ. પણ તમને મજા પડે તેવી ચાની અમને ખાતરી હતી.

અમે લીંબુના ઝાડના પાંદડાની ચા તમને પિવડાવવાનું નક્કી કર્યું. પાંદડાને ઉકાળી તેમાં ગોળ અને થોડું નમક નાંખ્યું છે.' ખરેખર આવી ચાનો અનુભવ 'વાહ તાજ' કરતા કમ નહોતો. તેનાથી પણ વિશેષ પ્રકૃતિ અને નયનરમ્ય ગીરના જંગલની ગોદમાં ભારે થકાન અનુભવતા હતા ત્યારે આ ચા - પાણી, વિશ્રામ અને આતિથ્ય અનુભવી બધાની આંખો ભીની થઇ ગઈ. ગ્રામ્ય દંપતીનો આ બિનશરતી પ્રેમ હતો. ભવિષ્યમાં એકબીજાને ફરી ક્યારેય મળવાના નહોતા તે ખબર હતી.

સવારના નવેક વાગ્યાનો સમય હતો. હજુ જંગલમાં શહેરી સભ્યતા પ્રમાણે ટ્રેકિંગ કરવાનું હતું. 'આવજો રામ રામ' સાથે વિદાય લીધી. ઝૂંપડામાંથી બેન અંદરથી કંઈક યાદ આવ્યું હોય તેમ બહાર આવ્યાં અને તેમનો અવાજ સંભળાયો કે 'બપોરના જમવા ટાણે અહીંથી જ પરત ફરવાના હો તો રોટલા તૈયાર રાખું.'

અંદરખાનેથી ગ્રૂપમાંના સૌનું શહેરી માનસ શરમથી ખુલ્લું પડી ગયું હતું. બધાં એક પ્રકારનું છોભીલાપણું અનુભવતા હતા. શહેરમાં તો એવી ચાલાકી પણ પ્રવર્તે છે કે, નિકટના આદરણીય સ્વજન વર્ષમાં બે વખત ઘેર આવતા હોય તેને પણ ચાની એકાદ વખત ઓફર કરતા મહેમાન 'ના ના ચાલશે' તે પ્રકારનો વિવેક બતાવે તે સાથે તરત જ 'બીજી વખત ચા વગર નહીં જવા દઉં હો' તેમ ઝડપથી કહી ચાના વ્યવહાર પર ઠંડું પાણી રેડી દેવાતું હોય છે.

ઘણા તો અગાઉથી નક્કી કરીને શુભ પ્રસંગની વેળાએ કોઈ સ્નેહીને ઘેર ગયા હોઈએ તો મોં મીઠું કે નાસ્તો કરાવવાનું હોય તેની જગાએ છાશ પિવડાવી દેતા. મહેમાનગતિના સંસ્કાર છાજલીએ ચઢાવી દે છે. ભદ્ર, સાક્ષર અને કહેવાતા સંસ્કારી સમાજના દંભ અને ઘસાતાં મૂલ્યો સામે આ અંતરિયાળ ગ્રામજનો અરીસો ધરે છે. જો કે તેઓનો એવો કોઈ ઈરાદો નથી. તેઓએ તો ક્યારેય શહેરની મતલબી બનતી જતી સંસ્કૃતિનો પરચો પણ નથી મેળવ્યો. પરચો મેળવ્યો હોય તો પણ તેઓ તેમના સંસ્કારથી બદલાય જાય તેવા નથી.

ભદ્ર, સાક્ષર અને કહેવાતા સંસ્કારી સમાજના દંભ અને ઘસાતાં મૂલ્યો સામે આ અંતરિયાળ ગ્રામજનો અરીસો ધરે છે. જો કે તેઓનો એવો કોઈ ઈરાદો નથી. તેઓએ તો ક્યારેય શહેરની મતલબી બનતી જતી સંસ્કૃતિનો પરચો પણ નથી મેળવ્યો

દિવાળી પછી કારતક મહિનાની ગિરનારની પરિક્રમા વખતે પણ માર્ગમાં આવતાં ગામડાઓનાં રહીશોના ઘર અને ઝૂંપડાઓ યાત્રાળુઓ માટે આખી રાત્રી રામરોટીની જેમ ધમધમશે.

સૌરાષ્ટ્રનો જ એક હૃદયસ્પર્શી પ્રસંગ યાદ આવે છે. હું થોડા વર્ષો પહેલાં મારા વતન જૂનાગઢથી અમદાવાદ શિયાળાની મોડી રાત્રીની ખાનગી બસમાં પરત આવી રહ્યો હતો. ઘેરથી નીકળ્યો ત્યારે જૂની બાંધણીના ફળિયાના ઘરમાં રાત્રે હૂંફાળું વાતાવરણ હતું, બસમાં રાત્રે ૧૧ વાગે બેઠો ત્યારે ઠંડો પવન અચાનક વધવા લાગ્યો. ઘરના સભ્યોએ કહેલું કે શાલ કે સ્વેટર લઈને જાવ. પણ સલાહ ગણકારી નહોતી. બસમાં સ્લીપિંગ કોચ હતો પણ બારી બગડી ગઈ હતી.બંધ કરીએ તો થોડી મિનિટોમાં જ ખૂલી જાય. બસ આગળ ધપતી ગઈ તેમ ઠંડી વધતી ગઈ. બારીને દબાવી રાખી પવનને રોકાતો હતો. બસ ત્રણેક કલાક બાદ ચા પાણી માટે ચોટીલાથી થોડી આગળ ઊભી રહી. હજુ અડધી મંજિલ કાપવાની હતી. ઠંડી હજુ વધશે તે વિચારે નક્કી કર્યું કે ચા ની કીટલીએથી રૂ માંગી લઉં જેથી કાનમાં પૂમડાં બનાવી ખોસી શકાય. ઠંડીમાં આ કારણે ખાસ્સી રાહત રહેશે. ગરમાગરમ ચા પીધા બાદ કીટલી પરના ભાઈ કે જે ચાને ઉકાળવામાં મસ્ત હતા તેમની પાસે રૂ માંગતા પૂછ્યું કે "ભાઈ થોડું રૂ હશે? ઠંડી છે તો કાનમાં ખોસી શકાય". માથે ફાળિયું બાંધેલા અને નજીકના ગામડામાં રહેતા હોય તેવા લઘરવઘર જણાતા તે ભાઈએ ચાની કીટલીમાંથી ધ્યાન હટાવ્યા વગર કહ્યું કે "ના ભાઈ રૂ તો ક્યાંથી હોય."ભારે નિરાશ અને ઠંડીની કલ્પના કરતી ધ્રુજારી સાથે મેં બસ તરફ હજુ થોડા ડગ જ માંડ્યા હશે ત્યાં તે કીટલીવાળા ભાઈએ હળવી બૂમ પાડી. "ભાઈ, ઊભા રહો." તેમ કહેતા તેમણે ધૂળ ચઢી ગયેલી પ્લાસ્ટિકની બરણીમાંથી દિવેટ કાઢીને મને આપી. દિવેટ ઘી વગરની હતી. રૂ ઝાઝું અને કાનમાં ઈયર ફોનની જેમ ખોસી દેવાય તેવી મઝાની દિવેટ બનેલી હતી.કીટલીવાળાએ કહ્યું"લો, આ ભગવાનને રોજ સવારે દીવો કરીએને તેની દિવેટ છે, મને થયું કદાચ આ તમને કામ લાગે તો." મેં શહેરી સભ્યતા બતાવતા કહ્યું "અરે આ તો બહુ સરસ... તમારી ભાવના

અને લાગણી બદલ આભાર.'' કીટલીવાળાને ખાસ રસ ન પડ્યો. મેં વળી વધુ ધન્યતા અનુભવતા વિવેક વ્યક્ત કર્યો કે ''દિવેટ તો મને બહુ કામ લાગશે પણ, તમને મનમાં ખટકો કે દોષની લાગણી નહિ થાયને કે ભગવાનને માટે બનાવેલી દિવેટ આવા ઉપયોગ માટે આપવી પડી.''

કીટલીવાળા ભાઈએ જે જવાબ આપ્યો તેણે મારી જીવનદષ્ટિ તો બદલી જ પણ ધાર્મિકતાની સમજ અને રખેવાળ તરીકે કહેવાતા ભદ્ર સમાજના નાગરિક તરીકેનું આડંબરી આવરણ પણ ઉતારી દીધું. તેણે કહ્યું ''ભાઈ જો આ રૂના પૂમડાથી તમારા કાનની ઠંડી ઓછી થતી હોય તો હું સમજીશ કે મારા સવારના બે દીવા થઇ ગયા. મોજ કરોને ભઈલા.'' મને તેનો જવાબ ઢંઢોળી ગયો. ભગવાનને માટે મંદિર જવું કે તેના ફોટા-મૂર્તિને ધૂપ દીવા કરવા તે જ નહીં અજાણ્યા માનવીને પણ સહાય કરવી તે જ પૂજા અને તે જ ભગવાન તેવું જ્ઞાન મને તે ગ્રામ્યજને આપ્યું.

''ભાઈ, આ બે દિવેટ કાનમાં ખોસવાથી તમને ઠંડીમાં રાહત થશે તો સમજોને ભગવાનને મારા બે દીવા થઇ ગયા. ગીરના નેસડામાં રહેતા માજીએ કહ્યું, ''એમ નો પડે... ઝાડને ખબર હોય નીચે માણહ રહે છે''

અંબાજી, ડાકોર કે પદયાત્રાના અવસરે માર્ગ પરથી પસાર થતા લાખો યાત્રાળુઓને ઠેર ઠેર પાણી, લીંબુ પાણી, ગરમ નાસ્તા, ભોજન સાવ મફતમાં પીરસાતું હોય છે. રસ્તા ગરીબો અને ભિક્ષુકોને ખીચડી-શીરો કે રોટલી -શાક વિતરણ કરવા જઈએ તો નજરે અનુભવ્યું છે કે જો કોઈ ભિક્ષુકને અગાઉ કોઈ દાતા ભોજન આપી ગયો કે તેની પાસે હાલના ટંકનું ભોજન પડ્યું હોય તો તે કહે છે કે ''ભાઈ, મારી પાસે તો આ ટંકનું છે તમે તે આગળ બીજાને આપો. હું સંઘરી રાખું અને આગળવાળો મારા લીધે ભૂખ્યો રહે તો પાપ લાગે. અત્યારે જેમ તમને ભગવાને મારી ભૂખ ઠારવા મોકલ્યા છે તેમ બેય ટંક ઉપરવાળો કોઈને મોકલતો રહેશે. ભિક્ષુકોની તુલનામાં આપણે કદાચ ભિક્ષુક કરતા પણ ઊતરતી માનસિકતા ધરાવતા હોઈશું. ભગવાન પર ખરી શ્રદ્ધા આપણને છે ખરી? એટલો સંગ્રહ કરી રાખીએ છીએ.

ઘરમાં કામ કરનારી બાઈ પણ તે જ્યાં કામ કરે છે તે મધ્યમ વર્ગના દંપતીને ફી ભરવા કે બીમારી વખતે પૈસાની ભીડ છે તે સાંભળી જશે તો કહેશે કે ''બેન મારી પાસે પાંચ હજારની બચત પડી છે હો, હાલ મારે તેની જરૂર પડે તેમ નથી.તમારે જરૂર હોય તો આપું.આપણે બે જણા જ જાણીએ.

હવે તો પરિચય જ ન હોય તો પણ મૃતક સ્વજનના અંગ દાન જરૂરિયાતમંદને આપનારાઓ છે.ગુજરાત બીજાને જિવાડી લેવાની ભાવનામાં ભારતમાં ઉદાહરણીય છે. છેલ્લે એક પ્રસંગ પણ યાદ કરવો જ રહ્યો.

સૌરાષ્ટ્ર ઉપરાંત ભૂજ-કચ્છની ભૂમિ પણ આવી દિલદાર છે.ધોરડો નજીક એક નાની દુકાનમાં હસ્તકળા અંતર્ગત કચ્છી બનાવટના વેશ પરિધાન બનાવી વેચતા એક સાવ સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવતા કારીગર દંપતીને થોડી ઘણી ખરીદી પૂરી થઈ તે પછી ખબર પડી કે તેમની દુકાનની મુલાકાતે આવેલ ગ્રાહક જાણીતા લેખક છે ત્યારે આ ગરીબ કારીગરે તેની સાથે રોમાંચિત થઈને ફોટો પડાવ્યો એટલું જ નહિ હજુ આ લેખક કંઇક વિચારે ત્યાં તો તેના ખભા ફરતે તેણે બનાવેલ કચ્છી લુંગી મૂકી દીધી.

લેખકે મૂંઝવણ અનુભવતા કહ્યું કે 'અરે ભાઈ આ શું કરો છો ?' ગરીબ કારીગર અને નાની દુકાનના પણ માલિક એવા કચ્છી માડુએ વિનંતીના અંદાજમાં જણાવ્યું કે 'સાહેબ,મારી પાસે શાલ નથી કે તેનાથી તમારા જેવાનું સન્માન કરું . પછી વિચાર્યું કે શાલ નહીં તો કઈ નહીં લુંગી ઓઢાડીને સન્માન કરવાની તક ઝડપી લઉં.' ભીની આંખો સાથે લેખકે કહ્યું કે 'મારે મન રાષ્ટ્રપતિ કરતાં પણ આ મોટું સન્માન છે'

ભારત દેશ ખરેખર તેના નાના માણસોથી મોટો અને ઉજળો છે.

એમ-૭૦૪, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,
મેમનગર, અમદાવાદ-૫૨
મો.-૯૮૯૮૯૮૮૦૧૪









Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.net


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



ગુજરાત
ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

ગુજરાતનું નંદનવન : નડિયાદ

- ડૉ. નરોત્તમ વાળંદ

ગુજરાતી પ્રથમ નવલકથાના લેખક નંદશંકરે ગુજરાતને ભારતના નંદનવન તરીકે વર્ણવ્યું ગુજરાતમાં આવીને ગુજરાતી તરીકે રહેલા મેજર જેમ્સ ફાર્બર્સે સાબરમતી અને મહી નદી વચ્ચેના પ્રદેશને રમ્ય વનરાજીથી શોભતો પ્રદેશ ગણ્યો છે. આ પ્રદેશને 'ચરોતર' તરીકે ઓળખવામાં આવે છે. 'ચરોતર' શબ્દ 'ચારુતર' (અર્થાત્ 'રમ્ય', 'મનોહર')માંથી આવેલો છે. નડિયાદ અને તેની આજુબાજુનો પ્રદેશ ચરોતરમાં ગણાય છે. એ રીતે નડિયાદને ગુજરાતનું નંદનવન કહેવામાં જરાય અતિશયોક્તિ નથી.

સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં રાજમાતા મીનળદેવીએ સોમનાથની યાત્રાએ નીકળ્યા ત્યારે, ગુજરાતના પ્રવાસ દરમિયાન, તેમણે નડિયાદના ડુમરાલ બજારમાં, સંતરામ ટાવર પાસે વાવ બંધાવેલી. તેના નિર્માણની મિતિ સંવત ૧૧૫૨ના વૈશાખ સુદ ત્રીજના દિવસની શિલાલેખમાં કોતરેલી છે. નડિયાદની વિશિષ્ટતા એ છે કે અહીં નવ વાવ, નવ તળાવ અને નવ દરવાજા છે.

સવાસો - દોઢસો વર્ષ પહેલાંનો એક સમય એવો હતો કે પ્રકાંડ પંડિતોની આગેવાની સાક્ષરતાની ઊંચાઈ સિદ્ધ કરનારી આ નગરી 'સાક્ષરનગરી' તરીકે વિશ્વવિખ્યાત બની હતી

નડિયાદના શબ્દનું મૂળ 'નટપદ્ર' કે 'નટીપદ્ર'માં રહેલું છે. નટ લોકોએ આ નગર વસાવ્યું હોવાનું મનાય છે. નડિયાદની રૂપા પારેખની પોળના દેરાસરની મૂર્તિ નીચે 'નટીપદ્ર' નામ છે, જે બતાવે છે કે 'નડિયાદ' એ નામે ઓળખાતું હશે. ઈ.સ. ૭૪૯થી માંડીને ૧૨૯૭ના અરસામાં એ અંગેના ઉલ્લેખો મળે છે. ઇ.સ. ૮૫૮ની આસપાસ ડાકોર રોડ પર આવેલા ભૈરવના મંદિર પાસેથી મળેલા અવશેષોને આધારે કહી શકાય કે નડિયાદ અહીં વસ્યું હશે. ઈન્દુલાલ યાજ્ઞિકે તેમની આત્મકથામાં લખ્યું છે કે છેલ્લી સદીમાં દેસાઈઓ અને નાગરોએ મળીને રાજકારણના ચમત્કારિક નટવિદ્યાના અજબ ખેલ મહાગુજરાતની રંગભૂમિ ઉપર ખેલ્યા હતા, એની કોણ ના કહેશે ?

સવાસો-દોઢસો વર્ષ પહેલાંનો એક સમય એવો હતો કે પ્રકાંડ પંડિતોની આગેવાની સાક્ષરતાની ઊંચાઈ સિદ્ધ કરનારી આ નગરી 'સાક્ષરનગરી' તરીકે વિશ્વવિખ્યાત બની હતી. ત્યાં એક સાથે નવ સાક્ષરોએ ગુજરાતભરમાં પોતાની સાહિત્યિક પતાકા ફરકાવી હતી. અર્વાચીન પૂર્વ, પ્રાચીન પૂર્વ અને અર્વાચીન પશ્ચિમની સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સાધતી મહાનવલ 'સરસ્વતીચંદ્ર (ભાગ-૧ થી ૪)'ના સર્જક ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ દ્વિવેદી, મનઃસુખરામ ત્રિપાઠી, અંબાલાલ જાની, ચંદ્રશંકર પંડ્યા, છગનલાલ પંડ્યા, ઝવેરીલાલ યાજ્ઞિક, દોલતરામ પંડ્યા અને બાલાશંકર કંથારિયા - એ સર્વે મોટા ગજાના નવ અને તેમાં બીજા કેટલાકનો ઉમેરો કરતાં અઢીસો જેટલા સાક્ષરોની જન્મભૂમિ કે કર્મભૂમિ નડિયાદ છે. ઝઘડિયા પોળમાં આવેલા ગોવર્ધનરામના ઘરને 'ગોવર્ધનરામ સ્મૃતિ મંદિર' તરીકે કલાત્મક રીતે વિકસિત કરીને જાળવી રાખવામાં આવ્યું છે તેમાં તેમની અંગત ચીજો ઉપરાંત 'સરસ્વતીચંદ્ર'ની લેમિનેટેડ હસ્તપ્રતો પણ કાળજીપૂર્વક સચવાયેલી છે. આ પોળમાં જ મહાગુજરાતના આંદોલનના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિકનો જન્મ થયો હતો.

મોગલ સત્તા દરમિયાન ઈ.સ. ૧૯૪૧માં કુત્બુદ્દીન જ્યારે તખ્તનશીન થયોત્યારે નડિયાદ તેના તાબામાં હતું. ત્યાં તેણે કચેરી સ્થાપેલી. આજે તે મોગલકોટ તરીકે જાણીતી છે. મોગલો પછી ગાયકવાડ આવ્યા અને તે પછી અંગ્રેજો આવ્યા. એ વખતે શહેરની ઊંચી સપાટી પર કોટ બાંધવામાં આવ્યો હતો. અંગ્રેજ-શાસન દરમિયાન ઈ.સ. ૧૮૫૦થી ૧૯૦૦ દરમિયાન નડિયાદ ગુજરાતની સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનું કેન્દ્ર બની રહ્યું હતું. અંગ્રેજી સત્તા સ્થિર થતાં મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં યુનિવર્સિટીઓની સ્થાપના દ્વારા ઉચ્ચ શિક્ષણ શરૂ થયું. એ દ્વારા પરોક્ષ રીતે ગુજરાતમાં અને તેમાંયે ખાસ કરીને સુરતમાં સુધારાની ચળવળ શરૂ થઈ. એ સમયે નડિયાદ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું સંરક્ષણ કેન્દ્ર બન્યું હતું.

આઝાદી પહેલાં નડિયાદ વેપારનું મથક હતું. આજુબાજુનાં પરગણાંનાં ગામો અને દૂર દેશાવર સાથે તેનો


ગોવર્ધનરામ ત્રિપાઠી


મણિલાલ નભુભાઈ દ્વિવેદી


મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી. જે.

બહોળો વેપાર ચાલતો હતો. નડિયાદથી કપાસ, બાસ્તાનું જાડું કાપડ, મલમલ, દોરડાં, વાસણ અને તમાકુની નિકાસ થતી. કંસારાવાડમાં તાંબા-પિત્તળનાં વિવિધ વાસણોના ઘડતરનું કામ ચાલતું અને વેચાણ પણ થતું. ગુજરાતમાં નડિયાદ ૧૩મા નંબરનું શહેર ગણાય છે.

દેશી રજવાડાઓના એ યુગમાં નડિયાદના ચાર મિત્રો મનઃસુખરામ ત્રિપાઠી, મણિભાઈ જશભાઈ, હરિદાસ વિહારીદાસ દેસાઈ (ભાઉ સાહેબ) અને રણછોડભાઈ ઉદયરામની મંડળીએ પોતાની આવડત અને મુત્સદ્દીગીરીના જોરે મુંબઈથી કચ્છ સુધીનાં રડવાડાંઓમાં સત્તા ભોગવી હતી. ઈન્દુલાલ યાજ્ઞિકે નોંધ્યું છે તેમ, મનઃસુખરામ અને હરિદાસની લાગવગનો લાભ લઈને નડિયાદના અનેક દેસાઈઓ અને નાગરો રજવાડાંઓમાં પ્રવેશીને શ્રીમંત બની ગયા. એ રીતે લક્ષ્મી, સરસ્વતી અને રાજસત્તાનો વૈભવ તેમણે ભોગવ્યો. મહાગુજરાતની ચળવળના પ્રણેતા ઈન્દુલાલ યાજ્ઞિક એક સમયે તો જનતાના એવા મોટા લોકપ્રિય નેતા હતા કે તેમની અને વડાપ્રધાન જવાહરલાલ નહેરુની સમાંતર સભા યોજાતી ત્યારે ઈન્દુલાલની સભામાં માનવમહેરામણ ઘૂઘવતો હતો. ઉમાશંકર જોશીએ તેમની ઓળખાણ ચાર શબ્દોમાં આપી હતી ! 'શ્રીમંત નગરીના ફકીર નેતા !'

દેશી રજવાડાઓના એ યુગમાં નડિયાદના ચાર મિત્રો મનઃસુખરામ ત્રિપાઠી, મણિભાઈ જશભાઈ, હરિદાસ વિહારીદાસ દેસાઈ (ભાઉ સાહેબ) અને રણછોડભાઈ ઉદયરામની મંડળીએ પોતાની આવડત અને મુત્સદ્દીગીરીના જોરે મુંબઈથી કચ્છ સુધીનાં રડવાડાંઓમાં સત્તા ભોગવી હતી

વર્તમાન સમયમાં પણ નડિયાદે એનું તેજ ગુમાવ્યું નથી. 'મોગલે આઝમ' ફિલ્મના લોકપ્રિય ગીત 'મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે' ગીત નડિયાદના રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે લખ્યું છે. રાજકપુરની 'બોબી' ફિલ્મમાં 'જૂઠ બોલે કૌઆ કાટે' ગીત કવિ વિઠ્ઠલભાઈ પટેલે આલેખ્યું છે. ગુજરાતના પ્રસિદ્ધ હાસ્ય લેખક બકુલ ત્રિપાઠી પણ નડિયાદનું ફરજંદ હતા. જશવંત ઠાકર, મગનભાઈ દેસાઈ, દી.બ. ગોવિંદભાઈ દેસાઈ, પ્રબોધ પરીખ - એ બધાની જન્મભૂમિ કે કર્મભૂમિ નડિયાદ હતી. કવિ ન્હાનાલાલે સાચું જ કહ્યું છે કે 'ગુજરાત આખું નડિયાદને આંગણે સાક્ષરતાને શોધતું હતું.' 'નડિયાદનો અક્ષર દેહ' એ પુસ્તકમાંથી, અ.સૌ. ડાહીલક્ષ્મી લાયબ્રેરીમાં યોજાયેલ પ્રદર્શનમાંથી એનો પુરાવો મળી રહેશે.

નડિયાદને આંગણે પધારેલા મહેમાનોની યાદી પણ જેવી તેવી નથી. સહજાનંદ સ્વામી, ભિક્ષુ અખંડાનંદ, સ્વામી દયાનંદ સરસ્વતી, રવીન્દ્રનાથ ઠાકુર, ગાંધીજી, સ્વામી વિવેકાનંદ, સુભાષચંદ્ર બોઝ તથા શ્રીમદ્ રાજચંદ્રજીએ નડિયાદનું આતિથ્ય માણ્યું છે.

એક સાધુપુરુષ પરિભ્રમણ કરતાં કરતાં નડિયાદની ભૂમિ પર આવ્યા અને અહીં અટક્યા. તેમનું નામ સંતરામ મહારાજ. અહીં એક ખેતરમાં આવેલા રાયણના વૃક્ષની બખોલમાં રહી નિવાસ કર્યો. આ સ્થળ આજે 'દેરી' તરીકે પ્રખ્યાત છે. સમય વીતતો જતો હતો, લોકોની શ્રદ્ધા વધતી જતી હતી એટલે અહીં એક મંદિર બંધાયું અંદાજે ૨૧૫ ચોરસ ફૂટના ઘેરાવામાં મંદિર પથરાયેલું છે. આરાસુરની ખાણોના સંગેમરમર પથ્થરો અને રાજસ્થાનના ભરતપુર જિલ્લાની ખાણોમાંથી લાલ પથ્થરો તેમાં વપરાયેલા છે. ચાર મજલાની સુસજ્જ અને ૭૫ ફૂટની ઊંચાઈને સર કરતા શિખરબંધ મંદિરના ચણતર માટે ૧૨૦૦ ટન કરતાં વધારે લાલ પથ્થર અને ૮૦૦ ટન જેટલા દૂધિયા આરસના પથ્થર વપરાયા છે. સંતરામ મહારાજના નિર્વાણ બાદ વિવિધ સંતોએ દાનની સરવાણીથી મંદિરને નવા સાજ સજાવ્યા. મહારાજશ્રી ધનનો સંચય કરવાની વિરુદ્ધ હતા. આજે પણ મંદિર આકાશવૃત્તિથી ચાલે છે.

સંવત ૨૦૫૩ના વૈશાખ સુદ આઠમને તા. ૨૯-૪-૧૯૯૬માં મંદિરના સાતમા મહંત જાનકીદાસની સમાધિ વખતે મંદિરના નવનિર્માણનો પ્રારંભ કરાયો. મંદિરના પ્રવેશદ્વાર પાસે મોટું ચોગાન આવેલું છે. મંદિરમાં પ્રવેશતાં અગાઉના મહારાજોનાં સમાધિસ્થાન આવેલાં છે.

મંદિરના મુખ્ય શિખરની નીચે શ્રી સંતરામ મહારાજની ગાદી આવેલી છે. મુખ્ય ગાદીની પાસે તુલસીક્યારો આવેલો છે. મંદિરના વિશાળ પટાંગણમાં મંત્રકૂપ બનાવવામાં આવેલો છે. બાજુમાં વર્તમાન મહંતની ગાદી આવેલી છે. મંદિરની પાછળના ભાગે ભારતભુવન બાંધેલું છે. ત્યાં નિયમિત રીતે સંતો દ્વારા ભજન-કીર્તન થાય છે. ઉપરના માળે બહારગામથી આવતા સંતોને ઉતારો આપવામાં આવે છે. પાછળના ભાગે 'બાવળી' નામે ઓળખાતી જગામાં ભગવાનનાં પગલાં પ્રતીક રૂપે મૂકાયાં છે. સંતરામ મહારાજે મંદિરની બહાર જવું નહિ એવો નિયમ





ભાઈલાલ પટેલ (ભાઈકાકા) ઇન્દુલાલ યાજ્ઞિક (ઇન્દુચાચા)

રાખવામાં આવેલો છે.

નડિયાદમાં બીજું પ્રખ્યાત સ્થળ છે તે 'માઈ મંદિર' છે. દક્ષિણ ભારતનાં મંદિરો કલાત્મક શિલ્પ-સ્થાપત્યથી ભરપૂર અને જમીન પર પહોળાં પથરાયેલાં છે. ગુજરાતમાં પણ કલાવૈભવથી શોભતાં આવાં ઘણાં મંદિરો છે, પરંતુ ૧૯૯૭માં બનાવાયેલું નડિયાદનું 'માઈ મંદિર' આકાશ તરફ વધ્યું છે. આ માઈ મંદિર 'આદ્યપીઠ કેશભવાની મંદિર' નામથી પ્રખ્યાત છે. કમ્પાઉન્ડમાં પ્રવેશતાં બન્ને બાજુ મોકળાશભર્યા વાતાવરણમાં બે ડિઝાઈનના ઊંચાઈ ધરાવતા ગોખ અને તેમાં નાની મૂર્તિઓ નજરે પડે છે. અંદર આરતી વખતે રણકાર કરવાના સમયે : ઘણા ઘંટ લટકાવેલા છે. ત્યાં માતાજીની ત્રિમૂર્તિઓ પધરાવેલી છે. એને 'શ્રી માઈ મોક્ષધામ' મુખ્ય મંદિર તરીકે ઓળખવામાં આવે છે.

મંદિરના બહારના ભાગે આરસના પથ્થર પર ચંડીપાઠના શ્લોકો કોતરવામાં આવ્યા છે. આસો મહિનાની પૂનમના દિવસે પાટોત્સવ ઉજવાય છે. મુખ્યમંદિરની સામે જ જુદા પ્રકારની ઊંચાઈવાળું મંદિર છે, તે 'ગુરૂમંદિર' તરીકે ઓળખાય છે. ત્યાં કેશવ મહારાજની મૂર્તિ, ચરણપાદુકા છે. એના નીચેના માળે ઉપાસના ગૃહ આવેલું છે. પરંપરા અનુસાર આ ધર્મપીઠમાં દર વર્ષે ચાર નવરાત્રિ દરમિયાન નવદુર્ગામાની સ્થાપના, જાગ, અખંડ દીપ તથા ગરબાનો કાર્યક્રમ યોજાય છે. માગશર વદ બીજના દિવસે 'પ્રાગટ્ય દિન'નો ઉત્સવ થાય છે.

નડિયાદની બીજી ઓળખ 'જય મહારાજ'ના ગામ તરીકેની છે. આજથી ૧૮૦ વર્ષ અગાઉ દત્તાત્રેય સ્વરૂપ યોગીરાજ અવધૂત સંતરામ મહારાજ અહીં વસવાટ કરીને અધ્યાત્મિક જ્યોતિનો પ્રકાશ પાથર્યો હતો

અહીં ઊંચા મંદિરના માળે માળે ૨૧ મંદિરો આવેલાં છે. જેમાં એકાદશ રુદ્ર, ભગવાન પશુપતિનાથ, પીપળાના પાન પર શય્યા કરતા ભગવાન બાલમુકુન્દ બાલસ્વરૂપમાં, એ ઉપરાંત મહાકાળી, સરસ્વતી, મહાલક્ષ્મી, અન્નપૂર્ણા, મહિષામર્દિની વગેરે ૧૦૮ દેવીઓ, ૫૧ શક્તિપીઠ દર્શન તથા ૬૪ યોગિની દર્શન, આમ એકી સાથે ૨૫૧ જેટલાં દેવ-દેવીઓ આ 'શ્રી માઈ ધર્મ આદ્યપીઠ'માં સ્થપાયેલા છે. આ 'માઈ મંદિર' એની ઊંચાઈ અને ધાર્મિક મહત્ત્વને કારણે પ્રખ્યાત બન્યું છે.

નડિયાદની બીજી ઓળખ 'જય મહારાજ'ના ગામ તરીકેની છે. આજથી ૧૮૦ વર્ષ અગાઉ દત્તાત્રેય સ્વરૂપ યોગીરાજ અવધૂત સંતરામ મહારાજ અહીં વસવાટ કરીને અધ્યાત્મિક જ્યોતિનો પ્રકાશ પાથર્યો હતો. પરિણામે નડિયાદ તીર્થભૂમિ બની ગઈ. આ સંતરામ મહારાજે 'સુખસાગર'ના ઉપનામથી જ્ઞાનભક્તિનાં ઉત્તમ પદો રચ્યાં છે. તેમન પરંપરાના અન્ય કવિઓએ પણ આવાં પદો આપ્યાં છે. ગુજરાતમાં આ એક એવું શહેર છે કે જ્યાં બે વ્યક્તિઓ સામસામે મળે ત્યારે બે જ શબ્દો બોલે : 'જય મહારાજ' આ અભિવાદન દ્વારા આ શહેર શ્રી સંતરામ મહારાજને નિત્ય સ્મરી રહ્યું છે.

નડિયાદની મુલાકાતે આવનારને સૌ પ્રથમ સંતરામ મંદિર જોવાનું મન થાય. ત્યાં અનેક ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓ થાય છે. સગર્ભા સ્ત્રીઓ માટે ગર્ભસંસ્કાર કેન્દ્રથી લઈને બાળકો માટે શાળા અને પુસ્તકાલય, યુવાનો માટે રમતનું મેદાન, કન્યા વ્યાયામ મંદિર, વડીલો માટેનું વિશ્રાન્તિ ગૃહ, આરોગ્ય શિબિર, સાધુઓ અને ગરીબો માટે ભોજનાલય - એમ માણસને આખા આયુષ્યમાં જરૂરી તમામ સુવિધા સંતરામ મંદિરના એક દ્વારથી બીજા દ્વાર વચ્ચે મળી રહે છે વિવિધ તહેવારોની ઉજવણી પણ અહીં થાય છે. લગ્ન પ્રસંગો પણ અહીં ઉજવાય છે. માઘ માસની પૂનમે સંતરામ મંદિરમાં મોટો મેળો ભરાય છે. ત્યાં માનવ મહેરામણ ઉમટે છે અને સાકરનો પ્રસાદ વહેંચાય છે. નડિયાદ આધ્યાત્મિકતાની ડૂબકી લગાવીને ભૂતકાળની ભવ્યતાની યાદ અપાવે છે.

શહેરના અન્ય ધાર્મિક-આધ્યાત્મિક સ્થળોમાં સંતરામ સમાધિસ્થાન પ્રાચીન સોમનાથ મંદિર, સ્વામિનારાયણ મંદિર, અજિતનાથ - આદિનાથ જિનાલય, સુપાર્શ્વનાથ જૈન મંદિર ઉપરાંત ચર્ચ અને મસ્જિદનો સંગમ થયેલો જોવા મળે છે.

નડિયાદમાં ભાઉસાહેબની હવેલીનો ઉલ્લેખ તો અચૂક કરવો જ જોઈએ. 'ભાઉસાહેબ' તરીકે વર્ષોથી વિખ્યાત એવા ૧૮૮૫માં જન્મેલા શેઠ વિહારીદાસ અજુભાઈ દેસાઈ બાપદાદાના સમયથી જમીનદાર હતા. મોગલ રાજ્ય અને બ્રિટિશ રાજ્યના સમયમાં એમના બે દીકરા હરિદાસ અને બેચરદાસ જૂનાગઢ સ્ટેટમાં દીવાનપદે હતા.





આ સુપ્રસિદ્ધ હવેલીનું મકાન ૯૦૦૦ ચો.મીટરમાં પ્રસરેલું છે. હવેલીમાં ૨૪૯ ખંડ છે. ઈ.સ. ૧૭૮૩માં ભાઉસાહેબના દાદાએ

આ હવેલી બંધાવવી શરૂ કરેલી, તે ૧૯૦૨માં પૂરી થઈ ત્યારે પાંચ ભાઈઓ વચ્ચે હવેલીના પાંચ ભાગ પડી ગયા. નડિયાદ જેવા નગરમાં તો એ રાજમહેલ જ ગણાય.

હવેલીમાં બધી જગાએ કાષ્ટ, પિત્તળ અને સ્ટીલનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. છતથી માંડીને ઓરડાની તથા ચોકની દીવાલો પર લાકડાની મનોહર કલાત્મક કોતરેલી પૂતળીઓ ઠેર ઠેર જોવા મળે છે. ભાઉસાહેબ પોતે જ રંગરસિયા હતા એટલે હવેલી એક રાજમહેલ જેવી બની ગઈ.

૧૮૫૭ના બળવા વખતે તાત્યાટોપેનો અહીં મુકામ હતો. સ્વામી વિવેકાનંદે ૧૮૯૨માં અહીં રોકાણ કરીને પ્રવચન કર્યું હતું. ખેડા સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી અહીં રોકાયા હતા અને સભાને સંબોધી હતી. એ રીતે જોતાં આ હવેલી ઐતિહાસિક છે.

અત્યારે ભાઉસાહેબના ૫૦ વારસદારોમાંના એક શ્રી વીરેન્દ્રકુમાર આ હવેલીમાં રહે છે. પાંચ દીકરાઓમાંના દરેકને ભાગે ૫૦-૫૦ રૂમ વારસામાં મળ્યા છે અને તેઓ હવેલીની સંભાળ રાખે છે. હવેલીના છેક ઉપલા મજલાની ચારે દિશાઓ તરફ આવેલી બારીઓમાંથી જુઓ તો સમગ્ર નડિયાદનું વિહંગદર્શન થાય તેમ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ વિખ્યાત 'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની રચના જે સ્થળે કરી હતી તે આજે પણ એની રચનાભૂમિ તરીકે સરસ રીતે સચવાયેલું છે. આ ઉપરાંત અંબાઆશ્રમ, વેદાન્તભૂમિ, 'પૂજ્ય મોટા' તરીકે ઓળખાતા આધ્યાત્મિક પુરુષ ચુનીલાલ આશારામ ભાવસારના જન્મસ્થાન નડિયાદમાં તેમણે સ્થાપેલો 'હરિઓમ' આશ્રમ, વિખ્યાત કથાકાર કૃષ્ણશંકર શાસ્ત્રી પણ આ શહેરમાં જન્મેલા, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલનું જન્મસ્થળ પણ નડિયાદ, તેમનું વતન કરમસદ પણ મોસાળ નડિયાદ. અહીંના દેસાઈ વગામાં આવેલા મોસાળ નિવાસે તેમનો જન્મ થયેલો. તેમનું પ્રાથમિક શિક્ષણ પણ નડિયાદની શાળામાં થયેલું. વીર વિઠ્ઠલભાઈ પટેલનું પણ નડિયાદ જન્મસ્થળ છે.



નડિયાદે વિદ્યાનગરી તરીકે પણ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. અ.સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકાલય સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર ગણાય છે. નડિયાદમાં આર્ટ્સ અને સાયન્સની, આયુર્વેદના અભ્યાસની, નર્સિંગ કોર્સની, બધિર બાળકોની, ફાર્મસીની એમ અનેક શાળાઓ અને કોલેજો દ્વારા શિક્ષણ અપાય છે. નડિયાદમાં ધર્મસિંહ યુનિવર્સિટી પણ સ્થપાઈ છે. તેના વાઈસ ચાન્સેલર ડૉ. એચ. એમ. દેસાઈને શિક્ષણક્ષેત્રે ઉત્તમ કાર્યસેવા કરવા બદલ ગઈ તા. ૨૬-૧-૨૦૨૦ના રોજ ભારત સરકારે 'પદ્મશ્રી'નો ઇલકાબ આપીને નવાજ્યા છે.

ઈ.સ. ૧૯૧૭ના વર્ષમાં અતિવૃષ્ટિના કારણે ખેતરના પાક નિષ્ફળ જતાં ખેડૂતોએ અંગ્રેજ સરકારને જમીન મહેસૂલ માફ કરવાની અરજીઓ કરી પણ સરકાર માની નહિ. એ વખતે ગાંધીજીએ ખેડૂતોની વહારે આવી 'નાકર'ની લડત ઉપાડી. લડતનું કાર્યાલય નડિયાદના હિન્દુ અનાથાશ્રમમાં હતું. તેને 'સત્યાગ્રહ મંદિર'નું નામ અપાયું હતું. અહીં ગાંધીજી અને સરદાર પટેલ સાથે રહીને લડતનું સુકાન સંભાળતા હતા.

ઈ.સ. ૧૯૩૦ની દાંડીકૂચ વખતે તા. ૧૫ મી માર્ચની સાંજે ગાંધીજી તેમના સાથીદારો સાથે નડિયાદ આવ્યા હતા અને સંતરામ મંદિરમાં યોજવામાં આવેલી સભામાં ગાંધીજીએ જંગી મેદની જોઈને કહ્યું હતું કે 'અહીં મેં ઘણી સભા સંબોધી છે, પરંતુ અગાઉ ક્યારેય હકડેઠઠ ભીડ જોઈ નથી.' નડિયાદની આ સભાની યાદગીરી રૂપે અહીં તકતી લગાવેલી છે.

આજે જે. કે. માલ્ટ કંપની નડિયાદમાં મહત્ત્વનો ઉદ્યોગ ગણાય છે. ભારતના અગ્રણી માલ્ટ સપ્લાયર્સમાં એની ગણના થાય છે. સીમા ફેકટરી અને ન્યૂ શોરોક મિલ ઔદ્યોગિક પ્રતિનિધિત્વ કરે છે. એ ઉપરાંત મફતલાલ મિલ્સ, ઈપ્કો અને જીઆઈડીસી ઉદ્યોગો પણ અહીં પાંગર્યા છે.

ગુજરાતમાં એક કહેવત છે કે 'નાડા માટે નડિયાદ જવું?' એટલે કે 'નાની સરખી બાબતે મોટો પરિશ્રમ ઉઠાવવો?' અનો જવાબ 'હા' પણ હોઈ શકે. કહેવતમાં થોડોક ફેરફાર કરીને કહી શકાય કે 'નાડા' માટે નહિ, પણ 'નાણાં' માટે નડિયાદીઓ વિદેશ જાય છે. નડિયાદની પ્રજા ખંતીલી છે. તેનામાં એક પ્રકારનું મળતાવડાપણું છે. દેશમાં કે વિદેશમાં જ્યાં જાય ત્યાં સ્થિરતા પ્રાપ્ત કરી લે છે. થોડીક અગવડ પડે તો પણ ચલાવી લેવાની એનામાં ટેવ છે. વિદેશોમાં ચરોતરની અને ખાસ કરીને નડિયાદની પ્રજાએ ડંકો વગાડ્યો છે. નડિયાદમાં આજે ઘણા ખરાં ઘર બંધ છે, તાળાં લાગેલાં છે. વર્ષે બે વર્ષે ઘરના લોકો વિદેશથી અહીં આવીને ઘરની સફાઈ કરીને, થોડા મહિના રહીને, પાછા વિદેશ ચાલ્યા જાય છે. નડિયાદની કેટલીક સામાન્ય ભણેલી મહિલાઓ વિદેશમાં મોટેલો ચલાવે છે ! નોકરીની સાથોસાથ પોતે પણ પરિશ્રમ કરીને સારી કમાણી કરી લે છે અને લહેરથી ત્યાં વર્ષો ગાળે છે !

૮, પ્રીતમ સોસાયટી-૧, ભરૂચ-૩૯૨૦૦૨
ફોન-(૦૨૬૪૨) ૨૨૯૬૬૩

માનવજાતની સંસ્કાર-મૂડી : ઈસપકથાઓ

- યશવંત મહેતા

એક ગુલામ વિશેની પ્રસંગકથા વારંવાર કહેવાઈ છે અને એકથી વધારે વ્યક્તિઓને વિશે કહેવાઈ છે.

એ ગુલામ એક લશ્કરી સરદારનો ખરીદેલો હતો.

આ સરદારે એક વાર આ ગુલામને હુકમ કર્યો, 'જા, પેલા ઉત્તર બાજુના ખેતરમાં ઘઉં વાવી આવ.'

ગુલામ ઉત્તર બાજુને ખેતરે ગયો તો ખરો, પરંતુ ત્યાં એણે ઘઉંને બદલે બાજરી વાવી !

આ વાતને થોડાં અઠવાડિયાં થયાં. સરદાર ફરતો ફરતો પેલે ખેતરે ગયો. ત્યાં એણે બાજરી ઊગી નીકળેલી જોઈ. આથી સરદાર પેલા ગુલામ પર ખૂબ રીસે ભરાયો. ઘેર આવીને બરાડા પાડીને ગુલામને વઢવા લાગ્યો. 'મેં તને કહ્યું હતું કે આ ખેતરમાં ઘઉં વાવજે, અને તેં બાજરી શા માટે વાવી ?'

ગુલામ કહે, 'મેં તો ઘઉં ઉગાડવા માટે બાજરી વાવી છે.'

સરદારની આંખો ગુસ્સાથી ફાટી ગઈ. એમણે કહ્યું, 'મૂરખ ! બાજરી વાવવાથી તે કદી ઘઉં ઊગતા હશે ?'

ત્યારે ખૂબ નમ્રતાથી ગુલામે જવાબ દીધો, 'માલિક ! તમે હંમેશાં દુનિયાના ખેતરમાં ખુનામરકી અને લૂંટફાટના ગુનાનાં બીજ રોપીને સ્વર્ગ મેળવવાની ઇચ્છા રાખો છો, એ જોઈને જ મેં પણ વિચારેલું કે બાજરી વાવીને ઘઉંનો પાક લણી શકાશે !'

ગુલામની આ અકલમંદીની અને સચ્ચાઈની અને સુનીતિની વાતની સરદાર પર ભારે સારી અસર થઈ. એણે તરત જ આ શાણા ગુલામને ગુલામીમાંથી આઝાદ કરી દીધો.

આ પ્રસંગ અમે બે વ્યક્તિઓના સંદર્ભમાં લખાયેલો જોયો. એક યુનાની તબીબી પદ્ધતિના આદિપુરુષ હકીમ લુકમાન, અને બીજો નીતિકથાઓ કે વ્યવહાર કથાઓનો લેખક ઈસપ. સંભવ છે કે અન્યોને વિશે પણ કહેવાયો હોય. આ પ્રકારની વાતોને અનેક અનેક વ્યક્તિઓ સાથે જોડાવાની આદત હોય છે. પેલી નાનકડી પ્રસંગ કથા યાદ છે ને, જેમાં ખૂબ ગોળ ખાવાની આદતવાળા દીકરાને લઈને માતા સંત પાસે જાય છે અને વિનવે છે કે આ છોકરાને ગોળ ન ખાવાનો ઉપદેશ આપો. તમારું કહ્યું એ માનશે. સંત કહે છે કે આઠ-દસ દિવસ પછી દીકરાને લઈને આવજો. માતા દસ દિવસ પછી ગઈ ત્યારે સંતે દીકરાને સમજાવ્યું કે દીકરા ગોળ બહુ ન ખાઈએ. બે-ચાર દિવસ એકાદ ઢેફું ખાવો ! માતા સાશ્ચર્ય બોલવા લાગી કે બાપુ આટલી વાત તો તમે દસ દિવસ પહેલાં પણ કહી શક્યા હોત ! ત્યારે સંતે જણાવ્યું કે ત્યારે હું પણ રોજ ખૂબ ગોળ ખાતો, પછી બાળકને એ છોડવાનું કેમ કહી શકું ? હવે મેં ગોળ ખાવો બંધ કર્યો છે, ત્યારે તમારા દીકરાને આટલું કહી શકું છું... આ પ્રસંગ કથામાં સંત તરીકે સંત જ્ઞાનેશ્વર, રામકૃષ્ણ પરમહંસ, સહજાનંદ સ્વામીથી માંડીને ગાંધીજી સુધીનાં નામ અપાયાં છે.



એટલે ઘઉં-બાજરીવાળી વાતવાળો ગુલામ ઈસપ જ હતો. (અથવા આ વાત જ સાચી છે કે નહિ એ વિશે ખાતરીથી કશું કહી શકાય એમ નથી. અઢી અઢી હજાર વર્ષ અગાઉ જીવી જનાર વિશેની આવી વાતોના કશા પુરાવા હોતા નથી. પરંતુ અગણિત પ્રાચીન સાધનોમાં ઇસપને એના શાણપણ બદલ ગુલામીમાંથી મુક્તિ મળી એવું નિરૂપણ છે. એટલે એ મૂળે વેચાયેલો માણસ, પરંતુ ઉત્તમ બદ્ધિશાળી માણસ હશે, એ નક્કી છે. એનો જીવનકાળ ઈસુ પૂર્વે ૬૨૦ થી ૫૬૦ ગણાવાય છે. એક સાધનમાં મરણનું વર્ષ ઈસુ પૂર્વે ૫૬૪ જણાવાયું છે. એટલે એની આવરદામાં ચાર વર્ષ કમ.)

એના જન્મનો પ્રદેશ ફ્રીજિયા (Phrygia) ગણાવાય છે, જે આજના તુર્કીના પ્રાંત આનાતોલિયાનો ભાગ હતો. કેટલાક એને લીડિયાનો વતની તો કેટલાક સાર્ડીસનો ગણાવે છે. પણ એકંદર તથ્ય એ ઠરે છે કે એ મધ્ય એશિયાનો વતની હતો, અને ત્યાં ગ્રીસની અસર ફેલાયેલી હતી.

એનાં માબાપ, ઉછેર, ઘડતર વિશે કશી જાણકારી અગાઉ નહોતી, આજે પણ નથી. એટલે આપણે વિવિધ સાધનોમાંથી એને વિશેની જે કાંઈ માહિતી મળે તે એકત્ર કરવા કોશિશ કરીએ.

એના જીવનનો પહેલો જે પ્રસંગ મળી આવે છે તે એની યુવાવસ્થાનો છે. એ જમાનામાં કદાચ આજના ઢોરવાડાની જેમ ગુલામવાડા પણ હશે, જ્યાં ગુલામોને પકડી લાવવામાં આવે, બલિદાનના બકરાની જેમ પાળવામાં આવે. પછી ગુજરી બજારની જેમ જ્યાં ગુલામબજાર ભરાતાં હોય ત્યાં લઈ જવામાં આવે. ઇસપ આવા એક ગુલામવાડામાં બંધ હતો. એટલામાં જણાવવામાં આવ્યું કે ઈફોસસ નગરના

ગુલામબજારમાં આ વાડાનાં ગુલામ પુરુષો, સ્ત્રીઓ અને બાળકોએ જવાનું છે. રસ્તો લાંબો છે. સવારે નીકળવાનું અને સાંજે પહોંચીશું. જરૂરી સરસામાનના ટોપલાભર્યા છે. દરેક જણ એક એક ટોપલો ઉપાડી લો. ઈસપે બધો સામાન તપાસ્યો. જે ટોપલો સૌથી મોટો અને ભારે હતો એ જ પસંદ કર્યો. જે ઉપાડવા અન્ય કોઈ તૈયાર નહોતા. ઈસપે એ પસંદ કર્યો. એ બદલ ઘણા ગુલામો એની મશ્કરી કરવા લાગ્યા, ઈસપ ચૂપ રહ્યો.

મુસાફરી ચાલી. બપોર થતાં સૌ આરામ અને બોજન કરવા રોકાયા. ભોજનની સામગ્રી ઈસપવાળા ટોપલામાં હતી. જે વહેંચાઈ અને ટોપલાનું વજન અર્ધું થઈ ગયું. સૌ ચાલતા થયા, બપોર પછીના સમયે વળી થાક ખાવા બેઠાં. સૌને નાસ્તો વહેંચી આપવામાં આવ્યો. ઈસપનો ટોપલો ખાલી થઈ ગયો. બીજા સૌના બોજ અકબંધ રહ્યા. ઈસપ ભાર વગરનો થઈ ગયો. સૌને સમજાયું કે એ કાંઇક વિશેષ બુદ્ધિ ધરાવે છે.

ભોજનની સામગ્રી ઈસપવાળા ટોપલામાં હતી. જે વહેંચાઈ અને ટોપલાનું વજન અર્ધું થઈ ગયું. સૌ ચાલતા થયા, બપોર પછીના સમયે વળી થાક ખાવા બેઠાં. સૌને નાસ્તો વહેંચી આપવામાં આવ્યો. ઈસપનો ટોપલો ખાલી થઈ ગયો

ઈફોસસ પહોંચતાં જ બધા ગુલામોને બજારમાં ખડા કરી દેવામાં આવ્યા. એ માટે સૌને સારાં કપડાં પહેરાવવામાં આવેલાં પછી વેપારી એક પછી એક ગુલામને જરાક ઊંચી જગાએ ચડાવીને એની વિશેષતાઓ વર્ણવે અને ગ્રાહકો એમની બોલીઓ બોલે. જેની સૌથી ઊંચી બોલી હોય તેને ગુલામ વેચવામાં આવે. આ બજારમાં બધા વેચાઈ ગયા, માત્ર ત્રણ ગુલામ બાકી રહ્યા. એમાં એક ભાષણિયો હતો, બીજો ગવૈયો હતો અને ત્રીજો કૂબડો હતો - ઈસપ.

ગુલામોનો વેપારી વળતે દિવસે આ ત્રણ ગુલામોનો લઈને સામોસ નગરે ગયો. ત્યાં ગુલામબજારમાં એમને ખડા કર્યા.

અહીં જાન્થુસ નામનો ધનવાન માણસ આવ્યો. એ જમીનદાર અને વેપારી અને તત્ત્વવેત્તા પણ હતો. શાણો હતો. એટલે એણે આ ત્રણ ગુલામોની વિશેષતા જાણવા કોશિશ કરી. એણે પહેલા ગુલામને પ્રશ્ન પૂછ્યો, "તું શું શું કરી શકે છે ?" પેલાએ ઉત્તર આપ્યો. "તમે કહો તે." બીજાને એ જ સવાલ પૂછયો તો જવાબ મળ્યો : "હું દરેક કામ કરી શકું છું." આ બન્નેના જવાબ સાંભળીને ઈસપ હસી પડ્યા.



એ હસ્યો એટલે જાન્થુસનું એના તરફ ધ્યાન ગયું. એણે આ કૂબડા ગુલામને પૂછ્યું, "અલ્યા, તું હસ્યો કેમ ? તું શું શું કરી શકે છે ?" ઈસપે આડો જવાબ આપ્યો, "મારો એક સાથી તમે કહો તે કરી આપે એમ છે અને બીજો સાથી દરેક કામ કરી શકે છે. એ બંને બધાં કામ કરે પછી મારે તો કશું કરવાનું રહેતું જ નથી ને ! એમની સાથે મને ખરીદી જશો તો મારે તો કશું કરવાપણું નથી રહેતું. મજા જ મજા !"

કૂબડા ગુલામનો આ તર્કપૂર્ણ જવાબ સાંભળીને જાન્થુસને જરાક નવાઈ લાગી. છતાં એની વધારે પરીક્ષા લેવા માટે આગળ પ્રશ્ન કર્યો, "હું તને ખરીદું તો તું પ્રમાણિક પણે રહીશ ખરો ?"

"પ્રમાણિક તો હું છું જ; અને નહિ ખરીદો તોય પ્રમાણિક જ રહીશ." ઈસપે જવાબ આપ્યો.

જાન્થુસને સમજાયું કે પોતે સવાલ જ અકારણ પૂછ્યો હતો. હવે અગત્યનો સવાલ પૂછ્યો, "હું તને ખરીદી તો જાઉં પણ તું નાસી નહિ જાય ને ?"

જવાબમાં ઈસપે જાન્થુસની આંખોમાં આંખો પરોવતાં ઉચ્ચાર્યું, "પાંજરે પુરાયેલ કોઈ પંખી પોતાનો ઈરાદો માલિકને કદી કહે ખરું ?"

જાન્થુસને ખાતરી થઈ કે આ ખરેખર વિચક્ષણ બુદ્ધિવાળો માણસ છે. એને કોઈ પણ કિંમતે ખરીદી લેવો જોઈએ. આથી એણે ગુલામોના વેપારીને ગુલામોની કિંમત પૂછી. પેલાએ કહ્યું કે આ બેની કિંમત આપીને ખરીદો તો આ ખૂંધો કૂબડો ભેટ ! કારણ કે આ બે વેચાય પછી આ કૂબડાની તો કોઈ કોડી પણ નહિ આપે !!

આમ જાન્થુસ ઈસપને ખરીદીને પોતાને ઘેર ચાલ્યો. જો કે રસ્તામાં જ એને વિમાસણ થઈ. ઘરવાળી તો આ કૂબડાને જોઈને જ ભડકો થશે ! એ હતી અતિ ધનવાનની માથાફરેલ છોકરી. એને આવો માણસ ઘરના વાડામાં પણ શાનો પોસાશે !

અને બન્યું પણ એવું જ. ઈસપને જોતાં જ પત્નીએ જાન્થુસની અક્કલ સામે, એના કુળ સામે, એના જીવતર સામે આક્ષેપોનાં બાણ ચલાવવા માંડ્યાં. જાન્થુસે ઘણી દલીલ કરી કે માણસ નમ્ર છે, વફાદાર છે, સમજુ છે, આપણને કદી છોડીને ન જાય એવો છે, પરંતુ એની એક પણ વાત ઘરવાળીએ માન્ય ન રાખી.

આ દરમિયાન, ત્રણે ગુલામો તો સ્તબ્ધ બનીને ઊભા જ રહી ગયેલા. જાન્થુસને આશા હતી કે આ હોંશિયાર ગુલામ ઉપસ્થિત પરિસ્થિતિ ઠારવા કશીક અક્કલની વાત કરશે, પરંતુ એય સાવ મૂંગો ઊભો હતો. આથી જાન્થુસ અકળાયો. એણે રાડ પાડી, "અબે,

નકામા આદમી ! તું કેમ હજુ ચૂપ છે ? કેમ કશું બોલતો નથી ? અમસ્તી તો તારી જીભ ખૂબ ચાલે છે. અહીં આ મારી ઘરવાળી મારે માથે માછલાં ધૂએ છે અને તું ચૂપ છે ? કંઈક તો બોલ !''

ઈસપ આ સાંભળીને એક ડગલું આગળ વધ્યો અને એણે એક જાણીતી ગ્રીક કહેવત ઉચ્ચારી, જેનો અર્થ આવો થાય : ''હે પ્રભુ ! તું એમને આગ, પાણી અને કુંભારજાની દયા પર મુકાતાં બચાવ !''

હવે ભાઈ, આવા ''ડહાપણ''થી પરિસ્થિતિ કેટલી કથળી હશે, બાઈને ''કુંભારજા'' કહેવાથી એને કેટલો ક્રોધ ચડ્યો હશે અને પછી આ વાયડા ગુલામ પર શી શી વીતી હશે, એની કલ્પના કરવી અઘરી નથી. છતાં, એની જે જીવનકથા આપણને મળી છે, એ સૂચવે છે કે ઈસપ જાન્થુસને ઘેર ખૂબ લાંબા સમય સુધી રહ્યો છે. એનો અર્થ એમ થાય કે એણે કોઈક ઉપાયે આ ગુસ્સાખોર સ્ત્રીનો વિશ્વાસ પણ જરૂર સંપાદન કર્યો હશે.

અને જાન્થુસ તો બહુ જલદી એના માલિક કરતાં મિત્ર વિશેષ બની ગયો. સંસાર-વ્યવહાર અને વેપારધંધામાં પણ ઈસપની સલાહ એને ઉપયોગી બની રહી.

જો કે જાન્થુસની ખૂબસૂરત અને ધનવાન ઘરની દીકરી એવી ઘરવાળી ગુસ્સાખોર હોવા ઉપરાંત અન્યો ઉપર આધિપત્ય જમાવવાની શોખીન હતી. સૌથી વધારે એને જાન્થુસને કહ્યાગરો કંથ બનાવવામાં મોજ આવતી. જાન્થુસને એના પ્રત્યે સાચે જ ખૂબ પ્રેમ હતો અને બાઈ પણ પ્રેમાળ બની શકતી, પરંતુ માલિકીભાવ દાખવવો એને વધારે ગમતો. સ્વભાવના આ અંતરને કારણે બંને વચ્ચે કજિયા ચાલ્યા કરતા અને આવા એક કજિયાને પરિણામે પત્ની પિયર ચાલી ગઈ.

બિચારા ભલા અને પ્રેમાળ જાન્થુસને માટે આ સ્થિતિ અસહ્ય થઈ પડી. થોડો સમય તો એ મન મારતો રહ્યો, પરંતુ પછી વધુ ને વધુ ઉદ્વિગ્ન રહેવા લાગ્યો. હોંશિયાર ઈસપથી આ કશું છાનું થોડું જ રહે ! એણે જાન્થુસને કહ્યું કે શેઠાણીને પાછાં બોલાવવાની એક તરકીબ છે. અરે, એ પછી શેઠાણી રીસાવાનું અને ક્રોધ કરવાનું સાવ ભૂલી જશે!

એણે અને જાન્થુસે એ તરકીબનો અમલ શરૂ કર્યો. ઈસપે જ્યાં ને ત્યાં, જેને ને તેને કહેવા માંડ્યું કે મારા માલિકની ઝઘડાખોર ઘરવાળી પિયર જતી રહી છે. તે ભલે ને જતી રહી! માલિકને રૂપરાણી રોડોફિસ સાથે પ્રેમ થયો છે અને એની સાથે ટૂંકમાં લગ્ન કરવાના છે! રોડોફિસ એટલે ગુલાબ જેવા ગાલવાળી-ગુલરૂખ! વાહ, મારા માલિક! એમણે બીજી પત્ની તરીકે વિશ્વની સુંદરમાં સુંદર સ્ત્રી પસંદ કરી છે! વાહ, વાહ!



દરમિયાનમાં, જાન્થુસે શહેરના કરિયાણાવાળા, અનાજવાળા, ઝવેરી, અરે, ફૂલવાળાને ત્યાં સુદ્ધાં મોટે પાયે ખરીદીના આદેશ આપવા માંડ્યા. રહેઠાણનાં રંગરોગાન પણ શરૂ કરાવ્યાં. પોતે પણ જે મળે તેને કહેવા માંડ્યું કે એક સારા દિવસની તૈયારી ચાલે છે. બધા નિમંત્રણની પ્રતીક્ષા કરજો! હવે, ભાઈ, આવા સમાચાર બાઈને પિયર પહોંચ્યા વગર રહે! એટલે એક દિવસ ઓચિંતો ઘોડાના ડાબલાનો ધમધમાટ અવાજ શહેરની શેરીઓમાં આવતા જાન્થુસના ઘર ભણી વહેતો આવ્યો. ઘરની આગળ જ હાંફતા અને પરસેવે રેબઝેબ ઘોડા ઊભા રહ્યા. એમને મારફાડ ઉતાવળે દોડાવવામાં આવ્યા હતા. રથમાંથી એવી જ રીતે ગુસ્સાથી હાંફતી અને ફુંગરાતી અને ધમધમ પગલાંથી ધરતી ધ્રુજાવતી અને ધમકીઓ ઉચ્ચારતી એ ઊતરી અને સીધી જાન્થુસની સામે જઈને ઊભી રહી અને બરાડી ઊઠી, ''હું જીવતી છું ત્યાં સુધી બીજી કરવાનું સપનેય ન વિચારતોઃ નહિતર... અને એણે ઘોડાને ફટકારવા માટેનો ચાબુક હવામાં વીંઝયો.

જાન્થુસ પણ હવે માલિક કરતાં મિત્ર વધારે બની ગયો હતો. પરંતુ સામાજિક દરજ્જા બહુ સહેલાઈથી બદલાતો નથી. ગુલામીને સાર્વત્રિક સ્વીકાર મળેલો, એવા એ યુગમાં દરજ્જો બદલવો અશક્યવત્ હતો

અલબત્ત, ઘડીક વારમાં જ મામલો શાંત થઈ ગયો. આ તો એને પિયરથી પાછી બોલાવવા માટેનો તાયફો રચાયો છે, એ સમજાતાં બાઈ રાજી થઈ ગઈ. લગ્નની તૈયારીરૂપ જે ખરીદીઓ થઈ હતી તે પત્નીના પુનરાગમન મિષે મિજબાની આપવામાં નિયોજાઈ.

ઈસપનાં પણ માન વધ્યાં જ!

જો કે હવે એને પોતાની ગુલામ દશા અખરવા લાગી હતી. કોઈક ઉપાયે મુક્ત થઈ શકાય?

જાન્થુસ પણ હવે માલિક કરતાં મિત્ર વધારે બની ગયો હતો. પરંતુ સામાજિક દરજ્જા બહુ સહેલાઈથી બદલાતો નથી. ગુલામીને સાર્વત્રિક સ્વીકાર મળેલો, એવા એ યુગમાં દરજ્જો બદલવો અશક્યવત્ હતો. કહે છે કે એકવાર તો કોઈ એક કબર પરનું લખાણ ઉકેલી આપે તો તને છૂટો કરું એવું જાન્થુસે વચન આપ્યું અને ઈસપે એ કોયડારૂપ લખાણ ઉકેલી આપ્યું અને એથી જાન્થુસને ગુપ્ત સુવર્ણભંડાર મળ્યો, તેમ છતાં એણે ઈસપને મુક્ત ન કર્યો. એનું ખાસ કારણ કદાચ એ હતું કે આ અક્કલના ભંડાર

જેવા માણસને એ પોતાનાથી દૂર કરવા માગતો ન હતો!

આ પછી કેટલેક સમયે સામોસમાં એક અજાયબ ઘટના બની. એક ગરુડે ઊડતાં ઊડતાં પોતાની ચાંચમાં પકડાયેલી એક વીંટી નીચે ફેંકી. સંભવ છે કે એ લાલ નંગવાળી કોઈ વીંટી હશે અને માંસનો ટુકડો ધારીને ગરુડે એ ચાંચમાં ઝડપી હશે. પરંતુ એને અખાદ્ય જણાતાં નીચે પડવા દીધી હશે. હવે બન્યું એવું કે એ વીંટી સામોસના કોઈક ગુલામને માથે પડી. આવી બાબતોને દૈવી માનનારા લોકો આ ઘટનાથી મૂંઝાઈ ગયા અને ગરુડ દ્વારા વીંટી કોઈ ગુલામને માથે ફેંકાય એવી ઘટનાનું દૈવી અર્થઘટન વિમાસવા લાગ્યા. ત્યાં કોઈકે વાત શરૂ કરી કે જાન્થુસનો ગુલામ ઈસપ આવી બધી સમસ્યાઓના ઉકેલ જાણે છે. એને નગરરાજ્યની મંત્રીસભા સમક્ષ બોલાવો.

જ્યારે ઈસપને મંત્રીસભા સમક્ષ હાજર કરવામાં આવ્યો ત્યારે એણે પ્રથમ તો એ જમાનાના કાનૂનનો મુદ્દો ઉપસ્થિત કર્યો. એણે કહ્યું કે કોઈ ગુલામને ભવિષ્ય ભાખવાનો કે દૈવી ચમત્કારનો ઉકેલ આપવાનો અધિકાર નથી. આથી પહેલાં તો મને મુક્ત નાગરિક જાહેર કરો. ચિંતાતુર મંત્રીસભાએ કહ્યું કે ભાઈ, તારી મુક્તિની શરત મંજૂર છે અને તારા ઉકેલથી મંત્રીસભાને સંતોષ થશે તો રોકડ ઈનામ પણ આપીશું. બિચારો જાન્થુસ આ વેળા હાજર હતો. એ ઘણુંય ચાહતો હતો કે ઈસપ પોતાનો ગુલામ રહે. પરંતુ મંત્રીસભાના ઠરાવની વિરુદ્ધ જવાની પણ એની હિંમત નહોતી.

ઈસપ મુક્ત માનવી તરીકે પોતાના વતનમાં અને ગ્રીસમાં પણ ખૂબ ફરતો રહ્યો. જાન્થુસના પ્રતિનિધિ તરીકે ગ્રીસ અને અન્ય પ્રદેશોમાં ગયાં. કેટલાંક રજવાડાંનો અને નગર તથા રાજ્યોનો સલાહકાર પણ બન્યો

હવે ઈસપે ગરુડ અને ગુલામને માથે વીંટીવાળી ઘટનાનો ઉકેલ આપ્યો. ગરુડ શાહી પક્ષી છે. એણે ગુલામને માથે વીંટી ફેંકી, એનો અર્થ એ કે કોઈ સમ્રાટ દ્વારા તમારી સ્વતંત્રતા છીનવી લેવામાં આવશે. તમને ગુલામ પ્રજા બનાવવામાં આવશે!

અને, જૂની વાર્તા કહે છે કે એ પછી તરતને દિવસે જ લીડિયાના રાજા ક્રીસસના દૂત સામોસ આવ્યા અને એમણે કહ્યું કે કાં તો લીડિયાના સમ્રાટ ક્રીસસનું આધિપત્ય સ્વીકારી લો અથવા યુદ્ધ કરો.

હવે, નાનકડું નગરરાજ્ય સામોસ લીડિયાના મોટા સામ્રાજ્ય સામે યુદ્ધમાં ટકી ન શકે, પરંતુ સ્વતંત્રતા પણ સૌને એટલી જ વહાલી હતી. ક્રીસસને મળીને કશીક વાજબી વ્યવસ્થા થઈ શકે તો સારું, આવી વિચારણાને અંતે નક્કી થયું કે ક્રીસસના દરબારમાં આપણો એલચી મોકલવો.



સ્વાભાવિક જ, શાણા માનવી તરીકે હવે વખણાઈ ચૂકેલા ઈસપ ઉપર પસંદગી ઢોળાઈ.

એ જમાનાથી આજના જમાના સુધી ક્રીસસ અને લીડિયાની સમૃદ્ધિની દંતકથાઓ ચાલે છે. એવા ક્રીસસના દરબારમાં ઈસપ પહોંચ્યો. સમૃદ્ધિની છોળો વચ્ચે જીવતા લીડિયાના દરબારીઓ આ મુફલીસને અને એના પહેરવેશને જોઈને હાંસી કરવા લાગ્યા. ઈસપે ક્રીસસની સામે જોયું. જબ્બર હિંસકતા એના ચહેરા પર દેખાઈ એ સમજી ગયો કે એક અણગમતો શબ્દ અને પોતાની ગરદન કપાઈ જશે.

છતાં એણે હિંમતથી પોતાની વાર્તાઓ બનાવવાની અને કહેવાની પ્રશસ્ત પદ્ધતિએ વાર્તા કહેવા માંડી: ‘‘કોઈ એક છોકરાના હાથમાં એક તીડ આવી ગયું. છોકરો એને ચોળીને મારી નાખવાની તૈયારીમાં હતો ત્યાં જ પેલું તીડ ચિત્કારી ઊઠ્યું કે અફસોસ! મેં જિંદગીમાં કદી કોઈનેય કશી જ ઈજા નથી કરી કે ઈજા કરવાની ઇચ્છા નથી કરી અને કોઈનેય ઈજા કરવાની મારી ગુંજાયશ પણ નથી. છતાં મારો નાશ કરવાથી તારા હાથમાં શું આવશે? તીડની આ વાત સાંભળીને પેલા છોકરાનું દિલ દ્રવી ઊઠ્યું અને એણે તીડને આઝાદ કરી દીધું. એ જ રીતે, આપ સામોસને આઝાદ રહેવા દો, એવી વિનંતી છે.’’

ક્રીસસ તો આ ગરીબડા આદમીની શિખામણ સાંભળીને ઘડીભર અવાક્ બની ગયો. પણ પછી એનું સમ્રાટત્વ જાગ્યું. ‘‘અબે ગુલામ! મને શિખામણ આપવાની તારી ગુસ્તાખી બદલ તને મોત આપી શકું છું, સમજ્યો? બોલ, મારે તને મારી કેમ ન નખાવવો?’’

‘‘નામદાર! આપ શક્તિમંત છો. એક બેગુનાહ નગર અને એક બેગુનાહ ગુલામ તમારે આશરે છે. પેલા ઉદાર છોકરાની જેમ આપ પણ આઝાદી આપી શકો છો અને મારી વાત કરું તો, મને વાણીનું વરદાન છે. એનો ઉપયોગ મેં હંમેશાં માનવજનના હિત માટે કર્યો છે. જીવતો રહીશ તો હિત અને સમજણની આવી વાતો કરતો રહીશ.’’

કથા કહે છે કે ક્રીસસે સામોસની સ્વાયતત્તા યથાવત્ રાખી.

આ પછી તો ઈસપ મુક્ત માનવી તરીકે પોતાના વતનમાં અને ગ્રીસમાં પણ ખૂબ ફરતો રહ્યો. જાન્થુસના પ્રતિનિધિ તરીકે ગ્રીસ અને અન્ય પ્રદેશોમાં ગયાં. કેટલાંક રજવાડાંનો અને નગર તથા રાજ્યોનો સલાહકાર પણ બન્યો. એ

બધાંને શાસનસંબંધી સાચી સલાહ આપતો રહ્યો.

આ સમસ્ત વ્યાપક કામગીરી દરમિયાન એ પોતાના દુનિયાદારીના અનુભવોને બળે કેટલીક સાચી વાતો કરતો હશે. કેટલીક વાતો શાણપણ કથાઓ કે નીતિકથાઓ.. ના રૂપમાં કહેતો હશે. અનેક લોકો એ કથાઓ યાદ રાખી લેતા હશે, જે પછીથી મુખપરંપરાથી અને લેખનથી સચવાતી રહી. બદલાતી રહી અને એમાં ઉમેરા થતા ગયા. પ્રાચીન યુગની ખાસિયત જ આ હતી કે કોઈ એક વ્યક્તિ દ્વારા કશીક રચના થાય એમાં પછીની પેઢીઓ ઉમેરા કરતી જ રહે.

અલબત્ત, શાણાઓના પણ ક્યારેક બૂરા ફેજ થાય છે. કાં તો એમને શાણપણનું અભિમાન ચડે છે અને એથી એમનું પતન થાય છે, કાં તો એમની અદેખાઈ કરનારા એમનો વિનાશ કરાવે છે. ઈસપના મૃત્યુ વિશે જે ઘટના નોંધવામાં આવી છે, એમાં આ બંને પરિબળો કામ કરતાં જણાય છે. કહે છે કે ઈસપ ઈ.સ.પૂર્વે ૫૬૦ના(કે ૫૬૪) ના) વર્ષમાં લીડિયાના રાજા ક્રીસસના દૂત તરીકે ગ્રીસના ડેલ્ફી ખાતે આવેલો.

અહીં એણે કશીક બાબતે ડેલ્ફીવાસીઓનું અપમાન કર્યું. કહે છે કે એ ઉઘરાણીદાર તરીકે ગયેલો અને ઉઘરાણી પતી નહિ તેથી કડવાં વેણ બોલ્યો. આથી એ નગરરાજ્યની નાગરિક સત્તાએ તેને મોતની સજા ફરમાવી. એટલું જ નહિ એની બુદ્ધિમત્તાની અદેખાઈ કરાનારા કેટલાનું ડેલ્ફીવાસીઓએ નગરના મંદિરમાંથી એણે ચોરી કરી છે, એવું ખોટું આળ એને માથે ચડાવ્યું ? આથી નગરના સત્તાધારીઓએ તેને મૃત્યુદંડ ફટકાર્યો. એમને ત્યાં મૃત્યુદંડ આપવાની આગવી રીત હતી. અપરાધીને ઊંચી ટેકરી પરથી ઊંડી ખીણમાં ફેંકી દેવામાં આવતા! પોતાના યુગની એક સમર્થ પ્રજ્ઞાનું આવું કમોત થયું.

સંસ્કૃત નાટકોના અગ્રણી સર્જક કાલિદાસ વિશે કહેવાયું છે કે એ મૂંગો અને અડબંગ હતો. જે ડાળી પર બેઠો હોય એ જ કાપવા કોશિશ કરતો હતો! પરંતુ પછી સરસ્વતી પ્રસન્ન થયાં અને એ માત્ર બોલતો થયો એટલું જ નહિ ઉત્તમ નાટક-કાવ્ય સર્જતો થયો

જોકે પછીના સૈકાઓ દરમિયાન તો માનવજાતને ઈસપ માટે ખૂબ માન થયું. એથી, પછીથી, એની મૃત્યુકથામાં ઉમેરવામાં આવ્યું કે પ્રજ્ઞાના પ્રાણ અકારણ હરવાને કારણે ડેલ્ફીમાં દુકાળ અને રોગચાળાના સિલસિલા શરૂ થયા. એટલું જ નહિ, એથેન્સમાં તો સાત ઋષિઓનાં પૂતળાં સમક્ષ એનું પૂતળું ખડું કરવામાં આવ્યું.

આવી સર્જક વિભૂતિઓ વિશે કેટલીક વાર ચમત્કાર પણ જોડવામાં આવે છે. આપણા દેશના સંસ્કૃત નાટકોના અગ્રણી સર્જક કાલિદાસ વિશે કહેવાયું છે કે એ મૂંગો અને અડબંગ હતો. જે ડાળી પર બેઠો હોય એ જ કાપવા કોશિશ કરતો હતો! પરંતુ પછી સરસ્વતી પ્રસન્ન થયાં અને એ માત્ર બોલતો થયો એટલું જ નહિ ઉત્તમ નાટક-કાવ્ય સર્જતો થયો. એવી જ વાત મધ્યયુગના એક નાટક 'ધી ઈસપ રોમાન્સ'(ઈસપની રોમાંચક કથા)માં છે. પહેલાં નાટક લખનારનું નામ નથી. એમાં નિરૂપણ છે કે ઈસપ પહેલા મૂંગો હતો. પરંતુ એક વાર એ દેવી આઈસીસના દેવળમાં હતો ત્યારે દેવીની પૂજારણ ઉપર દુષ્ટોએ હુમલો કર્યો. એ વેળા ભોળિયા મૂંગા ઈસપે જોરદાર સામનો કરીને પૂજારણને બચાવી. આથી સ્વયં દેવી આઈસીસ પ્રસન્ન થયાં અને એને વાણીનું અને વાર્તાસર્જનનું વરદાન આપ્યું.

ઈસુ પૂર્વેની છેક છઠ્ઠી પાંચમી સદીમાં, સોક્રેટિસ વગેરેનીય અગાઉ જીવી ગયેલો ઈસપ મૂળે ક્યાંનો વતની હતો, એ નક્કી થઈ શક્યું નથી. એની વાત ફ્રીજિયાથી, તુર્કીથી શરૂ થાય છે, એટલે સંભવ છે કે એ મૂળે મધ્ય કે મધ્ય-પૂર્વ એશિયામાં જન્મેલાં હશે. Aesop એ એના નામનું અંગ્રેજી રૂપ છે. પરંતુ મધ્યયુગમાં અને એ અગાઉ પણ એના નામની અલગ અલગ જોડણી થયેલી જણાય છે. Ysopet, Asop, Esopo, Isopes, ysoppe, Esope, Esopus, Eropov, Isopo વગેરે. આ તમામને આધારે અનુમાન કરી શકાય કે એ મૂળે મધ્ય કે મધ્યપૂર્વ એશિયાનો વતની હશે અને એનું નામ યૂસુફ હોવું જોઈએ. આ નામ મધ્ય-પૂર્વે એશિયાનું ખૂબ જ પ્રચલિત નામ છે. યૂસુફનાં જ જોસેફથી માંડીને યોસિપ સુધીનાં રૂપાંતર થયાં છે. જમાનો ગ્રીક વર્ચસ્વનો હોવાથી ગ્રીક ભાષામાં એની સામે લખાઈ.

ઈસપની નીતિકથાઓની રચનાઃ

અઢીએક હજાર વર્ષોથી દુનિયાભરમાં કહેવાતી અને લખાતી ઈસપની નીતિકથાઓમાં મૂળે પેલા ગુલામે સર્જેલી કથાઓ કેટલી? વિદ્વાનો કહે છે કે છેક ઈસુ પૂર્વેના સમયમાં પ્રાચીન ગ્રીસમાં ઈસપની કથાઓ તરીકે કહેવાતી થઈ એમાં કેટલીય મૂળ સુમેર અને અક્કાડ સંસ્કૃતિની દેન છે. ઘણી તો જાતકકથાઓ અને પંચતંત્રની કથાઓનાં રૂપાંતર-નામાંતર સમી છે! અલબત્ત,બેન ઈ. પેરી નામના સંપાદકે બેબ્રીઅસ એન્ડ ફેબ્રીઅસ' નામના પુસ્તકમાં આથી અવળો મત દર્શાવ્યો છે. એ કહે છે કે મને ખાતરી છે કે ઈસપની એક પણ કથાનું મૂળ ભારતમાં નથી. અરે, એથી ઊલટું, છેક શરૂઆતમાં ગ્રીક અને તુર્કી વગેરે ભાષાઓમાં પ્રથમ જોવા મળતી કથાઓ પછીથી બોધ જાતકકથાઓ તેમજ પંચતંત્ર જેવી ભારતની કથાશ્રેણીઓમાં જોવા મળે છે.

અલબત્ત, આ બધું પ્રાચીન સાહિત્ય સદીઓની સદીઓ સુધી મૂળ પરંપરાથી કહેવાતું અને વેપારી વણઝારો દ્વારા વહેતું રહ્યું છે. પ્રાચીન માનવીનાં આદાનપ્રદાન ભલે ધીમાં હતાં પરંતુ વ્યાપક હતાં. એથીસ્તો પ્રાચીન ગ્રીક અને પ્રાચીન ભારતીય કથાઓમાં અગણિત સમાનબિંદુઓ છે.

અને, અલબત્ત બધાં પ્રાચીન સાહિત્યોની જેમ ઈસપને

નામે કહેવાતી કથાઓની સંખ્યા સતત વધતી રહી છે. કહેવાય છે કે છેક ઈસુ પૂર્વે ચોથી સદીમાં ડીમીટ્રીઅસ નામના વિદ્વાને ઈસપકથાઓનો સંગ્રહ કર્યો હતો. એણે લખેલ દસ હસ્તલિખિત પોથીઓમાં ૧૬૦ કથાઓ હતી. જો કે હવે એ પોથીઓ હયાત નથી, એટલે એમાં કઈ કથાઓ હતી અને કેટલી ખરેખર ઈસપની હતી એ જાણી નહિ શકાય.

પણ અગિયારમી-બારમી સદીથી વળી પાછા ઈસપની કથાઓના સંગ્રહો થવા લાગ્યા. એવા પ્રથમ સંગ્રહમાં ૫૫ કથાઓ હતી, તે લેટિન ભાષામાં લોરેન્ઝો બેવિલાકાએ પંદરમી સદીને અંતે ૧૯૭ કથાઓનો સંગ્રહ પ્રગટ કર્યો. ત્યાં સુધીમાં મુદ્રણકળાની શોધ થઈ ગઈ હતી. આથી સમગ્ર યુરોપમાં અને પછી અમેરિકામાં ઈસપ કથાઓ જુદી જુદી રીતે લખાવા અને છપાવા લાગી. કોઈકે એમને ધર્મનીતિકથા તરીકે પેશ કરી તો કોઈકે રાજકીય રંગ પણ આપ્યો ! (દેડકાઓ રાજાની માગણી કરે છે અને ઈશ્વર એમને પ્રથમ લાકડાના મોટા ઘડિયાળની અને પછી એમનો પૂરો સંહાર કરે તેવા બગલાની ભેટ 'રાજા' તરીકે આપે છે. એ કથામાં રાજકીય રંગ છે) ગ્રીસ, ઈટલી, જર્મની, ફ્રાન્સ અને બ્રિટન પછી સમગ્ર યુરોપની ભાષાઓમાં અનુસર્જન પામનાર આ કથાઓ ૧૫૯૩માં જાપાન અને ૧૬૨૫માં ચીન પહોંચી.

ભારતમાં અંગ્રેજો ૧૭૫૭માં પ્લાસીના યુદ્ધ પછી સ્થિર થયા એટલે ભારતીય ભાષાઓમાં એનાં છાપાં-પુસ્તકો છપાવવા લાગ્યા. અંગ્રેજી ઈસપ કથાઓના ઘણા ભારતીય અનુવાદો પણ શરૂ થયા. ૧૮૦૩માં એક સાથે બંગાળી, હિન્દી અને ઉર્દૂ અનુવાદ થયા પરંતુ તે અંગ્રેજી (રોમન) લિપિમાં છપાયા ! સ્થાનિક લિપિઓમાં છપાવાનું ૧૮૦૬ (મરાઠી) અને ૧૮૧૬ (બંગાળી)માં શરૂ થયું. આ પછી લગભગ બસો બસો કથાઓ ધરાવતા અનુવાદો સ્થાનિક લિપિમાં આવ્યા. હિન્દી (૧૮૫૭), કન્નડ (૧૮૪૦), ઉર્દૂ (૧૮૫૦), તમિલ (૧૮૫૩), સિંધી (૧૮૫૪) વગેરે.

ગુજરાતીમાં ૧૮૨૮માં બાપુશાસ્ત્રી પંડ્યાના અનુવાદ 'ઈસપનીતિ કથાઓ' પ્રગટ થયો એ પછી તરત જ ૧૮૩૯માં શંકર ન. જોષીએ ઇસપનીતિ ભાગ-૧ અને ભાગ-૨ તરીકે ઇસપકથાઓ આપી. જરાક વધુ ચોખ્ખી ગુજરાતીમાં 'ઈસપકૃત કલ્પિત વાતો' રણછોડદાસ ના. જીવરાજાણીએ ૧૮૬૦માં રજૂઆત કરી. આ પછી પણ દાયકે-બે-દાયકે ગુજરાતી લેખકો થોડી કે ઘણી ઈસપકથાઓ પાઠ્ય પુસ્તકો માટે કે બાળસાહિત્યનાં પુસ્તકો માટે લખતા રહ્યા છે.

ગત ફકરામાં 'થોડી કે ઘણી' શબ્દો આવ્યા. પ્રશ્ન થાય છે કે ઈસપકથાઓ કેટલી ? આવો પ્રશ્ન અમને જાતકકથાઓના બાળસુલભ પુનર્લેખન વેળા થયેલો. ત્યારે હિન્દી, અંગ્રેજી, ગુજરાતીમાં પ્રગટેલાં જાતકકથા વિષયક પુસ્તકો જોયાં. આ કે તે સંગ્રહની મળીને ૩૦૦ જેટલી કથાઓ થાય ! ઈસપકથાઓ પણ અન્યોન્ય રજૂઆતોમાં ગણીએ તો સેંકડો થાય. વિકીપીડીયાએ મૂળ ઈસપની કથાઓ ગણી છે, ચીને ૨૦ ક્ષેપક ગણાવી છે. એમ છતાં આખરે વિકીપીડિયા આ યાદીને કેટલીક નીતિકથાઓ (Some Fables) કહે છે. અમારે ઘેર ૧૮૭૪માં લંડનના પ્રકાશક જહોન મરેએ છાપેલી થૉમસ જેમ્સ અનુવાદિત નીતિ કથાઓનો સંગ્રહ છે. એમાં ૨૦૩ વાર્તાઓ છે. ૨૦૩ !

ઈસપકથાઓની લોકપ્રિયતા

જેમાં પશુપંખીઓ અને માનવી પણ પાત્રો તરીકે હોય અને જેનો ઉદ્દેશ માનવીને કશીક સમજણ કે શિખામણ કે માર્ગદર્શન આપવાનો હોય. એવી પ્રાચીન જગતની કથાઓમાં ભારતનાં પંચતંત્ર, હિતોપદેશ તથા જાતકકથાઓનો અને ગ્રીસની આજુબાજુની ઈસપકથાઓનો સમાવેશ થાય. ચારેયમાં ઘણાં સર્વસામાન્ય તત્ત્વો અને અંશો છે. એટલે યુગો પર્યન્ત થયેલા આવાગમનની એમનાં પર અસર પડી જ હોય. અલબત્ત આ બધી કથાઓમાં પંચતંત્ર ઘણું અલગ પડે છે. ઈસપમાં રાજકીય ઈશારા ધરાવતી જૂજ કથાઓ છે, પરંતુ પંચતંત્ર તો મૂળભૂત રીતે એક રાજાના છોકરાઓને રીતસર શાસનરીતિ (Statecraft) શીખવવાનો ઉદ્દેશ ધરાવે છે.

જેમાં પશુપંખીઓ અને માનવી પણ પાત્રો તરીકે હોય અને જેનો ઉદ્દેશ માનવીને કશીક સમજણ કે શિખામણ કે માર્ગદર્શન આપવાનો હોય. એવી પ્રાચીન જગતની કથાઓમાં ભારતનાં પંચતંત્ર, હિતોપદેશ તથા જાતકકથાઓનો અને ગ્રીસની આજુબાજુની ઈસપકથાઓનો સમાવેશ થાય

પરંતુ પંચતંત્ર વગેરે એમના વતનમાં જ સદીઓ સુધી વીસરાયેલાં રહ્યાં ત્યારે ઇસપકથાઓ સમગ્ર યૂરોપમાં અઢી હજાર વર્ષ સુધી કહેવાતી રહી, લખાતી રહી અને વિસ્તરતી રહી. ત્યાં ભાષા શીખનારાઓ માટે એણે પાઠ્યપુસ્તકની ગરજ સારી. ધાર્મિક ભણતર મેળવનારને એણે દૃષ્ટાંત કથાઓ પૂરી પાડી. પ્રવચનકારોને પોતાનાં પ્રવચન વધુ રસિક બનાવવા માટે મસાલો પૂરો પાડ્યો. દાદીમાઓને બાળકો રિઝવવાની સામગ્રી પૂરી પાડી.

ટૂંકમાં ગત અઢી હજાર વર્ષોથી રાજનીતિ કથાઓ માનવજાતની મોંઘેરી સંસ્કાર-મૂડી બની રહી છે. થેન્ક યૂ ઈસપ.

૪૭-એ, નારાયણનગર, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭
મો-૯૪૨૮૦૪૬૦૪૩





" ગોપી સંગ ક્હાન "
- હસમુખભાઈ રાવલ
મો.-૯૪૨૭૭૧૦૭૧૧

" રંગોલ્લાસ "
- અંજલી મહેતા
મો.-૭૮૭૪૩૮૫૨૧૧







“ ગાંધી બાપુ”
- મનહર કાપડિયા
મો.- ૯૪૨૬૫૨૯૦૨૯



" યૌવન માંડે આંખ "
- અમૂલ પરમાર
મો.-૯૮૨૪૩૯૦૫૯૫

ઓખામંડળના માણેકવંશનો ઇતિહાસ

- નરોત્તમ પલાણ

'ઓખામંડળ' ગુજરાતમાં પ્રસિદ્ધ છે. ભગવાન દ્વારકાધીશના કારણે વિશ્વવિખ્યાત છે. આજનો આ નાનકડો તાલુકો ગુજરાતના ઇતિહાસ ઉપરાંત ભારતવર્ષના ઇતિહાસમાં પણ ચર્ચાતો આવ્યો છે. આપણી પૌરાણિક માન્યતા મુજબ આજથી આશરે પાંચ હજાર વર્ષ પહેલાં ભગવાન શ્રીકૃષ્ણ મથુરા છોડીને દ્વારકા આવ્યા તે ઘટના આપણા દેશના ઇતિહાસની એક શકવર્તી ઘટના ગણાય છે.

પૌરાણિક ઇતિહાસ મુજબ અહીં સૂર્યવંશ પ્રથમ છે. મનુ વિવત્સવાન દ્વારા આ પ્રદેશ સૂર્યપુત્ર શર્યાતિને મળેલો છે. શર્યાતિ, આનર્ત, રેવત વગેરેનો સૂર્યવંશ અહીં પ્રથમ છે. આ કારણે જ આ પ્રદેશનું નામ 'સૌર-રાષ્ટ્ર' - 'સૌરાષ્ટ્ર' છે. સૂર્યવંશીની પુત્રી રેવતી શ્રીકૃષ્ણના મોટાભાઈ બલરામને પરણી અને પછી અહીં યાદવવંશ શરૂ થયો છે. હાલ આપણી પાસે પાંચેક હજાર વર્ષ જૂની આ કથા છે અને એટલા જ કે તેથી વધારે વર્ષો જૂના દરિયામાંથી પ્રાપ્ત પુરાવશેષો છે. જો કે અદ્યાપિ આ બન્ને વચ્ચે કોઈ સંબંધ સ્થાપિત થઈ શકતો નથી.

સમ્રાટ અશોકથી શરૂ થતા આપણા ઐતિહાસિક કાળમાં અહીં મૌર્ય, ક્ષત્રપ, કાબા-કાળા, ચારુલક, ગુપ્ત અને મૈત્રક છે. આમાંથી અમુક વંશોના શિલાલેખો તથા અન્ય ઐતિહાસિક પ્રમાણો મળે છે. ઈ.સ.ની આઠમી સદીના અંતમાં થયેલા વલભી-સાંગ પછી અહીં જુદા જુદા રાજપૂતવંશો છે, જેમાં ચાવડા, હેરોળ, વાઘેર અને વાઢેર મુખ્ય છે. ઈ.સ. ૧૫૦૦થી ૧૮૦૦ વચ્ચે અહીં ઘૂમલી-રાણપરના જેઠવા અને જામનગરના જાડેજા છે. અહીં જાડેજા સત્તા હોવાનો છેલ્લો પુરાવો ઇ.સ. ૧૭૮૨નો છે. અહીં 'જામ વિજય રાજ્ય' એવા સ્પષ્ટ શબ્દો વાંચી શકાય છે. આ સમય પછી પણ અહીં જાડેજા સત્તા હતી પણ આવો સ્પષ્ટ શિલાલેખ બીજો નથી. બીજો સ્પષ્ટ શિલાલેખ ૧૮૨૦નો છે અને તે વાઘેરો સાથેના જંગમાં માર્યા ગયેલા વિલિયમ હેન્રી મેરિયરની કબર ઉપરનો છે. ૧૭૮૨ અને ૧૯૨૦ દરમિયાન અહીં સત્તા માટે સામસામાં ધીંગાણાં થયાં છે અને આખરે અંગ્રેજોની સહાયથી ગાયકવાડનું રાજ રહ્યું છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી ગાયકવાડે ૧૯૪૯માં ઓખામંડળ સીધું જ મુંબઈ રાજ્યને સોંપી દીધું છે.

●●●

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઓખા મંડળનો 'માણેકવંશ' બરાબર દેખા દે છે. આ 'માણેકવંશ' ઓખા મંડળના વાઘેરવંશની એક શાખા છે. ઓખામંડળના ઇતિહાસમાં અહીંનો મૂળ વાઘેરવંશ અને છેક ચૌદમી સદીથી શરૂ થયેલો અહીંનો વાઢેરવંશ આપણા ઇતિહાસ લેખકોના માથાનો દુઃખાવો છે. બન્ને જુદા છે કે એક ? જુદા હોય તો ક્યારથી ને ભેળા હોય તો ક્યારથી ? શું વાઘેર કે વાઢેર પાસે વ્યવસ્થિત રાજતંત્ર છે ? તેઓનું રાજ હતું તેનો કોઈ ઐતિહાસિક પુરાવો છે ? પ્રબળ લોકસ્મૃતિ સિવાય ક્યાં છે આનાં પ્રમાણો ? સાંભળવા મળતી કથાઓમાં પણ બંન્ને વંશ સેળભેળ પામતા રહ્યા છે. દેખીતી રીતે તો 'વાઘેર' અને 'વાઢેર'માં માત્ર 'ઘ-ઢ'નો જ ફેર છે. અમે અમારા ઓખામંડળના પગપાળા પ્રવાસમાં આટલું તારવી શક્યા છીએ કે મૂળમાં બન્નેમાં ફેર છે અને બન્નેના સ્રોત પણ અલગ અલગ છે. વાઘેર વડીલોનું એમ કહેવું છે કે 'અમે શ્રીકૃષ્ણ સાથે સંબંધ ધરાવતા કાબા છીએ.' આજે અમે 'કાબા'માંથી 'વાઘેર' તરીકે ઓળખાયે છીએ.

'કાઠિયાવાડ સર્વ સંગ્રહ' (૧૮૮૬)એવું નોંધે છે કે શ્રીકૃષ્ણે 'કુશાસુર'ને ભોંયમાં ભંડારી દીધો તેમાંથી જે પુરુષ નીકળ્યો તે પ્રથમ વાઘેર છે ! બીજી કથા દ્વારકાના સુપ્રસિદ્ધ ઇતિહાસ લેખક કલ્યાણરાયભાઈ જોષી આપે છે તે મુજબ મથુરાથી શ્રીકૃષ્ણ વગેરે આ બાજુ ભાગ્યા ત્યારે તેનો પીછો કરતા કાલયવન સેના પણ છેક સૌરાષ્ટ્ર સુધી આવી પહોંચી હતી. શ્રીકૃષ્ણની યુક્તિથી કાલયવનનો નાશ થયો અને તેની સેનાના જે બાકી રહેલા માણસો હતા તે સમય જતાં કાબા, કાલા અને મોડ તરીકે ઓળખાવા લાગ્યા. ધીરે ધીરે આ ત્રણ વર્ગો પણ એક થયા અને ઓખામંડળના કાબા હિન્દુસંસ્કાર પામીને 'વાઘેર' થયા. કલ્યાણરાયભાઈ પોતાના સુપ્રસિદ્ધ ગ્રંથ 'ઓખામંડળના વાઘેરો (૧૯૬૯)માં નોંધે છે કે' વાઘેરોના અમુક તહેવારો ઉપરથી જણાઈ આવે છે કે તે શુદ્ધ ભારતીય સંસ્કારો ધરાવતા નથી. ત્રીજો મત એવો છે કે વાઘેર અને વાઢેર બન્ને સાગરખેડુ પ્રજા અને દરિયાપારથી તે આવી હશે. અહીંની કથામાં મળતો સક્કરબેલીમ દરિયાપારનો છે. જોકે આવી કથાઓને અદ્યાપિ ઇતિહાસનો ટેકો મળ્યો નથી.

આટલું સ્પષ્ટ છે કે ઓખામંડળની પ્રાચીન પ્રજા વાઘેરો અને ગુગળી બ્રાહ્મણો છે, જ્યારે વાઢેર ગણાતો લોકસમૂહ મૂળમાં કનોજનો રાઠોડ રાજવંશ છે. ઇ.સ.ની બારમી સદીમાં આવેલા શાહબુદ્દિન ઘોરીના આક્રમણ સામે દિલ્હીના ચૌહાણ અને કનોજના રાઠોડ ટકી શક્યા નથી. આ રાજપૂતો ક્રમશઃ રાજસ્થાન અને ગુજરાત તરફ આવ્યા છે. ચૌહાણવંશ રાજસ્થાનમાં અને રાઠોડવંશ ઈડર, ઓખા મંડળ તથા પ્રભાસ સોમનાથમાં ગોઠવાયો છે. ૧૨૫૦ થી ૧૩૫૦ વચ્ચે ગુજરાતના આ ત્રણે સ્થળોએ તેમનું શાસન હોવાનાં અનુમાનો થયાં છે. કલ્યાણરાયભાઈ ઓખામંડળના આરંભડાને વાઢેરની રાજધાની માને છે. આરંભડામાં આજે દરબારગઢના અવશેષો છે. ઈ.સ. ૧૫૭૨થી ૧૭૬૧ સુધીના લેખયુક્ત કુલ છ પાળિયા આરંભડાના પાદરમાં આજે ઊભા છે. આ પાળિયા લેખો ઉપરથી અહીં સતત ધીંગાણાં થતાં રહ્યાં હોવાનું તારવી

શકાય છે, પરંતુ એક પણ લેખમાં વાઘેર, વાઢેર કે માણેક શબ્દ મળતો નથી ! સામાન્ય માન્યતા એવી છે કે બેટમાં વાઘેર, આરંભડામાં વાઢેર અને છેક ૧૮૦૦ થી ૧૯૦૦ વચ્ચે દ્વારકામાં માણેક છે. કલ્યાણરાયભાઈ વેરાવળજીથી ભોજરાજજી સુધીના વાઢેરવંશની નામાવલિ આપે છે, જ્યારે ઓખામંડળના વાઢેર વંશ વિશે લખાયેલો સ્વતંત્ર ઇતિહાસ વાઢેર રાજપૂત દર્પણ (લે. શાંતુભા નંદાણા, ૧૯૯૮) કુલ બત્રીસ રાજાઓ ગણાવે છે ! આજે આપણને એમ લાગે કે આ અને આવી બીજી સૂચિઓ એકબીજા સાથે મેળવતા, ઇતિહાસ કરતાં કથા-વાર્તા વિશેષ છે !

કનોજના રાઠોડો ઓખામંડળમાં આવીને તુરત જ રાજગાદીના માલિક બની બેઠા તેમાં અહીંના સ્થાનિક રાજવંશો ચાવડા અને હેરોળ વચ્ચે જે દુશ્મનાવટ છે તેનો લાભ રાઠોડોએ લીધો છે ! દંતકથા તો એવી છે કે રાઠોડોએ આ વંશોને આડેધડ દગાફટકાથી વાઢી નાખ્યા એટલે તેઓ 'વાઢેર' કહેવાયા છે, જ્યારે ઇતિહાસ એ છે કે ઓખામંડળમાં આવેલ પ્રથમ રાઠોડ અજમલ રાઠોડ છે અને આ અજમલને વેજલજી અને વાઢેલજી નામના બે પુત્રો હતા. તેમાંથી વેજલજીનો વંશ 'વાજા' કહેવાયો અને તેણે પ્રભાસ સોમનાથમાં પોતાના રાજ્યના શ્રીગણેશ કર્યા. વાઢેલજીના વંશજ વાઢેર કહેવાયા અને ઓખામંડળમાં રાજગાદી સ્થાપી !

ઓખામંડળનો ત્રીજો રાજવંશ માણેકવંશ છે. આ માણેક વંશનું ઉદભવ સ્થાન આરંભડા છે, પણ વાઘેર કે વાઢેર નથી. મૂળના કચ્છમાંથી આવેલા જાડેજા કુમાર સાથે અહીંના હેરોળ રાજવંશની એક કન્યાના લગ્ન થાય છે અને તેમનાથી 'માણેકવંશ' શરૂ થયો છે. આ બાબતમાં કોઈ મતભેદ નથી પણ ક્યારથી માણેકવંશ તેના સમય વિશે એકથી વિશેષ મતમતાંતરો છે. કચ્છના જાડેજાઓના ઉદભવ અને કાળનિર્ણયમાં પણ મતભેદો છે. લાખો ઘુરારો, લાખો ફુલાણી અને લાખા જાડેજા વિશે પણ સ્પષ્ટ ઇતિહાસ નથી. માત્ર અગિયારમી સદીના અંતમાં જામ જાડો સિંધમાં છે અને તેણે જામ લાખાને દત્તક લીધો તેથી જામ લાખાના વંશજો બારમી સદીથી 'જાડેજા' તરીકે ઓળખાવા લાગ્યા છે. રતો રાયધણ ઇ.સ. ૧૨૦૦માં હયાત છે એવું ઇતિહાસની નજીકનું અનુમાન પણ આપણને મળે છે. કહી શકીએ કે છેલ્લાં હજાર વર્ષથી જાડેજા છે અને ૧૩૦૦માં જે હયાત છે, તે ખીલજી વંશના અલાઉદ્દીનથી કચ્છ અને અબડાસામાં જાડેજાના બે વંશજોએ પોતપોતાનું રાજ્ય શરૂ કરેલ છે. કચ્છની શાખા જે મુખ્ય જાડેજા શાખા છે તે ઇ.સ. ૧૫૪૮થી 'ભૂજ' નામનું નગર વસાવીને ત્યાં સ્થિર થઈ છે જેના છેલ્લા રાજવી મદનસિંહજીએ ૧૯૪૮માં પ્રજાસત્તાક રાજ્યને પોતાનું રાજ્ય સોંપી દીધું છે.

જાડેજાની અબડાસા શાખા ૧૩૦૦ પછી શરૂ થઈ તેમાં એક રાજવી જેહાજીના પુત્ર હમીરજી ઓખામંડળમાં આવે છે અને હેરોલ કન્યાને પરણે છે. ઇ.સ. ૧૪૦૦થી આ વંશ 'માણેક' તરીકે ઓળખાયો છે. આરંભમાં અમરાપુર અને દ્વારકાપંથકનો ગરાસ ગડિયા માણેકને મળ્યાની અનુશ્રુતિ છે. ૧૮૨૦થી શરૂ થયેલા વાઘેરોના બંડથી કંટાળીને અંગ્રેજ સરકારે ૧૮૫૯માં તોપમારો કરેલો અને માણેકના મૂળ ગામ અમરાપુરનો સંપૂર્ણપણે નાશ કરેલો છે. હાલ દ્વારકાની પાસે મૂળ ગોમતાના ઉપરનો એક કૂવો અને નાનકડી દેરી તેની નિશાની છે.

આમ જુઓ તો ૧૮૦૦ સુધી માણેકવંશ વિશેની કોઈ સ્પષ્ટ માહિતી આપણી પાસે નથી. બ્રિટિશ શાસન (૧૮૧૮-૧૯૪૭) દરમિયાન જે કોઈ ગરાસ, ઇજારા કે જમીનદારી હોય તે અસ્ત પામી ચૂકી હતી. આવી સ્પષ્ટ નોંધ 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ' (ગ્રંથ-૮, પૃ. ૧૦૮-૧૯૮૪)માં મળે છે. સંભવતઃ ૧૮૦૪માં ઓખા મંડળના આ ત્રણે વંશો જોધા માણેકની આગેવાની હેઠળ એકઠા થયા છે અને જે કોઈ ગરાસ કે જમીનો રદ થઈ છે તે પાછી મેળવવા માટે કાયદાકીય લડાઈ હાથ ધરી છે. વકીલો રાખ્યા હતા અને છેલ્લે હથિયાર પણ હાથમાં લીધા હતા. સમયે પણ એવો પલટો લીધો કે સમગ્ર દેશમાં અંગ્રેજ સરકાર સામે ૧૮૫૭નો સશસ્ત્ર જંગ ખેલાયો. અહીં પણ માણેક વંશના જોધા માણેક અને તેના બે ભત્રીજા મૂળુ માણેક અને દેવા માણેકે આગળ પડતો ભાગ લીધો છે અને અંગ્રેજોને બરાબરના હંફાવ્યા છે. પણ અંગ્રેજ સરકાર સાથે વડોદરાના ગાયકવાડ તથા જામનગરના જાડેજા અને પોરબંદરના જેઠવાનાં સૈન્યો પણ છે અને માણેકોને ઓખામંડળ છોડવું પડે છે. પકડાય છે અને બે વરસની જેલની સજા પણ થઈ છે. જેલ તોડીને ભાગે છે. વડોદરાની ઊભી બજારમાં માણેક બંધુઓ યુદ્ધ ખેલે છે પણ ઓખામંડળ પહોંચે તેની પહેલાં ૧૮૮૭ના ડિસેમ્બરમાં દેવો માણેક અને ૧૮૮૮ના મે માસમાં મૂળુ માણેક વીરગતિને પામે છે.

૧૮૫૯માં અંગ્રેજોનો સૌથી મોટો અને ભયંકર હુમલો ઓખામંડળ ઉપર થયો છે જેમાં દ્વારકા અને બેટના કિલ્લા સાથે પ્રાચીન મંદિરો પણ ધરાશાયી થયાં છે. અંગ્રેજોનાં આ પગલાં સામે સૌરાષ્ટ્રમાં વિરોધ ઊઠ્યો છે અને ૧૮૬૦માં અંગ્રેજ સરકારને જ દ્વારકા અને બેટનાં મંદિરો પુનર્નિર્માણ કરાવી દેવાં પડ્યાં છે. આ પુનર્નિર્માણમાં શ્રીકૃષ્ણની પટરાણીઓનાં નામ ભુલાયાં છે અને આઠ પટરાણીઓમાં ભૂલથી 'રાધા'ની ગણતરી પણ થઈ ગઈ છે અને આજે પણ દ્વારકાના જગતમંદિરમાં તથા બેટના મંદિરોમાં પટરાણી તરીકે રાધામંદિર છે. ૧૮૬૦ પછી પણ માણેકવંશ ઊંચાનીચો થયો છે અને નાછૂટકે ૧૮૬૮માં ટોબરાનો હત્યાકાંડ થયો છે. બીજી બાજુ બહારવટે ચડેલા જોધા માણેક ગીરના જંગલમાં દેવો માણેક જામનગર જિલ્લાના કાલાવડ પાસેની માછરડાની ધાર ઉપર અને મૂળુ માણેક પોરબંદર જિલ્લાના વાછોડા ગામમાં મૃત્યુ પામે છે.

આજે ઓખામંડળમાં માણેકવંશ છે, પરંતુ બાપદાદાની કીર્તિ, ધર્મનિષ્ઠા, નીતિમત્તા અને પ્રામાણિકતા પ્રાપ્ત કરવાની હજુ બાકી છે.

૩, વાડી પ્લોટ, 'દર્શન'
પોરબંદર-૩૬૦૫૭૫, મો-૯૫૩૭૮૭૭૦૭૦

કચ્છની કલાધરિત્રી : ધનબાઈ કારા...

- જોરાવરસિંહ જાદવ

ડુંગર દરિયો અને રણનું પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતી કચ્છની ધરતી હજારો વર્ષથી ગીત સંગીત અને નૃત્યની ધરોહરથી ધબકતી રહી છે. કચ્છના કલાજગતે કેટકેટલાં કલારત્નો આપ્યાં છે ! ફ્રાન્સના એફિલ ટાવર પરથી નોબત શરણાઈની જુગલબંધી રજૂ કરી ગુજરાતને ગૌરવ અપાવનાર સુલેમાન જુમા, સુરંદો અને જોડિયા પાવાના સૂરોના સથવારે પરદેશમાં જઈ વિદેશીઓને મુગ્ધ કરનાર સિદ્દિકભાઈ જત અને મુસાભાઈ જત. લોકગીત, ભજન, કચ્છી કાફી, દુહા, છંદ અને રબારી રેડી દ્વારા દર્શકોને ડોલાવનાર સમરથસિંહ સોઢા, વેલજીભાઈ ગજ્જર, મોરારદાન પાયક, તુર્ક ગુલામહુસેન, માલો રબારી, અબુમીર, ઈસ્માઈલ મીર, દાના ભારમલ, કુલસુમબેન મીર, જોડિયા પાવાના કલાકાર ઈસ્માઈલ જત, નુરમહંમદ સોઢા, રવાજી વાઢા, મોરચંગવાદક સામત પઠાણ, શરણાઈ વાદક ફકીરમામદ જુમા, સિદ્દીકભાઈ જુમાણી, સુમારભાઈ જુમા, મહુવર મોરલીવાદક વેલજી માવજી, સુરમનાથ વાદી ઉપરાંત ચંગ, ભોરીંદો મટકુ, એકતારો, મંજિરા ઇત્યાદિ વાદ્યોના કચ્છી વાદકોએ લોકસંગીતનું પડ ગાજતું રાખ્યું છે.

લોકજીવનમાંથી સાવ વિસરાઈ ગયેલી એક કચ્છી કલાધરિત્રીની. પોતાના કામણગારા કંઠે રાસુડાની રમઝટ બોલાવી કચ્છી કલા, સંસ્કાર અને ગીત, નર્તન વડે દિલ્હીના દરબાર સુધી ડંકો વગાડનાર કચ્છની ગાતી ઝૂમતી કોયલ ધનબાઈ કારાની

ઘણીવાર આપણે વિદેશી કલાકારોને વાહવાહ કરવામાં ઘરઆંગણાના કલાકારોનું મૂલ્ય ઓછું આંકીએ છીએ. દૂરના ડુંગરા રળિયામણા લાગે પણ પાદરના પ્રચ્છન્ન સૌંદર્યનું મૂલ્ય આપણે મન 'ગામનો ગોર અને પાદરના તીરથ' જેટલું જ હોય છે વિદેશી કલાપ્રેમીઓ આપણા કલાકારોની વાહવાહ કરે છે ત્યારે ચીંથરે વિંટળાયેલા રત્ન જેવા આપણા કલાકારોને ઓળખતા થઈએ છીએ.



આજે મારે વાત માંડવી છે લોકજીવનમાંથી સાવ વિસરાઈ ગયેલી એક કચ્છી કલાધરિત્રીની. પોતાના કામણગારા કંઠે રાસુડાની રમઝટ બોલાવી કચ્છી કલા, સંસ્કાર અને ગીત,નર્તન વડે દિલ્હીના દરબાર સુધી ડંકો વગાડનાર કચ્છની ગાતી ઝૂમતી કોયલ ધનબાઈ કારાની. વાત છે આજથી ૯૦ વર્ષ પૂર્વેની કચ્છના માંડવી તાલુકાના રામપર-વેકરિયા ગામના દલીતવાસમાં વેલા આજા વણકરના ખોરડે ૧૯ સપ્ટેમ્બર ૧૯૩૦ના રોજ દીકરીનો જન્મ થયો. આંગણે માંડવો આવતા આખું કુટુંબ નારાજ થયેલું, પણ નસીબ લઈને આવેલી નાનકડી દીકરીના હાથમાં વિધાત્રી આવીને કલાની આડીઅવળી રેખાયું પાડી ગઈ ત્યારે એના બાપુને ક્યાંથી ખબર હોય કે આ દીકરી ઘરદીવડી બનીને માવતરના કુટુંબને અજવાળશે ! તારશે અને કલાક્ષેત્રે કચ્છનું નામ ઉજાગર કરશે !

ધનબાઈ કારા મારવાડાના નામે જાણીતાં ધનબાઈ દસ બાર વર્ષની વયે જીવનમાં વિધવિધ પ્રસંગોએ ગવાતાં ગીતો સાંભળી સરખી ઉંમરની સહિયરો સાથે રમતરમતમાં મટકલ, બાવળ, સિંધી રાસુડા, દાંડિયા અને લોકરમતો કરતાં કરતાં તેઓ ગાતાં અને નાચતાં શીખ્યાં. યુવાનીના ઉંબરે આવીને ઊભાં ત્યાં સુધીમાં તો કચ્છી રાસડા, લોકગીતો, લગનગીતો, ફટાણાં, ત્રાબડી, મટકી, વાવલ, ડોકા, ચાબખી, દાંડિયા, કાફી અને અગણિત લોકગીતો એમના હૈયે અને હોઠે રમતાં થયાં. એક જાહેર કાર્યક્રમમાં ધનબાઈને ગાતાં સાંભળીને સુવિખ્યાત નોબત વાદક સુલેમાન જુમા એમને આકાશવાણીના ભૂજ કેન્દ્ર પર લઈ ગયા. એ વખતે ગરીબાઈ ઘરમાં આંટો મારી ગયેલી. રોજીરોટી માટે તેઓ જંગલમાંથી લાકડાં કાપી લાવીને વેચતાં. ખેતરમાં મજૂરીકામ કરતાં. જેમ તેમ તેમનું ગાડું ગબડતું. હવે રામપરથી ભૂજ જવા માટેનું ગાડીભાડું ન મળે. ઘરની એક થાળી વેચીને તેઓ વાહનમાં ભૂજ ગયેલાં. આકાશવાણીની સ્વર પરીક્ષામાં સફળ થયા પછી એમનાં ગીતો કચ્છમાં રેલાવા માંડ્યાં. લોકપ્રિયતા વધતાં લોકો એમને લગ્નપ્રસંગે ગીતો ગાવા અને રાસડે રમવા બોલાવતાં થયાં. આકાશવાણી દ્વારા તેઓ દૂરદર્શન સુધી પહોંચ્યાં. આમ ૧૯૬૨ પછી એમનું નસીબ ચમક્યું.

વર્ષો અગાઉ અમે નવરાત્રી પ્રસંગે એક કાર્યક્રમમાં ધનબાઈ કારાને અમદાવાદ

નોતરેલી. સામાન્ય શરીરના શ્યામ ચહેરા પર અનુભવની શાખ પૂરતી કરચલીઓ. માથા પર શ્યામ-શ્વેત કેશનો ગાંઠ વાળેલો અંબોડો, જાડા કાચનાં ચશ્માં, અંગ માથે દેશી આભૂષણો, માદળિયાળો લાંબો હાર, ડોકમાં બે કિલો વજનનો ચાંદીનો વારલો, બંને હાથમાં ઘૂઘરિયો ટાંકેલી, મધુર અવાજ કરતી ગુજરીઓ, નાકમાં નથણી, આંગળિયુંમાં ત્રણ ચાર ચાંદીની વીંટીઓ, પગમાં વજનદાર કાંબી-કડલાં, રંગબેરંગી ફૂલફગરનો ઘાઘરો, લાંબી સાળનું કચ્છી ભરતનું કાપડું અને માથે કચ્છી ઓઢણું. મોં પર નિર્દોષ હાસ્ય. લોકસંગીતની કામણગારી કલાકારને માણવા લોકો ઉમટી પડેલા. પછી તો ગાતાં ગાતાં રાસડાની રમઝટ બોલાવી. એમના પતિ કારા આસાએ ઢોલ પર દાંડી રમાડવા માંડી. અને શરૂ થઈ ઢોલ અને રાસડાની રંગત. ગીત સાથે એમનું રાસડે રમવાનું શરૂ થયું ત્યારે જાણે કે એમના પગમાં અનેક રમનારીઓનું જોમ ન વસ્યું હોય ! રાસડો જામતો મેદાન પણ ઘડીભર ટૂંકું પડવા માંડ્યું. ધનબાઈના અંગમાં નટાવાએ વાસ ન કર્યો હોય એમ લાગવા માંડ્યું.

ભૂજના એક કાર્યક્રમમાં હાજર રહેલા નૃત્યવિશારદ મૃણાલિની સારાભાઈ ધનબાઈની કલાપ્રસ્તુતિ જોઈને આનંદિત થયાં અને એમને દિલ્હીમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીની ઉપસ્થિતિમાં બિન્દ્રા હાઉસમાં કાર્યક્રમ માટે લઈ ગયાં.

સને ૧૯૬૨થી ૯૦ સુધી આકાશવાણી દૂરદર્શન પર અને લોકસાહિત્યના ડાયરાઓમાં એમના કંઠના કામણ રેલાતાં રહ્યાં. ડાયરાઓમાં પ્રફૂલ્લ દવે, દિવાળીબહેન ભીલ, ભીખુદાન ગઢવી, હરસુર ગઢવી, દમયંતીબહેન બરડાઈ, વેલજીભાઈ ગજ્જર, ભારતીબહેન કુંચાલા, અરવિંદ બારોટ વગેરે સાથે ડાયરાઓમાં કચ્છી અને ગુજરાતી લોકગીત નૃત્યની રમઝટ સાથે રજૂ કરતાં રહ્યાં.

ભૂજના એક કાર્યક્રમમાં હાજર રહેલા નૃત્યવિશારદ મૃણાલિની સારાભાઈ ધનબાઈની કલાપ્રસ્તુતિ જોઈને આનંદિત થયાં અને એમને દિલ્હીમાં શ્રીમતી ઈન્દિરા ગાંધીની ઉપસ્થિતિમાં બિન્દ્રા હાઉસમાં કાર્યક્રમ માટે લઈ ગયાં. દિલ્હીનો દરબાર જોઈને ઘનબાઈએ ગાંડાતૂર થઈને ગીત-નૃત્યની મહેફિલ જમાવી. ને શું નાચ્યાં છે, શું નાચ્યાં છે ! ત્યારે ઇન્દિરાજી એમની પાસે ગયાં ને એમનો હાથ પકડીને કહ્યું, 'તમે થાકી ગયાં હશો! બેસો થોડીવાર આરામ કરો.' એ પછી રાજીવ ગાંધીની હાજરીમાં એમણે 'કચ્છી રાગજી રોશનાઈ' નામે ચારેક કાર્યક્રમો પ્રસ્તુત કર્યા.



ત્યારબાદ ધનબાઈના આ કાર્યક્રમો ગાંધીનગર, અમદાવાદ, મુંબઈમાં ઘાટકોપર, પાર્લા અને દિલ્હીમાં રવીન્દ્રભવન ખાતે ચાલતા રહ્યા. એમનાં લોકગીતોની કેસેટો માર્કેટમાં ફરતી થઈ. આમ કચ્છીઓ અને ગુજરાતીઓના માનીતા કલાકાર તરીકે માનપાન પામ્યાં. ૩૦ નવેમ્બર ૧૯૯૮ના વર્ષમાં અમદાવાદમાં ટાગોર હોલ ખાતે માન. મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલના હસ્તે એમને રાજ્ય સરકારનો ગૌરવ પુરસ્કાર એનાયત કરાયો. કચ્છી સંસ્કૃતિ પ્રેમી પૂર્વ નાયબ મંત્રી શ્રી બાબુભાઈ મેઘજી શાહ અને ભારતીય સંસ્કૃતિ દર્શન સંગ્રહસ્થાનના પ્રણેતા શ્રી રામસિંહજી રાઠોડ ધનબાઈને મુંબઈ અને દિલ્હી દૂરદર્શન પર નૃત્યનો કાર્યક્રમ રજૂ કરવા લઈ ગયા. એ કાર્યક્રમને તેઓ વર્ષો સુધી વાગોળતા રહ્યાં.

અમદાવાદનો કાર્યક્રમ પૂરો થતાં મેં ધનબાઈને પૂછ્યું: 'આ ઢોલીએ તો ત્રંબાળુ ઢોલ પર જુદા જુદા તાલ વગાડીને રાસડાની રંગત જમાવી દીધી. કાર્યક્રમને માથે છોગું મુકાઈ ગયું.' ત્યાં મરકીને વેણ કાઢતાં તેઓ કહે 'આ ઢોલ વગાડ્યો ઈ ડોહો મારા ઘરવાળો છે.' મારા લગન નાનપણમાં થઈ ગયેલાં પછી હું સાસરે ગઈ ત્યારે સાસરિયા મને બઉ દુઃખ દેતા. આખો દિવસ કામ કરાવે. સાસુ મને મારે. ખાવા નો દ્યે. હું હારી થાકીને પિયર આવી ગઈ. એ પછી હું ગાતાં શીખી અને કાર્યક્રમો ચાલવા માંડ્યા ત્યારે આ ડોસો ઢોલ વગાડવા આવતો. તે દિ' કારાઆસા મારવાડા સાઈઠેક વરસના પણ શું ઢોલ વગાડે, શું ઢોલ વગાડે ! કચ્છ આખામાં એના જેવો બીજો ઢોલી ન મળે! એના ઢોલના તાલ માથે હું વારી ગઈ. એનો ઢોલ મારા દલડે કોરાઈ ગયો ને મેં એનું ઘર માંડ્યું. આજની ઘડી ને કાલ્યનો દિ', તે દિ'થી અમે ગાવા વગાડવાનું ને રમવાનું સાથે જ કરીએ છીએ. બહારગામના કાર્યક્રમો આવે ને તોય હું મારા કારા આસાને મૂકીને એકલી ક્યાંય ન જાઉં. હું નાચું ગાઉં અને કાર્યક્રમો કરું એ અમારા સમાજ વાળાને જરાયે ન ગમે. મને ત્રણ છોકરાં છે. પરણવાલાયક થયા ત્યારે કોઈ છોડી નો આપે. મા-બાપને એમ કે આ ડોસી આપણી દીકરીઓને જાહેરમાં નચાવશે. પણ હું કાર્યક્રમ માટે દિલ્હી ગઈ અને ઈન્દિરાજી આગળ ગાયું એટલે નાતમાં બધા કહેવા માંડ્યા. 'આ રો મોટા માણસ

રાજ સુધી પોગે.' એટલે બધાય દીકરી દેવા મારું આંગણું ઘસવા માંડ્યાં. મેં કહ્યું હવે મારે મોટા ઘરની નહીં પણ અમારા જેવી ભારો ઉપાડવાવાળી દીકરી જ જોઈએ છે. અને હું એવી જ વહુઓ લાવી. વહુઓ બહુ ડાઈ અને કહ્યાગરી છે ! આમ મેં રેડિયાની ફી અને કાર્યક્રમોના પૈસા ભેગા કરી છોકરાંને પરણાવ્યાં.

ધનબાઈની ઓળખ લોકગીત ગાયિકાની તો ખરી જ પણ ધનબાઈ કારા સારી લોકકવયિત્રી હતાં એની બહુ ઓછાને જાણ હશે. આકાશવાણી પર તેઓ લોકગીતોની સાથે સાથે સ્વરચિત લોકઢાળનાં ગીતો ગાઈને રજૂ કરતાં. કોઈ ઘટના જૂએ તો તરત જ એમના હૃદયમાં સ્પંદનો જાગતાં, અને કચ્છી ગુજરાતી ગીતો રૂપે અવતરતાં. તા. ૨૭-૭-૧૯૮૯ના જન્મભૂમિ પ્રવાસીમાં જ્યોતિ વ્યાસે એક સરસ પ્રસંગ નોંધ્યો છે.

એક દિવસની વાત છે. નવરાશની વેળાએ ધનબાઈ અને એમના ઘરવાળાં બેઠાં હતાં. ત્યારે કાગડાની ચાંચથી ઘવાઈને એક પોપટ અચાનક એમનાં ખોળામાં આવીને પડ્યો. ધનબાઈના ધણી કહેઃ 'લ્યો, મે'માન આવ્યા.'

ધનબાઈએ એને સુપેરે ખોળામાં લીધો. પંપાળ્યો ને પછી કહેઃ 'મેમાન આપણાં આંગણે આવ્યા છે તો એનો રાસડો રેડિયો પર ગાવો જોઈં, તો બધાને ખબર પડે. અને રચાયું આ પક્ષીપ્રેમનું ગીત.'

ઊડતો પોપટ મારા આંગણે આવ્યો,
આંગણામાંથી ઉપાડીને ખોળામાં રાખ્યો.
પછી પોપટને કીધું
તું ને નઈં મારુ નઈં મારુ મારા લીલુડા પોપટ
તુંને નઈં મારુ.
ખોળામાંથી ઊડીને પોપટ મેડીએ જઈ બેઠો
મેડીએ બેઠો તો ભલે બેઠો.
મારા લીલુડા પોપટ તું ને નઈં મારુ.
પછી ઊડીને મારા હાથે બેઠો,
હાથે બેઠો તો ભલે બેઠો
મારા લીલુડા પોપટ તુંને નઈં મારુ.
હાથમાંથી ઊડીને મારા હૈડે જઈ બેઠો
હૈડે બેઠો તો ભલે બેઠો
માર માણિગર પોપટા તને નઈં મારુ.

સાવ અભણ એવા ધનબાઈ કોક ઘટના જૂએ, ઊડતું પંખી હોય, ટહુકતો મોરલો હોય, પીરની જગા પરથી પસાર થતાં હોય, કોઈ ફકીરને જૂએ એટલે આત્મસૂઝથી ગીત બાંધે. આ ગીતો જનસમાજનાં હૈયે ને હોઠે ફરતાં તરતાં થાય. ગાતી રમતી વેળાએ લોકગીતો સાથે સ્વરચિત ગીતો પણ ગાતાં જાય. ધાણી ફૂટે એમ એમના મુખમાંથી શબ્દો સરતાં જાય. ગુજરાતી કે કચ્છી જ નહીં, સિંધી ભાષાનું એમનું રચેલું ગીત હસમુખ અબોટીએ કચ્છમિત્રમાં નોંધ્યું છે.

'મું જો ડાડ ડિને મું કે સિંધીએમેં
આઉં સે ભો નતી જાણીયા
નતી જાણીયા ઑંટી
મુકે મલીરમેં (બન્ની) ડિનૌ
મોતી, નતી ગુંથી જાણાં
એ ઉંમર હાણે થઈયાં સિંધીયાણી.'

આમ ગાતાં જાય. નૃત્ય કરતાં જાય અને ઢોલીના ઓવારણાં લેતાં જાય. પછી ઢોલરાંધ શરૂ થાય

ઢોલ રાંધ રમવા મુન્ને એરીંગ ખોવાણોજો.
એરીંગ ખોવાણો મુજો એરીંગ સોનેજો
ઢોલરાંધ રમધા મુજો એરીંગ ખોવાણો જો.

સાવ અભણ એવા ધનબાઈ કોક ઘટના જૂએ, ઊડતું પંખી હોય, ટહુકતો મોરલો હોય, પીરની જગા પરથી પસાર થતાં હોય, કોઈ ફકીરને જૂએ એટલે આત્મસૂઝથી ગીત બાંધે. આ ગીતો જનસમાજનાં હૈયે ને હોઠે ફરતાં તરતાં થાય

ઢોલરાંધ એટલે કચ્છના ગામડાંમાં લગ્ન પ્રસંગ હોય ત્યારે લોકોના હરખ હિલોળે ચઢે. કુટુંબની અને ગામની બે'નું દીકરિયું રાહડા લેતી હોય. કારા ઢોલી વચ્ચે ઊભો રહી ઢોલ માથે હીંચ, ચલતી, ટીટોડાનો તાલ વગાડતો હોય. ત્યારે શેરી માથે આવેલા ઘરની માંડ્યના વાસણો ઠણઠણ ઠણ બોલવા માંડે હો. આમ કચ્છી ધોલરાંધ - ઢોલ સાથે રાસડો સાંભળવો એ જીવનનો એક લ્હાવો છે. 'ગજીયો તી' ગાઈયાં ગજીયો મુંજો જોર જલાણું' આજેય સાંભળનારના સ્મૃતિપટ પર ધનબાઈનું ચિત્ર ખડું કરે છે.


ધનબાઈ કારા લાક્ષણિકમુદ્રામાં



કચ્છમાં લગ્નપ્રસંગે ધનબાઈને લગ્નગીતો, ફટાણાં ગાવાના નિમંત્રણો મળતાં. લગ્નવાળા ઘેર સોનીરાત અર્થાત્ મહેંદી રાત ધામધૂમથી ઉજવાય છે. આ મહેંદીરાતના ધનબાઈ દીકરિયું, વહુવારુઓ અને ગામના જુવાનિયાઓને ઢોલના તાલે તાલે રાતબધી રાસડો રમાડે. આવા રાસડે રમનારા વૃદ્ધો આજેય ધનબાઈને યાદ કરે છે.

'ભગવાન મને ફરી અવતાર આપે તો મારા કચ્છડામાં અને મારા વરણમાં જ અવતાર માગું. ખૂબ નાચું, ખૂબ ગાઉં. હવે મારી ઈશ્વરને પ્રાર્થના છે કે હું મરું ત્યારેય મારા હોઠ પર ગીતડાં રમતાં હોય !'

પૂર્વ જન્મના સંસ્કારો લઈને જન્મેલા અક્ષરજ્ઞાન ન ધરાવતાં ધનબાઈના હૃદયમાં કુંવારી કલ્પનાઓના વીરડા વછૂટતાં, અને એમાંથી રચાતાં ગીતો આજે લોકગીતોરૂપે ગવાય છેઃ

'કચ્છજા મોર ભાવર ભલે આયા,
ભલે આયા આંકે જિજા ડીયુમાન,
અઙ્ગણ ઢારાઈયાં ઢુલિયો,
ખૂણે ઢરાઈયા ખય.'

આમ અસંખ્ય ગીતોની સાથે સાથે પીરની સ્તુતિ પણ એણે કરી છે. જે હસમુખ અબોટી નોંધે છે.

પીરમેં પીર લાલ મુજો મહેબુબ સુભાની
આજે ધરતે (હબ્ર) વાંજિયા અર્ચે
વાંજિયેકે ડિયો વિયા મુજા મહેબુબ સુભાની
જેડો ચમકે ચાંદની જો ચાંદ
કચ્છમેં હાજીપીર બાવા
આઉવલી આતે ચાદરચડાઈનાં
ચડાઈ કુલભાન વિના.

જીવનનાં પાછલાં વરસોમાં પણ ધનબાઈનો અવાજ એવો ને એવો રૂપાની ઘંટડીરોખો મધુર રહેલો. સને ૧૯૯૧ના વર્ષમાં એમના ઉંમરલાયક ઘરવાળા કારાઆસાનું અવસાન થયું ત્યારે આ પ્રણય બેલડી ખંડિત થઈ. એ પછી એમના રાસડામાં કરુણરસ ઉમેરાયો. કારાણીની રચનાઓ

કુંજલ મ માર વીરા કુંજલ મ માર,
ઈ કુંજલ વેંધી ધરિયા પાર.

ગાઈને આંખમાંથી દડદડતાં આંસુ સાથે પોતાના કારાને યાદ કરી લેતાં.

કારાયલ કે મ મારી જ જેમ રત્તા નેણ,
તડ મથે ઊભી ટહૂકા કરે
મુજા નિત સંભારિયેં સેણ.

'ગુલાડો મીઠો અસીં માંડુ કચ્છજા' ગીત દ્વારા કચ્છમાં ઘરોઘર જાણીતાં બનેલાં ધનબાઈને કોઈએ પૂછ્યુંઃ 'તમારી આ ગીત નૃત્યની કળા તમારાં દીકરા દીકરિયું સિવાય બીજા કોઈને શીખવો છો ખરા ?'

'મારા છોકરાંવને આમાં કશોય રસ નથી. મારા ભાઈનાં છોકરાંવ, ભાભીયું ઈ બધાને ગમે. મારી માને આમાં બઉજ શૉખ હતો. મેં મુદ્રાની એક નિહાળમાં છોડિયું ને ગાતાં-રમતાં શીખવેલું ઈ જિલ્લાની હરીફાઈમાં પરથમ આવેલી, બાકી તો કોઈ બોલાવે તો જાઉં અને શીખવું.'

'ભગવાન તમને ફરી અવતાર આપે તો તમે કયા વરણમાં અવતાર માગો ?'

'ભગવાન મને ફરી અવતાર આપે તો મારા કચ્છડામાં અને મારા વરણમાં જ અવતાર માગું. ખૂબ નાચું, ખૂબ ગાઉં. હવે મારી ઈશ્વરને પ્રાર્થના છે કે હું મરું ત્યારેય મારા હોઠ પર ગીતડાં રમતાં હોય !'

આજે નથી ધનબાઈ કારા. નથી કારા આસા, પણ કલાપ્રેમી ઉમેશ જડિયાએ કરેલું વીડિયો રેકોર્ડિંગ કલાધરિત્રીની સ્મૃતિને જીવંત બનાવે છે.

'સજ્જન સ્મૃતિ'
૨, પ્રોફેસર્સ કોલોની, નવરંગપુરા,
અમદાવાદ-૯. મો-૯૮૨૪૦૨૮૩૨૬



જાતિ ધર્મભેદને દૂર કરતી 'શ્રી જગન્નાથજી'ની પુરાકથા

- હસુ યાજ્ઞિક

પુરાકથા-Myth - આદિમ કાળના મનુષ્યની ભાષા હતી. જીવસૃષ્ટિ અને પ્રકૃતિનાં રહસ્યોને જેમ જેમ માણસ પોતાની રીતે ઉકેલતો ગયો, તેમ તેમ તે એને કથાના રૂપમાં બાંધતો ગયો. આવી કથા અને એમાં આયોજિત 'કલ્પન' કાળક્રમે એક જાતિગત Racial ધાર્મિકરૂપે 'પુરાકથા' Myth બની. આવી પુરાકથા માત્ર સાચી બનેલી ઘટનાના રૂપે જ સ્વીકારાતી નથી, શ્રદ્ધાથી જ સ્વીકારાતી પણ હોય છે. દરેક યુગમાં આ રીતે અવનવી પુરાકથાઓ રચાતી જાય. શિથિલ બનતા સૃમાજ અને સંસ્કૃતિને નવું રૂપ આપતી જાય અને શ્રદ્ધાપૂર્ણ એક વાસ્તવિક અને સર્વકાલીન, ચિરંતનરૂપ બની જાય.

ઑડિશાની 'ધ મિથ ઑવ દેઉલ-તોલા' એટલે કે ભગવાન જગન્નાથજીના પુરી ખાતેના મુખ્ય મંદિરની વ્યુત્પત્તિ અને નિર્માણની કથા છે. આજ વિશિષ્ટ એવું દેવકલ્પન ભારતભરમાં સ્વીકારાયું અને આષાઢી રથયાત્રા-ઉત્સવ રૂપે ઉજવાતું રહ્યું.

કંઠપ્રવાહની આ મંદિર-વ્યુત્પત્તિ નિર્માણની જે પુરાકથા હતી એને ઑડિશી ભક્ત કવિ કૃષ્ણદાસાએ પદ્યમાં બાંધી. એની કથા આ પ્રમાણે છે :

પૌરાણિક કાળના રાજા ઈન્દ્રદમનને જગન્નાથજીએ પુરીમાં ભવ્ય મંદિર બાંધવાનું સ્વપ્નમાં આવી જણાવ્યું. આથી ઈન્દ્રદમને એના દાસોને જગન્નાથજીની મૂર્તિ શોધવા ચારે દિશાઓમાં મોકલ્યા. આ દૂતોએ સતત એકોતેર વર્ષ સુધી ચારે દિશાઓમાં શોધ કરી, પરંતુ ક્યાંય વન વચ્ચે મૂળ નાનું મંદિર અને મૂર્તિ ન મળ્યાં. ઉત્તર, દક્ષિણ, પશ્ચિમ દિશામાં શોધ કરવા ગયેલા દૂતોને આવું કોઈ ઉપવન સ્થિત પ્રાચીન મંદિર ન મળ્યું. પૂર્વમાં ગયેલો બ્રાહ્મણ હજુ પાછો ફર્યો ન હતો. રાજા ઈન્દ્રદમનને થયું, નક્કી વિદ્યાપતિને કોઈક ભાળ મળી હશે અને પૂરી તપાસ કરવા તે રોકાયો હશે ને શુભ સમાચાર લાવશે જ.

આ વાત સાચી હતી. પૂર્વમાં ગયેલો વિદ્યાપતિ ઉચ્ચ બ્રાહ્મણ હતો, છતાં પૂરી જાણ મેળવવા એક 'સાવર'નામની અનાર્ય મનાતી જાતિના ઘરે રહ્યો અને સાવરોના સરદારની પુત્રી બાસુના પ્રેમમાં પડ્યો. સાવર-સરદારને આની જાણ થઈ. બાસુનાં લગ્ન ઉચ્ચ બ્રાહ્મણ સાથે થશે એમ માની સરદાર ખુશ થયો અને વિદ્યાપતિને બાસુ સાથે લગ્ન કરવા કહ્યું.

ઉચ્ચ જાતિના વિદ્યાપતિએ બાસુ સાથે લગ્ન કરવાની ના પાડી અને કહ્યું: એ નિમ્ન અનાર્ય જાતિની બાસુ સાથે લગ્ન ન કરી શકે. આ સાંભળી સાવર અત્યંત ગુસ્સે થયો ને પોતે કંઈ નિમ્ન જાતિનો નથી, પરંતુ પ્રતાપી પૂર્વજોના વંશનો છે, એમ કહીને પોતાના પૂર્વજની આ કથા કહી:

સાવરના વંશનો પૂર્વજ જાડૂ નામનો શિકારી હતો. એણે વનમાં ઉગેલાં કદમા નામના વેલાને રસનું નશા માટે પાન કર્યું. આ રસ ઝેરી હતો. એ તડપવા લાગ્યો. આની જાણ ભગવાન શ્રીકૃષ્ણને થતાં એ વનમાં દોડી આવ્યા અને જાડૂને ઝેરમુક્ત કરીને બચાવ્યો.

સાવરના વંશનો પૂર્વજ જાડૂ નામનો શિકારી હતો. એણે વનમાં ઉગેલાં કદમા નામના વેલાને રસનું નશા માટે પાન કર્યું. આ રસ ઝેરી હતો. એ તડપવા લાગ્યો. આની જાણ ભગવાન શ્રીકૃષ્ણને થતાં એ વનમાં દોડી આવ્યા અને જાડૂને ઝેરમુક્ત કરીને બચાવ્યો

સાજો થયેલો જાડૂ થોડા વખત પછી સ્વસ્થ થયો અને હરણનો શિકાર કરવા ગયો. બન્યું એવું કે શ્રીકૃષ્ણ આ ગાઢા વનના એક વૃક્ષની ડાળી પર હીંચકતા હતા. એમના ઝૂલતા પગ જ દેખાતા હતા. જાડૂને ગાઢી જાડીમાં માત્ર ઝૂલતા પગ દેખાયા. હરણ છે એવું ધારી પારધીએ બાણ માર્યું. આથી શ્રીકૃષ્ણ ઢળી પડ્યા અને દેહોત્સર્ગ કર્યો. આ જાણી યાદવો અને પાંડવશ્રેષ્ઠ યુધિષ્ઠિર અને અર્જુન દોડી આવ્યા. બધાએ અગ્નિદાહ દેવા તૈયારી કરી, ત્યારે શ્રીકૃષ્ણના શબને વાચા ફૂટી અને એમણે જણાવ્યું : 'મારા દેહને અગ્નિદાહ ન આપતા. એને સમુદ્રમાં વહાવી દેજો.' આથી શ્રીકૃષ્ણના દેહને સમુદ્રમાં વહાવ્યો. દેહ કાષ્ટરૂપ બની પશ્ચિમના દરિયામાંથી તરતો તરતો પૂર્વના દરિયામાં આવ્યો. પશ્ચાતાપથી બળતો જાડૂ પણ એ કાષ્ઠની પાછળ પાછળ આવ્યો અને શ્રીકૃષ્ણની આજ્ઞાથી જાડૂએ એ કાષ્ઠની ગાઢા વનમાં નાનું મંદિર બનાવી સ્થાપના કરી અને તેમના જગન્નાથ-સ્વરૂપની પૂજા-અર્ચના કરી. આથી જાડૂના વંશજો પણ આ ગુપ્ત મંદિરના જગન્નાથજીનાં પૂજન-અર્ચન કરવા લાગ્યા.

- આ વાત કહી સાવર સરદારે કહ્યું: 'તું માને છે એવા કંઇ અમે નીચા અસ્પૃશ્ય અનાર્ય નથી.' આ સાંભળી વિદ્યાપતિ બાસૂ સાથે લગ્ન કરવાં તૈયાર થયો. એણે લગ્ન કર્યાં અને સાવર સરદારને કહ્યું: 'હું તમારો જમાઈ છું. તમારા કુટુંબનો છું. મને તમારી સાથે ગુપ્ત મંદિરે લઈ જાવ !' પરંતુ સરદાર તૈયાર ન થયો. વિદ્યાપતિ ખૂબ કરગર્યો પરંતુ સાવર સરદાર એકનો બે ન જ થયો.

બાસુએ એના પતિ વિદ્યાપતિને કહ્યું: 'મારા પિતા ક્યારેય નહીં માને. તમારે ગુપ્ત મંદિર ક્યાં છે એ જાણવું હોય તો એક

ઉપાય અજમાવો.' પરોઢે મારા પિતા ગુપ્ત મંદિરે જાય ત્યારે તમે પણ લપાતાં-છુપાતાં મુઠ્ઠીમાં રાઈ લઈ પાછળ-પાછળ જાવ ને રાઈના દાણાં વેરતા જાવ ! એ ઊગી નીકળે તેના આધારે તમે ઇચ્છો ત્યારે એ ગુપ્ત મંદિરે જઈ શકશો.' વિદ્યાપતિને એ કારગત ઉપાય લાગ્યો અને એણે તે અજમાવ્યો અને થોડો સમય જતાં એનો સ્વાર્થ સધાઈ ગયો હતો એથી ભાગીને પૂરીમાં આવ્યો. રાજા ઈન્દ્રદમનને વાત કરી. રાજા વિશાળ સૈન્ય લઈ સાવરોના વસવાટે આવ્યો ને રાઈના છોડના આધારે જ ગુપ્ત-મંદિરે જઈ જગન્નાથજીની મૂર્તિ લાવવા પ્રયત્નો કર્યા. પરંતુ સાવરો ન માન્યા. ઈન્દ્રદમને સેંકડોનો ઘાત કર્યો. જગન્નાથજી કોપાયમાન થયા અને કાષ્ઠ પ્રતિમા ગાયબ થઈ ગઈ. રાજા અન્નપાણીનો ત્યાગ કરી બલિદાન આપવા તૈયાર થયો ત્યારે જગન્નાથજીએ સ્વપ્નમાં કહ્યું 'હું કાષ્ઠના રૂપમાં સમુદ્રમાં તરતો-તરતો પુરી આવીશ.' રાજાએ ભવ્ય મંદિર બંધાવ્યું અને એમાં જગન્નાથજીને પ્રતિષ્ઠિત કરવા બ્રહ્માજીને વિનંતિ કરી. લાંબુ તપ કર્યું ત્યારે છેક કલિયુગમાં બ્રહ્માજી પ્રગટ થયા, મંજૂરી આપી. પરંતુ આખો યુગવીતી ગયેલો અને હવે તો પુરીમાં ગાલા માધાબા રાજા બનેલો અને મંદિરનો એ માલિક હતો. એણે પણ ગુપ્ત મંદિરની વાત જાણેલી ને શોધવા નીકળેલો, ત્યારે દટાયેલા ગુપ્ત મંદિરની એને ઠેસ વાગેલી અને ખોદાણ કરતા મંદિર મળેલું. આથી બ્રહ્માજીની મંજૂરી લઈને આવેલા ઈન્દ્રદમન અને નવા રાજા ગાલા માધાબા વચ્ચે મંદિરની માલિકી વિશે વિવાદ થયેલો. મંદિરનો માલિક કોણ ?

આ વિવાદની કથા પણ લાંબી છે. છેવટે કાકભુશુંડી, ઘરડો યુગો જૂનો કાચબો જણાવે છે કે મંદિરનો માલિક કોઈ રાજા નહીં, પરંતુ પ્રજા, રાજા તો માત્ર મંદિરનો સેવક!

પછીની કથા લાંબી છે, તેને જવા દઈએ. અંતે જગન્નાથજી કાષ્ઠરૂપે તણાતા પુરીના દરિયાકાંઠે આવ્યા. હજારો હાથીઓ, અશ્વો, સૈનિકો, પુરોહિતો વગેરે આ કાષ્ઠને સમુદ્રમાંથી ખેંચી કાંઠે લાવવા મથ્યા, પરંતુ કાષ્ઠ તો તસુભાર ખસેડી ન શક્યા. અંતે જગન્નાથજીએ સ્વપ્નમાં આજ્ઞા આપી કે માત્ર રાજા, ક્ષત્રિયો, બ્રાહ્મણોથી એ બહાર નહીં આવે! જો એમાં સાથે નિમ્ન , અનાર્ય, અસંસ્કારી ગણો છો તે સાવરો-ખલાસીઓ પણ સાથે જોડાશે તો જ આ કાષ્ઠ ખેંચી શકાશે.

અંતે જાતિ, હોદ્દા, વર્ણનો ભેદ દૂર કરી બધાં જોડાયા ત્યારે જ કાષ્ઠ બહાર આવ્યું. અનેક સુતારો મથ્યા છતાં કાષ્ઠનું ઘોડિયું પણ પાડી ન શક્યા. અંતે જગન્નાથજીની પ્રેરણાએ ખુદ વિશ્વકર્મા એક વૃદ્ધ સુથાર કાષ્ઠશિલ્પીના રૂપમાં આવ્યા ને શરત કરીઃ 'હું મંદિરનાં બારણાં બંધ કરીને મૂર્તિ બનાવીશ. પરંતુ એકવીસ દિવસ લાગશે. કોઈએ બંધ મંદિરમાં ન પ્રવેશવું. પરંતુ ચૌદ દિવસ પછી રાણીની ધીરજ તૂટી. એણે શરતનો ભંગ કર્યો ને બારણું ખોલી મૂર્તિ કંડારવાનું કામ કેટલે પહોંચ્યું છે તે જાણવાનો પ્રયત્ન કર્યો. પરિણામે શરતભંગ થયો અને દિવ્ય કાષ્ઠશિલ્પી અદશ્ય થયા અને જગન્નાથજીની મૂર્તિમાં મુખ અને છાતીનો ભાગ અને કાંડાં-આંગળના વગરનાં હાથ રહી ગયા એની સ્થાપના કરી. બન્ને રાજાઓની મૂર્તિ મંદિર પ્રાંગણમાં નાના મંદિરમાં રખાઈ, જેનાં અર્ચન-પૂજન-દર્શનનો મહિમા નથી.


- આ કારણે ખલાસીઓ અને પુરોહિતો જ ભારતભરમાં રથયાત્રામાં જગન્નાથજીનો રથ ખેંચે છે. રાજ્યાધિકારી સોનાની સાવરણીએ ઝાડૂ વાળે છે.

કેટલી અદભુત સંસ્કૃતિ બાંધતી-ટકાવતી-ભેદભાવ દૂર કરતી આ પુરાકથા અને પ્રાચીન પરંપરા! આનો અર્થ સ્વયં સ્પષ્ટ છે. એક ધર્મ અને ભક્તિમાં કોઈ ઉચ્ચ નિમ્નનો ભેદ નથી. જાતિભેદ-વર્ગભેદ-વર્ણભેદ નથી! મંદિર, ધર્મ, એનાં અર્ચન-પૂજન કોઈ રાજાના નથી, સમગ્ર જાતિવર્ગવર્ણ ભેદ વગરનાં લોકો છે. રાજા-સત્તા એના સેવક છે, માલિક નહીં.

ભક્તિ આંદોલન આવ્યું અને એના દ્વારા જ વર્ણ-વર્ગ-જાતિભેદ દૂર કરવાનું સાંસ્કૃતિક તત્ત્વ બંધાયું એ પણ પહેલાંની આ પુરાકથા અને પરંપરા છે.

આ કથામાં જાતિ-જાતિ, વર્ણ-વર્ણ, વર્ગ-વર્ગ વચ્ચેના જે ભેદને દૂર કરવાનો હેતુ છે તેને આપણા ભારતીય બાંગ્લાદેશી ફોકલોરિસ્ટ ડૉ. મઝરૂલ ઈસ્લામે મોર્ફોલોજીકલ અને સ્ટ્રકચરલ ફોકલોર એનાલિસિસથી પૃથક્કરણ સાથે દર્શાવ્યો છે એ મારા આગામી પુસ્તકમાં વિગતે છે અહીં સર્વ વાચકો માટે એટલું જ જણાવું કે આ બધી જ આધુનિક અભ્યાસ પદ્ધતિની દૃષ્ટિએ સમાજ, એનાં વિવિધ અંગો, એકમો, એનાથી રચાતું માળખું-સ્ટ્રકચર- તેમ જ સંસ્કૃતિ પણ એક વાક્ય જેવાં છે વાક્યમાં જેમ કર્તા, કર્મ, ક્રિયાપદ, વિશેષણો, અવયવો જોડાય ને એક શબ્દસમૂહથી નિશ્ચિત અર્થ પ્રગટે અને વાક્ય-વાક્ય જોડાતાં જેમ મૂળ તાત્પર્ય સિદ્ધ થાય, તેવું કથામાં, સમાજમાં, સંસ્કૃતિમાં બને છે. આ પુરાકથારૂપી જે વિવિધ વાક્યો જોડાતાં જે સિદ્ધ થતો વિશિષ્ટ પૂર્ણ અર્થ છે તેમાં જ જાતિ-જ્ઞાતિ-વર્ણ-વર્ગ વચ્ચેના ભેદનો જે મુખ્ય સંઘર્ષ હોય તે આલેખાય અને તેના આધારે જ સમાજ અને સંસ્કૃતિનાં માળખાં તૂટી પડતાં અટકે અને તેની જાળવણી થાય. અહીં આવો ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક એવો સંઘર્ષ અને એનો ઉકેલ છે. ખરી હકીકત એ છે આના કારણે જ છેલ્લાં આઠસો વર્ષમાં ભારત પર વિવિધ જાતિઓ અને એમનાં ધર્મો, સંસ્કૃતિઓનાં આક્રમણ થયાં, અન્યાયો, અત્યાચારો, ક્રૂર વ્યવહારો થયા, તેમ છતાં પણ ભારતનો સમાજ એની સંસ્કૃતિ સામનો કરીને પોતાનું બચાવી શક્યાં છે. આ બળ જ આપણા ભારતીય સમાજ સંસ્કૃતિને ટકાવે છે, વિવિધતાઓ ઓગાળી એકતા સિદ્ધ કરે છે.

૧, પદ્માવતી બંગલોઝ, ભાવિન સ્કૂલ સામે,
થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૯
મો. ૯૯૨૪૬૧૬૬૨૦


" શેરીનો વૈભવ "
- નટુભાઈ મિસ્ત્રી
મો.-૯૮૨૫૨૯૪૮૬૬



" દિવાળી આવી "
- નિરૂપમા ટાંક
મો.-૯૯૭૪૫૨૬૮૨૦


" શિલ્પ વૈભવ "
- હેમરાજભાઈ દેસાઈ
મો.-૯૭૨૭૧૦૧૧૧૮



" પ્રતીક્ષા "
- ગાયત્રી ત્રિવેદી
મો.-૯૪૨૬૬૨૮૨૧૩૮

ભારત, ભારતીયતા અને ભારતીય સંસ્કૃતિ ધરાતલની ગહેરાઈથી સ્પષ્ટતા બક્ષે છે - વિનોબાજી

- ભદ્રાયુ વછરાજાની

પહેલી અને છેલ્લી સ્પષ્ટતા : ભારતીય સંસ્કૃતિ પરની વિગતો માટેનો મૂલાધાર ગાંધીજીના પ્રથમ સત્યાગ્રહી શ્રી વિનોબાજી છે. જેમની સવાસોમી જન્મશતાબ્દીનું વર્ષ ઉજવાઈ રહ્યું છે એ આત્મનિષ્ઠ-રખડુ ફકીર અને ક્રાંતિકારી મહામાનવ વિનોબાના લગભગ બધા જ ધર્મોના સાર વાંચી લીધા પછી મને એ ગળે ઊતર્યું છે કે : સમન્વય એટલે જ ભારતીય સંસ્કૃતિ, સંઘર્ષ કદી પણ નહીં ! એટલે મારી દલીલોમાં વિનોબાજી સતત સતત સાથે ને સાથે જ હશે, એ નક્કી.

૧૯૫૧માં આપટે ગુરુજીએ વિનોબાજીને એક પત્રમાં લખ્યું : ‘ વસતી ગણતરી વખતે તમારો ધર્મ કયો છે, તે જણાવવું પડે છે, તે બહુ કઠે છે.’ વિનોબાજીએ સ્પષ્ટ જવાબ આપ્યો : ‘આ વસ્તુ શા માટે કઠવી જોઈએ, તે મને સમજાતું નથી. હું તો વિના સંકોચે એમ કહીશ કે મારો ધર્મ હિંદુ છે અને ખરેખર મારો ધર્મ હિંદુ ધર્મ જ છે. તેમાં જ મારા વિચારોનું પાલનપોષણ અને વર્ધન થયું છે. જેનો જે પરંપરાગત ધર્મ છે, તે બતાવવામાં સંકોચ કેવો?’ આટલું કહ્યા પછીની વાત ખાસ નોંધવા જેવી છે. આપણે જરૂર એમ કહીએ, અમે બધા ધર્મોના છીએ. આપણે હિંદુ છીએ એટલું કહીને અટકી ન જતાં બધા જ ધર્મોને પણ પોતાના માનીશું. દરેક હિંદુ સારો હિંદુ બને. દરેક મુસલમાન સારો મુસલમાન બને. દરેક ખ્રિસ્તી સારો ખ્રિસ્તી બને તો જ પૃથ્વી પર બધા જ ધર્મોનું એક સુસંવાદી સંગીત પ્રસરે ને ?

ઈશુના ગયા બાદ પચાસ વર્ષની અંદર જ સેંટ થોમસનું મિશન આપણા કેરળમાં મલબારના કિનારે આવ્યું, ત્યારથી ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ ભારતની ભૂમિ પર છે. ખ્રિસ્તી ધર્મ યુરોપમાં ગયો તેના ઘણા વખત પહેલાં તે ભારતમાં પહોંચી ગયો હતો

વિશ્વના બધા ધર્મોનો સાર કાઢીએ તો ?

ઈશુ કહે છે : જે કોઈ ભૂખ્યાને ખવડાવે છે તે ઈશ્વરને ખવડાવે છે.

જે કોઈ તરસ્યાને પાણી પાય છે તે ઈશ્વરને પાય છે.

જે કોઈ ઠંડીમાં ઠુંઠવાતાને કપડાં પહેરાવે છે, તે પ્રભુને જ કપડાં પહેરાવે છે.

ઈસ્લામમાં ભૂતદયાનો આવિષ્કાર કરતાં કુરાન કહે છે : ‘બધા પર રહેમ રાખો.’

હિંદુ ધર્મના પણ બે મૂળ વિચાર-ભૂતદયા અને સમતા.

વેદાંત કહે છે : આપણે બધા આત્મસ્વરૂપ છીએ, સમાન છીએ, કોઈ ઊંચુ નહીં અને કોઈ નીચું નહીં.

હવે જો બધા ધર્મો ભૂતદયામાં માને છે તો પછી ડૂબનારો માણસ અંત્યજ જ છે કે બ્રાહ્મણ, હિંદુ છે કે મુસલમાન એ જોવાનું ન હોય પણ તેને ડૂબતો બચાવવાનો જ હોય. આમાં ભેદભાવ કરીએ તો મહાપાતક આચર્યું ગણાય. ભૂતદયા અને પૂર્ણ સમતા એ હિંદુ ધર્મના અને ભારતીય સંસ્કૃતિના બે મૂળભૂત વિચાર છે. જીવ માત્ર પર દયાની વાત બધા જ ધર્મોમાં છે ને એ બધા જ ધર્મો ભારતમાં ફૂલ્યા-ફાલ્યા છે અને ભારતે તેને પોતીકા માની સ્વીકાર્યા એટલે તો ભારતીય સંસ્કૃતિ સભર-સંપન્ન બની! અને એ જ તો છે સમન્વય. હિંદુ ધર્મી બે પાયાની વિશેષતાઃ અનાગ્રહ અને ઉદારતા. હિંદુ ધર્મમાં કોઈપણ ચીજનો આગ્રહ નથી. મૂર્તિ પૂજામાં માનનારો હિંદુ હોઈ શકે અને ન માનનારો પણ હિંદુ હોઈ શકે! અરે, ઈશ્વરને માનનારો હિંદુય મળે ને ઈશ્વરમાં ન માનનારો હિંદુય મળે. આ થઈ હિંદુ ધર્મની પૂર્ણ ઉદારતા... અરે ભક્ત એટલે જ ‘અનિકેત’...જેનું કોઈ ઘર ન હોય તે અનિકેતન.

સહુનું સ્વાગત કરે તે ભરતખંડ :

ભગવદ્‌ગીતામાં ભગવદ્ ભક્તને ‘અનિકેત’ કહ્યો છે. ‘આ વિશ્વ આખું મારું ઘર છે, એવી મતિ જેની સ્થિર થઈ છે તે અનિકેત છે.’ હિંદુ ધર્મ પણ આ જ અર્થમાં અનિકેત છે અને તેથી એ સાર્વભૌમ છે. લોકમાન્ય તિલકે હિંદુ ધર્મની વ્યાખ્યા આપી કે : ‘સાધનાનાં અનેકતા, ઉપાસ્યનાં અનિયમઃ’ હિંદુ ધર્મમાં અનેક સાધના-માર્ગ છે અને અનેક ઉપાસનાઓ છે. હિંદુ ધર્મનો કોઈ ઝંડો નથી કે હિંદુ ધર્મે કોઈ સ્વતંત્ર પથ કે સંપ્રદાય બનાવ્યો નથી. કોઈ પણ પ્રકારની સંકુચિતતાનો હિંદુ ધર્મમાં જરા પણ અવકાશ નથી. ભારતે તો સમન્વયનો વિચાર દુનિયાને આપ્યો છે. ભારતે હંમેશાં સહુનું સ્વાગત જ કર્યું છે, તેથી તેને ભરતખંડ કહે છે.

ઈશુના ગયા બાદ પચાસ વર્ષની અંદર જ સેંટ થોમસનું મિશન આપણા કેરળમાં મલબારના કિનારે આવ્યું, ત્યારથી ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ ભારતની ભૂમિ પર છે. ખ્રિસ્તી ધર્મ યુરોપમાં ગયો તેના ઘણા વખત પહેલાં તે ભારતમાં પહોંચી ગયો હતો. ઈશુના બાર શિષ્યો જે પ્રથમ હરોળના ગણાતા હતા તેમાંના એક સેંટ થોમસ અહીં આવ્યા અને ભારતે એમનું પ્રેમથી સ્વાગત કર્યું. થોમસ સાથે માતા મેરી પણ આવ્યાં હતાં અને લોકોએ મેરીને ગિરિજા(પાર્વતી)

નું રૂપ માનેલાં. એમ કહેવાય છે કે કન્યકા મેરી પરથી કન્યાકુમારી નામ પડ્યું છે. ભગવાન આદિ શંકરાચાર્યના જન્મસ્થળ કાલડીની નજીક જ સેંટ થોમસનું સ્મારક છે, કારણ તેમનો અંતિમ સમય અહીં વીત્યો હતો !

મુસલમાનો આવ્યા ને નવી સંસ્કૃતિ લાવ્યા. ખરું જોતાં, મુસલમાન રાજાઓ આવ્યા તે પહેલાં મુસલમાન ફકીરો ભારત આવ્યા અને એમની સાથે સામાજિક સમાનતાની વાત પણ અહીં આવી છે. એ સમયે હિંદુ ધર્મ ઊંચનીચના ભેદભાવ અને અસ્પૃશ્યતામાં સબડતો હતો, તે વખતે અન્ય ધર્મના લોકોએ સમાનતાભર્યો વ્યવહાર કરીને દલિતો અને કચડાયેલાઓનો પ્રેમ સંપાદન કર્યો. સત્તાના જોરે મુસ્લિમો અને ખ્રિસ્તીઓએ પોતાના ધર્મનો પ્રચાર કર્યો એમ કહેવું ભૂલભરેલું છે. સત્તા તો હજુ સાડા ત્રણ સો વર્ષ પહેલાં આવી !પરંતુ ખ્રિસ્તી મિશનરીઓ તો બે હજાર વર્ષ પહેલાં અહીં આવી ચૂક્યા હતા જ. ઈસ્લામનો પ્રચાર કંઈ મુસ્લિમ રાજાઓએ નથી કર્યો પણ મુસલમાન ફકીરોએ કર્યો છે! શિવાજી મહારાજનું એક વિધાન છે : 'હિંદુ ધર્મના રક્ષણ માટે મેં ફકીરી અપનાવી છે..' તે દિવસોમાં ફકીરોનો આટલો આદર હતો! ફકીરોએ અહીં આવી સમાનતાનો પ્રચાર કર્યો અને તેથી તે સમયે હિંદુ ધર્મમાં ફેલાયેલ વિષમતાના વિરોધ રૂપે નીચલી મનાયેલી જાતિના લોકોએ આ નવા ધર્મને આવકાર્યો ને સ્વીકાર્યો એમ કહેવાનું ટાળી શકાય તેમ નથી.

ભારતે ક્યારેય કોઈ બીજા દેશ ઉપર આક્રમણ નથી કર્યું. ભારતમાં શક્તિશાળી રાજાઓ ને સમ્રાટો હતા અને વિદ્યા તથા કળાથી સંપન્ન બનેલું ભારત ઐશ્વર્યની ટોચ પર પહોંચેલું ત્યારે પણ તેના દ્વારા બીજા દેશો પર આક્રમણ થયાનો દાખલો નથી

અહીં એક ટેકારૂપ વાત ટાંકું. શ્રી રામકૃષ્ણ પરમહંસના ચરિત્રમાં પણ 'ફકીર' શબ્દ નજરે ચડે છે. રામકૃષ્ણદેવે મહાસમાધિ લીધી તેના ત્રણ-ચાર, દિવસ પહેલાં એમણે નરેન્દ્રને બોલાવી તેની તરફ સ્થિર દૃષ્ટિ કરીને પોતે ઊંડી



સમાધિમાં ઊતરી ગયા. નરેન્દ્રને લાગ્યું કે વીજળીના જેવો કોઈ સૂક્ષ્મ પ્રવાહ પોતાના શરીરમાં પ્રવેશી રહ્યો છે. સમાધિમાંથી બહાર આવતાં શ્રી રામકૃષ્ણદેવ બોલ્યા : 'અરે નરેન! આજે મેં તને મારું સર્વસ્વ આપી દીધું છે. હવે હું કેવળ 'અકિંચન ફકીર' બની ગયો છું. આજે મેં તને જે આપ્યું છે, તેનાથી તું જગતમાં મહાન કાર્યો કરી શકીશ.' આ રીતે 'ફકીર' અને 'ફકીરી' શબ્દો રોજબરોજની બોલીમાં દાખલ થઈ જાય, તે એમ દર્શાવે છે કે બહારથી આવેલા ધર્મને અને સંસ્કૃતિને પ્રજાએ કેટલાં બધાં પોતીકાં ગણી લીધાં હશે ! ભારતની આ ભૂમિ એક મહા સમન્વયનો તખ્તો બની ગઈ હતી...

તેરસો વર્ષ પહેલાં ઈરાનથી પારસી આવ્યા, એમને ભારતે વ્હાલથી આવકાર્યા. અહીં યહૂદી પણ આવ્યા. આ 'હુદા' અને 'બની ઈઝરાયલ'ની ય પહેલાં ગ્રીક આવ્યા. એ યવન આવ્યા, મુગલ આવ્યા, ચીના આવ્યા. 'જીવો અને જીવવા દો' ભરતખંડનો પાયો બન્યો એટલે છેલ્લે તિબેટ ને બાંગ્લાદેશથી લોકો ડરના માર્યા અહીં ભાગીને આવ્યા! ભારત એટલે સહુનું ભરણ કરનારો દેશ! સર્વનો સ્વીકાર એટલે ભારત!

ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો : ઉદારતા અને અનાક્રમકતા :

ભારત એટલે સૌનું ભરણ કરનારો દેશ.

ભારતનો એક અર્થ છે : વિશ્વ-ભરણ-સમર્થ.

સૌનું સ્વાગત કરવાની ઉદારતા અને સૌને મિત્ર રાષ્ટ્ર ગણી કદી પરેશાન ન કરવાની અનાક્રમકતા, ભારતીય સંસ્કૃતિના આધાર સ્તંભો.

ભારતે ક્યારેય કોઈ બીજા દેશ ઉપર આક્રમણ નથી કર્યું. ભારતમાં શક્તિશાળી રાજાઓ ને સમ્રાટો હતા અને વિદ્યા તથા કળાથી સંપન્ન બનેલું ભારત ઐશ્વર્યની ટોચ પર પહોંચેલું ત્યારે પણ તેના દ્વારા બીજા દેશો પર આક્રમણ થયાનો દાખલો નથી. કારણ કદાચિત્ એ હશે કે આપણા અતિ પ્રાચીન કાળમાં વેદોએ ભારતને મંત્ર આપેલો : 'મિત્રસ્ય મા ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષન્તામ્' અર્થાત્ 'હું આખી દુનિયા તરફ મિત્રતાની નજરે જોઉં, જેથી દુનિયા પણ એવી જ નજરે મારી તરફ જુએ.' ભારતીયો ચીન, જાપાન, લંકા, તિબેટ, બ્રહ્મદેશ અને મધ્ય એશિયામાં ગયા પણ શસ્ત્રો સાથે લઈને નહીં, વિદ્યા અને ધર્મનો સંદેશ લઈને! વેપારીઓનો ઉદ્દેશ વેપાર કરવાનો. અન્ય દેશ પર આપણી સત્તા જમાવવાનો વિચાર સુદ્ધાં નહીં! આક્રમણ કદી નહીં પણ સંપર્ક આખી દુનિયા સાથે. આવે તેનું પ્રેમથી

સ્વાગત અને જ્યાં જઈએ ત્યાં સ્વજન થઈને રહીએ. તેથી તો એક ઉપખંડ જેવડો ભારત દેશ વિવિધતામાં એકતા જાળવી વિશ્વમાં વિસ્તરતો ગયો.

ભારતે પોતાની લાક્ષણિકતાથી કેટલાંક અર્થઘટનો વિકસાવ્યાં. ભૂખ લાગે ને ખાઈએ તે પ્રકૃતિ, ભૂખ ન લાગવા છતાં ખાઈએ તે વિકૃતિ અને ભૂખ લાગવા છતાં ભગવત-સ્મરણ માટે ઉપવાસ રાખી ન ખાઈએ કે ભૂખ્યાનો ભાગ કાઢીને ખાઈએ તે સંસ્કૃતિ. ત્યજીને ભોગવવું, મારું નથી તે ત્યજવું, શ્રમ વગરનું ન ભોગવવું, સતત શોધન કરીને જીવવું. અહીં હજારો વરસથી માણસ જાત જાતના પ્રયોગો કરતો આવ્યો છે અને તેમાંથી આપણી ભારતીય સંસ્કૃતિ નીપજી છે. અહીં આધ્યાત્મિક પ્રવૃત્તિઓ-ગાઢ ને ગૂઢ ચિંતન-શાસ્ત્રાર્થો ને પ્રયોગો થયા, નિષ્કર્ષો નીકળ્યા અને તેમાંથી વિવિધ શાસ્ત્રો પણ નીપજ્યાં. બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા, ગૃહસ્થાશ્રમના નિયમો, વાનપ્રસ્થ ધર્મની કલ્પના, સંન્યાસનો આદર્શ, માંસાહારનો નિષેધ, ખેતી માટે આદર, રાજસત્તાથી મુક્ત શિક્ષણ જેવા નક્કર પ્રયોગો થતાં રહ્યા. મૂળ ઉદ્દેશ તો એક જ કે માનવ તરીકે પ્રત્યેક ભારતીય આધ્યાત્મિકતા તરફ આગળ વધે! આપણા પૂર્વજોના આ પ્રયોગો આપણો બહુ મોટો વારસો છે.

ભારત પુરાતન દેશ છે. ભારત વૈદિક પરંપરાઓનો દેશ છે. સૂર્યની અહીં પૂજા કરવાનો પ્રાચીન વિચાર છે. અસ્તિત્વનો -પ્રકૃતિનો-કુદરતનો આદર કરવામાં પવિત્રતા અનુભવતો આ દેશ છે. સ્થળ-કાળના ભેદો છે છતાં અહીં એકતાનું દર્શન થાય છે

ભારતનો વિચાર-વૈભવ અદ્વિતીય છે. અહીં નાટક-સાહિત્ય-સ્થાપત્ય-કલાકૌશલ તો બેનમૂન છે જ પણ અહીં 'આધ્યાત્મિક-વિચાર-સંપદા' ભારતીય સંસ્કૃતિનું જીવનપાથેય પૂરું પાડે છે. ભારતમાં વૈદિક ઋષિઓથી લઈને આજ સુધી શબ્દોની અખંડ પરંપરા ચાલી આવી છે. ભારત એક માત્ર દેશ છે કે જેની ભાષામાં દસ હજાર વરસોથી એના એ શબ્દ ચાલ્યા આવતા હોય! ભારતે પુરાણા શબ્દોને સાચવી રાખી નવા બનાવ્યા! જૂના શબ્દોમાં નવા અર્થ નાખી શબ્દવિકાસ કર્યો!


ભારત પુરાતન દેશ છે. ભારત વૈદિક પરંપરાઓનો દેશ છે. સૂર્યની અહીં પૂજા કરવાનો પ્રાચીન વિચાર છે. અસ્તિત્વનો -પ્રકૃતિનો-કુદરતનો આદર કરવામાં પવિત્રતા અનુભવતો આ દેશ છે. સ્થળ-કાળના ભેદો છે છતાં અહીં એકતાનું દર્શન થાય છે. 'યુનાનો, મિસ્ર, રૂમા સબ મિટ ગયે જહાં સે, કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી!' - યુનાન, રોમ, મિસ્ર બધા ભૂંસાઈ ગયા, પણ કાંઈક એવું છે કે આ દેશની હસ્તી હજીયે કાયમ છે. અહીં 'કાંઈક' તો છે. આ 'કાંઈક' એટલે ભારતીય સંસ્કૃતિ.

ભારતીયતા તો આપણી રગરગમાં છે :

ભારતીય સંસ્કૃતિ એ કોઈ એક ધર્મ કે એક ધારાની બનેલી નથી, એ તો દુનિયાની બધી જ વિવિધતાઓની ઉપસ્થિતિવાળી સંસ્કૃતિ છે. જેમની સવાસોમી જન્મશતાબ્દી ઉજવાય રહી છે એ આધ્યાત્મિક રાષ્ટ્ર ફકીર વિનોબાજી કહે છે કે : ભારતની સંસ્કૃતિ વૈશ્વાનર સંસ્કૃતિ છે. ભારત જાણે વિશ્વની નાની આવૃત્તિ છે. ભારતની સંસ્કૃતિ સૌને-સહુને પોતાનામાં સમાવી લેનારી સંસ્કૃતિ છે. આવી સર્વસમાવેશક સંસ્કૃતિવાળા દેશને ધર્મ કે જાતિના વાડામાં વિભાજિત કરીશું તો તે અપરાધ બની રહેશે. કોઈપણ પ્રકારના સંકીર્ણ રાષ્ટ્રવાદમાં જકડી રાખવા મથનાર રાષ્ટ્રનું અહિત કરશે અને વિરલ ભારતીય સંસ્કૃતિનું પતન નોતરશે, એ નક્કી.

વિશિષ્ટતા જુઓ આ ભારતીય સંસ્કૃતિની. ભારતની ગિરિજા એટલે કે પર્વતકન્યા-હિમાલયની પુત્રીને છેક દક્ષિણમાં કેરલ-કન્યાકુમારીમાં બેસાડવી અને કેરલના શંકરાચાર્યને શ્રીનગરમાં 'શંકરાચાર્ય પહાડ' પર બેસાડવા, એ અત્યંત વ્યાપક એની ભારતીય દૃષ્ટિ છે. બારસો વરસ પહેલાં શંકરાચાર્ય યાત્રા કરતાં કરતાં શ્રીનગર ગયા હતા અને ત્યાં પહાર ઉપર ભગવાન શંકરની સ્થાપના કરી હતી ભરજુવાનીમાં પગપાળા કેરળથી કાશ્મીર પહોંચનાર આ વિભૂતિએ અદ્વૈતનો વિચાર ફેલાવ્યો. માણસ-માણસમાં કોઈ ફરક નથી, ઊલટું માણસ તો પરમાત્માના નૂરથી પણ જુદો નથી, પરમાત્માનાં નૂરનો જ અંશ છે. પેલો પૂર્ણ છે, આ અંશી છે, એટલું જ!

વિનોબાજી લખે છે : હું કાશ્મીર ગયો ત્યારે શ્રીનગરમાં એક પહાડ ઉપર ભગવાન શંકરનું મંદિર જોઈને મને ખુશી



થઈ કે મલબારનો એક છોકરો, ભારતના છેક દક્ષિણ છેડાનો એક છોકરો એ જમાનામાં કાશ્મીર સુધી પગે ચાલતો આવ્યો, માત્ર એટલું સમજાવવા માટે કે માણસ-માણસમાં તથા માણસ અને ભગવાનમાં પણ કોઈ ફરક નથી! ભગવાન અને માણસ વચ્ચે પણ કોઈ ફરક હોય તો તે કેવળ માત્રાનો ફરક છે. શંકરાચાર્યે સમાધિ પણ હિમાલયમાં કેદારનાથમાં લીધી અને એમણે એમ જ અનુભવ્યું કે હું મારી માતૃભૂમિમાં જ છું! આપણે બધું જ છોડીએ, કશી જ ચર્ચા-સંવાદ-વિવેચનને એક બાજુ મૂકીએ તો એટલું સ્પષ્ટ થાય છે કે શંકરાચાર્યમાં સમસ્ત ભારતીયતા મૂર્તિમંત થઈ જાય છે.

આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે કે અનેકાનેક ભેદ ભૂલીને એક આશ્ચર્યકારક પરંપરા આપણે ત્યાં જળવાય રહી છે! એક અત્યંત વૈભવશાળી આપણી ભારતીય સંસ્કૃતિ છે. સમસ્ત પૃથ્વીમાં જે વૈભવ છે, તે ભારતમાં છે. પૃથ્વી પર અનેક ધર્મ છે, તો આપણા દેશમાંયે અનેક ધર્મો છે. પૃથ્વીમાં અનેક માનવવંશો છે તો આપણા દેશમાંયે છે. પૃથ્વીમાં અનેક ભાષાઓ છે, તો અહીં પણ અનેક ભાષાઓ છે અને આવી અનેક સમર્થ ભાષાઓને એક સાથે નિભાવનારો ભારત જેવો બીજો દેશ પૃથ્વી પર નથી. .. આ એકતા એમને એમ નથી ઊભી થઈ. અનેક સંતો આ દેશની ધરતીને પગપાળા ખૂંદી વળ્યા છે, અને એમણે જ આ દેશને એક બનાવ્યો છે. શંકરાચાર્ય પંદર વરસ, રામાનુજ બારથી ચૌદ વરસ, વલ્લભાચાર્ય અઢાર વરસ, શંકરદેવ બાર વરસ, નામદેવ તેરથી ચૌદ વરસ નાનકદેવ અઢારથી વીસ વરસ અને કબીર પચ્ચીસથી ત્રીસ વરસ સુધી પગપાળા ફર્યાં! આવો ઉજ્જવળ ઈતિહાસ આ ભારતીય સંસ્કૃતિ પાછળ છે. ભારતની આ પરંપરા છે એટલે આ મોટો ભૂખંડ એક બન્યો છે. આથી તો ભારતીયો આપણી રગરગમાં છે.

આપણા પૂર્વજોએ એક રાષ્ટ્રની ભાવના આપણા ચિત્તમાં એવી તો બેસાડી દીધી છે કે અનેકાનેક ભેદ ભૂલીને એક આશ્ચર્યકારક પરંપરા આપણે ત્યાં જળવાય રહી છે! એક અત્યંત વૈભવશાળી આપણી ભારતીય સંસ્કૃતિ છે

રવીન્દ્રનાથ ઠાકુરે ગાયું : 'ભારતેર મહામાનવેર સાગરતીરે!' ભારત એક મહામાનવ સમુદ્ર છે. જેમ સમુદ્રમાં ચારે કોરથી નદીઓ આવીને મળે છે, તેમ આ દેશમાં લોકો અહીં આવીને અહીંના માનવસાગરમાં સમાઈ ગયા છે.

સમન્વય + વિવિધતામાં એકતા = ભારતીય સંસ્કૃતિ :

ભારત પુરાતન દેશ છે. ભારત પુરાણ-પુરુષ છે. ભારતનો હજારો વરસોનો અનુભવ છે. અનુભવ વધે તેમ વિશેષતા વધે. ભારતીય સંસ્કૃતિનું મિશન એટલે સમન્વય અને વિવિધતામાં એકતા! ભાષાઓની વિવિધતા તો ભારત જેટલી ક્યાંય જોવા ન મળે! બારથી ચૌદ તો ઉત્તમ વિકસિત અને અર્થ-પ્રકાશન માટે સમર્થ છતાં સમાન યોગ્યતાવાળી ભાષાઓ એક જ દેશમાં! ચીનની વસ્તી ભારત કરતાં વધારે પણ ભાષા એક જ. ભેદ માત્ર બોલીનો જ. રશિયા મોટો દેશ ને ભાષાઓ અનેક પણ રશિયન ભાષા જ મુખ્ય, બાકી બધી ગૌણ. યુરોપમાં પણ ભારતની જેમ ભાષા વૈવિધ્ય ખરું પણ યુરોપ એક દેશ નથી. ફ્રાન્સ અને જર્મની વચ્ચે નથી મોટો પહાડ કે નથી પ્રચંડ નદી. પરંતુ બન્નેની નાની-નાની મોટાઈ એટલે બે નોખા દેશ તરીકે જીવે છે અને ભારત તો દસ-પંદર, ફ્રાન્સ-જર્મની-ઈટલી જેવા દેશો સમાઈ જાય એવડો મોટો દેશ. ભાષા અનેક, ધર્મો અનેક, રીતિ-રિવાજો-પરંપરાઓ અનેક છતાં બધા મળીને અહીં રહે છે એ જ તો ભારતીય સંસ્કૃતિ.

આપણી ભારતીય સંસ્કૃતિના ઉદ્‌ભવમાં કેવળ સમન્વયની જ પ્રક્રિયા. બહુ પ્રાચીનકાળમાં અહીં આર્યો રહેતા હતા. એમની 'પહાડી સંસ્કૃતિ'. દક્ષિણમાં જે દ્રવિડ લોકો રહેતા હતા એની 'સમુદ્રી સંસ્કૃતિ'. આર્યો અનેક દ્રવિડોના સમન્વયથી ઊભી થઈ તે ભારતીય સંસ્કૃતિ. બન્નેની વચ્ચે મોટું દંડકારણ્ય હતું એટલે વર્ષો સુધી આ બન્ને વચ્ચે કોઈ સંબંધ ન હતો. પણ સમય જતાં સંબંધ સ્થપાયો, થોડા કડવા-મીઠા અનુભવો થયા અને તેનું પરિણામ આજનું ભારતવર્ષ છે. ઉત્તરના લોકો જ્ઞાનપ્રધાન હતા તો દક્ષિણના ભક્તિપ્રધાન. ભારતમાં આ રીતે જ્ઞાન અને ભક્તિનો સમન્વય થયો..દ્રવિડ એટલે ભક્તિથી જેનું ચિત્ત દ્રવિત થાય છે તે. દ્રવિડ પ્રદેશની ભક્તિ-સંસ્કૃતિને રામાનુજાચાર્યે આખા ભારતમાં સંસ્કૃત ભાષામાં પહોંચાડી. ઉત્તર ભારતના શ્રેષ્ઠ ગુરુ સ્વામી રામાનંદજી એ રામાનુજ સંપ્રદાયના હતા અને રામાનંદજીના બે સર્વોત્તમ શિષ્યો એટલે કબીર અને તુલસીદાસ. એવું ઘર તમને ઉત્તરમાં નહીં મળે કે જ્યાં તુલસીદાસનું રામાયણ વંચાતું ન હોય અને કહેવાય છે કે કબીરજીના દોહરા તો ઉત્તર ભારતના બહેરાએ પણ સાંભળ્યા જ હોય! આમ ઉત્તરના બે મહાપુરુષો દક્ષિણના રામાનુજ સંપ્રદાયમાં થઈ ગયા.

હજુ ઉત્તર અને દક્ષિણ એક થયાં ન હતાં ત્યારે ઉત્તરમાં બુદ્ધ અને મહાવીર થયા અને એમનો સંદેશો દક્ષિણ ભારત સુધી પહોંચ્યો. વૈદિકોએ પોતાની ઢબે ફેલાવેલા સંદેશને વ્યાપક રૂપ આપ્યું બુદ્ધ અને મહાવીરે ત્યાર પછી શંકરાચાર્ય, રામાનુજ, મધ્વ આદિએ પોતાની વિશેષતા તેમાં ઉમેરીને વૃદ્ધિ કરી જેનાં પરિણામસ્વરૂપે ઉત્તર અને દક્ષિણ ભારત

વૈચારિક દષ્ટિએ એક રાષ્ટ્ર બન્યો. કાશ્મીરથી કન્યાકુમારી સુધી વિચારની એક આણ પ્રવર્તી ગઈ! અરે, કાશીના લોકો ગંગાજળ લઈ દક્ષિણમાં ભગવાન રામેશ્વરના મસ્તક પર અભિષેક કરતાં તો દક્ષિણના લોકો સમુદ્રનું પાણી લઈ ઉત્તરમાં ભગવાન કાશીવિશ્વનાથ પર અભિષેક કરતાં! દક્ષિણ ભારતમાં અત્યંત જ્ઞાનવાન ને ભક્તિવાન આચાર્યો ને સંતો થયા જેમણે આખા ભારતવર્ષમાં ભક્તિમાર્ગ ફેલાવ્યો. આમ, બહુ જ વિશાળ પ્રયત્નો અને વિચાર-પ્રચાર બાદ ભારત એક થયું છે.

પ્રાચીન ભારતમાં ઘણા લાંબા વખત સુધી ત્રણ ભિન્ન ભિન્ન સંસ્કૃતિઓ ચાલી :૧) વૈદિકોની બ્રાહ્મણ સંસ્કૃતિ ૨) જૈનોની શ્રમણ સંસ્કૃતિ ૩) બૌદ્ધોની ભિક્ષુ સંસ્કૃતિ..થયા, એમની વચ્ચે સંઘર્ષો પણ થયા. પણ સાથોસાથ એક નિર્મળ સમભાવ પણ ચાલ્યો ને વિકસ્યો ને વિસ્તર્યો. છેવટે ભારતીય સંસ્કૃતિમાં આ ત્રણેય ધારાઓ એકરૂપ થઈ ગઈ. આ સાંસ્કૃતિક એકતા સેંકડો વરસોના એકધારા પ્રયાસોથી સધાઈ છે. ભારત ભૂખંડને પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણ જોડવાનું કપરું કામ આપણાં પૂર્વ પંડિતોએ કર્યું છે, તેને જાળવી રાખવાની જવાબદારી આપણા શિરે છે.

ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ બધાનો સમન્વય = ભારતીય સંસ્કૃતિ :

ભારત નામના ભૂખંડ દ્વારા પૂર્વથી પશ્ચિમ અને ઉત્તરથી દક્ષિણને જોડવાનું કામ અહીં સતત થયું છે. ભારતે ઘણી હિલચાલો કરી છે અને ઘણા પુરુષાર્થો પણ કર્યા છે. ભારતવાસીઓ દુનિયાભરમાં પહોંચ્યા છે. ચીન ને જાપાન સુધી ગયા અને ત્યાં એમણે બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. મધ્ય એશિયામાં પણ પહોંચ્યા હશે તેથી જ તો ઈશુના જન્મ વખતે ભારતના જ્ઞાની લોકો ત્યાં હાજર હોવાનો ઉલ્લેખ બાઈબલમાં છે. બાઈબલમાં 'પૂર્વના બુદ્ધિમાન પુરુષ' એવા શબ્દપ્રયોગો છે. વેપાર કરવા તો બહુ ઓછા લોકો ગયા, વધારે તો ધર્મપ્રચાર માટે, જ્ઞાનપ્રચાર માટે જ બહાર ગયા! અહીં ઉત્સાહ હતો, સક્રિયતા હતી, અધ્યયન-અધ્યાપન પણ બહુ હતું. જ્ઞાનની વિવિધ શાખાઓમાં સંશોધન થયું, ગણિતશાસ્ત્રની શોધ થઈ, વૈદકશાસ્ત્ર-જ્યોતિષશાસ્ત્ર-વનસ્પતિશાસ્ત્ર અહીં પાંગર્યાં એટલું જ નહીં પણ અધ્યાત્મવિદ્યાની સાધના થઈ, સાહિત્ય રચાયું, મોટાં મહાકાવ્યો લખાયાં તો સૂક્ષ્મ તત્ત્વજ્ઞાનના વિચારો પણ સર્જાયા!

દક્ષિણ ભારતમાં વૈષ્ણવ સંપ્રદાયના એક મહાન આચાર્ય નમ્માલવાર કે જેમના શિષ્યના શિષ્ય તે રામાનુજ! નમ્માલવારના વિચારો રામાનુજ દ્વારા તો આખા ભારતમાં ફેલાયા. કબીર અને તુલસીદાસજી આ રામાનુજ સંપ્રદાયના જ. (સંદર્ભ ભારતીય સંસ્કૃતિ : વિનોબા :પૃષ્ઠ ૨૧) મહારાષ્ટ્રના જ્ઞાનદેવ અને તુકારામ શંકરાચાર્યના શિષ્ય. આધુનિક ભારતના ધર્મધૂરંધર શ્રી રામકૃષ્ણદેવ અને શ્રી વિવેકાનંદ પણ શંકર સંપ્રદાયના...આ રીતે ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ બધાનો જ સમન્વય ભારતીય સંસ્કૃતિમાં થયો છે.. હા, વચ્ચે થોડો થાકનો ગાળો આવ્યો, જાણે કે ભારતે વિરામ કરી લીધો પરંતુ ફરી બેઠું થયું. રામકૃષ્ણ પરમહંસ, રવીન્દ્રનાથ ઠાકુર, શ્રી અરવિંદ(ઘોષ), શ્રી વિવેકાનંદજી, લોકમાન્ય તિલક, ગાંધીજી જેવા મહાપુરુષો દ્વારા ! જરા વિચારીએ કે આટલા ટૂંકાગાળામાં આટલા બધા મહાપુરુષો બીજા કોઈ દેશમાં નથી થયા! ભારતમાં તો આત્મશક્તિનો ભંડાર ભર્યો હતો, અંદરની શક્તિ હતી અને ચેતનાભર્યો પ્રાણ હતો. કારણ એક જ કે આપણે સંકુચિત નથી, આપણે પરમ વ્યાપક છીએ!

ભારતના આ માનવોના મહાસાગરમાં દુનિયાભરની સંસ્કારનદીઓ મળી છે. તેથી જ અહીં 'વિશ્વમાનવ' શબ્દ ઉદ્ભવ્યો. આ 'વિશ્વમાનુષઃ' શબ્દ એ જ ભારતીય દર્શન છે અને રહેશે

ભારતના વેદો પહેલેથી જ 'વિશ્વમાનુષઃ'ની વાત કરે છે. આ પૃથ્વી ઉપરના સહુ માણસોનો એક પરિવાર છે એમ કહેતાં જણાવ્યું : 'વસુધૈવ કુટુમ્બકમ્'. આ આખી વસુધા એક કુટુંબરૂપ છે અને તે પણ પાછું 'કુટુંબ' ન કહ્યું, પણ 'કુટુમ્બકમ્' કહ્યું. એટલે કે નાનકડું કુટુંબ. આ પૃથ્વી ઉપરાંત જે બ્રહ્માંડ છે તે બધું મળીને પૂરું કુટુંબ થશે. પૃથ્વી તો એક નાનકડું કુટુંબ છે, એવી વ્યાપક દષ્ટિ આપણા પૂર્વજોએ ને આપણાં શાસ્ત્રોએ આપણને આપી છે.

ભારતના આ માનવોના મહાસાગરમાં દુનિયાભરની સંસ્કારનદીઓ મળી છે. તેથી જ અહીં 'વિશ્વમાનવ' શબ્દ ઉદ્ભવ્યો. આ 'વિશ્વમાનુષઃ' શબ્દ એ જ ભારતીય દર્શન છે અને રહેશે. ઋષિ મનુ દ્વારા એક ઉત્તમ ધ્યાનાકર્ષક શ્લોક લખાયો :

'એતદ્દેશે-પ્રસૂતસ્ય સકાશાદ્ અગ્રજન્મનઃ
સ્વંસ્વં ચરિત્રં શિક્ષેરન પૃથિવ્યાં સર્વ-માનવાઃ॥'

આ શ્લોકનો અર્થ થાય છે કે : 'આ દેશમાં પેદા થયેલ ઉત્તમ પુરુષો પાસેથી દુનિયાના બધા લોકો પોતપોતાનું ચરિત્ર કેવું હોવું જોઈએ, તેનું શિક્ષણ મેળવશે.'

અહીં 'શિક્ષેરન્' લખીને ભવિષ્યકાળ બતાવ્યો છે. 'આજે શીખે છે' એમ નહીં પણ 'આગળ ઉપર શીખશે' એમ કહેવાયું છે. વળી આપણો વિચાર દુનિયા પર લાદીશું

એમ નહીં, પણ 'પોતપોતાનું ચરિત્ર કેવું હોવું જોઈએ, તેનું શિક્ષણ ભારત પાસેથી મળશે.' ભારતીય સંસ્કૃતિએ મનુની આ અપેક્ષા પૂરી કરવાનું ઉત્તરદાયિત્વ નિભાવવાનું છે!

પ્રત્યેક જીવમાં 'અસ્તિત્વ'ને જોતાં શીખવાનું છે :

ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ છે અને બહુ આયામી છે, તે સંકુચિત નથી પણ વ્યાપક છે. ભારતીય સંસ્કૃતિ સરવાળામાં માને છે, બાદબાકીમાં નહીં અને તેથી ભારતીય સંસ્કારો વિશ્વભરમાં સારપનો ગુણાકાર કરે છે, ભાગલાથી ભાગાકાર નહીં...અનેક નદીઓ આવીને ભળી ગઈ છે આ ભારતીયતાના મહાસાગરમાં અને સદાકાળ સમુદ્રમંથન કરીને અમૃત મેળવવા મથ્યા કરે છે. ભારતીય સંસ્કૃતિ. હા, એમાં કાળક્રમે વિષ પણ નીકળે છે પણ જ્યારે જ્યારે વિષ નીકળે છે ત્યારે ત્યારે કોઈ ઉત્તમ આત્મા એને પોતાનાં કંઠે ધરી લઈ માનવજાતને ઉગારી લે છે!..ભારતીય સંસ્કૃતિએ સનાતન ધર્મથી પોષિત છે એટલે વેદાધાર તેનો પથ છે.

આપણે જન્મથી એક શાસ્ત્રવિધાન અનેક વરિષ્ઠો પાસેથી સાંભળતા આવ્યા છીએ : 'એકમ સત્ વિપ્રા બહુધા વદન્તિ (સત્ય તો એક જ છે, માત્ર તેને જોવાની પદ્ધતિઓ અલગ અલગ છે.) માનવ-માનવની વચ્ચે કોઈપણ વિવાદ ન થાય કે કશી અસમાનતા ન ઊભી થાય એટલે આપણાં શાસ્ત્રોએ આવાં અનેક સત્યવચનો પેશ કર્યાં છે. હિન્દુ શાસ્ત્રો જ સમજાવે છે કે 'જીવ-જગત અને ઈશ્વર એક જ છે.' સનાતન ધર્મનો પહેલો ગ્રંથ તે વેદ. હિન્દુ ધર્મ નીતિના આધાર તરીકે ચાર વેદોને સ્વીકારવામાં આવ્યા છે. ચારેય વેદો આપણને જીવનમાર્ગ પર કેમ-ક્યાં-ક્યારે-કેટલું ચાલવું તેનું પથદર્શન કરે છે. ચારેય વેદોમાંથી એક એક મહાવાક્યને તે વેદનું આધાર વાક્ય માનીને પસંદ કરવામાં આવ્યું છે અને એ ચારેયને 'વૈદિક ઘોષ' અને 'મુક્તિનું સીધું સાધન' સ્વીકારવામાં આવ્યું છે. આ ચાર મહાવાક્યો વિષે જાણીએ :

(૧) સામવેદ કહે છે : તત્ત ત્વમ અસિ(તત્ત્વમતિ)

(૨) યજુર્વેદ કહે છે : અહં બ્રહ્માસ્મિ

(૩) ઋગ્વેદ કહે છે : પ્રજ્ઞાનં બ્રહ્મ

(૪) અથર્વવેદ કહે છે : અયં આત્મા બ્રહ્મ...

આ પ્રત્યેક મહાવાક્યનો ભાવાર્થ એક જ છે, અને તે છે : જે સર્વોચ્ચ (બ્રહ્મ)ની આપણે શોધ કરી રહ્યા છીએ તે સર્વોચ્ચ(બ્રહ્મ) આપણે જ છીએ.

જીવ જ બ્રહ્મ છે. સાધક જ સાધ્ય છે. શોધક અને શોધ બન્ને એક છે !

પહેલાં, કૃતિ, સત્કૃતિ. તેની કીર્તિ. તેને લીધે કૃતિની પરંપરા, અને તેમાંથી પાંગરતી રહે છે સંસ્કૃતિ. કલ્પના કરીએ કે કોઈએ બળદ અને ગાયનો સમુચિત ઉપયોગ કરવાની કલ્પના કરી. બળદોનો ખેતીમાં ઉપયોગ કરો અને ગાયનું દોહન કરો

ઉપનિષદમાં પ્રશ્ન પૂછાયો : 'એવું શું છે કે જે જાણી લેવાથી 'સઘળું' જાણી શકાય છે?'

ઉત્તર આમ અપાયો : 'એ સઘળું એટલે 'સત્' એટલે કે 'અસ્તિત્વ' છે !'

મતલબ કે 'જે હું છું, એ જ તમે છો,' અથવા તો 'જે તમે છો, તે જ હું છું.' આ સત્યનો જલ્દીથી સ્વીકાર થતો જોવા મળતો નથી, કારણ કે માણસમાં 'હું-મારું-મને'નો ભાવ ઠાંસઠાંસ છે. આપણે સાચા અર્થમાં શાસ્ત્રોનું રસપાન કર્યું નથી, હૃદયથી હરિનામનું સ્મરણ કર્યું નથી કે શાસ્ત્રોક્ત ઈશલીલાનું હરદમ ગાન કર્યું નથી! જેમણે આ કર્યું છે તેમને તો (૧) હું અને તું અલગ લાગતાં જ નથી. (૨) કોઈ ઊંચુ કે કોઈ નીચું દેખાતું જ નથી.(૩) માનવ-પશુ-પંખી-વૃક્ષ અને પ્રત્યેક જીવ એક જ લાગે છે, તેમાં કોઈ ભેદ ક્યારેય દેખાતો જ નથી. યત્ર-તત્ર-સર્વત્ર જે છે, જેટલું છે, જેમ છે અને જ્યારે છે ત્યારે તે 'અસ્તિત્વ' જ છે અને એ જ તો એક માત્ર 'સત્' છે !!

ભારતીય સંસ્કૃતિ પ્રત્યેક જીવમાં 'અસ્તિત્વ'ને જ જોવાનું શીખવે છે. 'જ્ઞાન'ની એક વ્યાખ્યા તેથી જ તો આવી છે કે : 'દરેક ચીજમાં અને પ્રત્યેક જીવમાં ઈશ્વર-પરમ કે અસ્તિત્વની સતત શોધ કરવી!' આ વ્યાખ્યાનો સ્વીકાર કરીએ તો જ્ઞાન મળે અને એ જ્ઞાન જ અહેસાસ કરાવે કે : ચોતરફ કશું બીજું નથી, કેવળ અસ્તિત્વ જ છે.

કેટકેટલી ચૈતન્ય લહેરો ઊઠી છે અહીં :

વિનોબાજી કહે છે : સંસ્કૃતિ પાંગરે છે કૃતિમાંથી.

પહેલાં, કૃતિ, સત્કૃતિ. તેની કીર્તિ. તેને લીધે કૃતિની પરંપરા, અને તેમાંથી પાંગરતી રહે છે સંસ્કૃતિ.

કલ્પના કરીએ કે કોઈએ બળદ અને ગાયનો સમુચિત ઉપયોગ કરવાની કલ્પના કરી. બળદોનો ખેતીમાં ઉપયોગ કરો અને ગાયનું દોહન કરો. સાચી કે ખોટી પણ આ માણસની જ કલ્પના છે. સૃષ્ટિમાં ક્યાંય જાણ્યું છે કે એક પ્રાણી બીજા પ્રાણીનું દૂધ પીવાની યોજના કરે?! વાઘ સસલાનું દૂધ પીવે કે સસલાંને ખાઈ જાય! માણસે ગાય, ભેંસ, વગેરેનું દૂધ પીવાની યોજના કરીને ઠરાવ્યું કે આપણે જેમનું દૂધ પીએ તે તો આપણા માટે માતા-પિતા સમાન ગણાય, તેનું રક્ષણ આપણી જવાબદારી બને છે! આમ આપણી ભારતીય સંસ્કૃતિનાં અંગ નીખરતાં ગયાં... આ ભૂમિ ઉપર સર્વ પ્રથમ માણસ માનવધર્મ શીખ્યો અને અહિંસાની પદ્ધતિથી જીવવાની વાત આગળ આવી. માણસ પહેલાં બીજાં પ્રાણીઓની જેમ જ શિકાર કરી જીવન ગુજારતો

હતો. જંગલમાં જીવવું હોય તો હિંસા અનિવાર્ય હતી. પરંતુ એમાંથી છુટકારો મેળવવાની તરકીબ ભારતમાં જ સૂઝી અને તે હતું 'ખેતી કરવી'. વિનોબાજી તો ગર્વથી કહે છે કે : ''ભારતની ખેતીનો ઈતિહાસ એ અહિંસાનો ઈતિહાસ છે.'' ખેતીમાં ભારોભાર આધ્યાત્મિક રહસ્ય છુપાયેલું છે. બે-ચાર દાણા વાવીને તેમાંથી સો દાણા ઉગાડવા અને પછી પોતાની ઈચ્છા અનુસાર જીવનનિર્વાહ કરવો એ અદ્‌ભુત ખ્યાલ ભારતમાં પાંગર્યો. આમ, અહિંસક જીવન તરફ ડગ મંડાયાં ને તેમાંથી માંસાહાર-ત્યાગનું આંદોલન ચાલ્યું. જૈનો તેમાં પૂર્ણતા સુધી ગયા. ભગવાન બુદ્ધે આની સાથે અહિંસા અને કરુણા જોડી અને વૈદિક ખેતીની ઉપાસના ઊંડાણથી કરતા ગયા.. આમ એક પછી એક ડગલું ભરતાં ભરતાં ભારતનો સર્વ સાધારણ સમાજ અહિંસાની ખોજમાં આગળ વધતો ગયો.

ખેતીથી અહિંસાનો ઈતિહાસ શરૂ થયો ત્યારબાદ ગોદૂધનો મહિમા! ભગવાન કૃષ્ણની ગોસેવા, ગૃત્સમદની કપાસની ખોજ, જ્ઞાનાર્જન માટે સમર્પણ, શૌર્ય-ધૈર્ય-પ્રજા રક્ષણનો ક્ષાત્રધર્મ, રાજ્યસત્તાનાં નિયંત્રણ વગરનું શિક્ષણ, આશ્રમવ્યવસ્થા, યતિઓના હાથમાં દંડ, બ્રહ્મવિરોધી તત્ત્વોનેય પચાવી જનારો ભક્તિમાર્ગ, અહિંસા માટે યજ્ઞ તો આગળ જતી અહિંસા ખાતર યજ્ઞ-નિષેધ પણ, બુદ્ધ અને મહાવીરના સમાજસુધારા, ગ્રામની પંચાયત, બહારની દુનિયાને મુક્ત પ્રવેશ, બહારની દુનિયા પર અનાક્રમણ, નિવૈરવૃત્તિ, નીતિનિષ્ઠા...સમાજવિજ્ઞાનની કેટકેટલી ખોજો થતી રહી અહીં! ચૈતન્યની કેટકેટલી લહેરો ઊઠી છે અહીં! આવી જ રીતે માનવજીવન અને સમાજજીવનના સુનિયોજિત ને સમ્યક સંચાલન માટે આ ભૂમિ પર અગણિત પ્રયોગો થયા છે અને તેના પરિપાકરૂપે આપણી ભારતીય સંસ્કૃતિનો વિકાસ થતો રહ્યો છે. આ પૂણ્યભૂમિમાં ભારતીય સંસ્કૃતિએ બહુ ઊંચી છલાંગો મારી છે અને તેથી આપણને જેટલો મહાન વારસો મળ્યો છે, એટલો કોઈ દેશને મળ્યો નથી.

સંસ્કૃતિની બાબતમાં કાયમ ઊંડાણથી છણાવટ થતી રહેવી જોઈએ. જે જે પરંપરાઓ સારી લાગે તે જાળવી રાખવી જોઈએ. સદ્ અંશોનો સંગ્રહ કરવો અને તેની વૃદ્ધિ કરતા રહેવી. ખોટા અંશો જણાય તે પ્રામાણિકતાથી કાઢી પણ નાખવા. આપણું હૃદય ખુલ્લું રાખીએ ને મન-બુદ્ધિ સમ્યક રાખીએ તો 'વસુધૈવ કુટુમ્બકમ્'નો ભારતીય શાસ્ત્ર-આદર્શ જાળવી શકીશું ને સંવર્ધિત કરી શકીશું.

ભારતીય સંસ્કૃતિએ દુનિયાને શું આપ્યું ?

જ્યારે કોઈ દેશ પરાધીન બને ત્યારે બે વાત બને :

(૧) મોટા ભાગે તે દેશના લોકો બિલકુલ દબાઈ જાય ને ચૂંકે ચાં ન કરે.

(૨) વિદ્રોહનો ઝંડો ઊંચકી લે ને ક્યાંક કોઈ રીતે બળવો કરી બેસે.

ભારતમાં અંગ્રેજોએ સામ્રાજ્ય સ્થાપ્યું ત્યારે આ બન્નેમાંથી કંઈ ન થયું. પણ એક ત્રીજી જ પ્રક્રિયા ઊભી થઈ. આ ગુલામીકાળમાં જે મહાપુરુષો પેદા થયા એમણે આત્મસંશોધન શરૂ કર્યું અને આત્મને ઢંઢોળીને પ્રશ્ન કર્યો કે આટલી મોટી સંસ્કૃતિવાળો વિશાળ દેશ પરાધીન થયો તો તેનાં કારણો કયાં? આપણી અંદરના દોષ ને ન્યૂનતાનું નિરીક્ષણ-પરીક્ષણ-સમીક્ષણ-સંશોધન અને અંતે નિરાકરણ થવું જોઈએ એમ વિચારી આત્મશુદ્ધિ શરૂ થઈ. આ ભારતનું આધ્યાત્મિક અને આંતરિક મનોમંથન હતું.

સર્વધર્મ-સમન્વયનો શાબ્દિક નહીં, પણ અનુભવાત્મક વિચાર સ્વામી રામકૃષ્ણ પરમહંસે જગતને આપ્યો. જુદા જુદા ધર્મોની જે ઉપાસનાઓ છે, તે બધીનો અત્યંત તટસ્થ બુદ્ધિથી પૂર્ણ પ્રેમભાવથી સ્વાનુભવ કરીને એનાં મૂળ સુધી પહોંચીને રામકૃષ્ણ પરમહંસે જાહેર કર્યું કે, 'મૂળમાં એકત્વ છે

પહેલા પ્રવક્તા રાજા રામમોહન રાયે પ્રશ્ન કર્યો ? કેમ નિદ્રામાં પડ્યા છો? ધર્મમાં કેટલી જડતા પેસી ગઈ છે? ઉપનિષદનો ધર્મ ક્યાં? ધર્મમાં ને સમાજમાં સુધારા કરવા પડશે? એમણે સતી પ્રથાને પડકારીને ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને ઉચ્ચ સ્થાન આપી 'મહિલા' શબ્દ પ્રયોજ્યો. મહિલા એટલે સ્ત્રી તો ખરી જ પણ મહિલા એટલે મહાન. મહારાષ્ટ્રમાં ન્યાયમૂર્તિ રાનડે થયા ને તેમણે કહ્યું કે ભારત પરાધીન થયો એ દેવી વિધાન છે. સોનું તપશે તો શુદ્ધ થઈને બહાર આવશે. બધી સંસ્કૃતિનો સંગમ થશે અને ભારતને તેનું સુફળ મળશે! મહર્ષિ અરવિંદ તો આખી પશ્ચિમી સંસ્કૃતિને પી ગયા. કેટકેટલા વિષયોમાં પ્રવીણ થઈને ઉપનિષદોનું અધ્યયન કર્યું, વેદ અને ગીતા પર ભાષ્ય લખ્યું અને યોગનું નૂતન શાસ્ત્ર દુનિયાને આપ્યું. અહીં બે સંસ્કૃતિઓનાં સંગમથી પરિપક્વ ફળ નિર્માણ થયું. આ જ કાળમાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, સ્વામી દયાનંદ, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ, લોકમાન્ય તિલક, રવીન્દ્રનાથ ઠાકુર, મહાત્મા ગાંધી જેવા ઉચ્ચ કોટિના સ્વતંત્ર વિચારકોએ ભારતને સમૃદ્ધ કર્યું.

સર્વધર્મ-સમન્વયનો શાબ્દિક નહીં, પણ અનુભવાત્મક વિચાર સ્વામી રામકૃષ્ણ પરમહંસે જગતને આપ્યો. જુદા જુદા ધર્મોની જે ઉપાસનાઓ છે, તે બધીનો અત્યંત તટસ્થ બુદ્ધિથી પૂર્ણ પ્રેમભાવથી સ્વાનુભવ કરીને એનાં મૂળ સુધી પહોંચીને રામકૃષ્ણ પરમહંસે જાહેર કર્યું કે, 'મૂળમાં એકત્વ છે, એકતા છે, અદ્વૈત છે.' એમણે જગતને સંદેશ આપ્યો

કે 'દુનિયામાં જેટલાયે ધર્મો છે, તે બધા એક જ પરમેશ્વર તરફ લઈ જનારા જુદા જુદા માર્ગ છે, એટલે એમની વચ્ચે કોઈ વિરોધ નથી. રસ્તા અનેક છે પણ ગંતવ્ય તો એક જ છે.' મહર્ષિ અરવિંદે કહ્યું કે : 'સમસ્ત માનવ-સમાજ મનથી ઉપર ઊઠવાની કોશિષ કરે અને એવી કોશિષ થશે તો જ માનવજાતનો ઉદ્ધાર થશે!' આ સમયમાં જ ગાંધીજીએ 'સત્યાગ્રહ'ના ઉપાયની એક નવી શક્તિનો પ્રાદુર્ભાવ કરાવ્યો. ભારતની વિશ્વને ચોથી દેણ તે કરુણામૂલક સામ્યની વાત. ભારતે વિશ્વનું ધ્યાન દોર્યું કે સામ્ય કરુણામૂલક હશે, તો જ સામ્યયોગ થશે!

અહિંસાની શક્તિથી અનોખી રીતે ભારતે રાજકીય આઝાદી પ્રાપ્ત કરી. સ્વરાજ્ય પછી આર્થિક આઝાદી, ગરીબી નિવારણ, સમતાની સ્થાપના અને તે પણ અહિંસાના માર્ગે! ભૂદાનયજ્ઞ દ્વારા ભારતીય સંસ્કૃતિનું વિશેષ દર્શન વિશ્વને મળ્યું. ભક્તિ અને વેદાંત સાથે ભક્તિ હતી પણ સેવા જોડાયેલ ન હતી. રામકૃષ્ણ મિશને અદ્વૈત વિચાર સાથે માનવસેવાને જોડી આપી. સેવામાં કરુણા અને અદ્વૈતમાં અહિંસા, બુદ્ધ અને મહાવીર અહીં સાથે ભળ્યા! ભારતીય સંસ્કૃતિની દુનિયાને કેટકેટલી દેણ! એમ કહીએ કે વિશ્વને સુગ્રથિત, સુચારુ, સુસ્પષ્ટ સંસ્કૃતિ માર્ગ ભારતખંડે ચીંધ્યો!

મહર્ષિ અરવિંદે કહ્યું કે : 'સમસ્ત માનવ-સમાજ મનથી ઉપર ઊઠવાની કોશિષ કરે અને એવી કોશિષ થશે તો જ માનવજાતનો ઉદ્ધાર થશે!' આ સમયમાં જ ગાંધીજીએ 'સત્યાગ્રહ'ના ઉપાયની એક નવી શક્તિનો પ્રાદુર્ભાવ કરાવ્યો

માનવોનો મહાસાગર આપણો વૈભવ :

સૃષ્ટિમાં જે વિવિધતા છે તે ભેદ નથી, તે તો સૌંદર્ય છે, વૈભવ છે. આ વિવિધતાને કારણે એકત્વ દૃઢ અને રુચિકર બને છે સમુદ્રને જોતાં ક્યારેય માણસ ઊબકી ઊઠે છે? ના રે, કારણ તેનામાં વિવિધતા છે, નિત્યનૂતનતા છે. આ વૈદિક ભારતભૂમિમાં વેદકાળથી જ અનેક પ્રવૃત્તિઓ, પ્રકૃતિઓ, ધર્મો, ભાષાઓ વગેરેનો સમન્વય થયો છે. આ ભૂમિના વિચારવાન અને જ્ઞાની લોકોએ ક્યારેય પોતાના-પરચાનો ભેદ નથી રાખ્યો. આપણી ભારતભૂમિ સમસ્ત પૃથ્વીનું એક દર્શન છે. 'ભારત' એટલે સહુ કોઈનું ભરણ કરનારો. ભારતની દરેક વાતની પાછળ વૈદિક પૃષ્ઠભૂમિ છે, કેમ કે તેમાંથી જ આખી ભારતીય સંસ્કૃતિ નિર્માણ થઈ છે.

આ ભારતભૂમિ પ્રેમની અને સમન્વયની ભૂમિ છે. બધી જમાતોને આપણે સ્થાન જ નથી આપ્યું બલ્કે પ્રેમથી નોતરી છે, આવકારી છે. વિનોબાજી કહે છે કે : દુનિયાભરની માધુરીનું સંમેલન અહીં થયું છે અને તેને લીધે જ દુનિયા આખી ભારત પાસે આશા રાખે છે. સહુને સમાવી લેવામાં, આત્મસાત કરવામાં, સહુનું સામંજસ્ય કરવામાં બહુરસતાનો આનંદ મળે છે અને એકરસતાની શક્તિ પણ. અહીં ભિન્ન ભિન્ન પ્રદેશના લોકો આવ્યા, ભિન્ન ભિન્ન સંસ્કાર લઈને આવ્યા. એમની સાથે લડવા-ઝઘડવાને બદલે ભારતે કોઈને કોઈ રીતે એમની વ્યવસ્થા કરી. ખીચડી બની પણ એકરસ ખીચડી બની અને તેને વધુ એકરસ કરવાની ને આત્મસાત્ કરવાની પ્રક્રિયા સતત ચાલતી રહી. આજે હવે આપણે આજના જમાનાને અનુરૂપ જાતિભેદને સમૂળગો નિર્મૂળ કરવાનો છે. પૂર્વજોના કામને વીંખી નથી નાખવાનું પણ આગળ વધારવાનું છે. આપણે એ ભૂલવાનું નથી કે અનેકાનેક સંસ્કૃતિઓને પચાવતાં-પચાવતાં આપણી આ ભારતીય સંસ્કૃતિ પાંગરી છે. તાત્ત્વિક વિચારભેદ અને પાર વિનાના આચારભેદ સહન કરી લેવાની મહાન શક્તિ આપણી સંસ્કૃતિએ દાખવી છે. સમન્વયના તત્ત્વને લઈને તો કન્યાકુમારીથી કાશ્મીર સુધી આખા દેશમાં એક સભ્યતાને એક ભાવના વ્યાપી છે.

અનેક ધર્મો, પંથો, જાતિઓ આપણો વૈભવ છે. રવીન્દ્રનાથ ઠાકુરે આને 'માનવોનો એક મહાસાગર' કહ્યો! સંગીતના સાત સૂરોની જે કળા છે તે સમન્વયની પ્રક્રિયામાં છે. આ સમન્વયની પ્રક્રિયા હવે વિશાળ ફલક ઉપર સાધવાની છે. માણસ માટે સાચો ધર્મ તો એ જ છે કે બધા હળી-મળીને સાથે રહે, બધાનાં હૃદય એક બને, માણસની માણસાઈનો વિકાસ થતો રહે. પરંતુ દુર્ભાગ્યે આજે આથી વિપરિત થઈ રહ્યું છે. ધર્મ આજે માણસને જોડવાને બદલે તોડી રહ્યો છે, પરસ્પર પ્રેમ વધારવાને બદલે દ્વેષ વધારી રહ્યો છે ને માણસોને ટુકડાઓમાં વહેંચી રહ્યો છે. ધર્મના નામે આપણે ખૂલતા નથી, પણ સંકુચિત થતા જઈએ છીએ. ધર્મથી તો માણસનું દિલ વિશાળ થવું જોઈએ, સંકીર્ણ નહીં. ભારતીય સંસ્કૃતિ તો બધા જ ધર્મોનો સાચા સ્વરૂપમાં સ્વીકાર કરીને સમન્વય કરતાં શીખવે છે.

'પ્રેમ મંદિર', નર્મદા પાર્ક-૪,
અમીન માર્ગ, કાલાવડ રોડ પાસે,
રાજકોટ-૩૬૦૦૦૧.



આદિવાસી સમાજનું વર્ષા લોકશાસ્ત્ર

- ડૉ. ભગવાનદાસ પટેલ

જંગલ આધારિત લોકજીવન

ઉત્તર ગુજરાતના દાંતા તાલુકા અને ખેડબ્રહ્મા તાલુકાના અરવલ્લી પહાડી પ્રદેશમાં વસતા આદિવાસીઓ એક સદી પહેલાં પદ્ધતિસરની ખેતી કરતા નહોતા ત્યારે એમના માટે જંગલ એ જીવન હતું. 'વાલરું' (વૃક્ષો કાપીને જમીનને સમથળ કરીને કરવામાં આવતી ખેતી) અને 'પરવર' (પર્વત પર પગથિયાં કરીને કરવામાં આવતી ખેતી) પ્રકારની વર્ષા આધારિત પરંપરિત સાદી ખેતી કરીને બંટી, કોદરા, માલ જેવાં હલકાં ધાન્ય પકવતા. ઉપરાંત જંગલમાંથી જીવન જરૂરિયાતોની ખાદ્યચીજો-જેવી કે જંગલી ધાન્યો, ફળો, કંદમૂળ, ભાજી-પાલો વગેરે મેળવીને જીવન ચલાવતા હતા. આ સમયે પ્રકૃતિ સાથે એમનું જીવન ઓતપ્રોત હતું.

વેરૂકૂરી, જેંથરાળી, બંટ્ટી, અથરોટી, ખાહરફેડું વગેરે જંગલી ધાન્યો ચોમાસામાં પાકે ત્યારે લાકડીની મદદથી વાંસની હાથથી ગૂંથેલી ટોપલીમાં ઝાપટીને એકઠાં કરવામાં આવતાં હતાં. આ જંગલી ધાન્યોને પથ્થરના ઘડ્યા વિનાના ખલમાં કૂટીને રાબ કે રોટલા બનાવીને ખાવામાં આવતું હતું. હવે રાજસ્થાનનાં ગાઢ જંગલો સિવાય આ વિસ્તારમાં જંગલો રહ્યાં ન હોવાના લીધે અન્ન એકઠું કરીને ખાવાની જીવનરીતિ અસ્તિત્વમાં રહી નથી.

અત્યારે આ વિસ્તારમાં વરસાદ પડવાથી ઊગી નીકળતાં 'કુંવારિયા', મૂસળી, 'હાટ્ટી'(સાટોડી), 'લાંબરું,', 'કૂબો', 'બોકંદું' 'ઢેંબરો', 'તાંદળજો' વગેરે છોડની ભાજી છાશમાં બાફીને ખાવામાં આવે છે. ચોમાસામાં વાડો અને ઝાડો પર ચડતાં કારેલાં, કંકોડા, 'ડાંગરાં' (વન્ય ચીભડાં) વગેરે જંગલી વેલાનાં ફળોનું શાક પણ ખાવામાં આવે છે.

આ ઉપરાંત 'વાઝકાંદો', 'ખીલુરો', મૂસળી, પોયણાંના મૂળની ગાંઠો (આ ગાંઠોને લોટ કહે છે) વગેરે કંદમૂળ બાફીને ખાય છે. વાઝકાંદો એ આ વિસ્તારનું એક વિશિષ્ટ પ્રકારનું કંદમૂળ છે. આ કંદમૂળ કડવું હોવાથી તેને બાફીને નાની નાની ચીરીઓ કરીને ધોધમાં ધોઈ કડવાશ દૂર કરીને ખાય છે. આ લોકવિદ્યા એમને પરંપરામાંથી પ્રાપ્ત થઈ છે.

આમ આરંભે જંગલ આધારિત જીવન હોવાથી અને જીવનયાપન વર્ષા પર જ ચાલતું હોવાથી આદિવાસી સમાજમાં વર્ષા વિષેની આગવી પરંપરિત લોકવિદ્યા વિકસી છે. વરસાદ આ વર્ષે આવશે કે નહીં, આવશે તો ક્યારે-કેટલો આવશે વગેરે જાણવાનું વર્ષા લોકશાસ્ત્ર કે વર્ષા લોકવિજ્ઞાન વિકસ્યું છે. અહીં આપણે આ પરંપરિત વર્ષાશાસ્ત્રની ચર્ચા કરીએ છીએ.

આ ઉપરાંત 'વાઝકાંદો', 'ખીલુરો', મૂસળી, પોયણાંના મૂળની ગાંઠો (આ ગાંઠોને લોટ કહે છે) વગેરે કંદમૂળ બાફીને ખાય છે. વાઝકાંદો એ આ વિસ્તારનું એક વિશિષ્ટ પ્રકારનું કંદમૂળ છે

આદિવાસી સમાજનું વર્ષા લોકશાસ્ત્ર

આદિવાસી સમાજમાં વર્ષા વિષે અનેક લોકમાન્યતાઓ પ્રચલિત છે. આ માન્યતાઓ અનેક વર્ષોનાં નિરીક્ષણો અને અનુભવો પછી રૂઢ થઈને મૌખિક વર્ષા લોકશાસ્ત્ર બન્યું છે. ખેડબ્રહ્મા અને દાંતા તાલુકાના આદિવાસીઓ વરસાદને 'મેહ' અથવા 'એંદર' (ઈન્દ્ર) તરીકે ઓળખે છે. ચોમાસાની ઋતુમાં ઈશાનકોણમાં ફૂલ જેવાં વાદળો નીકળે તેને 'આપકાંટો')આભ-વાદળ કાઢ્યાં) એમ કહે છે. આ વાદળોની સાથે ઈશાનમાં વીજળી થાય તો ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ (એંદર) વરસે એમ માનવામાં આવે છે. જો તેતરવર્ણી વાદળી કે જેને તેઓ 'કાબર' કહે છે, પૂર્વથી પશ્ચિમમાં કે ઉત્તરથી દક્ષિણમાં જાય તો પણ ત્રણ ઘડી કે ત્રણ દિવસમાં વરસાદ વરસે એવી લોકમાન્યતા છે.

સામાન્ય રીતે આસો અને કારતક માસમાં આછી સફેદ વાદળી નીકળે તેને 'ગરપ'(ગર્ભ કહે છે. આ વાદળીનો રંગ આછો સફેદ હોય છે. આ ગરપ મૌખિક રીતે ગર્ભ જાણનાર ગર્ભી નોંધે છે- આ નોંધના આધારે વર્ષમાં વર્ષા ક્યારે વરસશે તે નક્કી કરે છે. ગરપ(ગર્ભ) પાકે તો વરસાદ આવે અને બળી જાય તો વરસાદ ન આવે એવી લોકમાન્યતા છે. ગર્ભ જોવા માટે નદી કે વહેળામાં પાણીના સ્થિર વહેણનું નિશાન કરી એક ખીંટી મારી પાણીનું નિરીક્ષણ કરવામાં આવે છે. જો ગર્ભ નીકળવાથી પાણી ચડે અને ખીંટીના નિશાનથી આગળ વધે તો ગર્ભ પાક્યા અને નિશ્ચિત સમયે વરસાદ વરસશે એમ માનવામાં આવે છે. જો ગર્ભ નીકળવાની સાથે પાણી ખીંટીના નિશાનથી નીચે ઊતરી જાય તો ગર્ભ બળી ગયા અને વર્ષા નહીં વરસે એમ માને છે. ગર્ભ નીકળીને માવઠું (કમોસમી વરસાદ) થાય તો ગર્ભ વરસી ગયા અને નિશ્ચિત સમયે વરસાદ નહીં આવે એવી લોકમાન્યતા છે. આ સમય દરમિયાન ગ્રહણ થાય તો ગર્ભ બળી જાય એમ માને છે. 'ગરપ' જોનાર વ્યક્તિને 'ગરપી' કહે છે

આસો અને કારતક માસમાં 'ધરોળ' પડે (ધરતીકંપ થવાના લીધે ધરતી ધ્રૂજે) તો વરસ સારું જાય. ધનતેરશના

દિવસે તળાવમાં નવડાવેલી ગાયોમાંથી સૌથી પહેલાં સફેદ ગાય નીકળે તો આવતું વર્ષ સારું જાય. કાળી ગાય નીકળે તો કાળ પડે. ઉત્તરાયણના દિવસે પકડીને ઉડાડેલી 'ડુસકી'(દેવચકલી) લીલા ઝાડ પર બેસે તો વરસાદ વરસે જ, એમ માને છે.

ખેડબ્રહ્મા-દાંતા તાલુકાના આદિવાસીઓ ભાદરવા માસના કોઈપણ રવિવારની રાતે ધૂળાના પાટ (મહામાર્ગી પાટ)નું ધાર્મિક અનુષ્ઠાન કરે છે. આ અનુષ્ઠાનના એક અઠવાડિયા પહેલાં એક માટીના પાત્રમાં અનાજના જ્વારા વાવે છે. એને લીલી વાડી કહે છે. (આશરે પાંત્રીસ વર્ષ પહેલાં ખેડબ્રહ્મા તાલુકાના બોરડી ગામના વતની નાનજીભાઈ ખાંટ ધૂળાના પાટના પવિત્ર ધાર્મિક અનુષ્ઠાનના એક સપ્તાહ પહેલાં ધાર્મિક વિધિ-વિધાન કરી પોતાની છાતી પર અનાજના જ્વારા વાવતા હતા. રવિવાર સવારે સૂર્યનાં ઊગતાં કિરણોમાં અનુષ્ઠાન પૂર્ણ થયા પછી વર્ષનો વરતારો જુએ છે. જો જ્વારા સુકાઈ ગયેલા હોય તો દુષ્કાળ પડશે, અડધા સુકાયેલા હોય તો વર્ષ મધ્યમ રહેશે અને હર્યાભર્યા લીલા હોય તો વર્ષ સારું જશે, એમ માનવામાં આવે છે.

'બાબા-બાબી'નો વેશ કાઢી વરસાદ માંગવો

જો વરસાદ સમયસર ન આવે અથવા આવ્યા પછી ખેંચાય તો 'બાબા-બાબી'નો વેશ કાઢે છે. તરુણ તરુણીઓ 'બાબા-બાબી'નો વેશ કાઢે છે. રાતના સમયે હાથમાં પાણીથી ભરેલા તુંબડાં લઈને 'એંદરરાઝા')ઈન્દ્રરાજા)ને નમસ્કાર કરી મેઘ માંગવા નીકળે છે. ઘેર ઘેર ફરી નળિયાં પર તુંબડાનું પાણી રેડી નેવાં વરસાવે છે. નેવાં વરસે છે ત્યારે 'એંદર આવો, મેહ આવો' એમ જોરજોરથી બોલી આનંદની કિકિયારિયો (રિવરિયો) કરે છે અને ઘેરઘેરથી મકાઈ માગે છે. આદિવાસી રામાયણ 'રોમ-સિતમાની વારતા'ની પ્રથમ પાંખડી એંદરનં ગોતમ રખી (ઈન્દ્ર અને ગૌતમઋષિ)માં ઈન્દ્ર ('એંદર')શબ્દ 'મેઘ'ના અર્થમાં પ્રયોજાયો છે. વેદોમાં પણ ઈન્દ્રનો એક અર્થ 'ગર્જના સહિત વરસાદ રૂપે પૃથ્વી પર આવનાર' થાય છે. (ભગવદ્ગોમંડળ).

પૂરા ગામમાં ફર્યા પછી વહેલી સવારે નદી, વહેળા કે કોઈ જળાશયના કિનારે જઈને મકાઈની ઘૂઘરી વહેંચતાં વહેંચતાં તો વરસાદ વરસશે, એમ માને છે.

વરસાદ બાંધવો

'બાબા-બાબી'નો વેશ કાઢીને મેઘ માગ્યા છતાં વરસાદ ન વરસે અને વધુ ખેંચાય તો કોઈએ વરસાદ બાંધ્યો છે એમ આ વિસ્તારના આદિવાસીઓ દૃઢપણે માને છે. આ વરસાદ કોઈ ખાધે-પીધે સુખી માણસ જ બાંધી શકે છે તેમ પણ માને છે. તેમની લોકમાન્યતા પ્રમાણે વરસાદ બાંધવા માટે આ સુખી માણસ ખાસ પ્રકારની વિધિ કરે છે. આ માટે તે પ્રજાપતિના ઘેરથી બાર કોરા ઘડા લાવે છે. ત્યાર પછી બારની સંખ્યામાં આકડાનાં પાન, ડાભ(દર્ભ)ની ગૂંછળીઓ, દેડકાં, માછલીઓ વગેરે વસ્તુઓ એકઠી કરે છે. વરસાદ બાંધવાની વિધિ તેણે અગાઉથી વિચારી રાખી હોવાથી જ્યારે વરસાદ આવે છે ત્યારે ઘરનાં નેવાંનું પાણી બાર ઘડામાં ભરી લે છે. આ દરેક ઘડામાં ભેગી કરેલી પ્રત્યેક વસ્તુ નાખે છે. આ પછી દરેકના મુખ પર એક એક કપડું બાંધીને દરેક ઘડાની ઉપર એકએક આકડાનું પાન મૂકી ઘર વચ્ચે મોટો ખાડો ખોદી આ ઘડા દાટી દે છે. આ ઘડાની ઉપર મધ્યમાં એક ઘંટી મૂકે છે. જેવું આકાશમાં વરસવા વાદળ નીકળે છે કે તરત જ આ પથ્થરની ઘંટી ફેરવે છે. આથી વાદળ દળાઈને વિખરાઈ જાય છે અને વરસાદ વરસતો નથી. માટે વરસાદ વરસાવવો હોય તો જેને વરસાદ બાંધ્યો હોય તેના ઘરમાં સામૂહિક રીતે પ્રવેશીને જમીન ખોદી કાઢીને આ ઘડાનો નાશ કરવો જોઈએ. જેથી વરસાદ છૂટો થાય અને વરસે એવી એમની લોકમાન્યતા છે.

એમની આ લોકમાન્યતામાંથી જેનો આ પહેલાં પણ ઉલ્લેખ કર્યો છે એ મારા દ્વારા સંપાદિત આદિવાસી લોકમહાકાવ્ય રોમ-સીતમાની વારતાની પ્રથમ પાંખડી(પ્રસંગ-ઘટના) એંદર નં ગોતમ રખી(ઈન્દ્ર અને ગૌતમઋષિ) આવિર્ભાવ પામી છે. ગૌતમ અને ઈન્દ્ર વચ્ચે દ્વન્દ્વયુદ્ધ થાય છે. ગૌતમ ઈન્દ્રને મારી-મચરડીને એક હરણનાં શિંગડામાં પૂરી દે છે અને ચાર પગ અવળાં ફેરવી દે છે. હરણના જવાની વિરુદ્ધ દિશામાં પગલાં પડતાં હોવાથી કોઈ તેને શોધી શકતું નથી. આથી ૧૨ વર્ષ સુધી પૃથ્વી પર દુષ્કાળ પડે છે. મનુષ્યો અન્ન-પાણી અને દેવો હોમ વિના મરવા પડે છે. અંતે ભગવાન પૃથ્વી પર આવે છે. ગૌતમને મનાવીને ઈન્દ્રને હરણનાં શિંગડામાંથી મુક્ત કરે છે અને પૃથ્વી પર વરસાદ(એંદર) વરસે છે. (વધુ વિગત માટે જુઓ રોમ-સીતમાની વારતા, સંપાદક : ડૉ. ભગવાનદાસ પટેલ પ્રથમ-દ્વિતીય અને તૃતીય સંવર્ધિત આવૃત્તિ : ૧૯૯૫-૨૦૧૧-૨૦૨૦)

આ આદિવાસી વર્ષા લોકશાસ્ત્ર અનેક વર્ષોના અનુભવોના આધારે પરંપરા બનીને વિકસ્યું છે.

૩૦૪, મિથિલા, વિજયાબેંકની ઉપર,
જજિસ બંગલા ચાર રસ્તા,
બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫
મો. ૯૪૨૮૧૦૯૫૭૯

સૌરાષ્ટ્રના રાજવીઓ : જસદણ

- યાસીન દલાલ

જસદણ ભૌગોલિક રીતે ગુજરાત રાજ્યમાં આવેલું છે. ગુજરાતના ''ગુર્જર રાષ્ટ્ર'' ઉપરથી પડ્યું હોય તેમ મનાય છે. તેનો અર્થ ગુર્જર લોકોનો દેશ એવું થાય છે. દસમી સદીમાં આ પ્રદેશ લાટ તરીકે ઓળખાતો. ગુર્જરોનો વસવાટ તેઓના મૂળ રાજ્યની દક્ષિણ તરફ વધતો ગયો અને લાટ સહિતના પ્રાંતો તેઓને તાબે થયા. ત્યારથી તે પ્રદેશને ગુર્જર દેશ તરીકે ઓળખવામાં આવ્યો. ગુજરાતનો એક મહત્ત્વનો ભાગ સૌરાષ્ટ્ર, જસદણ સૌરાષ્ટ્રમાં જ આવેલું છે. સૌરાષ્ટ્ર શબ્દનો ઉલ્લેખ છઠ્ઠી સદીમાં લખાયેલા પાણિનિના વ્યાકરણમાં પણ થયેલો છે. કૌટિલ્યના ''અર્થશાસ્ત્રમાં સૌરાષ્ટ્રને એક ગણતંત્ર ગણવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર ઉપર માલિકી મેળવવા અનેક વંશોએ પ્રયત્ન કર્યો છે. ઈ.સ. પૂર્વે ૩૧૯માં ચંદ્રગુપ્તે સૌરાષ્ટ્રને પોતાના સામ્રાજ્યમાં ભેળવ્યું. તે પછી શક, છત્રયો અને ગુપ્ત વંશના કંદ ગુપ્તે જુનાગઢમાં શિલાલેખ કોતરાવ્યા હતા. સૌરાષ્ટ્રનું નામ ધીમે ધીમે સોરઠ થઈ ગયું. એક હજારથી પણ વિશેષ વર્ષના ગાળામાં સૌરાષ્ટ્રનો પૂર્વ, ઉત્તર અને દક્ષિણ ભારતમાંથી જ નહીં પણ ગ્રીસ, ઈરાન અને મધ્ય એશિયામાંથી પણ આ સમયમાં ધર્મો વિકસ્યા અને એકબીજા સાથે સાંસ્કૃતિક આદાનપ્રદાન કર્યું. પાંચમી સદીમાં વલ્લભીપુરનું સામ્રાજ્ય સ્થપાયું અને ત્યાં પરદેશીઓ આવતા થયા. નવમી સદીમાં સિંધમાંથી ચૂડાસમા, રાજપૂતો અને ઝાલા, પરમાર, જાડેજા અને કાઠીઓ આવ્યા અને વસી ગયા. ૧૮મી સદીમાં પેશવા અને ગાયકવાડનું લશ્કર સૌરાષ્ટ્રમાં ફરી વળ્યું અને તેમાંથી પણ ઘણા સૈનિકો અને રાજપુરુષો અહીં જ વસી ગયા. ઉથલપાથલ અને અસ્થિરતાના સમયમાં સૌરાષ્ટ્રમાં માળવામાંથી શ્રીમાળી, ઓસવાલ તથા શ્રીગોડ બ્રાહ્મણો આવ્યા. ઉત્તરમાંથી મોઢ બ્રાહ્મણો તેમજ ગુજરાતમાંથી ઔદિચ્ય બ્રાહ્મણો સૌરાષ્ટ્રમાં આવીને વસ્યા. ઈ.સ. ૪૮૦ આસપાસ નાગરો આવ્યા. ઉપરાંત લોહાણા, ભાટીયા તથા સોની અને કંસારા જેવા કારીગરો પણ અહીં વસી ગયા. પ્રાચીનકાળથી જ સૌરાષ્ટ્ર એક સમૃદ્ધ અને સભ્ય પ્રદેશ તરીકે જાણીતો છે. અહીં શોર્ય અને બહાદુરી દેખાય છે. સૌરાષ્ટ્ર નામ પડ્યું તેની પાછળ જુદી જુદી વાતો છે. કોઈ કહે છે કે સૂર રાષ્ટ્ર એટલે કે દેવોનો દેશ છે તો કોઈ એને સૂ રાષ્ટ્ર કહે છે. મુસ્લિમ શાસન દરમ્યાન તે સોરઠ તરીકે ઓળખાયું.

પાંચાળમાં દ્રુપદ નગરી હતી. આઠમી સદીમાં ભારતના પાંચાળ પ્રદેશમાંથી ઊતરી આવેલા પ્રતિહારો (પઠિયારો) એ આ પ્રદેશનું નામ પાંચાળ પાડ્યું એમ કહેવાય છે. ૫મી સદીમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે ત્યારે ત્યાં મૌખરી વંશ રાજ કરતો હતો એમ કહેવાય છે

૧૩ અને ૧૪ની સદીમાં કચ્છ રસ્તેથી કાઠી સરદારો અહીં આવ્યા અને સૌરાષ્ટ્રમાં મોટો વિસ્તાર જીતી લીધો. મરાઠાઓ અહીં આક્રમણ કરવા માંડ્યા ત્યારે એમને આ કાઠી સરદારો સામે લડવું પડયું. મરાઠાઓએ આ આખા પ્રદેશને 'કાઠે વાડ' નામ આપ્યું જે પછીથી ''કાઠિયાવાડ'' થઈ ગયું. સૌરાષ્ટ્રમાં ૨૨૨ નાનાં મોટાં દેશી રાજ્યો હતાં. તેમાનું જસદણ એક છે. આ રાજ્ય બીજા વર્ગનું દેશી રાજ્ય ગણાતું. હડપ્પન સંસ્કૃતિ જેટલું જ એ પ્રાચીન છે. અહીં ભાદર નદીના પટમાં તેમજ ઘણાં ગામોમાંથી હડપ્પન સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. આટકોટમાં લાખા ફુલાણીનો પાળિયો છે. જસદણની કાળુપીરની દરગાહમાં વિક્રમ સંવત ૧૨૯૬નો શિલાલેખ મળ્યો છે.

રાજકોટથી ભાવનગર તરફ જતાં ૪૮ કિલોમિટર દૂર આટકોટ ગામ આવેલું છે. આટકોટથી એક ફાંટો જસદણ તરફ જાય છે જે આશરે ૭ કિ.મિ. દૂર છે. સૌરાષ્ટ્રમાં આવેલા રજવાડાઓમાં જસદણનો પણ સમાવેશ થાય છે. સૌરાષ્ટ્રના મધ્ય ભાગમાં પાંચાળ આવેલું છે. પાંચાળમાં દ્રુપદ નગરી હતી. આઠમી સદીમાં ભારતના પાંચાળ પ્રદેશમાંથી ઊતરી આવેલા પ્રતિહારો (પઠિયારો)એ આ પ્રદેશનું નામ પાંચાળ પાડ્યું એમ કહેવાય છે. ૫મી સદીમાં પાંચાળનો ઉલ્લેખ મળે છે ત્યારે ત્યાં મૌખરી વંશ રાજ કરતો હતો એમ કહેવાય છે. ત્યારે પાંચાળનું કેન્દ્ર થાન હતું. જેનો એક છેડો વાંકાનેરના



જડેશ્વરને અને બીજો છેડો જસદણના ઘેલા સોમનાથ સુધી ફેલાયેલો હતો. ૫મી સદીમાં થાનમાં કાઠીઓ આવેલા એ પાછા સ્થળાંતર કરી ગયેલા.

જસદણનો ઇતિહાસ ભારતના ઇતિહાસ જેટલો જ પ્રાચીન છે. દરેક ઐતિહાસિક યુગના અવશેષો જસદણમાંથી પ્રાપ્ત થયા છે. આથી જસદણનો ઇતિહાસ આશરે પાંચ હજાર વરસથી પણ વધુ પ્રાચીન ગણી શકાય. દેશમાં શરૂઆતના માણસોએ નદીકિનારે વસવાટ કરી સંસ્કૃતિ વિકસાવી. તે જ રીતે જસદણની સંસ્કૃતિ વિકસી છે. આમ માનવ સંસ્કૃતિના વિકાસમાં જસદણ એક મહત્ત્વના ભૌગોલિક સ્થાન તરીકે ઉપસેલું. પાષાણ યુગ, હડ્ડપન સંસ્કૃતિનો યુગ, મહાભારત યુગ, ક્ષત્રપ યુગ, ગુપ્ત યુગ, રાજપૂત યુગ તેમજ સલ્તનત યુગ દરમ્યાન જસદણ એક મહત્ત્વના રાજકીય કેન્દ્ર તરીકે વિકસ્યું. એ જ રીતે વૈદિક કાળ, બૌદ્ધ કાળ, મૌર્ય યુગ તેમજ મૈત્રક યુગ દરમિયાન તે સૌરાષ્ટ્રના એક અગત્યના પ્રદેશ તરીકે વિકસ્યું હતું. મોગલ યુગ દરમિયાન તે ખાચર દેશ ક્ષત્રિયોના તાબા નીચે આવ્યું અને આઝાદી સુધી એ જ રીતે રહ્યું.

જસદણનો ઇતિહાસ ભારતના ઇતિહાસ જેટલો જ પ્રાચીન છે. દરેક ઐતિહાસિક યુગના અવશેષો જસદણમાંથી પ્રાપ્ત થયા છે. આથી જસદણનો ઇતિહાસ આશરે પાંચ હજાર વરસથી પણ વધુ પ્રાચીન ગણી શકાય

અહીં આઠ નદીઓ આવેલી છે જેમાં ભાદર, બુંઢણપરી, કરમાળી, કરણુંકી, મચ્છુ, બેટી, ઘેલો અને કેરી નદીનો સમાવેશ થાય છે. અહીંની ખનીજ સંપત્તિમાં ચૂનાના પથ્થર અને સાદી રેતી મળી આવે છે. દેશભરમાં પ્રસિદ્ધ હિંગોળગઢનું જંગલ પણ અહીં જ છે.

જસદણ રાજ્યની સ્થાપના ૧૬૬૦માં લાખાણી વંશના કાઠી વિકા ખાચરે કરી હતી. ત્યારથી ૧૯૪૭માં છેલ્લા રાજવી આલા ખાચર સુધી આ રાજ્ય ખાચર કાઠીઓના



હાથમાં હતું. વચ્ચે થોડો સમય જસા ખુમાણ તથા જૂનાગઢના સૂબા અમીનખાન ઘોરી હસ્તક રહ્યું. આ રાજ્યનું કુળ ક્ષેત્રફળ ૩૫ હજાર ચો.કિ.મિ. છે. ઈ.સ. ૧૮૮૧માં તેની વસતી ૨૫ લાખ, ૧૯૪૧માં ૩૫ લાખ અને ૨૦૦૧માં એક કરોડની હતી. રાજકોટ જિલ્લો ત્રણ પ્રાંતના મહેસૂલી વિભાગમાં વહેંચાયેલો છે. જેમાં જસદણનો સમાવેશ રાજકોટ વિભાગમાં થયો છે. જસદણમાંથી સ્ટેટ હાઈવે નંબર એક વીંછિયા બાજુ જાય છે. ત્યારે ચોટિલા તરફ ધોરી માર્ગ નંબર ૧૧૯ પસાર થાય છે. જસદણથી શિવરાજપુરથી ગઢડા ધોરીમાર્ગ નંબર ૧૧૧૯ જાય છે. જસદણ તાલુકામાં નેશનલ હાઈવે નથી. જસદણથી બોટાદ નેરોગેજ રેલવે રાજાશાહીના વખતમાં હતી. જેની લંબાઈ ૩૬ માઈલ હતી. આઝાદી પછી આ રેલમાર્ગ બંધ થઈ ગયો છે.

જસદણની રચના સૌરાષ્ટ્રની રચના જેવી ઊંધી રકાબી આકારની છે. રકાબીની ટોચ ઉપર જસદણ આવેલું છે. અહીંની ઉત્તરે આણંદપુર ભાડલાની માંડવધારની ટેકરીઓ આવેલી છે. પશ્ચિમમાં ચિતલીયાના ડુંગર આવેલા છે. કનેસરા પાસે ડુંગરોની હારમાળા છે. જેમાં ઓઢા અને જામ હોથલ પદમણીની દંતકથા સાથે સંકળાયેલ હોથલિયો ડુંગર છે. અહીંની ઉત્તર સીમાએ અમદાવાદ જિલ્લાનો ધંધુકા તાલુકો તથા કાઠિયાવાડ એજન્સીના પાળીયાદ થાણાનાં ગામો આવેલાં હતાં. પૂર્વ સરહદે ભાવનગર અને પશ્ચિમ સરહદે નવાનગર સ્ટેટ તથા રાજકોટ સ્ટેટ અને ચોટિલા થાણાનાં ગામો આવેલાં છે. આ રાજ્યની હકુમત હેઠળ ૫૭ ગામ હતાં. જેમાં એહમદ પરનો ટીંબો સામેલ છે. બિનહકુમતી ગામની સંખ્યા ત્રણ હતી. જે બ્રિટિશ સરકાર હસ્તક અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં આવેલા નાના માત્રા, ગોરીયા અને સમઢીયાળા હતા. જસદણ રાજ્ય કાઠિયાવાડની નદીઓનું ઉદગમ સ્થાનનું મુખ્ય કેન્દ્ર છે. સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી ભાદર અહીંથી જ નીકળે છે. જસદણ એ ભાદર અને મચ્છુનું ત્રિવેણી મુળે હતું.

જસદણથી ૧૮ કિ.મિ. દૂર હિંગોળગઢ આવેલું છે. આ વન્ય પ્રાણીઓનું અભયારણ્ય છે. જાણીતા પક્ષીવિદ્ સલીમ અલી અહીં ઘણી વખત પંખી પકડવાની શિબિરો યોજતા. આ અભયારણ્યમાં સૂકાં પાનખર પ્રકારની કાંટાળી વનસ્પતિનાં વૃક્ષો આવેલાં છે. જેમાં ગોરડ, વિક્રો દેશી બાવળ અને ગૂંગળ વગેરેનો સમાવેશ થાય છે. આઝાદી પહેલાં આ અભયારણ્ય જસદણ સ્ટેટની માલિકીનું હતું.

શાહી કુટુંબ માટે શિકાર કરવાનું પણ એ સ્થળ હતું. અહીં દીપડા પણ જોવા મળતા. ૧૯૭૩માં ગુજરાત સરકારે આ વિસ્તારને સંપાદિત કરીને વનવિભાગને કબજો સોંપી આપ્યો હતો. ઈ.સ. ૧૯૮૦માં હિંગોળગઢ અભયારણ્ય તરીકે જાહેર થયું. એ પછી ત્યાં નિયમિત પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજાય છે. અહીં ચિંકારા, નીલગાય, શાહુડી, સસલાં વગેરે જોવા મળે છે. ઉપરાંત મોર, તેતર અને ટિટોડી પણ દેખાય છે. શિયાળામાં કુંજ ઉપરાંત બુલબુલ પણ ધ્યાન ખેંચે છે. સુગરીના લટકતા માળા પણ દેખાય છે. અહીં લોકડી અને શિયાળ તથા જંગલી બિલાડી પણ જોવા મળે છે. જુદી જુદી ૩૧૪ જાતની વનસ્પતિઓ અહીં દેખાય છે. ગુજરાતના ચાર ઝેરી સાપો પૈકી ત્રણ અહીં જોવા મળે છે. સૌથી વધુ ઝેરી સાપ કાળોતરો પણ અહીં દેખાય છે. ૨૨૯ જાતના પક્ષીઓ અહીં જોવા મળે છે.

અહીં જૂનાગઢના ગિરનારની અસરને લીધે વરસાદ ઓછો પડે છે. વાર્ષિક સરેરાશ ૪૦ થી ૭૦ સે.મી. નોંધાય છે. જસદણ નગર ફરતી ગઢની દીવાલ છે. મૂળ એ ઊંચા ટેકરા પર વસેલું છે. અહીં જૂના વિસ્તારોમાં પાંચ પરા, એક બજાર, કણબીવાડ, ભૂવા શેરી, રૂપારેલિયા શેરી, પાળિયાવાળી શેરી, સાંકડી શેરી, છત્રી બજાર વગેરે જૂના વિસ્તારો હતા. આજે રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકો આવ્યો છે અને એ તાલુકા મથક છે. આ તાલુકામાં જસદણ એ વીંછિયા એમ બે શહેરો ઉપરાંત એકસો જેટલાં ગામો છે. તાલુકાની દક્ષિણે અમરેલી જિલ્લો, પશ્ચિમે રાજકોટનું ગોંડલ, કોટડા સાંગાણી અને રાજકોટ તાલુકો, ઉત્તરે સુરેન્દ્રનગર જિલ્લો અને પૂર્વમાં ભાવનગર જિલ્લો આવેલો છે. ૧૯૯૧માં આ તાલુકાની વસતી એક લાખ અડસઠ હજાર એકવીસ હતી. ચોથા ભાગની વસતી હિંદુ છે. જૈન અને મુસ્લિમોની વસતી થોડીક છે. હિંદુઓમાં કાઠી કોમની વસતી વધારે છે. આઝાદી પૂર્વે જસદણ રાજ્યમાં ૧૯૧૫ થી એક મીડલ સ્કૂલ ધો. ૯ સુધીની હતી. જ્યારે વીંછિયાનાં અને બીજે ધો. ૭ સુધીની વર્નાક્યુલર સ્કૂલ હતી. પ્રાથમિક શાળાઓની સંખ્યા ૨૧ હતી. ૧૯૧૧ થી રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ મફત કરવામાં આવ્યું. ૧૯૨૮ પછી માધ્યમિક શિક્ષણ પણ મફત થયું. જસદણ અને વીંછિયામાં અનેક ગ્રંથાલયો અને વાંચનાલયો હતાં. ૧૯૮૧માં શહેરી વસતીના ૧૫ ટકા લોકો ભણેલા હતા ત્યારે શહેરી વસતીના ૬૭ ટકા લોકો ભણેલા હતા.

ઈ.સ. ૧૯૮૦માં હિંગોળગઢ અભયારણ્ય તરીકે જાહેર થયું. એ પછી ત્યાં નિયમિત પ્રકૃતિ શિક્ષણ શિબિરો યોજાય છે. અહીં ચિંકારા, નીલગાય, શાહુડી, સસલાં વગેરે જોવા મળે છે. ઉપરાંત મોર, તેતર અને ટિટોડી પણ દેખાય છે

૧૮૦૧માં નવાનગરના જામસાહેબે જસદણ ઉપર ચડાઈ કરી. વાજસુરવાળા મોટા લશ્કરનો સામનો કરી શકે તેમ ન હોવાથી જસદણ છોડીને એણે ભાવનગરમાં આશ્રય લીધો. જામે જસદણમાં લૂંટફાટ કરીને થાણું બેસાડ્યું. જામ જશોજીના પુત્રના લગ્નપ્રસંગે આટકોટનો કિલ્લો આપી નજરાણું ધર્યું અને જસદણ એમને પાછું મળ્યું. ભાવનગર સામે ચિત્તડને મદદ કરવાથી ભાવનગરે જસદણનો કબજો લીધો. ૧૮૦૭માં કર્નલ વોકરે સૌરાષ્ટ્રના બધા રાજાઓની નિયમિત ખંડણી નક્કી કરી. લૂંટફાટ બંધ કરાવી. બ્રિટિશરોએ જસદણને થોડાં ગામ આપ્યાં અને ૪૦૦ ઘોડેસવારોના ખર્ચ પેટે રૂપિયા નવ હજાર આપ્યા. ઈ.સ. ૧૮૧૦માં તેમનું મૃત્યુ થતાં ચેલા ખાચર ગાદીએ આવ્યા. ૧૮૨૦માં રાજકોટમાં એજન્સી સ્થપાતા તે રાજકોટ એજન્સી નીચે મુકાયું. ૧૯૩૧ અને ૪૧માં જસદણ વેસ્ટર્ન કાઠિયાવાડ એજન્સી નીચે હતું. ૧૯૪૩માં નાનાં રાજ્યો અને તાલુકાઓને નજીકનાં રાજ્યો સાથે જોડી દેવાયા. જસદણને ભાવનગર રાજ્ય સાથે જોડવામાં આવ્યું. ૪૮માં સૌરાષ્ટ્રનું એકીકરણ થતાં જસદણ મધ્ય સૌરાષ્ટ્ર જિલ્લાનો અને ૫૬ પછી રાજકોટ જિલ્લાનો તાલુકો બન્યો.

ઈ.સ. ૮૭૫થી ૧૪૭૨ સુધીનો સમય સૌરાષ્ટ્રના ઇતિહાસમાં 'રાજપૂત યુગ' તરીકે ઓળખાય છે. અમદાવાદના સ્થાપક અહમદ શાહ પહેલાએ અને મહંમદ બેગડાએ આક્રમણ કરીને જૂનાગઢ જીતી લીધું ત્યારે તેમના લશ્કરે જસદણ પ્રદેશમાં કૂચ કરી હોય એવી શક્યતા છે. ૧૭૫૩માં ગુજરાતમાં મરાઠા શાસન સ્થપાયું. મોગલ સમ્રાટે સૌરાષ્ટ્રમાં જૂનાગઢ વિભાગને ખાલસા જાગીર બનાવી હતી ને જાગીર સોરઠ સરકાર તરીકે



Arrival of the barat Shri Shivrajsinhji of Jasdan in two chartered planes at Rajkot to Puna 1952.

ઓળખાણી. સૌરાષ્ટ્રમાં આવેલા મોગલ ફોજદારના વહીવટ હેઠળના સોરઠ સરકારને મહેસૂલ આપનાર કુલ ૬૦ એકમો હતા, જેમાંથી એક એકમ જસદણનું હતું. ૬૦ વરસ સુધી મરાઠાઓ ગુજરાતમાં સર્વોપરી શાસક બની રહ્યા. મોગલોની જેમ તેઓ પણ ખંડણી ઉઘરાવતા હતા. મોગલ સત્તાના પતન પહેલાના સમયગાળામાં કાઠી વંશના રાજ્યોની સ્થાપના થઈ. સરધારના મેરામણજી બીજાએ જૂનાગઢના નાયબ ફોજદારના તાબા હેઠળનો કેટલોક પ્રદેશ જીતી લીધો. જેની જાણ મોગલ સમ્રાટને થતાં, તેણે જૂનાગઢના નાયબ ફોજદાર માસૂમખાનને પોતાનો પ્રદેશ જીતી દેવા આદેશ આપ્યો. માસૂમખાનને એક મોટા લશ્કર સાથે આક્રમણ કરી આણંદ પર, ભાડલા તથા જસદણ પ્રદેશો જીતી લીધા.

જસદણથી સાત કિ.મિ. દૂર ગઢા ગામ પાસેથી પ્રાપ્ત થયેલ રુદ્રસિંહ પહેલાના પૂરોગામીઓના બિરૂદ સાથેની વંશાવલી આપી છે. આમાં આવતા ચષ્ટન રાજાના નામ પરથી જસદણ નામ પડ્યું હોય એમ જણાય છે. જસદણને બીજી ત્રીજી સદી જેટલું પ્રાચીન માનવું જોઈએ. ચષ્ટન એક પરાક્રમી રાજા હતો. સત્રપોથી ઊઘડી ગયેલી સત્તાને પુનઃસ્થાપના કરવા માટે તે લડ્યો અને પ્રદેશો પરત મેળવ્યા. તેણે માળવા જીતી ઉજ્જૈનમાં રાજધાની સ્થાપી હતી. તેણે ગુજરાત ઉપરાંત કચ્છ અને સૌરાષ્ટ્ર પણ જીતી લીધા.

બીજો મત એવો છે કે ઈતિહાસ વિદ્ આચાર્ય વલ્લભજી હરિદત્તના માટે યશોધન નામના સજ્જને જસદણ વસાવ્યું હતું, અને તેના નામ પરથી જસદણ નામ પડ્યું હતું. ત્રીજા મત પ્રમાણે હાલના જસદણને કુંભાર આગેવાને વસાવ્યું હતું અને એ પોતાના માણસો સાથે અહીં વસ્યા અને એમના



Wedding ceremony of Yuvraj Shri Shivrajsinhji of Jasdan. Seen in the picture is H.H. Shri Pratapsinhji Gayakwad of Baroda, at Pune 1952.

નામ જસા પરથી જસદણ નામ પડ્યું. જસા કુંભારની ખાંભી જસદણના દરબારગઢમાં પ્રવેશતા હજી જોવા મળે છે. આજે પણ કુંભાર કુટુંબો જસાબાપાના દર્શને આવે છે. એક અન્ય મત મુજબ જસદણનો આદ્યસ્થાપક જસા ખુમાણ છે. એના જસા નામ ઉપરથી જસધન અને જસદણ થયું હતું. જશો નામ કાઠીઓમાં સામાન્ય છે. જશો ખુમાણ કાઠી શાખાનો સરદાર હતો. થાન ચોટિલાથી સૌરાષ્ટ્રના અંદરના ભાગમાં કાઠી હોય, સત્તા મેળવવના પ્રયત્નો કર્યા. પંદરમી સદીના પ્રારંભે ખુમાણોએ આ પ્રદેશ જીતી લીધો. વર્તમાન જસદણ આ રીતે જોઈએ તો પંદરમી સદી દરમિયાન વસ્યું હોય તો લગભગ પાંચસો વરસ જેટલું જૂનું છે.

૧૬મી સદીના અંત ભાગમાં જૂનાગઢના નવાબના શાસન દરમિયાન અમીનખાને ચડાઈ કરી જસદણ જીતી લીધું અને તેણે જસદણને ગોરીગઢ કે ઘોરીગઢ એવું નામ આપ્યું. જોકે અમીનખાન ૧૫૯૦માં ગુજરી ગયા ત્યારબાદના શાસકોનો અંકુશ ઘટી ગયો. ૧૬૩૧માં ખેરડીના ખુમાણોએ જસદણ જીતી લઈને ફરીથી એને જસદણ નામ આપ્યું. ખેરડીના ખુમાણ સરધારના હિસ્સેદાર હતા તે લોમા ખુમાણ અને ભોકા ખુમાણના ભત્રીજા જસા ખુમાણ હતા. આ નગરના વસવાટ માટે પાંચ ટીંબા નક્કી કરાયા હતા. જસા ખુમાણનો ટીંબો, ડુંગરપુરનો ટીંબો, સાત ડેરીનો ટીંબો અને મૃત્યુંજય મહાદેવનો ટીંબો એમ પાંચ ટીંબા હતા. આ ટીંબામાં જસા કુંભારના ટીંબા પર આ ગામ વસ્યું હશે એમ મનાય છે.

કાઠી જાતિની ઉત્પત્તિ વિશે વિદ્વાનોમાં મતમતાંતરો છે. અંગ્રેજો અને વિદેશી જાતિ તરીકે ઓળખાવે છે. પણ પ્રા. પ્રદ્યુમન ખાચર લખે છે કે કાઠીઓનું મૂળ વિદેશી નથી અને તેઓ શક અથવા હૂણના વંશજો નથી. પણ ભારતના જ છે

કાઠી જાતિની ઉત્પત્તિ વિશે વિદ્વાનોમાં મતમતાંતરો છે. અંગ્રેજો અને વિદેશી જાતિ તરીકે ઓળખાવે છે. પણ પ્રા. પ્રદ્યુમન ખાચર લખે છે કે કાઠીઓનું મૂળ વિદેશી નથી અને તેઓ શક અથવા હૂણના વંશજો નથી. પણ ભારતના જ છે. પંજાબમાં આવેલી ચિનાબ અને જેલમ નદીઓથી બનેલા દોઆબ પ્રદેશમાં કાઠી જાતિ વસેલી હતી. તેનો આધારભૂત પુરાવો ગ્રીકના ભૂગોળશાસ્ત્રી સ્ટ્રેબોએ આપ્યો છે. ઇ.સ. પૂર્વે ૩૩૩ આસપાસ વાયવ્ય ભારતમાં અનેક નાનાં રાજ્યો હતાં. તેણે કાઠીઓના સમૂહને કઠગણ તરીકે ઓળખાવ્યો છે. તેનું મુખ્ય નગર સાંગાલા હતું. તે અત્યારના ગુરુદાસપુર જિલ્લામાં હોય તેમ માની શકાય. એક બીજો મત એવો છે કે કાઠીઓ મધ્ય એશિયામાંથી ખોરાસાન અને ત્યાંથી સિંધુ કાંઠે થોડો સમય વસી લાહોર થઈ સિંધમાંથી કચ્છ અને ત્યાંથી કાઠિયાવાડ આવ્યા. કાળુ બસીયા લખે છે કે કાઠીઓ મૂળ

કઠ પાંચાળના વતની હોવાથી અને નદીના કાંઠાળ પ્રદેશમાં વસવાટ કરતા હોવાથી અને સૂર્યની કઠોર ઉપાસના કરતા હોવાથી વેદની કઠ શાખના હોવાથી અને કઠોપનિષદને માનતા હોવાથી કાઠી કહેવાયા. શ્રી શંભુપ્રસાદ દેસાઈ કાઠીઓને સિંથીયાના સિંથીયનો ગણે છે.

કર્નલ ટોડે ૩૬ રાજવંશની જે નામાવલિ આપી છે તેમાં ૧૬માં રાજવંશનું નામ કટ્ટી છે.

મૂળ કાઠી ક્ષત્રિયોની આઠ પેટા શાખાઓ હતી. તેરમી સદી પછી કાઠીઓમાં બે વિભાગ પડી ગયા. શાખાયત અને અવરતિયા. શાકાયતમાં ખાચર, ખુમાણ, વાળા, લાલુ અને અન્યોને ગણવામાં આવે છે. જ્યારે અવરતિયામાં અનેક શાખાઓ છે તેની સાથે જ શાખાયતોના લગ્નસંબંધ બંધાય છે. જેમાં ધાધલ, ગીડા, બસીયા, જેબલીયા, વીંછિયા, ખવડ, વાંક, વરુ વગેરે રાજપૂતોમાંથી કાઠીમાં ભળી હવે કાઠી થઈ ગયા છે. આ બધાના સમૂહનો એક આખો કાઠી સમાજ તૈયાર થયો છે અને તેઓ આજસુધી કાઠિયાવાડમાં વસેલા છે. વાળામાં ૩૫ જેટલી પેટા શાખાઓ છે. અને ખાચરમાં ૨૮ જેટલી પેટા શાખાઓ છે. તેમજ ખુમાણમાં ૨૩ જેટલી પેટા શાખાઓ છે.

કાઠી સંસ્થાનોમાં સૌથી મોટું રાજ્ય સ્થાપનાર તરીકે વીકા ખાચરનું નામ મહત્ત્વનું છે. તેમનો સમયગાળો ૧૬૬૫ થી ૧૬૮૫નો હતો તેમને ખેતો, સેલાર અને આલો એમ ત્રણ દીકરા હતા. વીકા ખાચર બોટાદ નજીક અલઉ ગામમાં રહેતા હતા

જસદણ રાજ્ય

જસદણ રાજ્ય પશ્ચિમ ભારતની સ્ટેટ એજન્સીના કાઠિયાવાડ પ્રાંતના મધ્યમાં આવેલું છે. કાઠી રાજ્યોમાં સૌથી મોટું અને અગ્રેસર ગણાય છે. તેના રાજકર્તા કાઠી ક્ષત્રિયોના ખાચર દરબાર તરીકે ઓળખાય છે. ખાચર કેટલોક સમય વાળા અને ખુમાણ સાથે થાનમાં રહ્યા પછી ખાચર દરબારોએ ઈ.સ. ૧૪૦૦માં થાનમાં વસાહત સ્થાપી અને પછી ચોટિલા આવ્યા અને ત્યાંથી આખા પાંચાળમાં ફેલાઈ ગયા.

કાઠી સંસ્થાનોમાં સૌથી મોટું રાજ્ય સ્થાપનાર તરીકે વીકા ખાચરનું નામ મહત્ત્વનું છે. તેમનો સમયગાળો ૧૬૬૫ થી ૧૬૮૫નો હતો તેમને ખેતો, સેલાર અને આલો એમ ત્રણ દીકરા હતા. વીકા ખાચર બોટાદ નજીક અલઉ ગામમાં રહેતા હતા. તેઓએ સિંધમાં આવેલા પવિત્ર યાત્રાધામ હિંગળાજની જાત્રા કરવા ઘોડેસવારી કરી અને કચ્છના રણમાંથી પસાર થયા. હિંગળાજ પહોંચીને હિંગળાજની પૂજા કરી. હિંગળાજ માતાએ વીકા ખાચરને સૈન્ય એકઠું કરી કાઠિયાવાડ જીતી લેવા કહ્યું એવી લોકવાયકા છે, તે સમયે જસદણ ઉપર ખુમાણ કાઠીઓનું રાજ હતું, જે તેઓએ ધીરીને હરાવીને મેળવ્યું હતું. વીકા ખાચરે ખુમાણોને હરાવીને ૧૬૬૫માં જસદણ ઉપર પોતાની સત્તા સ્થાપી અને ડુંટર ઉપર એક કિલ્લો બનાવ્યો. હિંગળાજ માતાજીના નામ ઉપરથી તેનું નામ હિંગોળગઢ રાખ્યું. વીકા ખાચરે જસદણ ઉપર ૨૦ વરસ રાજ કર્યું. વીકા ખાચર પરાક્રમી અને સ્વાભિમાની હતા. શાખાયત ખુમાણો સાથે લડાઈ કરીને તેણે જસદણ જીતી લીધું અને લાખાણી ખાચર શાસનની સ્થાપના કરી. તેઓ કલાપ્રેમી અને પશુપ્રેમી હતા. ૧૬૮૫ થી ૧૭૫૦ સુધીનો સમયગાળો આંતરિક સંઘર્ષનો હતો. આ સમયગાળા દરમિયાન કોઈ મહત્ત્વનો બનાવ બન્યો નથી.

વીકા ખાચરના નાના દીકરા આલા ખાચરના ભાઈ. ઓઢા ખાચરના દીકરા વાજસુર ખાચર હિંગોળગઢ પાસે ભોંયરામાં રાજ કરતા હતા તે બહાદુર અને પ્રતાપી હતા. તેને જસદણની રાજગાદી સોંપવામાં આવી. ૧૬૮૫માં વીકા ખાચરનું અવસાન થતાં એનો બીજો દીકરો માણસિયો ખાચર ગાદીએ બેઠો. ખુમાણ સાથેની લડાઈમાં મરણ થતાં એ નિસંતાન હોવાથી એનો નાનો ભાઈ ચેલો ખાચર ગાદીએ આવ્યો એના પછી પુત્ર ઓઢા ખાચર અને એના પછી ૧૭૫૦ની આસપાસ વાજસુર ખાચર ગાદીએ આવ્યા. ત્યારે વાજસુર ખાચર ઉંમરમાં નાના હતા તેથી તેના કાકા જેઠસુર ખાચર તેના વતી રાજ કરતા હતા.

૧૮મી સદીના ઉત્તરાર્ધમાં કાઠિયાવાડમાં અંધાધૂંધી હતી. મરાઠાઓના લશ્કરો અવારનવાર ખંડણી માટે ચડાઈ કરતા. સૌરાષ્ટ્રના રાજાઓ આ ખંડણી ભરવા પોતાની પ્રજા પાસેથી કમરતોડ કરવેરા ઉઘરાવતા. આંતરિક અશાંતિ અને અવ્યવસ્થાને કારણે સૌરાષ્ટ્રની પ્રગતિ રુંધાઈ ગઈ. ૧૮મી સદીમાં કાઠીઓને સૌરાષ્ટ્રનાં અન્ય રાજ્યો સાથે સંઘર્ષ થયા અને સહન કરવું પડ્યું. ૧૮૦૭માં વોકર કરાર થયા પછી એનો અંત આવ્યો.

વાજસુર ખાચરે સત્તા ઉપર આવતાં જ રાજ્યનો વિસ્તાર વધાર્યો. જેઠસુર ખાચર લીંબડી તથા આસપાસના રાજપૂત જમીનદારો પાસેથી તેઓનું રક્ષણ કરવાના બદલામાં પાળ ઉઘરાવતો. લીંબડી ઠાકોર હરભમજીએ પાળ આપવાની ના પાડતા એની સાથે અવારનવાર યુદ્ધ થતું. આવા એક ધીંગાણામાં જેઠસુર ખાચરનું મોત થતાં એનો ભત્રીજો વાજસુર ગાદીએ બેઠો.

વાજસુર ખાચરના સમયમાં એક મહત્ત્વનો બનાવ બન્યો. કાઠીઓના રાજ્યો અને સત્તા જોખમમાં મૂકાતા તેમણે જીવનમરણનો ખેલ ખેલ્યો. કુંડલાના ખુમાણ અને

ભાવનગર વચ્ચે ગરાસ બાબતે ચાલતા ઝઘડાના અનુસંધાને ૧૭૯૨-૯૩માં કુંડલાના ખુમાણોએ જેતપુર, જસદણ, ચિત્તલ વગેરે શાસકોને ચિત્તલમાં એકઠા કર્યા. જસદણના વાજસુર ખાચર, ચિત્તલના કુંપાવાળા અને જેતપુરના વીરા વાળા જેવા શક્તિશાળી સરદારોનો સંઘ રચાયો અને ભાવનગરનો સંયુક્ત મુકાબલો કરવાની તૈયારી થઈ. બીજી બાજુ બોટાદ અને ગઢડાના ગોદડકા અને ગુંદાળાના મોકાણી, પાળીયાદના ઠેબાણી અને ચોટિલાના રામાણી શાખના ખાચરોને એકઠા કરીને બારસો સવારોની ટોળી તૈયાર થઈ. વાળા, ખાચર, ખુમાણ અને બસીયાનું થઈને ત્રીસ હજારનું લશ્કર ભાવનગર ઉપર ત્રાટકવા તૈયાર થયું. ભાવનગરને સમાચાર મળી ગયા અને તેણે પણ તૈયારી કરવા માંડી. તેણે લાઠીના ગોહિલ લાખાજી ઉપરાંત પોતાના ભાયા મેઘરાજજી તથા દેવાણી, વાછાણી, ગોવિંદાણી, વનાણી, વિરાણી, ગોધારી તથા આલરબારી વગેરેને બોલાવ્યા. પાંત્રીસ હજાર સૈનિકોની જમાવટથી વખતસિંહજીએ ચિત્તલ ઉપર કૂચ કરી. કૂંપાવાળાએ ભાવનગરની ફોજ આવી કે તુરત જ તોપમારો ચાલુ કર્યો. ત્રણ દિવસ લડાઈ ચાલ્યા બાદ વખતસિંહજીના ધ્યાનમાં આવ્યું કે ચિત્તલમાં જુદા જુદા પંથના કાઠીઓ ભળેલા છે. આપણે લડાઈ બંધ રાખશું તો થોડા દિવસમાં અકળાઈને ચાલ્યા જશે. આથી તેણે લડાઈ બંધ રાખવાનો હુકમ કર્યો. કાઠીઓએ પણ તોપ ચલાવવાનું બંધ કર્યું. દોઢ મહિનો વગર લડાઈએ ફોજ બેઠી રહી. વખતસિંહજીના કેટલાક સૈનિકોએ ચિત્તલના કિલ્લામાં જાનના જોખમે પ્રવેશી તોપના નાકામાં ખીલ્લા ધરબીને તોપોને નકામી કરી નાંખી. નજીકમાંથી એક ચારણ માલ લાદેલો બળદ લઈ જાતો તેણે લાકડી મારીને કહ્યું કે વખતસિંહજીની જેમ લળ થઈને બેઠો છે શું? વખતસિંહજીએ આ કાનોકાન સાંભળ્યું અને અમલ કરવાનો હુકમ કર્યો કે ચિત્તલમાં હુમલો કરીને દાખલ થઈ જાવ. લૂંટનો માલ જે મળશે તેમાંથી દરબાર કાંઈપણ નહીં લે. હુકમની સાથે જ સૈનિકોએ તોપનો મારો ચલાવ્યો. સામેથી કોઈ તોપ ફૂટી જ નહીં. આથી ફોજ તલવારો સાથે યુદ્ધે ચડ્યા. ત્રણ કલાકની લડાઈ પછી વખતસિંહજીએ ચિત્તલ કબ્જે કરી લીધું. વસતી નાસી ગઈ હતી તેથી લશ્કરે લૂંટી શકાય તે તમામ ચીજવસ્તુઓ લૂંટી લીધી. આમ કાઠીઓ વ્યક્તિગત લડાઈમાં ખૂબ શૂરવીર હતા. પરંતુ તેમની પાસે તાલીમ પામેલું તોપદળ કે પૂરતી બંદૂકો નહોતી. તેમજ તેઓ ખુલ્લા મેદાનની હાથોહાથની લડાઈમાં હોંશિયાર હતા, પણ એમને એવી તક ન મળી. વખતસિંહજીએ કરેલા અણધાર્યા આક્રમણને લીધે કાઠીઓ પૂરું આયોજન કરી શક્યા નહીં. આમ ચિત્તલની લડાઈ સૌરાષ્ટ્રની ૧૮મી સદીના અંતમાં લડાયેલી સૌથી મોટી લડાઈ બની ગઈ. એના ચિત્રો સિહોરના રાજગઢમાં જોવા મળે છે. એમાંથી કહેવત પડી. ''ચિત્તલમાંથી પીતળ નીકળ્યું, અમરેલી તો રેલી'' અહીંયા સૌ પ્રથમ કાઠી અને ગોહિલોએ સંપીને એકબીજાનો મુકાબલો કર્યો પણ એમાં ગોહિલો ફાવી ગયા. વખતસિંહજીએ એ પછી જસદણ પર ચડાઈ કરી અને ત્યાંનો કિલ્લો તોડી નાંખ્યો. વાજસુર ખાચરે હિંગોળગઢના કિલ્લામાંથી વળતો પ્રહાર કર્યો પણ ભાવનગરના તોપદળ સામે એ પણ ટકી શક્યો નહીં. જસદણના માલને જકાત વિના ભાવનગરમાં લઈ જવા દેતા હતા. એ હક્ક બંધ થયો. અંતે કાઠીઓ સાથે કાયમી દુશ્મની રાખવામાં ફાયદો નથી એમ વિચારીને ૯૭-૯૮માં વખતસિંહજીએ વાજસુર સાથે સમાધાન કર્યું અને જસદણ ફરીથી સોંપી દીધું.

''ચિત્તલમાંથી પીતળ નીકળ્યું, અમરેલી તો રેલી'' અહીંયા સૌ પ્રથમ કાઠી અને ગોહિલોએ સંપીને એકબીજાનો મુકાબલો કર્યો પણ એમાં ગોહિલો ફાવી ગયા. વખતસિંહજીએ એ પછી જસદણ પર ચડાઈ કરી અને ત્યાંનો કિલ્લો તોડી નાંખ્યો

૧૮મી સદીના અંતમાં સૌરાષ્ટ્રની પરિસ્થિતિ એકદમ અંધાધૂંધી ભરી હતી. રાજાઓ ખેડૂતો પાસેથી મનફાવે તેમ કર વસૂલતા. રાજાઓ વચ્ચે એકતાને સ્થાને અવિશ્વાસ હતો. મોગલો પછી મરાઠાઓએ પણ સૌરાષ્ટ્રમાંથી ખંડણીઓ ઉઘરાવવા કાયમી લશ્કર રાખવાને બદલે દર વરસે લશ્કર સાથે આવવાની 'મુલકગીરી' નીતિ અપનાવી. કર્નલ વોકરના કહેવા મુજબ ''કાઠિયાવાડ એક કાળે કોઈને પણ અદેખાઈ થાય એવી સુધરેલી અને આબાદ હાલતમાં હતું. હાલ તે અજ્ઞાત, જંગલી અને વિરાન હાલતમાં આવી પડ્યું છે.''

૧૮૦૨માં વસઈના કરાર થતાં બ્રિટિશરો ગુજરાતમાં સર્વોપરી બની ગયા. કંપનીનો પગપેસારો ગાયકવાડના સાથી તરીકે થયો. વડોદરાનો ખજાનો ખાલી થઈ ગયો હોવાથી સૌરાષ્ટ્ર સિવાય ક્યાંયથી નાણાં મળે એમ નહોતાં. ૧૮૦૩માં ફતેહસિંહ ગાયકવાડ અને તેના સેનાપતિએ ધાક બેસાડી ત્રણ ગણી ખંડણી વસૂલ કરી. સૌરાષ્ટ્રના રાજ્યોએ ૧૮૦૩માં કર્નલ વોકરને રક્ષણ આપવાની વિનંતી કરી. ૧૮૦૭માં ગાયકવાડ તરફથી વિઠ્ઠલરાવ સૌરાષ્ટ્રમાં આવ્યા તેમની સાથે કર્નલ વોકર પણ હતા. તેમણે રાજાઓને પત્રો લખી મોરબી પાસે હુટુ ગામે મળવા બોલાવ્યા. અંતે ૧૫-૫-૧૮૦૮ના રોજ સૌરાષ્ટ્રના ૧૫૩ રાજાઓ સાથે ખંડણી

અંગેના કરાર થયા તે વોકર કરાર તરીકે ઓળખાયા.

વાજસુર ખાચરના અવસાન બાદ તેમના એકમાત્ર પુત્ર ચેલા ખાચર ગાદીએ આવ્યા. તેઓ પણ પિતાની જેમ જ શૂરવીર હતા. ૧૮૦૭થી ૧૯૪૭ સુધીનો સમય સૌરાષ્ટ્રના ઈતિહાસમાં આધુનિક યુગની શરૂઆત કહી શકાય. એનો પ્રારંભ ચેલા ખાચરથી થયો. બીજીબાજુ આ સમયગાળામાં સૌરાષ્ટ્રમાં બહારવટિયાઓનો ઉપદ્રવ વધી ગયો. આ બહારવટિયાઓ ગામના ગામ લૂંટતા અને બાળતા. કોઈવાર તો ગાય, ભેંસ કે સ્ત્રી જેવી નજીવી વાતમાં બહારવટે નીકળી પડતાં. પોર્ટુગીઝોનું વર્ચસ્વ ઘટતું ગયું અને બ્રિટિશરોનું વધતું ગયું.

ઈ.સ. ૧૮૧૦થી ૧૮૫૧ સુધી ૪૧ વરસ ચેલા ખાચરનું શાસન રહ્યું. ૨૭ ઓકટોબર ૧૮૫૧ના રોજ એમનું અવસાન થયું.

આલા ખાચર

ભારતમાં સૌથી શ્રેષ્ઠ શાસક તરીકે મૂકી શકાય તેવા આલા ખાચરનો જન્મ ૩૦-૪-૧૮૩૧ના રોજ થયો. રાજ્યનું શાસન ૨૫-૧૧-૧૮૫૧ના રોજ ૨૦ વરસની ઉંમરે સંભાળ્યું. તેમને ચાર રાણીઓ હતી અને ચાર પુત્રો હતા અને છ પુત્રીઓ હતી. બાવન વરસ સુધી એકધારું શાસન કરીને જસદણને સમૃદ્ધ બનાવ્યું. ૧૮૨૦માં દેશી રાજ્યોનો જે વહીવટ હતો તેમાં એજન્સી આવતા ઘણો સુધારો થયો. રાજાઓ પણ રાજકુમાર કોલેજમાં ભણી યુરોપિયન સભ્યતા અને સંસ્કૃતિથી પરિચિત થયા. તેઓએ ભારતનો અને પરદેશનો પ્રવાસ કર્યો. આલાખાચર સંજોગો અનુસાર વર્તનાર એક બાહોશ અને મુત્સદ્દી રાજા હતા. તેમના શાસનમાં બહારથી ઘણા લોકો આવીને વસ્યા હતા. પોતે અશિક્ષિત હોવા છતાં બીજા પાસે રોજ ડાયરી લખાવતા. એમણે પોતાના શાસનમાં લોકહિતનાં અનેક કાર્યો કર્યાં. અનેક સુશોભિત મકાનો બંધાવ્યાં. હિંગોળગઢ ઉપર પણ મકાન અને જેલ બંધાવ્યાં. ૧૮૭૦માં બે ચીમનીવાળાં રસોડાં કર્યાં. વીંછિયા ફરતો કિલ્લો બંધાવ્યો. નદીકાંઠે એક મોટી ધર્મશાળા અને ટાવર બંધાવ્યું. આટકોટ તથા બાબરામાં રાજ ઉતારા બંધાવ્યા. જસદણમાં સૌપ્રથમ દવાખાનું અને પોસ્ટઓફિસ બંધાવી. તથા પ્રથમ વખત નિયમિત અદાલતની સ્થાપના કરી. એમના મજબૂત બંદોબસ્તથી જસદણની સરહદ ઉપર લૂંટફાટ થતી નહીં. ૧૮૬૫માં એક નિશાળ સ્થાપી. રાજકુમાર કોલેજના પ્રિન્સિપાલ મેકનાટનના કહેવાથી કુમાર માણસુર ખાચરને ભણવા ઈંગ્લેન્ડ મોકલ્યા. એ સમયે દરબારોએ ટીકા કરી છતાં વિરોધ વચ્ચે મોકલ્યા. ગાંધીજી ત્યારે ઈંગ્લેન્ડ હતા અને અવારનવાર માણસુર ખાચરને મળતા.

૧૯૦૦માં અનાવૃષ્ટિને લીધે સમગ્ર ભારતમાં દુકાળ પડ્યો ત્યારે બાખલવડ ખાતે નદી પર બંધ બંધાવ્યો. બે વરસમાં કામ પૂરું કરાવ્યું. ૧૯૦૧માં એનું ઉદ્‌ઘાટન કર્નલ જે.એમ.હંટરના હાથે થયું.

૧૯૦૦માં અનાવૃષ્ટિને લીધે સમગ્ર ભારતમાં દુકાળ પડ્યો ત્યારે બાખલવડ ખાતે નદી પર બંધ બંધાવ્યો. બે વરસમાં કામ પૂરું કરાવ્યું. ૧૯૦૧માં એનું ઉદ્‌ઘાટન કર્નલ જે.એમ.હંટરના હાથે થયું

આલા ખાચરે બીજા અનેક સુધારા પણ કરાવ્યા. આલા ખાચરે કણબીઓને બીજા રજવાડામાંથી લઈ આવીને પોતાના રાજમાં વસાવ્યા. એમની જમીન વાવતા કણબીઓની અટક પણ ખાચરિયા પડી ગઈ. આ અટકવાળા પટેલો આજે પણ જેતપુર અને ચોકીમાં જોવા મળે છે. તેઓ પશુપ્રેમી પણ હતા. તેમની પાસે મૌલા બક્ષ નામનો એક હાથી તેમ માકડા નામનો સિંહ અને એક બળદ પણ હતા. જસદણથી હિંગોળગઢ જતાં ઘોડાગાડીમાં એક બાજુ મુંજડો અને બીજી બાજુ ઘોડો બાંધતાં.

આલા ખાચરના રાજમાં શરૂઆતમાં જ એકલિયો નામે એક બહારવટિયો હતો તે એકલો રહીને જ બહારવટિયું ખેલતો તેથી એકલિયો કહેવાયો. જાતે ચારણ હતો અને ભાડલાનો હતો, તેની પાસે એક ઘોડી હતી એક દિવસ એને નવડાવતો હતો ત્યાં દરબારીઓ આવ્યા અને એની સાથે બોલાચાલી થઈ. આલા ખાચરે એને પકડીને ત્રણ મહિનાની કેદ કરી. કમળાપુરમાં એક પટેલની ઘોડી હતી એકલિયો એ લેવા ગયો. ચડી જોઉં એમ કહીને સામાન બાંધીને તૈયારી કરી પછી મૂકી જતાં કહેતો ગયો કે આલા ખાચરને કહેજો પૈસા ચૂકવી દે. એક વખત ધીંગાણામાં એ માર્યો ગયો.

આમ આલા ખાચર શાંત અને મિલનસાર હતા. ૭૨ વરસની ઉંમરે ૧૯૦૪માં એમનું અવસાન થયું. તેમના પછી ઓઢા ખાચર ગાદીએ બેઠો.

જસદણ રાજ્યના છેલ્લા રાજવી એટલે કે આઝાદી પહેલાના રાજવી. આલા ખાચર બીજા હતા. તેઓ આધુનિક જસદણના નિર્માતા હતા. તેમનો જન્મ ૧૪-૧૧-૧૯૦૫ના રોજ થયો હતો. તેઓએ પ્રજાની સાથે જ ગુજરાતી શાળામાં શિક્ષણ લીધું હતું. તેમના પિતા વાજસુર ખાચર બીજાનું ૧૯૧૯માં અવસાન થયું ત્યારે તેઓ સગીર વયના હોવાથી એજન્સીએ તેમના માતુશ્રી કમરીબાને સુકાન સોંપ્યું હતું. આલા ખાચર બીજાએ ઉચ્ચશિક્ષણ રાજકુમાર કોલેજમાં લઈ યુરોપનો પ્રવાસ કર્યો હતો. જીનીવા ખાતે લીગ ઓફ નેશન્સની

બેઠકમાં ભાગ લીધો હતો. પેરિસમાં ગાયકવાડની મુલાકાત દરમ્યાન અમરેલીના મૂળ ગરાસિયાઓના ગરાસ બાબતે મુશ્કેલીઓથી તેમને માહિતગાર કર્યા હતા. એમનાં લગ્ન ભાવનગર રાજ્યના બાઢડા ગામના જેબલભાઈ નાગભાઈની પુત્રી કમળાબા સાથે થયા હતા. તેમના રાજ્યાભિષેકના બીજા જ દિવસે એટલે કે ૧-૧૨-૧૯૨૪ના રોજ થયા, જેમાં ભાવનગરના દિવાન પ્રભાશંકર પટ્ટણી તેમજ ભાવનગરના રાજવી કૃષ્ણકુમાર તથા પાલીતાણાના રાજવીએ હાજરી આપી હતી. તેમના બીજાં લગ્ન જુબલના કુંવરી માધવી દેવી સાથે થયાં. તેમના યુવરાજ શિવરાજકુમારે વડોદરાના મહારાજા પ્રતાપસિંહજીનાં કુંવરી પ્રેમીલાબા સાથે લગ્ન કર્યાં. તેમના યુવરાજ એટલે કે હાલના દરબાર સત્યજીતસિંહે વડોદરાના ગાયકવાડ રણજીતસિંહજીનાં કુંવરી અલૌકિકા રાજે સાથે લગ્ન કર્યાં.

આલા ખાચર મળતાવડા અને મિલનસાર હતા. સૌરાષ્ટ્ર અને ગુજરાતના મોટાભાગના રાજવીઓ સાથે તેમના મૈત્રી ભર્યા સંબંધ હતા. મોરબી, પાલીતાણા, થાણા દેવડી, ભાવનગર, બિલખા, ગોંડલ, ધરમપુર, કપૂરથલ્લા, પતિયાલા, રામપૂર જેવા દૂરનાં રાજ્યો ઉપરાંત પોરબંદર, જામનગર, વાંકાનેર, મૂળી, સાળંગ, વઢવાણ, સંતરામપુર, જેતપુર, લીંબડી વગેરે રાજ્યો સાથે તેમને મૈત્રી હતી. રાજ્યાભિષેક સમયે તેમણે અનેક સખાવતો જાહેર કરેલી.

આલા ખાચરના શાસનમાં જસદણનો વિકાસ થયો. અગાઉ બજારો એટલી બધી સાંકડી હતી કે સામસામા વાહનો ચાલી જ ન શકે. એમણે રસ્તા ૨૦ ફૂટ પહોળા કરાવ્યા અને વચ્ચેની દુકાનની દીવાલો વાંકીચૂકી ન હોય એનું ધ્યાન રાખ્યું

જસદણ શહેરમાં પુસ્તકાલય ખોલ્યું. દારૂબંધીના કાયદા વધુ કડક બનાવ્યા. રાજ્યની હદમાં સારી ઓલાદના પશુઓનું પ્રદર્શન દર વરસે ભરવાનું શરૂ કર્યું. જસદણને એક નમૂનેદાર રાજ્ય બનાવવામાં તેમણે ધ્યાન આપ્યું. દરેક ગામમાં પાણી માટે કૂવો બનાવ્યો. ઈલેક્ટ્રિકની સગવડ પૂરી પાડવા પાવરહાઉસની સ્થાપના કરી.

૧૯૨૯માં એપ્રિલ મહિનામાં સૌરાષ્ટ્રના કાઠી જ્ઞાતિના તમામ આગેવાનોને બોલાવી એક વિશાળ સંમેલન ભર્યું. વડિયા દરબાર બાવાવાળાને પ્રમુખ પદે ચૂંટાયા, તેમ અડાણા દરબાર વાજસુરવાળાએ સંચાલન કર્યું. આ કોન્ફરન્સમાં સામાજિક સુધારા અંગેના ઠરાવ કરવામાં આવ્યા.

આલા ખાચરના શાસનમાં જસદણનો વિકાસ થયો. અગાઉ બજારો એટલી બધી સાંકડી હતી કે સામસામા વાહનો ચાલી જ ન શકે. એમણે રસ્તા ૨૦ ફૂટ પહોળા કરાવ્યા અને વચ્ચેની દુકાનની દીવાલો વાંકીચૂકી ન હોય એનું ધ્યાન રાખ્યું. એમના શાસનને બ્રિટિશ સરકાર તરફથી ત્રીજા વર્ગમાંથી બીજા વર્ગનો દરજ્જો મળ્યો. એ પ્રસંગે ભવ્ય દરબાર ભરાયો. જસદણ અને વીંછિયાના મહાજનો તરફથી એમને માનપત્ર અપાયું.

આલા ખાચરના જમાનામાં જસદણ રાજ્યનાં કેટલાંક ગામોનાં જૂનાં નામ બદલીને નવાં નામ આપવામાં આવ્યાં. દા.ત. ગળિયાણાનું નામ આલા ખાચરના કુંવરીલીલાબાના નામ પરથી લીલાપુર થયું. મોટી અણીયાળીનું નામ રાણી કમળાબા પરથી કમળાપુર થયું. નાની અણીયાળીનું નામ કુંવર શિવરાજકુમાર પરથી શિવરાજપૂર થયું. રાણી માધવીબાના નામ પરથી માધવીપુર નામનું નવું ગામ વસ્યું. ભાઈ પ્રતાપભાઈના નામે પરથી નવાગામનું પ્રતાપપુરા થઈ ગયું. સાલવવાનું નામ નાનાભાઈ અમરા ખાચરના નામ પરથી અમરાપુર થઈ ગયું.

આલા ખાચરનું અવસાન ૧૦-૪-૧૯૭૩ના રોજ ૬૮ વરસની ઉંમરે થયું. તેને દોઢ લાખનું સાલિયાણું મળતું હતું.જસદણમાં કુલ ૫૬ ગામ હતા. આઝાદી વખતે જસદણ પણ ભારતનો એક ભાગ હતો.

આલા ખાચરના પાટવી કુંવર શિવરાજકુમારનો જન્મ ૧૯૩૦માં થયો હતો. તેઓ રાજકુમાર કોલેજમાં ભણ્યાં. પક્ષીઓ અને વન્યજીવનના તેમના શોખને કારણે તેમનું નામ વિખ્યાત પક્ષીવિદ્ સલીમ અલી પછી લેવાય છે. ૧૯૬૭ અને ૭૫માં તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા. હાલના રાજવી સત્યજીત ખાચરનો જન્મ ૪-૧૧-૧૯૬૧માં થયો. તેમને સંતાનમાં રવિરાજકુમાર અને શિવરાજકુમાર એમ બે દીકરા છે. તેઓ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે સક્રિયપણે જોડાયેલા છે. જસદણ તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખપદે સેવા આપે છે.

૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,
'આશિયાના' રાજકોટ-૩૬૦૦૦૭
મો. ૯૯૧૩૫૫૨૬૦૯



દુહો અમાણા દેશનો

- *શિવદાન ગઢવી*

દુહો એટલે અમારા મતે ભર અષાઢમાં આભે ગર્જના કરતાં વાદળ દળના ઘોર ગંભીર અવાજને સાંભળીને વૃક્ષ ઘટાઓમાંથી ગહેકતાં મયૂર જેવા મીઠા શબ્દો, વાદળદળમાંથી તલવારની ધારની જેમ ઝબૂકતી વીજળી જેવો પ્રકાશ પાથરતી વાણી, પહાડોમાં પડછંદા પાડતો કેકા ધ્વનિ જેવો રણકાર, જેના શબ્દો શ્રોતાઓના ચિત્તને ચરરર. વીંધે તો દુહો સમજવો. સાગર જ્યારે ગડહડે તેમાંથી ઉત્પન્ન થતાં મોજાં વખતે જે ધ્વનિ સંભળાય એવો ઘુઘવાટો કરતો, ટૂંકો માત્રામેળ છંદ એટલે દુહો. માનવીમાં રહેલ ખમીર, નેક, ટેક, શૌર્યને ખમકારા કરી રણ સંગ્રામમાં શસ્ત્રો ધારણ કરવા પ્રેરે તેવી વીરવાણી એટલે દુહો.

સંસ્કૃત શ્લોકની ટૂંકી પંક્તિઓની જેમ જે કાવ્યમાં અવર્ણનીય બળ ભરેલું છે તેવું બળ સાહિત્યના સોનેટ સિવાય અન્ય પ્રકારોમાં ઓછું જોવા મળશે. દુહાએ તો માનવહૃદયના તારને ઝણઝણાવ્યા છે, વિયોગી અને પ્રણયભીના માનવીઓની વેદના અને વ્હાલપને વાચા આપી છે, અઝાઝુડ જંગલમાંથી સૂસવાતા વાયરાના ગૂઢા સૂર જેવા શબ્દો સંભળાય ત્યારે માની લેવું કે, એ દુહો છે. જેના શબ્દો સાંભળતાં મેદની સામા હોકારા દેતી, ભૂપતિઓ ડોલી ઊઠતા, માનવીના અંતરમનના સુવર્ણનો એ પૈહાર છે.

સમાજ જીવનના વણખેડાયેલા પ્રદેશમાં એ વિહર્યો છે. નીતિમત્તાના એણે નૈવેધ ચડાવ્યાં છે. દિલની વાતો ટૂંકા વેણથી કહી છે. ઝાવાં મારતા મનને ટાઢક આપી છે. જગનિયંતા કે ભૂપતિઓને માનવ સમુદાયની વેદનાઓ સંભળાવી છે, એટલું જ નહિ ઠપકાય દીધા ! અનીતિનો ઉંબરો ઓળંગનાર અને અહંકારમાં રાચનારને છબોડવામાંય દુહો ઊણો ઊતર્યો નથી. એમનાં ચિત્ત ખળભળાવ્યાં છે. એમાં સત્યનો રણકાર છે. યુદ્ધ મેદાનનો એ દુદુંભિ છે.

જૂની રાજસ્થાની, ઉત્તરકાલીન અપભ્રંશની સીધી વારસદાર એટલે લોકબોલીની ડિંગળ ભાષા. આ ભાષાને વિકસાવી રાજદરબારે આદર અપાવ્યાનો શ્રેય ચારણોને જાય છે. (જુઓ રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય પાન-૨૪ લેખક : મોતીલાલ મેનારિયા) તે પછી ચારણી સાહિત્યના પર્યાય સમી બની છે. કાવ્યના અન્ય પ્રકારોમાં દુહો મુખ્ય વાહક હતો.



રજવાડામાં દરેક રાજ્યમાં મહદ્ અંશે એક રાજકવિ હતા. અન્ય ચારણોનો વ્યવસાય તો પશુપાલન, ખેતી અને તેને સંબંધિત પ્રાણીઓનો વેપાર. દુહો એવા ચારણોના નેસમાં, ગામડાના ચોરામાં ફંગોળાયો. રાજદ્વારી ચારણોએ સંસ્કૃત ભાષાની બોલબાલા સામે લોકબોલીની ડિંગળ વિકસાવતાં સંસ્કૃત ભાષાના પાયા હચમચ્યા ! ગ્રામ કે નેસ નિવાસી ચારણે આત્માના આનંદ માટે દુહાનાં દ્વાર ખોલ્યાં. માનવજીવનનાં અનેક પ્રદેશોનાં એણે પાણી પીધાં અને જીવંત રહ્યો, જાગતો રહ્યો, ઐતિહાસિક અજવાળાં પાથર્યાં, બુલંદ કંઠથી એ ગવાય છે ત્યારે એના શબ્દો સીમાડા ઓળંગીને સંભળાય છે. ગામના ચોરામાંથી, રાજદરબારેથી તે શહેરોમાં ગાજ્યો. આ ટાણે આપણએ યાદ કરીએ જસદણ તાલુકા મથકેથી ૧૨ કિ.મિ. જેટલા અંતરે બેઠેલા લાલકા ગામના તદ્દન અભણ માલધારી ચારણ પાલરવભાને. (જન્મ સંભવતઃ ઈ.સ. ૧૮૬૦, અવસાન ઈ.સ. ૧૯૪૦)

આ પાલરવભાનો એક જ દુહો જ્યારે વિશ્વના દેશોમાં વસતા કાઠિયાવાડના માનવીઓના કાને સંભળાય છે, ત્યારે એમની છાતી ગજ ગજ ફૂલે છે. લાંબા સમય સુધી તાળીઓના ગડગડાટ એની ગવાહી આપે છે. વિશ્વવંદ્ય સંત પૂ. મોરારિબાપુએ ચારણી સાહિત્યને પાંખો આપી, એના ગાયકો, ચારણી સાહિત્યકારો વગેરેને વિદેશમાં રામકથા ટાણે સાથે લઈ જઈ જંગી મોકળાશ આપી તેથી તો દુહો વિશ્વમાં વિહરી રહ્યો છે. એનો અને સપાખરા છંદનો ડંકો વાગ્યો.

ચારણી સાહિત્ય, લોકસાહિત્યને ભારે આદર આપી એમાં રહેલી ઝગારા મારતી મોતી જેવી ઘટનાઓ, શબ્દોને ગુજરાતી સાહિત્યકારો સમક્ષ રજૂ કરવાનો પ્રારંભિક શ્રેય તો મેઘાણીજીને જ આપવો ઘટે છે. એમણે એમની નોંધપોથીમાં ટાંક્યું છે 'એક એક દુહાનો અર્થ પારખવા પાછળ મેં કળશીઓ આંસુ પાડ્યાં છે' આ આંસુ તો હીરાની પરખ કરનારનાં હતાં.

હજુ હમણાં જ આપણી વચ્ચે સરગાપરની વાટ્યે હાલી નીકળેલા કવિ 'દાનઅલગારી'ના (મૂળ નામ તો તખતદાન અને શાખા રોહડિયા, મૂળ ગામ મોરબી તાલુકાનું વાવડી, પિતા કાળુભાઈ, માતા કરણીબા, જન્મ તા. ૧૮-૧૨-૧૯૩૬, અવસાન તા. ૭-૧-૨૦૧૭) એક ગ્રંથમાં 'દુહો દશમો વેદ'ની પ્રસ્તાવનામાં લખેલા આ શબ્દોમાં દુહાનું મૂલ્ય સમજી શકાશે.

'દુહો તો છે પરણેતરના ઘુઘરિયાળા પાનેતર જેવો, શુરવીરના હાથમાં શોભતી તેજીલી તરવાર જેવો, કોઈ જોગંધરની ધૂણીમાં સળગતી આગ્ય જેવો, કોઈ ભજનિકના હાથમાં

વાગતા તંબૂરાના તાર જેવો. વાલા સાજણની વાટ કસુંબે ઘુંટેલ આંખડિયું જેવો, દુહો પાંખળો જ નહિ, ચાંચાળો પણ છે. ચાંચ વગર એ સાંભળનારને વીંધે નહિ.'

લોકસાહિત્યકાર રામજી વાણીઆએ નોંધ્યું છે કે, ''રાજસ્થાન, કચ્છ, કાઠિયાવાડ (સૌરાષ્ટ્ર)ને તો દુહો હાડનું હાડકું છે.''

ડૉ. બળવંતભાઈ જાની દુહાની ઓળખ આપણી જબાન સાથે આપી છે. ''લોક સંસ્કૃતિની અભિવ્યક્તિનું તે સબળ સાધન છે.''

દુહાની ઓળખ આપતા દુહા તો સાંભળો, કેવું છે એના ધીંગા શબ્દોનું બળ ?

કામણ કરે કમાલ, ખોડી ખાંભી ખળભળે,
પાણા કરે પ્રિતાળ, દુહો અમારા દેશનો.

(ગામને પાદર ખોડેલી ખાંભીઓ ખળભળીને જાણે બોલે છે, પાણાય પ્રીત્યુ બાંધે એવો આ અમારા દેશનો દુહો છે.)

દુહો તો કેટલાયે કામણ સંઘરીને લલકાર કરે છે. દુહાને દશમો વેદ સા માટે કહ્યો છે? જાણીતા સાહિત્યકાર મકરંદભાઈ દવે એનું અર્થઘટન કરતાં જણાવે છે કે 'વેદ તો ચાર જ છે. વર્ણ સગાઈ અલંકારના પ્રાસાનુપ્રાસ માટે તેવા શબ્દો વાપર્યા નથી.' 'વેદ એટલે ગોરખનાદનો સૂક્ષ્મવેદ, પ્રાણનો સુષુમણામાં પ્રવેશ થાય ત્યારે એનો નાદ સંભળાય', સુષુમણાને દસમું દ્વાર કહેવામાં આવે છે. મતલબ કે દસમું દ્વાર ખોલી આપે તેનું નામ દુહો (ઉર્મિનવરચના)'

કાળતરો કરડેલ, અવળી રૂંવાટી અંગશુ;
દુહાનો ડંખેલ, ઘેને ઘેઘૂર આંખડી.
દુહો દશમો વેદ, સમજે તેને સાલે;
વિંયાતલની વેણ્ય, વાંઝણી શું જાણે ?
સોરઠિયો દુહો ભલો, ભલી મરવણરી બાત;
જોબનછાઈ ધણભલી, તારા છાઈ રાત.

ચારણી સાહિત્યના વિદ્વાન સંશોધક અને રાજસ્થાન - ગુજરાતનાં ચારણી સાહિત્યનાં બે મુખપત્રોના તંત્રી તરીકે રહેલ ખેતસિંહજી મીસણે (વતન-મોઢેરા) દુહાને તેમના શબ્દોથી આ રીતે પિછાણ કરાવી છે.

''જેના શબ્દો ઉચ્ચારણમાં ઉરવલોણાના ઘુઘવાટનો રવ જન્મે છે, જેના શબ્દોની થપાટે પ્રેમીઓના આત્મપંખની પાંખો ફફડી ઊઠે છે. જેણે લૂખા ઉપદેશને પણ સોનેરી બનાવ્યા છે. જેના કથનબાણે ભલભલાનાં માન મૂકાવ્યાં છે. જેના શબ્દોનાદથી હિંમત હારી બેઠેલા યોદ્ધાઓની કમ્મરે ફરી હથિયાર બંધાવ્યાં છે. જે છેલ્લાં એક હજાર વર્ષથી પશ્ચિમ હિંદુસ્તાનના લોક સમાજમાં બોલાતો આવ્યો છે.''

ચારણી સાહિત્યમાં રહેલ કૌવતને ભારે આદરથી ધૂરંધર સાહિત્યકારો સામે રજૂ કરનારા ઝવેરચંદ મેઘાણી એમના સંશોધનમાં જણાવે છે કે, ''દુહાની દુનિયા તો બુદ્ધિને, કલ્પનાને અને ઉર્મિ એ ત્રણેને એક સાથે પકડી લઈ ખુદ શ્વાસ જ આપણને કવિતાની સુગંધ લેવરાવે છે. પશ્ચિમી હિંદની શિષ્ટ પ્રાકૃત સામે નાના મોટા જનોને કાવ્યનું સ્ફૂર્તિદાયી પરિશીલન કરાવનાર કોઈપણ પ્રકાર હોય તો દુહો જ છે. આવું સંક્ષિપ્ત, સુઘટ, સારગર્ભિત, સચોટ, સુગેય, કંઠ રમતું બીજું કોઈ સાહિત્ય સ્વરૂપ આપણને સાંપડ્યું નથી.''

નાનુભાઈ દુધરેજિયાએ પદ્મશ્રી કવિ ''કાગની કાગવાણી''ની પ્રસ્તાવનામાં દુહાને 'અણુકાવ્ય' કહીને એનામાં રહેલી તાકાતને ઉજાગર કરી છે.

પૂ. મોરારિબાપુએ 'કાગધામ' ખાતે કરેલી કથા સમયે જે ઉદગારો કાઢેલા તેથી ચારણી સાહિત્યના પીરસણહારોની છાતી ગૌરવ સભર ગજ ગજ ફૂલેલી. તેમણે કહેલું કે, 'છંદ અને દુહા માટે તો ચારણનો કંઠ જોઈએ.'

ચારણી છંદોનો પ્રારંભ મોટાભાગે બે કડીના દુહાથી થાય છે. હજારોની મેદની જેની બે પંક્તિઓ સાંભળી હાકલા પડકારા કરતી હોય છે. ડાયરામાં સ્તબ્ધ બેઠેલો માનવ મહેરામણમાં દુહો સાંભળતાં તો રક્તસંચાર ધબકી ઊઠી અંગેઅંગમાં નવચેતના પ્રસરાવે છે. વીરરસ ઉછાળા મારે છે, કરુણ રસ સાંભળતાં શ્રોતાઓની આંખોમાંથી તો શ્રાવણ વરસે છે. જ્યારે વિરહ પછી મિલન સંભળાય છે તો પ્રેમી હૈયામાં હરખ પ્રસરે છે. નવી વિચારધારાએ દિલ મોજના હિલોળા લે છે.

દુહાની ભાષા અને ઉદગમઃ

દુહાની ભાષા સમજવા માટે આપણે ભાષા શાસ્ત્રીઓનાં મંતવ્યોની તરફ દૃષ્ટિ કરવી પડે. આવી સમીક્ષાનું કામ ડૉ. મોતીલાલ મેનારિયાએ તર્કબદ્ધ રીતે કર્યું છે તે ટૂંકમાં આ મુજબ છે.

(૧) પ્રારંભમાં સંસ્કૃત ભાષાને વૈદિક ભાષા તરીકેની ઓળખ આપી અન્ય ભાષાઓની તે જનની કહેવાય છે. (૨) વૈદિક સંસ્કૃતમાંથી બે ભાગ પડ્યા, પાલી અને સંસ્કૃત. પાલીમાંથી ત્રણ ભાગ થયા શૌરસેની પ્રાકૃત, માગધી પ્રાકૃત અને મહારાષ્ટ્રી પ્રાકૃત. શૌરસની પ્રાકૃતમાંથી અપભ્રંશ ભાષા પરિવર્તિત થઈ તેના પણ બે ફાંટા પડ્યા (૧) ગુર્જરી અપભ્રંશ, શૌરસેની અપભ્રંશ. ગુર્જરી અપભ્રંશમાંથી રાજસ્થાની ઉદ્ભવી.

આવું કેમ બન્યું ?

સંસ્કૃતના પંડિતોએ અન્ય ભાષાઓમાં પ્રવેશ દ્વાર બંધ કરવા વ્યાકરણના જટિલ નિયમો બનાવતાં તે લોકબોલીથી ભિન્ન થતાં પ્રાકૃત બની. કાળાંતરે પ્રાકૃતનું પણ સાહિત્યિક ચોકઠું થતાં જન સમાજની રાજસ્થાની ભાષા - મતલબ જૂની રાજસ્થાની અગર ઉત્તરકાલીન અપભ્રંશની સીધી વારસદાર ડિંગળ બની. ડૉ. કનૈયાલાલ મુનશીના મંતવ્ય પ્રમાણે તે ગુર્જરી અપભ્રંશ બની જેને આગળ જતાં 'ડિંગળ' નામ અપાયું. અગાઉ ગુજરાત-

રાજસ્થાનનો કેટલોક ભાગ સાથે હતો. ડિંગળ ભાષામાં સાહિત્ય સર્જનનો શ્રેય ચારણોને જાય છે, મૂળ તો એ અપભ્રંશમાંથી જ આવી છે. ડિંગળનું વ્યાકરણ પિંગળના વ્યાકરણ કરતાં અઘરું છે. પિંગળમાં જેટલા છંદ છે તે તો ડિંગળમાં છે. ઉપરાંત ૬૪ જેટલા વધુ છે. ચારણોએ એને સાહિત્ય સ્વરૂપે વિકસાવી-પ્રાકૃતની અપભ્રંશ હોવાથી એના શબ્દો સ્વાભાવિકપણે તેમાં આવતા. ચારણી સાહિત્ય આ ભાષામાં જ વિકસ્યું અને નામાભિધાન પામ્યું છે.

અર્વાચીન ગુજરાતી ભાષા તો છેલ્લાં ચારસો-પાંચસો વરસોનો વારસો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર તેમજ ગુજરાતના ચારણો અને રાજકવિઓ જે તે પ્રદેશની લોકબોલીમાં બસો જેટલાં વરસોથી દુહાઓની રચના કરતા આવ્યા છે. એમાં ડિંગળ નહિવત્ છે. રાજકવિઓ તેમજ લોકકવિઓએ દુહામાં તેનો ઉપયોગ કર્યો છે. છંદમાં ડિંગળ ભાષા ચારણી સાહિત્યના પર્યાય તરીકે વહી આવી છે. પદ્મશ્રી કવિ દુલાભાઈ કાગ, રાજકવિ પીંગળશીભાઈ નરેલા, શંકરદાન દેથા વગેરેના દુહા ચોટદાર તેમજ લોકોનાં ચિત્ત વીંધે તેવા છે.

ગુજરાતની ભાષાના પ્રકાંડ પંડિત કે. કા. શાસ્ત્રીને આ ટાણે યાદ કરવા જ પડે, તેમણે નોંધ્યું છે કે, 'ચારણી સાહિત્યમાં પ્રાણરૂપ હોય તો દુહા સાહિત્ય છે. એ લોકમુખે સંઘરાતું આજદિન સુધી જીવંત રહેલ છે. ચારણો પાસે એમના ચોપડામાં મોજૂદ છે. આગલી લિપિને કારણે એ અન્યોના હાથે પ્રકાશમાં આવ્યું નથી. (જૂઓ : દુહો દશમો વેદ - દાન અલગારી - પાનાં ૩૩ થી ૩૬)'

દશમી સદીમાં તો 'પરમાત્મા પ્રકાશ' અપભ્રંશ ભાષાનો દોહરાનો જ ગ્રંથ બન્યો છે. ઈ.સ. ૧૩૦૫માં રચાયેલો પ્રબોધ ચિંતામણી ગ્રંથ જે મેરુતુંગે લખેલ છે. સંસ્કૃતમાં લખાયેલા હોવા છતાં તત્કાલીન ભાષાના દોહરા તેમાં છે.

''શારદા'' માસિકના તંત્રી અને વિદ્વાન સાહિત્યકાર ગોકુળદાસ રાયચૂરાએ ચારણી સાહિત્યને તેમના સામયિકમાં સ્થાન આપી વિદ્વદ ભોગ્ય બનાવ્યું છે.

''દુહાની રમઝટ'' નામના સંપાદિત ગ્રંથમાં ગોકુળદાસ રાયચૂરા લખે છે કે, ''કાઠિયાવાડ, કચ્છ, મારવાડ અને રાજપૂતાના દુહાની ખાણ છે. ચારણો એ રત્નખાણોના રક્ષક છે. આઠમી સદીથી માંડીને આજદિન સુધી એના રક્ષકની જવાબદારી ચારણોએ નિભાવી છે. દુહાનું સાહિત્ય ચારણોએ રક્ષ્યું છે. એટલું જ નહિં એમાં ઉમેરો કરવાનું માન એ શારદાપુત્રોને જ છે.''

ઝવેરચંદ મેઘાણી લખે છે કે, ''સંસ્કૃત ભાષા સાહિત્યના ધોમ મધ્યાહ્ને અપભ્રંશ દુહાઓએ કવિતાને સર કરી. અપભ્રંશ દુહાને ડિંગળ વાણી વધુ ભાવી (''ચારણો અને ચારણી સાહિત્ય'' ગ્રંથમાંથી દુહાની દુનિયા પ્રકરણ)''

મેઘાણીજીએ સંખ્યાબંધ આધારો આપી આપીને દુહાની પ્રાચીનતા બહાર લાવી છે.

''આવશ્યક સૂત્ર વૃત્તિ''માં હરિભદ્રસુરીજીએ (ઈ.સ. ૭૦૧-૭૭૧) અને ધ્વન્ય લોકમાં આનંદવર્ધને (ઈ.સ. ૮૫૫-૮૮૩) દુહાનો ઉપયોગ કર્યાનું ખૂલે છે.

આ પ્રાચીન માત્રામેળ છંદને ચારણી સાહિત્યે જીવંત રાખેલ છે. ચારણો, બારોટ, બ્રાહ્મણ, મીર વર્ગના કંઠે એનાં રખવાળાં થયાં.

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ આપેલ તારણ ત્વરિત ગળે ઊતરી જાય તેવું છે. ''દુહો એ પ્રાચીન ગુજરાતી રાજસ્થાનીનો મારુ-ગુર્જર સાહિત્યનો સુભાષિત છંદ છે. એક તરફ તે અપભ્રંશને સ્પર્શે છે અને બીજી તરફ અર્વાચીન ગુજરાતી-રાજસ્થાની સુધી સાતત્ય પામે છે. હજાર વર્ષ થયેલા શિષ્ટ સાહિત્યનો તે અંશ છે. મુક્તકની અભિવ્યક્તિનું મુખ્ય માધ્યમ છે.''

હરિવલ્લભ ભાયાણી જણાવે છે કે, આશરે છઠ્ઠી સદીથી શરૂ થઈ આજ સુધી દુહામાં રચનાઓ થઈ આવી છે.

જેમ સંસ્કૃતનો લાક્ષણિક છંદ અનુષ્ટુપ, પ્રાકૃતનો લાક્ષણિક છંદ ગાથા તે પ્રમાણે અપભ્રંશનો લાક્ષણિક છંદ દુહો છે.

વૈદિક કાળ પછીની સંસ્કૃત ભાષામાં પહેલા વહેલી અનુષ્ટુપ શ્લોક વાલ્મીકિએ લખ્યો. મહામોપાધ્યાય સ્વ. હરપ્રસાદ શાસ્ત્રીના ''બૌદ્ધગાન ઓ દુહામાં'' અપભ્રંશ વાળા દુહા મળે છે. જે નવમી-દસમી સદીથીયે જૂના હોવાનું માનવામાં આવે છે. રાહુલ સાંકત્યાયયનના મતે દુહો શક લોકોનો પ્રકાર હોઈ શકે, જૂના શિલાલેખ ઉપરના લખાણોમાં સહસ્ર મૂલ્યોની મિલકતો ચારણો વગેરેને આપ્યાનો ઉલ્લેખ છે, શક રાજાઓ અને ચારણોને સારા સંબંધો હતા. ખેતસિંહજી મીસણે એમના લેખમાં અનુમોદન આપ્યું છે.

દુહાનું બંધારણ અને પ્રકાર

ચારણી સાહિત્ય મોટે ભાગે માત્રામેળ છંદોમાં છે. ડિંગળનેય પોતાનું પિંગળ છે. માત્રાની ગણતરી ટૂંકમાં આપણે આ રીતે કરીએ છીએ. ''યમાતારાજભાનસલગા'' લઘુ અક્ષરની એક માત્રા અને ગુરુની બે માત્રા ગણાય છે. કવિવર જયકૃષ્ણદાસજીએ ''રૂપદીપ પિંગલ'' નામે છંદોનું બંધારણ આપેલ છે. તે જ રીતે કવિ દલપતરામે પણ ''દલપત પિંગળ'' રચ્યું છે. (લઘુ સંગ્રહ-સંપાદક લીંબડી રાજકવિ શંકરદાન દેથા.) દોહરા માટે કવિ દલપતરામે ૯ દોહામાં વ્યાકરણના નિયમો દર્શાવ્યા છે. (પાન-૭૩)

(૧) દુહામાં ચાર ચરણ હોય છે. બે પંક્તિ પૈકી પ્રથમ પંક્તિમાં ૨૪ માત્રા અને બીજી પંક્તિમાં પણ ૨૪ માત્રા મળી કુલ ૪૮ માત્રા થાય, પ્રથમ અને ત્રીજા ચરણમાં ૧૩, ૧૩ માત્રા અને બીજા તેમજ ચોથા ચરણનાં અંતે પ્રાસ આવે છે.

(૨) જો દુહાને ઉલટાવવામાં આવે તો પ્રથમ અને ત્રીજા

ચરણમાં ૧૧ માત્રા અને બીજા અને ચોથા ચરણમાં ૧૩, ૧૩ માત્રા થાય તેને ''સોરઠિયો દુહો'' કહેવાય.

(૩) તુંવેરી દુહોઃ મરસિયા સ્વરૂપનો આ દુહાને મધ્યમેળનો દુહો પણ કહે છે.

(૪) દોઢિયો દુહો : જેમાં ચાર ચરણને બદલે છ ચરણ હોય, પાંચમું અને છઠ્ઠું ચરણ ધ્રુવ કડી બની છે.

(૫) છકડિયો દુહો : છ પંક્તિનો આ દુહો પ્રથમ, બીજી અને છઠ્ઠી પંક્તિ દુહાનું માપ જાળવે છે. ત્રીજી, ચોથી અને પાંચમી પંક્તિ માપમાં અનિશ્ચિત છે.

દુમેળિયો દુહો : પ્રથમ ચરણમાં માત્રા મેળ, બાકીના ચરણોમાં મેળ બેસે નહિ. પ્રાસ પણ ન બેસે. આવા દુહા પણ બોલાય છે. ડિંગળમાં ઉપરોક્ત પાંચેય પ્રકારોમાં કોઈકના જુદાં જુદાં નામો છે.

કેટલાક દુહાઓ ઉપર દૃષ્ટિ કરોઃ

સ્વર્ગથી સોહામણું, માનવીને મૃત્યુલોક;
બે ત્રણ વાતો દોહ્યલી જરા, મરણ ને વિયોગ. (૧)

● ● ●

એક તાણે બીજું ત્રાકવે, ઝડ લાગી નેણાં
જેડી પ્રીત સરાણિયા, તેડી નહિ રાણાં. (૨)

(સરાણિયા લોખંડના હથિયારને ધાર કાઢે છે ત્યારે એક શારડી તાણે છે બીજું તે ગોળગોળ ફરતાં પથ્થરના ચકરડાને અડાડીને ચપ્પુ, કટાર જેવાં સાધનોની ધાર કાઢે છે ત્યારે જે તણખા ઝરે છે તે તણખાથી એ કામ કરતાં પુરુષ, સ્ત્રીનાં નયનોમાં જાણે પ્રણયના તણખા ઝબકે છે)

આભ ફટે, ધર ઊલટે, કટે બગતરાં કોર;
તૂટે શિર, ધડ તડફડે, જદ છૂટે ઝાલોર. (૩)

ઝાલોર (રાજસ્થાન) ઉપર દુશ્મન દળના આક્રમણ સમયે કોઈએ વાત વહેતી કરી કે, ''ઝાલોરનો કિલ્લો કબજે થયો'' ત્યારે ત્યાં હાજર ચારણ કવિએ યોદ્ધાઓમાં ખમીર રેડતો આ દુહો સંભળાવેલ. આભ ફાટે, ધરા ઉલટસૂલટ થાય, શૂરવીરોનાં બખતરોની કોર તૂટે, શીર કપાત, ધડ તડફડે, તો જ ઝાલોર જીતાય.

આભાં ગડે, વીજાં ઝબે, મોરાં કરે મલ્લાર;
જગ બંધુ જીવાડવા, આવ્યો મેઘ ઉદાર. (૪)

● ● ●

કાઠિયાવાડમાં કોક દી, ભૂલો પડ્ય ભગવાન,
થાને મારો મહેમાન, તને સ્વર્ગ ભુલાવું શામળા (૫)

(પાલરવભા પાલીયા, લાલકા, તા. જસદણ)

● ● ●

ધાબળવર્ણી ધરણી, પાણીવાળો પટ;
મૂછાળાં ધાન નીપડે, વઢિયાર ધરાનો વટ. (૬)
(કવિ મોડદાન ઝુલા : વતન-તારોરા, તા. સમી)

(કવિએ સ્થાનિક નૈસર્ગિક કલ્પનાસભર દુહો રચ્યો છે. વઢિયારની ધરતીને તે પ્રદેશમાં ઓઢતા ધાબળાના રંગ જેવી તેમજ બળુકી ગણાવી છે. તે પ્રદેશમાં પાકતા બિન પિયત ઘઉંને મૂછાળું ધાન કહ્યું છે.)

આણંદ કહે કરમાણંદા, મોટામાં જવું થોડું;
કામ કરાવે, ઠૂંસ કઢાવે, પછી કહે ઓડું. (૭)

● ● ●

સગડી હોય સજાગ, સહુ કોઈ તાપે આવે;
ઓલાય જ્યાં આગ, ઈયાં ફેરો ન દે ફૂનડા. (૮)

(કવિ કાનાભાઈ ગાંગડા : વરાણા, તા. : સમી)

● ● ●

વય નાની અકલ ઘણી, ઉજળા જેના આચાર;
દે જે અમને દાતાર, એવું માનવી ઈશરા. (૯)

● ● ●

મૂળુ મૂછે હાથ, બીજો તલવારે શોભે;
હત જો ત્રીજો હાથ, નમત અંગ્રેજને. (૧૦)

અર્વાચીનોમાં જોગીદાન ચડિયા, કવિ ઘનશ્યામ, પ્રવીણભા મધૂડા, ભગવતદાને કેટલાયે સ્વરચિત દુહાઓ વહેતા કર્યા છે. જોગીદાન ચડિયા તો સૂરજ ઉપર રોજ એક દુહો લોક સાગરના તીરે વોટ્સેપ ઉપર ફરતો કરે છે.

દુહાના કંઠોપકંઠ પ્રવાહ ઉપરથી અનેક આંધીઓ ઊડી ગઈ તેમ છતાં ચારણોની પેઢી દર પેઢીની જબાન થંભી નથી. આ સમયે તે હવે પુસ્તક સ્વરૂપે સચવાઈ રહ્યો છે. કેટલીયે હસ્તપ્રતોમાંથી તે બહાર આવ્યો નથી. રાજ્ય સરકાર દ્વારા પ્રારંભાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું મેઘાણી કેન્દ્ર, રાજકોટ એ હસ્તપ્રતોને જીવંત કરી રહ્યું છે. આપણો મોંઘામૂલો વારસો જીવંત રહેશે.

દુહો બોલાતો આવ્યો છે અને યુગો તક બોલાતો રહેશે.

સંદર્ભસૂચિ :

૧. ચારણો અને ચારણી સાહિત્ય : ઝવેરચંદ મેઘાણી
૨. રાજસ્થાની ભાષા ઔર સાહિત્ય : ડૉ. મોતીલાલ મેનારિયા
૩. દુહો દશમો વેદ : દાન અલગારી
૪. શારદા માસિકના અંકો : ગોકુળદાસ રાયચૂરા
૫. ચારણ કવિ ચરિત્ર : ખેતસિંહજી મીસણ
૬. લઘુસંગ્રહ : લીંબડી રાજકવિ શંદરદાન દેથા
૭. સૌરાષ્ટ્રનો સાંસ્કૃતિક વૈભવ : લક્ષ્મણભાઈ ગઢવી
૮. ઉર્મિ નવરચના સામાયિક : વિવિધ લેખો
૯. સ્વર્ગ ભુલાવું સામળા : ડૉ. બળવંતભાઈ જાની, ડૉ. આંબાદાન રોહડિયા

૩૭, શાકુંતલ બંગ્લોઝ,
સોલા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
મો. ૯૮૨૫૦૭૮૯૧૭

લાટની લાડકી સર્જક ત્રિપુટી : શતાબ્દી સ્મરણ


- *પ્રસાદ બ્રહ્મભટ્ટ*

૨૦૨૦નું વર્ષ અનેક દૃષ્ટિએ ઉલ્લેખનીય છે. ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં જોઈએ તો અનેક સાહિત્યકારોની જન્મ શતાબ્દીનું એ વર્ષ છે. ઉશનસ્, ઉપેન્દ્રરાય સાંડેસરા, ચંદ્રકાન્ત પંડ્યા, જયંત પાઠક, કવિ ડાહ્યાભાઈ બેરિસ્ટર, મોહનભાઈ શં. પટેલ વગેરે પૈકી મધ્ય ગુજરાતમાં જન્મીને દક્ષિણ ગુજરાત, લાટ પ્રદેશમાં સ્થાયી થયેલી બ્રાહ્મણ સર્જક ત્રિપુટીનું શતાબ્દી સંદર્ભે સ્મરણ કરવાનો ઉપક્રમ છે.

સૌ પ્રથમ સ્મરીએ ઉશનસ્‌ને 'ઉશનસ્' અને 'આરણ્યક' તખલ્લુસથી સાહિત્યસર્જન કરનાર નટવરલાલ કુબેરદાસ પંડ્યાનો જન્મ સાવલી (જિ. વડોદરા)માં ૨૮-૯-૧૯૨૦ના રોજ થયો હતો. વડોદરા કૉલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવી સંસ્કૃત વિષય સાથે ૧૯૪૨માં બી.એ. અને ૧૯૪૫માં ગુજરાતી મુખ્ય વિષય સાથે એમ.એ પાસ થયા. ૧૯૪૭થી '૫૭ દરમિયાન નવસારીની ગાર્ડા કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી. ૧૯૫૭માં વલસાડની આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. એ જ કૉલેજમાં એમણે ૧૯૬૮થી '૮૦ સુધી આચાર્યની જવાબદારી નિભાવી. ૧૯૭૯માં તેઓ 'ગુજરાતીનો અધ્યાપક સંઘ'ના પ્રમુખ બન્યા. ૧૯૯૧માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ ચૂંટાયા હતા. સાહિત્ય સેવા માટે એમને ૧૯૫૯માં કુમારચંદ્રક, ૧૯૭૧માં નર્મદ સુવર્ણચંદ્રક, ૧૯૭૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૭૭માં (વ્યાકુલ વૈષ્ણવ માટે) સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર, ૧૯૮૧માં 'સ્પંદ અને છંદ' માટે ભારત સરકારનો વિશિષ્ટ પુરસ્કાર પ્રાપ્ત થયા હતા. એમના સમગ્ર સાહિત્યદર્શન માટે ૨૦૦૦માં ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર અને ૨૦૦૧માં નરસિંહ મહેતા પુરસ્કાર પ્રદાન થયા. ૬-૧૧-૨૦૧૧ના દિવસે વલસાડમાં તેમનો દેહાંત થયો.

ઉશનસ્ અનુગાંધી યુગના અગ્રણી કવિ છે. એમનું કાવ્યસર્જન ૧૯૩૮-'૩૯થી શરૂ થાય છે.પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન'(૧૯૫૫)માં એમની કવિ પ્રતિભાનો રમ્ય ઉઘાડ જોવા મળે છે. એમાં પરંપરાનું અનુસંધાન હોવા છતાં કવિનો પોતીકો અવાજ સાંભળી શકાય છે. બીજા સંગ્રહ 'નેપથ્યે' (૧૯૫૬)માં સંવાદલક્ષી કાવ્યો ગ્રંથસ્થ થયાં છે. 'અણુરહસ્ય' સિવાયની રચનાઓ પ્રાચીન કથાવસ્તુ પર અવલંબિત છે. 'મનોમુદ્રા' (૧૯૬૦) અને 'આર્દ્રા' (૧૯૬૧)માં ઉશનસ્‌ની કવિતાનો વળાંક જોવા મળે છે. આ સંગ્રહોમાં કવિનું પ્રયોગશીલ વલણ ડોકાતું જોઈ શકાય છે. 'તૃણનો ગ્રહ' (૧૯૬૪)તથા 'સ્પંદ અને છંદ' (૧૯૬૮)માં કવિની કાવ્યસ્મૃદ્ધિનો મોટો ફાલ મળે છે. તેમનો પ્રકૃતિપ્રેમ 'અશ્વત્થ' (૧૯૭૫)માં વૃદ્ધિ પામે છે. અન્ય સંગ્રહોની જેમ આ સંગ્રહમાં પણ સૉનેટોનું પ્રાચુર્ય જોવા મળે છે. 'કિંકિણી' (૧૯૭૧) ગીતસંગ્રહ છે, અને 'ભારતદર્શન' (૧૯૭૪) પ્રવાસ વિષયક સૉનેટોનો સંચય છે. 'રૂપના લય' (૧૯૭૬)માં બદલાયેલા કવિ મિજાજનો આહ્લાદક પરિચય પ્રાપ્ત થાય છે. 'વ્યાકુલ વૈષ્ણવ' (૧૯૭૭)નાં ૭૧ ગીતો કવિમાં રહેલા ભક્તનાં દર્શન કરાવે છે. 'પૃથ્વીને પશ્ચિમ ચહેરે' (૧૯૭૯)માં કવિની વિદેશયાત્રાની અનુભૂતિઓ અભિવ્યક્ત થઈ છે. 'શિશુલોક' (૧૯૮૪) બાળકાવ્યોનો સંગ્રહ છે. 'આરોહ-અવરોહ' (૧૯૮૯)માં 'ઈન્દ્રેર્વશીય સંવાદ', 'અવતરણ' અને 'પાણ્ડુની પ્રેતોક્તિ' સૉનેટગુચ્છો સાંપડે છે. આ સંગ્રહ પછી ૧૯૯૬માં તેઓ ૨૭ સૉનેટની માળા 'પૃથ્વીગતિનો છંદોલય' પ્રગટ કરે છે. ૧૯૯૬માં તેમની 'સમસ્ત કવિતા' પ્રસિદ્ધ થાય છે જેમાં

ઉશનસ્ અનુગાંધી યુગના અગ્રણી કવિ છે. એમનું કાવ્યસર્જન ૧૯૩૮-'૩૯થી શરૂ થાય છે. પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રસૂન'(૧૯૫૫)માં એમની કવિ પ્રતિભાનો રમ્ય ઉઘાડ જોવા મળે છે. એમાં પરંપરાનું અનુસંધાન હોવા છતાં કવિનો પોતીકો અવાજ સાંભળી શકાય છે



'મારી પૃથ્વી', 'મારું આકાશ' અને 'મને ઈચ્છાઓ છે' નામક ત્રણ નવા સંગ્રહો પ્રથમવાર પ્રાગટ્ય પામે છે. ૧૯૯૬માં જ કવિની સામાજિક સંપ્રજ્ઞતાની કવિતાનો વિશિષ્ટ સંગ્રહ 'એક માનવીને લેખે' પ્રગટ થાય છે. 'રૂપ-અરૂપ વચ્ચે'નું પ્રકાશન વર્ષ ૧૯૯૫ છપાયું છે. પણ વાચકોના હાથમાં તો તે ૧૯૯૭માં આવે છે ! ૧૯૯૭માં કવિનો એક સંગ્રહ 'મારાં નક્ષત્રો' પ્રગટ થાય છે. ઈ.૨૦૦૦માં તેઓ 'શ્રી રામકૃષ્ણ દોહન દર્શન' પ્રગટ કરે છે. એ જ વર્ષે 'ઍક્સ્ટસી અને અછાંદસી' પણ પ્રગટ થાય છે.

ઉપર્યુક્ત સંગ્રહોમાં પ્રગટ થયેલી ઉશનસ્‌ની કવિતા ઈયતા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ સમૃદ્ધ છે. કવિએ એમના દીર્ઘ સર્જનકાળમાં પ્રકૃતિનાં વિવિધ અંગો પર વિપુલ રચનાઓ આપી છે. તેમનું ઘણું ઉત્તમ સર્જન આ વિષયની રચનાઓમાંથી મળે છે. 'સ્પંદ અને છંદ'માં મળતું 'અનહદની સરહદે'નું સૉનેટ ગુચ્છ નોંધપાત્ર છે. 'તૃણ અને તારકો વચ્ચે' રચનામાં અસ્તિત્વની અંદર અને બહાર સર્વત્ર 'તૃણ'નું વિભુ સ્વરૂપ પ્રગટ થાય છે. તૃણના ગુરુ પરથી તૃણ તથા તારકોની વચ્ચે પ્રવેશતા કવિ અનુભવે છે.

ઉશનસ્‌ની પૂર્વકાલીન કવિતા સંદર્ભે અનેક અભ્યાસીઓએ એમની અનુચિત શબ્દ પસંદગીનો ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, 'તૃણનો ગ્રહ' પછી ઉત્તરોત્તર એમનો શબ્દ પરિમાર્જિત થતો રહ્યો છે

હું તારકો ને તૃણની બીચોબીચ,
છું તારકો ને તૃણથી ખીચોખીચ.

પ્રકૃતિ વિષયક રચનાઓમાં ઉશનસ્‌ની પ્રતિભાનો અનન્ય આવિર્ભાવ દૃષ્ટિગોચર થાય છે. નિત્ય નૂતનરૂપે પ્રગટતી વિશ્વ ચેતનાના સૌંદર્યને પામવાની ઉત્કટ કવિઝંખના આ કાવ્યોમાં અનુભવાય છે.

ઉશનસ્‌ની કાવ્યસૃષ્ટિમાં પ્રકૃતિ વિષયક રચનાઓના વિભાગ જેવો માતબર વિભાગ છે માનનજીવનનો સંવેદનાઓ વિષયક રચનાઓનો. એને પ્રેમ વિષયક રચનાઓ કહી શકાય, કારણ કે તેમાં મુખ્યત્વે નારીપ્રેમ, કુટુંબપ્રેમ, વતનપ્રેમ અને પ્રભુપ્રેમની રચનાઓ પ્રાપ્ત થાય છે. આ રચનાઓમાં કવિહૃદયની ઊર્મિનો પ્રબળ ઉદ્રેક મુખ્યત્વે સીધા કથનવર્ણન દ્વારા તો ક્વચિત પ્રતીકો-કલ્પનો દ્વારા વ્યક્ત થયો છે. 'મને ઈચ્છાઓ છે' સંગ્રહની નામદાત્રી સૉનેટ રચનાનું સમાપન કવિ આ શબ્દોથી કરે છે :

હું પૃથ્વી, ના મારે ભવલયથી છૂટી સરી જવું,
હું માણું જન્મોમાં ઋતુપુલક, ફૂટી ખરી જવું.

ગુજરાત સાહિત્ય અકાદમીએ ઉશનસ્‌ને વર્ષ ૨૦૦૦નો ગૌરવ પુરસ્કાર ઍનાયત કર્યો એ નિમિત્તે હર્ષદ ત્રિવેદી ઉશનસ્‌નાં ગીતોનો સંગ્રહ 'વેદના એ તો વેદ'નામે સંપાદિત કરે છે જે ૨૦૦૧માં પ્રગટ થાય છે. એકાણું ગીતોના સંચયના સંપાદકીયમાં તેઓ દર્શાવે છેઃ 'આ ગીતોમાંથી પસાર થતાં ગીતકાર ઉશનસ્ સામેની બધી જ ફરિયાદો યથાતથ ઊભી રહે તો ય એમની પ્રખર સર્જકતા અને ભાવાવેગમાંની સચ્ચાઈ આપણને ભીંજવ્યા વિના, આર્દ્ર કર્યા વિના રહેતી નથી. ત્યાં જ એમની સર્ગશક્તિ અને કવિચેતનાનું સાર્થક્ય છે.' (પૃ.૨૦) એક ગીતમાં ઉશનસ્ 'કવિની કેફિયત' આપતાં કહે છેઃ

વિસ્મયથી નવરો પડવા તો દેશો કે નહીં, યાર ?
હા, ભૈ હા, અમે ગમાર, ગામઠી, કબૂલ સત્તર વાર.

ઉશનસ્‌ની પૂર્વકાલીન કવિતા સંદર્ભે અનેક અભ્યાસીઓએ એમની અનુચિત શબ્દ પસંદગીનો ઉલ્લેખ કર્યો છે. અલબત્ત, 'તૃણનો ગ્રહ' પછી ઉત્તરોત્તર એમનો શબ્દ પરિમાર્જિત થતો રહ્યો છે. તત્સમ, તદ્‌ભવ તથા તળપદા શબ્દોના વિપુલ શબ્દરાશિને કારણે ગમે તેવા સૂક્ષ્મ-સંકુલ, જટિલ સંવેદનને આકાર આપવામાં એમને ખાસ તકલીફ પડી નથી.

વિશિષ્ટ પ્રકારની પદાવલિ એમના છંદોલયને આગવી વક્રતા આપે છે. ઉત્તરકાલીન કવિતામાં તેઓ સમાસનિબદ્ધ શબ્દરૂપો લગભગ છોડી દે છે. હળવાશથી ફરફરતી સંવેદનાને તેઓ શબ્દના નાદગુણથી આંકી આપવાનો પ્રયાસ કરે છે. એને લીધે એમની પદાવલિ વર્ણધ્વનિગામી અને લયાન્વિત બને છે. અલંકાર, કલ્પન, પ્રતીક, પુરાકલ્પન જેવાં ઉપકરણોના ઉપયોગમાં ઉશનસ્ ઉલ્લેખનીય શક્તિ પ્રદર્શિત કરે છે. એમનું સંવેદનવિશ્વ સમૃદ્ધ છે અને એના આવિષ્કરણમાં એક અદમ્ય આવેગ છે. એટલે એની સાથે



સંવાદી બની આવતી રચના પ્રયુક્તિઓ કવિકર્મનો રમ્ય ઉલ્લેખ પ્રગટ કરે છે. એમનું પ્રકૃતિ, પ્રેમ કે સ્થાન વિષયક સંવેદન સૉનેટમાળખાઓમાં વિચાર્યું છે. વર્ણનમાં પણ તેઓ ઊર્મિને સામેલ કરે છે તેથી તેમની વર્ણનશક્તિ મૂલ્યવાન બને છે. એમની સંવેદનશિક્ત વર્ણાત્મકતા ગુજરાતી કવિતામાં વિરલ છે. પરંપરાગત કાવ્યરૂપો અને છંદોલયનો ઉપયોગ કરીને પણ એમણે અભિવ્યક્તિની સૂક્ષ્મતા સાધવાનો જે પ્રયત્ન કર્યો છે તે પ્રશસ્ય છે.

'સદ્‌માતાનો ખાંચો' (૧૯૮૮)ને ઉશનસ્‌ે વતનની સ્મૃતિકથા તરીકે ઓળખાવી છે. લેખકે 'નિવેદન'માં દર્શાવ્યું છે તેમ ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૬૮ સુધીનાં આડત્રીસ વર્ષોની આ સ્મૃતિકથા તેમના વતન સાવલીના સદ્‌માતાના ખાંચામાં સ્થિત ઘરને કેન્દ્રમાં રાખી લખાઈ છે. જીવનના ઉઘાડથી આરંભાયેલી આ કથા અંતે મૃત્યુની હયાતી કબૂલી વિરમે છે.


ઉશનસ્ પાસેથી ૧૯૯૭માં 'વગડો' નામક લઘુનવલ સાંપડે છે. બાર પ્રકરણોમાં વિભક્ત આ લઘુનવલના કેન્દ્રમાં વન, વગડો છે અંતિમ પ્રકરણનું શીર્ષક અને કૃતિને અંતે આવતું કાવ્ય કથે છે તેમ માત્ર વન જ વગડો નથી, મન પણ વગડો છે. ઉશનસ્ મોટા ગજાના કવિ હોવાથી આ લઘુનવલમાં પણ પ્રતીક કલ્પન વગેરે પ્રયુક્તિઓનો સફળતાપૂર્વક વિનિયોગ કરે છે. એ ઉપરાંત સ્વપ્ન અને પત્રનો પણ વિશિષ્ટ વિનિયોગ કરે છે. આ કૃતિ દ્વારા ગુજરાતી કથાસાહિત્યને એક રમ્ય મનોહર વિરલ વગડાઉ કથા સાંપડી છે.

'સદ્‌માતાનો ખાંચો' (૧૯૮૮) ને ઉશનસ્‌ે વતનની સ્મૃતિકથા તરીકે ઓળખાવી છે. લેખકે 'નિવેદન'માં દર્શાવ્યું છે તેમ ઈ.સ. ૧૯૩૦ થી ૧૯૬૮ સુધીનાં આડત્રીસ વર્ષોની આ સ્મૃતિકથા તેમના વતન સાવલીના સદ્‌માતાના ખાંચામાં સ્થિત ઘરને કેન્દ્રમાં રાખી લખાઈ છે

ગદ્ય ક્ષેત્રે સ્મૃતિકથા અને નવલકથા આપ્યા પછી ઉશનસ્ ઈ. ૨૦૦૧માં 'ડોશીની વહુ અને બીજાં એકાંકીઓ' આપે છે. સંગ્રહની પાંચ પૈકી 'ડોશીની વહુ' અને 'પંતુજી' જેવાં એકાંકીઓ સાહિત્ય કૃતિ તરીકે ઉલ્લેખનીય બન્યાં છે. અન્ય એકાંકીઓમાં નાટ્યાત્મકતાનો અભાવ અનુભવાય છે. ઈ.સ. ૧૯૯૮માં ઉશનસ્ બાવીસ હાસ્યનિબંધોનો સંગ્રહ 'હળવાશની ક્ષણોમાં' પ્રગટ કરે છે. સંગ્રહ તેમની સર્જકશક્તિનું એક નવીન, અનોખું પાસું પ્રકાશિત કરે છે. આ નિબંધિકાઓ એક બુદ્ધિપૂત સર્જકની રચનાઓ છે એ તરત ધ્યાનમાં આવે છે. તેમનું હાસ્ય સ્થૂળ કરતાં સૂક્ષ્મ વધુ છે.

ઉશનસ્‌ે વિવેચન ક્ષેત્રે પણ ઉલ્લેખનીય પ્રદાન કર્યું છે. 'બે અધ્યયનો' (૧૯૫૨)માં એમણે ઉમાશંકર જોષી કૃત 'પ્રાચીના' અને રા.વિ. પાઠક રચિત 'શેષનાં કાવ્યો'ની સમીક્ષા કરી છે. 'રૂપ અને રસ' (૧૯૬૫)માં સિદ્ધાંત વિવેચક, પ્રવાહદર્શન, અવલોકનો ને આસ્વાદ લેખો સંગ્રહિત થયાં છે. 'ઉપસર્ગ' (૧૯૭૩)માં મળતું ગદ્યસાહિત્યનું વિવેચન અને ઉમાશંકર જોશી વિષયક ત્રણ લેખોમાં પ્રાપ્ત થતું મૂલ્યાંકન ઉલ્લેખપાત્ર છે. 'મૂલ્યાંકનો' (૧૯૭૯)માં એમની સહૃદય સાહિત્યદૃષ્ટિના પરિચાયક એવા મુખ્યત્વે કવિતા ને નવલકથા વિષયક અભ્યાસલેખો સાંપડે છે. છ દાયકાથી વધુ સાહિત્ય સાધના પછી ઉશનસ્ પાસેથી બાવીસેક કાવ્યસંગ્રહો, એક લઘુનવલ, એક સ્મૃતિકથા, એક એકાંકી સંગ્રહ, એક હાસ્યલેખોનો સંચય અને પાંચ વિવેચન સંગ્રહો પ્રાપ્ત થયાં છે. તેમણે પોતાની સર્જકતાનો પૂરો હિસાબ આપી દીધો છે. વિવિધ રૂપોમાં પ્રગટેલી તેમની સર્જકતાનું રૂપ મૂળભૂતપણે કવિનું છે, એ જોઈ શકાય છે. ગુજરાતી સાહિત્યના સર્વકાલીન શ્રેષ્ઠ કવિઓની પંક્તિમાં બેસવાના તેઓ અધિકારી છે.

ઉશનસ્‌ના મસિયાઈ ભાઈ જયંત હિંમતલાલ પાઠકનો જન્મ પંચમહાલ જિલ્લાના મોઢ (રાજગઢ)માં ૨૦-૧૦-૧૯૨૦ના રોજ થયો હતો. તેઓ સૂરતની એમ.ટી.બી. કૉલેજમાંથી મુખ્ય વિષય ગુજરાતી અને ગૌણ વિષય સંસ્કૃત સાથે ૧૯૪૩માં બી.એ. અને એ જ વિષયો સાથે ૧૯૪૫માં વડોદરા કૉલેજમાંથી એમ.એ. પાસ થયા. ૧૯૬૦માં '૧૯૨૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકાઃ તેનાં પરિબળોને સિદ્ધિ' વિષય પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૫૩થી નિવૃત્તિ પર્યંત તેઓ સૂરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક રહ્યા હતા. ૧૯૫૭માં તેમને કુમારચંદ્રક, ૧૯૭૬માં નર્મદ સુવર્ણચંદ્રક તથા ૧૯૭૬માં



રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયા. ૧૯૮૨-૮૩નું ઉમાસ્નેહરશ્મિ પારિતોષિક અને ૧૯૭૪ નો સોવિયેત દેશ નહેરુ ઍવોર્ડ એમને અર્પણ થયાં. ૧૯૭૯માં એમના કાવ્યસંગ્રહ 'અનુનય' માટે એમને સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર મળેલો. ૧૯૯૦-૯૧નાં વર્ષો દરમિયાન તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહ્યા હતા. તા. ૧-૯-૨૦૦૩ના રોજ તેમનું અવસાન થયું.

જયંત પાઠક રાજેન્દ્ર-નિરંજન યુગના પણ પોતાની નિરાળી ચાલ ચાલનાર સમર્થ કવિ છે. 'મર્મર' (૧૯૫૪), 'સંકેત' (૧૯૬૦), 'વિસ્મય' (૧૯૬૩), 'સર્ગ' (૧૯૬૯), 'અંતરીક્ષ' (૧૯૭૫), 'અનુનય' (૧૯૭૮), 'મૃગયા' (૧૯૮૩), 'શૂળી ઉપર સેજ' (૧૯૮૮) અને 'બે અક્ષર આનંદના'(૧૯૯૨) એમના કાવ્યસંગ્રહો છે. ઈયત્તા અને ગુણવત્તા બંને દૃષ્ટિએ એમની કવિતા ઉશનસની કવિતાની હરીફાઈ કરી શકે એમ છે. બંનેના કાવ્યવિષયો તથા તે પ્રત્યેનો અભિગમ લગભગ સમાન છે. જયન્તમાં ઉશનસ્ કરતાં આવેગને બળકટપણું ઓછું છે પણ બીજી બાજુએ સમાર્જન વિશેષ છે. 'સંકેત', 'અંતરીક્ષ' અને 'અનુનય'માં કવિનું પ્રયોગકૌશલ જોવા મળે છે. છંદોબદ્ધ કાવ્યોમાં ધારી સફળતા મેળવીને કવિએ પ્રયોગોની દિશામાં ઝંપલાવ્યું છે અને છેલ્લા ત્રણ ચાર સંગ્રહોમાં કવિ તરીકેનો પોતાનો વિકાસ સિદ્ધ કરી બતાવ્યો છે. વિષયની દૃષ્ટિએ પ્રેમ અને પ્રકૃતિ એમના મુખ્ય કવન વિષયો છે. આ ઉપરાંત આધ્યાત્મિક અભિગમની, વ્યક્તિવિશેષને ઉદ્દેશી રચાયેલ, કવિતાવિષયક, ચિંતનપ્રવણ રચનાઓ પણ ઠીક ઠીક સંખ્યામાં સાંપડે છે.

જયન્તની પ્રેમકવિતામાં સ્ત્રીપુરુષ પ્રેમ, વતનપ્રેમ, ભૂમિપ્રેમ એમ અનેક પ્રકારના પ્રેમનો સમાવેશ થાય છે. પ્રેમને કવિએ સીમિત અર્થમાં નથી લીધો. એમની પ્રેમાનુભૂતિ ગહન અને વ્યાપક છે

જયન્તની પ્રેમકવિતામાં સ્ત્રીપુરુષ પ્રેમ, વતનપ્રેમ, ભૂમિપ્રેમ એમ અનેક પ્રકારના પ્રેમનો સમાવેશ થાય છે. પ્રેમને કવિએ સીમિત અર્થમાં નથી લીધો. એમની પ્રેમાનુભૂતિ ગહન અને વ્યાપક છે. પ્રેમનાં ઘણાં રહસ્યો કવિએ સહજતાથી ઉદ્‌ઘાટિત કર્યાં છે. 'પ્રિયજનની પગલીઓ'ની મધુર ઉત્પ્રેક્ષા આસ્વાદ્ય છે : 'પ્રિયજનની પગલીઓ જાણે વનફૂલની ઢગલીઓ!' 'સપ્તક' સાત મુક્તકોની માળા છે. મુક્તક-રચનામાં જે ચોટ ચમત્કૃતિની અપેક્ષા રહે છે તે જયન્ત મહદંશે સાધી શકતા નથી. અલબત્ત અનવદ્ય કહી શકાય એવું એક પાણીદાર મુક્તક પણ તેમની પાસેથી મળ્યું છે જેમાં ઉક્તિલાઘવની શક્તિ સુપેરે વ્યક્ત થઈ છે:

મને જિંદગી ને મરણની ખબર છે:

કબર પર ફૂલો ને ફૂલો પર કબર છે. કવિની જીવન વિશેની સમજ કેવી તો વ્યાપક છે. તે આ લઘુ મુક્તક સુપેરે દર્શાવે છે. આવી વ્યાપક સમજ ધરાવનાર કવિ જ વ્યક્તિપ્રીતિમાંથી સરળતાથી માનવપ્રીતિમાં સરકી શકે. ગીતોમાં કવિ સાહજિકતા સિદ્ધ કરી શક્યા છે:

પ્રીત કરે તે જાણે
ધરતીમાં હળ ફેરવનારો ગંધ માટીની માણે.

સ્વાભાવિક રીતે જ આવી ગયેલું આ દૃષ્ટાંત કેટલું બધું અર્થસભર અને વ્યંજનાની ત્રિજ્યાઓને વિસ્તારનારું છે એ તરત ખ્યાલમાં આવશે. પ્રણયના પ્રથમ અંકુરથી માંડીને સ્વજનના મૃત્યુ સુધીની પ્રેમલીલા અનુભવ્યા પછી પણ 'પ્રીતિનું સ્વરૂપ' સમજાય ખરું? આપણને જે અનુભવ થયો તે જ સાચો એમ કહી શકાય? કવિ પૂછે છે:

પ્રીતિનું આ જ રૂપ-જેવું અનુભવાય?
દે કોણ ઉત્તર, બધાય નહીં તણાય!

આવો સંકુલ પદાર્થ છે પ્રેમ. તેને પૂરેપૂરો પામવો સરળ નથી.

જયન્તની કવિતાનો બીજો નોંધપાત્ર ઉન્મેષ પ્રગટ્યો છે. પ્રકૃતિકવિતામાં પ્રેમની અનુભૂતિ કરતાં પણ એમની પ્રકૃતિની અનુભૂતિ વધારે ગાઢ હોવાની છાપ પાડે છે. કવિ વનાંચલનું સંતાન છે. વનાંચલનો સમગ્ર અસબાબ એમની પ્રકૃતિ કવિતામાં સાંગોપાંગ પ્રગટી શક્યો છે. સંખ્યા દૃષ્ટિએ તો કદાચ પ્રેમકાવ્યો કરતાં પણ પ્રકૃતિકાવ્યો વધુ હશે. એટલું જ નહિ, એમનો કવિ તરીકેનો વિશેષ પણ જેટલો પ્રકૃતિ કવિતામાં પ્રગટ્યો છે તેટલો બીજા કોઈ વિષયની કવિતામાં પ્રગટી શક્યો નથી. 'સાગરતટે' શેક્સપિયરરાઈ સૉનેટ છે. પ્રથમ ચતુષ્કમાં કવિ સમુદ્રની શાંત સપાટીનું તથા આસપાસની શાંતિનું આલેખન કરી પછીના ચતુષ્કમાં ગતિનું વર્ણન કરે છે. સૉનેટની અંતિમ બે પંક્તિઓ સમગ્ર ચિત્રને ભવ્યતાનો સ્પર્શ કરાવે છે:

પ્રસન્ન નભ ને ધરા, ઉભય મધ્ય હું સ્મિત શો!
પ્રસન્ન પરમેશના ઉભય ઓષ્ઠના સ્મિત શો!

પૃથ્વી અને આકાશ એ પરમેશના વિરાટ ઓષ્ઠ ને તેની વચ્ચે અંકાયેલા સ્મિત જેવો કવિકલ્પનાની તાજગી અને ભવ્યતા જયન્તના કવિત્વનો આહ્‌લાદક ઉન્મેષ પ્રગટ કરે છે. કવિના વ્યક્તિત્વની ઓળખ માટે 'આનંદ' છે. કૃતિ મહત્ત્વની છે. કવિ વનાંચલનું સંતાન છે તેથી તેમને વનપ્રિય છે અને શહેરમાં વસે છે તેથી તે પણ તેમને ગમે છે. આ બંનેના - સંસ્કાર અને વન્યતાના-આનંદનો સ્વીકાર કરતાં કવિ કહે છે:

આનંદ છે : સંસ્કારથી હું ધન્ય,
આનંદ છે : થોડો રહ્યો છું વન્ય!

પ્રેમ અને પ્રકૃતિ ઉપરાંત કવિએ કેટલાક અન્ય વિષયો પર પણ કલમ ચલાવી છે. આધ્યાત્મિક અભિગમવાળી રચનાઓ 'મર્મર'માં સવિશેષ છે. કવિએ કેટલીક ચિંતનપ્રવણ રચનાઓ પણ કરી છે. આવી રચનાઓમાં જન્મદિવસ નિમિત્તે કરાયેલ કેટલાંક કાવ્યો નોંધપાત્ર છે. કવિએ છેલ્લા ચારપાંચ સંગ્રહોમાં સારી એવી સંખ્યામાં અછાંદસ રચનાઓ આપી છે. આ સ્વરૂપમાં પણ કવિએ સિદ્ધિ મેળવી છે.

જયન્તની કવિતામાં ઉધાર પાસું નાનું છે, જમા પાસું મોટું છે. જેમના સમગ્ર કાવ્યરાશિને અવલોકતાં તેમની કવિતા વિશે કેટલાક નિષ્કર્ષો તારવી શકાય એમ છે. 'મર્મર'થી 'શૂળી ઉપર સેજ' સુધી આવતાં પહેલી છાપ એ પડે કે જયન્ત મોટા ગજાના કવિ છે, સતત પરિવર્તનશીલ કવિ પણ છે. કાવ્યસ્વરૂપો, કાવ્યવિષયો, અભિવ્યક્તિની રીતિએ- એ બધી બાબતોમાં આવેલું પરિવર્તન પર ધ્યાન આકર્ષે છે. ઉશનસ્ કરતાં જયન્તમાં નવાં નવાં સાહસો કરવાનું વલણ વિશેષ છે. ગીત અને ગઝલ જેવાં પરંપરિત સ્વરૂપોમાં પણ અભિવ્યક્તિ પરત્વે કવિએ પ્રયોગશીલ અભિગમ અપનાવ્યો છે એ જોઈ શકાય છે. પ્રયોગો તરફ કવિની દૃષ્ટિ હોવા છતાં પરંપરાનો વિચ્છેદ તેઓ નથી કરતા. જે સિદ્ધ થઈ ચૂક્યું છે તેનો લાભ તેઓ લે છે જ, પણ તેનાથી સંતુષ્ટ થઈ બેસી રહેતા નથી, નવી નવી સિદ્ધિઓ માટે સતત પ્રયત્નશીલ રહે છે.

પ્રેમ અને પ્રકૃતિ ઉપરાંત કવિએ કેટલાક અન્ય વિષયો પર પણ કલમ ચલાવી છે. આધ્યાત્મિક અભિગમવાળી રચનાઓ 'મર્મર'માં સવિશેષ છે. કવિએ કેટલીક ચિંતનપ્રવણ રચનાઓ પણ કરી છે. આવી રચનાઓમાં જન્મદિવસ નિમિત્તે કરાયેલ કેટલાંક કાવ્યો નોંધપાત્ર છે

જયન્ત પાઠકે વતનનાં સંસ્મરણોને આલેખતી ગદ્યકૃતિઓ 'વનાંચલ'(૧૯૬૭) તથા 'તરુણ'(૧૯૬૮), આપી છે. શૈશવનાં સ્મરણો સાથે વતનપ્રેમની માધુરીનો સુભગ સમન્વય સાધતી સંવેદનકથા 'વનાંચલમાં પંચમહાલની અલ્લડ પ્રકૃતિમાં વસેલા અને નગરની અક્કડ અડાબીડમાં વસેલા નાયક અને લેખક વચ્ચેનો સંવેદનસંઘર્ષ રસપ્રદ રીતે રજૂ થયો છે. કવિત્વમય આસ્વાદ્ય બળકટ ગદ્ય 'વનાંચલ'ને ઊર્મિ કાવ્યક્ષમ શૈશવકથા બનાવે છે. 'તરુરાગ' વાસ્તવમાં 'વનાંચલ'માં દૃષ્ટિગોચર થતા પ્રકૃતિરાગનો જ સ્વૈરવિસ્તાર છે. એનું સ્વરૂપ નિબંધનું છે. એમાં નિબંધની ચુસ્તી જોવા મળે છે. પણ 'વનાંચલ' જેવી તાજગીનો અનુભવ એમાં થતો નથી.

સર્જનની સાથે સાથે શ્રી પાઠકે સ્વસ્થ, સમતોલ અને વિવેકપૂર્ણ વિવેચન પણ કર્યું છે. તેમણે પીએચ.ડી.ના અભ્યાસ નિમિત્તે લખેલ મહાનિબંધ 'આધુનિક કવિતા પ્રવાહ'(૧૯૬૫) નામે પ્રગટ થયો છે. સુંદરમે 'અર્વાચીન કવિતા'માં સો વર્ષની ગુજરાતી કવિતાનો અભ્યાસ રજૂ કર્યો છે. જયન્તે સુંદરમ્‌ના કામની પૂર્તિ કરી છે. એમણે મુખ્યત્વે ગાંધીયુગની ગુજરાતી કવિતાની સર્વાંગી સમીક્ષા કરવાનો પ્રયાસ કર્યો છે. 'આલોક'(૧૯૬૬) અને 'ભાવયિત્રી'(૧૯૭૪) એમના વિવેચન સંગ્રહો છે. આ લેખોમાં એમણે કેટલાક સર્જકો અને એમની રચનાઓની સમીક્ષા કરી છે તથા થોડીક સૈદ્ધાંતિક વિચારણા પ્રસ્તુત કરી છે. એમણે આપેલાં વસનજી ઠક્કુર વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો 'વંસતધર્મી'નું વિદ્યામધુ (૧૯૮૫) પુસ્તકમાં પ્રગટ થયાં છે. 'કિમપિદ્રવ્યમ'(૧૯૮૭) વિવેચનસંગ્રહ છે. 'ટૂંકીવાર્તા : સ્વરૂપ અને સાહિત્ય'(૧૯૬૭) એમણે અન્ય સાથે લખેલું પુસ્તક છે. એમાં ટૂંકીવાર્તાનું સ્વરૂપ, વિકાસ અને ધૂમકેતુ, દ્વિરેફ તથા સુંદરમ્‌ના વાર્તાસંગ્રહોની વિસ્તૃત સમીક્ષા સાંપડે છે. 'ઝવેરચંદ મેઘાણી : જીવન અને સાહિત્ય' (અન્ય સાથે, ૧૯૬૮) તથા 'રામનારાયણ વિ. પાઠક : સર્જક અને વિવેચક' (૧૯૭૦) સર્જકલક્ષી સ્વાધ્યાયગ્રંથો છે. કેટલાંક ગુજરાતી અને કેટલાંક અન્ય ભાષાનાં કાવ્યોના આસ્વાદનું પુસ્તક 'કાવ્યલોક'(૧૯૭૩) તેમણે આપ્યું છે. 'ભાવચિત્ર' (૧૯૭૪), 'ગુજરાતી ઊર્મિકાવ્યો'(૧૯૮૩) વગેરે એમનાં સંપાદનો છે. રમણ પાઠક સાથે એમણે 'ચેખોવની શ્રેષ્ઠ નવલિકાઓ'(૧૯૫૭)નો અનુવાદ આપ્યો છે. આ ઉપરાંત તેમણે સ્વતંત્ર રીતે 'ધીરે વહે છે દોન'(૧૯૬૧), 'ક્રાંતિની કથા'(૧૯૭૮) વગેરે અનુવાદો પણ આપ્યા છે.

આમ, ગાંધીયુગમાં જન્મેલા જયંત પાઠકે અનુગાંધીયુગ, આધુનિક અને આધુનિકોત્તરયુગમાં સાહિત્યસર્જન કરી, પૂરતી પ્રયોગશીલતા દાખવી, ગદ્ય અને પદ્ય ઉભયક્ષેત્રે ઉલ્લેખનીય પ્રદાન કરી મોટા ગજાના સાહિત્યકાર તરીકે પોતાનું સ્થાન સુનિશ્ચિત કર્યું છે.

લાટની સર્જક ત્રિપુટીમાં સ્થાન પ્રાપ્ત કરનાર ત્રીજા સર્જક ચંદ્રકાન્ત જેઠાલાલ પંડ્યાનો જન્મ ૩૧-૮-૧૯૨૦ના રોજ ખેડા જિલ્લાના ઘોડાસર મુકામે થયો હતો. ૧૯૪૦માં મેટ્રિક થઈ તેમણે ૧૯૪૪માં મુંબઈ યુનિવર્સિટીની ટી.ડી. ની ડિગ્રી મેળવી હતી. વળી ધરમપુર(જિ. વલસાડ)ના રાજઘરાણાના સંગીતજ્ઞ પ્રભાતદેવજી પાસેથી તેમણે સંગીતની તાલીમ પણ પ્રાપ્ત કરી હતી. ૧૯૪૪માં હાલોલની એમ. એસ. હાઈસ્કૂલમાં તેઓ શિક્ષક તરીકે જોડાયા. એ પછી ૧૯૪૯થી ૧૯૭૮ સુધી તેમણે નવસારી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે કામ કરેલું. નવસારી માધ્યમિક શિક્ષક સંઘના મંત્રી

તરીકે પણ તેમણે સેવા આપેલી. ૧૩-૧૦-૨૦૦૧ના રોજ તેમનું નિધન થયું હતું.

ચંદ્રકાન્ત પંડ્યાની સ્મૃતિકથા ૧૯૬૫માં 'જ્વાળા અને જ્યોત' શીર્ષકથી પ્રગટ થયેલી. એ રાજ્ય સરકારનો શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ એનાયત થયેલો. આ કિશોરકથા પછીથી 'બાનો ભીખુ' નામથી પ્રકાશિત થઈ. અનેક યુનિવર્સિટીઓમાં તે પાઠ્યપુસ્તક બનવાથી તેની અનેક આવૃત્તિઓ થઈ. ૧૯૯૭માં તેનો હિન્દી અનુવાદ પ્રગટ થયો અને તેનો બીજો ભાગ પણ 'ઈન્દિમૌલિ' માસિકમાં હપ્તાવાર પ્રગટ થયો. 'બાનો ભીખુ' માંથી ચોપડાની ઈન્દ્રજાળની ઉત્તમ ગદ્ય તરીકે રાષ્ટ્રીય કક્ષાએ પસંદગી થયેલી.


ચંદ્રકાન્ત પંડ્યાની સ્મૃતિકથા ૧૯૬૫માં 'જ્વાળા અને જ્યોત' શીર્ષકથી પ્રગટ થયેલી. એ રાજ્ય સરકારનો શ્રેષ્ઠ પુસ્તકનો એવોર્ડ એનાયત થયેલો. આ કિશોરકથા પછીથી 'બાનો ભીખુ' નામથી પ્રકાશિત થઈ.

'બાનો ભીખુ'માં કુટુંબપ્રેમ, વતનપ્રેમ, જૂનાને નવા જમાનાનો સંધિકાળ, ગાંધીયુગીન સહાનુભૂતિ અને પ્રબોધ, એક નાના અને જૂના રજવાડાનું મુગ્ધતા ને ટીકાવૃત્તિ બેઉ તાણાવાણાથી એક ભાતીગળ વસ્ત્ર વણાયું છે. લેખકનાં અવલોકનો ઝીણાં ને વાસ્તવિક છે, વર્ણનોને વ્યક્તિચિત્રો હૃદયંગમ છે. વત્સલ પણ રોષમૂર્તિ પિતાજી ને નિતાંત વત્સલતાની મૂર્તિ બા પાર્વતી, સહૃદય ને શુભેચ્છક શિક્ષકો, મરાઠા, મુસ્લિમ અને રાજપૂત એવા વિવિધ કોમના મિત્રો, ભલાભોળા પણ દેવાદાર ગણોતિયા આદિવાસી ખેડૂતોનાં વ્યક્તિચિત્રો સમર્થ કલમે આલેખાયાં છે. એમાંય વાત્સલ્યમૂર્તિ બાનું મંગલ ચિત્ર 'જગન્માતા' પ્રકરણમાં કાવ્યની કોટીએ પહોંચી શક્યું છે. પિતાની માંદગી ને મરણનું વર્ણન 'નાલાયક' ને 'કપૂત' પુસ્તકોમાં સત્યનિષ્ઠાથી થયું છે. પ્રસંગવર્ણનોમાં તથા પ્રકૃતિવર્ણનોમાં લેખક ખીલે છે. વ્યક્તિચિત્રો અને વર્ણનોમાં વાગ્વૈભવ દર્શાવનાર લેખકની પોતાની મુદ્રા પણ સુપેરે ઊપસી આવી છે. લેખકની શૈલી નિરાંડબરી સરળ છતાંય આકર્ષક છે. લેખક સભાન શૈલીકાર નથી. શૈલીનું એમને સંવર્ધન કરવું પડતું નથી. શૈલી એમને સહજ રીતે વરી છે. કૃતિમાં જ્યાં અનુભવની ચોટનું દર્દ આપોઆપ પ્રગટ થઈ ગયું છે ત્યાં શૈલી, સંવેદન અને સૌહાર્દનો ત્રિવેણીસંગમ થઈ ગયો છે. એક સામાન્ય મનુષ્યના કિશોરાવસ્થાના પ્રસંગો મહદંશે સામાન્ય જ હોય. એમાંથી રસનિષ્પત્તિ કરવી કપરી છે. શ્રી પંડ્યાએ આ કઠિન કાર્ય સહજ રીતે સિદ્ધ કર્યું છે. આ સ્મરણયાત્રા આપણી અલ્પ આત્મચરિત્રાત્મક સાહિત્યસમૃદ્ધિમાં મૂલ્યવાન ઉમેરારૂપ બની શકી છે.

નવસારીને પોતાની કર્મભૂમિ બનાવનાર શ્રી પંડ્યાએ ત્યાં નવચેતન સાહિત્ય મંડળની સ્થાપના કરી સાહિત્યિક પ્રવૃત્તિઓ કરેલી અને ૧૯૯૩માં ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૭મા જ્ઞાનસત્રનું આયોજન પણ કરેલું. વિદેશયાત્રા કર્યા પછી તેમણે ૧૯૭૫માં યુરોપનું પ્રવાસવર્ણન 'સુદામે દીઠી દ્વારામતી' નામે, આફ્રિકાનું પ્રવાસવર્ણન ૧૯૮૫માં 'ઘડીક સંગશ્યામ રંગનો' તથા ૧૯૮૭માં અમેરિકા પ્રવાસવર્ણન 'વસાહતીઓનું વતન' શીર્ષકથી પ્રગટ કરી ગુજરાતી પ્રવાસસાહિત્યમાં પણ પ્રદાન કર્યું છે. તેઓ સરકારમાન્ય પત્રકાર પણ હતા અને વલસાડ ડિસ્ટ્રિક્ટ જર્નાલિસ્ટ એસોસિએશનના પ્રમુખ પણ બન્યા હતા. ૧૯૭૨થી ૮૨ સુધી ગુજરાત સંગીત-નૃત્ય-નાટ્ય અકાદમી કારોબારીના સભ્ય પણ રહેલા. નવસારીના સામાજિક કાર્યકર તરીકે તેમણે સેવા પ્રવૃત્તિ પણ પ્રસંગોપાત કરી હતી.

સર્જક ત્રિપુટી પૈકી ઉશનસ્ અને જયન્તભાઈ કોલેજમાં પ્રાધ્યાપક હતા જ્યારે ચંદ્રકાન્ત સ્કૂલમાં શિક્ષક હતા. સાહિત્ય અને શિક્ષણથી પરસ્પર સંકળાયેલા આ ત્રણે મિત્રો હતા. ૧૯૪૦ની આસપાસ ત્રણેના મૈત્રીસંબંધો શરૂ થયેલા. તેમના અર્ધી સદીના મૈત્રીસંબંધોની ઉજવણી પણ કરવામાં આવેલી. લાટની આ લાડકી સર્જકત્રિપુટીને શતાબ્દી પર્વે સાદર સ્મરીએ એ જ આપણી અલ્પ શ્રદ્ધાંજલિ.

૧૦, શુકન વિલાઝ, બકેરી સિટી,
ટાગોર માર્ગ, વેજલપુર,
અમદાવાદ-૩૮૦૦૫૧
મો. ૯૯૨૫૧૫૯૭૫૧



લોકસાહિત્યમાં ઝિલાયેલો પ્રકૃતિનો પ્રભાવ

- દોલત ભટ્ટ

જનજીવન પર પ્રકૃતિનો પ્રભાવ પડ્યો તે લોકસાહિત્યમાં કેવી રીતે ઝિલાયો તેનો પ્રારંભ કયા સમયથી થતો દર્શાવ્યો છે.

બ્રહ્મમુહૂર્ત પછીનો સમય પ્રભાત સૂર્યનું પ્રથમ કિરણ ફૂટું ફૂટુ થઈ રહ્યું હોય જેને લોક બોલીમાં 'મોંસુઝણું' થવા આવ્યું હોય તે સમયથી ગણી શકાય જેમ કે,

સુરજ ઊગ્યો કેવડીઆની ફણશે
કે વાણલા ભલા વાયા
જાગો જશોદાના નંદ
કે વાણલા ભલા વાયા.

કેવડાના વૃક્ષ તરફનો અનુરાગ દર્શાવતો આપણે સાંભળી શકીએ છીએ.

જનસમાજે એક સમયમાં વૃક્ષોને ભરપૂર પ્રેમ કર્યો હતો. એનો કેટલો પ્રબળ પ્રભાવ હતો તેનો ભાવ આપણને આ રચનામાંથી મળે છે.

પરગજુ પારસ પીપળો,
અને અન્ય રચનામાં ગવાયું છે કે,
પીપળાના પાંદડે પ્રભુ પોઢ્યા
એટલે હું પીપળપાન નહીં તોડું

ભક્તિ પૂર્વ ભાવુકતા આપણને મળે છે.


એ જ રીતે પુષ્પપ્રેમની પરાકાષ્ઠા સાંભળવા મળે છે.તેમા વેણી, ગજરા, પુષ્પમાળા પુષ્પ બાજુબંધ પુષ્પહાર, ફૂલછાબ, ચંદન અગર પ્રત્યેક પ્રસંગે પ્રકૃતિની અણમૂલ દેન સમા પુષ્પો સદાને માટે જનસમૂહના સહયોગી રહ્યા છે.

વસંતને પણ વહાલથી વધાવી છે. ઋતુરાજ વસંત એટલે પુષ્પોનો પથારો તેમાંથી પ્રગટ થઈ પ્રસરતો ચિત્તને પ્રસન્ન કરતો પમરાટ કવિની કલમને સ્પર્શી જઈને લખાવે કે -

આવો વસંત ખેલ ખેલીને, રૂડી વસંતને વધાવીએ
ડોલે કમલિની જળ વિષે, ભ્રમર કરે ગુંજાર
મીઠડા કોયલના ટહુકાર

ફૂલ ગૂંથણી જેવી ભાવ ગૂંથણમાં અજબ લાલિત્ય ભરી આ રચનામાં કવિએ સુમન સુંગધને પ્રસરાવતા ગાયું

પંચરંગી પુષ્પો વીણી લીધાં, લટકુંતી લટમાં ગૂંથી લીધાં
અગર ચંદનનો ઓટો, વા'લે મારે નાખ્યો ફૂલનો ગોટો



કદળીદળના મંડપો નવયુગલોના વિહાર ધામ જલક્રીડા માનવ પ્રકૃતિનું પીયૂષપાન કરતાં કરતાં પરમ આનંદનો પ્રાપ્ત કરતો રહ્યો છે.

તુલસીક્યારો આંગણાની શોભા આજે પણ જળવાઈ રહી છે.તે સાથે સુકોમળતા સુગંધ અને સુંદરતાના સંગમ સમા પુષ્પ છોડ પણ આંગણાને અદકેરું રૂપ આપી રહ્યાં છે.

પુષ્પોથી પ્રભુ પુજાય છે પુષ્પોથી અતિથિનો સત્કાર થાય છે. પુષ્પોથી પ્રિયાને પ્રસન્ન કરાય છે. પુષ્પ પથારીએ પોઢાય છે. પુષ્પોથી વધાવાય છે. પુષ્પોથી અંતિમ વિદાય અપાય છે.

પ્રકૃતિનું બીજું તત્ત્વ છે. પક્ષીઓ કોકિલના ટહુકા મત્ત બનેલા મયુરના ગહેંકાટ જેમ કે,

કોટે મોર કણુકીઆ, વાદળ ચમકી વીજ
આવી અષાઢી બીજ, પિયુ પિયુ શબ્દ પુકારત
કોકિલકંઠ ગિરા

ચાતકનું પણ એટલું જ આદરભર્યું આલેખન થયું છે. પોપટ પાદરનું પક્ષી અનેક રચનાઓમાં એના ઉલ્લેખ મળે છે. પ્રસન્ન દાંપત્ય જીવનના સંવાદમાં પણ એને નોંધવામાં આવેલ છે.

રામને સીતા વાદ વદે, લાવજો રે એક રાતું ફૂલ
રદાકમળમાં રામ રમે, રાતી રે પોપટની ચાંચ
રાતો રે રંગ ચૂડલો

પોપટ સાથોસાથ 'મેના'નું સ્મરણ જોડાતું રહ્યું.

મારી મેના રે બોલે, ગઢને કાંગરે
ઝીણા મોર બોલે છે લીલી નાઘેરમાં
અને કોયલ કેમ ભુલાય! 'કોયલ બેઠી આંબાડાળ'

આંગણાના પક્ષી પારેવાનો એક યુગમાં સંદેશાવાહક તરીકે ઉપયોગ થતો હતો. તેનાં અનેક ઉદાહરણો આપણને લોકરચનાઓમાં વાંચવા મળે છે.

કોઈ દુઃખિયારી બહેન ભાઈના હેતને
સંભારતી કહે છે.

પારેવડા જાજે વીરાને દેશ, મારો આટલો કહેજે સંદેશ
તો કોઈ પિયુ વિયોગે વલવલતી વિરહિણી

પણ કુંજલડી મારફતે સંદેશ પહોંચાડવા બોલે છે.

કુંજલડી રે સંદેશો, કહેજે મારા શ્યામ ને

આમ પ્રકૃતિ પ્રત્યેની સ્નેહસભર સરવાણી નિતરે છે- નિપજે છે.

પક્ષીઓ પ્રભુએ નીમેલા વન અધિકારીઓ છે. વ્યોમમાં વિહાર કરતાં ફળ ખાઈને એનાં બી વાવતા જાય છે.

ચારણી શૈલીની રચનામાં વસંત અને ગ્રીત્તમ ઋતુનું આવું રૂપક રચાયું છે.

મધુ કુંજ ફરે રે અંબ મહેરે, મહક દેહરે મંજરા
કોકિલ કહેરે શબદ શહેરે, કુંજ લહેરે મધુકરાં

મધુભરી વન ઘટાઓ દ્વોરે છે, આંબા મોહર્યા છે મંજરીઓ મહેંક મહેંક થઈ રહી છે સરવા સાદે કોયલો કિલ્લોલ કરે છે. કુંજોમાં મધુકરો ગુંજારવ કરી રહ્યા છે. માથાઓ પર પુષ્પો વેરાઈ રહ્યાં છે.

આમ સમગ્ર પ્રકૃતિનું દર્શન કરાવવાનું લોકકવિ ભૂલતા નથી.

જનજીવનમાં પ્રકૃતિના પાત્રો હર પળે જોડાયેલાં અને જડાયેલાં રહ્યાં છે.

મોર પોપટને હાથી ચાકળા ચંદરવા સાડીના પાલવમાં ટોડલીઆ અને તોરણોમાં ઓળખાતા અને આલેખાતા રહ્યા છે.

પક્ષી સાથે પશુ પ્રેમ પણ નિરંતર નિતરતો રહ્યો.

કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઈ સુલક્ષણીનાર
સરજનહારે સરજીઆ, તીનું રતન સંસાર

અશ્વો પ્રત્યેનો આદર અભૂતપૂર્વ રીતે થયો છે, મહારાણા પ્રતાપના 'ચેતક' નામના અશ્વને ઈતિહાસ અંકિત કરીને અમરતા આપી છે.

ચડવાને ઘોડો હંસલો રાજાના કુંવર

વન્ય પ્રાણીઓ પણ અલિપ્ત રહી શક્યા નથી. સ્ત્રીઓના રૂપ વર્ણ સાથે જોડાયેલાં નામો.

મૃગલોચની, મૃગનયની, ગજગામીની વૃક્ષો સાથે પણ તેનું સંધાન કરવામાં આવેલું છે.

સાગના સોટા જેવી સવળોટી કાયાવાળી, બોરડીની બંકી ડાળ જેવી, પશુઓના માણસે કુટુંબના સ્વજન જેમ જતન ક્યાં છે. ઘોડાને મુઠીફાટે એવા બાજરાના જોગાણ ઘી ગોળની રાતબ, બળદોને ગોળના દડબાં, ડોકે ટોકરા, અંગ માથે .. શિંગડાં પર ખોભળા શણગાર સજાવીને વરને ગાડે જોતરાતા બળદો મેં જોયા છે.

વિજાણંદ વિયોગે વગડો વીંધતી શેણી કયે છે.

હરણા તારી ડોકમાં, પહેરાવું ઘુઘરમાળ
વાવડ દે વિજાણંદના

અઢાર ભાર વનસ્પતિનાં પણ વારણાં લીધાં છે. આસોપાલવનાં તોરણ, કેસુડાને કેસર સિંદુરને હિંગળો, કંકુ ને કપુર એટલે મેઘાણીએ ગાયું.

કંકુ ઘોળજોજી કે કેસર રોળજોજી

શિવાજીના હાલરડામાં સિંદુરનું સ્મરણ કરતાં કહ્યું કે

તેદિ' તારે સિંદુરિયા થાપા

છાતી માથે ઝીલવા બાપા ગાંધીનગર વનચેતના કેન્દ્રમાં સિંદુરનાં વૃક્ષો છે.

સરોવર, સરિતા, તળાવ, વાવ, વીરડા, કુવા, સાગર અને વનરાઈમાં વિસ્તરની પ્રકૃતિના વારણાં લેવાતાં રહ્યાં છે.

દાંપત્યજીવનમાં પણ
સોનલા વાટકડીએ કેસર ઘોળ્યા વાલમિયા

જેવી રચનાઓ પણ પ્રકૃતિ પ્રેમનું પ્રતીક બની રહે છે.

ગુજરાતના ભિન્ન ભિન્ન પંથકો પણ પોતાને પ્રભુએ બક્ષેલી આગવી પ્રકૃતિથી જ પરખાય છે.

આવળ, બાવળ બોરડી સરવો સાલે માળ
નટ પટાધર નિપજે પડજૂઓ પાંચાળ

પશુઓના ચરિયાણ માટેના ઊગેલા ખડને વીડી તરીકે ઓળખાવાય છે તેનું પણ પ્રતિબિંબ ઝિલાયું છે.

સવા બશેરનું મારું દાતરડું રે લોલ
હીરનો બંધીઓ હાથ મુંજા વાલમજી લોલ
હવે નહીં જાઉં વીડી વાઢવા રે લોલ.

આવી જ રીતે આધુનિક કવિઓની રચનામાં પણ પ્રકૃતિનાં વર્ણનો રચાયાં છે.

'મેંદી તે વાવી માળવે એનો રંગ ગયો ગુજરાત.'

અને

સાયબો મારો ગુલાબનો છોડ, વેલી હું તો લવંગની

આમ સૃષ્ટિના શણગારને લોક કવિઓએ
જિગરથી ઝીલ્યા છે જતનથી જાળવ્યા છે.

'રાજાજીના બાગમાં લીંબુડા ઝૂલે.'
પ્રકૃતિનું પાન બાળવાર્તાથી થતું
ચકો લાવ્યો ચોખાનો દાણો,
ચકી લાવી મગનો દાણો.

તેમજ

'ભાભો ઢોર ચારતા, ચણી બોર લાવતા.'

બાળકોને આમ પ્રકૃતિનું પીયૂષપાન કરાવાતું
એ આપણું આગવું શિક્ષણ હતું.

તો પુલકિત થઈને પ્રફુલ્લિત પ્રકૃતિનું પાન આપણે આ રચનામાં પામી શકીએ.

છલત શ્રાવણ મલત સામા, વલત નીલી વેલડી
બપૈયા પ્રઘળા મોર બોલે, ધ્યાન રાખત ઢેલડી
પ્રસનાર નાવત કરત પૂજા, ધ્યાન શંકર સે ધરે

શ્રાવણ છલકાય છે, લીલી વેલડીઓ વૃક્ષોને વીંટળાય છે, મોર ટહુકા કરે છે. ઢેલડી એનું ધ્યાન રાખે છે સ્ત્રી-પુરુષો પૂજા કરીને શિવનું ધ્યાન ધરે છે.

આપણે પણ પ્રકૃતિને પ્રેમ કરીએ, પાળીએ, પોષણ કરીને અને પ્રસન્નતા પ્રાપ્ત કરવાનો સંકલ્પ કરીએ. પ્રકૃતિને પ્રેમ એટલે પ્રભુની પૂજા આ સૂત્રને જન જન સુધી પહોંચાડી ખરા અર્થમાં પ્રભુ પ્રભુ કરીએ.

૨૫/૪ "ઘ" ટાઈપ, સેક્ટર-૨૨, ગાંધીનગર
મો. ૯૮૨૫૫૨૬૨૫૫

સતની શોધમાં !

- *પરમાનંદ માણેકલાલ ગાંધી*

સૃષ્ટિના પ્રારંભમાં શું હતું તે એક વિચારણીય પ્રશ્ન છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં જણાવ્યા મુજબ नासतो विद्यते भावो ना भावो विद्यते सतः । એટલે કે સતનું અસ્તિત્વ હતું અને અસતનો અભાવ હતો. (અ.રી. ૧૬)

આ જ વાતની ઋગ્વેદના નાસદીયસૂક્તમાં વિસ્તૃત વિચારણા કરી છે.

नासदासीनो सदासीन्तदानी...हनं गभीरम् (ऋ. ૧૦/૧૨૦/૧)

તેનો ભાવાર્થ કાંઈક આ પ્રમાણે છે. 'અસત ન હતું, ત્યારે સત પણ ન હતું, રજસ પણ ન હતું. તેનાથી પરે જે વ્યોમ છે, તે પણ ન હતું તો આરંભમાં શું હતું ?'

વેદોના જ્ઞાતા યાસ્કાચાર્યે તેમના નિરુક્ત ગ્રંથના દૈવત કાંડના સાતમા અધ્યાયમાં વિવેચન કરતાં સ્પષ્ટ લખ્યું છે. 'આ જગતના મૂળમાં અતિ ઐશ્વર્યશાળી મહાશક્તિશાળી શક્તિ છે. તે ઈશ્વર કહેવાય છે.'

મહામુનિ કપિલે પણ તેમના સાંખ્યદર્શનમાં જણાવ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિમાં કેવળ જડ અને ચેતન એમ બે જ તત્ત્વો હતાં. ચેતન તત્ત્વ એ પુરુષ એટલે કે પરબ્રહ્મ અને જડ તત્ત્વ તે પ્રકૃતિ. એ બંનેના સંયોગથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે

મહામુનિ કપિલે પણ તેમના સાંખ્યદર્શનમાં જણાવ્યું છે કે સૃષ્ટિની ઉત્પત્તિમાં કેવળ જડ અને ચેતન એમ બે જ તત્ત્વો હતાં. ચેતન તત્ત્વ એ પુરુષ એટલે કે પરબ્રહ્મ અને જડ તત્ત્વ તે પ્રકૃતિ. એ બંનેના સંયોગથી સૃષ્ટિ ઉત્પન્ન થઈ છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં પણ તેનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

मयाध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौंतेय जगद्विविपरिवर्तते ॥ (અ.૯/૧૦)

અર્થાત્, હે અર્જુન! હું નિયંતા એવા મારા વડે(મારી) પ્રકૃતિ ચૈતન્ય અને જડ એવા જગતને પેદા કરે છે. એના લીધે જ જગત પરિણમ્યું છે. એટલું જ નહીં, પણ મારી સત્ત્વ, રજ અને તમ એ ત્રિગુણાત્મક પ્રકૃતિ છે અને તે બધામાં વ્યાપ્ત છે. પરંતુ સંસારાસક્તિ તથા અવિવેકપૂર્ણ વ્યવહારના કારણે માનવીનું જીવન દુઃખમય બને છે. પરંતુ તેનું જ્ઞાન થતાં માનવી પોતે સુખસ્વરૂપ અને સત છે તેની અનુભૂતિનો આનંદ માણે છે.

પરંતુ પ્રશ્ન એ થાય છે કે પોતે સતસ્વરૂપ છે છતાં માનવીને તેની અનુભૂતિ કેમ થતી નથી?

પાતંજલ યોગદર્શનમાં તેમ થવાનું કારણ સમજાવ્યું છે. આત્મતત્ત્વ જે સત છે તેના ઉપર અન્નમયકોશ, પ્રાણમય કોશ, અનોમનકોશ, વિજ્ઞાનમય કોશ તથા આનંદમય કોશનાં આવરણ છે.

અન્નમયકોશ એ પાંચ મહાભૂત સ્થૂળ શરીર તથા સ્થૂળ ઇન્દ્રિયોનું બનેલું છે અને તેનાથી શરીરની ધારણા થાય છે. તેનાથી શરીર પુષ્ટ બને છે અને શરીરનો બાંધો રૂપ, રંગ, ઊંચાઈ, જાડાઈ, વજન ઈત્યાદિ ધ્યાનમાં આવે છે. આપણે રોજિંદા ભોજનમાં જે જમીએ છીએ- દાળ, ભાત, શાક, કઠોળ, ફળફળાદિ, તે શરીર શક્તિશાળી બને, તેના લીધે માનવી પોતાનું જીવન સ્ફૂર્તિદાયક અને ઉત્સાહી કરી શકે. તેનાથી શરીરનો વિકાસ અને વૃદ્ધિ થાય છે. અન્નના લીધે તેના રસમાંથી લોહી અને શુક્રાણુ બને છે અને પ્રજાની ઉત્પત્તિ થાય છે.

પરંતુ આપણે જે અન્ન જમીએ છીએ તેનાથી શરીરની વૃદ્ધિ અને વિકાસની સાથે મનની વૃત્તિ તૈયાર થાય છે તે દૈવી કે આસુરી છે તે મહત્ત્વનું છે. પેલી કહેવત - 'અન્ન તેવો ઓડકાર' ક્ષુદ્ર અન્ન ખવાય તો વૃત્તિ ક્ષુદ્ર બને છે.

પ્રાણમય કોશ : અન્નમય કોશથી પ્રાણમય કોશ સૂક્ષ્મ છે. આ પ્રાણમય કોશમાં મુખ્ય પ્રાણવાયુ તથા અપાનવાયુ, સમાનવાયુ, ઉદાતવાયુ અને વ્યાનવાયુ શરીરના જુદા જુદા ભાગોમાં રહી શરીરને ચેતનવંતુ રાખી તેને કાર્યરત કરે છે.

પ્રાણવાયુ : બાળકના જન્મથી જ તેની શ્વાસઉચ્છવાસની પ્રક્રિયા થાય છે તે પ્રાણવાયુના લીધે થાય છે. આ પ્રાણવાયુ કર્મેન્દ્રિયોને કાર્યાન્વિત કરે છે. મનને વિચાર માટે અને બુદ્ધિને તર્ક અને નિર્ણય લેવા માટે શક્તિ પ્રદાન કરે છે. ચિત્તને ચિંતન માટે પ્રવૃત્ત કરે છે. તે હૃદયાકાશમાં રહી શરીરના ઉપરના કંઠસ્થ ભાગ સુધી કાર્યરત રહે છે.

અપાનવાયુ : તેનું કાર્ય ગુદામાંથી મળ-મૂત્ર તથા અંડકોશમાંથી વીર્ય કાઢવાનું તથા ગર્ભને ધારણ કરવાનું છે. તેનું સ્થાન નાભિની નીચેના ભાગો- જેવાં કે જાંઘ, ઘૂંટણ, પાદસ્તલ સુધીમાં રહેવાનું છે. ત્યાં ફરતા રહીને તે બધી ઈન્દ્રિયોને કાર્યરત કરવાનું છે.

સમાનવાયુ : જે કોઈ ખોરાક સ્થૂળ યા પ્રવાહીરૂપે લેવાય છે તેને જઠરમાં રહી, ઉદરમાં રહી પચાવવાની ક્રિયા દ્વારા

અન્ન રસને જુદા જુદા સ્રાવ દ્વારા ભિન્ન ભિન્ન અવયવો તથા ઈન્દ્રિયોમાં તથા નાડીઓમાં તેનું યોગ્ય વિભાજન કરી પુષ્ટ કરવાનું છે.

ઉદાનવાયુ : કંઠમાં રહીને માથા સુધીના અવયવોમાં ગતિ કરીને શરીરને પકડી સ્થિર રાખવાનું તે કાર્ય કરે છે. તેના દ્વારા શરીરમાં રહેલા પ્રાણનો વ્યાપ્ત (સૃષ્ટિ) સાથે સંબંધ રહ્યો છે. મૃત્યુ સમયે સૂક્ષ્મ શરીર- જે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ સત્તર તત્ત્વોનું બનેલું છે. તે લિંગદેહ તરીકે પણ ઓળખાય છે. તે બહાર નીકળી સૂક્ષ્મ શરીરના ક્રમ, ગુણ, સંસ્કાર ઈત્યાદિ જોઈ ગતિ કરી તેની વાસના મુજબ તે પ્રદેશમાં જઈ તે પ્રદેશના સ્ત્રી અને પુરુષના સમાગમથી તેમના ગર્ભમાં પ્રવેશ કરી તે પ્રદેશમાં જન્મ લે છે.

આપણી રૂઢ સમજણ છે કે મૃત્યુ એટલે મનુષ્યનું આયુષ્ય પૂરું થવું-દેહનું અવસાન થવું- પણ તે અધૂરી સમજણ છે. લિંગદેહની જેટલી જેવી કમાણી છે, તેના મુજબ તેના સંસ્કારો અને વાસના પ્રમાણે તે જન્મ લે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં આ કથનને અનુમોદન છે. તેમાં લખ્યું છે-

તત્ર તં બુદ્ધિ સંયોગમ્ લભતેપૂર્વદેહિનમ્ (અ. ૬/૪૩)

અર્થાત્ દેહ નવું રૂપ નવા રંગ સાથે જન્મ લે છે. બાકીનું તેનું સૂક્ષ્મરૂપ ભગવાન આપે છે.

મનોમન કોશ : પાંચ જ્ઞાનેન્દ્રિયો એકત્ર આવવાથી તે ઉત્પન્ન થાય છે. અંતઃકરણની વૃત્તિ દ્વારા જે સંકલ્પો તથા વિકલ્પો થાય છે, શંકા-સંદેહો થાય છે. તેના લીધે તનાવ, ડિપ્રેશન ઈત્યાદિ રોગોનું તે કારણ બને છે.

'આત્મતત્ત્વ સત હોવાથી જીવનની પ્રત્યેક અવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં તે બદલાતું નથી અને સૌથી સૂક્ષ્મ કોશ આનંદમય કોશ છે. આનંદનો અનુભવ મહદ્ અંશે સુષુપ્તિ અવસ્થા દરમિયાન થતો હોય છે

માનવી જીવનની બધી જ પ્રવૃત્તિઓ શરીર દ્વારા થાય છે. પરંતુ તેના લીધે નિર્માણ થતાં સુખદુઃખ મનનાં લીધે જ જીવ ભોગવે છે. તદ્‌ઉપરાંત માતાપિતા, પતિપત્ની તથા સંતાન ઈત્યાદિ માટે થતી ભાવના પણ મન દ્વારા વ્યક્ત થાય છે.

વિજ્ઞાનમયકોશ એ મનોમય કોશથી સૂક્ષ્મ છે અને બુદ્ધિ તથા અહંકારથી બનેલો છે.

શાસ્ત્રમાં જણાવ્યા મુજબ ભગવાન સુધી પહોંચાડવાનું કાર્ય વિવેકથી તૈયાર થયેલી નિશ્ચયાત્મક બુદ્ધિ કરે છે. એના સંદર્ભમાં ગીતામાં સ્પષ્ટ લખાણ છે.

इन्द्रियाणि पराज्याहुरिंदियेभ्यः परं मनः ।

मनसस्तु परा बुद्धिःयो बुध्धे परतस्तुसः ॥ (અ૩/૪૨)

અર્થાત્ પંચમહાભૂતાત્મક શરીરના કરતાં જ્ઞાનેન્દ્રિયો શ્રેષ્ઠ છે. તે ઈન્દ્રિયોથી મન શ્રેષ્ઠ છે. મન કરતાં બુદ્ધિ શ્રેષ્ઠ છે અને બુદ્ધિથી જે શ્રેષ્ઠ છે તે પરબ્રહ્મ પરમાત્મા છે.

કઠોપનિષદમાં પણ આ જ પ્રકારની લક્ષણા વ્યક્ત કરી છે.

आत्मानं रधिनं विधिशरीरं रथमेवतु...

आत्मेन्द्रिय मनोयुक्तं मोक्तेत्याहुर्यनीविणः ॥४॥

તેનો ભાવાર્થ કાંઈક આ પ્રકારનો છે. (અ.૧,૩-૪) જેમ રથને ઘોડા હોય છે, તેમ જીવનરથમાં ઈન્દ્રિયોરૂપી ઘોડા જીવનરથને ખેંચે છે. પરંતુ આ ઈન્દ્રિયોનું સહજ આકર્ષણ વિષયો તરફ હોય છે. તેથી તેને તાબામાં રાખવા મનરૂપી લગામ છે અને લગામની રાશ રથના સારથિ બુદ્ધિના હાથમાં સોંપી છે. આ જીવન રથનો માલિક જીવાત્મા રથની અંદર બેઠો છે અને સારથિને સૂચના આપે છે કે નિર્દેશ કર્યા મુજબ રથને લક્ષ્ય સુધી પહોંચાડે.

તે માટે બુદ્ધિ જે સારથિ છે તે વિવેકાધિષ્ઠિત અને સમર્થ હોવી જોઈએ કે જેથી વિષયો તરફ દોડતા ઘોડાઓને લગામ મારફતે ખેંચીને યોગ્ય દિશામાં વાળે. પરંતુ બુદ્ધિ વિવિકાધિષ્ઠિત ન હોય, અવિવેકી અને ઉન્મત્ત હોય તો જીવન રથને ખાડામાં નાંખે.

પરંતુ આ બુદ્ધિ જડ હોવાથી જીવનની સ્વપ્ન કે સુષુપ્તિ કે જાગ્રત અવસ્થાઓમાં કાર્યરત હોતી નથી. તે વિચાર પણ કરી શકતી હોતી નથી. પરંતુ તે સમય દરમ્યાન અંદર રહેલો આત્મા જ કાર્યરત હોય છે. કારણ કે તે સત છે. શાશ્વત છે. પરંતુ આ વિજ્ઞાનમય કોશ સત નથી.

પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીએ તેમના ગીતાના પ્રવચનમાં આ જ વિચારનો ઉલ્લેખ કરતાં સમજાવ્યું છે કે, સતનો નાશ નથી અને અસતનું કોઈપણ અસ્તિત્વ નથી. કારણ કે તે અસત છે પરંતુ આત્મા સત હોવાથી તે સર્વગત છે. અણુપરમાણુમાં તે વ્યાપ્ત છે. પ્રત્યેકના અંતઃકરણમાં તે રહેલો છે. વિશ્વના અનંત દેહોમાં વ્યાપ્ત છે.

'આત્મતત્ત્વ સત હોવાથી જીવનની પ્રત્યેક અવસ્થા, બાલ્યાવસ્થા, યુવાવસ્થા તથા વૃદ્ધાવસ્થામાં તે બદલાતું નથી અને સૌથી સૂક્ષ્મ કોશ આનંદમય કોશ છે. આનંદનો અનુભવ મહદ્ અંશે સુષુપ્તિ અવસ્થા દરમિયાન થતો હોય છે. તે વખતે સ્થૂળ શરીર કે સૂક્ષ્મ શરીર કાર્યરત હોતું નથી.'

અંતઃકરણ અજ્ઞાનથી ઢંકાયેલું હોય છે, ત્યારે આનંદનું સુખ સત્ત્વપ્રધાન હોતું નથી, પણ તે ઢંકાયેલું હોવાથી જ તેનું નામ આનંદમય કોશ રાખવામાં આવ્યું છે અને જ્યાં સુધી આ આવરણ છે, ત્યાં સુધી માનવીને આત્માનંદની અનુભૂતિ શક્ય નથી. તેને સત તત્ત્વની જાણ થતી નથી.

હકીકતમાં તો આત્માનંદની અનુભૂતિ એ શબ્દ પ્રયોગ પણ યોગ્ય નથી. કારણ કે આત્માનંદ તો સ્વપ્રકાશ છે.

તે શબ્દાંકિત કેમ કરી શકાય? તે ક્ષણ એવી છે કે જ્યારે વર્તમાન, ભૂતકાળ તથા ભવિષ્યકાળ ત્રણેનું વિસ્મરણ થયું હોય, સમગ્ર સૃષ્ટિમાંથી મન અલિપ્ત થતું હોય છે અને અંદર રહેલા જીવનું ઈશતત્ત્વ સાથે તાદાત્મ્ય થયું હોય છે. તે ક્ષણનો પરખ આનંદ તો જન્મોની સાધના પછી એકાદ જ્ઞાની, જીવનની શ્રેષ્ઠ ગતિને પામે છે.

એજ વાતનું સમર્થન આપતો શ્રીમદ્ ભગવદ્ગીતામાં નીચે મુજબ શ્લોક છે-

अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ॥

(અ. ૬/૪૫)

અનેક જન્મો પછી માનવી જીવનના પરમ લક્ષ્યને પામે છે.

આવા જ પ્રકારનો બીજો એક શ્લોક પણ શ્રીમદ્ ભગવદ્ગીતામાં છે તે આ પ્રમાણે છે -

बहुनां व्धान्मनामन्ते ज्ञानवान्मां प्रवद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः

(અ-૭-૧૯)

'અર્થાત્, એવો તત્ત્વજ્ઞાની દુર્લભ છે કે આ સ્થાવર જંગમ જગતમાં વાસુદેવરૂપ હું છું જાણી તે મને પામે છે.'

તે પરમ તત્ત્વ સત તત્ત્વ છે તેના સંદર્ભમાં એક પ્રસંગ કથા વાંચી.

એક વિદ્વાન પ્રાધ્યાપક સત શું છે તે જાણવાની મથામણમાં પડ્યો હતો. તેણે ઘણાં પુસ્તકો વાંચ્યાં પણ તેના મનનું સમાધાન ન થયું. તે ફરતો ફરતો એક જ્ઞાની સંતના આશ્રમમાં આવી પહોંચ્યો. સંતે તેને તેને આવકારી તેના આવવાનું કારણ જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. પ્રાધ્યાપકે કહ્યું 'હું સતની શોધમાં છું' તે જાણવા મેં ખૂબ પ્રયત્નો કર્યાં. પણ મારા મનનું સમાધાન થયું નથી. કૃપા કરી મને જણાવશો કે તે શું છે ? ક્યાં મળી શકે ? 'તમે બેસો. સ્વસ્થ થાઓ તમારા માટે હું ચ્હા લઈ આવું.' કહી તે અંદર ગયા.

થોડીવારમાં બે કપ તથા ચ્હાની કીટલી લઈ તે આવ્યા. એક કપમાં ચ્હા રેડી અને બીજા કપમાં ચ્હા રેડતાં રેડતાં કપ છલકાઈ ગયો. પ્રાધ્યાપકે તેમનું ધ્યાન દોરતાં તેમણે કહ્યું 'મારું ધ્યાન છે પણ એ જ તમારા પ્રશ્નનો ઉત્તર છે.' 'પરંતુ ચ્હાના છલકાવા સાથે મારા પ્રશ્નનો શું સંબંધ છે ?' તો તેનો જવાબ આપતાં સંતે કહ્યું. 'તમારા ભેજામાં ચાલતા તર્કવિતર્કના બોજા નીચે અંદર રહેલું સત તત્ત્વ ઢંકાઈ ગયું છે. તમારા મસ્તકના બધા જ તર્કવિતર્ક ખંખેરીને બે ક્ષણ શાંતિથી બેસો તમારા અંતરાત્મામાં તે સ્વયં પ્રકાશિત થશે તેને શોધવાની જરૂર નથી. તે સત તમારામાં છે. મારામાં છે, બધામાં છે.'

કામ, ક્રોધ આદિ વિકારો તથા સંસારાદિ મોહના તારી આંખે પાટા બાંધેલા છે. તે ખોલી નાંખ. તું દેહ છે, જીવ છે, સુખી છે. દુઃખી છે તે ક્ષુદ્રતા ખંખેરી નાંખી અને શાંતિ ચિત્તે એકાગ્રતાથી તારા અંતરાત્માનો અવાજ સાંભળ

આવા જ પ્રકારની એક ઘટનાનો વધારે સ્પષ્ટતાથી છાંદોગ્યપનિષદમાં ઉલ્લેખ છે.

ઉદ્દાલકે તેના પુત્ર શ્વેતકેતુને સત તત્ત્વ, આત્મતત્ત્વ શું છે તે જુદાં જુદાં વ્યવહારુ દષ્ટાંતો આપી સમજાવ્યું. છતાં પણ શ્વેતકેતુને તેની સ્પષ્ટતા ન થતાં ઉદ્દાલકે તેને ગાંધાર દેશના એક નિવાસીનું દષ્ટાંત આપી સમજાવ્યું. 'ગાંધાર દેશનો આંખે પાટો બાંધેલો એક નિવાસી વનેવનમાં ભટકતો પોતાના દેશનો રાહ શોધતો ફાંફાં મારતો હતો. એટલામાં ચોરોએ આવી તેની બધી સંપત્તિ લૂંટી લીધી. તે આક્રંદ કરી મોટેથી બોલવા લાગ્યો.' 'મને કોઈ બચાવો. હું ફલાણાનો પુત્ર છું. મારું બધું ધન લુંટાઈ ગયું છે. હવે મારા પરિવારનું શું થશે ? તેમનું ભરણપોષણ હું કઈ રીતે કરી શકીશ ? ત્યારે કોઈ કૃપાળુ બ્રહ્મજ્ઞ બંધનમુક્ત મહાપ્રજ્ઞ તેને પ્રાપ્ત થયો તથા તેના દ્વારા તેને સાંસારિક દોષોનું દર્શન થયું. ત્યારે તેનો અંતરાત્મા તેને કહે છે.' 'તું સાંસારિક નથી. પુત્રાદિ ધર્મવાળો નથી.' ત્યારે તે નિવાસી પૂછે છે હું કોણ છું ? ત્યારે તેને સમજાવાય છે કે તે સત તત્ત્વ તું જ છે.

તે જ પ્રમાણે હે શ્વેતકેતુ ! તને કામ, ક્રોધ આદિ વિકારો તથા સંસારાદિ મોહના તારી આંખે પાટા બાંધેલા છે. તે ખોલી નાંખ. તું દેહ છે, જીવ છે, સુખી છે. દુઃખી છે તે ક્ષુદ્રતા ખંખેરી નાંખી અને શાંતિ ચિત્તે એકાગ્રતાથી તારા અંતરાત્માનો અવાજ સાંભળ. તું દેહાત્મભાવથી, અજ્ઞાનથી, સાંસારિક, સંબંધોથી તું બંધાયો છે. એ બધી ઉપાધિઓથી તું થોડો અળગો થા. તો તને સમજાશે કે તે સતરૂપ તું જ છે. તું જ તે શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. અનાદિઅનંત બ્રહ્મ તું જ છે, 'तत्वमसि श्वेतकेतु' એમ વેદ કહે છે.

(છાંદોગ્યઉપનિષદ અધ્યાય-૬, ખંડ-૧૪, મંત્ર-૧૨૩)

અંતમાં એટલું તો સ્પષ્ટ જ છે કે સતને ક્યાંય શોધવાની જરૂર નથી તે આપણા બધાંમાં જ છે. તેની અનુભૂતિ લેવાની આવશ્યકતા છે.

૧૦૦૬-બી કલાસાગર, રત્નમણિ કોમ્પલેક્સ પાછળ,
જોધપુર ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૧૫
મો.-૯૩૨૮૩૦૪૪૦૯



છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...






મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

▶ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▶ અધિકૃત માહિતી ▶ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
▶ લોકકલ્યાણની વાત ▶ રાજ્ય સરકારના નિર્ણયો ▶ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
▶ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▶ અતિથિની કલમે ▶ વિદ્વાનોના વિચારો ▶ વાંચકોની વાત
▶ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▶ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

ગુજરાત પાક્ષિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૫૦/-**

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર **રૂ. 30/-**

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.


અમદાવાદના પ્રથમ નગરશેઠ : શાંતિદાસ ઝવેરી

- *ડૉ. માણેક પટેલ 'સેતુ'*

અમદાવાદના સંસ્કાર અને સમૃદ્ધિની એક વિરાસત સમા શાંતિદાસ ઝવેરીને કોઈ મુનિએ 'ચિંતામણિ મંત્ર' આપ્યો અને તે મંત્ર સિદ્ધ કરવાથી તેઓ ખૂબ ધનવાન થયા એવું માનવામાં આવે છે. દિલ્હીના મુઘલ દરબાર સુધી એમનો કારોબાર વધ્યો. બાદશાહ અકબરશાહના દરબારમાં એમની અવરજવરથી બેગમ જોધાબાઈ સાથે 'ભાઈ' જેવા સંબંધો થયા. આગળ જતાં મુઘલ દરબારમાં તેઓની ઓળખ 'ઝવેરીમામા' તરીકેની બની. મુઘલ દરબારે આઝમખાં સૂબા દ્વારા શાહી પોશાક અને પાઘડીની ભેટની સાથે શાંતિદાસ ઝવેરીને વારસાગત 'નગરશેઠ' તરીકેની નિમણૂક કરતું શાહી ફરમાન આપ્યું.

શાંતિદાસ ધાર્મિક સ્વભાવ ધરાવતા હતા. એમણે ગુરુ મુક્તિસાગરજીની સલાહ મુજબ ચિંતામણિનું દેરાસર બાંધવા આજ્ઞા લીધી. વર્ષ ૧૬૨૧માં દિલ્હી દરબાર તરફથી દેરાસર માટે બીબીપુરા વિસ્તારમાં જમીન ફાળવણીનું ફરમાન મેળવ્યું. કાલુપુરથી રેલવે તરફથી નરોડા જતાં રોડની શરૂઆતમાં અમદુપુરા વિસ્તાર આવેલો છે. એમાં આવેલી જમીનમાં વર્ષ ૧૬૨૨માં દેરાસરનું કામકાજ શરૂ કર્યું. શાંતિદાસે દેરાસર બાંધવામાં મન મૂકીને છૂટા હાથે દ્રવ્યની સાથે સમય અને શક્તિ વાપરી. ૧૬૨૬માં દેરાસરનું બાંધકામ પૂર્ણ થયું. નયરમ્ય બાવન જિનાલયમાં ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. એમણે આ દેરાસર પાછળ એ જમાનામાં રૂપિયા નવ લાખનો ખર્ચ કર્યો હતો. ૧૬૩૮માં જર્મન પ્રવાસી કોન્ડલસ્લોએ આ ચિંતામણિ દેરાસરની મુલાકાત લીધી હતી, એવું વિવરણ એમની પ્રવાસનોંધમાં જોવા મળે છે.

૧૬૨૬માં દેરાસરનું બાંધકામ પૂર્ણ થયું. નયરમ્ય બાવન જિનાલયમાં ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. એમણે આ દેરાસર પાછળ એ જમાનામાં રૂપિયા નવ લાખનો ખર્ચ કર્યો હતો



સમય બદલાતાં બાદશાહ શાહજહાંના સમય દરમિયાન અમદાવાદના સૂબા આઝમખાં જુલ્મી હોવાની ફરિયાદ દિલ્હી પહોંચતાં, તેને પાછો દિલ્હી બોલાવી લેવાયો હતો. પછી શાહજાદા ઔરંગઝેબ અહીં સૂબા તરીકે આવ્યો. મઝહબી ઝનૂનમાં એણે ચિંતામણી દેરાસરમાં ગાયનો વધ કરાવી, અપવિત્ર કર્યું અને તેમાં ઘણી બધી તોડફોડ કરી. શાંતિદાસ ઝવેરીને ઔરંગઝેબની બગડેલી દાનતની ખબર પડી જતાં, અગમચેતીરૂપે દેરાસરની મૂર્તિઓને ખંડિત થતી બચાવવા ભોંયરામાં સંતાડી દીધી હતી. બાદશાહ સુધી આની ગંધ ન પહોંચે એની ખૂબ કાળજી રાખી હતી. મુઘલ દરબારમાં વગ હોવા છતાં, પોતે પ્રતિષ્ઠા કરાવેલ ભવ્ય જિનાલયની દુર્દશા જોઈ શાંતિદાસ ઝવેરી ખૂબ હતાશ થયા. એમણે બાદશાહ શાહજહાંના દરબારમાં ફરિયાદ કરી. શાહજહાંએ ઔરંગઝેબને દિલ્હી પાછો બોલાવી લીધો અને દેરાસરનો કલબો શાંતિદાસને પાછો આપવાનું શાહી ફરમાન કર્યું. આણંદજી કલ્યાણજી પેઢીના તત્કાલીન પ્રમુખ શેઠ શ્રેણિકભાઈ લાલભાઈએ મને રૂબરૂ મુલાકાતમાં એ પછીની દેરાસરની પરિસ્થિતિ વિશે જણાવ્યું હતું કે આચાર્યોના અભિપ્રાય મુજબ અપવિત્ર થયેલી જગ્યામાં ફરી દેરાસર શરૂ કરવાનો કોઈ અર્થ નથી. સમય જતાં, તેની ઉપેક્ષા થતાં સ્થાનિક લોકો તેના પથ્થરો અને માલસામાન ઉપાડી ગયા. સ્થાનક ખંડેર બન્યું હતું. આશરે ૨૭૭ વર્ષ પહેલાં, ૧૭૪૩માં શાંતિદાસના વારસોએ ઝવેરીવાડમાં આદિશ્વર ભગવાનની એક મૂર્તિની પ્રતિષ્ઠા કરી. બીજી મૂર્તિ નિશા પોળના જગવલ્લભના ભોંયરામાં બેસાડવામાં આવી અને ત્રીજી મૂર્તિ સૂરજમહેલના દહેરામાં પ્રતિષ્ઠા કરવામાં આવી. આવી રીતે કુલ ૨૧ જેટલી મૂર્તિઓ પ્રતિષ્ઠા પામી છે.

શાંતિદાસ ઝવેરીના પૂર્વજો મારવાડના સિસોદિયા

રાજપૂત વંશના હતા. વિધર્મીઓનાં આક્રમણ થવાથી ભારે મોટી ઉથલપાથલ સર્જાતાં શાંતિદાસના પિતા સહસ્રકિરણ પહેરે કપડે ૧૫ વર્ષની ઉંમરે અમદાવાદ આવ્યા હતા અને એક ઝવેરીને ત્યાં નોકરીએ લાગ્યા. તેના મારવાડી ઝવેરી શેઠે તેની પુત્રીના લગ્ન સહસ્રકિરણ સાથે કરાવી તેને દુકાન અને ધંધો પણ સોંપી દીધો. સમય જતાં સહસ્રકિરણે બીજાં લગ્ન કર્યાં. જેનાથી ચાર સંતાનો થયાં. તે પૈકી એક શાંતિદાસ હતા. તેઓ ખૂબ તેજસ્વી અને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતાં હોઈ ઝવેરાતના ધંધામાં ખૂબ આગળ નીકળી ગયા.

શાંતિદાસ ઝવેરીને રૂપા, કપૂર, ફુલા અને વાછી એમ ચાર પત્નીઓ હતી. પન્નાજી, રત્નાજી, કપૂરચંદ, લક્ષ્મીચંદ અને માણેકચંદ પુત્રો હતા. એમને ત્રણ મોટી ડેલીઓ (હવેલીઓ) હતી. સુરક્ષા રાખતી ચોકીઓ હતી. શાંતિદાસ શેઠને નગરશેઠનો દરજ્જો હોવાથી હવેલી ઉપર મશાલ અને છડી રાખવાનો શાહી પરવાનો હતો. પાંચસો જેટલા ઘોડાનો કાફલો હતો.

શાંતિદાસની ઝવેરાતની પરખશક્તિ ખૂબ ઊંચી હતી. એકવાર મુઘલ બાદશાહે બતાવેલા હીરાનું સાચું મૂલ્યાંકન કરી તેમણે કહ્યું - 'હીરો મૂલ્યવાન હોવા છતાં એની અંદર જીવાતનો દાગ છે.' બાદશાહે કહ્યું કે જો ખોટા પડશો તો પ્રાણદંડની સજા થશે. હીરાને તોડતાં એમાંથી જીવાતનો અવશેષ અને તેના લીધે પડેલો ખાડો જોવા મળ્યો. બાદશાહે આફરીન થઈ એમનું શાહી સન્માન કર્યું. શાહજહાંએ મયૂરાસન બનાવવા છ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા. તેમાંનું ઘણું ઝવેરાત શાંતિદાસે પૂરું પાડ્યું હતું. ૧૬૫૭માં અમદાવાદમાં શાહજહાં બાદશાહનો સૂબો શાહજાદો મુરાદબક્ષ હતો. દિલ્હીમાં શાહજહાં બાદશાહ બીમાર થવાના સમાચાર મળતાં મુરાદબક્ષે પોતાને અમદાવાદમાં રહીને દિલ્હીનો બાદશાહ જાહેર કરીને પાંચમી ડિસેમ્બર, ૧૬૫૭ના રોજ રાજ્યાભિષેક કરાવ્યો. એ પછી દિલ્હી સામે બળવો કરવા મુરાદબક્ષે શાંતિદાસના પુત્ર પાસેથી રૂપિયા ચાર લાખ અને બાવીસ હજાર અને તેમના ભાગીદાર રવિદાસ પાસેથી રૂપિયા ચાલીસ હજાર અને બીજા અઠ્યાસી હજાર રૂપિયા શામળ શેઠ પાસેથી કુલ મળીને સાડા પાંચ લાખ રૂપિયા ઉછીના લીધા. એ પેટે એણે શાંતિદાસ ઝવેરીને કેટલાંક પરગણાંની આવક લખી આપી હતી.

ચાલબાજ ઔરંગઝેબે દિલ્હી આવેલા મુરાદબક્ષ અને વૃદ્ધ અશક્ત શાહજહાં એમ બંનેને કેદ કરી લીધા અને ઔરંગઝેબ પોતે બાદશાહ બની બેઠો. એને ખ્યાલ આવી ગયો હતો કે એના ભાઈએ શાંતિદાસના પૈસાથી બળવો કર્યો હતો. સમય પારખી ઔરંગઝેબે ૧૮મી ઓગસ્ટ, ૧૬૫૮ના રોજ મુરાદબક્ષે લીધેલા રૂપિયા પરત કરવાનું નવું ફરમાન કાઢી આપ્યું. અને વધારામાં બાદશાહે શાહી પોષાક ભેટ આપ્યો. જે ઔરંગઝેબે જેનું દેરાસર તોડી પાડ્યું હતું, એમનું બહુમાન કર્યું અને અમદાવાદ જતાં શાંતિદાસને પ્રજાજોગ શાંતિનો સંદેશો પણ મોકલી આપ્યો. આણંદજી કલ્યાણજીની પેઢીમાં શાંતિદાસ ઝવેરીના અને એમણે મેળવેલાં શાહી ફરમાનોની માહિતી આજેય જોવા મળે છે.

વધારામાં બાદશાહે શાહી પોષાક ભેટ આપ્યો. જે ઔરંગઝેબે જેનું દેરાસર તોડી પાડ્યું હતું, એમનું બહુમાન કર્યું અને અમદાવાદ જતાં શાંતિદાસને પ્રજાજોગ શાંતિનો સંદેશો પણ મોકલી આપ્યો

શાંતિદાસ ઝવેરીની હવેલી અંગે માહિતી આપતાં શેઠ શ્રેણિકભાઈએ મને જણાવ્યું હતું કે એમની હવેલી ઝવેરીવાડમાં હતી. એ જમાનામાં આગ લાગતાં આખી હવેલી ખાખ થઈ ગઈ હતી. બીજા એક અભિપ્રાય મુજબ નગરશેઠ જ્યાં રહેતા હતા - તે જગ્યા નગરશેઠનો વંડો કહેવાતો હતો. હાલમાં નગરશેઠના વંડામાં દવાની દુકાનોનું હોલસેલ બજાર છે. શાંતિદાસના પાંચ પુત્રો પૈકી ચાર અમદાવાદમાં સ્થાયી થયા. જેમાંથી લક્ષ્મીચંદ નગરશેઠ બન્યા હતા અને એમનો પાંચમો પુત્ર માણેકચંદ સુરતમાં સ્થાયી થયો હતો. શાંતિદાસના ૧૧ વારસદારોએ નગરશેઠનો વારસાગત રીતે હોદ્દો ભોગવ્યો હતો.

૮૪, શંકર સોસાયટી, વિભાગ-૨,
અંકુર રોડ, નારણપુરા, અમદાવાદ-૧૩
મો - ૯૮૨૫૦૪૨૨૩૧



વસતી નિયંત્રણ, સમાન નાગરિક અને ડૉ. બાબાસાહેબ આંબેડકર

- કિશોર મકવાણા

યુગ પ્રવર્તક મહાપુરુષના જીવનને સમજવું અને સર્વાંગી રીતે તેનું આકલન કરવું બહું મુશ્કેલ હોય છે. કારણ કે યુગપ્રવર્તક મહાપુરુષ પોતાના અલ્પજીવનકાળમાં સમાજ અને રાષ્ટ્રજીવનનાં અનેક પાસાને સ્પર્શે છે. ઘણીવાર આ મહાપુરુષના કોઇ એક જ પાસા પર વધુ ભાર મૂકી એજ એમનું જીવન કાર્ય હતું એવી વાતો વહેતી કરવામાં આવે છે. દરેક જણ પોતાની ફૂટપટ્ટીથી મહાપુરુષને માપવાનો પ્રયત્ન કરે છે. વેંતિયા માણસો પોતાની ફૂટપટ્ટીથી માપશે અને ઊંચાઇવાળો પોતાની ફૂટપટ્ટીથી માપશે. સ્વાર્થી લોકો પોતાની ફૂટપટ્ટીથી એમને માપશે. સમાજના બની બેઠેલા ઠેકેદારો પોતાની ફૂટપટ્ટીથી માપશે. વાસ્તવમાં એ મહાપુરુષનું અધૂરું વિશ્લેષણ હોય છે. સમયથી આગળ વિચારનાર મહાપુરુષ પોતાના જીવનકાળમાં ક્યારેય બહુ લોકપ્રિય બની શકતા નથી. એનું કારણ એ છે કે મહાપુરુષ જે વિઝન રજૂ કરે છે એ સમય કરતા ઘણું આગળ હોય છે.

ડૉ. ભીમરાવ રામજી આંબેડકર પણ એ પરિપાટીના મહામાનવ હતા. માત્ર બંધારણ નિર્માતા, અસ્પૃશ્યતા સામે લડનાર એક સામાજિક યોદ્ધા, અર્થશાસ્ત્રી કે મહિલા સશક્તિકરણ માટે ઝઝૂમનાર નેતા કે દલિત નેતા જ નહોતા. તેઓ એક મહાન રાષ્ટ્રનિર્માતા છે. ડૉ. બાબાસાહેબનું વ્યક્તિત્વ ઘણું વિરાટ અને ઉત્તુંગ હતું. 'નેશન ફર્સ્ટ' એ એમના દરેક કાર્ય અને વિચારના કેન્દ્રમાં રહ્યું હતું. એમણે હંમેશાં રાષ્ટ્રની ચિંતા કરી. એમણે એક નવું જ ચિંતન રજૂ કર્યુ કે 'રાષ્ટ્રને શક્તિશાળી બનાવવો હશે તો પ્રત્યેક વ્યક્તિને સ્વતંત્રતા, સમતા અને બંધુત્વના વ્યવહારનો અનુભવ થવો જોઈએ.'

બાબાસાહેબે ધાર્મિક, સામાજિક, રાજકીય, આર્થિક જેવા વિષયો પર વિપુલ પ્રમાણમાં લખ્યું છે અને ભાષણો કર્યાં છે. આ બધામાં એમનો રાષ્ટ્રીય દષ્ટિકોણ પ્રતિબિંબિત થતો



જોઇ શકાય છે. એનો આપણે સૂક્ષ્મતાથી અભ્યાસ કરીએ તો એમાં મહાન રાષ્ટ્રપુરુષનાં દર્શન થાય છે. રાષ્ટ્રનિર્માણમાં ડૉ. બાબાસાહેબનું યોગદાન ઐતિહાસિક છે. રાષ્ટ્રનિર્માણ સામાન્ય કામ નથી. એમની તુલના અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યૂથર કિંગ, રૂસના ફ્રેડરિક ધ ગ્રેટ, ઈંગ્લેન્ડના ક્રામલેન જેવા મહાપુરુષો સાથે કરી શકાય .

રાષ્ટ્રનિર્માણ સામાન્ય કામ નથી. એની તુલનામાં કોઇ રાજકીય પાર્ટી ઊભી કરવી, સત્તા પ્રાપ્ત કરવી, એ સત્તા જાળવી રાખવા જાત જાતની તરકીબો અજમાવવી કે તોડફોડિયાં આંદોલનો કરી લોકોને ગુમરાહ કરવા સહેલું છે.

રાષ્ટ્રનિર્માતાને પોતાના રાષ્ટ્રનો ઈતિહાસ, ધર્મ પરંપરા, સમાજ વ્યવસ્થા, રાજકીય ઈતિહાસ, લોક પરંપરા, સંસ્કૃતિ અને લોક માનસ વગેરે વિષયોનું સૂક્ષ્મ જ્ઞાન હોય એ જરૂરી છે. યશસ્વી મહાન રાજનેતા પોતાની પેઢીનું પ્રતિનિધિત્વ કરે છે. ભવિષ્યની પેઢી કાળાંતરે એનું સ્મરણ કરે છે. રાષ્ટ્રનેતાનું સ્મરણ ભવિષ્યની પેઢીએ કરવું પડે છે કારણ કે એમનું કાર્ય અને વિચાર આવનારી દરેક પેઢીને સ્પર્શ કરનારા હોય છે. કહે છેઃ રાષ્ટ્રપુરુષનો પડછાયો ભવિષ્ય પર બહુ લાંબો પડે છે.

ડૉ. બાબાસાહેબ માટે રાષ્ટ્ર પ્રથમ હતું. એ રાષ્ટ્રને વૈભવશાળી જોવા માંગતા હતા. એટલે એમણે એ માટે વિઝન પણ રજૂ કર્યુ. સાથે સાથે ડૉ. આંબેડકરે રાષ્ટ્રને સંકટમાં મૂકનારી દરેક બાબત પર પોતાના વિચાર નિર્ભયતાથી વ્યક્ત કર્યા, એટલું જ નહીં, એને ઉકેલવા માટેનો માર્ગ પણ સૂચવ્યો હતો. એમણે ઈસ્લામી કટ્ટરવાદ, ચીનની વિસ્તારવાદી માનસિકતા, દેશમાં કેટલાક લોકોની દેશ સાથે ગદ્દારી, કલમ ૩૭૦, સમાન સિવિલ કોડ, સંવિધાન અને દેશ વિરોધી માર્ક્સવાદીઓ દરેક બાબતે એમણે સ્પષ્ટતાથી પોતાની વાત રજૂ કરી.

એવી જ રીતે રાષ્ટ્ર સામે અગર કોઇ એક સમસ્યા રાક્ષસ બનીને આ દેશને ગળી જાય એવી હોય તો એ છે વસ્તી વિસ્ફોટ. આ વિકરાળ સમસ્યા ભારતના ભવિષ્યને તો અંધકારમાં ધકેલી દેશે જ સાથે સાથે કેન્દ્ર કે રાજ્ય સરકારની બધી જ કલ્યાણકારી યોજનાઓ પણ નિષ્ફળ કરી નાખે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે વસ્તીવધારાની સમસ્યા સામે ચિંતા વ્યક્ત કરી એનો ઉકેલ પણ સૂચવ્યો. ડૉ. આંબેડકર માનતા હતા કે વસ્તીવધારો સરકારની બધી જ સારી યોજનાને નિષ્ફળ કરી નાખે છે, સાથે સાથે ગરીબી પણ વધારે છે. વસ્તી વધારા પર નિયંત્રણ લાદવા માટે તેમણે મુંબઇ એસેમ્બલી (૧૯૩૮) માં આપેલું

મહત્ત્વપૂર્ણ પ્રવચન આજે પણ પ્રાસંગિક છે, એટલું જ નહીં રાષ્ટ્રના હિતમાં એ બાબતે વિચાર કરવા પણ યોગ્ય છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર નવેમ્બર ૧૯૩૮માં મુંબઇ પ્રાંત વિધાન પરિષદમાં વસ્તી નિયંત્રણ પર પ્રવચન આપવાના હતા પરંતુ કોઇ કારણવશ તે પહોંચી શક્યા નહોતા. ડૉ. આંબેડકરની વિનંતીથી એ લેખિત પ્રવચનનું (મુંબઇ લેજિસ્લેટિવ અસેમ્બલી ડિબેટ્સ ખંડ-૨) પી. જે. રોહમે વાંચન કર્યું હતું. એ પ્રવચનના મુખ્ય ૧૭ મુદ્દા જોઇએ.

૧. 'આ ધારાસભા સરકારને વિનંતી કરે છે કે, પરિવારને સીમિત રાખવાની અત્યંત આવશ્યકતા છે અને તેથી સરકારે આ પ્રદેશના લોકો વચ્ચે વ્યાપક પ્રચાર કરવો જોઇએ તથા જન્મદર નિયંત્રણમાં રહે એ માટે યોગ્ય સુવિધાઓ કરવી જોઇએ. શિક્ષિત વર્ગે તો અત્યાર સુધીમાં વસ્તી નિયંત્રણની જરૂરિયાત સમજી લધી છે. સાથે નસીબજોગે આપણા દેશના નેતાઓ પણ આ અંગે એકમત છે. પંડિત જવાહરલાલ નહેરુ, શ્રીમતી સરોજિની નાયડુ તથા રવીન્દ્રનાથ ઠાકુર વસ્તી નિયંત્રણ અભિયાનની આવશ્યકતા તેમજ મહત્ત્વને સારી રીતે સમજે છે, એટલું જ નહીં પરંતુ ગર્ભનિરોધક સાધનોની તરફેણ પણ કરે છે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ સુભાષચંદ્ર બોઝે તેમના અધ્યક્ષીય પ્રવચનમાં કહ્યું કે, "વસતી વધારાનો દર હાલ છે એ જ પ્રમાણે જો વધતો રહેશે તો આપણી યોજનાઓ નિષ્ફળ જવાનું જોખમ છે.'

૨. 'મહાત્મા ગાંધીએ ઘણા સમય પહેલાં લખ્યું હતું, દેશમાં વસ્તી વધારાના સમાચાર સાંભળું ત્યારે મને જે દુઃખ થાય છે તે મારે વાચકોથી સંતાડવું નથી. ઘણા ઓછા લોકોને એવાં કારણોસર થતાં અપાર દુખ વિશે જાણકારી હશે જે શારીરિક, માનસિક અથવા નાણાકીય રીતે નબળા લોકોને ત્યાં જન્મ લેનાર બાળકોને કારણે થતું હોય છે. માતા-પિતાની સાથે સાથે સમાજને પણ તેની પીડા સહન કરવી પડે છે. આવાં બાળકોનો જન્મ અટકાવવાથી એવી માતાઓના મૃત્યુદરમાં પણ ઘટાડો કરી શકાશે જે બાળકના જન્મ સમયે તેમજ તેની સાથે આવનાર બીમારીમાં સપડાય છે. બાળ મૃત્યુદર ઘટશે, પ્રજાના સ્વાસ્થ્યમાં સુધારો થશે, અતિશય ગરીબીથી પ્રભાવિત જે લોકો ગુનેગાર બને છે તેમાં પણ ઘટાડો થશે તથા સમાજનો સાર્વત્રિક વિકાસ થશે.'

૩. 'વર્તમાન સમયમાં સંઘર્ષમય જીવનને કારણે અનેક લોકો સમયસર લગ્ન કરી શકતા નથી અને તેથી તેઓ વિવિધ બીમારી અથવા ખોટી ટેવોમાં સપડાય છે. ઘણી મહિલાઓ આજીવન નકામી બની જાય છે અને બીમારીની સ્થિતિમાં બાળકને જન્મ આપે એ કારણે અનેક મહિલાઓ આજીવન પથારીવશ થઈ જાય છે. અનિચ્છિત બાળકો મોટેભાગે માતાની ઉપેક્ષાનો ભોગ બને છે અને એ લોકો આગળ જતાં સમાજ માટે ભારરૂપ બને છે. આ સમસ્યાઓના ઉકેલનો શ્રેષ્ઠ ઉપાય જન્મદર નિયંત્રણ છે. કોઇપણ પ્રકારના અનિચ્છનીય જન્મથી સમાજને લાભ થતો નથી. જે બાળકોને માતા-પિતાનો હૃદયપૂર્વક આવકાર મળે એ બાળકો જ સમાજ માટે લાભદાયક રહે. આથી ગર્ભધારણ અટકાવવા માટે પ્રત્યેક મહિલાને સક્ષમ બનાવવી પડશે.'

૪. 'ગરીબી અનૈતિકતાનું મૂળ છે. પ્રોફેસર જો. ટોંડલરે ૧૯૩૫માં વિયેના કોંગ્રેસ દરમિયાન જે નિબંધ વાંચ્યો હતો. તેમાં રહેઠાણની અસુવિધાને કારણે જે ગંભીર સ્થિતિનું નિર્માણ થાય છે એ તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. તેમણે કહ્યું હતું, જર્મનીમાં દરેક પરિવાર પાસે સરેરાશ એક રૂમ હોય છે જ્યારે ફ્રાન્સમાં અઢી રૂમ હોય છે. ૧૯૨૫માં બર્લિનની વિગતો અનુસાર ત્યાં ૭૫ ટકા લોકો પાસે પોતાનો રૂમ નથી. પરિણામે બાળકોએ પુખ્તવયના લોકો સાથે એક રૂમમાં જ અને એક પથારીમાં સૂવું પડે છે. અનેક બાળકો ગીચતા અને ગંદકીની સ્થિતિમાં જીવ ગુમાવી દે છે. છોકરા ચોરીના રવાડે ચઢી જાય છે અને છોકરીઓ શરીર વેચવાના ધંધામાં સપડાય છે. એવી જ સ્થિતિ વિયેનામાં છે. ૧૪થી ૧૮ વર્ષની વયજૂથનાં બાળકોમાંથી ૨૦ ટકા પાસે સૂવા માટે પોતાની અલગ પથારી નથી હોતી. શહેરી ઝૂંપડપટ્ટી તથા ગ્રામીણ વિસ્તારોમાં તો એના કરતાં પણ વધારે ખરાબ સ્થિતિ હોય છે. આપણા દેશમાં મુંબઈ જેવા શહેરોમાં પણ એવી જ સ્થિતિ છે. કેટલાક અપવાદને બાદ કરતાં મહદંશે એવું જોવા મળે છે કે ગરીબીને કારણે બધી સારી બાબતો ઉપેક્ષિત બની જાય છે. આગળ એ વાત કરીશું કે જન્મદર નિયંત્રણ વિના ગરીબીમાંથી મુક્તિ મેળવવાનું કેવી રીતે અશક્ય છે.'

૫. 'આપણને હવે ખ્યાલ આવી ગયો છે કે તમામ પ્રકારની પ્રગતિ માટે જન્મદર નિયંત્રિત કરવાનું અત્યંત આવશ્યક છે, ત્યારે એ લક્ષ્યાંક હાંસલ કરવા આપણે તેના ઉપાયો પર વિચાર કરવો પડશે. તેનો એક ઉપાય એ છે કે માત્ર બાળજન્મ માટે જ શારીરિક સંબંધ જરૂરી માનવો જોઇએ અને બાળકોની જરૂર ન હોય ત્યારે શારીરિક સંબંધ અંગે વિચારવાનું ન હોવું જોઇએ. આધુનિક ગર્ભનિરોધકનો પ્રયોગ પણ એક ઉપાય છે. ઉપરોક્ત બંનેમાંથી પહેલા ઉપાયની વાત છે ત્યાં સુધી લગ્ન ન થયા હોય ત્યારે બ્રહ્મચર્યનું પાલન શક્ય છે, પરંતુ પરિણીત યુગલ જે સ્વસ્થ હોય તેમના માટે વર્ષો સુધી બ્રહ્મચર્ય પાળવાનું માનવ સ્વભાવથી વિરુદ્ધનું છે, એટલું જ નહીં પરંતુ તે માનસિક ત્રાસ જેવી બાબત પણ છે. શા માટે આ વાત કેટલાક લોકોને સમજાતી નહીં હોય.'

૬. અનેક દાયકાથી ઘણા બધા દેશમાં સ્વનિયંત્રણ દ્વારા જન્મદર કાબૂમાં રાખવાના ઉપાય નિષ્ફળ ગયા છે. બ્રહ્મચર્યના સમર્થકો પણ એવો દાવો કરતા નથી કે કોઈ

સામાન્ય વ્યક્તિ આજીવન શારીરિક સંબંધ વિના રહી શકે.

૭. 'હિન્દુ શાસ્ત્રોમાં વર્ણવવામાં આવેલા કેટલાક આકરા નિયમોના પાલન દ્વારા પણ આદર્શ પરિવારની મર્યાદા નક્કી કરવાનું શક્ય નથી. દા.ત. વિષ્ણુ સ્મૃતિના ૫૪મા અધ્યાયની આઠમી પંક્તિ અનુસાર માત્ર અમુક ચોક્કસ દિવસોએ જ શારીરિક સંબંધ બાંધવાનું જરૂરી હોવાનું કહેવામાં આવ્યું છે.'

કોઈ ડૉક્ટરે સરસ કહ્યું છે કે, મહિલાએ પ્રસૂતિની જે પીડા સહન કરવી પડે છે એવી પીડા પુરુષે એકાદ વખત પણ સહન કરવી પડે તો પછી કોઈ પુરુષ જીવનમાં કદી એક કરતાં વધુ બાળક ઇચ્છશે નહીં.

૮. 'સમાજ હજુ વિશાળ પરિવારને આદર્શ માને છે તેથી કોઈ પોતાના પરિવારને મર્યાદિત રાખવા તૈયાર નથી- એવું માનવું સદંતર ખોટું છે. સાવ જૂજ લોકો જ પરિવારની સંખ્યા મોટી રાખવા માગતા હોય છે, મોટાભાગના સામાન્ય લોકો તો પરિવાર મર્યાદિત જ રાખવા માગે છે. એ જ કારણે ગર્ભપાત, બાળહત્યા જેવી ઘટનાઓ પણ જોવા મળે છે. ૧૯૩૪માં પિપલ્સ ટ્રિબ્યુનમાં પ્રકાશિત એક અહેવાલ અનુસાર, ૧૯૩૩માં માત્ર શાંઘાઈના માર્ગો ઉપર ૨૪,૦૦૦ બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા. આવી જ સ્થિતિ ચીનના મોટાભાગના ક્ષેત્રમાં જોવા મળે છે. તેથી એટલું નિશ્ચિત છે કે, આધુનિક ગર્ભનિરોધક વ્યવસ્થા વિના આવી ગંભીર સ્થિતિ ઉપર નિયંત્રણ મેળવવાનું શક્ય નથી.'

૯. 'કેટલાક એવું પણ વિચારતા હોય છે કે તેમની જ્ઞાતિ, ધર્મ અથવા વિસ્તારમાં જનસંખ્યા ઓછી થશે તો તેમને નુકસાન થશે. તેમને ડર હોય છે કે વસ્તી નિયંત્રણ કરવાથી તેમના દુશ્મનોનું જોર વધી જશે. સૌથી પહેલાં તો એ સમજવું જોઇએ કે પરિવારને નિયંત્રિત રાખવાના ઉપાય કરવા સાથે તરત જ વસ્તી વધારાનો દર ઓછો થઈ જતો નથી. આ દરનો આધાર માત્ર જન્મ ઉપર નહીં પરંતુ બાળકો જીવિત રહેવાની સંખ્યા ઉપર પણ આધારિત છે. અનેક જગ્યાએ કરવામાં આવેલા વૈજ્ઞાનિક અભ્યાસ પરથી સ્પષ્ટ થયું છે કે, જન્મદરનું પ્રમાણ જેટલું વધારે હોય એટલું જ વધુ પ્રમાણ મૃત્યુદરનું પણ જોવા મળે છે. પરિણામે તેનાથી જન્મ પછી જીવિત રહેવાના પ્રમાણ ઉપર અવળી અસર પડે છે એટલું જ નહીં પરંતુ એ દરમાં વધારો પણ થાય છે. ભારત જેવા દેશોમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ વધારે હોવાથી વસ્તી વૃદ્ધિનો દર ઈંગ્લેન્ડ જેવા દેશોને સમકક્ષ હોતો નથી. ભારતમાં જન્મદરની સરખામણીમાં ઈંગ્લેન્ડમાં જન્મદર અડધા કરતાં ઓછો છે. છતાં સ્થિતિ એવી છે કે, ૧૯૦૧થી ૧૯૩૧ના સમયગાળામાં ઈંગ્લેન્ડમાં વસ્તી વધારાના દરમાં ૨૩ ટકાનો વધારો થયો, જ્યારે એ જ ગાળામાં ભારતમાં વસ્તીવૃદ્ધિ દર ૧૭ ટકા હતો.'

૧૦. 'એ પણ યાદ રાખવું જોઇએ કે આધુનિક યુદ્ધ માટે સાવ ઓછા માણસોની જરૂર હોય છે. આધુનિક શસ્ત્ર-સરંજામ ધરાવતું નાનું લશ્કર આધુનિકતાથી સજ્જ ન હોય તેવા પોતાના કરતાં અનેકગણા વધારે મોટા લશ્કરને હરાવી શકે છે. પહેલા વિશ્વયુદ્ધમાં ઓછો જન્મદર ધરાવતા દેશોએ વધુ જન્મદર ધરાવતા દેશોને હરાવ્યા હતા. વિશ્વમાં એવા ઘણા સમાજ જોવા મળે છે જે સંખ્યાની રીતે નાના હોય, પરંતુ સંપત્તિ અને સંસ્કૃતિની રીતે વિશેષ સ્થાન ધરાવતા હોય. આપણા દેશમાં જ પારસી સમુદાય તેનું ઉદાહરણ છે. સંખ્યાની લાલચ લાભદાયક વિકલ્પ નથી.'

૧૧. 'પશ્ચિમી દેશોનાં અનેક ઉદાહરણ દ્વારા આપણે એ જાણીએ છીએ કે, આધુનિક ગર્ભનિરોધકોનો ઉપયોગ તમામ જાતિ-ધર્મ-સમુદાયના લોકો કરે છે. એવું કહેવામાં આવે છે કે રોમન કેથોલિક વસ્તીવૃદ્ધિ વિરોધી છે. પણ એ વાત સાચી લાગતી નથી, કેમ કે ફ્રાન્સ રોમન કેથોલિક દેશ છે છતાં ત્યાં જન્મદર ઘણો નીચો છે.

૧૯૩૨માં વિવિધ દેશોમાં જન્મદરનું પ્રમાણઃ

દેશ	**જન્મદર**
જર્મની	૧૫.૧
સ્વિડન	૧૪.૫
ઓસ્ટ્રિયા	૧૫.૨
ઈંગ્લેન્ડ અને વેલ્સ	૧૫.૩
નોર્વે	૧૬.૩
ઓસ્ટ્રેલિયા	૧૬.૭
ન્યૂઝીલેન્ડ	૧૭.૧
યુએસએ	૧૭.૩
ફ્રાન્સ	૧૭.૩

ઓછામાં ઓછો જન્મદર ધરાવતા ત્રણ દેશોમાં એક ઓસ્ટ્રિયા છે, જે સંપૂર્ણ કેથોલિક દેશ છે. જર્મનમાં એક તૃતીયાંશ કેથોલિક છે.

૧૯૨૭-૧૯૨૮માં કેટલાક મુખ્ય શહેરોમાં જન્મદરના આંકડા આ વાત સાબિત કરે છેઃ

શહેર	જન્મદર
લંડન	૧૬.૧
કોલોન	૧૬.૦
જિનીવા	૧૪.૬
તુરીન(ઇટલી)	૧૪.૫
પ્રેગ(ઓસ્ટ્રિયા)	૧૩.૨
મ્યુનિક	૧૨.૫
વિયેના	૧૦.૬

લંડનના અપવાદને બાદ કરતાં ઉપરના બાકીના તમામ શહેર સંપૂર્ણ કેથોલિક છે, પરંતુ એ બધામાં સૌથી ઓછો જન્મદર લંડનમાં છે. ત્રણ શહેર મુસોલિનીના ઇટલીના છે. આથી, જન્મદર ઘટી જવાથી કોઈ સમુદાય સબળો કે નબળો થઈ જશે એ તર્ક નિરાધાર છે.'

૧૨. આપણા દેશમાં નિરક્ષરતા છે, છતાં પોતાનું હિત શેમાં રહેલું છે એ લોકો સમજી શકે છે અને તેથી તેઓ ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ કરશે તેમાં શંકા નથી. આ પ્રજાના સંદર્ભમાં નસબંધી વધારે યોગ્ય રહેશે અને તેથી સરકાર તથા નગરપાલિકાઓએ પોતાને ત્યાં આ સુવિધા આપવી જોઇએ. આ વ્યવસ્થાના વિરોધીઓ ફ્રાન્સ, જર્મની તથા ઇટલીમાં તેની નિષ્ફળતાનો પ્રચાર કરે છે, પરંતુ એ લોકો ભૂલી જાય છે કે, વસ્તીવધારો લાભદાયક છે એવું સાબિત ન થાય ત્યાં સુધી આવા દેશોનું ઉદાહરણ લેવાનું યોગ્ય નથી. સૌથી પહેલાં તો એ સમજવું પડશે કે આ દેશોમાં જન્મદરનું પ્રમાણ આપણા દેશ કરતાં ઘણું ઓછું છે. આપણે ત્યાં જન્મદર ૩૫ છે, જ્યારે ૧૯૩૬માં ઇટલી, ફ્રાન્સ તથા જર્મનીમાં જન્મદર અનુક્રમે ૨૨, ૧૫ તથા ૧૯ હતો. વર્ષ ૧૯૦૦માં જર્મનીમાં જન્મદર ૩૫.૬ હતો, પરંતુ ૧૯૩૩માં ઘટીને ૧૪.૭ થઈ ગયો. ઇટલી તેમજ ફ્રાન્સમાં પણ એ સમયે જન્મદર ઘણો નીચો હતો. ઈંગ્લેન્ડમાં છેલ્લા પચાસ વર્ષથી જન્મદર સ્થિર છે. આથી જન્મદર વધારવા અંગે આપણે અન્ય દેશોનું ઉદાહરણ લેવું ન જોઇએ.'

૧૩. 'કેટલાક લોકો માને છે કે, બાળલગ્ન પ્રથા બંધ કરી દેવાથી વસ્તીવૃદ્ધિ અટકાવી શકાશે. પરંતુ આ સિદ્ધાંત પણ નિરાધાર છે. સૌથી પહેલાં તો એ સમજવું જોઇએ કે છોકરીઓમાં પ્રજનનની સૌથી સક્રિય ઉંમર ૧૮થી ૨૨ વર્ષ હોય છે. પશ્ચિમના દેશોમાં મહિલાઓ આ ઉંમર પછી લગ્ન કરે છે. અર્થાત્ પ્રજનન માટે સૌથી વધુ અસરકારક સમયગાળા પછી લગ્ન કરે છે. આપણે શારદા અધિનિયમ (કાયદો)ની વાત કરીએ છીએ જેમાં લગ્નની ઉંમર ૧૪ વર્ષ નિશ્ચિત કરતા હોઇએ ત્યારે મહિલાઓ ૨૨ વર્ષની ઉંમર સુધી લગ્ન મોકૂફ રાખવાનું વિચારી પણ ન શકે. શ્રી પી.કે. વત્તલે ૧૯૩૧માં વસ્તી ગણતરી દરમિયાન પ્રજનન સંદર્ભે અભ્યાસ કરતાં બે તારણ કાઢ્યાં હતાંઃ ૨૦ વર્ષથી ઓછી ઉંમરે લગ્ન કરનાર છોકરી વીસ કરતાં વધુ ઉંમરે લગ્ન કરનાર છોકરી કરતાં ઓછાં બાળકોને જન્મ આપે છે. ૨૦ વર્ષથી ઓછી ઉંમરે લગ્ન કરનાર છોકરીઓને જે બાળક થાય તેમના જીવિત રહેવાની શક્યતા ૨૦ વર્ષથી વધુ ઉંમરે લગ્ન કરનાર છોકરીઓના સંતાનો કરતાં ઓછી હોય છે.

આ તારણોથી ખ્યાલ આવે છે કે વધુ ઉંમરે લગ્ન કરવાની પ્રથા અમલમાં આવશે પછી પણ વસ્તી નિયંત્રણ સંદર્ભે કોઈ ખાસ લાભ નહીં થાય'.

૧૪. 'એવો પણ એક તર્ક આપવામાં આવે છે કે, મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર થવાથી વસ્તીવૃદ્ધિમાં ઘટાડો થશે. પરંતુ આ વાત પણ સાચી નથી. આર્થિક સ્વતંત્રતા આવવાથી કામેચ્છા ઓછી થાય એવું નથી. આજે પણ સમાજના નીચલા વર્ગની મહિલાઓ કમાણી કરીને પરિવારને આર્થિક મદદ કરે છે, પરંતુ તેને કારણે પરિવારના સભ્યોની સંખ્યા ઓછી હોય એવું જોયું નથી. કેટલાક લોકો માને છે કે, ઔષધોની મદદ લઇને જન્મદર નિયંત્રિત કરી શકાય, છતાં આર્થિક મુશ્કેલી દૂર કરવામાં આ ઉપાય સફળ નથી. તેઓ માને છે કે આપણા દેશમાં આર્થિક વિકાસની ઘણી સંભાવના છે અને એ દિશામાં પ્રયાસ કરવાથી આપણી પ્રજાના સ્તરમાં નોંધપાત્ર સુધારો થશે. જોકે, ધ્યાનથી નિરીક્ષણ કરવામાં આવે તો આ દૃષ્ટિકોણ પણ એટલો પ્રભાવક જણાતો નથી. પૂરતી મૂડી તથા ધનિક ગ્રાહકોના અભાવમાં આપણા ઉદ્યોગોનો વિકાસ પણ અવરોધાશે. એ જ રીતે ફળદ્રુપ જમીન, વરસાદ તથા ખાતરની અછત પણ આપણું ખેત ઉત્પાદન વધારવા સામે અવરોધક છે.'

૧૫. 'વસ્તી વિસ્ફોટને કારણે આપણા દેશમાં જંગલ તથા ગૌચર જમીનની પણ અછત ઊભી થઈ રહી છે. કેનેડામાં ખેતીલાયક જમીન પૈકી ૩૪.૩ ટકા જમીન ગૌચર માટે સુરક્ષિત છે. ફ્રાન્સમાં ૨૧.૫ ટકા, ઇટલીમાં ૧૮.૩ ટકા, જર્મનીમાં ૧૪.૩ ટકા ગૌચર અનામત છે. તેની સામે આપણા દેશમાં માત્ર ૧.૬ ટકા જમીન જ ગૌચર માટે ઉપલબ્ધ છે. આ આંકડો બતાવે છે કે આપણું પશુધન કેટલી ઓછી જગ્યામાં રહે છે. કેટલાક લોકો જાપાન તથા ચીનમાં પ્રતિ એકર જમીન ઉપર ચોખાના વ્યાપક ઉત્પાદન તરફ ઇશારો કરતાં કહે છે કે આપણે ત્યાં પણ ખાદ્યાન્ન ઉત્પાદન વધારવાની સંભાવના છે. પરંતુ તેઓ એ ભૂલી જાય છે કે જાપાનમાં આખું વર્ષ પૂરતો વરસાદ પડે છે તેમજ ખેડૂતોને પૂરતા પ્રમાણમાં ખાતર મળી રહે છે. અને તેનું કારણ જંગલ-ગૌચર માટે ઉપલબ્ધ જગ્યા છે. ઉપરાંત એ દેશોનું હવામાન ચોખાના ઉત્પાદન માટે સાનુકૂળ છે.'

૧૬. 'એ સ્વીકારવું જોઇએ કે સ્વરાજ્ય દ્વારા આપણી પ્રજાનું કલ્યાણ થઈ શકે તેમ છે. પરંતુ જ્યાં સુધી વસ્તીવૃદ્ધિ ઉપર સમજદારીથી નિયંત્રણ લાવવામાં નહીં આવે ત્યાં સુધી દેશવાસીઓની આર્થિક સ્થિતિમાં નોંધપાત્ર સુધારો નહીં થાય. ઘણા સ્વતંત્ર દેશોનાં ઉદાહરણ પરથી સાબિત થાય છે કે માત્ર સ્વરાજ્યથી જ આપણા દેશના નાગરિકોનો સર્વગ્રાહી વિકાસ નહીં કરી શકાય. ગરીબીને કારણે આપણા દેશના લોકોને પૌષ્ટિક ભોજન મળતું નથી. એ સિવાય પણ અનેક લોકોને સ્વાસ્થ્ય સારું રાખવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મુંબઈ પ્રેસિડેન્સીમાં પ્રતિ વ્યક્તિ પ્રતિદિન દૂધની ઉપલબ્ધિ માત્ર સવા તોલો છે. પોષણ સંબંધી નિયમો અનુસાર પ્રત્યેક વ્યક્તિને દરરોજ સરેરાશ ૧૦૦ ગ્રામ દૂધની જરૂર પડે.'

૧૭. 'જન્મદર આંદોલનનો મુખ્ય ઉદ્દેશ એવી સ્થિતિનું નિર્માણ કરવાનો છે જેથી દરેક દેશમાં જન્મદર નોંધપાત્ર રીતે ઘટી જાય. પરિણામે ત્યાં ઉપલબ્ધ સંસાધનો દ્વારા પ્રજાનું ભરણ-પોષણ થઈ શકે. કેટલાક લોકોનું કહેવું છે કે, આધુનિક વૈજ્ઞાનિક સંશોધનોને કારણે માનવજાતની

ખોરાકની સમસ્યાના ઉકેલ મળી ગયા છે, અને માત્ર વિતરણની યોગ્ય વ્યવસ્થા નહીં હોવાથી મુશ્કેલીઓ પડે છે. સંપત્તિનું યોગ્ય વિતરણ થાય તો દરેકને પૂરતું મળી રહે. એ સાચું કે સંપત્તિનું વિતરણ સમાન નથી અને દરેક તટસ્થ લોકનેતાએ આ દિશામાં ન્યાય મેળવવા પૂરો પ્રયાસ કરવો જોઇએ. પરંતુ સાથે એ યાદ રાખવું જરૂરી છે કે સમાન વિતરણ વ્યવસ્થા કરી દેવાથી પ્રજા માટે સ્થાયી તથા ભૌતિક સુધારા શક્ય નહીં બને. એ માટે પરિવારમાં સભ્ય સંખ્યા નિયંત્રિત હોય એ આવશ્યક છે. જન્મદરમાં નિયંત્રણ દ્વારા જનસંખ્યા ઓછી રાખવામાં નહીં આવે તો સમાન વિતરણના પ્રયાસો પણ નિષ્ફળ જશે.'

તમે વાંચ્યા ડૉ. બાબાસાહેબ આંબેડકરના સારગર્ભિત પ્રવચનનાં અત્યંત મહત્ત્વપૂર્ણ ૧૭ બિન્દુ. એમના આ વિચારો આજે પણ પ્રાસંગિક છે. ડૉ. આંબેડકરના પ્રવચનમાંથી આપણને એક જ બાબત સ્પષ્ટપણે સમજાય છે કે વધુ વસ્તી વિસ્ફોટ સરકારની તમામ યોજનાઓ ધરાશાયી કરી નાખે છે. પરિવાર પણ સુખી રહી શકતા નથી અને ગરીબી પણ વધે છે.

સમાજ અને પરિવારના હિતમાં જરૂરી વસ્તી નિયંત્રણ

ડૉ. બાબાસાહેબ આંબેડકર એ પણ માનતા હતા કે વસ્તી નિયંત્રણ માત્ર રાષ્ટ્રહિતમાં જ નહીં સમાજ અને કુટુંબના હિતમાં પણ છે. ડૉ. બાબાસાહેબ આંબેડકરે સાવર્જનિક ભાષણોમાં તો પોતાનું જ ઉદાહરણ આપીને યુવાનોને સમજાવ્યું કે વસ્તી પર નિયંત્રણ કેમ જરૂરી છે. ડૉ. બાબાસાહેબ વિદ્યાર્થીઓને રાષ્ટ્રના નિર્માતા માનતા હતા. કદાચ એટલે જ એમણે રાષ્ટ્રના ભવિષ્યની ચિંતા કરી વિદ્યાથીઓ સમક્ષ પરિવાર નાનું રાખવા અનુરોધ કર્યો. મુંબઈમાં અસ્પૃશ્ય વિદ્યાથી સંમેલન (જનતા સામયિક, ૧૭ ડિસેમ્બર ૧૯૩૮) માં કહ્યું 'તમારામાંથી મોટાભાગના અપરિણીત હશે. કેટલાકના લગ્ન થયા હશે. પરંતુ લગ્ન થયા પછી પણ તમે શું કરશો? આ અંગે તમારા ઉપર ઘણી જવાબદારી છે. હું તમારા પિતાનું ઉદાહરણ ન આપતાં મારા પિતાજીનું ઉદાહરણ આપું છું. તેમનાં કુલ ૧૪ સંતાન થયાં તેમાંથી હું ૧૪મું રત્ન છું. હું એલ્ફિસ્ટન કૉલેજમાં ભણતો હતો ત્યારે મારી સ્થિતિ અત્યંત દયાજનક હતી. પગમાં પહેરવા ચંપલ નહોતા. શરીર ઉપર સુતરાઉ શર્ટ અને પિતાજીનો ફાટેલો કોટ પહેરતો. તમે જો ક્યારેય એલ્ફિસ્ટન કૉલેજ ગયા હોવ તો ત્યાં મુલ્લર સાહેબનો ફોટો જોવા મળશે. તેમણે મને છેલ્લાં બે વર્ષ દરમિયાન શર્ટ આપ્યા હતા. મને વિચાર આવે છે કે મારા પિતાને ૧૪ને બદલા ચાર બાળક હોત તો મારા દિવસો સારી રીતે પસાર થયા હોત.

ભવિષ્યમાં તમે શું કરશો. મને લાગે છે કે મોટાભાગના ક્લાર્ક બનશો. તમને વધુમાં વધુ ૫૦-૬૦ રૂપિયા વેતન મળશે અને જો તમે ૧૪ બાળકો પેદા કરશો તો એ બાળકોનું શું થશે? શું તેમની જવાબદારી સમાજ ઉપર ઢોળશો? એ અંગે તમે વિચાર કરો. તમે સંન્યાસ નથી લેવાનો, છતાં જો કોઈ સંન્યાસ લેશે તો સારું જ છે. (વિદ્યાર્થીઓ હસે છે)

હસશો નહીં. આ વાત અગત્યની છે. મારે પાંચ બાળકો થયા જેમાંથી ચાર મૃત્યુ પામ્યા. જો એ બધા જીવિત રહેત તો તેમનું શિક્ષણ, ભોજન, રહેઠાણ એ બધાનો ભાર મારા ઉપર આવત અને મારા માટે મુશ્કેલી થાત. મારે એક જ છોકરો છે, જેની જવાબદારી છે. તેના પ્રમાણમાં દસ ટકા જેટલી જવાબદારી પણ જો તમે તમારા બાળકો માટે નિભાવશો તો ઘણું સારું થશે. સમાજહિત માટે એ સારું રહેશે. તમારે પણ જો ૫-૬ બાળકો થશે તેમને ભણાવશો કેવી રીતે? તેમનો ઉછેર કેવી રીતે કરશો? મને તો લાગે છે કે એમાં કોઈ પ્રગતિ નહીં, અધોગતિ થશે. આથી જ સ્ત્રી-પુરુષો પશુની જેમ જીવે એ માનવજાત માટે કલંક છે.'

ડૉ. બાબાસાહેબનાં બંને પ્રવચનોમાં તેમણે વ્યક્ત કરેલા વિચારો વાંચ્યા પછી આપણા ધ્યાનમાં એક બાબત સ્પષ્ટ ઉપસે છે કે રાષ્ટ્રહિત, સમાજહિત અને પરિવાર હિત-ત્રણેય દૃષ્ટિએ ડૉ. બાબાસાહેબ આંબેડકર વસ્તી નિયંત્રણ ઇચ્છતા હતા.

વર્તમાન ભારતનો વિચાર કરીએ તો આજે પણ આ ત્રણેય દૃષ્ટિએ વસ્તી વધારાને નાથવો કેટલો જરૂરી છે. સરકારની કોઇપણ યોજના ગમે તેટલી મહત્ત્વપૂર્ણ કેમ ન હોય એ લોકકલ્યાણ કે જનઆકાંક્ષાઓને પૂરી કરવામાં અસમર્થ સાબિત થઇ રહી છે. ગરીબી નાથવામાં પણ વસ્તીવધારો જ મુખ્ય અડચણ છે. એટલું જ નહીં રાષ્ટ્રીય સલામતીની દૃષ્ટિએ પણ વસ્તીવધારો ખતરારૂપ પુરવાર થઇ શકે છે. રાષ્ટ્રીય સુરક્ષાની દૃષ્ટિએ વસ્તી નિયંત્રણ ખૂબ જરૂરી છે. ભારતના ભવિષ્યને સલામત રાખવા, ગરીબ મુક્ત ભારત કરવા અને સમાજ તેમજ કુટુંબની ખુશહાલી માટે ડૉ. આંબેડકરના વિચારોને અમલમાં મૂકવા ખૂબ જરૂરી જ નહીં, અનિવાર્ય લાગે. ડૉ. બાબાસાહેબ આંબેડકરના સપનાનું ભારત જોવું હોય તો વસ્તી વધારાના ભયાનક વિસ્ફોટને નાથવો જોઇએ.

સમાન સિવિલ કોડની તરફેણ

વસ્તી નિયંત્રણ બાબતે ડૉ. બાબાસાહેબના વિચારો જોયા પછી હવે એ સમાન નાગરિક કાયદા વિશે શું વિચારતા હતા એ જોઈએ. વસ્તી નિયંત્રણને રાષ્ટ્ર હિતમાં માનતા હતા એ જ રીતે સમાન સિવિલ કોડ - સમાન નાગરિક કાયદાને પણ રાષ્ટ્ર હિતમાં માનતા હતા. સમાન નાગરિક કાયદાના હિમાયતી હતા .

બંધારણ સભામાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે યુનિફોર્મ સિવિલ કોડ લાગુ થાય તે માટે ભરપૂર પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમને મુસ્લિમ પ્રતિનિધિઓનો સૌથી વધારે વિરોધ સહન કરવો પડ્યો. ધર્મના આધારે વહેંચાયેલા દેશમાં

મુસ્લિમ પ્રતિનિધિઓની જીદ હતી કે, તેઓ શરિયત અનુસાર પોતાના મામલાનું નિરાકરણ લાવશે. આંબેડકરે કહ્યું કે, "મને અંગત રીતે આ વાત સમજાતી નથી કે, ધર્મને આટલો વ્યાપક અને મોંઘો ક્ષેત્રાધિકાર કેવી રીતે આપી શકાય કે, કોઈનું આખું જીવન માત્ર તેનાથી સંચાલિત હોય અને વિધાનસભાને તેમાં કંઈ કહેવાનો અધિકાર જ ન હોય! તો પછી સ્વતંત્રતાથી આપણે શું મેળવ્યું? સ્વતંત્રતાનો ઉપયોગ આપણે સામાજિક માળખું સુધારવામાં કરવો જોઈએ. જે બધા પ્રકારની અસમાનતા, ભેદભાવથી જ ભરેલો છે. આ બધું આપણા મૂળભૂત અધિકારોનું હનન છે." પરંતુ તત્કાલીન પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુ સમાન નાગરિક કાનૂન લાગુ કરવાની તરફેણમાં નહોતા. તેમણે બીજા મુદ્દાની જેમ આ મુદ્દે પણ ડૉ. આંબેડકરનો સાથ ન આપ્યો.

ડૉ. આંબેડકરે સમાન સિવિલ કોડની તરફેણમાં જબ્બર દલીલો કરી છે. બંધારણ ઘડતી વખતે એમને પૂરો છૂટો દોર આપ્યો હોત તો સમાન સિવિલ કોડ એ સમયે જ દેશમાં આવી ગયો હોત.

બંધારણ સભામાં ચર્ચા વખતે સમાન સિવિલ કોડનો સૌથી વધારે વિરોધ મુસ્લિમ સભ્યોએ કર્યો હતો. હુસૈન ઈમામ, બી.પોકર, મહેબૂબ અલી બેગ, મહોમ્મદ ઈસ્માઈલ, નઝીરુદ્દીન અહમદે વિરોધ કર્યો. તેમણે કહ્યું કે વિવાહ અને ઉત્તરાધિકારના મામલે કુરાન અને શરિયત અનુસાર જ નિર્ણય લેવાય. હવે અહીં પ્રશ્ન છે કે, બધા મુસ્લિમ આગેવાનો વિવાહ અને ઉત્તરાધિકાર જેવા મામલે પોતાના માટે અલગ નિયમો કેમ ઇચ્છે છે? આ બંને મુદ્દાઓમાં, પર્સનલ લૉના નામે મહિલાઓ સાથે ભારે ભેદભાવ અને અત્યાચાર થાય છે. આ અત્યાચાર મુદ્દે કોઈ અવાજ ઉઠાવે તો મુસ્લિમ પક્ષ તરફથી, વારંવાર ધાર્મિક મુદ્દાઓમાં દખલ થતી હોવાનું કહેવામાં આવે છે. પર્સનલ લૉ અંગે પણ તેઓ આ જ દલીલ કરે છે. આવી જ દલીલ બંધારણસભામાં થઈ ત્યારે ડૉ. આંબેડકરે જડબાતોડ જવાબ આપેલો. ડૉ. આંબેડકરે બંધારણ સભામાં ૨૩ નવેમ્બર, ૧૯૪૮ના દિવસે સમાન સિવિલ કોડની તરફેણમાં બહુ લાંબુ ભાષણ આપેલું. એ આજે પણ રેકર્ડ પર મોજૂદ છે. ભાષણ વાંચવા જેવું છે. સમાન સિવિલ કોડ પર ભાષણ કરતાં કહે છેઃ 'ભારતમાં આમ તો સમાન નાગરિક સંહિતા અંતર્ગત આવનાર મોટાભાગના વિષય તો આવી જ ગયા છે. કેટલાક સભ્યો કહે છે કે આ દેશમાં મુસ્લિમ પર્સનલ લો અપરિવર્તનિય છે અને આખા દેશમાં એક સમાન છે તો આવા સભ્યોને હું પડકાર ફેંકું છું. આવું કહેનાર એક વાત ભૂલી જાય છે કે ૧૯૩૫ સુધી ઉત્તર-પશ્ચિમ સરહદી પ્રાંત શરિયત કાયદા હેઠળ નહોતા આવતા. ઉત્તરાધિકાર અને અન્ય મામલાઓમાં તેઓ હિન્દુ કાનૂનને અનુસરતા હતા. આ કથા અહીં જ અટકતી નથી. ઉત્તર મલાબારમાં મરૂમક્કથાયમ કાયદો માત્ર હિન્દુઓને જ નહીં મુસલમાનોને પણ લાગુ પડે છે. યાદ રાખવું જોઇએ કે મરૂમક્કથાયમ કાયદો એક પિતૃસત્તાત્મક નહીં પરંતુ માતૃસત્તાત્મક છે. આથી ઉત્તર મલાબારના મુસલમાનો મરૂમક્કથાયમ કાયદાનું પાલન કરતા હતા, એટલે એમ કહેવું નક્કામું છે કે ઇસ્લામી કાનૂન અપરિવર્તનીય છે, જેનું તેઓ સદીઓથી પાલન કરતા આવ્યા છે. સમાન નાગરિક કાનૂન માટે આપણે પૂરતી ચર્ચા કરી ચૂક્યા છીએ. હવે વધુ એના પર ચર્ચા કરવાનો કોઇ અર્થ નથી.' જો કે વસ્તી નિયંત્રણની જેમ જ ડૉ. આંબેડકરની સમાન નાગરિક કાનૂનની ઇચ્છા પણ અધૂરી જ રહી ગઇ. ૩૭૦ કલમ પણ એમની અનિચ્છાએ બંધારણમાં સામેલ કરવી પડી હતી. એ મોદી સરકારે રદ કરી. હવે વસ્તી નિયંત્રણ અને સમાન સિવિલ કોડ લાગુ કરી એમની અધૂરી ઇચ્છા પૂરી થાય એ રાષ્ટ્રીય હિતમાં છે.

આ દેશ ધર્મના આધારે બનેલા પર્સનલ કાયદાઓથી પીડિત છે. સુપ્રીમ કોર્ટે પણ સરકારને અનેક પ્રસંગોએ સમાન સિવિલ કોડ લાગુ કરવા જણાવ્યું છે. આ વિચાર બંધારણમાં તો છે, પરંતુ તુષ્ટિકરણ અને મુસ્લીમ પ્રતિષ્ઠાની રાજનૈતિક વિચારધારાના કારણે તે અમલમાં લાવી શકાયો નહોતો. કોંગ્રેસે દંભી ધર્મનિરપેક્ષતાના નામે દેશને હિંદુ-મુસલમાનમાં વહેંચી દીધો. સીએબીને લઇને વિરોધ થઇ રહ્યો છે એની પાછળ પણ વિશુદ્ધ રાજકારણ છે.

વાસ્તવમાં તો બંધારણ નિર્માતાઓએ તો અનુચ્છેદ ૪૪માં સ્પષ્ટ કહ્યું છે કે, ભારતે બધા નાગરિકો માટે સમાન નાગરિક કાનૂન લાગુ કરવાની દિશામાં કામ કરવું જોઈએ. ૧૯૫૪માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, અનુચ્છેદ ૨૫ અને ૨૬ અનુસાર આપવામાં આવેલી ધાર્મિક આઝાદીનો અર્થ એ નથી કે, તે કાયદાથી ઉપર છે. શાહબાનો કેસ અને સાયરાબાનો કેસમાં સુપ્રીમ કોર્ટે સમાન નાગરિક કાનૂન જરૂરિયાતને વારંવાર દર્શાવી છે.સમાન નાગરિક કાનૂન બધા માટે સમાન કાયદાની વાત કરે છે. તેને ધાર્મિક આઝાદી સાથે કોઈ લેવાદેવા નથી. હિંદુ હોય કે મુસ્લિમ સમાન નાગરિક કાનૂન લાગુ થયા પછી પણ પોતાના ધર્મનું અને ધર્મની ક્રિયાઓનું પાલન કોઈ પણ પ્રકારની અડચણ વિના કરી શકે છે.

ડો. આંબેડકરના શબ્દોમાં કહીએ તો...

વધારે વસ્તી દેશની બધી જ યોજનાઓને નિષ્ફળ બનાવે છે અને સમાન નાગરિક કાયદો સૌને સમાન ન્યાય આપે છે. આથી વસ્તી નિયંત્રણ કાયદો અને સમાન નાગરિક કાયદો - બંને રાષ્ટ્રના હિતમાં છે. દેશ હવે સમાન સિવિલ કોડ અને વસ્તી પર નિયંત્રણ મૂકતો કાયદો જલદી આવે તેની રાહ જોઇ રહ્યો છે.

આઈ-૭, મધુરમ કોમ્પલેક્ષ, પેટ્રોલ પંપ પાછળ,
જીવરાજ પાર્ક, અમદાવાદ-૩૮૦૦૧૫
મો.-૯૮૨૫૦૪૪૭૩૪

ડૉ. આંબેડકરનો આફ્રિકા સંદર્ભ !

- નટુભાઈ પરમાર

પ્રજ્ઞાસૂર્ય ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરના જીવનનાં પાંચ-પાંચ વર્ષ તેમના ઉચ્ચ અભ્યાસ દરમિયાન યુ.એસ. (અમેરિકા) અને યુ. કે. (ઈંગ્લેન્ડ)માં વીત્યા હોવા છતાં અને તેમના એ સમયખંડમાં અમેરિકામાં વસતા બ્લેક / નિગ્રો આફ્રિકનો દ્વારા રંગભેદ સામેની લડત ઉગ્ર રીતે ચલાવાઈ રહી હોવા છતાં, ડૉ. બાબાસાહેબ રચિત હજ્જારો પાનાનાં સાહિત્ય, ગ્રંથો, તેમના પત્રકારત્વ કે તેમના પ્રવચનોમાં, બ્લેક આફ્રિકન અમેરિકન્સની લડતનો કે તેમના સંઘર્ષનો નોંધપાત્ર કે વિશેષ કહી શકાય એવો ઉલ્લેખ જોવા મળતો નથી, તેનું આધુનિક આંબેડકરવાદી અભ્યાસુઓને ઘણું આશ્ચર્ય છે !

આ અભ્યાસુઓનું એમ પણ માનવું છે કે, આફ્રિકન અમેરિકન્સની રંગભેદ સામેની લડતનો ભલે ડૉ. આંબેડકરના અધધધ લખાણોમાં વ્યાપક પડઘો પડેલો ન જોઈ શકાતો હોય, તો પણ અમેરિકા - બ્રિટનમાં રહેવાના સમય દરમિયાન ડૉ. આંબેડકર આફ્રિકન અમેરિકન્સની રંગભેદ સામેની લડતથી પ્રભાવિત થયા જ હોય, એમ માનવાને પૂરતાં કારણો છે. સંભવ છે એ બ્લેક મુવમેન્ટે, અસ્પૃશ્યતા સામે લડવાના એમના (ડૉ. આંબેડકરના) ઈરાદાઓને વધુ સંગીન બનાવ્યા હોય.

હર્લેમ વિસ્તારમાં, ગતિવિધિ ખૂબ તેજ અને જલદ રીતે ચાલી રહી હતી. અમેરિકાના ખૂણે - ખૂણેથી આફ્રિકન અમેરિકનો હર્લેમ આવીને તેમને ગુલામ બનાવી રાખતી રંગભેદ સામેની લડતમાં જોડાઈ રહ્યા હતા

૧૯૧૩થી ૧૯૧૬ દરમિયાન ન્યૂયોર્ક શહેરની કોલમ્બિયા યુનિવર્સિટીમાં જ્યારે ડૉ. બાબાસાહેબ વિદ્યાભ્યાસ કરી રહ્યા હતા ત્યારે, આ યુનિવર્સિટી કેમ્પસની પાડોશમાં જ આવેલા - આફ્રિકન અમેરિકનોની રંગભેદ સામેની ચળવળનું કેન્દ્ર ગણાતા - હર્લેમ વિસ્તારમાં, ગતિવિધિ ખૂબ તેજ અને જલદ રીતે ચાલી રહી હતી. અમેરિકાના ખૂણે-ખૂણેથી આફ્રિકન અમેરિકનો હર્લેમ આવીને તેમને ગુલામ બનાવી રાખતી રંગભેદ સામેની લડતમાં જોડાઈ રહ્યા હતા. આ સ્થિતિમાં આફ્રિકન અમેરિકનોના પ્રશ્નોથી - તેમના આંદોલનથી ડૉ. બાબાસાહેબ અજાણ રહ્યા હોય એ સંભવ નથી, એમ પણ આ અભ્યાસુઓનું માનવું છે.



ડૉ. આંબેડકરના આફ્રિકા સંદર્ભને તપાસવાની જહેમત જે કેટલાક આધુનિક આંબેડકરવાદી અભ્યાસુઓ ઉઠાવી રહ્યા છે, તે ન માત્ર રસપ્રદ કિન્તુ નવીન પણ છે !

આફ્રિકન બ્લેક્સ યાને નિગ્રોની રંગભેદ સામેની લડત અને દલિતોની અસ્પૃશ્યતા સામેની લડત બેઉ આખરે તો મુક્તિનો માર્ગ જ શોધે છે અને તે દૃષ્ટિએ ત્યાંના બ્લેક્સ (કાળાઓ) અને અહીંના અસ્પૃશ્યો (દલિતો)ની લડતમાં ઘણું બધું સામ્ય જો છે, તો અમુક અંશે ભેદ પણ છે.

એમના શોધકાર્ય દરમિયાન અહીં ભારતમાં આવીને ડૉ. બાબાસાહેબ આંબેડકરના જીવનકર્મનો વિસ્તૃત અભ્યાસ કરનાર, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત વિદેશી લેખિકા એલિનોર ઝેલિયટ (Eleanor Zelliot), દલિતો અને કાળા આફ્રિકનો બંનેનાં, આર્થિક અને સામાજિક સ્તરે થઈ રહેલા શોષણમાં ઘણી સમાનતા હોવા છતાં, એ બે વચ્ચે રહેલા ભેદને પણ અલગ તારવી આપે છે.

એલિનોર ઝેલિયટ કહે છે કે અમેરિકામાં વસતી બ્લેક આફ્રિકન પ્રજા પોતાના શોષણખોરને નજર સામે જોઈ શકતી હોય છે, જ્યારે ભારતમાં સામાજિક નીતિરીતિમાં જ પરંપરાથી વણાઈ ગયેલી વર્ણાશ્રમપ્રથાને કારણે દલિતો-અસ્પૃશ્યો ઉચ્ચવર્ગો દ્વારા આચરાતી અસ્પૃશ્યતાનો ભોગ બને છે ત્યારે પણ મોટે ભાગે તેવા શોષણખોરોને સ્પષ્ટપણે જોઈ શકતા હોતા નથી !

એલિનોરના મતે ભારતમાં અસ્પૃશ્યતા એ વેદો - પુરાણો યાને ધર્મશાસ્ત્રોમાં લખાયેલી છે તેવો આધાર આપીને, અસ્પૃશ્યોની તો 'આ જ નિયતિ છે' એમ માની-મનાવીને, તેમને હજારો વર્ષોથી આ શોષણ વેઠવાને મજબૂર કરાતા રહ્યા છે.

આ જ કારણે આ કુટિલ પરંપરા સામે લડવાનો પોતાનો આગવો માર્ગ ડૉ. બાબાસાહેબ આંબેડકરે પસંદ કરવો પડ્યો હતો.

રંગભેદ સામેની લડતમાં નજરે દેખાઈ

રહેલા શત્રુઓથી અલગ, સમાજમાં ઊંડે સુધી ફેલાઈ ગયેલા છતાં નરી નજરે જોઈ ન શકાતા અસ્પૃશ્યોના શોષણખોરોને શોધી શોધીને, તેમને ખુલ્લા પાડીને, અસ્પૃશ્ય સમાજની નવતર આવતીકાલ માટેનો સંકલ્પ ડૉ. બાબાસાહેબે કર્યો હતો.ડૉ. બાબાસાહેબનો માર્ગ આ અર્થમાં વધુ કઠિન હતો - વધુ સંઘર્ષભર્યો હતો.

ડૉ. બાબાસાહેબ આ જાણતા હતા, તેથી 'રંગભેદ' સામેની લડતથી ભલીપેરે અવગત હોવાં છતાં, તેનાથી પ્રેરિત થયા હોવાની સંભાવના પણ રહી હોવા છતાં, ડૉ. આંબેડકરના લખાણોમાં પ્રસંગોપાત એવા નાના ઉલ્લેખો સિવાય મોટા પાયે આફ્રિકનોની રંગભેદ સામેની લડતનું વિવરણ આપણે જોઈ શકતા નથી.

'Slaves and Untouchables' (ગુલામો અને અસ્પૃશ્યો) શીર્ષક હેઠળના તેમના એક લેખમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર લખે છે : 'ગુલામીની પ્રથા અનિવાર્ય કે ફરજિયાત નહોતી, પણ અસ્પૃશ્યતાની પ્રથા તો ફરજિયાત હતી. ગુલામીનો કાયદો ગુલામીથી મુક્ત થવાની મંજૂરી આપતો હતો. એક ગુલામ કાયમ ગુલામ જ રહે એ જરૂરી નહોતું. જ્યારે અસ્પૃશ્યતાની પ્રથામાં તો બીજો કોઈ વિકલ્પ કે અવસર જ નથી. એકવારનો અસ્પૃશ્ય કાયમ અસ્પૃશ્ય જ રહે છે. એક વ્યક્તિને તેની સ્વતંત્રતાથી વંચિત રાખવાનો પ્રયાસ, તેને ગુલામી તરફ ધકેલવા જેવો જ છે. ગુલામને તેની ગુલામગીરીનો અહેસાસ થાય છે, તે જ ક્ષણથી તેની સ્વતંત્રતાનો પ્રારંભ થાય છે. કિન્તુ ધર્માધારિત પરંપરાઓથી જેમને શૂદ્ર બનાવીને દબાવી દેવામાં આવ્યા છે, તેમને તો તેમની આ ગુલામીનો અહેસાસ પણ થવા દેવાતો નથી ! વાસ્તવમાં અસ્પૃશ્યતા એ ગુલામીનું જ પરોક્ષ રૂપ છે.'

રંગભેદ દાખવીને આફ્રિકનોને ગુલામ બનાવી રાખવાની પ્રથા કરતાં, અસ્પૃશ્યતાની પ્રથા કેટલી અધમ કક્ષાની છે એ દર્શાવવાને જ ડો. બાબાસાહેબે આ સરખામણી રજૂ કરી હતી

રંગભેદ દાખવીને આફ્રિકનોને ગુલામ બનાવી રાખવાની પ્રથા કરતાં, અસ્પૃશ્યતાની પ્રથા કેટલી અધમ કક્ષાની છે એ દર્શાવવાને જ ડૉ. બાબાસાહેબે આ સરખામણી રજૂ કરી હતી.

રંગભેદના ભોગ બનેલા આફ્રિકનો અને જાતિપ્રથા - અસ્પૃશ્યતાનો ભોગ બનેલા અસ્પૃશ્યો વચ્ચે જોઈ શકાય એવો ભેદ એ પણ છે કે, કાળા આફ્રિકનો એમના દેખાવ માત્રથી જુદા તરી આવશે જ્યારે અસ્પૃશ્યો - દલિતો માટે એ સંભવ નથી. ભારતમાં દલિતો - બિનદલિતો વચ્ચે રંગભેદની સમસ્યા તો છે જ નહિ. બિનદલિતો વચ્ચે દલિતોને સ્પષ્ટપણે ઓળખી કાઢવા એ સહેલું કામ નથી ! આથી રંગે-રૂપે એક સમાન ભારતીય હોવા છતાં, ધાર્મિક પરંપરાઓનાં બહાનાં હેઠળ જેમને બહિષ્કૃત કરી દેવાયા છે, તેમની સ્વતંત્રતા માટેનો માર્ગ - તે માટેની લડત, રંગભેદ સામે ચાલી રહેલા આંદોલનથી અલગ અને વધુ પડકારભર્યો જ હોય. આ હકીકત ડૉ. બાબાસાહેબ સમયસર પારખી ગયા હતા અને તેથી જ અહીં ભારતમાં દલિતમુક્તિ માટેનો નોખો માર્ગ તેમણે પસંદ કર્યો હોવો જોઈએ, તેમ આ અભ્યાસુઓનું માનવું છે.



ડૉ. બાબાસાહેબ અમેરિકામાં વસતા આફ્રિકનોની લડતથી પ્રભાવિત થયા હતા તે પ્રતિપાદિત કરવા આ અભ્યાસુઓ, રંગભેદની ચળવળના આગેવાન ડુ બોઈસ (W.E.B. Du. Bois) સાથે, જુલાઈ ૧૯૪૬માં - બહુ મોડે મોડે - ડૉ. આંબેડકરે કરેલા પત્રવ્યવહારનો ઉલ્લેખ કરે છે.

અમેરિકામાં વસતા અને રંગભેદનો સામનો કરી રહેલા આફ્રિકનો માટેની Civil Rights Movementના પ્રણેતા ડુ બોઈસે, એમના સંગઠન National Negro Congressના નેજા હેઠળ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (United Nations)ને કરેલી રજૂઆત (Petition)ની નકલ માંગતો વિનંતી પત્ર, ડૉ. આંબેડકરે જુલાઈ ૧૯૪૩માં લખ્યો હતો. તેમાં તેમણે ડુ બોઈસને લખ્યું : 'હું પોતે આફ્રિકન અમેરિકન નિગ્રોની સમસ્યાનો અભ્યાસુ અને વિદ્યાર્થી રહ્યો છું અને એ જોઈ શક્યો છું કે અમેરિકામાં વસતા નિગ્રો અને ભારતમાં વસતા અસ્પૃશ્યોની સમસ્યાઓમાં ઘણી બધી સામ્યતા છે. તેથી અહીં ભારતમાં દલિતોના પ્રશ્ને લડત આપવામાં આપની એ પિટિશનનો મારે અભ્યાસ કરવો ખૂબ આવશ્યક છે. આપની એ પિટિશન મારે મન ખૂબ મહત્ત્વની છે.'

ડુ બોઈઝે ૩૧ જુલાઈ ૧૯૪૬ના રોજ ડૉ. આંબેડકરને ત્વરિત પિટિશનની નકલ મોકલી આપવાના સાનુકૂળ પ્રતિભાવ સાથે પત્રમાં લખ્યું : 'મેં આપનું નામ ખૂબ સાંભળ્યું છે. આપ અસ્પૃશ્યોને તમામ પ્રકારે મદદ કરી રહ્યા છો, તે પણ મારા જાણવામાં આવ્યું છે. હું પણ આપના નામથી પરિચિત છું.'

હાર્વર્ડ યુનિ. જ્યાં તેઓ ભણ્યા અને હવે ભણાવી રહ્યા છે તેવા આંબેડકરી યુવા લેખક સૂરજ યેંગડે પણ ડૉ. આંબેડકરના આફ્રિકા સંદર્ભને તપાસતાં, અમેરિકન દૈનિક 'New York Times'માં ૩૦ નવેમ્બર ૧૯૩૦ના રોજ પ્રસિદ્ધ થયેલા ડૉ. આંબેડકરના સાક્ષાત્કાર (મુલાકાત)નો ઉલ્લેખ કરે છે. આ મુલાકાતમાં ડૉ. આંબેડકર અનુસૂચિત જાતિઓ - અસ્પૃશ્યોની સમસ્યાને વૈશ્વિક સમસ્યા તરીકે જોઈ, આખી દુનિયાની આર્થિક-સામાજિક સુખાકારીને અસર કરતી અસ્પૃશ્યતાની સમસ્યાને, રંગભેદનો સામનો કરી રહેલા નિગ્રોસની સમસ્યાની જેમ જ, સંયુક્ત રાષ્ટ્ર સંઘે (United Nations) હાથ ધરવી જોઈએ, તેની હિમાયત કરે છે. ડૉ. આંબેડકરે આ મુલાકાતમાં એમ પણ જણાવેલું કે, અસ્પૃશ્યોની સમસ્યાને જો આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળશે, તો તેના ઝડપથી નાબૂદ થવાની સંભાવનાઓ પણ વધશે. આ મુલાકાતમાં ભારતના આઠ કરોડ (તે વખતે) અસ્પૃશ્યોની સમસ્યા યુનાઈટેડ નેશન્સના જ અધિકારક્ષેત્ર (Jurisdiction) માં આવતી હોવાનું ડૉ. આંબેડકરે જણાવેલું. આ પછી આગળનાં વર્ષોમાં ડૉ. આંબેડકર સ્થાપિત All India Scheduled Caste Federation - AISCFની કાર્યવાહક સમિતિએ (તેના સદસ્ય એન. શિવરાજના અધ્યક્ષપણા હેઠળની સમિતિએ) તા.૧૯ જાન્યુઆરી ૧૯૪૭ના રોજ ઠરાવ પસાર કરીને, ભારતની અનુસૂચિત જાતિઓની દારુણ હાલત અંગેનું એક મેમોરેન્ડમ ડૉ. બાબાસાહેબ ખુદ તૈયાર કરશે અને AISCFના સભ્યોનું પ્રતિનિધિમંડળ પોતે સંયુક્ત રાષ્ટ્ર સંઘને તે રૂબરૂ પહોંચાડવા જશે, તેમ નક્કી કરેલું. કિન્તુ ડૉ. આંબેડકરે સૌ પ્રથમ આપણા દેશની પાર્લામેન્ટમાં આ સમસ્યાની રજૂઆત કરવાની આવશ્યકતા જોઈ એ ઠરાવને રોકી દીધો હતો.

અસ્પૃશ્યોની સમસ્યાને વૈશ્વિક સમસ્યા તરીકે જોઈ, આખી દુનિયાની આર્થિક-સામાજિક સુખાકારીને અસર કરતી અસ્પૃશ્યતાની સમસ્યાને, રંગભેદનો સામનો કરી રહેલા નિગ્રોસની સમસ્યાની જેમ જ, સંયુક્ત રાષ્ટ્ર સંઘે હાથ ધરવી જોઈએ

આમ અમેરિકામાં વસતા આફ્રિકનોની લડત સાથે સંધાન સાધતા હોય એવા બે-ત્રણ ઉલ્લેખો સિવાય, આજીવન આંદોલનકાર રહેલા ડૉ.બાબાસાહેબના પ્રચુર માત્રાનાં લખાણો - પ્રવચનોમાં નોંધપાત્ર કહી શકાય એવો આફ્રિકા-સંદર્ભ આપણે શોધી શકતા નથી.

આ હકીકતની વચ્ચે ભારતમાં ડૉ. બાબાસાહેબ અસ્પૃશ્યોના ઉત્થાન માટે કેવું ભગીરથ કાર્ય કરી રહ્યા હતા અને તેમનું એ યુગકાર્ય રંગભેદ સામેની લડતને પણ કેવુંક માર્ગદર્શક - પ્રેરણાદાયી નીવડી શકે છે, તેની નોંધ લેતા દસ્તાવેજી પુરાવા પણ આપણને અમેરિકાના તે સમયના પત્રો-સામયિકોમાંથી સાંપડે છે અને જાણે કે અમેરિકામાં રંગભેદ સામેની લડત અને ભારતમાં અસ્પૃશ્યતા સામેની લડત, બેઉ આંતરરાષ્ટ્રીય સ્તરે એક મંચ પર આવતા હોય એવું એક દશ્ય ઊભું થતું દેખાય છે.

આફ્રિકન લીડર ડુ બોઈસ સાથે ડૉ. આંબેડકરે ૧૯૪૬માં પત્રવ્યવહાર કર્યો તે પહેલાં ડિસેમ્બર ૧૯૪૨માં રંગભેદ સામેની લડતના અગ્રિમ સંગઠન National Association for Advancement of Coloured People-NAACPના મુખપત્ર સમા સામયિક 'The Crisis' એ 'The Negroes of India' શીર્ષક હેઠળ બે હપ્તામાં એક અહેવાલ પ્રકાશિત કર્યો હતો. Harry Paxton Howard નામક લેખક-પત્રકાર દ્વારા લિખિત એ અહેવાલમાં સાધારણ પરિવારમાં જન્મીને, દલિતોના અધિકારો માટેની લડતના પ્રમુખ યોદ્ધા બની ચૂકેલા ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં ભારે ઓવારણાં લેવાયાં હતાં. 'The Crisis' સામયિકે ભારતમાં અસ્પૃશ્યોએ વેઠવા પડતા દુઃખ-દર્દની વાત બહુ વિસ્તારથી લખીને જણાવેલું કે, વિશ્વમાં જ્યાં પણ ભારત જેવા દલિતો-શોષિતો-પીડિતો છે, તે સૌએ ડૉ. આંબેડકરે ચલાવેલી લડતમાંથી પ્રેરણા લેવી જોઈએ, અને અમેરિકામાં આંદોલન કરી રહેલા આફ્રિકનોએ તો સવિશેષ.

ડૉ. બાબાસાહેબ આંબેડકરના આફ્રિકા સંદર્ભની આ ચર્ચા, બાબાસાહેબે પોતે જેમને પોતાના ગુરુ માન્યા હતા, એવા અસ્પૃશ્યતા નાબૂદીની લડતના સૂત્રધાર મહાત્મા જ્યોતિરાવ ફૂલેના ઉલ્લેખ વિના અધૂરી જ ગણાય. એ મહાત્મા ફૂલે જ હતા, જેમણે સૌ પ્રથમવાર ભારતના અસ્પૃશ્યો અને અમેરિકાના આફ્રિકનો /નિગ્રોસની સમસ્યા સાથેના અનુસંધાનનો પ્રયાસ કર્યો હતો. ડૉ. બાબાસાહેબથીય પહેલાં છેક ૧૮૭૩માં જેમણે 'ગુલામગીરી' ગ્રંથ લખીને, ભારતના અસ્પૃશ્યોની હૃદયદ્રાવક પીડાને જગતચોકમાં મૂકી હતી એવા મહાત્મા ફૂલેએ આ પુસ્તક 'ગુલામગીરી' રંગભેદ સામેની લડતના લડવૈયાઓને અર્પણ કરતાં લખ્યું : 'યુનાઈટેડ સ્ટેટ્સના એ સારા લોકો જેઓ નિગ્રોસની સ્વતંત્રતા માટે અને ગુલામીપ્રથાની નાબૂદી માટે સમર્પિત છે. તેમનામાંથી મારા દેશબાંધવો પણ પ્રેરિત થશે અને અહીંના અસ્પૃશ્યોને તેમની દારુણ યાતનાઓથી છુટકારો અપાવશે તેવી આશા સાથે અર્પણ.'

• • •

આ વિશદ ચર્ચા એટલું તો જણાવે છે કે, ડૉ. બાબાસાહેબ નિગ્રોસ (કાળા આફ્રિકનો)ની સમસ્યાથી

પરિચિત હતા તો પણ ઘર આંગણેના અસ્પૃશ્યોના પેચીદા સવાલોના નિરાકરણ માટે એમનો પોતાનો આગવો દૃષ્ટિકોણ અને વ્યૂહ હતા. આજે જોઈ શકાય છે કે, આફ્રિકનો સામે ભેદભાવની પરંપરા, ભારતના દલિતો પરના અત્યાચારોની જેમ જ સમાંતરે ચાલી રહી છે. તો પણ વૈશ્વિક સ્તરે નિગ્રોસની સમસ્યાને ધ્યાન આકર્ષિત કરવામાં જેટલી સફળતા મળે છે તેવી દલિત સમસ્યાને મળતી નથી.

આમ કેમ ?

Gary Michael Tartakov કે જેઓએ ૨૦૦૧માં દક્ષિણ આફ્રિકાના ઐતિહાસિક ડરબન શહેરમાં મળેલી 'United Nations' Conference on Racism'માં 'દલિતો અને આફ્રિકન અમેરિકન્સની સરખામણી શા માટે ?' વિષયને આવરી લેતું એમનું પ્રવચન રજૂ કર્યું હતું, તેમનો આશય આ બંને જાતિઓના સર્વસામાન્ય એવા પ્રશ્નોને સાથે મળીને વિશ્વસ્તરે ઉઠાવવાનો રહ્યો હતો. અહીં Atrocity - ત્યાં Lynching, ત્યાં Racial Tradition અને અહીં મનુવાદી પરંપરા, બંને સ્થળે બંને જાતિ વસતિથી દૂર, બંને જાતિઓને ઉચ્ચ શિક્ષણ અને ધંધા વ્યવસાયની એક સરખી સમસ્યા, બેયને સામાજિક સ્તરે નીચા ગણવાનું વલણ એક સમાન. એકને આનુવંશિક (Genetic) રંગને આધારે તો બીજાને ધર્મની આજ્ઞાઓથી પ્રતાડિત કરવાનું એક સમાન. બંનેના સંસ્કાર અલગ પણ શોષણની માત્રા એક સમાન.

ગાંધીજીએ જેમને દ. આફ્રિકાના હિન્દીઓ તરીકે ઓળખાવ્યા છે તેમના પર, ત્યાંના ગોરા (બ્રિટિશ) શાસને અનેક પાબંદીઓ લાદેલી. 'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ'થી ખ્યાત બેરિસ્ટર ગાંધીની અહીંની લડાઈએ એમને અનેકવાર જેલવાસ પણ સંપડાવ્યો

પીડા, વ્યથા ને તિરસ્કારની આટઆટલી સામ્યતા ધરાવતા આફ્રિકન અમેરિકનો અને ભારતીય દલિતોની સમસ્યાને Race અને Casteના સંદર્ભે, યુ.એન. કોન્ફરન્સમાં રજૂ કરવાનો ગેરી મિખાઈલનો ઇરાદો રહ્યો હતો.

અમેરિકામાં વસતા આફ્રિકનો અને ભારતમાં વસતા દલિતોના સંઘર્ષના તુલનાત્મક અભ્યાસ અર્થે, અભ્યાસુ આફ્રિકન વિદ્યાર્થીઓના જૂથ સાથે અમેરિકાથી ભારત આવેલા અને દેશમાં વિભિન્ન સ્થળોએ ડઝન જેટલા આ હેતુસરના સેમિનારોમાં હિસ્સો લેનારા અભ્યાસુ Kevin D. Brownને દરેક સ્થળે એક જ સવાલ પુછાયોઃ 'આવા અભ્યાસથી શું ફાયદો ?' ત્યારે બ્રાઉન જણાવતા કે, મારી સાથે આવેલા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળી છે માટે નહિ, કિન્તુ દલિતો અને નિગ્રોસની સમસ્યા પ્રતિ આમ સમાજની સમજણ વધારવાના આશયથી તેઓ ભારતની મુલાકાતે આવ્યા છે.

બ્રાઉને મહત્ત્વની વાત એ કહી કે, અમેરિકામાં White Supermacyએ જ્યારે ભારતમાં Elite Supermacyએ માનવસમાજના એક મોટા સમૂહ પર જન્મથી જ પાબંદીઓ લગાવી રાખી છે, આમ છતાં અમેરિકાના આફ્રિકનો સાથે જ્યારે જ્યારે Racism - રંગભેદ આચરવામાં આવે છે ત્યારે ત્યાંનો White અમેરિકન સમાજ ભોગ બનનારા આફ્રિકનોની તરફેણમાં સંપૂર્ણ સંવેદના દાખવીને બોલતો ને ઊભો રહેલો જોવા મળે છે. આવું ભારતમાં જોવા મળતું નથી !

• • •

આફ્રિકા અને આંબેડકરની વાત કરતા હોઈએ ત્યારે મહાત્મા ગાંધી પણ સહજ યાદ આવે. ૧૮૯૩થી ૧૯૧૪ સુધી પૂરા ૨૧ વર્ષ ગાંધી દ. આફ્રિકામાં હતા. એ ઐતિહાસિક હકીકત છે કે, ભારતથી અમુક વર્ષના કરારે મજૂરી કરવા ગયેલા મોટી સંખ્યાના ભારતીયો સાથે કેટલોક વેપારી વર્ગ પણ દ. આફ્રિકા ગયેલો. ગાંધીજીએ જેમને દ. આફ્રિકાના હિન્દીઓ તરીકે ઓળખાવ્યા છે તેમના પર, ત્યાંના ગોરા (બ્રિટિશ) શાસને અનેક પાબંદીઓ લાદેલી. જેમાં દ. આફ્રિકામાં વસતા દરેક હિન્દી પર જો તે મજૂરી કામ છોડીને વેપાર કરવા લાગે તો ભારે માથાવેરો, હિન્દીઓને મતદાન કરવાની કે ત્યાંની ધારાસભામાં ચૂંટણી લડવાની મનાઈ, રેલવેમાં ગોરાઓ સાથે બેસવાની મનાઈ, હિન્દીઓની વસાહતો બ્રિટિશ પ્રજાથી દૂર રાખવાનું ફરમાન, હિન્દીઓ ત્યાં જમીન ન લઈ શકે, તેમનાં બાળકો ગોરાઓનાં બાળકો સાથે શાળામાં ન બેસી શકે, હિન્દીઓ હોટલમાં ન જઈ શકે ને આ બધાનો સામનો કરે તો જેલવાસ જેવાં બંધનો હતાં.

'દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ'થી ખ્યાત બેરિસ્ટર ગાંધીની અહીંની લડાઈએ એમને અનેકવાર જેલવાસ પણ સંપડાવ્યો. વાસ્તવમાં દ. આફ્રિકાના બ્રિટિશ શાસકો અહીંના નિગ્રો-હબસીઓની જેમ હિન્દીઓને પણ ગુલામ જ ગણતા હતા.

દ. આફ્રિકામાં બે દાયકા ઉપરાંતના ગાંધીજીના કાર્યકાળની વરવી વાસ્તવિકતા એ છે કે, અહીં સત્યાગ્રહ કરતી વેળાએ ગાંધીજીએ મૂળ દ. આફ્રિકન હબસીઓથી ભારતીય - હિન્દીઓને અલગ કરીને તેમની લડત ચલાવી હતી. જેલવાસ દરમિયાન નિગ્રો કેદીઓ સાથે રહેવાનું આવ્યું ત્યારે બાપુને ફાવ્યું નથી. દ. આફ્રિકામાં હિન્દીઓની વસાહત ગોરાઓથી દૂર પણ કાળાઓ (હબસીઓ)ની નજીક ઊભી થાય તે પણ તેમને પસંદ પડતું નહોતું. હિન્દી જાતિની પવિત્રતાની વાત ત્યાં પણ સતત તેમના મનમાં રહેતી. બ્રિટિશ રાજ ત્યાંના ગુલામ એવા હબસીઓ સાથે હિન્દીઓની સરખામણી કરે તેની

સામે બાપુને વાંધો હતો. જો કે, પાછળથી રંગભેદ સામેની ચળવળના મહાન આગેવાન Booker T. Washigton સાથે સંપર્કમાં આવતાં ગાંધી બાપુના વિચારોમાં ઘણું પરિવર્તન આવ્યું હતું. જેના પરિણામે ૧૯૧૫માં દ. આફ્રિકા છોડીને કાયમ માટે ભારત આવ્યા પછી, દ. આફ્રિકનોની આઝાદી માટેનો સંઘર્ષ લડતા અનેક આગેવાનો (૧૯૩૦ થી ૧૯૪૦ના ગાળામાં સૌથી વધુ) ગાંધીજીના આગ્રહથી ભારતની મુલાકાતે આવ્યા હતા. આ આગેવાનોમાં National Association for Advancement of Coloured People- NAACP અધ્યક્ષ ChanningTobias, હાવર્ડ યુનિ.ના ડીન Benjamin Mays, પ્રોફેસર Haward Thurman અને છેક ૧૯૫૯માં બ્લેક મૂવમૅન્ટના પ્રણેતા માર્ટિન લ્યુથર કિંગનો પણ સમાવેશ થતો હતો.

ગાંધીજીને અહીં ભારતમાં મળનારા આ દ. આફ્રિકન આગેવાનોએ, ગાંધીજીના મુખેથી અહિંસક સત્યાગ્રહની સાથે સાથે વર્ણવ્યવસ્થાની તેમની માન્યતાની, અસ્પૃશ્યતા નાબૂદી માટે ઉચ્ચવર્ગીય હિન્દુઓની માનસિકતાને સુધારવાની અને ભારતના અસ્પૃશ્યોને તેમણે 'હરિજન' નામ આપ્યું હોવાની વાત પણ જાણી !

આ વાતો આ પૈકીના એક મુલાકાતી Benjamin Mays એ દ. આફ્રિકા જઈને એમના સંસ્મરણમાં લખી પણ !

આવનાર દિવસોમાં સંભવ છે દુનિયામાંથી રંગભેદ સંપૂર્ણપણે નાબૂદ થઈને રહે પણ ભારતીય સમાજની રગ-રગમાં વ્યાપક અસ્પૃશ્યતાને નાબૂદ થતાં હજુ ઘણાં વર્ષો લાગે

અસ્પૃશ્યોની સમસ્યા માટે આજીવન લડનારા આગેવાન તરીકે ડૉ. આંબેડકરની સાથે મહાત્મા ગાંધીનું નામ પણ લેવાય છે, તે છતાં અસ્પૃશ્યતા નાબૂદીમાં જે વર્ણાશ્રમપ્રથા મોટી અડચણ હતી, તેને જ અનુમોદન આપનારા ગાંધીથી ડૉ. આંબેડકર કાયમ નારાજ રહ્યા હતા.

મનુસ્મૃતિ દહન, પૂના કરાર સમયે બાપુની જીદ અને આમરણ ઉપવાસ, ગાંધી-આંબેડકર વચ્ચે રહેલા મતભેદના બોલતા પુરાવા બની રહ્યા. 'What Congress and Gandhi have done to the Untouchables' જેવા ડૉ. બાબાસાહેબના અનેક મહત્ત્વપૂર્ણ - ક્રાંતિકારી ગ્રંથો પૈકીના એકમાં 'A plea to the foreigner' પ્રકરણમાં ડૉ. આંબેડકરે, આફ્રિકનોની રંગભેદ સામેની લડત અને ભારતની અસ્પૃશ્યતા સામેની લડત વચ્ચેના ભેદને સ્પષ્ટ કરી દેતાં લખ્યું : 'દેશની આઝાદી અને દેશના લોકો (અસ્પૃશ્યો)ની આઝાદી અલગ છે. ભારતની આઝાદીની લડાઈ સત્તાધારી વર્ગની આઝાદી માટેની લડાઈ છે. આ દેશમાં Caste is a notion and state of mind - જાતિવાદ એ એક ધારણા છે અને લોકોની માનસિકતામાં વ્યાપ્ત છે.'

વર્ણાશ્રમપ્રથામાં માનતા ગાંધી બાપુને ઉલ્લેખીને જ ડૉ. બાબાસાહેબે અહીં લખ્યું : "Caste structure in Gandhism is not an accident. It is its official doctorine- ગાંધીવાદમાં જાતિમાળખાને અનુમોદન એ કોઈ અકસ્માત નથી, તે તો તેમનો સ્વીકૃત સિદ્ધાંત છે."

• • •

એ પણ એક સમય હતો કે દ.આફ્રિકામાં બ્રિટિશ શાસન હતું ત્યારે ત્યાંના શૌચાલયોથી માંડી પોસ્ટ ઓફિસો સુધી Whites - Nonwhitesના પાટિયાં લટકતાં રહેતાં હતાં. દ. આફ્રિકનોને ગુલામ બનાવી એકથી બીજા સ્થળે (બીજા દેશમાં) લઈ જઈ વેચવાનો વેપાર ધમધમતો હતો. રંગભેદ સામેની ચળવળ ચલાવનારા અનેક નામી-અનામી લડવૈયાઓની લડત અને શહાદતને કારણે, આજના સમયે અત્યાચારની એ તીવ્રતા કે જઘન્યતા હવે રહી નથી.

આ તરફ ભારતમાં પણ મહાત્મા જ્યોતિબા ફૂલે, ડૉ. બાબાસાહેબ આંબેડકર સહિતના લડવૈયાઓની દૂરંદેશીભરી લડતને કારણે, અસ્પૃશ્યતાની તીવ્રતા - માત્રા જરૂર ઓછી થઈ છે, છતાં ડૉ. આંબેડકરે કહ્યું તેમ સવર્ણ સમાજની નસ-નસમાં વ્યાપ્ત ઉંચ-નીચની માન્યતાને દૂર કરવાનું કામ હજુ આજે પણ કપરું બની રહેલ છે.

આવનાર દિવસોમાં સંભવ છે દુનિયામાંથી રંગભેદ સંપૂર્ણપણે નાબૂદ થઈને રહે પણ ભારતીય સમાજની રગ-રગમાં વ્યાપક અસ્પૃશ્યતાને નાબૂદ થતાં હજુ ઘણાં વર્ષો લાગે.

બ્લેક આફ્રિકનો સામે રંગભેદની સમસ્યાની જેમ જ અસ્પૃશ્યતાની સમસ્યાને પણ વૈશ્વિક સ્તરે ઉઠાવવાની આવશ્યકતા આધુનિક સમયના આંબેડકરી અભ્યાસુઓ જોઈ રહ્યા છે. તેમના મતે દ. આફ્રિકન બ્લેક્સ અને ભારતના દલિતો બંને પરસ્પર સાથી છે - સહયાત્રી છે, તેથી તેઓ એક બીજામાંથી સતત પ્રેરિત થતા રહેતા હોય, એવાં અનેક ઉદાહરણો પણ મળતાં રહે છે.

ડૉ. બાબાસાહેબે, સંયુક્ત રાષ્ટ્ર સંઘને દ. આફ્રિકન બ્લેક્સે કરેલી પિટિશનની નકલ માંગીને મેળવી તેનો જરૂર તેઓએ દલિતોના અધિકારો માટેની માંગણીઓ રજૂ કરતાં ઉપયોગ કર્યો જ હોય. એ પણ સર્વવિદિત છે કે, કાયદા પ્રધાન તરીકે અને બંધારણને આખરી ઓપ આપતી વેળાએ, અમેરિકાએ તેના બંધારણથી તેની દ. આફ્રિકન અમેરિકન (બ્લેક) પ્રજાને જે અધિકારો આપ્યા તેની તપસીલ પણ ડૉ.

આંબેડકરે કરી જ હોય. ભારતમાં ૨૯ જુલાઈ ૧૯૭૨ના રોજ 'દલિત પેન્થર' સંગઠનની મહારાષ્ટ્રમાં થયેલી શરૂઆત, નિર્ભેળપણે આફ્રિકન અમેરિકનોની 'બ્લેક મૂવમેન્ટ'ની જ સીધી પ્રેરણા હતી. બ્લેક મૂવમેન્ટ પૈકીની એક 'Black Capitalism'ને મૂર્તિમંત કરતાં, દલિત આગેવાન ચંદ્રભાણના માર્ગદર્શનમાં આજે ભારતમાં DICCI - Dalit Indian Chamber of Commerce and Industryની સ્થાપના થઈ ચૂકી છે.

આ તરફ ૧૯૫૦માં બ્લેક મૂવમેન્ટ ચલાવતાં અને નિગ્રો/બ્લેક્સ એવા દ. આફ્રિકનો માટેની નીતિઓના ઘડતરમાં, તેમની રજૂઆતનો આરંભ જ ડૉ. બાબાસાહેબનાં વિધાનોથી થયો હોય તથા રંગભેદના સવાલે ડૉ. બાબાસાહેબનાં વિધાનોને સમયે સમયે દ. આફ્રિકનોએ ખપમાં લીધા હોય એવાં ઉદાહરણો પણ એકથી વધારે છે.

દ. આફ્રિકન નિગ્રો/બ્લેક્સ કે ભારતીય દલિતો / અનુસૂચિત જાતિઓ અને જગતભરમાં જ્યાં પણ આવો દબાયેલો - શોષાયેલો માનવ સમાજ વસે છે, તે સૌ પ્રતિ સહજ માનવીય સંવેદના દાખવી, માનવ માત્ર સાથે એક સમાન વર્તાવ કરવાનું કાર્ય, ખરેખર તો કેટલું સરળ અને સહેલું કાર્ય છે ? છતાં દરિયાપારના દ. આફ્રિકન બ્લેક્સ અને ભારતના દલિતોને રંગભેદ કે જાતિવાદને આધારે હાંસિયામાં ધકેલતા રહેવાનું, તેમને આર્થિક - સામાજિક રીતે બહિષ્કૃત કરતા રહેવાનું દુષ્કૃત્ય સદીઓની સદીઓ ને વર્ષોના વર્ષ વીતવા છતાં, હજી અટકવાનું નામ નથી લેતું.

આખી દુનિયાની શોષિત - પીડિત - દમિત - વંચિત વસતિના આ પ્રાણપ્રશ્નનો જવાબ પણ આખરે તો આપણને આ વર્ગોના મસીહા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પાસેથી જ મળે છે

આમ કેમ ?

આખી દુનિયાની શોષિત - પીડિત - દમિત - વંચિત વસતિના આ પ્રાણપ્રશ્નનો જવાબ પણ આખરે તો આપણને આ વર્ગોના મસીહા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર પાસેથી જ મળે છે.

ડૉ. આંબેડકર કહી ગયા છે કે, વંચિતો - શોષિતોને તિરસ્કૃત ને બહિષ્કૃત કરી, એક ખૂણે હડસેલી ધકેલી દેવાનું ખરું કારણ સામાજિક ને ધાર્મિક કરતાંય વધુ તો આર્થિક છે.

દુનિયાના કોઈ પણ ખૂણે પ્રજાના એક મોટા સમૂહને યેનકેન પ્રકારે અલગ કરી દઈને, વાસ્તવમાં કહેવાતા ઉચ્ચ વર્ગો (અહીંના Elites કે ત્યાંના Whites) તેમની આર્થિક આવકના ભાગીદારો વધે નહિ તેની જ કાળજી લઈ રહ્યા છે. Racism (રંગભેદ) કે Casteism (જાતિવાદ) તો તેમનાં હથિયારો માત્ર છે.

સંદર્ભ :

(1) AMBEDKAR AND MARTIN LUTHER KING - THE SUBJUGATION OF CASTE OR RACE VIS-A-VIS COLOURISM. - Ronald E. Hall and Neha Mishra.

(2) CAN AMBEDKAR SPEAK TO AFRICA ? - COLOUR, CASTE AND CLASS STRUGGLES IN CONTEMPORARY SOUTH AFRICA - Goolam Vahed and Ashwin Desai.

(3) CRIMINALIZED CASTE - DALITS, AFRICAN AMERICANS AND THE JEWS OF CHRISTIAN EUROPE - Garry Michael Tartakov.


(4) AFRICAN - AMERICAN PERSPECTIVE ON COMMON STRUGGLES - BENIFITS OF ARRICAN AMERICANS COMPARING THEIR STRUGGLE WITH DALIT LIBERATION EFFORTS - Kevin D. Brown.

(5) HATE CRIMES, CRIMES OF ATROCITY AND AFFIRMATIVE ACTION IN INDIA AND THE US - Samuel L.Myres, Jr., and Vanishree Radhakrishna.

(6) AMBEDKAR'S FOREIGN POLICY AND THE ELLIPSIS OF THE 'DALIT' FROM INTERNATIONAL ACTIVISM - Suraj Yengde.

(7) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ - ગાંધીજી.

'છાંયડો' પ્લોટ નં. ૧૬૮/૨,
સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫,
ગાંધીનગર-૩૮૨૦૨૪ મો.૯૮૨૫૬૩૨૮૩૮





“ સંભવામિ યુગેયુગે ”
- એન. પી. વૈશ્યક
મો.-૯૪૨૭૬૦૭૮૨૪



“ શાંત જળ ”
- નટુભાઈ પરીખ
મો.-૯૮૨૪૪૦૮૩૯૨



" સ્વૈર વિહાર"



“ સાગરતટે સાઈકલ ”
- હેમંત પંડ્યા
મો.-૯૮૭૯૨૦૮૫૧૬

સૌરાષ્ટ્રનું ધર્મદર્શન

- લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી

મહાભારતના કર્ણપર્વમાં ધર્મની વ્યાખ્યા આપવામાં આવી છે. ''ધારણાધ્ધર્મ ઈત્યાદિ ધર્મો ધારયતિ પ્રજાઃ।।'' અર્થાત્ જે ધારણ કરે અથવા આધાર આપે, જે બધાનું અધિષ્ઠાન હોય તેને ધર્મ કહેવાય છે- બીજી પરિભાષા એ પણ છે ''યત અભ્યુદય નિઃશ્રેયસ સિદ્ધિઃ સ ધર્મઃ ।'' જેના આચરણથી આ લોકમાં અભ્યુદય થાય, સુખ, શાંતિ, સમૃદ્ધિ મળે અને પરલોકમાં સુગતિ મળે તે ધર્મ. ત્રીજી પરિભાષા એ છે કે : ''શ્રેયતાં ધર્મ સર્વસ્વં, શ્રુત્વા ચૈવા વધાર્યતામ આત્મનઃ પ્રતિકુલાનિ, પરેષાં ન સમાયરેતઃ।।'' અર્થાત્ કોઈપણને પ્રતિકૂળ ન હોય તેવું વર્તન કરવાનો કોઈપણ અધિકાર નથી. શ્રીમદ્ ભાગવત મહાપુરાણ સ્કંધ ૧, અધ્યાય-૨માં 'સ વૈ પુંસો પરો ધર્મો સતો ભક્તિધોક્ષજો અહૈતુક્યપ્રતિહતા યયાડડત્મા સમ્પ્રસીદતિ' આ શ્લોકમાં ધર્મ શું છે અને તેને ભક્તિ સાથે કેવો સંબંધ છે તે જાણવા મળે છે. ધર્મ એ સાધના છે જેનાથી ભક્તિનો ઉદ્ભવ થાય છે.

વિશ્વની ધાર્મિક પરંપરા પર વિહંગાવલોકન કરીશું તો સેમાઈટ અને આર્ય એ બન્ને વિશ્વની મૂળભૂત ધાર્મિક પરંપરા ગણી શકાય. સેમાઈટમાં ઈજિપ્શિયન, બેબોલિયન, આસીરિયન, યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મોનો સમાવેશ થાય છે. બીજીમાં ખત્તી એટલે હિટાઈટ, ગ્રીક, ઈરાની, રોમન, સ્લાવનિક, ટ્યુટોનિક, સેલ્ટિક, ઈત્યાદિ છે. આ બન્નેનાં સમન્વયથી વિકાસ પામેલી ત્રીજી ધાર્મિક પરંપરા છે. ભારત અને પૂર્વ એશિયાની જેમાં બ્રાહ્મણ(પૌરાણિક અને વૈદિક), શ્રમણ, (જૈન અને બૌદ્ધ), સંત(ખાલસા એટલે શિખ, શૈવ, શાકત, વૈષ્ણવ અને મધ્યકાલીન જ્ઞાન તથા ભક્તિપ્રવાહ)નો સમાવેશ થાય છે. આ ત્રણેય ધાર્મિક પ્રવાહો દ્વારા માનવ વિકાસ દેશકાળ પ્રમાણે વિકસતો રહ્યો છે.



સેમાઈટ અને આર્ય એ બન્ને વિશ્વની મૂળભૂત ધાર્મિક પરંપરા ગણી શકાય. સેમાઈટમાં ઈજિપ્શિયન, બેબોલિયન, આસીરિયન, યહૂદી, ખ્રિસ્તી અને ઈસ્લામી ધર્મોનો સમાવેશ થાય છે. બીજીમાં ખત્તી એટલે હિટાઈટ, ગ્રીક, ઈરાની, રોમન, સ્લાવનિક, ટ્યુટોનિક, સેલ્ટિક, ઈત્યાદિ છે

મનુષ્યને જ્યારે અતિ અને અલૌકિક અદ્ભુત અને અગમ્ય તત્ત્વની પ્રતીતિ થઈ, રહસ્યમય બાબતોનો ભેદ ઉકેલી ન શક્યો, પોતાનાથી મહત્તર વિરાટ ઐશ્વર્ય તત્ત્વનું દર્શન થયું ત્યારે ડર, ભય, વિસ્મય, કુતૂહલ, કૃતજ્ઞતા અને અહોભાવથી પ્રેરાઈને એ તત્ત્વના દૈવત્વની તેણે પ્રતિષ્ઠા કરી, પ્રકૃતિના તત્ત્વોને માનવ કલ્પી તેનું યથામતિ પૂજન, અર્ચન કર્યું છે. આ કારણથી જ ''નાનાવર્ણોભિધકારા નાનૈવિધિને જયતે'' અર્થાત્ ઈશ્વરનાં અનેક રંગો, નામ, આકાર, વિધિઓ અને પૂજા અસ્તિત્વમાં આવ્યાં છે.

માનવજાતના વન્યજીવનમાં ખડક, ડુંગર, પ્રાણી, વૃક્ષાદિ, અનેકાનેક દેવો હતાં. સાગરકાંઠે અને ટાપુઓના નિવાસ દરમ્યાન સાગર અને જળચરો સાથે સંબંધિત દેવો હતા. કૃષિજીવનમાં ખેતી ઉપયોગી તત્ત્વો જેવા કે પૃથ્વી, આકાશ, સૂર્ય, વાયુ, મેઘ, વર્ષા, જળ ઈત્યાદિ દેવો હતા. ગ્રામ્યને નગરમાં વસવાટ બનતાં ગ્રામ્યને નગરનાં દેવોનો નિસર્ગાદિ દેવોમાં ઉમેરો થયો. કાળક્રમે અરણ્ય, ગ્રામ્ય, ને નગરજીવન નીતિ ભારતના સનાતન ધર્મમાં પરિણમી- આ રીતે જેમ જેમ માનવ સત્ય, સંસ્કૃત બનતો ગયો તેમ તેમ તેની ધાર્મિક પરંપરા વિકસતી ગઈ. પરિણામે પરમતત્ત્વને પામવાના અનેક માર્ગો અસ્તિત્વમાં આવ્યાં. કચ્છના સંત મેકરણ કાપડીએ આ હકીકતનું સમર્થન આપતાં કહ્યું છે કે :

મું ભાયો તડ હિકડો,
પણ તડ લખ્ખ હજાર,
જી જીતે લંઘીયા,
ત થીદઃ પાર.

અર્થાત્ : મેં માન્યું હતું કે માનવને આત્મકલ્યાણ, ઈશ્વરને પામવા માટે એક જ આરો-માર્ગ-રસ્તો છે પણ એવું નથી એ માટે તો હજારો રસ્તાઓ છે. અનુભવને અંતે એવું લાગ્યું છે કે જેણે જ્યાંથી પાર કરવાનો પ્રયત્ન કર્યો

છે તેઓ ત્યાંથી તરીને પાર પહોંચ્યા છે.

ભારતવર્ષનાં મૂળ સંસ્કાર, દેશ-વિદેશની અનેક જાતિઓનું આગમન અને રક્તમિશ્રિત સંબંધોને કારણે અનેક સંપ્રદાયો, પંથો, માન્યતાઓ, ધર્મ વૈવિધ્ય, ધર્મની સહિષ્ણુતા, સર્વધર્મસમભાવ, શ્રેષ્ઠતમ અને હિતકર તત્ત્વોનો સ્વીકાર એ સૌરાષ્ટ્રની સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણો છે. સૌરાષ્ટ્રમાં પ્રાચીન ધર્મનું ઝરણું સ્પષ્ટપણે લોથલની ધાર્મિક પરંપરાથી વહેતું જણાય છે. સૌરાષ્ટ્રનો લોકધર્મ જગવિખ્યાત છે.

લોકધર્મ :

દરેક પ્રજાને પોતાના પ્રદેશનો લોકધર્મ હોય છે. આ અંગે ક્ષિતિમોહન સેનનું મંતવ્ય ઉલ્લેખનીય છે. ''ભારતની પ્રાચીન આર્ય સંસ્કૃતિનો ઉષઃકાળ ઋગ્વેદથી થયો છે, તેમ ઈતિહાસકારો ભાખે છે. પણ એથીયે પ્રાચીન લોકસાહિત્ય લોકધર્મના અવશેષો આપણને અથર્વવેદના ઘણાંય સૂક્તોમાં મળી આવે છે અને બાકી રહેલાં આખ્યાનો, કહેવતો, મહાભારતમાં અને પુરાણોમાં સંકળાયેલાં જણાય છે. દરેક પ્રજાની સંસ્કૃતિનું હાર્દ તેના લોકસાહિત્યમાં જોવા મળે છે, પણ આ ઉન્મેષ વિદ્વાન સાહિત્યકારોમાં મોડો થાય છે.'' સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય સમૃદ્ધશીલ છે. સૌરાષ્ટ્રનો લોકધર્મ યોગીઓનાં યોગ તત્ત્વોનો, સોમનાથનાં શૈવતત્ત્વોનો વેદના વૈદિક તત્ત્વોનો, વૈષ્ણવ ધર્મના સર્વવ્યાપક તત્ત્વોનો, બૌદ્ધના દયા, કરુણા તત્ત્વોનો, સૌરના પ્રકાશક તત્ત્વોનો, શક્તિના સામર્થ્યનો સર્વોપરિ તત્ત્વોનો, જૈનોના અહિંસકને ક્ષમા તત્ત્વોનો, ઈસ્લામની એકોપાસનાનાં તત્ત્વોનો, સુફીઓનાં નિર્દોષ તત્ત્વોનો, મહાપંથનાં અભેદ અને નિજાર તત્ત્વોનો, જરથુસ્તોના પવિત્રતાનાં તત્ત્વોનો, ખ્રિસ્તીઓનાં સેવા તત્ત્વોનો પ્રભાવ ઝીલ્યો છે. આ તત્ત્વોના સમન્વયથી ધર્મના ભેદભાવ વિનાનો આત્મ્યૈક્ય, માનવતાવાદી લોકધર્મ સૌરાષ્ટ્રમાં સ્થપાયો છે. આ લોકધર્મની સ્થાપનામાં સૌરાષ્ટ્રના સાગર કિનારે અને ભૌગોલિક સ્થિતિએ મુખ્ય ભાગ ભજવ્યો છે.

દરેક પ્રજાની સંસ્કૃતિનું હાર્દ તેના લોકસાહિત્યમાં જોવા મળે છે, પણ આ ઉન્મેષ વિદ્વાન સાહિત્યકારોમાં મોડો થાય છે." સૌરાષ્ટ્રનું લોકસાહિત્ય સમૃદ્ધશીલ છે

વેદકાલીન :

પ્રભાસ સંસ્કૃતિનો સમય ઈ.પૂ. ૧૫૦૦નો ગણાય છે. પ્રભાસના અવશેષો પ્રાગૈતિહાસિકકાળના જણાય છે. પ્રભાસક્ષેત્રની પવિત્રભૂમિએ તપશ્ચર્યા અને વિદ્યાના ક્ષેત્રે ઉચ્ચાંક સ્થાપ્યો હતો.

ઈરાન, ઈરાકના આર્યનિવેશમાં ઋશ્વાશ્વન ઋષિના દોહિત્ર ક્રાંતિકારી અથર્વવેદી ઋષિ જરથુસ્ટ્રીએ યજ્ઞવિધાન પરંપરામાં મહાયજ્ઞવેળાએ સોમની પ્રથમ આહુતિ ઈન્દ્રને આપવાને બદલે તેણે વરૂણને આપવાનું નક્કી કર્યું, તેથી યજ્ઞમાં ઉપસ્થિત ઋષિઓના ઈન્દ્રપક્ષી અને વરુણપક્ષી એમ બે વિભાગ પડી ગયા, પરિણામે ઈન્દ્રપક્ષી ઋષિઓનો વિશાળ સમુદાય સમુદ્રમાર્ગે પ્રભાસક્ષેત્રે આવી વસ્યા. એક અંદાજ પ્રમાણે આ ક્ષેત્રમાં સાઈઠ હજાર ઋષિઓએ વસવાટ કર્યો હતો. આ પ્રદેશમાં ભારતવર્ષના ઋષિઓ-મુનિઓ, સાધુ, સંતો, સંન્યાસીઓનું આવન-જાવન સતત વહેતું રહેતું. વૈદિક સાહિત્યની પરંપરામાં ઋગ્વેદ સંહિતાના રચયિતા શાકલ્યઋષિ પ્રભાસમાં હતા. પ્રભાસમાં ચારણ મહર્ષિ યાજ્ઞવલ્કયે સૂર્ય ઉપાસના કરી યજુર્વેદની સૌરશાખાની સ્થાપના કરી હતી. અથર્વવેદના મંત્ર-દષ્ટા ભૃગુવંશી ભિન્ન ભિન્ન ભાર્ગવી પ્રભાસના હતા. શુક્લ અને કૃષ્ણ યજુર્વેદ સંહિતાના બન્ને પ્રવચનકારી સૌરાષ્ટ્રના હતા. ચ્યવનઋષિએ ચ્યવનપ્રાસ ઔષધ સૌ પ્રથમ પ્રભાસને તીરે નિર્માણ કર્યું હતું. પરશુરામ, દત્તાત્રેય અને ધ્રુવજીએ ઉગ્ર કઠિન તપશ્ચર્યા પ્રભાસમાં કરી હતી. શુકરાચાર્યે સંજીવનીવિદ્યા અને લવકુશે ધનુર્વિદ્યા પ્રભાસમાંથી હસ્તગત કરી હતી. અગસ્ત્ય, વસિષ્ઠ, વિશ્વામિત્ર વ્યાસ, વાલ્મિકી, અગ્નિવૈશ્ય, મૃકંડ, ગર્ગાચાર્ય, માર્કેણ્ડેય, મુચંક, અત્રિ, ઔર્વ, ઋચિક, દધિચિ, ઉદ્દ્લાક, રામ, લક્ષ્મણ, જાનકી અને પાંડવો વગેરે સરસ્વતીને તીરે પ્રભાસક્ષેત્રની તેજોમયતામાં સતત વિચરતાં રહેતાં હતાં. સૌરાષ્ટ્રમાં પાટણમાં કપિલમુનિનો આશ્રમ, વેરાવળ દાણીબારે સ્તંભઋષિનો આશ્રમ, ભેંસાણ પાસે પરબવાવડીમાં સરભંગઋષિનો આશ્રમ, ગિરનારમાં દામોદરરકુંડની



ઉત્તરે અશ્વત્થામાનો અને સત્યધામઋષિનો નિવાસ, માળવેલામાં પરશુરામનો આશ્રમ, બગસરાને બગદાણામાં બગડાલમ ઋષિના આશ્રમો, શિહોરમાં ગૌતમઋષિનો આશ્રમ, સૂત્રાપાડા, ગુજરડા ને ચાણકામાં ચ્યવનઋષિના આશ્રમો, ગીરગઢડા દ્રોણમાં દ્રોણ ઋષિનો આશ્રમ, ભૃગકુંડ-ઘૂમલીમાં ભૃગુઋષિનો આશ્રમ, પોરબંદરમાં ભક્ત સુદામાનું નિવાસસ્થાન, પિંડારામાં મહામુનિ દુર્વાસાનો આશ્રમ, જામવાળા, રાણ ગામોમાં જમદગ્નીય ઋષિ અને પરશુરામના આશ્રમો, દ્વારકામાં તિતિરઋષિનો નિવાસ, પાંચાળના દર્મારણ્યમાં કણ્વ, ગાલવ, માંડવ્ય, અંગિરસ, બૃહસ્પતિ, અત્રિઋષિ,ચાતુર્માસ માટે આશ્રમો બાંધી વિહાર કરતા, સૌરભઋષિનો આશ્રમ મચ્છુકાંઠે હતો. માર્ધ્યદિન, કણ્વ, જાબાલ, પારાશર અને કાત્યાયન, યાજ્ઞવલ્કલયનો શિષ્યો હતા. આ સર્વ ઋષિઓ, મુનિઓ, તપસ્વીઓથી સૌરાષ્ટ્રમાં વેદકાલીન સંસ્કૃતિ ગુંજતી હતી, તેની પ્રતીતિ વેદોની સંહિતાઓ, બ્રાહ્મણગ્રંથો અને સૂત્રગ્રંથોની મૂલ્યવાન અપ્રાપ્ય હસ્તલિખિત પોથીઓ સૌરાષ્ટ્રના જૂનાગઢ, ભાવનગર અને જામનગરના ગ્રામ્યપ્રદેશોમાંથી મળી આવે છે.

સૌરાષ્ટ્રમાં અનાર્યો પાસેથી આર્યોએ વિષ્ણુપૂજા અપનાવી હતી. વિષ્ણુના અવતાર ગણાતા શ્રીકૃષ્ણના દ્વારકાના વસવાટથી દ્વારકા માધવપુર અને પ્રભાસ અખિલ ભારતીય સ્તરે મહત્ત્વના ભાગવત વૈષ્ણવપીઠ ભક્તિતીર્થ બન્યાં હતાં

વલ્લભીકાળમાં ઉત્તરાપંથી એક હજાર ચારેય વેદપાઠી બહુશ્રુત બ્રાહ્મણો પરંપરાગત વેદશાખાનો સ્વાધ્યાય કરતા, તેમાં ઋગ્વેદની બહ્‌વયશાખા, કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણીય અને તેતરિય શાખા, શુકલ યજુર્વેદની વાજસનેયી શાખા અને અથર્વવેદની અથર્વશાખા વિશેષ પ્રચલિત હતી. બ્રાહ્મણોએ શિહોરમાં 'શિહોર સંપ્રદાય' શરૂ કર્યો હતો. દસમા સૈકામાં ઉદિચ્ય બ્રાહ્મણો શિહોરમાં આવીને વસ્યા હોવાનો એકમત છે. શ્રીકૃષ્ણના પુત્ર સામ્બે ગ્રીસમાંથી સૂર્યપૂજા અને તેના પૂજારી શાકદ્વીપીય મગ બ્રાહ્મણોને લાવી, દ્વારકાક્ષેત્રમાં અને સાગર કિનારે વસાવ્યા હતા. આદ્ય શંકરાચાર્યે દ્વારકામાં શારદામઠ દ્વારા સામવેદ અને કૈવલ દ્વૈત અને મહર્ષિ દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સૌરાષ્ટ્રમાં સ્થાપના કરી હતી. ઊના-દેલવાડા આર્યવર્તના ૬૮ પ્રાચીન તીર્થધામોમાં ૨૧મું તીર્થધામ ગણાય છે.

ધાર્મિક પ્રવાહો :

સૌરાષ્ટ્ર એટલે અનેક ધર્મોની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે ધર્મોનું સંગ્રહાલય, સૌરાષ્ટ્ર એટલે સર્વ સંપ્રદાયોને મતોની સમન્વય ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે તત્ત્વજ્ઞાનના યોગેશ્વરની ભૂમિ, સૌરાષ્ટ્ર એટલે સંતો, ભક્તો, ત્યાગી, તપસ્વી, ધર્મવીરો, મહાપંથી, ધર્મપંડિતો, મહાત્માઓ, ધર્મ-સંપ્રદાય પ્રવર્તકોની ભૂમિ - આ બધાને કારણે જ ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રની ધર્મસાધનાને બહુરંગી ચૂંદડી તરીકે ઓળખાવે છે.

ભારતીય ધાર્મિકતા સેમાઈટ સંસ્કૃતિનાં તત્ત્વોથી સભર છે. પૌરાણિક પરંપરાના મૂળભૂત તત્ત્વો ઈજિપ્શ્યનો પાસેથી અને વૈદિક પરંપરા તત્ત્વો બેબોલિયના આસિરિયનો પાસેથી અહીં આવેલાં છે. વૈદિક મંત્ર ય-ર બેબોલિયન પ્રકારના છે. શિવ અને શક્તિનાં તત્ત્વો પૂર્ણ એશિયાનાં છે.

ઈ.સ. પૂર્વે લગભગ ૧૯૦૦થી ઈ.સ. ૮૦૦ સુધીના સ્મૃતિકાળમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રિદેવ ઉપાસના અસ્તિત્વમાં આવી. ત્યારબાદ કાળક્રમે વિષ્ણુ, શિવ, સૂર્ય, ગણપતિ અને અંબિકા, એ પાંચ દેવોની ઉપાસનામાંથી વૈષ્ણવ, શૈવ, શાક્ત, સૌર અને ગણપતિ એ પાંચ સંપ્રદાયોનો પ્રાદુર્ભાવ થયો. એ પાંચેય દેવોની અલગ પૂજા-ઉપાસના સૂચવતાં અનેક મંદિરો સ્થાનકો અને મતો સૌરાષ્ટ્રમાં સર્વત્ર પથરાયેલાં છે. સૌરાષ્ટ્રમાં એક કાળે કર્મકાંડપરક વૈદિક અને ઉપનિષદ તત્ત્વજ્ઞાન પરક ધર્મ પ્રવર્તતો હતો. ભગવાન શ્રીકૃષ્ણના દ્વારકાના આગમન પછી તેમજ શ્રીકૃષ્ણ તત્ત્વજ્ઞાનીઓના યોગેશ્વર હોવાથી સૌરાષ્ટ્રમાં વૈદિક ધર્મ પ્રતિષ્ઠિત થયો હતો. વૈદિક દેવોના નવા અવતારસમા દેવોનો પ્રાદુર્ભાવ થયો. તેમજ નવા નવા સંપ્રદાયો ને મતોનો ઉગમ થયો. શંકરાચાર્યે વેદાભિમુખ પરંપરા જળવાઈ રહે એ માટે મઢી અને અખાડા તેમજ દશનામી સન્યાસીઓની પરિપાટી પ્રસ્થાપિત કરી જે આજે પણ વ્યવસ્થિત રીતે ચાલે છે.

વૈષ્ણવ સંપ્રદાય :

વિષ્ણુનાં સહસ્રનામ અને તેના અવતારો લોકજીભે પ્રચલિત છે. વિષ્ણુના અવતારોની ઉપાસના, ભાગવતધર્મ, પાંચરાત્ર, એકાન્તિકધર્મ, ભક્તિધર્મ અને વૈષ્ણવ સંપ્રદાયથી ઓળખાય છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. જે નામ સ્મરણને સવિશેષ મહત્ત્વ આપે છે. આ સંપ્રદાયના પેટા પ્રકારો ઇ.સ. પૂર્વે ૭૦૦ ભક્તિમાર્ગ અને ઈ.સ. ૪૫૬માં ભાગવતધર્મ નામે પ્રચલિત હતા.

સૌરાષ્ટ્રમાં અનાર્યો પાસેથી આર્યોએ વિષ્ણુપૂજા અપનાવી હતી. વિષ્ણુના અવતાર ગણાતા શ્રીકૃષ્ણના દ્વારકાના વસવાટથી દ્વારકા માધવપુર અને પ્રભાસ અખિલ ભારતીય સ્તરે મહત્ત્વના ભાગવત વૈષ્ણવપીઠ ભક્તિતીર્થ

બન્યાં હતાં. મધ્યયુગમાં જ્ઞાન અને ભક્તિ, શિવ અને વિષ્ણુ જુદા પડ્યા પરિણામે શિવપૂજા વિવિધ માર્ગે વહી રહેલી જણાય છે.

શૈવ સંપ્રદાય :

શિવ એ પ્રાગવૈદિક અને આરણ્યક દેવ મનાયો છે. ધર્માનંદ કોસંબી શિવ-મહાદેવને સરહદી પહાડી પ્રજાનો દેવ માને છે. એ દૃષ્ટિએ શિવ એ લોક દેવ છે. અનેક રૂપો અને અનેક નામધારી શિવસ્વરૂપ પરમાત્માની ઉપાસના શૈવ સંપ્રદાય માહેશ્વરધર્મને નામે ઓળખાય છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. આર્યોએ અસૂરો પાસેથી શિવપૂજા અપનાવી હતી. સૌરાષ્ટ્ર શિવનું પરિભ્રમણ અને તપશ્ચર્યાનું કેન્દ્ર રહ્યું છે. સમગ્ર પૃથ્વી ઉપર બાલસ્વરૂપનાં શિવજીનો સાક્ષાત્કાર જામનગર પાસેના બરડા ડુંગરના ઘુમલી ક્ષેત્રમાં જ થાય છે. નાઘેર પ્રદેશ શિવજી સ્વેચ્છાએ દિગમ્બર સ્વરૂપ વિચરેલાં છે. ગિરનારમાં શિવ ઉગ્ર તપ કરી કૈલાસ ગયા હતા. પ્રાચીનકાળથી પ્રભાસ-સોમનાથ શિવપૂજાનું મહાકેન્દ્ર અને જ્યોતિર્લિંગ રહ્યું છે. મહાભારતમાં પ્રભાસને અગ્નિતીર્થ તથા સોમતીર્થ તરીકે ઓળખાવ્યું છે. સોમનાથ શિવનું કાલાગ્નિરૂપ ગણાય છે.

પ્રભાસ પશુપાત સંપ્રદાયનું કેન્દ્ર માનવામાં આવે છે. ઋગ્વેદ સંહિતાના આધ્ય પ્રણેતા શાકલ્યઋષિએ પ્રભાસક્ષેત્રમાં શિવની આરાધના કરી, સંહિતા રચી હતી. સૌરાષ્ટ્રનું કોઈ એવું ગામ કે આરણ્ય નથી કે જ્યાં શિવમંદિર ન હોય. સૌરાષ્ટ્રની સાગર સંસ્કૃતિમાં પણ શિવનું પ્રભુત્વ રહ્યું છે. સૌરાષ્ટ્રના સાગરકાંઠા ઉપર જ્યાં જ્યાં સાગરનો ફાંટો જમીનમાં લંબાઈને આગળ ગયો છે ત્યાં ત્યાં કુદરતી બંદર ઉપરના પ્રવેશ દ્વારે મોટા ખડક, ટેકરા કે શિલા ઉપર શિવલિંગની સ્થાપના અચૂક જોવા મળે છે.

સિદ્ધમાર્ગ, અવધૂતમાર્ગ, યોગમાર્ગ એવાં જુદાં જુદાં નામે ઓળખાતા નાથ સંપ્રદાયના આદિનાથ એટલે સ્વયં શિવને કારણે. શૈવ સંપ્રદાયને કારણે નિકટતમ સંબંધ પણ નાથ સંપ્રદાયનો મનાયો છે. સૌરાષ્ટ્રમાં માધવપુરમાં ગોરખનાથે જ્યાં તપશ્ચર્યા કરેલી તે ગુફા ગોરખનાથની ગુફા તરીકે ઓળખાય છે. ગિરનારમાં નવનાથનું બેસણું, ગુરુ ગોરખનાથનો ધૂણો અને પાદુકા, ઓઘડનાથ ટૂંક, ગિરનાર ઉપર સૌથી ઊંચી ટૂંક ઉપર ગુરુ ગોરખનાથનું સ્થાન સૌરાષ્ટ્રમાં જ આવેલાં છે.

મહાપંથ- નિજારપંથ :

મહાપંથ, આદિપંથ, મહામાર્ગ, પાટપંથ, માર્ગીપંથ, દૂનોધર્મ, બીજ માર્ગ, રામાપીર પંથ, એવાં જુદાં જુદાં નામાભિધાનથી ઓળખાતો વાસનાના અભાવવાળો પંથ નિજાર, માર્ગી મહાપંથ રામાપીરપંથ નામે સવિશેષ પ્રસિદ્ધ છે. આ પંથનો માતંગઋષિ દ્વારા ૧૧મી સદીમાં સૌરાષ્ટ્રમાં વિશેષ પ્રચાર થયો હતો. મહામાર્ગના મૂળ ઘણાં ઊંડાં છે. તેમાં સદ્‌ગુરુનું સવિશેષ મહત્ત્વ હોય છે.

શાક્ત સંપ્રદાય :

વિશ્વમાં શક્તિને જ સર્વોપરિ સર્વવ્યાપી, અદભુત સામર્થ્ય ધરાવતી અભીષ્ટ ફળદાતા બ્રહ્મસ્વરૂપ મનાય છે. આ શક્તિ તત્ત્વમાં વિશ્વમાં સેંકડો નામે અને સ્વરૂપે સર્વત્ર પુજાય છે. વિશ્વના સમસ્ત માનવકૂળે શક્તિને જ આરાધી છે. આ શક્તિ ઉપાસનાને 'શાક્ત સંપ્રદાય' નામે ઓળખવામાં આવે છે. જેનો સમાવેશ બ્રાહ્મણ પરંપરામાં થાય છે. શક્તિ સંપ્રદાયને વ્યવસ્થિત કરનાર માર્કણ્ડેય ઋષિ અને તંત્ર નિરૂપણના સાધકોમાં ભૃગુ અને અંગીરસ ઋષિઓ સર્વોચ્ચ મનાય છે. આ ત્રણેય ઋષિઓના આશ્રમો સૌરાષ્ટ્રમાં દર્શાવાય છે. પ્રાચીનકાળથી જ સૌરાષ્ટ્રમાં શાક્ત સંપ્રદાય અધિક પ્રમાણમાં ફેલાયો હતો. કૃષ્ણકાળમાં સૌરાષ્ટ્રમાં દેવી ઉપાસના પ્રચલિત હતી. સૌરાષ્ટ્રમાં ડુંગરની ટોચ ઉપર, શિખર ઉપર, કુદરતી વાતાવરણમાં, વનવગડે, જંગલમાં, વેરાન રણમાં, નદી, તળાવ, કૂવાકાંઠે, કોઈ વૃક્ષ નીચે શિલા નીચે, પાષાણના ફળાને સિંદૂર ચોપડીને શક્તિની પ્રતિષ્ઠા થતી. સમગ્ર સૌરાષ્ટ્ર શક્તિમાતાના કુળદેવી, કર દેવી, ચારણ માતાજી, સતીમાતાનાં સ્થાનકોથી રંગાયેલું છે. શક લોકો શક્તિપૂજક હતા અને તેઓ સૌ પ્રથમ સૌરાષ્ટ્રમાં શક્તિ પૂજા લાવ્યા હોવાની માન્યતા પ્રવર્તે છે. સૌરાષ્ટ્રમાં ગુપ્તકાળ અને મૈત્રકકાળમાં શક્તિ પૂજા સોળે કળાએ ખીલી હતી. માતાજીના ભૂવાની પ્રણાલીમાં દ્રાવિડિયન પ્રભાવ જણાય છે.

વિશ્વમાં શક્તિને જ સર્વોપરિ સર્વવ્યાપી, અદભુત સામર્થ્ય ધરાવતી અભીષ્ટ ફળદાતા બ્રહ્મસ્વરૂપ મનાય છે. આ શક્તિ તત્ત્વમાં વિશ્વમાં સેંકડો નામે અને સ્વરૂપે સર્વત્ર પુજાય છે. વિશ્વના સમસ્ત માનવકૂળે શક્તિને જ આરાધી છે

ગણપતિ સંપ્રદાય :

પ્રાચીનકાળથી સૌરાષ્ટ્રમાં સમૃદ્ધિદાયક બુદ્ધિદાયક અને વિઘ્નહર્તા દેવ તરીકે, ધાર્મિકવિધિ કે શુભકાર્યોના પ્રારંભમાં ગણપતિનું પૂજન-અર્ચન અનિવાર્ય ગણાયું છે.

શિવ-પાર્વતીના બીજા પુત્ર સ્કંદનો સંપ્રદાય, સૌરાષ્ટ્રમાં ઘુમલી, ઢાંક અને સોમનાથ વિસ્તારમાં એક કાળે

ફેલાયેલો હતો. ભાણવડ, ગોપ અને પાસ્તરના સ્કંદમૂર્તિઓ સ્કંદપૂજાની પ્રતીતિ કરાવે છે.

દત્ત સંપ્રદાય :

ગિરનાર, ઊના અને મૂળી દત્તાત્રેયની તપોભૂમિ રહી છે. ગિરનાર ઉપર અનસૂયાની મૂર્તિ તેમજ દત્તાત્રેયનો ધૂણો, પાદુકા દર્શનીય છે. દ્વારકા, અમરેલી ને જામનગરમાં ગુરુ દત્તાત્રેયનાં પ્રસિદ્ધ મંદિરો છે.

સૌર સંપ્રદાય :

સૂર્ય વૈદિક દેવ છે. અથર્વવેદ, ઋગ્વેદ અને યજુર્વેદમાં તેની સ્તુતિ જોવા મળે છે. સૃષ્ટિના વિકાસક્રમ, નિયમન સંચાલન સૂર્યશક્તિને જ આભારી છે. આથી સૌરાષ્ટ્રની પ્રજાએ તેને પ્રત્યક્ષ દેવ માનીને તેનું પૂજન-અર્ચન કર્યું છે. સૌરાષ્ટ્રનું નામ સૌરા ઉપર પડ્યું હોવાનો એક મત છે. આ પ્રદેશને સૂર્યના દેશ તરીકે પણ એક કાળે લોકો ઓળખતા. પ્રભાસ એટલે અતિ પ્રકાશમાન અને ભાસ્કર એટલે પણ સૂર્ય એટલે જ સોમનાથ પ્રભાસ અને ભાસ્કરક્ષેત્રથી પ્રચલિત છે. પુરાણ કથાનુસાર શ્રીકૃષ્ણના પુત્ર સામ્બ ગ્રીસ દેશમાંથી સૂર્યોપાસના અને તેના પૂજારી મગ નામના બ્રાહ્મણોને સામ્બે સૌરાષ્ટ્રમાં વસાવી દ્વારકા ક્ષેત્રમાં સૂર્યમંદિરો અને સૂર્યતીર્થની સ્થાપના કરી હતી. દ્વારકાક્ષેત્રમાં કુલ ૧૪ અને સૌરાષ્ટ્રમાં કુલ ૫૬ સૂર્યમંદિરો એક કાળે હતાં. સૌરાષ્ટ્રમાં કેટલાંક ક્ષત્રિયકૂળો સૂર્યવંશી છે. કેટલીક જ્ઞાતિઓ સૌરાષ્ટ્રમાં સૂર્યપૂજક છે. વિશ્વની સોયપંથ-સોલરકટની પ્રણાલિકાની અસર સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. સૂર્યપત્ની સંજ્ઞા-રાંદલનું પૂજન-અર્ચન વિશાળ-વર્ગ કરે છે.

વૃક્ષો માતૃત્વના દાતા તરીકે, દેવોના રહેઠાણ તરીકે, આરોગ્ય રક્ષક તરીકે, ઔષધરૂપે પ્રકૃતિ સૌંદર્યના શોભારૂપે પૂજનીય છે. પુરાણોમાં વૃક્ષોનો અનેકવિધ મહિમા ગણાયો છે

ચંદ્રપૂજા :

ચંદ્ર-સોમ અસૂરના દેવ છે. પ્રભાસક્ષેત્રે ચંદ્રે શિવને પ્રસન્ન કર્યા હતા. કેટલાક ક્ષત્રપ રાજવીઓ ચંદ્ર પૂજક હતા. કેટલીક જ્ઞાતિઓ ચંદ્રવંશી ગણાય છે. વિશ્વની ચંદ્રપંથ લ્યૂનર કલ્ટની પ્રણાલિકાની અસર સૌરાષ્ટ્રમાં જોવા મળે છે.

દરિયાલાલ પૂજા :

સૌરાષ્ટ્ર પ્રદેશ વિશાળ સમુદ્રકિનારો ધરાવે છે. દરિયાલાલ, દરિયાદેવ, દરિયાપીર નામે સમુદ્ર સૌરાષ્ટ્રમાં પૂજાય છે. સિંધવાઈ દેવી સાગરપૂજા સાથે સંબંધિત છે.

હનુમાન પૂજા :

વાયુપુત્ર, વૈરાગી, હનુમાનજી, બળ, બુદ્ધિ, વિદ્યા, સંગીત, નમ્રતા, બ્રહ્મચર્ય અને નિષ્કામ ભક્તિના મહાન પ્રતીક તરીકે અને રૂદાંશ તરીકે ઉપાસ્ય દેવમાં ઊંચું સ્થાન પામ્યા છે. દાસ્ય ભક્તિનો સોળમી સદીના અંતભાગે જે જુવાળ આવ્યો તેના પરિણામસ્વરૂપ અસંખ્ય હનુમાન મંદિરો નિર્માણ પામ્યાં છે. શ્રી રામે લંકાના વિજય પછી હનુમાનજીના પુત્ર મકરધ્વજને સૌરાષ્ટ્રનું રાજ્ય આપ્યાની લૌકોકિત પ્રચલિત છે. મકરધ્વજના બધા જ વંશજો હનુમાનજીને ઈષ્ટદેવ તરીકે સ્વીકારી તેની અનન્ય પૂજા ભક્તિનો પ્રારંભ કર્યો હતો. સૌથી વધુ હનુમાનજીની પૂજા સૌરાષ્ટ્રમાં જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં એવું કોઈ ગામ કે સ્થાન નથી કે જ્યાં હનુમાનજીનું સ્થાન ન હોય.

કબીરપંથ :

રામાનંદજીના નિર્ગુણવાદી શિષ્ય કબીરજીના નામે પ્રચલિત થયેલ પંથ 'કબીરપંથ' તરીકે ઓળખાય છે. પંદરમી સદીના ઉતરાર્ધ અને સોળમી સદીના પ્રારંભમાં સમગ્ર દેશમાં કબીરજીના નાના-મોટા સંતો, માર્ગો અને પંથો દેશમાં ખૂણે ખૂણે ઊભા થયા હતા. વિ.સં. ૧૫૦૫માં કબીરજીએ સૌરાષ્ટ્રની યાત્રા કરી હતી. રામકબીર મતનો ફેલાવો સૌરાષ્ટ્રમાં સવિશેષ રહ્યો છે. કબીર પરંપરાના ષટપ્રજ્ઞદાસ અર્થાત્ છઠ્ઠાસ્વામીએ સૌ પ્રથમ દુધરેજમાં જગ્યા ચેતાવી કબીરમતનો પ્રચાર કરાવ્યો હતો. એ પછી ભાણસાહેબની ફોજે ભજન, સત્સંગ દ્વારા કબીરપંથનો ભવ્યતાથી પ્રચાર ને પ્રસાર કર્યો હતો.

નાગપૂજા :

નાગને ફળદ્રુપતા આપનાર, સમૃદ્ધિ, સંપત્તિ, પૃથ્વી, સીમ, ખેતર, કૂવાના રક્ષક દેવ તરીકે સૌરાષ્ટ્રે સ્વીકારી પૂજન, અર્ચન કર્યાં છે. પ્રાચીન કાળે સૌરાષ્ટ્રમાં અનાર્યનું એક પેટાકુળ નાગ હતું. તેનો અધિપતિ વાસુકિ વહાણવટામાં નિષ્ણાત, પારંગત એને નિપૂણ ગણાયો છે. સૌરાષ્ટ્રમાં નાગપૂજા વ્યાપકપણે ફેલાયેલ હતી. વાસ્તુપૂજામાં પણ નાગને સ્થાન આપવામાં આવ્યું છે. તક્ષકનાગ આધ્યાત્મિક સાધના માટે ઉત્તમ માર્ગદર્શક ગણાય છે.

વૃક્ષપૂજા :

વૃક્ષો માતૃત્વના દાતા તરીકે, દેવોના રહેઠાણ તરીકે, આરોગ્ય રક્ષક તરીકે, ઔષધરૂપે પ્રકૃતિ સૌંદર્યના શોભારૂપે પૂજનીય છે. પુરાણોમાં વૃક્ષોનો અનેકવિધ મહિમા ગણાયો છે.

જૈન ધર્મ :

ઈ.સ. પૂર્વે ચોથા સૈકામાં સૌરાષ્ટ્રમાં જૈનધર્મનો પ્રાદુર્ભાવ થઈ ચૂક્યો હતો. દ્વારકાક્ષેત્રના યાદવકુમાર

જૈન ધર્મના ૨૨મા તીર્થંકર નેમિનાથના સમયમાં જૈનધર્મ સૌરાષ્ટ્રમાં વેગવંતો બન્યો હતો. વિ.સં. ૩૫૭, ૩૭૦માં વલભીપુરની વાચના નાગાર્જુનના અધ્યક્ષપણા નીચે યોજાઈ હતી. શ્વેતાંબર અને દિગમ્બર સંપ્રદાયના ભેદ સૌરાષ્ટ્રમાં ઉદભવ્યાનો એક લોકમત છે, લોકમાન્યતા છે. ક્ષત્રપકાલમાં જૈનધર્મના મહાન ગ્રંથોનું સર્જન થયું હતું. જૈનધર્મનાં કલાકૃતિવાળાં ધર્મસ્થાનો અને અનુયાયીઓની સંખ્યા ઘણી મોટી છે. પાલીતાણા અને ગિરનાર જૈનધર્મનાં અગ્રગણ્ય કેન્દ્રો છે.

બૌદ્ધધર્મ :

શ્રમણ પરંપરાના બૌદ્ધધર્મનો પ્રચાર સૌરાષ્ટ્રમાં ઈ.સ. ત્રીજી સદીથી મૌર્યકાળથી થયો હતો. અશોકે ગિરિનગર-જૂનાગઢમાં શિલાલેખ કોતરાવી બૌદ્ધધર્મનો અભ્યુદય કર્યો હતો. મૌર્યકાળથી ગુપ્તકાળ દરમિયાન અનેક સ્થળોએ બૌદ્ધ વિહારો અને શૈલગૃહો કોતરવામાં આવ્યાં હતાં. સૌરાષ્ટ્રમાં બૌદ્ધધર્મની મહાયાન અને હીનયાન બન્ને શાખાઓનો વિશેષ પ્રચાર રહ્યો છે. બૌદ્ધધર્મની સમ્મતીય શાખા સૌરાષ્ટ્રમાં ઉદ્‌ભવી છે. વલ્લભી વિદ્યાપીઠ એ હીનયાન શાખાની એશિયાઈ વિદ્યાપીઠ હતી. બુદ્ધના ભાઈ મહેન્દ્ર અને તેમની પુત્રી સંઘમિત્રા સૌરાષ્ટ્ર પ્રચારાર્થે આવ્યાં હતાં. ઊના પાસે સાણા ડુંગરની ત્રણ ટેકરીઓની વિષ્ણુના અવતારોમાં સમાવિષ્ટ છે. સૌરાષ્ટ્રના પ્રાચીન સ્થાપત્યકીય સ્મારકોમાં બૌદ્ધસ્થાનો મૂલ્યવાન ગણાયાં છે.

ઇસ્લામ ધર્મ :

ઇ.સ. ૭મી સદીથી આરબ વેપારીઓ સૌરાષ્ટ્રનાં બંદરો ઉપર અવરજવર કરતા હતા. ઈ.સ. ૭૮૮માં વલ્લભીનો વિનાશ થતાં સૌરાષ્ટ્રની મુસ્લિમ વસ્તીમાં વધારો થયો. ઈ.સ. આઠમી સદીમાં મુસ્લિમ સંતો, ફકીરો, સુફીઓનું આગમન થયું. એમના પ્રયત્નોથી સૌરાષ્ટ્રમાં ઈસ્લામધર્મનો પ્રચાર થયો. સૌરાષ્ટ્રમાં સલ્તનત અને મોગલ સામ્રાજ્યની સ્થાપના થતાં, ઈસ્લામ ધર્મ વિશેષ પ્રચલિત બન્યો. સુલ્તાનો અને સંતો ધર્માન્તર પ્રવૃત્તિઓ ચલાવતાં સૌરાષ્ટ્રમાં ઇસ્લામ ધર્મ કેટલીક કોમોએ સ્વીકારતાં સૌરાષ્ટ્રમાં મુસ્લિમ વસ્તી વધતી ગઈ.

જરથોસ્તી ધર્મ :

આઠમી સદીમાં ગુજરાતને પોતાને વતન બનાવવા આવી પહોંચેલા પારસીઓ પોતાની સાથે જરથોસ્તી ધર્મ લઈને આવ્યા. સૌરાષ્ટ્રનાં શહેરોમાં અગિયારીઓ સ્થાપી પારસીઓએ જરથોસ્તી ધર્મની જ્યોત જલતી રાખી છે.

ખ્રિસ્તી ધર્મ :

ખ્રિસ્તી ધર્મ સૌરાષ્ટ્રમાં ૧૬મી સદીમાં દીવ અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા ફિરંગીઓની સાથે તેમજ ૧૭મી સદીમાં સૌરાષ્ટ્રમાં વસવા આવેલા અંગ્રેજો સાથે પ્રવેશ કર્યો. સૌરાષ્ટ્રમાં કલાસરનું ફિરંગીઓનું દેવળ ભારતમાં પ્રાચીન દેવળો પૈકીનું એક મનાય છે. ૧૮૧૮ પછી બ્રિટિશયુગનાં પ્રારંભમાં રોમન કેથલિક સંપ્રદાયની પ્રવૃત્તિ સૌરાષ્ટ્રમાં શરૂ થઈ. સેવા અને શિક્ષણ દ્વારા આ ધર્મનો પ્રચાર વિશેષ થયો છે. ધર્મ પરિવર્તનને કારણે આ ધર્મનો ફેલાવો વિશેષ માત્રામાં થયો છે.

સૌરાષ્ટ્રની પ્રજા પ્રથમથી જ માને છે કે ઈશ્વરને પહોંચવાના માર્ગો અનેક છે. સૌરાષ્ટ્રમાં સાધુ, સંતો, ભક્તોની સંખ્યા ઘણી મોટી અને જગવિખ્યાત છે. કોઈ ગામ સાધુ, સંતો, સંન્યાસી વગર ખાલી નથી

સૌરાષ્ટ્રમાં નાના મોટા અનેક સંપ્રદાયોનું અસ્તિત્વ રહ્યું છે, તેની યાદી ઘણી મોટી છે. તેમ છતાં અત્રે કેટલાકનો નામોલ્લેખ આ પ્રમાણે છે. આર્ય સમાજ, સ્વામિનારાયણ, થીઓસોફી સોસાયટી, લોકાયતમત, રામકૃષ્ણ મિશન, ગાયત્રી પીઠો, આચાર્ય રજનીશના કેન્દ્રો, લોકદેવો-દેવીઓ, સ્વાધ્યાય પરિવારના ધાર્મિક અનુયાયની સંખ્યા સૌરાષ્ટ્રમાં મોટી છે. સૌરાષ્ટ્રની પ્રજા પ્રથમથી જ માને છે કે ઈશ્વરને પહોંચવાના માર્ગો અનેક છે. સૌરાષ્ટ્રમાં સાધુ, સંતો, ભક્તોની સંખ્યા ઘણી મોટી અને જગવિખ્યાત છે. કોઈ ગામ સાધુ, સંતો, સંન્યાસી વગર ખાલી નથી. લેખનાં પાનાની મર્યાદાને કારણે આ લેખની વિશેષ માહિતી સંક્ષેપમાં આપવામાં આવી છે. બાકી સૌરાષ્ટ્રની ધર્મસાધના માટે કહેવાનું તો મારી પાસે ઘણું છે.

સરસ્વતી બંગ્લોઝ,
૯-એ, પટેલ કોલોની, રોડ નં.૪
જામનગર-૮
મો. ૯૪૨૩૪૧૧૦૧૯



લૂટી લીધું...

- *ડૉ.અશોક નારાયણ*

માલિકે કહ્યું, તમે મને લૂટી લો અને હું તમને લૂટી લઉં... અભ્યાસીએ વિચાર્યું કે આ તો ફાયદાનો સોદો છે.. મારી પાસે તો છેય શું? માલિકને લૂટી લેવા દો. માલિક પાસે તો અણમોલ આધ્યાત્મિક સંપત્તિ છે... ખરેખર હું મોટા ફાયદામાં રહીશ... અભ્યાસીએ મનોમન વિચારી પછી કહ્યું:

ઠીક છે માલિક મને મંજૂર છે.

માલિકે કહ્યું કે હું મોટો છું પહેલાં હું લૂટીશ...

ઠીક છે માલિક તમે પહેલાં મને લૂટી લો...

પછી તો શું? અભ્યાસીને લૂટી લેવાયો..એનું બધું જ જતું રહ્યું...અને હવે અભ્યાસી માલિકને લૂટવા ગયો તો માલિકે તો કોડીનો જવાબ દઈ દીધો.

મારી પાસે તો કશું છે જ નહીં .મારી પાસે જે કંઈ હતું એ તો મારા ગુરુમહારાજે લૂટી લીધું હતું.

પણ આપે પણ આપના ગુરુ મહારાજને લૂટી લીધા હશે ને.?..અભ્યાસીએ કુતૂહલવશ પૂછયું.

જયારે હું તેમને લૂટવા ગયો ત્યારે તેમણે પણ મને એવું જ સ્પષ્ટ કહી દીધું કે જે હમણાં તમને કહી રહ્યો છું...માલિકે કહ્યું.

પછી અભ્યાસીને મળ્યું શું? માલિક કહે છે કે,બસ કાંઈ જ નહી..

માલિકે તો સ્પષ્ટ કહી દીધું કે અહી કઈ મળતું કે મળાતું કંઈ નથી ..ઉલ્ટાનું જે છે તે પણ છીનવી લેવામાં આવે છે. લૂટી લેવામાં આવે છે. આવા જ લૂટમારનો રિવાજ પેઢી દર પેઢી ચાલ્યો આવે છે.માલિક કહે છે કે હું મારું બધું જ ગુમાવી ચૂક્યો છું. હવે પછી ફરી તેને પ્રાપ્ત કરવાનો પ્રશ્ન જ ઊભો થતો નથી કેમકે મે એનાથી જ મેં આધ્યાત્મિક સફરની કિમત અદા કરી દીધી છે.. હવે મારી પાસે કશું જ નથી કે કોઈને કશું આપી શકું..એટલે જ કોઈ કદાચ મારી પાસે ફરકતું નથી.

પણ માલિક બીજી તરફ એ પણ કહે છે કે મેં કયારેક ક્ષણિક પણ એમ સમજી લીધું નહી કે મારા ગુરુમહારાજની આધ્યાત્મિક સંપત્તિ મારી નથી... જેમકે એક બાળક પોતાના મા-બાપના ઘરમાં રહે છે અને ઘરની દરેક વસ્તુને પોતની સમજે છે... બરાબર એવી જ રીતે હું પણ માલિકની દરેક વસ્તુને મારી સમજી રહ્યો છું...

વાત એકદમ સ્પષ્ટ છે કે જ્યાં સુધી બાળક માતા-પિતાના ઘરમાં રહે છે ત્યાં સુધી માતા-પિતાનું જે કાંઈ છે તે પોતાનું સમજે છે પણ હા એ વાત જરૂર છે કે દરેક વસ્તુનો ઉપયોગ માતા-પિતાની આજ્ઞાને આધીન છે હવે તે પોતાનું અલાયદું ઘર વસાવવાનું વિચારે તે અલગ વાત છે..

એક બાળક પોતાના મા-બાપના ઘરમાં રહે છે અને ઘરની દરેક વસ્તુને પોતની સમજે છે... બરાબર એવી જ રીતે હું પણ માલિકની દરેક વસ્તુને મારી સમજી રહ્યો છું...

અમારી હાલત તો એવી છે કે જો અમે અલગ ઘર વસાવી લઈએ તો અમારી પાસે તો કશું જ રહે નહીં... જયારે દિલ જ નથી તો પછી અમારું બીજું શું અને અમારી આધ્યાત્મિકતાની સ્થિતિ પણ શું હોઈ શકે? અગર અલગ ઘર વસાવવાનો વિચાર ન આવે તો માલિક આપણા જ છે અને એમનું સઘળું આપણું જ...અમને અમારી જરૂરિયાત અનુસાર કંઈક સોંપવામાં આવે છે બસ એવી રીતે જેવી રીતે પિતા પોતાના પુત્રને ભૂખ લાગવાથી ખાવાનું આપે, પહેરવા માટે કપડાં આપે અથવા તો બજારમાંથી સામાન લાવવા માટે પૈસા આપે... માલિક. જયારે માલિક કશું આપે છે તો તે સુખ-દુઃખ વગેરે માટે હોય છે અથવા તો કામ કરવા માટે સોંપવામાં આવે છે. જે ઉપભોગ માટે આપ્યું છે તે ઉપભોગ પછી પૂરો થઈ જાય છે. કામ કરવા માટે સોંપવામાં આવેલ (ગુણ,પાત્રતા, શકિત, આધ્યાત્મિક સ્થિતિ વગેરે)કામ થઈ જાય પછી માલિકને પરત થઈ જાય છે. અમારી કોઈ વસ્તુ રહી જાય એવી કોઈ વસ્તુ બાકી જ નથી રહેતી. એટલે માલિકે કહ્યું છે કે અહી કશું મળતું કે મેળવાતું કશું નથી... માલિક તો અમને ખિસ્સા ખર્ચ પણ આપતા નથી શા માટે આપે? જયારે જેટલી વસ્તુની જરૂરત છે એટલી તો તે આપે જ છે... પછી જે બાકી બચત રહે છે તે તો તેમની પાસે જ પરત રહે છે. હવે આનું તો શું મહત્ત્વ કે માલિકે કયારે કોને કેટલું સોંપ્યું.જેને જેટલી જરૂરત હતી તેટલું તેને સોંપવામાં આવ્યું.

જયારે અમે નાના હતા ત્યારે તો ના કોઈ વાતની જવાબદારીનું ભાન હતું ન કોઈ વાતની ચિંતા રહેતી હતી. મને યાદ છે જે દિવસે ખૂબ વરસાદ વરસી જાય ત્યારે મારી માતા નાનકડા ઘરને કારણે ચિંતિત બની જતી કે કપડાં કેવી રીતે સુકાશે? મને વળી કયાં ચિંતા હતી.. કપડાં સુકાય કે ભીનાં રહે? મા કંઈક તો કરશે જ... મા કંઈ ભીનાં કપડાં થોડી પહેરાવે? મને તો ઊલટાની મજા આવતી હતી. ધોધમાર વરસાદને કારણે ધમાલ મસ્તી કરવાની કેટલી સુંદર તક મળતી હતી...

એવી જ રીતે રેલયાત્રા કરવાની હોય ત્યારે પિતાજી બધી જ વ્યવસ્થા કરતા... ટ્રેન માટે કંઈ મોડા તો નથી થઈ રહ્યા ને? આરક્ષણ છે કે નહીં? સામાન સુરક્ષિત છે કે નહીં? મને કોઈ ચિંતા નહોતી.જે કંઈ થશે તે માતા પિતા સંભાળી લેશે... બસ એટલું જરૂર ધ્યાનમાં રાખીને માતા પિતાએ જે કંઈ કરવાનું કહ્યું હોય તે યથાશકિત એ કરી લીધું હોય... પછી કોઈ મતલબ નહીં. જે થાય તે ખરું. ખાવું પીવું, કપડાં અને બીજી જરૂરી ચીજ વસ્તુઓ મળી જ જતી હતી ..કપડાં તો હું માની ચીજો જ સમજતો હતો. મારે શું વળી? મા એ તો મને કોઈ ને કોઈ કપડાં પહેરાવવાં જ છે.., તો પહેરાવશે. ફાટી જશે તો સિવડાવી દેશે અથવા તો રફુ કરાવશે , જે કરવું હોય તે મારે શું?

હવે માબાપની જગ્યા માલિક લઈ લે તો કેટલું સારું થાય?

માલિકને સતત વિનંતી એ કે તે અમને હંમેશ બાળક જ રાખે જેથી અમે દરેક રીતે એમના ઉપર જ અવલંબિત રહીએ. અમારું અલાયદું કોઈ ખાતું જ ન હોય. જે કંઈ માલિક વપરાશ માટે આપે તે અમે ખુશીથી ભોગવીએ, અમારી પાસે કશું જ ન બચે. માલિક જે કોઈ કામ અમને સોંપે તે અમે એમનું જ સમજીને એમની કાબેલિયત પ્રમાણે કરીએ. જે કંઈ વધે તે તેમની પાસે જ રહે.યુવા હોવાનો જરા પણ ખ્યાલ કયારેય અમારામાં ન આવે.યુવાન થઈને તો અમે કંઈ કામના જ નહીં રહીએ.

લોકો કહે છે કે મહેનતનું ફળ મીઠું હોય છે. અમારા માટે તો એક જ ફળ મીઠું છેઃ માલિકની પ્રાપ્તિ.અને જો તપસ્યા પછી અમને સાંસારિક ઉપલબ્ધિઓ માટે લલચાવવામાં આવે તો અમારા માટે તપસ્યા બેકાર જ થઈ...

વાસ્તવમાં માલિકને લૂટી લેવાની અસલી રીત તો એ છે કે માલિક અમારા થઈ જાય અને એ સિવાય અમારું કશું જ બાકી ન રહે. માલિકે કહ્યું જ છે ને, હું તો પહેલેથી જ તમારો છું, મારો પ્રયત્ન તો એ છે કે તમે પણ મારા થઈ જાવ... હકીકતમાં લૂટવું એટલું મુશ્કેલ નથી જેટલું પોતાને લુટાવી દેવું. અમને લૂટવા માટે તો માલિક તૈયાર જ છે પણ અમે સંમતિ આપીએ તો ને? સહકાર આપીએ તો ને? ગુલામી માલિક જ શીખવાડશે પણ પણ અમારે શીખવું હોય તો ને?

કોઈ આપણને એમ કહે કે તમને સંસારની બધી ઉપલબ્ધિઓ મળી શકે તેમ છે અને એમ પણ બની શકે કે જીવનમાં કોઈ દુઃખ,નિરાશા,અપમાન વિ.નું નામોનિશાન જ ન રહે..સમગ્ર જીવન સુખ, આનંદ અને સંતોષથી છલકાતું હોય અને પછી એક કરોડ જન્મો સુધી દિવસ રાત બમણાં, ચારગણાં વધતાં જ જાય..પરંતુ માલિકને પ્રાપ્ત કરવામાં તમને એક ક્ષણનો જ વિલંબ થાય તો પછી અમારે એ બધી ચીજોને ઠુકરાવી દેવી જોઈએ. અગર કોઈ આ બધું જ આપી દે તો પછી હા કરવું એથી પણ વધુ ઘાતક. એનો મતલબ તો એ છે કે અમે આવી ચીજો પાછળ પડી જઈશું અને માલિક અમને કદી મળશે જ નહી. આપણે તો માલિક પાસે ક્ષણમાં પહોંચવા માટે કરોડો જન્મોની યાતનાઓને પણ ગળા સુધી સ્વીકારી લેવી જોઈએ. અસલ મતલબ તો માલિકને તુરત ને તુરત જ પ્રાપ્ત કરવાનો છે, બાકીની વસ્તુઓ માટે આપણે શી લેવાદેવા? અગર કોઈ એમ કહે કે માલિકની પ્રાપ્તિ તો તમને એટલી જ વારમાં થશે. હવે શું લેશો? એક કરોડો જન્મોનો પરમ આનંદ કે પછી એટલા જન્મોની તીવ્ર યાતનાઓ? તો પછી કરવું શું જોઈએ? ભાઈ પ્રેમની રીત તો એ છે કે આ વાત પણ આપણે માલિક પર છોડી દઈએ.એ જેવું ચાહે તેવું થાય. અગર માલિક જ જો હુકમ આપે કે બોલો તમારે શું જોઈએ? પછી તો કશી જ પરવા કર્યા વગર લઈ લો. જે થાય તે ખરું.

લોકો કહે છે કે મહેનતનું ફળ મીઠું હોય છે. અમારા માટે તો એક જ ફળ મીઠું છે : માલિકની પ્રાપ્તિ. અને જો તપસ્યા પછી અમને સાંસારિક ઉપલબ્ધિઓ માટે લલચાવવામાં આવે તો અમારા માટે તપસ્યા બેકાર જ થઈ...

આપ કહેશો કે આ બધું કહેવું સરળ છે અને કરવું અતિ દુષ્કર. આ બિલકુલ ખરી વાત છે. તારી સહાયતા વિના તારી પ્રાપ્તિ અસંભવ જ. પણ માલિકે તો વચન આપ્યું જ છે સહાય આપવાનું. અને જયારે માલિકની સહાયનો સમાવેશ થઈ જાય તો કઈ એવી મુશ્કેલી છે જે સરળ ન બની જાય? પ્રવાસ બહુ લાંબો છે, કહો કે અનંત છે. પરંતુ માલિકની યાદમાં પણ અનંત શકિત છે .માલિકના થઈ જવાનો પાકકો ઈરાદો હોવો જોઈએ અને યાદોનો પાલવ કયારેય છોડવો જોઈએ નહીં, પછી બધી મુશ્કેલીઓ સરળ છે.

અભ્યાસી ફરી માલિકને લૂંટવા નીકળ્યો. માલિક લાખ વાર કહેતા રહે છે કે, મારી પાસે કશું જ નથી, ન આધ્યાત્મિક સંપત્તિ, ન જ્ઞાન, ન કોઈ શકિત, ન કોઈ સિદ્ધિ... હું તો એક ઠરી ગયેલ દીપક છું. મારી પાસે પતંગિયાં શા માટે આવે? નાનક બૂઢે બૈલ કો કૌન બાંધ ભુસ દેય... હું મટી ચૂકયો છું પણ અભ્યાસીએ એકેય વાત સાંભળી નહીંઃ માલિક આપની પાસે ભલે કશું હોય કે ન હોય હું તો આપને જ લૂંટી લઈશ. અને અભ્યાસીએ માલિકને લૂટી લીધા... માલિક સસ્મિત બોલ્યાઃ હું તો પ્રથમથી જ તારો હતો. બસ તારી સમજમાં ફેર હતો. એવું જ થયું ને જે માલિકે ચાહ્યું હતું?

પ્લોટ નં. ૮૫૨, સેક્ટર–૮,
ગાંધીનગર.

પુરા મળે ત્યારે પ્રેમ જગાડેજી... ભક્ત કવયિત્રી સતી લોયણ

- કાકડિયા મનસુખ વી.

આપણી પવિત્ર ભારતભૂમિની ચરિત્રગાથા અતિ પ્રાચીન ને ગૌરવશાળી છે. વિશ્વના ફલક પર બેનમૂન અને અનુપમ છે. એમાં આધ્યાત્મિકતાની સુવાસ સર્વત્ર પ્રસરેલી છે. પ્રાચીન પરંપરાના મહામાનવો જોગી, જતિ, સતી, યોગી, મુની, તપસ્વી, ઋષિઓ, સંતો, જીવનમુક્ત પુરુષો અને શૂરવીરની યશોગાથાના ગુણ ઘરેઘરે ગવાય છે. તો પ્રાચીન યોગવિદ્યા, ક્રિયાયોગ, ભક્તિયોગ અને યોગવિદ્યાએ જગતભરમાં ખૂબ ખ્યાતિ ફેલાવી છે. આપણા મહાન ભક્તો અને ભક્ત કવયિત્રીઓએ પોતાની વાણીમાં સર્જન-વિસર્જન અને અનંત બ્રહ્માંડનું યથાર્થરૂપમાં અનુભવજ્ઞાનથી વર્ણન કર્યું છે. સ્ત્રી કવયિત્રીઓએ પણ સમગ્ર બ્રહ્માંડના રહસ્યોને પરાવાણીથી કથ્યા છે, ગાયા છે. વિવિધ પ્રાંતોની લાજવાબ ગાથાઓ છે. જગતભરમાં અજાયબી સરખા કલાત્મક શિલ્પોથી સજ્જ દેવમંદિરોની કલા અદભુત છે. એટલે તો માનવજીવનને શ્રેષ્ઠ કહ્યું છે. દેવોને પણ દુર્લભ છે. આ માનવદેહ અદભુત રહસ્યો પામવાને માટે તત્પર તૈયાર હોય છે. એટલે જ સંસારની રીતભાત સૌને વિચિત્ર લાગી સમજાતી નથી. ચડાવ-ઉતાર, સુખદુઃખ વગેરે ભિન્ન ભિન્ન પાસાઓથી ભરેલી લાગે છે. માનવ શરીરની અદ્‌ભુત રચનાઓનો તાગ પણ એણે મેળવ્યો છે.

આમ તો સંસારને અસાર તેમજ નશ્વર કહ્યો છે. એમાં માનવ અનેક પ્રકારે સુખી થવા અનેક પ્રકારે પ્રયત્નો કરે છે. જ્યાં સંસાર જ નશ્વર છે ત્યાં દેહને અમર કરવાની વાત એ નરી મૂઢતા છે. મૃત્યુ કોઈને પણ છોડતું નથી. ફક્ત સંતોએ મૃત્યુ પર વિજય મેળવ્યો છે. અને એ પણ ઇચ્છિત મૃત્યુ, જ્યારે જવું હોય ત્યારે, પોતાની મરજીથી આ શરીરને છોડવાનું. એકવાર છોડવાનું તો છે જ પણ સ્વતંત્રપણે દેહ છોડવાનો. પણ મૃત્યુ કોઈને છોડતું નથી. પછી એ રાજા હોય કે રંક ભલે હોય. કાળની સત્તા આગળ કોઈનું પણ કંઈ ચાલતું નથી. જે અજ્ઞાની, અબુધજનો છે એ વિષયોને જ સત્ય અને સુખમય માને છે. નસીબની બલિહારી સમજે છે. મન આમાં મુખ્ય ભાગ ભજવે છે. વિકાર અતિ ભીતર ઉપજાવે છે. મનુષ્ય સ્વયંનું ખરું સ્વરૂપ ભૂલ્યો હોવાથી જીવનમાં સંસારી રીતભાતની ગડમથલ વધી છે. અનેક દેવોને રાજી કરીને ભૌતિક સુખ મેળવવા યજ્ઞ, હોમ અને અનુષ્ઠાનો કરે છે. દેહાભિમાનને લીધે ઇંદ્રિયો વિષયસુખ ભોગવે છે. ખરું જોતાં માનવ જન્મમરણ, સ્વર્ગ-નરક, પુણ્ય અને પાપને સત્યની માની અમર થવાના ઉપાયો શોધે છે. ક્યારેક તાંત્રિકોને શરણે જાય છે. પણ એને ખબર નથી કે પોતાને કાળ આવશે. ખરેખર તો સંસારબંધન છે અને મિથ્યા છે. જીવને ખરું સમજાતું નથી. મનુષ્ય સુખ માટે અવનવાં સાધનો ને માધ્યમો શોધ્યા જ કરે છે. પણ સુખ હાથ આવતું નથી.

આ ક્ષણભંગુર દેહનું આત્મકલ્યાણ કરવાનું સૂઝતું નથી. વધારે તો સ્ત્રી પ્રત્યે પુરુષને લગાવને મોહ હોય છે. વધારે પડતો અનુરાગ હાનિકર્તા છે. નારીની સુંદરતા વધારે મોહમાં નાખે છે. એના હાવભાવ જ સંસારી બંધનોમાં નાખે છે. સંસારી માયા પ્રપંચથી ભરેલી છે. એટલે મારું-તારું, સુખ-દુઃખ, સાચું-ખોટું, જાતિ-પાતિ વગેરેના ભેદભ્રમમાં અને સંશયમાં નાખે છે. સૌથી વધારે કામનાઓ જ મનુષ્યને અતિત્રાસ આપે છે.

પંચભૂત, પંચકોષ, ત્રણગુણ અને ચાર અંતઃકરણ વગેરે દેહના ધર્મ યથાર્થરૂપમાં સમજાતા નથી. એટલે અધ્યાત્મિકતાને મન સ્વીકારતું નથી. વૈરાગ્ય, ત્યાગ, વિનય, વિવેકના મહાન વ્યક્તિના ગુણોથી જીવ છેટો રહે છે. સ્ત્રીની આસક્તિએ તો અનેક ઈતિહાસ સર્જ્યા છે. એના માટે તો આ ભૂમંડળ પર અનેક મહાયુદ્ધો ખેલાયાં છે. અનેક કથાઓ જાણવા મળે છે. સ્ત્રીના સૌંદર્ય વિશેનું સાહિત્ય અનેક પ્રકારનું લખાયું છે. જે જેની મતિ એ અનુરાગે સ્ત્રીના દેહની નજાકત, લાલિત્ય ને મોહકતાનું વર્ણન કર્યું છે. એના બંધનમાંથી છૂટવું ખૂબ જ અઘરું છે. અનેક કલાકારોએ મનભરીને જુદા જુદા વિષયોના માધ્યમથી વર્ણન અને સર્જન કર્યું છે. સાહિત્યકારે-કવિત્વમાં, શિલ્પકારે-શિલ્પોમાં, કાષ્ટ કલાકારે કાષ્ઠમાં, ચિત્રકારે - ચિત્રકલામાં, નૃત્યકારે નૃત્યમાં, સંગીતકારોએ સાતસૂરોને નાદબ્રહ્મના આધારે નારીની કોમળતાભર્યા સૌંદર્યને સંગીતના સૂરોમાં ઢાળી છે. સ્ત્રીની ભિન્ન ભિન્ન અંગમુદ્રાઓ (હાવભાવ) મોહી લે છે. નારીનાં નૈનબાણોથી બ્રહ્મા, મહેશ અને દેવો પણ બાકાત રહ્યા નથી. મહામુનિઓ ને ઋષિઓ પણ નારીચરિત્રથી ભ્રષ્ટ થયા છે. તો પછી મનુષ્યની તો વાત શી કરવી ! જે પુરુષ સ્ત્રીમાં આસક્ત છે. એવાને કથાશ્રવણ, ધ્યાન, ભજન, ત્યાગ, વૈરાગ્ય, વિદ્યા, તપ, એકાંત, મૌન, યોગ, યજ્ઞ-હવન વગેરે વ્યર્થ લાગે છે.

કામનાઓથી આસક્ત થયેલા તપસ્વી, મહામુનિઓ અને લાબું આયુષ્ય ભોગવી સાધના કરતાં ઋષિઓના પણ નારીના નૈણબાણોથી તપભંગ થયા છે. પરાશરમુનિ મત્સ્યગંધાથી જેના પુત્ર વ્યાસજી કહેવાય છે. (વર્ણપરણીના વ્યાસ) સૌભરી ઋષિ મત્સ્ય નરમાદાના મિલનથી (સંભોગથી) કામાતૂર થયા. લોકના ઈંદ્રિ ગૌતમઋષિનું શરીર ધરીને અહલ્યાને ભ્રષ્ટ કરી. વિશ્વામિત્ર સ્વર્ગની અપ્સરા મેનકાથી ભ્રષ્ટ થયા. એકશૃંગી ઋષિ જન્મજાત

બ્રહ્મ સ્થિતિમાં રહેતા હતા અને નગરની સુંદર રાજકુમારીએ પોતાનાં મોહક હાવભાવ અને અંગ પ્રદર્શનથી નગરમાં લાવીને ભ્રષ્ટ કર્યા. પૌરાણિક આવા પ્રસંગો ઘણા છે.

'નારી એ જ નારાયણી' બીજી બાજુ એની ઉમદા ગણાય છે. સર્જનહારને પણ પ્રકૃતિનો આશરો લેવો પડે છે. એ રીઝી જાય તો બેડોપાર થાય અને ખીજી જાય તો ધનોતપનોત કરી, હતા ન હતા કરી નાખે. ભારતની ધરા પર અનેક મહાન ભક્તો થઈ ગયા છે. પુરુષોની ખ્યાતિ દરેક ક્ષેત્રમાં મુખ્ય ગણાય છે. પણ સ્ત્રીમાં ભણતર ઓછું માની, સમોવડી ન માની, દરેક માધ્યમમાં એની સિદ્ધિનો ઓછો આંક માની થોડા ઘણા અંશે અન્યાય ઇતિહાસકારોએ કર્યો છે. દરેક પુરુષની સફળતા પાછળ સ્ત્રીનો હાથ હોય છે. આગળ જણાવ્યા મુજબ જે યુદ્ધો ખેલાયાં છે એ સ્ત્રીઓ માટે જ ખેલાયાં છે. સ્ત્રીની શૂરવીરતા, બહાદૂરી, હિંમત અને યુદ્ધમાં વીરાંગના બની સેનાનું સફળ સંચાલન કરવામાં પાછીપાની કરી નથી. એમ ભક્તિમાર્ગમાં, આધ્યાત્મિક સાધનામાં અગ્રેસર રહી છે. આવી નારીને સતી કે ભક્ત કવયિત્રી કહે છે. સ્ત્રીશક્તિ એનામાં એટલી પ્રચંડ પ્રગટે છે કે આધ્યાત્મિક ક્ષેત્રમાં વિના અવરોધે પાર પહોંચી જાય છે. પુરુષને જો આવી સ્ત્રી મળી જાય તો બન્ને સાથે મળી એક આગવો ઇતિહાસ સર્જી શકે છે.

પાટધર્મમાં આવાં અઢાર સજોડાં હતાં. જે 'બ્રહ્માંડે સો પિંડ-પિંડે સો બ્રહ્માંડે'ની અપાર શક્તિ ધરાવતાં હતાં. આવા ધર્મોને જુદા જુદા નામે ઓળખે છે. મૂળપુરુષ પર જ એનું સ્થાપન થયેલું હોય છે. પણ જે ધર્મના અગ્રેસર ગુરુ હોય એની આગવી રીત મુજબ ગોઠવણી થાય છે કે જુદા નામે ઓળખાય છે. વસ્તુ તો એકની એક જ હોય છે. પણ માર્ગ જુદો હોય છે. સૌ ઈશ્વરને જ ભજે છે અને એને મેળવવાના, મળવાના પ્રયત્નો કરે છે. આ સાધના ગુપ્ત હોય છે. એના મર્મી ઓછા હોય છે. ફક્ત એનો સત્સંગ અને કવિત્વ જ બહાર આવે છે. એને નિજીયા ધર્મ, માર્ગીપંથ, પરમધર્મ, મૂળધર્મ, આદિપંથ, નિજારપંથ, મહાપંથ, મહામાર્ગ, ધૂનો ધર્મ, બીજધર્મી માર્ગ, ગુપતધર્મ, મર્મી મારગ, પાટધર્મ અને પિરાણાપંથ કહે છે.

આવા જ મહાપંથમાં સતી લોયણનું આગવું નામ છે. લાખાલોયણ સંતોના ઇતિહાસમાં અમર થઈ ગયા. સ્ત્રી સંતોનાં અનેક નામોની યાદી કરતાં પાનાં ને પાનાં ભરાઈ જાય. થોડી સ્ત્રી સંતોની યાદી અને ભજનોની સાથે સતી લોયણને અને એની ચારિત્રગાથાની મોજ માણીશું.

ગંગાસતી - પાનબાઈ - સમઢિયાળા - મેરુ તો ડગે પણ જેના મનડાં નવ ડગે, મર ને ભાંગી પડે રે બ્રહ્માંડજી; વિપત્તિ પડે તોયે વણસે નહિ ને, સૌઈ હરિજનનાં પરમાણજી.. બાવનપદની અદ્‌ભુત રચના કરી છે. ગુજરાત-સૌરાષ્ટ્ર ભૂમિની મીરાં તરીકે ખ્યાતિ પામ્યાં છે. એકથી એક ચઢિયાતી પદ રચના છે.

તોરલ-જેસલ તોરલ - અંજાર, કચ્છ : જેસલ ! કરી લે વિચાર, માથે જમ કેરો માર; સ્વપ્ના જેવો છે સંસાર, તોળીરાણી કરે છે પોકાર, આવોને જેસલરાય, આપણ પ્રેમ થકી મળીએ, પૂરા સંત હોય ત્યાં જઈ ભળિયે... ખૂબ જ ભરપૂર રચનાઓ ભજનિકોમાં ભાવથી ગવાય છે. આ સજોડાની પણ અદભુત કથા છે.

ભોળીબાઈ : આજ સહેલી મેં તો હરિરસ પીધો, અપરમ લાવો મેં તો લીધો... સાહેલી.

માલીબાઈ : ગુરુના ચરણોને તમે સેવજો અને મનના સંશયોને મેલજો હે જી ! ગુરુ મારો દીનો દયાળ, તારી સમાવે જંજાળ, ચેતી લેને વીતી જાય છે કાળ જી, ફરી આવો રે અવસર તને નહિ મળે હે જી... ગુરુના.

રતનબાઈ : પૂરા નર સોહી પ્રમાણિયે, સહેજે વર્તે સંસારમાં, પરમારથ ઉપદેશ રે બોલે અહર્નિશ પર ઉપકારમાં - ગુરુ હરિકૃષ્ણ હતા.

ગૌરી : બ્રહ્મનો ભેદ જાણે જન અનુભવી, ભેદ જાણ્યા વિના ભ્રમણા ન જાવે; ભ્રમણા ગયા વિના કરમ, કહો કેમ ગળે ! કર્મ ગયા વિના મરમ ન પાવે.

તારાબાઈ : સખિરી, પ્રભુમિલનકી ખુમારી રંગમેં જાઉં ભિજાઈ...દિવ્ય મૂર્તિ દેખકે મૈં તો ચરણકમળ લિપટાઈ, મંદ હાસ્યમેં મધુર બચનસે પ્રભુજી બોલે મુસ્કાઈ...

રતનબાઈ : મારી કાયાના ઘડનારા, કાચી રે કેમ ઘડી મોરી કાયા? કાયા માયાના બંદા, કૂડા ભરોસા, કૂડાકૂડા ઠાઠ રચાયા... કાચી રે. કચ્છની કવયિત્રી કાફીઓ અને ભજનો માટે પ્રખ્યાત છે. ઘરેઘરે ગવાય છે. મૂળ કચ્છના અબડાસાની ભડલીગામના-ખોજા જ્ઞાતિમાં થઈ ગયા. ગુરુ ભાકરશાહ - સૈયદ પીર હતા.

પંખીબાઈ : ગુરુગોવિંદ ગુણ ગાવું રે, મારે જોગણ બની બની જાવું રે.

મારે સામે કિનારે જાવું, મારે જોગણ બની બની જાવું રે...ગુરુ ભાવદાસ

(અમુક સ્ત્રીભક્તો, રાજસ્થાન, મહારાષ્ટ્ર, બંગાળ અને જુદા જુદા પ્રાંતમાંથી આવીને સૌરાષ્ટ્ર-ગિરનારને પોતાની તપોભૂમિ બનાવીને ગુજરાતી ભાષા પર સંપૂર્ણ પ્રભુત્વ મેળવી સદાને માટે ગુજરાતમાં વસી ગયા.) સૌરાષ્ટ્રની ધરા એટલે તો શૂરા, સંતો, જતિ-સતી અને ભક્તિભાવની પવિત્ર યશોગાથાની કહેવાય છે.

મીરાંબાઈ : ગોવિંદ લીન્હો મોલ, બાઈ મૈંને ગોવિંદ લીન્હો મોલ...ટેક. કોઈ કહે હલકા કોઈ કહે ભારી, લિયો તરાજુ મેં તોલ...બાઈ. ગુરુ રોહિદાસ- રૈયદાસ હતા. મેવાડના-(મેડતા) રાણી હતાં. તેઓ પછીથી ગુજરાતમાં વસી ગયાં. એમની ભક્તિભાવની રચના અગણિત છે. લોકવાયકા મુજબ તેઓ અંતિમ વખતે દ્વારકાના કૃષ્ણ સ્વરૂપમાં સમાઈ ગયા હતાં.

દેવળદેબાઈ : દેવાયત પંડિતના ધર્મપત્ની- જી રે હંસારાજા અબમત છોડો અમને એકલા રે, અમને હારે લેતો જા રે... એમની ઘણી રચનાઓ સંતમંડળમાં ગવાય છે.

જબુબાઈ : પીપળી-સુરેન્દ્રનગર (બજાણા પાટડી પાસે) દાસ સવા ભક્તનાં શિષ્યા હતાં. પીંપળિયે પીરુનાં બેસણાં રે, જેના નવ ખંડે વરસે નૂર, હાલો જઈએ દરશને રે...

રૂપાંદે : વઢવાણના કેસરીસિંહની પુત્રી-મારવાડના રાવળ રાજા માલદેવનાં રાણી હતાં. ગુરુ ધારુ-મેઘવાળ - એ જી તારો આવ્યો અવસરિયો ભેળાણો રે, હે રાહોળ માલા, જાગો તમે જૂના જૂના જોગી રે...વિદુર ઘરે પ્રભુ(ભાજી) મોરધ્વજ અતિથિ પધાર્યા, (ભગવાન) અંગુઠું વેરાણું, શીબીરાજા માટી છાબે કાયા કપાણી, શેઠ સગાળશા ને ચંગાવતી રાણી, કુંવર ચેલૈયો વધેર્યો...પાટધર્મ નિજારીપંથનાં જે સજોડાં હતાં એમનાં આ રૂપાંદે-માલદેવ હતાં.

લિરલબાઈ : રાણા કંડોણા, મોંઘીબા- શિહોર-ભાવનગર, લિરબાઈ-મજેવડી, રાણીમા-રૂડીમા-રાજકોટ, અમરમા-પરબવાવડી, રામબાઈમા-આહીરજ્ઞાતિ-વવાણિયા, મઢડામાં-સોનલઆઈ-ચારણ જ્ઞાતિમાં થઈ ગયાં. જાનબાઈ-જાનબાઈની દેરડી-ઢસા રોડ, વિરબામા-વિરપુર-જલારામબાપાના ધર્મપત્ની, મૂળીબાઈ-ચલાલા, આઈ નાગબાઈ-મોણિયા, ડાલદે-મોરબી(ખીમડો કોટવાળ) આમ અનેક સ્ત્રીભક્તો આ સૌરાષ્ટ્રની ભૂમિમાં થઈ ગયાં. જેની યશોગાથા ચિરંજીવી છે.

મહાપંથ-મહામારગ-નિજારપંથી સતી લોયણનો જન્મ લુહાર(પંચાલ) જ્ઞાતિમાં થયો હતો. લોયણ અતિ સૌંદર્યવાન અને રૂપરૂપની અંબાર હતી. પહેલી જ નજરે કોઈપણ મોહિત થઈ જાય ભરાવદાર કાયા ને મોહક ચાલ હતી. અમરેલીમાં થઈ ગયેલા સંત મૂળદાસ. મહાત્મા દેવતણખી અને લીળલબાઈ આજ લુહાર જ્ઞાતિમાં સંત થઈ ગયા. ગામ જામખંભાળિયાંનું નામ સંત સમાજમાં આદરથી લેવાતું. પોતાનું જન્મસ્થળ હતું. લુહારજ્ઞાતિમાં મહેનતનું કામ વધારે રહેતું. પોતાના માતપિતાને બધી જ રીતે મદદ કરવામાં પાછી પાની કરતા નહિ. જેમજેમ ઉંમર મોટી થતી ગઈ તેમ તેમ ઘરના કામકાજમાં વધારે મદદ કરવા લાગી. ગામને પાદર પાણી ભરવાનું પોતે સંભાળી લેતી. વહેલી પરોઢે અને બપોર પછી કૂવે પાણી ભરવા જાય ત્યારે નાનામોટા સૌકોઈ લોયણની રૂપવંતી કાયાનું ત્રાંસી નજરે દર્શન કરી લેતાં. એવા એક સમયે પાદર પાણી ભરવા જાય છે ત્યારે ત્યાં હેલોની કતાર લાગી હોય છે. પોતે બેડાને બરાબર માંજી પછી પાણી ભરવાનું રાખતી આજ જરા મોડું થયેલું એટલે પૂર્વ દિશામાં સૂરજદાદાએ રથ પર સવારી કરી કોમળ કિરણો ફેલાવાનું શરૂ કરી દીધું હતું. આ પ્રકાશમય કિરણોના તેજમાં લોયણ અધિક સુંદર લાગતી હતી.

અચાનક જ્યાં લોયણ પાણી ભરી રહી હતી ત્યાં એક ઘોડેસવાર આવીને ઊભો રહ્યો. ભરાવદાર છાતી, અડીખમ જુવાની, તલવારના વળાંક જેવી તેજદાર મૂછ, લાંબી બન્ને ભુજાઓ, મોટી આંખો લીંબુની ફાડ જેવી લાગતી હતી. જેવો જુવાન એવો જ એનો તેજસ્વી તોખાર હતો. ઘોડા પર થએલ અસવારનો મિજાજ કંઈક ઓર પ્રકારનો હતો. કમરપટ્ટા પર તલવાર ઝૂલી રહી હતી. ભેટમાં તાતી કટાર ખોસેલી હતી. અસવાર કંઈપણ બોલે એ પહેલા જ લોયણે કહ્યું કે પાણી પીવું હોય તો નીચે ઊતરો તમે અને તમારો ઘોડો ધરાઈને પાણી પીજો.

કોઈ બીક નહિ, હર નહિ. કોયલ જેવો મીઠો ટહુકો સાંભળી ઘોડેસ્વાર નીચે ઊતરે છે. લોયણને જોઈને એ પુરુષ તો ઘાયલ થઈ જાય છે. એણે આવું રૂપ ક્યારેય ભાળ્યું હતું નહીં. પાણી પીતાં પીતાં આંખોથી ધરાઈને લોયણનું રૂપ પીધું. પછીથી તો રોજનો ક્રમ બની ગયો. બન્નેની આંખો મળી અને બન્ને જુદા જ વિચારોમાં ખોવાઈ જતાં. લોયણે જોયું કે જ્યારે આ ઘોડેસ્વાર આવે છે ત્યારે બીજી પનિહારિયો ભાગી જાય છે. કોઈ તો બેડું મૂકીને ભાગે છે. એક પનિહારીયે તો કહ્યું પણ ખરું કે લાખો આવે છે. ભાગો ભાગો, ત્યારે લોયણને ખબર પડી કે આ તો આપણા ગામના કાઠીનો દીકરો છે. હમણાં હમણાં કૂદકે ચડ્યો છે. મારકૂટ-લૂટ એ એનો ધંધો છે. લોયણને જાણ થઈ પણ મોડી થઈ. પછી તો આખા જામખંભાળિયામાં ચર્ચા થવા લાગી. લોયણ લોકેષણાથી ખૂબ વગોવાય ગઈ. જાકુબનો ધંધો કરતો હોવાથી ખૂબ અણગમો થયો. પણ માહ્યું રૂદીયું એની જવાની તરફ ખેચાતું હતું. હવે તો લાખો ઘરે આવતો. લોયણના માબાપે ખૂબ બન્નેને સમજાવ્યા પણ લાખો લૂખ્ખી દાટી આપીને ચાલ્યો ગયો. જતાં જતાં કહેતો ગયો કે જોજો લોયણને કંઈ થાય નહિ. મારી થાપણ તમને સોંપતો જાઉં છું, અને ઓછું ન પડે. મહામૂલા ઘરેણાં અને અવનવાં વસ્ત્રો એ આપી જતો.

લાખાના ગયા પછી લોયણને એનાં મા-બાપે બહુ સમજાવી પણ પથ્થર પર પાણી. લાખા વિષે બધી જ હકીકત કહી સંભળાવી. તું અમારું જીવતર બગાડે છે. આ ઘર છોડીને અમે ચાલ્યા જાઈ છીએ. જે ઘરે લાખાનાં પગલાં પડ્યાં હોય ત્યાં દિવાળી ના આવે ત્યાં તો હોળી જ રમાય. અપશુકનિયાળ પગલાં પડ્યાં છે ત્યાં હવે અમારાથી નહિ રહેવાય. લોયણ, લાખો આખા પંથકનો ઉતાર ને લૂટારું છે. એની ધાક, ધમકીને હાહાકાર સારા મલકમાં ફેલાયેલાં છે. માટે તું અહીં રહે અમે તો આ ચાલ્યાં. લોયણને એના માબાપ છોડીને જાય છે. લોયણ રોઈ રોઈને ખૂબ સમજાવે છે. પણ બધું જ વ્યર્થ જાય છે. આમ લાખાને મોકળું મેદાન મળી ગયું. લૂટફાટ કરીને એ આવી જતો ને લોયણ સંગ રંગરંગેલિયા મનાવતો. સમય સમયનું કામ કરે છે. લાખો ચોરી લૂટફાટ કરીને ક્યારેક બે દિવસે ક્યારેક પંદર દિવસે આવતો. એનું કે લોયણનું કોઈ વાકું બોલી શકતું નહિ.

વૈશાખ શરૂ થતો ત્યાં કૂવાનાં પાણી ઊંડા જતાં. એ વખતે

ગામની પનિહારિયું નદીએ પાણી ભરવા જતી. આવા એક સમયે લોયણ બેડું લઈને નદીએ પાણી ભરવા જાય છે ત્યારે નદીમાંથી પાણી ભરતાં ભરતાં એકબીજી બહેનો વાતે વળગી. અરે! ઉતાવળ કરજો આજે તો ગામમાં મહાન સંત પધારવાના છે. આપણા ગામમાં એમનાં પાવન પગલાં પડવાનાં છે. દર્શને જવું પડશે. માટે ઉતાવળ રાખજો. સેલણસી નામના કોઈ મોટા સંત આવવાના છે. એમની ખ્યાતિ ને સુવાસ આખા પંથકમાં છે અને સંતમંડળમાં એમનું નામ આદરથી લેવાય છે. એક બટકબોલી પનિહારી મહરથી બોલી, લોયણ બા તમારે દર્શન કરવા નથી આવવું? ત્યારે બીજી કહે એને તો પગમાં બેડી છે. લાખાભાઈની રજા સિવાય થોડું અવાય? લોયણને આ વેણ આજે કડવાં લાગ્યાં. પોતાની જાત પર અણગમો થયો ને બોલાઈ ગયું કે મને કોણ રોકનાર છે? ભાગ્યનો ઉદય થવાનો હશે એટલે આ ઘટના આખી ઘટી. એક પીઢારું બાઈએ કહ્યું પણ ખરું, આપણી સ્ત્રીનું સાચું ધન આબરૂ છે. ઈજ્જત છે. મથરાવટી મેલી થઈ હોય તો સૌ કહે એમાં આમ ખોટું લગાડવાનું હોય નહીં. આજે ખરું ટાણું આવ્યું છે. આ તારા રૂપને વધારે વેડફ્યા વગર પ્રભુ ચરણે ધરી દે તો તારો બેડો પાર થઈ જશે. યુવાનીના જોમને પરમાર્થમાં ખર્ચી દે.

લોયણ ખૂબ ઝંખવાણી થઈ ગઈ. અંદરથી પોકાર થયો. શું વિચારે છે. સંતો તો દયાળુ હોય છે. બધા ગુના માફ કરી દેશે. ઈ તો જાતિપાતિ કે જ્ઞાનીઅજ્ઞાની જોતા નથી. કેવળ જીવનો ઉદ્ધાર કરવાનું એમનું કામ હોય છે. આ ભૂમંડળ પર એટલા માટે જ આવતાં હોય છે. એકપણ મુખેથી વેણ બોલ્યા વગર માથે પાણીનું બેડું ચડાવી જે તરફ ઝાંઝ, મંજીરા, કડતાલ અને ઢોલક વાગતાં હતાં એ તરફ ચાલવા લાગી. બરાબર સંતનું સામૈયું થતું હતું ત્યાં સંતસેલણસીના રથ સામે આવીને ઊભી રહી ગઈ. લોયણે પૂછ્યું કે આમા સંત સેલણસી કોણ છે? જુઓ પેલા રથમાં બિરાજમાન છે એ જ છે. પણ અહીં જ ઊભા રહો, તેઓ રથમાંથી નીચે ઊતરીને આ તરફ આવી રહ્યા છે.

સંત સેલણસી પણ લોયણને જોઈને થાપ ખાઈ ગયા. આવું રૂપ તો મેં ક્યારેય ભાળ્યું નથી. અને કેટલી નિર્ભયતાથી મારી સામે આવે છે. આજુબાજુની પડી નથી. સંત સાથેના એમના સેવકે લોયણની આખી ઘટના એક જ શ્વાસે કહી દીધી. ત્યાં તો બરાબર સન્મુખ આવીને ઊભી રહી. મારે આપનાં ધરાઈને દર્શન કરવાં છે. આ જળથી આપના ચરણ પખાળવા છે. આ વગોવાયેલી દીકરીને અપનાવશો? તારું નામ તો કહે? મારું નામ લોયણ છે લુહારની દીકરી છું. મને પાવન કરો બાપુ, હું આપને શરણે આવી છું અરે! દેવાયત પંડિત અને દેવ તણખીના કુળની છો. એમા કાંય થોડું કહેવાનું હોય. તું તો સૌને પ્રકાશ આપનાર છો. અજ્ઞાનતામાંથી સમાજના ઘરમાં લઈ જનાર પરમાર્થી દીકરી છો. બાપુને પગે લાગીને ત્યાં બેડાનાં જળથી એમના ચરણ પખાળ્યા. એમના ચરણોનું ચરણામૃત લોયણે ગ્રહણ કર્યું. સાંજે અમારો જ્યાં ઉતારો છે, ભજનભાવ છે ત્યાં જરૂરથી આવજે દીકરી.

જામખંભાળિયામાં લોયણની વાત ફેલાઈ ગઈ. લોયણના માનસમાં ગડમથલ ચાલતી હતી. એક પછી એક પોતાનાને લાખા વચ્ચેના સંબંધોમાં ચિત્રો ખડા થતાં હતાં. ઘરની ફળીના ખાટલામાં ચત્તીપાટ થઈને આકાશને નીરખી રહી છે. સંધ્યાના રંગો ધીમે ધીમે સમેટાઈ જતાં હતા. ઝાલર ટાણે રામજી મંદિરે નગારા પર ઘા પડવા લાગ્યા. લોયણની ભીતર પસ્તાવાનો દરિયો ઘુઘવતો હતો. આજ કાંઈ અજૂગતું બની ગયું છે. પોતે સંત જ્યાં બિરાજમાન હતા એ તરફ ખેંચાણી. પ્રથમ પ્રહર રાત્રીનો શરૂ થયો હતો. સૌ માણસો આમ તો આખું ગામ સંતને સાંભળવા અને લોયણને નીરખવા ઉમટી પડ્યું હતું. સંત સમાજ અને ભાવિકજનોની પાછળ જ્યાં સ્ત્રીઓ બેઠી હતી ત્યાં ચૂપચાપ બેસી ગઈ. એક ચિત્તે ભજનવાણી સાંભળતી હતી. મધરાત્રિ થવા આવી હતી. ખરેખરા શ્રોતાજન હતાં તેઓ બેસી રહ્યા હતા. બાકીના જતાં રહ્યા હતા. બસ આજ સમયે સંત સેલણસીએ લોયણને પોતાની પાસે આવવાનો સંકેત કર્યો.

સંતની નજીક આવતાં લોયણ એમના ચરણમાં ઢગલો થઈ ગઈ. બાપુ : મને પાપિણીને ઉગારો, મને કંઠી બાંધો. સંતે અલખની પ્રજ્વલિત થયેલી જ્યોત સામું જોઈને લોયણના મસ્તક પર હાથ મૂકાયો, અને એના અધિકારીપણાના દરવાજા ખોલી નાખ્યા. લોયણના અંગમાં એક વીજળીનો ઝબકારો થયો. નખશિખ નૂર પ્રગટ્યું. આંખમાંથી અશ્રુની ધારા વહે છે. ત્યાં ગુરુબોધ, ગુરુવાણી અને સનાતનમાર્ગની શીખ આપી સાચો મારગ બતાવ્યો બન્નેની આંખ મળતાં જ જાણે એમ લાગ્યું કે ભવોભવની જૂની ઓળખાય છે. સંતના બોધથી અંતરમાં સદગુણો, સદ્ભાવ, સદ્વિચારો અને પરમશાંતિ આવીને વસ્યા. શત્રુમિત્ર, સુખદુઃખ, જાતિપાતિ વગેરેના ભેદ ટાળ્યા. પતનનો માર્ગ છોડી દો લોયણ પરમાર્થમાર્ગે વળી, જીવ, માયા, ઈશ્વર, પંચભૂત, પંચકોષ અને યોગક્રિયાનાં લક્ષણો સાથે ભક્તિનું દાન આપ્યું. જેમ લોહને પારસ અડતાં તે કંચન(સોનું) બને છે એમ સંતના મિલનથી લોયણના મનના મેલ ધોવાઈ ગયા. થોડા દિવસનું રોકાણ એને અમૂલ્ય ખજાનો સંત સેલણસીબાપુથી પ્રાપ્ત થયો. સાધુસંત તો ચલતા ભલા, આમ સંત થોડા દિવસ પછી બીજે જવા રવાના થયા.

લોયણ ઘરે આવી ત્યારે હળવીફૂલ જેવી બની ગઈ હતી. નિર્ભયતાનો અંચળો હવે ઓઢ્યો હતો. હરિનામની કંઠી બાંધી હતી. મનમાં પરમ શાંતિ પ્રસરેલી હતી. બસ હવે તો ગુરુએ ચીંધેલા મારગે ચાલી આ કાયાને ઉજળી કરવી છે. હવે અભડાવા દેવી નથી. આ જન્મમરણના ફેરાને સફળ બનાવવો છે. આવા વિચારો અને ગુરુજીના ધ્યાન, ભજન, કીર્તનમાં સમય ક્યાં

વીતી જતો એ ખબર રહેતી નહી. લાખો આંગણે આવ્યો એનો ઘોડો હણહણાટ કરવા લાગ્યો. લાખો બૂમો પાડીને લોયણ, લોયણ કહેતો હતો. પણ પહેલાની લોયણ ક્યા હતી કે સામે આવીને ભેટે ? લાખો થાક્યો પાક્યો ને ઉપરથી ભૂખ્યો ડાંસ જેવો મોટેથી રાડો પાડતો હતો. ફળીમાંથી ઓસરીમાં ને એક જ કૂદકે ઓરડામાં આવી પૂગ્યો. લોયણના દીદાર ભાળીને જરાક થોભી ગયા. અરે ! હું ક્યાંક બીજે તો નથી આવી ગયો. આ લોયણ નથી. સફેદ વસ્ત્રો, ગળામાં તુલસી માળા, અને હાથમાં રામસાગર પર એક ચિત્તે ભજન. લોયણ મધુર કંઠે ગાઈ રહી છે. એક એક વાણીના અક્ષરો લાખાની છાતીમાં તીરની જેમ ભોંકાય છે. આ દૃશ્ય જોઈને ઘડીભર એની બુદ્ધિ બેર મારી ગઈ. ફરી મોટેથી કહેવા લાગ્યો. લોયણ... લોયણ... લોયણ... આ તને શું સૂઝ્યું. રૂડીરૂપાળી કાયાને ભગતડાવેલા ક્યાંથી સૂઝ્યા...

જીરે લાખા ! પ્રથમ સદ્‌ગુરુના પાય પૂજીને જી,
તમે મનવાંછિત ફળ માંગો હાં ;
જીરે લાખા ! હણને લાભ તમે નાખી દીયો ને જી,
તમે મોહનિદ્રાથી જાગો હાં.... ટેક.

રામસાગરના તાર થંભી ગયા. ભજનમાં ખલેલ પડતી હતી. સુરતા અંતરમાંથી બહાર થઈ જતાં ભક્તિનું વાતાવરણ ડહોળાઈ ગયું. અરે ! લાખાજી ક્યારે પધાર્યા. બસ તમારી જ રાહ જોતી હતી. હવે તો મને સંગાથ આ સતના માર્ગે આપશો ને ? લાખો લાલઘૂમ થઈ ગયો અને બરાડી ઊઠ્યો. જો આ નવાં ઘરેણાં ને વસ્ત્રો લાવ્યો છું. આ ભગતડાનો વેશ ઉતારી જલદીથી રંગબેરંગી વસ્ત્રો પેરી લે, મારે તને અને તારા રૂપને આ વસ્ત્રો અને અલંકારમાં ધરાઈને નીરખવી છે. તારા રૂપને માણવું છે. જલદી કર આમ નાટકવેડા છોડી દે, નહિ તો પછી ભારે થશે.

એ લાખા ! પહેલાની લોયણ તો ક્યારયની મરી પરવારી છે. હવે તો અલખને મારગે પ્રયાણ કરી ચૂકેલી લોયણ છે. એકદમ ઊભા થઈને રામસાગર એક હાથમાં પકડી લાખાને ચેતવણી સાથે બોધ-શિખામણ આપે છે. ચોરી-લૂટફાટ, મારામારી, કાપાકાપી, મૂંગા પશુઓનો શિકાર અને કેટલીય નારીના સિંદુર તે ભૂસ્યા હશે. કેટલી વિધવા થઈ હશે એનું પાપ અને હાય તને સુખેથી જીવવા નઈ દે માટે સુધરી જા. અને સતનો માર્ગ પકડ એક દિવસ તને કાળ ભરખી જશે. માટે આપણે બન્ને અધર્મના માર્ગે હતાં. આપણા ભાગ્યનો ઉદય થયો ને મને ગુરુ સેલણસી બાપુ મળ્યા. લોયણ એક પછી એક સતમાર્ગના પંથે ચાલવાના વેણ કહે છે. પણ લાખામાં કંઈ ફેર પડતો નથી. અચાનક લાખો દોડીને લોયણને બથમાં લે છે. અને કહે છે કે મારી લોયણ આ ઉંમર ભક્તિ કરવાની નથી. મોજમજા કરવાની છે.

અરે ! લાખા ભાન ભૂલ્યો. તું ધગધગતી વૈરાગ્યભરી કાયાને અડ્યો. તારી ભૂજામાં ઝકડીને પાપમાં પડ્યો છો વધારે. લાખા તું તો ભૂલ્યો... ભૂલ્યો... તેહના દંડ ભોગવવા પડશે. મારા ગુરુજીની મરજી. આમ કહેતાં તો લાખાના આખા શરીરમાં અગ્નિ ઊપડ્યો અને ગળતો કોઢ આખા શરીરે નીકળ્યો. એકદમ લોયણને છોડીને ઘોડા પર મહામુસીબતે ચડી પોતાને ઘેર ગયો. એની પત્ની ઘણા સમયે લાખાને આવેલો જોઈને રાજી થઈ, પણ આજે લાખો કણસતો હતો, બબડતો હતો અને શરીરમાં લાય બળતી હોવાથી બૂમો પાડતો હતો. પોતાના ઘરના ઓરડામાં ઢાળેલા ઢોળિયામાં એકદમ ફસડાઈ પડ્યો. પથારીવશ થયો. સમય પસાર થવા લાગ્યો. શરીર ગળીને સાવ ખોખલું ને જીર્ણ થઈ ગયું. ઊભા થવાની પણ શક્તિ રહી નહીં.

લોયણે જે આત્મજ્ઞાનની વાત કરી હતી એ યાદ આવતી હતી. જે દેહ વડે હું સૌને ડરાવતો હતો, ધમકાવતો હતો, અરે! લૂટીને મારી પણ નાંખતો આજ આ દેહની હાલત કેટલી કફોડી ને દયાજનક છે. મારાં કરેલાં પાપ મને આંબી ગયાં. હું કેટલો કાયર ને ક્રૂર કે પતિવ્રતા નારીને છોડી પરસ્ત્રી પર મોહ્યો. હાડ, માંસ, વિષ્ટા અને રુધિરથી ભરેલા રૂડારૂપાળા ધોખાથી (દેહથી) મોહી પડ્યો, પલમાં જ બધું ખતમ થઈ ગયું. લોયણ જે આત્મજ્ઞાનનાં પદ ગાતી હતી તે એ વખતે તીર ભોંકાયેલા સમાન માનતો હતો. આજે પથારીમાં પડ્યાં પડ્યાં યાદ આવે છે. લોયણ મને તું માફ કરી દે હે ! સતી, હવે મને ઉગારો. નથી સહેવાતું. મારા ગુના માફ કરો.

જીરે લાખા ! સદ્‌ગુરુના પદનો કોઈ પાર ન પામેજી,
જેને શિવ ને ઉમિયાજી વખાણે હાં;
જીરે લાખા ! મોટા મોટા મુની જેની આશા કરે છે જી,
તે પદ અનુભવી ઉરમાં આણે હાં...ટેક.

આગળના પદમાં જે પણ કહે છે એ લાખાના હૈયામાં કંડારાઇ ગયા હતા.

જીરે લાખા ! ત્રિગુણી માયાથી જગત બંધાણું જી,
તમે એરે માયાને શીદ વળગ્યા હાં.....
જીરે લાખા ! સદ્‌ગુરુના આપણે વેચ્યાં વેચાયે જી,
આપણે મનનું ડહાપણ પરહરીયે હાં;
જીરે લાખા ! ગુરુને પૂછીને પૃથ્વી પર પગ ધરીયે જી,
તે સદ્‌ગુરુ કહે તેમ કરીયે હાં....

લોયણ તો પ્રભુ ભક્તિમાં લીન હતી. સંત સમાજમાં ખૂબ ખૂબ સુવાસ ફેલાયેલી હતી. જામખંભાળિયામાં જે લોકો બૂરી નજરથી જોતાં હતાં. લોયણ પ્રત્યે અણગમો અને ઘૃણા(તિરસ્કાર) કરતાં, છડેચોક વગોવતા હતા તે આજે પગે લાગતા હતા. નમતા હતાં. પારસથી જેમ લોહ કંચન બને છે, પણ લોયણ તો પારસથી પારસ બની ગઈ. જોતજોતામાં બાર વરસનાં વાણાં વાઈ ગયાં. સમય કોઈથી થોડો રોકાય છે ?

લોયણ લાંબા સમયનો વિયોગ સહન કરી શકી નહિ. ને ગુરુ સેલણસીને ભાવપ્રેમથી યાદ કરીને આરાધ્યા. આપ આ

વિયોગને પ્રેમમાં પરિવર્તન કરો અને વહેલાસર દર્શન આપો.

જીરે લાખા ! શૂન્ય સમાધિમાં ગુરુ કુંચી બતાવેજી.
તો જન્મ મરણ મટી જાવે હાં;
જીરે લાખા ! જોત જાગે વ્યાપે નહિ માયા જી,
તેને જન્મ ફરી ન આવે હાં...

જામખંભાળિયાના લોકો આજે ફરી સંતનાં સામૈયા કરવામાં ભેગા થયા છે. સંત સેલણસી પધારવાના છે. એમનાં પાવન પગલાં પડવાનાં છે. લોયણ રાજી રાજી થઈ ગઈ. બન્નેનું પ્રેમભર્યું મિલન થયું. લોયણે પ્રેમભર્યા અશ્રુથી આજ સદગુરુના ચરણો પખાળ્યા. લોયણની જીભે સરસ્વતીનાં બેસણાં થયાં હતાં. એક પછી એક આત્મજ્ઞાની વાણી, પરાવાણી મધુર કંઠથી વહેતી હતી. સૌ મંત્રમુગ્ધ થઈ જતા હતા. એક આધ્યાત્મિક વાતાવરણ છવાઈ જતું હતું. સમયને ઓળખી બરાબર જોગસંજોગ મળતાં સંત સેલણસીના ચરણે પગે લાગી લાખાની વાત મૂકી. ગુરુજી બાર વરસ થયાં. હવે લાખાને ઉગારો, બાર વરસે આમેતેય યોગ પૂરો થાય. સંતે એક નજર લોયણપર કરી કહ્યું કે લાખાને અહીં આજ વખતે લઈ આવજે. લાખો આવશે ને ? હા ગુરુજી, લાખો જરૂરથી આવશે. આપ તો સમર્થ છો. સંતો તો લેખ માથે મેખ મારે છે. બિચારો મારી પાછળ ગાંડો થયો હતો. ખરેખર તો હું જ દોષમાં છું. એમાં લાખાનો દોષ નથી. આપ જરૂરથી ઉગારો...

દીકરી લોયણ ઠાકરધણી કર્તાહર્તા છે. સૌ સારાવાનાં કરશે. તું ઇચ્છે છે તો જરૂર લાખો સાજો થશે. રાત્રે લાખાને અહીં લાવવાનું નક્કી કરી સીધી જ પોતાના ઘરે જવાને બદલે લાખાની ડેલીયે પૂગી. બાર વર્ષ પછી લાખાની આંખો લોયણને નીરખી રહી હતી. એના ઢોલિયાની ઈશ પર બેસીને માથે હાથ ફેરવે છે. દુર્ગંધ મારતા દેહ પાસે કોઈ જતું નહિ ને આજ લોયણ એને ધારણ ધીર બાંધવા આવી છે. લાખાની આંખમાંથી શ્રાવણ-ભાદરવો વહે છે. લાખા તને સુખના વાવડ દેવા આવી છું. સંત સેલણસી આપણા ગામમાં પધાર્યા છે. માટે જરૂરથી ત્યાં આવવાનું છે. લાખો તો સાંભળીને રાજીનો રેડ થયો. આજ મારા દુઃખનો અંત આવશે. દેહ સાથે બધું અભિમાન ચૂર ચૂર થઈ ગયું છે. લાખાની પ્રાર્થના આજ ફળી. ઘરના બધાને લાખાને લાવવાની ભલામણ કરી ત્યાંથી લોયણ ચાલી ગઈ. લાખા પ્રત્યે ફરી પ્રેમ જાગ્રત થયો પણ આ પ્રેમ દેહનો નહિં પરમાર્થને આધ્યાત્મિક આત્માનો હતો. પસ્તાવાના પૂરમાં લાખો અંતરથી શુદ્ધ થયો હતો.

લોયણને વચન આપ્યા મુજબ સંત સેલણસીના ઉતારે લાખો પરિવારસહ ત્યાં આવ્યો. ભજનવાણી શરૂ થઈ ચૂકી હતી લોયણ એક પછી એક વૈરાગ્ય, આત્મજ્ઞાન અને ગુરુમર્મની દિવ્યવાણી બોલી રહી હતી. આજ લાખાની વાત જાણી આખું ગામ ઉમટી પડ્યું હતું. ભજનિકોની ભજનની રમઝટ જામી હતી. ચારે તરફ ભક્તિનું વાતાવરણ જામ્યું હતું. એ વાણીમાં લાખો ખોવાઈ ગયો હતો. આંખમાંથી આંસુ વહેતાં હતાં. સંત સેલણસીએ લાખાને પાસે બોલાવ્યો. માથે હાથ ફેરવી આશીર્વાદ આપી કહ્યું હવે સંતને શરણે છો માટે નિર્ભય થઈ જા. ગત્યાગંગા, લોયણ, પધારેલા સંતો અને ભજનિકો તને પાવન કરે છે. આ રોગમાંથી તને મુક્ત કરે છે. સંત સેલણસીએ લાખાને આત્મબોધ આપીને પ્રમોદયો. કાનમાં મંત્ર ઉચ્ચારતા જ લાખાની અંદર વીજળીનો ચમકારો થયો. અંગમાં નવું જોમ આવ્યું. દિવ્ય ચેતનાથી દેહ પવિત્ર થયો. લાખાનો કોઢ ગાયબ થઈ ગયો. પહેલા હતી એવી કંચનવર્ણી કાયા થઈ ગઈ. સંત સેલણસીની જય બોલીને લાખો બાપુના-ગુરુજીના ચરણોમાં ઢળી પડ્યો. નવજીવન મળતાં ઊભો થઈને ગત્યગંગાને અને સંતોના ચરણમાં વંદન કર્યાં. લોયણની મનોકામના પૂર્ણ થઈ. મુખમાંથી પરાવાણી પ્રગટી છે. સૌ એમાં ભીંજાવા લાગ્યા.

જીરે સતી મૂળ વાસના જેની બ્રહ્મમાં મળી ગઈ છે,
એનું નામ જીવનમુક્ત જાણો હાં;
જીરે સતી સંકલ્પ વિકલ્પ જેના સમાઈ ગયાં છે જી,
એ તો બ્રહ્મરસ ભોગી હાં... ટેક.
જીરે સતી ! તેત્રીસકોટિ દેવ તેના ચરણમાં લોટે જી,
અષ્ટસિદ્ધિ છે દાસી હાં;
જીરે સતી ! અખંડ અનાદી અજનમા પોતે જી,
જેણે તોડી માયાની ફાંસી હાં....

લાખા-લોયણની જોડી અઢાર સજોડામાં, નિજારપંથમાં શ્રેષ્ઠ ગણાય. લાખાના સ્વાનુભવના અને એને બોધ આપ્યાનાં પદો આખા સૌરાષ્ટ્રમાં ઘરે ઘરે ગુંજે છે. સંતવાણી જયાં પણ હોય ત્યાં લોયણનાં પદો ખૂબ જ ભાવથી ગવાય છે. એના ભજન વિનાની સંતવાણી અધૂરી ગણાય છે. એકથી એક ચડિયાતી વાણી સાંભળવા મળે છે. લગભગ પિસ્તાલીસ કે એથી વધુ વાણી લોક કંઠે ગવાય છે. ભક્ત સમાજમાં લાખા-લોયણનું નામ અમર થઈ ગયું. ફરી એક પદની કડી યાદ કરી ભક્તવાણીમાં તરબોળ થઈએ. જીરે સતી ! સદગુરુનો માર્ગ બહુ રે અગમજી, તેને મહાવૃત્તિવાળા જાણે હાં;....

સંદર્ભ :

૧. સંત લાખો અને સતી લોયણ - શ્રી કાલીદાસ મહારાજ.
૨. પરિચય પદ સંગ્રહ - અખંડાનંદ - સસ્તુ સાહિત્ય.
૩. સંતવાણી - લોક કંઠથી ગવાતી.
૪. એકનાથી ભાગવત - અખંડાનંદ - સસ્તુ સાહિત્ય.
૫. દાસી દર્પણ - કાકડિયા મનસુખ વી.

એ-૧૪, હરિઓમનગર સોસાયટી,
રામદેવનગર પાસે, ઈન્ડિયા કોલોની,
ઠક્કરબાપાનગર, અમદાવાદ. ૩૮૨૩૫૦
મો.-૯૯૭૮૮૦૩૦૧૪

ભારતનું પ્રાચીન વિદ્યાધામ : વલભી વિશ્વવિદ્યાલય

- ભૂપેન્દ્ર મો. દવે

પ્રાચીન ભારતમાં શિક્ષણ :

પ્રાચીન ભારત ઘણા લાંબા સમયથી શિક્ષણ, સંગીત અને સાહિત્ય જેવી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મુખ્યમથક રહ્યું છે. પ્રાચીન ભારતમાં સર્વત્ર ધાર્મિક ભાવ રહ્યો છે આથી કોઈપણ કાર્ય સાંસારિક હોય કે પારમાર્થિક ધાર્મિકતાથી અલગ નથી રહી શકતું. શિક્ષણનો પ્રારંભ પણ ધાર્મિક ભાવના સાથે થાય છે, એટલે આપણાં પ્રાચીન ભારતના વિશ્વવિદ્યાલયો બૌદ્ધ, હિંદુ અને જૈન તીર્થસ્થાનોમાં જ મુખ્યત્વે કેંદ્રિત થયેલા જોવા મળે છે. આથી આપણા આ ત્રણેય મહાન વિદ્યાપીઠો - તક્ષશિલા, નાલંદા અને વલભી સહિત ૯ વિદ્યાપીઠો મળીને કુલ ૧૨ વિશ્વવિદ્યાલયોનો મુખ્ય આધાર મૂલ્યનિષ્ઠ શિક્ષણ હતું.

લેખનકળા અસ્તિત્વમાં આવી તે પહેલાં ભારતમાં વૈદિક શિક્ષણનું રૂપ મૌખિક હતું. શિક્ષા કંઠસ્થ રૂપમાં પરંપરાથી ચાલી આવી છે. લેખન શૈલીના અભ્યુદયની સાથે સાથે શિક્ષણ સંસ્થાઓ, વિહારો તથા મઠોમાં લેખનશૈલી નિર્માણ પામતી ગઈ અને એક શતાબ્દી પછી તો ભારતીય જ્ઞાનનો સૂરજ સમગ્ર વિશ્વને પ્રકાશિત કરતો રહ્યો. મિલિન્દ પાજો, ફાહિયાન તથા હ્યુ-એન-ત્સંગના મતે તે સમય ભારતવર્ષ સંસારના સમસ્ત દેશોથી અધિક શિક્ષિત હતું. ચીન, જપાન, તિબ્બટ તથા સુ-દૂરના દેશોમાંથી વિદ્યાભ્યાસ માટે વિદ્યાર્થીઓ ભારતમાં આવ્યા કરતા. બૌદ્ધ ભિક્ષુ તથા હિંદુ અને જૈન આચાર્યગણ શિક્ષણમાં વિશેષ ભાગ લેતા હતા. દરેક મઠ અને સંઘ વિદ્યાલયનાં કાર્યો કરતા હતા.

હ્યુ-એન-ત્સંગ તથા ફાહિયાને સેંકડો બૌદ્ધ સંઘોનું વર્ણન કર્યું છે, જેમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ અપાતું હતું. પાટલીપુત્રને તેઓ વિદ્યાનું મુખ્ય ધામ માનતા હતા. ફાહિયાન લખે છે : ''બધામાં સાતસો - આઠસો ભિક્ષુઓ રહે છે, આચાર - વિચાર, વિદ્યાભ્યાસની વિધિ જોવાલાયક છે. ચારેય દિશાઓમાંથી મહાત્મા, શ્રમણ વિદ્યાર્થી, જ્ઞાનના જિજ્ઞાસુ આ વિદ્યાસ્થાનોમાં આશ્રય લે છે.''

ઉચ્ચ શિક્ષા માટે પ્રાચીન ભારતમાં જે મહાવિદ્યાલય તથા વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી તે આધુનિક વિશ્વ વિદ્યાલય જેવા જ હતાં તે આશ્ચર્યની વાત છે.

આ વિશ્વવિદ્યાલયમાં સહુ એક કુલપતિની દેખરેખમાં કામ કરતા હતા. વર્તમાન કુલપતિઓની જેમ આની પણ ચૂંટણી સંઘ દ્વારા કરાતી હતી. જે ભિક્ષુ સરળ, આદર્શવાદી, વિદ્વાન તથા કાર્યકુશળ હોય તે જ કુલપતિ તરીકે નિમણૂક પામતો. દૂરનો ભિક્ષુક પણ યોગ્ય હોય તો તેને વિશ્વ વિદ્યાલયમાં અગત્યના સ્થાન પર રાખતા અને તેની આચાર્ય તરીકે નિમણૂક થતી. તેની સહાયતા માટે બે સમિતિ હોય - એક વિશ્વ વિદ્યાલયનો વહીવટ ચલાવતી અને બીજી શિક્ષા સંબંધિત વિષયોની દેખરેખ રાખતી. આ સમિતિ વિદ્યાથીઓના પ્રવેશ, પાઠ્યક્રમ તથા બધા અધ્યાપકોનાં કાર્યોના નિર્ણય કરતી અને સાથે સાથે પરીક્ષા લેવી અને પુસ્તકાલયનો પ્રબંધ પણ કરતી હતી.

વ્યાવહારિક કાર્યો, આવક - જાવક, વિવિધ ભવનોના નિર્માણ, ભોજન, ઔષધાલય, છાત્રાવાસ વગેરે માટે એક અલગ સમિતિ હતી. (એમિ. ઈન્ડિયા, પાન-૩૧૦). રાજા તથા ધનવાન વ્યક્તિ વિશ્વવિદ્યાલયનો આર્થિક ભાર સંભાળતા રહેતા હતા. જાવાના રાજા બાલપુત્ર દેવે નાલંદા વિશ્વવિદ્યાલયમાં એક છાત્રાવાસનું નિર્માણ કર્યુ હતું. આનાથી સ્પષ્ટ થાય છે કે વિદેશી રાજા પણ ભારતીય શિક્ષણ સંસ્થાઓથી ખૂબ જ પ્રભાવિત હતા અને વિશ્વવિદ્યાલયોને અનુદાન આપવું તે પોતાનું કર્તવ્ય સમજતા હતા.

પ્રાચીન ભારતમાં કુલ ૧૨ વિશ્વવિદ્યાલય હતા જેમાં ૭ રેસિડેન્શિયલ, ૨ એફિલિએટિંગ અને ૩ ટીચિંગ તથા એફિલિએટિંગ હતા. આમાંથી એક બનારસ સંગીત વિશ્વવિદ્યાલય પણ હતું.

જાતક કથાઓ આપણને કેવળ બૌદ્ધ ધર્મ અને દર્શનનો મહિમા જ નથી સંભળાવતી, પણ તે પ્રાચીન કાળની રાજનીતિની, શૈક્ષણિક, સામાજિક અને આર્થિક બાબતોની સ્થિતિની માહિતી પણ આપે છે. આથી જાતક કથાઓમાં તત્કાલીન વિશ્વવિદ્યાલયોની વિગતો પણ જોવા મળે છે.

જાતક કથા (નં. ૧૨૭૨) થી આપણને ખબર પડે છે કે નાલંદા - તક્ષશિલા વિશ્વવિદ્યાલયની વાર્ષિક ફી ૧૦૦૦ સોનાનાં નિષ્ક હતી. જે કેવળ રાજપુત્ર કે ધનિક પુત્ર જ આપી શકતા હતા. જાતક કથા (નં.૬,૨)ના અનુસાર ગરીબ પણ કુશાગ્ર વિદ્યાર્થી દિવસના અધ્યયન બાદ જંગલમાંથી લાકડાં કાપીને લાવતા, શિક્ષકના ઘરનું કાર્ય કરતા તથા વિશ્વવિદ્યાલયનાં અન્ય કાર્યો કરતા; જેના બદલે તેમને ફી ન ભરવી પડે. આમ છતાં પણ ગરીબ વિદ્યાથી ફી દેવામાં અસમર્થ હોય અને અન્ય કાર્યો ન કરીને અધ્યયનમાં જ પૂરતો સમય આપવા માંગતો હોય તેણે પ્રતિજ્ઞાપત્ર (બોંડ) ભરીને કુલપતિ અથવા આચાર્યને આપવું પડતું કે જ્યારે તે સ્નાતક થઈ કમાવાને યોગ્ય થશે ત્યારે તે વિશ્વવિદ્યાલયની બધા વર્ષોની ફી ચૂકવી દેશે.

એક જાતકકથા (નં. ૧, ૨૩૯) થી સમજાય છે કે રાજા અથવા ધનિક - શ્રેષ્ઠી પણ ગરીબ વિદ્યાર્થીઓની ફી,

ભોજન અને નિવાસનો ખર્ચ આપતા હતા. કથા અનુસાર કાશીનો એક ધનિક ૫૦૦ છાત્રોની ફી, ભોજન અને છાત્રાવાસનો - નિવાસનો પ્રબંધ કરતો હતો. રાજગૃહ, કાશી તથા ઉત્તરાપથના અનેક રાજ્ય તક્ષશિલાના વિદ્યાર્થીઓને છાત્રવૃત્તિ કે યોગ્યતા અને જરૂરિયાત પ્રમાણેની ફી દેતા હતા. જેથી પોતાનાં રાજ્યોના પણ અનેક યોગ્ય છાત્રોની વાર્ષિક ફી ભરીને તક્ષશિલાના સ્નાતક બનવા મોકલતા હતા.

વિશ્વવિદ્યાલયમાં છાત્રાલયમાં રહેવું જરૂરી હતું, તેમ છતાં કુલપતિ વિશેષ કારણો હોય તો છાત્રાવાસની બહાર રહેવાની પણ અનુમતિ આપતા હતા. આવા છાત્રો મોટેભાગે વિવાહિત હતા. છાત્રાલયના વિદ્યાર્થીઓ કઠોર અનુશાસનમાં રહેતા હતા. તેમણે વહેલી સવારે કૂકડાના અવાજ સાથે જ ઊઠવું પડતું. પ્રત્યેક છાત્રાવાસમાં થોડા કૂકડા રાખવામાં આવતા, જે સમય જેવું કામ કરતા હતા.

છાત્રાલયમાં ભોજન બહુ જ સાદું આપવામાં આવતું હતું. જેમાં દૂધ, ફળ, ભાત, રોટી વગેરે અપાતું (નં.૧, ૪૪૮). છાત્રાલયના નિયમોનો ભંગ કરવાથી છાત્રને નિવાસથી અથવા વિશ્વ વિદ્યાલયથી પણ કાઢી મૂકવામાં આવતા (નં. ૧, ૨૫૨).

વિશ્વવિદ્યાલયમાં એક નિશ્ચિત સંખ્યામાં હાજરી આપવી જરૂરી હતી, નહીંતર વિદ્યાથી પરીક્ષામાં ન બેસી શકતો. એક જાતક કથા (નં. ૧૩૦૦) ના પ્રમાણે એક બ્રાહ્મણ વિદ્યાથીની હાજરી ઓછી હોવાથી પરીક્ષામાં સાત કે આઠ વખત ન બેસી શક્યો કારણકે તેની નવવિવાહિત પત્ની નિતનવા બહાના કાઢીને તેને વિશ્વ વિદ્યાલય જવા માટે રોકતી હતી ! વિશ્વ વિદ્યાલયમાં દરેક વિદ્યાર્થી પછી ભલેને તે રાજાનો પુત્ર હોય કે ગરીબનો એક જ ઓરડો ને સરખું જ ભોજન મળતું હતું.

વિદ્યાર્થીઓની સંખ્યા બહુ વધારે હોવાને લીધે વિશ્વ વિદ્યાલયમાં રાત્રે પણ શિક્ષણ અપાતું. નીચલા ધોરણમાં ક્યારેક ઉચ્ચ કક્ષાના વિદ્યાથી પણ ઉપઆચાર્યની હેસિયતથી ભણાવતા હતા. પણ આ ઉપાચાર્યોને કંઈ વેતન મળતું કે નહીં એ સ્પષ્ટ થયું નથી.

વિશ્વ વિદ્યાલયોમાં આ વિષયો હતા : ત્રણેય વેદ, ૧૮ શિલ્પ કળાઓ જેવી કે, હત્તી સુત્ત (નં. ૨, ૪, ૫), જાદુ ટોના (નં. ૨, ૧૦૦), પ્રેત વિદ્યા (નં.૧,૫૦), આખેટ (નં. ૨, ૨૦૦), પશુ વિજ્ઞાન (નં. ૩, ૪૧૫), યુદ્ધ વિદ્યા (નં. ૩, ૧૨૮), પ્રાણીશાસ્ત્ર (નં. ૪, ૪૫૬), ચિકિત્સાશાસ્ત્ર (નં. ૪, ૧૭૧), તથા કાનૂન (નં. ૪, ૩૯૨), વગેરેના ઉલ્લેખ મળે છે. વિદ્યાથી સ્નાતક થઈ જાય પછી આ વિષયોમાંથી કોઈ એક વિષય લઈને માસ્ટર બની શક્તો. વ્યાવહારિક શિક્ષણ કે પ્રેક્ટિકલ ટ્રેનિંગ માટે વિદ્યાર્થીઓને દેશના કોઈપણ પ્રદેશમાં મોકલવામાં આવતા. ઉદાહરણ તરીકે એક વિદ્યાથીને આખેટના વિષયમાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવી હતી તેથી તેને આંધ્ર પ્રદેશના જંગલોમાં મોકલવામાં આવ્યો હતો (નં. ૧, ૩૫૬). બીજો એક વિદ્યાથી યુદ્ધ વિદ્યામાં વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવા માગતો હતો તેને ઉત્તરાપથના કિસ્સાઓના અધ્યયન માટે મોકલવામાં આવ્યો હતો (નં. ૩, ૨૩૮).

આ પ્રકારના વ્યાવહારિક શિક્ષણ માટે સેંકડો ઉદાહરણ જાતક કથાઓમાંથી મળી આવે છે. દરેક વર્ષે કેટલાય વિદ્યાર્થીઓના દળ વિદેશની યાત્રા માટે મોકલવામાં આવતા અને વિદેશ યાત્રા વગર શિક્ષા પૂર્ણ ન માની શકાય. આ યાત્રામાં ભારતની તે સમયની વિભિન્ન શિક્ષણ સંસ્થાઓનો પણ સમાવેશ થતો હતો.

વલભી વિશ્વવિદ્યાલય :

'દિન પલટ્યો, પલટી ઘડી'. ઈતિહાસે કરવટ બદલી છે. આજે જેમ ભારતમાંથી હજારો વિદ્યાર્થીઓ પરદેશમાં ભણવા જાય છે તેમ ભારતનો એક સુવર્ણ સમય એવો હતો કે દુનિયાભરના વિદ્યાર્થીઓ મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે સૌરાષ્ટ્રમાં આવેલ પ્રાચીન વલભી વિદ્યાપીઠમાં અભ્યાસ માટે આવતા હતા. એ મૈત્રક વંશના વલભીની આ કથા છે.

વલ્લભીપુર પ્રાચીન મૈત્રક વંશ (૪૭૦-૭૮૮ ઈ.સ.)ની રાજધાની હતી. ભગવદ્ગોમંડલમાં "વલભી" શબ્દ નો અર્થ "છજું, ઢળતું છાપરું અને ભારવટિયું; વળી કે વાંસ નીચે નાખેલું લાકડું" એવો મળે છે. આ નગર નદીની બે શાખાઓ વચ્ચે આવેલ ઉચ્ચ પ્રદેશ પર છે. એના મકાન ઊંચા મકાનોનાં છાપરાં જેવાં કે મકાનોનાં છાપરાં પરના શિરોગૃહ જેવા દેખાતા હોય છે. એ ઉપરથી તે નગરનું નામ 'વલભી' પડ્યું એવો મત ડૉ. આર. એન. મહેતા વ્યક્ત કરે છે. તો રસિકલાલ પરીખ આ દશ્ય શબ્દ હોય તેના બે અર્થ સૂચવે છે. (૧) વલહિ - કપાસ (૨) વલહિ - વલયા - વેલા - સમુદ્ર કાંઠા પર આવેલું સ્થળ. આમ, જ્યાં કપાસનો પાક બહુ થતો હશે તે સ્થળ. મૈત્રક ભટ્ટાર્કે અહીં મૈત્રક વંશની સ્થાપના કરી પોતાની રાજધાની સ્થાપી (સને ૪૭૦). આ પૂર્વે મૌર્યથી ગુપ્તકાળ સુધી સૌરાષ્ટ્રનું પ્રમુખ મથક ગિરીનગર (હાલનું જૂનાગઢ) હતું. મૈત્રક વંશની સ્થાપના થયા પછી તેની સત્તા - સમૃદ્ધિમાં ઉત્તરોત્તર વિસ્તાર - વિકાસ થતાં વલ્લભી નગરી સમૃદ્ધિથી છલકાવા લાગી હતી. એક વિદ્યાધામ તરીકે પણ તે દૂર - સુદૂર પ્રખ્યાત હતી. વલભીના શાસકોના મોટા ભગવાન પરમ માહેશ્વર (શૈવ) હતા. એટલે અહીં કેટલાક ભાગમાં શિવાલયો પણ બંધાયાં હતાં. જેના અવશેષ રૂપ વિશાળ ભવ્ય લિંગો અને ભવ્ય નંદીઓની મૂર્તિઓ આજ સુધી મોજૂદ છે.

એમ કહેવાય છે કે વલભી શહેર મૈત્રક કાળ પહેલા પણ અસ્તિત્વ ધરાવતું હતું. આ શહેર કેળવણી તેમજ વેપાર-ઉદ્યોગ માટેનું પ્રસિદ્ધ ધામ હતું. અને જૈનો તેમજ બૌદ્ધ ધમીઓનું મુખ્ય મથક ગણાતું. વલભી અંગેનો સૌથી પ્રાચીન ઉલ્લેખ સ્કંદ

પુરાણમાં છે. વૈવસ્વત મનુએ પોતાનું રાજ્ય પુત્રો વચ્ચે વહેંચ્યું, ત્યારે વલભીનો પ્રદેશ શર્યાતિને અપાયાનો એમાં ઉલ્લેખ છે. આ નગરીનો બીજો ઉલ્લેખ પાણિનિના ગણપાઠમાં આવે છે. ગુપ્ત રાજા સ્કંદગુપ્તના મૃત્યુ બાદ (ઈ.સ. ૪૬૭-૬૮) જ્યારે ગુપ્તસત્તા નબળી પડી ત્યારે સેનાપતિ ભટ્ટાકે પોતાની સત્તા સૌરાષ્ટ્રમાં સ્થાપી અને મૈત્રક વંશ શરૂ કર્યો.

ચીની મહા શ્રમણ હ્યુ-એન-ત્સંગે ઈ.સ.૬૪૦ ના અરસામાં વલભીની મુલાકાત લીધી હતી. પોતાના પ્રવાસ ગ્રંથ 'સિયુકી' માં એ વલભી વિશે નોંધે છે કે ''રાજધાનીનો ઘેરાવો ૩૦ લી (૮ કિ.મિ.) છે. વસ્તી ઘણી ગીચ છે. વસાહતો સમૃદ્ધ, તેમાં સો એક ઘર એવા છે જે કરોડપતિ છે. અહીં સેંકડો દેવ મંદિરો છે જેમાં જુદા જુદા સંપ્રદાયના ઘણા ભક્તો આરાધના કરે છે... હાલનો રાજા ક્ષત્રિય વર્ણનો છે, એનું નામ ધ્રુવ પટ (ધ્રુવ ભટ) છે. એ મોજીલો અને ઉતાવળિયો છે, એનાં જ્ઞાન અને નીતિ છીછરા છે. દર વર્ષે એ મોટી પરિષદ બોલાવે છે ને સાત દિવસ સુધી વિવિધ દાન કરે છે. એ સદાચારને સન્માને છે ને સજ્જનોને આદર આપે છે.''

હ્યુ-એન-ત્સંગ, ઈત્સિંગ અને 'કથા સરિત સાગર' ના વિવરણોના આધાર પર પ્રાચીન ભારતના આ નિવાસી વિશ્વ વિદ્યાલયના દર્શન આપણે કરીએ છીએ. વલભી મૈત્રક રાજાઓની રાજધાની હતી અને આ વિશ્વ વિદ્યાલય પૂર્ણ રૂપથી રાજકીય હતું. હ્યુ-એન-ત્સંગના વિવરણના આધાર પરથી સ્પષ્ટ થાય છે કે સ્નાતકોને ડિગ્રી વિશ્વવિદ્યાલયના કુલપતિ કે આચાર્ય નહીં પણ દરબાર ભરીને રાજા આપતો હતો. વિદ્યાર્થીઓ પાસેથી કોઈપણ પ્રકારની શિક્ષણ ફી, છાત્રાલયની ફી કે વાંચનાલયની ફી લેવામાં આવતી નહોતી. વિશ્વ વિદ્યાલય પૂર્ણ રૂપે મૈત્રક રાજાઓના હાથમાં હોવાથી તેને ચલાવવાની સંપૂર્ણ જવાબદારી રાજા પોતે ઉપાડતા હતા.

ભારતીય શિક્ષણના ઈતિહાસમાં એક નોંધવાલાયક હકીકત એ છે કે હ્યુ-એન-ત્સંગે લખ્યું છે તે પ્રમાણે વલભીના કુલપતિ તરીકે રાજકુમારી હુડ્ડા હતી. પ્રાચીન ભારતના વિશ્વવિદ્યાલયના પ્રથમ કુલપતિ તરીકે એક વિદ્વાન મહિલા હતી. એ આજે પણ ગૌરવ અપાવતી બીના છે. હ્યુ-એન-ત્સંગના કથન પ્રમાણે કુલપતિની ચૂંટણી કોઈ સમિતિ ન કરતી, પણ રાજા કુલપતિને નિયુક્ત કરતો.

ઈત્સિંગે નોંધ્યું છે કે વલભી વિદ્યાપીઠ નાલંદા જેવી હતી અને તેમાં શબ્દ વિદ્યા, ન્યાય વિદ્યા, અભિધર્મ વિદ્યા, ચિકિત્સા અને શિલ્પશાસ્ત્ર પણ શીખવવામાં આવતું હતું. વલભીમાં હીનયાન સંપ્રદાયનું વર્ચસ્વ હતું. હ્યુ-એન-ત્સંગના સમયમાં બૌદ્ધ ધર્મના ૧૦૦ જેટલા વિહારો અહીં હતા. તેવું નોંધાયું છે. નાલંદાના પ્રખ્યાત પંડિત વસુબંધુના શિષ્યો ગુણપતિ અને સ્થિરપતિએ અહીં પોતાની કૃતિઓ રચ્યાનું અને વિહાર બંધાવ્યાંનું પણ જાણવા મળ્યું છે. આ ઉપરાંત અહીં અર્હત આચલ, આચાર્ય બુદ્ધદાસ તથા વિમલ ગુપ્ત રહેતા હોવાના ઉલ્લેખો મળે છે. વલભીના વિહાર મંડપમાં પુસ્તકાલયોના ખંડના ખંડ હતા. મૈત્રક કાળ પહેલા પણ વલભીપુર જૈન આગમ વિદ્યાનું મોટું કેન્દ્ર હતું. કથા સરિત સાગરમાં પણ વલભીનો વિદ્યાધામ તરીકેનો ઉલ્લેખ છે. કથા સરિત સાગર અનુસાર દોઆબના અમુક બ્રાહ્મણો પોતાના પુત્રોને વલભી વિશ્વ વિદ્યાલયમાં અભ્યાસ માટે મોકલતા હતા, કારણ કે તેઓ વલભીના શિક્ષણને નાલંદાથી શ્રેષ્ઠ માનતા હતા.

મૈત્રક કાલીન તામ્રપત્રો અને હ્યુ-એન-ત્સંગના પ્રવાસ વર્ણનમાં કરાયેલા ઉલ્લેખો પરથી જણાય છે કે આ પ્રદેશમાં કોઈ પણ જાતના ભેદભાવ વિના શિક્ષણ અપાતું. બૌદ્ધ, જૈન અને હિંદુ ધર્મની સંસ્થાઓ, વિહારો તથા મંદિરોને અને જૈન, બૌદ્ધ તથા હિન્દુ વિદ્વાનોને રાજ્ય તરફથી ઉદારતાથી આશ્રય અપાતો હતો.

બૌદ્ધ શિક્ષણ પદ્ધતિ :

વલભી બૌદ્ધ ધર્મના હીનયાન પંથના અભ્યાસ માટેનું પ્રખ્યાત અને અદ્વિતીય કેન્દ્ર હતું. બિહારમાં આવેલા પ્રખ્યાત વિશ્વવિદ્યાલય નાલંદાની તે સ્પર્ધા કરતું હતું. હ્યુ-એન-ત્સંગના જણાવ્યા પ્રમાણે વલભીમાં સોએક સંઘાડો હતા જેમાં ૬,૦૦૦ બૌદ્ધ ભિક્ષુકો રહેતા હતા. તેઓ પૈકી મોટાભાગના 'સમ્મતીય નિકાય' પ્રમાણે હીનયાન પંથને અનુસરતા હતા. બૌદ્ધ ધર્મમાં ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટેના ધામ તરીકે પંકાયેલા વલભીના આ પ્રખ્યાત વિશ્વ વિદ્યાલયમાં દૂર દૂરથી વિદ્યાર્થીઓ બે કે ત્રણ વર્ષનો અભ્યાસ અને બૌદ્ધ ન્યાય અને દર્શનનું ઉચ્ચ શિક્ષણ પામતા હતા. જેમણે પ્રાચીન તેમજ નવીન પુસ્તકોનો સારો અભ્યાસ કર્યો હોય તેમને ત્યાંની વાદસભામાં પ્રવેશ મળતો હતો. ત્યાં ભિન્ન ભિન્ન મતોનો વિવાદ કરીને જે પોતાના મતની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરી શકતા, તે ચારે દિશામાં ખ્યાતિ પામતા. તેમને ભૂમિનાં દાન પ્રાપ્ત થતાં, જે વિવાદ સભામાં ઉચ્ચ શ્રેણી પામતા, એમનાં ખૂબ જાણીતા નામ એ વિદ્યાપીઠના ઉચ્ચ પ્રવેશ દ્વાર પર લખાતાં હતાં. ચીની પ્રવાસી ઈત્સિંગ વલભી વિશ્વવિદ્યાલયને નાલંદાની હરોળમાં મૂકે છે.

આ વિદ્યાપીઠમાં શિક્ષણ આપવા માટેની બે પદ્ધતિઓ પ્રચલિત હતી. પ્રવચન પદ્ધતિ ઉચ્ચ શિક્ષણ આપવા માટે અનુસરાતી હતી, જ્યારે અભ્યાસ વર્તુળ પદ્ધતિ (ટ્યુટોરિયલ) પ્રાથમિક અને માધ્યમિક કક્ષા માટે યોગ્ય હતી. અહીં વિવિધ વિષયોનું શિક્ષણ અપાતું હતું.

માધ્યમિક કક્ષાએ કલા, તર્કશાસ્ત્ર, આયુર્વેદ તથા આધ્યાત્મિક વિષયો ઉપરાંત તત્ત્વજ્ઞાન વગેરે શીખવાતા હતા. આ વિષયોનો ઉચ્ચ કક્ષાએ અભ્યાસ કરાતો હતો. તે ઉપરાંત બૌદ્ધ ધર્મ શાસ્ત્રો, ચાર વેદો, ખગોળશાસ્ત્ર, ભૂગોળ,

આયુર્વેદ, ગણિત, ધનુર્વિદ્યા વગેરેનો અભ્યાસ પણ કરાવવામાં આવતો હતો. શિક્ષણ મફત હતું. બૌદ્ધ વિહારોમાં ધનિક અને ગરીબ વિદ્યાર્થીઓ વચ્ચે ભેદભાવ રાખવામાં આવતો ન હતો. વિદ્યાર્થીઓ શિસ્તબદ્ધ રીતે શાંતિથી જીવન જીવીને અભ્યાસ કરતા હતા. વલભીપુરમાં બૌદ્ધ વિહારોના બે મંડલ હતા. એક ભિક્ષુઓ માટેનું દુધા વિહાર મંડલ અને બીજું ભિક્ષુણીઓ માટેનું યક્ષશૂર વિહાર મંડલ.

હિન્દુ શિક્ષણ પદ્ધતિ :

વલભી હિન્દુ શિક્ષણ પદ્ધતિના શિક્ષણનું અગત્યનું કેન્દ્ર હતું એ અંગેના ઉલ્લેખો મળે છે, વલભીના રાજાઓ બ્રાહ્મણોનું બહુમાન કરતા હતા, અને તેમને ગામો તથા ખેતરનું દાન પણ કરાયું હતું. વલભીના દાન મેળવનારા બ્રાહ્મણો પૈકી કેટલાક ચાતુર્વિદ્યા જાણનારા, કેટલાક ત્રયીવિદ્યા જાણનારા તથા કેટલાક સામાન્ય હતા. આ ઉપરથી વલભીમાં અનુષ્યી તથા ત્રયી વિદ્યા જાણનારાઓની સારા એવા પ્રમાણમાં સંખ્યા હોવાનું જણાય છે. પ્રાચીન 'બૃહત્કથા'ના આધારે રચાયેલા 'કથા સરિત્સાગર' માં ચતુર્વેદીના બ્રાહ્મણ વસુદત્તનો સોળ વર્ષનો પુત્ર વિષ્ણુદત્ત વિદ્યા પ્રાપ્તિ માટે વલભી નગરમાં આવ્યો હોવાનો ઉલ્લેખ છે. બનારસ અને તક્ષશિલા નજીક હોવા છતાં તે વલભીમાં અભ્યાસ માટે આવ્યો તે ઘણું સૂચક છે.

કદંબ વંશના મયૂર શર્માએ ઠેઠ વલભીથી વિદ્વાન બ્રાહ્મણોને તેના કોંકણ રાજયમાં યજ્ઞમાં મદદ કરવા માટે બોલાવ્યા હતા. ઋગ્વેદ અને ભાષ્યની ટીકાના કર્તા ભર્તુધ્રુપના પુત્ર સ્કંદ સ્વામી (ચન્દ્રગુપ્ત) વિક્રમાદિત્યના (ઈ.સ. ૩૭૬ - ૪૨૪) ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ વલભીના વતની હતા.

આમ મૈત્રકોના શાસન પૂર્વે ગુપ્તકાળથી વેદ - વેદાંતનું શિક્ષણ વલભીમાં પ્રચલિત હતું. તે સૂચિત થાય છે. પ્રાથમિક શાળામાં લેખન, વાંચન અને ગણિત ઉપરાંત પંચતંત્રની કથાઓ નીતિશાસ્ત્ર તરીકે શીખવાતી હતી. ઉચ્ચ શિક્ષણ લેતા પહેલાં ઉપનયન સંસ્કારની વિધિ હતી. બ્રાહ્મણો, ક્ષત્રિયો અને વૈશ્યો ૮, ૧૧ અને ૧૨ વરસે આ વિધિ કરતા હતા.

જૈન શિક્ષણ પદ્ધતિ :

વલભીમાં જૈન આગમોની સંકલના થઈ હતી અને એ આગમો લિપિસ્થ થયા હતા. આ સિવાય ઈ.સ.-૬૦૯ આસપાસ જિનભદ્રગણિએ '' વિશેષાવશ્યક ભાષ્ય'' નામનો મહાન ગ્રંથ અહીં રચ્યો હતો. શીલાદિત્યના ગુરુ ધનેશ્વરસૂરિએ '' શત્રુંજય માહાત્મ્ય'' નામનો ગ્રંથ રચ્યો હતો. વલભીપુરની ઐતહાસિક કીર્તિગાથાના લેખક વિજયશીલચન્દ્રસૂરિના જણાવ્યા અનુસાર વલ્લભીપુરના વતની આચાર્ય મલ્લસૂરિએ ''દ્વાદશાર નયનચક્ર'' ગ્રંથની રચના કરી અને તેમણે ''સ્યાદ્‌વાદ''નો આશ્રય લઈને બૌદ્ધોને હાર આપી હતી. ધનેશ્વરસૂરિના પુસ્તકના ઉલ્લેખો પરથી આ ગ્રંથ મોડો રચાયો હોય તેમ જણાય છે. જિનયશસ અને યક્ષ નામના મલ્હાન ભાઈઓ અહીંના વતની હતા. મલ્લવાદીએ ન્યાયચક્ર ઉપર પુસ્તક લખ્યું હતું. જિનયસશે વ્યાકરણનું પુસ્તક લખ્યું હતું. જયારે યક્ષે '' નિમિત્ત અષ્ટાંગ બોધિની'' નામનું પુસ્તક લખ્યું હતું. જૈન વિદ્વાનોના ઉલ્લેખો જૈન શિક્ષણ સંસ્થાઓના અસ્તિત્વનું સૂચન કરે છે. કલાશાળા તથા મઠ દ્વારા શિક્ષણ અપાતું હતું. કલાશાળાઓ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ આપતી હતી. અહીં વાંચન, લેખન, ગણિત, ધનુર્વિદ્યા, લલિતકળાઓ વગેરે વિષયો શીખવાતા હતા. આ અભ્યાસક્રમ સાત વર્ષ પર્યંત ચાલતો હતો. વધુ ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ મઠમાં દાખલ થતા હતા. અહીં બૌદ્ધ વિહારોમાં હિન્દુ ગુરુકુળોની માફક જૈન ધર્મશાસ્ત્રો, દર્શન ગ્રંથો, વેદ, વેદાંગ, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, ઉચ્ચગણિત, ખગોળશાસ્ત્ર, જયોતિષવિદ્યા, આયુર્વેદ, ધાતુવિદ્યા, શબ્દકોશ, વ્યાકરણ, રાજનીતિ, બૌદ્ધશાસ્ત્રો વગેરે વિષયો શીખવતા હતા. જૈનોએ માતૃભાષાનો (પ્રાકૃત) સંસ્કૃત ભાષાના સ્થાને માધ્યમ તરીકે સ્વીકાર કર્યો હતો. વલભી શિક્ષણ પદ્ધતિ અંગે ડૉ. કૃષ્ણકુમારી વીરજી તથા ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ તેમનાં પુસ્તકો ''હિસ્ટ્રી ઓફ સૌરાષ્ટ્ર'' અને ''મૈત્રક કાલીન ગુજરાત''માં વિગતે લખ્યું છે. આ કાળ દરમિયાન વલભી ઉપરાંત સિંહપુર (હાલનું શિહોર) અગત્યનું વિદ્યાકેન્દ્ર હતું. જે સિંહપુરના બ્રાહ્મણોને અપાયેલા દાનપત્રોથી જણાય છે. હાથબ કે હસ્તકવપ્રના રહેવાસી બ્રાહ્મણોને પણ દાન અપાયાં છે. એટલે આ પણ વિદ્યાકેન્દ્ર હશે. તળાજા બૌદ્ધ તથા જૈન ધર્મનું કેન્દ્ર હતું. તે પણ વિદ્યાકેન્દ્ર હશે એમ સહેજે કહી શકાય પાલીતાણા જૈન તીર્થ તરીકે પ્રસિદ્ધ હતું. એટલે એ પણ જૈન વિદ્યાનું અગત્યનું કેન્દ્ર હતું.

એક ઐતિહાસિક ઘટનાનું સૌભાગ્ય પણ વલભી-પ્રદેશના જૈન સમાજને મળ્યું છે. વલભીપુરનો રાજા ધ્રુવસેન તેનો પ્રિય રાજકુમાર વલભીની સમીપે જ આવેલા આનંદપુરનો ભોક્તા, જેનું ત્યાં અકાળ અવસાન થયું. રાજા ધ્રુવસેન શોકાકુળ એવો બન્યો કે કોઈ વાતે તેને સમાધિ-સમાધાન ન થાય. તે વખતે આનંદપુરમાં બિરાજમાન, બહુશ્રુત આચાર્ય ભગવંતે રાજાની સમાધિને ખાતર, પારંપરિક નિયમોને ચાતર્યા અને ''શ્રીકલ્પસૂત્ર'' નામનું પરમપવિત્ર ધર્મસૂત્ર તે રાજાને તથા સંઘને સંભળાવ્યું, પરિણામે રાજાના ચિત્તને ખૂબ શાતા વળી અને તે ધર્માભિમુખ બન્યો. આ પછી દરેક વર્ષે પર્યુષણ પર્વમાં આ કલ્પસૂત્ર સકળ સંઘને સંભળાવવાની પ્રણાલિકા ચાલુ થઈ, જેનો લ્હાવો આજે પણ આખોયે સંઘ લૂટે છે. તેનું મૂળ શ્રેય તો આ વલભી-પ્રદેશને જ ફાળે જાય છે.

વલભીનું પુરાતત્ત્વીય ઉત્ખનન :

સને ૧૯૭૯-૮૦માં વલ્લભીપુરમાં પુરાતત્ત્વીય ઉત્ખનન

કરવામાં આવ્યું હતું. જેમાંથી એવા નિર્દેશો મળે છે કે ખંભાતના અખાતમાં ઊંડે સુધી બંદરો હતાં. વલભી પણ બંદર હતું. ગઈ સદી સુધી મીઠાનો ઉદ્યોગ હતો, સને ૧૮૮૨માં નમક મંડળી સરકારે બાંધી હતી તે આજે બસ સ્ટેન્ડ સામે જર્જરિત હાલતમાં છે. એની માલિકી ખાનગી વ્યક્તિ પાસે છે. વલભીની જાહોજલાલીને પુરાતત્ત્વીય આધારો મેળવવા ઉત્ખનન જરૂરી જણાતા સને ૧૯૭૯-૮૦માં મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના પુરાતત્ત્વ વિભાગ દ્વારા ઉત્ખનન હાથ ધરવામાં આવેલ. મૈત્રકોની રાજધાની વલભીમાં સર્વ પ્રથમ ફાધર હેરાસે જૂની પદ્ધતિએ ઉત્ખનન હાથ ધર્યું હતું. આ ઉત્ખનન દરમ્યાન તેઓને કેટલાક ઈંટેરી બાંધકામોના ભાગો તથા પુરાવશેષો મળ્યા હતા. મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયે વલભી અને તેની આસપાસના સ્થળોની ઘનિષ્ટ સ્થળ તપાસ અભ્યાસ કરી ઉત્ખનન હાથ ધર્યું હતું. આ ઉત્ખનન દરમ્યાન બે ભિન્ન સાંસ્કૃતિક સ્તરો જોવા મળ્યા હતા. (૧) વલભીપુરની નજીકના નેસડી સ્થળે ગોળાકાર કૂબાઓ જણાયા હતા. જે તામ્રપાષાણકાલીન હોવાનું જણાયેલ. આ કૂબાઓ પશુપાલકોએ બનાવ્યા હોય એ શકય છે. (૨) આ વલભીમાં ખોદવામાં આવેલી ખાઈઓમાં શહેરી વસાહતનાં ચિહ્નો જણાયાં હતાં. ઉપરાંત વિસ્તૃત પાયા પર રોમ સાથેનો વેપાર-વણજ હતો. એવાં ચિહ્નો પણ નોંધાયા છે. ખાસ કરીને ઈંટેરી બાંધકામો જુદા-જુદા સમયના ફ્લોર લેવલ લોહારી કામ તથા શંખ ઉદ્યોગની ભઠ્ઠીઓ અને પૂજા વિધિ તેમજ માનતાનાં વિવિધ ઉપકરણો પણ મળ્યાં હતાં. (૩) આ ઉત્ખનન દરમ્યાન મળેલી સામગ્રી સૂચવે છે કે આઠમી સદી બાદ વલભી અને આસપાસના વિસ્તારો વેરાન બન્યા હતા. ઉત્ખનનના મળેલ પુરાવશેષો તથા અન્ય બાંધકામના પાયાઓ જોતાં આ સ્થળ ઈ.સ. ના પ્રથમ સૈકા આસપાસનું જણાય છે. (૪) સર્વેક્ષણ દરમ્યાન મણકા ઉદ્યોગ હતો એ પણ નોંધાયું છે. સર્વેક્ષણ દરમ્યાન તળભૂમિ પર આસપાસ મંદગતિએ વિકાસ પામતું વલભી એ આજના અર્વાચીન વલભીમાં પરિણમ્યું. જો કે અર્વાચીન વલભીનો જે વિસ્તાર હાલમાં છે તે પ્રાચીન વલભી કરતાં ઓછો જણાય છે. (૫) વલભીની જાહોજલાલી દર્શાવતા અન્ય પુરાવામાં દાદાઐભલા (શીલાદિત્ય-૧) ની ખાંભી, સિદ્ધનાથ-બૌદ્ધનાથનાં મંદિરોના પ્રાચીન શિવલિંગ અને નંદી છે. નજીક ચમારડી ગામના ડુંગરમાં ચિત્રાંકનો મળ્યા છે. જે ઐતિહાસિક કાળનાં છે. જેમાં સ્તુપ, સ્વસ્તિક વગેરે બૌદ્ધ સંપ્રદાયના પ્રતીકોનું તથા વરાણનું આલેખન કરવામાં આવેલ છે.

જૈન પ્રબંધોની અનુશ્રુતિ :


જૈન પ્રબંધોની આપેલી અનુશ્રુતિ અનુસાર શીલાદિત્ય રાજાએ પોતાની કુંવરી માટે નગરના શ્રેષ્ઠી, રંક કાકૂને ત્યાંથી એની દીકરીની રત્નજડિત સુવર્ણ કાંસકી બળાત્કારે ઝૂંટવી લીધી એ અપમાનનો બદલો લેવા રંક મ્લેચ્છ-માંડલ ગયો તે મ્લેચ્છપતિને મોં માગ્યા દામ આપી વલભીના દરિયા કિનારાનો રસ્તો બતાવી હુમલા માટે તૈયાર કર્યો વલભીમાં એ વખતે જૈન સંઘના ચિંતાયક વર્ધમાનસૂરિ હતા. એમને વલભીપુરને ભંગ થવાની આગાહી થતાં શ્રાવકો ત્યાંથી મોઢેરા ચાલ્યા ગયા. વલભીપુરની જૈન પ્રતિમાઓ પણ અન્ય સ્થળોએ પહોંચી ગઈ. આશ્વિની પૂર્ણિમા પછી મ્લેચ્છો વલભી આવી પહોંચ્યા અને વલભીનો ભંગ (નાશ) કર્યો. આ ઘટના વિ.સં.-૮૪૫ (ઈ.સ.-૭૮૮) માં બની. આ અનુશ્રુતિમાં જણાવેલો મ્લેચ્છપતિ તે અલ્મનસુરા (સિંધ) નો આરબ સૂબો હતો.

આમ વલભીના મૈત્રક વંશે ત્રણસોથી વધુ વર્ષ રાજસત્તા ભોગવી. મૈત્રક રાજયકાલ દરમ્યાન વલભીની જાહોજલાલી વધતી ગઈ. અગાઉ જણાવ્યું તેમ વલભીના રાજાઓ પરમ માહેશ્વર (શૈવ) હતા. તેઓની રાજમુદ્રા નંદિનું ચિહ્ન ધરાવતી, તેઓએ સર્વ ભટ્ટારકના ત્રિશૂલ - અંકિત સિકકા ચાલુ રાખ્યા. પોરબંદરના જાણીતા ઈતિહાસના વિદ્વાન શ્રી નરોત્તમ પલાણે લખ્યું છે કે, ''આજે વલભી વિદ્યાપીઠ સમગ્ર સમાજની અનિવાર્યતા છે. મનુષ્ય નહિ અહીં ઘોડાને પણ ગાળેલું પાણી પાવામાં આવતું હતું. તન અને મનની તંદુરસ્તી ''વલભી વિદ્યાપીઠ''નું સાધ્ય હતું. આપણે ઈચ્છીએ કે મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે ''વલભી'' પુનઃ કાર્યરત થાય.''

સંદર્ભ :

(૧) ''ભગવદ્ગોમંડલ'', (૨) ''વલભીપુરની ઐતિહાસિક કીર્તિગાથા'' (પુસ્તિકા) : વિજયશીલચંદ્રસૂરી, (૩) ''મૈત્રકકાલિન ગુજરાત'' છ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી, (૪) ''ગુજરાતની રાજધાનીઓ'' અમદાવાદ ઈ.સ.પૂર્વ ૧૬-૧૭. (૫) ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ : ભાવનગર જિલ્લો : ગુજરાત રાજ્ય, (૬) Ancient History of Saurastra : Dr. Krisha Kumari Virji, (૭) History and Culture of Indian People, Classical age, P. 150 (Ed) Dr. A. D. Pnsalkar and Dr. R. C. Majumdar, (૮) જૈન સાહિત્ય, દર્શન અને તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી જૈન પંડિત શ્રી મહાસુકભાઈ રતીલાલ શેઠ પાસેથી મળેલી માહિતી (૯) શત્રુંજય-તીર્થ દર્શન : પ્રયોજક : ફૂલચંદ હરિચંદ દોશી, 'મહુવાકર'

'પૂર્વાલય',
૮, પરિમલ સોસાયટી, સુરેન્દ્રનગર
મો. ૯૪૨૭૬ ૮૯૦૦૬



પારસી રંગભૂમિનું અણમોલ રત્ન - પદ્મશ્રી યઝદી કરંજિયા

- અજય મો. નાયક

વર્ષો પહેલાં આકાશવાણી પર દર રવિવારે બપોરે હસીખુશીનું એક નાટક આવતું. ૧૫ મિનિટનું રેડિયો નાટક મોજ કરાવી જતું. એ સમયે અત્યારની જેમ ટીવી, ચેનલ, યુ ટ્યૂબ, નેટ ફ્લિક્સ, એમેઝોન જેવાં મનોરંજનનાં સાધનો નહોતાં. યઝદી કરંજિયા નામના રંગકર્મી આ શ્રેણી ચલાવતા હતા. એ સમયે એમની વિરાટ પ્રતિભાનો ખ્યાલ નહોતો. પત્રકારત્વમાં આવ્યા પછી એમના વિશે વધુ જાણવા મળ્યું અને જન્મભૂમિ સુરતમાં એક અખબારમાં તંત્રી તરીકે જવાનું થયું ત્યારે યઝદીભાઈનો પરિચય વધ્યો. કેટલીય વાર એમના શાહપોરના ઘરે બેસીને એમનાં સંસ્મરણો માણવાની તક મળી. ઘરે જઈએ ત્યારે યઝદીભાઈ એકદમ તૈયાર જોવા મળે. બિલકુલ લઘરવઘર નહીં. એકદમ આદર , સન્માન સાથે મળે અને એટલું જ માન સામેની વ્યક્તિને પણ આપે. થોડી વારમાં તો આપણી સામેનું ટેબલ અવનવા નાસ્તાથી ભરાઈ જાય. પોતે ના ખાય પણ આગ્રહ કરીને ખવડાવે. એકદમ પારસી બોલીવાળું ગુજરાતી સ્પષ્ટ ઉચ્ચારો સાથે બોલે ત્યારે એક ગુજરાતી તરીકે આપણને પણ શરમ આવે.

નાટકને સમર્પિત કોઈ વ્યક્તિ આટલી હદે કેવી રીતે હોઈ શકે તેવો સવાલ જરૂર થાય. વળી , એવો વ્યવસાય કે જે તેમની આજીવિકાનું સાધન ના હોય અને જે કમાણી થાય એ લોકોના કલ્યાણ માટે વાપરવાની

નાટકને સમર્પિત કોઈ વ્યક્તિ આટલી હદે કેવી રીતે હોઈ શકે તેવો સવાલ જરૂર થાય. વળી , એવો વ્યવસાય કે જે તેમની આજીવિકાનું સાધન ના હોય અને જે કમાણી થાય એ લોકોના કલ્યાણ માટે વાપરવાની. આમ છતાં, ૮૨ વર્ષે પણ એટલો જ થનગનાટ કે જે યુવા વયે હતો.



યઝદીભાઈનો જન્મ આમ તો વલસાડમાં થયો હતો પણ બાળપણ વીત્યું હતું ખંભાતમાં. તેમનાં દાદા- દાદી ત્યાં રહેતાં હતાં. એમના પિતાજી થોડા સમય માટે સુરત હતા પણ પછી ખંભાત આવી ગયેલા. ત્યાં એક શાળામાં શિક્ષક. શોર્ટહેન્ડ અને ટાઈપ શીખેલા એટલે એના ક્લાસ શરૂ કર્યા હતા. શાળામાં ભણાવે પણ ખરા. થોડા સમય પછી તેઓ સુરત આવી ગયા અને ખંભાતના નામ પરથી જ કેમ્બે ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ શરૂ કર્યું જે આજે પણ ચાલે છે. યઝદીભાઈ આજે પણ ત્યાં લેક્ચર લેતાં જોઈ શકાય છે.

નાટકનો ચસકો તેમને અહીંથી જ લાગ્યો. યઝદીભાઈ કહે છે કે તેમના પિતાજી તે સમયે શાળાનાં બાળકો માટે સાંસ્કૃતિક કાર્યક્રમો કરતા. નાટક પણ કરે. બાળક યઝદી ત્યાં જાય, જુએ. એમને નાટકમાં ભાગ લેવાનું બહુ મન થાય પણ એમના પિતાજી તક આપે નહીં. વાર્ષિક કાર્યક્રમમાં યઝદીભાઈના દાદાને એમના પિતાજી ખાસ બોલાવે. બાળક યઝદી દાદાને ફરિયાદ કરે કે પિતાજી તેમને કોઈ રોલ આપતા નથી. એટલે દાદા પત્ર લખે કે યઝદી ભાગ લેવાનો હશે તો જ તેઓ આવશે એટલે યઝદીભાઈના પિતાજી એમને નાનો મોટો રોલ આપે. આમ એમની અભિનય યાત્રા શરૂ થઈ. એ સમયે પુરુષો જ સ્ત્રી પાત્ર પણ ભજવતા. એકવાર આ પાત્ર ભજવનાર કોઈ કારણસર આવી શક્યો નહીં એટલે યઝદીભાઈના પિતાજીએ તેમને આ રોલ કરવા કહ્યું. યઝદીભાઈને તો ભાવતું હતું ને વૈદે કહ્યું એવો ઘાટ થયો. નાટકમાં તે સમયે પુરુષો જ મહિલાનું પાત્ર ભજવતા. યઝદીભાઈએ લગભગ ૧૨-૧૩ વર્ષની વયે મહિલાનું પાત્ર ભજવ્યું. એમનો અભિનય બહુ વખણાયો. થોડાં વર્ષ પછી એમના પિતાજીની શાળાને ૧૦૦ વર્ષ પૂરાં થવાના હોવાથી એક ભવ્ય સમારંભનું આયોજન કર્યું હતું. બધા જૂના વિદ્યાર્થીઓ ભેગા થવાના હતા. મોટો સમારંભ હતો. યઝદીભાઈ તેનો એક કિસ્સો યાદ કરતાં કહે છે કે

તેઓ એક સ્ત્રી પાત્ર ભજવતા હતા. એક પારસી જૂના વિદ્યાર્થી બહુ ઉત્સાહમાં હતા. એમણે ઘણી તૈયારી કરી હતી પણ કમનસીબે આ સમારંભના થોડા દિવસ પહેલાં જ અકસ્માતમાં તેમનું મૃત્યુ થયું. ૨૦-૨૫ દિવસ પછી આ સમારંભ હતો. એમનાં પત્ની એટલાં દુઃખી થઈ ગયેલાં કે એમણે પણ આ કાર્યક્રમમાં નહીં જવાનું નક્કી કર્યું હતું. પણ પછી એમને લાગ્યું કે એમના પતિએ આ કાર્યક્રમ માટે બહુ તૈયારી કરી છે અને એમને બહુ હોંશ હતી તો મારે જવું જોઈએ. તેઓ આવ્યાં અને આખો કાર્યક્રમ માણ્યો. તેમાં પણ નાટકમાં યઝદીભાઈનો અભિનય તેમને બહુ ગમી ગયો. નાટક પછી યઝદીભાઈને કહ્યું કે તેઓ આજે ખૂબ હસ્યા. આ જ રીતે જિંદગીમાં હસાવતો રહેજે. બસ ત્યારથી યઝદીભાઈએ નક્કી કર્યું કે લોકોનાં મોં પર હાસ્ય લાવવાનું કામ તેઓ કરશે. પછી તો શાળા-કોલેજમાં પણ ભાગ લેતા ગયા અને આગળ વધતા ગયા.


એક દિવસ યઝદીભાઈએ તેમના પિતાજી નોશીરવાનજીને કહ્યું કે તેમને નાટક કરવા છે. પિતાજીએ હા પાડી પણ શરત મૂકી કે નાટકમાંથી કમાણી નહીં કરવાની. આપણી રોજી-રોટી આપણા ક્લાસ છે. યઝદીભાઈએ પિતાજીને વચન આપ્યું કે નાટકને કમાણીનું સાધન નહીં બનાવે. આજપર્યંત આ વચન પાળી બતાવ્યું છે. યઝદીભાઈ કહે છે કે આજ સુધીમાં લગભગ ૩ કરોડથી વધુની રકમ તેમણે મેળવી છે તે સમાજોપયોગી કામ માટે વાપરી છે.

યઝદીભાઈ રાજ કપૂરથી અત્યંત પ્રભાવિત. તેઓ જાહેરમાં કહે છે કે રાજકપૂર તેમના પ્રિય અભિનેતા છે. એમને રાજ કપૂર સમક્ષ તેમનું નાટક રજૂ કરવાનું સદભાગ્ય પણ પ્રાપ્ત થયું હતું. વાત એવી હતી કે ૧૯૭૭માં સુરતના પનોતાપુત્ર અને ફિલ્મ અભિનેતા સંજીવકુમાર ઉર્ફે હરિલાલ જરીવાલાનું સન્માન કરવાનો કાર્યક્રમ સુરત મહાનગર પાલિકા દ્વારા ગોઠવાયો હતો. રાજ કપૂરના હસ્તે સન્માન થવાનું હતું. આથી આ તમામ સુરતના મહેમાન હતા. યઝદીભાઈની રાજ કપૂર પ્રત્યેની પ્રીતિનો બધાને ખ્યાલ હતો. આથી તેમને કહેવામાં આવ્યું કે તેઓ રાજ કપૂર સમક્ષ નાટક ભજવે. આ નાટક જોઈને રાજ કપૂર અત્યંત પ્રભાવિત થયા હતા. તેમની જિંદગીની આ ધન્ય ક્ષણ હોવાનું યઝદીભાઈ જણાવે છે.

આવો જ એક કિસ્સો તેમના કોલેજકાળના નાટક અંગેનો છે. આમ તો યઝદીભાઈએ 'અદી મર્ઝબાનની બહેરામ' સિરીઝનાં ઘણાં નાટકો કર્યાં છે. તેમનાં બે નાટકો 'કૂતરાની પૂંછડી વાંકી' અને 'બહેરામની સાસુ' અત્યંત નીવડેલાં નાટકો છે. તેમના કોલેજકાળનો એક પ્રસંગ વર્ણવતા યઝદીભાઈ કહે છે કે તેઓ સુરતની કે.પી.કોમર્સ કોલેજમાં ભણતા હતા ત્યારે રાષ્ટ્રીય કક્ષાના યુથ ફેસ્ટિવલમાં તેમને કોલેજ તરફથી ચં.ચી. મહેતાનું એક નાટક ભજવવાનું કહેવામાં આવ્યું. આ નાટકમાં ૪૦ પાત્રો હતાં. આટલાં પાત્રો લાવવાં ક્યાંથી? આથી યઝદીભાઈએ પ્રોફેસરને પૂછ્યા વિના જ બીજું નાટક તૈયાર કરી નાંખ્યું. આથી પ્રોફેસર ગુસ્સે થયા. પણ યઝદીભાઈનું કામ જોઈ ખુશ થયા. એટલું જ નહીં, એ નાટક વિજેતા પણ બન્યું. ત્યારપછી તો આ નાટક અમદાવાદની યુનિવર્સિટીના ઓપન થિયેટરમાં પણ ભજવાયું. તેમાં જજ તરીકે જયશંકર સુંદરી હતા. છેવટે આ નાટક દિલ્હી રાષ્ટ્રીય સ્તરે ભજવવામાં આવ્યું. તેમાં તેમને ત્રીજું ઈનામ મળ્યું. ત્યાર પછી તેમણે પાછું વળીને જોયું નથી.

યઝદીભાઈએ ચં.ચી.મહેતા સાથે ૩૦૦થી વધુ રેડિયો નાટક કર્યાં છે. 'તાપી તટે તાપીદાસ' નામની આ રેડિયો નાટક શ્રેણી બહુ વિખ્યાત બની હતી. આ માટે તેમણે સતત ૩ વર્ષ સુરતથી વડોદરા અપડાઉન કર્યું હતું

યઝદીભાઈએ ચં.ચી.મહેતા સાથે ૩૦૦થી વધુ રેડિયો નાટક કર્યાં છે. 'તાપી તટે તાપીદાસ' નામની આ રેડિયો નાટક શ્રેણી બહુ વિખ્યાત બની હતી. આ માટે તેમણે સતત ૩ વર્ષ સુરતથી વડોદરા અપડાઉન કર્યું હતું. સુરતથી તેઓ વડોદરા પારસી ધર્મશાળામાં રોકાતા અને ચં.ચી.ને લઈ રેડિયો સ્ટેશન જતા. પરિણામે તેમની સાથે તેમને ઘર જેવો પરિચય થઈ




પડતી નથી. આપણે રોજિંદા જીવનમાં દિવસ દરમિયાન આવાં અનેક સિચ્યુએશનમાંથી પસાર થતાં હોઈએ છીએ. રોજ હિંચકે બેઠાં થતી સંસાર વ્યવહારની વાતોમાં, બગીચામાં, બસ-ટ્રેન કે વિમાનની મુસાફરીમાં, ઉત્સવોમાં, સભા-સરઘસોમાં, ધંધાની પ્રવૃત્તિઓમાં,કોઇની સાથે વાતચીત કરતાં કે સ્મૃતિઓ વાગોળતાં પણ કોઇને કોઈ સિચ્યુએશન જડી જાય એ શક્ય છે.અલબત, બધો આધાર સામાન્ય ઘટનામાં પણ આવાં સિચ્યુએશન પરખવાની અને પસંદ કરવાની સર્જકની સૂઝ -સમજ પર રહેલો છે. આમાંના કેટલાંક એવાં સિચ્યુએશન જાગૃત સર્જકને મળી જાય છે, જે આપણા સંવિતને ઝંકૃત કરીને આપણને વિશિષ્ટ ભાવપરિસ્થિતિમાં મૂકી દેવા સક્ષમ હોય છે. માનવીમાં; આવી સ્પર્શક્ષમ સંવેદના જગાવતાં સિચ્યુએશન ભલે ક્ષુદ્ર કે સામાન્ય હોય, પણ રસાનુભૂતિમાં તે કોઈ રીતે ઊતરતાં હોતાં નથી.

લઘુકથાના નિર્માણમાં કોઈ ખાસ ઘટનાની અપેક્ષા ન હોય ત્યારે તેમાંથી લઘુકથા કઈ રીતે નિપજાવવી તેનો આધાર સર્જકની આ સ્વરૂપ વિશેની સ્પષ્ટ સમજ અને તેની માવજતની ક્ષમતા પર નિર્ભર રહે છે.જો સર્જકમાં લઘુકથાના બાહ્ય અને આંતરસ્વરૂપ અને તેનાં અંતઃતત્ત્વની પરખનો અભાવ હોય તો આ એક એવું નાજુક સ્વરૂપ છે, જે હાથવગું લાગતું હોવા છતાં, જળમાં સરકતી માછલી જેવું, પકડવાનો પ્રયત્ન કરીએ ત્યારે સ્પર્શ અનુભવાય, પણ હાથમાં આવતાં પહેલાં સરકતું જાય, છટકી જાય. બન્યું છે પણ એવું જ. છેલ્લી અડધી સદીના સમય વ્યાપમાં અનેક સર્જકો દ્વારા લઘુકથાઓ વિપુલ પ્રમાણમાં સર્જાતી અને પ્રગટ થતી રહી હોવા છતાં તેમાં સાચી સંઘેડાઉતાર લઘુકથાઓ અલ્પ સંખ્યામાં જ પ્રાપ્ત થઈ છે એ શું સૂચવે છે? એ જ કે ગુજરાતી લઘુકથાનો વિસ્તરતો વ્યાપ તેના વિકાસની શક્યતાઓ માટે સારી આશા જન્માવે તેવો જણાતો હોવા છતાં એ હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે તેનાં મૂળિયાં જોઈએ તેટલાં ઊંડા ગયાં નથી. આનું કારણ એ જણાય છે કે વિવિધ સર્જકો દ્વારા જેમ જેમ લઘુકથાઓ વધુ ને વધુ લખાતી રહી તેમ તેમ તેના સ્વરૂપમાં ઠીક ઠીક ભેળસેળ થતી રહી અને પછી તો તેમાંથી પાણીદાર મોતી સમાન લઘુકથાકૃતિઓ શોધવાનું પણ મુશ્કેલ બન્યું. પરિણામે ગુજરાતી લઘુકથાનો સરસ મજાનો ઉછરેલો છોડ સર્જકોની તેના સ્વરૂપ વિષેની સ્પષ્ટ સમજ અને યોગ્ય માવજતના અભાવે અપેક્ષા મુજબ વિકસી શક્યો નથી. બલકે સ્થગિત રહ્યો છે.

ગુજરાતી સાહિત્યમાં જેમ સોનેટના ઉદ્ભવ પછી સોનેટ સર્જનનું મોજું પ્રગટ્યું અને અનેક નામી- અનામી કવિઓ જાણે-અજાણે એમાં તણાયા અને તેમના દ્વારા ગુજરાતી સોનેટને ઊંચી પ્રતિષ્ઠા મળી

ગુજરાતી સાહિત્યમાં જેમ સોનેટના ઉદ્ભવ પછી સૉનેટ સર્જનનું મોજું પ્રગટ્યું અને અનેક નામી- અનામી કવિઓ જાણે-અજાણે એમાં તણાયા અને તેમના દ્વારા ગુજરાતી સોનેટને ઊંચી પ્રતિષ્ઠા મળી. ગુજરાતી લઘુકથા સ્વરૂપની ઊંચી વિસાત છતાં તેમાં આવું મોજું પ્રગટી શક્યું નથી. ગુજરાત સર્જકોની લઘુકથા સ્વરૂપ વિષેની અસ્પષ્ટ સમજ તેમજ માવજતના અભાવેને કારણભૂત માનીએ તો પણ પ્રશ્ન થાય કે ગુજરાતી લઘુકથાની જેમ ઉત્તમ અને ચિરંજીવ કૃતિઓ આપણને મળી છે તેના વિશે તો આપણા વિવેચકોએ પ્રશંસોનાં પુષ્પો દ્વારા સૌંદર્યદર્શન કરાવ્યાં હોત તો ગુજરાતના લઘુકથા સર્જનને વિશેષ બળ અને મહત્તા પ્રાપ્ત થયાં હોત. પણ શોચનીય હકીકતનો સ્વીકાર કરવો રહ્યો કે ગુજરાતીના કોઈ મોટા ગજાના સાહિત્યકારોએ લઘુકથાનાં સર્જનમાં તેમજ વિવેચકોએ તેના સ્વરૂપ-વિવેચનમાં ખાસ દિલચસ્પી બતાવી નથી. પ્રતિષ્ઠિત ગુજરાતી સાહિત્યસર્જકો અને વિવેચકોનાં પ્રોત્સાહન અને દિશાસૂચનનો લાભ ગુજરાતી લઘુકથા સર્જકોનો મળતો રહ્યો હોત તો ગુજરાતી લઘુકથાનો છોડ વધારે ઝડપથી મહોરી રહ્યો હોત. આમ છતાં ગુજરાતી લઘુકથા એ એક સ્વતંત્ર સાહિત્યસ્વરૂપ તરીકે પોતાની આગવી ઓળખ ઊભી કરી છે એ આપણને ગૌરવાન્વિત કરે એવી ઘટના છે.

૧, રચના સોસાયટી,
શિવરંજની ચાર રસ્તા પાસે,
સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫.
મો-૯૭૨૬૪૮૫૧૧૬.



જ્ઞાન-કર્મ તથા ભક્તિનો ત્રિવેણી સંગમ : વિનોબાજી

- વી. એસ. ગઢવી

સંત વિનોબાની સવાસોમી જન્મ શતાબ્દીએ (૧૮૯૫-૨૦૨૦) તેમની સ્મૃતિ અનેક લોકોને થતી હશે. ગાંધીજી એક યુગ કાર્ય કરીને ગયા. તેમના અનેક વિચારો - પદ્ધતિઓનું તેમણે સંપૂર્ણ કે અંશતઃ અમલીકરણ થતું જોયું. તેમ છતાં, બાપુના અગાધ કર્મયોગ - કર્મસંદેશના થોડા ભાગનું જ અમલીકરણ થઈ શક્યું. હિમશિલાની બહાર દેખાતી ટોચ જેટલું આ હતું. ખાસ કરીને ગાંધીજીના જીવનના મોટાભાગનો સમય દેશની મુક્તિ માટેની ચળવળને દિશા તેમજ ગતિ આપવાના કામમાં ગયો. આથી અનેક રચનાત્મક કામોનું વાસ્તવિક અમલીકરણ વિશાળ ફલક ઉપર ગાંધીજીની હયાતીમાં થઈ ન શક્યું. આ બાબતની સમજ અને નિસબત વિનોબાજી તથા રવિશંકર મહારાજ જેવા 'ગાંધીના ગોવાળો' ના મનમાં હતી. આથી બાપુના આધ્યાત્મિક વારસદાર એવા વિનોબાજીએ ગાંધી વિચારને ભૂમિગત કરવા માટે તમામ પ્રયાસો કર્યા. ૧૯૫૧થી સતત તેર વર્ષ સુધી સમગ્ર દેશની સિત્તેર હજાર કિલોમિટરની પદયાત્રા વિનોબાજીએ કરી. ભૂમિદાન - ગ્રામદાન અને ગ્રામસ્વરાજની મૂળભૂત તથા મૂલ્યવાન બાબતો અંગે જનજાગૃતિ ઊભી કરી. માત્ર ચૂંટાયેલી સરકારો પર આ પાયાની કામગીરી છોડી દેવામાં આવે તો તેના સુચારુ અમલીકરણની વાત વાસ્તવિક થવી મુશ્કેલ ગણાય. આથી દરેક મનુષ્યમાં ધરબાઈને પડેલા શુભતત્ત્વને જાગૃત કરવાનું આ ભગીરથ કાર્ય ચુનંદા સાથીઓની મદદથી કર્યું. ઈતિહાસમાં આવા ગજાના વિશાળ ફલક પર થયેલા પ્રયાસોની ભાગ્યેજ જોડ મળી શકે. બાપુએ એક પત્રમાં વિનોબાજીને સંબોધન કર્યું : 'કૃતયુગી વિનોબા' બાબાનો જન્મ કહેવાતા કળિયુગમાં થયો પરંતુ ગાંધીજીના 'કૃતયુગી' સંબોધનને તેમણે ખરું કરી બતાવ્યું. મોટાભાગના ધર્મો તેમજ જુદી જુદી ભાષાઓના સંત સાહિત્યનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો. 'કુરાનસાર', 'ખ્રિસ્ત-ધર્મસાર' તેમજ 'ધમ્મપદ' જેવા ગ્રંથોની અમૂલ્ય ભેટ આપી. ૧૯૩૨ના ધુળિયા જેલનાં ગીતા પ્રવચનોનું પુસ્તક આપણાં દેશની લગભગ તમામ ભાષાઓ ઉપરાંત અંગ્રેજી, જર્મન તેમજ જાપાનીઝ ભાષાઓમાં અનુવાદિત થયું. આ પુસ્તકની ૨૬ લાખ નકલો વેચાઈ હોવાનું નોંધાયું છે. (પ્રકાશકીય : મહર્ષિ વિનોબા : યજ્ઞ પ્રકાશન) વિનોબાજી ધૂળિયા જેલમાં હતા ત્યારે જ 'ગીતાઈ'નું પ્રકાશન થયું. પુસ્તકની કિમ્મત એક આનો હતી. આ જેલના જ કેટલાક કેદીઓ જેલર પાસે ગયા. કેદીઓ જેલરને કહે છે : ''અમારી મજૂરીના પૈસામાંથી બે આના અમને દરેકને જોઈએ છે.'' જેલર પૈસા માગવાનું કારણ પૂછે છે. કેદીઓ કહે અમારે ગીતાઈ ખરીદવી છે. જેલર કહે : ''ગીતાઈની કિમ્મત તો એક આનો છે અને તમે કેમ બે આના માગો છો ?'' કેદીઓ કહે છે : ''આ બાબત અમે જાણીએ છીએ. પરંતુ એક આનો ગીતાઈ માટે ચૂકવી બીજો એક આનો અમારે વિનોબાને દક્ષિણામાં આપવો છે.'' પરસેવો પાડીને જેલમાં મેળવેલા નાણાં આ કહેવાતા ''ગુનેગારો'' વિનોબાજીને દક્ષિણામાં આપવા તૈયાર થયા. માનવીનું અંદરનું શુભતત્ત્વ જાણે બાબાની હાજરીમાં ખીલી ઊઠ્યું હતું.

બાબાની સ્પષ્ટ સમજ હતી કે પંચમહાભૂતના બનેલા આ દેહનો સંબંધ જળ - જમીન સાથે નાળ - સંબંધ જેવો સાહજિક છે. આથી જ જમીનની અળગા જવાનું માનવ કે કદાચ સજીવ માત્ર પસંદ કરતા નથી

ભૂમિહીનોને જમીન અપાવવાનું કામ બાબાની અગ્રતામાં ટોચ ઉપર હતું. બાબાની સ્પષ્ટ સમજ હતી કે પંચમહાભૂતના બનેલા આ દેહનો સંબંધ જળ - જમીન સાથે નાળ - સંબંધ જેવો સાહજિક છે. આથી જ જમીનથી અળગા થવાનું માનવ કે કદાચ સજીવ માત્ર પસંદ કરતા નથી. અથર્વવેદના ઋષિએ આથી જ ભૂમિ તથા માનવીના જોડાણને માતા - સંતાનના જોડાણ તરીકે ઓળખાવ્યું છે. ભૂમિ માતા છે જે સંતાનોનું પોષણ કરે છે. આ તેનું એક મહત્ત્વનું આર્થિક પરિમાણ છે. આથી જમીનની સાહજિક ઝંખના સાથે ૧૮ એપ્રિલ-૧૯૫૧ ના દિવસે કેટલાક ભૂમિહીન લોકોએ નિરંતર યાત્રી વિનોબાજી સમક્ષ ભૂમિની માગણી કરી. તેલંગાણાના પોચમપલ્લી ગામમાં આ ઘટના બની. પોચમપલ્લી ગામના આ ભૂમિહીન લોકો માટે જમીનની ટહેલ બાબાએ ગામની સભામાં કરી.



સભામાં સ્વાભાવિક રીતે જ ગામના કેટલાક જમીનદારો પણ હાજર હતા. પછી જે ઘટના ઘટી તે ચમત્કારિક હતી. સભામાં હાજર રહેલા જમીનમાલિકોએ એકસો એકર જેટલી જમીન બાબાની ટહેલના પ્રતિસાદ રૂપે તરત જ દાનમાં આપી. જેથી આ જમીન ભૂમિહીનોને ફાળવી શકાય. આ ઘટના બની તેના સંદર્ભમાં બાબા લખે છે : આ ઘટના બની તે રાતે ૩-૪ કલાક જ ઊંઘ આવી. એ શું ઘટના બની ? હું વિચારમાં પડી ગયો. મારી ભગવાનમાં શ્રદ્ધા છે અને ભગવાન બાદ ગણિતશાસ્ત્ર પર વિશ્વાસ છે. મારું ગણિત ફટાફટ ચાલ્યું. જો આખાયે ભારતના ભૂમિહીનો માટે જમીન માંગવી હોય તો પાંચ કરોડ એકર જમીન જોઈએ. એટલી જમીન માંગવાથી મળે ? ઈશ્વર સાથે સંવાદ થયો. ઈશ્વરે કહ્યું : ''જો એમ ડરીશ અને શંકા કરીશ તો તારો અહિંસાનો દાવો છોડવો પડશે. શ્રદ્ધા રાખ અને (જમીન) માંગતો જા. જેણે બાળકના પેટમાં ભૂખ મૂકી છે તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું છે.'' મારી શંકાનું સમાધાન થઈ ગયું. બીજા દિવસથી ભૂમિહીનો માટે જમીન માંગવાનું શરૂ થયું. મનુષ્યના દિલમાં રહેલી ભલાઈ જગાડી શકાય છે.'' ભૂદાનના આવા જગતભરમાં અજોડ આંદોલનના પ્રણેતા વિનોબાજી કુદરતી સંસાધનોની સમુચિત વહેંચણીની અનિવાર્ય આવશ્યકતા પારખી શક્યા અને ભૂદાન યજ્ઞ પ્રજ્વલિત થયો. લોક ભાગીદારીથી જ લોકોના મોટા સમૂહ માટે ઉત્થાનની પ્રવૃત્તિ કરી શકાય છે તે વાત ફરી સાબિત થઈ. સંપતિની વહેંચણી વંચિતોને કરવાની વિનોબા દૃષ્ટિ સર્વકાળે સરખી જ પ્રસ્તુત છે. આજ તથા આવતીકાલના કાળમાં પણ આ વાત ચૂકી જવાય તો સ્વસ્થ સમાજનું નિર્માણ માત્ર એક દૂરનું સ્વપ્ન બનીને રહે. સર્વજન હિતાય તથા સર્વજન સુખાયની કલ્પના એ માત્ર ઉપદેશોથી નહિ પરંતુ વિનોબાજીએ લોકસમૂહની માણસાઈ જગાડીને કર્યું. જ્ઞાની ગણાતાં વિદ્વાનો જે વાત સમજી ન શક્યા તે વાત વિનોબાજીએ બારીક દૃષ્ટિથી પકડી અને ભૂદાનના કાર્યમાં વેગ લાવ્યા. વિનાયક - વિનોબાજીનો જન્મ ૧૧ સપ્ટેમ્બર-૧૮૯૫ના દિવસે મહારાષ્ટ્રમાં થયો હતો. ગાંધી વિચારની પાવનકારી ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો યજ્ઞ વિનોબાજીએ આજીવન પ્રજ્વલિત રાખ્યો. સપ્ટેમ્બર માસમાં આ ''દાઢીવાળા બાવા''ની વિશેષ સ્મૃતિ અનેક લોકોને થાય છે. સપ્ટેમ્બર ૨૦૨૦માં વિનોબાજીની ૧૨૫મી જન્મજયંતી આવે છે. આથી બાબાની વિશેષ સ્મૃતિ ૨૦૨૦-૨૧ના વર્ષમાં સૌને થયા કરશે તે સ્વાભાવિક છે.

ગાંધીજીએ ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કરવાનો સંકલ્પ જાહેર કર્યો. એક એક ચુનંદા સત્યાગ્રહીને તૈયાર કરવાની તેમજ આ સત્યાગ્રહના માધ્યમથી વિદેશી સરકાર સામે મુક્તિની મશાલ ધરવાની બાપુની આ નવી રણનીતિ હતી. દેશના અનેક લોકોના મનમાં એ જાણવાની ઉત્કંઠા હતી કે બાપુ પહેલા સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરશે? કોણ એવો સદભાગી હશે જેના નામ પર ગાંધીજી મંજૂરીની મહોર મારશે ? ગાંધીયુગના એ કાળના દિગ્ગજ નેતાઓના સમૂહમાંથી કોઈ એકની પસંદગી પ્રથમ સત્યાગ્રહી તરીકે કરવાની હતી. તેથી તે બાબત તરફ લોકોનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું હતું. અંતે બાપુની પસંદગીનો કળશ વિનોબાજી પર ઢળ્યો. વિનોબાજી સેવાગ્રામમાં બાપુ સમક્ષ હાજર થયા. બાપુએ પ્રથમ સત્યાગ્રહીની જવાબદારી સ્વીકારવા વિનોબાને જણાવ્યું. વિનોબાની આ કામ માટે અનુકૂળતા તથા સંમતિ જાણવા બાપુએ પ્રયાસ કર્યો. વિનોબાજી કહેઃ ''આપનો હુકમ તથા યમરાજનો હુકમ પાછા કયાં ઠેલી શકાય છે?'' અને વિનોબાજી દેશના પ્રથમ સત્યાગ્રહી તરીકે અસાધારણ આત્મબળથી ઝળહળી ઊઠયા. વિનોબાજીના બાપુ સાથેના મિલનની પૂર્વભૂમિકા પણ જાણવામાં રસ પડે તેવી છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિલાન્યાસ (૧૯૧૬) સમયનું ગાંધીજીનું તે કાળનું બહુચર્ચિત વક્તવ્ય વાંચીને વિનાયક નરહરી ભાવે નામનો એકવીસ વર્ષનો તરુણ કાશીથી હિમાલય તરફ જવાનો નિર્ણય બદલીને સાબરમતીના કિનારે આફ્રિકાથી પરત આવેલા ગાંધીભાઈને મળવા અમદાવાદ પહોંચી ગયો.

વિનોબાજીને જૂદી માટીના માનવીનાં દર્શન થયાં. ગાંધીજીને મળ્યા અને ગાંધી વિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીએ પણ આ વિશિષ્ટ અનુયાયીનું તેજ પારખી તેમને ''જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક'' તરીકે ઓળખાવ્યા

બનારસના એ ગાંધીજીના પ્રવચનમાં મોટા મોટા અંગ્રેજ અમલદારો તથા રતનમણિમંડિત રાજાઓની નબળાઈઓ તેમને મોઢામોઢ સંપૂર્ણ નિર્ભયતાથી અને છતાં કડવાશના ભાવ સિવાય કહેનાર આ વીરમાં વિનોબાજીને જૂદી માટીના માનવીનાં દર્શન થયાં. ગાંધીજીને મળ્યા અને ગાંધી વિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીએ પણ આ વિશિષ્ટ અનુયાયીનું તેજ પારખી તેમને ''જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક'' તરીકે ઓળખાવ્યા. વિનોબાજીના પિતાને પત્ર લખીને ગાંધીજીએ જણાવ્યું. ''તમારો પુત્ર મારી પાસે છે. આટલી નાની ઉંમરમાં જ વિનોબાએ જે તેજસ્વિતા અને વૈરાગ્ય કેળવ્યા છે તે કેળવતા મને વર્ષો લાગ્યાં હતાં.'' દીનબંધુ એન્ડ્રુઝને બાપુએ કહ્યુઃ ''આશ્રમના દુર્લભ રત્નોમાંના તે એક છે... તેઓ (વિનોબા) પામવા નહિ પરંતુ આપવા આવ્યા છે.'' ગાંધી વિચારની ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો સંકલ્પયોગ હૈયે કોતરીને જીવનભર કર્મશીલ રહેનાર વિનોબાજીની સ્મૃતિ ચિરકાળ સુધી જીવંત રહેશે.

મહાદેવભાઇ તથા નારાયણભાઇ દેસાઇ તેમજ કાન્તિભાઇ શાહ (પિંડવળ)ની નિષ્ઠાપૂર્વકની લેખન તેમજ સંપાદનની મહેનતને કારણે વિનોબાજીના જીવનની-વિચારની અનેક વાતો આપણા સુધી પહોંચી છે.

વિનોબાજીના અનેક અવિસ્મરણીય કાર્યોમાં તેમના ભગવદ્‌ગીતા પરનાં પ્રવચનો અગ્રસ્થાને છે. અંગ્રેજ સત્તાધીશો સામેની આરપરની લડાઇમાં સત્યાગ્રહીઓ માટે જેલ નિવાસ તેમજ ક્રાંતિકારીઓ માટે ફાંસીના માંચડા કે આજીવન કેદની સજા એ નવાઇની વાત રહી ન હતી. વિનોબાજી આ પ્રક્રિયાના જ એક ભાગ તરીકે ધુળિયા જેલમાં ૧૯૩૨માં હતા ત્યારે ગીતાના દરેક ભાગને આવરી લઇને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યાં. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યાં. ભગવદ્ ગીતાનું મૌલિક વિચાર વિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યું. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમના બા રોજ કથા સાંભળવા જતાં. એકવાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહ્યું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પારખીને જણાવ્યુંઃ ''તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો ? તું આ કામ કરી શકે તેમ છે.'' માતાની ચિર વિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઈની રચના કરી. ગીતાઇ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા=ગીતા + આઇ. માને મરાઠીમાં આઇ કહે છે. આપણે ત્યાં પણ માતા માટે 'આઇ' શબ્દ જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્ય સ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો- સાંભળવો ગમે તેવો છે.

ગાંધીજીએ તેમની હયાતી દરમિયાન જે કેટલાક વિચારો કર્યા તેનો વાસ્તવિક અમલ થતો ગાંધીજી જોઇ શક્યા નહિ. વિનોબાજીએ ગાંધીનું આ કામ પૂરું કરવા નિર્ણયાત્મક અહાલેક જગાવી અને ગાંધી વિચારને અનુરૂપ અનેક કાર્યો વ્યવહારમાં કરી બતાવ્યાં

ગીતાઈ મારી મા
તેનો હું બાળ અબોધ
પડું છું, રડું છું ઊંચકીને તે
ખોળામાં લઈ લે છે.

ભગવદ્ ગીતાની જેમ વેદ-ઉપનિષદો તથા કુરાને શરીફનુ અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબાજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનુ ઉજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે. વિનોબાજી કહે છે કે પચાસ વર્ષ સુધી તેમણે વેદોનું અધ્યયન કર્યું. ચાર-સાડા ચાર હજાર શ્લોકનો તો તેઓ મુખપાઠ કરી શકતા હતા. ગાંધીયુગના વિનોબાજી જેવા ઋષિતુલ્ય માનવીઓના જીવનનું જ્ઞાન તેમના આચરણ તથા કર્મોમાં જોઈ શકાતું હતું. વિનોબાજીએ અનેક સમયે આ વાત સ્પષ્ટ પણ કરી છે. તેઓ કહેતા કે પાણીમાં જેમ હાઇડ્રોજન તથા ઓક્સિજન હોય છે તેમજ જીવનમાં પણ વિચાર (ચિંતન) તથા કાર્ય (action) બન્નેનું સરખુંજ મહત્ત્વ છે. સ્વાધ્યાયના અભાવે દૃષ્ટિ નિસ્તેજ તથા છીછરી બની રહે છે તેવી વિનોબાજીની વાત સાંપ્રતકાળે પણ કેટલી મહત્ત્વની તથા દિશાસૂચક લાગે છે ! આથી જ વિનોબાજી માટે આચાર્ય શબ્દ યથાસ્થાને છે.

ગાંધીજીએ તેમની હયાતી દરમિયાન જે કેટલાક વિચારો કર્યા તેનો વાસ્તવિક અમલ થતો ગાંધીજી જોઇ શક્યા નહિ. વિનોબાજીએ ગાંધીનું આ કામ પૂરું કરવા નિર્ણયાત્મક અહાલેક જગાવી અને ગાંધી વિચારને અનુરૂપ અનેક કાર્યો વ્યવહારમાં કરી બતાવ્યાં. વિનોબાજી તેમની ભૂદાનયાત્રાના ભાગ તરીકે ગુજરાતમાં આવે છે તેવી વાત રવિશંકર મહારાજ પાસેથી જાણીને કવિ દુલા ભાયા કાગે લોકવાણીમાં આ સંતની મુલાકાતના સંદર્ભમાં લખ્યું :

અલેકીઓ માંગવા આવ્યો રે..
આ તો દેશ દખ્ખણનો બાવો.
થંભી જાઓ હો તલવારિયા !
કાં તલવાર સજાવો ?
તેગ તોપને ખાંડો ખાંડણિયે
દાતરડા નીપજાવો...
અલેકીઓ માંગવા આવ્યો રે..
દેશ દખ્ખણનો બાવો
કોઈ ભાળ્યો નથી અમે આવો..

સર્વોદયનો વિચાર વિનોબાજીના પ્રયત્નોથી ઝળાહળા થતો રહ્યો. જયપ્રકાશ નારાયણ તેમજ મહાદેવ દેસાઇ જેવા નિષ્ઠાવાન લોકોએ તેને બળ પૂરું પાડ્યું. વિનોબાજી ગાંધી વિચારની એક હરતી ફરતી મહાવિદ્યાલય જેવું જીવન વ્યતીત કરી ગયા. વિનોબાજી તેમના પ્રયાસોમાં કેટલા સફળ થયા તેનો નિર્ણય તો કાળદેવતા પર છોડીએ પરંતુ એમ જરૂર કહી શકાય કે બાબાના સમાજ ઘડતરના પ્રયાસો નિરર્થક ગયા નથી.

૧૧૫/૨, સેક્ટર-૨-એ, ગાંધીનગર.
મો.-૯૯૭૮૪૦૬૧૩૦

ગુજરાતી લોકગીતોની નાયિકાઓની 'સ્વદેશ'નીતિ

- નીલેશ પંડ્યા

કોરોનાથી સલામત થવા અનેક લોકો પરદેશ, પરરાજ્ય, પરગામ છોડીને વતનવાપસી કરી ગયા પણ ગુજરાતી લોકગીતોની નાયિકાઓને તો પતિ પરદેશ, વતનથી દૂર જાય એ ગમ્યું જ નથી! એ તો લોકગીતના માધ્યમથી પરોક્ષ છતાં બોલકો વિરોધ કરતી જ રહી છે.

કોરોના...હમણાં હમણાં જ સાંભળવામાં આવેલા આ નામે જોતજોતામાં દુનિયાને હચમચાવી દીધી.અમુક નેનોમીટર સાઈઝનો વાઈરસ લાખો કિલોમિટર વિસ્તારની પૃથ્વી પર વસતા અબજો લોકોને પ્રભાવિત કરે એ કેવું? સાવચેતીનું માર્યું વિશ્વ આખું લોકડાઉન, સોશિયલ ડિસ્ટન્સિંગ,સેનિટાઈઝેશન અને માસ્ક સાથે જીવવા લાગ્યું છે.

હવે ધીમે ધીમે માનવજાત કોરોનાનો ભય ખંખેરીને મેઈન સ્ટ્રીમમાં આવી રહી છે.સલામતી જાળવી કોરોના સાથે જીવવાની આદત પડી રહી છે ત્યારે વાઈરસની નાબૂદી કે બિનઅસરકારકતા વિશે તબીબીવિજ્ઞાન પ્રયત્નશીલ છે ને એનું ઝટ અને સચોટ પરિણામ મળી જશે એવી આશા રાખીએ પણ આપણા માટે સંશોધનનો વિષય એ છે કે ગુજરાતી લોકગીતો આવા સમયે કેટલાં ઉપયુક્ત છે? અનેક પ્રકારના સંદેશા આપવા માટે વિખ્યાત આપણા લોકગીતો આજની સ્થિતિ વિશે કંઇ કહેવા માગે છે? લોકગીતોને ખોલીએ-ફોલીએ તો આજના સંદર્ભે કોઈ મેસેજ મળે છે?

દૂધમાં જ ઘી સમાયેલું છે પણ દૂધને મેળવવું,દહીંને ઝેરવું,માખણને તાવવું પડે ત્યારે એમ લોકગીત પર આવી જ પ્રક્રિયા કરીને એમાં છુપાયેલા સંદેશા તારવવા પડે. ભાગ્યે જ કોઈ વિષય એવો હશે જેની વાત પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે લોકગીત ન કહેતું હોય. એટલે આજની સ્થિતિ વિશે આપણા લોકગીતો થોડું-ઘણું જરૂર કહેશે.

કોરોના વિદેશથી આવેલો રોગ છે એ વાત સર્વવિદિત છે.શરૂઆતના કેટલાક મહિના એ ચીન,અમેરિકા,ફ્રાંસ,ઇટાલી,જર્મનીમાં હાહાકાર મચાવતો રહ્યો ને બાદમાં ભારત સહિતના દેશોમાં ફેલાયો.કેટલાય વિદેશસ્થિત ભારતીયો શરૂઆતમાં ડર અને પછી સલામતી માટે સ્વદેશ પરત ફર્યા.કેટલાયે 'વંદે ભારત' મિશન અંતર્ગત વતનવાપસી કરી.અરે, જે લોકો દેશનાં પરસ્પર રાજ્યોમાં કે પરગામ હતા એમને પોતાના ઘેર મોકલવા સરકારે બસો,ટ્રેનો દોડાવવી પડી ને એમ લાખો લોકોએ ઘરવાપસી કરી 'હાશ'નો અનુભવ કર્યો. ટૂંકમાં,આ સમયે પરદેશ,પરરાજ્ય કે પરગામમાં ગમે એટલું સારું હોય તોય વતન પહોંચી જવું અનિવાર્ય લાગ્યું...

આપણાં લોકગીતોની નાયિકાઓ તો પહેલીથી જ વિદેશગમનની કટ્ટર વિરોધી રહી છે...! પતિ પરદેશ જતો હોય એ પરણેતરને ક્યારેય ગમ્યું જ નથી. ઘરની વહુવારુ હોવાને કારણે ભલે પરિવારજનોની મરજી વિરુદ્ધ એ સીધી પ્રતિક્રિયા નહોતી આપી શકતી, 'કે મારો પતિ અહીં જ રહેશે, હું એને પરદેશ નહીં જવા દઉં' પણ એની પાસે લોકગીત જેવું બળુકું માધ્યમ હતું જેની પાંખે બેસાડીને પોતાનો અણગમો પરોક્ષ રીતે જરૂર વહેતો કરતી એટલે કે એની શ્રદ્ધા 'સ્વદેશ'નીતિમાં હતી.

બહુ જ પ્રચલિત લોકગીત 'મેંદી તે વાવી માળવે,એનો રંગ ગિયો ગુજરાત...' ની કથા શું છે? પરદેશી પતિને ઘેર બોલાવવાની વાત તો છે.દિયર જયારે મેંદીનો છોડ લઈ આવ્યો,મેંદી ઘૂંટી,ભાભીને હાથ રંગવા કહ્યું તો ભાભીનો જવાબ શું હતો?

હાથ રંગીને દેરી શું રે કરું
એનો જોનારો પરદેશ -મેંદી રંગ લાગ્યો...

મારે કોના માટે સજવું-ધજવું? પતિ તો પરદેશ છે- બસ,આ જ વાતનો ખટકો નાયિકાના મનમાં છે ને એનાથી આગળના અંતરામાં પરદેશી પતિને સંદેશો આપવા જનારને લાખ રૂપિયા આપવાની વાત કરી અને પતિને પરત બોલાવવા ચિત્ર-વિચિત્ર બહાનાં બતાવ્યાં,જેમકે-

લાખ ટકા આલું રોકડા
કોઈ જાવ જો દરિયાપાર-મેંદી રંગ લાગ્યો.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી બેની પરણે ઘર આવ્ય-મેંદી રંગ લાગ્યો.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માડી મરે ઘર આવ્ય-મેંદી રંગ લાગ્યો.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માનેતીની ઊઠી આંખ-મેંદી રંગ લાગ્યો.

પતિને એણે 'શોક્યનો સાયબો' કહી દીધો...! વિદેશથી વતનવાપસી કરાવવા નાયિકા પોતાની નણંદનાં લગ્ન થઇ રહ્યાં છે,સાસુનું અવસાન થયું છે-જેવી તરકટી ખબરો મોકલે છે એ સ્પષ્ટપણે બતાવે છે કે એને કોઈપણ સંજોગોમાં પરણ્યાને પરદેશ રહેવા દેવો નથી.

'વા વાયા ને વાદળ ઉમટ્યાં,મધદરિયે ડૂલેરાં વા'ણ,મોરલી વાગે છે...' જેવા એક લોકગીતના અંતરા જુઓ-

એક હાલાર શે'રના હાથીડા
કંઈ આવ્યા અમારે દેશ,મોરલી વાગે છે.
છેલ છોગાળો હોય તો મૂલવે
ડોલરિયો દરિયાપાર,મોરલી વાગે છે...
એક ઘોઘા શે'રના ઘોડલા
કંઈ આવ્યા અમારે દેશ,મોરલી વાગે છે.

છેલ છોગાળો હોય તો મૂલવે
ડોલરિયો દરિયાપાર મોરલી વાગે છે...

નાયિકા કહે છે કે હાલારના હાથી,ઘોઘાનાં ઘોડાં,વાળાકની વેલડી,દમણના ડોળિયા,ચિત્તલની ચૂંદડી-બધું જ ગામમાં વેચાવા આવ્યું છે,મારે ખરીદવું છે પણ કોણ મૂલવે ? કોણ લઈ દે? મારો પતિ તો દરિયાપાર છે ! અહીં વસ્તુ ખરીદવાની વાત તો બહાનું છે,અસલમાં રંજ એ વાતનો છે કે પતિ પોતાનાથી જોજનો માઈલ દૂર છે...

એક પુરુષ પરદેશ જઈ રહ્યો છે,એ પત્નીને ખુશ કરવા કહે છે કે-

સોનલ મારા ઘરડાની નાર રે,
જે રે જોઈએ તે મંગાવજો;
લાવજો લાવજો શેરડિયુંના પોંક રે
લાવજો રે જાર માયલાં ઝીંડવાં.
લાવજો લાવજો શિંગવાળા ઘોડા રે
વગર શિંગાળા લાવજો ડોળિયા
લાવજો લાવજો શોક્યો માયલા સાલ રે,
લાવજો અગમજાયો બેટડો

સોનલ ! હું વિદેશથી પાછો આવું ત્યારે તારે માટે શું શું લાવું? એના જવાબમાં પત્ની કહે છે કે શેરડીનો પોંક ને જારનાં ઝીંડવાં લાવજો.વાસ્તવમાં પોંક તો લીલા ઘઉંનો બને ને ઝીંડવા કપાસને આવે ! એણે શિંગડાંવાળા ઘોડા ને શિંગ વગરના બળદ મંગાવ્યા ! છેલ્લે નારાજગીની પરાકાષ્ઠા વ્યક્ત કરતાં કહ્યું કે પાછા આવો ત્યારે સૌતન આપે એવો ત્રાસ અને સૌતનથી જન્મેલો દીકરો લેતા આવજો !

લોકગીતોની નાયિકાઓનો વિરોધ માત્ર પરદેશ સામે જ હતો એવું નથી,પતિ પરરાજ્ય કે પોતાના રાજ્યના દૂરના વિસ્તારમાં કમાવા જાય અને ત્યાં જ સ્થાયી થાય તો પણ એને નથી ગમ્યું. 'અડધો ખાશું પણ સૌ સાથે રહેશું' જેવી પરંપરાગત માન્યતામાં એની અડગ શ્રદ્ધા હતી જેના દાખલારૂપ કેટલાંય લોકગીતો મળે છે.

આવડા મંદિરમાં હું તો એકલી રે લોલ
કેમ કરી મારા દખના દા'ડા જાય રે
પરણ્યો હાલ્યા રે વેરણ ચાકરી રે લોલ...
તમને વા'લી દરબારી ચાકરી રે
કે અમને વા'લો તમારો જીવ
ગુલાબી ! નહીં જાવા દઉં ચાકરી રે !
આભમાં ઝીણી ઝબૂકે ....

• • •

નણદલના વીર વિના એકલાં જી રે
સૂના મંદિર ખાવા ધાય હો જી રે
કે'દુની જોતી'તી વાટ,વે'લા વાલમ ઘેર આવજો.
આવ્યાં આવ્યાં કાંઈ વલાતુંનાં વા'ણ જો,
પણ ના આવ્યા નહોલિયા તારાં નાવડાં

• • •

ઊંચે ઊંડે કાંઈ ખૂવા કેરા થંભ જો,
એવાં રે ફફડે રે મારાં કાળજાં.
ખોળો પાથરીને વિનવું દરિયા દેવ જો,
રખોપાં કરજે રે મારા કંથના.

• • •

કુંજલડી રે સંદેશો અમારો
જઈ વાલમને કે'જો જી રે

• • •

અરરર માડી રે,છાણાં વીણવા ગઈ'તી
ત્યાં વીંછુડો
હંબો હંબો વીંછુડો,કાળો ભમ્મર વીંછુડો
ચટક્યો મા વીંછુડો
અરરર માડી રે પાટણથી પિયુને તેડાવો
મા વીંછુડો...
અરરર માડી રે પિયુજીને જોયા ત્યાં
ઊતર્યો મા વીંછુડો....
જેમ સુકાય તારી જૂઈનાં ફૂલ મારા વાલાજી રે !
એમ તારી ગોરી કરમાય,જઈને કે'જો મારા વાલાને રે !
ઉતારા દેશું ઓરડા મારા વાલાજી રે !
ઉતારા કરનારો પરદેશ,જઈને કે'જો મારા વાલાને રે !

આવાં કેટલાંય લોકગીતો મળે છે જેમાં વતનથી દૂર જતા પતિનો અપ્રત્યક્ષ છતાં જબ્બર વિરોધ થયો હોય અથવા પતિને ઘેર બોલાવી લેવાની તરકીબો અજમાવાઈ હોય.એવું નથી કે આમ નારીએ જ પોતાના ઘર,ગામ કે વતન છોડવા સામે અસહમતી દર્શાવી હોય,વૃન્દાવનની ગોપીઓએ પણ ભગવાન શ્રી કૃષ્ણને કહી દીધું હતું કે અમે અહીં વૃન્દાવનમાં જ બરાબર છીએ,અમારે સ્વર્ગલોક નથી આવવું.

મારું વનરાવન છે રૂડું
હું વૈકુંઠ નહીં રે આવું
નહીં આવું હો નંદજીના લાલ રે
વૈકુંઠ નહીં રે આવું
સરગના લોક તો છે અતિ કુડા
વાસી વ્રજના ચોક મારે રૂડા
હો નંદજીના લાલ રે,
વૈકુંઠ નહીં રે આવું
મારું વનરાવન છે...

આમ,આપણાં લોકગીતોની નાયિકાઓ હંમેશાં 'સ્વદેશ'નીતિ સાથે જીવતી હતી. એમને મન પતિનું-પરિવારનું સાન્નિધ્ય અને સલામતી જ સૌથી મોટું સુખ હતું.

'વાણી', ૧, નટરાજનગર, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫, મો.-૯૪૨૬૪ ૮૧૩૮૭

ગુજરાતી લઘુકથામાં લાઘવ, સિચ્યુએશન અને સંવેદન

- સોમાભાઈ વિ. પટેલ

ગુજરાતી સાહિત્યક્ષેત્રે અર્વાચીન યુગના ઉદય પછી જે નવા ઉન્મેષો પ્રગટ્યા તેમાં ઉર્મિકાવ્ય- ખંડકાવ્ય જેવા પદ્યસ્વરૂપોથી માંડીને નવલકથા -નાટક -એકાંકી -ટૂંકી વાર્તા જેવા ગદ્યસ્વરૂપોનું સર્જન નોંધપાત્ર રહ્યું છે. પણ આવાં ગદ્યસ્વરૂપોમાં એક નાનકડું/નમનીય ગદ્યસ્વરૂપ ''લઘુકથા'' રૂપે છેલ્લી અર્ધી-પોણી સદી દરમિયાન પ્રગટ્યું અને વિકસ્યું, તેની નોંધ લેવી પણ આવશ્યક ગણાય. ટૂંકી વાર્તા અને ટૂચકા જેવા લઘુ સ્વરૂપોથી ભિન્ન એવું આ ગદ્યસ્વરૂપ તેની પોતીકી લાક્ષણિકતાઓની કારણે વિકાસની ઘણી શક્યતાઓ ધરાવે છે. એમાં શંકા નથી, અલબત્ત, એનો આધાર વર્તમાન અને ભાવી સર્જકોની આ સ્વરૂપ વિશેની સ્પષ્ટ સમજ અને તેમણી સર્જનક્ષમતા ઉપર નિર્ભર રહે છે.

આ લઘુકથાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ શી ? ટૂંકી વાર્તા, ટૂચકો કે પ્રસંગ ચિત્ર જેવા લઘુ સ્વરૂપોથી તે કઈ રીતે જુદી પડે છે? ઉમાશંકર જોશીએ ટૂંકી વાર્તાને ''અનુભૂતિ'' કહી છે એ એ દૃષ્ટિએ ટૂંકીવાર્તાને વિશિષ્ટ ભાવ પરિસ્થિતિને સાકાર કરતી કલાસર્જનની પ્રવૃત્તિ ગણીએ તો લઘુકથા ને તેનાથી અલગ ઓળખવા માટે તેમાં કયા વિશિષ્ટ તત્ત્વોની અપેક્ષા રાખીશું.?

લઘુકથામાં લાઘવ લાભ તો અપેક્ષિત છે. લઘુકથાને તેના લાઘવના આ કારણે જ તો આ નામ મળ્યું છે એટલે લાઘવ લઘુકથાનું પ્રમુખ લક્ષણ અવશ્ય ગણાય. પરંતુ લાઘવ ટૂંકી વાર્તામાંયે હોય અને ટૂચકામાંય હોય. એટલે માત્ર લાઘવના કારણે જ કારણે જ આ સ્વરૂપ વચ્ચેની ભેદરેખા દોરવાનું સહેલું નથી. અને એથી ''લાઘવ'' લઘુકથાનું એક પ્રમુખ લક્ષણ છતાં તેનું નિર્ણાયક તત્ત્વ કે તેનો આત્મા ન બની શકે. તો, આ કથા પ્રકારનાં એવા બીજા વિશિષ્ટ તત્ત્વો છે, જે એના અન્ય લઘુસાહિત્ય સ્વરૂપોથી અલગ ઓળખ આપે છે.?

મારી દૃષ્ટિએ લઘુકથાને અને અન્ય ગુજરાતી લઘુ સાહિત્યકારોથી જુદું પાડતાં અન્ય લક્ષણો મુખ્યતઃ બે ગણી શકાય. એક પરિસ્થિતિ અર્થાત્ સિચ્યુએશન, અને બીજું સ્પર્શક્ષમ સંવેદન જગવવાની ક્ષમતા.

ટૂંકી વાર્તામાં કોઈ ઘટના પ્રસંગ અનિવાર્યપણે હોય. લઘુકથામાં ઘટના હોય અને ન પણ હોય. એમાં ઘટના હોય તોય તેને એનું ખાસ મહત્ત્વ નથી હોતું. ઘટનાનું મહત્ત્વ ન હોય એટલે આમાં પ્રસંગના આયોજનની અને તેના ચમત્કૃતિજન્ય અંતની અપેક્ષા પણ નથી હોતી. લઘુકથાના આદ્યસર્જક મોહનલાલ પટેલ એટલે જ લઘુકથામાં ''ઘટના'' શબ્દના બદલે ''પરિસ્થિતિ'' અને તેય ક્ષુદ્ર કે ક્ષુલ્લક પરિસ્થિતિ કે ''સિચ્યુએશન'' એવો શબ્દ પ્રયોજે છે. તેઓ વારંવાર કહે છે 'ક્ષુદ્રમાં ક્ષુદ્ર સિચ્યુએશન ''સ્થિતિ સંજોગો હોય તો પણ સફળ લઘુકથા સંભવી શકે છે અહીં ક્ષુદ્ર એટલે તુચ્છ નિરર્થક કે નકામું એવો અર્થ લેવાનો નથી.

ક્ષુદ્ર કે સામાન્ય સિચ્યુએશન દ્વારા થતો ઊર્મિવિસ્ફોટ કે માનવીય સંવેદનાની અનુભૂતિ લઘુકથાની અનિવાર્ય શરત ગણાય. અહીં એ પણ નોંધવું જોઈએ કે લઘુકથાનો ઉદભવ ભલે કોઈ નગણ્ય, સામાન્ય કે ક્ષુદ્ર સિચ્યુએશનમાંથી થતો હોય

લઘુકથાના વસ્તુની દૃષ્ટિએ ક્ષુદ્ર એટલે સાવ સામાન્ય, ભારેખમ નહીં એવા અલ્પ ફલકવાળું લઘુકથાનો વસ્તુફલક ભલે કોઈ ઠોસ ઘટના પર આધારિત ન હોય, એમાં નિરૂપિત પરિસ્થિતિ કે સિચ્યુએશન ભલે સાવ સામાન્ય કે ક્ષુલ્લક હોય તેમ છતાં એ ભાવકના ઊર્મિતંત્રને ઝંકૃત કરી શકવાની ક્ષમતાવાળું હોય એ અતિ આવશ્યક છે. ક્ષુદ્ર કે સામાન્ય સિચ્યુએશન દ્વારા થતો ઊર્મિવિસ્ફોટ કે માનવીય સંવેદનાની અનુભૂતિ લઘુકથાની અનિવાર્ય શરત ગણાય. અહીં એ પણ નોંધવું જોઈએ કે લઘુકથાનો ઉદભવ ભલે કોઈ નગણ્ય, સામાન્ય કે ક્ષુદ્ર સિચ્યુએશનમાંથી થતો હોય પરંતુ એ જે સિદ્ધ કરે છે તે જરાયે ક્ષુદ્ર નથી હોતું. એ ભાવકના ચિત્રમાં સ્પર્શક્ષમ સંવેદન પ્રગટાવવાનું નિમિત્ત બની જીવનના કોઈ એકાદ રહસ્યની પ્રતીતિ કરાવી જતું હોય છે.

મોહનલાલ પટેલની લઘુકથા ''લિખિતંગના પાયલાગણ''માં ઘટના સાવ ક્ષુલ્લક છે. ધંધામાં ગળાડૂબ દીકરો પિતાને ખુશી સમાચારનો ટૂંકો પત્ર લખે છે. તેમાં શરૂઆતના સંબોધનમાં કુટુંબના બીજા સભ્યોનાં નામની સાથે થોડા દિવસ પહેલાં મૃત્યુ પામેલા તેના નાના ભાઈનું નામ પણ (અગાઉની ટેવ મુજબ) લખી દે છે. પિતા આ પત્ર વાંચે છે ત્યારે સમજી જાય છે કે પુત્રએ પત્ર લખ્યો છે પણ એમાં હૃદય નથી. માત્ર ઔપચારિકતા છે, યંત્રવતતા છે. લખનારને આની ખબર નથી પણ એ વાંચનાર વૃદ્ધ પિતાના હૈયાને એ ક્ષણ કેટલી આઘાતજનક નીવડે છે!

ઉપેન્દ્ર રાવલ કૃત 'વાચા' પણ રોજ-બરોજના સાવ સામાન્ય પ્રસંગ પર આધારિત છતાં અત્યંત મર્મસ્પર્શી લઘુકથા કૃતિ છે. શેરીમાં ભીખ માંગવા ફરતી એક ગરીબ ભિખારણની સાથે ચાલતી એની દીકરીએ કેડમાં નાનાભાઈને તેડ્યો છે. લેખકે શેરીમાં દેખાતા આ રોજબરોજનાં દૃશ્ય અને માત્ર બે શબ્દોના ઉચ્ચારણના સિચ્યુએશનના આધારે એક ઉત્તમ લઘુકથા સર્જી છે. નાનાભાઈને પહેલી વખત વાચા ફૂટેલી સાંભળતા હર્ષઘેલી બનેલી બહેન તેની આ સિદ્ધિ વિશે તેની માને કહેવા પ્રયત્ન કરે છે અને માગવામાં વિક્ષેપ થતો હોવાને કારણે એક વાર તો તેને માના હાથનો તમાચો ખાવો પડે છે.પણ છેવટે અવકાશ મળતાં ભાઈના પ્રથમ ઉચ્ચારેલા શબ્દો 'આપો બા' ની વાત કરતાં રાજી રાજી થઈ જાય છે. કુટુંબમાં કમાઉ દીકરાનો ઉમેરો થયો છે. એનો મા-દીકરીને થતો આનંદ ઘણું કહી દે છે. પણ બીજી તરફ ભાવકપક્ષે આ ઘટનાના સંદર્ભમાં હૃદયમાં જાગતી કરુણાજનક સભાનતા પણ ઓછી સ્પર્શક્ષમ નથી.

લઘુકથામાં ઘટના ન જ હોય, કે પરિસ્થિતિ અર્થાત્ સિચ્યુએશન ક્ષુલ્લક જ હોય એ આવશ્યક નથી. કેટલીક લઘુકથાઓમાં કંઈક ઠોસ ઘટના અને તેનું આયોજન પણ હોય છે. કોઈ કોઈ લઘુકથામાં આવી ઘટના અને તેનો વિકાસ ટૂંકી વાર્તાની લગોલગ પહોંચી જાય એવો હોય છે. પણ આવા વખતે લઘુકથાનો લેખક ટૂંકી વાર્તા નીપજાવવાની લાલચમાં ન ખેંચાઈ જાય એટલી સભાનતા આવશ્યક ગણાય. ટૂંકી વાર્તામાં form અને totality of effect ઉપર સર્જકની સતત નજર હોય છે અને એ માટે જરૂરી આયોજન પ્રત્યે એ ખૂબ સભાન હોય છે. લઘુકથામાં સર્જકની નજર કોઈ પરિસ્થિતિ કે સિચ્યુએશનની પસંદગી અને તેમાંથી તથા ઊર્મિવિસ્ફોટ દ્વારા જીવનનું કોઇ રહસ્ય સૂચિત કરવા તરફ હોય છે. ટૂંકમાં, લઘુકથામાં ઘટના હોય તોયે સર્જકનું લક્ષ્ય તો એવી પરિસ્થિતિ કે એવી સિચ્યુએશનને પારખી લેવા તરફ હોય જે ઊર્મિવિસ્ફોટક બનવાની ક્ષમતા ધરાવતું હોય.

રમેશ ત્રિવેદીની લઘુકથા 'સફર'માં ઘટના વાસ્તવભૂમિ પર ક્યાંય ઘટતી નથી, તેમ છતાં તેમાં ઘટના છે, જે કથાનાયકની મનોભૂમિમાં ઘટે છે. સ્વજનવિહોણા એકાકી વૃદ્ધની આ કરુણગર્ભ સંવેદન કથા એક સારી ટૂંકી વાર્તા પણ બની શકે, પરંતુ એમાં એવાં સિચ્યુએશનને કેન્દ્રમાં રાખ્યું છે, જેના દ્વારા કથાનાયકના મનોવિશ્વમાં રહેલાં અતીતનાં સંસ્મરણો અને સ્વજન સહચર્યની ઝંખનાનું સ્પર્શક્ષમ આલેખન થઈ શકે.

વાર્તાના આરંભમાં ૬૦ની વયમાં પ્રવેશેલા પ્રો.જી.કે. અર્થાત્ ફાધર ઓફ ફિલોસોફી રોકેટગતિએ અવકાશમાં સફર કરતા હોય એવું આલેખન છે. કથાનાયકની આ અવકાશી સફર વસ્તુતઃ કયાંય ઘટતી નથી અથવા ઘટે છે તો માત્ર તેમની મનોભૂમિમાં પ્રો.જી.કે.નો આ જન્મદિવસ છે. સવારે નવ વાગ્યે ઘરની બહાર નીકળે છે. વાર્ધક્યના કારણે મંદગતિ છે. પોળના ખૂણેથી ટ્રાફિકવાળા રસ્તા પર આવી ઊભા રહે છે. કોઈનું સહચર્ય નથી. એકલા છે. જીવનમાં પણ પત્ની, પુત્ર-પૌત્રાદિ સર્વ સ્વજનો અવસાન પામ્યાં છે. જન્મદિને ઊભરાતાં અતીતનાં સંસ્મરણો સ્વજન-સાહચર્યની પૂર્વ અનુભૂતિની ક્ષણો અને એ માટેની ઝંખના મનોગતમાં તીવ્રપણે જાગી ઊઠે છે અને આ ક્ષણો દરમિયાન એ અવકાશી સફરમાં લીન થાય છે.હવે એમને ઓગળી જતાં વૃક્ષો, નદીઓ, પહાડો, મહાસાગરો ઉપખંડો બધું નજર સામે તરવરે છે. સાહચર્યની તીવ્રક્ષણોને ઝંખતા કથાનાયકને સર્વ સ્વજનોના અવાજો પણ અવકાશની અભેદ્ય દીવાલોની પેલે પારથી સંભળાય છે. પણ બીજી જ ક્ષણે મંદગતિએ ચાલતા કથાનાયકનું છાણના પોદળામાં ખૂંપી ગયેલું ચંપલ તેમને વાસ્તવભૂમિમાં પાછા ખેંચી લાવે છે. હવે એમને ટાવરના ડાયલના ગાયબ થઈ ગયેલા કાંટા બરાબર દેખાય છે અને નવના ટકોરા પણ સંભળાય છે. એ સાથે પિન્ટુની વ્હાલી દાદીએ બરાબર વાર્ધક્યનો અહેસાસ આપતી નિઃસહાય એકાદી જિંદગીની સફર માટે ધીમેથી ડગ ભરતાં આગળ વધે છે. સ્વજન વિહોણા એકાકી વૃદ્ધની આ કરુણ ગર્ભકથામાં ઘટના છે પરંતુ એમાં જે સ્થિતિ-સંયોગ કે સિચ્યુએશન છે એના કેન્દ્રમાં છે, જે વૃદ્ધ નાયકની સ્વજન સાહચર્યની ઝંખનાના આલેખન દ્વારા ભાવકચિત્તમાં પણ તીવ્ર સંવેદના જગાવી જાય છે.

લઘુકથામાં આલેખાયેલ ઘટના ક્ષુલ્લક હોય કે મહત્ત્વની હોય, સર્જકનું લક્ષ્ય તેમાંથી સહજ રીતે પ્રગટતા ઊર્મિવિસ્ફોટ કે તીવ્ર સંવેદન સિદ્ધ કરવા તરફ હોઈ, તીવ્ર સંવેદન જગાવ્યા પછી તે ઘટનાના વિસ્તારને કોઈ જ અવકાશ હોતો નથી

લઘુકથામાં આલેખાયેલ ઘટના ક્ષુલ્લક હોય કે મહત્ત્વની હોય, સર્જકનું; લક્ષ્ય તેમાંથી સહજ રીતે પ્રગટતા ઊર્મિવિસ્ફોટ કે તીવ્ર સંવેદન સિદ્ધ કરવા તરફ હોઈ, તીવ્ર સંવેદન જગાવ્યા પછીતે ઘટનાના વિસ્તારને કોઈ જ અવકાશ હોતો નથી. આમ છતાં કોઈ સર્જક તેને વિસ્તારવા જાય તો તે કૃતિનું કલાતત્ત્વ ક્ષતિ પામે એ શક્ય છે.

લઘુકથાનો સર્જક જાગૃત હોય તો લઘુકથાના સર્જન માટે નાનાં-મોટાં સિચ્યુએશન શોધવા ક્યાંય જવાની જરૂર

ગયો હતો. ચં.ચી.મહેતા ઘણા જ ગુસ્સાવાળા હતા પણ યઝદીભાઈ આ તમામ ગુસ્સો સહન કરીને પણ પોતાનો નાટકનો શોખ પોષતા હતા. ચં.ચી.મહેતા જ્યારે વડોદરાથી મુંબઈ જવાના હોય ત્યારે યઝદીભાઈને અગાઉથી લખી જણાવે કે ફલાણી તારીખે ફલાણી ટ્રેનમાં તેઓ મુંબઈ જવાના છે. તેમાં ગાડી નંબર, સીટ નંબર, કોચ નંબર પણ લખેલો હોય. આથી યઝદીભાઈ તેમનાં પત્ની સાથે સુરત સ્ટેશન ચા અને જાતજાતનું ખાવાનું લઈને પહોંચી જતા. ચં.ચી.મહેતા પોતે પણ ખાવાના ખૂબ શોખીન હતા.

યઝદીભાઈની ત્રીજી પેઢી પણ હવે નાટકમાં આવી ગઈ છે. તેમના ભાઈ મહેરનોશ, પત્ની વીરા, પુત્રી, પુત્ર પણ નાટકમાં કામ કરે છે. જોકે, તાજેતરમાં જ તેમના ભાઈ મહેરનોશનું અવસાન થયું છે. પારસી રંગમંચને જીવંત રાખવાનો જાણે તેમણે ભેખ લીધો છે. કોઈ તેમને સવાલ કરે કે પારસી રંગભૂમિ જીવંત રહેશે કે કેમ? ત્યારે તેઓ કહે છે કે જ્યાં સુધી એક પારસી પણ હશે ત્યાં સુધી પારસી રંગભૂમિ ખતમ થાય એવી કોઈ વાત જ નથી. તેમનાં પત્ની વીરા સાથેનાં લગ્નની પણ એક અનોખી કથા છે. આમ તો વીરા યઝદીભાઈના કાકાનાં પુત્રી થાય. તેમના કાકા મહારાષ્ટ્રના ઈગતપુરી ખાતે આવેલા પારસી મંદિરમાં પૂજારી હતા. તેમના દાદીને વીરા બહુ પસંદ હતી. એકવાર દાદીને ટીબી થયો એટલે હવાફેર માટે તેમને લઈ ઈગતપુરી ગયા. ત્યારે દાદીએ કાકાને કહ્યું કે વીરાના યઝદી સાથે જ લગ્ન કરીએ. તેને આપણા ઘરમાં જ રાખવી છે. આથી ૧૯૬૧માં તેમનાં લગ્ન થયાં. યઝદીભાઈ તેમની પત્ની કરતાં ઊંચાઈમાં થોડા નીચા, શરીરમાં પણ એકવડા બાંધાના તેમ છતાં તેમનો સંસાર સુખમય ચાલ્યો. યઝદીભાઈનાં પત્ની વીરાબેન કહે છે કે યઝદીભાઈ આ ઉંમરે પણ ખૂબ સારા તરવૈયા છે. યઝદીભાઈ તેનો યશ તેમના ગુરુ ચીમનલાલ લાપસીવાલાને આપે છે. ૨૦૦૬માં સુરતમાં ભયાનક પૂર આવ્યું હતું. તેમના ઘરથી ૧૦૦ ફૂટ દૂર પારસી ધર્મશાળા અને હોસ્પિટલ છે. ત્યાં રહેતા લોકોને ખાવાનું, ફળફળાદી પહોંચાડવાનું કામ યઝદીભાઈએ તરતાં-તરતાં કર્યું હતું. કારણ કે અન્ય કોઈ વિકલ્પ જ નહોતો. હોસ્પિટલમાં અને પારસી ધર્મશાળામાં ઘણા લોકો રહેતા હતા એટલે કોમન કિચનમાંથી ખીચડી તથા કેળાની લૂમ તેઓ તરીને મહામુશ્કેલીએ લઈ જતા હતા.

પારસી રંગમંચને જીવંત રાખવાનો જાણે તેમણે ભેખ લીધો છે. તેઓ કહે છે કે જ્યાં સુધી એક પારસી પણ હશે ત્યાં સુધી પારસી રંગભૂમિ ખતમ થાય એવી કોઈ વાત જ નથી

ભાવિ પેઢી વિશે યઝદીભાઈ ભારોભાર આશા અને આદર ધરાવે છે. જોકે તેઓ કહે છે કે હવે નાટકમાં પણ ઘણી ટેક્નોલોજી આવી ગઈ છે. તેઓ જ્યારે નાટક કરતા ત્યારે આટલી બધી સરળતા અને સાધનો પણ નહોતાં તેમ છતાં તેમને નાટકો ટકાવી રાખ્યાં. આજે પણ યઝદીભાઈ તેમની જૂની સાઈકલ પર તેમના શાહપોર-નાણાવટના ઘરેથી કેમ્બે ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમર્સ પર જતાં જોવા મળે છે. અત્યાર સુધીમાં નાટક ઉપરાંત હજારો વિદ્યાર્થીઓને તેઓ ભણાવી ચૂક્યા છે. અનેક એવોર્ડથી વિભૂષિત યઝદીભાઈને ૨૦૨૦માં પદ્મશ્રી પણ મળ્યો છે. પણ જેમ-જેમ તેમનું સન્માન વધતું જાય છે તેમ તેમ તેઓ એટલા જ નમ્ર થતાં જાય છે. તેમને મન પ્રેક્ષકો એ ભગવાન છે અને અભિનય એ પ્રેક્ષકોની પ્રસાદી છે. તેઓ માને છે કે અભિનેતાએ પ્રેક્ષકોનું ક્યારેય અપમાન કરવું જોઈએ નહીં. પોતાના નાટ્યગુરુ માટે પિતા ઉપરાંત ડૉ. રતન માર્શલને તેઓ યશ આપે છે. ૨૦૦૭માં તેમણે સુરતમાં પારસી થિયેટર એકેડમી પણ શરૂ કરી છે. યઝદી કરંજિયા થિયેટર ગ્રૂપના નામે ચાલતી આ પ્રવૃત્તિમાં વધુ ને વધુ યુવાનો જોડાઈ રહ્યા છે. તેમના મતે જો તમે એક મિનિટ પણ હસતાં નથી તો તમે તમારા જીવનની કિંમતી ૬૦ સેકન્ડ ગુમાવી એવું તેઓ માને છે.

એચ-૫/૪૧, નિધિ એપાર્ટમેન્ટ,
પ્રગતિનગર, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩.
મો-૯૮૨૫૪ ૬૪૪૮૧



કબીરસાહેબની હૃદય સોંસરવી ઊતરી જાય એવી સાધુકડી ભાષા

- પુલક ત્રિવેદી


ઈતિહાસ સાક્ષી છે કે, દુનિયામાં જેમણે જનતા સાથે જોડાઈને જે કહ્યું, એમણે લોકહૃદયમાં જબરજસ્ત સ્થાન મેળવ્યું છે. આવા સર્જકો સદીઓ સુધી જનમાસન ઉપર રાજ કરતા રહ્યા છે. કાળની થાપટ આવા સર્જકોના વિચારકોને વિસારે પાડી શકતી નથી. આ સર્જકોની પરિભાષાનું મૂળ તત્વ 'બ્રેવીટી ઈઝ સોલ ઓફ ધ રાઈટિંગ'માં સમાયેલું છે. આ સર્જકો સંક્ષિપ્તમાં ગહન સંદેશ સહજ રીતે આપી દેતા હોય છે. સદીઓથી જાગતું એક નામ એટલે 'કબીર સાહેબ'. અરબીમાં કબીરનો અર્થ થાય છે 'મહાન'. કબીરને કવિ અને વિચારક પહેલાં એક પ્રખર સમાજ સુધારક કહેવા પડે. એ સત્યના અન્વેષક અને ધર્મના સાચા વિશ્લેષક હતા. ઇસવીસન ૧૫મી સદીમાં થયેલા કબીર સાહેબ સિકંદર લોદીના સમકાલીન હતા. એ સમયમાં સમાજમાં જાત-પાતની અરાજકતા અને રૂઢિચુસ્તતાનો માહોલ હતો.

કબીરદાસ એક એવા સર્જક-વિચારક હતા કે, જેમના વિચારો અને રચનાઓએ સતત છેલ્લી છ સદીઓથી ખીલેલાં તાજાં પુષ્પ જેવાં મનમોહક સુગંધની મહેક ફેલાવી છે. આગામી કેટલીય સદીઓ આ વિચારો ચિર સ્મરણીય બની રહેશે. કબીરના વિચારો અને સર્જન જીવનના મૂળ તત્ત્વને રજૂ કરતા હોય છે. એટલે જ એમની રચનાઓમાંથી થોડામાં ઘણી સમજ મળતી હોય છે. કબીરની રચનાઓ અને અભિવ્યક્તિની પરિભાષાને 'પીથી-અર્થી રાઈટિંગ સ્ટાઈલ' તરીકે ઓળખવામાં આવે છે. 'પીથી' એટલે થોડામાં ઘણું અને 'અર્થી' એટલે લોકોના હૃદયથી જડથી જોડાયેલું તત્ત્વ.

લોકોને પોતાની ભાષા અને પોતીકી ભાવના કબીરની રચનાઓમાં અને વાણીમાં લાગે. કબીરની રચનાઓની ભાષા સાધુકડી ભાષા કહેવાય છે. સાધુકડી ભાષામાં એમણે કટ્ટરપંથીઓના અંધવિશ્વાસ અને રૂઢિઓ ઉપર જબરજસ્ત પ્રહારો કર્યા. કબીરજીના સર્જનમાં હિન્દી ભાષાની બધી જ બોલીઓ સમાયેલી લાગે. રાજસ્થાની, હરિયાણવી, પંજાબી, ખડી, અવધિ, વ્રજ, ભોજપુરી વગેરે ભાષાઓનો શંભુમેળો કબીરના સર્જનમાં બિલકુલ સહજતાપૂર્વક સરળતાથી વહેતો જોવા મળે છે. આમ જોવા જઇએ તો કબીરની પ્રસ્તુતિની પરિભાષા 'ખીચડી' ભાષા કહેવાય. 'ખીચડી' સરળતા અને ઝડપથી પચી જતો જન સામાન્યનો પ્રિય આહાર છે. એવી જ રીતે તદ્દન સરળ ભાષામાં અને ઝડપથી હૃદયમાં ઊતરી જતી 'ખીચડી' ભાષામાં પ્રસ્તુત થયેલા કબીર સાહેબના સર્જનને લોકોના હૃદયમાં અદ્ભુત સ્થાન મળ્યું છે.

ખોટા રીત રિવાજો અને કોઈપણ ધર્મમાં રહેલી અણસમજ કે ગેરસમજને ફેલાવતી વાતોનું કબીરે તેમની સહજ ભાષામાં બેબાક રીતે ખંડન કર્યું છે. લોકોને સમજ પડે એવી 'ખીચડી' ભાષામાં જીવનનો મર્મ અને સત્યની સમજ એમણે સરળતાથી પૂરી પાડી છે. તદ્દન સરળ અને સ્પષ્ટ એવા 'રામ' નામના મંત્રને લઈને કબીરે સામાજિક ચેતના જગાડવાનો ભગીરથ યજ્ઞ આરંભ્યો હતો. સંત રામાનંદજીથી પ્રભાવિત કબીરની અદ્વૈતવાદની ફિલોસોફીને જનમાનસમાં જબરજસ્ત સ્થાન પ્રાપ્ત થયું છે.

સંત કબીરના વિચારોના મજબૂત પ્રભાવનુ એક પ્રમાણ એ છે કે, ૧૫મી સદીમાં જન્મેલા કબીરના વિચારો છેક ૧૭મી સદીમાં 'કબીર બીજક' ગ્રંથમાં પ્રગટ થયા. એટલે કે બે સદીઓ સુધી કબીરના વિચારો કંઠોપકંઠ વહેતા રહ્યા. સંત કબીરના અનુયાયીઓએ તેમની વાણીના સંગ્રહને 'બીજક એવમ્ અનુરાગ સાગર' નામના ગ્રંથમાં સંકલિત કર્યા. એમના વિચારો સાખી, શબદ અને રમયની એમ ત્રણ ભાગમાં પ્રસ્તુત કરવામાં આવ્યા. 'સાખી' સંસ્કૃત શબ્દ સાક્ષી ઉપરથી અપભ્રંશ થઈને આવેલો શબ્દ છે. કબીરજીની વાણી, શિક્ષણ અને સિદ્ધાંતોનું નિરૂપણ આ 'સાખી' વિભાગમાં નિરૂપાયેલા છે. 'શબદ' વિભાગ લયબદ્ધ ગીતોથી બનેલો છે. જેમાં સંત કબીરે પ્રેમ અને અંતરંગ સાધનાની કરેલી અભિવ્યક્તિની લયબદ્ધતા છે, જ્યારે ત્રીજો વિભાગ 'રમય'ની ચોપાઈ છંદમાં લખાયો છે. જેમાં કબીરજીએ રહસ્યવાદી સાત્ત્વિક વિચારોને સુપેરે પ્રગટ કર્યા છે. કબીર સાહેબે પ્રસ્તુત કરેલા વિચારો ભક્તિ, જ્ઞાન અને સંદેશ એમ ત્રણ મહત્ત્વના આધારસ્તંભો ઉપર અડગ ઊભા છે.



સંત કબીરનું સાહિત્યમાં સર્જક તરીકે એક વિશિષ્ટ સ્થાન છે. જીવનના ગૂઢ રહસ્યોની ખૂબ મોટી વાતો અત્યંત સરળતાથી ટૂંકમાં સમજાવતાં સંત કબીર લોકોના હૃદયમાં સીધા ઊતરી જાય છે. કબીરના દોહા જીવનમાં શું કરવું જોઈએ અને શું નહીં એની સરળ અને તળપદી ભાષામાં સમજ આપે છે. જીવનની ફિલોસોફીને સાદગીથી સમજાવતાં કબીરના અનેક દોહાઓ સર્વકાલીન લોકમાનસ ઉપર છવાયેલા રહ્યા છે.

'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
પલ મેં પ્રલય હોયેગી, બહુરી કરે વો કબ'

માત્ર બે લીટીમાં કર્મના સિદ્ધાંતને સંત કબીરદાસજી અદભુત રીતે અભિવ્યક્ત કરે છે. તેઓ કહે છે કે, ભવિષ્યની રાહ જોઈને કામનું આયોજન ન કરાય. જે કામ કાલે કરવાનું છે, એ આજે નહીં બલ્કે અત્યારે જ શરૂ કરવું જોઇએ. જીવન બહુ ટૂંકુ છે અને જો એક પળમાં જીવન સમાપ્ત થશે તો આ કામ ક્યારે કરશો?

'ધીરે ધીરે રે મના ધીરે સબ કુછ હોય,
માલી સિંચે સો ઘડા, ઋતુ આયે ફલ હોયે. '

જીવનમાં ધીરજ સૌથી મહત્ત્વનો સદગુણ છે. કર્મ કર્યા બાદ ફળ માટે ધીરજ અગત્યનું લક્ષણ છે. કબીરદાસજી આ વિચારને એમની ભાષામાં સરસ ઉદાહરણ સાથે સમજાવતાં કહે છે કે, હંમેશાં ધૈર્યપૂર્વક કામ લેવું જોઈએ. વૃક્ષને એક દિવસમાં માળી ભલે સો ઘડા પાણી આપે તોય ફળ તો એની સીઝન આવે ત્યારે જ મળી શકે.

'દુ:ખ મેં સુમીરન સબ કરે, સુખ મેં કરે ન કોઈ,
જો સુખ મેં સુમીરન કરે, દુ:ખ કાહે કો હોય.'

સુખ અને આનંદના સમયમાં ઈશ્વર યાદ આવતા નથી. તકલીફના સમયે ભગવાન યાદ આવે છે. સુખ દુઃખની પરિભાષાને અદ્‌ભુત રીતે અભિવ્યક્ત કરતાં સંત કબીર કહે છે કે, સુખમાં ઈશ્વરને કોઈ યાદ કરતું નથી અને દુઃખમાં બધા જ બે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના કરે છે. પણ જો સુખમાં ભગવાનને યાદ કરવામાં આવે તો દુઃખ આવે જ નહીં.

'માલા ફેરત જુગ ભયા, ફીરા ન મન કા ફેર,
કર કા મનકા ડાર દે, મન કા મનકા ફેર.'

ખાલી દેખાડો કરી માળા ફેરવવાથી કોઇ મતલબ સરતો નથી. આ વાતને કબીરજી સ્પષ્ટ કરતાં કહે છે કે, કેટલાક લોકો વર્ષો સુધી હાથમાં માળા ફેરવે છે, પણ એનું મન બદલાતું નથી. આવા લોકોએ માળા છોડીને મન બદલવું જોઈએ. સચ્ચાઈના રસ્તા પર ચાલવું જોઈએ.

'જૈસા ભોજન ખાઈએ, તૈસા હી મન હોય,
જૈસા પાની પીજીએ, તૈસી બાની હોય.'

અન્ન તેવો ઓડકારની મૂળતઃ પરિભાષા કબીરદાસજી સમજાવતાં કહે છે, જેવું ભોજન લેવામાં આવે, જેની સાથે ભોજન લેવામાં આવે તેના વિચારો મનમાં પ્રવેશે. જેની સાથે જેવું પાણી પીવામાં આવે તેના જેવી વાણી વિકાસ પામે છે. આનો શાબ્દિક અર્થ ન પકડતા તાત્ત્વિક અર્થ સમજવા જેવો છે. કબીર સાહેબના મતે જ્યારે કોઈની સાથે ભોજન લેવા બેસવામાં આવે ત્યારે સ્વાભાવિક રીતે જ બે-ચાર કલાકનો સમય પસાર થઈ જતો હોય છે. આ સમયગાળા દરમિયાન વાતચીતમાંથી સામેવાળી વ્યક્તિના વિચારો જાણે અજાણે માનસપટ ઉપર છવાતા જતાં હોય છે. એટલે જ કબીર સાહેબ કહે છે કે, જેના ઘરે બેસીને ભોજન લેવામાં આવે એના જેવા વિચારો આપણા મનમાં ઉદ્‌ભવવા લાગે. અનાજમાં કોઇ દોષ નથી હોતો. દોષ જેની સાથે બેસીને અનાજ ગ્રહણ કરવામાં આવે છે એની સાથે ગાળેલા સમય અને વિચારોનો હોઈ શકે છે.

'જાતિ ન પૂછો સાધુ કી, પૂછ લીજીએ જ્ઞાન,
મોલ કરો તલવાર કા, પડા રહને દો મ્યાન'
'બડા હુઆ તો ક્યા હુઆ, જૈસે પેડ ખજૂર,
પંછી કો છાયા નહીં, ફલ લાગે અતિ દૂર'

જાત અને સંપ્રદાય ઉપર કબીરજીની સ્પષ્ટ વાત છે કે, મનુષ્ય જ્ઞાનથી ઓળખાય છે. મ્યાનમાં પડેલી તલવાર ગમે એટલી ધારદાર હોય એ કશા ખપમાં લાગતી નથી. મનુષ્ય મોટો થવાથી કોઈ મતલબ સરતો નથી મનુષ્ય સાચો જ્ઞાનમાર્ગી હોય તે જરૂરી છે. કબીરજી કહે છે કે, ખૂબ ઊંચા બનવામાં કોઇ સાર નથી. ખજૂરનું ઝાડ ખૂબ ઊંચુ હોય છે પણ એ વટેમાર્ગુઓને છાંયડો આપવાના કામમાં નથી આવતું વળી એના ફળ પણ અત્યંત દૂર લાગતા હોઈ એ પ્રાપ્ત કરવામાં પણ કષ્ટ પડે છે.

કબીરજીએ સ્વયં અનુભવેલા સત્યના આધાર ઉપર સમાજનું માર્ગદર્શન કર્યું. એ માનતા કે, કુસંગ, છળકપટ, નિંદા, અહંકાર, જાતિભેદ, ધાર્મિક પાખંડ વગેરેનો ત્યાગ કરીને જ સાચો માણસ બની શકે. એમણે હંમેશાં શુદ્ધ આચરણ ઉપર સૌથી વધુ ભાર મૂક્યો.

મોટા મોટા ભારેખમ શબ્દો, છંદો, શબ્દાનુપ્રાસ, વર્ણાનુપ્રાસ, શબ્દોની ચમક-દમક, વિદ્વતા દર્શાવવા માટે ચોક્કસ સારા હોઈ શકે પરંતુ જનસામાન્યના હૃદયમાં ઊતરે એવું ટૂંકું પણ ચોટદાર, સરળ છતાં હૃદયસ્પર્શી લખાણ અને વિચાર હોય એ જ કબીરજીની માફક અનંતકાળ સુધી હૃદય ઉપર રાજ કરે છે. સર્જન તો એ કહેવાય જે હૃદયમાં ઊતરે અને જનતાને જોડે. કબીર સાહેબનું સર્જન અભિવ્યક્તિનું અદ્‌ભુત માધ્યમ એટલા માટે બની ગયું છે કે એમાં આકર્ષણ જમાવવાનું તત્ત્વ લગીરેય નથી. એમા તાજગીસભર નવસંચાર સાથે જીવનકલાની સુવાસ છે.

૫૩૩/૨, 'મનુકુંજ' નિવાસ, સૌરભ સોસાયટી,
સેક્ટર-૨૩, ગાંધીનગર-૩૮૨ ૦૨૩
મો. ૯૯૭૮૪૦૫૮૩૫



" તું મારી સખી "

- ભાર્ગવી આર. ભટ્ટ

મો.-૯૪૨૯૬૩૯૩૩૬




" ક્યાં જઈએ ? "
- દેશળ બી. પગી
મો.-૭૦૪૧૬૯૧૬૫૬


નવલિકા
સંપુટ





“ અનંત ”
- નયના મેવાડા
મો. - ૯૪૨૬૩૮૭૨૭૯

એમ ?!

- મોહમ્મદ માંકડ

મનસુખલાલે ટ્રેનની બારીમાંથી બહાર નજર કરી. સ્ટેશન આવી રહ્યું હતું - એમના ગામ રામપરનું સ્ટેશન. આ સ્ટેશને એ મિત્રો સાથે ફરવા આવતા હતા અને એક વાર, રમેશ ગાંધી પાસેથી ટિકિટના પૈસા લઈને આ જ સ્ટેશનેથી ગાડી પકડીને એમણે રામપર છોડ્યું હતું. સમયની બલિહારી છે ! એ વખતે એ મનસુખ હતા અને ઘસાઈ ઘસાઈને મનસુખિયો બની ગયા હતા. પરંતુ ફરી, આજે મનસુખભાઈ શેઠ બનીને ગામમાં પાછા ફરી રહ્યા હતા !અઢાર-વીસ વરસમાં સમય કેવો પલટી ખાઈ હતો !

માણસ દુનિયાના પડમાં ગમે ત્યાં જાય, ગમે તેટલું કમાય, ગમે તેટલી મહત્તા પ્રાપ્ત કરે, પણ એ બધું બતાવવા માટે એને પોતાના વતનમાં પાછા ફરવાનું મન થાય જ છે. મનસુખિયામાંથી મનસુખભાઈ બનેલા મનસુખલાલ પણ બહુ હરખથી પોતાના વતનમાં પાછા ફરી રહ્યા હતા.

થોડા વખત પહેલાં જ એમણે દિલ્હીથી શાંતિ ગિરધરને પત્ર લખ્યો હતો કે, પોતે વતનમાં આવવા માંગે છે અને ગામ માટે ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેવું કાંઈક કરી છૂટવા માગે છે. શાંતિલાલે બહુ ઉત્સાહથી જવાબ આપ્યો હતો કે, શેઠિયા જરૂર પધારો !

આખા ગામમાં કદાચ, શાંતિ ગિરધર એક જ એમનું મહત્ત્વ સમજતો હતો. એમની જાહોજલાલીની એને એકલાને જ કદાચ ઝાંખી હતી અને એ સારું પણ હતું. મનસુખલાલ ગામમાં રૂપિયાનો ઢગલો કરીને લોકોને આંજી દેવા માગતા હતા. મનસુખિયો બનીને ડંકો વગાડવા ઇચ્છતા હતા. ગામના માણસોને આનંદનો એક આંચકો આપવા માગતા હતા. શાંતિ ગિરધરે ગામમાં એમના વિશે થોડીક વાત તો કરી જ હશે, પણ કહી કહીને એ કહી પણ શું શકે ? મનસુખલાલના ખરા કાઠાની તો એને પણ શી ખબર હોય ? એ તો માત્ર એક જ વાર મનસુખલાલને દિલ્હીમાં મળ્યો હતો અને એ પણ અલપઝલપ ! અને એ પણ દસેક વરસ પહેલાં ! મનસુખલાલ એમની એરકંડિશન્ડ કારમાં જઈ રહ્યા હતા ત્યાં અચાનક એમની નજર શાંતિ ગિરધર અને એના પરિવાર ઉપર પડી - શાંતિ ગિરધર એક સ્ત્રી અને એક છોકરું. મનસુખલાલ પોતાની સાતે ભણેલ ગોઠિયાને ઓળખી ગયા. ગાડી થોભાવી અને બધાંને અંદર બેસાડી દીધાં. શાંતિ ગિરધર પત્નીને દિલ્હી દેખાડવા આવ્યો હતો. એરકંડિશન્ડ કારમાં બેઠો -પોતાની પત્ની સાથે - એટલે - ધન્ય થઈ ગયો ! મનસુખલાલના ભૂતકાળથી એ પરિચિત હતો. વર્તમાનકાળ જોઈને હરખઘેલો થઈ ગયો, ‘બાપુ, શું જમાવટ કરી છે !’

અને એના એ શબ્દોએ જ મનસુખલાલના અને એ શબ્દોએ જ મનસુખલાલના મનમાં, પહેરી વાર, પોતાની એ જમાવટને રામપરના ચોકમાં જઈને ખડી કરી દેવાની ઇચ્છા જન્માવી. ગામડાના માણસો… થોડાક રૂપિયા જુએ ત્યાં તો અંજાઈ જાય ! અરે થોડા વધુ રૂપિયા ખર્ચો તો તમે આખું ગામ ખરીદી શકો !

પણ એ ઇચ્છા થોડા દિવસ છટપટીને શાંત થઈ ગઈ. દિવસો, મહિનાઓ, વર્ષો વીતી ગયાં. ધંધામાં ખૂંપી ગયેલા મનસુખલાલને નવરાશ જ ક્યાં હતી ?

પણ થોડા દિવસ પહેલાં ચાલીસ વર્ષ પૂરાં કરીને એકતાલીસમા વર્ષમાં સફર કરવાનું શરૂ કર્યું, ત્યારે મનસુખલાલને ફરીથી વતનના વિચારો આવવા લાગ્યા, બીજા વિચારો પણ આવવા લાગ્યા. કોઈએ કહ્યું છે કે, લાઈફ બિગિન્સ એટ ફોર્ટી, - એ તો કોણ જાણે, પણ ચાલીસ વર્ષ પછી જિંદગી કોઈક પલટો તો જરૂર લેતી હશે, કારણ કે, મનસુખલાલને આજ સુધી ક્યારેય નહોતા આવ્યા એવા વિચારો એક સાથે આવવા લાગ્યા. જિંદગી ચાલીસ વર્ષે શરૂ થતી હોય કે ન હોય પણ મનસુખલાલે તો હવે એ શરૂ કરવી જોઈએ. પૈસા હતા. ધંધો હતો, આબરુ હતી. પણ પત્ની નહોતી, બાળકો નહોતાં. સંસાર નહોતો… હવે મોડું ન કરવું જોઈએ.

અને જૂના દિવસોનાં સ્મરણો, જૂના ઘાની જેમ હૃદયમાં ખટકવા લાગ્યાં. રામપરમાં જ રસિકલાલ જગજીવનની દીકરી અરુણા સાથે એમની સગાઈ થઈ હતી. એ તોડી નાખીને

રસિકલાલે અરુણાને કલકત્તા પરણાવી દીધી હતી, કેવા દિવસો હતા ! નોકરી-ધંધો, કશું જ નહોતું. મૂડી તો હતી જ નહીં, પણ ઉધાર-ઉછીના લેવાની શક્તિ પણ ખર્ચાઈ ગઈ હતી. રમેશ ગાંધી સિવાય કોઈ મિત્ર, કોઈ સંબંધી, બે પૈસા આપવા પણ તૈયાર નહોતો. ગામ છોડ્યું એ પણ રમેશ પાસેથી પૈસા લઈને છોડ્યું હતું. રમેશ સ્ટેશન સુધી મૂકવા પણ આવ્યો હતો અને હિંમત પણ આપી હતી. એટલું જ નહીં, અમદાવાદ ગયા પછી એક વાર પૈસા મંગાવ્યા હતા ત્યારે પૈસા પણ મોકલ્યા હતા, પણ પછી તો એય ઘસાઈ ગયો હતો.

મનસુખલાલ અમદાવાદમાં પણ નિષ્ફળ ગયા અને ત્યાંથી ભાગીને અજમેર અને ત્યાંથી દિલ્હી પહોંચ્યા. દિલ્હી પહોંચીને એમણે રમેશને થોડા પૈસા મોકલવા પત્ર લખ્યો. પણ રમેશે પોતાની લાચારી જાહેર કરી. મનસુખલાલને લાગ્યું કે કાં તો મિત્ર ઘસાઈ ગયો, કાં તો થાકી ગયો. છતાં રમેશ સાથે ઘણા વખત સુધી પત્રવ્યવહાર ચાલુ રહ્યો. એકબીજાના ખબર અંતર બંને જાણતા રહ્યા. મનસુખલાલની સ્થિતિ ધીમે ધીમે સુધરવા લાગી અને... રમેશની સ્થિતિ બગડવા લાગી. જોકે, મનસુખલાલને એ વાત બહુ સાચી ન લાગી, રમેશ એમની નવી માગણી સામે અગાઉથી જાણે પાળ બાંધી રહ્યો હોય એમ એમને લાગ્યું, જોકે નવી કોઈ માંગણી કરવી જ ન પડે એવી સારી સ્થિતિમાં એ ક્યારના પહોંચી ગયા હતા.

અને એક દિવસ રમેશનો પત્ર આવ્યો. હજી પણ એમને એ યાદ છે. એમાં લખ્યું હતું કે, ગમે તેમ કરીને રૂપિયા પાંચ હજાર મોકલો.

મનસુખલાલ આંચકો ખાઈ ગયાઃ પાંચ હજાર !



રમેશના રૂપિયા એમની પાસે લેણા હતા, પણ એક સાથે પાંચ હજાર મોકલી શકે એવી સદ્ધર સ્થિતિ એ વખતે એમની નહોતી.

રમેશનો પત્ર ફરીથી આવ્યો કે, બાકી હતા એ નહીં, પણ મિત્રદાવે પણ પૈસા મોકલો. બહુ મુશ્કેલી છે.

મનસુખલાલને લાગ્યું કે, રમેશ જૂના પૈસા વસૂલ કરવા માટે નવી તરકીબ અજમાવી રહ્યો છે. એમણે પત્રનો જવાબ જ ન લખ્યો.

પૈસા આપવા એ તૈયાર હતા. પણ એક સાથે એટલા પૈસા આપી શકે તેમ નહોતા અને રમેશે પણ ક્યાં એક સાથે પૈસા આપ્યા હતા ?

પણ એ વાતને તો વર્ષો વીતી ગયાં ! આજે તો એક સાથે આપવા એ તૈયાર છે. એટલું જ નહીં, લીધા હતા એ કરતાં દસ ગણા આપવા તૈયાર છે. શાંતિ ગિરધર દસેક વર્ષ પહેલાં મળ્યો ત્યારે રમેશ ગાંધીની સ્થિતિ વિશે એમણે પૂછ્યું હતું. શાંતિએ કહ્યું હતું કે, સ્થિતિ ખાસ સારી નહોતી. આજે માત્ર એક જ દિવસમાં, એક ધડાકે, રમેશની સ્થિતિને એ સુધારી દેવા માગતા હતા. એને ન્યાલ કરી દેવા ઇચ્છતા હતા. દ્રૌપદીએ બાંધેલ પાટામાં રહેલા ધાગા જેટલાં ચીર કૃષ્ણે પૂર્યાં હતાં. રમેશે આપેલ રૂપિયાના બદલામાં એવું જ મનસુખલાલ કરવા ઇચ્છતા હતા. રામપરમાં પહોંચીને જયજયકાર કરી દેવા માગતા હતા !

અને ગામડાના માણસોની એક મજા હતી. કૂકડીનું મોં ઢેફલે ! થોડું ખર્ચો ત્યાં રાજી રાજી !

રામપર તો ખોબા જેવડું ગામ છે. નથી હાઈસ્કૂલ, નથી સારું દવાખાનું, અરે, ગામમાં સારો અવેડો પણ નથી ! પૈસા વાપરવા જ હોય તો દસ ઠેકાણાં ખાલી છે. ગામમાં પાકાં મકાન પણ કેટલાં છે ? મનસુખલાલને થયું કે, એક નાનકડું સુંદર મકાન વતનમાં પણ બનાવવું જોઈએ. ભલે ખાલી પડ્યું રહે, ભલે અહીં રહેવાનું ન હોય પણ એક સરસ મકાન... નદીના કાંઠે ઢોરા ઉપર બનાવવું જોઈએ. બાજુમાં આઉટ-હાઉસ જેની એકાદ ઓરડી બનાવી દેવી. ચોકીદાર જેવો માણસ એમાં રહે, મકાન સાચવે, દૂરથી માણસોની નજર પડે... નદીના કાંઠે સફેદ ઈંડા જેવી બંગલી શોભતી હોય !

મનસુખલાલ ઉત્તેજિત થઈ ગયા. રામપર સ્ટેશન

આવી રહ્યું હતું. સીટ પરથી એ ઊભા થઈ ગયા. મકાન તો અહીં બનાવવું જ. ભલેને વર્ષે બે વર્ષે અહીં આવવાનું થાય, પણ આવવાનું થાય ત્યારે... નદી કાંઠે, નાનકડા બંગલાના ટેરેસમાં એ ઊભા હોય, નદીમાં પાણી વહેતું હોય, ક્યારેક સૂર્ય ઊગતો હોય, ક્યારેક સાંજ ઢળતી હોય, આકાશમાં ક્યારેક ચંદ્ર પૂર્ણકળાએ ખીલ્યો હોય, લાલ કિલ્લો અને જમના નદી એમને સાંભરી ગયાં... રામપરના લોકોને મન તો એ દિલ્હીના બાદશાહ જ ગણાય !

સ્ટેશન આવી ગયું, મનસુખલાલે એમની સાથેના નોકરને કહ્યું, 'ભંવરલાલ, સામાન ઊઠા કર નીચે લે આઓ.'

'જી,' ભંવરલાલે માથું નમાવીને કહ્યું.

ફર્સ્ટ ક્લાસના ડબ્બામાંથી નીચે ઊતરીને મનસુખલાલે ચારે તરફ નજર કરી. શાંતિ ગિરધર દૂર ઊભો હતો. એણે હાથ ઊંચો કર્યો અને દોડતો એમની પાસે પહોંચ્યો.

મનસુખલાલ સહેજ નારાજ થઈ ગયા, 'એકલા જ આવ્યા છો ?'

શાંતિ હસ્યો, 'આપે કોઈને કહેવાનું લખ્યું નહોતું. મને થયું કે, કહેવાનું નહીં હોય, નહીં તો અમે તો સામૈયું કરત !' અને ફરી હસી પડ્યો.

મનસુખલાલને થયું કે, આ પણ ઠીક છે. લોકો એમના આગમનથી આશ્ચર્ય અનુભવે એમાં પણ કશું ખોટું નથી.

ભંવરલાલ મજૂર ઉપર સામાન લાદીને નજીક આવી પહોંચ્યો. મનસુખલાલે શાંતિને પૂછ્યું. 'ઘોડાગાડી તો મળશે ને ?'

'અરે, સાહેબ, એવી વાત શું કરો છો ? આપના માટે ટેક્સી તૈયાર રાખી છે. સુલેમાન કરીમના દીકરા અલીભાઈને પાંચ ટેક્સી છે. ગામમાં મોટરનો તૂટો નથી'

'એમ ?' મનસુખલાલે શાંતિ સામે જોયું.

'આપનો ઉતારો પંચાયતના ગેસ્ટ હાઉસમાં રાખ્યો છે. પહેલાં તો થયું કે, 'ઉમા મિકેનિક'વાળાને કહીને એમના ગેસ્ટ હાઉસમાં ગોઠવણ કરું પણ પછી થયું કે, એ કદાચ માફક આવે ન આવે, એના કરતાં પંચાયતનું સારું. કોઈની ખટખટ તો નહીં.'

'ઉમા-મિકેનિક ?!...' મનસુખલાલને આશ્ચર્ય થયું.

'ચતુર મિસ્ત્રીના દીકરા મહેન્દ્રનું કારખાનું છે - જમાવટ કરી છે ! એવા લેથ બનાવે છે કે, આમ ઠેઠ મદ્રાસ સુધી ને આમ આસામ સુધી જાય છે !'

'એમ ?' મનસુખલાલ માથું હલાવતાં હલાવતાં સ્ટેશન બહાર નીકળ્યા.

બહાર બધું જ ફરી ગયું હતું. મોટા ધૂળિયા ચોગાનમાં હવે ડામર પથરાયેલો હતો. ગામમાં જતો રસ્તો પણ પાકો હતો. એક તરફ રિક્ષાઓ પડી હતી. બીજી તરફ ચારેક ટેક્સીઓ પડી હતી. સ્ટેશનની જગ્યા એ જ હતી, પણ એની સિકલ ફરી ગઈ હતી. શાંતિ ગિરધરે એક ટેક્સીમાં સામાન મુકાવ્યો. વાતો કરવાનું ચાલુ રાખ્યું, 'પહેલાં અહીં આ ટ્રેન ઊભી રહેતી નહોતી, પણ આજુબાજુના બધા ગામવાળાઓએ ભેગા મળીને સત્યાગ્રહ કર્યો એટલે રેલવેવાળાઓએ નમતું જોખ્યું. ગામમાં જાગૃતિ ઘણી જ આવી ગઈ છે, હવે કાંઈ, પહેલાં જેવું નથી.'

મનસુખલાલ માથું હલાવતા રહ્યા. એમની નજર થોડે દૂર આવેલ નવાં મકાનોના જૂથ ઉપર પડી, કોઈક સંસ્થા હોય એવું લાગતું હતું. શાંતિને પૂછવા માટે એની તરફ ફર્યા, પણ ધનવાનોના વિચારો જાણી જવાની અજબ આવડતવાળો શાંતિ સામેથી જ બોલ્યો, 'એ કે. બી. શાહ મેડિકલ સેન્ટર છે. કાલિદાસ ભૂધરને તો તમે ઓળખોને ? હા, નગરશેઠના કુટુંબીઓ. એક વાર બીડી પીવાના પૈસા એમની પાસે નહોતા રહ્યા - વાત સાચી, પણ એમના દીકરાએ દી' વાળ્યો ! મુંબઈ જઈને લોખંડ બજારમાં એવું કમાયો, એવું કમાયો કે, રૂપિયા ક્યાં નાખવા એ સવાલ થઈ પડ્યો ! વતનના ગામમાં એમણે પહેલાં તો એક સારું દવાખાનું શરૂ કરાવ્યું પણ પછી તો એમાં દર વર્ષે નવા નવા વિભાગો વધારતા જ રહ્યા. ઓછામાં ઓછા



Ahmedabad Railway Station (West India). Transit point for travelers to Dwarka and the Rann of Kutch Salt Flats

પચીસેક લાખ રૂપિયા દાનમાં આપ્યા છે. ટી.બી.થી માંડીને આંખનાં અને દાંતનાં દર્દી સુધીની સારવારની સગવડ છે. કહે છે કે, આ વર્ષે ફરીથી પાંચ લાખનું દાન આપવાના છે - નવાં સાધનો માટે.'

'એમ ?' મનસુખલાલ શાંતિ સામે તાકી રહ્યા.

'કાલિદાસનો તો અવતાર સુધરી ગયો છે ! ગામમાં એક સરસ બંગલો બનાવ્યો છે. અહીં રહેવું હોય એટલો વખત કાલિદાસ અહીં રહે, બાકી મુંબઈ.'

મનસુખલાલ ટેક્સીમાં બેઠા, શાંતિ સંકોચપૂર્વક એમની બાજુમાં બેઠો. એક મોટો વળાંક લઈને ટેક્સી લીલીછમ વાડી પાસેથી પસાર થઈ, વાડીમાં પણ કોઈક સંસ્થા હોય એવાં મકાનો હતાં. શાંતિએ કહ્યું. 'આ લોકશાળા છે. ચંપકભાઈની વિધવા દીકરીએ આઠ લાખ રૂપિયા આપીને એક ટ્રસ્ટ બનાવ્યું છે.'

'ચંપકભાઈ...?'

'વાડીલાલ ઠાકરશીવાળા, દીકરીને વડોદરા પરણાવી હતી. જમાઈ અકસ્માતમાં ગુજરી ગયા. દીકરી વિધવા થઈ. રમાબહેન, તમે કદાચ ઓળખતા પણ હશો.'

'હા, ઓળખું ને.'

'ટ્રસ્ટ એક હાઈસ્કૂલ પણ ચલાવે છે.'

'હાઈસ્કૂલ પણ છે... એમ ને ?'

'હા, અને ઉમા-મિકેનિકવાળા મહેન્દ્રભાઈ પોલિટેકનિક માટે દોડાદોડી કરી રહ્યા છે. ગામનો તો દસકો છે અત્યારે ! ધંધુકાના જયંતીભાઈ પટેલે જીન શરૂ કર્યું છે. ગામમાં પચાસેક તો હીરાની ઘંટીઓ છે. સાત-આઠ વરસમાં તો ગામનો મોરો બદલી ગયો છે...' શાંતિ ઉત્સાહથી બોલતો હતો. ગામની પ્રગતિની વાત કરતો હતો. મનસુખલાલ મૂંગા હતા. શાંતિને લાગ્યું કે, એ વધુ પડતું બોલી રહ્યો હતો. મૂંગો થઈ ગયો. ટેક્સી પંચાયતના ગેસ્ટ હાઉસ પાસે પહોંચી. જગ્યા ખરેખર સુંદર હતી. ગામથી થોડે દૂર, વૃક્ષોની ઘટાઓ વચ્ચે સરસ નાનકડું મકાન હતું. મનસુખલાલ નીચે ઊતર્યા. શાંતિ એમની બાજુમાં આવીને ઊભો રહ્યો. મનસુખલાલે આજુબાજુ નજર ફેરવી. અહીં પહેલાં છગન માવજીનું પાદરડું હતું - નાનકડું ખેતર. મનસુખલાલ નાના હતા ત્યારે મિત્રો સાથે અહીં બોર પાડવા આવતા. આસપાસ ખુલ્લી ધરતી હતી. સામે નદી હતી. નદીકાંઠે મોટો ટેકરો હતો. લાખા ગીગાનો ઢોરો. એ ઢોરા ઉપર જ મનસુખલાલે, અહીં આવતી વખતે મકાન બનાવવાનો વિચાર કર્યો હતો અને એ ઢોરા ઉપર અત્યારે કોઈકનો મોટો સફેદ બંગલો ઊભો હતો !

મનસુખલાલ એ બંગલા સામે જોઈ રહ્યા - જોઈ જ રહ્યા. ભ્રમ'તો નહોતો ને ? શાંતિ ગિરધર સામે ફરીને એમણે કાંઈક પૂછવા કોશિશ કરી. પણ શાંતિ ગિરધરે એમને એવી તકલીફ લેવા જ ન દીધી.

'લાખા ગીગાના ઢોરા ઉપર રમેશભાઈનો બંગલો છે.' એણે કહ્યું.

'રમેશભાઈ...'

'આપના મિત્ર, રમેશભાઈ ગાંધી, ગયા વર્ષે જ હજી બંગલો બનાવ્યો છે. એમના બંને દીકરા. અનંત અને જપન અત્યારે કુવૈતમાં છે, પાંચ-છ વરસમાં તો રમેશભાઈના ઘરમાં રૂપિયાના ઢગલા થઈ ગયા છે. માણસની વેળા વળે ત્યારે વાર થોડી લાગે છે !'

શાંતિ ગિરધર આગળ બોલવા જતો હતો પણ એકાએક જ અટકી ગયો. મનસુખલાલનો ચહેરો કાળોધબ થઈ ગયો હતો. શાંતિને થયું, કોઈ માઠા સમાચાર તો એનાથી અપાઈ ગયા નહોતા ને ? મનસુખભાઈ શેઠ આમ લાકડું કેમ થઈ ગયા હતા !?

અને મનસુખલાલ ખરેખર સાવ લાકડું જ થઈ ગયા હતા. 'એમ ?...' એટલુંય બોલી શકતા નહોતા. વાચા જાણે વિલાઈ ગઈ હતી.

૧૫૩-બી, સેક્ટર-૨૦,
રાજભવન સામે,
ગાંધીનગર-૩૮૨૦૨૦.



આ આખી દુનિયા ખરાબ છે !

- ડૉ. દિનકર જોષી

વજુભાઈ એટલે સરકારી કચેરીનો એક સામાન્ય પટાવાળો. જુદી જુદી સરકારી કચેરીઓ વચ્ચે અથડાઈ કૂટાઈને નિવૃત્તિ કાળ લગોલગ પહોંચી ગયો હતો. સરકારશ્રીના કોઈક નિયમ પ્રમાણે નિવૃત્તિ કાળની લગોલગ પહોંચેલા કર્મચારીને એના રહેઠાણની નજીકની કચેરીમાં છેલ્લા એક-બે વરસ પોસ્ટિંગ મળે એ પ્રમાણે વજુભાઈનું પણ થયું. ઉષાબહેનના સેક્શનની કચેરી વજુભાઈના ઘરની નજીક હતી એટલે વજુભાઈને ત્યાં નિમણૂક મળી.

ઉષાબહેને જ્યારે આ જાણ્યું ત્યારે કોણ જાણે કેમ એમને આ ગમ્યું નહીં. લાંબા સમયની સરકારી નોકરીને કારણે ઉષાબહેને વજુભાઈને જોયા હતા. પણ કોણ જાણે કેમ એમને વજુભાઈ તરફ એક અણગમો થઈ ગયો હતો. વહેવારમાં આવું બને છે. કોઈક માણસ જોતાવેંત આપણને ગમી જાય અને કોઈક માણસ પ્રત્યે જોતાવેંત અણગમો થાય. આવું થવાનું કારણ માનસશાસ્ત્ર કહી શકે. આપણે તો શું જાણીએ ? પણ ચહેરાથી જ અણગમતા વજુભાઈ પોતાના ડિપાર્ટમેન્ટમાં આવે એ વાત ઉષાબહેને મુદ્દલ ગમી નહીં.

વજુભાઈની બદલી અટકાવવા માટે એમણે લાગતા-વળગતા ઓફિસરને મળીને વાત પણ કરી. પણ પેલા ઓફિસરે કોઈ ખાસ કારણ વિના સરકારી ધારાધોરણમાં વિક્ષેપ કરવા સામે મુશ્કેલી દર્શાવી. વાત હતીય સાચી, ખાસ કોઈ કારણ નહોતું. માત્ર ઉષાબહેનને ન સમજી શકાય એવો અણગમો હતો. સરકારી કચેરીઓમાં તો ફાઈલ ઉપર અને કાર્યવાહીમાં નોંધ મુકાઈ હોય એ અને એટલું જ વંચાય.

જોકે ઉષાબહેન જાણતા હતાં કે, સરકારી કચેરીઓની આ વાત સાચી નથી. લાગતા-વળગતા ઓફિસરો ધારે તો આવી નાનીસૂની વાત ડાબા હાથની ચપટીની જેમ આડા અવળી કરી શકતા હોય છે. ઉષાબહેન પોતે પણ ક્યાં સરકારી ઓફિસર નહોતા પણ પેલા ઓફિસરે સિફતપૂર્વક ના પાડી એટલે ઉષાબહેનની નારાજી બેવડાઈ ગઈ. એક તો વજુભાઈ પટાવાળો પોતે જ અણગમતો અને એમાં સહકર્મચારી ઓફિસરે ઉષાબહેનની વાત માની નહીં. એટલે પછી ઉષાબહેનની નારાજી બેવડાય નહીં તો બીજું શું થાય ? આટલું નાનકડું કામ પણ સાથી કર્મચારીઓ ન કરે એ તો કેટલું ખરાબ કહેવાય પણ ઉષાબહેન પાસે રોષ કર્યા સિવાય બીજો માર્ગ જ નહોતો.

તે દિવસે બપોર પછી ઓફિસના સિનિયર ઓફિસરોની એક મિટિંગ હતી. આ મિટિંગમાં ઉષાબહેનના વિભાગના જે સિનિયર ઓફિસર હાજર રહેવાના હતા એના સહાયક તરીકે એમની સાથે જનારા બીજા ઓફિસર ઓફિસમાં આવ્યા જ નહોતા. સરકારી મિટિંગમાં જનારા સિનિયર ઓફિસર માટે મુશ્કેલી ઊભી થઈ ગઈ. પોતાના ડિપાર્ટમેન્ટની રજૂઆતના આંકડા, બીજી વિગતો સાહેબને જરૂર વખતે પૂરી પાડવા કોઈકે એમની સહાય માટે તો જવું જોઈએ. છેલ્લે વખતે આ કામ કરવાનું ઉષાબહેનને કહેવામાં આવ્યું. ઉષાબહેન જવા માટે તો રાજી હતાં. સરકારી કચેરીઓની પ્રણાલિકા મુજબ, આવું કામ જેને સોંપવામાં આવે એ કર્મચારી તો સરકારી નજરે માનીતો કહેવાય. ઉષાબહેન એ મિટિંગમાં ગયાં. થોડીક મુદતમાં જ એમણે જરૂરી આંકડાઓ એકઠા કરી લીધા. ચાલુ મિટિંગે એમણે પોતાના બોસને આ અને પેલું, પેલું, અને આ એમ કામના અને નકામા આંકડાઓ અને આગલી પાછલી હકીકતો સંભારી સંભારીને આપી. મિટિંગ પૂરી થઈ એ પછી છૂટા પડતી વખતે સાહેબે ઉષાબેહનનો આભાર માન્યો.

''થેન્ક્યુ મેડમ, તમે મને સારી મદદ કરી. થોડાક વખતમાં જ તમે સારી તૈયારી કરી લીધી.''

ઉષાબહેન રાજી થયાં અને સાહેબના રાજીપા ઉપર પોતાનો રાજીપો ઠાલવી દેવા માટે મોં ખોલ્યું ત્યાં સાહેબે એ હોઠ ઉપર પટ્ટી મારી દીધી. ઉષાબહેનને બોલવાની તક આપ્યા વિના જ સાહેબે પોતાનું બોલવાનું ચાલું રાખ્યું.

''પણ તમારે એક વાત યાદ રાખવી જોઈએ. આવી મિટિંગમાં આસિન્ટન્ટ તરીકે તમારે મને મદદ કરવાની હોય છે. અહીં તમે એવી રીતે બોલી રહ્યા હતાં કે જાણે હું તમને મદદ કરી રહ્યો હતો.''

''એટલે ?'' ઉષાબહેન ચોંકી ઊઠ્યાં. સાહેબ શું કહેવા માગતા હતા ?

''વાત સાવ સીધી છે.'' સાહેબ એક એક અક્ષર છૂટો પાડીને બોલ્યા. આવી સરકારી મિટિંગોમાં આપણને આટલું આવડતું હોય એટલું બધું જ બોલી દેવાનું ન હોય. થોડુંક મૌન રાખતા શીખવું એ પણ એક કળા છે. ધેટ્સ ઓલ. આટલું કહીને સાહેબ પીઠ ફેરવી ગયા. ઉષાબહેનને તો ઘણુંય બોલવાનું મન હતું પણ હવે બોલી શકાય એમ નહોતું.

વાત પૂરી થઈ ત્યારે ઉષાબહેનને થયું, આ સાહેબ કેવો સ્વાર્થી કહેવાય. મેં જે કંઈ તૈયારી કરીને એમને મદદ કરી એ ગમી પણ એમને જે કંઈ નહોતું જોઈતું એ ડહસેલી કાઢ્યું. મારી પાસેથી નર્યું કામ જ લેવાની એની સ્વાર્થી વૃત્તિ -

હવે ઉષાબહેનની નારાજી ખૂબ વધી ગઈ. આ દુનિયામાં બધા જ માણસો કેવા સ્વાર્થી અને એકલપેટા હોય છે એ જાણે એમને હમણાં જ જાણવા મળ્યું.

ઉષાબહેનને થયું આજે રોજની જેમ સમયસર ઘરે પહોંચવાને બદલે ઘડીક સમુદ્ર તટે જઈને બેસવાથી મન શાંત થશે. એમણે આ માટે પોતાની સખી નીલાને સંભારી. નીલા નજીકની જ એક ઓફિસમાં કામ કરી રહી હતી. બંને સખીઓ ઘણીવાર મળતી. ઉષાબહેને નીલાને ફોન કર્યો. પોતે એકલી છે, કંઈ કામ કરવાનું મન થતું નથી. બધા લોકો બહુ સ્વાર્થી છે. તારી જેવી સખી પાસે મન ઘડીક હળવું કરવું વગેરે વગેરે...

''તારી વાત સાચી ઉષા પણ હું રોકાયેલી છું. તારી સાથે આવી નહીં શકું.''

"પણ શા માટે નીલા ? મારું મન ભારે છે ત્યારે તું આવી ન શકે ?" ઉષાબહેને રોષપૂર્વક અને સહેજ રૂંધાયેલા કંઠે કહ્યું.

"આઈ એમ સોરી ઉષા !" નીલાએ ગમતીલા અવાજે કહ્યું. "આજે મેં મારા મિસ્ટરને એમના કરતાં વહેલા ઘરે પહોંચી જવાનું પ્રોમીસ કરેલું છે."

"પણ એવું તે ક્યું જરૂરી કામ છે કે તું મારા માટે સમય ન આપી શકે." ઉષાબહેનને લાગ્યું કે તેઓ રુદનને રોકી રહ્યાં હતાં.

"વાત જરાક ખાનગી છે ઉષા." નીલાબહેન તોફાની સ્વરે બોલ્યા. "મારા મિસ્ટરને પોતે ઘરે પહોંચે ત્યારે મને એમને ખાસ ગમતા પોશાકમાં હું એમના આવવાની પ્રતીક્ષા કરતી ઉંબરે ઊભી હોઉં એવું જોવું છે. હવે તું જ કહે, આવું કોઈને કહેવાય ? એટલે મને માફ કરી દેજે ઉષા, પ્લીઝ." આટલું કહીને નીલાએ ફોન મૂકી દીધો.

ઉષાબહેનના ગુસ્સાનો પાર ન રહ્યો. વાત વજુભાઈની હોય, સહકર્મચારી ઓફિસરની હોય, બોસની હોય કે નીલા ની હોય, આ બધા જ જાણે પોતાની સામે કંઈકને કંઈ આંગળી ચીંધી રહ્યા હોય એવું ઉષાબહેનને લાગ્યું. પોતે ઓફિસમાં મન દઈને, તન તોડીને પોતીકું કામ સમજીને કામ કરી રહ્યાં હતાં. આ નીલાડીના ઘરે એના પ્રસંગે કેટલીય વાર પોતે રાત રોકાઈને કામ કર્યું છે. હવે આજે પોતે આ નીલાડીને બોલાવી રહી છે ત્યારે કેવા વાહિયાત કારણસર એ પોતાને રોકી રહી છે.

વાહિયાત કારણ ?!

નીલાના પતિને ઉષાબહેને ક્યાં નહોતો જોયો. રૂડારૂપાળો રંગીલો રાજા જેવો હતો. હસમુખો અને ચબરાક. ગમ્મતો કરે ત્યારે તમે ભાન ભૂલીને એની વાતમાં ખોવાઈ જાવ. આ પતિની આંખને ઉજાળવા નીલાડી આજે અત્યારે નવાં નવાં ખાસ પ્રકારનાં વસ્ત્રો પરિધાન કરીને ઉંબરે ઊભી રહેશે.

પોતે તો ઘરે સાવ એકલવાયા હતાં. માતા-પિતા વચ્ચેના રોજના કલહથી ત્રાસીને ઉષાબહેને બહારગામની આ નોકરી સ્વીકારી હતી. એટલું જ નહીં માતા-પિતાનો સંસાર એમણે જે રીતે જોયો હતો એ રીતે પોતે ક્યારેય જીવી શકે નહીં, એવા ભયમાં એમણે લગ્ન કરવાનું પણ ટાળ્યું હતું. લગ્નની વય વળોટાઈ ચૂકી પછી ક્યારેય લગ્ન કરવાનું સાંભર્યું જ નહોતું એવું કઈ નહોતું. સાંભર્યું ત્યારે સામા પક્ષે એમની સાંભરણને સહાય કરે એવું કોઈ નહોતું.

જો એવું કોઈ હોત તો આજે નીલાડીની જેમ પોતે પણ -

ચૂલામાં પડ્યાં બધાં. ઉષાબહેન કોઈ ન સાંભળે એમ બબડ્યાં આજે એમનો મૂડ ખરાબ થઈ ગયો હતો. કેવા કેવા માણસો છે. આ સ્વજનો કહેવાતા સહુ ! બધાને પોતાની પાસેથી કંઈને કંઈ મેળવી લેવું છે. ઉષાબહેનને યાદ ન આવ્યું કે, સહુ કોઈને એમની પાસેથી મેળવી લેવું હોય એવો અખૂટ ખજાનો વળી ક્યો હોઈ શકે ?

પણ ના કંઈક હોવો તો જોઈએ. એ સિવાય ઉષાબહેનને આવું લાગે જ કેમ ? રસ્તાની ધાર ઉપર ઘરભણી ચાલ્યા જતાં ઉષાબહેન આવા વિચારોમાં ખોવાઈ ગયાં હતાં. પાછળથી આવતી ગાડીએ ચરરર કરતી બ્રેક મારી અને રસ્તાની એક બાજુએ ઉષાબહેનની લગોલગ ઊભી રહી. ઉષાબહેનનો ગુસ્સો બેવડાઈ ગયો.

"ગાડી ક્યાં લેવી છે ફૂટપાથ ઉપર ?" બબડીને એમણે ડોકું ફેરવ્યું તો સામેથી અવાજ અથડાયો.

"ફૂટપાથ ઉપર નહીં પણ ફૂટપાથ ઉપર ચાલ્યા જતા તમને લિફ્ટ આપવા." ડ્રાઈવરની સીટ ઉપર બેઠેલા દિલીપ પુરોહિત એટલે કે સરકારી કચેરીના જ એક ભાગ એવા ઓફિસરે હસતાં હસતાં કહ્યું.

ઉષાબહેન દિલીપ પુરોહિત સામે જોઈ રહ્યાં. સારા માણસ તરીકે ઓળખીતા પાળખીતામાં એમની છાપ નહોતી. સ્ત્રીઓ સાથેની સંગત માટે એ બદનામ થયેલો હતો. જોકે આવી અફવા સિવાય કોઈ પ્રત્યક્ષ બદનામી એણે વ્હોરી નહોતી. લોકો એવુંય કહેતા કે ઉચ્ચ સરકારી હોદ્દા ઉપર હોવાને કારણે સરકારી મહિલા કર્મચારીઓ એની આસપાસ ફરીને સંબંધ જાળવતી હતી. આ દિલીપે કોઈવાર હસીને વાત પણ કરી નહોતી. ઉષાબહેનને થયું, નક્કી આજે પોતાને એકલી જતી જોઈને દિલીપે આ પેંતરો કર્યો છે. આ બધા લોકો લુચ્ચા અને સ્વાર્થી છે. એમાંય આ તો પુરુષ ? પુરુષના અનુભવો ઉષાબહેનને નહોતા થયા એવું નહોતું. એમનો દિલીપ ઉપર રોષ બેવડાયો.

"થેન્ક્યુ, ભાઈ પણ મારે અહીં જ એક કામ છે. હું તમારી સાથે નહીં આવી શકું."

"ચાલો, તમારે જ્યાં જવું હોય ત્યાં મૂકી જાઉં." દિલીપે સહજ લાગે એ રીતે કહ્યું.

ઉષાબહેનને લાગ્યું, પોતે સાચાં હતાં. દિલીપ સહજતાથી નથી કહેતો, એને જતો જ કરવો જોઈએ. એમણે પગ ઉપાડીને ચાલવાનો આયામ કરતા કહ્યું. "આઈ એમ સોરી દિલીપભાઈ."

દિલીપ એક ક્ષણ જોઈ રહ્યો અને પછી ગાડીના એક્સેલરેટર ઉપર પગ દબાવ્યો. ઉપરા ઉપરી બે-ત્રણ વાર ઘરઘરાટ કર્યા અને પછી ગાડી મારી મૂકી.

ઉષાબહેન દોડી જતી ગાડી પાછળ આંખ ફાડીને જોઈ રહ્યાં. દિલીપે જાણે પાછા ફરીને એને અપમાનિત કરી હોય એવું એને લાગ્યું. ગાડીની પાછળની લાઈટો જાણે ઉષાબહેનને ચીડવતી હતી... 'પડ ચૂલામાં.'

ઉષાબહેનની આંખમાં આંસુ તગતગ્યાં. એમનો ગુસ્સો હવે હાથમાં રહેતો નહોતો. ઉતાવળે ઉતાવળે તેઓ ઘર ભણી ધસ્યાં. વજુભાઈ પટાવાળાથી માંડીને દિલીપ પુરોહિત સુધી સહુ કોઈ જાણે એમના શત્રુ હતા. પોતાની પાસેથી જે કંઈ સારું હતું એ ઝૂંટાઝૂંટ કરીને લઈ લેતા હતા અને જે કંઈ બૂરું બનતું હતું એને માટે પોતાની ઠેકડી ઉડાડતાં હતાં - 'નાલાયકો !'

ઘરે પહોંચીને ઉષાબહેને દરવાજો ખોલ્યો. અંદર દાખલ થતાવેંત ધડામ દઈને દરવાજો બંધ કરી દીધો. પગરખાં આમ તેમ ફેંકી દઈને પલંગ ઉપર ઊંધે માથે સૂઈ ગયાં એમની આંખમાંથી આંસુનો પ્રવાહ વહેવા માંડ્યો. બેઉ હાથની મુઠ્ઠીઓ બંધ કરીને એમણે ઓશીકા ઉપર પછાડી અને દાંત ભીંસીને જોરથી બોલ્યાં - 'આ આખી દુનિયા ખરાબ છે...!'

૧૦૨-એ, પાર્ક એવન્યુ, દહાણુકર વાડી, એમ. જી. રોડ,
કાંદિવલી (પ.), મુંબઈ-૪૦૦૦૬૭. મો. ૯૯૬૯૫૧૬૭૪૫

અનલોક્ડ

- *વર્ષા અડાલજા*

આકાશે ભાવનગર એરપોર્ટ પર પગ મૂક્યો અને હૃદયમાં એક થડકો થયો.

આ વખતે એ થોડું લાંબા ગાળે આવ્યો હતો, એટલે કે ત્રણ ચાર મહિના. મુંબઇ અને ભાવનગરને ક્યાં છેટું હતું ! પાંચ વર્ષ પહેલા એ મુંબઇ ગયો ત્યારે તો શનિ-રવિ મોટે ભાગે એ અહીં જ હોય. બા-બાપુજીથી છૂટા પડવાના વિચારે એ ઢીલો પડી જતો. પણ ક્યારેક ફલાઇટ કેન્સલ થતી, તો ફલાઇટની ફ્રિક્વન્સી ઓછી થઇ જતી એટલે એ વાર તહેવારની રજાઓમાં આવતો. આમ પણ મુંબઇ કોર્પોરેટ જોબ, નાઇટલાઇફ એને બાંધવા લાગ્યા હતા. પુચ્છ ઉછાળતા, ધસમસતા વેગથી દોડતા અશ્વોની જેમ એ પણ મુંબઇની તેજીલી તોખાર જેવી જિંદગીની રેસમાં સામેલ થઇ ગયો હતો. નસકોરાં ફાટ ફાટ થતાં, નસોમાં લોહી ઝડપથી ફરવા લાગતું અને એ ઉત્તેજના અનુભવતો.

પણ ભાવનગર એરપોર્ટ પર પગ મૂકતો અને શાંત રળિયામણા ટાપુ પર આવ્યો હોય એવું લાગતું. જાણે તેજીલી રફતારથી થાકી જિંદગી અહીં શ્વાસ ખાવા થંભી હતી. વીકી એરપોર્ટ પર જ કામ કરતો હતો. એને જોતાં જ દૂરથી હાથ હલાવી સ્વાગત કરતો. પછી ડ્યૂટી પરથી એ સીધો જ ઘરે આવી પહોંચતો. બા બાપુજીને પગે લાગી એને બહાર ખેંચી જતો. શાળાના દિવસોની ટેવ. સાંજે શેરીમાં દોડાદોડ અને ગમ્મત જમ્મત.

એ મુંબઇ ગયો ત્યારે એણે ફેરવેલ પાર્ટી ગોઠવી હતી, એમાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડેલો.એ દોસ્તી આજ સુધી અકબંધ હતી. એના લગ્નમાં ખાસ રજા લઇને આવેલો.

એ બેગેજ બેલ્ટ પાસે ઊભો હતો ત્યાં વિકી ઉતાવળે આવ્યો,

‘પાક્કો મુંબઇગરો થઇ ગયો છે તું તો ! કેટલા વખતે દર્શન દીધાં ! બા બાપુજી બહુ ઝંખે એટલે વીડિયો કોલમાં તારું મુખારવિંદ બતાવી દઉં પણ તને મીસ કરીયે યાર.’

‘તારી વાત સાચી પણ... આ ફલાઇટનાં ઠેકાણા નહીં... ને મેં તને કહ્યું હતું ને કંપની બે ઇન્ટરનેશનલ પ્રોજેક્ટ પર કામ કરી રહી છે... બાપુજીના કેટેરેક્ટની તેં વાત કરી તો પહોંચી ગયોને તરત !’

આકાશે બેલ્ટ પરથી બેગ લીધી.

‘ઓકે. ચાલ તારા માટે ટેક્સી કરી રાખી છે.’ વિકી આકાશ સાથે બહાર નીકળ્યો, ટેક્સી આવી ગઇ.

‘ડોન્ટ પે. ચાલ મળીયે છીએ.’

ટેક્સી એરપોર્ટ બહાર નીકળી અને શહેર ખૂલતું ગયું. જાણે હાથ ફેલાવી એને બાહોમાં લેવા આતુર. એ બારીમાંથી જોતો રહ્યો. દર વખતે એ શહેરને ધીમે ધીમે વિકસતું જોતો હતો અને દરેક વખતે વિસ્મય પામતો, શહેર પણ કેવું કલેવર બદલી શકે છે ! ભાવનગર હવે સુંદર બંગલાઓનું શહેર બનતું જાય છે, જેનું સપનુંય મુંબઇમાં ન જોઇ શકાય. નહીં ટ્રાફિક, નહીં કાર પાર્કિંગના ઝઘડા... એણે ઊંડો શ્વાસ છાતીમાં ભર્યો. યસ, ધીસ ઇઝ માય હોમ.

ઘરે પહોંચ્યો ત્યારે બા બાપુજી મોટા કાકા આતુરતાથી એની જ રાહ જોતાં હતાં. બા તો હંમેશની જેમ હરખઘેલી.

‘લે, તારા બાપુજીને મોતિયો આવ્યો ઇ મશે તું આઇવો તો ખરો. ’

એની પહેલાં મોટાકાકા બોલ્યા,

‘એમ વહરુ કાં બોલો ? આકાશ એની ફરજમાં પાછો પઇડો છે ? મોટા શહેરના મોટાં કામ’

વાતો કરતાં બાએ થાળીઓ પીરસી. એને ભાવતાં ગોળના લાડુ, પૂરી અને વાલની દાળ. ત્યાં બાજુના પડોશી જીકાકા ડોકાયા, આવી ગ્યો બેટા ! બાએ આગ્રહ કરતા એમણેય પલાંઠી વાળી જમાવ્યું. હસી ખુશીનો માહોલ...

રાત્રે ટીવી સામે બેસી એકલા બોક્સમાંથી પિત્ઝા ખાતો તે યાદ આવ્યું. આ જમણ... બાનું ઘડી ઘડી હસી પડવું... બાપુજીનો આછો મલકાટ... મોટાકાકા અને જીકાકાની ગુલબાંગ જેવી મોટી મોટી વાતો... જાણે નોળવેલ સૂંઘીને તાજોમાજો થઇ ગયો. જીકાકાએ સુગંધી કાથાનું પાન બનાવી આપ્યું ત્યાં મારતી સાઇકલે વિકી આવ્યો અને બંને ભેટી પડ્યા. બા લાડુનો મારો ભાગ કહેતા બંને ફળિયામાં ખાટલો ઢાળી બેઠા અને એવી ગપસપ ચાલી કે બાને બૂમ મારવી પડી, ભઇલા હવે લાંબો વાંસો નથી કરવો કે પછી કૂકડો બોલ્યે સવાર ?

વિકી બગાસું ખાતાં ઊઠ્યો,

‘ચાલ ત્યારે. મારે ડ્યૂટી છે ને તારે સવારે ડૉક્ટરની એપોઇન્ટમેન્ટ છે.’

‘હા, બાપુજીને જો ડૉક્ટર કહેતા હોય તો તરત ઓપરેશન કરાવી લઇશ. એટલે હું જાઉં એની પહેલા બાપુજીનું ઓલરાઇટનું સિગ્નલ મળે એટલે...’

'તે તારે ઝટ જાવું છે ? આઈવો શું ને ગ્યો શું ?'

'બા આવતે મહિને બીજી આંખનું ઓપરેશન થશે એટલે આવીશને પાછો ?'

'વિકી બેટા, તારું જો સાંભળે તો જરા સમજાવજે ને...'

'પ્લીઝ બા ફરી પાછી એની એ વાત ! કોઈને મળવાની, એમાં કોઈ છોકરીને જોવાની વાત કરો એ મને બિલકુલ નથી ગમતું તને ખબર છે. એ કોઈ વસ્તુ છે તે જોવાની હોય !'

'પણ...'

'મુંબઈમાં જરા સેટલ થાઉં પછી લગ્નનો વિચાર... વિકી તું જાય છે કે ધક્કો મારું ?'


ગૂડનાઈટ કહેતા એ સીધો એની ઉપરની અગાસીની ઓરડીએ ચડી ગયો. બાએ એની ઓરડી સરસ સાફસૂફ કરીને પલંગ પર નવો ઓછાડ પાથરેલો. પડદાય બદલ્યા હતા. એની વહાલી ઓરડી અને આગળ નાની અગાસી. ત્યાં ઊભા રહી રાતરાણીની સુગંધને ઘુટડે ઘુંટડે પીતો રહ્યો.

એની શેરીની પાછળ સરસ બંગલાઓની સોસાયટી દેખાતી હતી. કેટલાય બંગલાઓની અગાસી પર ટેરેસ ગાર્ડન હતા. એ બંધાતા હતા ત્યારે એણે કહેલું, બાપુજી આ જગ્યા વેચીને, બીજા પૈસાની થોડી વ્યવસ્થા કરીયે તો આપણે પણ બંગલો ખરીદી શકીયે, ક્યાં સુધી આ ખખડધજ ઘરમાં...

ના ભઈલા. બા તરત બોલી હતી.

'તારે રેવું મુંબઈ. અમારે બંગલાને શું કરવાનો !'

મુંબઈમાં એ વન બેડરૂમ ફ્લેટ, લીવ એન્ડ લાઈસન્સ પર કોઈની સાથે શેર કરતો હતો. ખોબા જેવડું ઘર, ક્યારેક એવી ગુંગળામણ થતી ! એના આવતાવેંત બા બાપુજી કેવા હિલોળે ચડ્યાં હતાં ! વિકીએ તો કહ્યુંય ખરું, બાપુજીને મોતિયાનાં ઓપરેશનની આમ જુઓ તો જરૂર જ નથી. તું જ એમની આંખો અને તું જ એમની દૃષ્ટિ. યુ આર લકી યાર. તને ખબર છે હું તો મા-બાપ વગર ફઈને ત્યાં જ મોટો થયો... ચલ હવે ! મારું ઘર એ તારું ઘર જ છે ને ! બંને હસી પડતા, ચાલ, સાઈકલ રેસ લગાવીયે !



હા, હું નસીબદાર છું. તમારા જેવાં મા-બાપ મળ્યાં.

★★★

બાપુજીનું ઓપરેશન થઈ ગયું. એમને લઈને ઘરે આવ્યો, બાએ માતાજીને દીવો કરી ખીરનો પ્રસાદ ધર્યો હતો.

'ખરું કામ કઈર્યું બેટા તેં લે ! કેટલા વખતથી તકલીફ હતી પણ તને ફોનમાં ક્યે નંઈ. કેશે, આકાશ મુંબઈમાં કામમાં હોય એને ખરચ થાય, તકલીફ થાય... મારે ક્યાં ચશમાં ઠઠાડીને જાવું છે !'

'થઈ ગ્યું ને ઓપરેશન ! બસ હવે હાંઉ'

'બા, દિવાળી મુંબઈ કરવાની છે, અત્યારથી કહી દઉં. હું મોટું ઘર ભાડે લઈશ, વિકીનેય બોલાવશું. ના નહીં સાંભળું આ વખતે'

બા હરખાઈને બોલી,

'લે આવશું ત્યારે. હવા ફેર થાશે'

આકાશને હાથ ફેલાવી ફેરફુદરડી ફરવાનું મન થઈ ગયું. બાએ તરત હા પાડી દીધી હતી. કંપનીમાંથી લોન મળશે ત્યારે પોતાનું ઘર ખરીદશે અને બા બાપુજી પછી તો જોડે જ.

ત્રણ દિવસ ખુશમિજાજ વીતી ગયા. બાપુજીને ચશમાં પણ આવી ગયાં. બીજે દિવસે સવારની ફ્લાઈટ હતી. સુખડી અને ચેવડાનો નાસ્તો કરી બાએ ડબરો ભર્યો,

'બસ કાલે જવાનું !'

બા ઢીલી પડી ગઈ.

'મંદાકિની !'

બાપુજી ભાગ્યે બાને નામથી બોલાવતા.

'સમતા રાખો. દાક્તરે કીધું છે, એક મહિના પછી બીજી આંખનું કરવાનું છે ત્યારે આવશે પાછો !

અત્યારે દેશ દુનિયાની સ્થિતિ કાંઈ સારી નથી, સાંભળો છોને રોજ ટીવી પર ! દુનિયામાં કે છે કંઈ રોગચાળો ફેલાય છે, તમે અડો કે ચેપ લાગી જાય... ભઈલા તું ઝટ મુંબઈ પોંચી જા'

એ ખડખડાટ હસી પડ્યો,

'શું બાપુજી તમે પણ ! જાણે પૃથ્વી પર પ્રલય આવવાનો હોય ને એમ તમે ગભરાઓ છો ? હું કેરીની પેટી લઈ આવું.'

એણે ડેલી બહાર પગ મૂક્યો, ત્યાં એનો મોબાઈલ રણકી ઊઠ્યો. વિકીનો ફોન. એ સ્વીચ ઓન કરે ત્યાં જ વિકીનો ઉતાવળો ગભરાયેલો અવાજ,

'આકાશ, કાલથી લોકડાઉન છે, કોરોનાએ અહીં પણ ધામા નાખ્યા, માય ગોડ ! શું થશે ?'

'વોટ ?'

'ન્યૂઝ મૂક.'

એ દોડ્યો. ટીવી ઓન કર્યું, બાપુજી ગભરાઇને બોલતા હતા, જો હું શું કે'તો તો ! ખરેખર, પૃથ્વીને ચોતરફ ફરી વળેલા મહાસાગરોમાં એક સાથે પૂર આવ્યા હોય એમ વાઇરસે પૃથ્વીને ગ્રસી લીધી હતી. પૃથ્વી પ્રલયમાં ડૂબી રહી હતી.

લોકડાઉન ! જાણે મંત્રેલા દાણા કોઇએ ફેંક્યા હોય એમ એ સ્તબ્ધ બની ટીવી ન્યૂઝ સાંભળતો રહ્યો.

★★★

કારાગ્રહની જેમ એ બા બાપુજી સાથે ઘરમાં પૂરાઇ રહ્યો હતો. હવે અહીંથી ચસકી શકે એમ નહોતો, જાણે શેષનાગને માથે ખીલી ઠોકી હોય એમ આખી દુનિયા જડબેસલાક સ્થિર થઇ હતી. પંદર દિવસનો જ સવાલ હતો. ખરેખર ! કે વીસ... ત્રીસ... એ તો સમય જ કહેશે. ઘરબહાર પગ નથી મૂકવાનો, બહાર એક ભયાનક રાક્ષસ ખપ્પર લઇ ઘૂમી રહ્યો હતો, માણસ ગંધાય માણસ ખાઉં. બાએ કેટલી માનતા માની હતી. બાપુજી રોજ હનુમાન ચાલીસા મોટે મોટેથી બોલ્યા કરતા અને હાથમાં માળા. રાત્રે કરફ્યુમાં જીકાકા અંધારાની ઓથે આવતા. એ અને બાપુજી ટીવી પર ન્યૂઝ જોઇ જોઇ ચર્ચા કર્યા કરતા, છેલ્લે કહેતા, આ દુનિયાએ બઉ પાપ કર્ઇર્યા તે ભોગવવું પડે. બાકી હરિ કરે સો હોય.

ચોવીસ કલાક ઘરમાં ! બા બાપુજી સાથે ! એક પ્રકારની શાંતિ લાગતી હતી. ન આ મહામારી વિષે દુનિયામાં કોઇને જાણકારી હતી,ન એની કોઇ દવા હતી. ઘરમાં પુરાઇ રહેવા સિવાય અને સતત હાથ ધોઇ રહેવા સિવાય કશું જ થઇ શકે એમ નહોતું.

આમ તો ઘરમાં પુરાઇ રહેવાનું સારું લાગતું હતું જો કે ગિલ્ટી ફીલિંગ પણ થતી હતી. પણ બીજો ઉપાય પણ શો હતો ! બા બાપુજી સાથે આટલો બધો સમય ક્યારે સાથે રહ્યો હતો ! બા એને ભાવતી નીતનવી રસોઇ બનાવતી. જમીને એ લીમડા નીચે ખાટલા પર ગોદડું નાંખી લંબાવી દેતો અને ભરઉનાળે લીમડો રાજાશાહી ઢબે એને વીંઝણો ઢોળતો. મોટાકાકા અને વિકી સાથે ફોન પર નિરાંતે ગપ્પા મારતો. બાના ખોળામાં માથું મૂકી મોબાઇલ પર વેબ સિરિઝ જોયા કરતો. સતત દોડતા અશ્વને જાણે લગામ ખેંચી એણે ઊભો રાખી દીધો હતો. કશું ન કરવા પણું આટલું સારું લાગશે એવી તો કદી કલ્પના જ ન હતી !

આટલાં વર્ષ સાથે ન રહ્યાનો ખંગ વળી રહ્યો હતો. બા એટલે બા એટલે બા. લોકડાઉન પૂરો થતાં જ એને મુંબઇ ભાગવું પડશે, પહેલી વાર એ વિચારે એ ઉદાસ થઇ ગયો.

★★★

પણ લોકડાઉન પૂણીમાંના તાર પેઠે લંબાતું રહ્યું. કોરોના વાઇરસ એની મુઠ્ઠીમાં આખી પૃથ્વીને જકડી દબાવી રહ્યું હતું. ચોતરફ મૃત્યુનો હાહાકાર, પોઝિટિવ નેગેટિવ ના સતત સમાચાર..., માસ્ક, સેનેટાઇઝર... નવા નવા શબ્દો રોજીંદી જિંદગીમાં હવે વપરાશમાં હતા. કેશવ કામ પર નહોતો આવતો, બા રીતસર ઢસરડા કરતી હતી, ક્યારેક સાંજે ખીચડીના જ કૂકરની વ્હિસલ વાગતી. બા બાપુજી મોટાકાકા તો ઘર બહાર નીકળી શકે એમ નહોતાં એટલે જીવનમાં પહેલી વાર થેલા લઇ એ લાઇનમાં ઊભો રહ્યો.

શીટ, આ તે કંઇ શહેર છે ! નો હોમ ડિલિવરી ! હું મુંબઇ હોત તો આ માથાકૂટ તો ન હોત ! ઓનલાઇન ઓર્ડર કરતા પાર્સલ હાજર. સ્વીગી, ઝોમેટો અને કંઇક હોમ ડિલિવર્ડ ફૂડ. મોટે ભાગે એ ઉપરની ઓરડીમાં ભરાઇ રહેતો, બાના સાડલામાંની મસાલા, છીંકણીની વાસથી એનું માથું ફરી જતું અને બાપુજીના હનુમાન ચાલીસા સાંભળી સાંભળી કંટાળી ગયો હતો.

બે મહિના કે બે ભવ ! નાની નાની ગલીઓમાં થઇ એ વિકીને ત્યાં ક્યારેક પહોંચી જતો. રામાયણ તો બધે એક જ હતી એટલે ફરી એકની એક વાત, રોજના કેટલા કેસ ક્યા દેશમાં, કેટલા લોકો પગપાળા ગામ જઇ રહ્યા છે... મીનાક્ષી લાલચોળ ચા બનાવતી, સોરી આકાશભાઇ આજે દૂધ મળ્યું જ નહીં. તેલ નાખેલા વાળનાં બે ચોટલા લઇ, ઘઘા જેવો જૂનો ગાઉન પહેરી એ સામે બેસતી, વિકીએ મલપતા કહ્યું હતું, મીનાક્ષી પ્રેગ્નન્ટ છે, હું બાપ બનવાનો યાર અને કિસ્મત જો અડધો જ પગાર અને ફલાઇટ જો છ મહિના બંધ જ રહી તો...

એ ધૂંધવાતો નીકળી ગયો હતો. વિકી મૂરખ નહીં તો ! દેશીનો દેશી. આવી સ્થિતિમાં બાળક પ્લાન કરાય ! ઊંધા મોંએ ચાલતો જ રહ્યો. થતું હતું, મને જ જો પાંખ હોત તો સીધો ઊડીને મુંબઇ મારા ઘરે. આ શહેરથી, એની જેલ જેવી ઓરડીથી અને બા બાપુજીથી પણ છૂટકારો... બા-બાપુજીથી !



નહીં તો શું ! એમના સમયમાં જ ફ્રીઝ થઇ ગયા છે, ડેલી બહાર દુનિયા બદલાઇ ગઇ છે એની ખબર પણ નથી. એ ભાનમાં આવ્યો, ઘરની બહાર ઊભો હતો. જલદી અંદર જવાનું મન ન થયું. માસ્કથી ગુંગળામણ થતી હતી, કાઢી નાખ્યો. શહેર ભેંકાર લાગતું હતું. નિર્જન રસ્તાઓ, શિકારથી ધરાઇને વિશાળકાય અજગર પડ્યો રહે એમ નિશ્ચલ પડ્યા હતા.

હવામાં હજી ઉકળાટ થતો હતો કે પછી મનમાં ! એક સાઇકલ ઝડપભેર પસાર થઇ ગઇ, હવામાં થોડ સળ પડ્યા અને ફરી સ્થિર થઇ ગઇ. હમણાં કરફ્યુ થશે, ઘરમાં જવું જોઇએ. ઘર શબ્દ પાસે એ અટકી ગયો. જરા નજરથી અળગો થાય કે બાનું ચાલુ થઇ જાય, ભઇલા ક્યાં ગ્યો તો !

ક્યાં જાય માણસ ! જવા જેવું છે શું આ ગામમાં ! કદાચ અમદાવાદથી ફ્લાઇટ આજકાલમાં શરૂ થાય. તો એ પહેલો હશે લાઇનમાં. પણ અહીંથી અમદાવાદ જવું કેમ ! કોઇ ટેક્સી આવવા તૈયાર નથી થતી. ઘરમાં પગ મૂકશે કે બાપુજી કહેશે, બકા આ છાપું વાચવું સવારે રહી ગ્યું છે જરા નજર નાંખતો. બા ફુદાંની જેમ એની આસપાસ ઊડ્યા કરશે. બસ, ઇનફ. એને પોતાની સ્પેસ જોઇએ છે.

ઘરમાં અંદર જતાં એણે ચોતરફ ફરી નજર કરી. આખું શહેર ઉદાસ લાગતુ હતું. જાણે ડાકુઓની જાસા ચિઠ્ઠી ફરી વળી હોય !

એ ડેલી સુધી ગયો. એની રાહ જોતી હોય એમ ડેલી અડધી ઉઘાડી હતી. બાપુજી ખાટલે બેઠા હતા અને બા કોથળા પર નીચે બેસી ભાજી વીણતી હતી, 'તમે તો મોટા મનના છો, આકાશના જનમની વાત કોઇ દી સંભારી જ નથી.'

આકાશ ડેલીમાં અટકી ગયો. પોતાની વાત થતી હતી ! એના જનમની ! બાનો ઝીણો અવાજ સંભળાયો, 'તમેય તે ! ઇ વાત તો આપણે ભોંમાં ભંડારી. એનું અટાણે શું છે ?'

'ઇ ટાણે તમે સમતા ન રાખી હોત તો ઇ જીવ્યો હોત કે...'

'સંધ્યા ટાણે એવું ન બોલીયે. માતાજીનો રથ ફરતો હોય.'

એ સ્તબ્ધ થઇ સાંભળતો રહ્યો એના જનમ મરણની વાત.

'મારી ઓરમાન માએ તમને બહુ કવરાવ્યા પણ ઇ જમાનામાં માબાપ સામે બોલવાની હિંમત નંઇ. લગન પછી તમારી કૂખ ઉઘડી નંઇ તે તમે ઉઘાડે પગે છેક અંબાજી ચાલતા ગ્યા તા. પગે તો કાંઇ ચીરા પઇડા તા. 'બા રાતે સૂઇ જાય તંઇ તમે છાનામાના કોકમનું ઘી ઘસી જાતા'

'તમે બાધા આખડી ઉપવાસના કેટલાં તપ કીધા તંઇ આકાશ જેવો દીકરો માતાજીએ દીધો. તમને વેણ ઊપડી ભેગો બાએ ખાટલો આંઇ ફળિયામાં નાંખી દીધેલો, જા કર તારી મેળે સુવાવડ'

'તમેય બાની ગાળો સાંભળતા ઊભા રીયા તા મારી પડખે. હાથે હાથે આપણે સુવાવડ કરી, આકાશ હેઠળ જન્મ્યો તે તમે ત્યારે જ નામ પાડી દીધું આકાશ.'

'તમે બાથી છાનાં ઘરેણાં વેચી ઇને ભણાવ્યો, છેલ્લી પરીક્ષા હતી ત્યારે તમે છેલ્લી કંઠી વેચીને ફી ભરી તી...'

અંધારું ઊતરી આવ્યું હતું. રસ્તાની બત્તીનો આછો ઉજાસ ડેલીનાં આંગણામાં પથરાયો હતો. બા બાપુજીની પડછાયા જેવી આકૃતિ કળાતી હતી. એ આખું અદ્‌ભુત દૃશ્ય કોઇ અદૃશ્ય ચિતારાએ પીંછીના એક લસરકાથી દોર્યુ હોય એમ એના હૃદયમાં અંકિત થઇ ગયું.

'બસ હવે. પંડ માટે કર્યું એમાં તે શેનો પાડ ! એનું મુંબઇનું સપનું મારે પૂરું કરવું તું'

'પણ તમે તો મા વિનાના વિકી માટે ય... '

'ગઇ તિથિ તો જોતિષી યે નથી વાંચતો. આજ તમે આ બધું સંભારવા કાં બેઠા ?'

'આજ આકાશ સામું જોઉં છું તંઇ થાય છે કે આપણે એના સારું જે તપ કર્યા ઇ પ્રમાણ. જે સંસ્કાર દીધા ઇ ઉજાળ્યા. આટલા વખતથી મુંબઇ જેવા શેરમાં એકલો રહે છે પણ નંઇ તોછડાઇ કે નંઇ આ દેશી બા બાપુજીથી સુગાળવો. '

આ આકાશ હજી કાં ન આવ્યો બોલતા બા ઊઠી,

'હું આવી ગયો બા ! '

આકાશે ફળિયામાં આવી બાને બથ ભરી લીધી.

એ-૨, ગુલાબહાર બેરેક રોડ,
મેટ્રો સિનેમા પાછળ, મુંબઈ-૪૦૦૦૨૦.
મો. ૯૮૩૦૭૬૬૭૩



પીળી પેટી !

-રજનીકુમાર પંડ્યા

ઝાંઝર હાથમાં લેતા વેંત મને ખબર પડી જાય કે એમાં આશરે કેટલી ઘૂઘરી હશે. આ 'આશરે' પણ હું એટલા માટે કહું છું કે ઘૂઘરીની સંખ્યા જાણવા માટે મારી પાસે બે-ત્રણ તરીકા છે. એક તો ઘૂઘરીઓ કઈ સાઈઝની છે, બીજું ઝાંઝર નવું છે કે જૂનું. જૂનું હોય તો એમાં મેલ ભર્યો હોય, એના વજનનો અંદાજો પણ ગણતરીમાં લેવો જોઈએ. નવું હોય તો એમાં મેલ ના હોય. લો આટલા અમથા ફરકમાં પણ બે-ત્રણ ઘૂઘરીઓનો ગણતરી ફેર આવે. આ સિવાય બીજા પણ સમજવાલાયક મુદ્દા છે. એક વાર એક નાચણિયો ભવાયો સ્ત્રીના વેશમાં ઝાંઝર વેચવા આવ્યો હતો ત્યારે છેટેથી જ હું સમજી ગયો હતો કે આમાં ઘૂઘરીઓ ડબલ જથ્થે હોવાની કારણ કે એને તો વધારે છનકારા કરનાર ઝાંઝર જ કામના એટલે ઘૂઘરીઓનો જથ્થો પણ વધારે નખાવવો પડ્યો હોય.

પણ હાથમાં એક જ ઝાંઝરુ લીધું ત્યાં એનું વજન કાંઈક વિશેષ લાગ્યું.

'મને ભેદ કહી દે તો જ હું રાખું.'

'જુઓ,મા'જન, હું વેચવા નથી આવ્યો. નાચવા આવ્યો છું. જો કે અતારે ગીરવે રાખવા આવ્યો છું. રાતોરાત રૂપિયાની જરૂર પડી છે. શું ?'

આટલી વાત કરતાં કરતાંય એણે ઝાંઝર પાછું પોતાને હસ્તગત કરી લીધું. એટલે મારો સંશય વધુ પાક્કો થયો. મેં ગાદી-તકિયે બેઠાં-બેઠાં જ ટેલિફોન ભણી હાથ લંબાવ્યો. 'તું ના કે'વાનો હો તો નટિયા, મારે પોલીસમાં ખબર દેવી પડે. અમે સોની માતર કાયદાથી બંધાયેલ છીએ.'

આટલું કાફી હતું. એણે મને ભેદ કીધો. હું ચમકી તો ગયો પણ અમે તો બાપદાદાની વારીથી આવાં જોખમના લેનારા. વ્યાજ રૂપિયાનું નથી લેતા, જોખમનું લઈએ છીએ. આવા મામલે ડબલ વ્યાજ લેવાય, જે અગાઉથી વરતી (કાપી) લેવાય ને બંધોગરી એવી કરાય કે આપેલ મુદતમાં દાગીનો છોડાવી નહીં જાય તો પછી મારા રૂપિયા ગયા, તારો દાગીનો.'કે'વાનું : 'હાલ હાલ, હાલતીનો થા.'

નટિયો આપ્યા એટલા રૂપિયા લઈને ભાગ્યો. મેં કમાડ અડકાડ્યું ને દાગીનો લઈને મથુરિયાની બાને આપ્યો,'મૂક પીળી પેટીમાં.'

'આ દાગીનોય પીળી પેટીમાં ?'

'હું કહું છું એમ કરની !' મેં કહ્યું,'પીળી પેટીમાં ભાર વધે છે એ તને નથી ગમતું ?'

મારે પીળી પેટીનો ભેદ સમજાવવો પડશે. પીળી પેટીમાં હું મથુરની બા પાસે એવી એવી જણસો મુકાવું છું કે જે ગીરો મૂકવા આવનારનું મોઢું કદી ભાળવાનું ના હોય. જૈન દેરાસરનાં આભૂષણોમાંથી જડતર દાગીના કોણ આપી ગયું હોય ? પૂજારી ! મૂળ એને પોતાને રાખી લેવાની મંછા હોય પણ સળવળ સળવળ થાય એટલે સખ ના વળે. 'મને ટ્રસ્ટીઓએ ભેટ આપેલ છે' એમ કહીને મૂકી જાય (કેમ જાણે હું માની લેવાનો હોઉં ?) ચેઈનના ખેંચનારાઓ, ચીલ ઝડપના કરનારાઓ, ઝવેરીને ત્યાંથી નંગ બદ્લાવનારાઓ, બંગડી ઉજાળવાના બહાને બંગડી બદલી નાખનારાઓ,આ બધા આવે ત્યારે દુઃખિયારા હરિશ્ચંદ્રનો ડોળ કરીને આવે ને દુકાનનો ઉંબરો વળોટતા વેંત દુલેરાજ બની જાય. પણ મારે એ ક્યાં જોવાનું હોય ?

આવા બધા દાગીના હું પીળી પેટીમાં નાખું. પીળી પેટી એટલા સારું કે એની ઉપર કોઈને શક ના પડે. નિશાળના છોકરાં ઘરે પોતાનાં ચોપડા અને કંપાસ-બોક્સ, કલર પેટી જેવાં સાધનો એવી પેટીઓમાં રાખતા હોય. આ વસ્તુ મને મારા દાદાએ શીખવેલ છે. એમને રાણીબાએ બ્રેસલેટની કારીગરી બદલ સોનાની ગિની આપેલ. હવે રાજકોટથી અમારું મોવિયા પગરસ્તે તો કેટલું બધું છેટું ? પણ દાદા આવતા હતા ત્યાં રસ્તામાં રીબડા પાસે રહેમતખાને એમને લૂંટી લીધેલા, પણ એમાંથી પાંચ તોલાની ટબ્બા જેવડી સોનામહોર બચી ગયેલ. કેમ ? કહું. બાપાએ એને ચશ્માં રાખવાના ઘરામાં સંતાડેલ.

બાપા પાસે ચશ્માંના ઘરામાં સમાઈ જાય એટલી મત્તા હતી. હવે જમાનો આગળ વધેલ છે. પ્લાસ્ટિકની પીળી પેટી હું લાવેલ છું. એક ઓછી પડશે એમ લાગતાં બીજી પણ લાવેલ છું. મથુરની બાને એટલું જ કહું કે 'પીળી પેટીમાં !' એટલે મટકું મારતામાં સમજી જાય.સોનીનું ઘરવાળું કો'ને કે !

નટિયો નાચણિયો ઝાંઝર આપી ગયો એટલે પીળી પેટીમાં મૂકતાં મૂકતાં બૈરીએ પૂછ્યું,'તમે હર વખતે ઘૂઘરીઓની ગણતરી શા સારુ કરો છો ? દોરાની કિંમત જ નહીં ! એ તો નકોર ચાંદીનો હોય.'

'વેવલીની !' મેં ટોપી ઉતારીને ગાદી પર પછાડી : 'ભવાયાના પગમાં પહેરેલ દોરા માતર બનાવટી હોય. પણ એમાં ટાંકેલી ઘૂઘરીઓ જ અસલી હોય કારણ કે એના છનકારા ઉપર તો રૂપિયાનો મે વરસાવવાનો હોય.'

'પણ તમે કાંઈ પૂછતા'તા કે ઘૂઘરીઓ ઓછી,ને વજન વધારે છે. તે એનો ખુલાસો એણે શું કર્યો ?'

'ક્યે'કે મહીં અફીણની નાન્નાની ગોળીઓ ભરીને સામા ગામના દરબારોને વેચે છે. મારા દાદા જેવું. અફીણ એવી જગ્યાએ સંતાડીને ફેરવે કે કોઈને શક ના પડે. બાકી આમ તો કાયદાથી ગુનો ગણાયને !'

'અરરર...' એની રાડ ફાટી ગઈ. 'આવું આપણે આ પીળી પેટીમાં સંઘરશું ? આપણને તો કાંઈ નહીં થાય ને !'

'તું પંચાતણી ભાર્યે!' મારે છેવટ કેદારો કાઢવો જ પડ્યો.'આપણી નકરી પીળી પેટીની કિંમત વધારે કે મહીં મૂકેલા માલની ?'

સમજી ગઈ. ઘૂઘરીના તો ઉપજતાં ઉપજે પણ અફીણના તો એનો બંધાણી બમણા-ત્રમણા આપે. ને અફીણ આપણી પાસે વધારે સચવાય કારણ કે આપણને એનું બંધાણ નથી. બંધાણ હોય તો પીળી પેટીનું. દિવસમાં ચાર-પાંચવાર એની ઉપર નજર જવી જોવે. એને કબાટમાં રાખો તો તો લ્યો, પાછું એનું એ ! એને તાળાકૂંચી વગરની જગ્યાએ, નજર પ ડે એમ રખાય. ધારી લો કે અચાનક ભાગવું પડ્યું, તો એવે ટાણે કબાટ ઉઘાડવા ના બેસાય. એવી જગ્યાએ એને મૂકવાની કે તરત લઈને ભાગતા ફાવે. સડેડાટ !

નટિયા નાચણિયાના ઝાંઝર શુકનિયાળ. હજી એણે અમદાવાદની શટલ નહીં પકડી હોય ત્યાં બીજા બે કળ આવી ગયા. એક જણો જુગારમાં સાવ દેવાઈ ગયો હતો. માનાં કડલાં અને વેઢ લઈને આવ્યો. સાડી છસો લઈ ગયા. એ શેરીના નાકેય નહીં પહોંચ્યો હોય ત્યાં કડવો પાંચો સખરેલિયો ડોકાયો. નાનપણમાં એની નાની એને કડ્યનો કંદોરો પહેરાવી ગઈ હશે. એની વારી કડવા પાંચાએ આજે છેલ્લે કાઢી. કંદોરો જૂના કાળનો.પીળી પેટી પાવન થઈ.

'હું જરા મંદિરે થઈ આવું' મેં પગમાં ચંપલ ઘાલતાં બાર સાખે હાથનો જરી ટેકો દીધો.'સાંભળ્યું ? મંદિરે જઈ આવું. આખરે કરતો-કારવતો એ ઉપરવાળો જ છે. પીળી પ ેટિયું એ ભરે છે. આપણે તો શકટનો ભાર જેમ શ્વાન તાણે. શું સમજી ?'

★★★

હવેની વાત લેખકની કલમે વાંચો.

'મથુર પિતાંબર મહાજન તું ? તું આ ગરીબી રેખા નીચે જીવતા માણસો માટેની રાહતનું ફોર્મ ભરે છે ? તું ! તું ! સોનાના પારણે ઝૂલનારો તું !'

મોટી ઉંમરના હોવાથી સુખી થઈ ગયા એમ કોઈએ ના માનવું. મોટી ઉંમરના હોવાનું દુઃખ ભારી છે. આપણને આપણી હિસ્ટરીઓ તો પીડે છે, પણ બીજાની હિસ્ટરીઓ બી સતાવે છે. મથુર પિતાંબર મહાજનની હિસ્ટરીઓ હું ના જાણું ? પિતાંબર મહાજન પીળી પેટીવાળા તરીકે આખા પંથકમાં પ્રખ્યાત હતા. ગુજરી ગયે ત્રીસ-પાંત્રીસ વરસ થયાં. ખુદ મારી બાના સોનાની ચીપવાળા ચૂડલા એમાં ગારદ થઈ ગયેલા. આ એનો એકનો એક છોકરો મથુર. મારી પાસે ગરીબી રેખાની નીચે જીવતા માટેની રાહતની અરજી લખાવવા આવે ! હદ થઈ ગઈ !.

'આમ કેમનું થયું મથુરિયા, હું તો આસામ મૂઓ હતો એટલે મને ખબર નથી, પણ તું તો કે' !. હું નથી જાણતો કારણ કે હું તો આટલાંવરસથી આસામ બીડીપત્તાના કામે હતો.'

'કારણમાં પીળી પેટી, વજુભાઈ.'

'અરે પીળી પેટી તો તમારી સાત પેઢી તારી દે એવી હતી.મહીં કેટલો બધો જીવ !'

'ખરું'મથુર બોલ્યો,'બાપા મંદિરથી પાછા આવ્યા, ને ધરતીકંપની ધણેણાટી થઈ. એમણે રાડ પાડી, મથુરિયા, પીળી પેટી લઈને બહાર નીકળી જા. તારી મા રહી ગઈ તો ઘોળી ગઈ!. હું બીજી કરીશ, પણ પીળી પેટીને મા ભૂલજે'' એમ રાડ્ય પાડી એટલે હું પીળી પેટીને લઈને ભાગ્યો ને મા દટાઈ મૂઈ.'

'અરર' મેં કહ્યું,'થવા કાળ થઈ ગયું. ઠીક પણ પીળી પેટી તો...'

'એની તો બાપાએ મને મોટી સજા કરી, બસ ત્યારથી એમણે મારી સાથે બોલ્યા વે'વાર બંધ કર્યો. મર્યા ત્યાં લગી.'

'કેમ ?' મેં પૂછ્યું : ''તું પીળી પેટી લઈને ભાગ્યો એમ તું ખુદ કે'છો તો'ય ?'

'સમજફેરનો સવાલ હતો' મથુરે અરજીમાં સહી કરી,'હું જે પીળી પેટી લઈને ભાગ્યો એ તો મારાં રમકડાં ભરેલી પીળી પેટી હતી. મને શું ખબર કે બાપા બીજી કોક પેટી માગતા હશે ? તમે જ કો'' વજુકાકા મારી કાંઈ ભૂલ ? પછી કહે,'સમજફેરની આટલી મોટી સજા !'

'ઠીક,' મેં એના હાથમાંથી ફોર્મ લીધું ત્યાં એક નાગોડિયું ટાબરિયું નજીક આવ્યું મેં પૂછ્યું' આ ?''

'મારા છોકરાનું છોકરું' એ બોલ્યોઃ' જુઓને, વજુકાકા, એને આ એક ચીજ બહુ વાલી છે. એને ગમે ઇ ધરો. પણ એને અડે જ નહીં. ને આને છોડતો જ નથી. મંઇ કાંઇ નથી તોય !'

જોયું તો છોકરાના હાથમાં ઉઘાડી ફટાક ઠોબારા જેવી પીળી પેટીનું એકલું ઢાંકણ !?

બી-૩/જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ,
જયમાલા ચોક, મણિનગર-ઈસનપુર રોડ,
અમદાવાદ-૩૮૦૦૫૦. મો.૯૫૫૮૦ ૬૨૭૧૧

તક

- કેશુભાઈ દેસાઈ

'અગિયાર હજાર છે.'

બેન્કમાંથી ઉપાડેલા દસ હજારની સીલબંધ નોટોની થોકડી પર બાંચસો પાંચસોની બે છૂટી નોટો મૂકી નાથુકાકાએ કસ્બાના સૌથી વધારે અનુભવી વકીલ અમરતલાલ બારોટના ટેબલ સામે 'હા...શ' કહી બેઠક અજવાળી. હમણાં હમણાં વધતી ઉંમર સાથે વકીલાત પાતળી પડતી જતી હતી ત્યાં આ અણધાર્યા અસીલની આગોતરી ફી સિનિયર એડવોકેટને કુળદેવીની કૃપા સમાન લાગી.

'પણ આમ એકાએક...' એમના મોઢામાં મીઠી મોળ વળી એટલે વાક્ય પૂરું કરતાં પહેલાં પાસેના સ્ટૂલ પર પડેલા જગમાંથી ઘૂંટડો પાણી ગટાવતાં પૂછ્યું : 'પાણી પીશો ? ચા-બા મંગાવું ?'

'મંગાવો, અડધી અડધી પી નાખીએ.' નાથુકાકાએ ફોડ પાડતાં કહ્યું : 'કોઈની સામે કેસ નથી માંડવાનો. મારી મિલકતનું વસિયતનામું લખાવવા આવ્યો છું. એવું લાકડાતોડ લખી આપો કે મારી આંખ મીંચાય ત્યારે ગધેડીનો કોઈ કટમી એન સામે કૂડી નજરે જોવાની હિંમત ના કરી શકે. વસિયતનામાની મૂળ નકલ તમારી પાસે જ રહે. જેવા સમાચાર મળે કે તમારે કુલ મુખત્યાર તરીકે મારી મિલકતનો કબજો સંભાળી લેવાનો. પછી મેં જે લખાવ્યું હોય એમાં તસુયે ફેરફાર વગર ભગવાન માથે રાખી એની વહેંચણી કરવાની. અત્યારે આ તો શુકનની રકમ છે : કુલમુખત્યાર તરીકેની સેવા બદલ પૂરા બે લાખ તમને મળે એવું લખાવવાનો છું.'

વકીલે માથા પર ઝળૂંબતી બહુચરાજીની છબી તરફ ઊર્ધ્વ દૃષ્ટિ કરી મનોમન માતાજીનો આભાર વ્યક્ત કરી દીધો. એંશી વટાવી ચૂકેલા અસીલે હોંકારો ભણ્યો. 'એક વાર વસિયતનામું લખાવી દઈ તમને સોંપ્યું પછી હું છૂટ્ટો. માતાજીની સાક્ષીએ એનો અમલ કરાવવાની જવાબદારી અમરતલાલ મણિલાલ બારોટની. મારી નાતના અઢાર વકીલ ગૂડાણા છે ગામમાં. કેમ એમને અણસાર પણ ન આવે એમ બારોબાર તમારી કેબિનમાં આવી ગયો ? દેવીપુતર છો. બોલ્યું પાળશો એવી ગળા સુધી ખાતરી છે. પેલા તો વાલીડા સગાંવહાલાંના દબાણમાં આવી જઈ મારી બાજી ઊંધી વાળી દે !'

અમરતલાલ વકીલે પટાવાળાને ઘંટડી મારી બે આઈસક્રીમ લઈ આવવા ધકેલ્યો. 'ચા પીશો તો પાછી ગરમી ચડશે. એ કરતાં પહેલાં થોડા ટાઢા પડો અને પછી મનમાં જે ગોઠવીને લાવ્યા હો એ મુદ્દા લખાવો. જડબેસલાક વિલ લખી દઈશ, માતાજી જુએ છે. અમલ કરાવવા હું નહીં જીવતો હોઉં તો હાઈકોર્ટમાં વકીલાત કરનારો મારો સુભાષ એનો અક્ષરશઃ અમલ કરાવશે. બાપના બોલથી. તમે ભરોસો મૂક્યો છે એ અવર્થ નહીં જાય. વચન આપું છું, મિલાવો હાથ !'

આઈસ્ક્રીમ આવી ગયો હતો. ટેબલ પર સજાવીને પટાવાળો બહાર ચાલ્યો ગયો. બૂમ મારીને નાથુકાકાએ એને પાછો બોલાવ્યો. વીસની નોટ આપીને કહ્યું : 'જા, મારા તરફથી તુંય આઈસક્રીમ ખાઈ આવ.'

વકીલ હસ્યા. 'તમે એમ માનો છો કે એ ખાધા વગર આવ્યો હશે ? એને કહી રાખેલું છે કે જે વસ્તુ ઑફિસ માટે લાવે તે ચાખીને લાવવી !'

નાથુકાકા ખસિયાણા તો પડ્યા પણ 'ભલે, કાલે ખાજે' કહી 'છોકરા'ને પૈસા આપીને બલકે બઝાડીને જંપ્યા.

'ચાલો, મુદ્દાસર વાત કરો. હું પહેલાં કાગળ પર ને પછી મારા કમ્પ્યૂટરમાં ટપકાવતો જઈશ. ડ્રાફ્ટ તૈયાર કરતાં ત્રણ-ચાર દહાડા તો લાગશે. પછી આવે છે રમજાન ઈદ અને રવિવારની બે રજાઓ. તમે અઠવાડિયા પછી એટલે આવતા મંગળવારે પાછા આવીને સહી કરી જજો. આપણે વિલ રજિસ્ટર કરાવી દઈશું અને એની બે-ત્રણ નકલ તમારે પણ રાખવાની, કોઈ વિશ્વાસુ સગાસંબંધીને કે ભાઈબંધને પણ આપી રાખવી. જેને જેને તમારી મિલકત વહેંચવા માગો છો એમની પાસે પણ વિલની ઝેરોક્સ નકલ હોય તે જરૂરી છે.

નાથુકાકાની આંખ ફરી ગઈ. 'મારે જાણી જોઈને છાણે વીંછી નથી ચડાવવા. સાંભળી લો સાહેબ, તમારી પાસે જ વિલ લખાવવા કેમ આવ્યો ? મારે કોઈ સગું પણ નથી ને વહાલાં હતાં એ તો પરદેશ વસી ગયાં છે. એમને મારી સામું જોવાનીય ફુરસદ નથી. આપણે બધું છાનું રાખવાનું છે. હમણાં જાહેર થઈ જાય તો કટમીનાં મોઢાં કાળાં મેંશ થઈ જાય !'

'દીકરો ફોરેન મોકલી બેઠા છો એમને !' એડવોકેટ અમરતલાલે પૂછ્યું : 'ભલે એને બાપની મિલકતમાં રસ ન હોય, બાપમાં તો હોય ને ! આપણે એની સાથે કોન્ફરન્સ કરીને વિલ ફાઈનલ કરીશું. એ થોડો આડો ફાટવાનો છે ?'

નાથુકાકાએ રોકડું પરખાવ્યું. 'કીધું ને ? કોઈને અણસારો પણ ના આવે એ રીતે કામ કરવાની તૈયારી હોય તો કરો. દીકરો મારા કીધામાં હોત તો વિલ કરવાની ક્યાં જરૂર જ હતી ? મૂએલી માનું મૂઢું જોવાયે ના આવ્યો એવા દીકરાને ગરદન મારવો છે ? દીકરીના ઘેર લીલાલહેર છે. એના બધા વહેવાર રંગેચંગે પાર પાડી દીધા છે. મારે બધી મિલકત મારી

ચાકરી કરનારી કામવાળીના નામે કરવી છે. સમજ્યા મારી વાત? સેવા કરે એ મેવા ખાય, પછી એમાં પારકાં ને પોતીકાંના ભેદ ના રખાય.' વકીલ ના સમજે એવા થોડા હતા ?

'સમજ્યો, સમજ્યો. મને થોડી ખબર હોય કે ગામના પાંચમાં પુછાતા જાગીરદાર પાટીદારનો દીકરો પરદેશ જઈને સાવ ધણીના બારણેથી જતા રહ્યો હશે ? છ મહિના પહેલાં કોલેજના રજત મહોત્સવમાં આવ્યો ત્યારે તો ઓલેઝોલે હતો. જશવંત નામ છે ને તમારા દીકરાનું ?' અમરતલાલ વકીલે એ પ્રસંગ વાગોળતાં ભૂંસાઈ ગયેલી સ્મૃતિ તાજી કરી : 'એની સાથે ગોરી મેડમ પણ હતી. ડોનેશન એના નામે જ લખાવતો ગયેલો.'

'પછી એ ડોનેશન આવ્યું ખરું ?' નાથુકાકાએ કોલેજના ટ્રસ્ટી અને આંતરિક ઓડિટરની દુઃખતી રગ જ દાબી. 'આવે તો જરૂર જણાવજો. બલકે શરત મારવી હોય તોય તૈયાર છે એનો સગ્ગો બાપ. પાઈ પણ પામો તો તમારા જોડા ને મારું માથું !' સગી માજણી બેનને જિંદગીમાં રાખડીનો રૂપિયો નથી આપ્યો કે માંદી માના મંદવાડ વખતે નવો પૈસો નથી આપ્યો એ તમને મોટો બદરો બંધાવશે એમ માનો છો ?

કેટલા કડવા અનુભવ થયા હશે ત્યારે ડોસા પેટના જણ્યા વિશે આવો 'ઊંચો' અભિપ્રાય બાંધી બેઠા હશે ! એ કસ્બાતી ગામમાંથી પરદેશ જઈ બે પાંદડે થયેલા અને પછી મા-બાપના નામનું નાહી નાખેલા એન.આર.આઈ.નો ઝાંખોપાંખો ચહેરો વકીલની આંખો સામે તરવરી ઊઠ્યો. અચાનક ઊભા થઈને અંદરની તિજોરીમાંથી એક આલબમ લઈ આવ્યા. સમારોહના અતિથિવિશેષ તરીકે ભાષણ કરી રહેલા ફાંકડા જુવાનનો ફોટો બતાવી પૂછવા લાગ્યા : 'કાકા, આ જ તમારા કહાનકુંવર ને ?'

નાથુકાકા સડપ લઈને ખુરશી પરથી ઊભા થઈ ગયા. 'ભલે, રામ રામ.' કહી એ ચાલવા જ જતા હતા ત્યાં વકીલે એમનો હાથ ઝાલીને ઊભા રાખ્યા.

'તમારે મારા દૂઝતા ઘા પર મરચું ભભરાવવું હોય તો હવે મારે તમારો વધારે વખત બગાડવાની જરૂર નથી.' નાથુકાકાએ આકરા શબ્દોમાં સંભળાવી દીધું : 'વકીલ સાહેબ, નાહક એંશી વર્ષે બાંધી મૂઠીનો ભરમ શું કામ છોડાવો છો ? સાંભળી લો : એ મારા બૂંદની ઓલાદ નથી. જુઓ તો એની મોંકળામાં મારો પડછાયો સુધ્ધાં વરતાય છે ?'

'હવે આગળ કશું નથી સાંભળવું. ચાલો, તમારા મુદ્દા લખાવો, બરાબર યાદ કરીને. કશું છૂટી ના જવું જોઈએ. આવતા મંગળવારે આવો ત્યારે બની શકે તો એકાદ સાક્ષી સાથે લેતા આવજો. સહી કરવા માટે.'

પટેલ મૂંઝાયા. વળી પાછો સાક્ષી શોધવા નીકળું ? આ ઉંમરે ? અને સાક્ષી તો એક કહેતાં એકાવન મળી રહે; પણ જે વિલ પર સહી કરે એ વાત ફૂંક્યા વગર રહે ખરો ?

'સાક્ષી મારો ભગવાન. રસ્તે જનારાને બોલાવીને અંગૂઠો મરાવી લેજો. કાં તો તમારા આ પટાવાળાની સહી કરાવી લેજો. હું સાક્ષી લઈને આવું એ આખી વાત પેટમાં રાખશે એની શી ખાતરી ? પેલો કમરચંડાળ મારા સિવાય બધા કટમીઓ હારે લળી લળીને અમેરિકા બેઠો બેઠો તાળીઓ લે છે. એના કાને વાત જાય એટલે એ તો સીધો જ ત્યાં બેઠાં બેઠાં બાપીકી મિલકતનો એક માત્ર વારસ હોવાનો દાવો ઠોકે ને મિલકત ફક્ત વડીલોપાર્જિત નથી. નાથુ ચેલદાસે પરસેવો પાડીને સૂકી ભંઠ જમીનમાં સોનું ઉગાડ્યું છે. આજની તારીખમાં ઓછામાં ઓછી બે કરોડની જાગીર છે. રોકડ તો જુદી. મારે તો એની જાણ બહાર બધું મારી ગરીબડી કામવાળીના છોકરાંને સોંપાઈ જાય એવું કરવું છે.'

અમરતલાલ વકીલ હસ્યા. 'એ જબરો ભૂપ હોય તોય વિલમાં જેના નામે કરાયેલી હોય એને જ મિલકત મળે. એ કંઈ માલિક થોડો છે ? દીકરો છે. મિલકત તમારા નામે છે.'

નાથુકાકાને થોડો સધિયારો બેઠો.

'એટલે તો તમારા જેવા જૂના અને અનુભવી વકીલ પાસે આવ્યો છું. મારે મારી મિલકતમાંથી એક નવો પૈસોય એ કરમચંડાળને કે એની સાધી રાખેલી ચંડાળ ચોકડીને નથી મળવા દેવો. સો વાતની એક વાત !'

'કાકા, તમારી વાત હું સમજી શકું છું, પણ મને એક પ્રશ્ન તો રહે જ છે.'

'બોલી નાખો ને ! તમને એમ હશે કે મરશો ત્યારે ઉપાડશે કોણ ? સમશાન સુધી પહોંચાડનાર ચાર ડાઘુ ક્યાંથી લાવશો ? આવું જ કંઈક ઘોળાયા કરે છે ને તમારા મગજમાં ?'

વકીલે આઈસક્રીમની ડીશ અળગી કરતાં હોંકારો ભણ્યો. 'આખરી કર્મકાંડ કરનાર પણ કોઈક તો જોઈશે ને ?'

નાથુકાકા ફરી બગડ્યાં: 'બલકે હું તો રાતે ઊંઘતી વેળા અને સવારે જાગતી વેળાએ પરભુ પાસે રોજ હાથ જોડીને એક જ અરજ ગુજારું છું કે હે દીનાનાથ, મને કોઈનો ઓશિયાળો ના બનાવજે. મરું ત્યારે મારા કટમીનો હાથ ના અડે એવું મોત આપજે.'

થોડું અટકીને એ ખોંખારો ખાઈ બોલ્યા : 'મારી લાશ ગંધાવા લાગશે પછી તો એને ઠેકાણે પાડવી પડશેને ? પાડોશમાં રહેનારા નહીં અડકે તો મ્યુનિસિપાલિટીની મડદાગાડી બોલાવી લેશે ! મારે એ લાશનું શું થશે તે થોડું જોવાનું છે ?' એમણે દૂર ક્ષિતિજમાં નજર નોંધીને ઉમેર્યું : 'અને એક વાર જીરણ થઈ ગયેલ ખોળિયામાંથી નીકળી ગયેલા આતમદેવને થોડાં કઈ બંધન હોય ? કર્મફળ મુજબ એની જે ગતિ થવાની હશે તે થશે. આપણે જેના વિશે કશું જ જાણતા નથી એની ફિકરમાં સુકાઈ જવાની જરૂર ખરી ?'

અસીલની બેફિકરાઈ જોઈ અધ્યાત્મનાં થોથાં વાંચી

વાંચી ઘડપણ ગુજારી રહેલા અનુભવી વકીલની આંખો પહોળી થઈ ગઈ. સાવ જુનવાણી પરંપરાઓમાં જીવતા સમાજમાં પણ એક અભણ ખેડૂત કેટલી ઊંડી આત્મપ્રતીતિ ધરાવે છે ! એમણે કાગળમાં મુદ્દા ટપકાવવા માંડ્યા.

'આખું નામ, જે તમારા રેશનિંગ કાર્ડ, મતદાન કાર્ડ અને આધારકાર્ડમાં હોય તે લખાવો.'

'પટેલ નાથુદાસ ચેલદાસ.' થોડું અટકીને ઉમેર્યું : 'શાખે ખરસાણ.'

'જન્મ તારીખ ?'

'આ આધારકાર્ડમાં જે લખેલી છે તે જ માનવાની ને ? નહીંતર એંશી વરસ પહેલાં કોણ નવરું હતું છોકરાંની જન્મતારીખ નોંધાવવા !' એમણે પાકીટમાંથી આધારકાર્ડ કાઢ્યું.

અને બોલ્યા : બીજા જરૂરી દસ્તાવેજો પણ ભેગા લેતો આવ્યો છું. ઘર, જમીન અંગેના ઉતારા, બેન્ક ખાતાની ચોપડી, એફડી, કિસાનપત્ર, નર્મદાના શેર...

વકીલને લાગ્યું કે કાકો છે તો પાકો. અભણ હશે પણ સોળે સોપારા ભણેલો છે. વળી બધી મિલકત એની કામવાળી અને એનાં છોકરાંના નામે ફના કરવા બેઠો છે એટલે દાળમાં કશું કાળું નહીં પણ રંગબેરંગી હોવાની પૂરી શક્યતા છે.

'કાકીને દેવલોક થયે કેટલો વખત થયો ?'

'સાતમા મહિનામાં સાત પૂરાં થશે. તેરમી તારીખે.'

'આ કામવાળી બાઈના કોન્ટેક્ટમાં ક્યારના છો ?' વકીલે પાણી પહેલાં પાળ બાંધી દીધીઃ 'ઘણાં વર્ષોથી કામ કરે છે અને મરનાર પટલાણીએ પણ મરતાં પહેલાં એને તમારી સારસંભાળ રાખવા આજીજી કરી હતી એવું લખાવશો તો તમે કહ્યું એવું લાકડાતોડ વિલ બનશે. તમારા કપાતર દીકરા માટે આંગળી મૂકવાની જગ્યા જ નહીં રહે. ભલેને એ બાઈ હારે આડા સંબંધોની દલીલ કરીને માથાં પછાડે.'

'બસ ત્યારે. એટલું જ જોઈએ.' પટેલને પોતે જે વાત કહેતાં ખંચકાટ અનુભવતા હતા તે વકીલના મોંઢેથી આપો આપ રજૂ થયેલી જોઈ સંતોષ થયો.

'હવે કામવાળી બાઈની પૂરી વિગત જોઈશે. નામ ઠામ, આધારકાર્ડ, એનાં છોકરાંને પણ તમારી મિલકતમાંથી જે કાંઈ આપવા માગતા હો તો એની છણાવટ...'

હજી પૂરી વાત કરે એ પહેલાં જ નાથુકાકાએ પાકીટમાંથી એમના પોતાના અને એ કામવાળીના ફોટા સહિત જરૂરી દસ્તાવેજો ટેબલ પર મૂકી દીધા.

'એનું નામ કમળાબહેન કચરાજી ઠાકરડા છે. અમારા પટેલવાસ પાછળ જ ઠાકરડાવાસમાં એનું કાચું મકાન છે. હાથ મજૂરી કરીને છોકરાં મોટાં કર્યાં છે. ધણી દારૂડિયો હતો, મારાં જ ખેતર સાથી ભાગિયા તરીકે ખેડતો હતો. પાંચ વરસ થવા આવ્યાં એના અવસાનને. અદેખા માણસોએ તો અફવા પણ ઉડાડેલી, તમારાથી છાનું નહીં રાખું. ખુદ મારા પિતરાઈઓએ જ મને બદનામ કરવાનો પ્રયાસ કરેલો. મરનારના વાસમાં જઈ જઈને ચાવીઓ ભરી આવેલા. પણ સાચને આંચ આવે ખરી ? બાઈએ પંચ આગળ રામદેવ પીરનો દીવો ઉપાડીને સોગન ખાધા કે નાથુકાકો તો મારા માટે બાપ કરતાં આલે છે - આખી દુનિયાને ધૂળ ઉડાડવી હોય તો ભલે ઉડાડે, સૂરજ થોડો ઢંકાવાનો છે ? ને મારો તો એ અન્નદાતાર છે. હવે તો મારે એની ગોલી થઈને રહેવું છે. મારું ઘર નભાવી આલનારને ના નભાવું તો મને મારી શિકોતર માવડી માફ ના કરે. ઝુઝારજીની છોડી છું - કોઈ રસ્તે રઝળતી બલા નથી...'

વકીલે વિગતો લઈને કાગળમાં ટપકાવવા માંડી. 'ભલે પટેલ. મંગળવારે વિલ પર સહી કરી જજો. રજિસ્ટર કરાવી દઈશું. ચકલુંયે જાણશે નહીં એની ખાતરી આપું છું, માતાજી સાક્ષી છે.' એમણે માથા પર ટીંગાડેલી બહુચરાજીની છબી સામે આંગળી ચીંધી. સામેના પીંજારાવાસમાં કૂકડો બોલ્યો. નાથુદાસ ચેલદાસ પટેલને ભરોસો બેસી ગયો. હરખાઈને બોલી ઊઠ્યાં 'પરચો મળી ગયો. કામ ફતેહ.'



પરંતુ અઠવાડિયા પછી તો આખો સિનારિયો જ બદલાઈ ગયો હતો. ખુદ એમના પાડોશી મોઢાં ઢાંકી ઢાંકીને અતડા અતડા ફરતા હતા. એમણે કમળાને પૂછ્યું : 'આ બધા મૂઢાં ઢાંકીને કેમ ફરે છે ? કાંઈ બનાવ બન્યો છે કે શું ?'

કમળાએ બાજરીનો રોટલો થપથપાવતાં જવાબ આપ્યોઃ 'દાદા, લોક કે' છ ક જબરો રોગચાળો ફાટ્યો છ દનિયાંમાં. જેને ચેપ લાગ્યો એ બે-તૈણ દા'ડામાં રાંમશરણ થૈ જાય છ... બળ્યું શ્યું નાંમ કીધું...' એણે મગજની રજોટી ખંખેરીને રોગચાળાનું નામ યાદ કર્યું : 'કોરોના નીકળ્યું છે, દેવીનો રથ ફરી વળે એમ જે ઝપેટમાં આયું ઈનો કોળિયો કરી જાય છ.'

નાથુકાકા હસ્યા : 'પાપનો ઘડો કોક દા'ડે તો ફૂટે કે નૈં ? ઓહોહોહો, દુનિયા આખી ચકડોળે ચડી ગઈ'તી હમણાંથી જે થાય એ હારા માટે. પરથમી ભાર પણ ચેટલો ઝીલે !'

ઊના ઊના રોટલા પર ઘીનો લૂંદો અને તાંસળામાં કઢી પીરસતાં કમળાએ કહ્યું : 'ઘૈડિયાંને તો બા'ર નેંકળવાની બંધી જ કરી દીધી છ - પોલીસ ડંડા લઈને નાકા પર ઊભી છ. મું આવતી'તી તોય મને ટોકીને ! મીં તો કીધું : મારા દાદા છં નાથુભા. મું ના જઉં તો ઈયાંનં રોટલો કુણ કરી આલશે ? કગરી વગરીને આઈ સું. એ રડમસ થઈ ગઈ : 'ભલા થઈનં તમે બા'ર ના નેંકળતા...'

નાથુકાકાના પગ નીચેથી ધરતી સરકવા લાગી.

'પણ મારે તો નેંકળવું પડશે કમુડી.' એમણે વહાલભરી નજરે એની સામે જોતાં કહ્યું : 'મારી ગરજે. તારા કાજે !'

'મારા કાજે ?'

કમળાને આશ્ચર્ય થયું. 'મારા કાજે જોખમ લ્યો તો મારા હમ.'

નાથુકાકાએ કોરી આંખે જવાબ વાળ્યો : 'તું ગમે તેટલી રસ્તામાં હૂઈ જૈશ તોય તને ઓરંડીને જવું પડશે. હમ-બમ બધી બોગસ વાતો છે. મારે તારા નામનું વિલ રજિસ્ટર કરાવવાનું છે. વકીલે આજે મળવાનું કીધેલું છે. મારી સહી વગર વિલ થોડું રજિસ્ટર થશે ?'

કમળા પાસેથી એના ફોટા અને આધારકાર્ડ માગ્યાં ત્યારે ભા એના માટે કશોક દસ્તાવેજ કરાવશે એવો અંદાજ તો આવી ગયેલો. પણ આવા રોગચાળામાં, આ ઉંમરે... પોલીસવાળા તો ડગલે ને પગલે પગેરું લેવાના. ડોસાને ડંડા ના પડે તો સારું ! - એ મનમાં ને મનમાં ગૂંગળાતી રહી અને નાથુદાસ ચેલદાસ પટેલ તો હાથમાં સોટી લઈને રોજની જેમ નીકળી પડ્યા, જાણે ખેતરના શેઢે ના ફરતા હોય એમ !

નાકા ઉપર માસ્ક પહેરેલા પોલીસવાળાએ લાકડી આડી કરી. 'ડોહા, ખબર નથી સરકારે લોકડાઉનનો હુકમ કર્યો છે એ ?'

બીજા પોલીસવાળાને મશ્કરી સૂઝી : 'કાકાને ડાઉન થઈ જવાની ઉતાવળ આવી ગઈ લાગે છે.'

નાથુકાકાએ એમની વાત સાંભળી - અણસાંભળી કરી આગળ નીકળી જવામાં ડહાપણ ભાળ્યું.

રસ્તે પીંજારાઓનું કબ્રસ્તાન આવ્યું. એક વિચિત્ર દૃશ્ય નજરે પડ્યું. દવાખાનાની શબવાહિનીમાંથી માથાઢંક શબ બહાર કાઢતા કર્મચારીઓએ ભૂત જેવો બિહામણો વેશ કરેલો હતો. નજીક જવા પગ ઉપાડ્યો ત્યાં પોલીસવાળાએ લાકડી આડી કરી. માસ્ક બાંધેલા મોઢે એણે ગામડિયા ખેડૂત લાગતા ડોસાને ચેતવ્યા. 'છાનામાના ફાળિયાનો છેડો મોંઢા પર ઢાંકીને ઘર ભેગા થઈ જાવ ડોહા. ચેપ લાગશે તો સગો દીકરોય ઉપાડવા નહીં. આવે !'

એમનાથી અનાયાસ બોલાઈ ગયું : 'એથી વધારે રૂડું શું ?' પછી જરા ઠાવકા થઈને એમણે પૂછ્યું : 'આ મૈયત કોની છે ?'

'પીંજારાવાસના સુલેમાનની. અમદાવાદ ગયેલો. ઘેર આવ્યો ને ત્રીજે દિવસે તો અલ્લાતાલાની ખિદમતમાં નંબર લાગી ગયો. કોરોનાવાળા દરદીનું મોત થાય તો એને ઘરનાં માણસો પણ અડકતાં નથી. સરકારી તંત્ર જ એનો નિકાલ કરે છે !'

પોલીસવાળો એમને સમજાવવા લાગ્યો : 'છાનામાના ઘરે પાછા વળો. જઈને સાબુથી હાથ ઘસી ઘસીને ધોજો અને પછી જીવવું હોય તો ઘરમાં જ પુરાઈ રહેજો !'

નાથુકાકાએ એને કહ્યું : 'ભલે ભઈલા. આ નીકળ્યો એ નીકળ્યો. જરા અમતલાલ વકીલની ઓફિસે જઈ એક સહી કરી આવું પછી ઘરની પરસાળ નહીં છોડું.'

પોલીસવાળાએ જવા દીધા. ડોસા જિદ્દી છે. ઉંમરલાયક છે. મૂઆ, મરશે તો એમના ભોગ.

અમરતલાલ વકીલની ઓફિસ બંધ હતી. નિસાસો નાખીને પાછા વળ્યા. ફોન તો રાખતા નહોતા. પૂછે પણ કોને ! આખું બજાર ભેંકાર લાગી રહ્યું હતું.

- અઠવાડિયા પછી એકાએક તાવ ચડ્યો. છાતીમાં ગૂંગળામણ થવા લાગી. કમળાએ એમને બામ ઘસી આપ્યો. રાતે પણ કમળા રોકાઈ ગઈ. 'ભા !' એની આંસુભીની લાગણીથી હૈયું ભીંજાયું. બહાર દોડી જઈ પડોશીઓને બોલાવી લાવી. 'ભા માંદા થઈ ગયા છે... દવાખાને પહોંચાડો, તમારી ગાય છું.'

પાંદડાની જેમ ધ્રૂજી રહેલા અને તવીની જેમ ધખી રહેલા નાથુકાકા માંડ આટલું બોલતાં તો હાંફી ગયા : ભલી થઈ જા. મને કોઈ કટમી હાથ લગાડશે તો મારું મોત બગડશે.

પણ શરમના માર્યા કટમી તો આવ્યા. એકબીજા સામે આંખના ઉલાળા કરી વેગળા જ ઊભા રહ્યા. કોઈએ ૧૦૮ બોલાવી તો કોઈએ ૧૦૪. પંદરવીસ મિનિટમાં એમ્બ્યુલન્સ આવીને પેશન્ટને લઈ ગઈ. કાકા ગયા તે ગયા. છેક અંતિમધામની ઈલેક્ટ્રિક ભઠ્ઠીમાં ઝીંકાયા ત્યાં લગી. કટમીને હાથ લગાડવાની તક ન આપી તે ન જ આપી. હા, કામવાળીના નામે વિલ કરવાની એમની મંશા જરૂર અધૂરી રહી ગઈ - કુદરતે તક જ ન આપી !

૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ નં. ૧૩૨,
સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨૦૨૧.
મો. ૯૮૭૯૫૪૩૧૩૨



સત્યજીત

- *ડૉ. ચંદ્રકાન્ત મહેતા*

એનું નામ પડતાં ગામના પથ્થરો થર-થર ધ્રૂજે. ગામમાં પોતાને 'સિંહ' જેવા ગણતા લોકો 'શિયાળ' બની જાય !

એને જોતાં છોકરાં રસ્તો છોડી ઘર ભેગાં થઈ જાય. બારીએ ઊભેલી સ્ત્રીઓ બારી બંધ કરી દે. ખેડૂતો અને ગણોતીઆઓ એની કદમબોસી કરે ! છ ફૂટનો ઊંચો કદાવર બાંધો, નશામાં લાલઘૂમ રહેતી આંખો, અણિયાળું નાક અને અહંકારની ચાડી ખાતી ટટ્ટાર મૂછો.

તનથી મજબૂત, મનથી મજબૂત, ધનથી મજબૂત, ધાકથી મજબૂત. મજબૂત પુરનો મજબૂતસિંહ. મજબૂતસિંહ એટલે મજબૂતસિંહ.

૪૦૦ એકર જમીન ધરાવતો વગદાર માણસ. રાજકારણીઓ એના મહેમાન બને, પોલીસવાળા એને સલામ ભરે ! હરતા-ફરતા ક્રૂર યમદૂત જેવો એનો દેખાવ. કોર્ટ કેસમાં એની સામે સાક્ષી પૂરનારનું આયુષ્ય માત્ર ચોવીસ કલાકનું.

કોલેજનો ચેરમેન એટલે પ્રિન્સિપાલ અને પ્રોફેસરો એને રાજી રાખવામાં કશી જ કચાશ ન રાખે. એના દીકરા-દીકરીને કોલેજ નહીં જવાની બાધા, છતાં ઇન્ટરનલ માર્ક્સ એંશી ટકા! યુનિવર્સિટી પરીક્ષામાં સુપરવાઈઝર અને કેન્દ્ર સંચાલક પણ મજબૂતસિંહના દીકરા-દીકરીને 'વિશેષાધિકાર' ભોગવવા દે.

ગામનો ખેડૂત હલકૂ ચૌધરી મજબૂતસિંહની જમીન ખેડે, વિના શર્તે. મજબૂતસિંહની કૃપા હોય એટલી વાર્ષિક રકમ એણે ચૂપચાપ લઈ લેવાની.

હલકૂસિંહનો દીકરો સત્યજીત નિર્ભય અને ખુમારી વાળો. ગાંધી સાહિત્યના વાંચન અને જીવનમાં ગાંધી ચીંધ્યા સિદ્ધાંતોનો અમલ કરવામાં માને. ગામનાં છોકરાંને ભેગાં કરી, મહાત્મા ગાંધીજીના પ્રેરક પ્રસંગો કહી સંભળાવે. સત્યજીતની દશા હિરણ્યકશિપુના શાસનમાં પ્રહ્લાદ જેવી !

મજબૂતસિંહે હલકૂ ચૌધરીને બોલાવીને ચેતવણી આપતાં કહ્યું : 'હલકૂ, તારા છોકરાને કહી દે જે કે મહાત્મા ગાંધીના નામના ભૂત વળગાડથી ગામનાં છોકરાંને અળગાં રાખે. મારા ગામમાં ગાંધીને નહીં પણ આંધીને સ્થાન છે ! હું કહું તે સત્ય અને હું કહું તે નીતિ. તારા છોકરાએ પણ મારો પડતો બોલ ઉપાડવો પડશે, નહીં તો 'ગાંધીની ગતિ' પામશે, સમજ્યો ?'

'સમજી ગયો બાપલા હંધુય સમજી ગયો. એણે જીવવું હશે તો આપને ભગવાન માનવા પડશે, બરાબરને ?

હલકૂએ મજબૂતસિંહના પગ દાબતાં કહ્યું...

અને મજબૂતસિંહ એને ગબેડીને ચાલતો થયો.

તે રાત્રે સત્યજીતને હલકૂએ પ્રેમથી સમજાવતાં કહ્યું: 'બેટા, જમાનો બદલાઈ ગયો છે ! આજે સત્ય બોલવું એ અપરાધ ગણાય છે. સત્તાભક્તિ એ ઉત્કર્ષની સીડી ગણાય છે. તારા આદર્શો પ્રમાણે તારે નોકરીને બદલે ખેતી દ્વારા જીવન ગુજરાવું હોય તો મજબૂતસિંહની કૃપા વગર તારી સલામતી નથી ! મજબૂતસિંહની ખફા મરજી વખતે તને કોઈ ઉગારવા નહીં આવે ! લોકો સ્વાર્થને જ સત્ય માને. ત્યાં સત્યવાદીના પક્ષે કોણ ઊભું રહે ? આ ઘરડા બાપ પર તો તું દયા કર !'

હલકૂ ચૌધરીએ પુત્ર સત્યજીતને કહી દીધું : જીવવું હશે તો ઝેરનો કટોરો ગટગટાવતાં શીખવું પડશે. સત્યના પ્રયોગો તને સન ઓફ ઈન્ડિયા નહીં બનાવે

સત્યજીતે કહ્યું : 'પિતાજી, હરિશ્ચંદ્રની કથા તો આપ જાણો છો ને ! વિશ્વામિત્રે એની સત્યનિષ્ઠાની કસોટી કરવા એનું રાજઘાટ દાનમાં માગી લીધું. પત્ની તારામતી અને પુત્ર રોહિત સાથે એને રાજ્યની બહાર કાઢી મૂક્યો. પછી 'દક્ષિણા બાકી છે.' - એવું બહાનું કાઢી વિશ્વાસમિત્રે એની પોતાની જાત, પુત્ર અને પત્નીને પણ વેચવાની ફરજ પાડી. પુત્ર રોહિતનું સર્પદંશથી મૃત્યુ થયું. તારામતી એને અગ્નિદાહ આપવા માટે સ્મશાને લઈ ગઈ ત્યારે હરિશ્ચંદ્રે જે સત્યનિષ્ઠા દાખવી એનાથી દેવોએ તેનો જયજયકાર કર્યો. હરિશ્ચંદ્રની સત્યભક્તિ માટેની પરીક્ષા પૂરી થઈ અને મૃત પુત્ર, પત્ની તથા રાજ્ય તેને પાછાં મળ્યાં... હરિશ્ચંદ્રની આવી આકરી કસોટી આગળ આપનો પુત્ર તો ખૂબ જ તુચ્છ કહેવાય. તેમ છતાં આપને તકલીફ ન પડે એનો હું ખ્યાલ રાખીશ. હલકૂ ચૌધરીને


પુત્રની વાતથી સંતોષ થયો. એમણે મનોમન ભગવાનને પ્રાર્થના કરી કે મારો દીકરો સત્યને જ પરમેશ્વર માની તેનો ઉપાસક બન્યો છે. ત્યારે તેની લાજ રાખજે.

એ વાતને એકાદ વર્ષ થયું હશે. સત્યજીત પોતાના નાનકડા ખેતરમાં જાતે ખેતી કરતો અને હલકૂ ચૌધરી મજબૂતસિંહના ખેતરમાં મજૂરી કરતો. મજૂરી કરીને ઘેર આવ્યા બાદ પણ મજબૂતસિંહની ડેલીએ કામ કરવાનું ! એમણે પુત્ર સત્યજીતને કહી દીધું હતું કે જીવવું હશે તો ઝેરનો કટોરો ગટગટાવતાં શીખવું પડશે ! તારા 'સત્યના પ્રયોગો' તને 'સન ઓફ ઈન્ડિયા' નહીં બનાવે, પણ જિંદગીના તારા અને મારા ખ્યાલો જુદા છે. ઘડપણે મને સંઘર્ષને બદલે સમાધાન તરફ વાળ્યો છે... તું પણ જો શાંતિથી જીવવા ઈચ્છતો હોય તો..."

"તો મારે મજબૂતસિંહ નામના જુલમગારને રાજી રાખવો પડશે, એમ જ ને ! પિતાશ્રી, દેશનો હરેક માણસ રાવણ અને દુર્યોધનોની શરણાગતિ સ્વીકારતો થઈ જશે તો ભારતનું 'ભારતપણું' ક્યાંથી ટકશે ? છતાં હું અકારણ મજબૂતસિંહ સાથેનો સંઘર્ષ કરવાનું ટાળીશ -" સત્યજીતને કહ્યું...

જજ સાહેબ, મારે પ્રલોભનોને વશ થઈને સત્ય રૂપી પરમાત્માને દગો નથી દેવો. કોર્ટ એ તો સત્યદેવતાનું મંદિર છે, દેવમંદિર કરતાં પણ ઘણું પવિત્ર અને ગરિમાવંતુ. સત્ય હારતું નથી પણ સાક્ષી - પુરાવા આપનાર માણસો જ કોર્ટને ગેરમાર્ગે દોરે છે સત્યજીતનું નિવેદન

એક દિવસ સાંજના સમયે સત્યજીત ખેતરનું કામ પતાવી ઘેર આવી રહ્યો હતો. શ્યામલી નામની એક ખેતમજૂર બાઈ પણ થોડે દૂર એકલી-અટૂલી ઘેર પરત જઈ રહી હતી. શ્યામલીનો વર્ણ શ્યામ પણ વિધાતાએ એને સલૂણું રૂપ ખોબલે-ખોબલે આપ્યું હતું... શ્યામલી કાળી પણ કામણગારી લાગતી હતી.



મજબૂતસિંહનો ડોળો એની પર મંડરાએલો હતો એ મોકો શોધતો હતો શ્યામલીને શિકાર બનાવવાનો.

મજબૂતસિંહે પણ પરગામથી પોતાને ગામ જતાં શ્યામલીને જોઈ. એણે દિશા બદલી અને ઘોડાને શ્યામલીના રસ્તા તરફ વાળ્યો. શ્યામલીએ મજબૂતસિંહને આવતો જોયો. તેના હાંજા ગગડી ગયા. પણ એણે હિંમતથી તેનો સામનો કરવાનું નક્કી કર્યું... ઘોડા પરથી ઊતરી મજબૂતસિંહ ગીધની જેમ તેની પર ત્રાટક્યો.. શ્યામલીએ તેનો સામનો કરવા દાતરડું ઉગામ્યું, પણ મજબૂતસિંહને મચક ન આપી.

મજબૂતસિંહ પાસે હવે કશો જ વિકલ્પ નહોતો. શ્યામલી ગામમાં જઈને પોતાની બહાદૂરીની વાત કરશે તો ફજેતી થશે. એણે શ્યામલીને ધક્કો મારી ભોંયભેગી કરી અને રિવોલ્વરમાંથી ધડાધડ ત્રણ ગોળીઓ છોડી. શ્યામલીનું પ્રાણપંખેરૂ ઊડી ગયું... ખાસ્સું અંધારું થઈ ગયું હતું. મજબૂતસિંહે આજુબાજુ જોયું. અંધારામાં એક માણસ તેને દૂરથી દેખાયો. મજબૂતસિંહે કશી લપછપમાં પડ્યા વગર પોતાનો ઘોડો મારી મૂક્યો.

શ્યામલીના મોતની વાત ગામમાં પ્રસરી ગઈ. બીજે દિવસે પોલીસ પણ આવી પહોંચી. મજબૂતસિંહે તેમની આગતા-સ્વાગતા કરી કોઈ સાક્ષી સાચી જુબાની ન આપે તેની આગોતરી ચેતવણી આપી દીધી. મજબૂતસિંહે પોલીસને કહ્યું : 'કોર્ટ-કચેરીનું તમે સંભાળી લેજો. ગામનું હું સંભાળી લઈશ. મારી વિરુદ્ધ બોલવાની કોઈ હિંમત પણ નહીં કરે ! છતાં અંધારામાં કોઈએ આ ઘટના જોઈ હતી, એવું મને લાગ્યું હતું. હું તેની તપાસ કરાવી એની બોલતી બંધ કરાવી દઈશ.

મજબૂતસિંહનું 'આતિથ્ય' સ્વીકારી પોલીસ વિદાય થઈ.

શ્યામલીના મોતનો કેસ લૂલો પાડવા તે દિવસે અંધારામાં દૂર-દૂર દેખાતી વ્યક્તિ કોણ હતી, તેનો પત્તો મેળવવા મજબૂતસિંહે પોતાના જાસૂસોને કામ સોંપી દીધું. ઘટનાને દિવસે અંધારું થયા બાદ ખેતરમાંથી કોણ-કોણ ઘેર પાછું ફરી રહ્યું હતું, તેની આકરી તપાસ શરૂ થઈ. જાણવા મળ્યું કે શ્યામલીથી અડધો કિલોમિટરના અંતરે ચાલતો-ચાલતો આવનાર યુવક સત્યજીત હતો !

એણે પોતાના બાતમીદારોને કહ્યું : ''સત્યજીત વાયડો છે, પણ એનો બાપ મારો પાલતૂ છે. હું કહીશ તેમ જ કરશે અને સત્યજીત પિતૃભક્ત છે. પિતા કહેશે તેમ જ કરશે.''

મજબૂતસિંહે હલકૂ ચૌધરીને બોલાવીને તેનો બરાબર ઉધડો લેતાં કહ્યું : ''મને ખબર પડી છે કે શ્યામલીને મેં ગોળીઓથી વીંધી નાખી, એ ઘટના તારા પુત્ર સત્યજીતે જોઈ છે. મેં બનાવટી સાક્ષીઓ તો તૈયાર કર્યા છે, પણ ઘટનાનો આંખે દેખ્યો સાક્ષી તારો પુત્ર સત્યજીત છે. એને સમજાવી દેજે કે મજબૂતસિંહની કૃપા જોઈએ કે સત્યનો ઝંડો ? મારી વાત માનશે તો તેને સો એકર જમીન આપીશ અને પંચાયતની ચૂંટણીમાં તેને ઊભો રાખી સરપંચ બનાવીશ.. પછી ધીરે-ધીરે વિધાનસભા અને લોકસભામાં મોકલીશ. પણ જો મારી વિરુદ્ધ કોર્ટમાં હરફ સુધ્ધાં ઉચાર્યો તો એને માટે શ્યામલીના માર્ગે 'સિધાવ્યા' સિવાય કોઈ રસ્તો નહીં રહે.''

હલકૂએ કહ્યું : ''બાપૂ, તમે ચિંતા ન કરતા. અત્યાર સુધી તમારું લૂણ ખાધું છે. મારે માટે પણ એ ભૂણનું ઋણ ચૂકવવાનો આ અવસર છે. હું સત્યજીતને આપને પૂરેપૂરો સાથ આપવા સમજાવીશ.''

મજબૂતસિંહે હલકૂની પીઠ થાબડી અને પોતાના ગળામાંથી સોનાની ચેન ઉતારી હલકૂના ગળામાં પહેરાવી દીધી. હલકૂએ આનાકાની કરી પણ મજબૂતસિંહે સોગંદ નાખ્યા એટલે હલકૂ માની ગયો.

ઘેર આવ્યા બાદ હલકૂએ સત્યજીતે કહ્યું : ''દીકરા, મારે માટે કસોટીની ઘડી ઉત્પન્ન થઈ છે. એક બાજુ સ્વામી ભક્તિ અને બીજી બાજુ સત્યભક્તિ. પણ જો હું તને સત્યનો પક્ષ લેવાની છૂટ આપીશ તો આપણા બંનેનું અસ્તિત્વ જોખમાવશે. એટલે અંતઃકરણનો અવાજ સાંભળવાને બદલે અસત્યનો અવાજ સાંભળી મજબૂતસિંહની તરફેણમાં સાક્ષી આપજે. એમના વકીલ કહેતા હતા કે જો આંખે દેખી વાત જુબાનીમાં કોઈ કહેશે તો મજબૂતસિંહને ઓછામાં ઓછી આજીવન કેદની સજા થશે. એટલે આપણે આવા વગદાર માણસને મરવા દેવો નથી !''

સત્યજીતે મૌન ધારણ કર્યું એટલે હલકૂ ચૌધરીને લાગ્યું કે તેની અર્ધસમ્મતિ તો છે જ.

બીજા દિવસથી સત્યજીતને અસત્યના પાઠ ભણાવવાનું કામ મજબૂતસિંહે શરૂ કરાવી દીધું. કોલેજના બે વફાદાર પ્રોફેસર્સને બોલાવીને કહ્યું : ''ગમે તેમ કરી સત્યજીતનું 'બ્રેઈન વોશિંગ કરી દો. એને ખૂબ ગભરાવો, મારી તાકાત સામે એ ટકી શકશે નહીં. એની એને ખાત્રી કરાવો.' સત્યમેવ જયતે'' એ સૂત્ર તરીકે સારું છે, પણ સત્યને જિતાડનારા આજે છે ક્યાં ? મેં આપેલી લાલચો અને પ્રલોભનો સામે સત્યજીતનું ટકી રહેવું મુશ્કેલ છે. મારું કામ પાર પાડશો તો તમારી કદર કરવામાં હું પાછો નહીં પડું એટલું યાદ રાખજો.

અને મજબૂતસિંહના 'અસત્યના પ્રયોગો' શરૂ થયા. ફિલોસોફીના પ્રોફેસરે તત્ત્વજ્ઞાનનાં ઉદાહરણો આપી સત્યના માર્ગનાં ભયસ્થાનો સમજાવ્યાં. કાયદા પ્રોફેસરે તેને કાનૂની પ્રક્રિયાની આંટીઘૂંટી સમજાવી મજબૂતસિંહને ખુશ રાખવા સત્યને ગળે ટૂંપો દેવા સત્યજીતને માનસિક રીતે તૈયાર કરવાની કોશિશ કરી.

એક વર્ષને અંતે કેસ બોર્ડ પર આવ્યો. સાક્ષી-પુરાવાનું કામ શરૂ થયું.

મજબૂતસિંહના એડવોકેટે એક લેખિત વકતવ્ય સાક્ષી આપવા માટે સત્યજીતને તૈયાર કરી આપ્યું અને પોપટની જેમ રટણ કરવાની સૂચના આપી. એડવોકેટ દરરોજ સાંજે સત્યજીતને ઘેર આવતા અને સત્યજીતને પોતે તૈયાર કરી આપેલું નિવેદન મૌખિક રીતે બોલી જવાની સૂચના આપતા. સત્યજીત કશી આનાકાની વગર તેમને પોતે ગોખેલું નિવેદન સંભળાવતો.



એમાં ક્યાંય એની ભૂલ થતી નહીં. એટલે એડવોકેટ ખુશખુશાલ હતા. એમણે મજબૂતસિંહને કહ્યું : ''માનો તમે કેસ જીતી ગયા. ઘટનાનો આંખે દેખ્યો સાક્ષી સત્યજીત છે. એને મેં એવી રીતે તૈયાર કર્યો છે કે એની જુબાનીથી આપને ઊની આંચ ન આવે. સત્યજીતે સાક્ષી આપવાના દિવસે આગલી રાત્રે હું તેને ઘેર જ રોકાઈશ, અને સાક્ષી તરીકેના નિવેદનની તેને પ્રેકટિસ કરાવીશ. સાક્ષી પૂરવાના દિવસે મારી કારમાં એને મારી સાથે લેતો આવીશ, એટલે છટકવાનો તેને અવકાશ જ ન રહે !''

સોમવારે ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન જજની કોર્ટનો રૂમ લોકોથી ખીચોખીચ ભરેલો હતો. મજબૂતસિંહના ટેકેદારો, મળતીઆઓ તથા બાઉન્સરો કોર્ટની બહાર પહેરો ભરતા હતા.

બરાબર અગિયારને ટકોરે સેશન જજે કોર્ટમાં પોતાની બેઠક લીધી. સાક્ષી માટે સત્યજીતનું નામ પોકારવામાં આવ્યું. સોગંદવિધિ પતાવ્યા બાદ સત્યજીતની સાક્ષી શરૂ થઈ. મજબૂતસિંહ નિશ્ચિંત હતા. એડવોકેટે અંગૂઠો ઊંચો કરી સત્યજીતને ઓ.કે.નો સંકેત આપ્યો.

અને એડવોકેટે તૈયાર કરી આપ્યા અનુસારનું મજબૂતસિંહની તરફેણમાં સત્યજીતે નિવેદન આપવાનું શરૂ કર્યું... મજબૂતસિંહ નિર્દોષ છે અને પોતે તેમને શ્યામલી પર ગોળી ચલાવતા જોયા નથી, પણ એક બૂકાનીધારી માણસ શ્યામલી પર હુમલો કરી તેની હત્યા કરી મોટર બાઈક પર ભાગી ગએલો પોતાની નજરે પડ્યો હતો. જેનું નામ-ઠામ મારી જાણમાં નથી.

સત્યજીતના શબ્દેશબ્દ પર મજબૂતસિંહ અને એડવોકેટ આફરીન હતા. જજે સત્યજીતને પૂછ્યું : ''હવે તમારે વધુ કશું કહેવાનું છે ?''

સત્યજીતે જજને નમસ્કાર કરી કહ્યું : ''જી, સાહેબ, મારી ખરી વાત તો હવે શરૂ થાય છે. જો હું વેચાઈ ગયો હોત અને સત્યને ગળે ટૂંપો દેવા તૈયાર થયો હોત, તો અત્યાર સુધી મેં જે નિવેદન આપ્યું એ સાચું ગણાત. પણ હકીકતમાં મેં આપેલું નિવેદન ખોટું છે અને એમ કરવા માટે મારો અંતરાત્મા ના પાડે છે. જજ સાહેબ, હકીકતમાં શ્યામલી પર બળાત્કારની કોશિશ કરનાર મજબૂતસિંહને મેં જોયા છે. શ્યામલીએ તેમનો સામનો કર્યો એટલે તેમણે ધડાધડ ત્રણ ગોળીઓ છોડી શ્યામલીને મારી નાખી છે. તેઓ ઘોડેસવાર હતા અને શ્યામલીની હત્યા બાદ તેઓ ભાગી ગયા હતા. જજ સાહેબ, મારે પ્રલોભનોને વશ થઈને સત્ય રૂપી પરમાત્માને દગો નથી દેવો. કોર્ટ એ તો સત્ય દેવતાનું મંદિર છે. દેવમંદિર કરતાં પણ ઘણું પવિત્ર અને ગરિમાવંતુ. સત્ય હારતું નથી, પણ સાક્ષી - પુરાવા આપનાર માણસો જ અદાલતને ગેરમાર્ગે દોરવાની કોશિશ કરે છે.

મજબૂતસિંહના એડવોકેટ હેબતાઈ ગયા. એમણે જજને કહ્યું : ''સાહેબ, સાક્ષી સત્યજીતની દિમાગી હાલત સારી નથી. તેઓ બે મોંઢાની વાત કરે છે એટલે આ ખટલો બીજી મુદતે પર મુલતવી રાખવામાં આવે.''

જજે મુદત પાડી. અને હલકૂ ચૌધરી અત્યંત નારાજગી સાથે સત્યજીતને લઈને કોર્ટ રૂમની બહાર નીકળ્યા. મજબૂતસિંહે કશો જ પ્રતિભાવ ન આપ્યો.

બીજે દિવસે અખબારમાં હેડ લાઈન હતી. હલકૂ ચૌધરી અને તેમના પુત્ર સત્યજીતની અજાણ્યાં તત્ત્વો દ્વારા કરપીણ હત્યા. સમાચારમાં એમ પણ ઉમેરવામાં આવ્યું હતું કે, સત્યજીતે સાચી જુબાની આપી એટલે તેને ખતમ કરી નાખવામાં આવ્યો છે પણ ગામનું કોઈ પણ માણસ મજબૂતસિંહ વિરુદ્ધ એક પણ શબ્દ ઉચ્ચારવા તૈયાર નથી ! સત્યજીતે પોતાનું બલિદાન આપીને સત્યને જીતાડવાની કોશિશ કરી છે. એ સહુ યુવાનો માટે આદર્શ રૂપ છે.

૧૬, હેવન પાર્ક, રામદેવનગર-આનંદનગર રોડ,
શેલ્બી હોસ્પિટલ પાછળ, ઈસરો-સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫.મો. ૯૮૨૪૦૧૫૩૮૬



મન તો થાય પણ...

- રમેશ ર. દવે

પ્રિય નિસર્ગ,

કલ્પના કર જોઉં, આ પત્ર તને લખતી વખતે હું શું કરતી હોઈશ? આમ તો મારી ટેવ મુજબ તને ત્રણ ભૂલ કરવાની તક આપીને જરૂર હું પજવતી પણ મૂળ વાત જ એવી છે ને કે સાવ અધીરી થઈ ગઈ છું !

તો હા, તેં મને લખેલા અઢળક પત્રોની વચ્ચે એકલી બેઠી છું !... પણ આ હમણાં જ ઉદગારચિહ્ન ચીતર્યું ત્યાં જ, મનોમન સવાલ થયો એ પણ નોંધું ? વળતું મનમાં એમ થયું કે તારા આ અપારપત્રોની વચ્ચ બેઠી હોઉં ત્યારે અને તો, 'એકલી બેઠી છું' - એમ લખાય ?

નેક્સ્ટ ટૂ ઈમ્પોસિબલ !

પણ આ સંભવ-અસંભવની વાત કોરાણે મૂકીને જે વાત કહેવા આમ તલપાપડ છું તે જ ન કહું ?

હા, તો વાત એ કહેવી છે કે તેં વર્ષો પહેલાં, મારા પચ્ચીસમા જન્મદિને મને ભેટ આપી હતી એ, દેવદારુ-કાષ્ઠની મોટી બધી અલંકાર મંજૂષાના ચોરખાનામાં જતનથી સાચવી રાખ્યા છે એ બધા પત્રો, મારી ચોપાસ પાથરીને બેઠી છું ! ના, એકલી બિલકુલ નહીં, મારી સંગાથે છે - આપણે એકદિલ થઈને વીતાવેલો સમય.

આમ તો બધું ધારાધોરણસર જ ચાલે છે પણ આજે બપોરી ઊંઘ પૂરી કરીને, ચા મૂકવા જતી હતી ત્યાં, તું અચાનક સાંભરી આવ્યો અને તરત થયું - લાવ, તારા પત્રો વાંચું ! બસ, પછી તો બેસી ગઈ એમ જ... ઘરમાં હું એકલી એટલે મને રોકનાર - ટોકનાર કોણ હોય ? પછી તો સમય વીતતો ગયો... વીતતો ગયો અને હું પણ તેની સાથે, આગળ-પાછળ, આજુબાજુ વહેતી રહી ! અલબત્ત, તારી આ પત્રપાંખે સ્તો ! આવે છે ને મારી ઈર્ષ્યા ? પણ શું કરો મહેરબાન ? વર્ષો પહેલાંના આ પત્રમાં તે મને શું લખ્યું હતું - એ યાદ છે ? આમ તો મનમાં એમ પણ થયું - આ પત્ર જ તને પોસ્ટ કરી દઉં ? પણ ના, એમ કંઈ આ, મારી મોંઘી મિરાત તને થોડી આપું ?

તારી જેમ જ તારા પત્રોની પણ નિરાળી અદા છે ને ? તો પછી... એમ કરું - આ પત્ર જ આખેઆખો અહીં ઉતારું ? પણ સાંભળ, એમાં તેં નથી લખ્યાં કોઈ તારીખ -વાર ને કંઈ નથી કર્યું મને સંબોધન... જો કે એમ જ હોય... આમેય તું ક્યાં માણસ હતો વહેવારનો ?

તો આ લે તારો પત્ર :

મલકતી વેલ જૂહીની ઘેર,
છલકતી હેલ પાણીડાંઘાટ,
ગૂંજે સુક્કાં પર્ણે આંગણ,
ચકલી ન્હાય કુદકતી ઠીબે,
ઓંકળી ભ્રમણા થઈ કુંકુમવરણી પગલીએ પથરાય.
પછી તો મલકે,
ઊડી જાય કાગ કદી ઓસાણે,
સાંકળ જુએ સખીની વાટ,
આગળો મશ્કરવા આતૂર,
પવન પછડાટો ખાય, થઈ દિયર શો લાકડવાયો.
ઓવારણે ઉમટે તુલસીદલ,
આભ ઘૂંઘટ થઈ ઘેરાય,
પ્રિય
તવ આગમ જો થાય !

આજે વર્ષો પછી, આ તનમનને અજવાળીને અચમ્બિત કરતું કાવ્ય વાંચ્યું અને વળતું થયું - એમાં ઘરની આસપાસ ઘટતી નાની-નાની ઘટનાઓની યાદી સિવાય શું છે ? જૂહીની વેલ મલકે, પાણીની હેલ છલકે, સખીની વાટ જુએ સાંકળ ને પવન ? પવન લાકડા દિયર સમો લાડ કરતો પછડાટો ખાય છે...

નિસર્ગ, મેં હમણાં જ લખ્યું ને કે પત્રો વાંચતાં-વાંચતાં હું આપણા સહિયારા સમયમાં આમતેમ - આમતેમ અને અહીંતહીં-અહીંતહીં થતી રહી. હા, અમસ્થી - અમસ્થી જ, આથમતા એકાવનમા વર્ષે અચાનક પાંખો ફૂટી અને પેલી ગદ્ધાપચીસીનાં સિરમોર વર્ષોમાં પહોંચી જવાયું. અહીં ટાંકેલો પત્ર પામતાં થઈ આવ્યો હતો એવો જ... અદલ એવો જ રોમાંચ મને ઘેરી વળ્યો !

કેવી મ્હોરી ઊઠી હતી હું તારા આ કાવ્ય-પત્રથી ? પગ જાણે જમીન પર પડતા જ નહોતા... એવી તો અધીરી થઈ ગઈ હતી - મને આવકારવા આતુર એવા ઘર અને એના જીવંત

પરિસરમાં કંકુથાપા લગાવીને પ્રવેશવા કે વાત ન પૂછો !

પણ નિસર્ગ, એ પળે એવો અણસારેય ક્યાં હતો કે... માઈલ્સ ટુ ગો બિફોર વી મિટ ! પણ તોય વીતેલી વેળાનું આ જાદુ તો જો તું ! એ કાવ્યપત્ર કે પત્રકાવ્યને ફરી ફરી વાંચ્યો અને ન રહેવાતાં એને ચૂમી લીધો.

બસ, પછી તો આપણે મળતાં રહ્યાં ને વસંત વર્ષો સરતાં રહ્યાં. એ વીતી પળોને માણું-વાગોળું છું ને વીતેલાં એ વર્ષો, કુંજપંક્તિ સમાણાં ઊડી જાય છે...

વળી, એક બીજા પત્રમાં પણ તેં આવો જ કાવ્યાભિષેક કર્યો છે મારી પરે !-

તે દિવસે તમે ન હતાં
પણ તમારી ગેરહાજરી મારી સાથે હતી.
મને યાદ છે.
તમારું તે પછીનું મળવું -
કો' ભળભાંખળા ગામની આથમણી દીમે-સીમે
ખીલેલાં અરણી-ફૂલોથી ખરતી લજ્જા
તમારી પાંપણો પર આવીને બેસી ગઈ હતી.
તમે કશુંય બોલ્યાં ન હતાં
પણ
તમારા એ મૌનમાં મ્હોરેલાં છૂંદણાં મેં
સૂંઘ્યાં હતાં.
તેની મહેક અદલ, તમારા કમખાની
પીળચટ્ટી ગંધ સમી હતી.
ચાલો, કહો -
આવતે ભવ ઉગમણી દીમે તમે
અરણી થઈને ઊગશો ને ?

હું વાયરો થઈ વાસંતી, અલપમલપ ચડીને, તમને ફૂલ ખીલવવાની રાહ જોયા કરીશ. કહો, તમે ઊગશો તો ખરાં ને ?



શું કહું કે લખું તને ? સાર્વ નિર્લજ્જ છો ! અરણી-ફૂલેથી ખરતી લજ્જાનું હળવેકથી મારી પાંપણો પર બેસવું અને મારા મૌનમાં મ્હોરેલાં છૂંદણાંને તું સૂંઘે ત્યાં સુધી તો બધું ગનીમત પણ... એટલેથી ન અટકતાં, આગળ વધીને તું તો પાછો ઉમેરે છે - એ છૂંદણાંની મહેક અદલ.મારા કમખાની પીળચટ્ટી ગંધ સમી હતી ! લુચ્ચો કહીંનો ! શરમ નથી આવતી લગીરેય, આમ કોઈ કન્યાને... ષોડશી-કન્યાને, એની પીળટટ્ટી દેહગન્ધની સરેઆમ જુબાની આપતાં ?

અને આટલું ઓછું હોય, એમ પાછો શાણો થઈને આવતે ભવે મારે ઉગમણી દિશે, અરણી થઈને ઊગવું - એવું પ્રોમિસ માગે છે ! વરણાગીનીય કંઈક હદ-મર્યાદા તો હોય ને ભલા !

પણ નિસર્ગ, મહાચતુર છે તું ! મારા આ કૃતક રોષની પછી તે છુપાઈને મલકતું મારું મોં કંઈ તારાથી અછતું થોડું રહેવાનું છે ?

હું અરણી વૃક્ષને તું વાસંતી વાયરો-એમ હોય પછી ફૂલ ફૂટે કે નહીં - એની તે કંઈ રાહ જોવાની હોય ગાંડા ?

અને હવે આ પત્ર - એ તેં, તું આસામ દિબ્રૂગઢ ચિત્ર કાર્યશાળા માટે ગયો હતો, ત્યારે લખ્યો લાગે છે. એમાં તેં જોયેલાં - માણેલાં અવનવાં - વિવિધ દૃશ્ય - તરંગો જ ઝિલાયાં છે !

નહીં આકાશે કુંજા પંક્તિઓ,
ત્રોફેલી એ તવ હાથો પર ત્રાજવડાંની હાર !
ભાત ક્યારી પર પવન-લહર નહીં,
તારા લીલમછોયા સાળુનો ફરકાટ !
સ્પર્શ ધૂલિનો ગાડામારગ ? ના રે, ના... ના,
લહર-લહર થઈ ઝૂલંતી તવ અલકલટોથી યાદ !
તમરાં-ગુંજન ? નહીં... નહીં એ,
ગુપચુપ કીધી કાન-વાતુંના આછેરા ભણકાર !
નહીં તરસ તરસ એ નદી-વહેણની,
એ તો, પીધાં રેત-આછર્યાં પાણીડાં શતવાર !
યૌવન રે.. સખી, શી રીત વિસરાયે,
તુજ કંઠ-ગવાયાં ગીતો, જો લહેરાય !

નિસર્ગ કોઈ સાચું કેમ માનશે - તારે હૈયે કેવી હતી રટણા મારી... એમ ન હોય તો- આકાશે રઢિયાળું ઊડતી કુંજપંક્તિઓ કે ભાતક્યારી પર વહેતી પવન લહર ખુદ મટી જઈને... મારે હાથે ત્રોફાવેલાં ત્રાજવાંની હાર કે મારા લીલાછમ્મ સાળુના પાલવનો ફરકાટ કેમ તને અનુભવાય ?

દુર્ભાગી માણસ જ - મારા જેવું સ્તો ! વેગળું વસે આવી પ્રેમવર્ષાથી ? આવું નરવું સખ્ય કોને સાંપડે ? કોણ હશે આ ધરા પર મારા સમું સદ્ભાગી ?

અને પાછી તારી વશેકાઈ તો જો ! હું મળું તને,
તો તું ગાઢ અરણ્ય થઈ ઘેરી વળે - વીંટળાઈ વળે
મને અને ન મળું તો ? તો પછી તું, મારા એવા
નકારોથી ભસ્મિત થયેલા તારા ઉપવન મહીં, ખીલું -
ખીલું થતી જૂહી - વલ્લરીની દુહાઈ દઈ, પુકારતો રહે મને, આમ મનોમન-

પ્રાણ પંગુ ને મન બધિર બને તે પહેલાં
આવી પહોંચ હે માનસી !
આજ આ અંતિમશ્વાસે મારા લોહીમાં સંચરે છે,
'નિર્ઝરેર સ્વપ્નભંગ'નો પ્રવાહી લય.
ટેકવી એક ઓશિકે માથાં,
સહિયારાં સપન જોવાની ઝંખના,
જંપવા દેતી નથી મને !
આવ,
વિદારીને સહુ કવચ-કોચલાં,
આવ,
નિર્બંધ ને મુક્ત-પ્રાણ !
ખડકાળ નદી વિશે વહેતું, નિર્જન એકાન્ત,
સરુવન મહીં ભટકતો રઝળું, મારો દોસ્ત પવન
અને
ગંગાઘાટે ઘૃતદીપ વહાવી-તરાવીને
કૃતકૃત્ય થતાં વાર્ધક્યને
તેં જોયાં છે કદી ?
વળી,
ઢળતા કો'કાર્તિકી મધ્યાહ્નને,
જળાશય ભણી જતી કુંજપંક્તિનો ભીનો કલરવ
પીધો છે તેં કદી ?
આપણી વચ્ચે નિબિડ ને નિરંધ્ર મૌન થઈને
થીજી ગયેલા સમયને
શ્વસવાનો છે મારે હવે.
દુહાઈ,
તારા નકારોથી ભસ્મિત મારા ઉપવન મહીં,
ખીલું ખીલું થતી જૂહી વલ્લરીની,
જો તું ન આવે તો...

કાલે તું આવશે ને હું નહીં મળું તને,
હા, તને મળશે નિર્વેદ મારો,
શરીર છે, ખલુ-શ્વસતું રહેશે શેષાયુ, લગી.
આવ,
ચરણ ચાલવા આતૂર છે - વ્યાકુળ છે,
કોતર વિશે,
ગ્રહીને હાથ તારો.
આવ,
આ થઈ આવેલ રોમાંચ શમી જાય
એ પૂર્વે આવી મળ,
માનસી હે પ્રિય !
નિસર્ગ,

આજે આમ મધ્યવયે ઊભી છું છતાં, એક વચન માગું છું - આપીશ ને ?

હવે પછી આ પત્રમાં જે કંઈ લખું-તેમાં કશી દાદ - ફરિયાદ કે કશાં રંજોગમ તો નહીં વાંચે ને ?

માત્ર તારા વિના જ નહીં, તારાં ખરખબર વગર, સંપર્ક તો શું કશીય અપેક્ષા-એષણા વગર, વહેલી સવારે આવીને જે પળ-ક્ષણ મારા મન-દ્વાર પર ટકોરા મારે છે - એને આવકારીને - વધાવી લઈને જીવી છું ને છતાં... તારું સ્મરણ નિરંતર, તને ગમતું વિશેષણ વાપરીને કહું તો - નર્યું લીલમછોયું રહ્યું છે !

થાય છે કે અહીં જ અટકી જઈને, પેન બંધ કરી દઈને, અટકાવી દઉં આ પત્ર...

લખી-લખીને નિસર્ગ, હું શું લખવાની હતી ? માની લે કે મેં પૂછ્યો છે ને તેં નિખાલસતાથી ઉત્તર આપ્યો... તો પણ ફેર શો પડવાનો છે ? જોકે અવળચંડુ મન મારું, આ બધી



વાતો ક્યાં માને છે ? એ તો આડું-અવળું-અવળસવળ થતું જ રહેશે... એટલે જ, તું જણાવે કે, ન જણાવે તેની ફિકર-ચિંતા કર્યા વગર, પૂછવું છે એ પૂછી લઉં ?

નિસર્ગ,

આપણે એક-ભેગાં-કેમ ન થઈ શક્યાં ?

મને ખબર જ છે - તું મીઠું મલકીને વળતું મને, એમ જ પૂછશે - 'મેઘના, આ તેં પૂછ્યો - એ જ સવાલ તારી પહેલાં, મેં તને પૂછ્યો હોત તો ?'

હા, એમ પણ થઈ જ શકે અને હું એનો ઉત્તર આપું જ - નિસર્ગ, તું બરાબર જાણે છે અને તારા મનના અતલ ઊંડાણેથી પ્રમાણે પણ છે કે હું નરી અનુગામિની જ છું... હા, જરા પાછું વાળીને જો અને કહે, આપણાં મૈત્રી-સંગાથમાં દરેક વાતે પહેલ-આરંભ કોણે કર્યા હતાં ? આ પળે જ એક વિરલ દૃશ્ય, મારા અદ્યાપિ નહીં પહેરેલા પાનેતરમાં ગડીબંધ સચવાયું છે - એ નજર સામે છવાઈ જાય છે -

ઢળતી સાંજે, અભયારણ્યમાં દોઢેક કલાક, વૃક્ષો વચ્ચે ચાલતાં-ચાલતાં, એક નાનેરી નદીના બેઠા પુલની ધારે પગ પસારી-લટકાવીને જરા પોરો ખાવા બેઠાં હતાં અને અચાનક તારી લાંબી આંગળીઓ મારી તરફ લંબાઈ, એમાં ટેરવાનું આછેરું કંપન હું જોઉં-જોઉં ત્યાં એ મારા હોઠ સુધી પહોંચી.. પણ... લગીરેય સ્પર્શ્યા વિના એમ જ સ્થિર થઈને હળવેકથી પાછી ફરી.... એનું આમ અણધાર્યું લંબાવું, ટેરવાનું કંપવું, સ્થિર થવું અને પાછા ફરવું - આ સઘળી, મર્મસ્પર્શી ગતિવિધિનું શ્રેય કોને હિસ્સે ? તારા જ સ્તો... એ અકલ્પ્ય પળની હું તો પ્રેક્ષક માત્ર ! ન સ્વીકાર - ન નકાર !

તને ભરપૂર જાણ્યો-માણ્યો છે - એની છલકતી પ્રતીતિ સાથે કહું છું કે, નિમંત્રણ, આવકાર-સ્વીકારની અપેક્ષા તેં મારી પાસે, પૂરો સ્વમાની હોવા છતાં ક્યારેય રાખી નથી. આમ જ હતું... તો પછી એવી તે કઈ પળ આવી, એવું તે મારાથી શું થયું કે કશુંય કહ્યા - જણાવ્યા વિના તું આમ, છેક રાનીખેત જઈને વસ્યો ?

જોકે ઇચ્છ્યું - ચાહ્યું હોત તો, એમ પણ થઈ જ શક્યું હોત કે હું તારે પગલે - પગલે રાનીખેત આવી જાઉં... પણ ન જાણે કેમ, એ ન થઈ શક્યું ન કરી શકી... કદાચ પહેલ કરવાની, ઇનિશ્યેટીવ લેવાની પ્રકૃતિ જ નથી મારી... અને એ જ મર્યાદાએ, બધું હતું તેમ, ચાલતું હતું - એમ ચલાવ્યે રાખ્યું.

આ પત્ર લખતાં, એ દ્વન્દ્વ પણ મચ્યું છે મનમાં કે, આજે જ્યારે વિસામાની વેળા છે ત્યારે આ બધા સવાલો અને જાતે જ વહોરેલાં સમાધાનોની શી જરૂર હોય ભલા ?

ના, તારા કશા સમાચાર, ક્યારેય મળ્યા નથી. મેં પણ કોઈને કશું પૂછ્યું નથી. હા, બેસતાં વર્ષે અવનવાં, સુંદર રેખાંકનો નૂતનવર્ષનાં અભિનંદન રૂપે મળે છે પણ એ કવર પર પણ તારું નામ-સરનામું ક્યાં હોય છે ? હોય છે માત્ર રાનીખેતની ટપાલ કચેરીનો સિક્કો.


ખબર નથી, તું પણ મારા વિશે કશુ જાણે છે કે નહીં પણ એકલતા એમ જ સદી ગઈ છે. કારણ બીજું તો શું હોય ? મનમાં વસી જઈ ઠરીઠામ થયેલું પેલું દૃશ્ય ભૂંસાયું નથી. બસ, દુનિયાદારી સાથે કશી લાગલપેટ વિના, મનની મોજે જીવું છું. હા, ક્યારેક કોઈ પંક્તિ, દેવચકલીની જેમ ફુદકતી મનમાં ઊતરી આવે ને ડાયરીમાં ઠરે, ત્યારે તું અચૂક યાદ આવે - મારો નિસર્ગ આ પંક્તિ વાંચે તો શું કહે ? હમણાં એમ જ, સાવ અણધાર્યો ઊતરી આવેલો એક શે'ર ટાંકું ?

તું જ હોડી, તું હલેસું, નાખુદા પણ તું જ છે,
હું કશું નહીં બસ, પ્રવાસી છેક પારાવારનો.

નિસર્ગ,

સાવ સાચ્ચું કહું છું - ક્યારેક તો મન એવું અધીરું થઈ જાય છે કે, પહેર્યા કપડે, ટિકિટ કપાવી રાનીખેતની, એમ જ બેસી જાઉં ટ્રેઈનમાં ! પણ વળતું જ હસી પડાય મારા એવા પાગલપન ઉપર.. હા, તનેય ક્યારેક કંઈક આવું જ થઈ આવતું હશે ને ? એ જાણવા - માણવાનું મન તો થાય પણ....

'વૈશાખ', ૨/, વીમાનગર,
સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫.



વારસ

- રાઘવજી માધડ

જે બધું જાણી, શીખી ને મનમાં ગોઠવી રાખ્યું હતું તે મુજબ અર્ણવે પ્રથમ વનમાળીદાસ અને પછી ચશ્મા સરખા કરી જાણે કોઈ અણસાર શોધવાનો પ્રયાસ કરતાં હોય એવાં જડાવલક્ષ્મીને પાયલાગણ કર્યાં.

વૃદ્ધ દંપતીની, ઊંડી ઊતરી ગયેલી આંખોમાં આંસુની સરવાણી ફૂટી. ઝૂરી ઝૂરી ને મરી પરવારેલી ઝંખના જાણે સજીવન થઈ... ને હવેલીના વિશાળ ફળિયામાં એક નવતર ભાવાવરણ રચાઈ ગયું.

વનમાળીદાસ ભીની આંખોએ પારોઠ ફર્યા ને જડાવલક્ષ્મી કોઈ અવઢવ સાથે ઊભાં રહ્યાં.

અર્ણવે ફળિયામાં ઊભા રહી હવેલીની ભવ્યતાને જોઈ લીધી. લાકડાની કોતરણી, બારી-દરવાજા...ને સઘળી ગોઠવણ જોતાં કોઈ ઐતિહાસિક ફિલ્મના દૃશ્ય જેવું લાગ્યું. પોતે જે ધાર્યું, વિચાર્યું હતું તેનાં કરતાં વિશેષ હતું. થયું, પોતાનો ફેરો વસૂલ છે !

'ઊભો જ રે'શ !?' જડાવલક્ષ્મીએ મીઠો છણકો કરતાં કહ્યું: 'ઠેઠ મુંબઈથી આવ્યો તે, થાક્યો નથી !'

આ વેળા વનમાળીદાસે ઓસરી ચઢતા, છેલ્લા પગથિયે ઊભા રહી ને પૂછ્યું : 'શું કીધું નામ...!?'

'અર્ણવ !' તેણે પાક્કું કરીને કહ્યું : 'મારું નામ અર્ણવ છે...'

'આવું અઘરું નામ અમને બોલતાં નો ફાવે હો..!' ભાવસભર સ્વરે જડાવલક્ષ્મી બોલી ગયાં.

'તે તને કોણે કીધું,અઘરું બોલ્ય..' વનમાળીદાસે સહેજ તણાઈને કહ્યું: 'અરુ, અરીયો...જે ફાવે તે કે'વાનું !' પછી અર્ણવ સામે ત્રાંસી નજરે જોઈ, તેને ઉદ્દેશીને કહ્યું : 'બરાબર ને અરીયા !?'

'કોઈપણ નામે બોલાવો, ગમશે... મારાં દાદા-દાદી છોને !?' પછી અર્ણવને જે બોલવું જોઈએ તે છાતી ફુલાવી, મોં ભરીને બોલ્યો : 'અને આપનાં સિવાય મારું જગતમાં બીજું છે કોણ !?'

- આવું સાંભળી વનમાળીદાસે અર્ણવ સામે જોયું. પછી એકાદ ક્ષણમાં એવું કાંઈક સળગીને અધવચ્ચે ઠરી ગયું. ધુમાડો ન નીકળ્યો છતાંય આંખો ભીની થઈ. નજર ઝાંખી પડી. છાતી માથે સો સો મણની શિલાઓ ખડકાણી. પગ ભારે થઈ ગયા ને અસહ્ય બોજ તળે થાકી ગયા હોય એમ તેઓ ઝૂલામાં ધબ દઈ બેસી ગયા.

વનમાળીદાસની આ ક્રિયા અર્ણવથી અજાણ ન રહી. તેણે પીઠ પરની બેગ નીચે ઉતરી, એકદમ વનમાળીદાસની સાવ પડખે ઝૂલામાં બેસી ગયો. પછી તેઓનો એક હાથ, પોતાના હાથમાં લઈ ધીમેકથી પૂછ્યું : 'દાદાજી, કંઈ થાય છે !?'

વનમાળીદાસે રડવા જેવું હસી ને જવાબ આપ્યો : 'નારે ભાઈ, મને વળી શું થાવાનું હતું...!?' પછી જીભ પર ભાવ ભભરાવીને કહ્યું : 'પણ તે જે કીધું, કાળજી લીધી એ મને બવ ગમ્યું હો અરીયા..!'

'મૂડી કરતાં વ્યાજ વશેક વા'લું હોય ઈ આનું નામ..!'

અર્ણવ પોતાના કર્તવ્યથી હરખ ઘેલો થતો, બંનેનાં મોં સામે વારાફરતી જોવા લાગ્યો.

'હવે વાતુંનાં જ વડાં કરવા છે કે પછી આપણા અરીયાને કાંય ખાવા-પીવા દેવાનું છે !?'

'દાદુ..!' અર્ણવે લાડ, લાગણીના વિશેષ લહેકા સાથે કહ્યું : 'હવે મારી કોઈ ચિંતા કરવાની નથી. હું બધું જાતે લઈ લઈશ !'

'ચિંતા તો થાયને દીકરા..' વનમાળીદાસે કહ્યું: 'અમારો ખરો વારસ, પારસ થઈ પે'લીવાર આવ્યો છે ને!?' ત્યાં સામે 'ડોન્ટ વરી દાદુ..!' અર્ણવથી ટેવવશ અંગ્રેજીમાં બોલાઈ ગયું.

જડાવલક્ષ્મી રસોડામાંથી બહાર આવ્યાં. તેઓના હાથમાં હતી તે તળેલાં મરચાં સાથે ગાંઠિયાની ડિશ અર્ણવને આપી. પછી અર્ણવના માથે હાથ ફેરવીને વ્હાલથી કહ્યું : 'લે, ખા દીકરા !'

'તારા આવવાની જાણ થઈ ત્યારથી ડોશી હરખઘેલી થઈ ગઈ છે.' વનમાળીદાસે વગર જણાવ્યે કહ્યું: 'તારી સરભરા કરવા માટે એનો હાથ હેઠો પડતો નથી. કેટકેટલું બજારમાંથી મંગાવી રાખ્યું છે !'

'અરે પણ... હું કાંઈ પારકો, અજાણ્યો છું તે મારી સરભરા કરવાની હોય !?'

પણ અર્ણવને આગળ બોલતો અટકાવી વનમાળીદાસે ભાર દઈને કહ્યું:'પેલા નાસ્તો કરી લે..!'

અર્ણવને ભૂખ લાગી હતી. કોઈ જ આનાકાની વગર તે ઊંધું ઘાલી ગાંઠિયા ઝાપટવા લાગ્યો.

'તે તું મુંબઈમાં ક્યાં રે'શો, અરીયા..!?'

'બોરીવલી વેસ્ટ...' અર્ણવને મરચું તીખું લાગ્યું હતું. આંખોમાં પાણી આવી ગયાં હતાં. તે થોથરાતાં સ્વરે, આગળનું પણ બોલી ગયો : 'એક કંપનીમાં નોકરી કરું છું ને રૂમ પણ કંપનીએ આપી છે.'

'હા પણ તારું મકાન તો ક્યાંથી હોય ?' વનમાળીદાસ થોડું દબાવીને હેતુપૂર્વક બોલ્યા: 'નરોત્તમ ને તારી મા લીલી, તને અને અમને નિરાધાર મૂકીને ગયાં એટલે...'

'એ... નામ બાળો ઈ લીલકીનું...' જડાવલક્ષ્મી રસોડામાંથી તાડૂકીને બોલ્યાં: 'ઈ રાંડ કભારજાએ જ તો આપણું ઊંધું વાળી દીધું, જિંદગી બગાડી નાખી ને !?'

હવેલીમાં ઠરી, બૂઝાઈને સાવ રાખ થઈ ગયેલો એક નઘરોળ હકીકતનો ભઠ્ઠો જાણે એકાએક ભડ.. ભડ... કરતો સળગી ઊઠ્યો. ચારેબાજુ જવાળા ફેલાઈ, તણખા ઊડયા...ને આંખના પલકારામાં હવેલી સળગી ઊઠે એવું થઈ ગયું. પણ આગના ભડકાને ઠારવા, માથે પાણીની છાલક નાખતા હોય એમ વનમાળીદાસ મોં ભરીને બોલ્યા: 'વવ તો ઘરની લાજ, લક્ષ્મી કે'વાય...ને હવે તો મર્યા પછી તેના વિશે મોંમાં નબળો એક શબ્દેયનો આવવો જોંયી !'

પછી વનમાળીદાસ ગળે કાંઈક ઉતારીને કહે : 'ગમે તેમ તોય દીકરાની વવ કે'વાય હો, લક્ષ્મી !'

ચૂલાના બદલે ખુદ સળગતાં હોય એમ જડાવલક્ષ્મી લોટવાળા હાથે, રસોડાના દરવાજે આવીને ઊભાં રહ્યાં.

વરસોથી માંહ્ય ધરબાઈ પડેલો આક્રોશ ને પાર વગરની પીડા પ્રગટી ઊઠે એ પહેલા જ વનમાળીદાસે તેમની સામે જોઈ, આંખોનો ભાવ પલટાવી ને કહ્યું : 'લીલી વવે આવો કલૈયા કુંવર જેવો વારસ આપ્યો છે એ કાંય જેવી તેવી વાત નથી હો..!'

અર્ણવ આંખો ફાડી બંને સામે જોતો રહ્યો. તેના હાથમાં હતી તે ડિશ સહેજ ત્રાંસી થઇ ગઈ.

આ બાજુ પીડા પરવારી જડાવલક્ષ્મી અબોલ પણે ઊભાં રહ્યાં. તળથી તરસ લાગ્યા પછી, પાણીનો લોટો એક શ્વાસે ગટગટાવી જાય એમ કાંઇક ગળા હેઠું ગટ.. ગટ... કરતાં ઉતારી ગયાં. પછી સોધરી વળી હોય એમ કરચલીવાળા મોં પર ખુશીનું લીંપણ લીપી લઇને સંતોષી ભાવે બોલ્યાં: 'હા, વારસ વગર તો જીવતરની વૈતરણી પાર નો ઊતરે ને !?'

પણ પછી અર્ણવ સામે જોયું ન જોયું કરી તેઓ ઝડપથી રસોડામાં ઘરી ગયાં.

અર્ણવ આ દંપતીની પ્રત્યેક ક્રિયાનું બારીકાઇથી નિરીક્ષણ કરી રહ્યો હતો અને સાથે પોતાના વ્યવહારને પણ તપાસી રહ્યો હતો. અને બને ત્યાં સુધી તેને બોલવાનું ટાળવું હતું. પણ ટૂકડેટૂકડે બધું પૂછે તે કરતાં એક સાથે જ બધી વિગત, હકીકત જણાવી દેવી, જેથી જવાબમાં એકસૂત્રતા જળવાઈ રહે.

જીવનમાં જેને ક્યારેય જોયો નથી. સાવ જ અજાણ છે, વળી વહુ-દીકરા સાથે વરસોથી સંપર્ક નથી, સંબંધ નથી. અને સાવ એકાએક, અચાનક વીસ-પચ્ચીસ વરસનો પૌત્ર પ્રગટી આવે એટલે કોઇપણને નવાઇ લાગે. અચરજ જેવું થાય. અને જાણ્યું-અજાણ્યું બધું પૂછે એ સ્વાભાવિક છે... આવું સમજતો અર્ણવ જાત સાથે સંવાદ કરવા લાગ્યો.

પણ અર્ણવે મનને ઠમઠોર્યું. ના, સામેથી કાંઈ કહેવાની જરૂર નથી. પૂછશે તેના જવાબ દેવાશે !

પાછો તો છાતી ઠોકીને મનથી કહે: 'આપણે ક્યાં કાંઈ ખોટું કહેવું કે કરવું છે તે ચિંતા હોય !?'

સૂરજ હવેલીના ફળિયાની વંડી કૂદી ઊંચે ચઢ્યા પછી તાપ વધવા લાગ્યો હતો.

'હમણાં લીમડાનો છાંયો આવી જાશે, પછી તાપ નહીં લાગે...' વનમાળીદાસે કહ્યું :'પણ તું નાઇ ધોઈ લે એટલે આપણે બપોરાં કરી લેઇ !'

હા, રાતભર સ્લીપર કોચમાં મુસાફરી કરી હતી. સવારે ઊતરી ત્યાંથી એક છકડો રિક્ષામાં અહીં આવ્યો હતો. ગામ ગુગલ-મેપથી સર્ચ કર્યું હતું. પણ પછી નેટ કામ કરતું નહોતું. પાદરમાં જેને પૂછ્યું તે ભાઈ, સાથે આવી છેક વનમાળીદાસની હવેલી સુધી મૂકી ગયા હતા.

અર્ણવને નેટ પર જેટલો ગુસ્સો આવ્યો હતો તેનાથી અનેકગણો આદર ઉપજ્યો હતો : માણસ છેક ઘર સુધી મૂકી જાય ! માણસાઇ વિશે ફિલ્મમાં જોયું હતું પણ અહીં તો અનુભવ્યું હતું. જેથી એક પળે પાછા ફરવાનું મન થઇ આવ્યું હતું, આવા સારા માણસો સાથે કાંઈ જ ખરાબ ન થઇ શકે... પણ જાણતો, સમજતો હોવા છતાં તેના માટે પાછા વળવાનું શક્યું બન્યું નહીં.

ફ્રેશ થઇ અર્ણવ બાથરૂમ બહાર આવ્યો.. ત્યાં એક યુવતી હાથમાં ઢાંકેલી કાથરોટ જેવું લઇને ઓસરીનું પગથિયું ચઢી. બંને સાવ ઉરાઉર આવતાં સહેજ ઝઝકી, અટકી ગયાં. પણ નજર એકમેકમાં અટવાઇ ને અથડાઇ. વીજળીના ઝબકારા જેવી ક્ષણો પસાર થયા પછી યુવતી નજર વાળી, પાંપણો ઢાળી મધુરો મલકાટ કરતી તે ઝડપથી રસોડામાં પ્રવેશી ગઈ.

પણ અર્ણવ તો હતો ત્યાં જ સ્તંભ માફક ખોડાઈ ગયો. યુવતીનું અવર્ણનીય રૂપ-લાવણ્ય ઊડીને આંખમાં પડ્યું હતું. કોઈ એવું નવુંનક્કોર સ્વપ્ન જોઈ રહ્યો હોય તેમ તેની આંખો ફાટી રહી.

'અરીયા બેટા, એ જાનકી છે... તારા પપ્પાના ભાઇબંધની દીકરી !' વનમાળીદાસે હળવી ટકોર કરી.

અર્ણવ મોં વકાસી, વનમાળીદાસ સામે જોતો રહ્યો.

તે દરમ્યાન થાળી પીરસાઇ ગઈ હતી. જમવા બેસતાં પૂર્વે તેનાથી રસોડામાં જોવાઈ ગયું. જાનકીની પીઠ દેખાઈ... પણ પછી નજર વાળી, મન મારી વનમાળીદાસની આજ્ઞાનુસાર થાળી આગળ ગોઠવાઈ ગયો.

'ભરેલાં રીંગણાંનું શાક તારા પપ્પા, નરોત્તમને બહુ ભાવતું હતું... એટલે બનાવ્યું છે !'

-આવું સાંભળતા જ જડાવલક્ષ્મીની આંખોમાંથી ટપ... ટપ... આંસુ ખરવાં લાગ્યાં.

'દીકરો નરોત્તમ તો પાછો નો આવ્યો. પણ તું આવ્યો...' વનમાળીદાસનું હૈયું પણ ભરાઈ આવ્યું. હાથમાં હતો તે કોળિયો મોંમાં મૂકવાના બદલે અધ્ધર રહી ગયો...ને પળભર માટે આખું વાતાવરણ ભારેખમ થઇ ગયું, જે અર્ણવને ભારે અસર કરી ગયું.

બપોરા કર્યા પછી પાછાં ઝૂલામાં બેઠા. વનમાળીદાસે સોના-ચાંદીની ઘૂઘરીવાળી સૂડીથી સોપારીની સાવ પાતળી કાતરી કરી. પછી વહાલી વસ્તુ માફક કાતરીનો ઝીણો ચૂરો મોંમાં મૂક્યો...

આ આખી ક્રિયા, ઘટનાથી અર્ણવને વનમાળીદાસના વૈભવનો અંદાજ આવી ગયો.

ત્યાં જાનકી રસોડામાંથી મદદ કરી બહાર આવી. બે-ઘડી દાસ સામે ઊભી રહી. પછી ફૂલપાંદડી જેવું હાસ્ય વેરી, મૃગલી જેમ કૂદતી-ઊછળતી ફળિયું વળોટી એકદમ નીકળી ગઈ.

જાનકીને જોઈ અર્ણવ આભો થઇ ગયો હતો. તેનો શ્વાસ થંભી ગયો હતો...

'છોકરી ગમતી હોય તો સગપણ થાય એવું છે !' વનમાળીદાસે અર્ણવ સામે જોઈ, સહેતુક દાણો દબાવી જોયો: 'ઘડિયાં લગન પણ...!'

વનમાળીદાસનું કહેવું સાંભળી મોંમાં સાકરની કાંકરી ચગળતો હોય એમ અર્ણવ મલકી ઊઠ્યો.

પણ વનમાળીદાસે વાત ફેરવીને પૂછ્યું : 'તું નાનો હતો ને મા-બાપ બેય અકસ્માતે મરી ગયાં... આવું તારું કે'વું છેને!' પછી ખાસ ઉમેર્યું: 'સારું થયું તું સાથે નો'તો. નહિતર ત્રણેયનું આવી બન્યું હોત..!'

અર્ણવ ટટ્ટાર થઇ, વનમાળીદાસ સામે વકાસી રહ્યો.

'તુંયે મરી ગયો હોત તો અમારો વે'લો વઢાય જાત...ને આ હવેલી...' આગળ બોલતા અટકી ગયા.

'પણ હવે તો હું છું ને !?' અર્ણવથી બોલાઇ જ ગયું.

અને ડોકનો ઝટકો મારી, વનમાળીદાસે અડતોઅડત બેઠેલા અર્ણવ સામે જોયું. ક્ષણાર્ધ જોતા રહ્યા. પછી કોઈ આવેગ, ઉભરાને દબાવી, શાંતિથી બોલ્યા : 'હા, તું તો અમારા માટે મોટી મૂડી છો, અરીયા...!'

-અરીયા... કહી, આ ડોસો મારું નામ બગાડી મૂકશે... અર્ણવને ગુસ્સો આવ્યો પણ દેખાવા દીધો નહીં.

વનમાળીદાસ હળવેકથી ઊભા થયા. પછી અર્ણવ

સામે જોઈને કહ્યું: 'મારે હવે આડું પડવું પડશે...' પણ અર્ણવ પોતાનું કહેવું સમજ્યો નથી એવું સમજીને ફરી કહ્યું : 'આરામ કરવો પડશે !'

અર્ણવ પણ ઝૂલામાંથી ઊભો થયો. તેના કાનમાં ને મનમાં વનમાળીદાસનું,પેલી યુવતી સાથે ઘડિયા લગ્નનું કહેવું ગુંજતું હતું : ધન, સંપતિ ને સાથે આવી સરસ છોકરી મળે... જીવનમાં બીજું જોઈએ પણ શું ?

અર્ણવે પોતાના પડખે ખાલી ખાલી ઝૂલતા ઝૂલા ને રોકવાનો નિરર્થક પ્રયાસ કર્યો.

'તું આવવાનો છો, એવા સમાચારે આ ડોશી તો ગાંડી, ગાંડી... થઇ ગઈ'તી.' વનમાળીદાસે જણાવ્યું: 'બે વાર તો ગામના પાદરે જઈ કોઈને ભલામણ કરતી આવી હતીઃ મારા નરોત્તમ જેવો કોઈ છોકરો આંયા ઊતરે તો એને અમારી હવેલી લગી મૂકી જાજો !'

અર્ણવનું સાંભળવા પર ધ્યાન નહોતું. પેલી યુવતીનો વિચાર તેના મનને છંછેડવા લાગ્યો હતો.

આ બાજુ વનમાળીદાસ મોં ફેરવી, દીકરો ગુમાવ્યાની પારાવાર પીડાને દબાવી સ્વગત બોલ્યાઃ 'હવે ગામમાં પણ કોણ ઓળખે, નરોત્તમને ગયે વરસોના વા'ણા વાય ગયા..!'

ત્યાં ફળિયામાંથી ખાસ અવાજ આવ્યો : 'દયા પ્રભુની, ધરમનો જય હો !'

વનમાળીદાસે જોયું તો જટાશંકર ગોર ઓસરી લગોલગ આવીને ઊભા રહ્યા હતા. ગુસ્સો આવ્યો તે કટાણું મોં કરીને કહ્યું: 'ગોર, ટાણું કટાણું તો જોતા હો..!' પણ ગોર કાંઈ બોલે, કહે એ પહેલાં જ મનમાં ગોઠવી રાખ્યું હોય એમ આગળ કહી દીધું: 'આવ્યા છો તો, હવે લગનનું મૂરત કાઢતા જાવ !'

'લગનનું મુરત..!!?' ગોર તો હબક ખાઈ ગયા. આંખો અધ્ધર ચઢી ગઈ. પણ પછી આ અંગેની ગોઠવણ કર્યાનું યાદ આવતા, બોલી ગયા : 'હા, પણ...'

પછી ગોરને બોલવાની તક આપ્યા વગર આગળ કહ્યું: 'અરે, અમારા નરોત્તમનો દીકરો... મુંબઈથી આવ્યો છે, પાછા જાવાની ઉતાવળના લીધે ઝટ ગોઠવી નાખવું પડે એવું છે !'

પછી અર્ણવ સામે જોઈએ ને કહ્યું : 'બરાબરને અરીયા !'

વનમાળીદાસનું કહેવું સાંભળી અર્ણવ સજ્જડબંબ થઇ ગયો. તે એક ડગલું આગળ ચાલી કાંઇક બોલવા ગયો પણ બોલી શક્યો નહીં. આ ક્ષણ દરમ્યાન ગોર અને વનમાળીદાસે આંખો વડે કોઈ એવી સંતલસ કરી લીધી. તેથી ગોરે જણાવ્યું: 'દાસભાઈ, હાંજે આવું તો નો હાલે !?'

'હા, હા... હાલે નંઈ ધોડે...' વનમાળીદાસે અર્ણવ સામે નજરનો પીછડો ફેરવીને દબાતા સ્વરે કહ્યું : 'આતો મુંબઈ ને ન્યાંથી આને અમેરિકા જવાનો મામલો છે ને એટલે...'

'અમેરિકા જાવાનો...!?' અર્ણવનું ગળું ચિરાઈ ગયું.

'હંધાય જાય છે તે, તારે જાવું હોય તો...' વનમાળીદાસે તદ્દન શાંતિથી જવાબ વાળ્યો.

અને અર્ણવ માટે આ એક નવો, ધાર્યા સિવાયનો રસ્તો મળ્યો હોય એવું થયું હતું તો ધાર્યા કે નક્કી કર્યા બહારનું છતાંય અર્ણવે તદ્દન વાજબી લાગે એવો જવાબ વાળ્યો: 'તમને મૂકી મારે કયાંય જવું નથી.'

ગોર, વાતોમાં ચપટી લોટ લેવાનું ભૂલી કે ચૂકી ગયા હોય એમ ઠાલા હાથે ગયા.

અર્ણવ છાતી ખેંચી, આંખો તાણી વનમાળીદાસ સામે ઊભો રહ્યો. પડખે જડાવલક્ષ્મી પણ આવી ગયાં હતાં. ત્રણેય વચ્ચે સ્વર વગરનો, બેસુરો સંવાદ રચાવા લાગ્યો. પળો પાણીના પ્રવાહ જેમ પસાર થાવા લાગી. દિવાલ પરની લોલક ઘડિયાળમાં ટન... ટન... કરતાં બાર ટકોરા પડ્યા. સાવ સ્થિર ને બધિર થઈ ગયેલું વાતાવરણ આંદોલિત થઇ ઊઠ્યું.

'લગ્નની આટલી ઉતાવળ શું કરવા કરો છો...' જડાવલક્ષ્મી તણાઈને ઊંચા સાદે ફરિયાદ કરતા હોય એમ બોલ્યાં : 'તેલ જુઓ તેલની ધાર જુઓ પછી... જે કરવું હોય એ કરો !'

વનમાળીદાસે કાંઇક મનમાં મમળાવી ભારપૂર્વક કહ્યું: 'હું એ જ કરું છું...' પછી ઝીણી આંખો કરી અર્ણવ સામે જોઈને કહ્યું : 'બરાબરને, અરીયા !?'

અર્ણવને શું બોલવું, શું જવાબ આપવો... તે સમજમાં ન આવ્યું. તેને વનમાળીદાસનું અમુક વર્તન વિચિત્ર લાગતું હતું. અહીં આવતા પૂર્વે જે બધું ગોઠવ્યું હતું, તેના બદલે વાર્ષિક પરીક્ષામાં કોર્સ બહારનું પુછાયું હોય એવું અહીં ગણતરી બહારનું જોવાતું, પુછાતું હતું. પણ જે થાય તે કાળજીપૂર્વક સંભાળવાનું હતું.

'મારે તને આ હવેલીની એક એક જગ્યા બતાવવાની છે...' વનમાળીદાસે એક જાતનો હરખ વ્યક્ત કરતા હોય એમ કહ્યું : 'ક્યાં શું પડ્યું, મૂક્યું એ કે'વાનું છે...!'

ત્યાં વચ્ચે જ જડાવલક્ષ્મી બોલી ઊઠ્યાં : 'ઘરેણાં ને મિલકતનાં કાગળિયાં બતાવવાનું નો ભૂલતાં, હવે આપડે ખર્યું પાન કે'વાઈ, જીવી જીવીને કેટલાં દિ'...' પછી હોઠ ભીંસીને કહેઃ 'પછે બધું એને જ સંભાળવાનું છેને !?'

'સોનીના દીકરા છીએ કિલો, બે કિલો સોના-ચાંદીનાં ઘરેણાં નાખી દેતાંય નીકળે !' પછી અર્ણવ સામે જોઈ સાવ જુદી રીતે જ વનમાળીદાસે જણાવ્યું : 'બરાબરને, અરીયા !?'

અર્ણવના પગ નીચેથી જમીન સરકવા લાગી. માથું ચક્કર ચક્કર ભમવા લાગ્યું... નક્કી થાતું નથી પોતે જે સાંભળી રહ્યો છે તે સાચું છે કે ખોટું... અથવા જે જાણવું જરૂરી હતું તે કેમ સામેથી આવી રહ્યું છે..!?

'તું પૌત્ર છો, હવેલીનો વારસ છો એટલે...' અર્ણવ મનથી શાંત થયો. ઉદવેગ ઓછો થયો.

'પણ હવે તું ક્યાં જાવાનો છો...?' વનમાળીદાસે કહ્યું: 'આંયા જ છો તે, બધું નિરાંતે... બરાબરને !?'

- બરાબર... બરાબર... દાંત ભીંસી, ગુસ્સા સાથે સ્વગત બોલતો અર્ણવ એક રૂમમાં આવી રાજાશાહી જેવા પલંગમાં આરામ કરવા લાંબો થયો. રાતનો ઉજાગરો હતો પણ ઊંઘ આવે એમ નહોતી. અહીં આવતાં પૂર્વેના આયોજનમાં મિત્રએ કહ્યું હતું, બધું સમુંસૂતરું ઊતરે એવું ન પણ બને. તૈયાર કરેલી સ્ક્રીપ્ટ ખોટી પણ પડે... પણ અહીં તો, ધાર્યું થાય છે કે અણધાર્યું... એ જ કાંઈ સમજાતું જ નથી.

અને તેમાં ઘડિયાં લગ્ન... વળી યુવતી આટલી નેચરલ બ્યુટી હોય તે તેના મનમાં બેસતું નહોતું.

વામકુક્ષી કર્યા પછી ફરી અર્ણવ, વનમાળીદાસની બાજુમાં ઝૂલા પર બેઠો. કોઈ ખાસ વાત કરવાની હોય એમ જડાવલક્ષ્મી પણ ઝૂલા સામે ખુરશી નાખીને બેઠાં.

અર્ણવને હતું કે, હવે વનમાળીદાસ કહ્યા મુજબનું બધું બતાવશે. પણ એવું ન બન્યું. અને તેમણે તો સાવ જૂદું પૂછ્યું: 'તારા આવવાની જાણ જે ભાઈબંધે અમને કરી એને તું ક્યાં, મુંબઈમાં સાથે રે'તા હતા !?'

'હા..' અર્ણવે જવાબ આપ્યો : 'કંપનીના રૂમમાં !'

વનમાળીદાસે ઠાવકાઈથી કહ્યું : 'ત્યાં ભાઈબંધ સાથે બેસીને આ બધું નક્કી કર્યું..!?'

'આ બધું... એટલે તમે શું કહેવા માગો છો..!?' આવું અર્ણવના મોંએ આવી ગયું. પણ મન મારીને અબોલ રહ્યો. પણ વનમાળીદાસ જ સ્પષ્ટતા કરતા બોલ્યા : 'આ બધું એટલે... તારું આંયા આવવાનું !'

'દાદુ, એક્ચ્યુલી એવું થયું ને...' અર્ણવને થયું કે, વાત વણસે એ પહેલાં પોતાના પાસે, હાથમાં લેવી પડે. તેથી તેણે કહ્યું : 'અમારા બંને વચ્ચે વાતમાંથી વાત નીકળતા તે આ બાજુ, અહીંનો નીકળ્યો..!'

'તને તો તારા પપ્પાએ, નરોત્તમે આ હવેલીનું ઠામ-ઠેકાણું કહી રાખ્યું હતું... બરાબરને !?'

વનમાળીદાસ જ્યારે જ્યારે, બરાબરને અરીયા... એવું કહેતા હતા ત્યારે પોતે દ્વિધામાં મૂકાઈ જતો હતો. પણ આ વખતે કાળજી રાખી, જરાકેય અકળાયા વગર કહી દીધું : 'હા, હા... મને બધું જ કહી દીધેલું...!'

ખુરશીમાં બેઠાં બંને વચ્ચેની વાત સાંભળી રહેલાં જડાવલક્ષ્મી સહેજ હલી ગયાં. ને વચ્ચે જ બોલી ગયાં : 'આવું કોઈ ભાઈબંધને નો કે'વાય... તારા આવવાની જાણ કરતી ટપાલ લખી નાખવી'તીને!'

- આવું એટલે,કેવું... અર્ણવના નીચે ભડકો કે ભડકો થયો હોય એવું લાગ્યું. આ વાત સાંભળતા થયું કે ભાઈબંધ ભોળવાઈ ગયો હોય એવું બને... પણ પાછું થયું : આ પ્લાન જ તેણે ઘડી દીધો છે !

અર્ણવને કાંઈ સમજાતું નથી. એકપળે થયું: અહીંથી વહેલી તકે નીકળી જાય... જાન હૈ તો જહાન હૈ ! પણ જડાવલક્ષ્મીનું બોલવું, પોતે સાંભળ્યું નથી અથવા તો ગણકાર્યા વગર વનમાળીદાસ બોલ્યા : 'પણ આંયાથી તારી મા ને બાપ બેય ભાગ્યાં'તાં ઈ તને નહીં કીધું હોય ને...!'

'ભાગ્યાં હતાં એટલે..!' અર્ણવથી બોલાઈ ગયું.

'હા, ઈ એણે જિંદગી બગાડી...' જડાવલક્ષ્મીની જીભ સાથે આંખમાંથી પણ ડળક... ડળક... આંસુ ખરવા લાગ્યાં : 'ને જાતી જિંદગીએ આ દિ' જોવાના આવ્યા !'

જડાવલક્ષ્મીનું કહેવું, રડવું... અર્ણવના દિલની આરપાર ઊતરી ગયું. ને થયું, પોતાને જે વિગત મળી તેમાં કાંઈક લોચો, ગડબડ છે. પણ હવે તો જે થાય તેમાંથી રસ્તો કાઢી, સાવધાનીથી આગળ વધવાનું હતું.

અર્ણવ સ્થિતિને સંભાળવા સજ્જ ને સાવધ થઈ ગયો.

આ બાજુ વનમાળીદાસને જડાવલક્ષ્મીના રડવાની અસર થઈ હોય એવું લાગ્યું. તેમનું મોં રડમસ થઈ ગયું. શરીરમાં કંપ પ્રવેશી ગયો ને એક સાથે આયખામાં વીસ-પચીસ વરસનો ઉમેરો થઈ ગયો. છતાંય કડપ દાખવીને બોલ્યા: 'લીલાવવ વિશે એવું ન બોલો... આપણા આ અરીયાની મા કે'વાય !' પછી અર્ણવ સામે જોઈને કહ્યું : 'બરાબરને !?'

- બરાબરને... અર્ણવને માથા માથે હથોડા જેમ વાગ્યું. ઝૂલા પરથી ઊભા થઈ જવાયું. ધીરજ રાખવા છતાંય અંદરથી આક્રોશ સાથે કહેવાનું ઊગી આવ્યું : હા, હા... તમે જે કહો તે બધું બરાબર જ છે !

વનમાળીદાસે બાવડું પકડી અર્ણવને પાછો બેસાડતાં કહ્યું: 'બેસભાઈ, ઉતાવળે આંબા નહીં પાકે !'

અર્ણવ અકળાયો. સહેજ આઘો ખસ્યો. તેને વનમાળીદાસનું બોલવું ઠીક લાગતું નહોતું. ખરું કહે તો શંકા ઉપજાવતું હતું. પણ પાછો તેમનો ભાવ... શંકા આડે ઢાલ બની જતો હતો. અને જો પોતાના પ્રત્યે સહેજ પણ એવું હોય તો ઘરમાં રાખે, સાચવે શું કરવા !? બાવડું પકડી ને કાઢી મૂકે અથવા પોલીસના હવાલે કરી દે. આ વનમાળીદાસ કાંઈ જેવા તેવા નથી લાગતા..!

વાળું કર્યા પછી, એક રૂમમાં પલંગ ઢાળેલો હતો તેમાં અર્ણવે લંબાવ્યું. ઊંઘ આવે તેમ નહોતી. છતાંય આંખો બંધ કરી ઊંઘવાનો ઢોંગ કરવા લાગ્યો. ધાર્યું કામ પતે તો નીકળી જવામાં મોડું કરવું નહોતું.

'ભાઈ અરીયા, બધું બતાવવાનું રહી ગયું તે સવારે...' પછી ધીમેકથી કહ્યું હતું : 'પણ જે માયા-મિલકત છે તે આ રૂમમાં છે... તારે હવે સાચવવાની છે !'

મોડી રાતે ઊઠ્યો. હળવેકથી રૂમ અંદરથી બંધ કર્યો. પછી ખાંખાખોળા કરતા તિજોરીમાંથી એક ડબ્બો હાથ આવ્યો. ખોલીને જોયું તો ઘરેણાં હોય એવું લાગ્યું... જે હાથમાં આવ્યું તે લઈ નીકળી જવાના ઈરાદે અર્ણવ બહાર આવ્યો.

પણ વનમાળીદાસ રાહ જોઈને જ ઊભા હોય એમ આડા ઊભા રહી ગયા.

'પણ... દાદુ, તમે જાગો છો...!' અર્ણવ થોથરતા અવાજે બોલી ગયો.

'હા..' વનમાળીદાસે કહ્યું : 'ચોર ઘરમાં હોય ને ઘરધણીને ઊંઘ કેમ આવે !?'

'એટલે...!' અર્ણવ પગથી માથા લગી ધ્રૂજી ઊઠ્યો.

'તારા ભાઈબંધની વાત ઉપરથી અમને ખબર પડી ગઈ'તી...!' વનમાળીદાસની આંખો ઊભરાવા લાગી. તેઓ પીડા અળગી કરી બોલ્યા: 'દીકરો નરોત્તમ કોઈ દિ' પાછો આવે એમ નહોતો.. પણ દીકરાના દીકરાનું પાછા આવવાનું સુખ મળતું હોય તો અમારે જાવા દેવું નહોતું.'

જડાવલક્ષ્મી પડખે ઊભાં રહી, ધ્રૂસકે ધ્રૂસકે રડવાં લાગ્યાં.

અર્ણવ બગડતી બાજીને સુધારવાના મરણિયા પ્રયાસ સાથે સહેજ ઊંચા અવાજે બોલ્યો : 'પણ હું તમારો પૌત્ર નથી એવું કેમ માની લીધું...!?'

'લીલી ને નરોત્તમ ભાગ્યાં પછી, થોડા દિ'માં આપઘાત કર્યાના વાવડ મળ્યા'તા...' વનમાળીદાસે કહ્યું : 'પણ અમે એનાં આપઘાતનું કોઈને કીધું નહોતું.'

વનમાળીદાસનું કહેવું સાંભળી અર્ણવ તો ઉંબરમાં ઊભો, જડભરત થઈ ગયો.

પછી દુભાતા સ્વરે કહ્યું : 'એને તારા જેવડો દીકરો ક્યાંથી હોય..!?'

વનમાળીદાસનું કહેવું સાંભળી અર્ણવના પગ નીચેથી જમીન સરકવા લાગી, તેની આંખે અંધારા આવવા લાગ્યા... તે બારસાખને ટેકો દઈ માંડમાંડ પોતાને સંભાળી શક્યો...

'અભિષેક' પ્લોટ નં.૭૧૫/૧,
સેક્ટર ૭ બી, ગાંધીનગર.
મો. ૯૪૨૭૦૫૦૯૯૫

ઉચ્છૃંખલ

- નસીર ઈસમાઈલી 'ઝુબિન'

મને બરાબર યાદ છે, ૨૧મી ફેબ્રુઆરીનો એ દિવસ. હું ઓફિસમાં બીઝી હતો અને બાપુજીનો ફોન આવ્યો હતો. "રોહિત, જયંત પાછો આવી ગયો છે અને અને... "બાપુજીનો અવાજ થોથવાતો હતો." અને એ અનુપમા સાથેની સગાઈ તોડી નાખવાની વાત કરે છે. હું ઓચ્છવને કયા મોઢે આવી વાત કરું, રોહિત, હું ખૂબ મુંઝાઈ ગયો છું. એ ઉચ્છૃંખલ તો ગમે તેવા ઉદ્ધત જવાબો આપી પાછો બહાર રખડવા ભાગી ગયો છે." બાપુજીના અવાજમાં નિરધારી ભરેલું દુઃખ ટપકતું હતું. "બાપુજી, સાંજે એને મારે ત્યાં મોકલજો. હું મામલો સંભાળી લેવા કોશિશ કરીશ." મેં આદત મુજબ શાંતિથી જવાબ આપ્યો અને ફોન મૂકી દીધો પણ મન અપસેટ થઈ ગયું હતું.

જયંત મારાથી પાંચ વર્ષ નાનો મારો ભાઈ અમારા આખા ઘર માટે સમસ્યા રૂપ બની ગયો હતો. એની ઉચ્છૃંખલ, ઉદ્ધતાઈ, લાપરવાહી અને નફટાઈથી અમારા એ નાનકડા ઘરની તમામ શાંતિ ઉદ્વેગના જ્વાળામુખીમાં હોમાઈ ગઈ હતી. એટલું સારું હતું કે હું મારી પત્ની ઈના અને અમારાં બે બાળકો સાથે જુદો રહેતો હતો. નહીં તો એની એ ઉદ્ધતાઈએ મારી અને એની વચ્ચે જરૂર કોઈ ભયંકર ઝઘડો ઊભો કર્યો હોત ! નિવૃત્તિના આરે ઊભેલા બાપુજીએ કેટકેટલી આશાઓના મિનારા ચણ્યા હતા અને આ જયંત એની એક એક ઈંટ રોજ ઉખાડીને અમારા લમણામાં મારતો હતો, આજે એની પરાકાષ્ઠા આવી ગઈ હતી.

જયંત પહેલેથી આવો નહોતો. મેટ્રિકની પરીક્ષા એણે ડિસ્ટિંક્શન સાથે ફર્સ્ટ ક્લાસમાં પાસ કરી, એ તો અમારા નાનકડા ઘરનો સૌથી મોટો આનંદનો પ્રસંગ બની ગયો હતો. એની આર્ટ્સમાં જવાની ઈચ્છા હતી પણ બાપુજીએ એને ડૉક્ટર બનાવવાનો મનસૂબો કર્યો હતો એ જાણી એ સાન્યસમાં પણ જવા તૈયાર થઈ ગયો હતો. બા, બાપુજી, હું, ઈના અને મારા અને જયંતથી નાની મારી બહેન વિભા, અમે સૌ રાત-દિવસ ખ્યાલી પુલાવો પકાવતા રહેતા. "જયંત ડૉક્ટર થશે પછી અહીં આગળના વરંડાની જાળી તોડાવી દર્દીઓ માટે વેઈટિંગ રૂમ બનાવીશું અને પહેલા રૂમમાં ડિસ્પેન્સરી બનશે." બાપુજી કહેતા "ના, ના આટલા નાના ઘરમાં દવાખાનું ના ગમે. અને ભાઈ થોડો દવાના બાટલામાં પાણી ભરી આપનાર ડૉક્ટર થશે ? એ તો કન્સલ્ટન્ટ થશે. એને આવું ખૂણાનું મકાન ના ચાલે. રિલીફ રોડ ઉપર કન્સલ્ટિંગ રૂમ રાખવો પડશે રૂમ." વિભા વિરોધ નોંધાવતી પણ એને હજી મેડિકલમાં તો જવા દો. પછી ચર્ચા કરજો આ બધી. હું પણ ચિડાઈને કહેતો અને ઘરના બધા તૂટી પડેલા પત્તાના મહેલના પાના સમેટવા લાગતા. અને કમનસીબે, જયંતને ડૉક્ટર બનવાનું સ્વપ્ન પત્તાનો મહેલ જ બની રહ્યું. જયંતે સખત મહેનત કરી પણ એક ટકાને માટે એડમિશન ગુમાવ્યું.

સ્વાભાવિક રીતે જ આવા કિસ્સાઓમાં બને છે તેમ એનામાં ફ્રસ્ટ્રેશન આવી ગયું. અભ્યાસ પ્રત્યે પણ થોડો બેદરકાર બની ગયો. પણ અમને ખાતરી હતી કે, અનુપમા એના સરળ લાવણ્યથી અને જયંતના એના પ્રત્યેના ખેંચાણથી બધું સંભાળી લેશે. સામાન્ય રીતે અમારા કુટુંબમાં નાની વયમાં સગાઈ-સંબંધ કરવામાં નથી આવતાં પણ જયંત એમાં અપવાદ રૂપ હતો અને કદાચ ખુશકિસ્મત પણ. અપવાદરૂપ એટલા માટે કે માત્ર સોળ વર્ષની ઉંમરે જ્યારે એ મેટ્રિક પાસ થયો ત્યારે જ બાપુજીએ એનો સંબધ નક્કી કરી દીધો હતો અને ખુશકિસ્મત એટલા માટે કે જયંતને એનું મનગમતું પાત્ર મળ્યું હતું.

અનુપમા મારા બાપુજીના ખાસ મિત્ર ઓચ્છવકાકાની એકની એક પુત્રી હતી. અનુપમા નામ પ્રમાણે અનુપમ જ હતી. કલકલ વહેતાં ઝરણાની રમતિયાળ નિર્દોષતા, પ્રફુલ્લિત ગતિવિધિ, અને સરળ રમ્ય સૌંદર્યની મેઘધનુષી ખુશ્બૂ એ ત્રણેયનો સંગમ એટલે અનુપમાનું નમણું અસ્તિત્વ. બાલમંદિરથી માંડીને એસ.એસ.સી. સુધી અનુપમા અને જયંત સાથે ભણ્યાં હતાં. ઓચ્છવકાકા એક ટ્રાન્સપોર્ટ કંપનીમાં મેનેજર હતા અને બાપુજીના બાળપણના જિગરી દોસ્ત અને આ દોસ્તોની દોસ્તીએ જયંત અનુપમાની દોસ્તી ઉપર સગપણની મહોર મારી દોસ્તીને વધુ ગાઢ બનાવી હતી. બહુ ઓછા લોકો એવા ખુશકિસ્મત હોય છે જે પોતાના બચપણના સાથીને જીવનસાથીના સ્વરૂપમાં મેળવી શકે. જયંત એમાંનો એક હતો એ એની ખુશનસીબી હતી.

મેડિકલમાં એડમિશન ન મળ્યું એ ઘટના દુઃખદ ગણાય, પણ દરેક સાયન્સ સ્ટુડન્ટે એનો સામનો કરવાની તૈયારી રાખવી જ પડતી હોય છે અને એ જ કોલેજમાં આર્ટ્સમાં ભણતી

અનુપમાએ એના એ ફ્રસ્ટ્રેશનને કદાચ સંભાળી લીધું હતું. પણ એફ. વાય. બી. એસ. સી. પાસ કર્યા પછી જયંતના સ્વભાવમાં એક વિચિત્ર પરિવર્તન આવતું ગયું.

દિવસે દિવસે એ ઉડાઉ, તોછડો અને ઉદ્ધત બનતો ચાલ્યો. બાપુજીની-બાની સાથે ઝઘડતો રહેતો, ક્યારેક દિસો સુધી ઘરના કોઈની સાથે વાત પણ ન કરતો તો ક્યારેક વિના કારણે વિભા સાથે ઝઘડીને એને મારી બેસતો. અનુપમા સાથેના એના વર્તનમાં પણ લાપરવાહી આવતી જતી હતી. એના આવારાગિર્દ દોસ્તોનું વર્તુળ રોજ-રોજ વિસ્તરતું જતું હતું. કોલેજમાં નિયમિત રીતે અનિયમિત જવું, બહાર પાર્ક કરેલા સ્કૂટરો ઉપર બેસીને રખડું છોકરાઓ જોડે હા... હા... હી... હી... કરતાં સિગરેટો ફૂંકવી, અને કોલેજની છોકરીઓ સાથે સસ્તી હોટલોમાં એનું રખડવું એ બધું અમને અનુપમા મારફતે જાણવા મળતું હતું. અનુપમા જેવી છોકરી જેની જીવનસાથી બનનાર હોય એવી વ્યક્તિ તે ગમે તેવા ફ્રસ્ટ્રેશનને ઘોળીને પી જઈ શકે. ના એ માત્ર ફ્રસ્ટ્રેશન નહોતું એથી વિશેષ કંઈક હતું.

અમારા આખા ઘરમાં સૌથી મજબૂત અને સહનશીલ ગણાતો જયંત જેવો છોકરો આમ સહેલાઈથઈ બૂરી સંગતે ચઢી બુરાઈઓના કળણમાં ખૂંપતો જાય એ અમારા બધા માટે અસહ્ય હતું. પણ અમે સહુ બેબસ હતા. સિગરેટ એના માટે સામાન્ય હતી. હવે એ ઘરમાં પણ બાપુજીની સામે પીતો. એ શરાબ પીએ છે, કલબમાં પત્તાં રમે છે એવું પણ અમને જાણવા મળ્યું હતું પણ એની રૂક્ષતા અને ઉદ્ધતાઈ જોઈ કોઈ ખુલાસો માગવાની હિંમત કરતું નહીં. માત્ર અનુપમા પાસે એ રૂક્ષ બનતો નહીં. લાંબું મૌન ધારી લેતો અને એની એ ચૂપચાપ અવગણના અનુપમા જેવી સ્વમાની છોકરી માટે છાતીના શૂળ જેવી હતી.

અંતે એ જેમતેમ કરીને બી.એસ.સી. થઈ ગયો.



બાપુજીની ઓળખાણથી એક કંપનીમાં કેમિકલ એનાલિસ્ટ તરીકે નોકરી પણ મળી ગઈ. પણ એની આદતોમાં કોઈ જ ફેર નહોતો. ઊલટું આર્થિક સ્વતંત્રતા વધવાથી એના સ્વચ્છંદીપણામાં વધારો થયો હતો. બાપુજીને એક જ આશા હતી, લગ્ન પછી અનુપમાનું સાન્નિધ્ય એને સીધા રાહે લાવી દેશે અને વૈશાખમાં એના લગ્ન લેવાનું બાપુજીએ લગભગ નક્કી કરી દીધું હતું.

ત્યાં અચાનક એ કોઈ ને કહ્યા વિના ઘરેથી ભાગી ગયો, ન ચિઠ્ઠી, ન ખબર, સહુના જીવ ઊંચા થઈ ગયા. મેં સહેજ બુદ્ધિ વાપરી એની ઓફિસમાં તપાસ કરાવી તો ભાઈ ચાર દિવસની કેઝ્યુઅલ રજા પર હતા. બાપુજી ગભરાતા હતા કે, હવે એ પાછો નહીં આવે, પણ ચોથા દિવસે એ પાછો આવી ગયો અને આવતાંની સાથે એક બીજો આઘાત આવ્યો, તે એ કે, એ અનુપમા સાથે લગ્ન નહીં કરે અને મુંઝાયેલા બાપુજીએ મને ફોન કર્યો...

સાંજે એ આવ્યો. મોટા ચોકડાવાળું પેન્ટ, વિચિત્ર રંગો જડેલો બુશર્ટ, હાથમાં જલતી સિગરેટ, વ્યસનોથી ઊંડી ઊતરી ગયેલી આંખો, સૂઝી આવેલાં પોપચાં અને ફિક્કા ચહેરા ઉપર ઝૂલતી કોરા વાળની બાબરી, મને ઘૃણા થઈ આવી. આ મારો ભાઈ ! અને દુઃખ પણ થયું, કેટલો સોહામણો હતો એ. એ જાણે મારી આંખમાંથી ઘૃણા પારખી ગયો.

“મને શું કામ બોલાવ્યો છે, મોટાભાઈ ? અનુપમા માટે જો તમે મને સમજાવવાના હોય તો હું કહી દઉં તમારી સમજાવટ બેકાર જવાની છે. હું એ છોકરીને નથી પરણવાનો” એણે બેસતાં વેંત જ કહ્યું.

“પણ તારી એ ‘ના’ની પાછળ કોઈ કારણ તો હોવું જોઈએ ને ? અમારે ઓચ્છવકાકાને મોઢું શી રીતે બતાવવું ?”

“તમને બીક લાગતી હોય તો હું ના કહી આવીશ અને હવે ઓચ્છવકાકા સગાઈ તોડવાની વાતથી ખાસ નારાજ નહીં થાય. મારી આદતોની ખબર એમને નહીં પડી હોય ?” એ પીળા દાંત પ્રસ્તારીને હસ્યો.

“કોઈ બીજી છોકરી મનમાં વસી ગઈ છે કે, શું જયંતભાઈ ?” ઈનાએ ભાભીભાવે એનો મર્મ પકડવા યત્ન કર્યો.

“એક હોય તો કહું ભાભી. મને તો બધી જ છોકરીઓ ગમે છે.” અને એના એ વરવા હાસ્ય ઉપર મને ચીતરી ચઢી. અને “મારે લાસ્ટ શોમાં પિકચરમાં જવું છે મોડું થશે.” એમ કહીએ પાણીય પીધા વિના ભાગી ગયો.

અને ખરે જ સગાઈ તૂટી ગઈ જયંતે કહ્યું હતું તેમ ઓચ્છવકાકાએ ખાસ નારાજગી ન બતાવી. અનુપમા ઈના પાસે આવીને ખૂબ રડી. ઓચ્છવકાકા સાથેના અમારા સંબંધોમાં એક ખાંચ આવી ગઈ, પણ જયંતને કોઈની કશી જ પડી નહોતી. એ ચૂપચાપ ઘરે આવી ખાઈને ઝઘડીને ભાગી જતો.

અને બરછીના ઘા જેવો એક વધુ આઘાત એણે અમારા ઉપર ઝીંક્યો. રાયપુર ચકલામાં વરલી મટકાનું બેટિંગ લેતાં એ પોલીસના હાથમાં પકડાઈ ગયો. અમે બધા ખિન્ન થઈ ગયા. બાપુજી અને બાની આંખોમાં જયંત પ્રત્યે નફરતની એક આગ જલી ગઈ. એને આ સફરામાંથી બહાર કાઢતાં મારે નાકે દમ આવી ગયો અને અત્યાર સુધી ખામોશ રહેલા બાપુજીએ, ‘‘નાલાયક એવું કરતાં પહેલાં મરી કેમ ન ગયો ? નીકળી જા ઘરમાંથી બહાર. ફરીવાર મોંના બતાવીશ ક્યારેય મને.’’ કહી એને ઘરમાંથી કાઢી મૂક્યો, અને એ પણ ‘‘આ દિવસની જ રાહ જોતો હતો.’’ એવો ઉદ્ધત જવાબ આપી એના કપડાલતાં લઈ ચાલ્યો ગયો, બાને, વિભાને, મને, કે ઈનાને મળવાની સહેજ પણ કોશિશ કર્યા સિવાય. મારી દૃષ્ટિએ બાપુજીનું પગલું યોગ્ય હતું. એને ઘરમાં રાખવાનો કશો અર્થ જ નહોતો. એને ઘરનું કશું જ વળગણ નહોતું રહ્યું.

ઘરમાં બધાનાં મનમાં જયંત પ્રત્યે એક ઘૃણા, એક નફરત ભરાઈ ગઈ હતી. સાથે એક ઊંડો રંજ પણ હતો. અલબત્ત એ હકીકત ચોક્કસ હતી. એનું ઘરમાં રહેવું બધા માટે દુઃખ રૂપ હતું. એના ગયા પછી બધાંએ છુટકારાનો દમ ખેંચ્યો હતો.

કેલેન્ડરનાં પૂંઠાઓ ઉપર તારીખોનાં પાનાં ફરફરતાં ગયાં અને બે મહિનામાં જયંતનું કડવું અસ્તિત્વ લગભગ અમારા બધાંના મનમાંથી ભૂંસાતું ચાલ્યું હતું. આમ બા અને વિભા ક્યારેક રડી લેતાં. અનુપમાના બીજે વિવાહ નક્કી થઈ ગયા હતા અને એનું આવવાનું પણ બંધ થઈ ગયું હતું.

ત્યાં એક દિવસ હું શેવ કરતો હતો અને નીચેથી કોઈએ મારા નામની બૂમ પાડી. મને એ પણ યાદ છે, ૨૧મી જૂનનો એ દિવસ હતો. બાપુજી એક આવારા ટાઈપ માણસ સાથે નીચે હતા. હું કપડાં બદલી નીચે આવ્યો.

‘‘રોહિત, જયંત સખત બીમાર છે. હોસ્પિટલમાં એડમિટ કર્યો છે. અને...’’

‘‘હા, રોહિતભાઈ એના છેલ્લા શ્વાસ છે. ઝટ કરો નહીં તો ભેગા નહીં થવાય.’’ પેલા આવારાએ બાપુજીનું વાક્ય પૂરું કર્યું. હું ઝટકો ખાઈ ગયો. ‘‘તમે અત્યાર સુધી ખબર કેમ ન આપી ?’’ મેં ગુસ્સામાં બરાડો પાડ્યો. ‘‘જયંતે ના પાડી હતી કોઈને પણ બોલાવવાની’’ પેલાએ બીતાં બીતાં કહ્યું. જયંતની આ ખોટી ટણી ઉપર હું સમસમી ગયો. પણ એ સમય ગુસ્સો કરવાનો નહોતો. અમે દોડતા હોસ્પિટલ પહોંચ્યા. પણ ખૂબ મોડા પડ્યા હતા. જયંતનું અસ્તિત્વ વિલાઈ ચૂક્યું હતું.

અમારા બધાના રુદન અને હીબકાં વચ્ચે, શાંત ચહેરે મક્કમતાથી હોઠ બીડી એ સફેદ ચાદર ઓઢીને સૂઈ ગયો હતો. ડૉક્ટર મૃતદેહ, સોંપીને ચાલી ગયા અને કલાકોમાં એનો દેહ ચિતામાં ભડભડી ગયો. જયંત મારો નાનો ભાઈ હતો, બા અને બાપુજીનો દીકરો, વિભાનો મોટોભાઈ અને ઈનાનો દિયર. એના મોતનું બધાંને દુઃખ હતું. પણ એની સાથે બધાંના ચહેરા ઉપર, એમની સાથે જોડાયેલા એક નઠારા અસ્તિત્વથી મળેલી કાયમી રાહતના છૂટકારાનો દમ પણ આંખના ખૂણામાં વાંચી શકાતો હતો. કદાચ એ મારો ભ્રમ પણ હોય.

જયંતના મરણ પછીની છઠ્ઠા દિવસની આ વાત છે. રવિવાર હતો અને સવારમાં હું છાપું વાંચતો હતો. ત્યાં કોલબેલ રણકી. દરવાજામાં પેલો જયંતના મરણ વખતે બોલાવવા આવ્યો હતો એ મનહુસ આવારા ઊભો હતો. એના હાથમાં કંઈક કાગળની કોથળી જેવું લટકતું હતું. ‘‘હું હુસેન, અંદર આવું સાહેબ ?’’ કહેતાં એ અંદર આવી ગયો. મને ખીજ ચડી ગઈ. આવા માણસોએ મળીને જ મારા ભાઈની જિંદગી બગાડીને આખરે એનો જાન લીધો હતો. ‘‘શું છે ?’’ મેં તોછડાઈથી પૂછ્યું.

‘‘આપની ખીજ હું સમજી શકું છું પણ આ ભાર સહન ન થતાં આપને આપવા આવ્યો છું.’’ પેલાએ એના હાથમાંની કાગળની કોથળી મારા તરફ લંબાવી. ‘‘શું છે એમાં ?’’ મારી ચીડમાં કુતૂહલ ભળ્યું. પેલાએ કોથળી ખોલી.

‘‘જયંતે તો આનો નાશ કરવાનું અને કોઈને નહીં કહેવાનું મારી પાસેથી વચન લીધું હતું. પણ સેંકડો ગુનાઓનો



ભાર સહન કરી શકતું મારું મન જયંતની વેદનાના વજનને ન જીરવી શક્યું અને એ મૃત દોસ્તના વચનનો ભંગ કરી તમારી પાસે આવ્યો છું. એના મોત સમયે જ તમારી બધાની આંખમાં ગિરેલું એનું સ્થાન હું જોઈ શક્યો હતો. પણ એના મૃત્યુ પછી મારા એ મરેલા દોસ્તની યાદને તમારી નજરોમાં ઊતરેલી હું સહન નહીં કરી શકું. જયંત અમારી સાથે હતો. પણ અમારામાંનો એક નહોતો. એણે ઈરાદાપૂર્વક જીવનનો રાહ બદલ્યો હતો.''

કોથળીમાંથી ઢગલાબંધ એક્સ-રે તસવીરો અને જુદા ડૉક્ટર્સના રિપોર્ટ્સ નીકળી પડ્યા. હું દિગ્મૂઢ થઈ જોઈ રહ્યો. હુસેનનો ઘૂટન ભરેલો અવાજ મારા કાનમાં સિસકતો હતો.

''છેલ્લાં અઢી વર્ષથી જયંત કિડનીની બીમારીથી પરેશાન હતો. એ બીમારીએ એના હાર્ટને પણ અસર કરી હતી. એની એક કિડની ખલાસ થવાને પંથે છે. અને બીજી કિડનીને પણ એ અસર પહોંચે તેવી શક્યતા છે. એમ ડૉક્ટરે કહ્યું ત્યારે એ ખૂબ મુંઝાઈ ગયો હતો. ઘરનાને ધ્રાસકો ન પડે એ માટે ખાનગી રાહે ઘણા સ્પેશ્યાલિસ્ટોની ટ્રીટમેન્ટ લીધી પણ રોગના જંતુઓ ઉધઈની જેમ એની કિડનીને ખોતરતા હતા એનો એક જ ઉપાય હતો. ડૉક્ટરે કહ્યું, કોઈ ''તંદુરસ્ત માણસ જેની કિડની જયંતનું બ્લડ અને બોડી સ્વીકારી શકે એ પોતાની કિડની આપે તો એ કિડની ટ્રાન્સપ્લાન્ટથી જ એની જિંદગી બચી શકે અને એક દિવસ જયંતે મને કહ્યું.''

''હુસેન, મોટાભાઈ કે બાપુજી આ વાત જાણશે તો તુરંત એમની કિડની આપવા તૈયાર થઈ જશે મને કદાચ એમની કિડની ફીટ ન આવે અગર પછીથી એ બગડે અને ધારો કે, ફીટ થાય તો પણ માત્ર એક જ કિડનીથી ચલાવતાં બાપુજી કે મોટાભાઈ ને કંઈ થાય તો ? નહીં હુસેન બા કે ઈનાભાભીને હું મારા કારણે ક્યારેય વિધવા ન બનાવી શકું. મારા માટે એ વિચાર પણ અસહ્ય છે. અને આ કિડની ટ્રાન્સપ્લાન્ટેશનનો ખર્ચ મિનિમમ ચાલીસથી પચાસ હજાર રૂપિયા આવે. મારા ઘરની સ્થિતિ હું જાણું છું. વિભાના લગ્ન માટે બાપુજી પાસે દસ હજાર પણ નથી. મારા એકના મોતથી ઘણા સવાલો ઊકલી જાય તેમ છે હુસેન, પણ એમની વચ્ચે રહીને એમના દિલોમાં રહીને હું મરીશ તો એનો આઘાત જીરવવો એમના માટે અસહ્ય થઈ પડશે. અને અનુ... અનુપમાને કાચી જુવાનીમાં સફેદ કપડામાં આંસુ સારતી હું કલ્પી પણ શકતો નથી. હુસેન, હું કોઈપણ રીતે એ બધાંના દિલોમાંથી નીકળી જવા માંગું છું. દિલોમાંથી નીકળી જનાર માણસ ઘર અને દુનિયામાંથી સહેલાઈથી નીકળી જઈ શકે છે. એના મોતનો ઝાઝો અફસોસ નથી રહેતો.''

''અને પછીનું જયંતનું બદલાતું વર્તન અને ઉદ્ધત વલણ તમે જાણો છે. એ ઈરાદાપૂર્વક ક્રમશઃ એની લાગણીઓનું ગળું ઘોંટતો રહ્યો. છેલ્લે ચાર દિવસ ઘરેથી ભાગી જઈને મુંબઈ સ્પેશ્યાલિસ્ટને બતાવી આવ્યો. સ્પેશ્યાલિસ્ટે અભિપ્રાય આપ્યો કે બીજી કિડની પણ સંપૂર્ણપને ખલાસ થવાના પંથે છે. અને એનું અસ્તિત્વ માત્ર થોડા મહિનાઓનો સવાલ છે, ત્યારે એણે કેટલાક નિર્ણયો લઈ લીધા. અહીં આવી ઠંડી ક્રૂરતાથી સગાઈ તોડી નાંખી, વરલી-મટકાના બેટિંગના કેસમાં જાણી જોઈને ફસાઈ જઈ તમારા બાપુજીની લાગણીઓ ઉશ્કેરી ઘર છોડી દીધું અને જે ઠંડી મક્કમ તાકાતથી એણે ઘર છોડ્યું હતું એવી જ રીતે ચૂપચાપ દુનિયા પણ છોડી ગયો. સાહેબ. જયંત તમે ધારો છો એવો ઉચ્છૃંખલ છોકરો નહોતો. એણે તો આ કશું જ તમને ન જણાવવાનું મારી પાસેથી વચન લીધું હતું. પણ જયંતની ખામોશ કુરબાનીની પીસી નાખતી વેદનાનો ભાર અને એના મૌન સમયે તમારા બધાની આંખોમાં ઝલકી ગયેલી ઘૃણાની રેખાઓનું વજન મારું કમતાકાત મન સહન ન કરી શક્યું અને હું તમારી પાસે આવી ગયો.''


હુસેને ટિપોય ઉપર મૂકેલા ગ્લાસમાંથી પાણી પીધું. એની આંખો અને ગળું એક કરુણ વેદનાથી ભરાઈને સિસકતાં હતાં અને એને ચૂપચાપ પીઠ ફેરવી ખામોશ પગલે દરવાજાની દિશામાં જતા હું જોઈ રહ્યો. સફેદ દીવાલ ઉપર જોડાયેલી જયંતની હસતી તસવીરની માસુમ આંખો મારી સામે જોઈને જાણે કહેતી હતી. ''તમે માનો છો એવો ઉચ્છૃંખલ હું નથી હો મોટાભાઈ !''

૩૦૧, ઝિશાન રેસિડન્સી, ખોજા સોસાયટી,
વેદ મંદિર પાસે, કાંકરિયા, અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન: ૦૭૯-૨૫૪૬૦૭૧૨





" આદિવાસી નૃત્ય "
- જગદીશ મેવા
મો.-૯૪૨૬૭૬૬૩૭૭


" ગીત ગાતા પથ્થરો "
- મુકેશ પંડિત
મો.-૭૩૦૦૧૧૧૧૦૪


" વિરાટના દર્શન "
- તેજસ જીનગર
મો.-૯૮૨૪૬૬૦૨૮૨


" એક છત્રી બે જણ... "
- કનુભાઈ પટેલ
મો.-૯૮૨૫૦૪૧૨૮૯

હું - એક ટાઈપિસ્ટ

- સુમંત રાવલ

ચોત્રીસ નંબર અને વીસ બાય વીસની સાંકડી ઓરડી, તેમાં સંડાસની સુવિધાવાળુ બાથરૂમ અને ચોરસ ઓરડીમાં ચોબાજુ સજ્જાવાળી અભરાઈ... છતમાં સીલિંગ ફેનનો હુક. ત્યાં શિરીષે પંખો લટકાવી દીધો... લાઈટ અને પાણીની ચોવીસે કલાકની સુવિધા... એક બારણા વગરનું ખુલ્લું ભીંત કબાટ... એક લાકડાનું ટેબલ અને લાકડાની શેટી... લાકડાની શેટી પર હું પડ્યો પાથર્યો રહું અને ટેબલ પર કવર ચડાવેલું મારું આ ટાઈપરાઈટર... મેડ ઈન ઇંગ્લાંડ... વર્ષોથી વાપરતો આવ્યો છું. શેટીની સામે હેંગર અને હેંગર પર લટકતો મારો ભૂરો કોટ જોઈ ક્યારેક લાગે કે હું જાતે લટકી રહ્યો છું. તેની ઉપર મારી નજર સામે શારદાની ઓઈલપેઈન્ટ કરાવેલી હાફ સાઈઝની તસવીર... બે વરસ પહેલાં રાતી ચુંદડીએ સિધાવી ગઈ... એક પાસપોર્ટ કલર ફોટાને આધારે મેં આ તસવીર પેઈન્ટિંગ કરાવી... સવારે આંખો ખોલતાં અને રાતે આંખો મીંચતી વખતે તેનાં દર્શન અચૂક થાય ! ચાલીસ વરસના તેની સાથેના સંસારમાં ક્યારેય નાની સરખી તિરાડ પડી નથી. તેણે પડવા દીધી નથી.

મારું ભણતર માત્ર મેટ્રિક સુધીનું. એ જમાનામાં મેટ્રિકમાં ટાઈપરાઈટિંગનો વિષય રાખવાની છૂટ હતી. તે વખતે મારી સ્પીડ બાવીસની... ટાઈપરાઈટિંગ વિષયમાં હું જિલ્લામાં ફર્સ્ટ આવેલો અને પછી નસીબ આડે પાંદડું આવી ગયું એટલે આગળ ન ભણી શક્યો. અને એક અંગ્રેજ કંપનીમાં ટાઈપરાઈટર તરીકે ગોઠવાઈ ગયો. અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષાના ટાઈપરાઈટર પર પક્કડ જોઈને કંપનીના મેનેજરે છેક બ્રિટનથી આ અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષાવાળું ટાઈપરાઈટર મંગાવીને મને ભેટ આપ્યું. હમણાં સુધી મેનેજરના હસ્તે ટાઈપરાઈટરની ભેટ લેતો બ્લેક એન્ડ વ્હાઈટ ફોટો મારા આલબમમાં હતો... પણ પછી ગુમ થઈ ગયો... તે દિવસે મને બહુ અવસાદ થયો. જાણે મારા જીવની મહામૂલી ચીજ ખોવાઈ ગઈ !

પણ શારદા એક માત્ર મારી મહામૂલી મૂડી હતી. તેણે ઘર સંભાળ્યું અને બચત થવા લાગી.. હું તો પગાર તેના હાથમાં મૂકી દેતો... પણ કરકસર કરી તેણે એ પગારમાંથી શિરીષ અને મિતાલીને ભણાવ્યા... મારો મોટો દીકરો શિરીષ સિવિલ એન્જિનિયર બન્યો અને નાની દીકરી મેટ્રિક થઈ પરણી ગઈ. શિરીષ અને મિતાલીને રંગેચંગે લગ્ન તો કર્યા પણ એ પહેલાં સાવ નાનકડી મૂડીમાંથી સોસાયટીમાં દોઢસો વારનો પ્લોટ લીધો, બેંકમાંથી લોન લઈ આ પ્લોટ પર બ્લોક બંધાવ્યો... નામ રાખ્યું : શારદા નિવાસ...

ધીમે ધીમે લોનના હપ્તા અને વ્યાજ ભરપાઈ થઈ ગયું, ટૂંકા પગારમાં શારદાએ કરકસર કરીને અમને બધાને સાચવ્યાં, પણ તેણે પોતાનું શરીર ન સાચવ્યું. શ્યૂગર તકલીફ થઈ અને બે વરસ પહેલાં -

શારદા નિવાસમાં પરિવાર હતો, પણ શારદા નહોતી એટલે મને અઘામું લાગતું હતું, શિરીષ સરકારી ઓફિસમાં ઈજનેર હતો અને તેની પત્ની પલ્લવી સરકારી સ્કૂલમાં ટીચર અને પુત્ર દિપુ કેજીમાં... હું એકલો ઘરમાં, ગૂંગળામણ થતી સિત્તેર વરસે શ્યૂગરની તકલીફ નહોતી, પણ છાતીમાં કફ ભરાઈ જતો, ઉધરસ ચડતી ત્યારે કફ ખખડતો અને ક્યારેક બળખામાં નીકળતો ત્યારે દિપુને ચીતરી ચડતી...

મેં અગાઉ કહ્યું તે મુજબ વીસ બાય વીસની આ ઓરડીમાં મારું સઘળું સુખ હતું કારણ કે, મારી આંખો સામે શારદા હતી... એટલે ઓરડી ભરી ભરી લાગતી હતી...

આમ તો આખો દિવસ હું કોઠી કમ્પાઉન્ડમાં પસાર કરતો હતો... ઓરડીમાં તો હું રાતે સૂવા માટે આવતો.. સવારે જાગતો, ચા બનાવતો, પીતો, હથેળીમાં તમાકુનો જરદો લઈ ચૂનો ભેળવી અંગૂઠા વડે ઘસતો અને તેની ફૂટકી નીચલા હોઠ નીચે દબાવતો... એટલે તરત 'ઓર્ડર' થતો, લેવેટરીમાં જવાનો... બસ આ એક વ્યસન. ટાઈપરાઈટરની નોકરીમાં વળગ્યું હતું. ગમે તેમ પણ પ્રાઈવેટ કંપનીમાં ખુરશી પર ટાઈપરાઈટર પર કાગળ ચડાવી ટાઈપ કરવા બેસું તે પહેલાં એક ફાકી અચૂક લઉં.. પછી મગજ તેજ થઈ જાય અને ફટાફટ આંગળાઓ કી બોર્ડ પર રમતા થઈ જાય અને ઝટપટ કાગળ ટાઈપ થઈ જાય. તમાકુ ચૂનાની ફાકીમાં જાદુ હતો !

ઓરડી છોડતાં પહેલાં શારદાના ફોટા પાસે ધૂપદીપ કરી... નમન કરી, પાકી ખખડધજ સાયકલ બહાર કાઢું. પેડલ

ઘુમાવી ઊતરી ગયેલી ચેઈન ચડાવું, અકારણ ઘંટડી વગાડું... પછી ટાઈપરાઈટને ઊંચકીને સાયકલની પાછળના કેરીયરમાં ગોઠવું... અને પછી ઓરડીને બંધ કરી તાળું મારી... ચોત્રીસ નંબરના આંકડા તરફ એક નજર રાખી, સાયકલના હેન્ડલ પકડીને પ્રયાણ કરી - વહેલું આવે કોઠી કંમ્પાઉન્ડ.

આ કોઠી કંમ્પાઉન્ડ એટલે મારી આખરી જિંદગાનીનો આશરો... સો વરસ જીવી ગયેલા ઘરડા ઘરડી કે'તાં કે અંગ્રેજોએ બંધાવ્યું હતું... હા, મધ્યમાં અંગ્રેજ જમાનાનો ટાવર છે. જે અંગ્રેજ જમાનાની યાદ આપે છે, પણ બંધ પડી ગયો છે. પછી આઝાદી મળી ત્યારે સરકારે કંપાઉન્ડની ચોતરફ સરકારી કચેરીઓ ખડી કરી દીધી... જેમાં મહેસૂલ ખાતું, પંચાયત ખાતું, ન્યાય ખાતું... ડોસા ડોસી બોખા મોં વડે મલકતાં જતાં અને કહેતાં જતાં કે બધા ખાતાં થઈ ગયા ! ટાવરની પાછળ સરકારી હોસ્પિટલ પણ છે. જેમા વીસ ખંડની સગવડ છે...

ટાવર અડીખમ છે. પણ તેનું ઘડિયાળ બંધ પડી ગયું છે. જાણે કે છે કે અંગ્રેજો ગયા અને સમય થંભી ગયો, આઝાદી પછી જે કચેરીઓ બની તેની દીવાલોમાં તિરાડો પડી ગઈ છે, પણ અંગ્રેજ જમાનાનાં પથ્થરના ટાવરમાં તિરાડ પડી નથી. મશીનરીમાં કાટ લાગી ગયો છે એટલે કામ આપતું નથી. અને અંગ્રેજો સિવાય તેને રિપેર કરાવવાની આપણી પાસે સૂઝ નથી. છ એકરમાં ફેલાયેલા કોઠી કંપાઉન્ડમાં અનેક ઘટાદારી વૃક્ષો છે... વચ્ચે બંધ પહેલો ફુવારો છે. એક હનુમાનજીની દેરી છે... ફરતી કંપાઉન્ડ વોલ કાળા પથ્થરોની અંગ્રેજે બંધાવી છે. દીવાલના ઉપલા હિસ્સામાં અણીદાર કાચ ચોંડેલા છે... તેના લીધે કંપાઉન્ડમાં બધું સહી સલામત રહે છે. પણ મોટા પ્રવેશદ્વારના દરવાજા ખુલ્લા રહી ગયા છે, જે બંધ થઈ શકતા નથી... અને ત્યાં બાજુમાં ચોકીદારની ઓરડી છે. જેમાં ખાન



નાનનો એક બુઢો ચોકીદાર વર્ષોથી સેવા આપી રહ્યો છે.

મેદાનમાં છૂટાછવાયા બાંકડા પર સવારમાં જ અરજદારો બેસતાં થઈ જાય છે. દસ વાગે બધી કચેરીઓ ધમધમતી થાય છે. ત્યારે એકાએક સરકારી બાબુઓ ફૂટી નીકળે છે, કોર્ટમાં પોકાર શરૂ થાય છે. કાળા કોટવાળા અસીલો સાથે ચા-પાનના ગલ્લે મસલત કરતા થઈ જાય છે.. અને આપણા-રામનું રોજી-રોટીનું ચક્કર શરૂ થઈ જાય છે.. તમાકુનો કેફ હોઠમાં ભરાવી આપણા રામ તૈયાર થઈ જાય છે, દસેય આંગળાના ટચાકા ફોડીને ટાઈપરાઈટરના કીબોર્ડ પર રમતાં મૂકું છું... ચાર્જશીટના જવાબો, જમીન લે-વેચના કરારો, છૂટક અરજીઓ... કોટનું ખીસું ભરાતું જાય છે... લેંઘા પર ભલે અડધી બાયનું શર્ટ હોય પણ તેના પર આ ભૂખરો કોટ ચડાવું ત્યારે મારી અંદરનો ટાઈપિસ્ટ જીવતો થાય.. વચ્ચે વચ્ચે ઉધરસ ચડે તો ગળફા કાઢતો જાઉં... કોઈ કશું ના બોલે, કદાચ દયા ખાતા હશે, બિચારો સિત્તેર વરસનો ડોહલો ખાંસે નહીં તો શું કરે...

ખાસ સ્થાન આ ઘટાદાર લીમડો, લીમડા નીચે ગાદી નાખી બેસું અને મારી સામે પાટલા પર આ ટાઈપરાઈટર... ક્યારેક કેડકળવા લાગે ત્યારે આ લીમડાના થડે પીઠ ટેકવી બે ઘડી વિસામો લઉં... પાંચ વાગે એટલે ચોકીદાર ખાન ટોકે... ચાચા... હવે ઘર ભેગા થાવ.. અરજદારો ચાલ્યા ગયા અને કચેરીનો અડધો સ્ટાફ પણ રવાના થઈ ગયો... પહાડ જેવડો નિસાસો નાખી ઊભો થાઉં, થડના ટેકે મૂકેલી સાયકલનું સ્ટેન્ડ ચડાવું, પાછળના કેરીયર પર પહેલાં ગાદી, તેના પર ટાઈપરાઈટર અને પછી હેન્ડલ પકડી પગપાળા પ્રયાણ... સાયકલ એટલી જૂની છે કે, તેના પર સવારી કરું તો, બધા પૂર્જાઓ છૂટા પડી જાય.. મને સાયકલ નહીં, પણ મારે સાયકલને ઊંચકીને કોલોની સુધી લઈ જવી પડે... તોય આટલો ભાર ઉપાડે એટલું ગનીમત, ચોમાસામાં હેન્ડલ પર છતરી ઝૂલતી થાય. ચોમાસા પૂરતો એક છતરીનો ભાર વધે... ક્યારેક પૈડા ચૂ ચૂ કરે ત્યારે હૃદયમાં 'શેરડો' પડે, આગલા વ્હીલ પરનો ચીપિયો પણ તૂટી ગયો છે, આરા ઘસાઈ ગયા છે મારી જેમ એનેય ઉંમર લાગી ગઈ છે.

આ ફેબ્રુઆરી માસમાં જે બન્યું તેના લીધે સમગ્ર દેશનું તંત્ર ગબડી ગયું, અચાનક હવામાં કોરોના નામની મહામારીના વિષાણુઓએ સમગ્ર વિશ્વ પર હુમલો કરી દીધો. સરકારે તો લોકડાઉન જાહેર કરી દીધું અને મારા જેવા બુઢા માટે ઘરમાં રહેવાની સૂચના આપી દીધી. લોકડાઉન જાહેર થયું ત્યારે

શિરીષે તો સાફ કહી દીધું. પપ્પા હવે તમે ઘરમાં જ રે'જો... પલ્લવી તમને થાળી આપી જશે.. મોં પર માસ્ક આવી ગયું, ઘરમાંય માસ્ક પહેરી રાખજો, પલ્લવીએ મોં મરોડતાં કહ્યું. નાનો દિપુ પણ મારી પાસે ડોકાતો નહોતો. હું પડ્યો પડ્યો ટીવી જોતો અને મરણના વધતા જતા આંકડા જોઈ ચિંતા કરતો રહેતો. ક્યારેક બહાર નીકળતા તો એકબીજા સાથે ખપ પૂરતી વાત કરતા અને દૂર ઊભા રહેતા. લોકોને લોકોનો ડર લાગતો હતો. બધાને એકબીજામાં મનુષ્યને બદલે મોત દેખાતું હતું. સાધુ સંત કહેતા કે પૃથ્વી પર પાપ વધી ગયું છે, એટલે આ પ્રલયની ઘડી છે. બુદ્ધિશાળી કહેતા કે આ એક પ્રકારનું વિશ્વયુદ્ધ છે. હવે દેશ હથિયારને બદલે આવા જંતુઓ દ્વારા હુમલો કરી લોકોને મોતને ઘાટ ઉતારશે...

બે મહિના જેવો સમય આ ચોત્રીસ નંબરની ઓરડીમાં અસહ્ય ગુંગળામણ અનુભવતો હતો. બે મહિના બે વરસ જેવા લાગ્યા... શારદાની તસવીર ન હોત તો ક્યારનાય 'સીતારામ' થઈ ગયા હોત ! ત્રીજા મહિને સરકારે લોકડાઉનમાં થોડી છૂટછાટ મૂકી. એટલે આપણા રામમાં જીવમાં જીવ આવ્યો, કચેરીઓ શરૂ થઈ પણ મર્યાદિત સ્ટાફમાં, અરજદારોએ પણ અંતર જાળવવાનું... અને મોં પર માસ્ક ફરજિયાત. કોઠી કંપાઉન્ડના દરવાજે બધું ચેક કરવા માટે રીતસરનો સ્ટાફ રોકવામાં આવ્યો... ત્યાં ટેમ્પરેચર માપવામાં આવતું, હાથ ધોવરાવવામાં આવતા, સેનેટાઈઝેશન કરવામાં આવતું હતું. પછી અંદર પ્રવેશ મળતો...

હું તો સાયકલ પર મારી કમાણીનું સાધન લાદી ઊપડી ગયો, બે મહિનાના વિયોગ પછી કોઠી કંપાઉન્ડનાં દર્શન થયાં એટલે હૈયું મોરની જેમ થનગની ઊઠ્યું, એજ લોખંડનો મસમોટો પૈડાવાળો દરવાજો, એજ ઉદાસ ટાવર.. એજ લીલાછમ વૃક્ષો, ખાલી બાંકડે અંતર રાખીને માસ્ક પહેરેલા અરજદારો... કાળા કોટવાળાની મસલત... લીમડા નીચે ગાદી પર બેઠો અને સામે પાટલા પર ટાઈપરાઈટર મશીન મૂક્યું પછી તમાકુની ફાકી બનાવી જીભ નીચે દબાવી.. માંડ માંડ કાળા બજારના પૈસા આપીને તમાકુ ચૂનાની વ્યવસ્થા કરી હતી. ખોલીમાં રહેતો વજુ કામદાર આવા કામનો ખેલાડી હતી...

તમાકુનો કરંટ લાગ્યો... પણ કોઈ વકીલ કે અરજદાર અરજી લઈને ટાઈપ કરાવવા ન આવ્યો એટલે મન ખાટું થઈ ગયું. અગિયાર વાગીને ત્રીસ મિનિટ થઈ... છતાં કામ ન મળ્યું એટલે આશાભરી નજરે હું કચેરીની બહારની લોબી તરફ તાકી રહ્યો, ત્યાં જોરજોરથી સાઈરન વગાડતી પોલીસવેન આવી પચડી... તમાકુનો કરંટ ઊડી ગયો ! પોલીસવાનનો પાછલો દરવાજો ખૂલ્યો અને અંદરથી પુરુષ અને મહિલા પોલીસ કુમક ડંડા સાથે કૂદી પડી... એક પોલીસે ભૂંગળું મોં પર ધરી જાહેરાત શરૂ કરી દીધી. વાતાવરણ ઘોંઘાટમય બની ગયું. ભાઈઓ-બહેનો, વડીલો, સરકારે છૂટછાટ ઉઠાવી લીધી છે ફરી લોકડાઉન જાહેર કર્યું છે. બધાં પોતપોતાના ઘેર જતા રહો. મેદાન ખાલી કરો... પાંચ મિનિટમાં મેદાન ખાલી નહીં થાયો તો ન છૂટકે આકરાં પગલાં લેવા પડશે. કચેરી બંધ કરો.. અરજદારો ચાલ્યા જાવ... કચેરીનો સ્ટાફ પણ ઘેર જાય.. બધાં શિયાવિયા થઈ ગયાં, મૂઢમાર સહન કર્યા પછી માંડ 'કળ' વળી હતી ત્યાં ફરી ડંડા પડ્યા... પોલીસ ફોર્સ લોકોને બહાર કાઢવા લાગી... હું શૂન્યમનસ્કે જોતો રહ્યો. જોતજોતામાં મેદાન ખાલી થવા લાગ્યું. પૂજારીએ દેરીની જાળી બંધ કરી તાળું મારી દીધું ટાવર સૂનમૂન બની મને તાકી રહ્યું...

હું મૂઢ બનીને બેસી રહ્યો, જાણે શરીરમાંથી ચેતન ચાલ્યું ગયું.. ટાઈપરાઈટર સામે દયામણું મોં કરી જોતો રહ્યો, બે મહિના બંધ પડેલું મશીન મને જોતું રહ્યું. જાણે કહેતું ન હોય કે કૈંક ટાઈપ કરો... અને બે મહિનાથી મારી અંદર જળો જેમ વળગેલી વેદના, હું ટાઈપ કરવા તત્પર થઈ ગયો, મારી ભીતર ભરાયેલા કચરાનો મને ભાર લાગતો હતો, એ કચરાને કાગળ પર ઠાલવી હળવો બનવા માટે મેં રોલર પર કોરા કાગળ ચડાવ્યો... પહેલીવાર હું મારી પોતીકી કથા ટાઈપ કરી રહ્યો હતો... અત્યાર સુધી મારી આ પીડા કેવળ હું જાણતો હતો, પણ હવે મારી પીડા આ ટાઈપરાઈટર જાણવાનું હતું. મેં કીબોર્ડ પર આંગળી મારવાનું શરૂ કર્યું અને આપોઆપ મારી અંદરનો આત્મા સળવળી ઊઠ્યો : હું કાંતીલાલ જેઠાલાલ શાહ, ઉંમર વરસ સિત્તેર, અભ્યાસ ઓલ્ડ એસ.એસ.સી. વીથ ટાઈપરાઈટિંગ ધંધો ટાઈપિસ્ટ... પત્ની નથી, પુત્ર છે, પુત્રવધૂ



છે અને પૌત્ર પણ છે, છતાં નથી. બે મહિના પહેલી અડધી રાતે ઉધરસ ચડી, ગળફો નીકળ્યો અને એકાએક તાવ આવ્યો... એકસો ત્રણ ડીગ્રી. સવારે તાબડતોબ શિરીષ મને સિવિલ હોસ્પિટલ લઈ ગયો, ત્યાં સીધો કોરોના વોર્ડમાં દોરી ગયો. ડૉક્ટરે નાક અને ગળામાંથી લાળ લઈ સ્વાબ ટેસ્ટ કર્યો અને કહ્યું પાંચ દિવસ પછી રિપોર્ટ આવશે.. ત્યાં સુધી હોસ્પિટલમાં રહેવું પડશે... કોઈનો સંપર્ક નહીં... અહીંથી જમવાનું મળશે. બેડ મળી ગઈ... શિરીષ જતો રહ્યો, પાંચ દિવસે ડૉક્ટરે કહ્યું, 'થેક્સગોડ... દાદા તમારો રિપોર્ટ નેગેટિવ... કોરોના નથી' હું ખફા થયો, રિપોર્ટ લઈ ઘેર ગયો... પણ ખુશી વધુ વાર ન ટકી. વ્હેલી પરોઢે બાથરૂમ જવા ઊઠ્યો ત્યારે શિરીષના બેડરૂમની લાઈટ ચાલુ જોઈ નવાઈ લાગી, મેં બંધ બારણે કાન માંડ્યા તો અંદર પતિ-પત્ની ધીમેથી વાતો કરતાં હતાં... હવે તમારા પપ્પાને અહીં સાથે ન રખાય. આજ કોરોના નથી પણ કાલે થાય તો દિપુનેય લાગુ પડે... શિરીષે કહ્યું તું ચિંતા ન કર... મેં તેમને અલગ રહેવા વ્યવસ્થા કરી રાખી છે.. મનપાએ એકલા, બીમાર, અશક્ત, બુઢા લોકો માટે ઓરડીઓ વાળી કોલોની બનાવી છે, તેમાં ચોત્રીસ નંબરની ઓરડી મેં તેમના માટે બુક કરાવી દીધી છે. તેના શબ્દો કાને પડતા હું જાત પર કાબૂ ગૂમાવી બેઠો, મેં બારણું ખખડાવ્યું.. તેમણે ખોલ્યું એટલે મેં સાફસાફ સંભળાવી દીધું : કાલથી જ તમને બધાને અલવિદા... હવે એકપળ મારે શારદા નિવાસમાં રહેવું નથી... કાલે જ ઓરડીમાં ચાલ્યો જઈશ, માત્ર મારી શારદાની તસવીર અને મારું ટાઈપરાઈટર અને ત્રીજી મારી સાઈકલ.. આ ત્રણ સિવાય મારાં કોઈ નથી... એટલું માંડ બોલી શક્યો, હૈયું ભરાઈ આવ્યું, આંસુ આવી ગયાં. ત્યાં પીઠ પાછળ કોઈ હસ્યું... મેં ટાઈપ કરવાનું પડતું મૂકી ડોક ઘુમાવી તો ખાન... સફેદ દાઢી પર હાથ ફેરવતા તેણે કહ્યું. ચાચા, જુઓ તો ખરા તમે કાગળ ટાઈપ કરે જાવ છો, પણ રીબન તો ચડાવી નથી... હું કોરા કાગળ સામે બાઘા જેમ જોતો રહ્યો... કદાચ ભીતર ભંડારાયેલી પીડાને જાહેર કરવા ઉપરવાળો પણ રાજી નહોતો...!

"શક્તિ શિવાલય", માધવનગર,
મુ.પો. સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
મો. ૯૯૨૫૫૩૧૩૫૬

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર રૂ. 30/-

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

ઢોરાં

- રમેશ ત્રિવેદી

ઢોરાંની ખાલ સુધ્ધાંય બળું બળું થઈ ઊઠે એવી કડકડતી ટાઢ પડી રહી હતી, ને અડધી રાતે પડસાળમાં સૂતેલી સૂરજ જાગતી પડી હતી. એણે પડખું બદલ્યું, ને ખાટલીના કિચૂડાટ સાથે ઠંડો વાયરો પાંસળામાં પેસી ગયો હોય તેમ એ ધ્રૂજી ઊઠી. આખા વાસમાં ખૂણે ખાંચરે લપાઈ ગયેલું અંધારું, અજંપ-ભરી શાંતિ, ઘરમાં સૂતેલી સાસુનાં ઉધરસનાં ઠસકાં, થોડી થોડીવારે બાંધેડતી ભેંસ... અને... કૂતરું ભસ્યું.

આંગણામાં પગરવ સંભળાયો : "બાર વાગ્યાની મોટર આઈ ગઈ કે સુ !" - કરતી એ સફાળી ઊભી થઈ ગઈ, સાડલો સરખો કરતાં કરતાં ફાનસની વાટ ઊંચી કરી, સામે હાથમાં થેલી લઈને ડાહ્યો ઊભો હતો, ચૂપચાપ એ એની સામે તાકી રહી, 'પેલી'ના આવવાનો કોઈ અણસાર થયો નહીં એટલે કાળજામાં એક ટાઢો-હેમ શેરડો પડ્યો : હાય ! હાય; એ રાંડ ચ્યોં ગઈ !?..." - એ કંઈ બોલવા જાય એ પહેલાં તો ડાહ્યાનાં ગડદા-પાટું, લથડાતા પગ ને શબ્દો :

"મારી... હારી... છપ્પરપગી... ઘરની તો મા... પૈણી... નાં... ખી તેં..." "...પણ લ્યા, કોઈ વાંક-ગનોં મારો !?..."

"કૂ... ત... રી... હામે... વળગી... આવસ... પાછી !... " : ધણીની લાત, ને દબાયેલી ચીસ : 'ઓ માડી - રે !...' - એ ખાટલી આગળ બેસી પડી. ઠંડા વાયરાનું જોર વધ્યું, ને ફાનસ ભભકી ઊઠ્યું. હાલકલોલક થતાં અંધારાં-અજવાળાં વચ્ચે ધણીનો કાળઝાળ પડછાયો... સન્નાટો... ઘરનું બારણું ખૂલ્યું. અંદરથી છુટ્ટા, સાવ જીંથરા જેવા વાળને સાડલાથી ઢાંકતી એની સાસુ બહાર આવી. આવતાંની સાથે જ એણેય પગની એક લાત મારીને એના ગાલ આમળ્યા. વીંછીના ડંખ જેવો ચૂંટલો ભરી, દાંત ભીસ્યા :

"ચૂપ મર કઉશું,... અડધી રાતે મઘા સેનમાની આબરૂના ફજેતા રે'વા દે..."

"પણ મું સું કરું !?..." - ડબક ડબક થયેલી આંખે એ સાસુ સામે તાકી રહી, સાસુએ માર્યું એક હડસેલું.

"સું કરું ? તે કૂવો આવડો કર, ગળેફાંહો ખા... એકન પાર આવે તારા નોમનો... કાળમુખી !... એં, તારે પાપે તો તારો હગલો જઈને લૈ આવ્યો પે...લી... રંડીને !" - કહેતાંની સાથે ભીંતનો ટેકો લઈ ઊભેલા છોકરા સામે જોયું એણે :

"લ્યા, એ ડાહ્યલા... ચ્યોં મેલી આયો એ તારી નવીને ?..."

"... એ લૂ... ચ્ચીઈઈનું નોમ જ... મેલ્ય ન..." - ડાહ્યાલાના થોથવાતા શબ્દો કાને પડતાં જ ડોસી બગડી, દાંત કચકચાવીને માર્યું એક હડસેલું : "મેર મૂવા બાયલા, તૈણ ટકાની એ રાંડને ચોટલો ઝાલીન બજાર વચ્ચે ખોખરી ના કરીએ,... ઈમ શેંની જતી રે' !?..."

"પણ બા... કેસ નુંધાયો છ ન..."

"તે, ઈમાં સું નવૈ કરી મોટી !?... અવ તો મોંથે પછેડી, હારો, નપાણિયો મારેપેટે ચ્યોં પાક્યો આવો !!..."- રાતીપીળી થઈ ઊઠેલી ડોસીએ બાકી રહેલો ઊભરો કાઢ્યો પડખે ઊભેલી વહુ પર : "ફૂટકપાળ... તારા પાપે જ બધું..." ડોસીની લાત ભેળી જ એ નીચે પછડાઈ, ખાટલીની ઈસે માથું ભટકાયું, ને એણે આંખો મીંચી દીધી. ને એ સાથે ડોબું રેંકી ઊઠ્યું. સૂરજના હૈયામાં ફાળ પડી : "હાય હાય ! આનોય ચ્યોં દા'ડો ઊઠ્યો..." એણે આંખો ખોલી. જોયું તો એની ધારણા મુજબ જ રઘવાયેલી બનેલી ડોસી પાધરી ગમાણમાં પહોંચી ગઈ હતી. કેટલાય દા'ડાના હાયવલુરા, અંદરના બધા ભાઠા એક સામઠા કાઢવા માંગતી હોય તેમ આડું લઈને એ ઝૂડવા મંડી પડી : "લે, તું ય લેતી જા... મારી હારી વાંજણી... બબ્બે મઈનાથી તો હમ ખાવા ય ટેંપા જેટલુંય મૂતરતી નથ... ન ડોઝામાં ગાંહડો ભરીને..." - ડોસી હાંફી ગઈ, એણે હાથમાંનું આડું જોર કરીને ફેંક્યું : "ન તું ય... મારા રોટલા..." સૂરજ સહેજમાં બચી ગઈ ને આડું જતું ક ને બારણે અથડાયું ધડમ્ કરતું. જાળના સોટા જેવી સૂરજ ભયથી થરથરતી સ્તબ્ધ બનીને ડોસી સામે તાકી રહી. લુંગડાંનું સાનભાન ગુમાવી બેઠેલી ડોસીએ ગમાણ સામે હાથ લાંબો કર્યો, ને ક્રોધથી ફાટેલા સાદે ઊઠી : "લે, હેંડ ત્યાર, કાલ્ય હવારે જ વાત છ ન તારી... એં... સેમમાં લૈ જઈને ઝાડ હારે તાંણી બાંધું, ન પછ તારા તો રઈ રઈ જેવડા કટકા કરીન કૂતરાં - કાગડાને, એનાં પગલે તો હાડ હાડ..." - સૂરજ ખાટલી આગળથી ખસીને કુંભીનો ટેકો લઈને એકદમ ડઘાઈ ગઈ હોય તેમ ઊભી હતી. એક બાજુ લોહી થીજવી દે એવું પાછલી રાતનું ટાઢુંબોળ અંધારું... ભભકતું ફાનસ. અંધારાથી ભરેલો ગમાણનો ખૂણો, ડોબાનું રેંકવું - -

"ઓ... મારી માડી રે... મ... રી... ગઈ !..." - અસહ્ય પીડા સાથે એનાથી ઠૂઠવો મૂકાઈ ગયો, પાહવાડામાં પડેલી લાતને પંપાળતાં એણે પતિ સામે જોયું, ફરી શૂરાતન ઊપડ્યું હોય તેમ : "લ્યો, રૉણી... તમેય તે લેતાં... જા... વ..." - લવારો કરતો કરતો એ એની નજીક ખસ્યો, એ અંધારા ખૂણામાં ભરાઈ ગઈ. એક લથડિયું ખાતો ક ન એનો ધણી બેસી પડ્યો, એણે આડું લેવા હાથ લાંબો કર્યો, ને ત્યાં તો ડોસી ઊભી થઈ ગઈ, આવતાંની સાથે જ એણે લોહીના ટશિયા ફૂટી જાય એવો ચૂંટલો એના પાહવાડામાં ભરી લીધો : " - લી, લોક ન જંપવા દે... ન આ રોજના ફજેતા... પે..લી છેંનાળ તો ઈનું મોઢું કાળું કરી ગઈ... ને તું ય... એ... તમારે તો રાંડો, નાગાકુલ નગારાં પણ અમારે તો લોકોમાં મોઢાં...

સૂરજ નાના છોકરાની જેમ ડૂસકાં લેતી રોઈ પડી.

આંસુથી ખરડાયેલી એની આંખો ગમાણ તરફ મંડાઈ, ને ત્યાં તો ઘરનું બારણું પછડાયું, અધખુલ્લા બારણામાંથી ડોસી કરાંજી ઊઠી :

"કાલ્ય હવારે જ નેકાલ કરી દઉં તમારો..."

સૂરજ ફફડી ઊઠી, ભભકતા ફાનસ પાસે લગભગ ઢળી પડેલા ધણી સામે જોયું. ડોસીએ બંધ કરેલું બારણું ફરી ખોલ્યું; ઘૂંઘવાટો કર્યો; "લ્યા, એ ડાહ્યલા, જા ઉપર મર... નકર ઠરીન લાકડું થઈ જઈસ, મીંએ ઘસીને ના પાડી'તી તો ય એ રંડીનો નચાયો નાચ્યો તે લ્યે, લેતો જા... ગોમની હાહુ... ઈને નાતરે દે તે બધુંય વાળીચોળીન..." - ફરી બારણાનો પછડાટ. ફાનસનાં છેલ્લાં ડાચકાં. થોડી થોડીવારે ગમાણમાંનું રેંકવું, અંધારાં-અજવાળાનાં તરફડિયાં...

સૂરજે ધીમે રહીને બાવડું ઝાલીને ધણીને ઊભો કર્યો, ને એ સાથે જ બધો જ નશો ઊતરી ગયો હોય તેમ એણે એક ઝાટકે હાથ છોડાવી દઈને પગ પછાડ્યો ને પછી મેડીનું બારણું ખોલી, જતાં જતાં થૂઉઉઉ દઈને થૂંકી નાખ્યું. સાડલાના પાલવ વડે હાથે - મોં લૂછતી સૂરજ : હાશ !! કહીને ફિક્કું હસી લીધું : 'એટલા દા'ડે ઈમનો હાથ ઝાલવા મળ્યો !" ને પછી વાસ આખાનું અંધારું એક સામટું ઘરની પડસાળમાં ધસી આવ્યું હોય તેમ એ પછેડી ઓઢતાંની સાથે જ ગૂંગળાઈ ઊઠી, આડોશ-પડોશનું લોક જાગતું પડ્યું હતું. માટલી-બુઝારાનો રણકાર, ખોંખારા, ઉધરસનાં ઠસકાં... પણ ? આ રોજની રામાયણ... એણે સો મણનો નિસાસો નાંખી, ખાટલી નીચેનું અંધારું ફંફોસ્યું. બાકસ હાથ આવતાં જ દીવાસળી કાઢી, સળગાવી, ફાનસની વાટ જલાવી. ને અંધારું - અજવાળું ભભક ભભક કરતું થરથરી ઊઠ્યું. આંસુ-વિહોણી આંખોથી એ તાકી રહી - ફાનસ સામે.

...થોડા દા'ડા મોર્યે જ એનો ધણી સૂરત જઈને નવું બૈરું લૈ આયો'તો...કાળી, ઠેંગણી, એકવડી કાયા, પણ એની આંખ્યો એવી જોનારાનું આંધળો ભેંત... તે ભાયડો કર ય સુ ?... લગન કરે છ છ વરહ થ્યાં તોય શેર માટીની ખોટ, એકન...

...નવી તો જોતાંવેંત જ પરખૈ ગે'લી... એના બધા ચેનચાળા... નવરી પડે કે ચાટલું... મોટા ભેંસ જેવડા ડોળા, મેંશના લપેડા... લાગ મળતાં જ ચોખ્ખે ચોખ્ખું કહી નાંખેલું :

"...જો જે હોં, મારા નેહાકા લીધા છ ન તો આટઆટલા ચીડા પડસી ચીડા... ઓવ..."

- ઈના મનમાં પાપ હસી, ને આ બધી ઠગૈયો કરવાની હસી, એકન ખાલી ઠિઠાયા કાઢીન મારી શોક્ય એવી જોઈ રહી'તી !?... માંડ ચાર દા'ડાય કુલો ટક્યો નઈ, ન પછ તો જે થવાનું હતું ઈમ જ થ્યું ન...! બીજું તો ઠીક પણ મારા પલ્લાની બંગડીઓ ય એ ઈઈઈ તો...

ડોબું ફરી બાંધેડી ઊઠ્યું.

"મારી હારી બચારીનું ચોમડું ઉતૈડી નાંખ્યું આવી ટાઢમોં..." સાસુને મણ મણની ચોપડાવતી એ ધીમેથી ઊભી થઈ ગઈ. પછેડી ઓઢી લઈ ફાનસની વાટ ઊંચી કરી, ભભકતા અજવાળે ગમાણમાં પહોંચી ગઈ. ડોબા સામે જોયું. ઘડીક ટગર ટગર જોઈ રહી. ફાનસ નીચે મૂક્યું. ચાર નીર્યા કેડે પાણી ધર્યું પણ બોલ્યા બોલ ય થીજી જાય એવી ટાઢમાં એણે મોઢુંય ઘાલ્યું નઈ. ભેંસની પીઠે હાથ ફેરવતાં ફેરવતાં મેઢી પર સૂતેલા વરની પીઠે હાથ ફેરવવાનું મન તો ઘણું થઈ ગ્યું, પણ સાથળ પર હજીય ચચર્યા કરતો પેલી ટરચીનો ચૂંટલો...

એ ફરી ખાટલીમાં આવીને સૂતી... પડખું ફેરવતાં જ ડોબાના ડિલે ઊઠેલા સોળ એના અંગે અંગમાં ઊઠી ગયો હોય એવા ઊંહકારા ભરતી એ પડી રહી. એણે આંખો મીંચી કે થોડીવારમાં નજર સામે - વહુકી ગે'લી ભેંસો એક પછી એક પસાર થવા લાગી... ભેંસોનું ટોળું બનતું ગયું. - હાડપિંજરાનું ટોળું !?... એકબીજાના ધક્કાથી ધક્કાતું - લંગડાતું ટોળું... આખા શરીર પર ચોંટેલી બગૈયો... બણબણતી માખીઓ... - લોહી-પરું દૂઝતાં ઘારાં. કાગડાની ચાંચો... માંસના લોચા, માથું ફાટી જાય તેવી બદબૂ... અસંખ્ય કીડાઓથી ખદબદતી મસંમોટી ખાડ... ખાડમાં આવી પડતી એક પછી એક ભેંસો... ફાટી ગયેલા બિહામણા ડોળા... ખાડની ચારેકોર હાથમાં તીક્ષ્ણ ભાલોડા લઈને ઊભેલા અડધા નાગા-પૂગા માણસો... એક પછી એક ઝીંકતા ઘા, ભેંસોના બાંઘેડા, તરફડાટ... ભૂત - પિચાશ જેવું હસતા માણસો... સૌની વચ્ચે ઓળખાય નહીં એવી હાલતમાં ઊભેલો ડાહ્યો, એનો ધણી, ને એકદમ લોહી જેવા રાતા-ચોળ ડોળા ફાડી તાકી રહેલી ડાહ્યાની મા !!..., એની પરભવની વેરણ...

વહેલી પરોઢે અંજપભર્યા ફફડાટ સાથે એ જાગી ઊઠી, ધીમેથી ખાટલીમાં બેઠી થઈ ગઈ, આસપાસ નજર ફેરવતાં લાગ્યું કે વાસ આખામાં ફરી વળેલું અંધારું ધીમેધીમે ઓસરી રહ્યું હતું. વાસમાં પેસતાં જ નાકે કોઈએ તાપણું કર્યું હશે તે રાતો રાતો ઉજાસ ફેલાઈ રહ્યો હતો.

એ ધીમેથી ઊભી થઈ.

ખૂણામાં પડેલું ફાનસ રાણું થઈ ગયું હતું. ગમાણમાંનું ડોબુંય થાકીને થોડું જંપ્યું હતું કદાચ, એણે અધખૂલાં બારણા સામે જોયું. થાકીપાકી ડોસીય ઘોરતી હતી; ને મેડીનું બારણું ?

ત્યાં ભેંસ રેંકી ઊઠી.

સૂરજની નજર તરત ગમાણ તરફ વળી ને પછી ફિક્કું હસતી એ કુંભી પાસે જઈને ઊભી રહી ગઈ, ભેંસને ઉદ્દેશીને એ મનોમન બોલી ગઈ : આ કહેવાડા કરતાં તો ભૂખ્યું ભૂખ્યું તો ય મારાં રાંક મા-બાપનું ખોરડું... - ને ડબડબાઈ ગયેલી આંખે ભેંસ સામે એ તાકી રહી, ને ત્યાં તો એના ભારે અચરજ વચ્ચે એની ખુદની કાયામાંથી બીજી એક સૂરજ બહાર નીકળી આવી, એકવાર એની સામે જોઈને એ હસી, પછી એ ગમાણમાં પહોંચી ગઈ; ખીલે બંધાયેલી ભેંસને છોડી નાંખી, ને પછી ભળભાંખળાના આછા ઉજાસમાં આખેઆખો વાસ આંખો ફાડીને જુએ તમે રીતે હાથમાં સાંકળ પકડી ભેંસને દોરતી એ નીકળી પડી...

સૂરજે ઝબકીને મેડીનાં બારણા સામે જોયું. ને એ કુંભીને વળગી પડી.

૩૫, રૉયલ ન્યૂ, કડી-કરણનગર રોડ, કડી (ઉ.ગુ.),
જિ. મહેસાણા-૩૮૨૭૧૫. મો. ૯૪૨૭૯૦૯૯૦૨

આપદા

- ભી. ન. વણકર

સમી સાંજે ઓચિંતો ધરતીકંપનો હળવો આંચકો અનુભવાયો. વાસ આખામાં એકાએક કોલાહલ મચી ગયો. ઘરનાં બારણાં ધડાધડ ખોલી, સૌ ખુલ્લા આકાશ તળે આવી ગયાં. ભાગદોડમાં બાળકો રડારડ કરવા લાગ્યાં. માણસો ભેળાં કૂતરાં આઁઉ... આઁઉ... કરવા લાગ્યાં. ચોમેર અંધારું પ્રસરી રહ્યું હતું.

અભરાઈનાં વાસણ ખખડતાં જ ગંગામા ઢોયણીમાંથી એકદમ ઊભાં થતાં બોલી ઊઠ્યાં, "બેટા, ઝટપટ બહાર નીકળીએ, ધરા ધ્રૂજી રહી છે." લાઈટની સ્વીચ ઓફ કરી માણેકે વૃદ્ધ માનો હાથ પકડી લીધો. બંને જણાં ઉતાવળે બહાર નીકળી ખુલ્લા આંગણામાં આવી ઊભાં. ગંગામા ભયભીત બની ઘડીભર આમતેમ જોવા લાગ્યાં, પછી ઘર સામે ટગર ટગર જોઈ બોલ્યાં, "બેટા, આપણું ઘર માટીનાં જર્જરિત ભીંતડાં ઉપર ઊભું છે, ના થવાનું થઈ જાય... કુદરત જ રૂઠી છે, બીજું કાંઈ નહીં. તીડોની આપદા તો હજુ ટળી નથી ત્યાં વળી આ ધરતીકંપ !"

ગંગામા મનોમન વિચારી રહ્યાં હતાં, "પસાયતામાં ઓણ સાલ ઉનાળે બાજરી વવડાવેલી. ડૂંડાં માંડ દૂધે ભરાયાં હતાં ત્યાં તો તીડનાં ટોળાં ક્યાંયથી આવી ચઢ્યાં. સઘળુંય સાફ કરી ગયાં. બિયારણ તો માથે પડ્યું, પાણીનું બીલ ક્યાંથી ભરાશે ?" ગંગામા દયાર્દ્ર નેત્રે આકાશ સામે જોઈ લમણે હાથ મૂક્યો. કહે, "ચોમાસું તો ક્યારનુંય બેઠું છે, તોય આખાશ કોરુંધાકોર છે. ઉકળાટ પણ ઓછો થતો નથી." કહેતાં ગંગામા સાડલાના છેડા વડે ઊભાં ઊભાં પવન નાખવા લાગ્યાં.

"ગંગામા, હવે ક્યાં સુધી જાગશો ? ધીરે ધીરે સૌ સૂવા લાગ્યાં, ધરતીકંપનો આંચકો તો આવવાનો હતો તે આવી ગયો, નાહકની ચિંતા ના કરશો ! તમારું ઘર પડી નહીં જાય, સૂઈ જાઓ. વીજળીય ડૂલ થઈ ગઈ છે." સામેના ઘરવાળાએ દૂરથી બૂમ પાડી કહ્યું.

"ભઈ, આનો ભરોશો નઈં !" કહેતાં ઊંડો નિઃસાસો લઈ ગંગમાએ માણેકનો હાથ પકડ્યો. "ચાલ બેટા," કહેતાં ઘરમાં જઈ ઢોયણીમાં બેઠાં. ઢોયણી નીચે મૂકેલા લોટામાંથી પાણીનો ઘૂંટડો ભરી સૂઈ ગયાં. સૂતાં સૂતાં કહે, "બેટા માણેક... બારણાનો હડો બરાબર બંધ કરજે, પવનના ધક્કાથીય ખૂલી જશે."

"હા, મા." કહેતાં માણેક સૂવા માટે ખાટલીમાં જઈ બેઠી.

"...પણ, મિલિન્દકુમાર આવવાના હતા, એ ય આવ્યા નહીં. આ કોરોના ના કાળમાં બિચારા શું કરે !" ગંગામા અટકીને બોલ્યાં, "બેટા તને પરણાવાની તારા બાપને ઘણી હોંશ હતી, હાં કે : ! પણ... ઓચિંતા ચાલ્યા ગયા. આટલું ઘર બનાવી, તારા હાથ પીળા કરતા ગયા હોત, તો ય..." ગંગામા એ ઊંડો નિઃશ્વાસ લીધો.

ઘર પૂંઠે ઘટાદાર લીંમડામાં ચીબડીનો ચહચહાટ સાંભળી, "મૂઈ... આ ચીબડી..." કહેતાં ગંગામા એ સાડલાની સોડ તાણી માથે ઓઢ્યું.

માણેક સૂતાં સૂતાં મિલિન્દના સ્વપ્નામાં ખોવાઈ ગઈ હતી.

★★★

અડધી રાત્રે પવનના સુસવાટાથી ઓચિંતુ બારણું ખખડતાં જ માણેક ભરનિદ્રામાંથી જાગી ગઈ. ઊંઘમાં મિલિન્દ આવ્યાનો આભાસ થતાં, "ઓહ...! મિલિન્દ તમે આવી ગયા, આ લોકડાઉનમાં ય...? માણેકથી સહસા બોલાઈ ગયું. અંધારામાં આમતેમ જોઈ, આંખો મસળતાં ઊંડો આહ લીધો.

આકાશમાં વાવાઝોડા સાથે એકાએક વાદળાં ઉમટી પડ્યાં હતાં. ગાજવીજ સાથે વરસાદ વરસવો શરૂ થયો હતો. બિહામણા વાતાવરણમાં વાસનાં કૂતરાંય ઝંપી ગયાં હતાં. પડખે ઢોયણીમાં ગંગામા ટૂંટિયું વાળી સાડલામાં લપેટાઈને સૂઈ રહ્યાં હતાં. "સમી સાંજે તો આાશ કોરુંધાકર હતું, અણસાર પણ નહોતો કે આમ એકાએક વરસાદ સાથે વાવાઝોડું આવશે. ધરતીકંપ પૂઠે... સાઈક્લોન પ્રકૃતિનો પ્રકોપ ક્યાં ઓછો છે ?" માણેક મનોમન વિચારે ચઢી. "ગયા વરસે તો દુષ્કાળ જેવી હાલત હતી. અને ઓણ સાલ અતિવૃષ્ટિ ના થાય તો સારું. ગ્લોબલ વોર્મિંગના કારણે પ્રદૂષણ વધી રહ્યું છે. પ્રકૃતિના અસંતુલનના લીધે જ આપદાઓ ઉપર આપદાઓ આવે છે. પર્યાવરણને જાળવવા ઈકોફ્રેન્ડલી ઉત્સવો ઉજવાય અને પ્રત્યેક જણ પોતાના જન્મ દિવસે એક વૃક્ષ વાવીને ઉછેરવાનું પણ લે તો ધરા ધન્ય બને અને પૃથ્વી હરિયાળી બને. પણ, માણસ ક્યાં સમજે છે ? માણસ જ આપદાઓને નોંતરે છે અને દોષ કુદરતને આપે છે." માણેક ઘડીભર પ્રકૃતિના તાંડવમાં ગરકાવ બની ગઈ હતી.

પવનના ભારે સુસવાટાથી બારણાને ફરી ઓચિંતો ધક્કો વાગતાં, માણેકને મિલિન્દનું પુનઃસ્મરણ થઈ આવ્યું. મુસળધાર વરસી રહેલા વરસાદનાં ફોરાં નળિયામાંથી ચૂઈને પવનના સુસવાટા સાથે માણેકના દેહને ભીંજવી રહ્યાં હતાં. ભીતરમાં સોડ તાણી સૂતેલાં સ્વપ્નાં એક સામટાં હણહણી રહ્યાં

હતાં. યૌવનભર્યા હૈયે ઉન્માદ છલકાઈ રહ્યો હતો. વીજળીના ચમકારાના અજવાળે માણેકની દૃષ્ટિ દીવાલના ગોખલા ઉપર પડી. ગોખલાના માળામાં ચકલીનો પરિવાર ઝંપી રહેલો હતો. માણેકે પડખું ફેરવી અવળા હાથે લાઈટની સ્વીચ ઓન કરી. ''ઓહ ! વીજળી આવી ગઈ છે.'' સાશ્ચર્ય બોલી ઊઠી. ઓશિકે મૂકેલી નોટ અને પેન લઈ માણેક મિલિન્દના સ્વપ્નામાં સરી પડી...

હૈયે ઘૂંટાયેલું મૌન, મુગ્ધ ભાવે માણેક અક્ષર દ્વારા આલેખવા લાગી.

''મિલિન્દ, તુંય મારી જેમ જ લખતો કે વાંચતો હોઈશ, કે પછી મારી યાદમાં.. આંખોમાં ઉજાગરો તો ભરી રહ્યો નથી ને ? આ કોરોનાની મહામારી ના હોત તો કદાચ આપણે સાથે સહજીવન જીવતાં હોત. આ વૈશ્વિક આપદામાં આપણે શું કરી શકવાનાં હતાં ? કોરોનાના સંક્રમણના કારણે આપણે સૌ ''લોકડાઉન'' છીએ. એટલે મળવાની ઉતાવળ ના કરતો, અને આવે તો પણ તારું તાપમાન માપવાની મારી પાસે થર્મલ-ગન નથી, સમજ્યો ? આ મહામારીમાં મોઢે માસ્ક પહેરી રાખવું અને સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવવું સૌના હિતમાં છે. આપદા કહીને નથી આવતી, તેમ છતાં આપદા જ આપણને જીવન જીવતાં શીખવે છે. છતાંય, આપદા તો આપદા જ છે. સાવચેત રહેવું જરૂરી છે.''

''મિલિન્દ, શહેરની બોલકી ભીડભાડ મને નથી ગમતી, તેમ ગામડાની મૂંગી એકલતા તને પણ નથી ગમતી, ખરું ને ? સાચું કહું, મારું ગામ કાંઈ ગોકુળગ્રામ નથી, કે તને ગમે. અભાવ અને આપદાથી ભરેલું છે. માણેકની દૃષ્ટિ સમક્ષ જાણે મિલિન્દ પ્રસન્ન ભાવે કહી રહ્યો ન હોય !'' માણેક તારું ગામ મારે માટે તો ગોકુળગ્રામ જ છે, સમજી ? ''પણ..., મિલિન્દ, ગામડાની આપદાથી તું સાવ અજાણ છે. તને થશે હું માત્ર મારી આપદાઓની જ આપવીતી કહી રહી છું, પણ ના, એવું નથી, એથી વિશેષ મારે તને ઘણું બધું કહેવું છે, એટલે જ પત્ર લખી રહી છું. આદર્શ અલગ હોય છે અને વાસ્તવ અલગ હોય છે મિલિન્દ !'' ભાવાવેશમાં માણેકને એકાએક બાળપણની વેદનાભરી યાદ આવી ગઈ, પત્રમાં સડસડાટ વહી રહેલી પેન ઓચિંતી થંભી ગઈ.

★★★

''બાપુજી, હું નિશાળે નઈં જાઉં.''

''કેમ બેટા ! તારે ભણવું નથી ?''

''ભણવું તો છે, પણ... બાપુજી મારા વર્ગમાં મારા નામે જ મારી બહેનપણી છે. તે લેશન લખી લાવતી નથી. પણ ગુરુજી એને કહે છે, ''માણેકબા, તમે લેશન કેમ લખી લાવતાં નથી, ભૂલી જાઓ છો ? કંઈ વાંધો નહીં પેલી માણકીની સ્લેટમાં જોઈ, જોઈને લખો.''

''બાપુજી, મને એકથી સો સુધી લખતાં, વાંચતાં અને મોઢે કડકડાટ બોલતાં આવડે છે. પેલી બહેનપણીને તો એકથી દસ સુધીય આવડતું નથી, તો ય... એને આગળ બેસાડે છે અને મને છેલ્લે બેસાડે છે. મારાથી સહ્યું નથી જતું, થાય છે કે... આમ કેમ ? મને સમજાતું નથી.''

- પણ, એ ગુરુજીની બદલી થઈ, અને નવા સાહેબ આવ્યા પછી જ હું નિશાળે જવા લાગી. આજે મને થાય છે, ''દ્રોણાચાર્યના અવતારો જીવે છે, ખરા.''

★★★

માણેકના ચિત્ત ઉપર ભૂતકાળ સવાર થઈ બેઠો હતો.

★★★

''માણેક'' ટપાલીની બૂમ સાંભળી હડપ કરતી હું બહાર દોડી ગઈ. ટપાલ જોઈ હું હરખાઈ ઊઠી.

''કોલેજનું ઈન્ટરવ્યૂ છે, મા ! પણ આવતીકાલે જ છે.'' કહેતાં મેં માથે હાથ મૂક્યો.

''બેટા ! એમાં નિરાશ કેમ થાય છે ? સારી વાત છે.''

''પણ, મા !''

''માણેક, ચિંતા ના કર ઉછી-ઉધારના કરીને પણ તારા ભાડાની વ્યવસ્થા હું કરી દઈશ.''

- અને ઈન્ટરવ્યૂમાં પ્રિન્સિપાલ સાહેબે મને કહ્યું, ''કોલેજના લેકચરરનો ઈન્ટરવ્યૂ છે, તને ખબર છે ને બહેન સાહેબના પ્રશ્નોનો મર્મ હું સમજી ગઈ હતી, એટલે પ્રત્યુત્તરમાં ?'' મેં નિઃસંકોચપણે કહ્યું, ''હા, સાહેબ ! ગઈ કાલ સુધી તો મેં ખેતરમાં દહાડી કરી છે. ભાડાનુંય ઠેકાણું નહોતું, એટલે અવઢવ વચ્ચે આવી છું.''

પ્રિન્સિપાલ સાહેબ સહેજ ગંભીર બની વિશેષ કશું ન પૂછતાં, કહ્યું, ''ઠીક છે. ડિસ્ટિંકશન સાથે તું મેરિટમાં પ્રથમ છે.''

- અને નિમણૂકનો હુકમ લઈ હું ઘેર આવી ત્યારે મને આનંદ હતો તેનાથી બેવડો આનંદ મારી માને હતો. એ સમયે મને થયેલું, ''વ્યાસ અને વશિષ્ઠ જેવા ગુરુઓ પણ જીવે છે.''

હું કોલેજમાં હાજર તો થઈ, પણ ક્યાં રેવા ઘર ન મળ્યું. સૌએ પૂછ્યું, ''કેવા છો ?'' મારી નાત-જાત જાણ્યા પછી મને કોઈએ મકાન ભાડે ના આપ્યું. કોલેજ રૂમમાં હું એકલી કેટલા દિવસ રહી શકું ? અને અંતે પ્રિન્સિપાલ સાહેબની સમજાવટ પછીય મેં રડતા આંસુએ રાજીનામું ધરી દીધું.

ભૂતકાળ જીવંત બનીને આત્મસાત થયો હોય તેમ, ડૂસકાં સાથે માણેક આંસુ લૂછવા લાગી.

★★★

''મિલિન્દ, આ લેકચરરશીપનો હુકમ કાયમી નહોતો, તોય મા હરખનાં હુલામણાં કરવા લાગી પહતી. 'માણેક, આપણું આ છાપરું પાડીને હવે નવું મકાન બનાવવું છે. પછી

ઉનાળે રંગેચંગે તારા લગનનો ઢોલ વગડાવવો છે. તારા બાપની મૂડી છે એ ય ઘંટીના થાળા નીચે જમીનમાં નાનકડું ભંડારિયું છે, એમાં સચવાયેલી પડી છે. તારા મામાએ મને મામેરામાં આપેલા સોનાના ઓગનિયા અને હોંસડી તેમજ ચાંદીના કડાં અને કડલાં બચતમાં છે. પછી ચિંતા શી ? નવા મકાનમાં સૌ પ્રથમ મિલિન્દકુમારની પધરામણી કરાવવી છે. એટલે તેમનેય થાય..' પણ રે, દુર્દૈવ ! બધું જ કકડભૂસ કરતું સ્વપ્નું રોળાઈ ગયું ! આજે તો સૌ કોઈ કોરોનાની મહામારીના ભયથી ''લોકડાઉન'' બોલતા થઈ ગયા છે.''

''મિલિન્દ, અત્યારે તો કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. પણ સાચું કહું, આખુંય વરસ અમારે પાણીની જ અછત હોય છે. તેમાંય વાસ સાવ વેગળો રહ્યો. ગામ આખામાં પાણી રેલમછેલ હોય ત્યારે પણ વાસ પાણી વિના ટળવળતો હોય છે. વાસમાં પાણી વિનાના નળનાં ઠૂંઠાં અને બલ્બ વિનાના વીજળીના થાંભલા જોવા મળે એટલું જ નહીં મજૂરીમાંય શોષણ... એટલે આપણા નસીબમાં તો અભાવ, અપમાન અને અંધારું છે. આ આપદાઓ જે સહી શકે તે જ ગામડામાં રહી શકે. એટલે જ વાસ આખો લગભગ ખાલી થઈ ગયો છે. છેવાડાનો વાસ એટલે જાણે એક અલગ ભારત ન હોય ! આપણે ભણ્યા છીએ એટલે ભલે અસ્તિત્વ અને અસ્મિતાના સ્વપ્નાં સેવીએ, પરંતુ વાસ્તવ તો એક અલગ જ વેદનાથી ભરેલો છે.''

''મિલિન્દ, સાચું કહું, તું મને પ્રથમ વખત મળવા આવેલો ત્યારે અમે ભાડાના મકાનમાં રહેતાં હતાં. નવું મકાન બનાવવાની વ્યવસ્થામાં હતા. ત્યારે મકાન માલિક-શહેરમાં વસતો હતો. ફેક્ટરીમાં નોકરી કરતો હતો. પણ આ લોકડાઉનના કારણે ફેક્ટરી બંધ થતાં તે વતનમાં રહેવા આવ્યો. તેથી મકાન ખાલી કરી અમને અમારા છાપરા જેવા જર્જરિત મકાનમાં રહેવા આવવાની ફરજ પડી. હવે નવું મકાન ક્યારે બનશે, ખબર નથી.''

''મિલિન્દ, ગામડામાં ગરીબી અને બેકારી અમારી કાયમી મજબૂરી છે. તેમ છતાં, સાચું કહું મિલિન્દ, ગામડું છોડવું મને ગમતું નથી. વતનની માટીની મ્હેંક, લોહીના લયમાં ભળેલી હોય છે. વતન વછોયાની વેદના વિકટ હોય છે. વતનનું વ્હાલ અનેરું હોય છે. પણ તને નહીં સમજાય. ગામડામાં વહેલી પરોઢે કૂકડાનું કૂકડે કૂક બોલવું અને પ્રભાતે પંખીઓનાં ગાન, ઘટાદાર વૃક્ષોમાં બપોરના કોયલના મધુર ટહુકા, સંધ્યા ટાણે દૂર સીમાડે મોરલાઓનું ગહેંકવું, મિલિન્દ આખા વાતાવરણને એવું તો ગૂંજનથી ભરી દે છે, ન પૂછો વાત. ગામડામાં ચોમાસે આકાશમાં મેઘધનુષ્યના રંગો, શિયાળે અમાસી રાતના તારલાઓનો નજારો અને ઉનાળે પૂનમના ચંદ્રનું શીતળ અજવાળું... આ બધું શહેરીજનો માટે નથી હોતું મિલિન્દ ! તેથી જ ગામડામાં અપાર આપદાઓ છતાંય મને જીવવું ગમે છે. હૈયે ઠાંસી ઠાંસીને ભરેલી આપદાઓ અને ઉદાસીનું ક્યારેય બાષ્પીભવન થઈ જાય છે એય સમજાતું નથી, મિલિન્દ, તું નથી, પણ તારી યાદ...''

''અરે, રે...! વીજળી ડૂલ, ભૂંડી...'' કહેતાં અંધારે માણેકની પેન થંભી ગઈ. ''અધૂરો પત્ર !'' માણેકે ઊંડો શ્વાસ લીધો. ''આ પણ આપદા !'' માણેક મનોમન બોલતાં, ''અધૂરો પત્ર'' અંધારે વાળી ચૂપચાપ નોટબૂકમાં મૂક્યો. નોટ અને પેન ઓશીકા નીચે મૂક્યાં. મિલિન્દના સ્મરણમાં માણેક સૂઈ ગઈ.

★★★

''પરોઢિયું થઈ ગયું હશે.'' મનોમન વિચારતાં ગંગામા જાગીને ઢોયણીમાં બેસી રહ્યાં હતાં. વીજ-કડાકા સાથે વરસાદ વરસી રહ્યો હતો... ''આ વરસાદે શું ધાર્યું છે ? આખી રાતનો એકધારો મૂઓ વરસી રહ્યો છે. કુદરત આગળ કોનું ચાલે ? આ છાપરુંય આટલું વરસ ઝીંક ઝીલી લે તો બસ, પછી આવતી સાલ તો... જોયું જશે.'' ગંગામાએ મનોમન વિચારી માણેક સામે જોયું. માણેક ઘસઘસાટ ઊંઘી રહી હતી. દેડકાંનો ડ્રાઁ ડ્રાઁ અવાજ સંભળાઈ રહ્યો હતો. માળામાં ચકલીનાં બચ્ચાં ચીં ચીં કરી રહ્યાં હતાં.

પવનના સુસવાટે બારણું ખખડી રહ્યું હતું. વીજળી સાથે વાદળાનો કાટકો થતાં જ માણેક ઓચિંતી ઊંઘમાં જ ઝબકીને એકાએક બૂમ પાડી ઊઠી, ''ઓ.... ઈ... મા... રે...!''

''બેટા, માણેક, માણેક શું થયું ?'' કહેતાં ગંગામાં એકદમ હડપ કરતાં ઊભાં થઈ, ''માણેક બેટા માણેક...'' કહેતાં માણેકની પીઠ પર હાથ પ્રસારવા લાગ્યાં.

''કાં ઈ નહીં મા, એ તો 'બૂરું સ્વપ્નું !' કહેતાં માણેક આંખો ઉપર બે હાથ મૂકી બોલી, 'મા ! આપણું, ઘર કકડભૂસ કરતું પડ્યું અને આપણે દટાઈ ગયાં.'''

''બેટા, સપનાં તો સપનાં જેવાં જ હોય, રડ નહીં.'' કહેતાં ગંગામા માણેકની પીઠ ઉપર ક્યાંય સુધી હાથ પ્રસારતાં રહ્યાં અને માણેક ધ્રૂજતા હૈયે, પરસેવે રેબઝેબ બની, ધ્રૂસકે ને ધ્રૂસકે રડી રહી હતી.

૫૧૬, ગાયત્રી સોસાયટી, સેક્ટર-૨૭,
ગાંધીનગર-૩૮૨૦૨૮.
મો. ૯૪૦૮૨૮૮૦૩૫



સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...







મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

▸ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▸ અધિકૃત માહિતી ▸ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી ▸ લોકકલ્યાણની વાત ▸ રાજ્ય સરકારના નિર્ણયો ▸ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ ▸ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▸ અતિથિની કલમે ▸ વિદ્વાનોના વિચારો ▸ વાંચકોની વાત ▸ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▸ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર **રૂા. ૫૦/-**

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર **રૂ. 30/-**

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

વિનિયાના એમઓયુ

- નીતિન ત્રિવેદી

'ચાલ એય એન.ડી. ઊભો થા.' વિનિયાનો અવાજ સાંભળી હું તરત સામેની દીવાલ-ઘડિયાળ જોઉં. ઓહ, બે ને વીસ ! હું સફાળો ઊભો થી જાઉં.

આવું વારંવાર બને. સવા બે વાગે ઓફિસમાં રિસેસ પડે. કેન્ટીનમાં રોજ અલગ-અલગ નાસ્તા બને. વધારે સારો નાસ્તો હોય ત્યારે સ્ટાફની ભીડ વધી જાય. કેન્ટીનમાં લાબી લાઈન થઈ જાય. લાઈનમાં ઊભાં રહેવું ન પડે એટલે પાંચ મિનિટ વહેલા જવાનું નક્કી કર્યુ હોય, પણ એવું થાય નહીં.

મારે અને વિનિયાએ રોજ નાસ્તો તો કરવાનો જ. 'ચાલ એય રાકા... મણિયા... ઢોંસા ખાવા હોય તો આવી જાઓ અમારી હારે.' આ રાકો ને મણિ પણ અમારી સાથે જોડાય, અવારનવાર. રિસેસનો સમય થવામાં હોય ત્યારે મોટે ભાગે વિનિયાનો મને સાદ હોય. એક વાર એ મને કહે, 'અલ્યા એનડી, દરવખતે મારે જ યાદ કરાવવાનું ? તારે ઊભા નહીં થવાનું ?'

'હુંય પહેલો ઊભો થાઉં.' હસીને હું કહું. 'પણ કામ એટલું બધું હોય છે કે સમયની ખબર જ નથી રહેતી.'

'તો મારે પણ કામ હોય જ છે ને ?' કંઈક રોષથી એ કહી ઊઠે.

'હા, તારેય કામ હોય જ ને ? પણ ઘડિયાળ જોયા કરવાનું કામ !'

હું આંખ મિંચકારું એ મને વાંસે ધબ્બો મારે.

ઓફિસે આવતાં પહેલાં અમે ઘરે જમી લીધું હોય. પણ બપોરે વળી ભૂખ લાગે. એટલે ઓફિસમાં કેન્ટીનનો નાસ્તો કરવો જ પડે. નાસ્તો રિસેસ ટાઈમમાં જ મળે.

વિનિયો સ્પોર્ટ્સમેન ખરો, પણ મને એવું લાગ્યા કરે કે એક ખેલાડીને છાજે એવી એની જીવનશૈલી નથી. એના આહાર-વિહારને કારણે મને લાગતું હોય. પણ એને એવું હતું કે પોતે સ્પોર્ટ્સમેન છે. એટલે ફિટનેસ તો હોય જ ને! એ માટે ખાસ કંઈ કરવું ન પડે. જ્યારે જ્યારે વાત નીકળે ત્યારે હું એને કહું કે તું ફક્ત સ્પોર્ટ્સમેન છો, પણ બધો સ્પિરિટ મારામાં છે, ને ફિટનેસ પણ મારામાં છે. વળી એ પણ ઉમેરી દઉં કે 'વિનિયા, હું જેમ ટ્રેકિંગ કરું છું એ કરવાનું તારું કામ નહીં.'

આવું એકાદ ટમકું હું કે બીજું કોઈ મૂકે એટલે વિનિયો નાની સાઈઝનું એકાદ ભાષણ તો આપી જ દે. એને મૂડ હોય તો ભાષણની સાઈઝ વધારી દે.

અમારો નાસ્તો ચાલુ હોય પણ વિનિયાનો તો નાસ્તો ને ભાષણ બેય ચાલતાં હોય. એનું ભાષણ પૂરું થાય એટલે હું મારા ડાબે હાથે એની વધી ગયેલી ફાંદ પર હાથ ફેરવું, 'ઓય તારી ફિટને...સ !' બધાં હસવા લાગે એટલે વિનિયો પણ સાથે જોડાઈ જાય.

એક બપોરે કામ કરતાં કરતાં મારું ધ્યાન અચાનક સામેની દીવાલે ઘડિયાળ પર ગયું. હેં ! પોણા ત્રણ ! મેં ડાબી બાજુ પાછળ તરફ ડોક ઘુમાવી. વિનિયો એના કામમાં ડૂબેલો હતો. મને ગુસ્સો આવ્યો એના પર. ભલે એ જરૂરી નહોતું કે દર વખતે એણે જ રિસેસના સમયનું ધ્યાન રાખવાનું. હું ઊભો થઈ ઝડપથી એની પાસે ગયો. 'આમ જો વિનિયા, કેટલા વાગી ગયા ? તું ઊભો થયો નહીં એમાં આજનો નાસ્તો પણ ગયો.' મેં ફાયરિંગ ચાલુ કર્યું. દરમિયાન એ 'સોરી એનડી, સોરી !' કરતો રહ્યો. મેં કહ્યું, 'તેં એમઓયુનો ભંગ કર્યો છે. તારે નાસ્તો ન કરવાનો હોય તો મને પહેલેથી કહી દેવું જોઈએ. તું પોતે ભૂખ્યો રહ્યો, ને મનેય રાખ્યો.' હું બોલ્યે જ ગયો.

'એલા ભાઈ, તને કીધું તો ખરું કે સોરી, મારાથી એમઓયુનો ભંગ થઈ ગયો. ફરીવાર સોરી. બસ ?'

હું થોડો શાંત પડ્યો. હવે કેન્ટીનમાં નાસ્તો પૂરો થઈ ગયો હોય એટલે મને રોષ ચડ્યો હતો.

'ખરેખર તો એનડી, હું તને કહેવાનું સાવ ભૂલી ગયો કે હું બાર-સવાબારે બહાર વાડીએ જમવા ગયો હતો એટલે મને ભર્યા પેટે ભૂખ ન લાગી. અને એટલે જ મને રિસેસના સમયે યાદ ન આવ્યું. બહાર ગયો હતો એટલે અહીં ટેબલે કામ ભેગું થઈ ગયું.'

'પણ મને ખાલી પેટે રાખ્યો એનું શું ? હવે દાદો મને નાસ્તો આપવાનો છે ?' હું થોડો ધૂંઆંપૂઆં થયો.

'વાંધો નહીં એનડી.' વિનિયો ઊભો થતાં બોલ્યો, 'ચાલ, સામે બહુમાળી ભવનની કેન્ટીનમાં જઈએ.'

'ના હવે, જવા દે. બીજું શું ?' વિનિયાને અપરાધબોધ કરાવતો કરાવતો હું બોલ્યો, 'પણ હવે ખાસ યાદ રાખજે. હવે પછી સમજૂતીનો ભંગ થવો ન જોઈએ. એમઓયુ એટલે એમઓયુ.'

'હા ભાઈ, હા હવે.' ખુરશી પર બેસતા એ બોલ્યો, 'રાખીશ ધ્યાન. એક વાર ભૂલ થઈ ગઈ એમાં તો ધધડાવી નાંખ્યો મને. એનડી ત્રિવેદીમાંથી તું તો વેસ્ટ ઇન્ડિઝનો બોલર એન્ડી રોબર્ટ થઈ ગયો.'

મને હસવું આવી ગયું. એના વાંસે ધબ્બો મારતાં કહ્યું, 'કેમ પણ, મારી ફિટનેસ ! તારે મને અંતે સ્પોર્ટ્સમેન નહીં, તો સ્પોર્ટ્સમેન જેવો ગણવો પડ્યો !'

અમારા મીઠા ઝઘડા આમ ચાલતા રહે. સહુને ખબર, એટલે કોઈ ગંભીરતાથી ન લે. મને ખુશમિજાજ લોકો બહુ ગમે, વિનિયો મારા સ્વભાવને અનુરૂપ હતો એટલે એની સાથે મારે સંગત જામી હતી.

બે દેશો વચ્ચે, બે રાજ્યો વચ્ચે, બે સંસ્થાઓ વચ્ચે સમજૂતીના કરાર, એટલે કે 'મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ'

થતા હોય છે. પણ મારે ને વિનિયા વચ્ચે નાસ્તા સહિતની કેટલીય બાબતો માટે વણલિખિત અને હળવા હળવા મજાકિયા એમઓયુ થયેલા હતા.

એક વખત રિસેસમાં નાસ્તો કરતાં કરતાં વિનિયો કહે, 'ચાલ એનડી, સ્વિટ્ઝરલેન્ડ જવાય કે ન જવાય, પણ ભારતના સ્વિટ્ઝરલેન્ડ એવા કાશ્મિરમાં તો ફરવા જઈએ.'

'હા, જવાય. કાશ્મિર તો સ્વર્ગ ગણાય.' મેં કહ્યું, 'પણ તને ખબર છે એમ પૈસાની જરૂર હતી એટલે મેં હમણાં જ એલટીસી અને લીવ, બંને એન્કેશ કરાવી લીધાં છે.'

'ઓ યેસ, સાચું. પણ એનડી તું સાથે હો તો જામો થઈ જાય. પણ...' માથું ખંજવાળતાં ખંજવાળતાં વિનિયો વિચારમાં ડૂબી ગયો.

'તારે બીજા કોઈને સાથે લઈ જવાની જરૂર નથી. બસ, ભાભીને લઈ જા. એક તો ઘરે રહી રહીને કંટાળી ગયા હોય, ને એમાં તારા જેવો અડબંગ ભટકાઈ ગયો હોય. એટલે ભાભીના ભાગ્ય હવે ઊઘડે એવું કર. ફક્ત તમે બે જઈ આવો. એવું માનજો કે હનીમૂન કપલ ટૂરમાં ગયા છો.'

'હા, જોઈએ હવે.'

'એમાં જોવાનું શું હોય ? ખરા એમઓયુ તો ભાભી સાથે હોય.'

'હા, એય ખરું. ત્યાં જઈને પૂરેપૂરા જલસા કરીશ ને કરાવીશ. ને બધાં સાથે બધાં એમઓયુઓનો ભંગ પણ કરી નાંખીશ.' ખડખડાટ હસી રહેલા વિનિયાને મેં હસીને તાળી દીધી, 'ખૂબ જલસા કરજે વિનિયા. અમને બધાંને ભૂલી જા એવા જલસા.'

વિનિયો જેવો ખુશખુશાલ હતો એવો જ ખુશખુશાલ એનો ડીપી હતો. થોડા દિવસો પછી એ કાશ્મિર જવાનો હતો, ફક્ત ભાભી સાથે. એ કંઈ પહેલીવાર ફરવા નહોતો જઈ રહ્યો. છતાં હર વખતે એને પહેલી વખત જેવો ઉત્સાહ રહેતો. વિનિયાનું આ પાસું પણ મને બહુ ગમતું.

એ અને ભાભી રવાના થઈ ગયા પછી નેટવર્ક હોય ત્યારે અમારે મેસેજની આપ-લે થતી હતી. ચેટિંગ પણ થયાં કરતું. ટ્રેનમાંથી પાડેલા ફોટા પણ મોકલ્યા કરતો હતો.

'વૈષ્ણોદેવી તો હું ચાલીને જ પહોંચીશ. તારી ભાભી ભલે ડોલીમાં કે ઘોડા પર જાય. ને તનેય ખબર પડે એનડી, કે આ વિનિયો હજુય ફિટમફિટ છે.'

'એ તો બહુ સારું વિનિયા' મેં કહ્યું, 'પણ ભાભીને જો ઘોડા પર બેસવું પડે તો એની સાથે રહેવા તુંય ઘોડો કરી લેજે. ભાભીને સાથ આપવો એ એમની સાથેનો સહુથી મોટો એમઓયુ છે.'

'હોવ્વે. તું કહે છે તો એમ કરીશ.' એ જોરથી હસ્યો, 'પછી એમ ન કહેતો કે વિનિયાને દોડવું'તું ને ઢાળ મળ્યો. તને ખબર છે કે, વૈષ્ણોદેવીનાં ઢાળ ને પગથિયાં બેય ચડવાનાં હોય છે, ઊતરવાનાં નહીં.'

વૈષ્ણોદેવી તળેટીની હોટલમાં એ ઊતર્યા હતાં અને એ રાત્રે જ નવ વાગ્યા પહેલાં પર્વત ચઢવાનું શરૂ કરી દેવાના હતા. 'વૈષ્ણોદેવીના દર્શન કરીને, જો નેટવર્ક મળશે તો ત્યાંથી, નહીંતર નીચે આવીને તને ફોન કરીને કહીશ કે અમે 'મિશન વૈષ્ણોદેવી' પૂરું કર્યું છે.'

'તું આ મિશન ચોક્કસ પૂરું કરીશ જ. તારા ફોનની રાહ જોઈશ.'

વિનિયો સ્પોર્ટ્સમેન હતો, પણ ફિટનેસની ફિશિયારી મારે ત્યારે હું એની ફાંદ પર હાથ ફેરવતો. રાકો કહેતો, 'વિનિયા, હવે તારી ઉંમર થઈ ગઈ ગણાય.' તો મણિ કહેતો, 'છેલ્લી ટૂર્નામેન્ટમાં તને રિઝર્વમાં રાખવો પડેલો એ યાદ છેને !' પછી તો હાસ્યના ફુવારા છૂટતા.

અત્યારે એ 'મિશન વૈષ્ણોદેવી' કઈ રીતે પૂરું કરે છે એ વાતે મને કુતૂહલ હતું.

બીજે દિવસે સવારે વિનિયાના ફોનની રાહ હતી એટલે મોબાઈલને આઘો-પાછો ન રાખતાં સાથે રાખતો રહ્યો. દાઢી કર્યા પછી આતુરતાથી ફરી મોબાઈલ ચેક કર્યો. પણ પર્વત-ચઢાણનો એમનો જે સમય નક્કી હતો એ પહેલાંનો સમય જ હજુ 'લાસ્ટ સીન' બતાવતો હતો.

ચાનો કપ મોંઢે માંડ્યો એ જ વખતે વિનિયાનો નંબર મારા સ્ક્રીન પર ઝબક્યો. નામ ઝબક્યું. ઉત્તેજનાવશ મેં ઝડપથી રિસિવ કર્યો. 'પહોંચી ગયો વિનિયા ? વેરી વેરી ગુડ !'

'હા, પહૂંચ ગયે.' હિન્દીમાં અજાણ્યો અવાજ મારા કાને અથડાયો. હું કશું પૂછું એ પહેલાં ફરી એ અવાજ આવ્યો. 'આપ એનડીભાઈ હી હૈ ના ?'

'હા, મેં આશ્ચર્યથી કહ્યું.'

'ભાભીજી તો અભી બાત નહીં કર સકતી હૈ તો આપ કે બારે મેં પતા હોને કે કારન મૈં હી બતા દેતા હૂં, મૈં હોટેલ 'જય માતાદી' કા મેનેજર ગુપ્તા બોલ રહા હું. કલ રાત સાઢે આઠ બજે વિનુભાઈ ઔર ભાભીજી કા પર્વત પર જાને કા વક્ત થા ઔર નિકલને કે પહલે અપને કમરે મેં આરામ કર રહે થે. ઉસી વક્ત વિનુભાઈ કો દિલ કા તેજ દૌરા પડા ઔર વે કુછ હી મિનટો મેં...'

મારા પર પર્વતની વજનદાર શિલા ત્રાટકી.

'વિનુભાઈ બહોત દૂર પહૂંચ ગયે હૈં. કભી વાપસ નહીં આયેંગે. ભાભીજી અભી હોંશ મેં નહીં હૈ.' ફોન મુકાઈ ગયો.

હું સડક થઈ ગયો. એકદમ સુન્ન ! અચાનક જોરદાર ધક્કો ! હૃદયાઘાત !

'વિનિયા..' મેં પોક મૂકી. પણ મારી પોક ગળામાંથી ભીતર ઊતરી ગઈ.

હું ફાટી આંખે મોબાઈલને જોતા રહ્યો. ડીપીમાં વિનિયો ખડખડાટ હસી રહ્યો હતો. 'મેં કહ્યું.' તું ને એનડી ? જો, મેં બધાં સાથે બધા એમ.ઓ.યુ.ઓનો ભંગ કરી નાંખ્યો !'

(સત્યઘટના પર આધારિત)

પ્લોટ નં. ૧૧-સી, સિદસર રોડ, કામિનિયાનગર,
તળાજા (જૂના) જકાતનાકા પાસે,
ભાવનગર-૩૬૪૦૦૨.

મયૂરી V/s જડીબા

- *નટવર પટેલ*

મયૂરી બાર સાયન્સમાં સારા ટકા લાવી. તેણે આઈટીમાં ફોર્મ ભર્યું હતું. મયૂરીનાં મમ્મી-પપ્પા ઇચ્છતાં હતાં કે મયૂરીને અમદાવાદની કોઈ કૉલેજમાં એડમિશન મળી જાય તો નિવૃત્ત જીવન ગાળતા દાદા-દાદીને ઘેર મૂકી શકાય. આ અંગે મયૂરીને થોડો અણગમો હતો. કનુદાદા તો ભણીગણીને સરકારી નોકરીમાં જોડાયા હતા ને પછી રિટાયર્ડ થયા હતા. તેઓ નવા પ્રવાહથી સતત વાકેફ રહેતા હતા. ટચસ્ક્રીન મોબાઇલ વાપરતા હતા. રોજ લાઇબ્રેરીમાં વાંચવા જતા ને બગીચે વડીલ મિત્રો સાથે ગોષ્ઠિ કરી લેતા. ક્યારેક કચવાતા મને દાદી જડીબા એમને સાથ સહકાર આપતા પણ એ એમની જુનવાણી રીતરસમો હજીય છોડતાં ન હતાં. એમની જીવનશૈલી સાથે મયૂરીનાં મમ્મી-પપ્પા મૂંગાંમૂંગાં સેટ થઈ જતાં. એમ વિચારતાં કે આપણે એમની સાથે ક્યાં વધારે દિવસ ગાળવા છે. મયૂરીના પપ્પા હિરેનભાઈ વિસાવદર પાસેના એક ગામની હાઈસ્કૂલમાં શિક્ષક હતા. એ સ્થળ અમદાવાદથી દૂર હોવાથી તે ફેમિલી સાથે વિસાવદરમાં જ રહેતા હતા. રજાઓમાં પરિવાર સાથે આવવાનું થતું ત્યારે થોડા દિવસ બંને જણ જડીબાને સહન કરી લેતાં. પણ આજકાલનાં છોકરાં શીદ સહન કરે ?

આ જોઈ ઘણીવાર કનુદાદા જડીબાને ટોકતા : હવે જરા સમજ. તારી પુરાણી માન્યતાઓ મૂકી દે. ને થોડા દા'ડા આ લોકો સાથે સેટ થવાનું રાખ. જો આમ જ કરીશ તો પછી આગળ જતાં તને જ તકલીફ પડશે. હાથપગ હાલે છે ત્યાં સુધી ઠીક છે, પણ પછી વહુના પનારે પડીશ ત્યારે ? આવું સાંભળતાં જ જડીબા કનુભાઈને સામે છાસિયું કરતાં : બેસો હવે, છાનામાનાં. તમને કશી ગતાગમ ના પડે. આમાં ને આમાં આ છોકરાં બગડી જશે.

ક્યારેક દીકરો હિરેન પણ બાને ધીમેથી સમજાવવા કોશિશ કરતો : મમ્મી, હવે અમુક રીતે રહેતાં શીખી જા. તું ભલે વહેલી જાગે પણ મયૂરીની મમ્મીનેય શીદ વહેલી ઉઠાડે છે ?'

'તો શું મોડે સુધી ઘોરતાં રે'વાનું ?'

'મમ્મી, એ થોડી મોડી ઊઠે તો એમાં કશું ખાટુંમોળું નથી થઈ જવાનું. ને નાહ્યા વગર ચા-નાસ્તો કરી લે એય ચલાવી લેવાનું.'

'એ બધું તારે ઘેર ચલાવજે. અહીં મારે ઘેર નહીં ચાલે. આ તે કંઈ સંસ્કાર કે'વાય ? મોડે સુધી ટીવી જોવાનું ને સવારે મોડા ઊઠવું... એ પછી નાહ્યા ધોયા વગર ગળચવા બેસી જવું ?'

'હિરેન, રે'વા દે. તારી મા નહીં સમજે. આપણે જ સહન કરી લેવાનું. હુંય કહીકહીને થાક્યો... પણ.. હવે તો હુંય આંખ આડા કાન કરી જીવું છું. એ તો કૂતરાની પૂછડી વાંકી તે વાંકી !'

'ને તમેય તમારી અમુક આદતો ક્યાં છોડો છો ? આ બીડી બંધ કરાવી તો મસાલો શરૂ કર્યો.'

'હિરેન, દિવસે બે વાર જમ્યા પછી જ મસાલો લઉં છું ને એય માપનો. પહેલાં જેવી હવે ટેવ નથી.'

'કોને ખબર બહાર જઈ નૈં ખાતા હોય. હું કાંય તમારી ચોકી કરવા થોડી આઉં છું ?'

આમ જડીબા બોલવામાં કોઇને પહોંચવા ન દે.

હવે જો મયૂરીને અમદાવાદની કૉલેજમાં ઍડમિશન મળે તો એ ઘેર રહે ખરી ? એણે તો મમ્મી-પપ્પાને કહી દીધું કે 'મમ્મી, જો અમદાવાદ ઍડમિશન મળશે તો હું હોસ્ટેલમાં કાં તો પીજીમાં રહેવા જઈશ પણ દાદી જોડે તો નહીં જ.'

પપ્પા સમજાવતાં 'બેટા, લોકો શું કહેશે ? કે અમદાવાદમાં ઘરનું ઘર છે છતાં દીકરી હોસ્ટેલમાં રહે છે ?'

'લોકોને જે કહેવું હોય તે કહે. મને પણ મારી રીતે જીવવાનો અધિકાર ખરો કે નહીં ?

મમ્મી કહેતી : 'હજી ઍડમિશનનું તો થવા દો. પછી બધી વાત.'

રોજ ઊઠી આ ચર્ચા થતી. આ તરફ કનુભાઈ પણ જડીબાને સમજાવવા કોશિશ કરતાં : જો, સાંભળ, દીકરી તારા લીધે હોસ્ટેલમાં રહેશે તો લોકો શું કહેશે ? ને દીકરીને

વધારે ખરચો નંઈ થાય ? સો વાતની એક જ વાત કે તું તારો સ્વભાવ બદલ.'

જડીબા શરૂશરૂમાં દલીલો કરતાં પણ છેવટે મૂંગાં રહી સાંભળવા લાગ્યાં. કનુભાઈને આ મૌન પણ સહન ન થતું એટલે તેઓ પછી ઘરબહાર નીકળી જતાં.

કનુભાઈ મનોમન ભગવાનને પ્રાર્થના કરતા હતા કે મયૂરીને અમદાવાદ બહાર બીજે ઍડમિશન મળે તો સારું. જેથી ઘરમાં સૌનાં મન ઊંચાં તો ન રહે. તો બીજી તરફ મયૂરી પણ આવું જ કંઈક વિચારતી હતી.

એકાદ મહિના પછી ઍડમિશનની યાદી બહાર પડી. મયૂરીને અમદાવાદની એક સારી કૉલેજમાં ઍડમિશન મળી ગયું. મમ્મી-પપ્પા રાજી તો થયાં પણ હવે સમસ્યા મયૂરીને તૈયાર કરવાની આવી. ઘણું સમજાવી પણ તે એકની બે ન થઈ. પપ્પાએ હોસ્ટેલમાં રહેવાના ગેરફાયદા વર્ણવી મયૂરીને હતાશ કરવા કોશિશ કરી જોઈ. પીજીમાં બનેલા કેટલાક કિસ્સા કહી સંભળાવ્યા પણ મયૂરી મનથી મક્કમ રહી.

હિરેને જડીબાને ફોન કર્યો : 'મમ્મી, સાંભળ. મયૂરી તારી જોડે રહી ભણવા ઇચ્છતી નથી. હવે મારે શું કરવું ?'

'સાંભળ બેટા, એને એમ કહે કે થોડા દિવસ એ મારે ત્યાં રહે. પણ જો એને ના ગમે તો તારા દાદા જ હોસ્ટેલમાં મૂકી આવશે. હું જરાય વિરોધ નહિ કરું.'

હિરેને આ વાત મયૂરીને કરી, તો તે તાડૂકી : 'મને ગમવાનું જ નથીને ? મારી ટેવો-આદતો વિશે ડગલે ને પગલે



ટોકી મારો રોજ મૂડ જ ખરાબ કરી દેશે. આમ કરી તમે મને પીંજરામાં પૂરો છો.'

'બેટા, લોકલાજે એમ કરવું પડે. ને તને પણ ના ગમે તો દાદી પણ છૂટ તો આપે જ છે ને ?' 'હા, બેટા.' મમ્મી સમજાવતી 'એમના માન ખાતર પણ થોડા દિવસ રહી જા. દાદા તો છે ને ?' 'જો, મમ્મી, રહીશ, પણ મારી રીતે. જે દિવસે દાદી ટક ટક કરશે તે દિવસે તમનેય પૂછવા ઊભી નહીં રહું.'

આ સાંભળી હિરેન ફફડી ગયો. કદાચ દીકરી કંઈક આડુંઅવળું પગલું ભરી બેસશે તો ? એમણે ફોન કરી કનુભાઈ પાસે પોતાની ચિંતા વ્યક્ત કરી.

'બેટા, ચિંતા ના કર. હું છું ને ? બંને વચ્ચે મધ્યસ્થી થઈને બધું સમુંસૂતરું પાર પાડતો રહીશ.'

ને મયૂરી ભણવા દાદા-દાદી પાસે અમદાવાદ આવી. એના આશ્ચર્ય વચ્ચે પહેલીવાર દાદીએ એને હસીને આવકારી એના હાથમાંથી બૅગ પણ લઈ લીધી.

'બેટા, તું થાકી ગઈ હોઈશ. સોફા પર બેસ ને પછી પંખો ચાલુ કરી, પાણીનો ગ્લાસ પણ ભરી આવ્યાં. મયૂરીના આશ્ચર્યનો પાર ન રહ્યો.

'બોલ બેટા, તને શું ભાવશે ? તું કહે તે આજ તો બનાવીશું.'

'દાદી, તમને બધું જ આવડે છે ?'

'હા બેટા, બોલ. નહીં આવડતું હોય તો એ બહારથી મંગાવી લઈશું. પણ આજ તો તારાં ભાવતાં ભોજન જમાડીશ.'

મયૂરીએ દાદી સામે જોયું. દાદી કૃત્રિમ ભાવ તો નથી પ્રદર્શિત કરતાં ને ? પણ એ વૃદ્ધ ચહેરા પર એને માતૃત્વનાં દર્શન થયાં. તેણે કનુદાદા સામે જોયું.

'હા બેટા, તું જરાય મૂંઝાઈશ નહિ. તને કોઈ તકલીફ હોય તો મને કહી દેવાનું. હું જ તારા વતી દાદીને ધમકાવીશ.'

'હવે બેસો, છાનામાનાં. તમારી દીકરી છે તો મારી દીકરી નથી ? આપણી પંડ્યની દીકરી હોય ને સાસરેથી અહીં આવતી હોત તો એના અછોઅછો વાનાં ના કરવા પડત ?'

ને એ સાંજે મયૂરીએ ભાજીપાઉં ખાધાં. એને મજા પડી ગઈ. રાત્રે મોડે સુધી જાગી ટીવી પણ જોયું. દાદી પણ થોડીવાર ટીવી જોવા બાજુમાં બેઠાં. ને પછી કહે : 'દીકરા, હવે હું ઊંઘી

જાઉં. તારે કૉલેજ કેટલા વાગ્યાની છે ? કેટલા વાગ્યે ઉઠાડું ?'

'દાદી, એ તો હું મોબાઈલમાં રિંગ મૂકીને ઊંઘી જઈશ તમને શીદ તકલીફ આપું ?'

ને બીજે દિવસે તેને જગાડવા બૂમાબૂમ પણ ન કરી. ઘંટડી વાગતાં જ ઊઠી ગઈ ને જાતે તૈયાર થઈ ગઈ. જ્યારે તે કીચન રૂમમાં નાસ્તા માટે ગઈ ત્યારે નવાઈ પામી. નાસ્તામાં એને બહુ ભાવતા ગરમાગરમ બટાકાપૌંઆ હતા. ને એ પણ એના ટેસ્ટ મુજબના.

આમ એક દિવસ પૂરો થયો. સાંજે ઊંઘતાં પહેલાં મયૂરીએ મમ્મીને સંપૂર્ણ રિપૉર્ટ ફોન પર ખુશી ખુશી કહ્યો ને છેવટે ઉમેર્યું : મમ્મી, દાદીનું આ પરિવર્તન કેટલા દિવસ ટકે છે તે જોઉં છું. બાકી મારી શરત તને યાદ છે ને ?

ને પછી આમ ને આમ એક અઠવાડિયું પૂરું થઈ ગયું. રવિવારે રજા હોવાથી મયૂરી શાંતિથી મોડી ઊઠી. છતાં દાદી કંઈ જ ન બોલ્યાં.

સવારની પ્રાતઃ ક્રિયાઓ પતાવી ત્યાં એનો મોબાઈલ રણક્યો : હલ્લો... હા, સ્મિતા. હું તને જ ફોન કરવાની હતી. બોલ, આજનો શો પ્લાન છે ?' ને ફોન પૂરો થતાં મયૂરી દાદીને કહે, 'આજે મારી ફ્રેન્ડ સ્મિતા સાથે ભણવાની સ્ટેશનરી લેવા શૅ'રમાં જવાનું છે.'

દાદાએ પૂછ્યું : 'એકલી જઈશ ?' ને મયૂરી ઉત્તર આપે તે પહેલાં જ દાદી બોલ્યાં : 'એકલી ક્યાં છે ? એની બહેનપણી પણ સાથે છે ને ? ભલે જતી. હવે એ કંઈ ભૂલી પડે એવડી નાની નથી. જજે હોં બેટા... પણ એ સ્મિતા ક્યાં રહે છે ?' ફોન પર વારંવાર મયૂરી નામ બોલેલી તેથી દાદીને યાદ રહી ગયું હતું.

'પીજીમાં.' 'હેં ? પીજીમાં ?' દાદીને સમજ ના પડી એટલે દાદાએ પીજી વિશે સમજ પાડી.

'તો પછી એમ કર. એને જ અહીં જમવા બોલાવી લે.'

મયૂરી તો જોઈ જ રહી. શું આ દાદી બોલે છે ?

'બેટા, એમાં મારું મોં શું તાકી રહી છે ? તારી બહેનપણીને કોકવાર ઘરે બોલાવી જમાડવાની તારી ફરજ ખરી કે નહીં ?'

'પણ દાદી, તમને તકલીફ...'

'એમાં તકલીફ કેવી ? એક શું દસ મે'માન હોય તોય હજી પાછી પડું એવી નથી, હા ! ઝટ ફોન કર...'

મયૂરી માટે આ બધી વાતો આશ્ચર્યની અવધિની બહારની હતી. આમ તો આજે એ પુસ્તકો ખરીદી સ્મિતા જ્યાં રહેતી હતી એ પીજી સ્થળ જોવા જવાની હતી, જેથી ભવિષ્યમાં કદાચ પોતાને જરૂર પડે તો એ કેવું છે, જમવાનું કેવું આપે છે, વગેરે ખબર તો પડે ! પણ દાદી એને એવી એક પણ તક આપતાં ન હતાં.

સ્મિતા આવી. બંને બજાર ગયાં. ખરીદી પતાવી લગભગ દોઢ વાગ્યે ઘરે આવ્યાં. જોયું તો રસોઈ તૈયાર હતી. દાદીએ બંનેને આગ્રહ કરી કરીને જમાડ્યાં. દાદીએ આજ જમણમાં ગોટા, પાપડ, કઢી ને ભાત બનાવ્યાં હતાં. શીખંડ ને જલેબી તૈયાર લઈ આવ્યાં હતાં. મયૂરી ને સ્મિતાય ખુશ ! સ્મિતા જતાં જતાં મયૂરીના કાનમાં કહેતી ગઈ કે.. મને થાય છે કે હું જ તારે ત્યાં પીજી તરીકે રહેવા આવી જાઉં !

'જોજે એવાં સપનાં જોતી. ઉપરથી હું જ તારી પાસે રહેવા આવવાનું વિચારતી હતી.'

'આટલાં પ્રેમાળ દાદા-દાદીને છોડીને ? મારા ઍક્સપિરિયન્સ પરથી કહું તો જોજે એવી ભૂલ કરતી. પીજીમાં સ્વતંત્રતા ખરી પણ ચિંતા થાય એવી અન્ય સમસ્યાઓ પણ ખરીને ?'

ને મયૂરીની રૂમમાંથી ઘેર જવા માટે સ્મિતા બહાર આવી. સાથે મયૂરી પણ હતી. સ્મિતા દાદા-દાદીને પગે લાગી.



કનુદાદાએ આશિષ આપ્યાં : 'સરસ ભણજે બેટા.' દાદી હજી ચૂપ હતાં. મયૂરી કહે : 'દાદી, સ્મિતા જાય છે. કંઈક તો કહો.'

'બેટા, હું કહું તો મારો બોલ માનશો ખરા ?'

'એ શું બોલ્યાં, દાદી ? કહો, શું કહેવું છે ?' સ્મિતા બોલી.

દાદી મૌન રહી થોડીવાર બંને છોકરીઓને તાકી રહ્યાં. કનુભાઈને ચિંતા થઈ કે ક્યાંક એ બહેનપણી આગળ બફાટ ન કરે.

જડીબા ઊંડા વિચારમાં ડૂબી ગયાં. આ ઘર મોટું હતું. અગાઉ અમે બે જ રહેતાં હતાં. પણ મયૂરીના આવ્યા પછી ઘરનું વાતાવરણ બદલાઈ ગયું હતું. ઘર કલરવતું થયું હતું. દાદીનો ઉમળકો ઉભરાઈ રહ્યો હતો. ઘણા સમય પછી ઘરમાં વસ્તી જેવું લાગતું હતું.

'દાદી, ચૂપ કેમ છો ? આ સ્મિતા જાય છે.'

'હં... એક મિનિટ. બેટા, બેસ.' સ્મિતાને હાથ ખેંચીને પરાણે બેસાડી. મયૂરીને થયું કે હવે દાદી એમની ટેવ પ્રમાણે પુરાણ શરૂ કરશે ને ઈજ્જતના કાંકરા કરશે. શિખામણનો ધોધ વરસાવશે. કનુભાઈનેય એવું લાગ્યું એટલે એ બોલ્યાય ખરા : 'જવા દે ને. એને પહોંચતાં અંધારું થઈ જશે.'

'ભલે થાય. કંઈ બે મિનિટમાં ખાટુંમોળું નહીં થઈ જાય. બેસ, બેટા.' ને પછી દાદી હળવેથી બોલ્યાં : તમે બેય બેનપણીનાં હેત જોયાં. મારી દીકરીને તારી સાથે સરસ ગોઠી ગયું છે. એક જ કૉલેજમાં ભણો છો. મયૂરી ઍક્ટિવા લઈ કૉલેજ જાય છે. એટલે મને વિચાર આવ્યો કે...'

મયૂરીને થયું કે હવે દાદી, ઍક્ટિવા ન લઈ જાય અને બસમાં જાય તો સારું... એવું કાંક કહેશે. આ વાત મને સમજાવવા સ્મિતાને ભલામણ કરશે.

'મયૂરી, એવું કરીએ તો તને ગમે ? સ્મિતાને આપણે અહીં જ રાખી લઈએ તો ? એ કેવું રહેશે ? પીજી કે... હા, હા. પીજી તરીકે આંય રહે તો કેવું ? તમને બંનેને ખવરાવવા-પિવરાવવાની બધી જવાબદારી મારી. બોલ, બેટા...!'

મયૂરી આ સાંભળી અવાક્ થઈ ગઈ. પણ સ્મિતા કહે : 'દાદી, તમને શીદ તકલીફ આપવી ?'

'એમાં તકલીફ કેવી ? બેટા, દીકરીઓનાં કામ કરવાં માવતરને ગમે. બોલ, બેટા. મારી મયૂરીની ખાતર તું જ અહીં આવી જા. બેય બેનપણીઓ એક જ વાહન પર સાથે આવો-જાઓ તો અમનેય ચિંતા નંઈ !' થોડીવાર રોકાઈને કહે : 'અહીં તમનેય ફાવશે ને અમને ગમશે. કેમ હિરેનના બાપા... કાંક તો બોલો ?'

'હા, હા. કેમ નહીં, તું રાજી તો હુંય રાજી.'

મયૂરી કરતાં દાદાનો હરખ ઉભરાઈ રહ્યો હતો.

એ રાતે મયૂરીએ ખાનગીમાં નહીં પણ દાદા-દાદી જોડે બેસી મમ્મી-પપ્પાને વીડિયો કોલ કર્યો ને દાદીના ભરપેટ વખાણ કર્યા. સરપ્રાઇઝનું રિપ્લેસમેન્ટ હવે અહીંથી ત્યાં હિરેનના ઘરે થયું !


એચ-૫૦૩, નિશાંત રેસિડેન્સી, આનંદ પાર્ટી પ્લોટ રોડ,
સુકન સિટી, ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨૪૭૦.
મો. ૯૬૬૨૭૮૦૪૩૭




USHA PATHAK
" મેઘદર્શન "
- ડૉ. ઉષા રા. પાઠક
મો.-૯૪૨૭૨૩૨૦૩૬



“ વાંસલડીના સૂર ”
- બલવંતભાઈ જોષી
મો.-૯૯૯૮૮૦૯૪૯૪



" ગ્રામદર્શન "
- અનસૂયાબહેન પટેલ
મો.-૯૮૨૫૯૨૦૭૬૨



" મયૂરપિચ્છનો મોહ "
- અવની ઘનશ્યામભાઈ દવે
મો.-૯૩૨૭૪૨૮૫૦૦

ઇન્વેસ્ટિગેશન

- દશરથ પરમાર

ચી...ઈ...ઈ... ઈ..ઈ..! : એક જોરદાર આંચકા સાથે ગાડી રોડ પરથી ઊતરીને સાઇડમાં ઊભી રહી ગઈ. શું થયું એના વિશે કશુંય વિચારું એ પહેલાં તો ડામરના રોડ સાથે ટાયર ઘસાવાનો તીક્ષ્ણ અવાજ અને બળેલા રબરની તીવ્ર વાસ એકસામટાં અંદર ધસી આવ્યાં. એની સંગત કરતો હોય તેમ પ ાછળ ને પાછળ ધૂળનો એક નાનકડો ગોટો પણ. ખિસ્સામાંથી ફટાફટ રૂમાલ કાઢી, નાક પર દાબતાં બહાર જોયું તો એક ગાય;જાણે કશુંય બન્યું ન હોય એમ,નિરાંતે ડોલતી-ડોલતી, રોડ ક્રૉસ કરીને સામેની તરફ જતી દેખાઈ. હું એને જોઈ રહ્યો. એ કશીક અવઢવમાં હતી. થોડી વાર માથું હલાવતી માથોડું ઊંચી વાડ પાસે ઊભી રહી. ગરદન આમતેમ ફેરવી. પછી નાનકડા છીંડા વાટે થઈને એરંડાના ખેતરમાં પેસી ગઈ..

માનસિંહનું મોઢું કટાણું થઈ ગયું. એણે ચીડભરી નજરે પેલી ગાય તરફ જોતાં-જોતાં એના માલિક અને જાતિ વિશે એક ગંદી ગાળ ઉચ્ચારી.પછી બ્રેક પરથી પગ ઉઠાવી સીટમાં સહેજ આઘોપાછો થયો. તકનો લાભ લઈ પૅન્ટના ખિસ્સામાંથી માવાનું પાર્સલ કાઢ્યું. તમાકુ-ચૂનો અને સોપારીનું મિશ્રણ કરી, મસળવા લાગ્યો. મેં પાછળ જોયું. નીકળતી વખતે પીળા રંગની ફાઈલ સીટની વચ્ચે મૂકી હતી, તે સરકીને નીચે પડી ગઈ હતી. મેં એ તરફ હાથ લંબાવ્યો. ઊંચકીને વળી પાછી સીટમાં પધરાવતાં એના પર કાળા રંગ વડે ક્લેઈમ વિભાગના અધિકારી શુક્લાજીએ લખેલા -ઇન્વેસ્ટિગેશન- શબ્દો મારી આંખમાં આઘાપાછા થવા લાગ્યા.

મેં ઘડિયાળમાં જોયું : બાર વાગવા આવ્યા હતા. ઑફિસમાં અત્યારે બરાબરનું વાતાવરણ જામ્યું હશે. થોડાક જાણીતા અને કેટલાક અજાણ્યા લોકોની અવિરત અવરજવર..અવનવા અવાજોની અફડાતફડી : કાશ્મિરમાં સાત આતંકવાદીઓ ઠાર.. સૅન્સેક્સ સાવ તળિયે બેસી ગયો છે... સોનાના ભાવ ક્યાં જઈને અટકશે?..એ, તમે “યે રિશ્તા...”નો ગઈકાલનો ઍપિસોડ જોયો હતો? અરે, મહારાજ..! નીચે જઈને જલદીથી ચા કહી આવોને, યાર..! આમાં પાટીની સિગ્નેચર ક્યાં છે, કાકા?..આજે કેમ આમ, લીનાબેન? સાડીના કલર સાથે બિન્દી કેમ મૅચ થતી નથી?.. પન્ના, તું “આસોપાલવ”ના સેલમાં જઈ આવી કે નહીં?.. મોદીભાઈ, મારા ટુર-બિલનું કંઈક કરોને, માલિક!..જોશીજી, આજકાલ બહુ લેટ પધરામણી થાય છે, તમારી.. સવાર-સવારમાં ક્યાંય કથા-હવન કે પછી?.. બે કિશોર, કાલનું કહ્યું છે, તને! ટૉઈલેટમાં સાબુ નથી.. કહ્યુંને, કાકા..! છૂટ્ટા નથી. બેસો થોડીવાર, આવે એટલે આપું છું હોં..!

સ્થળ અને પાત્રોની અદલાબદલી થતી રહે. બાકી;વરસોથી, ઑફિસ ખૂલતાંની સાથે જ અચૂકપણે ભજવાતું આ દૃશ્ય. એનો ભાગ બનવાની ખૂબ મજા પડે. પછી તો આખોય દિવસ એના એ જ ઢસરડા રહે.. એમાંય માર્કેટિંગનું કામ એટલે સમયનું કશું નક્કી નહીં. ઘેર પહોંચતાં-પહોંચતાં રાત પડી જાય. શરીર થાકીને લોથ થઈ ગયું હોય. કોઈની સાથે વાતચીત કરવાનુંય મન ન થાય. સુમન; મારી પત્નીને આ બધાની ભારે ચીડ. તેથી જ તો પ્રમોશન સાથે મારી ટ્રાન્સફર અહીં થઈ એ એને સહેજેય ગમેલું નહીં. એનો અણગમો એણે જરા જુદી રીતે વ્યક્ત કરેલો :

- વતનથી વેગળાં જ સારાં હતાં.. અહીં લાખ સારું કરશોને તોય ઘર કી મુર્ગી દાલ બરાબર જ કહેવાશે અને આમેય આખો દિવસ ભટકીને થાકી જતા’તા. હવે તો આખી બ્રાન્ચની જવાબદારી માથે આવશે. એને લીધે શરીરની શી દશા થશે એનું વિચાર્યું છે કંઈ? છોકરાંય હવે મોટાં થવા લાગ્યાં છે. લોકો ગામ છોડી શહેર તરફ જાય છે અને તમે છો તે અવળા માર્ગે ગાડું હાંકી રહ્યા છો ?

એની વાત સાવ ખોટીય નહોતી. પરંતુ, મારી ફિલોસૉફી જરા જુદા પ્રકારની છે. જીવનમાં ઘર-પરિવાર-સમાજ-વ્યવહાર બધુંય જરૂરી છે. પણ,એનાથી થોડા ઉપર ઊઠીને વિચારીએ તો કારકિર્દી નામની પણ એક ચીજ હોય છે, એનું શું? અને એક નિષ્ઠાવાન કર્મચારી તરીકેની કંપનીમાં સ્થપાયેલી મારી ઈમેજનું? અગાઉની શાખામાં સહાયક પ્રબંધક તરીકે ક્લેઈમ્સનાં; ખાસ કરીને ડેથનાં,ઇન્વેસ્ટિગેશન્સમાં મેં જે કુનેહ દાખવી હતી, તેના પરિણામસ્વરૂપે જ તો મને આ પ્રમોશન ઑફર થયું છે.હવે, સંસ્થા અને ઉચ્ચ પદાધિકારીઓએ મારામાં આરોપેલા વિશ્વાસનો મારાથી કેમ કરીને ભંગ થઈ શકે ? અને વતનની તો વાત જ ન થઈ શકે. પેલી કહેવતમાં અમસ્તું કીધું છે, કે ઊંટ મરે તોય મારવાડ સામું જુએ..!

જો કે, પત્ની અને બાળકોનેઆ નવી જગ્યામાં રૂંધામણ ન અનુભવાય તે માટે મેં એક સરસ માર્ગ શોધી કાઢ્યો છે. મેં વિચાર્યું કે, જેને લીધે છેક રિજીયોનલ ઑફિસ સુધી મારી વાહ-વાહ થઈ રહી છે તે ક્લેઈમ-ઇન્વેસ્ટિગેશન જ મને આમાંથી ઉગારી શકે તેમ છે. માર્કેટિંગની સાથોસાથ દાવાઓની તપાસ..! સવારે ઑફિસમાં આવી, કલાકેક રોકાઈ ને નીકળી જવાનું. કંપનીની ગાડી હતી. અને ડ્રાઈવર માનસિંહ પણ. બહુ દૂરનું સ્થળ હોય તો ત્રણેક વાગ્યા સુધીમાં. નહીંતર, બપોર સુધીમાં બધું પતાવીને સીધા ઘેર..

નીરવ વગડાની છાતી ચીરતી ગાડી પૂરપાટ દોડતી હતી. કપાસનાં છૂટાછવાયાં ખેતરો સાવ નિર્જન લાગે છે. ગાંડાબાવળ-કંથેર-આંબા-કણજી-રાયણ-છૂટાછવાયા લીમડાઃ રસ્તાની બેય ધારે ઊભેલું સઘળું જીપની સમાંતરે આવી; ક્ષણાંશમાં વિરુદ્ધ દિશામાં વહી જાય છે. બારી બહાર લટકતા હાથ પર ઉતરતા ચૈત્રનો તડકો પૂરા વેગથી આક્રમણ કરી રહ્યો છે. ચામડી ચચરવા લાગી છે.પરંતુ પાછો ખેંચી લેવાનું મન નથી થતું. ઊલટાનો એને હવામાં લંબાવું છું. ગાડીની ગતિને લીધે કપાતા જતા પવનનો હળવો સૂસવાટો.. અચાનક સાંકડું

નેળિયું આવ્યું. ગાડી બોરડીના જાળા સાથે ઘસાઈને પસાર થઈ. મેં ઝડપભેર હાથ અંદર ખેંચી લીધો. ટચલી આંગળી પર બળતરા થવા લાગી. જોયું તો ટેરવા પર લોહીનું ટીપું.. એને સાફ કરવાની કશીય ચેષ્ટા કરવાને બદલે એની સામે એકધારું તાકી રહ્યો. એ લોહીનું ટીપું ધીરે-ધીરે પ્રસરવા લાગ્યું. એનો રંગ બદલાયો. સ્વચ્છ જળમાં પરિવર્તિત થઈને એ નદીનાં નીરની જેમ ધસમસવા લાગ્યું. હું અવશપણે એમાં તણાવા લાગ્યો..

વતનથી સતત દૂર ભટકતા રહેવાની નિયતિ. નવાં શહેરો.. નવું વાતાવરણ.. નવા લોકો.. ક્યારેક લાગે કે, ગામ - વતન - ઘર હોવા છતાં ક્યાંય ઠરીઠામ થઈ શક્યો નથી. માર્ગ ભૂલેલા કોઇ પ્રવાસી જેવું જીવન. હમણાંથી કોઈકવાર અડધી રાતે અકારણ આંખ ખૂલી જાય. છત સામે તાકતો પડી રહું. વતન અચાનક મારી છાતી પર બેસી ટહુકવા લાગે; અષાઢમાં લીલાકલાર લીમડાની કોઇ ઊંચી ડાળ પર બેસી ટહુકતા મોરની જેમ. અંધકારમાં ધીરે-ધીરે સ્પષ્ટ થાય, એક ખૂબ જાણીતું દૃશ્ય : સાવ નાનકડું; ચારેકોર વૃક્ષહીન ટેકરીઓથી આચ્છાદિત, હથેળીના પોલાણ જેવું ગામ.. આથમણી દિશામાં પાઘડીપને પથરાયેલો વાસ.. વાસના છેવાડેનું નીચું-નળિયાંવાળું ઘર.. ઢાળ-ઢોળાવ યુક્ત આંગણું.. એના પરની લીંપણની ઑકળીઓ.. સામે ઘટાદાર લીમડો.. લીમડા નીચેના ઓટલા પાસે બેસી તાજી રાખ વડે વાસણ માંજતી મા.. આ દૃશ્યમાં બાપા ક્યાંય નથી. એમને મેં સદેહે જોયા નથી. હા, પછીતની બારી પાસે સાખ પર એક બ્લૅક ઍન્ડ વ્હાઈટ છબી ટાંગેલી હતી. સ્ટુડિયોની ખુરશીમાં; પગ પર પગ ચડાવીને બેસેલો એક જાજરમાન પુરુષ.. સફેદ ઝભ્ભો-ધોતિયું.. માથે કાળી ટોપી.. ઘઉંની ઊંબી જેવી ભરાવદાર મૂછો.. ગામના મોચી પાસે સિવડાવેલા ચામડાના જોડા.. ચહેરા પર લીંપાયેલો કડપ..

- તારા બાપા પાછા થ્યા ઈના બરાબર હાત મઈના કેડે તારો જલમ થ્યેલો..! : મા ઘણીવાર કહેતી.

- સાહેબ..! ઊંઘી ગ્યા કે શું ? : માનસિંહ પૂછતો હતો.

- હું ? : સહેજ ચોંકી જવાયુંઃ ના, ના. આ તો પવનને લીધે જરાક આંખ મળી ગઈ હતી : મેં આંખ ખોલીને જોયું. ટચલી આંગળી મોઢામાં હતી. રોડ પર પડેલા ખાડાને લીધે ગાડી થોડી ધીમી પડી. એ ફરી પાછી સ્પીડ પકડે ત્યાં તો, "ગાઊ મહુડો" નજરે ચડ્યો. મને યાદ છે : ગામમાં મહુડા તો ઘણાય હતા. પણ આ મહુડા અને ગામ વચ્ચે ફક્ત એક ગાઊનું ભૌગોલિક અંતર હતું. તેથી, એ માઈલસ્ટોનનું કામ કરતો. તાલુકાના સ્થળે હટાણે ગયેલા ગામ લોકો આટલે આવી ઘડીક વિસામો કરતા. કેટલાં વર્ષે એને ભાળ્યો ? મેં મનોમન ગણતરી માંડી. ગામ છોડ્યું ત્યારે સોળ વર્ષનો હતો. અને અત્યારે ત્રેપનમું ચાલી રહ્યું છે. અચાનક આરામ કરવાની ઈચ્છા થઈ આવી. શરીરની સાથોસાથ મન પણ જાણે હવે વિરામ ઝંખી રહ્યું છે.

અત્યારે જ વિરામ કરી લેવો હોય તેમ, ડ્રાઈવરને : માનસિંહ..! ગાડી જરા સાઈડમાં લેજે ને..! : કહી મેં પગ લાંબા કર્યા. ઢીંચણના સાંધામાં કડાકો બોલ્યો. હળવા આંચકા સાથે ગાડી રોડની ધાર પર, માથોડું ઊંચા આકડાના છોડ પાસે ઊભી રહી. નીચે ઊતર્યો. બેય હાથ પહોળા કરી એક લાંબું બગાસું ખાઈ લીધું. ઉપર નજર કરીઃ કોરુંકટ્ટ આકાશ.. જાણે ઊંધો પાડેલો મસમોટો ટોપલો.. અને એની વચ્ચોવચ પડેલા ગોળ કાણામાંથી ડોકાતો કાળઝાળ સૂરજ.. લંઘાઈ ગયેલાં પાનવાળા સૂક્કા થુવર પર ગયા ચોમાસે વિંટળાયેલા વગડાઉ વનસ્પતિના વેલા અત્યારે નિર્જીવ બની લટકી રહ્યા છે. વાડમાં ઠેકઠેકાણે છીંડાં પડી ગયાં છે. એમાંથી ડોક તાણી-તાણીને મહુડો મને તાકી રહ્યો છે.ધીમી ચાલે એ તરફ ગયો. બપોરના તડકામાં સમેટાતા જતા એના પાંખા છાંયડામાં ઊભો. નીચે ઉબડખાબડ જમીન પર ગાયો-ભેંસોની ખરીઓની નિશાની અને પગ તળે ચગદાતાં, સૂક્કાં, છીંકણી રંગનાં અસ્તવ્યસ્ત પાંદડાં..

મને દેખાય છે : ખરા બપોરે, બાજુના કોઇ ખેતરમાં મજૂરી કરતી મા અને મહુડાના વિશાળ થડનો ટેકો લઈ એનાં પાંદડાં સામે તાકી રહેવાનો વ્યર્થ પરિશ્રમ કરતો હું. ક્યારેક સામેની ઘટાદાર વાડમાંથી કે મહુડાના થડની બખોલમાંથી આવતો અવિરત હોલારવ સાંભળ્યા કરું. તો ક્યારેક દૂર કોઇ આંબાની ડાળે બેસી ટહુકતી કોયલના ચાળા પાડું..

મહુડાના થડ પર ચારેકોર હાથમાંય ન સમાય એવડી અસંખ્ય ગાંઠો ઉપસી આવી હતી. એની પરિક્રમા કરતો હોઉં એમ ફરતો-ફરતો એ ગાંઠો પર હાથ પસવારવા લાગ્યો. અચાનક ધ્યાન ગયું કે; માનસિંહ સ્ટિયરિંગ પર માથું ટેકવી, આ તરફ એકધારું, અચંબાભર્યું તાકી રહ્યો છે. હું થોડો ઓઝપાઈ ગયો. કશીક ચોરી કરતાં પકડાઈ ગયાનો ભાવ મનમાં આવતાંની સાથે જ દોડતો હોઉં એવી ચાલે પરત આવી સીટ પર પછડાયો. માનસિંહ સમજી ગયો. બીજી જ ક્ષણે ગાડી સ્ટાર્ટ થઈ. થોડીકવાર આડુંઅવળું તાકી રહ્યો. પછી પાછળની સીટમાં પડેલી ફાઈલ હાથમાં લઈ ખોલી. ઈન્વેસ્ટિગેશનને લગતાં ફૉર્મના બે સૅટ ભરાવેલા હતા. એની પાછળ; અગાઉના તપાસ-અધિકારીઓના રિપૉર્ટનાં પીળાં પડી ગયેલાં પાનાં.

ગઈ કાલે જ આ કેસનો ઍજન્ટ મારી પાસે આવેલો :

- તમે આ પ્રદેશના છો એ જાણી ખૂબ આનંદ થયો; સાહેબ..! મારી એક પાર્ટીનો ક્લેઈમ બે વરસથી ટલ્લે ચડ્યો છે. આગળના સાહેબે ઊંડી તપાસ કર્યા વગર, ગામના બે-ચાર જણના જવાબોને આધારે રિજેક્ટ કર્યો. આમાં મારીય પ્રૅસ્ટિજનો સવાલ છે. એ ગામમાં હવે મારાથી પગ મૂકી શકાતો નથી. તમારા વિશે બહુ સાંભળ્યું છે.. એકવાર આ કેસને રિ-ઓપન કરી; જાત-તપાસ કરીને તમે જે નિર્ણય લેશો તે હું સ્વીકારી લઈશ, સાહેબ..!

- તમે જાણો છો, મિત્ર..! કે, એકવાર હું રિપૉર્ટ ભરી દઉં, પછી કોઈની તાકાત નથી કે એમાં આંગળી કરી શકે. વાત ખોટી નીકળી તો તમારી ઍજન્સી જોખમમાં મુકાઈ જશે...!

- મને મંજૂર છે, સાહેબ..!

- અચ્છા; કયા ગામની હતી, પાર્ટી ?

એણે જે ગામનું નામ લીધું, તે સાંભળીને એકાદ ક્ષણ હું કશુંય વિચારી ન શક્યો. એને તરત ત્યાંથી રવાના કર્યો. પછી પ્રશાસનિક અધિકારી પંડિતજી પાસે એની ફાઈલ મંગાવી તો એ કહેઃ

- આ કેસમાં ઝાઝો દમ નથી, સર...! પાર્ટી સરાસર જૂઠું બોલે છે. એને કેન્સર હતું અને એણે પ્રપોઝલ ફૉર્મમાં એ

વાત છુપાવી છે, It is a clearcut case of suppression of material fact..(આ તાત્ત્વિક તથ્ય છૂપાવવાનો એકદમ સ્પષ્ટ કેસ છે).

- તમારી વાત સાચી, પંડિતજી... પણ, આપણે એની પૂરેપૂરી ઇન્ક્વાયરી તો કરવી જોઇએ કે નહીં ? ઇટ્સ અવર ડ્યૂટી. કોઇ થર્ડ પાર્ટી પર કેટલો ભરોસો કરી શકાય ? શક્ય છે કે, વારસદારો સાચું પણ બોલતાં હોય..?

- આ તો બળતામાં હાથ નાખવા જેવું છે, સર ! હા; તમારી સ્ટાઈલ અલગ છે. તમે ઇચ્છો તો તમારી રીતે તપાસ કરી શકો છો, મને કંઈ વાંધો નથી..!

- યસ, પંડિતજી..! તમે જાણો છો કે, ઘણી જગ્યાએ મેં સેટલ થયેલા ક્લેઈમ પણ રિ-ઓપન કરી રિજેક્ટ કર્યા છે. એ મારી ફરજનો એક ભાગ છે. પરંતુ, ગ્રાહકને સંતોષ થાય એ રીતે કામ કરવાની પણ મારી એટલી જ જવાબદારી છે. : મેં કહ્યું એ સાથે જ પંડિતજીએ ઊતરેલા ચહેરે ફાઈલ મારા હાથમાં થમાવી દીધી. મેં ફાઈલ ખોલીને જોયું તો પહેલા પાના પર લખેલું પાર્ટીનું નામ જોઇને જ મારી આંખો ફાટી ગઈ : શાન્તુભાઈ કાળીદાસ..! અરે..! મારા ગામની હાઇસ્કૂલના, ગણિત-શિક્ષક શાન્તુભાઈ સાહેબનો કેસ..?એ જ ક્ષણે માનસિંહને બોલાવી ઇન્વેસ્ટિગેશન માટેની આ ટૂર નક્કી કરી લીધી.

- સાહેબ, ગામ આઈ ગ્યું..! ગાડી કઈ બાજુ લઉં ? : માનસિંહ પૂછતો હતો.

મેં ડોકું બહાર કાઢ્યું એ સાથે જ નહેરના પાણી પરથી સૉરાઈને આવતો પવન મને બળપૂર્વક વળગી પડ્યો. મેં જોયું. ગાડી ગામ-ગોંદરાની નહેરના નાળા પાસે ઊભી હતી. છેક નહેર પાસે પણ ઘર બની ગયાં હતાં. છેવાડેની હાઈસ્કૂલ હવે વચ્ચે આવી ગઈ હતી.નાળા પછી તરત જ રસ્તાના બે ફાંટા પડતા હતા. એક; સામેનો, મારો પરિચિત અને જૂનો રસ્તો, જ્યાંથી સીધા ગામમાં જવાતું હતું. ત્યાં અત્યારે, કોઇ દરબારગઢના પ્રવેશદ્વાર જેવો ભવ્ય દરવાજો ઊભો હતો. અને બીજો; ડાબી તરફનો થોડોક અજાણ્યો રસ્તો, જ્યાં થઈને સીધા ગામના બસસ્ટેશને જવાતું હતું.

- એક કામ કર.. સીધી બસ-સ્ટેશને જ લઈ લે..! : કહીને મેં બારી બહાર નજર નાખી. ધીરે-ધીરે બધુંય પસાર થતું રહ્યું : ચૈત્રના તડકામાં તપતો મૅટલનો સાંકડો રસ્તો... બેય બાજુએ ગાંડા બાવળનાં ઝૂંડ... ઉતાવળી ચાલે ઘર તરફ પાછાં ફરી રહેલા મજૂર... માટીનાં નાનાં-નાનાં ઘર... ઉકરડા... લીલાછમ્મ, મહૉર મઢ્યા લીમડા... ફોટો પડાવવા; જોડાજોડ ઊભેલાં નિ:સંકોચ નવપરિણીત યુગલો જેવાં હારબંધ મકાનો... જૂના દશ્યમાં બહુ ઝાઝો ફરક પડ્યો નહોતો. થયું; સોળ વર્ષનો એક છોકરો કાળઝાળ તાપમાં અડવાણા પગે સતત ગાડીની સમાન્તરે દોડી રહ્યો છે...

બસ સ્ટેશને ગાડી ઊભી રહી. કોઇક અજાણી જગ્યાએ આવી ચડ્યો હોઉં એવું લાગવા માંડ્યું. સ્ટેશનના નાનકડા છાપરાને ઠેકાણે પાકું, ધાબાવાળું સ્ટૅન્ડ... એની દીવાલો પર સરકારી કાર્યક્રમોની રંગીન જાહેરાતો... અડખે-પડખે પાન-મસાલાની નાની દુકાનો. ચાની હૉટલ.. આઇસ્ક્રીમ-ઠંડાં પીણાંનું આધુનિક પાર્લર... અને સામે જ વાસ...! ધીમા પગલે એ દિશામાં ચાલવા લાગ્યો. વાસ સૂમસામ હતો. ફક્ત એક હાંફતું કૂતરું મારી આગળ-આગળ ચાલી રહ્યું હતું. વાસનાં; નીચાં-નળિયાંવાળાં ઘરોને બદલે હવે પતરાવાળાં અને પાકાં મકાનો દેખાતાં હતાં. કો'ક ઘરની બારી કે બારણામાંથી અજાણ્યો ચહેરો ડોકાઈ જતો. એકાદ ક્ષણ મારી સામે જોયા પછી ઓળખાણનો કોઇ અણસાર ન મળતાં વળી પાછો ઘરમાં ગૂમ થઈ જતો. હું ચાલતો-ચાલતો છેક વાસના છેવાડે પહોંચી ગયો અને સામે જ હતું : અમારું ઘર. એકલું-અટૂલું; વર્ષોનાં ટાઢ-તડકા-વરસાદના માર ખમીને હારી ગયેલું ઘર. એને હવે ઘર કહેવું કે કેમ એય પ્રશ્ન હતો ! છત રહી નહોતી. ઘરના નામે ખાલી ચાર ભીંતો ઊભી હતી. એના પર ઊધઈથી ખવાઈ ગયેલાં મોભ અને દોરિયાં લટકી રહ્યાં હતાં. વચ્ચોવચ એક પીપળો ઊભો હતો; મોભારાને વીંધીને છેક ઉપર પહોંચી ગયેલો. નવેળીમાં થઈ પાછળની બાજુએ ગયો. તૂટેલી બારીમાંથી અંદર જોતાં-જોતાં ગઈ કાલે રાત્રે સુમને કહેલું તે સાંભરી આવ્યું :

- તમે કાલે ત્યાં જવાના જ છો તો, ભેગા ભેગું ઘરનું પણ કાંઇક કરતા આવજો..!

- કંઈક એટલે શું ? આપણે તો હવે ત્યાં જઈ શકવાનાં નથી. અને પડીને પાધર થઈ જાય એના કરતાં વાસમાંથી જ કોઇ તૈયાર થાય તો.. બે પૈસા મળી રહેશે. અને..

- અને શું ? : મારાથી રાડ નંખાઈ ગઈ હતી. મને ખબર હતી કે એ વાસ્તવિકતા તરફ મારું ધાન દોરી રહી હતી. પરંતુ હું મારા સગા હાથે...? મારું મન માનતું નહોતું. હું ધારી - ધારીને અંદર જોઇ રહ્યો. ચીમળાઈ ગયેલા ઘાસની વચ્ચે, લીંપણની ઑકળીઓ ક્યાંક સલામત રહી શકી હોય તો...! પણ વ્યર્થ ! થાકીને ત્યાંથી નીકળી ગયો. ગાડી ગામ તરફ હંકારવાનો આદેશ કરી સીટમાં લાંબો થઈ બેઠો.

તપાસ પતાવી ગામમાંથી પરત ફર્યા ત્યારે ચાર વાગી ગયા હતા. ગાડીમાં બેઠા પછી મને એક પ્રકારની ભીંસ અનુભવાતી હતી. પંડિતજી અને અગાઉના બેય બ્રાન્ચ મેનેજરો સાચા હતા. શાન્તુભાઈ સાહેબને કૅન્સર હતું અને એ વાત એમણે દરખાસ્ત-પત્રમાં છૂપ ાવી હતી. જો કે, એમનો આશય કંપનીને છેતરવાનો નહોતો. એ પ્રકારનાં કોઇ જ લક્ષણો એમને પોતાનામાં જોવા મળેલાં નહીં. એમનાં પત્નીના કહેવા મુજબ, જિંદગીમાં ક્યારેય તાવનીય ગોળી એમણે લીધી નહોતી. વીમો લીધો એના પછી ઘટેલી એક ઘટનાને લીધે કૅન્સરની આખી વાત બહાર આવેલી. બે'ક વર્ષ પહેલાં એક રજાના દિવસે, સવારે શાન્તુભાઈ હટાણું કરવા તાલુકા મથકે જવા નીકળ્યા હતા. બસની વાર હતી, તે ચાની દુકાને ઊભા-ઊભા છાપું વાંચતા હતા, ત્યાં જ અચાનક બસ આવી. કંડક્ટર નીચે ઊતરીને પેશાબ કરવા ગયો. ડ્રાઈવર રોજની માફક બસને રિવર્સ કરવા ગયો. અરીસામાં બરાબર દેખાયું નહીં. ને ભટકાયો સીધો ચાની દુકાને. શાન્તુભાઈને ધક્કો વાગ્યો. પડી ગયા.અને ત્યાં ને ત્યાં જ બેભાન થઈ ગયેલા. બસ, એ દા'ડાથી પેટમાં ઝીણો-ઝીણો દુ:ખાવો રહ્યા કરતો હતો. બે-ત્રણ મહિના પછી અમદાવાદ સિવિલમાં તપાસ કરાવી ત્યારે ખબર પડેલી કે એમને તો સ્વાદુપિંડનું કૅન્સર છે.

એમના બધાય ઓરિજિનલ રિપૉર્ટ મેં લઈ લીધા હતા. મેં જોયું કે અહીં કોઇ મને ઓળખતું નહોતું, તેથી ઈન્વેસ્ટિગેશનમાં

ઘણી સરળતા થઈ રહી હતી. શેરીનાં ત્રણ-ચાર ઘરનાં માણસો અને તલાટી તેમજ સરપંચની પણ પૂછપરછ કરી હતી. ઉત્તર તરીકે બધાંયના હોઠ પર એક જ શબ્દ આવ્યો હતો : કૅન્સર..! ક્લેઈમ સૅટલ થવો મુશ્કેલ હતો. બલકે, અશક્ય. શાન્તુભાઈ ભૂતકાળમાં ભલે મારા ગુરુજી રહી ચૂક્યા હોય, પણ સંસ્થા પ્રત્યેની મારી વફાદારી અને નૈતિક મૂલ્યો સામે એનો કશો જ અર્થ નહોતો. મને પેલા એજન્ટ પર બરાબરની ખીજ ચડી. એની ઍજન્સી તો હવે ભગવાન જ બચાવી શકશે..

ગાડી ગામના કાચા-ઉબડખાબડ માર્ગ પર ચાલવા લાગી. હું આંખો મીંચીને બેસી રહ્યો. ઇન્વેસ્ટિગેશન કાગળ પર પૂરું થયું હતું. એ વાતને લીધે આમ તો નિરાંત અનુભવાવી જોઈએ. પરંતુ; કોણ જાણે કેમ, મારો માંહ્યલો મને હજીય ઢંઢોળ્યા કરતો હતો. એ મારી આંતરિક તપાસ કરીને મને બરાબરનો તાવી રહ્યો હતો. ફાટેલો શર્ટ અને થીગડાંવાળી ચડ્ડી પહેરી સંકોચ સાથે મારી સમક્ષ અદબ વાળી ઊભેલો, શાન્તુભાઈનો; સોળ વર્ષનો દીકરો રહી રહીને મારી આંખ સામે આવી જતો હતો. એમના ઘરમાં બેસીને હું જોઈ રહ્યો હતો. વાંકા વળી ગયેલા મોભ. અને ઠેકઠેકાણેથી ઊખડી ગયેલા માટીના પોપડા. ઘરમાં લાઈટ નહોતી. છત પરનાં અસંખ્ય કાણાઓમાંથી પસાર થઈને આવતા સૂર્યપ્રકાશના આધારે રિપૉર્ટ ભરાતો હતો. મને નવાઈ લાગી રહી હતી. એ વખતે ગામમાં જ્યારે પતરાંવાળા ઘરમાં રહેનારની લોકોને ઈર્ષ્યા થતી, ત્યારે સાહેબ ધાબાવાળા મકાનમાં રહેતા હતા. અને અત્યારે ?

વયોવૃદ્ધ સરપંચ કહેતા હતાઃ સાહેબ..! માસ્તરોને પૅન્શન તો ચેટલું મળે ? ખર્ચામાં તૂટી જ્યા'તા, બિચારા..! ધાબાવાળું ઘર કાઢીને આ લીધું. જમીનનું એક ડગળું હતું તેય નાખી દેવાના ભાવે વેચી કાઢ્યું. જીવ્યા ત્યાં લગણ કોઈની સામે હાથ લંબાવ્યો નહીં. એ હતા ત્યાં સુધી તો ઠીક મારા ભૈ..! પણ હવે એમની બૈરી અને છોકરાને ખાવાનાય સાંસા પડે છે. ઘરનો મોભ તૂટી પડે પછી હું થાય ? આ છોકરો, આ વર્ષે દસમામાં છે. ભણવામાં હુંશ્યાર છે. પણ એના આગળના ભણતરનું શું ? માટે એક વિનંતી છે, સાહેબ..! અમે જાણીએ છીએ કે, માસ્તરને કૅન્સર હતું. પણ આમાંથી એને બે પૈસા મળે અને એનું ભવિષ્ય સુધરતું હોય તો એકલો હું નહીં; આખું ગામ જૂઠું બોલવા તૈયાર છે.

- સૉરી, કાકા..! એક તો હું બીજા અધિકારીઓ જેવો નથી..! અને આ તો સંસ્થાના નીતિ-નિયમોની વાત છે. મારી લાખ ઈચ્છા હોય તોય એના વિરુદ્ધ જઈને મારાથી કશુંય ન થઈ શકે, એટલે..!

એક ધક્કો આવ્યો. ગાડી ખાડાખડિયાવાળો રસ્તો છોડી પાકા રોડ પર ચડી એ સાથે જ આંખો ખૂલી ગઈ. સામે નજર પડી. હાઈસ્કૂલનું મકાન ધીરે-ધીરે પસાર થતું હતું. ના, કેવળ પસાર જ થતું નહોતું. મને, કોઈ બીજી જ દુનિયામાં લઈ જતું હતું. ઉઘાડી આંખે દેખાતું હતુંઃ આચાર્યની ઑફિસ બહાર; અદબ વાળી, નતમસ્તકે ઊભેલો એક છોકરો.. અને દરવાજા વચ્ચે ઊભેલા આચાર્યનો ઉગ્ર અવાજ :

- તારી માને આજે બોલાવી લાવવાનું કહ્યું હતું ને ?

- સાયેબ.. એ તો મજૂરીએ જૈ સ..!

- આજે છેલ્લો દિવસ છે. ફી નહીં ભરે તો ફૉર્મ નહીં ભરાય. વાર્ષિક પરીક્ષા આપવા નહીં મળે, એની ખબર છે?

- પણ સાયેબ.. મારી મા કે'તી'તી કઅ.. મજૂરીના પૈશા અજી આયા નહીં, એક અ..

- સારું.. તો પછી હવે આવતા વર્ષે વાત, જા..! : કહીને આચાર્ય ઑફિસમાં સરકી ગયા હતા.ત્યાં જ આ વાર્તાલાપ સાંભળી બાજુના સ્ટાફરૂમમાંથી શાન્તુભાઈ સાહેબ બહાર આવેલા. બીજી પળે એ રડતો-રડતો, ભાંગેલા પગે ઑફિસનાં પગથિયાં ઊતરી ગયો હતો. શાળાના મુખ્ય દરવાજે પહોંચી એકવાર પાછું વળીને જોયું તો ઝાંખું-ઝાંખું દેખાયેલું : શાન્તુભાઈ સાહેબ આચાર્ય સાથે કશીક મસલત કરી રહ્યા હતા..

બીજી જ ક્ષણે માનો ચહેરો દેખાયો. ઍસ.ઍસ.સી.માં સારા માર્ક્સ આવ્યા; અને આગળના અભ્યાસ માટે તાલુકાની સ્કૂલ-હૉસ્ટેલમાં મફત ઍડમિશન મળી ગયું એ વાતનો એને ખૂબ હરખ હતો. એ છેક નૅળિયા સુધી વળાવવા આવેલી. છૂટાં પડતી વખતે અષાઢી પરોઢના ધૂંધળા ઉજાસમાં એણે શીખ બંધાવેલી : હારું ભણજે, મારા શિયા..! ઘરના ઑરતા કદી લાવતો નંઈ..! મું તો આજ સું નં કાલ્ય નહીં.. અનં એક વાત કાયમ ઈયાદ રાખજ્યે; જીવનમાં ગમ્મં એટલો મોટો થૈ જાંય. પણ, આ વેળા કદી વિહરતો નંઈ..!

હું સહસા ચોંકી ઊઠ્યો. મારા કપાળે પરસેવો વળી આવ્યો. મારાથી બૂમ પડાઈ ગઈ : મા...આ...આ..!

- કેમ બૂમ પાડી ? કંઈ થ્યું, સાહેબ ? : માનસિંહે ગાડીને એકદમ બ્રેક મારી.

- મને ? ના, ના..! : મારી જીભ થોથવાવા લાગીઃ તને કદાચ ભ્રમ થયો હશે.!

- ઓ.કે. : કહીને એણે ગાડી ફરીથી સ્ટાર્ટ કરી. મેં ત્રાંસી નજરે ફાઈલ તરફ જોયું. પીળા રંગની ફાઈલ પર અસંખ્ય વીંછીઓ આમતેમ દોડતા હતા. કોઈ કાળા, કોઈ પીળા.. ડંખ મારવા તત્પર થયેલા તીક્ષ્ણ, ઝેરભર્યા ટટ્ટાર આંકડા.. આંખો પટપટાવી જોયું તો પાછા ગાયબ. મેં ફાઈલ હાથમાં લીધી. કશુંય વિચારું એ પહેલાં તો અષાઢની વહેલી પરોઢ... મા... આચાર્ય... શાન્તુભાઈ સાહેબ... એક ઢાળિયું ઘર... એમનાં પત્ની... દીકરો... સરપંચ... અડોશી-પડોશી... બધાંય એકસામટાં ધસી આવ્યાં. મેં ફાઈલમાંથી ઈન્વેસ્ટિગેશન રિપૉર્ટ બહાર કાઢ્યો. બીજી જ ક્ષણે એના ટુકડે-ટુકડા કરી બારી બહાર છૂટ્ટા વેરી દીધા. પછી એ ટુકડાઓની રમત નિહાળવા લાગ્યો. થોડીકવાર હવામાં હાલક-ડોલક થઈ; ઘૂમરીઓ ખાતા, જમીન પર આવી સ્થિર થવાની મથામણ કરતા કાગળના એ અગણિત, નાના ટુકડાઓ સામે જોતાં-જોતાં મેં ડ્રાઈવરને આદેશ કર્યો :

- માનસિંહ, ગાડી રિવર્સ લઈ લે..! સાક્ષીઓના જવાબ ફરીથી લેવા પડે એમ છે...!

માનસિંહે ડઘાઈને મારી સામે જોયું હશે. પણ, મારી નજર તો હજીય બહાર જ હતી. ચારેકોર, ઊતરતા ચૈત્રના કાળઝાળ તડકાનું શુષ્ક સામ્રાજ્ય ફેલાયેલું હતું. ને તોય આખો વગડો ભીનો-ભીનો કેમ લાગતો હતો મને ?

૬, પુષ્પકુંજ સોસાયટી, ગુરુકુળ હાઈસ્કૂલ સામે,
કાંસા રોડ, વિસનગર-૩૮૪ ૩૧૫. (ઉ.ગુ.)
મો. ૯૪૨૭૪૫૯૩૦૫

દીકરા, તમે કઈ કક્ષાના ?...

- અલતાફ પટેલ

પહેલીવાર બંને દીકરાનો આગ્રહથી મોહનભાઈ ને તેમનાં પત્ની જયાબહેને અમેરિકાની ધરતી પર પગ મૂક્યો ત્યારે કોઈક અદ્‌ભુત દુનિયામાં આવી ગયા હોય એમ સતત આશ્ચર્યથી પસાર થતા રસ્તાઓ, તોતિંગ બિલ્ડિંગો, મોલ્સ અપલક તાકી રહ્યા હતા, અમેરિકા એક અદ્‌ભુત દુનિયા જ ગણી લ્યોને... મુંબઈ જેવા ગીચ શહેરમાં ભાડાના એક નાનકડા મકાનમાં રહી ચૂકેલા તેમના બંને દીકરાઓએ એવા સખત પ્રયત્નો ને નિષ્ઠાથી અભ્યાસ કર્યો કે બંને એન્જિનિયર થયા ને માતા-પિતાના આશીર્વાદથી બધું એટલું સરળતાથી ગોઠવાઈ ગયું કે સપનું જ લાગે... હા, કોલેજમાં બંનેની મોટી ફી ભરવાનો સમય ખૂબ જ કપરો બનેલો પણ મોહનભાઈના જૂના પાડોશી મિત્ર કરીમભાઈનો સંજોગવસાત્ એવો ભેટો થઈ ગયો કે ફીની સમસ્યા એમણે જ ઉકેલી આપી, કરીમભાઈ તેમની કોમનાં બાળકોના અભ્યાસ માટે તો મોટી રકમ ખર્ચતા હતા પણ તેઓ દઢપણે માનતા હતા કે મહંમદ પયગમ્બરસાહેબ રહેમતુલ આલમીન એટલે કે સમગ્ર વિશ્વ માટે રહેમદિલ છે. તો પછી નાતજાતનો ભેદ જ શો ? એમની એ પવિત્ર સમજશક્તિએ પરચો એવો બતાવ્યો કે મોહનભાઈના બંને બાળકોની ફી જાતે જઈને ભરી આવ્યા. મોહનભાઈ એમને એ દિવસે ભેટી પડયા... તમારા જેવા ઓલિયાનાં દર્શન કરી હું ખરેખર ખૂબ પ્રભાવિત થયો છું. બંને દીકરાઓ આનંદ ને દિપકે પણ તેમના આશીર્વાદ લીધા... હમ આપકો કભી નહીં ભૂલેગેં ચાચાજાન...

કરીમભાઈએ જતાં જતાં બંને બાળકો માથે હાથ મૂકતાં એટલું કહ્યું : મા-બાપ કા ખૂબ ખ્યાલ રખના. ઈન્કા કભી દિલ મત દુખાના...

અમેરિકા સેટલ થવામાં બંને દીકરાઓને ઓછી મહેનતે ઘણું મળી ગયું... નસીબ તો જુઓ, બંને દીકરાઓને ત્યાંની જ ગુજરાતી છોકરીઓ જે અમેરિકા રહેવા છતાં બધી રીતે સંસ્કારમાં સહેજે ઊણી ઊતરે નહીં તેવી મળી ગઈ... સોનામાં સુગંધ ભળે એમ બંને દીકરાઓનું જીવન મઘમઘતું થઈ ગયું... મોટો દીકરો આનંદ ને નાનો દીકરો દિપક બંને વિવેકમાં એક બીજા ચઢે એવા... કયાંય પણ કાચું કપાય નહીં તેની તેઓ ખૂબ જ તકેદારી રાખતા... ભેગા મળીને બંનેએ માતા-પિતાની ટિકિટ ને બધી વ્યવસ્થા કરી બોલાવી લીધા... તેમના હરખનો તો પાર જ નહોતો...

જ્યારે ન્યૂયોર્કના એરપોર્ટ પર ઊતર્યા ત્યારે મોટો દીકરો આનંદ ને નાનો દિપક બંને સજોડે લેવા આવ્યા ત્યારે દિપક જીદે ચઢયોઃ મમ્મી-પપ્પા મારી સાથે પહેલાં રહેશે...

આનંદે તેને સમજાવ્યો : દિપક હમણાં મમ્મી પપ્પા મારી સાથે રહેશે પછી જ્યારે તે કહેશે ત્યારે તને હું ફોન કરીશ તો તું મહેમાન આવજે ને સાથે તેમને લેતો જજે... જો તને સમય નહીં હોય તો હું મૂકવા આવીશ તું ચિંતા ના કર...

પણ દિપક નાનપણથી જ જકકી ખરો... તે મોહનભાઈ ને જયાબહેનને પોતાની સાથે જ પ્રથમ ઘરે લઈ જવા આનંદને મનાવી લીધો...

દીકરા દિપકનું ઘર જોઈ મોહનભાઈ ને જયાબહેન ખૂબ જ ભાવ વિભોર થઈ ગયાં... કલ્પનામાં પણ ના આવે તેટલો સુંદર બંગલો, આગળ નાનકડો ગાર્ડન... ગાર્ડન વચ્ચે ફુવારો... અનેક જાતનાં સુંદર કોમળ ફૂલોની હારમાળા... ગાર્ડનમાં જ લીમડાનાં, નીલગીરીનાં વૃક્ષો... બધું જ મનને તાજગીથી ભરી દે તેવું શીતળ વાતાવરણ... દિપકની એક આઠ વર્ષની દીકરી નમ્રતા... એને પણ ખૂબ જ લાડથી પણ સંસ્કારથી ઉછેરે... દાદા-દાદી વિશે દિપકને તેની પત્ની સોનમ ઘણીવાર વાતો કરે છે. તેમની સાથે કેવું વર્તવું તેની પણ સૂઝ આપે... અને એટલે જ નમ્રતા દાદાદાદી પાસે અવારનવાર આવે... તેમને જોઈતી દરેક વસ્તુ દોડીને લઈ આવે... કયારેક તો દાદીના પગે તેલ માલીસ કરી આપે તો દાદાના પગ પણ દબાવી તેમના આશીર્વાદ મેળવે... દિપકે માતા-પિતા માટે એક અલગ જ ઓરડો તૈયાર રાખેલો જેમાં ટીવી, ફ્રીઝ બધું જ સુંદર રીતે ગોઠવાયેલું...

જોતજોતામાં પંદરેક દિવસ તો એવા વીતી ગયા કે, ખબર જ પડી નહીં... ક્યારેક મોહનભાઈ ગળગળા થઈ જયાબહેનને કહેતાઃ જયા બંને દીકરાઓ પર ઈશ્વરના આશીર્વાદ છે પણ સાચું કહું, નાનપણમાં તો હું મારા સ્વભાવ પ્રમાણે કેટલો ખિજાઈ જતો... બંનેને મારતો પણ ઘણો... ઘરમાંથી કયારેક કાઢી પણ મૂકતો... છતાં બંનેમાંથી એકે ઊંહ કરતા નહોતા... આમ છતાં મારા જેવા નિષ્ઠુર બાપને આટલો

બધો આદર આપે છે તે જોઈને મને તો ઘણીવાર એમ જ લાગે છે કે, આ સ્વપ્નું તો નથી ને... ઘણાં સંતાનો બાબતે મેં જોયું છે ને સાંભળ્યું છે કે બાળપણમાં તેમને ત્રાસ આપ્યો હોય તો મોટા થઈને પગભર થયા પછી મા-બાપનો તો બરાબર ઉધડો લઈ લે...

જયાબહેનની આંખોમાં અશ્રુ તગતગી રહ્યાં: તમે કહો છો તે તદ્દન સાચું... આપણે બાળકોને નાનપણમાં કશું જ સુખ તો ન આપી શકયા પણ બિચારાઓને બહુ આકરી કસોટીમાં જીવવું પડયું... મને તો એ સમય યાદ આવે છે ને કમકમાં આવી જાય છે...

અરે બંને શું વિચારમાં પડી ગયા... માતા-પિતાના ચરણ સ્પર્શ કરતાં દિપક ને સોનમ પાસે આવી બેઠાં...

અમે જોબ પર જઈએ છીએ... તમારે કંઈક પણ જોઈતું હોય તો લખાવી દો નહીં તો મને ફોન કરજો, હું સાંજે બધું જ લેતો આવીશ... જરા પણ ચિંતા કરશો નહીં... ફ્રીઝમાં દૂધ, જ્યૂસ બધું જ છે... કામવાળી ગંગાને બેલ મારી બોલાવશો તે બધું જ કામ કરી આપશે... નમ્રતાને સ્કૂલમાં ઉતારી અમે જોબ પર જઈશું...

જાવ બેટા શાંતિથી જાઓ... જરૂર હશે તો કહીશું...

બસ આ જ રોજનો નિત્યક્રમ થઈ પડેલો... સાંજે ડિનર પણ સાથે જ લેતા... શનિ-રવિમાં દિપક કોઈને કોઈ નવીન કાર્યક્રમ ગોઠવતો ને બધાને ફરવા લઈ જતો... બહાર સાંજે જમીને ઘરે આવતાં...

સામેથી મોટો દીકરો ને વહુ અવારનવાર ફોન કરી બંનેની ખબર પુછાવતાં... બંને માતા-પિતાના આગમનની વાટ જોઈને જ બેઠેલા...

દિપક, આવતા શનિવારે મમ્મી પપ્પાને લેવા આવીએ? સાથે તમે લોકો પણ આવી જજો એટલે રવિવારે સાથે બહાર ફરવા જઈ શકાય...

દિપક સહેજ ખચકાઈને કહે : મોટાભાઈ મારું એક કામ ન કરો...

હાં હાં બોલ એમાં ખચકાય છે શું...

હજુ એકાદ અઠવાડિયું રાહ જોઈ લ્યો તો મહેરબાની... નમ્રતા પણ આગ્રહ કરી રહી છે મોટાભાઈ સમજી જાવને...

આનંદ સહેજ અકળાયો: જો દિપક હવે તું જીદ છોડી દે... અમને પણ સેવાનો મોકો આપ... અમારી રાહ જોવાની ધીરજ હવે ખૂટવા માંડી છે... અમે તો આવતા શનિવારે આવવાના છીએ બસ...

દિપકે જોયું કે મોટાભાઈ હવે અકળાયા છે એટલે સસ્મિત તેણે વાતને ફેરવતાં કહ્યું : આવો મોટાભાઈ... કશો વાંધો નહીં... સાથે બેસીશું... ખાઈશું પીશું વાતો કરીશું.

ધેર યુ આર... આનંદના હરખનો પાર રહ્યો નહીં...

બંનેની વાતચીત ચાલતી હતી ત્યારે મોહનભાઈ ને જયાબેન તાકી જ રહ્યા હતાં એટલે ફોન પૂરો થતાં જ જયાબહેને પૂછી લીધું: બેટા આનંદનો ફોન હતો ને...?

હા, મમ્મી શનિવારે તે લેવા આવવાના છે...

દિપકનો ઊતરેલ ચ્હેરો જોઈ મોહનભાઈએ તેના ખભે હાથ મૂકયો: બેટા, ચિંતા ના કર... થોડા દિવસ પછી ફરી પાછા આવીશું... આપણી પાસે છ મહિના છે... આનંદનો બાબો બોબી પણ અમારી વાટ જોઈ રહ્યો છે...

શનિવાર આવે તે પહેલાં તો દિપક મમ્મી પપ્પાને લઈ શોપિંગ મૉલ લઈ ગયો... બંને માટે સારાં કપડાં ખરીદ્યાં... નવી મોટી બેગ પણ ખરીદી લીધી...

બેટા અમારી પાસે પૂરતાં કપડાં છે... ખોટો ખર્ચ ના કર...

પણ દિપક સાંભળે શાનો ?

નહીં મમ્મી હું આવી બધી ખરીદી કરીશ તો જ મારા મનને શાંતિ થશે... જૂના કપડાં ઘરે કોઈને આપી દેજો...

બંનેની આંખો ને હૃદય દીકરાને આશીર્વાદ આપતાં જ રહ્યાં...

સમય જતાં કયાં વાર જ લાગે છે. શનિવાર આવી પૂગ્યો... આનંદ, સુમન ને બાબો બોબી મમ્મી ડેડીને તેડવા આવી પહોંચ્યાં... ઘરમાં આનંદનો ઓચ્છવ ઉજવાયો...

તમે લોકોય દિપક સાથે જ ચાલો... કાલે સન્ડે છે સાથે ફરીશું...

સાચી વાત છે મોટાભાઈ પણ કાલે કંપનીની મિટિંગમાં મારે હાજર રહેવાનું છે... ફરી કોઈ વખત જરૂર આવીશું...

આનંદ માતા-પિતાને લઈ ઘરે આવ્યો ત્યારે તેના બંગલાની જાહોજલાલીની વાત જ ના પૂછશો... કલ્પનામાં પણ ન આવે તેવી સુખ-સગવડો ને ખાસ તો સુંદર વિશાળ ગાર્ડન જોઈને બંને ખૂબ અભિભૂત થઈ ગયા... મોહનભાઈ ને જયાબહેન ઈશ્વરના આશીર્વાદને ખૂબ જ વંદી રહ્યાં...

મમ્મી પપ્પા કોઈ વાતમાં ખચકાશો નહીં... બધું તમારા આશીર્વાદનું જ ફળ છે... જે કાંઈ ખાવું પીવું હોય બધું જ મળી રહેશે... આજથી તમારા લોકોની પસંદગી પ્રમાણે જ રસોઈ તૈયાર થશે...

આનંદની પત્ની સુમને એ બંનેને ખૂબ જ પ્રેમથી સમજાવ્યા...

બોબી દાદીના ખોળામાં બેસી ગયો...

રવિવારે બધાં ફરવા નીકળ્યાં તે પહેલાં આનંદે મમ્મી પપ્પાના હાથમાં એક એક કવર મૂક્યું...

આ શું બેટા... આમાં ડોલર છે તમારે શોપિંગમાં તમારી પસંદગીનું જે જોઈએ તે લઈ શકો છો... સહેજે વિચાર કરવાનો નથી... તમે તમારી પસંદગી પ્રમાણે ખરીદશો તો અમને ખૂબ જ આનંદ થશે... અને ખાસ તો કરીમ અન્કલ માટે એમને ગમતી વસ્તુઓ લેવાની ચૂકતા નહીં... અમે નાના હતા ત્યારે અવારનવાર અમે તેમના ઘરે જતાં અને ખૂબ જ વ્હાલથી રાખતા... રમકડાં લાવી આપતા, સારું ખવડાવતા... અમારી કોલેજની ફી પણ એમણે જ ચૂકવી દીધી... એમનો ઉપકાર શીદને વિસરાય...

હા બેટા, તમે આટલી ઊંચી કક્ષાએ પહોંચ્યા પછી પણ નાનામાં નાની વાતોમાં ધ્યાન રાખો છો તે તમારા હ્દયની વિશાળતા છે... આ પણ એક સત્કર્મ જ છે બેટા... કોઈએ પણ કરેલા ઉપકારને વિસરાય નહીં...

જયાબહેન વખતોવખત દીકરાની સેવાને હર્ષથી બિરદાવતાં...

એ સમયે મોહનભાઈને એક વખત મુંબઈ બજારમાં ખરીદી કરવા ગયા હતા તે પ્રસંગ યાદ આવી ગયો... આનંદ ને દિપક નવા બૂટ લેવા જીદે ચઢેલા એ સમયે મોહનભાઈએ બંનેને એક એક તમાચો એવા જોસથી મારેલો કે બંનેના કાન સૂજી ગયેલા... એ વાત યાદ આવતાં મોહનભાઈની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં... હવે એમને એ વાતનો અહેસાસ થયો કે, ભલે બાળકોને આર્થિક ભીંસને કારણે તેમની જરૂરિયાતની કે શોખની ચીજવસ્તુઓ ન અપાવી શકીએ પણ વહાલથી વર્તી તો શકાયને ? એમના પર અત્યાચાર ગુજારવાની શી જરૂર ?. કેમ કે બાળકો નિઃસહાય હોય ત્યાં સુધી પગભર થઈ જતાં ઘણીવાર એવા ઓટીવાળ બની જાય કે તેની અંદરની ધૂધવાયેલી બાળપણની વેરભાવના જાગી ઊઠે એવું ઘણા કિસ્સાઓમાં બને છે... હવે એ બધું મોહનભાઈને સમજાતું હતું પણ સમય સમયની પણ આગવી સમજ ને શક્તિ હોય છે... કડવાશ ને મોહનભાઈ ગળી તો ગયા પણ ડંખ કેમેય ખસતો નહોતો...

વચ્ચે મોહનભાઈની તબિયત બગડી તો આનંદ ને દિપક બંને દોડી આવ્યા... સારામાં સારી સારવાર કરાવી...

બેટા, સાંભળ્યું છે કે, અહીંની સારવાર ઘણી જ મોંઘી હોય છે ?... જયાબહેને દીકરાઓને કહ્યું તો દીકરાઓએ મમ્મીનું માથું ખોળામાં લઈ વ્હાલથી કહ્યું : તમારે એ બધી ચિંતા કરવાની ન હોય... તમારી પાછળ જે કાંઈ ખર્ચાશે ઈશ્વર અનેકગણું આપશે... અમારું ભાગ્ય છે કે, તમારા સેવા કરવાની તક મળી...

બેટા અમારા આશીર્વાદ હંમેશાં તમારી સાથે જ હોય છે.

કહે છે ને કે સુખના દિવસો વીતતા વાર લાગતી નથી... જોતજોતામાં છ મહિનામાં પૂરા થવામાં માત્ર દસ દિવસ જ બાકી હતા... દીકરાઓની સેવામાં દિવસો પાણીની જેમ એવા પસાર થઈ ગયા કે ક્યાંય ખબર જ રહી નહીં...

બેટા, દિવસો પૂરા થવા આવ્યા હવે ઇન્ડિયા પરત જવાની તૈયારી કરો... અમનેય ઇન્ડિયા સાંભરી રહ્યું છે... આપણું શિવજીનું મંદિર, માતાની ડેરી, આપણું હરિયાળું ખેતર, મહંમદસાહેબની તળાવને પાળે આવેલી નાનકડી મસ્જિદ, મસ્જિદમાં નિયમિત અઝાન દેનારા રમઝાનચાચા ને નમાઝ પઢાવતા પેશ ઈમામ અલીસાહેબ ખૂબ યાદ આવવા માંડ્યા છે... બેટા એટલે હવે અમારી જવાની તૈયારી કરવા માંડો...

એ બધી વાતો કરતાં કરતાં મોહનભાઈ ને જયાબહેને તો પોટલાં, બિસ્તરા પણ તૈયાર કરવા માંડેલા ત્યાં તો સાંજે આનંદ ને સુમન ઓફિસેથી આવ્યા ત્યારે તેમણે ખૂબ જ પ્રસન્નતાથી સમાચાર આપ્યાઃ મમ્મી તમારા બીજા ત્રણ મહિના લંબાવી દીધા છે...

મોહનભાઈ આશ્ચર્ય સાથે પૂછી રહ્યા : બેટા, તમે તમારી રીતે આનંદથી રહો અમારી સાથે ક્યાં વીંટળાયેલા રહેશો... અમારા આવવાથી કેટકેટલી દોડાદોડ તમને લોકોને રહે છે...

મમ્મીએ પણ ટાપશી પુરાવી : હા, બેટા વાત સાચી છે... અમને જવા દો...

વાત ચાલતી જ હતી ને દિપકનો ફોન રણકયોઃ મોટાભાઈ મને ભાભીએ ખબર આપી દીધા... ખૂબ સારું કર્યું ખૂબ મજા પડશે... તેણે વચ્ચે ઝડપથી ઉમેર્યું મોટાભાઈ, હવે મમ્મી પપ્પાને અમે લેવા આવીશું. બે મહિના અમે રાખીશું, છેલ્લો મહિનો તમે રાખશો...

આનંદને વાત ગમી નહીં પણ તેણે ખૂબ અકળાઈને સંમતિ આપી દીધી...

મમ્મી, રવિવારે દિપક તમને લેવા આવશે. અમારી ઇચ્છા તો બિલકુલ નથી પણ દિપકને તો તમે જાણો છો ને... બે મહિના પછી હું તમને લેવા આવીશ...

મોહનભાઈ ને જયાબહેનની આખોમાં ઝળઝળિયાં આવી ગયાં...

રવિવાર આવી પહોંચ્યો... દિપક ફેમીલી સાથે આવી પહોંચ્યો... એ વરસાદની રાત હતી... વાતાવરણમાં શીતળતા એટલી હતી કે બારી બહાર કશુંય દેખાતું નહોતું... આકાશ કાળું ધબ્બ થઈ ગયેલું એવા ટાણે દરવાજાની ડોરબેલ વાગી... આનંદે જઈ દરવાજો ખોલ્યો તો સફેદ ટોપી પહેરેલા એક ભાઈ અને કાળા બુરખામાં એક બહેનને તેણે દીઠાં... આશ્ચર્ય સાથે આનંદે પ્રથમ તો બંને અંદર બોલાવી લીધાં... તેમણે જોતાં જ મોહનભાઈ હર્ષથી બોલી પડયા; અરે અબ્દુલભાઈ તમે ?

મજામાં તો છો ને...

બેટા અમે રોજ સામેના ગાર્ડનમાં મળીએ છીએ... એમની સાથે અમારો સમય એટલી સરળતાથી વીતી જાય છે કે ના પૂછ... અલ્લાહનો માણસ છે...

ગળગળા સાદે અબ્દુલભાઈએ કહ્યું : આ મારી બેગમ ફરીદા છે... મારો દીકરો યુસુફ આવતીકાલે સવારે અમને વૃદ્ધાશ્રમમાં મૂકવા જવાનો છે એ અમે સાંભળી લીધું. અમે એમને સહેજે પજવતા નથી કે, અમારી કોઈ માગણી નથી તોય તેની પત્ની અવારનવાર મને ધમકાવે છે... સમયસર જમવાનું પણ આપતી નથી અને યુસુફ એનું ઉપરાણું લઈને અમને ધમકાવે છે કહે છે કે કાં તો ઇન્ડિયા ચાલતી પકડો કાં તો વૃદ્ધાશ્રમમાં... મોહનભાઈ તમારા દીકરાઓને કહી અમને ઇન્ડિયા મોકલી આપવા સમજાવી શકશો તો તમારી ખૂબ જ મહેરબાની... અમે તો રડી રડીને થાકી ગયાં... હવે સહન થતું નથી... દીકરાનું ખરાબ ન દેખાય તે માટે આ વાત અમે કોઈને કહેતા નથી... પણ હવે ધીરજ ખૂટી ગઈ છે...

વાત ચાલતી જ હતી ને સુમને ચા નાસ્તો લઈ આવી... બંનેને ખૂબ જ ભાવપૂર્વક સમજાવી નાસ્તો કરાવ્યો...

હવે અબ્દુલચાચા મારી વાત ધ્યાનથી સાંભળો... મારું મકાન ખૂબ મોટું છે તમને એનો ખ્યાલ આવી ગયો છે... અમારા નીચેના બંને રૂમ ખાલી પડ્યા છે. અંદર બધી જ સગવડ છે... તમે લોકો જરાય ચિંતા કરશો નહીં... અમે પણ તમારા દીકરા જેવા જ છીએ... તમારે જેટલું રહેવું હોય તેટલું રહો... તમને સહેજે તકલીફ નહીં પડે... તમારી દુવાથી અમારા ઘરમાં ખૂબ બરકત આવશે. અમારી પાસે સત્કર્મની આ એક ઉમદા તક છે... મારાં બા-બાપુજીને ઇન્ડિયા જવાનું જ છે એ સમયે જરૂર પડશે તો તમને સાથે મોકલી આપીશું.. બા-બાપુજીને પણ કંપની રહેશે.. અમે તો એ માટે જ ચિંતામાં રહેતા હતા...

ફરીદાબેગમ એ સાંભળી રડી પડ્યાં.. ખૂબ સમજાવી બંનેને આનંદે રૂમ ફાળવી દીધા..

એ વાતને ત્રીજો જ દિવસ હતો ને ઘરમાં સૌ સાથે મળીને સાંજનો ફરવાનો કાર્યક્રમ ગોઠવી રહ્યા હતા ને અબ્દુલભાઈનો યુસુફ તેની પત્ની સાથે આવી પહોંચ્યો... બંનેને આનંદે આવકાર્યા... અબ્દુલભાઈ ને ફરીદાબહેન ત્યાં જ બેઠેલાં... હમ તો આપ લોકો કો ઢુંઢકે થક ગયે... યુસુફ મમ્મી પપ્પાના પગમાં પડી રડી પડ્યો : મુઝે માફ કર દો અબ્બાજાન - અમ્મીજાન મૈંને આપ લોકોં કો બહુત દુઃખ દીયા... ખુદા હમેં કભી માફ નહીં કરેગા... કલ જુમ્મા કી નમાજ મેં મૌલવીસાબને બયાન કીયા ઉસ્મે ઉન્હોંને બહુત સમજાયા... અલ્લાહ કે બાદ કીસીકા મુકામ હૈ તો મા-બાપ કા... મા કે પાંવ કે નીચે જન્નત હૈં... મૈંને ઘર આકે બીવી કો સબ કુછ બતાયા. વો ભી બહુત રોયી.. હમ બહુત પછતા રહે હૈ... અબ્બા હમારે સાથ ચલે આવો... બચ્ચે તુમકો બહુત યાદ કર રહે હૈ... રો રહે હૈં... દાદા દાદી કો બુલાકે લાવ નહીં તો હમ કીસીસે બાત નહીં કરેંગે... બચ્ચે બીમાર પડ ગયે...

સૌના ચ્હેરા પર ગમગીની છવાઈ હતી... પણ દીકરાના પ્રાયશ્ચિતથી મા-બાપનું હૃદય પીગળી ગયું... સૌનો ખૂબ ખૂબ આભાર માની યુસુફ સાથે અબ્દુલભાઈએ મોહનભાઈની વિદાય લીધી... આનંદને દીપકના માથે હાથ ફેરવી તેમને ખૂબ આશીર્વાદ આપ્યા... અંધકારમાં પ્રકાશ ફેલાઈ ગયો.. મોહનભાઈને ગળે વળગી અબ્દુલભાઈ રડી પડ્યા : ઈશ્વર સૌને તમારા જેવા દીકરા આપે.. જે પોતાનાને જ નહીં પારકાને પણ પોતીકા ગણી આદર આપે... કળિયુગમાં માનવતાની સોડમ સુકાઈ નથી ગઈ... માનવતા પાતાળમાં ઊતરી નથી ગઈ... વિશાળ જગમાં કેટલાય વિશાળ હૃદયના સજ્જનોથી આ ધરતી ક્યારેય સુકાઈ નથી કે સુકાશે પણ નહીં... હરિયાળી લહેરાતી જ રહેશે...

સાત સમંદર પાર કરના મુમકિન હૈ અલતાફ,

મા-બાપ કા અહેસાન ઉતારના નામુમકિન સમજ લેના...

૬૫૮/૧, અમન સોસાયટી, મદિના, સેક્ટર-૨૯,
મસીહા - અસ્રા મદિના મસ્જિદ પાસે,
ગાંધીનગર. મો. ૯૪૨૬૩૫૬૭૫૯૫





વન મોર ચાન્સ ડેડી...!

- અતુલકુમાર વ્યાસ

રાત્રિના સાડા દસ થવામાં હતા. એક બે-ત્રણ અને ચાર પેગ પછી એ અટક્યો ન હોત જો... બાર બંધ થવાનો સમય થયો ન હોત...! બાર રૂમની સપ્લાય વિન્ડોનું શટર બંધ થયા પછી અરધી કલાકે બાર રૂમ બંધ થઈ જાય છે, એ એને ખબર હતી... ધીમા ડગલે બાર રૂમમાંથી બહાર નીકળીને એ.સી. બીચ પર પહોંચ્યો હતો. ડ્રાઈવ કરવા જેટલી સ્વસ્થતા ન હતી. એટલે બાર પર જ કાર છોડી એ ચાલ્યો... એને લાગતું હતું કે જીવનની દિશાઓ બંધ થઇ રહી હોય ત્યારે વિરાટ સાગરના કિનારે સ્પર્શીને સમુખદ્રના અખૂટ જળનિધિમાં લુપ્ત થઇ પાછી જતી લહેરો એને આવકારતી રહે છે અને એ દોડી આવ્યો આ અફાટ સમુદ્રના ખુલ્લા પટમાં, ઠંડકથી પ્રસરતી મંદ હવામાં... હવાઓની લહેરખીના વહાવ સાથે એનું શરીર પણ લહેરાઈ રહ્યું હતું... અહીં એક સાગર હતો અને એક ધરતી હતી... એને સહારો આપવા આવકારતી હવાઓમાં એને સમુદ્રનો ઘુઘવાટ સંભળાતો હતો.

દૂર એક કલાકારે સમુદ્રની રેતમાં દેવી દેવતાઓ, અપ્સરાઓ, યક્ષો, ગાંધર્વો અને રૂપકન્યાઓને એની કલ્પનાઓ એ આકાર આપ્યો હતો. રૂપકન્યાઓમાં એને માયા યાદ આવી એ રૂપકન્યા જ હતી. અશ્લીલ નૃત્ય કરતી, શૃંગાર કરતી, અનેક નયન મુદ્રા અને હસ્તમુદ્રાઓ કરી પુરુષોને આકર્ષતી, માયા પાસે એનો એક દોસ્ત નિમેષ લઈ ગયો હતો, એણે કહ્યું હતુંઃ યાર, તારી એકાન્ત જિંદગીને માયા જેવી એક સ્ત્રીની જરૂર છે... દિવસભરની થકાનથી છૂટવા માટે માયા જેવી છોકરીઓ સ્લીપિંગ પીલ્સનું કામ કરે છે...! એણે માયાને જોઈ હતી. સરસ રૂપાળી કાચની પૂતળી જેવી... એ માયા પાસે જતો, માયા એને રીઝવવા શહિરને અડપલાં કરતી, એ બેઠો રહેતો. થોડું બેસતો ને નીકળી જતો... માયા માંડ બાવીસેક વરસની હતી...!

- એટલે માયા આસ્થા કરતાં ચારેક વરસ મોટી ગણાય...! ઓહ ગોડ...!

એની સામે એક દરિયો ઘૂઘવતો હતો એ પણ ખારો હતો અને એના અંતઃકરણમાં ઘૂઘવતો દરિયો પણ ખારો ઊસ હતો... આજે પૂનમ હતી... સાગરમાં ભરતી ચઢી હતી. લહેરો પાગલ થઈ ઊઠતી જ્યારે પૂનમનો ચંદ્ર ખીલ્યો હોય...! એના અંતઃકરણમાંય આજે ભરતી ચઢી હતી.

આજે પૂનમ હતી...ને એ દિવસે પણ પૂનમ હતી...!

''મિ. ઈશાન દલાલ...! નશામાં ચકચૂર ભટકી રહ્યા છો...?'' એના કાને આ શબ્દો પડ્યા, ત્યારે એ ભીની રેતીમાં આળોટતો હતો... ને એણે અવાજની દિશામાં ઊંચે જોયું : ''અરે આયુષી તું...? ઓહ... આઈ એમ સો સોરી... યાર આજે થોડું વધારે લેવાઈ ગયું. સો સોરી... ''એ બબડ્યો. પણ આયુષીના ચહેરા પર ગુસ્સો હતો... એ બોલી : ''તું બે પેગથી વધારે લઈ લે છે પછી તને ભાન નથી રહેતું, એ ખબર છે ને...? અને આમ અહીં અરધી રાત્રે દરિયા કાંઠે શું કરે છે...? ઘેર નથી જવું...?''

''સોરી... ડાર્લિંગ... ''એણે ઊભા થવાનો પ્રયાસ કર્યો. પણ ગોઠણથી શરીર ઊંચું જ નહોતું થતું.. એણે ઊંચે જોયું : ''એ યાર, આયુષી... પ્લીઝ થોડો સપોર્ટ કરને... સોરી યાર, ''ઈશાનનો લંબાયેલો હાથ હવામાં અદ્ધર હતો... ત્યાં કાળામેશ અંધકાર સિવાય કોઇ ન હતું... એણે આસપાસ જોયું... ઓહ... ફરી ઘૂઘવતા ખારા સમુદ્રની એક લહેર આવીને દરિયાના કાંઠાને ભીંજવી ગઈ અને એની આંખેય ખારાશ ફેલાઇ ગઇ. નઘરોળ એકાન્ત એને કોરી ખાતું હતું... જીવનમાં કોઇ આસપાસ ન હતું એમ અહીં પણ એની આસપાસ રહેલા તમામ ચહેરાઓ અજાણ્યા હતા. નાનકપુરા મેન્ટલ પેશન્ટ રિહેલિટેશન સેન્ટરના એક સેનેટોરિયમ નામની ખૂબ સૂરત જેલમાં ડબકા ખાતી એની આયુષી હવે રહી ન હતી. એક મહિના પહેલાં થોડા દિવસ માટે એને અહીં મુંબઇ લઇ આવ્યો ત્યારે એ સરસ રીતે બિહેવ કરતી હતી, પણ અચાનક જ આસ્થાને યાદ કરીને બૂમો પાડવા માંડે, રડે, કકળે.. માથું કૂટી રડ્યા કરે... ક્યારેક એક બીજા માટે અવિશ્વાસ થઈ આવતો... એ પાગલ નહોતી. લાગણીશીલ હતી. એને જે માનસિક બીમારી હતી એનું નામ સીઝોફેનિયા છે...!

આસ્થા અચાનક જ ન રહી !

સાંજ ઢળે એટલે સ્કોચ વ્હિસ્કી ઈશાન પર સવાર થઇ જતી... દરરોજ એકલો બારના એક ખૂણામાં બેસીને એક પછી એક પેગ પીતો... અને પછી સાગરના કિનારે દોડી આવતો... ઠંડકની ફટકી લાગતી એટલે એનો નશો બેવડાઇ જતો... અહીં ભીની રેતમાં અરધી રાત સુધી આળોટતો રહેતો... કોઇવાર શરીર સ્વસ્થ હોય તો ઘેર પહોંચી શકતો... કોઈવાર વહેલી પરોઢ સુધી અહીં જ આળોટતો રહેતો. ઘેર જવાની એને કોઇ ઉતાવળ નહીં. કેમકે હવે ઘેર રાહ જોતું કોઇ બેઠું ન હતું. આયુષી અને લાડલી આસ્થા તો દૂર ચાલી ગઈ...

ઈશાનને હંમેશાં ભેંકડો તાણીને રડવાનું મન થતું... એને લાગતું કે એણે મનભરીને રડવું જોઇએ એટલું એ

રડી શક્યો નથી... રડી શક્તો ન હતો એટલે એનું રડવાનું જન્મોજન્મ બાકી રહી જશે... વ્હિસ્કીના ચાર પેગ પછી ઠંડા પવનની ફટકી લાગતી ત્યારે અનેક વાર એ એક્લો બેસીને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યો હતો... બરાડા પાડીને રડતો... સાગરના પટની રેતી એનાં આંસુની ભીનાશથી થોડી વધુ ભીંજાઇ જતી... પછી સૂનમૂન સાગરનાં ઉછળતાં મોજાઓની સામે તાકી રહેતો... આંખો ભીની હતી... કદાચ આંસુ સતત વહેતાં રહેતાં હશે... એકઠાં કરવામાં આવે તો એ દરિયો ભરાઈ જાય... ઈશાનનું મન વલોવાતું રહ્યું પણ એ સ્વીકારી શક્તો ન હતો કે આસ્થા હવે જીવતી રહી નથી.

એ આસ્થા જેનું બાળપણ ઈશાનની હથેળીઓમાં ઉછર્યું હતું. આસ્થાના જન્મ પછી એણે અને આયુષીએ બીજા બાળકની અપેક્ષા રાખી ન હતી. શરૂઆતમાં આયુષીએ બીજા બાળક માટે તૈયારી બતાવી હતી પણ ઈશાન કહેતો : "આયુષી, હું નથી ઈચ્છતો કે આપણો પ્રેમ બે બાળકો વચ્ચે વહેંચાઈ જાય અને એના લીધે આસ્થાને કોઈપણ પ્રકારે અન્યાય થઈ જાય...! આપણે આસ્થાને અનહદ અને અનર્ગળ પ્રેમથી ઉછેરીશું. આસ્થા બાળપણથી જ હતીય એવી કે દુશ્મનનેય વહાલી લાગે...! છેક દસમીમાં આવી ત્યાં સુધી દરેક વર્ષે અવ્વલ જ આવી હતી... એટલી હોંશિયાર...! હંમેશાં ઉછળતી કૂદતી રહેતી. પપ્પાની વહાલી દીકરી એ દિવસે સાવ ગંભીર લાગતી હતી. જ્યારે એ આસ્થા આયુષીના ગળામાં એના બેય હાથ હારની જેમ વીંટાળીને નીચું મોં રાખીને કહેતી હતી ? મમ્મી, મને થોડા પૈસા આપને..."

"શા માટે...?" આયુષીએ પૂછ્યું હતું.

"માય ડિયર મમ્મી," આસ્થા નીચી નજરે શરમ સાથે કહે છે : "મારે માટે નવી બ્રા લાવવી છે મમ્મી."

- એ વખતે ઈશાનને એક આંચકો લાગ્યો હતો, એને વિચાર જ નહોતો આવ્યો કે એની દીકરી આસ્થા આટલી જલદી મોટી થઇ ગઇ છે, જેને એ નાની માસુમ બાળકી માનતો હતો એ યુવાનીના ઉંબરે આવી પહોંચી હતી... ઈશાન એનો પિતા હતો. એને દીકરી નાની લાગતી હતી પણ આસ્થા કેટલીક મલિન આંખોના ધ્યાનમાં આવી ગઇ હતી, જે આંખોમાં વાસનાઓ ધખધખતી હતી. આસ્થાને દઝાડવા બે આંખો એનો પીછો કરતી રહેતી હતી એની બિચારી પારેવડી જેવી આસ્થાને કલ્પનાય ન હતી, ને એકવાર તક મળી ત્યારે એ વહેસી આંખો એકાન્તમાં ફફડતી આસ્થા પર મંડાઇ અને આસ્થા પીંખાઇ ગઇ...! વાસનાના ધગધગતા જ્વાળામુખીમાં એ માસુમ બાળકી જલી મરી.

શહેર પોલીસે ફોન કરીને ઈશાન અને આયુષીને બોલાવ્યા ત્યારે નિર્જન સ્થળે આસ્થાનું લોહીઝાણ શરીર નિષ્પ્રાણ પડ્યું હતું. આયુષી એની દીકરીના એ લોહીઝાણ શરીર અને બેરહેમીથી ફાડીને ફેંકી દેવામાં આવેલાં એનાં વસ્ત્રો સામે ફાટી આંખે તાકી રહી. આસ્થાને ઓઢાડેલાં સફેદ કપડાં પર લોહીના લાલ ડાઘ ઉપસી આવ્યા હતા..., એની બંધ આંખોમાંથી વહેલાં આંસુઓ એના ગાલ પર આવીને સુકાઈ ગયા હતાં. એના ચહેરા અને હોઠ પર લોહીના ટશિયા ફૂટી આવ્યા હતા... ત્રણ જ દિવસ પહેલાં આયુષી આસ્થાને અપાવેલાં કાનનાં એરિંગ એના કાનમાંથી બેરહેમીપૂર્વક ખેંચાયાં હતાં. એટલે કાનની બુટ પર લોહીના ધારા વહી નીકળીને થીજી ગઇ હતી... આયુષીની આંખો ફાટી રહી હતી... એ આસ્થાના શરીર પાસે ઢગલો થઈને બેસી પડી... અનેક લોકો એકઠા થયા હતા. પોલીસે કાગળોમાં ઈશાનની સહીઓ કરાવી, આસ્થાનું શરીર એને સોંપ્યું.

પણ એ આસ્થા ન હતી. એનું મૃત શરીર હતું. જે ભડભડતી ચિતામાં જલીને રાખ થઇ ગયું...!

આયુષીને મેન્ટલ ડિસોર્ડરનો એટેક આવ્યો. એ મેન્ટલ રિહેલિટેશન સેન્ટરમાં પહોંચી ગઈ, ને આખરે એ પણ...! પરિવાર પૂર્ણ થઇ ગયો... અને પોતે અહીં આ દરિયાકાંઠે નશામાં ચકચૂર રખડતો ભટક્તો આળોટતો રહ્યો... બધુંય અર્થશૂન્ય...! આખુંય જગત જાણે સાવ અર્થશૂન્ય બની ગયું. ઓહ ગોડ...! આજે ચાર પેગનોય નશો નથી આવતો, આસ્થા અને એની સ્મૃતિઓથી દૂર ભાગવા એ મથી રહ્યો હતો. આંખોમાં ઊંઘ ન હતી. પેટમાં પેટ ફાડી નાંખે એવી અસહ્ય જલન આસ્થાની ચિત્તાની જેમ બળબળતી હતી... આંખોની સામે ઘૂઘવતો દરિયો એની બધીય ખારાશ ઈશાનના અંતરમાં ઠાલવી રહ્યો હોય એમ મન ખારાશથી ભરાઈ ગયું હતું. એને જીવનમાં કદીય કીડીય મારી ન હતી એટલો અહિંસક હતો, પણ એને વિચાર આવતો કે આસ્થાના કુમળા શરીરને પંખી નાંખનાર રાક્ષસ એના હાથ લાગે તો આ જ હાથે એના કટકા કરી નાખે...!

દૂર દરિયાના એક ખડક પર આસ્થા બેઠી હતી. ઈશાન તાકી રહ્યો... અરે આસ્થા... તું...?

એ નજીક આવ્યો પણ આસ્થા એની તરફ જોતી જ ન હતી. પહેલાં એને લાગ્યું કે એ આસ્થા નથી પણ કાંસાની બનાવેલી આસ્થાની મૂર્તિ છે... ઈશાન બોલ્યો : "આસ્થા, દીકરી કેમ આમ મારી સામે જુએ છે...? હું... ઈશાન તારો ડેડી..." આસ્થાએ એની તરફ જોયું... પણ એને ઓળખતી ન હોય એમ તાકી રહી. એ કશુંક બોલવા જતી હતી ત્યાં એને સામે ઊભેલી એક વ્યક્તિએ આંગળી નકારમાં હલાવીને ઈશારાથી ના કહીને બોલતી અટકાવી દીધી. ઈશાને એ વ્યક્તિ તરફ જોયું. એણે સફેદ કપડાં પહેર્યાં હતાં. એ ચર્ચના પાદરી જેવો દેખાતો હતો. એને ફ્રેન્ચ કટ દાઢી રાખેલી હતી. એના અરધા પોણા વાળ સફેદ થઈ ચૂક્યા હતા. ઈશાને ફરી આસ્થા સામે જોયું

તો આસ્થા દરિયા તરફ મોં રાખીને જોયા કરતી હતી. ઈશાન એને બોલાવવા પ્રયાસ કરતો રહ્યો પણ આસ્થા એની તરફ ફરીને જોતી જ ન હતી... એકાએક પેલા પાદરી જેવા દેખાતા માણસે આસ્થાને કહ્યું : ''આસ્થા, લેટ અસ ગો... ડિયર.''

આસ્થા એ સફેદ કપડાવાળા પાદરીનું કહેવું તરત માની ગઈ અને દરિયાના ખડક પરથી ઊતરીને એની આંગળી પકડી ચાલતી થઇ. ઈશાન એની પાછળ થયો... એને લાગ્યું કે આ વ્યક્તિએ આસ્થા પર કશુંક જાદુ કરી નાખ્યો છે, આસ્થા તો જીવે છે, એની સામે જુએ છે પણ એને ઓળખી શકતી નથી. કદાચ પેલી બળાત્કારનો ભોગ બનેલી મૃત છોકરી જે એને અને આયુષીને પોલીસે બતાવી એ ખરેખર આસ્થા ન પણ હોય, કેમ કે લોહી લુહાણ થયેલો એ છોકરીનો ચહેરો બરાબર ઓળખાય એવો પણ ન હતો. એવું પણ બની શકે કે આસ્થાને આ માણસ, આ પાદરી આસ્થાને ફોસલાવીને ઉપાડી ગયો હોય...! પોલીસના રેકોર્ડ મુજબ એમ માની લેવામાં આવ્યું કે આસ્થા નામની એક છોકરી બળાત્કારનો ભોગ બનીને મૃત્યુ પામી... ખરેખર તો એ છોકરી બીજી જ કોઇ હોય... અને સાચી આસ્થાને આ પાખંડી ઉપાડી ગયો હોય...!

ઓહ ગોડ...! નક્કી આ ધર્મગુરુના વેશમાં રહેલા બદમાશે પોલીસને પણ અંધારામાં રાખીને છેતરી લીધી છે, પણ હું એને છોડીશ નહીં... એ પેલા પાદરીની પાછળ ધસ્યો... એટલે પાદરી ઉતાવળે ચાલવા માંડ્યો... એની ઝડપ સાથે આસ્થા ઘસડાતી હતી... એ પાછળ ફરીને દયાર્દ્ર આંખે ઈશાન તરફ જોતી હતી. આ પાદરીએ આસ્થાની યાદદાસ્ત કમજોર કરી મૂકી છે. પણ, ઈશ્વરની કૃપાથી કદાચ એની સ્મૃતિઓ પાછી ફરી રહી છે એટલે આસ્થા પાછળ ફરીને એની સામે તાકી રહી હતી. હા, એમ જ છે, ઈશાન એનો કાળો કોટ ખભે નાંખીને એની પાછળ ધસી રહ્યો હતો, પણ એનાં કદમો અસ્થિર પડતા હતાં. નશાને લીધે બરાબર ચલાતું ન હતું, એણે પેલા સફેદ કપડાવાળી વ્યક્તિને મોટેથી સાદ કરીને કહ્યું: ''એય, સ્ટોપ યુ. ચીટર...''

પેલાએ એની અરધી સફેદ અને અરધી કાળી દાઢી ખંજવાળતાં એના તરફ કતરાઈને જોયું. ને પછી આસ્થાની આંગળી પકડીને વધુ ઝડપી રીતે ચાલતો થયો. ઇશાન જેમ એની પાછળ ધસતો હતો... એમ એ ચાલવાની ઝડપ વધારી આગળ નીકળવા મથતો હતો. આખરે ઇશાન એને આંબી ગયોઃ ''યુ રાસ્કલ, ક્યાં લઈ જાય છે મારી દીકરીને...?'' ઈશાને એનો કોલર પકડવા પ્રયાસ કર્યો પણ એણે પહેરેલાં સફેદ વસ્ત્રને કોલર ન હતો. એટલે તેના ગળામાં પહેરેલી સફેદ મોતીની માળા ઇશાનના હાથમાં આવી ગઈ એટલે એ ખેંચાઈને તૂટી ગઈ, માળાના સફેદ મણકાઓ ફરસ પર વિખરાઇ ગયા. પેલાએ આક્રોશથી એની સામે જોયું.

ઈશાને આસ્થાનો હાથ પેલા પાદરીના હાથમાંથી છોડાવવા પ્રયાસ કર્યોઃ ''છોડ, મારી દીકરીને''

- પણ આસ્થા એ પાદરીનો હાથ છોડવા તૈયાર ન હતી... ઇશાન એને સમજાવતો રહ્યો : ''બેટા, દીકરી આસ્થા હું તારો ડેડી... પાપા... ઇશાન છું. મને ભૂલી ગઈ છે...? ''ઈશાનની સામે આસ્થા અજાણ્યાની જેમ જોઈ રહી હતી... નક્કી આ પાખંડીએ એના પર કોઈ જાદુ-ટોના કરી નાખ્યું છે. નહીંતર આ આસ્થા અને દૂરથી જોઈને દોડતી વળગી પડતી. એની બદલે એ અજાણી નજરે એની સામે જોઈ રહી હતી... ઇશાન એને સમજાવતો હતો : ''આસ્થા, મારી દીકરી...''

''સ્ટુપીડ, એ તારી દીકરી નથી અને આસ્થા પણ નથી...'' પેલા સફેદ વસ્ત્ર પહેરેલાં માણસે ઈશાનને કહ્યું : ''જો ભાઈ એ મારી સાથે આવી છે, અને એ તને તો ઓળખતી પણ નથી.''

''ઓળખે છે...!'' ઈશાને કહ્યું : ''ક્યારનીય મને પરિચિત આંખોએ તાકી રહી છે... પણ તેં એના પર કશોક જાદુ કર્યો છે એટલે એની સ્મૃતિઓ ધૂંધળી થઈ ગઈ છે.'' ઈશાને કરડાકીભર્યા અવાજે કહ્યું : ''પણ હું કાયદેસર કાર્યવાહી કરીશ, તને છોડીશ નહીં... યાદ રાખજે...''

પેલો શ્વેત કપડાં પહેરેલો માણસ ખડખડાટ હસી પડ્યોઃ ''આ છોકરી તારી હોય તો પણ તને મળશે નહીં...'' પેલા એ દાઢી પર હાથ ફેરવતા અભિમાનથી કહ્યું : ''તારો કોઈ કાયદો મારું કશું બગાડી નહીં શકે... હું આ દેશના કાયદાની પર છું...''

''કાયદાથી કોઈ પર ન હોઈ શકે...'' ઈશાને કહ્યું : ''હું એક વકીલ છું... અને કોઈ કેઈસ કદી હાર્યો જ નથી... સમજ્યો...? એક સગીર છોકરીનું અપહરણ કરવું એ કેટલો મોટો ગુનો છે એની તને ખબર નથી... હું તને કેટલાં વરસ જેલમાં સબડાવી શકું છું એ તું જાણે છે...?''

''એ મારે જાણવાની જરૂર નથી...'' એમ કહીને એ ચાલતો થયો... એણે હજીય આસ્થાની આંગળી પકડી રાખી હતી... અને આસ્થા તેની સાથે ચૂપચાપ સાવ શરણાગતની જેમ ચાલી જતી હતી... એ વચ્ચે વચ્ચે પાછળ ફરીને ઈશાન સામે જોઈ રહેતી હતી... પેલા સફદે વસ્ત્રો પહેરેલાં પાદરી જેવા માણસના ચહેરા પર આછું આછું સ્મિત હતું... એ બોલ્યો : ''તું આસ્થાને ભૂલી જા, એ તને નહીં મળે.''

''શા માટે ભૂલી જાઉં...?'' ઈશાને આક્રોશથી કહ્યું : ''એ મારી દીકરી છે, હૃદયનો ખૂણેખૂણો એની સ્મૃતિઓથી ભરેલો છે. હૃદયના પ્રત્યેક ધબકારમાંથી મને આસ્થાના નામનો પોકાર સંભળાય છે...''

ઈશાનને લાગ્યું કે એની આસપાસનું બધું ધીમી ગતિએ ગોળ ગોળ ફરી રહ્યું છે... આજે વધુ ડ્રીન્ક લેવાઈ ગયું છે...

પણ એણે સ્વસ્થ થવાનો પ્રયાસ કરતાં એની ગતિ વધારી દીધી. આંખો ચોળતો આગળ વધતો જતો હતો ત્યાં એની આંખો સામેથી પેલો પાદરી અને આસ્થા ગાયબ થઈ ગયાં... નક્કી એ નાસી ગયો.

ઈશાને આસપાસ દૂર સુધી નજર દોડાવી... આસ્થા સહેમાઈને ઊભી હતી... ઓહ...! પોતે આંખો ચોળતો રહ્યો એ દરમિયાન નક્કી એ બદમાશ આસ્થાને અહીં મૂકીને નાસી ગયો... ઈશાન આસ્થા તરફ આગળ વધ્યો... પણ એ પાદરીની પીઠ પાછળથી એટલો પ્રચંડ પ્રકાશ આવતો હતો કે ઈશાનની આંખો જ ખૂલી શકતી ન હતી. ઈશાને આસ્થા સાથે કશીક વાત કરવાનો પ્રયાસ કર્યો... પણ એ દાઢીધારીએ એને અટકાવ્યો, અને કહ્યું : ''તું એની સાથે વાત નહીં કરી શકે.''

''પણ મારે વાત કરવી છે...'' ઈશાને અકળાઈને કહ્યું: ''આઈ વોન્ટ ટુ ટોક વીથ માય ડિયર ડોટર...''

''ધેન યુ ટોક યુ મી...'' પેલાએ કહ્યું : ''તારો સંદેશો હું તારી દીકરી સુધી પહોંચાડીશ.''

''શા માટે...?'' ઈશાને દલીલ કરી : ''હું જાતે મારી દીકરી સાથે વાત કરીશ...?''

''ના - એ શક્ય નથી.'' પેલાએ કડક અવાજે કહ્યું : ''યુ કેન ટોક થ્રુ મી. ઓન્લી.''

ઈશાને ફરી ઊંચે જોઈને પેલાનો ચહેરો જોવા પ્રયાસ કર્યો. પણ પ્રચંડ પ્રકાશને લીધે એનો ચહેરો સ્પષ્ટ થતો ન હતો. ઈશાનની આંખો બંધ થઈ જતી હતી. એકાદ પળ એની સામે તાકી રહેવાથી પણ આંખોમાં ભીનાશ ઊતરી આવી એટલો પ્રચંડ પ્રકાશ હતો. ઈશાન આંખો મીંચી ગયો... એની આંખો ભારે અજવાશને લીધે બળવા માંડી હતી. એણે આંખો ચોળી બધી ભીનાશને હથેળીમાં તારવી લીધી... એને આસ્થાનો અવાજ સંભળાયો : ''ડેડી, યુ બી હેપી, એન્ડ મેક અધર્સ હેપી... ગીવ વન મોર ચાન્સ ટૂ યોર લાઈફ.. સ્પ્રેડ હેપ્પીનેસ...'' આસ્થા એકાદ પળ રોકાઈને બોલી : ''મમ્મી પણ એ જ ઇચ્છે છે ડેડી - યુ બી હેપી... એન્ડ મેઈક અધર્સ હેપી...'' પણ એણે આંખોનાં બંધ પોપચાં ખોલ્યાં ત્યારે એની આંખો સામે નર્યો ઘોર અંધકાર હતો.

ઈશાને દૂર દેખાતી દીવાદાંડીની ઘડિયાળમાં જોયું તો રાત્રિના અઢી થવામાં હતા... એણે ફરી આસપાસ જોયું. એની આંખો પેલા ખડક પર બેઠેલી આસ્થાને શોધતી હતી, ટોડ રોક જેવો ખડક હતો પણ એના પર બેઠેલી આસ્થા ક્યાંય દેખાતી ન હતી...!

- ને લથડતા પગે સરકતો એ સમુદ્રની રેત પરથી પસાર થઈ શહેર તરફ ચાલ્યો.

થોડું ચાલ્યા પછી એક તરફ લોખંડની કચરાપેટી પાસે કોઇ માનવ ઓળો જોયો. અરે... અહીં તો કોઈ ટૂંટિયું વાળીને સૂતું છે. ઈશાન લથડતા પગે એની નજીક ગયો. એ એક માણસ હતો... પણ સાવ નિર્વસ્ત્ર...! એને લાગ્યું કે એને કોઈએ મારીને નગ્ન અવસ્થામાં અહીં કચરાના ઢગ પાસે ફેંકી દીધો છે, ઈશાનને ત્યાં ઉકરડાની તીવ્ર વાસથી ચીડ ચઢતી હતી. એકવાર એ ચાલતો થઈ ગયો.. પણ થોડું આગળ જઈને એ પાછો વાળ્યો કેમ કે એણે જોયું કે એ માણસ ધ્રૂજતો હતો... જીવતો હતો ને એને ઠંડી લાગતી હતી... એ માણસના શરીર પર એક પણ વસ્ત્ર ન હતું એટલે ઈશાને ખભે લટકાવેલો એનો કાળો કોટ પેલા માણસના ખુલ્લા શરીર પર ફેંક્યો... પેલા માણસે સળવળીને કોટ શરીર પર ખેંચી લેતાં કહ્યું : ''સલામ સાબ''

''સલામ... સલામ... બોમ્બે... ''ઈશાન નશામાં બબડ્યો...ને ચાલતો થયો.

પેલો માણસ ઊઠીને એની પાછળ ચાલવા માંડ્યો... ઈશાને એને પાછળ ફરીને જોયો, એ માણસ એની પાછળ આવતો હતો... પણ એની પરવા કર્યા વિના ઈશાન લથડતા પગલે ધીમે ધીમે ચાલતો રહ્યો. ગણગણતો હતો : જિંદગી ખ્વાબ હૈ... ઔર ભલા ખ્વાબ મેં સચ ક્યા જૂઠ ક્યા...? પણ એકાએક એનું શરીર રસ્તા પરના એક ખાડામાં પટકાયું... નશામાં લથડતા પગે એને પછાડ્યો હતો... એની પાછળ આવતો પેલો અરધો નગ્ન માણસ દોડીને એની પાસે આવ્યો અને એના તરફ હાથ લંબાવતા કહ્યું : ''સાહબ, ઊઠીયે...'' ઈશાને એનો હાથ પકડીને ઊભા થતાં એને નશાના બબડાટથી કહ્યું : ''યાર મેં નશે મેં હું... મેરા કોઇ નહીં...?

''મેરા ભી કોઈ નહીં સાબ -'' પેલાએ કહ્યું : ''આપને કપડા દિયા તો મેં આપકો...''

''મે તેરા...'' ઈશાને નશામાં બબડતા કહ્યું : ''તું મેરા... મેં તેરા... ગાલિબ યહ ખયાલ અચ્છા હૈ''

પેલા માણસે ઈશાનનો હાથ પકડી લીધો... અને બન્ને સાથે સાથે એકબીજાના હાથમાં હાથ લઈને ચાલતાં થયા. ઈશાનને આસ્થાએ કહેલી છેલ્લી વાત યાદ આવતી હતી : ''બી હેપી... એન્ડ મેઇક અધર્સ હેપી... ડેડ.. સ્પ્રેડ હેપીનેસ, ગીવ વન મોર ચાન્સ ટૂ યોર લાઈફ ડેડી... મમ્મી પણ એ જ ઈચ્છે છે.''

ઈશાન મંદ મંદ હસ્યો... પછી એણે તૂટક સ્વરે કહ્યું : ''દોસ્ત, હું તને હેપી કરવા ઈચ્છું છું. તું મારી સાથે રહીશ?'' ઈશાનનો અવાજ ગળગળો થઇ ગયો : ''મારું કોઈ નથી...''

''સાહેબ - મારું પણ કોઇ નથી... પેલાએ કહ્યું

- અને ઈશાન એનો હાથ મજબૂતીથી પકડી લેતા આકાશ સામે જોઈને ખડખડાટ હસી પડ્યો...

''પ્રેમાલય'', એ-૧૦૩, એટલાન્ટિક રેસિડેન્સી, શિવમ પાર્ટી પ્લોટ સામે, વિદ્યામંદિર સ્કૂલ પાસે, ૩૦ ફૂટ નારાયણ ગાર્ડન રોડ સામે, ગંગોત્રી - વડોદરા -૩૯૦૦૨૩. મો .૯૯૨૫૮૨૫૩૯૫

ચપટીક આકાશ...

- *નીલમ દોશી*

દેવ, આજે આપણી આ અંતિમ મુલાકાત.

કેમ ? શું થયું ? એની પ્રોબ્લેમ ?

આમ તો તને આ વાત ફોનમાં જ કરવાની હતી. પણ પછી થયું કે ના, ફોન નહીં, રૂબરૂ જ વાત કરીશ.

પણ જાનકી, આખરે થયું છે શું ?

દેવ, માલવ બે દિવસ પહેલાં જ યુ. કે. થી પાછો આવી ગયો છે.

ઓહ... ઓકે... સમજી ગયો. પણ જાનકી, આપણે કોલેજના મિત્રો છીએ. આપણે એકમેકને ગમતાં હતાં. પણ આપણી દોસ્તી પ્રેમમાં પરિણમે એ પહેલાં જ તારાં લગ્ન થઈ ગયાં. આને આપણો પ્રેમ અવ્યક્ત જ રહી ગયો. નહીંતર... ખેર ! નસીબ સિવાય કોને દોષ આપું ?

યેસ દેવાયુ, એથી જ કહેવાયું હશે કે જોડીઓ સ્વર્ગમાં બને છે.

માલવ તારી જિંદગીમાં થોડો મોડો આવ્યો હોત તો. આપણી જોડી બનતા વાર ન લાગી હોત.

હકીકતે મને હતું કે બસ કોલેજની આ છેલ્લી પરીક્ષા પૂરી થાય પછી જ તારી સમક્ષ પ્રેમનો એકરાર કરીશ ને તારો જવાબ માગીશ.

બની શકે મારો જવાબ હકારમાં પણ હોત. જાનકી ધીમું હસી પડી.

બની શકે નહીં. એમ જ બન્યું હોત. મને ના પાડવાની ગંભીર ભૂલ તેં ન જ કરી હોત.

પણ માલવના નસીબ જોર કરતા હશે તે વચ્ચે આવીને મારી જાનકીનું હરણ કરી ગયો.

દેવાયુ ખડખડાટ હસી પડ્યો.

એય, દેવ, મારો માલવ રાવણ નથી હોં.

મેં ક્યાં એવું કહ્યું છે ? પણ કહી જરૂર શકું. મારી થનાર જાનકીનું હરણ કરે એને હું બીજું ક્યું નામ આપું ?

બસ... હોં... કોઈ નામ આપવાની જરૂર નથી.

સોરી જાનકી ! I was just kidding.

Its Ok... હું તને ક્યાં નથી ઓળખતી ?

ખરેખર ઓળખે છે ?

એની ડાઉટ ?

તારી વાત પર શંકા કરવાની હિંમત ક્યાંથી લાવવી ?

ન ઓળખતી હોત તો આ રીતે માલવની ગેરહાજરીમાં આટલા લાંબા સમય સુધી તને એકાંતમાં મળવાની ભૂલ ન કરી હોત.

આઈ રીયલી લવ માલવ.

એમને આટલા સમયમાં સમજાયા સિવાય થોડું રહ્યું હોય ?

અને ખોટું નહીં કહું તું માલવની વાતો કર્યા કરતી ત્યારે કદીક કોઈ પળે મને એની ઈર્ષ્યા પણ જન્મતી.

અલબત્ત ઘડીભર પૂરતી જ. અને થેન્કસ જાનકી... મારા પર આટલો વિશ્વાસ રાખવા બદલ.

દેવ, આ એક વરસની મારી એકલતાને સહ્ય અને સભર બનાવવા બદલ આભાર નહીં માનું.

જાનકી, આપણે બંને સભર બન્યા છીએ. આભાર માનવાની ફોર્માલિટી કરવી જ હોય તો બંને એકમેકનો આભાર માનીએ.

આવી સભર ક્ષણો મળવી એ કંઈ ઓછા નસીબની વાત છે ? હા, સાચું કહું તો હું તો માલવની કંપનીનો આભાર માનું.

એમાં કંપની વચ્ચે ક્યાંથી આવી ?

કેમ કંપની એ એક વરસ માટે માલવને યુ.કે. ન મોકલ્યો હોત તો તેં કદી મને આ રીતે યાદ ન જ કર્યો હોતને ?



'યુ મે બી રાઈટ... લગ્ન પછી જ મહિનામાં માલવને આટલા લાંબા સમય સુધી જવાનું થયું અને મારે ભાગે આવી એકલતા. એક ખાલીપો. એમાં અચાનક તે દિવસે રસ્તામાં તું મળી ગયો. અને આપણી મૈત્રીને ફરી એકવાર લીલીછમ્મ કૂંપળ ફૂટી. પણ દેવ, હવેથી આપણે નહીં મળીએ.'

'જાનકી, આપણે હજુ પણ મિત્રો ન રહી શકીએ ? મળી ન શકીએ ?'

'ના, દેવ, એ લપણસો માર્ગ હશે આપણા માટે. આપણે આજ સુધી એવી કોઈ મર્યાદા નથી ઓળંગી, હા, તારા હાથનો હૂંફાળો સ્પર્શ, એ અનુભૂતિ હંમેશ માટે મારી મૂડી બની રહેશે.'

એક મીઠા સ્મરણ તરીકે મારી ભીતર કોઈ ખૂણે હંમેશાં રહેશે. તારા ખભ્ભે માથું મૂકી હું ઠલવાઈ છું.

તારા ખોળામાં માથું રાખી ને મેં તારા ગીતો સાંભળ્યાં છે.

મારા કપાળે તારા હોઠનો એ પ્રેમાળ સ્પર્શ મને ચોક્કસ ઝંકૃત કરી ગયો હતો. દેવ,

મારી એકલતાને હૂંફાળું એકાંત તેં બનાવ્યું છે. આ ક્ષણો મારી જિંદગીનો અણમોલ ખજાનો બની રહેશે.

પણ દેવ, એ પણ કહીકત છે કે હું મારા પતિને, માલવને ખૂબ પ્રેમ કરું છું.

એક આખું વરસ એને યુ.કે. જવાનું થયું ત્યારે મને હતું કે કેમ કાઢી શકીશ હું માલવ વિનાના દિવસો ? પરંતુ એક દિવસ આપણે ફરી એકવાર અચાનક મળી ગયાં. આપણી અધૂરી દોસ્તી આ સમયમાં વધારે ગાઢ બની.

એક દોસ્તથી કદાચ વધારે નિકટ અને પ્રેમી, પ્રેમિકાથી



દૂર... એવો કોઈ નામ વિનાનો સંબંધ આપણી વચ્ચે પાંગરી ઊઠ્યો.

દેવ, આપણી આ નિકટતાને કયું નામ આપીશ શકાય એની જાણ નથી.

'જાનકી, નામ આપવાની જરૂર પણ શી છે ? નહીં દોસ્ત, નહીં પ્રેમીઓ, નહીં કોઈ સગપણ, નહીં કોઈ દાવાઓ, કે ન કોઈ વચનો... બસ... એક વિશ્વાસ, એક હૂંફ, થોડો સ્પર્શ, હૂંફના એક માધ્યમ તરીકે માત્ર... જાનકી, બસ આ થોડા સમયમાં આપણે બંને જે પામ્યા છીએ... એ બની શકે કદાચ લગ્ન કર્યાં હોત તોયે ન પામી શકત. રોજિંદી ઘટમાળમાં આ ક્ષણો, આ નિકટતા કદાચ ગુમાવી બેઠા હોત, કહે છે ને જે થાય છે તે સારા માટે...'

'હા, દેવ, કદાચ તારી વાત સાચી છે.'

'પણ જાનકી, માલવ આવી ગયો એટલે આપણે સાવ નહીં મળવાનું એમ ?'

'દેવ, પૂરી નિખાલસતા અને પ્રામાણિકતાથી કહું તો આપણા સંબંધમાં ફક્ત વત્તે ઓછે અંશે મિત્રતાથી કશુંક વધારે પણ છે. જે આપણે બંને જાણીએ છીએ. પણ માલવ જાણતો નથી અને એનો ડંખ મને ભીતરમાં હંમેશાં રહેશે. આપણે કોઈ પાપ નથી કર્યું. માલવ પ્રત્યે મેં કોઈ બેવફાઈ નથી કરી અને છતાં સાવ જ એમ નિર્દોષ મારી પોતાની કોર્ટમાં હું મને નથી જ લાગતી. એથી દેવ, આપણે અહીં જ છૂટા પડીશું. હંમેશ માટે, આ ક્ષણોને ભીતરમાં સંઘરીને... કદીક રસ્તે મળી જશું તો પણ બસ એક મીઠું સ્મિત ફરકાવીને પસાર થઈ જશું. આટલો સરસ સમય આપણે સાથે ગાળી શક્યા. સભર બની શક્યા એ માટે ઈશ્વરનો આભાર માનીશું.'

'ઓ.કે.... જાનકી, તારી ભાવનાનો હું આદર કરું છું અને કરીશ. હવે પછી આપણે કદી મળીશું નહીં. પણ મનમાં પ્લીઝ કોઈ ભાર, કોઈ ડંખ ન રાખીશ. આપણે એવું કશું ખોટું કામ નથી કર્યું.'

'ખોટું કે સાચું ? એ તો ખબર નથી. પણ જે વાત માલવને કહી ન શકું. જે વાત છુપાવવી પડે એવી હોય તેને સાવ સાચી તો કેમ કહી શકાય ? પતિ-પત્નીના સંબંધમાં વિશ્વાસ એ મોટી મૂડી છે. જે મૂડી મેં...'

'પ્લીઝ... જાનકી, નહીં આજેયે તારી મૂડી સલામત છે.

તું માલવને નથી કહેવાની... કેમ કે તને પણ દરેક સ્ત્રીની જેમ એક ડર લાગે છે કે, પુરુષ આવી કોઈ વાત કદીયે સહજતાથી સ્વીકારી શકતો નથી. તારી જગ્યાએ મારી પત્ની હોય ને મને આવી કોઈ દોસ્તીની વાત કરે તો મનેયે ખબર નથી કે હું કેટલે અંશે એ પચાવી શકું ? હા, બની શકે હું એના પર કોઈ શંકા ન કરું. પણ અંદરખાને મને કદાચ ન જ ગમે એવું બની શકે. જાનકી, મનના તાણાવાણા બહુ અજબ રીતે ગૂંથાયેલા હોય છે. દરેકની ભીતર એક છાનો, અંગત... સાવ જ અંગત ખૂણો હોવાનો જ. જે એની સાથે જ આખરી પળે અગ્નિમાં સ્વાહા થવાનો.'

'કદાચ તારી વાત સાચી હશે. ગમે તે નિકટતા પછીયે કદાચ માણસને થોડી મોકળાશ, એક નાનકડા ખૂણા જેટલી પોતાની આગવી સ્પેસની જરૂર પડતી હશે.'

'હા, અને કમનસીબે બહુ ઓછા સ્ત્રી, પુરુષો આ વાત સમજી કે સ્વીકારી શકે છે.'

આજે તો કોઈ સ્ત્રી પુરુષ સાથે થોડી આત્મીયતાથી વાત કરે કે સીધો એનો મનગમતો અર્થ પુરુષ કાઢી જ લેતો હોય છે. સીધો પ્રેમિકા બનાવવા તરફ જ એની ગતિ થઈ જતી હોય છે. જાણે નિર્દોષ મૈત્રી, અંગત મૈત્રી પુરુષ સાથે હોય જ ન શકે ? સ્ત્રી જરીકે નજીક આવવા જાય, થોડી હૂંફ મેળવવા જાય એટલે.. બસ.. એનો એક જ અર્થ ? પુરુષ માટે સ્ત્રી એટલે માત્ર અને માત્ર શરીર ? એને કોઈ માનસિક જરૂરિયાત પણ હોય એવું તારી જેમ કેટલા પુરુષો સમજી શકતા હશે ?'

'થેન્કસ દેવ... આપણી વચ્ચે થોડો સ્પર્શ જરૂર હતો... પણ એ સ્પર્શ આત્મીયતા, હૂંફ માટે હતો. એમાં કોઈ બેવફાઈ કે કોઈ વાસના નહોતી.

સોરી, દેવ, મેં ભાષણ કરી નાખ્યું નહીં ? તને બોર કરી દીધોને ? ચાલ, આજે સાથે આપણી સ્પેશયલ કૉફી મંગાવીશું ને ? કદાચ આખરી વાર.'

દેવાયુ મૌન બની જાનકી સામે, તેની આ પ્રિય સખી સામે જોઈ રહ્યો.

જાનકી અને દેવાયુ બંનેની ભીની આંખોમાં સાંજના સૂરજનો સોનેરી પ્રકાશ ઝિલમિલાઈ રહ્યો.

જાનકી મૌન બની દેવાયુ સામે જોઈ રહી. દેવાયુ એને કેટલી સાચી રીતે સમજી શક્યો હતો એનું એને ગૌરવ હતું.

થોડીવારે કૉફી આવી, બંને ચૂપચાપ કૉફી પીતાં રહ્યાં. હવે કોઈ સંવાદ નહોતો થતો. કદાચ જરૂર પણ નહોતી.

'જાનકી, કંઈ ખાવાની ઇચ્છા છે ?'

'ના... દેવ, હવે મારે જવું જોઈએ... માલવનો આવવાનો સમય થઈ ગયો છે.'

'ઓકે... ચાલ.

દેવાયુએ જાનકીના હાથ પર પોતાનો હાથ મૂક્યો.'

'જાનકી, ટેઈકકેર... બની શકે... ક્યારેક, ક્યાંક મળી પણ જઈએ. જીવનનો રસ્તો ક્યારે, ક્યાં ફંટાઈ જાય છે કોણ કહી શકે ? ત્યારે એકાદ સ્મિત તો આપીશને ?'

જાનકી કશું બોલ્યા સિવાય આ દોસ્ત સામે જોઈ રહી. ન જાણે કેમ આંખોમાં ભીનાશ અનુભવાતી હતી અને બંને રેસ્ટોરંટની બહાર નીકળ્યાં.

બરાબર તે જ સમયે રેસ્ટોરંટને બીજે ખૂણે બેસેલા ચિરાગ અને માલવ બંનેને જતા જોઈ રહ્યા.

'માલવ, ઓ તો ભાભી, પણ તેની સાથે કોણ છે ?'

'પ્લીઝ ચિરાગ, નો કોમેન્ટ.'

'પણ... આ રીતે ભાભી કોઈ સાથે...'

'ચિરાગ, એ કોઈ નહોતું... કોલેજ સમયનો એનો દોસ્ત દેવાયુ હતો. એ બંને કોલેજમાં સાથે ભણતાં, અમારા મેરેજ વખતે મેં જોયેલો. કદાચ જાનકીનો કોલેજ સમયનો મિત્ર છે.'

તને ખબર છે માલવ, તારી આ લાંબી ગેરહાજરીમાં મેં ભાભીને અનેક વાર એની સાથે જોયા છે.



'હા, તો શું છે ? મિત્ર સાથે જઈ ન શકે ? ખાસ કરીને ઘરમાં કોઈ હોય જ નહીં ત્યારે આખો દિવસ માણસ કરે શું ?'

'પણ આમ... એક પુરુષ સાથે તારી પત્નીને જોઈને તને કશું થતું નથી ?'

'શા માટે થવું જોઈએ ? એક સ્ત્રીને એક પુરુષ સાથે છે એટલે ? દોસ્ત, શંકાની કોઈ ચિનગારી મારે મનમાં જલાવવી નથી. દોસ્ત, એ માનસિકતામાંથી હવે આપણે બહાર નીકળવું જ રહ્યું.

જો એને થોડી સ્પેસ આપી શકીશું તો સ્ત્રી મોટે ભાગે બહાર જવાનું પસંદ નહીં કરે. સ્વતંત્રતા આપીશું તો એ જાતે પોતાની જાતપર બંધનનો એહસાસ કરશે. બાકી બંધન આવે એટલે મુક્તિની ઝંખના આપોઆપ જાગવાની જ અને લગ્ન પહેલાના તેના અતીત સાથે મારે કોઈ સંબંધ નથી. એ તેની જિંદગી હતી જ્યારે એમાં મારું કોઈ અસ્તિત્વ નહોતું. મારા જીવનમાં પણ એ સમયે ખાસ મિત્ર માધવી હતી જ ને ?'

'પણ માલવ, આ રીતે ભાભી..'

'ચિરાગ, હું યુ.કે.માં હતો ત્યારે મને પણ એક સરસ મજાની મિત્ર મળી ગઈ હતી.

જેને લીધે ત્યાંની એકલતા સહ્ય બની શકી. અને તારે શું કોઈ સ્ત્રી મિત્ર નથી ? તેં તારી ઓફિસમાં કોઈ સ્ત્રી સાથે ક્યારેક નિકટતા નથી અનુભવી ?'

ચિરાગ કશુંક બોલવા જતો હતો પણ માલવે એને અટકાવ્યો.

'ચિરાગ, મને જાણ છે કે તારા મનમાં અનેક પ્રશ્નો સળવળે છે. પણ સમયની સાથે ઘણું બદલાતું હોય છે અને બદલાવું પણ જોઈએ. માનવી માત્રને પોતાનો એક અંગત ખૂણો જાળવવાનો હક્ક છે. એમાં કોઈ પણ માટે નો-એન્ટ્રી જ હોવી જોઈએ.'

'પણ માલવ, આ રીતે તો સ્ત્રી માથે ચડી જશે. સ્વતંત્રતાનો ગેરલાભ ઉઠાવશે.'

'નો ચિરાગ, આપણે કદાચ સ્ત્રીને સમજી જ નથી શક્યા, આપણે એના માલિક નથી. અને એક વાત કહું ?'

ને એ પણ ખબર છે કે, મિત્ર સાથે જતી વખતે મને જાણ ન કરવા માટે જાનકીના મનમાં કોઈ એક ખૂણે ડંખ જરૂર હશે જ.

બસ... એ ડંખ છે ત્યાં સુધી પુરુષે ડરવાનું કોઈ કારણ નથી. એને એનું પોતાનું ચપટીક આકાશ આપણે આપી શકીશું તો એ કદી આપણાથી દૂર નહીં જાય. આમ પણ હું કંઈ એનો માલિક નથી.

ફક્ત પતિ પણ નથી થવું મારે... મારામાં એ એક સાચા મિત્રને પામી શકે, એ મને વધારે ગમશે.

સાચા અર્થમાં ત્યારે જ હું એને પામી શકીશ. મારે એને મનથી પણ કદી ખોવી નથી અને એને પામવાનો મને એક જ રસ્તો દેખાય છે દોસ્ત, એના આગવા સંબંધનો, એના આગવા આકાશનો, એના આગવા વ્યક્તિત્વ સ્વીકાર, એનો આદર. એની અંગત લાગણીઓનું જતન અને સન્માન. ચિરાગ, મારું માન તો તારે પણ નેહાને શંકાની દૃષ્ટિથી જોવાને બદલે આ રીતે વિચારવું જોઈએ.

બહુ મોડું થાય એ પહેલાં એને પિયરથી તેડાવી લે.

ચિરાગ થોડી ક્ષણો મિત્ર સામે જોઈ રહ્યો. પછી ધીમે રહીને ખીસ્સામાંથી મોબાઈલ કાઢ્યો અને નેહાનો નંબર ડાયલ કર્યો.

C/o ભરત ચાવડા, ૧૩/બી, પરિશ્રમ,
અમૃત નાગર કો.ઓ. સોસાયટી, શેરી નંબર-૧,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૭૯૯૦૨૯૦૦૬૭



નજરબંધી

- નટવર ગોહેલ

એકાએક અમદાવાદનું આકાશ ગોરંભાયું અને શીત લહર દિશાઓને પંપાળી રહી, બે-ચાર દિવસથી પોતાનું વર્ચસ્વ જમાવી રહેલા બફારાને વાદળની કાલિમાએ ઓઝલ કરી દીધો. ઈસ્કોન સર્કલ પાસેના દેવાલય ટાવરના મેઈન ગેઈટમાંથી તીર્થની હોન્ડાસિટી કાર બહાર આવી અને તીર્થે આકાશ તરફ દૃષ્ટિ ફેલાવી.

હાશ, આજે મેઘકૃપા થઈ જાય તો ઉકળાટ થોડા સમય માટે ઉચાળા ભરી જશે, તીર્થના અંતરમાંથી સાદ પડ્યો : વાતાનુકૂલિત બેડરૂમથી થોડા સમય માટે છુટકારો મળી જાય તો કુદરતને 'હાય હલ્લો' કરવાની મોકળાશ મળી જશે...

પણ, હોન્ડાસિટી હજી થોડે દૂર જાય તે પૂર્વે તો તીર્થની ધારણા અને ઈચ્છાઓને ફૂંકાયેલા પવને વેરવિખેર કરી નાખી. વાદળની ગડગડાટી આકાશની આંગળી પકડીને ઓગળી ગઈ, માત્ર પવનનું અટ્ટહાસ્ય ઉકળાટનું ઉપરાણું લેતું હોય તેમ છવાઈ ગયું.

શીત લહર, જરૂર અસ્તિત્વ પ્રસ્થાપિત કરવા જોર કરી રહી. પવન સાથે સ્પર્ધામાં ઊતરી હોય તેમ ધૂળની ડમરી ચકરાઈ રહી અને રહ્યા સહ્યા ઉજાસને ધુમ્મસથી રહેંસી રહી.

તીર્થે હોન્ડાસિટીને રસ્તાની એક તરફ લીધી, થોડી ક્ષણો માટે આગળ નહીં વધવું એમ ધારી ગાડીને રોકી પાડી. રસ્તા પર ટ્રાફિક જામ થઈ રહ્યો, અને એ સાથે એક ઝાપટું પડી ગયું.

'વાહ, કુદરત.' કાંડા ઘડિયાળ તરફ નજર માંડી અને તેનાથી બોલાઈ ગયું : 'એસવીપી પહોંચવામાં મોડું થઈ જશે.' હજી મનનો ફફડાટ ઓસર્યો ન હતો ત્યાં મોબાઈલની રિંગ રણકી, સ્ક્રીન પર મેડમ ખ્યાતિનું નામ જોઈ, સ્વગત બબડ્યોઃ ખ્યાતિ વચ્ચે આવી ગઈ...!

બીજીવાર રિંગ રણકી.

'હલ્લો...!' છેવટે વાત કરી લેવાનું મુનાસિબ માની સંવાદ શરૂ કર્યો : 'ખ્યાતિ, હું રસ્તામા છું, વરસાદી ઝાપટાં સાથે પવન ફૂંકાઈ રહ્યો છે. ટ્રાફિક કનડગત નહીં કરે તો વીસ મિનિટમાં જ...!'

'સર, જરા ઉતાવળ.'

'ઓ. કે. હું પહોંચું છું.'

થોડીવાર સુધી વરસી ઝાપટું શાંત થયું અને ટ્રાફિક વચ્ચે રસ્તો કરવા તીર્થ મથી રહ્યો. ઠીક છે, ગાડી એસી હતી એટલે પ્રસ્વેદથી બચી શકાયું.

ટ્રાફિકની સમસ્યા તો હતી જ, ફરી વાદળ ચીરીને તડકો ઊતરી આવ્યો, માંડમાંડ જોધપુર ચાર રસ્તા કાર પહોંચી કે ફરી ટ્રાફિક જામ. કોઈ અકસ્માતે બધાને એકઠા કરી દીધા હતા, તીર્થે કાર અટકાવી, ઝડપી નિર્ણય લઈ લીધો : મારે જોવું જોઈએ કે શું થયું છે, તરત જ બારણું ખોલી તીર્થ ધસી ગયો. બારેક વર્ષનો એક છોકરો રિક્ષાની હટફેટે ચડ્યો હતો. રિક્ષા ચાલક ભાગી ગયો હતો. છોકરાના માથામાંથી રક્ત વહી રહ્યું હતું, ને કોલાહલ એકદમથી વાતાવરણને ડહોળી રહ્યો હતો.

'હું એસવીપીમાં છું, ડૉક્ટર તીર્થ ત્રિવેદી !' તીર્થે કહ્યુંઃ 'મને મદદ કરો, આ છોકરાને ઉઠાવો, કોઈક મારી સાથે આવો !'

'હું આવું છું' માનવતા ઓઢીને ઊભેલો એક પ્રૌઢ આગળ આવ્યો : હું એને લઈને બેસી જઈશ. પણ, તમારી ગાડી...

'તમે જલદી કરો' ડૉક્ટર તીર્થે સ્હેજ તરડાયેલા અવાજે



કહ્યું : 'વધુ લોહી વહી જશે તો..' અને બીજા બે યુવાનો આગળ આવ્યા. બધાએ છોકરાને ઉઠાવ્યો. હોન્ડાસિટી કારનું બારણું ખૂલ્યું, સૌથી પહેલાં દોડી આવેલા પ્રૌઢે છોકરાને ખોળામાં લીધો અને....

★★★

ઓટીમાં ઓપરેશન ચાલ્યું.

છોકરાના માથાનો જખમ ઊંડો હતો. એ સ્કૂલેથી આવી રહ્યો હતો, રસ્તો ઓળંગવામાં આ અકસ્માત નડ્યો. છોકરાની આંખો બંધ હતી, તે બેહોશ હતો. ડૉક્ટર તીર્થે અને અન્ય સાથી ડૉક્ટરે ભારે શ્રમ ઉઠાવ્યો. પેશન્ટના શરીરમાંથી ઘણું લોહી વહી ગયું હતું.

સમયસર સઘળું પાર પડ્યું; માનવતાના ધોરણે અને એક ડૉક્ટરની ફરજના ભાગ રૂપે. છોકરાને રક્તની બોટલ પણ ચડાવાઈ હતી. તેની પાસેની સ્કૂલ બેગ ડૉ. તીર્થની ચેમ્બરમાં સુરક્ષિત હતી.

'ખ્યાતિ !' તીર્થે ખ્યાતિ સામે જોયું : 'આ છોકરાના વાલીની તપાસ કરો.' પછી અટકીને એણે ઉમેર્યું : 'તું આવ, મારી ચેમ્બરમાં તેની બેગ છે. નોટબુકમાંથી ઠેકાણું મળી જાય...'

'જી, સર !' ખ્યાતિએ કહ્યું : 'તમારી સૂચના મુજબ એને થોડીવાર આઈ.સી.યુ.માં રાખીએ છીએ.'

'હા, અને...' આમ કહી તીર્થે ખ્યાતિ સામે જોયું : 'મેં હમણાં જ દવાઓ અને ઈન્જેક્શનો લખી આપ્યાં તે મંગાવી



લેજો. માણસને મોકલો' તરત જ પાંચસોની નોટ કાઢી ખ્યાતિ તરફ લંબાવી દીધી.

છોકરાના માથામાં લાંબો ચીરો પડ્યો હતો. હાથની કોણી અને ઢીંચણ છોલાયાં હતાં. સદનસીબે ફ્રેક્ચર થયું ન હતું. સ્કૂલબેગમાં છોકરાના ઘરનું સરનામું હોઈ શકે, એમ માની નોટબુકો તપાસી. હા, એક નોટબુકના પહેલા પાને નામ, સરનામું એ ફોન નંબર લખેલાં હતાં.

તીર્થના ચહેરા પર શાંતિ હતી.

આગળની સઘળી જવાબદારી હવે ખ્યાતિએ સંભાળી લીધી હતી. છોકરાને બે ઈન્જેક્શનો આપવામાં આવ્યાં. થોડા કલાકો પછી તે ભાનમાં આવે તેવી સંભાવના હતી. ખ્યાતિ સતત દેખરેખ રાખી રહી હતી. ડૉક્ટર તીર્થ ત્રિવેદીએ સરાહનીય કામ કર્યું હતું.

થોડીવારે ખ્યાતિએ તીર્થની ચેમ્બરમાં પ્રવેશ કર્યો.

કોઈ ફાઈલમાં તીર્થનું ધ્યાન હતું.

'કોઈ પત્તો લાગ્યો !' ફાઈલના કોઈ કાગળ પર સહી કરતા તીર્થે કહ્યું : 'થેન્ક ગોડ, છોકરાનો બચાવ થઈ ગયો...'

'સર, એ છોકરાની બહેન આવી છે ! કહે છે કે એના મમ્મી નાદુરસ્ત છે એટલે...' ખ્યાતિએ કહ્યું.

'ઠીક છે, મોકલ.'

એ વખતે તીર્થ ઊભો થયો. ખ્યાતિ બહાર ગઈ. પાછળના કબાટમાં જરૂરી કાગળો પડેલા હતા, તે ઉઠાવ્યા, તીર્થની પીઠ કેબિનના મુખ્ય દ્વાર તરફ હતી, દરમિયાન...

'સર, આપે મારા ભાઈ માટે...' કેબિનમાં પ્રવેશનારનો સ્વર કર્ણપટ પર પડ્યો : 'એને હવે સારું છે ને...?'

'જી, તમે બેસો !' તીર્થે કહ્યું : 'હું આ કામ પતાવી લઉં' આમ કહી, બે ત્રણ કાગળોમાં સહી કરી પુનઃ કાગળો કબાટના ખાનામાં મૂકી એણે પાછળ ફરી પ્રવેશનાર તરફ જોયું અને...

'અરે, તીર્થ.. તું ?' એક સ્ત્રી કંઠ ખૂલી ગયો હતો.

'અને ભક્તિ આટલાં વર્ષે...!???' તીર્થના હોઠ પણ ફફડી ગયા. તીર્થ અને કેબિનમાં પ્રવેશનાર ભક્તિ અવાચક બની ગયાં હતાં. પાંચ વર્ષના લાંબા અંતરાલ પછી બંને મળી ગયા હતાં. તીર્થ અતીતમાં ઊતરી પડ્યો... એ વખતે

બંને મેડિકલ કોલેજમાં હતા. ફેસબુક ફ્રેન્ડ બન્યા. કેન્ટિનમાં કોફી અને અલ્પાહાર સાથે સંવાદ, કલાકો સુધી ટેલિફોનમાં વાર્તાલાપ. મુલાકાતનો દોર અને લાગણીઓનો વિનિમય પણ...

તીર્થ વાને થોડો શ્યામ, ભક્તિ ચહેરે મહોરે સુંદર. એકદમ મહત્ત્વાકાંક્ષી, ઊંચાં સ્વપ્નાં સેવનાર. મધ્યમવર્ગની, પણ, પપ્પાની સરકારી નોકરી એટલે ભક્તિનું ખર્ચ ચાલ્યા કરે. નિભાવ થયા કરે. તેને જરા રૂપનું અભિમાન...

એક દિવસ..

'ભક્તિ આપણે એક થઈ શકીએ ?' હિંમત કરીને તીર્થે મનમાં જાગેલા સવાલને બહાર ફંગોળ્યો : 'મારાં માતા-પિતાનો હું એક માત્ર પુત્ર છું. અહીં પણ દેવાલયમાં ફ્લેટ છે. રાજકોટમાં પણ, અને સુખના દ્વાર તરફ લઈ જવા ઇચ્છું છું.'

ઘણું વિચાર્યા પછી, સ્મિત ફરકાવીને ભક્તિએ કહ્યું હતું: 'હું તારો પ્રસ્તાવ નહીં સ્વીકારું. આપણે ફેસબુક ફ્રેન્ડ હતાં અને રહીશું. આપણી મિત્રતાને વાંધો નહીં આવે. કોઈની નજર પણ નહીં લાગે...'

તીર્થ ફિક્કું હસ્યો હતો...

તીર્થને આશ્ચર્ય થયું, આઘાત લાગ્યો, તેને થયું : સુખના સીમાડે આવીને ભક્તિ પાછી વળી ગઈ, શું કામ ? મારા ઘરમાં ક્યાં કોઈ વાતની ખોટ હતી ?

એ પછીથી બંને વચ્ચે અંતર છવાયું. થોડીઘણી વાત થાય. મોબાઈલ પર પણ ટૂંકાણમાં સંવાદ થતો. એની એક સખી ઉર્વાએ એકવાર તીર્થને કહેલું : 'તીર્થ, તું એને ભૂલી જા ! એ સુંદરતાને ચાહનાર છોકરી છે, શ્યામ રંગમાં એને રસ નહીં પડે !'

આ વળી બીજો આઘાત.

થોડા દિવસો પછી સમાચાર વહેતા થયા : ભક્તિ પંડ્યાએ અક્ષય સુથાર સાથે લવમેરેજ કરી લીધા છે. અક્ષય સુથાર એક વેપારી છે. અવારનવાર લંડન જાય છે અને ઇન્ડિયા આવે છે.

ભક્તિ રૂપાળી હતી એમ અક્ષય પણ ખૂબ સુંદર. બંને મહત્વાકાંક્ષી. બોલકાં અને વાચાળ. પૈસાને મહત્ત્વ આપનાર. જ્યારે અક્ષય તો સુંદરતાનો પૂજારી જ હતો.

તીર્થને સાવ મૌનના આવરણમાં વીંટળાયેલો જોઈને ભક્તિ દિગ્મૂઢ રહી ગઈ, ને એને ઢંઢોળી રહી.

'તીર્થ હું ભક્તિ !'

તીર્થ સ્મરણનાં પૃષ્ઠોમાંથી બહાર આવી ગયો. ને ભક્તિ સામે જોઈ રહ્યો. લગભગ ૩૫ની લાગી રહી હતી. ચહેરો થોડો કૃશ થયેલો, પણ રૂપના છાંટા બરકરાર હતા. આંખોની ચમક ઓસરી ન હતી.

'તું તો પરણી ગઈ હતીને ?'


તીર્થ તરફથી હચમચાવી મૂકે તેવો સવાલ થયો. એ સવાલ જ કંઈક એવો હતો કે, ભક્તિ મૂળમાંથી જ ઉખડું, ઉખડું થઈ ગઈ, ઉઘડવાના બદલે ઉલેચાઈ પણ શકી નહીં. ખીલવું હતું પણ ખંખેરાઈ ગઈ. સવાલના સપાટામાં એક સમયની રૂપગર્વિતા તણખલા જેમ ચકરાઈ ગઈ. હોઠ પણ નહીં ઊઘડવા માટે હઠે ચડી ગયા : આ તીર્થને મારે શું કહેવું ?

'મેં તને પૂછ્યું છે ભક્તિ ?'

'હા, પણ...'

પુનઃ તે ઘુંટાવા લાગી, અંદરથી, હા, ઠેઠ અંદરથી ગુંગળાવા લાગી. પણ, છેવટે જે કહેવાનું હતું, તે કથા બનીને પ્રગટી ગયું : 'અક્ષયનો વેપાર ધંધો જોઈને હું અંજાઈ ગઈ. મમ્મીની માંદગીએ હઠ પકડી હતી : 'ભક્તિ હવે હાથ પીળા કરી લે, તારા પપ્પાની અસ્થમાની બીમારી પણ....' એમનો અવાજ ડુમાઈ ગયો હતો.'

ભક્તિ અટકી.



'મને અક્ષય ગમતો હતો. દેખાવડો, અલ્લડ, એક્ટર જેવો. પણ, તે ભીતરથી ભરાડી નીકળ્યો. મને પરણ્યો. લવમેરેજ કરી લીધા પછી... માત્ર એક જ સપ્તાહમાં તે અલોપ થઈ ગયો. લંડન જઈને બેસી ગયો. તેના મમ્મી-પપ્પા હાથ અને આંસુ ખંખેરીને બેસી ગયાં. તે ઘડીએ જ મેં કસમ ખાધા કે રૂપને અને રૂપિયાને મોહવું નહીં. અક્ષયને હું માફ નહીં કરી શકું, તેની બેવફાઈની થપાટ મારા માટે વસમી થઈ પડી કેમ કે પપ્પા તેના આઘાતથી મૃત્યુ પામ્યા. ભાઈ અને મમ્મી સિવાય કોઈ આધાર નથી. !'


ના, તીર્થ બોલ્યો.

ના, ભક્તિ.

મૌન કળાવનારું બની રહ્યું. ભક્તિ તીર્થને તાકી રહી. તીર્થ, પણ... ચૂપ હતો. હા, ભીતરમાં અકથ્ય વેદનાનાં વમળ ચકરાઈ રહ્યાં હતાં. ઘુંટાઈ રહ્યાં હતાં.

'તું તો પરણીને...' ભક્તિ આગળ બોલવા મથી પણ એ મથામણ માથાભેર થઈ ગઈ. કેમકે તીર્થ આંખ બંધ કરીને બેસી ગયો હતો. ભક્તિનો જમણો હાથ તેની હથેળી તરફ લંબાયો, પણ, હાથના આંગળાનાં ટેરવાં રણઝણીને રહી ગયાં. સ્પર્શવું હતું પણ સ્પર્શી શકાયું નહીં.

'હા, ભક્તિ હું એકલો છું, મમ્મી-પપ્પા સાથે હોવા છતાં એકલો, મારાથી નાનો ભાઈ દેવર્ષ હાલ ઓસ્ટ્રેલિયા છે.



બસ, મેં તો તબીબી ક્ષેત્રમાં જિંદગીને ગૂંથી લીધી છે. તારાથી છૂટા પડ્યા પછી મેં કોઈનેય નજરમાં બાંધી નથી !'

'કોઈનેય નહીં ?' ભક્તિનો સવાલ જરા અઘરો હતો, એ સવાલનો ઉત્તર સરકી આવે તે પહેલાં જ ખ્યાતિએ કેબિનમાં પ્રવેશીને, 'સર, પેલો છોકરો ભાનમાં આવ્યો છે !'

'ગુડ, હું હમણાં જ આવું છું !' તીર્થે ભક્તિ તરફ જોયું : 'આપણે તારા ભાઈને મળી લઈએ !'

ડૉ. તીર્થે ઊભા થઈને બારણા તરફ ડગ માંડ્યા. પાછળ ભક્તિ ઊઠી. એ તીર્થની સ્ફૂર્તિને નજરભરીને જોઈ રહી હતી : લગભગ તે ૩૮નો હોવો જોઈએ. પણ, હજીયે તે ફૂટડો દેખાય છે. પહેલા જેવો તરવરિયો અને ઊર્જાવાન...

'કેમ છે દોસ્ત પેશન્ટ ?'

તીર્થે ભક્તિના ભાઈ સાથે હાથ મિલાવ્યો. તેણે ધીમેથી કહ્યું : 'થેન્ક્યુ સર ! હવે હું એકદમ ફીટ છું. મને રજા મળશે ? ઘરે જઈ શકું ?'

'જી, પણ, આરામ કરવો જરૂરી છે !' આમ કહી તરત જ ઉમેર્યું : 'કાલે તને રજા મળશે. તું સવારમાં તૈયાર રહેજે, પણ તે તારું નામ કહ્યું નહીં !?'

'મારું નામ વંદન'

'ગુડ નેઈમ !'

ભક્તિએ તીર્થ તરફ આંખ માંડી. પછી આભારવશ ભાવ સાથે બોલી : 'તીર્થ, તું ઘણો બીઝી છે, વારંવાર ફોન રણકે છે, હોસ્પિટલના કર્મીઓનાં તેડાં આવે છે. પણ, હવે હું તૈયાર છું.'

'એટલે ??'

'તારે મને તારી નજરમાં બાંધવી પડશે, હું બસ, પલકવારમાં દેવાલયના ઉંબરે પગલાં માંડીશ !' આમ કહીને ભક્તિ ચાલી નીકળી. તીર્થ તેની પીઠને તાકી રહ્યો. તીર્થને પણ આ નજરબંધી સ્વીકાર્ય હતી.

ડી-૯૬, માયા રોહીદાસ ટેનામેન્ટ,
કાશીવિશ્વનાથ સોસાયટી વિભાગ-૧ની બાજુમાં,
ઈસનપુર, અમદાવાદ.
મો. ૯૮૨૪૯૨૧૫૮૦

કોરોનાકાળ

- અવિનાશ પરીખ

૨૭ ડિસેમ્બર, ૨૦૧૯.

આ દિવસે સૂર્યગ્રહણ હતું. પાંસઠ વર્ષના અનંતરાય જેટલા આધુનિક હતા તેટલા જ ધાર્મિક આસ્થા રાખનાર રૂપાળા સજ્જન હતા. પોતે પાંચ વર્ષ પહેલા રાષ્ટ્રીયકૃત બેન્કમાંથી નિવૃત્ત થઈ ચૂક્યા હતા. નિવૃત્તિના એક વર્ષ અગાઉ તે વિધુર બન્યા હતા. પુત્ર અને પુત્રવધૂ સાથે તે બેન્કની સોસાયટીમાં શાનથી રહેતા હતા.

પુત્ર આનંદ બિઝનેસમેન હતો. તેની પત્ની અનુરાધા શિક્ષિત, રૂપાળી મહિલા હતી. તે પતિને બિઝનેસમાં સાથ આપતી હતી. આ યુવાન યુગલની છ વર્ષની પુત્રી રાધા અનંતરાયની અત્યંત લાડકી હતી. ચબરાક અને મીઠડી રાધા માટે અનંતરાય દાદા જ નહીં એક મિત્ર પણ હતા.

અનંતરાયે સૂર્યગ્રહણના નિયમોનું બરાબર પાલન કર્યું. તે રાતના ડિનર બાદ સહુ ડ્રોઈંગરૂમમાં બેઠાં હતાં. ટી.વી. અકારણ જ ચાલુ હતો. હસાહસીનું વાતાવરણ હતું. રાધા સહુથી દૂર બેઠી હતી અને અંગ્રેજી વાર્તાનું પુસ્તક વાંચી રહી હતી.

'આનંદ...' અનંતરાય સહજ સ્વરમાં બોલ્યા, ''આજનું સૂર્યગ્રહણ વિશ્વ માટે અશુભ છે.''

આનંદ પિતાને તાકી રહ્યો હતો. તે મુસ્કુરાયો, ''પપ્પા, તમારા જ્યોતિષના જ્ઞાન ઉપર મને શંકા નથી, પણ આજનું ગ્રહણ વિશ્વ માટે અશુભ છે તે વાત માનવા હું તૈયાર નથી.''

અનુરાધા નમ્ર બનતાં બોલી, ''તમે કરેલી આગાહીમાં અન્ય જ્યોતિષીઓએ સૂર પૂરાવ્યો નથી. આજનાં તમામ છાપાં મેં વાંચી નાખ્યાં છે. સહુએ વ્યક્તિગત, રાશિવાર અસરો ઉપર ચર્ચા કરી છે. ગ્રહણ વિશ્વ માટે અશુભ છે તેમ કોઈએ જ કહ્યું નથી.''

અનંતરાય સ્મિત વેરતા ઊભા થયા. ટી.વી. બંધ કર્યું અને પુનઃ પોતાને સ્થાને આવીને ગોઠવાઈ ગયા. આનંદ અને અનુરાધાની નજર અનંતરાય ઉપર હતી. અનંતરાય કશુંક વિચારી રહ્યા હતા.

એકાદ મિનિટ બાદ તેમણે કહ્યું, ''જસ્ટ, વેઈટ એન્ડ વોચ. આગામી સમયગાળામાં મારા જ્યોતિષના જ્ઞાનની માપણી થઈ જશે.''

ખંડમાં થોડી ક્ષણો માટે મૌન પથરાએલું રહ્યું. અનુરાધાની આકર્ષક મુખમુદ્રા ઉપર કેટલાક પ્રશ્નો રમી રહ્યા હતા. અનંદરાય આ પામી ગયા. તેમના હોઠ હસી ઊઠ્યા.

''અનુરાધા, તું કંઈક જાણવા ઉત્સુક છે. જે પૂછવું હોય તે પૂછી લે. હું સાચેસાચા ઉત્તરો આપીશ.'' અનંતરાય પિતાતુલ્ય ભાસતા હતા.

અનુરાધા સંકોચાઈ. ''પપ્પા, આપણા સહુ માટે આ ગ્રહણ કેવું સાબિત થવાનું છે ?''

અનંતરાયે ઉત્તર આપવા માટે થોડો સમય લીધો. અનુરાધા સાંભળવા માટે ઉતાવળી બની હતી. આનંદને જ્યોતિષશાસ્ત્ર ઉપર રજભાર વિશ્વાસ નહોતો. તે એક સામયિકનાં પાનાં ઝડપભેર ફેરવી રહ્યો હતો. અનંતરાયની નજર તેની ઉપર હતી.

તે શાંત સ્વરમાં બોલ્યા, ''આનંદ માટે આ ગ્રહણ મિશ્ર ફળ આપનારું હશે. અનુરાધા, તારે દરેક કામ સંભાળીને કરવાના રહેશે. ગફલતમાં રહીશ તો નુકશાન વેઠવાનો વારો આવશે. રાધા બહુ નાની છે. તેનું સ્વાસ્થ્ય સાચવવું પડશે. અલબત્ત, તેના સ્વાસ્થ્ય વિશે ચિંતા કરવા જેવું પણ નથી.''

અનુરાધા સસરાની વાતને વાગોળી રહી હતી. પતિની માફક તે જ્યોતિષશાસ્ત્રને લઈને ઉદાસીન નહોતી. હા, આ શાસ્ત્ર ઉપર અવલંબન રાખવામાં પણ તે માનતી નહોતી. તેની નજર વાંચનમાં વ્યસ્ત પુત્રી ઉપર હતી. પુત્રીના સ્વાસ્થ્યની વિશેષ કાળજી લેવાનું તેણે નક્કી કરી લીધું.

તે અનંતરાયને સંબોધતાં બોલી, ''પપ્પા, તમે તમારી ઉપર થનારી અસરો વિશે કહેવાનું જ ભૂલી ગયા. જલદી કહો, આ ગ્રહણ તમારા માટે કેવું છે ?''

અનંતરાય સ્વાભાવિક ઢંગમાં બોલી ઊઠ્યા, ''આ ગ્રહણ મારા માટે બરાબર નથી. શારીરિક, માનસિક રીતે મારે પરેશાનીનો સામનો કરવો પડશે.''

''ઓહ... ધેટ્સ વરીસમ.'' અનુરાધા ચિંતિત બની ઊઠી.

આનંદે સામયિક બંધ કર્યું.

★★★

ફેબ્રુઆરી મહિનો હતો.

કોરોના, કોવિડ-૧૯ની ચર્ચા વિશ્વમાં થવા માંડી હતી. છતાં, જનતામાં જોઈએ તેટલી ગંભીરતા જણાઈ રહી નહોતી. ભારત સરકાર જાગૃત થઈ ચૂકી હતી. બીજા દેશો જે ભોગવી રહ્યા હતા તેનો ધડો લઈને ભારતે માર્ચ મહિનામાં લોકડાઉનની જાહેરાત કરી દીધી.

આખો દેશ કોરોનાને લઈને જાગૃત થઈ ચૂક્યો હતો. કેટલાક નાસમજદાર લોકોને બાદ કરતાં મોટા ભાગના લોકો કોરોના વાઈરસથી દૂર રહેવાના પ્રયત્નમાં લાગી ગયા હતા.

અનુરાધા કોરોનાને લઈને અધિક જાગૃતિનાં દર્શન કરાવી રહી હતી. રવિવારનો દિવસ હતો. લંચનો કાર્યક્રમ ચાલી રહ્યો હતો. અનંતરાયને ખાંસી આવી રહી હતી. તેમની ખાંસી અટકી જ નહોતી રહી. રાધા પોતાના દાદાની સમીપ જ બેઠી હતી. અનુરાધા પુત્રીને પોતાના સ્થાનેથી ઊભી કરવા માગતી હતી. અનંતરાય તેની ગડમથલ પામી ગયા. તેમણે સામે ચાલીને રાધાને પોતાનાથી દૂર બેસાડી દીધી.

અનુરાધાના મુખ ઉપર પથરાએલી નિરાંત અનંતરાય પામી ગયા. તેમને સહેજ માઠું લાગ્યું. થોડી ક્ષણો માટે તે વિચારતા રહ્યા. બાદમાં ઊભા થતા તે બોલ્યા, ‘‘હું મારા બેડરૂમમાં જાઉં છું. હું નથી ઇચ્છતો કે મારી ખાંસી તમને ડરાવી દે.’’



અનુરાધા આ સાંભળીને આડું જોઈ ગઈ. શું તેના સસરા તેના મનના ભાવ કળી ગયા હતા ? તે વિચારી રહી હતી. અનંતરાય પાણી પી રહ્યા હતા. આનંદ પિતાનું અવલોકન કરી રહ્યો હતો.

તેણે કહ્યું, ‘‘પપ્પા, તમે જમી લો. તમારી ઉધરસ પણ બંધ થઈ ગઈ છે. પ્લીઝ, તમે બેસી જાઓ.’’

પણ, અનંતરાય સ્મિત વેરતા ત્યાંથી જતા રહ્યા. તે સાંજના તે નીચે ન આવ્યા. આનંદનો ફોન આવ્યો. તે ફિલ્મ જોવા માટે આમંત્રણ આપી રહ્યો હતો. અનંતરાયે નમ્રતાથી જણાવી દીધું કે તે આરામ કરવા ઇચ્છતા હતા.

રાતના ડિનરના ટેબલ ઉપરની બદલાયેલી બેઠક વ્યવસ્થા અનંતરાયને હળવો ઝાટકો આપી ગઈ. રાધાનું સ્થાન તેની મા પાસે હતું. એ બંનેની સામે અનંતરાય એકલા હતા. તેમની પાસેની ખાલી ખુરશીમાં આનંદ બેસી શક્યો હતો. પણ, અનુરાધા કદાચ.. સસરાની ખાંસીમાં કોરોના ભાળી ગઈ હતી. અનંતરાય આ અંગે પોતાની નારાજગી ચાહવા છતાં પ્રગટ ન કરી શક્યા. તે ગમ ખાઈ ગયા.

લોકડાઉન હોવાથી આનંદ અને અનુરાધા ઘરમાં જ રહેતાં થઈ ગયાં હતાં. અનુરાધાએ રામાઓને રજા આપી દીધી હતી. તેના માથે કામની જવાબદારીમાં વધારો થયો હતો. આનંદ તેને પોતાની રીતે મદદ કરતો રહેતો. અનંતરાય મદદ કરવા તત્પર હતા, પણ અનુરાધા તેમને નમ્રતાથી ના પાડી દેતી.

તે કહેતી, ‘‘પપ્પા, તમે આરામ કરો. આનંદ અને હું પહોંચી વળીશું. વળી, રાધા પણ મદદરૂપ થવાનો આગ્રહ રાખતી થઈ ગઈ છે.’’

અનંતરાય પોતાની જાતને કોરોનાના દરદી સમજવા માંડ્યા હતા. અનુરાધાના વલણથી તે દુઃખી હતા. રાધા તેમની સાથે ખપ પૂરતી જ વાતો કરતી. હા, રાધાની નિર્દોષ આંખોમાં તેની ઉપર દાદાને મળવા ઉપરના પ્રતિબંધની ઝલકની પીડા સ્પષ્ટ રીતે તે જોઈ શકતા હતા.

ઘરમાં ફક્ત આનંદનું જ તેમની સાથેનું વર્તન સહજ હતું. એક રાતે અનંતરાયની ઊંઘ ઊડી ગઈ. તે પથારીમાં બેઠાં થઈ ગયા. નાઈટ લેમ્પના અજવાળામાં દીવાલ ઉપરની ઘડિયાળમાં નજર કરી. રાતના ત્રણ વાગ્યા હતા. તે બાલ્કનીમાં આવ્યા. ચોતરફ નીરવતા હતી. એક પણ ઘરની લાઈટ ચાલુ નહોતી. સ્ટ્રીટ લાઈટ અદબપૂર્વક પોતાની ફરજ બજાવી રહી

હતી. અચાનક જ તેમના હૈયા ઉપર દબાણ વધી ગયું. ઘરમાં થઈ રહેલા તેમના સામાજિક બહિષ્કારની અસર હવે વરતાવા માંડી હતી.

તે અંદર આવ્યા.

પલંગની સામેની દીવાલ ઉપર સ્વર્ગસ્થ પત્નીનો ફોટો હતો. તે ફોટા પાસે જઈને ઊભા રહી ગયા. પત્નીનો સ્મિત વેરતો ચહેરો તેમને અસ્વસ્થ અને મૂરઝાએલો લાગ્યો.

તે મંદ સ્વરમાં બોલ્યા, ''તું શા માટે દુઃખી થાય છે ! કોરોનાકાળની જ આ ભાંજગડ છે. સમય સામાન્ય થતાં બધું જ પહેલાં જેવું થઈ જશે.''

અનંતરાય પુનઃ પલંગમાં ગોઠવાયા. કાયા લંબાવી. ઊંઘવાના પ્રયત્નો તેમણે આદર્યા. નિદ્રા રિસાઈ હતી. આ રીતે નિદ્રાભંગ થયાના કિસ્સાઓ તેમના જીવનમાં બન્યા જ નહોતા. પોતાની જાત ઉપર તેમને ગુસ્સો આવ્યો. પણ, થોડી જ ક્ષણોમાં આ ગુસ્સો અનુરાધા તરફ ફંટાઈ ગયો.

પ્રથમવાર તે પોતાની પુત્રવધૂ માટે કડવાશના ઘૂંટ પી રહ્યા હતા. અનુરાધાએ રાધાને સિફતથી અળગી કરી હતી. તેમણી અનુભવી આંખોએ એ પણ નોંધી લીધું હતું કે તેમના કપડાં વોશિંગ મશીનમાં અલગ ધોવાતાં હતાં.

સોસાયટીમાં ધોબીના પ્રવેશ ઉપર પ્રતિબંધ હોવાથી અનુરાધા જ સહુનાં કપડાંને ઈસ્ત્રી કરતી હતી. અનંતરાયના ધ્યાનમાં આવી ગયું હતું કે અનુરાધા સસરાના કપડાંને ઈસ્ત્રી માસ્ક પહેરીને કરતી હતી. એટલું જ નહીં, પોતાની વહુ ''પોતાં-કચરા'' કરવા આવતી ત્યારે પણ માસ્ક પહેરીને જ આવતી.

અનંતરાય માટે આ અસહ્ય હતું. વગર કારણે તેમનાથી, તેમની વહુ સામાજિક અંતર ઊભું કરવાનું દુઃસાહસ કરી રહી હતી. હા, તે વાણી, વર્તન અને વ્યવહારમાં સહજ રહેવા પ્રયત્નશીલ રહેતી. પણ, અનંતરાય બાળક તો નહોતા જ કે તે ભોળવાઈ જાય.

અનંતરાયે અંતે એક નિર્ણય લઈ લીધો. પોતાના નિર્ણય ઉપર અમલ કરતાં પહેલાં અનુરાધાને એક તક આપવાનો નિર્ણય પણ લઈ લીધો. બની શકે કે અનુરાધાને પોતાની ભૂલ સમજાય અને તે પહેલાની માફક સમજદારીને અપનાવી લે.

છેલ્લે, પોતાના ઊંઘમાંથી ઊઠવાના સમયે અનંતરાય, માંડમાંડ ઊંઘના સામ્રાજ્યમાં પ્રવેશી શક્યા. સવારે ચાના ટેબલ ઉપર પિતાની ગેરહાજરી આનંદને વ્યાકુળ કરી ગઈ. તેણે રાધા તરફ નજર કરી.

તે બોલ્યો, ''બેટા, ઉપર જા અને દાદાજીને બોલાવી લાવ.''

રાધા તરત જ ઊભી થઈ ગઈ.

અનુરાધાએ તેને બેસાડી દેતાં કહ્યું, ''તું બેસ. હું જ ઉપર જાઉં છું''

અને તે ઝડપથી પગલાં ભરતી ઉપર ગઈ. અનંતરાયની બેડરૂમના ખુલ્લા દરવાજામાંથી તેણે જોયું તો સસરાજી ઘસઘસાટ ઊંઘી રહ્યા હતા. તે બાળક જેવા નિર્દોષ લાગી રહ્યા હતા. અનુરાધાને તેમના માટે અનુકંપા થઈ આવી. તે નીચે ઊતરી ગઈ.

ડાઈનિંગ ટેબલ ઉપર પહોંચીને તે બોલી, ''પપ્પા ભરઊંઘમાં છે. મેં તેમને ડિસ્ટર્બ ન કર્યા.''

''પપ્પા આટલું ઊંઘતા નથી. તેમની તબિયત બગડી તો નહીં હોય ને ! મને ચિંતા થાય છે.'' આનંદના મુખ ઉપર શંકાના ભાવ હતા.

અનુરાધા બોલી, ''કોરોનાની સીઝન છે. ડૉક્ટર પાસે તેમને લઈ જઈશું. પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર.''

આનંદને પત્નીની આ વાત ન ગમી.

તે નારાજ થઈને બોલ્યો, ''પપ્પા તંદુરસ્ત વ્યક્તિ છે. તું મનમાંથી તેમના માટેનો કોરોનાનો ડર કાઢી નાખ.''

અનુરાધા સ્વસ્થતા જાળવતાં બોલી, ''પપ્પા સિનિયર સિટીઝન છે. બી.પી.ની તકલીફ છે. તું છાપાંમાં વાંચતો જ



હોઈશ કે આવા લોકોને ખાસ સાચવવા. પપ્પાની ખાંસી હજુ બરાબર મટી નથી. ગેરસમજ ન કર. હું પપ્પાના હિતની જ વાત કરું છું.''

આનંદ મૌન રહ્યો.

તેટલામાં અનંતરાય દાદર ઊતરીને આવ્યા અને રાધાની બાજુમાં બેસી ગયા. મોડા ઊઠવા બદલ દિલગીરી વ્યક્ત કરી. પુત્રીની નજીક બેઠેલા સસરાને જોઈને તે અસ્વસ્થ બની ગઈ હતી. અનંતરાયને હળવી ખાંસી આવી. અનુરાધા ભડકી ગઈ.

પુત્રીને સંબોધતાં તે ત્વરાથી બોલી, ''રાધા જા, ફ્રિજમાંથી ખાંસીની દવાની બોટલ લઈ આવ. દાદાજીને તેની જરૂર છે.''

રાધાએ માની આજ્ઞાનું પાલન કર્યું. અનંતરાય વહુની ચાલ સમજી ગયા. દવાને બહાને તેણે પુત્રીને પોતાના સ્થાનેથી ઉઠાડી હતી. તે રાધાને ખાંસી ખાતા દાદાજીથી દૂર રાખવા કટિબદ્ધ હતી.

રાધા પરત આવી. ''મમ્મી, દવા તો ખતમ થઈ ગઈ છે.''

અનુરાધા બોલી, ''ઠીક છે. તું જા, સ્નાન કરી લે. હું નવી બોટલ લઈ આવીશ.''

રાધા જતી રહી.

અનંતરાય પણ ઊભા થયા. ''હું પણ જાઉં છું. લંચ માટે સમયસર આવી જઈશ.''

અનંતરાય મંદ મંદ સ્મિત વેરતા ત્યાંથી જતા રહ્યા. આનંદ પિતાની પ્રતિક્રિયાથી અસમંજસમાં હતો. તેમનું વર્તન બદલાયું હતું. એવી કોઈ ઘટના પણ બની નહોતી જે પિતાની નારાજગીનું કારણ બની શકે.

''અનુ, પપ્પા સાથે તારે બોલવાનું તો નથી થયુંને ?'' આનંદે મહત્ત્વનો પ્રશ્ન પૂછી લીધો.

અનુરાધાએ નતમસ્તકે ના પાડી.

લંચ ટાઈમ વખતે સહુ ટેબલ ઉપર એકત્ર થયા. અનંતરાયના મુખ ઉપર નિરાંતના ભાવ જોઈને આનંદને સારું લાગ્યું. અનુરાધા પણ પરાણે સ્વસ્થતા જાળવી રહી હતી. તેની નજર સસરા ઉપર હતી.

અનંતરાયે ખૂબ જ મૈત્રીપૂર્ણ સ્વરમાં કહ્યું, ''કોરોનાના કપરા કાળમાં ખાંસી, શરદી, થાક-ડરાવનારા સાબિત થતા હોય છે. લોકો તમારાથી દૂર ભાગે છે. મને થયેલી ખાંસી અનુરાધાને ડરાવી રહી છે. અલબત્ત, મારી ખાંસી તો ભાગી ગઈ છે. તેણે રાધાને મારાથી દૂર કરી દીધી. તે મારાં કપડાં, મારી બેડરૂમથી ડરવા માંડી. આરંભમાં મારે માટે આ આઘાતજનક હતું. પણ, હવે મને સત્ય સમજાયું છે. અનુરાધાનો દોષ નથી. કોરોનાની બીમારી તદ્દન નવી છે અને તેના વિશે અનેક વાતો દુનિયામાં વહેતી થઈ છે. કોઈ પણ ડરી જાય. હું તો હજુ પણ ડરું છું.''

અનંતરાય અટક્યા.

અનુરાધા બોલી, ''પપ્પા, યુ આર રાઈટ, ટી.વી. સમાચારો, વોટ્સએપ અને છાપાઓની કોરોના સંબંધી વાતોએ મારા મગજને બગાડી નાખ્યું છે. હું ડરી ગઈ છું. રાધાને કોરોના થઈ જશે તેવી શંકા મારા મનમાં ઘર કરી ગઈ છે. તેથી જ... પાગલપનના આવેશમાં મેં તમારું દિલ દૂભવ્યું. આઈ એમ સોરી.''

અનંતરાય હસી પડ્યા.

તે સહજ અંદાજમાં બોલ્યા, ''તું તારી રીતે સો ટકા સાચી છે કેમકે તું એક મા છે. તારા માટે મારા દિલમાં કડવાશ હતી. હવે નથી. અને, હવે અગત્યની વાત. હું આજે સાંજે મારા મિત્ર દશરથના બંગલે રહેવા માટે જવાનો છું. તે પણ મારી જેમ વિધુર છે. સંતાનો વિદેશમાં છે. તેના આગ્રહથી હું કોરોના કાળની સમાપ્તિ સુધી તેને ત્યાં રહેવાનો છું. તમે બંને મારા માટે ગેરસમજ ન કરશો. પ્લીઝ...''

અનુરાધા રડવા માંડી.

આનંદે કહ્યું, ''તમે નિરાંતે જાઓ. હોસ્ટેલ લાઈફની મોજ દશરથ અંકલને ત્યાં માણો. અમને ખોટું લાગ્યું નથી.''

તેટલામાં અનંતરાયનો મોબાઈલ રણક્યો.

અનંતરાયે વાત કરી લીધી.

બે મિનિટ બાદ તે શાંતિથી બોલ્યા, ''દશરથ કોરોનાનો ભોગ બન્યો છે અને હોસ્પિટલમાં દાખલ થયો છે.''

અનુરાધાના મુખ ઉપર નિરાંતની ભરતી ઊભરાઈ ઊઠી. તે રૂંધાએલા સ્વરમાં બોલી, ''પપ્પા, જવાનું કેન્સલ ને ?''


અનુરાધાની વાત સાંભળીને અનંતરાયે હકારમાં મસ્તક હલાવ્યું.

૨, ''વૃંદાવન'', સ્ટેટ બેંક સોસાયટી, ભાવસાર હોસ્ટેલ પાસે,
નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. ૯૮૨૫૯૧૨૩૧૭


" વિહાર "
- સંજીવ પંડ્યા
મો.-૯૯૯૮૯૯૯૮૦૯



" સવારી "
- આનંદ પટેલ
મો.-૯૪૨૭૩૩૨૭૦૦



" વનકન્યા "
- રેખા જયદેવસિંહ વેગડ
મો.-૯૪૨૭૨૫૦૫૦૫



" ભક્તિરસ "
- જયદીપ એન. ઠાકર
મો.-૯૪૨૬૮૫૧૦૯૭

ફાંસ

- માવજી મહેશ્વરી

ડમ્પરના ડ્રાઈવરે સહેજ આગળ-પાછળ જોયું અને હાઈડ્રોલિક સિસ્ટિમ ચાલુ કરી. એક તીણી ઘરઘરાટી સાથે ટ્રોલી પાછળથી ઊંચકાઈ અને તે સાથે ધૂળનું વાદળ ચડ્યું. બજરી જમીન પર ઠલવાઈ રહી એટલે ડમ્પર જરા આગળ થયું. પાછળ ઊભેલા મજૂરો ધૂળના વાદળમાં આછા આછા દેખાતા ડમ્પરને જોઈ રહ્યા. રમચન્નાએ પાંપણ ઉપર બાઝેલી રજને આંગળીથી સાફ કરીને ડૂબતા સૂરજને જોયા કર્યું. હવામાં આછી ધૂંધળાશ ભળી ગઈ હતી. રાતોચોળ સૂરજ ક્ષિતિજની ઉપર લટકી રહ્યો હતો. રમચન્નાને યાદ આવ્યું કે એ નાનો હતો ત્યારે દરિયાકાંઠે ઊભો રહીને ડૂબતા સૂરજને જોયા કરતો. તે વખતે આવું બધું ક્યાં કંઈ હતું ? નાળિયેરીના ફડામાંથી બનાવેલાં ઝૂંપડાની નાની એવી વસ્તી. રાત પડે તીખા મરચાંના વઘારની સાથે માછલી શેકાવાની માદક ગંધ ભીની હવામાં ભળી જતી. તે માથું ધૂણાવી બાકી રહેલા કામને જોઈ રહ્યો. અંધારું થવામાં ઝાઝીવાર ન હતી અને રમચન્નાને સૂરજ આથમી જાય તેની સામે અકળામણ હતી. તેણે તગારા ઊંચકતી, રોડ રોલરના પૈડાંને પાણીથી ધોતી છોકરીઓ સામે જોયું અને કંઈક ભૂલવાનો પ્રયત્ન કર્યો.

રમચન્ના નાનો હતો ત્યારે તેનાથી મોટા યુવાનિયા સાથે ક્યારેક માછલી મારવા જતો. યુવાનિયા આંખ મીચકારતા, એકબીજા સાથે ઘુસપુસ કરતા તે રમચન્ના સમજી શકતો નહીં. તેને અકળામણ થતી. શરૂ શરૂમાં દરિયાના ઊછળતા મોજાં ઉપર ચાલતા મછવામાં બેઠો હોય ત્યારે એમ લાગતું જાણે હમણાં જ મછવો ઊંધો વળી જશે. એને બીક લાગતી. ભાગીને જમીન તરફ દોટ મૂકવાનું મન થતું. પણ રાતે ઘેર આવે ત્યારે એને ફરી દરિયાનો રવ સંભળાય. દૂર દૂર ફરતી એજન્સીઓની મોટરબોટની બત્તીઓને તે જોયા કરતો. પોતાનાં ઝૂંપડાંમાથી આવતા અવાજો સાંભળી એના કાનમાં જીવડાં ફરતાં હોય એવું લાગતું. એનો બાપ ઘેનલ આંખે તેની મા સામે જોયા કરતો હોય કે પછી લવારી કરતો હોય. એકવાર તેણે પોતાની માને પૂછ્યું હતું - મા-બાપા દારૂ શા માટે પીએ છે ? તેની મા પીંગળી આંખે રમચન્ના સામે તાક્યા કરતી પછી મોઢું બગાડતી. રમચન્નાની બે બહેનો હતી. એક નાની અને એક મોટી. રમચન્ના પછી તેનો એક ભાઈ જન્મ્યો હતો પણ બે વર્ષનો થઈ મરી ગયો હતો. તે પછી તેની મા તેને એકલો છોડતી નહીં.

દરિયાકાંઠાની સાવ નજીક આવેલી એ વસ્તીની છોકરીઓ આખો દિવસ દરિયાકાંઠે રખડતી રહેતી. ભરતીમાં તણાઈ આવતી જાતજાતની વસ્તુઓ વીણતી. ક્યારેક દરિયાકાંઠે ફરવા આવતા શેઠિયાઓ સામે હાથ પણ લાંબો કરતી. તેણે એક દિવસ પોતાની મોટી બહેનને દરિયાકિનારે કચરો વીણતી જોઈ હતી. એ દિવસે તે પોતાની મા સાથે ઝઘડો કરી બેઠો હતો. તે વખતે દારૂની બાટલી લઈને ઓટલા ઉપર બેઠેલા તેના બાપે અચાનક દોટ મૂકી અને તેની માને બે ચાર થપ્પડો મારી લીધી હતી. રમચન્નાને થયું કે તેના બાપે બહેનને બદલે માને શા માટે મારી ? તેને દિવસે દિવસે પોતાના બાપને જોઈને ચિતરી ચડવા લાગી. તેનો બાપ કશું કમાતો નહીં. મા કામે જાય તો તેની સાથે જાય અને માની સામે ઘુરક્યા કરે. દારૂ પીને બબડ્યા કરતો. માને બેફામ ગાળો બોલતો. મા કશું ન બોલતી. જાણે ગણકારતી જ નહીં. પણ એનો બાપ ઝાઝું જીવ્યો નહીં. રમચન્ના ત્યારે અગિયાર વર્ષનો હતો અને તેની મોટી બહેન ચૌદ વર્ષની. રમચન્નાને એવું હતું કે બાપના મરી જવાથી મા દિવસો સુધી રડ્યા કરશે. તે કામે નહીં જાય. પણ એવું ન થયું. તેની મા કામે જવા લાગી. તે હસી હસીને વાતો કરવા લાગી. પહેલા અઠવાડિયા સુધી ન નહાતી મા રોજ સાંજે કામેથી આવીને નહાઈ લેતી. રમચન્નાને એ બધું સમજવું હતું. તેને

અકળામણ થતી. રોજ સવારે મોટી બહેન અને મા મજૂરીએ જાય, સાંજે આવે. નાની બહેનને નિશાળે જવું હતું પણ માએ કહ્યું નિશાળ બહુ દૂર છે, વસ્તીની કોઈ છોકરી જતી નથી. તારે ભણવાની શું જરૂર છે ? પછી નાની બહેન પણ મા સાથે કામની જગ્યાએ જતી થઈ. રમચન્ના દરિયાકિનારે રખડ્યા કરતો. તેને ક્યારેક અચાનક પોતાના નકામો અને દારૂડિયો બાપ યાદ આવતો. તે દરિયાકિનારે એકલો બેસી રહેતો. તેને વિચાર આવતો કે કદાચ બાપાના મરી જવાથી મા છૂટી છે રોજની ગાળો અને અપમાનથી. તેને એ સમજાતું નહીં કે બાપ નાલાયક હતો, દારૂડિયો હતો, કમાતો નહીં તો પછી આટલો યાદ શા માટે આવે છે ? શું માને પણ એ યાદ આવતો હશે ? તે વિચારતા વિચારતા થાકી જતો અને દરિયાકિનારે સૂઈ જતો. હવે મા અને બહેનની રોજની કમાઈની અસર ઘરમાં દેખાવા લાગી હતી. મા ઢંગના કપડાં પહેરવા લાગી હતી. બહેન તો મજૂરીએ જાય છે એવું લાગતું જ નહીં. તેના નાક અને પગમાં ચાંદીના ઘરેણાં આવી ગયાં.

રમચન્ના હવે પંદર વર્ષનો થઈ ગયો હતો. તે પણ પોતાની મા સાથે મજૂરીએ જવા લાગ્યો હતો. વસ્તીમાં રહેતા મુકાદમ બાલુ એક દિવસ મા પાસે કેટલીયવાર બેસી રહેલો. તેણે માને સમજાવ્યું હતું કે બહુ મોટું કામ મળ્યું છે. ઘણા દિવસ ચાલશે, પણ આ વસ્તી છોડીને જ્યાં કામ ચાલે છે ત્યાં રહેવું પડશે. રમચન્નાની માએ હા પાડી દીધેલી. રમચન્નાની જરાય



ઇચ્છા ન હતી વસ્તી છોડીને દૂર જવાની. તેણે મા સાથે ઝઘડો કર્યો તોય એની માએ નમતું ન આપ્યું. રમચન્ના ન છૂટકે પોતાની બે બહેનો અને મા સાથે શહેરમાં આવી ગયો. શહેરની બહાર એક ખુલ્લી જમીન પર પ્લાસ્ટિકની રાવટીઓનું જાણે નાનકડું ગામ વસી ગયું. રમચન્નાને જાતજાતની અકળામણો થતી તોય તે રહી ગયો. કોન્ટાક્ટરે શહેર અને ગામડાને જોડતો ડામરનો રસ્તો બનાવવાનું કામ લીધું હતું. મુકાદમ બાલુ રોજ રાતે આવતો, મા સાથે વાતો કરતો બેસી રહેતો, મા રોજ ચા બનાવતી, બહેન બાજુના ઝૂંપડે જઈને કાવેરી સાથે મોડે સુધી બેસી રહેતી. રમચન્નાને બાલુની ચીડ ભરાવા લાગી. કામ ઉપર બાલુ જાણે મોટો સાહેબ હતો. તે રોજ મજૂરોને ધમકાવતો. ખાસ કરીને પુરુષોને અને છોકરાઓને. ઠેકાદાર રોજ આવતો, બાલુ સાથે વાતો કરતો અને કાળાં ચશ્માં પહેરી કામ કરતી મજૂરણોને જોયા કરતો. મોડી સાંજ સુધી મજૂરો પાસેથી કામ કરાવતો. સમયસર પૈસા દેતો નહીં. તે ક્યારેક બાઈકની ચાવી આંગળીમાં નાખી ગોળ ગોળ ઘુમાવતો મજૂરણ છોકરીઓને જુદી જુદી સૂચનાઓ આપતો અને પછી ચશ્માં ઉતારી ભદ્દું હસતો. રમચન્નાને ઠેકેદાર જરાય ગમતો નહીં. તેને રોજ પોતાની માને કહેવાનું મન થતું કે મા ચાલ આપણે પાછા વસ્તીમાં જતા રહીએ. હું માછીમારી કરવા જઈશ. તમારે ક્યાંય જવાનું નહીં. પણ તેની મા કામ છોડવા તૈયાર ન હતી, રમચન્નાની મોટી બહેન તેની ઉંમરની છોકરીઓ સાથે કામ કરતી. રમચન્ના પોતાની બહેનને જોયા જ કરતો. તેની બહેન તેની નજરમાંથી છટકતી નહીં તે છતાં એક દિવસ છટકી ગઈ. તેણે કામ કરતાં કરતાં કાંકરી ભરેલા ડમ્મરમાં ચારેક છોકરીઓને ચડતી જોઈ હતી. ઠેકેદારને બીજે મજૂરોની જરૂર પડી હતી એવું બાલુએ કહ્યું હતું. એ સાંજે રમચન્નાને કંઈ ગમતું ન હતું. મજૂરો કામેથી છૂટીને પોતપોતાની પ્લાસ્ટિકની ઝૂંપડીઓમાં આવી ગયા હતા. રમચન્ના નાહવાના પથ્થર પર બેસી માને રોટલા ઘડતી જોઈ રહ્યો. તેની માના મોં ઉપર સળગતા લાકડાંની ઝાંય પડતી હતી. અંધારું થવા આવ્યું છતાં તેની બહેન હજુ આવી ન હતી.

રમચન્ના ઊઠ્યો અને માને પૂછ્યું - મા લક્ષ્મી કેમ હજુ આવી નથી ? તેની માએ તેની સામે જોઈ જરા હસીને કહ્યું - તે કેમ તને લક્ષ્મીની આવડી ચિંતા જાગી છે ? ઠેકેદારના બીજા કામ ઉપર મજૂરોની જરૂર હતી એટલે ત્યાં ગઈ છે. એના પૈસા અલગથી મળશે એવું બાલુએ કહ્યું છે.

રમચન્ના ફરી પથ્થર ઉપર બેસીને માને રોટલા ઘડતી જોઈ રહ્યો. તેને થયું કે તે સળગતા ચુલામાં પાણી રેડી દે. તેની માએ ખાવાનું કહ્યું, તો તેણે ખાધું નહીં. દસેક વાગે એક ડમ્મર આવ્યું. ચારેય છોકરીઓ અને બીજી બે મજૂરણો ડમ્પરમાંથી કુદકા મારીને ઊતરી. લક્ષ્મીએ આવતાંની સાથે જ કહ્યું - મા શું બનાવ્યું છે ? બહુ ભૂખ તો નથી. આજે તો ઠેકેદારે મસ્ત નાસ્તો કરાવ્યો છે. રમચન્ના લક્ષ્મીને જોઈ રહ્યો. લક્ષ્મીના શરીરમાં તરવરાટ હતો. એના મોં ઉપર મજૂરીનો કોઈ થાક જ નહોતો. તે મા સાથે હસી હસીને વાતો કરતી હતી. રમચન્નાએ બે વાર પતરાંનો ટ્રંક ખોલવાનો અને બંધ થવાનો અવાજ સાંભળ્યો. તે રાતે એ પડ્યો પડ્યો તારાને જોતો રહ્યો. તેને સમજાતું ન હતું કે આજે પોતાનો દારૂડિયો બાપ શા માટે યાદ આવી રહ્યો છે. બીજા દિવસે તેણે જોયું કે લક્ષ્મી કામે આવી ન હતી. તેણે માને પૂછ્યું તો માએ કહ્યું કે હવે તેણે કામે આવવાનું નથી. રમચન્ના ધૂંધવાઈ ગયો પણ કશું બોલ્યો નહીં. તેણે પોતાની મા અને બહેન સાથે બોલવાનું ઓછું કરી નાખ્યું. રોજ રાતે તે આકાશ સામે જોયા કરતો. તેને લાગતું કે તેનો બાપ વ્યંગમાં હસી રહ્યો છે. નશામાં માને ન સમજાય તેવી ગાળો દઈ રહ્યો છે. એક દિવસ રમચન્ના કોઈને કહ્યા વગર બપોરે કામના સ્થળેથી પોતાના ઝૂંપડે આવી ગયો. તેણે જોયું કે એક બાઈક તેના ઝૂંપડાથી થોડે દૂર ઊભું હતું. રમચન્નાની મુઠ્ઠીઓ વળાઈ ગઈ. તેને થયું કે તે પથ્થરથી બાઈકની બત્તીનો કાચ તોડી નાખે. તેના દાંત ભીંસાઈ ગયા. તેને લાગ્યું આસપાસથી પોતાના દારૂડિયા બાપનો બબડાટ સંભળાય છે. તેનું ગળું રુંધાઈ ગયું. તેણે ખિસ્સામાં હાથ નાખ્યો. બે દિવસ પહેલા ઠેકેદારે આપેલા મજૂરીના પૈસા તેના ખિસ્સામાં હતા. તેણે કામ ઉપર જવાને બદલે ભુવનેશ્વરની વાટ ઝાલી. તે રેલમાં બેસી ગયો રેલ ચાલતી રહી, ચાલતી રહી. પોતાનો દરિયો, નારિયેળીના ફડાવાળી ઝૂંપડી, પોતાની ગોરી માના નાકમાં ચમકતો હીરો, બહેનના પગની ઝાંઝરીનો અવાજ, ઠેકેદારની બાઈકનો અવાજ. ડમ્પરમાંથી ઠલવાતી રેતી, મજૂરણ છોકરીઓની ઠઠ્ઠામશ્કરી, બહેનની સામે જોઈને માનું હસવું એ બધું જ પાછળ રહેતું જતું હતું.

ગુજરાત ક્યાં આવ્યું તેની રમચન્નાને ખબરેય નહોતી. પણ ગુજરાતમાં બહુ જ કામ મળી રહે છે એવું તેણે પોતાના સાથે કામ કરતા મજૂરો પાસેથી સાંભળ્યું હતું. એ અમદાવાદ ઊતર્યો ત્યારે ખબર પડી કે તેના પ્રદેશના કેટલાક મજૂરો કચ્છ બાજુ જાય છે. કચ્છનું નામ તેણે કદી સાંભળ્યું ન હતું. તે બીજા મજૂરો સાથે કચ્છ આવી ગયો. તેને નવાઈ લાગી કે અહીં તો કામ જ કામ હતું. તેને કામ તો મળી ગયું. બે વર્ષમાં તો તે મુકાદમ બની ગયો. ઠેકેદારો તેને ઓળખતા થઈ ગયા. પણ ઠેકેદારોને એવી ખબર કે આ રમચન્ના ઊંધી ખોપરીનો માણસ છે. ઝઘડતા વાર નહીં કરે. જો કોઈ ઠેકેદાર મોડું કરે કે સાંજ પછી કામ કરવાનું કહે તો રમચન્નાની નસો ફાટ ફાટ થવા લાગતી.

રમચન્નાએ ઉદાસ આંખે ડાબી-જમણી તરફ જોયું. બજરી છાંટતી છોકરીની ઓઢણીઓમાં સૂરજના છેલ્લાં કિરણો સંતાતાં હતાં.

બસોએક મીટર સુધી મજૂરો છૂટાછવાયા કામ કરતા



હતા. હવામાં ઊકળતા ડામરની વાસ ભરાઈ ગઈ હતી. ડામર પાથરતું મશીન ધીમે ધીમે આગળ વધતું હતું. વહેલી છૂટવા માટે છોકરીઓ માટે ઝડપથી તગારા ભરતી જતી હતી. રસ્તાની ધાર ઉપર ડોકું નમાવીને ઊભેલા બાઈકને જોઈ રમચન્નાને ગુસ્સો આવતો હતો. ઠેકેદાર ઝડપથી કામ કરવાની બૂમો પાડતો હતો. રમચન્નાની કેડ દુ:ખવા આવી હતી. આજે ઠેકેદારે સખત કામ લીધું હતું. સેલફોન પર વાતો કરતા આવતા ઠેકેદારને જોઈ રમચન્નાએ તેને પૂછ્યું.

ભાઈ કામ કબ તક ચલેગા ?

કબ તક ચલેગા મતલબ ? યે માલ બન ગયા હૈ વો પૂરા તો કરના પડેગા ના ? કોઈ તકલીફ હૈ તુમકો ?

રમચન્નાએ ઠેકેદારે ગળામાં પહેરેલી સોનાની જાડી ચેન તરફ જોતાં કહ્યું - મુજે તો તકલીફ નહીં હૈ.

તો કિસકો તકલીફ હૈ બોલો ?

રમચન્નાએ કરડી આંખે ઠેકેદાર તરફ જોયું. તેને લક્ષ્મી યાદ આવી. એ રાત યાદ આવી જ્યારે લક્ષ્મી મોડી આવી હતી. તેણે કામ કરતી છોકરીઓ સામે જોતાં કહ્યું - વો લડકિયાં વો કબ ઘર પહુંચેગી ? અંધેરે મેં કામ કરના જરૂરી નહીં હૈ. આજ પૈસે લાયે હો ?

ઠેકેદાર રમચન્નાને જાણતો હતો. મજૂરો ભેગા કરવામાં અને ધાર્યું કામ લેવામાં માહીર રમચન્ના ધૂની સ્વભાવનો છે તેની ઠેકેદારને ખબર હતી. તે જોરથી હસી પડ્યો. રમચન્નાએ ઝીણી આંખે ઠેકેદાર સામે જોયા કર્યું. ઠેકેદારે તેની નજીક આવીને તેની આંખોમાં જોતાં કહ્યું - તુમકો કભી કભી ક્યા હો જાતા હૈ યાર ? જબ ભી અંધેરા હોતા હૈ તુ બબાલ કર દેતે હો. યે લડકિયોં કી ઈતની ચિંતા ક્યોં હૈ તુજે. ઔર યે લડકિયાં હૈ તો ક્યા હુઆ ? હમ હૈ ન યહાં. દેર હોગી તો ટ્રક લડકિયોં કો છોડ આયેગા.

નહીં, વો ટ્રક મેં નહીં જાયેગી. સમજે ?

રમચન્ના એટલા ઝનૂનથી બોલ્યો કે ઠેકેદાર જરા બી ગયો. તેણે રમચન્નાના ખભા ઉપર હાથ મૂકતાં કહ્યું - તું મુઝે મરવાયેગા. દેખો મૈં આજ પૈસે લેકર આયા હું. આજ સબ કો પૈસે દે દૂંગા. જલદી કામ પૂરા કરો. વો લડકિયાં સબ મેરી બહેને હૈ. મુજે કામ ચાહિએ ઔર કુછ નહીં સમજે ? યાર તુ ભી...

રમચન્નાએ ઠેકેદારની આંખોમાં ધારીને જોયું પછી પશ્ચિમ દિશા તરફ નજર કરી. હવે થોડો અજવાશ બચ્યો હતો. તેનો હેડિયો ઊંચોનીચો થયો. હોઠ ધ્રૂજ્યા. તે પાવડો ખભા ઉપર મૂકીને મજૂરો તરફ દોડ્યો. ઠેકેદારને નાનો એવો ધ્રાસકો પડ્યો. રમચન્નાએ જોરથી બૂમ પાડીને કહ્યું - જલદી કરો. આજ ઈતના કામ પૂરા કરના હૈ ઔર ઠેકેદાર પૈસા લેકર આયા હૈ. સબકો આજ પૈસે મિલ જાયેંગે ચલો જલદી કરો. અગર વો પૈસે ન દે તો રોડ તોડ દેંગે.

ઠેકેદારને કંઈ સમજાયું નહીં. તેને રમચન્નાની જુદી જાતની બીક લાગી. સૂરજ આથમી ગયો હતો તોય અજવાળું હતું.

૧૯૯/૬ મહાદેવનગર,
અંજાર-કચ્છ ૩૭૦૧૧૦





આકાર

- સુરમ્યા જોશી

નીચેના માળથી સળંગ ઉપર આવતો ચોરસ થાંભલો બીજા માળે વરંડાની પાળીની નજીક પૂરો થતો હતો, તેની ઉપર બેસાય તેવું હતું. દોઢેક ફૂટ ઊંચી એક સરસ બેઠક બની ગયેલી. છેક નાનપણથી જ એ ત્યાં બેસતો.

પહેલ વહેલા વરંડાની જાળી ખોલીને કંઈક કામસર એને ત્યાં જવાનું થયેલું, ત્યારે ત્રીજા ધોરણમાં હશે એ. મમ્મીએ કંઈક તડકે સૂકવ્યું હશે તે અંદર લઈ આવવા સાંજે એને મોકલેલો. એ નાનું કામ પતાવીને ફરી પાછો તે ત્યાં વરંડામાં ગયેલો અને આ બેઠક પાસે ઊભો રહેલો. તે વખતે તો એ નાનકડો, તે એણે ઠેકડો મારીને ચઢવું પડેલું આ બેઠક ઉપર. ત્યારથી થોડા થોડા સમયાંતરે એ આમ ત્યાં જઈને બેસતો. પગ ફર્શથી ખાસ્સા અધ્ધર, ઝૂલતા રહેતા. તે પછી સ્હેજ મોટો થયો ને પગના પંજા ફર્શને અડે તે રીતે બેસાતું, પછી આખા પંજા ફર્શ પર ટેકવાઈ જાય તેટલો, તો વળી ત્યાર પછી બેઠાં બેઠાં પગ લાંબા કરીને બેસવું પડે તેવું થયું અને હવે તો ત્યાં, બેઠક ઉપર બેસીને વરંડાની પાળી પર પગ ટેકવીને એનાથી બેસાતું. કદીક કદીક એ પાળી પાસે ઊભો પણ રહેતો. ઘણાં વર્ષોથી તો એ દરરોજ જ ત્યાં બેસતો કાં ઊભો રહેતો. એકલો જ.

આમ વરંડામાં ઊભા રહેવું કે બેસવું તે કોઈ બીજા કારણસર નહીં, માત્ર પવન ખાવા.

ઢળતી સાંજનો વાયરો એને ગમતો, ના-ના, 'ગમતો' જ તો બહુ ઓછું કહેવાય. 'ખૂબ ગમતો', કે 'અતિપ્રિય' કે પછી 'બહુ ખાસ' જેવાં અનેક વિશેષણો લગાડી શકાય. સાંજે સૂર્યાસ્ત પહેલાં અને પછી એમ ખાસ્સી વાર સુધી, જ્યારે ઘરમાં સહુ પોતપોતાની પ્રવૃત્તિમાં વ્યસ્ત હોય ત્યારે એ આમ વરંડામાં બેઠેલો કે ઊભેલો હોય.

'એ' એટલે આપણો 'ભૂપતિ'.

એના જન્મ વખતે ધન રાશિ પરથી નામ પાડવાનું આવ્યું ત્યારે કુટુંબના એક વડીલે આ નામ સૂચવેલું, જે સહુએ સહર્ષ પસંદ કરેલું. એનું નામ બીજા છોકરાઓના નામથી અલગ પડતું. શાળામાં 'દીપ્તિ', 'ખ્યાતિ' વગેરે નામની સાથે 'ભૂપતિ' બોલીને છોકરીઓ એને ખીજવતી. વર્ગમાં હાજરી પૂરાય ત્યારે અમુક શિક્ષિકાઓ ઝીણું હસી દેતી તેવે વખતે એને તે કઠતું. માત્ર એક માસ્તર હતા એના કે જેમને એનું આ નામ બહુ ગમતું. હાજરી સમયે જેવો ભૂપતિ 'જી સર' બોલે કે તરત જ એ માસ્તર સાહેબ 'પધાર્યા છો, એમને !' એવું કહે. મિત્રોમાં એણે પોતાનું નામ મોટપણે 'ભૂપત' કહેવા માંડેલું, પણ આપણે માટે તો એ 'ભૂપતિ' જ, હોં કે !

ભૂપતિનું ઘર સુંદર મઝાનું. કુટુંબ હર્યું ભર્યું અને સુખમય. તેઓ ચાર ભાઈ-ભાંડુ. સાત વર્ષના ગાળામાં એ ચારેય જન્મેલાં. સરખે-સરખાં જ લાગે. માતા-પિતા પણ કાળજી કરનારાં. ભૂપતિ બધાંથી થોડો અલગ-જુદો. દેખીતી રીતે ના લાગે, પણ કંઈક અલગ ખરો, વિશિષ્ટ.

નાનો હતો ત્યારે એને એમ થતું કે ઘરમાં બધાં જે રીતે સાથે જમે, ટેલિવિઝન જૂએ તે જ રીતે સાથે મળીને પવન ખાવાનો હોય ને !

સંધ્યાકાળે વરંડામાં ઊભો હોય ત્યારે 'હમણાં બાકીનાં સહુ પણ આવીને એની સાથે જોડાશે.' એમ રાહ જૂએ, પરંતુ એવું કદીયે બન્યું નહીં. કેટલીય વાર એણે એના ભાઈને અને બંને બહેનોને પોતાની સાથે ત્યાં બોલાવેલાં પણ ત્યાં ઊભા રહીને એ લોકોને સમજાતું નહીં કે ત્યાં અલગ શું છે ?

"અહીં તો કંઈ જોવાનું નથી, કેમ બોલાવ્યા ?" એવું એને પુછાતું.

"પવન આવે છે ને સરસ !" એવું એના હોઠ સુધી આવતું પણ તે કહેતાં અચકાતો. કોણ જાણે ! મશ્કરી કરશે ! એવી ભીતિ લાગતી, સંકોચ થતો.

મમ્મી-પપ્પા એની સાથે વરંડામાં પાળી પાસે ઊભા રહે એવું એને બહુ મન થાય પણ એ કહેતાં ખચકાય કારણ કે 'એ તો કેટલા મોટ્ટા છે ! એમને તો આ મઝાનો પવન ખબર હોય જને ! અને તોય કદી ના બેસે કે ના ત્યાં ઊભા રહે તો ! તો ના ગમતું હોય એવું જ ને !' એમ એણે જાતે જ સમજેલું.

'સાથે ભેગાં મળીને કોકની સાથે આ માણવા જેવી સુંદર ક્ષણો વિતાવવા મળે.', ના-ના, આવા કાવ્યાત્મક વિચારો એ નહોતો કરતો. એટલે કે, વિચારો આવા જ પ્રકારના પણ કાવ્યાત્મક નહીં. બસ - સાદા, મીઠ્ઠા, શીતળ પણ... કદી એવું બન્યું નહીં. એણે એકલા જ ખાવો પડતો પવન, કાયમ.

પોતાનો આ ગમતો સમય સાચવી લેવા તે પોતાના કામકાજ, શાળાનું લેસન, સમયસર આટોપી લેતો જેથી એને

કોઈની રોક-ટોક ના થાય. જોકે મોટે ભાગે તો સાંજના સમયે એ ક્યાં છે અને શું કરે છે ! તે માથાકૂટ કોઈ કરતું નહીં. સહુ પોતપોતાનામાં હોય. પણ તોય, ભૂપતિ કાળજી રાખે. આને કારણે તે શિસ્તબદ્ધ થયો, ડાહ્યો છોકરો થયો, ડાહ્યો કિશોર થયો.

મિત્રો સાથે એ હળે-મળે, ભણે, રમે બધું ખરું પણ એનું ચિત્ત અલિપ્ત હોય. અંતરથી તો એનું મન એના ગમતા સંધ્યાકાળમાં જ હોય. એનું આશ્ચર્ય તો અકબંધ જ રહ્યું'તું કે 'કેમ કોઈને જ રસ નથી પડતો આવી સુંદર પ્રવૃત્તિમાં !' જેનો જવાબ એને મળ્યો જ નહોતો. લગભગ કિશોરાવસ્થા પૂરી થતાં સુધીમાં એણે એવા આ સંધ્યાકાર્યમાં સંગાથી શોધવાનું બંધ કરેલું. આદત જ પાડી દીધેલી એકલા કુદરતને માણવાની, અને ત્યાંજ, ત્યાંજ એક દા'ડો એક અલગ સાંજ પણ આવી.

તે સાંજે એ પાળીની પાસે અદબ વાળીને ઊભો હતો. એના વાળ હંમેશાં પવનમાં થોડા થોડા ફરકે. શર્ટ પણ ફરકતું હોય તેવું દશ્ય ઊભું થાય. થોડીવાર વાયરો એના ચહેરા પર આવ-જા થયા કર્યો. એણે આંખો બંધ કરી અને ખાસ્સી વાર પવન માણ્યા કર્યો. એ બંધ આંખે એને એમ આભાસ થયો કે આસપાસની બધી જ બાલ્કનીમાં, અગાસીમાં ઘણા બધા લોકો એની જેમ જ આ શીતળ વાયરાનો આનંદ માણવા ઊભા છે. તો કોક બેઠા છે !' હર્ષભેર એણે આંખો ખોલી અને ચારે બાજુ જોયું. ક્યાંય કોઈ નહોતું પણ... સામી બાજુ, સ્હેજ આઘે, છેક ઉપલા માળની પાળી પાસે બે જણ ઊભેલા હતા. કદાચ પાળીની ઉપર ઊભા હશે ! કારણ કે માણસની સામાન્ય ઊંચાઈ કરતાં લગભગ બે ગણા ઊંચા દેખાતા હતા એ બંને સાંજના



અડધા પડધા અજવાળામાં બહુ સ્પષ્ટ જોઈ શકાતું નહોતું પણ લાંબા, સફેદ ડગલા જેવું કંઈક પહેરેલું હોય તેવા આકાર હતા. એણે વધુ ધ્યાનથી જોયું. ના-ના, પાળીની ઉપર નહીં, પાળીની પાછળ ઊભેલા હતા. કદાચ બંને આંખો મીંચીને ઊભા'તા. ચહેરા પર શાંતિ હોય તેવું લાગતું હતું. ત્યાં તો વળી પાછો વાયરાનો ધીમો ઝપાટો આવીને એના ચહેરાને પસવારી ગયો અને ત્યારે એનાં મગજમાં ઝબકારો થયો.

'આ બંને પણ એની જેમ આ વાયરો માણવા જ ઊભા હોય તેવું હોય ને ! અરે વાહ !'

આજે પહેલીવાર એને આટલો બધો હરખ થયો. એને થયું કે 'અહીંથી હાથ હલાવીને એમનું અભિવાદન કરું, હેલ્લો કરું.' એ હાથ ઊંચો કરવા જતો'તો ને જ જાણે પેલા બંને જણે બીજી તરફ ચહેરો ફેરવી દીધો હોય તેવું લાગ્યું.

'ઓહ !' ભૂપતિએ હાથ પાછા નીચા કરી દીધા.

'કોક અન્ય બાલ્કની કે અગાશીમાં પણ પાળી પાસે આજે કોઈ હોય !' એમ વિચારીને એણે આસપાસ નજર કરી પણ ક્યાંય કોઈ નહોતું. વળી પાછું એણે સામી તરફ જોયું પણ... પેલા બંને જણ ત્યાંથી ચાલ્યા ગયેલા.

ભૂપતિને ના ગમ્યું. જાણે કે કંપની જતી રહી.

બીજે દિવસે સાંજે તે ઝડપથી પોતાના નિયત સ્થળે પહોંચી ગયો, તરત જ સામી બાજુ જોયું અને ફરીથી એ જ હરખ થઈ આવ્યો. પેલા બંને જણ ત્યાં જ, ગઈકાલની જેમ જ ઊભેલા હતા. શાંત, સૌમ્ય, સફેદ લાંબા ડગલા જેવા પોશાક પહેરેલા. ખૂબ લાંબા કદવાળા. આંખો આજે પણ બંધ જ હોય તેવું લાગ્યું.

હવે તો ભૂપતિને ખાત્રી થઈ ગઈ કે કોક એની જેમ જ આંખો મીંચીને વાયરો માણવાના શોખીન છે.

'આજે તો હાથ કરવો જ છે,' એમ વિચારીને તેણે એ તરફ જોયા જ કર્યું પણ કોણ જાણે ક્યારે એનું ધ્યાન સ્હેજ ખસ્યું અને પેલા બંને જણ ત્યાંથી ચાલ્યા ગયા ! વળી પાછો એ ઉદાસ થઈ ગયો.

ત્રીજા દિવસે પણ એણે ત્વરાથી પોતાનાં કામ આટોપ્યા અને વરંડામાં પહોંચી ગયો ! આજે સામી બાજુ પેલી પાળી પાસે કોઈ નહોતું. હવે આવશે, એમ એને થયું. એ અદબ વાળી તે તરફ જોતો ઊભો રહ્યો. ક્યાંય સુધી ઊભો રહ્યો, આખરે એ નિરાશ થયો, 'હવે કદાચ નહીં આવે આજે !'

આંખો મીંચીને પોતાની ટેવ મુજબ પેલા થાંભલાની બેઠક પર પગ ઝૂલાવતો બેસી રહ્યો. ચહેરા પર, માથાના

વાળમાં, હાથ ઉપર, પવન અનુભવતો રહ્યો. ખૂબ સારું લાગ્યું. જાણે ઘણા વખતે આ ઠંડક ચહેરા પર અનુભવાઈ !

'પરંતુ એવું કેવી રીતે હોય ? પોતે તો રોજ અહીં આવે છે ! પવન પણ રોજ વાય છે !'

હવે એના મોં પર ધીમું હાસ્ય આવ્યું.

'છેલ્લા બે દિવસથી તો એનું ધ્યાન વાયરામાં ઓછું અને પેલા બંને આકારો ઉપર વધુ નહોતું ?'

'આકારો !' ભૂપતિને પોતાને આશ્ચર્ય થયું. માણસો, વ્યક્તિઓ કંઈ નહીં ને બસ, આકારો ! કદાચ પેલો વધુ પડતો ઊંચા અલગ પ્રકારનો પહેરવેશ, એ બધાની સાથે આ આકાર શબ્દ જ બંધ બેસતો હતો !

...વર્ષો વીતતાં ગયાં. ભૂપતિ પણ અન્ય યુવકોની જેમ અભ્યાસ પૂર્ણ કર્યા પછી નોકરીમાં અને સાથે સાથે ઘર ગૃહસ્થીમાં જોડાયો, ગૂંથાયો, પરોવાયો, વ્યસ્ત થયો. જીવનશૈલી બદલાઈ. નવરાશ ઓછી થઈ. જવાબદારીઓ વધી, પરંતુ એક વાત ના બદલાઈ. એનો ગમતો સંધ્યાક્રમ. એ તો એમનો એમ જ રહ્યો.

પોતાની કિશોરાવસ્થામાં જોયેલા નિસર્ગના સાથીદારો જેવા પેલા બે આકારો એને ઘણીવાર યાદ આવતા. હજી પણ એની નજર એમને શોધ્યા કરતી, આશાભરી એની નજર એક ખાલીપો અનુભવતી.

સમયની સાથે તેનું ગૃહસ્થ જીવન પણ આગળ વધ્યું. હવે તે એક મઝાના શિશુનો પિતા બન્યો હતો. કુટુંબના બધાં જ સભ્યો એ લાડકા શિશુની આસપાસ ગૂંથાયેલાં રહેતાં. એને રમાડવામાં, એની ઊંધા પાડવાની, ખસવાની પ્રગતિ અને એની ઊંઘમાં હસવા-રડવાની નવી નવી રીતો નિહાળવામાં સહુને અલૌકિક આનંદ આવતો. હવે તો એ શિશુ, પુત્ર, બાળક સાત-આઠ મહિનાનું થઈ ગયું હતું.

એક દિવસ એ શિશુ અચાનક રોવા પર ચઢ્યું. આમ તો સાંજના સમયે ઘરનાં સહુ એને ભેગા મળીને રમાડે. આગળના ઓરડામાં ગોદડી ઉપર સૂતું હોય, ઊંધું થાય, ભાંખોડિયા ભરવાના પ્રયત્નો કરે અને સહુની સાથે સરસ મઝાનું રમે પણ. આજે કોણ જાણે કેમ, એને કશુંય ના ગમતું હોય એમ એણે રડ્યા કર્યું. છાનું રાખવાના પ્રયત્નો કરી કરીને સહુ થાક્યા. પેટમાં દુઃખતું હશે ! કંઈ કરડ્યું હોય ! એમ જાતજાતની અટકળો અને તેના ઉપાયો કરી જોયા, પણ વ્યર્થ. ભૂપતિની પત્ની, એટલે કે શિશુની માતા પણ હવે તો રોવા જેવી થઈ ગઈ. આટલું બધું તો એ કદી રોતું નહીં ! આખરે ભૂપતિને શું સૂઝ્યું ! તે એણે રડતા શિશુને તેડી લીધું અને એને લઈને બ્હાર વરંડામાં ગયો. પાછળ એણે જાળી અડકાડી. શિશુને એણે ખભા પર હળવે હળવે થાબડ્યું. પોતે એની પેલી રોજની, થાંભલાના ટોચકાની, બેઠક ઉપર બેઠો.

ધીમો ધીમો પવન આવવાનો શરૂ થયો. બહાર વરંડામાં આવતાં જ શિશુનું રોવાનું ધીરે ધીરે ઓછું તો થયું જ હતું તે હવે લગભગ બંધ પડી ગયું. સ્હેજ વાર પછી તો એનાં ડૂસકાંય અટક્યાં અને એ શાંત થયું.

થોડો વધારે પવન વાયો. ઠંડો વાયરો. ભૂપતિનો પ્રિય. ભૂપતિના વાળ લહેરાયા. બાળકે ભૂપતિના ખભા પરથી પોતાનું માથું આગળ લીધું અને તેની સામે જોયું. તેના ગાલ ઉપરનાં આંસુના રેલા ભૂપતિએ હેતથી લૂછ્યા. હજી શિશુની આંખોમાં ભીનાશ હતી.

વળી પાછો વાયરો જરા જોરથી વાયો. શિશુના કેશ પણ એનાથી હાલ્યા. એણે એના પિતા, ભૂપતિ, સામે ખિલખિલ હાસ્ય કર્યું. ભૂપતિએ પણ એ ખિલખિલાટમાં પોતાનો સ્વર ભેળવ્યો. પવન વાતો રહ્યો. શિશુએ પાછું માથું ભૂપતિને ખભે મૂક્યું અને પોતાના નાનકડા હાથ પિતાની પીઠ ઉપર લયબદ્ધ, પવનના નાના નાના ઝપાટા સાથે તાલ મિલાવીને થપથપાવવા માંડ્યો.

ભૂપતિ ઊભો થયો. વરંડામાં એણે બે-ત્રણ આંટા માર્યા. પછી પાળી પાસે ઊભો રહ્યો. એનો ચહેરો ઘર તરફ અને શિશુનો ચહેરો પાળી તરફ હતો. અચાનક જ શિશુએ કાલીઘેલી કિલકારી કરી. વળી પાછી ફરીથી કિલકારી કરી. કલ-કલ ક્રીક્રી... એવા અવાજો સાથે હવે એણે પોતાના બંને



હાથના પંજા ભેગા કરીને પોતાના માથા સુધી લઈ જઈને પછી પાછા નીચા કરીને એમ હલાવવા માંડ્યા. ઘરમાંથી કોઈ અહીં વરંડામાં આવ્યું હોય એને જોઈને તે હરખાઈને કિલકારી કરી રહ્યું હોય ! એવું લાગતાં ભૂપતિએ આસપાસ જોયું પણ તેવું નહોતું. ફરીથી તેણે વરંડામાં આંટો માર્યો. હવે તેનું ધ્યાન દૂર - સામેની પાળી તરફ ગયું. વર્ષો જાણે કે વચમાંથી ખસી ગયાં. ત્યાં પાળી પાસે લાંબા સફેદ ડગલા જેવું વસ્ત્ર પહેરેલો ઊંચો આકાર શાંત, સ્વસ્થ મુદ્રામાં ઊભેલો હતો. વર્ષોથી દરરોજ જેની રાહ જોઈ હતી તે ! પોતાની કિશોરાવસ્થામાં જોયેલો, પ્રિય સંધ્યાક્રમના સાથી આકારોમાંનો જ એક ! એ જ સ્થળે, એ જ રીતે ! ભૂપતિ આનંદ વિભોર થઈ ગયો. એનો સાથી ! એની ગમતી પ્રવૃત્તિ, એના નિસર્ગના સાંનિધ્યનો સાથી ! કેટલાં બધાં વર્ષે !એની આંખોમાં પાણી આવી ગયાં. પણ ! પણ એ તો કેટલી બધી જૂની વાત ! અને આ તો હજી એવો ને એવો જ છે ! એવું કેમ ! અને એ સાથીનો સાથી ક્યાં ?

વળી પાછું શિશુ સ્હેજ સ્હેજ રડતું. ભૂપતિનું ધ્યાન અને એના વિચારો તૂટ્યા. શિશુને એણે થાબડ્યું, ત્યાં તો વરંડાની જાળી ખખડી. શિશુની માતા સ્હેજ નજર કરવા આવી હતી. ભૂપતિ એની તરફ ફર્યો. શિશુનો ચહેરો ફરી પાછો પાળી તરફ થયો. એણે ધીમી કિલકારી કરી અને હાથ હવામાં ઉછાળ્યા. બાળકને આનંદમાં જોઈને એની માતા, ભૂપતિ સામે હસીને પાછી ઘરમાં અંદર જતી રહી.

ભૂપતિ એમ જ ઊભો રહ્યો અને શિશુને ધીમે ધીમે થાબડતો રહ્યો. પવન સ્હેજ જોરથી વાયો, વાયા જ કર્યો. હવે શિશુએ પોતાના પિતા, ભૂપતિને ખભે માથું ટેકવીને બંને હાથ એના વાંસા પર ગોઠવી રાખ્યા હતા. પવનથી ભૂપતિના વાળ ઊડતા હતા, શર્ટ ફરફરતું હતું. શિશુના લીસ્સા, ઝીણા ઝીણા કેશ થોડા થોડા લહેરાતા હતા.

શિશુ ધીમે ધીમે નીંદરમાં જંપી ગયું. ભૂપતિ આંખો મીંચીને એને થાબડતો રહ્યો. હળુ હળુ વાયરો વાયા કર્યો.

૫૩-સી, હસ્તિનાપુર કોલોની,
કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮.
મો. ૯૮૯૮૫૨૨૩૫૨

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www. gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર રૂ. 30/-

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

આ પાર, પેલે પાર

- ડૉ. સ્વાતી નાયક

આજે પણ દિવસ ખાલીખમ્મ. કશું જ નહીં. દરિયાની વચ્ચે સતત ભીના રહો છતાં તરસ વધતી જ રહે એવું... છાંયડામાં બેસી રહો છતાં પરસેવે રેબઝેબ... આમ તો કશુંજ ઓછું ન હોય. છતાં ખૂબ જ ચાહ્યું હોય ને મળ્યું ન હોય એવું કશુંક માધવીને સાંજથી વીંટળાયેલું રહ્યું... સુમેરુ આવ્યો તોય રોજની જેમ ઝટપટ ઊભી થઈને ચા બનાવવા રસોડામાં જવાને બદલે બાલ્કનીના હીંચકે જઈ બેઠી... સુમેરુની બૂમ સાંભળી ચોંકી ને તરત રસોડામાં ગઈ... ચા બનાવીને ચાખી જોઈ તે વળી સારું થયું. નહિતર મોળી ચા પીતા વેંત સુમેરુ ચા જેટલું જ ઉકળ્યો હોત... જો કે નાસ્તામાં બિસ્કિટ જોઈને તો તાપમાન વધ્યું જ... "આ ખારી બિસ્કિટ મને ભાવે છે ? કોલેસ્ટ્રોલથી ભરપૂર... તું ય ન ખા" કહીને એણે સવારની ભાખરી લઈને ચામાં બોળી.

"ચામાં ખારી બોળવાની... જરાક જ વાર... પછી તરત મોં માં જવી જોઈએ... અહા ! શું ટેસ્ટ આવે... જો કે તમે તો કોફી પીતા હશો નહીં ? મને ખબર છે... લેખકો આમ તો ચાના શોખીન હોય... પણ તમારો ટેસ્ટ જ અલગ લાગે છે... તમારી જ જેમ... દુનિયાથી નોખો... સાવ અનોખો..." ધૈવત આવું બોલતો ત્યારે એની બદામી આંખો થોડી સોનાવર્ણી થતી... ને માધવી આંખોમાં રમત ભરીને બોલતી "હું ચા જેવી છું કે કોફી જેવી ?"

"એકેય જેવા નહીં,"

"કેમ ? તો તને મારું વ્યસન કેમ છે ?"

"તમે તો... તમે તો... અજબ પ્રકારની નશીલી પ્યાલી છો... હાથ અડે નહીં તો ય નશો ચડી જાય... એવી તલબ લાગે..."

"શાની ?" માધવી એના કપાળે વાળ ગોઠવતાં બોલતી... અને એ બોલી શકતો જ નહીં... માધવી ખડખડાટ હસી પડતી... પછી એ એને આંખોમાં ભરીને બોલતો... 'આ હાસ્યની... આ સંગીતની... તમારી વાતોની તલબ...'

'બસ ?!!'

'ના'

'તો?'

'ટ્રેન, એરોપ્લેન... બધાની ઓકે ? મોહક તમારે શું બોલાવવું છે મારી પાસે ?'

"મોહક, આ નામ મને તારા મોઢે સાંભળવું બહુ ગમે છે ધૈવત..."

"મોહક... મોહક... મોહક... બોલો કેટલી વાર બોલાવું તમને આ નામથી ?"

"માધવી, કેટલી વાર બોલાવું તને ? ક્યાં ખોવાયેલી રહે છે ?" માધવી વિચારમગ્ન અવસ્થામાંથી ચોંકીને સહેજ સ્વસ્થ થઈ એટલે સુમેરુ ચાનો કપ એની સામે ધરી ફરી બોલ્યો... "આ ચા આટલી ગળી કેમ છે ?" માધવી સોરી કહીને ત્યાંથી ખસી ગઈ... સુમેરુ દવાની જેમ ચા પી ને કપ પટકીને ડ્રોઈંગ રૂમમાં જઈ સોફા પર આડો પડી પેપર વાંચવા લાગ્યો... એટલે માધવીએ ટેબલ સાફ કરી વાસણો ધોઈ લીધાં... સુમેરુ સામે જ હીંચકે બેઠી અને સાંજ માટે વટાણા ફોલવા લાગી... કદાચ એની સામે બેસવાથી ધૈવતના વિચાર ન આવે... સોફાની સામે ડ્રોઈંગ રૂમમાંય હીંચકો મુકાવેલો ત્યારેય સુમેરુ જેમ તેમ માનેલો. બહુ દલીલો કરેલી. ટ્રેડિશનલ અને આધુનિકનું મિશ્રણ કદી સારું ન જ લાગે. કહીને એ જગ્યાએ બુદ્ધની મૂર્તિ અને પાણીનો નાનો ફુવારો અને બાજુમાં માછલી ઘર... કેટકેટલું મૂકી શકાય-એના દાખલા આપેલા પણ માધવીએ જીદ પકડેલી. 'હીંચકો તો જોઈએ જ.'

જોકે ત્યારે સુમેરુ એની ઈચ્છા પૂરી કરતો પણ ખરો. પિત્તળની સંકળો અને નાનકડી ઘુઘરીઓ. એના તાલે માધવી ગીત ગણગણતી અને સોમ હીંચકા પર જ ઊંઘી જતો... હવે સોમ અમેરિકા ગયા પછી માધવી કરતાં હીંચકાની ઘુઘરીઓ વધારે બોલે છે. સુમેરુએય હવે વધારે બોલવાનું બંધ કર્યુ છે. હવે એ ઓફિસમાં આખો દિવસ શું કર્યુ એ કહેતો નથી... કદાચ એના બોસ પણ બદલાઈ ગયા છે... કામનો પ્રકાર પણ... હવે એને લેપટોપ મળ્યું છે... એ શીખી રહ્યો છે એટલી ખબર છે... માધવીને કમ્પ્યૂટર આવડે છે એ સુમેરુ નથી જાણતો...

માધવીએ હીંચકાને ઠેસ મારી... "મોહક તમને ખબર છે આજે પેલી કેટીના સેન્ડલની હિલ તૂટી ગઈ... પછી તો સોમાભાઈને બોલાવ્યા ત્યાં પેલો રોકી, મહેશભાઈ અને પ્રીતમ બધા 'મે આઈ હેલ્પ યુ ?' કહેતા દોડ્યા..."

માધવી ધૈવતની કોલેજમાં બધાને ઓળખતી... નામથી... સ્વભાવથી... ધૈવત મોબાઈલમાં ફોટા બતાવતો એટલે ચહેરાથી પણ... એક વાર તો એક મોલમાં કેટી સામે મળી તો એનાથી સ્માઈલ અપાઈ ગયેલું. પછી ભાન થયું કે એણે તો કેટીને ફોટામાં જોયેલી એટલે ઓળખે છે. કેટી થોડી માધવીને ઓળખે છે ? અરે ખુદ ધૈવત પણ ક્યાં માધવીને 'માધવી' તરીકે ઓળખે છે ? એ તો માધવીના પેટ નેઈમ 'મોહક'થી જ ઓળખે છે ને ?... બન્ને વચ્ચે શબ્દોનો જ સંબંધ હતો... એક મેગેઝિનમાં માધવીની વાર્તા છપાતી 'મોહક' નામથી...

એ વાંચીને ધૈવતે તંત્રી પાસે નમ્બર માંગેલો. પણ એણે ન્હોતો આપ્યો... ત્યારે એણે પત્ર લખીને તંત્રીને કવર આપેલું..

'મોહક... આ નામ જેટલી જ સુંદર કલમ છે આપ ની... થાય છે કે આંગળીઓ ચૂમી લઉં... તમે હૃદયના આટલા ઊંડાણમાં જઈ ને કઈ રીતે પાત્રોને આત્મસાત્ કરી લો છો ? પાત્ર સ્ત્રી હોય કે પુરુષ... બાળક હોય, યુવાન હોય કે વૃદ્ધ... પ્રેમની વાત હોય કે ઈર્ષાની... આકર્ષણ હોય કે કાવતરું. બધું જ એવી બારીકાઈથી આલેખો છો... જાણે હૃદય પર નકશીકામ કર્યું હોય... તમે સ્ત્રી છો કે પુરુષ ? જે હોવ તે... હું તમારા લખાણના પ્રેમમાં છું... તમે જે લખો તે આપો વાંચવા... તરસ વધતી જાય છે...

લિ. - તમારા લખાણનો ચાહક... ધૈવત..."

આ પત્ર જ્યારે માધવીએ પહેલી વાર વાંચેલો ત્યારે આખા શરીરમાંથી આછું કંપન પસાર થઈ ગયેલું... ઓહો !! કોઈ છે જે માત્ર વાંચતું કે મૂલવતું નથી... ચાહે પણ છે એના લખાણને... વાર્તા, કવિતા... શબ્દો... અલગ નામથી, ઓળખ વગર લખવાનું નક્કી કરેલું ત્યારે આશય એટલો જ હતો કે કોઈ ઓળખે નહીં એવી વ્યક્તિ અને ઓળખતા હોય એવા બધા લોકો માત્ર એના સર્જનને ઓળખે... એને નહીં... આમ તો સામાન્ય રીતે કોઈ પણ લેખકને જાણીતા થવાની જ ઝંખના હોય... પણ માધવી જાણી ગઈ હતી કે જો એ ઓળખ નહીં છુપાવે તો લોકો એના લખાણને એના ખુદના જીવન સાથે જોડી દેશે... અને એક સ્ત્રી માટે કેટલાંક લખાણ ઓળખ વગર લખાય એમાં જ ભલાઈ છે..., જો મુક્ત મને, જેવું વિચારે છે એવું લખવું હશે તો... 'મોહક' નામ એટલે જ રાખેલું... કોઈ નામ પરથી ઓળખી ન શકે કે એ સ્ત્રી છે કે પુરુષ...

ધૈવત... નામ વાંચતાવેંત જ ગમી ગયેલું. પછી ખબર પડી કે એ તો ઉંમરમાં માધવી કરતા પાંચેક વરસ નાનો છે. ભાષાશાસ્ત્રી છે... માધવી તો માંડ કોમર્સ ગ્રેજ્યુએટ... છતાં એની સહજ લેખનશૈલી ખૂબ લોકપ્રિય થતી ગઈ... તેમ તેમ ધૈવતના પત્રોય વધતા ગયા... થોડા સમય પછી માધવી એ ટૂંકા જવાબો આપવાનું શરૂ કરેલું. "આભાર"... "નવી વાર્તાનું સુંદર વિવેચન કર્યું છે તમે...", "નામ અને ઓળખ વગર લખવું ગમે છે મને..." વગેરે...

એક દિવસ અચાનક તંત્રીની ઓફિસમાં માધવી જવાબ લખતી હતી ને એ આવી ચડેલો.... એક બે મિનિટ નિશબ્દ તાકી રહ્યો અને પછી... 'મોહક ?' એટલું બોલ્યો ત્યાં તો એની બદામી સ્વપ્નિલ આંખો ભરાઈ... છલકાઈ ગયેલી....' મને ખબર જ હતી કે આટલું સુંદર તો કોઈ ઋજુ સ્ત્રી જ લખી શકે... પ્લીઝ... મારે તમારી સાથે થોડી વાત કરવી છે. તમે કહો ત્યાં... મારું ઘર નજીક જ છે... અથવા કોઈ રેસ્ટોરાં.?'

એક ભકતને ભગવાન મળી ગયા જાણે... કેટલો ખુશ હતો ધૈવત !! અને માધવી ? એને તો જાણે નવો અરીસો મળ્યો... જેમાં એ સુંદર દેખાતી હતી... ખૂબ સુંદર... સુમેરુને લાગતી એનાથીય વધુ સુંદર... જો કે આ અરીસામાં દેખાતું પ્રતિબિંબ સાવ આભાસી નહોતું તો સાવ સાચુંય નહોતું... છળ હતું... જાણે અજાણે માધવી સુમેરુ અને ધૈવત બન્નેને છેતરી રહી હતી... એય ખુદ એની જાણ બહાર...

મોહક તરીકે એ ધૈવત સાથે વધુ ને વધુ આત્મીય થવા લાગી પછી એને જાણ થઈ હતી કે ધૈવત એકલો જ છે... ધૂની અપરણિત કલાકાર... ફેશન ઇન્સ્ટિટ્યૂટમાં પ્રોફેસર... ઘડીક ચિત્રકાર તો ઘડીક લેખક... કદી શિલ્પકાર તો ઘડીક અદાકાર... માસૂમ, નિર્દોષ... બાળક જેવો... વાંકડિયા વાળ... ભૂખરી સ્વપ્નિલ આંખો... પારદર્શક ચહેરો. એક એપાર્ટમેન્ટમાં દસમા માળે એનું ઘર હતું... વાદળોમાં જ જાણે... પહેલી વાર એ ધૈવતની વર્ષગાંઠ નિમિત્તે ગયેલી... ધૈવતે સરસ ફૂલોની નાનકડી રંગોળી કરેલી... 'એક સપનું સાક્ષાત ઘરે આવ્યું છે... સ્વાગત... સ્વાગત... સ્વાગત...' કહી ઊભો હતો ત્યારે થયેલું...' ઓફ્ફ... આ માણસ ગજબનો આકર્ષક છે... બાથમાં લઈ કપાળે ચૂમી ભરી લેવાનું મન થાય એવો... "માધવીએ મનમાં વિચારેલું ને ખુદ મનોમન શરમાઈ ગયેલી... સુમેરુ યાદ આવતાં જ... સચેત અને સ્વસ્થ થઈ થોડી વાર બેસીને જતી રહેલી... પણ પછી તો વારંવાર જતી... એની સાથે વાતો કરતા રહેવું ગમતું એને... ધૈવત એની ઝીણી ઝીણી વાતોમાં રસ લેતો... દરેક વાર્તાની ચર્ચા કરે... પોતાની દરેક વાત કરે... જોકે એણે ક્યારેય માધવીના અંગત જીવન વિશે પૂછ્યું નહોતું... માધવી... એટલે એના માટે મોહક... પરિણીત છે. એક દીકરાની મા છે એટલું જ એ જાણતો. એણે ક્યારેય સુમેરુ કે સોમ વિશે પૂછપરછ ન્હોતી કરી. જેની સાથે લેવાદેવા ન હોય એના વિશે જાણીનેય શું ? એને તો મોહક સાથે જ લેવાદેવા હતી. એક સુંદર સર્જક. એક મૃદુ વ્યક્તિત્વ... વાત કરવી ગમે એવી વ્યક્તિ..." તમે એકલા હોવ ત્યારે તમને વાર્તા સૂઝે કે ભીડમાં ? તમે સંવેદનશીલ વિષયો પર ખૂબ લખ્યું છે. લવસ્ટોરી કેમ નથી લખતા ? મારા ખ્યાલથી તમે જે પ્રેમકથા લખશો તે અદ્ભુત હશે. આત્માનો પ્રેમ. "એના પ્રશ્નો... વાતો... અભિભૂત થઈ શકવાની તાકાત... અલબત્ત... કોઈનાથી આટલું અંજાઈ જવું તો માધવીના સ્વભાવમાંય નહોતું... ધૈવતને એના પર ઓળઘોળ થતો જોઈ એને ધૈવત પર વ્હાલ આવી જ જતું. થોડી મુલાકાતો સુધી માધવી અકબંધ પરબીડિયા જેવી રહી શકી... પણ પછી તો અત્તરની શીશી ખૂલે ને મ્હેક સામેવાળાને વીંટળાઈ વળે એમ...

એ દિવસે ધૈવત ખૂબ ખુશ હતો... એનું રિસર્ચ પેપર સારી જર્નલમાં છપાવાની ખુશી એની આંખોથી... વાતોથી ખળખળ વહેતાં ઝરણા જેવી વહેતી હતી... એણે આગ્રહ કરી

ને માધવીને એના ઘરે બોલાવી હતી... પેપર વાંચી સંભળાવ્યું અને એના વિશે ઉત્સાહથી વાતો કરી. જવાબની અપેક્ષાથી માધવી તરફ જોઈ પૂછ્યું.. "તમને કેવું લાગ્યું મોહક ?"

ને માધવીએ એના સ્નેહમાં તણાઈને એની નજીક... સાવ નજીક જઈ એના વાળ સરખા કરી એના કપાળે ચૂમી ભરી લીધેલી... એ ક્ષણ લપસણી હતી... કુંવારું યૌવન અને એકાંત... પ્રસંશા... બધું જ સાંનિધ્યના પક્ષમાં... સીમાઓ ભૂંસાઇ જતા વાર શી ?... પણ પછી... માધવીએ માફી માંગી ત્યારે... "મોહક... તમે આપેલી ક્ષણો તમારા જેવી જ અદ્ભુત હતી... એના ઉપર ચર્ચા કરી એને મલિન ન કરશો પ્લીઝ... આ સમય મારા સ્મૃતિપટ પર સુવર્ણ અક્ષરે લખાયેલો રહેવાનો..." ... પણ... માધવી... 'મોહક'માંથી માધવી થવા હવે એનું મન આનાકાની કરતું હતું... ઘડી ઘડી એ ઓળખને પેલે પાર... ગમતા પ્રદેશમાં જવા જીદ પકડતું... માધવીની ઠેસથી હીંચકો જરા વધુ ઝૂલ્યો... પાછળ રાખેલી રાધાકૃષ્ણની મૂર્તિ તૂટતાં સહેજમાં બચી ગઈ... સુમેરુએ એ તરફ જોઈ કહ્યું.. "માધવી, આ હીંચકો બાલ્કનીમાં મુકાવી દઈએ... ઘરની વસ્તુઓ તૂટતાં બચી જશે...," એના અવાજમાં ખારાશ હતી... દામ્પત્યના બે દાયકા વટાવ્યા પછી સહજપણે આવી જતી ખારાશ... ધૈવત હોત તો એણે જ ઝુલાવી હોત... માધવીએ હીંચકાની ગતિને પરાણે અટકાવી... ઊઠીને શાક રસોડામાં મૂકી આવી... હાથ જરાક વધુ ઘસીને ધોયા... મોં પર છાલકો મારી અરીસામાં જોયું... વાળ સરખા કરી મોટી બિંદી લગાવી... ફરી હીંચકે જઇ બેઠી.. પણ સુમેરુ હવે લેપટોપ પાછળ અદશ્ય થઈ ગયો હતો..

"ધૈવત, જો ...તેં કહ્યું હતું તે પ્રેમ કથા... એક સામાન્ય સ્ત્રી અને એક અલૌકિક પુરુષ વચ્ચેનો પ્રેમ..."

"ધૈવત એ વાર્તા ત્યારે જ વાંચી ગયો... શરૂઆતમાં તો એની આંખોમાં કૌતુક... આનંદ... સ્નેહ... છલકાતાં રહ્યાં... પછી ટપ ટપ આંસુ ખરી પડ્યાં... "મોહક.. આવો અદ્ભુત પ્રેમ હોય છે ખરો ?"

"છે ને... તારો પ્રેમ... તું પ્રેમ કરે છે ને મને ?"

"હા, પ્રેમ શબ્દનો અર્થ મને તમારા શબ્દોએ, તમે સમજાવ્યો છે મોહક... પણ... આ વાર્તાનો અંત મને ન ગમ્યો... ખાધું પીધું ને રાજ કર્યું... એ અંત ખાતર તમે નાયિકાની પ્રતિષ્ઠા દાવ પર લગાડી ? આટલી ઋજુ, આવી નિષ્પાપ સ્ત્રી પ્રેમ ખાતર કલંકિની તરીકે ઓળખાય એ ક્યાંનો ન્યાય ?"

"પ્રેમના પક્ષમાં રહેવું હોય તો નામ ઉપનામ શા ? આ મોહક ધૈવતને મળે છે એ ય... કોઈની નજરે તો કલંક હશે ને ?"

"મોહક, તમારી વાત સાચી હશે તો ય... મને અંત ન ગમ્યો" ન ગમ્યો.... એ શબ્દ તારી પાસેથી નથી સાંભળવો મારે... અંત બદલી નાંખીશ બસ ?" ને પછી ધૈવતે એની આંગળીઓ ચૂમી લીધેલી... એ સ્પર્શ... હજુ છે... ત્યાં જ... અકબંધ... એ વાર્તાનો અંત બદલાયો હતો... નાયિકાએ આદર્શ નારી થઈ જીવવાનો સંકલ્પ કરી લીધો... પણ... એ વાર્તા માધવીએ ક્યારેય છપાવી નહોતી...

એ દિવસ પછી માધવીને ધૈવત પણ ક્યારેય ન મળ્યો... ઘર બદલી નાખ્યું હતું એણે... એક છેલ્લી ચિઠ્ઠી લખી ને મોકલેલી.. "તમારો સાથ શ્વાસ થઈને સાથે જ રહેશે... બીજું કોઈ તમારી જગ્યા ક્યારેય નહીં લઈ શકે મોહક... પણ તમારી પ્રતિષ્ઠા ઝંખવાય એ પહેલાં... જો કે આસપાસ જ હોઈશ તમારી... બસ, મળીશ નહીં... કે પછી... કોને ખબર ? કદાચ મળીશ... કદાચ..."

જવાબમાં માધવીએ એક જ વાક્ય લખ્યું... "તુંય પુરુષ થઈ ગયો...?"

સુમેરુ રીમોટને હથેળીમાં ઠપકારીને ટીવીની ગમતી ચેનલ જોવાનો વ્યર્થ પ્રયાસ કરી રહ્યો હતો... ક્યારેક લાગે કે વાત આપણા હાથમાં જ છે... પણ એવું હોય નહીં, આપણે જ એ વાતના તાણાવાણામાં સપડાયેલા હોઈ શકીએ... દોર કોઈના પણ હાથમાં હોય... કઠપૂતળીના કિસ્મતમાં તો કોઈના દોરીસંચાર પર નાચવાનું જ.

માધવીએ ઘણી વખત વિચારેલું... ધૈવતની કોલેજ જઈ એને મળું તો કદાચ એનું નવું સરનામું મળી જાય... પણ... એ નવે સરનામે એ જ ધૈવત મળે ખરો ?

માધવી એ ફરી હીંચકો અટકાવ્યો... સુમેરુ પાસે જઈ ને બેઠી... એણે તરત કહ્યું... "પેલા નવા સેલ નાખી દે આ રીમોટમાં..."

"ના"

"ના ?" સુમેરુ એને આશ્ચર્યથી જોઈ રહ્યો... એ અન્યમનસ્ક ફરી હીંચકે બેઠી... "મને નથી ફાવતું... સેલ બદલવાનું."

એણે હીંચકાને ઠેસ મારી...ને હીંચકો ઝૂલવા લાગ્યો... ઘડીકમાં સુમેરુ પાસે... ઘડીક હવામાં... આ પાર... પેલે પાર... ઝૂલવું એનો સ્વભાવ છે ને... ના... સ્વભાવ નહીં. નિયતિ...

માધવીએ પેન લીધી... એની નવી વાર્તાની નીચેથી 'મોહક; નામ કાઢીને લખ્યું:... 'માધવી.'

૪૫, રુખમણી સોસાયટી, ટીઘરા જનકાનાકા,
ગણદેવી રોડ, જમાલપોર, નવસારી-૩૯૬૪૪૫૩.
મો. ૯૮૭૯૪૬૦૬૧૨

સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...







મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે આપના દ્વારે લઈને આવે છે...

નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો

▶ રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના ▶ અધિકૃત માહિતી ▶ સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી ▶ લોકકલ્યાણની વાત ▶ રાજ્ય સરકારના નિર્ણયો ▶ લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ ▶ સફળ લોકોની વાતો આ ઉપરાંત ▶ અતિથિની કલમે ▶ વિદ્વાનોના વિચારો ▶ વાંચકોની વાત ▶ વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય ▶ પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન અને ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫૦/-

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www.gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર રૂ. 30/-

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

"કસુંબીનો રંગ"

- રેખાબા સરવૈયા

અંતે સંપતને જે વાતની બીક હતી એ જ સામે આવીને ઊભી રહી. સ્ટીવ આવી રહ્યો હતો. ઓસ્ટ્રેલિયાથી... જ્યારે આ સમાચાર એણે જાણ્યા ત્યારે પ્રથમ તો એ એકદમ ખુશ થઈને ઝૂમી ઊઠી પણ થોડી જ ક્ષણો પછી એ ખુશી જાણે કે વરાળ થઈને ઊડી ગઈ અને એના ઠેકાણે આવી ગઈ એક ઉદાસી... ઠંડાગાર બરફનાં ચોસલા જેવી ઉદાસી....

સંપત માટે આ એવી ક્ષણ હતી કે એનું મન જાણે કે લોલકની જેમ ઘડીમાં આનંદ તો ઘડીમાં ઉદાસીના અંતિમને સ્પર્શી રહીને ઝૂલી રહ્યું હતું- અવિરત.

જોકે મૂળ વાત તો એ કે સ્ટીવના ભારત આવવાના ઉત્સાહ પ્રત્યે સંપત પ્રથમથી જ કંઈક અંશે ઉપેક્ષિત જ કહી શકાય એવા ઉદાસીન વલણથી જ વર્તી હતી. પણ સ્ટીવને એની ઉદાસીન ઉપેક્ષાથી કંઈ ફેર નહોતો પડતો.

એણે તો પોતાની ભાવનાઓને ભારત પ્રત્યેના પ્રેમમાં વહાવી જ દીધી હતી. એક આત્મીક લગનથી સ્ટીવ ભારતને ચાહતો હતો... એ સંપત સિવાય તો બીજું કોણ જાણે ? અને એટલે જ સ્ટીવને ભારત આવતાં રોકવો એ સંપતના ગજાં બહારની વાત હતી.

અંતે સ્ટીવ ભારત આવી રહ્યો હતો.

એનો વિગતવાર ઈ-મેઈલ જયારે સંપતને મળ્યો ત્યારે પ્રથમ પ્રતિક્રિયા રૂપે તો લેપટોપના નિર્જીવ સ્ક્રીનને કયાંય સુધી એમ જ તાકતી બેઠી રહી જાણે કે એ સ્ક્રીન પણ સંપતને જ તાકતી હોય ! પણ એ કાળો-લીસો ઝબકતો અંધકાર સહન ન થતાં એણે લેપટોપ બંધ કર્યું.

સ્ટીવ ઓસ્ટ્રેલિયામાં આર્કિટેકટ હતો. દુનિયાનાં ઐતિહાસિક સ્મારકો -સ્થાપત્યો અને શિલ્પો વિશે અખૂટ જિજ્ઞાસુ એવા સ્ટીવની ઓળખાણ સંપત સાથે થઈ... સોશિયલ મીડિયા થકી.

સંપત ફાઈન આર્ટ્સ કોલેજમાં લેકચરર હતી અને ભારતીય કલા શિલ્પ - સ્થાપત્ય - ચિત્રો ઉપર ફ્રિ-લાન્સિંગ આર્ટિકલ્સ પણ લખતી. રંગોની એની ઊંડી સૂઝને સ્ટીવ બહુ બારીકીપૂર્વક બિરદાવતો. સંપતનાં ચિત્રોની એક વેબસાઈટ પણ હતી. એમાં ચિત્રોના રંગો અને એના ગૂઢાર્થો વિશે સ્ટીવ બહુ રસપૂર્વક લાંબા-લાંબા અભિપ્રાયોના ઈ-મેઈલ્સ સંપતને કરતો.

સંપત અને સ્ટીવ વચ્ચે દેશની સંસ્કૃતિથી લઈને ઉંમર સુધી બહુ જ મોટા તફાવતો હતા પણ એક એવું બિંદુ હતું કે જયાં બંને જણ એક સમાન ધરાતલ પર આવી ઊભાં હતાં અને પોતપોતાની કલા થકી એકબીજાને કશુંક આપી આપીને પામતાં હતાં. બંનેની દોસ્તીની મજા એમાં હતી કે... દૂર રહીને પણ બેય એકબીજાને પોતાની વાતો બહુ આત્મીયભાવે વહેંચી શકતાં.

કલા - કૌશલ્યના માધ્યમથી જીવાતા જીવનમાં જે કંઈ અભિવ્યકત થતું હતું એ બંને માટે બહુ મૂલ્યવાન હતું. જીવન પ્રત્યેના આવા એક અનોખા દૃષ્ટિકોણ પાસે બેય જણ સમાન હતાં. સંપત સ્ટીવ કરતાં આઠ વરસ મોટી હતી. પણ કલાના બહુ બધા પ્રદેશોનાં ખેડાણ કરી ચૂકેલા સ્ટીવ સંપત કરતાં કયાંય ઊંચા સ્થાન પર ઊભો હતો એનો અહેસાસ હતો જ સંપતને.

અને એટલે જ તો સંપત સ્ટીવ સાથે વૈચારિક સંવાદ સાધી શકતી હતી ને ! સાત સમંદર પાર બેઠો બેઠો સ્ટીવ કયારેક સંપતની કોઈક સમસ્યાનો ઉકેલ પણ સૂચવતો ! કયારેક કોઈ સામાજિક સૂચન પણ ઉમેરતો તો વળી કદી - કદી સંપત પોતાની વ્યાવહારિક કોઈ આંટીઘૂંટીમાંથી બહાર નીકળવા માટે સ્ટીવનું માર્ગદર્શન માગતી ત્યારે સ્ટીવ એકદમ પોતીકાભાવથી કોઈ એવો ઉપાય ગોતી કાઢતો કે સંપત નાની છોકરીની જેમ ખુશ થઈ જતી.

આ તરફ અહીંથી બેઠે બેઠે સંપત પણ સ્ટીવની ચિંતા ઓછી નહોતી કરતી કંઈ !!! બરફવર્ષામાં શરદી ન લાગી જાય એ માટે કાળજીપૂર્વક કેટકેટલી સૂચનાઓ ઈ-મેઈલમાં ઠાલવતી, સમયસર ઘરે આવી જવાથી લઈ, ખાવા - પીવામાં એકલાં માણસે શું - શું ધ્યાનમાં રાખવું જોઈએ એ બધું પણ સ્ટીવને હક્કથી કહેતી. કયારેક વાત કરવામાં કે જવાબ આપવામાં મોડું થાય તો નિર્દોષ ભાવે ગુસ્સે થઈને સ્ટીવ ઉપર વરસી પડતી, પણ પછી... સ્ટીવ એને ગમતી વાતો કરીને એને અતિપ્રિય એવા નરસિંહ મહેતાનું એકાદું ભજન ગાવા માટે માની જતી અને પછી પ્રતિભાવરૂપે સ્ટીવ પણ ભારત અને ખાસ કરીને ગુજરાતની સંસ્કૃતિના દિલફાડ વખાણે ચડી જતો.

જવાબમાં સંપત મીઠો છણકો કરીને કહેતીય ખરી કે

સ્ટીવ, બહુ વખાણ ન કર, ''વખાણી ખીચડી દાઢે વળગે...'' અને પછી સ્ટીવ મૂંઝાતો આવા તળપદા ગુજરાતી બોલીના શબ્દોથી ! અને એની મૂંઝવણને કળી જઇને સંપત મોજથી મીઠી ઠેકડી ઉડાવતી સ્ટીવની... અને બીજી પણ તળપદી કહેવતો અર્થવિસ્તાર સાથે સ્ટીવને સમજાવતી. ઉદાહરણો અને દાખલાઓનો વરસાદ વરસાવતી છેક ત્યાં લગી કે... સ્ટીવ સામેથી સરાબોર થઇને ન કહે કે... ''યેસ્સ... આઇ ગોટ એવરિથિંગ'' અને આવી વાતચીતમાં સમય કયાં ઊડી જતો એની બેયને કશી સરત ન રહેતી. કદી અર્ધી રાત તો કદી સીધું પ્રભાત થતું !!

પણ એ આ બધું રસથી કરતી કારણ કે એ જાણતી હતી કે, સ્ટીવની રગરગમાં ભારત, ગુજરાત અને એમાંય સૌરાષ્ટ્ર - સોરઠને કચ્છ ધબકતાં હતાં.

સંપતને સ્ટીવના ભારતપ્રેમ અને સંસ્કૃતિની ધરોહરને જાણવાની ઉત્કંઠા માટે બહુ જ આદર અને માન હતાં અને પ્રેમ કેમ ન હોય ભારત અને ગુજરાત જ નહીં, પોતાની આસપાસના માહોલમાં દૂર - દૂર સુધી કોઇ એવું નહોતું, જેટલાં ઊંડાણ અને ઉલટથી પોતે પોતાની આ બધી જ વાતોને ''શેર'' કરી શકે. ''વૈચારિક સમૃદ્ધિ''નો દુકાળ અથવા તો કહો કે ''વૈચારિક દરિદ્રતા''થી ઉભરાતાં આજના યુવાધનના ટોળામાં સંપત પોતાને રીતસર ''અનકમ્ફર્ટ'' ફીલ કરતી અને બૌદ્ધિક ભૂખને મટાડવા માટે જ એણે સ્ટીવ સાથેની ઓળખાણ ને પરિચયમાં પલટી હતી.

પછી તો કોઇનેય ખ્યાલ ન રહે એમ બૌદ્ધિકભૂખ માટેનું ચેટિંગ કે કલા-સંસ્કૃતિની ચર્ચાઓ, છે કે ''ઇમોશનલ બોન્ડિંગ'' સુધી પહોંચી અને આ બહુ સહજતાથી થયું. જો કે આટલેથી જ ન અટકતાં બેઉ વચ્ચે ''સ્પિરિચ્યુઅલ વેવલેન્થ પોઇન્ટ'' પણ મેચ થતા આવ્યા. આંતરિક રીતે પોતાનું વિકસિત થતું જવું ઉભયપક્ષે સ્વીકૃત પણ થયું. એ જ મજબૂત કારણ હતું કે... એકસરખા રસથી બેય જણ ''મેન સર્ચ ફોર મિનિંગ'' (વિકટર ફ્રેંકલ) અને ''શ્રીમદ ભગવદગીતા'' - પર ખુલ્લાં મનથી ચર્ચા કરી શકતાં. અને એના પરિણામ સ્વરૂપ સ્ટીવનાં પ્રેરણા અને પ્રોત્સાહનથી સંપત ''ભકત કવિ નરસિંહ અને ગંગાસતીની રચનાઓમાં તત્ત્વદર્શન.'' એ વિષય પર PH.D. પણ કરી રહી હતી.

સરવાળો કરીને કહી શકાય કે... આ બધી જ વાતો હવે સ્ટીવને પોતાની ''સ્વપ્ન ભૂમિ'' ભારત લાવી રહી હતી. આ વાતની ખાત્રી સંપતને નહોતી એમ નહીં પરંતુ કોણ જાણે કેમ, એક અજંપાથી એની સહજ રાજી થવાની ક્ષણ કયાંક સરકી ગયેલી લાગતી હતી... દમયંતિના હાથમાંથી પાણીમાં સરકી જતી માછલીની જેમ.

મનનો કોઇ અજ્ઞાત ખૂણે સ્ટીવથી રૂબરૂ થવાનો ડર અજગરની જેમ ગૂંચળું વળીને પડી રહેલો, તે હવે સળવળતો હતો.

સંપતની જાણ બહાર એ અજગર જાણે કે એના અસ્તિત્વને અણગમતા આલિંગનમાં વીંટી રહ્યો હોય એવી ભીંસ સંપત અનુભવી રહી હતી. એનો મૂંઝારો પળે - પળે વધી રહ્યો હતો.

સ્ટીવ કચ્છના રણોત્સવમાં આવી રહ્યો છે ઇ-મેઇલ વાંચ્યા પછી તુરંત સંપતે ઉત્સાહપૂર્વક રણોત્સવમાં જવાના આખાય પ્રોગ્રામનું પ્લાનિંગ હોંશે-હોંશે કરી નાંખ્યું હતું. અરે ! રણોત્સવ જ શું કામ... અંજાર, હાજીપીર, માતાના મઢ, કોટેશ્વર, નારાયણ સરોવર બધાં જ સ્થળ પર જવાનું ડે-બાય-ડે નું ટાઇમટેબલ જ બનાવી દીધું હતું. એમ કહો તો કંઈ ખોટું નહોતું.

આખરે સ્ટીવના આવવાનો દિવસ પણ આવી ઊગ્યો. સ્ટીવની ફલાઇટ વહેલી સવારે આવવાની હતી. રાત સુધી તો એવું જ નક્કી હતું કે પોતાના જ એક વિદ્યાર્થીની કારમાં જઈને પોતે સ્ટીવને રિસિવ કરીને ઘરે તેડી લાવશે પણ જયારે પરોઢિયે પોતાની કાર સાથે તૈયાર થઇને વિદ્યાર્થી આવ્યો ત્યારે સંપતે એ વિદ્યાર્થીને એકલાને જ રવાના કર્યો સ્ટીવને લેવા માટે.

પેલો વિદ્યાર્થી થોડી નવાઇ તો પામ્યો પણ કંઈ પૂછવાનું ઠીક ન લાગતાં, મેડમના કહ્યા મુજબ આજ્ઞાંકિતપણે ''મહેમાનને'' લેવા રવાના થયો.

સ્ટીવને લઇને એ પાછો આવ્યો ત્યાં સુધી સંપત લિવિંગ રૂમ અને પોર્ચની વચ્ચે બેચેની સાથે આંટા મારતી રહી હતી. કોઇક વાતની અધીરતા એ એને અધ્ધરશ્વાસે કરી નાખી હતી જાણે !

''ટિંગ, ટોંગ...''

- દરવાજાની ઘંટડી વાગતાં જ સંપત રીતસર દોડીને ગઇ.

દરવાજો ખોલ્યો.

આજ સુધી જેની સાથે ફકત શબ્દો થકી જ વાતો થઇ હતી એ જ સ્ટીવ... સદેહે... સાક્ષાત સામે ઊભો હતો.

પોતાની કલ્પના કરતાં તો સ્ટીવ કેટલો બધો આકર્ષક હતો ! એણે નોંધ્યું.

પેલા વિદ્યાર્થીએ અંદર આવીને સ્ટીવનો સામાન મૂકયો. ઈશારાથી જ મેડમની રજા મેળવી અને એ ગયો.

સ્ટીવને જોઇને મનમાં ઉમટી રહેલી ભાવનાઓને કાબૂમાં રાખવા માટે સંપતે પ્રયત્ન કરવો પડયો. પણ એટલીવારમાં તો સ્ટીવ સહજતાથી સંપતની હથેળીને પોતાના હાથમાં લઇ, ઉષ્માપૂર્વક થપથપાવીને લાગણીથી બોલ્યો.

"હૈ... ય... મિટ્ર (મિત્ર)... ફાઇનલી, વી મીટ ના...!" - પ્રત્યુતરમાં સંપતની આંખો છલછલી ગઇ.

ગળામાં ડૂમો અટવાયો.

શબ્દોની કોઈ જરૂર નહોતી.

વિન્સેટ વાનગોગના શબ્દો જરાક જુદી રીતે મનમાં ઊગ્યા... "મિલનને ચિતરી શકાય નહીં."

સ્ટીવ પ્રત્યે એનાં મનમાં અઢળક પ્રેમ ઉભરાયો પણ એક અજાણી ભાવનાથી એ એટલી તો બંધાઈ ગઈ હતી કે એ વ્યક્ત ન થઈ શકી. કોઈપણ વાતને લઈને સંપતે આટલી બધી અસુરક્ષિતતા અગાઉ ક્યારેય અનુભવી નહોતી એટલે એ પોતે પણ નવાઈ પામી પોતાની લાગણીઓથી. આ કેવી વિચિત્ર લાગણી હતી વળી ? એણે વિચાર્યું પણ કંઈ જવાબ ન મળતાં વિચાર છોડી દોધો.

સ્વીચનો સામાન જાતે અલગ ઓરડામાં ગોઠવી સંપતે સ્ટીવને બાથરૂમ બતાવી, ફ્રેશ થવા માટેની ચીજવસ્તુઓ આપી.

સ્ટીવ બાથરૂમમાં ગયો અને એકલી પડેલી સંપતના પગ અનાયસ પૂરા કદના અરીસા તરફ વળ્યા...

અરીસા સામે ઊભા રહી એ એકીટશે પોતાને નિરખી રહી. એકદમ કુદરતી રીતે જીવતી સંપત રૂપાળી તો ન કહેવાય પણ એની આંખો અને સમગ્ર વ્યક્તિત્વમાં એક શીતળ આકર્ષકતા ભરપૂર હતી. અરીસામાં પોતાની આંખો નીરખી રહેલી સંપત કંઈક વિચારે ચડી ગઈ અને પછી એની આંખો અરીસામાં દેખાતા પોતાના આખાય શરીરને નીરખી રહી...

આંખ ચહેરા ઉપરથી સરતી સરતી કાન-ગરદન-ખભો-પેટ-છાતી અને વસ્ત્રોથી ઢંકાયેલાં અંગોને વીંધતી આરપાર થતી રહી. એણે પોતાનાં હાથેથી ઘેરદાર કચ્છી વર્કવાળુ સ્કર્ટ થોડું ઊંચું કર્યું ને એ રીતસરની છળી ગઈ...

સ્ટીવ બાથરૂમની સ્ટોપર ખોલીને રૂમમાં પ્રવેશ્યો હતો.

ઘેરા બદામીથી લઈને આછા કસુંબલ કેસરી રંગના ડાઘાને એણે ઝડપથી સ્કર્ટમાં સંતાડવા કોશિશ કરી. અરીસામાંથી જ એણે સ્ટીવ સામે જોયું - સંપતને હાશકારો થયો સ્ટીવ બારી બહાર થઈ રહેલા સૂર્યોદયને જોતાં-જોતાં ટુવાલથી પોતાના વાળ કોરા કરી રહ્યો હતો. સ્ટીવની નજર સંપત તરફ ન હતી એટલે સંપતે ફરી એકવાર પોતાનાં ચહેરા-કાન-ગરદન-છાતી અને પેટ પર નજર ફેરવી ક્યાંક આછા ને ક્યાંક ઘાટા રંગનાં ધાબા જેવા ડાઘ કો' + CHAR (39) + N'ક જગ્યાએ પતંગિયા જેવો આકાર ધારણ કરી રહ્યા હતા.

"કાબરચીતરી" - આ જ નામની જ તો શાળા-કોલેજમાં એની ઠેકડી ઉડાવવામાં આવતી હતી. - એક તીણી ચીસ જાણે કોઈએ સંપતના કાનમાં રેડી દીધી હોય એમ એ હચમચી ઊઠી.

આસપાસની વ્યક્તિઓની એ ઉપેક્ષા અને અવહેલનાથી જ તો એ પોતાની એક અલગ દુનિયા વસાવી હતી. સંગીત, ચિત્ર, સાહિત્ય... એના સાથીદાર હતા... કોઈ જીવંત માણસ પાસેથી તો એ દોષિત રીતે ઉપહાસભર્યો અસ્વીકાર જ પામતી આવી હતી... જન્મતાવેંત બાપ મરી ગયેલો ને મા કચ્છના ભૂકંપમાં ગઈ. સમાજથી ઉપેક્ષિત થયેલી સંપત વધુને વધુ એકાકી થતી ચાલી. સંગીત-સાહિત્ય-ચિત્ર એમ એક પછી એક કેટલીય કલાઓથી પોતાની એકલતાને મટાડતી રહી.

પરંતુ ? સંપતે પોતે જ તો પોતાની ડાયરીમાં કયાંક લખેલું હતું "ઉત્કૃષ્ટ સાહિત્ય કે ઉતમ સંગીત માણસની એકલતાને ભરી નથી શકતા, જીવનમાં વ્યાપેલ એકલતા ને કે ખાલીપાને ભરવા માટે તો કોઇ જીવંત / ધબકતી વ્યકિત જ જોઈએ."

- શું સ્ટીવ સાથેનો સંબંધ સંપતની આ ઊંડી -તીવ્રતમ ઝંખનાનું જ પરિણામ હતો ?

-આગળ વિચારે એ પેલા તો સ્ટીવે મુસાફરીની વાતોથી સંપતને ઘેરી લીધી. અને એની હાજરીમાં સંપત મંત્રમુગ્ધ મનની મજાલ છે કે કંઇ આડાઅવળા વિચાર કરે ?

★★★

સ્ટીવ સાથે ન કેવળ કચ્છમાં બલકે ગુજરાતની બીજી જગ્યાઓમાં પણ ફર્યા. ખૂબ બધી વાતો કરતી. શરીર થાકે ત્યાં સુધીની વાતો...! વર્તમાનક્ષણના આનંદને અમૂલ્ય રીતે માણ્યો. સમાન વિચાર અને સમાન ધ્યેયવાળી વ્યકિતનો સાથ શું આટલી બધી શાતા - હૂંફ આપે ? આવા વિચાર સાથે સંપતે. ભીતરથી જ એક ભરપૂરતાના સત્યનો સાક્ષાત્કાર પણ કર્યો.

પણ દરેક મુલાકાતનો અંત વિરહ હોય જ છે એટલે એ ક્ષણ પણ આવી ઊભી.

જવાનો દિવસે બેઉ જણાં સંપતના ગામના ખેતરે બેઠા હતાં ખેતરના શેઢે લાલ પીળા-ગુલાબી કેસરી-જાંબલી ફૂલોના છોડ હવામાં આછું આછું ડોલી રહ્યા હતા. આથમતી સાંજના રંગો જાણે કે એનામાં પ્રતિબિંબ પાડતા હોય એમ આખુંય ચિત્ર કેસરી રંગની આગોશમાં, પ્રેમીની બાહોંમાં આંખો મીંચીને નિરાંત માણતી પ્રેમિકાનો ખુમાર જેવું લાગી રહ્યું હતું.

આજે સવારે જ સ્ટીવે પોતાને ભેટ આપેલું એક ચિત્ર ! સંપતને અત્યારે યાદ આવ્યું.

દૂર ક્ષિતિજ સુધી ફેલાયેલા સૂરજમુખીના ખેતર ઉપર ફેલાતો સૂર્યનો સોનેરી પ્રકાશ અને એનાં કિરણોની દિશામાં ઊડતાં પતંગિયાઓને પકડવા જતી કેસરી પીળા રંગનું ફ્રોક પહેરેલી એક મીઠડી છોકરી...

સંપતને આશ્ચર્ય થયેલું જયારે એણે એ ફ્રેમના છેડે સ્ટીવનું નામ વાચ્યું. મતલબ કે સ્ટીવ ચિત્રો પણ કરી લે છે એમ ? એ ખુશ થયેલી. ચિત્રના ભાવોને સમજવા એને એકીટશે નીરખી રહેલી સંપતે જયારે નજર ઊંચી કરી તો સ્ટીવ મુગ્ધ નજરે સંપતને જ જોઇ રહ્યો હતો. એ નજરમાં શું હતું ખબર નહીં પણ સંપત એકાએક બોલી પડી હતી : ''લેટસ ગો... ઓલરેડી ગેટિંગ લેટ...'' - અને બંને જણ વાડીએ આવતાં સુધી ગાડીમાં પણ કંઇ જ નહોતા બોલી શકયાં.

હવે ખેતર પણ આવી ગયું.

દિવસ આથમી રહ્યો હતો.

સંપતની અંદર એક શાંત કોલાહલ ઊઠયો હતો. એ આ દિવસને આથમી ન જવાની આણ દેવા માટે તરફડી ઊઠી.

સરી જતાં સમયને મુઠ્ઠીમાં પકડી રાખવા એ જાણે કે મરણિયો જંગ ખેલી રહી હતી. સ્ટીવ પાસેથી ઊઠીને એ અધીરતાથી આંટા મારવા માંડી... ઘડીક ઢાળિયા પાસે તો ઘડીક કૂવા પાસે, ઘડીક ધોરિયા પાસે...

મૂંગા મૂંગા આ બધું જોઈ રહેલો સ્ટીવ થોડીક અવઢવ પછી બેઠે - બેઠે જ સંપતની જાણ બહાર સંપતના ફોટા પાડતો રહ્યો. પોતે જાણે કે કોઇ અધૂરા ચિત્રને પૂરું કરવાની ઉતાવળમાં હોય એમ જ.

સંધ્યાના રંગો વિખેરાયા અને સંપત થાકીને હવે સ્ટીવ પાસે બેસી પડી.

વાતો ખૂટી પડી હતી કે પછી બોલવાનો ઉમંગ આથમી ગયો હતો ? કૂવો, પાણીની કૂંડી, ઊભો લહેરાતો પાક અને ચાડિયો... બધું જાણે મૂંગું - મૂંગું.

ખેતરમાં કામ કરતાં ખેડૂત કુટુંબની વહું ત્યાં જ ખુલ્લામાં રાંધી રહી હતી, મંગાળા ઉપર ચેડવેલા ગાડાનાં પૈડાં જેવડા રોટલા, વાટેલી લસણની ચટણી, રીંગણનું ભરથું (ઓળો), તાજું માખણ અને ગોળનું દડબું થાળીમાં પીરસ્યા ત્યારે ખેતર ઉપર અંધારું ઊતરી આવ્યું હતું...

પણ સ્ટીવની નજરે નોંધ્યું એમ સંપતના મોં ઉપર પણ અંધારું લીપાઇ રહ્યું હોય એમ કાળીધબ્બ લાગતી હતી સ્ટીવને.

''બેય મે'માનું ને તો મોઢામાં ઠામુકી જીભ નથી મારા બાપ... હું તો મૂંઝાઈને મરી જાઉં. હોં ! આમ હાવ મોંઢામાં મગ ભરીને બેઠું રેવાય સે કંઇ ! - હસતાં હસતાં મશ્કરીથી કહેવાની સાથે ખેડૂના દીકરાની વહુ મંગાળા પાસેથી ઊઠીને ઢાળિયાની થાંભલીએ લટકતા રેડિઓની ચાંપ દાબીને કો'ક સ્ટેશન મેળવવા માટે ચક્કરડું ઘુમાવતી રહી. ખાસ્સી વાર ઘરઘરાટી થઇને અંતે સ્ટેશનનું ટ્યૂનિંગ થયું.

વાળુ કરીને ઊઠયાં પછી બેય જણાં ખાટલા ઉપર બેઠાં હતાં. એરપોર્ટ પર જવા માટે પેલા વિદ્યાર્થીને અહીં આવવામાં હજુ વાર હતી. સંપતની આંખોમાં ખારું - ખારું ધુમ્મસ ઉભરાવાની તૈયારી હતી. એનું શરીર આછું - આછું કંપી રહ્યું હતું.

એવામાં ખાટલાની ઇસ પર ટેકવેલ સંપતની હથેળી પર પોતાની હથેળી મૂકતાં કને સ્ટીવના શબ્દો મૌનની ગુફામાંથી વહી આવતા હોય એમ ધીરા - ધીરા પણ સ્પષ્ટ રીતે સંપતના કાને અથડાયા ને તરત જ હૃદયમાં સમાઈ ગયા.

''સંપટ... વિલ યુ મેરી મી ?''

- એ જ ક્ષણે રેડિયો પરથી સાફ સ્વરમાં આ ગીતના શબ્દો રેલાઇને સંપતની આંખોમાં ઝળહળી ઊઠયો...

''હો રાજ મને લાગ્યો કસુંબીનો રંગ''

''નીતિ'', સાંઇ મંદિર પાસે,
ઝાંઝરડા રોડ, જૂનાગઢ.
મો. ૯૯૨૫૦ ૧૭૫૮૪



૩-ડેડબોડીઝ

- દર્શનાબહેન ભગલાણી

'ડેડબોડીને કાઢવાની છે ?' કુંદન જોશીના ચહેરા ઉપર આશ્ચર્ય પથરાયેલ હતું. ચેમ્બરમાં બારીમાંથી સૂર્યનાં કિરણો ડોકાતાં હતાં. 'જી... જી સર' ટેબલની બીજી તરફ સામે ઊભેલ જાડેજાભાઈએ વિનમ્રતા સાથે હકારમાં માથું ધુણાવ્યું.

'પોલીસ સ્ટેશનથી યાદી આવી છે ?' કુંદન જોશી એ કંઇક વિચારમાં જ ધીમેથી પૂછી લીધું.

'જી નહીં, પોલીસ સ્ટેશનથી યાદી તો આવા કેસમાં એસ.ડી.એમ. સાહેબને જાય પણ નકલ આપણને આપી છે' જાડેજાભાઈએ અચકાતાં આગળ ઉમેર્યું ,' જ્યુરિસ્ડિકશન આપણું છે એટલે આપણે જવું તો પડશે !!!' જાડેજાભાઈ પોતાની સામે બેઠેલાં હજુ તો નવા નવા હાજર થયેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને જોઈ રહ્યા. વહીવટી સેવામાં તાલીમના ભાગરૂપ પ્રોબેશન પિરિયડનાં છેલ્લાં ચોવીસ અઠવાડિયાં દરમિયાન સ્વતંત્ર પોસ્ટિંગ આપવામાં આવે. કુંદન જોશી પણ એજ રીતે પોસ્ટિંગ પામી કચ્છના અંતરિયાળ વિસ્તાર માંહેના તાલુકા મથકે હાજર થયેલ. કુંદન જોશીને હાજર થયાને માંડ કદાચ બે એક મહિના જેવું થયું હશે. લાંબા સમયગાળાથી ભરતી ન થયેલ હોઈ મોટાભાગે તો મોટી ઉંમરના અને પ્રમોશન પામેલ અધિકારીઓ જ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે આવતાં જતાં રહેતા હોય એટલે અનુભવી પણ હોય જેથી જટિલ પરિસ્થિતિમાં નીચેના સ્ટાફ માટે ઘણું સરળ બની રહેતું.

જાડેજાભાઈ માટે પણ લાંબી સરકારી નોકરીમાં ઘણા અધિકારીઓ આવ્યા અને ગયા. હવે તો એમને પણ નિવૃત્તિમાં બે વરસ જેવું બાકી હશે પણ આ નવા અધિકારી સાથે કામ પાર પાડવામાં એમને પણ થોડો ખચકાટ કે મુંઝવણ થઇ પડતી એક તો આવનાર અધિકારી ઉંમરમાં પ્રમાણમાં નાના, બિન અનુભવી અને બીજું કે...

જોકે પોતે ઘણા વિચક્ષણ અને મહેનતુ હોઈ, સાથે જ આજ્ઞાંકિતતા પણ ભારોભાર અને સમગ્ર તાલુકા વિસ્તારના ભોમિયા અને સ્થાનિક લોકોની સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને માનસિકતાથી પૂરેપૂરા વાકેફ એટલે જેટલા પણ અધિકારીઓ આવે ને જાય એ તમામ અધિકારી સાથે તાલમેલ સારો રહેવા પામેલ. મોટાભાગે તો જિલ્લા કક્ષાએથી સૂચનાઓ પણ એમને સીધી મળી જતી હોઈ પોતાના અધિકારીની જ્યાં જરૂર ન હોય અથવા ઉપસ્થિતિ ન હોય એવા સંજોગોમાં એ આરામથી બધું થાળે પાડી દેતા. ઘણા અધિકારી તો નિવૃત્તિ વયમર્યાદાની નજીક હોઈ, મોટાભાગે સામાજિક કે આરોગ્ય વિષયક બાબતમાં ગૂંચવાયેલ હોય કે લાંબી રજાઓમાં હોય તો જિલ્લા કક્ષાના સ્ટાફ માટે પણ જાડેજાભાઈ જ એક માત્ર હાથ આવેલ હથિયાર... આમ તો દરેક સરકારી કચેરીમાં આવા એકાદ બે કર્મચારીઓ મળી આવે કે જે વાર્તા માંહેના જીન જેવા હોઈ, ગમે ત્યારે યાદ કરો હાજરાહજૂર... જાડેજાભાઈ ઊંચા,પડછંદ એટલે કુંદન જોશી સાથે હોય ત્યારે બોડીગાર્ડ જ જોઈ લ્યો અને મિટિંગમાં જતાં આવતાં બીજા મિત્રોએ આ અંગે મજાક પણ કરેલ.

'મરણ જનાર કઈ જ્ઞાતિનો ???' કુંદન જોશીનો પૂછવા પાછળનો આશય એ હતો કે સામાન્ય રીતે હિંદુમાં પણ બાવાજી કે એમાં સામાન્ય રીતે સમાધિ આપવાનો રિવાજ હોય છે. કુંદન જોશીના મનમાં જો કે તત્ક્ષણ વિચાર આવી ગયો કે લાશને ક્યાં કોઈ જ્ઞાતિ જાતિ સ્પર્શે !!!

'સર, આમ તો રબારી કે ભરવાડ છે પણ કંઇક છોકરી વાળું લફરું છે' જાડેજાભાઈ પોતે ક્ષત્રિય હોઈ, માન મર્યાદા, ગરિમા એના વ્યવહારમાં હંમેશાં સતત છલકાય પણ અત્યારે વાત કહેવાના ઉત્સાહમાં લફરું શબ્દ રૂટિન મુજબ વાપરી તો નાંખ્યો પણ તરત થોડા સંકોચ સાથે બાકીની વાત પૂરી કરી;

'છોકરો તળાવમાં ડૂબીને મરણ પામેલ છે. એક્સિડેન્ટલ ડેથનો કિસ્સો પણ છોકરાના કુટુંબીજનોને શંકા છે કે છોકરીના ભાઈઓ એ મળી...'

'અરે પેલો આજકાલ રોજ છાપાંમાં આવે છે એ કિસ્સો ????' કુંદન જોશીને અચાનક જ વર્તમાનપત્રની સ્થાનિક આવૃત્તિમાં આવતા સમાચાર નજર સામે તરવરી ગયા. રોજ રોજ સમાજના આગેવાનો દ્વારા જિલ્લા પોલીસ વડાને અપાતાં આવેદનપત્રો અને ડેડબોડીના ફરી પોસ્ટમૉર્ટમની માંગણી !!!!! જાડેજાભાઈએ કહ્યું એવી જ વાતો કંઇક છાપામાં ભરી ભરીને આવતી હતી. સ્થાનિક સમાચારોની ખબર રહે એટલે અને આદતવશ કુંદન જોશીથી નાછૂટકેય સ્થાનિક વર્તમાનપત્રો વંચાઈ તો જતાં.

ઉપરોક્ત કિસ્સામાં રાજકીય રંગ ઉમેરાતો હોઈ, દિવસે દિવસે એનું સ્વરૂપ ગંભીર બનતું જતું હતું એ નિયમિત સમાચાર વાંચતા કુંદન જોશીને ધ્યાનમાં તો હતું. અને આ ઘટના પાછી પોતાના તાલુકાની હોઈ કાયદો વ્યવસ્થા સંદર્ભે પણ આવા સમાચાર પર સહજપણે ધ્યાન જતું. એમાં સવારે જ્યારે ઉપરાઉપરી ડી.વાય.એસ.પી. અમીન સાહેબ અને એસ. ડી.એમ. સાહેબનો ફોન આવ્યો ત્યારે જે વાતના તાણાવાણા ન્હોતા મળતા એ અત્યારે પૂરેપૂરી સમજાઈ ગઈ.એસ.ડી.એમ. સાહેબે તો જરૂરી સૂચના આપતા તાકીદ કરી દીધેલ કે ડેડબોડી જ્યાં દફનાવી છે એ સ્થળે પહોંચી જજો તમને જોવા, જાણવા અને શીખવા મળશે !!!

એસ.ડી.એમ. સાહેબની વાત સાચી હતી અને ઉપરી અધિકારી આવવાના હોઈ ત્યારે થોડાં વહેલાં જઈ ને પૂર્વ તૈયારી જોઈ લેવી આમ પણ જરૂરી હતી. વળી નાયબ પોલીસ અધિક્ષક, અમીન સાહેબે પણ કહ્યું હતું કે સ્ટાફ અને પંચની વ્યવસ્થા કરવાની રહેશે. અમીન સાહેબ, ડી.વાય.એસ.પી.નો પરિચય હજુ થોડા સમય પહેલાં જ થયેલો જે ઘટના હજુ તાજી જ હતી એ કેમ ભુલાય... એ ડેડબોડી... જીવનમાં ડેડબોડી જોવાનો એ પહેલો અને હજુ આ ક્ષણ સુધી છેલ્લો અનુભવ...

★★★

'જય હિંદ સર, ઈન્ક્વેસ્ટ ભરવા માટે... ડેડબોડીને સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે... મરણ જનારનું લગ્નજીવન સાત વર્ષથી ઓછું હોઈ આપ સાહેબે ઈન્કવેસ્ટ ભરવા રૂબરૂ આવવું પડશે' તાલુકા પોલીસ સ્ટેશનથી આવેલ કોન્સ્ટેબલનાં અવાજમાં હાંફ ચડી ગયો. કુંદન જોશીએ અધખુલ્લા દરવાજા વચ્ચે ઊભા ઊભા જ પાછું વળી હોલમાં ટિંગાડેલ ઘડિયાળ સામે જોયું. સવા છ જેવું થયેલ અને હજુ તો પોતે જસ્ટ ઑફિસેથી ઘરે પહોંચેલ. ફ્રેશ થાય એ પહેલાં ફરી જવું પડશે અને સ્ટાફ તો બધો જિલ્લા મથકેથી અપડાઉન કરતો હોઈ બધાં ઘરે જવા માટે નીકળી ગયા હશે એ કુંદન જોશીને સારી રીતે જાણ હતી.

'તમારા સાહેબ ક્યાં છે ?' કુંદન જોશીએ સહજ ભાવે તાલુકા પી.એસ.આઈ.ની હાજરી અંગે કોન્સ્ટેબલને પૂછ્યું. જો કે જસ્ટ પી.એસ.આઈ.સાથે વાત પૂરી કરી ફોન મૂક્યો જ હોઈ અને એણે તુર્તજ સી.એચ.સી.ખાતે જવું પડશે એ વાતથી વાકેફ કુંદન જોશી હજુ એ અંગે આગળ કશું વિચારે એ પહેલાં ત્યાં કોન્સ્ટેબલ હાજર થઇ ગયેલ.

'જી સર, ઝાલાસાહેબ દવાખાને જ છે અને ભચાઉથી ડી.વાય.એસ.પી. સાહેબ પણ આવેલ છે.' કોન્સ્ટેબલે ધૂનમાં જ આગળ ચલાવ્યું; 'સાહેબે ગાડી મોકલાવી છે'

'હમ્મ્મ્મ, ઓ.કે.ડન, ચાલો ત્યારે' કુંદન જોશીએ એમ જ પાછા પગલે દરવાજા બહાર નીકળી ચુપચાપ તાળું લંબાવતા કોન્સ્ટેબલે સમજીને જ આગળનું કામ પૂરું કર્યું. ગાડીમાં બેસતાં સમયે એણે મનોમન નોંધ લીધી કે ગાડી ડી.વાય.એસ.પી.ની છે વગર જોયે પણ એને એ અધિકારીની સમજ ઉપર માન થયું. સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગાડીમાંથી ઊતરી કેમ્પસમાં પ્રવેશતી વખતે જે ભીડભાડ હતી એ જોઈ કઈ તરફ જવું એની મુંઝવણમાં કુંદન જોશી હજુ તો આમતેમ નજર ફેરવતાં હતાં કે; 'અમીન, ડી.વાય.એસ.પી.અમીન' કહેતાં અમીન સાહેબ આગળ આવ્યા.'વોટ હેપન્સ સર જી ?' કુંદન જોશીએ અમીન સાહેબ સામે જોતાં પૂછી લીધું.

'નાની ઉંમર છે હજુ તો, કદાચ બાવીસ ત્રેવીસ વરસની હોય તો !!!! પરણ્યાને બે વરસ માંડ થયા હશે... સ્યુસાઈડ... સળગીને...' ત્રુટક ત્રુટક વાતચીત વચ્ચે અમીનસાહેબ અને કુંદન જોશીએ એકબીજાની સામે લગીરેક જોયું. બંને વચ્ચે ઉંમર અને અનુભવનો ખાસ્સો તફાવત હતો. એકની શરૂઆત તરફ ગતિ હતી તો બીજાની અંત તરફ...

'મારા માટે પહેલી વખત... મને ખ્યાલ નથી કે... 'કુંદન જોશીએ ઈન્ક્વેસ્ટ પંચનામું કરવાની પોતાની અજ્ઞાનતા અંગે નિખાલસતાપૂર્વક કહી દીધું. ટ્રેઈનિંગ એક વાત છે અને વાસ્તવિકતા અલગ એ તફાવત અમીન સાહેબને સમજાવવો પડે એમ નહોતો.

'આઈ કેન અન્ડરસ્ટેન્ડ, નથિંગ ટુ વરી... એક્ચ્યુલી મારા માટે પણ પહેલી વખત... લેટ્સ ગો' અમીનસાહેબે આગળ વધતાં કહ્યું. કુંદન જોશીથી અમીનસાહેબ સામે જોવાઈ ગયું, સ્ફૂર્તિ અને ઝડપથી આગળ ચાલતાં અમીન સાહેબ અચાનક અટક્યા. આવી પરિસ્થિતિમાં પણ અમીનસાહેબના ચહેરા ઉપર સહજ ક્ષણિક હાસ્ય આવી વિખેરાઈ ગયું.

'રેવન્યુ અને પોલીસની સર્વિસમાં દરરોજ કંઇક નવું આવતું રહેવાનું અને દર વખતે એવું જ લાગશે કે ઇટ્સ ફર્સ્ટ ટાઇમ... આમ તો જીવનમાં હરેક ક્ષણ તમને કંઇક નવો અનુભવ કરાવતી જાય છે...' અમીનસાહેબને બોલી લીધા પછી ખ્યાલ આવ્યો કે થોડું વધુ થઇ ગયું.

'ચાલો જઈશું ?' રોજ ઊઠીને જાતભાતનાં માણસ ચારતા આ ઓફિસર માટે એમની સર્વિસ દરમ્યાન ઘણા નવાસવા બિનઅનુભવી અધિકારીઓના એક યા બીજી ઘટના પ્રસંગે પ રિચયમાં આવવાનું અને કામ પાર પાડવાનું બનતું આવેલ પણ મને ખ્યાલ નથી એવો સહજ સ્વીકાર કરતાં કુંદન જોશીને જોઈ અમીનને એમની નિખાલસતા ઉપર માન થયું પણ મોટી ઉંમરના આ અધિકારીએ વાતને હળવી કરતાં ડેડબોડીને જ્યાં રાખવામાં આવેલ એ રૂમની દિશા તરફ કુંદન જોશીને દોરી ગયા.

★★★

'જાડેજા, વીડિયોગ્રાફી, પંચો અને ખોદકામ માટે માણસોની વ્યવસ્થા થઇ ગઈ છે ?' એસ.ડી.એમ. સાહેબે આવતા વેંતને ગાડીમાંથી ઊતરતા આસપાસ નજર નાંખીને ગાડી પાસે આવી ઊભેલ કુંદન જોશીના નમસ્તે સર નો જવાબ માથું ધુણાવી હકારમાં આપવાની સાથે જ સામે આવેલ જાડેજાભાઈને પૂછી લીધું. ડેડબોડી જ્યાં દાટેલ હતી એ સ્થળ ગામથી દૂર હતું. વિશાળ ખુલ્લા પટમાં ઉપર આભ અને નીચે ચારેકોર ખુલ્લો જમીન પ્રદેશ, જાણે જમીનનો દરિયો !!! એમાં ઉમટી આવેલ માણસોની ભીડ છૂટીછવાઈ નાના નાના ઢગમાં ફેરવાઈને સૌ આસપાસનું નિરીક્ષણ કરતાં પોતપોતાની વાતોમાં મશરૂફ !!!

'સર,આપને હેરાન કરવા પડયા પણ છૂટકો જ નહોતો નહીં તો...' ડી.વાય.એસ.પી. અમીનસાહેબે નજીક આવતાં કહ્યું.

'અરે અમીનસાહેબ,આપે તો હુકમ ફરમાવવાનો હોય અને આપના હુકમનો અનાદર કરવાની અમારી તાકાત છે ? એસ.ડી.એમ. સાહેબના ચહેરા ઉપર હાસ્ય પથરાયેલ હતું. વાસ્તવમાં બંને અધિકારીઓ લગભગ એકબીજાની આગળ

પાછળ જ આ ડિવિઝનમાં પોસ્ટિંગ પામેલ એને બે વરસ જેવો સમય થવા આવેલ. વધુમાં જિલ્લા અને સબડિવિઝનની મિટિંગમાં અવાર-નવાર કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા સંદર્ભે મળવાનું રહેતું હોઈ, બંને એકબીજાથી સારા એવા પરિચિત હોઈ એ નાતે થોડી ઘણી રમુજનો વ્યવહાર ખરો !!! સ્થાનિક પી.એસ.આઈ. અને તેનો સ્ટાફ અને જાડેજાભાઈ બધા આપસમાં એકબીજાથી પરિચિત એટલે સૌ એકબીજા સાથે વાતોમાં ગુંથાયા. કુંદન જોશીએ આ બધી રીતે અપરિચિત વાતાવરણમાં મનોમન એકલતા અને અકળામણ અનુભવતાં બંને અધિકારીઓ સાથે ચાલવા માંડયું. મજૂરોએ સાથે લાવેલ પાવડાથી ધૂળનો ઢગ ખસેડવાની શરૂઆત કરી દીધી હતી.

છોકરાના પરિવારજનો જ્યાં ડેડબોડી દફનાવી એ સ્થળ બતાવી રહ્યા હતા. છોકરાના બાપ અને કાકા દૂરથી સમગ્ર કાર્યવાહી જોઈ રહ્યા હતા. શું ઇચ્છતા હતા તેઓ ? ન્યાય ? સજા ? એમના મનમાં રહેલ ખૂનની શંકાનું સમર્થન? તેઓને ખ્યાલ હતો કે એમનો દીકરો કોઈ છોકરીનાં પ્રેમમાં છે ? જો હા તો, છોકરીની ઇચ્છા-અનિચ્છાથી જાણકાર હશે ? છોકરીના પ રિવારથી પરિચિત હશે ? પરિચય હોય તો એમની માનસિકતાથી પણ પરિચિત હોવા જોઈએ... કુંદન જોશીના મનમાં વિચારોનું પૂર ઉમટી આવ્યું.જો કે જરૂરી નથી કે દરેક ઘટનાનું કાર્યકારણ મળે અને મળે તો એમાં સત્ય કેટલું અને વળી દરેકની સત્યને પારખવાની સમજણ પણ એની પોતાની હોવાની.

ભરબપોરનો ટાઇમ હતો, અંદાજે સાડા બાર એક વાગવામાં હશે. એસ.ડી.એમ. સાહેબ અને બીજા ઘણાંએ ધોમધખતા તડકાથી બચવા માથા પર કપાળથી લઇ માથું ઢંકાઈ એ રીતે રૂમાલ વિંટાળી લીધેલ.મજૂરો પરસેવે નીતરી રહ્યા હતા, ચાલુ ખોદકામ વચ્ચે પોરો ખાતાં, ફાળિયા અને પહેરણથી પરસેવો લૂછતાં કામ આગળ વધારી રહ્યા હતા. અચાનક જ ચારેબાજુ આછી દુર્ગંધ પ્રસરવા લાગી. મજૂરોના ચહેરા ઉપરથી લાગતું હતું કે લાશ કાઢવા માટે હવે ઝાઝું ખોદવાની જરૂર નહીં રહે. થોડે છેટે ટોળા વળેલામાંથી ઘણાં નજીક આવી લાશ કાઢવા ગાળેલ ખાડા ફરતે ગોઠવાઈ ઝળુંબીને જોવા લાગ્યા. ડેડબોડીની ફરતે કપડું વીંટાળેલ હશે એનો છેડો દેખાઈ રહ્યો હતો... માથું ફાડી નાંખે એવી દુર્ગંધની તીવ્રતા વધતી અને વિસ્તરતી જતી હતી... જાડેજાએ પાણીની બોટલ લંબાવી પણ કુંદન જોશીએ તુર્તજ નકારમાં માથું ધુણાવ્યું.

'મેજિસ્ટ્રેટ સાહેબ, આપ ગાડીમાં બેસો, જાવ' કુંદન જોશીના અકળામણ-મુંઝવણ-ગભરામણના ભાવ જાણે અમીનસાહેબે દૂરથી જ વાંચી લીધાં હોય એમ છેટેથી પડકારો કર્યો. કુંદન જોશીથી તત્ક્ષણ અમીનસાહેબ સાથે ઊભેલા એસ. ડી.એમ. સાહેબ સામે જોવાઈ ગયું એમના ચહેરા ઉપર હકાર વાંચી એણે પીઠ ફેરવી.

'એમના માટે પહેલી વખત હશે ને !!!!!' અમીનસાહેબ કહી રહ્યા હતા એ કુંદન જોશીની પીઠ પર અથડાયું ને એમ જ ફરીને કુંદન જોશીએ પાછું વળી અમીન સાહેબ સામે જોયું.

'હાસ્તો... હજુ તો એમની શરૂઆત છે...' એસ. ડી.એમ. સાહેબે આંખ ઉપર હથેળીથી છાજલી કરી ખોદકામ ચાલી રહ્યું હતું એ તરફ જોતાં જવાબ આપ્યો. કુંદન જોશી અને અમીનસાહેબની નજર પળવાર મળી, અમીનસાહેબના ચહેરા ઉપર પોતાના સંતાન માટે હેત હોય એવો ભાવ જાણે કુંદન જોશીએ જોયો ન જોયો અને ગાડીમાંનો દરવાજો ડ્રાઈવરે ખોલી આપતાં કવૉલીસ ગાડીની વચ્ચેની સીટ પર બેઠક લીધી. ખોદકામ ચાલુ જ હતું અને મજૂરો હવે વાંકા વળીને ધૂળ ખસેડી, તગારાં ભરી લંબાવતા હતા.

જે લોકો ત્યાં ટોળે વળેલા એમની પણ હવે હિંમત ઓસરતી જતી હોય એમ આઘા પાછા થઇ રહ્યા હતા. વાતાવરણમાં જેમ જેમ તીવ્ર વાસ પ્રસરતી જતી હતી એમ લોકો નાક ઉપર રૂમાલ કે ગમછો દબાવી પાછા હટી રહ્યા હતા. છોકરાના બાપે પણ મોઢા ઉપર ફાળિયું દબાવેલ હતું. કુંદન જોશીને સમજાતું નહોતું કે છોકરાના બાપની અને પરિવારની દયા ખાવી કે ગુસ્સો કરવો. જે જીવ ખોળિયું છોડી જતો રહ્યો હવે એના શરીરને શા માટે ચીરફાડ કરાવવા માંગે છે ? શા માટે હિંદુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે અગ્નિદાહના બદલે આ દાટવાનું અને ફરી કાઢવાનું ? શું હાથમાં આવશે છેવટે ?

અચાનક જ વાતાવરણમાં રીડિયારમણ અને રોકકળ થઇ પડી. 'કંઈ નથી રહ્યું... શરીર રબર જેવું થઇ ગયું છે... દોઢ બે મહિના થઇ ગયા ને... મીઠું નાખ્યું હશે ને વળી એટલે ગળી ગયું...' જાડેજાભાઈ કહી રહ્યા હતા અને કુંદન જોશીએ જોયું તો મજૂરોએ પછેડીના ચાર છેડા પકડી ને ભેગા કરી બહાર કાઢી રહ્યા હતા, શરીરનું પોટલું જ જાણે !!!!!! છોકરાના બાપની પોક ભીડ ચીરીને પણ કુંદન જોશીના કાન પર અથડાઈ. કુંદન જોશીને ફરી અત્યારે પણ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખેલ ડેડબોડીનો ચહેરો નજર સામે તરવરી ગયો.

★★★

'પંચનામામાં ડેડબોડી અંગેની ઝીણામાં ઝીણી વિગત આવરી લેવાની રહે છે.' અમીનસાહેબ આગળ ચાલતા કહી રહ્યા હતા અને એની પાછળ કુંદન જોશી જાણે દોડીને પરાણે સાથે રહેવા ઝઝુમતાં, ડેડબોડીને જ્યાં રાખેલ એ રૂમ પાસે આવી ઊભાં. કુંદન જોશીનાં પગ એ રૂમમાં જવા ઊપડતા ન્હોતા. પાછળ ફરીને જોયું તો પેસેજના બીજે છેડે લોકોનું ટોળું ધક્કામુક્કી કરી રહ્યું હતું. છોકરીનાં માવતરનાં રડતા ચહેરા અને આક્ષેપિત નજરો અને આ બધાંથી ટેવાયેલ આસપાસ અવરજવર કરતા આરોગ્યકર્મીઓ અને પોલીસ સ્ટાફ !!! પેસેજ નજીક આવીને હોલમાં ફેરવાઈ જતો હતો જ્યાં ખૂણામાં રાખેલ બાંકડા પર બેઠેલ એક જણ, ચીમળાઈ ગયેલ ચહેરો અને આંખોમાં શૂન્યાવકાશ !!! જણ કહેવા કરતાં હજુ તો છોકરું કહેવાય એવો માટી... છોકરો કંઈ કમાતો જ ન્હોતો... છોકરી મૂઈ હતી ય ભારાડી...

દીકરીનો જીવ લઈ લીધો... એ બાઈને અહીં રહેવું જ નહોતું... મા બાપે પરાણે પરણાવેલ... જાત ભાતની વાતો કાનમાં પ્રવેશી રહી હતી... કુંદન જોશીને યાદ આવ્યું કે પોતે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ છે... બહાર આટલા બધાં લોકો એની હિલચાલ જોઈ રહ્યા છે... ભાગી છૂટવાની તીવ્ર ઈચ્છા થઈ આવી... એણે પોતાની જાતને ધક્કો માર્યો... કુંદન જોશીએ જોયું... એ ડેડબોડી... દૂબળી પાતળી, સાધારણ વાન અને ઊંચાઈ કદાચ પાંચેક ફૂટ... નમણાં મોઢામાંથી બહાર નીકળી આવી સુકાઈ ગયેલ થૂંકનો રેલો... હાથમાં પહેરેલ લાલરંગની કચકડાની બંગડીઓ... ઘેરવાળો ચણિયો, પોલકું ને ઓઢણી... શરીર ઉપર પ્રથમ દૃષ્ટિએ ક્યાંય મારકૂટનાં ચિહ્ન જણાતાં ન્હોતાં... કપડાં થોડાં આઘાપાછાં કરીને પણ જોઈ લીધું... હજુ તો કદાચ બે ચાર કલાક પહેલાં એ શરીર અને મનમાં તરવરાટ હશે... અને ભરપૂર ઈચ્છાઓ...

★★★

ક્વાર્ટરની નીરવ શાંત રાત્રિમાં કેટકેટલાં દિવસ સુધી એ સ્ત્રીની ડેડબોડી પોતાની આંખો સામે એમ જ જાણે દેખાતી હતી. હાલતાં ચાલતાં, ઊઠતાં બેસતાં એ ડેડબોડી પોતાની સાથે ને સાથે જ હોઈ એમ આંખ સામેથી એ દૃશ્ય હટતું જ નહોતું. આજે ફરી એ યુવતીની ડેડબોડી આ પોટલું વાળેલ હાડમાંસના લોચા સાથે એકાકાર થઈ ગઈ.

★★★

'અત્યારે ૪ વાગ્યા છે, અંધારું થાય એ પહેલાં ડેડબોડી કાઢ્યા વગર છૂટકો નથી. સામે છેડે નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાજપૂત હતા. તેમના અવાજમાંથી વ્યગ્રતા ટપકતી હતી એનું કારણ કદાચ તેઓ પરિસ્થિતિથી વાકેફ હોવાનાં કારણે હશે એવું કુંદન જોશીએ મનોમન અનુમાન કર્યું.

'હાઉ કેન ઈટ ઈઝ પોસિબલ સર જી ? આઈ એમ ઓન વે... આજે જિલ્લા મથકે સ્ટ્રોંગરૂમની વિઝિટ કરવાની છે બસ ત્યાં પહોચવામાં જ છું.' કુંદન જોશીએ જવાબ વાળ્યો. હજુ તો થોડાં દિવસ પહેલાં જ લોકસભાની ચૂંટણીની મતદાન પ્રક્રિયા પૂર્ણ થઇ હતી અને મતગણતરી હજુ વીસેક દિવસ બાદ હોઈ મતદાન થયેલ ઈવીએમ મશીનને સ્ટ્રોંગ રૂમમાં સુરક્ષિત મૂકવામાં આવેલ હોઈ જેની વિઝિટ માટે વીકમાં એકાદ વખત કુંદન જોશીને જિલ્લા મથકે જવાનું રહેતું.

'ડેડબોડી બદલાઈ ગઈ છે,આપણે ત્યાં જે ડેડબોડીને દફનાવી સોરી સમાધિ આપી એ ભૂલથી... આપ,ડી.એમ. સાહેબને કહીને જો એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટને અધિકૃત કરીને મોકલી શકતાં હોવ તોપણ ચાલશે.' રાજપૂતે ઉકેલ બતાવ્યો. રાજપૂતની વાત ખોટી નહોતી પણ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ મિટિંગમાં ગયેલા હોઈ તેઓ પાછા વળે તો પણ રાત પડી જાય અને કાયદો વ્યવસ્થા સંદર્ભે એસ.ડી.એમ.ની રૂએ પોતાની જવાબદારી હોઈ, ડી.એમ. સાહેબ સુધી ઓછામાં ઓછા પ્રશ્નો પહોંચે એ જરૂરી હતું.

'હમ્મ્મ્મ, અત્યારે ૪ વાગ્યા છે, અમે અહીંથી જ પાછા વાળીએ તો પણ મને સહેજે સાડા પાંચ છ વાગશે, ચાલશે ? મોડું નહિ થાય ને ?' કુંદન જોશીએ મનોમન ગણતરી કરીને પૂછ્યું. તુર્તજ પાછા વળે તો પણ વચ્ચેથી બે તાલુકા પસાર કરવાના અને પચીસ ત્રીસ કિલોમિટરનાં ત્રણ કટકા કાપવાના વળી તાલુકાઓને જોડતા રસ્તા પણ ઉબડખાબડ હતાં. વર્ષોના અનુભવથી અને ભૌગોલિક પરિસ્થિતિથી પૂરા વાકેફ હોવાના કારણે સમયની પોતાની ગણતરી ખોટી નહોતી.

'હા, હા, ચાલશે... હું પહોચીને તૈયારી કરાવું છું... આપ આવો...' ડી.વાય.એસ.પી. રાજપૂતના અવાજમાં હળવાશ અનુભવાઈ.

★★★

'પ્લીઝ, આપ સમજો, મારાં કપડાં ઊડી રહ્યાં છે ને આવી સ્થિતિમાં પણ આપનો કેમેરો ચાલુ રાખશો ?' ગાડીમાંથી ઊતરતાં કુંદન જોશીએ મીડિયા કર્મીને ટપાર્યા. તેઓએ ભોંઠા પડી બે ડગલાં પાછળ હટીને જવાનો રસ્તો કરી આપ્યો. પાછા વળતાં રસ્તામાં પોતે ન્યૂઝ એપ પર સમાચાર જોઈ લીધા હતાં. ન્યૂઝ ચેનલ પર લાઇવ પ્રસારણ ચાલુ હતું જેમાં સિવિલ હોસ્પિટલ ખાતે બંને ડેડબોડીનાં સગા-વહાલાં અને ઘણી સ્વૈચ્છિક સંસ્થા, સંગઠનોના હોદ્દેદારો અને વિપક્ષોના સ્થાનિક આગેવાનો સરકાર અને હોસ્પિટલનાં સત્તાવાળા સામે આક્રોશ ઠાલવી રહ્યા હતા.

છોકરીના બીજે મેરેજ થવાના હોઈ મેરેજના ચાર દિવસ અગાઉ એને પ્રેમ કરતાં છોકરાંએ પેલી છોકરી ઉપર ચપ્પાના ઘા મારી મૃત્યુ નિપજાવેલ. પી.એમ. અને પોલીસ ફરિયાદની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ પરંતુ છોકરીનાં મા-બાપે જ્યાં સુધી ગુનેગાર ન પકડાય ત્યાં સુધી ડેડબોડીને ન સંભાળવાની જીદ લઇ બેઠેલાં એટલે એ ડેડબોડીને હોસ્પિટલમાં રાખવામાં આવેલ. એ સાથે બીજી એક સ્ત્રીને પ્રેગનન્સીમાં કોમ્પ્લિકેશન્સ ઊભા થતાં ડેથ થયેલ એના પરિવારજનો અન્ય સ્ટેટમાંથી આવતાં હોઈ એમણે એક દિવસ ડેડબોડીને રાખવા વિનંતી કરતાં એ સ્ત્રીની ડેડબોડી પણ હોસ્પિટલમાં રાખેલ. જેણે ચપ્પાના ઘા મારેલ એ છોકરો બે દિવસની શોધખોળના અંતે છેવટે ઝડપી લેવાતા પેલી છોકરીનાં મા-બાપને હજુ ગઈકાલે રાત્રે અગિયાર વાગ્યે તો ડેડબોડી સોંપવામાં આવેલ.

'ચાર દિવસથી આ જ કેસમાં સતત દોડાદોડીને કારણે સરખી ઊંઘ પણ નથી થવા પામેલ.' ડીવાય.એસ.પી. ઝડપથી ટૂંકમાં કહી રહ્યા હતા.

'ડેડબોડીને અહીં કેમ લાવ્યા ?' કુંદન જોશીએ બાકીની વાતનો તાળો મેળવવા વાતને આગળ ધપાવતાં પૂછ્યું.

'અહીં એમનું વતન છે અને હજુ તો પોલીસ બંદોબસ્ત સાથે આજે સવારે સાત વાગ્યે તો સમાધી આપેલ...' રાજપૂત કહી રહ્યા હતા. 'એ તો બપોરે પેલાં પ્રેગનન્સીમાં ડેથ થયેલ સ્ત્રીનાં સગાવહાલાં આવ્યાં ત્યારે ડેડબોડી એમને હેન્ડઓવર

કરતાં સમયે ડેડબોડી બદલાઈ ગયાનું ધ્યાનમાં આવ્યું' રાજપૂત ચાલુ વાતચીત વચ્ચે પોલીસ સ્ટાફને જરૂરી સૂચના આપી રહ્યા હતા.

'થેંક ગોડ કે ડેડબોડીને સમાધિ આપેલ નહીં તો... અગ્નિદાહ આપ્યો હોત તો... એ સ્ત્રીનાં કુટુંબીજનોને ડેડબોડી ક્યાંથી... કુંદન જોશીએ રાજપૂત સામે જોતાં અચાનક આવેલ વિચાર વ્યક્ત કરી દીધો. બંને ઓફિસર વચ્ચે થોડીક ક્ષણ ચૂપ કીદી છવાઈ ગઈ.

'એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરી ?' કુંદન જોશીએ પૂછી લીધું.

'હજુ કરવાની બાકી છે ? આપની કક્ષાએથી થઇ શકે તો ? રાજપૂતના અવાજમાં થાક હતો.

કુંદન જોશીએ તુર્તજ તાલુકા હેલ્થ ઓફિસર સાથે વાત કરી અને તેણે આપેલ સજેશન મુજબ સ્થાનિકમાં એક સિમેન્ટ કંપનીનો પ્લાન્ટ હોઈ એમને કહી વ્યવસ્થા કરી.

'ડેડબોડી લેવા અહીં કોણ આવવાનું છે ?' બાકીની ઔપચારિકતા પૂરી કરવા કુંદન જોશીએ રાજપૂત સામે પ્રશ્નાર્થ નજરે જોયું. પેલી છોકરીનાં મા બાપ તો સિવિલમાં પહોંચી ગયા છે અને અહીં તો પેલી સ્ત્રીનાં કુટુંબીજનો આવવામાં જ છે.

બંને પૈકી એક અનુસૂચિત જાતિ અને એક મુસ્લિમ સમાજને સંબંધિત હોઈ ડેડબોડી બદલાઈ જવાનો ઈસ્યુ કેવો અને કેટલી હદે વકરી શકે એ બંને ઓફિસર સમજતા હતા. ડેડબોડી બદલાઇ જવા જેવી ભૂલ ગંભીર હોવા છતાં ઈરાદાપૂર્વકની ન હોઈ શકે અને બીજું કે ડેડબોડી સંભાળતી વખતે કે બાદમાં ધરેલું વિધિ કર્યા બાદ સમાધિ આપતાં સમયે પરિવારે ડેડબોડીનું મોઢું પણ નહીં જોયું હોય ! આવા વિચારો હંમેશની જેમ અસ્થાને હતા એ કુંદન જોશી સારી રીતે જાણતાં હતાં.

'હમ્મ્મ...' પ્રથમ પોસ્ટિંગ વખતે એ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રાખેલ ડેડબોડીનું ઇન્ક્વેસ્ટ પંચનામું કે બાદમાં ડેડબોડીને બહાર કાઢવાની ઘટના પર આજે બારેક વરસનો સમયગાળો વીતી જવા પામેલ છે. એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવીને હવે તો કુંદન જોશી પ્રમોશન પામી આ વિસ્તારમાં છેલ્લા બે વરસથી એસ.ડી.એમ. તરીકે મુકાયેલ છે. આમ છતાં ડેડબોડી જોવી પડે ત્યારે જે ડર એ વખતે અનુભવેલ એ ડર હજુ પણ સમયની સાથે એવો ને એવો જ મનમાં ધરબાયેલ હતો. પાછા વળતા રસ્તામાંથી લઇ ને અત્યારે રાજપૂત સાથેની વાતચીત દરમ્યાન કે આસપાસના વાતાવરણ સાથે અનુસંધાન મેળવતાં સમયે પણ મનમાં પેલો ડર સમાંતરે ઉછળતો હતો.

ડીવાય.એસ.પી. તમામને સૂચના આપી રહ્યા હતા એ સાથે પંચનામું ચાલુ હતું અને કુંદન જોશી પંચનામામાં જરૂરી વિગતો આવરી લેવાય એની તાકીદ આપવાની સાથે જેટલું ટળાય એટલું ખોદકામ બાજુ જોવાનું ટાળતા હતાં. જો કે ડીવાય.એસ.પી. રાજપૂતનો તેમને પૂરો પરિચય સાત આઠ મહિના પૂર્વે મળી ગયેલ. દારૂનો જથ્થો નાશ કરવાનો હતો અને દારૂની બોટલના ખોખાં ઉપર ફરતાં રોલર સાથે વીડિયોગ્રાફી ચાલુ હતી. મોઢા આડે રૂમાલ દબાવી દારૂની અસહ્ય વાસથી બચવા આઘે ઊભેલ કુંદન જોશીને દૂરથી જ રાજપૂતે સાદ પાડી બોલાવેલ અને રૂબરૂમાં દારૂના જથ્થાનું મેળવણું કરવાની સાથે એ વાતની ચોકસાઈ રાખેલ કે કુંદન જોશી પણ વીડિયોગ્રાફીમાં આવી જાય. પોતાની આસપાસ વહીવટી કુશળતા કે જાણકાર વ્યક્તિ હોય તો એમાં રાજી થવા જેવું પણ રાજપૂત સાહેબની ચોકસાઈ અનિવાર્ય હોવા છતાં કુંદન જોશી માટે અત્યારે એ ભયજનક હતી.

અમદાવાદથી એકસો દસ વીસ કિલોમિટરના અંતરે આવેલ આ વિસ્તાર પણ કચ્છની માફક વિશાળ ભૂમિ પ્રદેશ ધરાવતો હતો. આસપાસ થઈ રહેલી વાતોમાંથી જાણવા મળેલું કે આ જગ્યાએ અમુક જ્ઞાતિનું સમાધિસ્થળ હતું. કુંદન જોશીએ દૂર સુધી નજર પાથરીને જોયું તો છૂટાછવાયા માટીના નાના નાના ઢગ હતા જે સમાધિ આપેલી હોવાનું સૂચવતા હતાં. એની નીચે કોઈ ને કોઈ ડેડબોડી દાટેલ હશે એમ માનવું સહજ હતું. અચાનક કુંદન જોશીને વિચાર આવ્યો કે સમયની સાથે કે સુસવાટાભેર વાતા પવન સાથે કે ભારે વરસાદમાં માટી વહી જવાના લીધે આ માટીના ઢગ ધીમે ધીમે સમથળ થઇ જતા હશે અને... અને એ હિસાબે તો પોતે જ્યાં ઊભેલ છે ત્યાં નીચે પણ કોઈ ડેડબોડી... ઓહ નો, કુંદન જોશીને ચક્કર આવવા લાગ્યા... કાશ પોતાના પગ જમીન ઉપરથી ઊંચા લઇ શકાતા હોત... જાણે પોતે કોઈ જીવતા જાગતા માણસની છાતી ઉપર ઊભેલ હોઈ એવો ભાસ થયો... ઝટ પોતે અહીંથી ભાગી છૂટે... ઢળતી સાંજના ઠંડા પ વનમાં કુંદન જોશી પરસેવે રેબઝેબ...

મજૂરોનું ખોદકામ ચાલુ હતું ને આસપાસના વિસ્તારમાંથી કુતૂહલવશ અને મોટાભાગે તો ઘરના અને ગામના માટે ઉપદ્રવી જીવો અહીં ટળવળતા હતા. ફરી એક વખત ચહલપહલ વધી ગઈ, મીડિયાનાં કેમેરાની ફ્લેશ અને ડેડબોડીનું ઉપર આવવું અને રાજપૂતનો અવાજ ભીડ ચીરી ગુંજી ઊઠયો;

'મેડમ ક્યાં છે ? મેડમ... અહીં નજીક આવો... આ બાજુ આવી જાવ ને જરા...' રાજપૂત એમ સહેલાઈથી છાલ છોડે એમ ક્યાં હતાં ? કુંદન જોશી એક હાથે હવામાં ઊડતા પ ોતાનાં ડ્રેસના કુરતાની ચાળને નીચે કરતાં અને બીજા હાથે ઊડતી ચૂંદડીને ઝાલીને સંકોરતા ડેડબોડી તરફ આગળ વધી ને જોયું... ગૌર ચહેરા પર પ્રસવ સમયની પીડાના ભાવ જાણે હજુ પણ... અરે પેલો ચીમળાઈ ગયેલો કુમળો નાજુક ચહેરો... પેલું પ છેડીના ચાર છેડા ભેગા કરી વાળેલ પોટલું... પેટમાં ચૂંથાતું હતું કંઇક... એક લથડિયું અને પોતે જાણે ઢળીને ઢગલો... ઓહ નો... એક બીજામાં એકાકાર... થ્રી ડેડબોડીઝ...

C/o. જયેશભાઈ એમ. મહેતા,
તા. માળીયા હાટીના, જિ. જૂનાગઢ-૩૬૨૨૪૫.
મો. ૯૮૨૫૩૩૬૮૦૮







Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.net


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

મારી સધીને ગમ્યું તે ખરું

- ડૉ. પિનાકિન દવે

જેમ આંબા પર ખેર આવે તેમ શમુડીના દેહ પર જોબન આવ્યું હતું. એ હિલોળા લેતી ચાલે, એની આંખોના ઉલાળા જ જુદા હતા, એના પગમાં મોરનું નર્તન હતું. એ ચાલતી હોય જમીન પર, તોયે લાગે જાણે હવામાં ઊડે છે. પાણીનાં બે બેડાં માથે હોય તોય સહિયરો સાથે લહેરથી વાતો કરે જાણે માથે કશો બોજ જ નથી, બોલતાં હોઠ પર જીભ ફેરવ્યા કરે ને મોઢેથી બુચકારા બોલાવે. સાંભળનારને બે ઘડી મજા આવી જાય.

શમુડીને ભાઈ કિશન પર હેત ઘણું. પણ બાપાને તો એ ખૂબ સાચવે. મા તો એની નાનપણમાં જ ભગવાનને વહાલી થઈ ગયેલી. 'માને શું દરદ થયું હતું તે કદી કળાયું જ નહીં' શમુડી કહેતી.

શમુ માને માટે ગામના વૈદ પાસેથી પડીકીઓ લઈ આવતી ને મધ નાખી ચટાડતી, દિવસમાં ત્રણ વાર, વૈદે કહ્યું હતું તેમ માને સવાર - સાંજ રાબ પણ પિવરાવતી, પણ એ ના જીવી.

એની મા મરી ગઈ ત્યારે કિશન ઘણું રડ્યો હતો પણ એને છાનો રાખતાં શમુડીએ તો આટલું જ કહ્યું. 'મારી સધીને ગમ્યું તે ખરું.'

ગામના પાદરે સધીમાનું દેવળ હતું. શમુડી ત્યાં દીવો પૂરવા જતી. કિશન પણ ત્યાં રમવા માટે જતો. ગામલોકો કહેતા 'સધીમાનું સાચ ઘણું છે.'

માને દાહ દઈ આવ્યા પછી કિશન રોજ સાંજે સધીના દેવળે જઈ બેસતો. એને સધીની મૂર્તિમાં પોતાની મા દેખાતી. કિશને રડમશ અવાજે એકવાર શમુડીને પૂછી નાખ્યું - 'માએ આવું કેમ કર્યુ ?'

'મા જે કરે તે સારા માટે જ હોય. મા કદી કોઈનું ખોટું ન કરે. તું જ વિચાર કર ને- આપણી માને અહીં શું સુખ હતું ? આ તો સધીમાએ એને છોડાવી કહેવાય. અહીંની મસ કાંટાળી પથારીમાંથી ત્યાં પોતાની સુંવાળી સેજમાં લઈ લીધી.'

કિશનને ગળે આ વાત ઊતરી ગઈ. એટલે જયારે શમુડીએ ઝેર પી લીધું ત્યારે એ નહોતો રડ્યો. એણે પોતાના મનને જ જાણે મનાવ્યા કર્યુ હતું. - 'મારી સધીને ગમ્યું તે ખરું.'

એ સધીમાના દેવળે જતો ત્યારે એને માના બે ખોળામાં બે જણ બેઠેલા દેખાતા અને એના ચહેરા હસતા દેખાતા.

બાપાએ શમુડીને તે દિવસે ખૂબ મારી હતી. સોટી લઈને મારી હતી. ઘરનાં કમાડ બંધ હતાં તેથી કિશનને બાપા શું બોલતા હતા તે સંભળાતું નહોતું. એટલો માર ખાધા પછી પણ શમુડીના મોઢામાંથી એક ચીસ પણ નીકળી નહોતી, પછી શમુડીએ એના ડિલ પર પડેલા સોટીના સોળ કિશનને બતાવ્યા હતા. કિશને હળવા હાથે તેને પંપાળતાં કહ્યું, 'બાપા સારા નથી... પણ બાપાએ આવું કેમ કર્યુ ? એમને એવું તે શું થઈ આવ્યું. તારા પર એવો તે કેવો કાળ ચઢી આવ્યો !'

કિશન તે દિવસે સધીમાના દેવળના ઓટલા પર વિચારતો બેસી રહ્યો.



ઘર તો બધું શમુડી ચલાવતી તોયે બાપાએ એને મારી, બાપાને જે જોઈએ તે લાવી દેતી તોયે બાપાએ એને મારી બાપાને માટે દારૂ પણ લાવી દેતી તોયે બાપાએ એને મારી. બાપાનો પડ્યો બોલ ઉપાડી લેતી કારણ કે મરતી વેળા માએ એનો હાથ હાથમાં લઈને કહ્યું હતું - 'આ તારા બાપાને અને તારા ભાઈને સાચવજે. તારા વિના એમનું બીજું કોઈ નથી.'

તેથી તો શમુડી પડોશની શેઠના ઘેર કામ કરવા માટે જતી, તેમને માટે પાણી ભરી લાવતી. તેમના આંગણામાંથી કચરો કાઢી દેતી, વાસણ માંજી દેતી. શેઠના ઘરના માણસની જેમ જ રહેતી. અને શેઠના ઘેરથી તેમને માટે બધું આવી જતું, કપડાં લત્તાં, અનાજ, રૂપિયા પૈસા જેની જરૂર પડે તે શેઠ પૂરી પાડતો.

બધાં કહેતાં હતાં કે એ શેઠને લીધે જ શમુડીને મરવાનો વારો આવ્યો. શમુડીએ ધંતુરાના બીજ વાટીને પાણી સાથે ગળા નીચે ઉતારી દીધાં.

શમુની ચિતાને આગ દેતાં કિશન મનમાં બોલ્યે જ જતો હતો - મારી સધીમાને ગમ્યું તે ખરું.

ડાઘુઓ ગુસપુસ કરતા હતા તે કિશનને સંભળાતું હતું. શેઠનું જ એંધાણ શમુડીને રહેલું, શેઠ કાંઈ અમસ્તા આટલા રૂપિયા આલે ! આખું ઘર ચલાવે !

તે પછી કિશન ગામમાં ઝાઝું રહી ન શક્યો. એક રાત માથે લઈને તે શહેરમાં નાસી આવ્યો ને લોકોના ઘરનાં કામ કરતાં કરતાં એણે વાહન ચલાવતાં શીખી લીધું ને રિક્ષા ભાડે ફેરવવા માંડી. હવે એનું ગુજરાન સારી રીતે ચાલતું. એ રૂપિયા બચાવતો. તે પહેલાં એક રૂમ ભાડે રાખી હતી તેમાં માંદા પડેલા બાપાને લાવી રાખ્યા. પણ એની સારવાર લેવા બાપા ઝાઝું ન જીવ્યા. બધા રિક્ષાવાળા જે ભેગા મળ્યા હતા, તેમને કિશને હાથ જોડી કહ્યું - 'મારી સધીમાને ગમ્યું તે ખરું.'

પછી તો એણે રિક્ષાના હુડ પર પણ આ લખાવી દીધું.

મંદિરમાં મહારાજની સામે એ લાંબો સમય બેસી રહ્યો. બધા માણસો હાથ જોડીને ચાલ્યા ગયા તો પણ એ બેસી રહ્યો, મહારાજે તેની સામે નજર કરીને પાસે બોલાવ્યો. તે પાસે ગયો ને મહારાજના મુખ સામે તાકી રહ્યો. મહારાજે જ પૂછ્યું. ''કેમ આમ બેસી રહ્યા છો ? કાંઈ પૂછવું છે ?''

તેણે માથું હલાવ્યું ને ભીના અવાજે બોલ્યો, 'મહારાજ, એક સવાલ મનમાં ઘૂંટાયા કરે છે, ઘણાં વર્ષોથી આમ ઘૂંટાયા કરે છે ને પૂછતાં અચકાઉં છું.'

'જરાય અચકાયા વિના પૂછી નાખો. તમારા બધા સવાલોના જવાબ માતાની મહેરબાનીથી મારી પાસેથી મળશે.'

તે કાંઈ પણ બોલ્યા વિના થોડીવાર મહારાજ ને તાકી રહ્યો પછી તેણે હળવેથી હોઠ ખોલ્યા : 'બળ્યું, વાતમાં કોઈ નથી. તમે સહુ કહો છો, હું પણ કહું છું. આમ તો બધા કહે છે - માને ગમ્યું તે ખરું. પણ મને હવે રહી રહીને સવાલ થાય છે કે માને - સધી માને કેમ આવું ગમે ?'

'આવું એટલે કેવું ?' મહારાજે સામો સવાલ કર્યો.

આવું એટલે- હાથમાં આવેલો કોળિયો ખાઈ ન શકાય, નીચે ધૂળમાં પડી જાય ને આપણે જોતા રહી જઈએ ગળામાં ડૂમો ભરાઈ આવે પણ રડી ન શકાય. ને આપણે કહ્યા કરીએ સધીમાને ગમ્યું તે ખરું.'

૫, ન્યૂ ઉમિયા વિજય સોસાયટી,
રન્નાપાર્ક પાસે, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
ફોન : ૦૭૯-૨૭૪૭૧૯૬૯





" કૃષ્ણ ગોવાળિયા "
- પશાભાઈ મકવાણા
મો.-૭૬૦૦૨૫૩૩૭૫



" રંગ બરસે "
- શૈલેષ રાવલ
મો.-૯૮૨૫૦૭૨૭૧૮


" સ્થાપત્યસૌર "
- ભાટી એન.
મો.-૯૮૨૫૬૩૬૦૪૦


“ બોલતા પાળિયા ”
- રક્ષા ભટ્ટ
મો.-૯૯૭૯૮૬૫૬૮૬

યુ ટર્ન

- પ્રફુલ્લ કાનાબાર

બેંકમાં પ્રવેશતાં જ નિલયે મને આવકાર્યો ''આવો આવો પટેલ સાહેબ, બહુ દિવસે ભૂલા પડયા ને કાંઈ ?

બેંક મેનેજર નિલય શાહ મને હાથ પકડીને તેની કેબિનમાં લઇ ગયા.આમ તો નિલય મારો શાળા જીવનનો મિત્ર હતો.બારમા પછી તે આગળ ભણીને નોકરીએ લાગ્યો હતો અને હું પપ્પાના બિઝનેસમાં.

અમારો સંપર્ક ઘણાં વર્ષોથી છૂટી ગયો હતો. ત્રણેક માસથી નિલયે આ બેંકમાં ચાર્જ સંભાળ્યો હતો. તેણે મોટા ટ્રાન્ઝેકશન વાળા કસ્ટમરના લીસ્ટમાં મારું નામ જોઇને મારો ફોન પર સંપર્ક કર્યો હતો.આમ અમારો જૂનો સંબંધ પાછો તાજો થયો હતો. કેબિનમાં તેની સામેની ખુરશીમાં બેસતા મેં કહ્યું ''યાર નિલય, તું મને સાહેબ કહે છે તે નથી ગમતું''

''મિલન, સાહેબ કહેવાનાં બે કારણ છે એક તો તું શહેરનો પ્રતિષ્ઠિત બિઝનેસમેન છે અને બીજું આ મેનેજરની ખુરશી જ એવી છે કે બધાને માનાર્થે બોલાવવાની ટેવ પડી જાય છે''.

નિલયે પટાવાળાને ચાનો ઓર્ડર આપી દીધો. 'યાર, બિઝનેસમાં તારી પ્રગતિ જોઇને દિલથી ખુશ થાઉં છું. મારા આખા મહિનાના પગાર જેટલી રકમની તારા કરન્ટ ખાતામા રોજની હેરાફેરી હોય છે.'

''ભાઈ, દસકા પછી તું નિવૃત્ત થઈશ ત્યારે તને પેન્શન મળશે. અમને વેપારીને સરકાર એવી કોઈ સગવડ આપતી નથી.'' મેં મજાકમાં કહ્યું.

''એ તો મારે દલીલ કરવી નથી બાકી હું પણ એમ કહી શકું છું કે સાચા ઇન્કમટેક્સ પેયર તો અમે નોકરિયાત જ છીએ.''

''નિલય, દલીલ કરવી નથી એમ કહીને તે દલીલ કરી જ લીધી અને મને કરચોર પણ કહી દીધો''. અમે બંને મિત્રો ખડખડાટ હસી પડયા.

પટાવાળો ચા મૂકી ગયો એટલે નિલયે પૂછયું ''મારે લાયક કાંઈ સેવા ?''

''દોસ્ત સાચું કહું તો બેન્કનું તો કાંઈ કામ નથી પણ મને એવું યાદ છે કે આ નોકરીમાં લાગ્યા પહેલાં તું સરકારી નોકરીમાં હતો''.

''હા મિલન, કોલેજ કર્યા બાદ મેં બે વર્ષ ક્લાર્ક તરીકે સરકારી ખાતામાં નોકરી કરી હતી ત્યાર બાદ આ બેંક જોઈન કરી હતી.''

'' યાર, મારે એક લાયસન્સ ક્વોટાનું કામ અટકી પડયું છે જો તારે ત્યાં કોઈ ઓળખાણ નીકળે તો...''

''અરે ભાઈ હું એ જ ઑફિસમાં તો હતો'' નિલયની આંખમાં ચમક આવી ગઈ.

હું નિલયની વાત સાંભળીને ખુશીથી ઝૂમી ઊઠયો.

''મિલન, આપણે ટ્રાય કરી જોઈએ. આમ તો એ ડિપાર્ટમેન્ટ છોડયા બાદ એટલેકે સત્તાવીસ વર્ષથી ત્યાં ગયો નથી''

''બોલ ક્યારે જઈશું ?'' મેં પૂછ્યું.

''શુભસ્ય શીઘ્રમ. અત્યારે જ.'' નિલયે ખૂબ જ ઉત્સાહ બતાવ્યો.

મારો આનંદ બેવડાયો.

નિલયે તરતજ એક ઓફિસરને બોલાવીને જરૂરી સૂચના આપી દીધી અને કલાક દોઢ કલાકમાં તે પરત આવશે તેમ જણાવી દીધું.

અમે બહાર આવીને મારી કારમાં ગોઠવાયા. મેં ડ્રાઇવરને એડ્રેસ સમજાવી દીધું. વીસેક મિનિટ બાદ અમે તે ઑફિસે પહોંચી ગયા. પૂછતાં પૂછતાં અમે ત્રીજે માળે કન્સર્ન અધિકારીની કેબિન સુધી પહોંચ્યા. બહાર નેઈમ પ્લેટ વાંચીને નિલયના ચહેરા પર રમતિયાળ સ્મિત આવી ગયું. ''મિલન, તારું કામ થઇ જશે.''

કેબિનમાં પ્રવેશતાં જ સામે બેઠલાં પ્રૌઢ મેડમને જોઇને નિલય બોલી ઊઠયો.

''હાય અસ્મિતા, ઓળખાણ પડી ?''

ચશ્માં કાઢીને મેડમ બોલ્યાં ''અરે નિલય તું ? કેટલાં વર્ષે દેખાયો ?''

''હા અસ્મિતા, બેન્કની નોકરીમાં બહાર રહેવાનું જ વધારે થયું છે ત્રણ મહિના પહેલાં જ શહેરમાં પરત આવ્યો છું''. નિલયે તેનું વિઝિટિંગ કાર્ડ ટેબલ પર મૂકતાં કહ્યું.

પટાવાળો પાણી મૂકી ગયો. ''નિલય તું હજુ કોફી જ પીએ છે કે ચા ચાલુ કરી ?''

''હવે બંને પીઉં છું.'' નિલયે શરારતી સ્મિત સાથે કહ્યું.

કૉફી પીતાં પીતાં બંને તેમના યુવાનીના સાથે ગાળેલા મજાક મસ્તીના એ દિવસો યાદ કરતા રહ્યા. હું નિર્દોષ ભાવે તેમની ''મને સાંભરે રે... મને વિસરે રે...''ની સ્મરણયાત્રાનો

સાક્ષી બની રહ્યો.

લગભગ વીસેક મિનિટ બાદ નિલયે મારી ઓળખાણ કરાવીને અમારું ત્યાં આવવાનું પ્રયોજન જણાવ્યું. જોગાનુજોગ મારી પેન્ડિંગ ફાઈલ અસ્મિતા મેડમના ટેબલ પર જ પડી હતી. ફાઈલ જોઇને મારી આંખમાં ચમક આવી ગઈ.

મેડમ સસ્મિત ચહેરે બોલ્યા "ભાઈ, તમે એવી વ્યક્તિને સાથે લઈને આવ્યા છો કે મારે તમારું કામ તો કરી જ આપવું પડે. પણ ફેક્ટરીનું એક સર્ટિફિકેટ આમાં ખૂટે છે"

"મેડમ, એ તો હું કાલે જ લાવી આપીશ".

"બસ તો કાલે તમને હું હાથોહાથ ઓર્ડર આપી દઈશ".

મેડમની વાત સાંભળીને મને હાશકારો થયો. મેં નિલય અને મેડમની સામે આભારની લાગણીથી જોયું.

અમે કેબિનની બહાર નીકળ્યા ત્યારે નિલય જાણે કે યુવાન થઇ ગયો હતો.

તે મારા કાનમાં ગણગણ્યો "યાર, અત્યારે અસ્મિતા ભલે સાવ કાકી જેવી લાગે છે પણ એ દિવસોમાં બ્યુટીફૂલ હતી. મને ખૂબ પસંદ કરતી હતી."

"અને તું ?"

"હું તેને બિલકુલ કોઠું નહોતો આપતો. આ તો અત્યારે આપણે કામ કઢાવવાનું હતું તેથી."

અમે કારમાં બેઠા એટલે ડ્રાઇવરની હાજરીને કારણે નિલય ચૂપ થઇ ગયો.

બીજે દિવસે પેલું સર્ટિફિકેટ લઈને હું એકલો જ સરકારી ઑફિસે ગયો કારણ કે હવે નિલયને ડિસ્ટર્બ કરવાની જરૂર નહોતી.

"ભાઈ આ તો ઝેરોક્સ છે મારે ઓરિજિનલ જોઇશે". મેડમે સર્ટિફિકેટ જોઇને કહ્યું.

"મેડમ તે ખોવાઈ ગયું છે. આ કોપી પરથી જ આપ કામ પતાવી આપો તો સારું."

"પણ ગઈકાલે તો તમે મને આ વાત કરી નહોતી."

"જી... મને એમકે ઓરિજિનલ મળી જશે. ઘણા પ્રયત્નો કરવા છતાં તે મળ્યું નહિ.તમે કહેતા હો તો નિલય પાસે ફરીથી ભલામણ કરાવું." મેં મારો મોંઘો સેલફોન હાથમાં લઈને કહ્યું. મારો જીવ મેડમ પેલા ઓર્ડરના કાગળ પર સહી કરે તેમાં અટકેલો હતો. મેડમે પેન ખોલીને સહી કરતાં કહ્યું "આટલા કામના મારા પહેલાના અધિકારી પચાસ હજાર લેતા હતા.મેં આવીને આ ઑફિસમાં બિલકુલ કરપ્શન બંધ કરાવી દીધું છે. મારી ધાક જ એવી છે કે કોઈ કર્મચારી લાંચની વાત કરવાની પણ હિમત ના કરે"

"મેડમ એ તો ખૂબ સારું કહેવાય. દેશને તમારા જેવા પ્રમાણિક અધિકારીની જ જરૂર છે." મેં મેડમની તારીફનો પૂલ બાંધતા કહ્યું. મેડમે મને ઓર્ડર હાથમાં આપ્યો એટલે મેં વિવેક કર્યો. "નિલય સાથે વાત કરાવું ?" નિલયનું નામ સાંભળીને મેડમ બોલ્યા "તમારા એ મિત્રની એક અંગત વાત કરું ?"

"શ્યોર મેડમ" મારા ચહેરા પર સ્મિત આવી ગયું. મને એમ કે હમણાં મેડમ કહેશે યુવાનીના એ દિવસોમાં હું નિલયને ખૂબ જ ચાહતી હતી પણ તેણે મને ભાવ નહોતો આપ્યો. પણ આ શું ? મેડમ જે બોલી રહ્યાં હતાં તે સાંભળીને હું સ્તબ્ધ થઇ ગયો.

"તમે ગઈકાલે જોયુંને ? પચાસે પહોંચ્યો તો પણ હજુ ફલર્ટ કરવાની તેની જૂની આદત ગઈ નથી. તે દિવસોમાં પણ મેં તેને ક્યારેય ઘાસ નહોતું નાખ્યું."

સાચી વાતની ખરાઈ કરવા માટે મેં ડ્રાઇવરને કાર સીધી બેન્ક તરફ લેવાની સૂચના આપી. શહેરના ટ્રાફિકને ચીરતી કાર જઈ રહી હતી.

અચાનક હું ખંધુ હસ્યો. તેમની તો ભૂતકાળની વાત હતી પણ હું તો વર્તમાનમાં પણ ક્યાં સાચો હતો? નિલય આ જ ડિપાર્ટમેન્ટમાં અગાઉ નોકરી કરતો હતો તે હું અગાઉથી જાણતો હતો. મારા મહેતાજી દ્વારા મારી પાસે તે સરકારી ઑફિસની તમામ માહિતી હતી. અસ્મિતા મેડમ કડક અને પ્રમાણિક છે પણ ઓળખાણ હોય તો તરત કામ કરી આપે છે તેવી માહિતી પણ મારી પાસે અગાઉથી હતી. સૌથી મોટી અને અગત્યની વાત... જે સર્ટિફિકેટની ઝેરોક્સ પર મારું કામ થઇ ગયું હતું તે તદ્દન બનાવટી હતું.

ચાર રસ્તે રેડ સિગ્નલમાં કાર ઊભી રહી. એક ચીંથરેહાલ કિશોરને જોઇને મેં કાચ ખોલીને દસની નોટ ધરી." સાહેબ, કાચ સાફ કરવાની પરવાનગી આપો. મફતમાં મારે નથી લેવા" મેં મૂક સંમતિ આપી.

તેણે કપડા વડે કારનો આગલો કાચ પૂરી મહેનતથી સાફ કરીને જ પૈસા લીધા. ત્યાં જ ગ્રીન સિગ્નલ થયું મારા મનમાં પણ ગ્રીન સિગ્નલ લબુકઝબુક થવા લાગ્યું. એક પ્રમાણિક સરકારી અધિકારીને છેતરીને હું નિલય અને અસ્મિતા મેડમ બંનેમાંથી સાચું કોણ છે તે જાણવા નીકળી પડયો હતો જેનો મને કોઈ જ હક્ક નહોતો.

અચાનક મેં લાયસન્સ ક્વોટાનો ઓર્ડર કેન્સલ કરાવવાનું નક્કી કરી નાખ્યું. ડ્રાઇવરને યુ ટર્ન લેવાની સૂચના આપી.ડ્રાઇવરે જેટલી ઝડપથી કાર પાછી વાળી તેટલી જ ઝડપથી મેં પણ મારી જિંદગીનો પ્રામાણિકતા તરફનો "યુ ટર્ન" લઇ લીધો હતો !

જી/૨૨, સચિન ટાવર સેટેલાઈટ,
અમદાવાદ ૩૮૦૦૧૫.
મો.૯૯૨૫૬૬૫૬૦૫

આ નંબર અસ્તિત્વમાં નથી !

- સંજય થોરાત 'સ્વજન'

મંજીતાએ એનું વર્કઆઉટ પૂરું કર્યું. નેપ્કિનથી મોઢા પરનો પરસેવો લૂછ્યો. બેગમાંથી લીંબુ પાણીની બૉટલ કાઢી મોઢે માંડી. એટલામાં એનો મોબાઈલ વાગ્યો,'હમ જીયેંગે ઔર મરેંગે અય વતન તેરે લિએ...'

'હાય મોહિત, હજુ એકાદ કલાક લાગશે. જસ્ટ વર્કઆઉટ પત્યું. ઘરે જઈને ફ્રેશ થઈને પછી આવું છું.' મોહિતનો જવાબ સાંભળ્યા પહેલાં જ ફોન કટ કર્યો. એ શું કહેશે ? 'એમ જ આવી જા. કંઈ ચેન્જ કરવાની જરૂર નથી.' મંજીતાએ જિમના શૂઝ ચેન્જ કરી થેલામાં નાખ્યાં. જેકેટ પહેરીને થેલો ભરાવીને ચાલવા લાગી. ત્યાં ફરી મોબાઈલ રણક્યો. આ મોહિત છે ને ક્યારેક ખૂબ પઝેસિવ થાય છે. પાગલ છે મારા પ્રેમમાં...

'અરે ! આવું છું મોહિત, આટલી ઉતાવળ...'

'હું તારો મોહિત નથી. પણ છતાંય મારી વાત ધ્યાનથી સાંભળ.' એક ભારેખમ અવાજથી મંજીતાના શરીર પરનાં રૂંવાડાં ઊભાં થયાં. મંજીતાએ તરત ડિસ્પ્લે પર નજર નાખી. અનનોન નંબર હતો. એને આશ્ચર્ય થયું. કારણ આ એનો પર્સનલ નંબર હતો. બહુ અંગત લોકો પાસે હતો.

'સૉરી, કોણ બોલો છો ? અને આ નંબર તમને કોણે આપ્યો ?'

'આ ક્ષણે આ બધી વાત મહત્ત્વની નથી. મારું પણ મહત્ત્વ નથી. ફક્ત તમને આ સંદેશો આપવા મારી નિયુક્તિ થઈ છે. એ સંદેશો એવો છે કે - 'અત્યારે તમે જે મૉલના જિમમાં છો, ત્યાં થોડા સમયમાં જ બૉમ્બ બ્લાસ્ટ થવાનો છે. અત્યારે આ મૉલમાં લગભગ ૩૫૦૦ લોકો છે. સમય ઓછો છે. હરી અપ, સેવ ધેમ...' ફોન કટ થઈ ગયો.

મંજીતા થોડો સમય માટે સૂન્ન થઈ ગઈ. મૉલમાં બૉમ્બ બ્લાસ્ટ થશે ? એવું જ બોલ્યો ને ? બાપ રે ! એણે ઝડપથી એ નંબરને રિડાયલ કર્યો. બે રિંગ વાગી, ફોન કપાઈ ગયો. કોઈ રિસ્પોન્સ ન આવ્યો. એણે તરત જ મહેરા સાહેબને ફોન કર્યો.

'ઇન્સ્પેક્ટર મંજીતા હીયર, સર !'

'બોલ મંજીતા, શું કામ પડ્યું ?'

'સર, અનનોન કૉલ, સુપરવન મૉલમાં બૉમ્બ બ્લાસ્ટ થશે, એવો મેસેજ છે. શું કરું ?'

મહેરા સાહેબ વિચારમાં પડ્યા. ઊંડો શ્વાસ લઈ બોલ્યા,'ઇન્સ્પેક્ટર, તને તો ખબર જ છે કે પબ્લિક પ્લેસ પર આતંકવાદીઓનો ડોળો હોય છે. ડુ ધ નીડફુલ !' મહેરાએ ઓફિશિયલ અવાજમાં જવાબ આપીને ફોન કટ કર્યો.

છેવટે તો એ ડીએસપી ખરા ને ? નિર્ણય તમારો. પરિણામ તમે ભોગવો. ક્રેડિટ ફક્ત એમને આપો. આમાં નવાઈ શું ? દરેક મેનેજમેન્ટનો આ વણલખ્યો નિયમ હોય છે.

મંજીતા મનોમંથન કરતી હતી. 'ફોન ખરો હશે કે ફ્રોડ ? કોઈ મારી મશ્કરી તો નહીં કરતું હોય ને? આ ફોનને દુર્લક્ષ કરીને સીધી ઘરે જાઉં અને મોહિત સાથે એન્જોય કરું ? પણ હવે એ પણ શક્ય નથી. મહેરા સાહેબને ફોન કર્યો છે. ધમકી સાચી પડી તો ? સાડા ત્રણ હજાર લોકો માર્યા જશે. સિવાય બેજવાબદારીનો ઠપકો. એટલું જ શું કામ, આખી જિંદગી પોતાની જાતને હું માફ કરી શકીશ નહીં ! અને ધારો કે આ ધમકીને માનીને મૉલ ખાલી કરાવ્યો અને કશું જ બન્યું નહીં, તો ? લોકોની ગાળો ખાવાની. ઉપરીઓનું ફાયરિંગ અને મૂરખ બન્યાનો અનુભવ. આટલા દિવસની પ્રામાણિક નોકરી પર નિષ્ફળતાનું કલંક, શું કરવું ?

ધમકી સાચી પડે કે ખોટી, સાવધાની તો રાખવી જ જોઈએ. સાડા ત્રણ હજાર જિંદગીનો સવાલ છે. એટલે હવે મૉલ તો તાત્કાલિક ખાલી કરવો જ પડશે.' એણે નિર્ણય પાક્કો કર્યો.

★★★

મંજીતાએ બ્લુટૂથ ઓન કર્યું.

'હેલ્લો, કંટ્રોલ રૂમ ! ઇન્સ્પેક્ટર મંજીતા હીયર, ઈમર્જન્સી.'

'હું વાલેરા, ઇન-ચાર્જ ઓન ડ્યૂટી ! બોલો !'

'સુપરવન મૉલ બ્લાસ્ટ થવાનો છે. અનનોન નંબર પરથી મેસેજ આવ્યો છે.'

'એ ફોન નંબર મને અને સાયબર સેલને ફોરવર્ડ કરો, બાકી વ્યવસ્થા કરું છું.'

'હું એ નંબર મોકલું છું. લોકેશન ટ્રેસ કરો અને જણાવો.'

'ઓકે, એન્ટી ટેરરિસ્ટ સ્ક્વૉડને જણાવું ?'

થોડોક વિચાર કરીને મંજીતાએ હા પાડી. આમેય એમની જરૂર તો પડવાની જ હતી. મંજીતાએ જિમના મેનેજરને મૉલનો કંટ્રોલ રૂમ ક્યાં છે એ પૂછી લીધું. એ લિફ્ટ તરફ દોડી. લિફ્ટ નીચે આવતી હતી ત્યાં સુધી એણે શેફાલીને ફોન લગાડ્યો. શેફાલી એ મંજીતાની ઇન્ફોર્મર હતી. મૉલના સલૂનમાં કામ

કરતી હતી. સલૂનમાં મસાજના નામ હેઠળ સેક્સ રેકેટ ચાલતું હતું અને એનો પર્દાફાશ કરવા આ વ્યવસ્થા કરી હતી.

'શેફાલી, અત્યારે તારા સલૂનમાં કેટલા લોકો છે ?'

'દસની ટ્રીટમેન્ટ ચાલુ છે અને એટલા જ વેઈટિંગમાં.'

'અને તમે આર્ટિસ્ટ-આસિસ્ટન્ટ કેટલા ?'

'પંદર.'

'તમે ૩૫ જણા તરત જ શટર બંધ કરીને મૉલની બહાર નીકળો, પંદર મિનિટની અંદર.'

'પણ કેમ ?'

'આતંકવાદીઓના હિટ લિસ્ટમાં આ મૉલ છે. ગમે ત્યારે બૉમ્બ બ્લાસ્ટ થઈ શકે છે. કદાચ આ ક્ષણે પણ...'

'પણ...'

'૩૫ જણાની જવાબદારી તારી.' લિફ્ટમાં એન્ટ્રી લેતાં મંજીતાએ ફોન કટ કર્યો. પાંચમા માળે મૉલનો કંટ્રોલ રૂમ હતો. એ બૂલેટની રફ્તારથી રૂમમાં ઘૂસી ગઈ.

'એટેન્શન એવરીબડી, હું ઈન્સ્પેક્ટર મંજીતા. ઈમર્જન્સી છે. અહીં ઈન-ચાર્જ કોણ છે ?'

સાડા છ ફૂટનો કદાવર મિલિટ્રી ડ્રેસમાં સજ્જ વયસ્ક આગળ આવ્યો. ક્રિકેટના હેન્ડ ગ્લોવ્ઝ જેવો પંજો આગળ લંબાવતા બોલ્યો, 'રિટાયર્ડ કેપ્ટન ખન્ના, વોટ્સ ધ પ્રોબ્લેમ ?'

મંજીતાએ શેકહેન્ડ કરતા ટૂંકમાં બૉમ્બ બ્લાસ્ટની ધમકીની વાત કરી.

'સાલા પાગલ હૈ ક્યા ? ઐસે કૈસે બ્લાસ્ટ હોગા, સબ અફવાયેં હૈ. ઈસકે પહેલે ભી ચાર બાર ધમકી આ ચૂકી હૈ, કુછ નહીં હુઆ.'

'પર હમેં સાવધાની બરતની હોગી. ચાર બાર નહીં હુઆ ઈસકા મતલબ યે નહીં કી આજ ભી નહીં હોગા. ઐસા સોચના ગલત હૈ.'

કેપ્ટન ખન્નાએ શંકાસ્પદ નજરે મંજીતાને ઉપરથી નીચે સુધી નીરખી લીધી.

'આઈ કાર્ડ ?' એણે હાથ આગળ ધરતાં પૂછ્યું. મંજીતાએ પિત્તળનો બેઝ બતાવી દીધો, એણે એના પીએને ઈશારો કર્યો. એણે મંજીતાની ડિટેઈલ લેપટૉપમાં સેવ કરી અને મંજીતા અને બેઝનો ફોટો પાડી લીધો.

'થોડા રૂક' એણે કોઈકને ફોન લગાડ્યો. એની વાત લંબાતી હતી અને મંજીતાનો જીવ અદ્ધર થતો હતો. એટલામાં એનો મોબાઈલ વાગ્યો. મોહિત હતો, એણે કટ કર્યો.

'હાં, તો તેરા નામ ક્યા બતાયા ? મંજીતા, દેખ પગલી, અબ યે સારા મૉલ કા કંટ્રોલ તુજે દેને કો માલિક બોલા. ઔર ઉપર સે તુઝે કોપરેટ કરને કો ભી બોલા.'

'થેંક્સ. મૉલ કા ફ્લોર પ્લાન, સાયબર યુનિટ ઈન-ચાર્જ, ઈલેક્ટ્રિક ઈન-ચાર્જ, સિક્યોરિટી હેડ સબ કો આપ કી કેબિન મેં બુલા લો.' મંજીતાએ હવે બાજી પોતાના હાથમાં લીધી હતી. મંજીતાનો ફોન રણક્યો, પોલીસ કંટ્રોલ રૂમમાંથી ફોન હતો.

'હા, વાલેરા. ફોનનું લોકેશન ટ્રેસ થયું ?'

'મેમ, નંબર જ ટ્રેસ નથી થતો. પ્લીઝ નંબર ફરી મોકલો.'

મંજીતાએ નંબર ફોરવર્ડ કર્યો. કેપ્ટન ખન્નાની કેબિનમાં બધા આવી ગયા હતા.

'પહેલા ફ્લોર પ્લાન બતાવો.'

'મેડમ, મૉલ વર્ટિકલ બે ભાગમાં છે. એક તરફ મલ્ટીપ્લેક્સ, બીજી બાજુ ઓફિસ, શોપિંગ મૉલ્સ છે.'

'ઓકે, મલ્ટીપ્લેક્સ કેટલા છે ?'

'ચાર સ્ક્રીન છે, બધા જ ટૉપ ફ્લોર પર.'

'અત્યારે શૉ ચાલુ છે ?'

'ના, પણ કલાકમાં બધા જ સ્ક્રીન ચાલુ થશે.'

'આજના બધા જ શૉ કેન્સલ કરી દો.'

'પણ બુકિંગ...'

'ભાઈ, જિંદગી કરતાં શૉ મહત્ત્વનો છે ?' કડક અવાજ સાંભળતા જ એ શૉ કેન્સલ કરવા ભાગ્યો.

'સિક્યુરિટી, આ મૉલની દરેક વ્યક્તિને બહાર કાઢવાની છે. કોઈ દોડધામ ન પહોંચે, ભયના માહોલ વગર. પોલીસ ફોર્સ પહોંચશે ત્યારે પહોંચશે. હા તો આપણે કેવી રીતે કરી શકીએ ? એની સજેશન્સ ?' કોઈ કશું બોલ્યું નહીં એટલે મંજીતાએ જ સૂચનાઓ ચાલુ કરી.

'ઈલેક્ટ્રિક ઈન-ચાર્જ, શોર્ટ સર્કિટ કે બીજું કંઈ જોખમ દેખાય એનું ધ્યાન રાખજો. અને હા, ગ્રાઉન્ડ ફ્લોરથી ઉપર તરફ આવતા બધા એક્સેલેટર બંધ કરી દો. ફક્ત નીચે જતાં જ ચાલુ રાખો. હરી અપ...'

એટલામાં મંજીતાનો ફોન વાગ્યો.

'રાણી, આવી ગઈ ? અને તારી ટીમ ?'

'રિપોર્ટિંગ.'

'બહાર જ ઊભી રહેજે. મૉલનું એન્ટ્રન્સ સીલ કરી દે. એકપણ નવી વ્યક્તિ અંદર આવવી ન જોઈએ. મૉલના સિક્યુરિટી તારી ટીમની મદદમાં મોકલું જ છું.'

'પણ મેડમ, શું થયું છે ?'

'કહું છું એટલું કર ને.' મંજીતાનો અવાજ ઊંચકાયો, પણ પાછો તરત જ પોતાના ગુસ્સા પર કાબૂ કર્યો. એનું ટેન્શન ક્ષણે ક્ષણે વધતું જ હતું.

'સાયબર યુનિટ કોણ જુએ છે ?'

'હું નરેશ, મારી પાસે છે.' એક અસ્તવ્યસ્ત વાળવાળો, વધી ગયેલી દાઢી અને ફૂંક મારો તો ઊડી જાય એવો ખેંખલો યુવાન આવીને ઊભો રહ્યો.

'નરેશ, સીસીટીવી કેમેરા પરથી નજર હટવી ન જોઈએ. કંઈ પણ શંકાસ્પદ લાગે તો જણાવીશ અને તમે મૉલમાં મેસેજ કેવી રીતે આપો છો ?'

'મેમ, અહીં ઓડિયો-વીડિયો લોડ કરીએ એટલે તરત મૉલના દરેક ખૂણે મેસેજ પહોંચે.' એણે એક યુનિટ તરફ આંગળી બતાવતાં કહ્યું.

'તો પછી મને માઈક આપ અને મારો વીડિયો રેકોર્ડ કર.'

નરેશે મંજીતાને માઈક આપ્યું અને પોતાનો મોબાઈલ વીડિયો મોડ પર કરી રેકોર્ડિંગ શરૂ કર્યું.

'નમસ્કાર, હું ઈન્સ્પેક્ટર મંજીતા. કૃપા કરીને મારી વાત ધ્યાનથી સાંભળો. આજે આપણો આ મૉલ મોક ડ્રીલ માટે પસંદગી પામ્યો છે. આ મૉલને માત્ર દસ મિનિટમાં ખાલી કરવાનો છે, માત્ર દસ મિનિટમાં. કાલે ઊઠીને જો આતંકવાદી હુમલો થાય તો એ વખતે આપણને મુશ્કેલી ન પડે એ માટેની તાલીમ છે. કૃપા કરીને સહકાર આપશો. ધન્યવાદ ! નરેશે એ વીડિયોને એડિટ કરી, નામ સાથે ટેલિકાસ્ટ કરવાનું શરૂ કર્યું.'

'સર, હું રિપોર્ટર પોપટલાલ. સુપરવન મૉલમાં કંઈ ગરબડ છે.'

'પોપટલાલ, એટલે ખરેખર શું થયું છે ?'

'પોલીસે મૉલનો એન્ટ્રન્સ બંધ કર્યો છે.'

'પણ કેમ ?'

'ખબર નથી. નક્કી કંઈ મેજર પ્રોબ્લેમ લાગે છે. બાપ રે ! સર, કોઈ મૉલને ખાલી કરાવવા માટેની સૂચનાઓ આપી રહ્યું છે.'

...અને દસ જ મિનિટમાં ઊંધી છત્રી લગાડેલી ટીવી ચેનલની વાન 'લાઈવ ટેલિકાસ્ટ' માટે સ્ટુડિયો પરથી નીકળી પડી.

★★★

'મેમ, સર્કિટ પ્રોબ્લેમ નથી. ઉપર આવતા બધાં એસકેલેટર બંધ કર્યા છે. પણ લોકો લિફ્ટ અને પગથિયાંથી ઉપર આવી રહ્યા છે.'

'ડેમ ઇટ. આ કેમ મારા મગજમાં આવ્યું નહીં ?' એટલામાં મંજીતાની મદદ માટે પીએસઆઈ મોહન અને પરમાર જોડાયા હતા.

'મોહન, તમે પ્રત્યેક ફ્લોરની સીડી પાસે પોલીસ ઊભી કરો. કોઈ ઉપર ન આવવું જોઈએ. પરમાર તમે લિફ્ટ મોનિટર કરો. આપણે સૌને સુરક્ષિત બહાર કાઢવાના છે.'

મોહન અને પરમાર એમના કામે નીકળી ગયા. ત્યાં મંજીતાનો ફોન વાગી ઊઠ્યો.

'બોલ રાણી !'

'મેમ, પબ્લિક બહાર ધક્કામુક્કી કરે છે. પબ્લિક કંટ્રોલ બહાર જાય એમ છે. ન્યૂઝ ચેનલની વેન આવીને ઊભી છે. લોકો ભડકે એવા પ્રશ્નો તેઓ પૂછે છે. તકલીફ આવે ત્યારે ચારેબાજુથી આવે છે.'

'નરેશ, મારું ટેલિકાસ્ટ મૉલની બહારની બાજુ થાય, મોટા સ્ક્રીન પર એવું કર તો.' એ નરેશ તરફ વળતાં બોલી. અને મૉલ બહારના વિશાળ ડિસ્પ્લે સ્ક્રીન પર મંજીતા દેખાવા લાગી.

★★★

મંજીતાને સૂચના આપ્યા બાદ મહેરાએ પોતાના બધા ફોન અને લેન્ડલાઈન બંધ કરી દીધા હતા. આ પાગલ છોકરી ગમે તે નિર્ણય લેશે એવી એમને કલ્પના હતી. પેપર રિપોર્ટર, મંત્રી-સંત્રી, હોમ મિનિસ્ટર અને ઘાટ આવે તો મુખ્યમંત્રી પણ... બધા બાપ બનીને પૂછપરછ કરશે અને જવાબ માગીને હેરાન કરશે. પણ ફોન બંધ કરીને છૂટકારો ન થયો. ટીવી પર મૉલનું લાઈવ ટેલિકાસ્ટ શરૂ થયું હતું. આવનારા ૨૪ કલાક માટે ન્યૂઝ ચેનલને પૂરતો મસાલો મળી ગયો હતો.

★★★

સીડી, એસ્કેલેટર, લિફ્ટ ભરી ભરીને લોકો ગ્રાઉન્ડ ફ્લોર પર દોડતાં હતા. કંટ્રોલ રૂમમાંથી પ્રત્યેક શૉપને શટડાઉનનો મેસેજ જતો હતો. તો પણ ઘણા લોકો મૉલમાં હતા. તો બહાર રહેલા લોકો અંદર જવા માટે પ્રેશર વધારતાં હતાં અને સમય સટાસટ ચાલતો હતો...

આટલો મોટો મૉલ ખાલી કરાવવો એટલો સહેલો નથી એની ખાતરી હવે મંજીતાને થઈ ગઈ હતી.

'મેમ, ટૉપના ત્રણ ફ્લોર અને ફૂડ કૉર્ટ એકદમ ખાલી થઈ ગયાં છે.'

'ઓકે, ગૂડ. સૌનાં કિચન બંધ થયાં કે નહીં? ગેસ કનેક્શન ઓફ કરો.'

એટલામાં તો બહાર ફાયર બ્રિગેડની ગાડી, એમ્બ્યુલન્સ, પોલીસ ફોર્સ સાયરનો વગાડતી આવી પહોંચી હતી.

એન્ટી ટેરરિસ્ટ સ્કવૉડના મિલિટ્રી જવાન એમની ટ્રકમાંથી શિસ્તમાં ઊતર્યા. સાથે બૉમ્બ શોધવાનું ઈન્સ્ટ્રુમેન્ટ, ટ્રેઈન્ડ કૂતરા, ગેસ માસ્ક બધું આવ્યું. આવતાવેંત તેઓ એમના કામે લાગ્યા. અને જોતજોતામાં મૉલ ખાલી થઈ ગયો. મિલિટ્રીના જવાનના બૂટના અવાજની ઈફેક્ટના કારણે જ લોકો

ફટાફટ ભાગ્યા. વાતાવરણ એકદમ ગંભીર હતું. મૉલમાંથી સૌથી છેલ્લી નીકળનારી વ્યક્તિ હતી ઇન્સ્પેક્ટર મંજીતા અને એનો ફોન બજી ઊઠ્યો.

'હા, વાલેરા. બોલો !'

'મેં મોકલેલી પોલીસ-મિલિટ્રી ફોર્સ ત્યાં પહોંચી ગઈ હશે. બીજું મહત્ત્વનું એટલે પેલા અનનોન નંબર ફોનનું લોકેશન ટ્રેસ થયું છે.'

'ક્યાં છે?' મંજીતાએ ઉત્સુકતાથી પૂછ્યું.

'સુપરવન મૉલની આસપાસ જ છે.'

★★★

એન્ટી ટેરરિસ્ટ સ્ક્વૉડ ત્રણ કલાક સુધી મૉલના ખૂણે ખાંચરે ફરી વળી. એમને શંકા હતી કે પાર્કિંગ પ્લોટ, કિચન, બેઝમેન્ટ.... ક્યાંય કશુંય મળ્યું નહીં. ત્યાં ઊભેલા જ બધા જ જણા 'શું પાગલ છોકરી છે ?' એ નજરથી જોતા હતા.

'કહાં હૈ વો ઇન્સ્પેક્ટર ?' મિલિટ્રીનો પડછંદ અધિકારી ગરજ્યો.

'વો દેખો, કાર કી ડીકી ખોલ કે ઉસમેં બૈઠી હૈ. બિલકુલ પગલી હૈ.'

કેપ્ટન ખન્નાએ મંજીતા સામે ઇશારો કરતાં કહ્યું.

એવો જ એ અધિકારી ટાક ટાક ટાક કરતો મંજીતા તરફ ગયો. એ તરત ઊભી થઈ ગઈ, નતમસ્તકે ઊભી રહી.

'ક્યા નામ હૈ તુમ્હારા ?'

'ઇન્સ્પેક્ટર મંજીતા.'

'નજર મિલાકર જવાબ દો.' મંજીતાએ ડોક ઊંચી કરી એ કરડાકીભર્યા ચહેરા તરફ જોયું.

'મંજીતા, આપકો પતા હૈ, આપને ક્યા કિયા હૈ ?'

'જી. મૈનેં જો મુજે ઠીક લગા...'

'મંજીતા, આપને બિલકુલ સહી એક્શન લિયા હૈ. બડી ખૂબસૂરતી સે અપની ડ્યુટી નિભાઈ હૈ. અબ તો યહ અચ્છા હી હુઆ કી સબકુછ ઓકે નિકલા, કઈ જાનેં બચ ગઈ. વેલડન માય ચાઈલ્ડ.' એ ત્યાંથી નીકળી એની ટીમ સાથે જોડાઈ ગયો.

બધું જ બરાબર હતું. સ્ક્વૉડ લિડર, ત્યાં હાજર પોલીસ અધિકારી, મૉલના કેપ્ટન ખન્ના બધા જ કુંડાળું કરીને ઊભા હતા. સર્વાનુમતે નિર્ણય લેવાયો કે મૉલને કોઈ પ્રકારનો ખતરો નથી.

'તો સરજી, ક્યા મૉલ ફિરસે શુરૂ કિયા જાય?' કેપ્ટને ખોખરા અવાજમાં પૂછ્યું.

'યસ, યુ કેન ગો અહેડ.' ખુશ થયેલા કેપ્ટન ખન્નાએ મૉલની દિશામાં પગલું ઉપાડ્યું. ત્યાં તો પહેલા આંખો આંજી દેતો પ્રકાશ દેખાયો અને પછી પગ નીચેની જમીન ધ્રૂજી અને કાનના પડદા ફાડી નાખતો અવાજ આવ્યો. ધૂળ, ધુમાડો અને આગનો ગોળો આકાશમાં ભરાયો. અમારા સૌની આંખોની સામે મૉલની દીવાલો તૂટી પડી હતી. મૉલ બ્લાસ્ટ થયો હતો... ભયંકર બૉમ્બ બ્લાસ્ટ.

★★★

ધીમે ધીમે બધા જ ત્યાંથી નીકળી ગયા હતા. થોડી શાંતિ થઈ હતી. માત્ર એક જ વ્યક્તિ અત્યંત બિઝી હતી - મિ. મહેરા... એમણે કેવી રીતે સમયસર એક્શન લીધી, તત્પરતાથી કાર્યવાહી કરી અને સાડા ત્રણ હજાર લોકોના જીવ બચાવ્યા, એવું તેઓ ચેનલવાળાને કહી રહ્યા હતા. અને ત્યાં ભેગા થયેલા ચેનલવાળા એમનું લાઈવ ટેલિકાસ્ટ કરતા હતા.

મંજીતા આંખો ફાડીને મૉલ સામે જોઈ રહી હતી.

'મંજીતા, જઈશું હવે ?' મંજીતાએ એ અવાજ તરફ જોયું. મોહિત હાથમાં સેન્ડવિચનું પેકેટ લઈને ઊભો હતો.


'ભૂખ લાગી હશે ને ? ખાઈ લે. પછી નીકળીએ'. મંજીતાનો હાથ પકડીને મોહિત કાર તરફ ચાલવા લાગ્યો. મંજીતાનો ફોન રણક્યો, 'અય વતન તેરે લીએ...' એ જ અનનોન નંબર હતો.


'સાડા ત્રણ હજાર લોકોના જીવ બચાવવા બદલ આપનો આભાર...'


'કોણ બોલો છો ?' એવું સાંભળવા એ રોકાયો નહોતો, ફોન કટ થઈ ગયો હતો. મંજીતાએ એ અનનોન નંબર રિડાયલ કર્યો.

'તમે સંપર્ક કરવા ઇચ્છો છો એ નંબર અસ્તિત્વમાં નથી. કૃપયા નંબર પુનઃ તપાસી જુઓ...' મંજીતા ચકિત થઈને એ નંબરને જોઈ જ રહી.

પ્લોટ નં. ૬૩૫/૨, સેક્ટર-૮ બી,
ગાંધીનગર-૩૮૨૦૦૮. મ
ો. ૯૪૨૬૮૮૦૪૦૦







શેષ પરિચય

- ગિરીશ ભટ્ટ

દસ વર્ષની પુત્રી કહી રહી હતી : મમ્મી, મારે તો સો રૂપિયા ફાળામાં આપવા છે. આજે જ લઈ જવાની છું. સર માટે આટલું તો કરવું પડે. કેવા છે, સર ? મમ્મી... વિશાલ સર ! પુત્રીના સ્વરમાં સર પ્રતિનો અહોભાવ હતો. તે બરાબર વ્યકત પણ કરી શકતી નહોતી.

આંખો છલકાઈ હતી.

વાસન્તી કહેતી હતી : દસ જ હોય. બધાં સ્ટુડન્ટસ દશ જ આપવાના છે, ને ? ચાલ - વીસ આપજે.

ને તે રડી પડી હતી : મમ્મી, સરને કેન્સરનું ઓપરેશન કરવાનું છે. વિદુલા મેડમ કેટલાં ઉદાસ થઈ ગયાં છે ? સર તો હોસ્પિટલમાં છે. પરમ દિવસે ઓપરેશન છે. મેં ભગવાનને પ્રાર્થના કરી કે વિશાલ સરને ...!

મમ્મી - કેટલા ભલા છે સર. પ્રેમથી શીખવે. રીત જ અલગ ક્યારેક અમને પ્રશ્નો પૂછવા તૈયાર કરે : ગમે તે પૂછો. આપણે સાથે મળીને ઉત્તર મેળવીશું. મમ્મી.... એવા સરને કેન્સર ...!

સૌમ્યા કેન્સરનો અર્થ સમજતી હતીઃ ઓહ ! કેવો ભયાનક રોગ...!

સર્વોદય છાત્રા વિદ્યાલયની દરેક છાત્રા સમજતી હતી. શાળામાં એ જ ચર્ચા થતી હતી. છાત્રાઓ, શિક્ષકો, મુલાકાતીઓ એ જ માહોલમાંથી ગુજરતાં હતાં.

પ્રભુ... પ્રાર્થના જરૂર સાંભળતા હોય છે. જેનો જન્મ તેનું મૃત્યુ. બધું ઋણાનુબંધ છે. વિશાલ સરે કોનું બગાડ્યું છે ? કશું નહીં થાય આવી વાતો થતી હતી.

કેવી છે વિદુલાની સ્થિતિ ? આચાર્ય ભલા છે. તરત - ફાળાની વ્યવસ્થા કરી. અરે... એ લોકો તો હજાર હજાર આપવાના છે. વિદુલા એ તેનાં ઓર્નામેન્ટસ...!

વાત પરાશર પાસે આવી હતી : ડેડ... વિશાલ સર... ને કેન્સર....!

પરાશર પાસે ઝાઝો સમય ન હતો. તેણે પાંચસોની નોટ આપતાં કહ્યું હતું : ઓહ, તારા સરને કેન્સરનું ઓપરેશન કરવાનું છે ! લે... આ તારો ફાળો, આપી દેજે.

સૌમ્યા રાજી રાજી થઈ ગઈ હતી પાંચસો રૂપિયા ? ડેડ... થેન્ક્યુ !

શી ખોટ હતી પરાશરને ? વૈભવી ફ્લેટ હતો થ્રી બેડરૂમ વાળો. વેલ ફર્નિશ્ડ : જાજમ... પરદા, સોફા, વોર્ડરોબ અને... કેટલુંય ! બે ગાડીઓ વાસન્તી પણ ડ્રાઈવિંગ શીખતી હતી. તેને હોંશ હતી કે ગાડી ચલાવતી કિટી પાર્ટીમાં, સ્વિમિંગ પુલમાં, સખી કલબમાં જાય, છટાથી ગાડી પાર્ક કરે.

એ પહેલાં ફ્લેટ જ હતો પણ સાંકડો, ઉજાશ વિનાનો વિસ્તાર પણ દૂરનો, વાસન્તી ખુશ હતી. મહેમાનોને ઉત્સાહથી ફ્લેટ દેખાડ્યા કરતી : છે ને સરસ ! એક બેડરૂમ અમારો ને બીજો ગેસ્ટ રૂમ.

એ પહેલા ક્યાં રહેતાં હતાં ? સાંકડી શેરીનું નીચા ઉંબરાવાળું મકાન : નાનું ફળિયું, ઓસરી રૂમ ને છેલ્લે ઓરડો - ખંચાળી વાળો. બાપીકું મકાન. ઓસરીની ભીંત પર હાર બંધ ફોટાઓ - પૂર્વજોના, ઈશ્વરના. ઉપરની મેડી, રવેશ, દાદર.

મેડીમાંથી આકાશ દર્શન થાય. ચોમાસામાં વરસાદનું પાણી ધકેલાતું ઘરમાં આવે.

વાસંતીને એ ઘર પણ ગમ્યું હતું. સૌમ્યાનો જન્મ આ ઘરમાં.



વાસન્તી વિચારતી હતી કે જો પુત્ર જન્મ થાય તો... મેડી એ લોકોની : પુત્ર અને તેની વહુ ને સૌમ્યા જન્મી હતી. મન જરા કચવાયું હતું. પણ પછી એટલાં પરિવર્તનો આવ્યાં કે તે જ કહેતી હતી : સૌમ્યા આવ્યા પછી આ બધું થયું. છોકરી ભાગ્યશાળી. સારાં પગલાંની. લક્ષ્મી, લક્ષ્મી ખેંચી લાવી.

તે કહેતી : પરાશર - જૂના મકાનવાળી ગલીમાં પગ પણ નથી મૂક્યો. તમે ગયા છો ?

પરાશર... મોટા બિઝનેસ હાઉસના માલિક બની ગયા હતા. તેમણે પણ જૂની-ઓટો સ્પેરપાર્ટ્સની દુકાન ભણી જોયું પણ નહોતું.

પરાશરે કેટલીય જૂની ચીજો કાઢી નાખી હતી. જૂની યાદો પણ. નફરત જાગી હતી અતીત પર. જૂની ખાટ, પલંગ, ફોટાઓ....બધું જ... !

તેણે એ સ્ત્રીને... સ્મૃતિમાંથી દૂર કરવા પ્રયત્નો કર્યા હતા.

બે વર્ષથી તેના પ્રેમમાં હતી. પ્રથમ ઓળખાણ ને પછી પરિચય.

તેનું ચોપડે મરામત કરાવવા માટે આવી હતી. ડ્રેસમાં હતી. સાદી હતી. વયનો અડસટો પણ તે કરી શક્યો હતો : હશે બાવીશ ત્રેવીસની. જોબ કરતી હતી ક્લાર્કની, કોઈ સ્કૂલમાં. શિક્ષકોના હાજરી પત્રક, પગાર પત્રક કરે, છાત્રાઓના પત્રકો, સરકારી પરિપત્રો..., ફીના હિસાબો. ખૂબ બોજો હતો પણ હસતી હસતી કામો આટોપતી હતી.



ઘરે... મા હતી ને ભાઈ ભાભી બીજા શહેરમાં. કોઈ ધ્યાન દોરતું : તારે પરણવું નથી ? બસ આમ જ ... ?

ને તે ચોંકી ઊઠતી : હા... એ તો બાકી જ છે ! પછી માનું કોણ ?

અને તેજ વિચારતીઃ ભાઈ છે ને ! મા કદાચ તેને સંભાળવા માટે જ... ત્યાં નહીં જતી હોય !

(૨)

અને તે... પરાશરના પ્રેમમાં પડી હતી. મુવીમાં આવે છે એવી જ રીતે. શું પ્રેમમાં પડવાની બીજી રીતો પણ હશે ?

તેઓએ શનિવારની સાંજે હેવમોરની ખૂણાની બેઠક પર બેસીને અલગ અલગ ફ્લેવરના આઈસ્ક્રીમ આસ્વાદ્યા હતા.

વિદુલાએ કહ્યું હતું કે, તેને આઈસ્ક્રીમ પ્રિય હતો. સાથે કેટલી વાતો થતી - બંનેના પરિવાર, જોબ, શોખ, શું ગમે - શું ના ગમે, આવક, પગાર...!

વિદુલા જૂના ઘરે પણ આવી હતી. આસપાસ બારીઓ કુતૂહલવશ ખુલ્લી હતી : કોઈ સ્ત્રી છે સાથે ઠીક લાગે છે. ઘર સંભાળી લેશે. ઝાઝી ટાપટીપ નથી કરી. બસ... પાવડર જ. પગમાં ચંપલ પણ એય સાદા. અન્નપૂર્ણાને ચૂલો જશે. મેડીમાં જ સૂશે ને ?

કેટલાંક વાક્યો તો વિદુલાને કાને પડ્યાં હતાં. તે મલકી હતી. માની ચરણરજ પણ લીધી હતી.

સુખી થા. શું નામ તારું ? મારા પરાશરને સાચવજે. હું તો કેટલા દિવસ ? - એવા આશીર્વાદ પણ મેળવ્યા. મા સાથે વાતો કરી, રસોડું શોધીને ચા બનાવી. વાસણ પણ વીછળી નાખ્યાં. માને સુખ મળી ગયું હતું.

મેડી બતાવતાં બતાવતાં પરાશરે તેને હૈયા સરસી લીધી હતી.

વિજાતીય સ્પર્શનું નવું પ્રકરણ શરૂ થયું હતું. વિદુલાએ કહ્યું : ચાલ... અબઘડી પરણી લઈએ. કોર્ટ મેરેજ કરી લઈએ.

પરાશરે કહ્યું : થોડા સમય પછી. નવો ધંધો, નવું ઘર... બધું તેના મનમાં હતું.

વિદુલાએ કહ્યું : મારો પગાર પણ આવશે ને ?

પછી... નવા વિષયો ઉમેરાતા રહ્યા - શનિવારના મિલનમાં.

'કેટલી રૂપાળી છે તું ? શું થયું નવા ધંધાનું ?' આવવું નથી મારા ઘરે ? શું બનાવું ભોજનમાં ? વેડમી.. બનાવીશ. માસ્ટરી છે તમારી વિદુની. ફેરવોને વરસાદમાં સ્કૂટર પર બેસાડીને. આપણે મેડીના રવેશમાં પલળશું. છોને જોતાં એ લોક બારીઓ ખોલીને. એ લોકને તેમનાં આવાં કામો નહીં હોય ? પરાશર.. ચાલો... પરણી લઈએ. પછી તો પુરુષ પણ તૈયાર થયો હતો. ચાલ.. પરણી લઈએ.

બીજા શનિવારે વિદુલા આવી નહોતી. લેન્ડ લાઈન ફોન કર્યો હતો દુકાનમાંથી. કોઈએ ઉપાડ્યો નહોતો. ઘરેથી કર્યો પણ નો રિપ્લાય ! માંદી પડી હશે ? વરસાદમાં ભીંજાઈ હશે ! પણ ફોન... ? એ પછીના શનિવારે હસ્તલિખિત ચિઠ્ઠી મોકલી હતી : નહીં આવી શકું. માફ કરજો પરાશર. મારા ભાગ્યમાં તમારું સુખ નહીં જ લખ્યું હોય, ભૂલી જાજો.

પરાશર બે વાર વાંચી ગયો એ ચિઠ્ઠી. આઘાત લાગ્યો. શું થયું અચાનક ? અક્ષરો વિદુલાના હતા. સ્પષ્ટ હતું. તે તેના જીવનમાંથી નીકળી ગઈ હતી. શા માટે ? કોઈ બીજો પુરુષ મળી ગયો હશે ? તેનાથી પૈસાદાર, સાધનસંપન્ન ? તેનો કિલ્લો જમીનદોસ્ત થઈ ચૂક્યો હતો.

તેની સ્કૂલમાં તપાસ કરાવી તો તે રજા પર હતી અને ઘર જોયું નહોતું.

શું કહેશે માતાને ? અને બારીઓ ખોલીને અવલોકન કરતી સ્ત્રીઓ શું વિચારશે ?

થયું કે તે છેતરાયો, ના ઓળખી શક્યો એ સ્ત્રીને. મૂરખ બન્યો.

વળી થતું : તે તો લગ્ન માટે તૈયાર હતી. તે જ વિલંબ કરતો હતો. તેની પહેલાં હેવમોરમાં આવી જતી હતી.

શંકા જાગતીઃ પોતે મૂરખ હતો કે, વિદુલા વધુ હોશિયાર હતી ? કદાચ - બીજા પુરુષને પરણી ગઈ હશે, ગોવા કે આબુમાં મહાલતી હશે. તેને તેની ગરીબી નડી.

બસ... ધનવાન બનું એ જ ઉપાય. અનેક વિદુલાઓ આવશે.

અને બન્યો પણ. બાર વર્ષમાં ક્યાંથી ક્યાં પહોંચી ગયો.

ના જોઈએ જૂનું કશું : ખાટ, ફોટાઓ - વિદુલાની સ્મૃતિઓ પણ.

વાસન્તી મળી, સૌમ્યા પ્રાપ્ત થઈ અને અનેક ઐશ્વર્યો.

(૩)

પણ પરાશરમાં હજી જૂનો પરાશર બચ્યો હતો. સૌમ્યાના પ્રિય સરને કેન્સર થયું હતું. બે દિવસ પછી ઓપરેશન પણ હતું. શહેરના ખૂબ જાણીતા અથર્વ કિલનિકમાં ડૉક્ટર ચોક્સી ઓળખતા હતા. સાથે કલબમાં મળતા હતા. અવાર-નવાર. મેડિકલ સાયન્સ, લેટેસ્ટ શોધો, તેમના ચિત્ર વિચિત્ર દરદીઓ વિશે રસમય ચર્ચાઓ થતી હતી.

- સ્કૂલના આચાર્ય સાથે વિશાલ સર વિશે... પ્રાસ્તાવિક વાતો કરી હતી.

સૌમ્યા.. ને પણ સાંભળી હતી.

ને થયું કે કશું કરે, એ ભલા શિક્ષક માટે. ફોન કર્યા ચોક્સીને : કેટલું બિલ થશે એ સરનું ? મારી સૌમ્યાના સર છે. મારે તેને હસતી કરવી છે. ચોક્સી સર, તમારું બિલ મને મોકલી આપજો. મારે દીકરીને ખુશ કરવી છે.

પછી ચોક્સીએ... કહ્યું : પરાશર ભાઈ... અમે પણ ઓછું બિલ બનાવવાના છીએ. આભાર... તેમણે ઉમેર્યું હતું : આપણે શેર કરશું. યુ નો, મારા ફાધર ટિચર હતા. અમે.. કોઈ કસર નહીં છોડીએ. નો સ્ટોન વિલ લેફ્ટ અનટર્ન્ડ બાકી... નસીબ. તેના પતિના ભાગ્ય પણ હશે.



સૌમ્યાએ આ વાત પ્રસારી હતી : સ્કૂલમાં, સખીઓને, આચાર્યને અરે, વિદુલા મેમને. વિદુલા મેમે પૃચ્છા કરી હતી : શું નામ તારા ડેડનું ? અને તારા મમ્મીનું ?

હજી ક્લિનિકમાં રહેવાનું હતું.

તેણે ચોક્સી સરને આજીજી કરી હતી : સર, આ બિલ તે ચૂકવશે.

તેણે તેનાં ઘરેણાંની પેટી અલગ જ રાખી હતી.

(૪)

છેક વીસમે દિવસે.. વિદુલાએ સ્કૂલના આચાર્યને વિનંતી કરી : સાહેબ - મારે પેલા દાતાનો આભાર માનવો છે. ફોન પર બોલાવોને. ફોન જોડાય. સવિનય કહેવાયું : પરાશર સર, વિશાળભાઈના પત્ની વિદુલાબેન... આપનો આભાર માનવા ઈચ્છે છે. તેમની લાગણી વ્યકત કરવા ઈચ્છે છે આપ...

પરાશર ચોંક્યા વિદુલા... ? વિશાલભાઈનાં પત્ની ? ઓહ ! ક્યાં જાણ હતી આ સંબંધની ? તો શું વિદુલા.. આ વ્યક્તિને પરણી હતી, તેને તરછોડીને ? આવી નિર્માલ્ય વ્યક્તિને ? રોષ, તિરસ્કાર છવાઈ ગયા મસ્તિષ્કમાં, ઓહ, આ વ્યક્તિને સહાય કરી ? ભૂલ કરી નાખી. કશી તપાસ પણ ના કરી.

એક પળમાં અનેક દશ્યો પણ થઈ ગયાં. પછી પુત્રી યાદ આવી. સૌમ્યા ખાતર આ કર્યું હતું. પુત્રીના માનીતા વિશાલ સર માટે. એ જ સત્ય હતું.

તો શું વિદુલા સાથે વાત ના કરવી ? પેલા માસ્તર... સામે છેડે છે, પ્રતીક્ષા કરે છે. વિદુલા પણ ત્યાં ઊભી હશે. શું કહેવું હશે ? આભાર જેવું, બે આંસુ સારશે ભૂલ, બદલ માફી માગશે. બીજું શું કહેવાનું હોય ? નાટક કરી લઉં. કહી દઈશ કે આ બધું સૌમ્યાના સર માટે અન્ય કોઈ માટે નહીં.

તેણે... કહ્યું : તેમને આપો, સાહેબ.

બે પળ પછી વિદુલાનો સ્વર સંભાળાવો : સર, આભાર. વિશાલ ટિચરને તમે સમયસર સહાય કરી.

સામેથી ઉપાલંભભર્યું હાસ્ય સંભળાયું. તે આગળ બોલીઃ હવેની વાત પરાશર માટે.. સત્ય જાણવું છે તમારે ?

તેણે અટક્યા વિના, ભાવુક બન્યા વિના તેના પર થયેલા બળાત્કારની વાત કહી. પરાશર, નજીકનો પુરુષ. આખી રાત રડી. મા પણ સાથે હતી.

મારું સ્વપ્ન ભાંગીને ભૂકો થઈ ગયું. પછી તો ખંડિત હતી. તારે લાયક ક્યાં હતી ? કેટલી પીડા થઈ, શારીરિક ને માનસિક ? તને... ચિઠ્ઠી લખી નાખી.

વિશાલ સરને મન હું પુત્રીવત હતી. પરાશર... મને ગર્ભ રહ્યો હતો. વિશાલ સરે બ્રાહ્ય રૂપે મને પત્ની બનાવી. દેવદૂત છે, વિશાલ સર.

કેટલાકને ગમ્યું, કેટલાકને ના ગમ્યું પણ તેમણે હિંમત આપી. છઠ્ઠે મહિને ગર્ભનું પતન થયું. સર સાથે જ રહ્યા.

પરાશર... સાંભળો છો ને ? શું તમે મને આ સ્થિતિમાં સ્વીકારત ?


'ઓહ !' પરાશરે ઉચ્ચાર્યું.

'ટેલ મી, ફ્રેંકલી - તું એવી વિદુલાને શું સ્વીકારત ?' વિદુલાનો સ્વર દઢ હતો.

પરાશરને શેષ પરિચય મળી ગયો.

વિદુલાનો અને જાતનો.

પ્રશાંત નિલયમ, માધવનગર,
સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
મો. ૯૭૨૬૦૭૨૩૨૩



અધિકારપત્ર

- પ્રવીણ ગઢવી

રાજસભામાં મહાઅમાત્ય ઉદયન, અમાત્યો સોમ, મુંજાલ, દાદાદ, અંબાપ્રસાદ, આલિગ, આશુક ઈત્યાદિ આવી ગયા હતા. થોડીવારે મંત્રીવર સાંતૂ અને સંપત્કર, સેનાધ્યક્ષ કૃષ્ણદેવ પણ આવી ગયા. સિદ્ધરાજ જયસિંહ મહારાજને પ્રિય પ્રજ્ઞાચક્ષુ કવિ શ્રીપાલ અને કવિ વાગ્ભટ વાતે વળગ્યા હતા.

મહાસ્થપતિ ગંગાધર અને સહાયક સ્થપતિ પદ્મસેનને મહાઅમાત્ય ઉદયને વિશેષ ઉપસ્થિત રહેવા કહ્યું હતું, એટલે તેઓ પણ આવ્યા હતા.

ત્યાં છડી પોકારાઈઃ પરમભટ્ટારક, ત્રૈલોકયગંડ, અવંતીનાથ, બર્બરક જિષ્ણુ, સિદ્ધ ચક્રવર્તી મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહનું સ્વાગત હો...'

સભામાં ઉપસ્થિત સૌ ઊભા થઈ ગયા અને નત મસ્તક કરી મહારાજાને માન આપ્યું.

મહારાજા સિંહાસને બેઠા. પછી સૌએ પોતપોતાનાં સ્થાન સંભાળ્યાં.

'સર્વ સભાસદોને નમસ્કાર !' મહારાજ ગળું ખંખારી બોલ્યા. 'કેમ છો કવિ શ્રીપાલ ?'

સૌએ એક બીજા તરફ સૂચક દૃષ્ટિથી જોયું. મહારાજને રાણીઓ પછી સૌથી પ્રિય કવિઓ હતા !

'કુશલ મંગલ, મહારાજ !' શ્રીપાલે સસ્મિત કહ્યું.

'વાગ્ભટ ઉપસ્થિત છે ?' મહારાજને બીજા કવિ વાગ્ભટનું સ્મરણ થયું.

'પ્રણામ, મહારાજ !' વાગ્ભટ ઊભા થયા.

'કંઈ નવું લાવ્યા છો ?'

'હા, જી, મહારાજ સાંભળો.'

'અનુમતિ' સિદ્ધરાજ જયસિંહે ડોકું હલાવ્યું.

'દુસ્સિક્ખિઅ - રઅણ - પરિક્ખએહિ,
ધટ્ઠો સિ પત્થરે તાવ.
જા તિલમેત્ત વટ્ટસિ,
મરગઅ કાતુજઝ મુલ્લ - કહા.'

(અર્ધદગ્ધ રત્નપારખુઓએ કસોટીના પથ્થર પર તને એટલો ઘસ્યો છે કે તું તલ જેવડો બની ગયો છે. રે મરકતમણિ ! અહીં તારું મૂલ્ય અંકાવાની તો વાત જ શી ?)

'સાધુ ! સાધુ !!' સભા પોકારી ઊઠી, સિદ્ધરાજ જયસિંહે પણ તાળીઓ પાડી.

'કવિ, મહારાજા સિદ્ધચક્રવર્તીના રાજમાં, સભામાં આપના જેવા કવિઓ અને સ્થપતિઓ ગંગાધર, પદ્મસેનની યોગ્ય કદર થાય છે જ. 'મહાઅમાત્ય ઉદયન બોલ્યા. સભામાં ઉપસ્થિત સૌએ હોંકારો ભણ્યો.

'કવિ શ્રીપાલ, તમે કંઈ લાવ્યો છો ?'

'જી, મહારાજા, સાંભળો. 'શ્રીપાલ ઊભા થયા.

'ધરણું કહ તીરઈ હઅ -દિટ્ઠી ણિય
વલ્લહેસુ ણિપંડતી,
ગાઈ વ્વ હારહાઈ સરસે
જવ-વલ્લરે લુધ્ધા.'

(લીલાંછમ જવનાં ખેતર જોઈ ધસમસતી કો' ગાયની જેમ પ્રીતમ પ્રતિ દોડી જતી આ બળી દૃષ્ટિ કેમ કરી રોકું ?)

'સાધુ ! સાધુ !!' સભા ફરી પોકારી ઊઠી.

'કવિ, મને અહીં એક સુધારો સૂઝે છે.' સિદ્ધરાજ જયસિંહે હસતાં હસતાં કહ્યું, 'ગાયને બદલે વૃષભ રાખો તો કેવું ?'

સભા ખડખડાટ હસી પડી.

'મહારાજનું કહેવું બરાબર છે. આખલા જ લીલાં ખેતરો ચરી જવા ધસી જાય છે !' સેનાધ્યક્ષ કૃષ્ણદેવ બોલ્યા.

'મહારાજની લીલીછમ ગુર્જરભૂમિને ચરી જવા આસપાસ કોઈ આખલા તો થનગની રહ્યા નથી ને ?' અમાત્ય મુંજાલે પૂછયું.

ફરી સભા હસી પડી.

'ના, અમાત્ય મહોદય' કૃષ્ણદેવ બોલ્યા 'મહારાજાધિરાજે માલવા, સોરઠ, શાકંભરી, બર્બરક, મહોબક (બુંદલખંડ), લાટ એમ ચતુર્દિશના સર્વ આખલાઓને નાથ્યા છે.'

સિદ્ધરાજ જયસિંહ મરક મરક હસી રહ્યા, પછી બોલ્યા, 'કાવ્યવિનોદ ઘણો થયો. હવે આજની સભાનો પ્રસ્તાવ શું છે, તે કહો, મહાઅમાત્ય !'

'જી મહારાજ, મહાસ્થપતિ ગંગાધર આજનો પ્રસ્તાવ લાવ્યા છે. તેમને હું અનુરોધ કરું કે તેઓ પ્રસ્તાવ મહારાજાધિરાજ સમક્ષ મૂકે.'

પ્રપિતામહ મૂલરાજના સમયથી અપૂર્ણ રહેલા રુદ્ર મહાલયનું કાર્ય ગંગાધર અને પદ્મસેને પૂર્ણ કર્યું હતું, તેથી મહારાજ સિદ્ધરાજ જયસિંહ બંને ઉપર અતિ પ્રસન્ન હતા.

'કહો, ગંગાધરજી !' સિદ્ધરાજ જયસિંહે અનુમતિ આપી.

'મહારાજ, આપ જાણો છો કે છેલ્લાં બે વર્ષથી વર્ષા થઈ નથી. પાટણના વાપિ-કૂપમાં પાણી ખૂટી ગયાં છે. પ્રજા પાણીના અભાવે ત્રાહિમામ્ છે.'

''રાજ્ઞી ઉદયમતી વાપિમાં તો પાણી છે ને ?' સિદ્ધરાજે પૂછયું.

'હા, પરંતુ તે પાણીનો ઉપયોગ કેવળ રાજદુર્ગ માટે જ થાય છે.'

'ગંગાધરજી, આપની વાત સાથે હું સંમત છું.'

'અને મહારાજ, સોરઠ-માળવા- શાકંભરીના વિજય પછી પાટણની સમૃદ્ધિ અને વિસ્તાર બંને વધ્યાં છે, તેથી પણ પાણીની તંગી ઉદ્‌ભવે છે.' મહાઅમાત્ય ઉદયને ઉમેર્યું. 'દુર્ગમાં વસતી પ્રજા ફક્ત દામોદર કૂપનું જળ મેળવે છે, જ્યારે દુર્ગબહાર વસતા શૂદ્રો આદિ સરસ્વતીમાં વીરડા ગાળી પાણી પીએ છે.

'આપ શું પ્રસ્તાવ લાવ્યા છો, તે કહો.' સિદ્ધરાજ હવે આતુર થયા હતા.

'મહારાજ, આપના પ્રપિતામહ દુર્લભરાજે બંધાવેલું દુર્લભ સરોવર હવે પંકને કારણે છિછરું થઈ ગયું છે. તેમાં વર્ષોના જળનો સંગ્રહ ઘણો ઓછો થાય છે, તો તેને ઊંડું કરાવીએ.' ગંગાધર અટકયા.

'આપની વાત યથાયોગ્ય છે. સારા કામમાં વિલંબ શાનો ? મહાઅમાત્ય, કોષાધ્યક્ષને સૂચના આપો.' સિદ્ધરાજ બોલ્યા.

'મહારાજ, એકલું ઊંડું કરવું પૂરતું નથી. પરંતુ વિશેષ કાર્ય જરૂરી છે. સહાયક સ્થપતિ પદ્મસેન, તમે જ મહારાજાને સમજાવો.'

'મહારાજ,' પદ્મસેને શિર ઝૂકાવી નમસ્કાર કર્યા. 'સરસ્વતી નદી આપણી બાજુમાંથી જ વહે છે. વર્ષાકાળમાં એમાં પૂર આવે છે અને જળ વહી જાય છે. પછી એમાં સાધારણ પ્રવાહ રહે છે અને ગ્રીષ્મમાં ક્ષીણ થઈ જાય છે.'

'પતિવિરહમાં પ્રોષિતભર્તૃકાની કટિ ક્ષીણ થઈ જાય એમ' કવિ શ્રીપાલ વચ્ચે કાવ્ય બોલ્યા.

સિદ્ધરાજ અને સભા મરક મરક થઈ રહ્યાં.

'કવિ, આ કાવ્યોનો નહીં, કામનો સમય છે.' મહાઅમાત્ય ઉદયને કવિને ટોકયા.

'તો શું કરવું ?' સિદ્ધરાજે પૂછયું.

'મહારાજ, સરસ્વતી નદી પર એક સેતુ બાંધી જળનો સંગ્રહ કરીએ, એ સંગ્રહમાંથી કુલ્યા (નહેર) કાઢી તેને દુર્લભ સરોવરમાં લાવીએ તો વર્ષાકાળમાં જ દુર્લભ સરોવર પરિપૂર્ણ થઈ જાય, તેને કારણે વાપિ - કૂપમાં જળસ્રાવ થાય અને પાટણની પ્રજાની જળ સમસ્યાનો હંમેશ માટે ઉકેલ આવે.'

'ધન્યવાદ પદ્મસેન, અતિ સુંદર વિચાર અને યોજના.' સિદ્ધરાજે પ્રસન્ન થઈ તાળીઓ પાડી. પછી મહાઅમાત્ય પ્રતિ જોઈ બોલ્યા, 'મહાઅમાત્ય કેટલી ધનરાશિ જોઈશે ? અને કેટલી ઉપલબ્ધ છે ?'

'મહારાજ, ગંગાધરજી અને પદ્મસેનને જ પૂછીએ.'

'મહારાજ સેતુના દશ લક્ષ, કુલ્યાના ત્રણ લક્ષ અને દુર્લભ સરોવર ગાળવાના પાંચ લક્ષ, ઘાટ બાંધકામના ત્રણ લક્ષ એમ કુલ એકવીસ લક્ષ રૂપક વ્યય સંભવ છે.' પદ્મસેને દિનપત્રિકા વાંચી વિગતો આપી.

'અનુમતિ આપીએ, મહાઅમાત્ય ?' સિદ્ધરાજે પૂછયું.

'અવશ્ય. યોજના ઉત્તમ છે.' મહાઅમાત્યે ડોકું હલાવ્યું.

'કોષાધ્યક્ષ, વિત્ત વ્યવસ્થા કરો.'

'મહોબકે (બુંદેલખંડ)ની ખંડણીના છન્નું કોટિ દમ્મ હમણાં જ મળ્યા છે, મહારાજ ! જલતંગી છે, પરંતુ વિત્તતંગી નથી !'

કોષાધ્યક્ષ સોમે માહિતી આપી અને સાથે સાથે મહારાજની બાહુ શકિતની પ્રશંસા પણ કરી.

સભાએ હર્ષોલ્લાસ કર્યો.

'મહારાજ, હું દોઢ ડહાપણ કરું ?' કવિ શ્રીપાલ ઊભા થયા.

'બોલો, બોલો કવિ, શું કહેવું છે ?' સિદ્ધરાજ કવિ શ્રીપાલને કદી રોકતા નહીં કે ટોકતા નહીં.

'સરોવર ફરતે સહસ્રઅષ્ટ શિવલિંગો મૂકીએ અને સરોવરનું નામાભિધાન સહસ્રલિંગ સરોવર કરીએ.'

'સાધુ ! સાધુ !!' સિદ્ધરાજ પ્રસન્ન થઈ ગયા.

'કવિ એક વચન આપો કે આપે સહસ્રલિંગ સરોવરનું પ્રશસ્તિ કાવ્ય રચવું પડશે.' સિદ્ધરાજે ઊભા થતાં કહ્યું.

'આપની આજ્ઞા શિરોધાર્ય મહારાજ !' શ્રીપાલે મસ્તક નમાવ્યું.

'કવિ વાગ્ભટ, આપનો અલંકાર વિષયક ગ્રંથ પરિપૂર્ણ થયો કે નહીં ?' સિદ્ધરાજે વાગ્ભટના સ્કંધે હાથ મૂકી પૂછયું.

'સહસ્રલિંગ પૂર્ણ થાય તે પહેલાં પૂર્ણ કરવાનું વચન છે, મહારાજ ! પરંતુ સરોવર પર વિદ્યામઠ પણ રચવા વિનંતી છે.' વાગ્ભટ બોલ્યા, અને ઉમેર્યુ, 'જેથી કાવ્ય, તર્કશાસ્રનો અભ્યાસ થઈ શકે.'

'અવશ્ય !!' બોલી સિદ્ધરાજ રાજ્ઞી આવાસ પ્રતિ ચાલ્યા.

સભા પૂર્ણ થઈ.

★★★

આષાઢ બેઠો એવો પ્રજા અને રાજાની આંખો આભે મંડાણી. વાદળોના ગડગડાટ થવા લાગ્યા. પવનના સૂસવાટા થવા લાગ્યા. આંબા, જાંબુ, આંબલીનાં વૃક્ષોને ઝોડ વળગ્યું હોય એમ ડોલવા લાગ્યાં. વીજળીના ચમકારા પલકવારમાં આંખો આંજી દેતા હતા. ત્યાં ટપ... ટપ... મોટાં મોટાં ફોરાં પડવા લાગ્યાં. આખું પાટણ હર્ષોલ્લાસમાં ચીસો પાડવા લાગ્યું. અને ચચ્ચરમાં આવી નાચવા લાગ્યું. સ્ત્રીઓએ વેલણથી કાંસાની થાળીઓ વગાડી અને મેઘરાજાનું સ્વાગત કર્યુ. રાજદુર્ગમાં તુર્ય ફૂંકાયાં, ઢોલ ઢબુકયા અને તાસાં વાગ્યાં.

ગવાક્ષમાં આવી સિદ્ધરાજ જયસિંહ અને રાણીઓએ આવીને વર્ષાનાં બુંદ પારિજાતનાં ફૂલની જેમ ખોબામાં ઝીલ્યાં.

સિદ્ધરાજે વર્ષા મહોત્સવની ઘોષણા કરી, સમગ્ર પાટણનગર પ્રસન્ન થઈ ગયું. મદ્યપો રાજયનો મદ્ય પીવાની લાલસાએ વગર પીધે નાચવા લાગ્યા !'

કવિ શ્રીપાલને મેઘનો દુંદુભિનાદ સાંભળી કવિતા સ્ફૂરી.

'અથ મનસિજ - દિગ્વિજયાશંસી, જલધર-દુંદુભિરાતતાન શબ્દમ્' (અર્થાત્ જલધરોના દુંદુભિનાદે પ્રસરે મદન વિજયની ઘોષણા સર્વત્ર !) તો વાગ્ભટે પણ ત્વરિત રચના કરી. 'નવમેઘ ગર્જનો વચ્ચે પ્રવાસીઓ માટેના ધૂંધળા દિવસોમાં ગ્રીવા ઊંચી કરી નાચી રહેલા મયુર કેવા સોહામણા લાગે છે !'

આખો દિવસ અને રાત વરસાદ પડયો. ચોદિશ જળબંબાકાર થઈ ગઈ. સરસ્વતીમાં નવીન જળ સર્પોની જેમ ફૂત્કાર કરતાં વહેતાં થયાં.

સિદ્ધરાજે મહાઅમાત્ય ઉદયન અમાત્ય સોમ, સ્થપતિ ગંગાધર અને ઉપસ્થપતિ પદ્મસેનને બોલાવ્યા.

'આનંદો, સારી વર્ષા થઈ છે. સરસ્વતીમાં જળની પધરામણી થઈ છે, તો હવે કુલ્યા (નહેર)નાં દ્વાર ખોલી દુર્લભ સરોવરમાં જળની પધરામણી કરીએ. 'સિદ્ધરાજ જયસિંહ હર્ષાવેશમાં બોલ્યા.

'મહારાજ, કુલ્યા અને દ્વાર સંપૂર્ણ છે. આપના આદેશની જ પ્રતીક્ષા હતી.' ગંગાધરે હાથ જોડયા.

'પરંતુ, મહારાજ, રાજગુરુ ગિરધરે નરમેધ કર્યા પછી જ જળ છોડવા મને કહ્યું છે.' મહાઅમાત્ય ઉદયને વિનમ્રતાથી કહ્યું.

'ઓહ ! નરમેધ ? નરમેધ શાને માટે ?' સિદ્ધરાજ જયસિંહ નરમેધનું નામ સાંભળી આંચકો ખાઈ ગયા.

'મહારાજ, આદિકાળની શાસ્ત્ર પરંપરા છે. જયારે પણ નવદુર્ગ વાપિ કે સરોવર બને, ત્યારે નરમેધ આપવો પડે.'

'પણ આપણા રાજ્યમાં તો આપણે આચાર્ય હેમચંદ્રના કહેવાથી અવારનવાર વિવિધ પર્વો પર અમારી (પશુવધ નિષેધ) ઘોષિત કરીએ છીએ.'

'એ જૈન પરંપરા છે, નરમેધ આપણી સનાતની શાસ્ત્રીય પરંપરા છે મહારાજ !'

'ઠીક છે, પણ નરમેધ કોનો આપવો ?' સિદ્ધરાજે પૂછ્યું.

'પ્રાચીન પરંપરામાં પરાજિત અનાર્યો, દાસો, દસ્યૂઓ, અસૂરો, રાક્ષસો, બંદીજનો, ચાંડાલ ઈત્યાદિનો નરમેધ થતો. પરંતુ હવે કલિયુગમાં શૂદ્રનો નરમેધ થાય છે.'

'કેમ ?'

'શૂદ્રો પૂર્વભવનાં પાપકર્મને કારણે શૂદ્રો થયા છે. તેમનું બલિદાન આપવાથી તેમનો છૂટકારો થાય, અને નવો અવતાર પ્રાપ્ત થાય. કર્મબંધનમાંથી મુક્તિ મળે. શૂદ્રોનું બલિદાન પુણ્યકાર્ય છે, મહારાજ !' અમાત્ય સોમે સમજાવ્યું.

'તો ઘોષણા કરો કે, જે શૂદ્ર સ્વયં બલિદાન આપવા માગતો હોય તે સ્વેચ્છાએ આવે. તે માગે તે તેના પરિવારને આપવામાં આવશે. આપણે બળાત્કાર કરવો નથી અને આચાર્ય હેમચંદ્રને પણ આ ગમશે.' સિદ્ધરાજે માર્ગ સૂઝાડ્યો.

'આજ્ઞા શિરોધાર્ય મહારાજ !' મહાઅમાત્યે અને અન્ય સૌએ કટિથી વાંકા વળી નમસ્કાર કર્યા.



સમગ્ર ગુર્જર દેશના ગામે ગામે શૂદ્રોના વાસમાં ઢોલીઓએ ઢોલ વગાડીને મહારાજાની ઘોષણા સંભળાવી.

'સધરો જેસંગેય ગાંડો રાજા છે ને ? કોઈ શૂદ્ર એમ સામે ચાલીને મરવા આવે ? એનો તો પકડીને વધ જ કરવો જોઈએ.' લોકો ગણગણાટ કરવા માંડ્યા.

પાટણના દુર્ગની બહાર પૂર્વ દિશામાં શૂદ્રોની મોટી વસાહત હતી. શૂદ્રોની વસાહત પૂર્વ દિશામાં રહેતી, જેથી તેમની ગંધ ગ્રામ નગરમાં ન આવે. તે લોકો વણાટકામ અને ચર્મકામ કરતા. પાટણ રાજધાની હોવાથી અને વેપાર-વાણિજયનું મથક હોવાથી સ્તંભતીર્થ, ધવલકપુર, ધંધુકપુર ઈત્યાદિ નગરોના વણકરો પાટણ આવીને વસ્યા હતા, જેથી એમના કાપડનું સારા ભાવે, સારું વેચાણ થાય.

નગરઢોલીએ ઘોષણા કરી કે, 'દુર્લભ સરોવરમાં જળના સ્વાગત પૂર્વે શૂદ્રનું બલિદાન આપવાનું છે. જે શૂદ્ર સ્વેચ્છાએ બલિદાન આપશે, તેના પરિવારને મહારાજા જે માગશે, તે આપશે.'

ઘોષણા સાંભળીને સાળ પર પછેડી વણતો માયો સાળના ખાડામાંથી છલાંગ મારીને ઊભો થયો. માયાનું કટુંબ ધવલક મંડલના રનોડા ગામથી આવીને પાટણ વસ્યું હતું. સાળ પર ધોતી, સાડી ઈત્યાદિ વણતું હતું. નગરજનો તે વસ્ત્રો પહેરતા. માયાએ અરધી આવરદા વટાવી હતી, તોય યુવાનને લજજા પમાડે તેવું તેનું શરીર સૌષ્ઠવ હતું. એ આજાનબાહુ હતો. એ દોડીને નગર ઢોલી પાસે ગયો. તેની સાથે રાજ સેવક ટિપ્પણ લઈને ઊભો હતો.

'લખો, મારું નામ માયો. મારા પિતા ધરમશી. વ્યવસાયે વણકર, હું સ્વેચ્છાએ બલિદાન દેવા સંમત છું. મહારાજ હું જે માગીશ તે આપશે ને ?'

ત્યાં તો પિતા ધરમશી, માતા ખેમી અને પત્ની મરઘાં દોડી આવ્યાં.

'અરે ભાઈ, મારી આંખના રતન, તું ગાંડો થયો છે ? અમારે નથી જોઈતાં રાજપાટ કે ગામ. આપણે આપણી સાળ દુઝતી ગાય જેવી છે. આપણે શું ખોટ છે તે મહારાજ પાસે માગવા અને જીવ આપવા ઊભો થયો છે ?' ખેમીમા માયાની છાતી પર માથું મૂકી રડી પડયાં.

'ના, મા, ના. મારે રાજપાટ નથી માંગવાં, નથી માગવી લક્ષ્મી. મારે તો માગવું છે તમારા અને મારાં ભાઈભાંડુ માટે સ્વમાન.' માયો દઢતાથી બોલ્યો.

'અરે ભાઈ, પૂર્વ જન્મનાં ફળ ભોગવવા તો શૂદ્ર થયા છીએ અને લોકનાં અપમાન સહીએ છીએ. શૂદ્ર અવતાર મળ્યો છે, તો પૂરો કરવો જ પડશે.' ધરમશીએ માયાને સમજાવવા પ્રયાસ કર્યો.

'પૂર્વ જન્મ તો કોણ જોવા ગયું છે ?

વર્ણવ્યવસ્થાના આપણે ભોગ બન્યા છીએ, પિતાજી હું મહારાજ પાસે આપણા સૌનું સ્વમાન માગીશ.'

બે પુત્રીઓને આંગળીએ વળગાડી આવેલી મરઘાં તો આ સાંભળી અવાક્ થઈ ગઈ, વસાહતનું લોક ભેગું થઈ ગયું.

'માયા, ધન્ય છે તારી જનેતાને ! અમારા વીર, અમારાં હડહડતાં અપમાનનાં દુઃખ દૂર કર !' સૌ લોકો બોલવા લાગ્યા.

★★★

માયો કોઈનું માન્યો નહીં, રાજસૈનિકો એને મહારાજ સિદ્ધરાજ જયસિંહ પાસે લઈ ગા. એ પહેલાં મહાઅમાત્યએ માયાને જોઈ લીધો, જાણી લીધો.

'મહારાજ, આ માયો શૂદ્ર છે, વસ્ત્રો વણે છે અને એ સ્વેચ્છાએ બલિદાન દેવા માગે છે.'

'મહારાજ, આનંદ તો એ વાતનો છે કે, આ શૂદ્રવીર બત્રીસ લક્ષણ ધરાવે છે.' 'આ તો સોનામાં સુગંધ ભળી. બત્રીસ લક્ષણા શૂદ્રના બલિદાનથી દુર્લભ સરોવર અને હવે નવા સહસ્ત્રલિંગ સરોવરમાં ક્યારેય જળ ખૂટશે નહીં.' રાજગુરુ ગિરધર બોલ્યા.

માયાનો બલિસ્ટ અને ગૌરવમય ભવ્ય દેહ જોતાં જ સિદ્ધરાજને બત્રીસ લક્ષણની ખાત્રી થઈ ગઈ હતી.

સિદ્ધરાજ જયસિંહને થયું, 'મારે આવો પુત્ર હોત તો !' પોતે અપુત્ર હોવાનું દુઃખ દોહિત્ર સોમેશ્વરને પાસે રાખીને હળવું કર્યું હતું.

'સાધુ ! સાધુ !! વીર પુરુષ, તું માગ તે આપું. તું કહે તો તારા પરિવારને મંડલ આપું, તું કહે તો એમને ધનના ભંડાર આપું, પ્રાસાદ આપું, દાસ-દાસી આપું, અશ્વો, હસ્તિ, પાલખી આપું.' સિદ્ધરાજ જયસિંહ અતીવ પ્રસન્ન થઈ બોલ્યા.

'ક્ષમા કરો, મહારાજ ! હું મારા પરિવાર માટે રાજ સંપત્તિ કે ધન સંપતિ મેળવવા મારું બલિદાન આપવા નથી આવ્યો. સાળ અમને બે ટંકની દાળ અને રોટી આપે છે, તે અમારા માટે પૂરતી છે.' માયો હાથ જોડી ઊભો રહ્યો.

'તો તારે શું જોઈએ છે વીર પુરુષ ?' સિદ્ધરાજ જયસિંહને માયાની વાત સાંભળી આશ્ચર્ય થયું.

'મહારાજ, હું મારા શૂદ્ર વર્ણ માટે સ્વમાન, કેવળ સ્વમાન, માગવા આવ્યો છું. અમને ભૂખનું દુઃખ નથી. અવહેલના અને અપમાનનું દુઃખ છે.'

'સાધુ !' સાધુ !! તો હું શું કરું ?'

'મહારાજ, અમને ગળાની કુલડી છોડાવો પૂંઠે લટકતું ઝાડું - ઝાંખરું છોડાવો, પોશ પોશનો પોકાર અટકાવો, માથે ફટકો કાઢી પાઘડી પહેરાવો, અંગરખાની ત્રીજી બાંય કઢાવો, અમને ગોર અને બારોટ આપો, આંગણે પીપળો વાવવાની અને તુલસીક્યારો ઉછેરવાની છૂટ આપો, ધર્મ, કર્મ અને સુંદર વસ્ત્ર પહેરવાની છૂટ આપો, ગામમાં, દુર્ગમાં વસવાટ આપો અને આભડછેટનાં અપમાન કઢાવો.' માયો એકીશ્વાસે બોલી ગયો.

'સાધુ ! સાધુ !!' સિદ્ધરાજ જયસિંહ માયાની વાણી સાંભળી પ્રસન્ન થઈ ગયા.

'મહાઅમાત્ય, તામ્રપત્ર મંગાવો અને આજ ઘડીએ આ શૂદ્ર વીરપુરુષ માયાની માગણીઓ કોતરાવો અને શૂદ્રોના અધિકારોની ઘોષણા કરી. સૂર્ય-ચંદ્ર તપશે ત્યાં સુધી મારા વંશજો એનું પાલન કરશે અને પ્રજા પાસે કરાવશે. અસ્પૃશ્યતા પાળે તેને કઠોર દંડ આપવા આદેશ કરો. 'સિદ્ધરાજ જયસિહ બોલતાં બોલતાં ગળગળા થઈ ગયા.

'ધન્ય હો મહારાજ, મારું આ મસ્તક આપનું છે. પાટણની તરસી પ્રજા માટે દુર્લભ સરોવરમાં જળની પધરામણી કરો...' માયાએ મસ્તક નમાવી મહારાજને હાથ જોડયા.

પાટણના રાજગુરુ ગિરધરે નરમેધ યજ્ઞનું મુહૂર્ત કાઢયું. મહાસુદ સાતમ અને શનિવારે માયાનો નરમેઘયજ્ઞ સરોવર મધ્યે યોજાયો. સિદ્ધરાજ જયસિંહ અને મહાઅમાત્ય ઉદયન રાજયના વિવિધ કણોના અમાત્યો સહ ઉપસ્થિત હતા. કવિ શ્રીધર અને કવિ વાગ્ભટ તો મહારાજના પડછાયાની જેમ ઉપસ્થિત હતા.

પાટણનું નગરજન હિલોળે ચઢયું હતું. જળના આગમનનો હર્ષ હતો અને શૂદ્રના બલિદાનને નિહાળવાની ઉતેજના પણ હતી.

સિદ્ધરાજ જયસિંહે શૂદ્ર નગરજનોને પણ ખાસ આમંત્ર્યા હતા. દરેકને પાઘડી અને ખેસ પહેરાવ્યાં હતાં. કુલડી, સાવરણી ફેંકાવી દીધાં હતાં.

માયાને યૂપ સાથે બ્રાહ્મણોએ બાંધ્યો. સિદ્ધરાજે માયાને પાઘડી પહેરાવી. વેદોના આકાશ ફાડી નાંખે તેવા ઉચ્ચ સ્વરે થતા મંત્રોચ્ચાર વચ્ચે ખડગ ચમકયું અને માયાનો શિરચ્છેદ થયો. રકતનો ફુવારો છૂટયો. 'ત્રૈલોકયગંડ મહારાજ સિદ્ધરાજની જય...' એવા પોકાર ઊઠયા. શૂદ્રોએ 'વીરમાયા અમર રહો' પોકાર કર્યા.

'આ સરોવરને તીરે એક સહસ્ર અષ્ટ શિવલિંગ મંદિરો બાંધવામાં આવશે. ઉપરાંત વિદ્યામઠ સ્થાપવામાં આવશે. તેમાં તર્ક, વ્યાકરણ અને સાહિત્યના વિદ્યાર્થીઓ અભ્યાસ કરશે. સરોવરની વચ્ચે ટેકરી પર વીર માયાનું સ્મારક મંદિર રચવામાં આવશે. અને આજથી મારા ગુર્જર દેશમાં શૂદ્રોને અન્ય વર્ણ જેવા જ અધિકાર પ્રાપ્ત થાય છે. સિદ્ધરાજ જયસિંહે ઘોષણા કરી. પ્રજાએ પુનઃશ્ચ જયયકાર કર્યો.

'બર્બરક જિષ્ણુ સિદ્ધરાજ જયસિંહનો જય હો !'

અને તે હવે પછી દુર્લભ સરોવર સહસ્ત્રલિંગ સરોવરના નામે ઓળખાશે. મહાઅમાત્ય ઉદયને પણ ઘોષણા કરી. કવિ શ્રીપાલે સહસ્ત્રલિંગનું પ્રશસ્તિ કાવ્ય ગાયું.

બંધનાં દ્વાર ખોલતાં જ સરસ્વતીનાં જળ કુલ્યામાં થઈ ધસમસતાં સહસ્ત્રલિંગ સરોવરમાં પ્રવેશ્યાં. સિદ્ધરાજ જયસિંહે શ્રીફળ પુષ્પોથી સ્વાગત કર્યું. નગરજનોએ પણ હર્ષોલ્લાસ કરી શ્રીફળ ઉછાળ્યાં.

"આસવલોક", ૪૬૬/૨, સેક્ટર-૧,
ગાયત્રી મંદિર પાછળ, ગાંધીનગર.
મો. ૯૯૭૯૮૯૩૯૯૦

પટારો

- રાજ ભાસ્કર

લાભુ માસ્તર લાંબા ગામતરે ગયા એના બીજા જ દિવસે કંકુડોસીએ પટારાને ખંભાતી તાળું મારી ચાવી કમખે લટકાવી દીધેલી. લાભુ માસ્તર હતા ત્યાં સુધી તો ચારમાંથી એકેય દીકરા કે વહુની દેણ નો'તી કે પટારે હાથ દે ! ચાર-ચારની બેય ચંડાળ ચોકડી બા ઊપડે તેની રાહ જોઈને બેઠી'તી.

આ પટારો વર્ષોથી એમના માટે એક અજાયબી સમાન રહ્યો હતો. નાના હતા ત્યારે તો સ્વાભાવિક જ બાપા અડવા નહોતા દેતા પણ મોટા થયા, વહુઓ આવી અને બાળ-બચ્ચાં થયા પછી પણ બધાને પટારા પાસે ફરકવાની મનાઈ હતી. ચારેય દીકરાઓ અને વહુઓએ બહુ ધમપછાડા કર્યા પણ બાપા આગળ કંઈ ના ચાલ્યું. આખરે ઈન્તજારનો અંત આવ્યો. આઠેયને થયું ''હાશ, બાપા ગયા ! હવે તો પટારાનો ખજાનો, દરદાગીના, રોકડ બધું જ આપણું જ છે ને. આપણને હવે કોણ રોકવાનું છે?''

પણ આઠેયના અરમાનો ડોસીના એક જ ફૂંફાડે બળીને રાખ થઈ ગયા. બિચારાઓને હિન્દી ફિલ્મ જેવું થયું. ખજાના પરથી કાળોતરો નાગ હટ્યો ત્યાં જ નાગણ આવીને બેસી ગઈ. ચારેય દીકરા-વહુ અંદરોઅંદર વાતો કરતાં, ''ડોહો તો મિલકત-મિલકત કરીને ગ્યો. ના એણે ખાધું ના આપણને ખાવા દીધું અને હવે આ ડોસી બેસી ગઈ છે. મને લાગે છે હંધુંય હારે બંધાવી જાશે.''

''સાચી વાત છે તારી. શી ખબર પટારામાં શું ભર્યું છે તે ડોસીથી ચાવી છૂટતી જ નથી.''

''છૂટશે... ભાઈ, છૂટશે... ! એક દી ચાવીયે છૂટશે ને ખજાનોય મળશે. ડોસી કાંઈ અમર પટ્ટો લખાવીને થોડી આવી છે ?''

''પણ કેદી છૂટશે... અતારે આપણે વાપરવા જોગા છીએ. આપણા બાળ-બચ્ચાં ભેગાં હેયને જલસા ન કરીએ ! મારાથી હવે રાહ નથી જોવાતી. ડોસીને કહી દેવું છે કે પટારો ખોલી જે હોય એના ચાર ભાગ કરી દે... એટલે હાંઉં.' એક વહુએ એક દિવસ કંટાળીને કહી જ દીધું.

★★★

ઘણી બધી ચર્ચાને અંતે બધાંય ભાઈઓ અને વહુઓએ ડોસીમાં આગળ પટારાની મિલકતના ભાગ પાડવાની વાત મૂકી. વાત સાંભળતાં જ ડોસીમા બરાડ્યાં, ''મારા રોયા નખ્ખોદિયાવ ! હજુ હું બેઠી છું ને તમે ભાગલા પાડવાની વાતું કરવા માંડ્યા... ખબરદાર જો હવે કોઈ દી આવી વાત કરી છે તો ! મરતી વખતે મારે જેને જે દેવું હશે ઈ દઈશ. તમે મને શું સમજાવતા'તા. હાલો કામે લાગો.'' ડોસીએ એક જ ફૂંફાડે ચારેયને સીધા દોર કરી દીધા. એ જમાનાનાં ખાધેલ હતાં, દીકરાઓની વાત સારી રીતે સમજી ગયાં હતાં. એ જમાનામાંય સાતમા ધોરણ સુધી ભણેલાં એટલે ગણતરીનાં પાક્કાં. પટારા પર ચોંટેલી દીકરા-વહુની કાળી નજર પારખી અમણે કમખે બાંધેલી ચાવીને વધારે કસી.

પણ દીકરા - વહુઓને ડોસીનું છેલ્લું વાક્યું યાદ રહી ગયેલું, ''મરતી વખતે મારે જેને જે દેવું હશે ઈ દઈશ.'' બસ થઈ રહ્યું. એ દિવસથી બધાએ ડોસીને માથે ઊંચકી લીધી. એક એક દીકરાના પંડમાં સો-સો શ્રવણ આવીને વસી ગયા. વહુઓ પગ દબાવે, માથામાં તેલ નાખી દે, માલિશ કરે. રોજ શીરો-પૂરી, જાત-ભાતનાં પકવાનનું પાકું ભાણું જમાડે. દીકરાઓ યાત્રાએ લઈ જાય. સેવા કરે ને આખો દી મા... મા કરતાં થાકે નહીં. ઘણીવાર તો સેવા કરવા માટે અંદરોઅંદર ઝઘડા થતા. ઓલો કે હું પગ દબાવીશ. ઓલો કે હું પણ સેવાના આ આખાયે અંચળા હેઠળ પટારાની વધારે ને વધારે મિલકત પોતાના ખાતે કરવાની

મેલી રમત રમાઈ રહી હતી. બધાને ખબર હતી કે ડોસી બહુ બહુ તો બાર મહિના કાઢશે. તો પછી બાર મહિના સેવા કરી બાવીસ વરસની શાંતિ કેમ ના ખરીદવી ?

★★★

અને આખરે કાળે એનું કામ કર્યું. સ્વર્ગમાંથી ડોસીનું તેડું આવી ગયું. ડોસી છેલ્લા શ્વાસે હતી. અઠવાડિયાથી ખાટલે હતી. જીભે લોચા વળતા હતા. આખરે મરવા પડેલી ડોસીને દીકરાઓએ પટારા સામે જોઈ હળવેથી કહ્યું, ''માડી... તમારા શ્વાસ છે ત્યાં સુધી જેને જે આલવું હોય ઈ આલી દો.'' પણ ડોસી કાંઈ ના બોલી. સાવ ચૂપ થઈ ગઈ. દીકરા-વહુઓએ ઢંઢોળી. ના ઊઠી ! ફરી ઢંઢોળી ! ના ઊઠી. અને પછી આઠેયે પોક મૂકી. છાપરાના નળિયાં ફાડી નાંખે એવું રૂદન હતું. બસ એટલું જ નહોતું સમજાતું કે એ રૂદન ડોસીના મરણના માતમનું હતું કે ખજાનો મળી ગયાની ખુશીનું ?

ડોસીને સ્મશાને લઈ જતાં પહેલા મોટી વહુએ હળવેકથી એના કમખે બાંધેલી ચાવી છોડી લીધી. માંડ માંડ છૂટી. આખરે બારમે દિવસે ચંડાળ ચોકડી રાત્રે બાર વાગે પટારા પાસે ભેગી થઈ. મોટા દીકરાએ ખુશીથી ધ્રૂજતા હાથે પટારાનું તાળું ખોલી નાંખ્યું. ભારે ભરખમ કમાડ ઊંચું થયું અને આઠ ડોળા કૂદીને અંદર ખાબક્યા. જેવા ડોળા અંદર ગયા એવા કૂદીને બહાર આવ્યા. પાંચ પાંચ વરસની ભૂખી ડાકણના પેટ જેવો ખાલીખમ પટારો મોં ફાડીને ખિખિયાટા કરતો હતો. અંદર માત્ર ''શ્રીમદ્ ભગવદ્ગીતા''નું એક પવિત્ર પુસ્તક પડ્યું હતું અને ઉપર એક ચબરખી હતી. દીકરા-વહુઓએ આશ્ચર્ય અને આઘાતના બેવડા ભાર સાથે ચિઠ્ઠી વાંચવા માંડી. ડોસીએ એની કાલીઘેલી ભાષામાં વાંકડિયા અક્ષરે લખ્યું હતું, ''દીકરાવ, તમે હંધાય સ્વાર્થી છો ઈ વાત હું ને તારા બાપ કે'દુ ના પામી ગ્યા'તાં. તમે તમારી જાતને પૂછો, શું આ પટારો ના હોત તો તમે અમારી સેવા કરત ? ના, ના કરત ! અમે બેય ઘૈડાઘરમાં રિબાઈ-રિબાઈને મર્યાં હોત. પણ દીકરાવ તોય અમે તમને ખાલી નંઈ રાખીએ. પારખતાં આવડે તો પારખી લેજો. આમાં ઈ પારસમણી છે જે હંધીય વસ્તુને અણમોલ કરી દેશે. તમારા જીવન સુધારશે. મારા કાનુડાની અણમોલ મિલકત તમને સમાજમાં માન-ઈજ્જત આપશે અને ઈમાંથી સાચો ધરમ શીખશો તો મહેનતના સાચા રૂપિયાય રળી આલશે. ભગવદ્ગીતા નામની આ મિલકત આજથી તમારી. જેને જેટલી લેવી હોય એટલી લઈ લેજો... સુખી થજો.

તમારી માના જાજા ઝુહાર.''

પત્ર પૂરો થયો. બધાની નજર શ્રીમદ્ ભગવદ્ ગીતાના પુસ્તક પર જડાઈ ગઈ અને જાણે ગીતામાંથી સાક્ષાત્ ભગવાન શ્રી કૃષ્ણનો ઉદ્ગાર સંભળાયો, 'કર્મ કર, ફળની આશા છોડી દે.' એ સાથે જ આઠે આઠના ગળામાંથી નીકળેલું માના મોતનું સાચુકલું આક્રંદ આભ ચીરીને પાર થઈ ગયું.

એ-૨, મયુર પાર્ક, સિલ્વરજ્યોત સોસાયટી, ભગત પેટ્રોલ પંપની બાજુમાં, સતલુજ હોટેલ સામે, નરોડા રોડ, પોસ્ટ-કુબેરનગર, અમદાવાદ-૩૮૨૩૪૦. મો. ૯૮૨૫૬૧૧૬૯૪



મોક્ષ અથવા પ્રેમનું પારિતોષિક

- પરીક્ષિત જોષી

પહેલા જ ફકરાનું પહેલું વાક્ય વાંચીને એ બોલી પડ્યો, સ્વગત : 'હા, પણ હવે - શું ?'

શ્રીકૃષ્ણની ૧૨ છબીવાળા કેલેન્ડરના ડટ્ટામાંથી એણે વધુ એક પાનું ફાડ્યું. નવા પાને લખેલું લખાણ વાંચ્યું. ડટ્ટા પર લખ્યું હતું : લાભપાંચમ. મનોમન કંઈક બબડીને એ આગળ વાંચવા લાગ્યો, કારતક સુદ પંચમી. વિક્રમ સંવત ૨૦૭૬. સૌભાગ્ય પંચમી, જ્ઞાન પંચમી, શ્રી પંચમી, પાંડવ પાંચમ. દિનાંક પહેલી નવેમ્બર, ૨૦૧૯.

અચાનક પવનની લહેરખી આવી અને ડટ્ટાનાં પાનાં સહિત કૃષ્ણ-કેલેન્ડર એકદમ ઊડ્યું.

★★★

'શું રહ્યું બાકી તે આમ લખવું રહ્યું એણે ? હતું, ન હતું થઈ ગયું બધું આ થોડાક સમયમાં ?'

પહેલાં પત્ર વ્યહવાર અને પછી એક જાહેર કાર્યક્રમમાં મુલાકાત. એને બધુંય એક ચિત્રપટની જેમ યાદ આવી રહ્યું હતું. પુસ્તકો સાથે સમય વીતાવતાં વીતાવતાં ક્યારે એ પોતાની યુવાની પણ પાર કરી ચૂક્યો એની એને સરત ન રહી પણ એ સાવ બૂઢો નહોતો થઈ ગયો. યાદદાસ્ત હજુય સતેજ હતી. એ વાત યાદ આવતાં મનમાં જરાક મલક્યો.

'વયે જરાક વૃદ્ધાવસ્થા તરફ વધ્યો હતો પરંતુ હૃદયથી યુવાન છે એની પ્રતીતિ, જો ચંદ્ર ન આવત તો કઈ રીતે થાત ?' વિચાર સાથે એના શરીરમાંથી એક અજીબ વિદ્યુતરેખા દોડી ગઈ.

'એણે આવીને મારી લાગણીઓ, સુષુપ્ત લાગણીઓને ઢંઢોળી મૂકી હતી.' ચંદ્ર યાદ આવતાં જ એ જાણે કે યુવાની તરફ રિવર્સ ગિયરમાં ચાલવા લાગ્યો.

કૃષ્ણ-કેલેન્ડરના ડટ્ટાના બધાં પાનાનો ફરફરાટ પણ હવે એની સ્થિતપ્રજ્ઞતાને સ્પર્શતો ન હતો.

★★★

'હું ચંદ્ર. આપની કલમ પર ફિદા છું. આપના શબ્દેશબ્દને દિલોજાનથી ચાહું છું. દરેક રચનાને પ્રેમથી માણું છું. આપની સાથે થોડીક વાત કરવા ઈચ્છું છું. આપને અનુકૂળ છે કે..???'

એક શ્વાસે પોતાનો પરિચય અને મારી અનુકૂળતા બેય પૂછનાર તરફ મેં એક નજર નાંખી. એ વ્યક્તિને હું વિસ્મયથી જોઈ રહ્યો. મારા મૌનનો અર્થ વાતચીતની શરૂઆત ગણ્યો હોય એમ એ વ્યક્તિએ વાત આગળ વધારી.

'સર, આપ વ્યસ્ત હો તો પછી... પણ મળવાનો સમય અત્યારે જ નક્કી કરી આપો તો સારું.'

સવાલ પૂછનારને જોઈ હું કશેક ખોવાયેલો, બિલકુલ મૌન ઊભો હતો. અચાનક તંદ્રા તૂટી અને મેં પૂછ્યું,

'હમ્મ... યુ સી... શું નામ કહ્યું તમે ?... તે?' વય મારા કરતાં ઓછી લાગી એટલે સાહજિકપણે તુંકારે સંબોધન થઈ ગયું. એ વાત એણે પણ નોંધી અને કહ્યું, 'ચંદ્ર.'

નામ સાંભળીને મેં ફરી વખતે એ વ્યક્તિને નખશીખ જોઈ, જાણે સ્કેન કરતો હોઉં એમ ! એ વ્યક્તિ પણ મારી સામે અચરજથી જોતી રહી.

મેં જરાક સ્મિત સાથે કહ્યું, 'ચંદ્ર'.

સ્મિત સાથે નામની પુનરોક્તિ સાંભળીને એ વ્યક્તિ પણ મલકાઈ અને બોલી, 'તમને ગમ્યું મારું નામ ?'

શું કહું ? નામ તો મને ગમ્યું જ હતું અને સાથે આ વાક્છટા... અને આ...

'સર, કંઈક વિચારમાં છો કે શું ? કોઈ નવલકથાનો પ્લોટ વિચારી રહ્યા હતા ? મેં ડિસ્ટર્બ તો નથી કર્યા ને ?'

'હમ્મ... ના, હા... અરે ! એવું કશુંય નથી. ગમ્યું. બહુ ગમ્યું.' મારી જીભ થોથવાઈ રહી હતી.

'તો અત્યારે વાત થઈ શક્શે કે પછી. ?' એણે વાત કરવાનો આગ્રહ ચાલુ રાખ્યો.

'આજે, અત્યારે જરાક વ્યસ્ત છું... પણ, સાંજે મળીએ. મારે ઘરે પૂજા છે, એમાં આવો. એ પછી નિરાંતે વાત કરીએ.'

★★★

'શું નામ કહ્યું હતું એણે ?'

'હા, ચંદ્ર.'

પોતાના નામનો ઈતિહાસ જણાવતી હોય એમ એણે સ્પષ્ટતા પણ કરી હતી, 'મારું નામ ચંદ્ર. આમ તો ચંદ્રકળા છે નામ. પણ યુ નો, એ ઓલ્ડ ફેશન લાગે છે એટલે મેં જરા મોડી નેઈમ કર્યું એનું, ચંદ્ર. હું જેને મિત્ર માનું છું એ મને 'ચંદ્ર' તરીકે જ બોલાવે છે.'

'ખરેખરો ચંદ્ર.'

એનું રૂપ એવું તો નિખર્યું હતું કે કોઈપણ રસિકજનને થાય કે બસ નિરખ્યાં જ કરીએ, ચંદ્રની પૂર્ણ કળાને. પછી તો સાંજે નિરાંતે આવી અને પૂર્ણ કળાએ ખીલી, ચંદ્રકળા.

એના શબ્દેશબ્દમાં મારા લેખન અને સાહિત્ય પ્રત્યેની લાગણી જણાઈ આવતી હતી. મારી કીર્તિદા કૃતિઓ વિશે તો ઘણું બધું લખાયું હતું, પણ એ બધું ચંદ્રે વાંચ્યું જ હશે એવું માનવાને મારે કોઈ કારણ ન હતું. જોકે, અહીં ચંદ્રની વાત જરા ન્યારી હતી. એણે મારી દરેક યશદા કૃતિને વાંચી હતી, માણી હતી.

એની સાબિતી એણે એ સાંજે આપી. એ આવી અને મને લેખક તરીકે પ્રતિષ્ઠિત કરતા માન-અકરામની ટ્રોફી, શિલ્ડ અને પ્રમાણપત્રોને ઝીણી નજરે જોયાં, જાણ્યાં. મારા લેખન અભ્યાસના ઓરડામાં ચારેય બાજુ પુસ્તકો જ પુસ્તકો હતાં, થોડાં રેફરન્સ અને મોટા ભાગનાં મારા પોતાનાં લખેલાં. આ સંસાર વસાવ્યો હતો ત્યારથી મારા ઓરડામાં ઈંટ માટીની દીવાલ તો ક્યાંય પણ કળાતી ન હતી.

આ બધું વ્યવસ્થિત ગોઠવેલું જોઈને એણે પહેલો ઉદ્‌ગાર કાઢ્યો, 'વાઉ ! ફન્ટાસ્ટિક ! લવલી ! યુ આર ઓસમ, માય ડિયર ઓથર ! આઈ એમ પ્રાઉડ ફોલોઅર ઓફ યુ, લવ યુ અ લોટ.'

ક્ષણ બેક્ષણ માટે તો મનેય મારી નવલકથાના કોઈ પાત્રનો સંવાદ હોય એવું લાગ્યું. પણ હજુ કંઈક ઝાઝું વિચારું એ પહેલાં તો ચંદ્ર મારી એક એક યશદા કૃતિની સામે અંગુલિનિર્દેશ કરતાં કરતાં એના પાત્રો અને કથા, એને મળેલું સન્માન અને એ વિશે જાણીતા વિવેચકોએ કરેલી મુખ્ય ટીકા ટિપ્પણી કડકડાટ બોલતી રહી.

'આ 'અગડમ્ બગડમ્'... તમારી પહેલી ઈનામ વિજેતા કૃતિ. પ્રથમ ક્રમ મળેલો સરકારી સ્પર્ધામાં.'

'આ 'હું છું અને તું છે', તમારી યશદા કાવ્યકૃતિ. પ્રેમીઓ માટેનું પ્રેમશાસ્ત્ર જાણે. કંઈ કેટલાય યુવાનોએ આ પુસ્તક પરસ્પર ભેટ આપ્યું હશે, મેંય ખરીદેલું અને મને ભેટ પણ મળેલું.'

'અને આ, 'ના હું વહેલો છું ના તમે મોડાં'. તમારી કીર્તિદા નવલકૃતિ. પ્રેમમાં પડેલાં એ કેવી રીતે ઊભાં રહેવું એ સમજાવતી અદ્‌ભુત રચના. એ માટે તમને રાષ્ટ્રીય પુરસ્કાર મળેલો.'

એ જ્યારે વાત કરી રહી હતી ત્યારે બધું ગોખેલું કે મુખપાઠ કરેલું, સ્ક્રિપ્ટેડ હોય એવું નહીં પરંતુ હૃદયના ઊંડાણમાંથી, એણે આત્મસાત્ કર્યું હોય એ રીતે એની જિહ્વામાંથી પ્રગટ શબ્દબ્રહ્મ સ્વરૂપે નિપજી રહ્યું હતું. હું મારી પદપ્રતિષ્ઠા, કીર્તિપ્રસિદ્ધિ, માનમરતબો, વય અને અનુભવ સૌ ભૂલીને એની અસ્ખલિત વાણીના પ્રવાહમાં ભીંજાઈ તરબતર થઈ રહ્યો હતો.

મારી છાતી ફૂલવા લાગી હતી, મારી માતૃભાષાના મહિમા ગાનમાં મારો લખેલો શબ્દ આટલો બધો યશદાયી નીવડ્યો હતો એની મને આ રીતે જાણ થઈ. મારા આશ્ચર્યનો કોઈ પાર ન હતો જ્યારે એણે, જે કૃતિઓ મોટાભાગના સમકાલીનો અને વિવેચકોની દૃષ્ટિથી બચી ગયેલી કે છૂટી ગઈ હતી એના વિશે પોતાનો મત પ્રદર્શિત કર્યો.

'ભૂલી શકો તો ભૂલી જજો', તમારી એક ભૂલાયેલી કૃતિ. મારા મતે તમારી ઉત્તમ કૃતિઓની હરોળમાં મુકાય એવી રચના. પણ સત્ય હકીકતો જ્યારે રચનાનું પાત્ર બને છે ત્યારે એને ભૂલી જનારાઓ એકજૂથ થઈને બરાબર યાદ રાખે છે કે આ કૃતિને તો ભૂલી જ જવી.'

'છે છતાં નથી', એક એવી જ બીજી કૃતિ. સાચું વિવેચન પણ ક્યારેક વિસારી દેવાય છે એનો આ એક ઉત્તમ નમૂનો.'

એક પછી એક, એમ લગભગ બધી જ કૃતિઓ વિશે એણે પોતાના તરફથી, એકતરફી વાત મૂકી દીધી હતી. મારો કોઈ મત કે પ્રતિભાવ જાણવાની એને કોઈ ઉત્કંઠા હોય એવું એના વર્તન પરથી તો મને લાગ્યું નહીં. પણ આજની મારી સાંજ ખરેખર અનન્ય હતી. મારા એક ભાવકે ખરેખર મારા લખાણને પ્રમાણ્યું હતું. મારી છાતી ફાટફાટ થવા લાગી.

એ પછી પણ બોલતી જ રહી. હું નિઃશબ્દ એને સાંભળતો જ રહ્યો. વચ્ચેવચ્ચે પવનદેવની કૃપાથી કૃષ્ણ-કેલેન્ડરનાં પાનાં પોતાની હાજરી પૂરાવતાં રહ્યાં.

★★★

ચહેરાની સામે જોતાં-જોતાં જ હું સમજી ચૂક્યો હતો કે મારા શબ્દને સેવતાં સેવતાં ચંદ્રના મનમાં મારા પ્રત્યે પણ ક્યાંક કૂણી લાગણીનાં અંકુરણ થઈ ચૂક્યાં છે. એના આ મોહપાશમાં ઝડપાઈ જવું એ મારી નિયતિ ન હતી અને મારું નસીબ પણ નહીં, એ બાબતે હું એકદમ સચેત હતો. પણ ચંદ્રને ફરીથી મોહિની લાગી એની એને લગીરેય સરત ન રહી હતી. શ્રીકૃષ્ણ દેવરાય રાધારાણી સાથે ગોકુળલીલાની સાહિદી પૂરતું ઉત્સાહિત કૃષ્ણ-કેલેન્ડર એના સ્વભાવ પ્રમાણે જરાક જેટલું ઉડાઉડ કરી રહ્યું હતું.

ઘરમાં આવતાંવેંત જ એણે એનો મનસૂબો વ્યક્ત કર્યો હતો. હું કદાચ ખોટો પણ હોઉં પણ ઊંડેઊંડે મને એવું લાગી રહ્યું હતું કે એના મોઢે તો જુદી જ વાત હતી... એ કહેતી હતી કે,

'મારે તો મારા પ્રિય લેખક કેવી રીતે સર્જન કરે છે, કયા સમયે, કયા મૂડ-મિજાજમાં લખવા બેસે છે, એ જોવા-જાણવામાં ઝાઝો રસ છે..'

અને હું હરહંમેશની જેમ કંઈપણ નક્કી કરવામાં જરાક જેટલો પાછળ હતો. કૃષ્ણ-કેલેન્ડરમાં શ્રીકૃષ્ણ મરક-મરક સ્મિત કરી રહ્યા હતા.

★★★

અચાનક એક દિવસ એણે મારી હમણાં લખાઈ રહેલી નવલકથાના કેટલાંક પાનાને પોતાના હાથમાં લીધાં. થોડીક ક્ષણો પકડી રાખ્યાં, વાંચ્યાં પછી કદાચ એના ભાવવિશ્વને સ્પર્શ્યાં એ દશ્યો એણે ઝીલ્યાં. થોડી જ વારમાં અચાનક એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી. ચંદ્રના હાથમાં હતાં એ થોડાંક પાનાં લેવા મેં હાથ આગળ કર્યો પણ સમય સૂચકતાથી એણે એ ઘા ચુકાવી દીધો.

મને જરાક અમથો ગુસ્સો આવ્યો પણ છતાં ખબર નહીં કેમ ? મેં ન કશું પૂછ્યું ! ન એને છાની રાખવાનો પ્રયાસ કર્યો. ન એણે કશું કહ્યું, ન પાનાં પાછાં આપ્યાં.

અવ્યક્ત રીતે જાણે અમે એકબીજાની વાત સમજી ગયાં. એની નાદાન હરકતોથી હું તો એની લાગણીને પામી ચૂક્યો હતો

પણ હવે કદાચ એ પણ મારી લાગણીઓને પરખી ચૂકી હતી. કદાચ મારી લાગણી પામવાની એની ઇચ્છા હવે મહત્ત્વાકાંક્ષી તરફ આગળ વધી રહી હતી. એને ભાવાવેશમાં જોઈને મેં એને અટકાવવાનો પ્રયાસ કર્યો પણ આ શું?

જાણે રાસલીલાના સાક્ષી બની રહ્યાં હોય એમ અચાનક કૃષ્ણ-કેલેન્ડરનાં પાનાં ધબકવા લાગ્યાં.

★★★

એક દિવસ અચાનક એણે રતિસ્વરૂપ ધારણ કર્યું પણ હું કામદેવ બનવા તત્પર નહતો. એના આ વર્તનનો હજુ પ્રતિભાવ આપું એ પહેલાં તો અચાનક એ ગુસ્સામાં વરસી પડી, 'સાંભળો લેખક મહાશય, હું તમારા શબ્દને, તમારા વિચારને, એની રજૂઆતને જ નહીં, તમને પણ પસંદ કરું છું. સાચું પૂછો તો તમે મને ગમો છો એટલે કદાચ તમારું લખાણ મને ગમે છે.'

નવલકથાકાર તરીકે હું જાણતો હતો કે કથાપ્રવાહ આવી રીતે જ વહેશે. ગુસ્સાથી એનો તામ્રવર્ણી ચહેરો વધુ ઝગમગી રહ્યો હતો. એ ધ્રૂજી રહી હતી. જરાક શ્વાસ લઈને ફરી એણે આગળ ચલાવ્યું, 'તમે ધારો છો એવી હું નથી. હું તો તમને એક ઉચ્ચ કક્ષાના લેખક સમજીને આવેલી. તમારા પ્રેમમાં ડૂબ્યા રહેતાં પાત્રોની જેમ તમે પણ પ્રેમાળ અને સ્નેહઝરતાં હશો એવી મારી ધારણા હતી. પણ તમે તો સાવ છીછરા...'

'છીછરા એટલે ? તું શું બકે છે એનું તને ભાન છે કે નહીં, ચંદ્ર ?' હું પણ તાડૂક્યો.

'હું એકદમ ભાનમાં છું મણિશંકર, તમે ભાન રાખ્યા વગર બસ લખ્યે જ રાખ્યું છે. તમને મનમાં આવ્યું એ બધું. તમારામાં જેની ખોટ હતી એવું બધું. બસ હાંક્યે જ રાખ્યું છે. હું આટલા દિવસથી તમારી સાથે, તમારા ઘરમાં, તમારી બધા પ્રકારે સેવા કરી રહી છું અને તમારો પ્રતિભાવ સાવ ઠંડો, આટલા દિવસમાં તમે મારા વિશે, મારી સેવા વિશે, મારી લાગણી વિશે બે શબ્દ પણ પ્રેમથી કહ્યા ખરા ? બોલો તો !'

'પ્રેમના બદલે પ્રેમ ન મળતાં મને નામથી બોલાવવા સુધી પહોંચી ગઈ ! મને ! પ્રસિદ્ધ નવલકથાકાર મણિશંકરને!' મનોમન વિચારતો હું, મણિશંકર પોતે, સાંભળી જ રહ્યો, નિઃશબ્દ. એ બોલે જતી હતી.

'લિસન મિ. મણિશંકર, એ દિવસે તમારી કથાનાં પાનાં બાળી નાંખેલાં, યાદ છે ?'

'વ્હોટ ? ટેલ મી, ચંદ્ર, વ્હાય યુ ડિસ્ટ્રોઈડ માય ક્રિએટિવ રાઈટિંગ ? વ્હાય ? તું તો મારા લખાણ, મારી નવલકથાની ચાહક છો, ભાવક છો...છતાં પણ..!!!'

'તમારા બનાવટી લખાણ ! તમારી કાલ્પનિક પાત્રોની સૃષ્ટિ ! એની હું ચાહક ? ભાવક ? માય ફૂટ.'

'તો... તો... તું શા માટે અહીં આવી ? આટલા દિવસ આ બધી વ્હાલીવ્હાલી ડાહીડાહી વાતો, મારા સમગ્ર સર્જનનું વાંચન અને વિવેચન, એ બધું શું હતું, ચંદ્ર..?'

'મિ. મણિશંકર, તમે તમારા પાત્રોને દિમાગથી સર્જો છો અને મારા જેવી કંઈકેટલીય નવયૌવનના દિલ સાથે રમો છો. હકીકતના ધરાતલ પર તમારા પાત્રોમાં છે, તમારી કલમ લખે છે, એવું કશુંય તમારામાં નથી. બિલકુલ નથી.'

'ઓહ નો ! એમાં આટલી બધી ઘૃણા? લેખક અને વ્યક્તિ બેય જુદાં હોય છે, લખી રહ્યાં પછી લેખક પણ એક સામાન્ય વ્યક્તિ બની જાય છે, એ હરહંમેશ એનાં પાત્રો જેવો, એના લખાણમાં આવતી સૃષ્ટિ જેવો રહેતો નથી. તું આટલી સમજદાર થઈને આમ કાં વર્તે છે, ચંદ્ર ? કહી દે, તું મારા લખાણની સાચી ચાહક છું.'

ગુસ્સામાં ધ્રૂજી રહેલી ચંદ્રને જોઈને કૃષ્ણચંદ્રનું કૃષ્ણ-કેલેન્ડર પણ કૌરવસભામાં દ્રૌપદીના પુણ્યપ્રકોપને જોઈને જાણે, ફરફરતું અટકી પડ્યું હતું.

★★★

પ્રસિદ્ધ નવલકથાકાર મણિશંકર કેટલાક સવાલોની સમસ્યા વચ્ચે ઝઝૂમી રહ્યા હતા. સંપૂર્ણ વાતાનુકૂલિત ખંડમાં પણ મણિશંકરને પસીનો છૂટી રહ્યો હતો. એમનો જમણો હાથ અચાનક ડાબા ખભા પાસે પહોંચી ગયો. મણિશંકરને ખ્યાલ આવી ગયો કે એમની તબિયત બદતર થઈ રહી છે. એમને ધોળા દિવસે તારા દેખાઈ રહ્યા હતા પરંતુ ચંદ્રનો કોઈ અતો-પતો ન હતો. અચાનક એ ફસડાઈ પડ્યા. સ્થિતિ કથળતી જતી હતી. દવા લેવા માટે મણિશંકર ઢસડાતાં ઢસડાતાં મેજ પાસે પહોંચ્યા. ત્યાં તો ચીઠ્ઠી હાથમાં આવી.

'ચીઠ્ઠી? આ તો ચંદ્રની ચીઠ્ઠી !' હૃદયરોગના હુમલાને ખાળી દીધો હોય એમ દવાને વિસારે મૂકી. જરાક જેટલા સ્વસ્થ થઈને ભારે હિંમત રાખી ચીઠ્ઠી વાંચવા લાગ્યા.

ચંદ્રે છેલ્લા ફકરામાં લખ્યું હતું, 'મને ખબર છે તમે મને શી રીતે જોતા હતા ? પણ હું એ સંબંધ સ્વીકારી શકું એમ ન હતી. હું તમારા લાયક નથી, એક નાનકડી રકમનો ચેક સાથે જોડ્યો છે. મને મારા ગેરવર્તન બદલ માફ કરી હોય તો એમાંથી એક પારિતોષિક શરૂ કરજો. મારા વ્હાલા લેખક! સ્ટીલ આઈ લવ યુ. ગુડ બાય. કીપ રાઈટિંગ.'

'ઓહ !' મણિશંકર માટે આ એક વધુ આશ્ચર્યનો આઘાત હતો. એમની અંદર રહેલો પ્રેમકથાનો પ્રસિદ્ધ લેખક તરત સ્વસ્થ થઈ ચીઠ્ઠીની પાછળ, પેન ઉપાડીને કંઈક લખવા જાય એ પહેલાં તો એમના હૃદયે જવાબ આપી દીધો... 'ચં..દ..ર...ચં..દ..ર..!' રટતાં-રટતાં પ્રસિદ્ધ નવલકથાકાર મણિશંકર બિલકુલ શાંત થઈ ગયા. પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણની છબીવાળું કૃષ્ણ-કેલેન્ડર પણ જાણે પારધીનું બાણ મોક્ષ-પીપળે લાગ્યું હોય એમ તૂટી પડ્યું હતું.

૬, તપસ્વી જલારામ સોસાયટી, રામતીર્થ સોસાયટી પાસે,
જ્ઞાનદા બસ સ્ટેન્જ, જીવરાજ પાર્ક માર્ગ,
વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧.
(મો.) ૯૦૯૯૦૧૯૨૯૧

નસીબદાર

- *પ્રેમજી પટેલ*

"સાલી.... નસીબદાર તો એક્કો, એટલો દેખાવડો હસબન્ડ મળ્યો છે તે ? શીલાએ નિખાલસતાથી વખાણ કરવા માંડ્યા.

'... અને એ પોતે ક્યાં બહુ રૂપાળી છે તે !' નીલીએ સૂર પૂરાવ્યો.

બંધ નળની માફક હું જ ચૂપ રહી. હંસાના ગાલ પ્હેલેથી ફૂલેલા તે અમે તેને ફૂલીનો એક્કો કહેતાં.

'બેન બા... તમે તો બોલો, તમે એ વિસ્તારમાં છો તે ઘણીવાર મળતાં હશો-' નીલાએ મને કંઈક બોલું એ માટે ઉશ્કેરવા મથામણ કરી. છેવટે થોડું કહેવાની ઈચ્છા થઈ.

'એનો ઘરવાળો હેન્ડસમ છે એ સાચું... પરન્તુ...' બંનેની કુતૂહલ ભરી નજર મારા ચહેરા પર ચીપકી રહી. હમણાં પંદર દિવસ અગાઉ ઘરે મળવા ગયેલી ત્યારે તેની આંખો લાલચોળ ને કશુંક થયું જ હશે માની મેં ખણખોદ કરી...'

'હેં ?'

'હું તો શાન્તિથી બધી વાત કઢાવવા...?'

'પછી ?'

'એના હસબન્ડે મારી હતી, બપોરે જમીય નહોતી... પછી તો ફરી રડવા માંડી... તમે નહીં માનો એવી વાત કરી.' ...એ બેય આંખોથી શબ્દો પીતા હોય એમ એક નજરે મારી સામે જોતાં ક્યે 'શું કહેવાય !'

'હં... એનો ધણી એના પર શંકા કરી મારે છે, એનો સ્વભાવ શંકાશીલ છે... તે કરવું શું ! એ ક્યે બળ્યું, બ્હારનું કોઈ નામ દે તો એના તરફ જોવાનું અને એને ત્યાં જવાનુંય બંધ કરી દઉં પણ... આતો ઘરમાંથી નામ દે છે તે...'

મેં દીર્ઘ શ્વાસ લીધો... આગળ વધી 'એનો ધણી તો દિયરનું નામ દે છે કરવું શું ? જીવવું શી રીતે ? એટલું બોલી છૂટ્ટા મ્હોંએ રડવા માંડી.'

'એનાથી તો મારા કરસનજી શું ખોટા ? ગાય જેવા...' એ રીતે નીલા બોલી તે અમે ત્રણે એક સાથે ખખડીને હસી પડ્યાં. હસતાં હસતાં શીલા ક્યે 'તમેય ક્યાં રાધા ગોરી છોં તે...' ફરી હળવાશ પ્રસરી...

મુ.પો. ખેરોલ, ઠે. મહાદેવવાસ, તા. તલોદ,
જિ. સાબરકાંઠા-૩૮૩૨૧૫.
મો. ૯૪૨૬૩૬૫૮૦૨



છતાં !!!

- અન્નપૂર્ણા મેકવાન

મમતાબહેન... મમતાબહેન... ડૉ. મનીષા એ તેને ઢંઢોળી, મમતાએ આંખો ખોલી ! ડૉક્ટરે મમતાની પાસે પાણીનો ગ્લાસ ખસેડ્યો અને આંખોથી પાણી પીવાનો તેને ઈશારો કર્યો. તેણે ગ્લાસ હાથમાં લીધો અને એકીશ્વાસે ગટગટાવી ગઇ. ત્યાં તો દવાખાનામાં કામ કરતાં હતાં તે રમીલાબહેન કૉફી અને બિસ્કિટનું પેકેટ ટેબલ ઉપર મૂકી ગયાં. ફરીથી ડૉ. તેને આંખના ઈશારાથી કૉફી અને બિસ્કિટ લેવાનું કહ્યું. મમતાને શરીરમાં સખત કમજોરી લાગી રહી હતી ! એટલે તેણે આનાકાની કર્યા વગર ચુપચાપ કૉફી અને બિસ્કિટને ન્યાય આપ્યો. હવે, તેને થોડું સારું લાગ્યું અને તેને યાદ આવ્યું ! કે ડૉ. તેને, તેના રિપોર્ટ બાબતે મળવા માટે બોલાવી હતી. અને ડૉક્ટરે રોગ વિશે તેને માહિતગાર કરતા તેના આઘાતમાં તેને મૂર્છા આવી ગઇ હતી !!

તેને સ્વસ્થ થયેલી જોતા ડૉ. મનીષા બોલ્યા, 'જુઓ, મમતાબહેન તમારી પરિસ્થિતિ હું સારી રીતે સમજું છું, પણ કશું મારા હાથમાં નથી. હું પણ લાચારીનો અનુભવ કરું છું ! અમે ડૉક્ટરો તો ફક્ત રોગની સારવાર કરીએ. એટલે તમારે હિંમત તો રાખવી પડશે !! અને બીજુ બધું ઉપરવાળા પર છોડી દો' અને ડૉ. એ મમતાનો હાથ દબાવ્યો. તેમાં મમતા પ્રત્યે સહાનુભૂતિ હતી.

'ડૉ. તમારી કાંઇ ભૂલ થતી તો નથી ને...!? આ લેબોરેટરી તો બરાબર છે ને...? રિપોર્ટ બીજા કોઇ ડૉ.ને તો બતાવીએ તો...?!!' મમતાને ખબર ન હતી પડતી કે કેવી પ્રતિક્રિયા આપવી.

'અરે...!! ના... ના...! મેં બરોબર ચોકસાઇ કરી જ છે. પહેલી વખતનાં રિપોર્ટમાં જ મને શંકા ગઇ હતી. તો પણ ચોકસાઇ માટે જ ફરીથી બધા તમારા રિપોર્ટ કઢાવ્યા તથા આ રોગના સ્પેશ્યાલિસ્ટ જે ડૉક્ટર છે તેમને પણ બતાવ્યા. અને તેમની પણ સલાહ લીધી છે. આ બધું ચાલતું હતું એટલે તો આટલા બધા દિવસ પછી તમને મળવા બોલાવ્યાં છે !' ડૉ. મનીષાએ મમતાબહેનને કહ્યું.

મમતા દિગ્મુઢ થઇને બેસી રહી. તેને ખબર ન હતી પડતી કે હવે શું કરવું !!! તે ચુપચાપ ડૉ. સામે જોઇ રહી.

'હવે ટ્રીટમેન્ટ ક્યારથી ચાલુ કરવી છે ?' બે-પાચં મિનિટ પસાર થવા દઈને ડૉ. એ પૂછ્યું.

'હું કેટલો ટાઇમ... આઇ મીન મારી પાસે કેટલો સમય છે...!! 'મમતાએ પોતાની જાતને સંભાળી અને એક ઊંડો શ્વાસ લેતા ડૉ.ને પૂછ્યું.

ડૉક્ટર મનીષાએ મમતાને સ્વસ્થ થયેલી જોતાં રાહત અનુભવી ! મમતા ડૉ. મનીષાની જૂની પેશન્ટ. તેની બંને દીકરીઓના જન્મ તેમણે જ કરાવેલા. અને ત્યાર પછીની પરિસ્થિતિમાં મમતાએ જે હિંમતભર્યો નિર્ણય લીધેલો ! તેનાથી તેઓ સારા એવા પ્રભાવિત થયેલા ! અનેત્યાર બાદ તે બંને વચ્ચે એક આત્મીય સબંધ બંધાઇ ગયેલો. આમ તો ડૉ. મનીષા ગાયનેકોલોજીસ્ટ હતા. પણ તેમની ઉપરના વિશ્વાસને કારણે જ મમતા કે તેની દીકરીઓને કાંઇ પણ શારીરિક તકલીફ વખતે મમતા સૌથી પહેલા ડૉ. મનીષા પાસે જ જતી અને તેમના માર્ગદર્શન પ્રમાણે બીજા ડૉક્ટર પાસે જતી. અને આમ, તે મમતાનાં ડૉક્ટર ઉપરાંત અંગત ફ્રેન્ડ અને માર્ગદર્શક બની ગયાં હતાં જાણે કે !

છેલ્લા ઘણા સમયથી મમતાને શરીરમાં તાવ રહ્યા કરતો. તથા પેટમાં અસહ્ય દુખાવો થતો. ઘર મેળે દવા લઇને તેણે ખાસ્સા દિવસ ચલાવ્યું. પણ પછી તાવ ના ઊતરતા તથા અસહ્ય દુખાવો અને અશક્તિ વધી જતા તે ડૉ. મનીષા પાસે આવી. ડૉ. એ તો એમ જ બધા ચેક-અપ કરાવ્યાં. અને તેમા જે નિદાન થયું તેનાથી તેઓ ચોંકી ઊઠ્યાં ! પણ પોતે ભૂલ તો નથી કરી રહ્યાને !! તેની ખાતરી કરવા મમતાના બધા રિપોર્ટ ફરીથી કરાવ્યા હતા. અને આ વખતે પણ મમતાનાં રોગનું તે જ નિદાન આવતા તે ડિસ્ટર્બ થઇ ગયા હતા. તેમણે તરત જ તે રોગના સ્પેશ્યાલિસ્ટ ડૉકટરનો સંપર્ક કર્યો હતો અને તેમણે જે વાત કરી હતી તેનાથી તેઓને પણ આઘાત લાગ્યો હતો. પણ ડૉક્ટર તરીકેની પોતાની ફરજથી તે સુપેરે માહિતગાર હતા, અને તે કે દર્દીને તેની શારીરિક પરિસ્થિતિથી માહિતગાર કરવો તો પડે !! એટલે આજે તેમણે મમતાને બોલાવીને તેને તેના રોગથી માહિતગાર કરી હતી. તેમને પરિસ્થિતિની ગંભીરતા સમજાતી હતી. એટલે મમતા માટે ચિંતાતુર પણ એટલા જ

હતા. પણ તેને હવે સ્વસ્થ જોઇને તેમણે આગળ હવે શું કરવું તે વિશે મમતા સાથે પ્રાથમિક ચર્ચા કરવી જરૂરી સમજી.

ચર્ચા કરીને મમતા ઘરે જવા ઊઠી. મમતાની મનોદશાથી ડૉકટર વાકેફ હતા એટલે 'સ્કુટી'ને ત્યાં જ મૂકીને રિક્ષામાં ઘરે જવાનું સૂચન મમતાને કર્યું અને મહેશ (તેમને ત્યાં કેસ લખતો છોકરો) સ્કુટી 'ઘરે પહોચાડી દેશે' તેવું જણાવ્યું. અને મહેશને રિક્ષા બોલાવવાનું કહ્યું. મહેશે રિક્ષા બોલાવી એટલે મમતા ઘરે જવા નીકળી. ડૉક્ટરની આગળ તો સ્વસ્થ હોવાનો તેણે દેખાવ કર્યો હતો, પણ અંદરથી તે હલી ગઇ હતી! સમજો ને કે ભાંગીને ચૂરચૂર થઇ ગઇ હતી. અત્યાર સુધી તો જે કાંઇ મુશ્કેલીઓ આવી તેનો તેણે હિંમતથી સામનો કર્યો હતો. પણ આનો તે કેવી રીતે સામનો કરી શકશે !! તેને કશો માર્ગ દેખાતો ન હતો. હવે શું થશે ? શું કરું ? કોની મદદ માગું ? મારી દીકરીઓનું શું થશે ? તેને પોતાનાં કરતાં તેની બંને દીકરીઓની વધારે ચિંતા હતી. આવા બધા વિચારોના ઘોડાપુરમાં તે ઘરે પહોચી.

મમતા સ્કૂલમાં શિક્ષક હતી. વિજ્ઞાન અને ગણિત ભણાવતી હતી. તેની બંને દીકરીઓ પણ તેની જ સ્કૂલમાં ભણતી હતી. થોડા દિવસથી તબિયત સારી ના રહેતા તેણે ડૉ. મનીષાની સલાહને અનુરૂપ બધા શારીરિક ટેસ્ટ કરાવ્યા હતા. અને આજે ડૉ. તેને મળવા બોલાવી હતી. જો કે ડૉ. ફરીથી બધા ટેસ્ટ કરાવાનું કહ્યું ત્યારથી તેને પોતાને કોઇ 'બીમારી' હોવાની આશંકા ગઇ હતી પણ તે આટલી 'ગંભીર બીમારી!' નીકળશે તેનો તેને સહેજ પણ અંદાજો ન હતો. અને એટલે આજે જ્યારે ડૉ. તેને મળવા બોલાવી ત્યારે તે સ્કૂલમાંથી થોડી જલદી નીકળીને દવાખાને પહોંચી હતી.

તે જ્યારે ઘરે પહોંચી તેની થોડીવારમાં તેની બંને દીકરીઓ આવી પહોંચી. તેમના આવવાથી. મમતાનું મન પોતાનામાંથી ખસીને તેમનામાં પરોવાયું. તેમને નાસ્તો કરાવ્યો. ત્યાં તો મમતાના ઘરે ટ્યૂશન માટે આવતાં બાળકો આવવાં લાગ્યાં. માંડ માંડ ટ્યૂશન કાર્ય પતાવ્યું ત્યાં તો સાંજની રસોઇની તૈયારી તેણે શરૂ કરી. દરરોજની જેમ રસોઇ કરતાં કરતાં તેણે દીકરીઓ સાથે તેમની દિવસભરની અભ્યાસ અને સ્કૂલ અને બહેનપણીઓ અને નાસ્તો અને શિક્ષકો અને અને... પૂરી ના થાય તેવી વાતો અને જમવાનું અને ઘરનાં બાકીનાં કામ આ બધું આટોપતા મમતાને દરરોજની જેમ દશ વાગી ગયા. દીકરીઓ તેના વગર સૂતી નહીં ! ડાબી બાજુએ મોટી દીકરી અને જમણી બાજુએ નાની દીકરીને સૂવા જોઇએ. અને તેમાંય નાની બીજા ધોરણમાં ભણતી દીકરી ને તો એક હાથે મમ્મીના કાનની બુટ પકડવી અને બીજા હાથનો અંગૂઠો મોમાં મૂકીને તેને વળગીને સૂવા જોઇએ ! એટલે તેણે દરરોજની જેમ 'મીમી... મીમી...' કરીને બૂમાબૂમ કરી મૂકી ! તો મોટી દીકરી જે ચોથા ધોરણમાં ભણતી હતી તેણે 'મને ડિસ્ટર્બ થાય છે, બૂમો ના પાડ...' અને પછી તે બંને વચ્ચે દરરોજની જેમ યુદ્ધ ચાલુ થઇ ગયું !

મમતા ઝડપથી કામ આટોપતી દીકરીઓ પાસે ભાગી. આજે તેનાથી બંને દીકરીઓ ઉપર થોડો ગુસ્સો પણ થઇ ગયો. જો કે બંનેને પડખામાં લઇને દરરોજની જેમ વાર્તા તેણે શરૂ કરી અને દરરોજની જેમ જ વાર્તા શરૂ થતા જ બંને દીકરીઓ સૂઇ ગઇ, દરરોજ તો તે પણ વાર્તા કહેતા કહેતા જ સૂઇ જતી પણ આજે ઊંઘ આવે તેવી શક્યતા ન હતી !! તેણે બાજુમાં સુતેલી દીકરીઓ પર નજર ફેરવી. અને તેને સવારે કહેલા ડૉ. ના શબ્દો યાદ આવ્યા અને તે ગભરાઇ ગઇ. તેને રૂમની છત જાણે કે તેની ઉપર પડશે અને પોતાને દબાવી દેશે તેવો ભય લાગ્યો. તે સફાળી બેઠી થઇ ગઇ. તેણે ગળામાં ભયંકર શોષ પડતો અનુભવ્યો. એટલે તે ઊઠીને રસોડામાં ગઇ અને પાણી પીધું. અને પછી બાલ્કની બાજુનો દરવાજો ખોલીને બહાર બાલ્કનીમાં આવીને ઠંડો શ્વાસ છાતીમાં ભર્યો.

તેને અંધારાની હંમેશાં બીક લાગતી. પણ આજનું અંધારું તેને પોતાના જીવન કરતા વધારે પ્રકાશમય લાગ્યું. એટલે તે બાલ્કનીમાં કઠેડાને અઢેલીને બેસી ગઇ. અને પોતાના ભતૂકાળમાં ખોવાઇ ગઇ.

દરેક યુવતીની જેમ જ તેનાં પણ વર અને ઘરનાં અનેક રંગીન સ્વપ્નાઓ હતા. અને તે બધા સાચાં પણ પડ્યાં હતાં ! તે ખૂબ ખુશ હતી ! અને તેમાં મા બનવાની ખુશીએ વધારો કર્યો હતો. તેણે તે સમાચાર ઘરમાં આપ્યા ત્યારે બધા જ ખુશ થઇ ગયા હતા. અને તેમાય તેના પતિની ખુશીનો પાર ન હતો. તેણે બાળકીને જન્મ આપ્યો હતો. પતિને તથા ઘરનાને આ ગમ્યું ન હતું પણ તેમણે કચવાતા મને દીકરીને સ્વીકારી હતી. (જો કે આ બધાની તો મમતાને પાછળથી ખબર પડી હતી.) પણ તેને તરત જ બીજું બાળક લાવવા માટે ઘરનાં દ્વારા દબાણ કરવામાં આવતું હતું. તે પોતે બે બાળક વચ્ચે પાંચ વર્ષનો સમયગાળો રાખવા માગતી હતી કે જેથી સંતાનો પર પૂરું ધ્યાન આપી શકાય. પણ દરરોજના કકળાટથી બીજું બાળક લાવવા નજીકના સમયમાં તૈયાર થઇ. તેની પ્રેગ્નન્સીના સમાચાર

સાંભળીને તેનો પતિ તેને 'આવનાર બાળક તંદુરસ્ત તો છે ને ? જેથી ભવિષ્યમાં કોઈ અડચણ આવે નહીં' તેની ખાતરી કરવા માટેનો ટેસ્ટ છે. તેમ કહીને મમતાને ટેસ્ટ કરાવવા માટે રાજી કરી હતી. પણ તે ટેસ્ટ તો બાળકની જાતિ જાણવા માટેનો હતો ! તેની ખબર મમતાને જ્યારે તેના પતિએ 'મારે ફરી વખત આ સાપનો ભારો નથી જોઈતો !' કહીને તેને ગર્ભપાત માટે દબાણ કરવા લાગ્યો હતો ! ત્યારે તેને પતિની ચાલાકીનો ખ્યાલ આવ્યો. જો કે તેણે મક્કમતાથી આની ના પાડતા તેની ઉપર જુલમ કરવામાં સાસરીવાળા એ પાછું વળીને જોયું નહીં. વળી, નાનકડી દીકરી પ્રત્યે પણ સાસરીવાળા જે ખરાબ વર્તન કરતા હતા તેનાથી પણ તે વ્યથિત હતી. છતાં પણ હિંમત રાખીને આ બધું સહન કરતી. તેને આશા હતી કે પતિને તે સમજાવી શકશે કે જેથી તે દીકરીઓ પ્રત્યે માયાળુ બને !

પણ, એક દિવસ આ બાબતને લઈને સાસુએ ઘરમાં કોહરામ મચાવી દીધો હતો અને પતિએ તેમાં સાથ પુરાવતા તેને તથા તેની નાનકડી દીકરીઓને ઘરમાંથી બહાર કાઢી મૂક્યા કે જેથી મમતાની 'સાન' ઠેકાણે આવે ! પણ મમતા પોતાની દીકરીઓને ખોવા ન હતી માગતી એટલે તેણે ઘર છોડી દીધું. અને જે મળે તે કામ કરતી ગઈ. થોડા સમય પછી તેને સ્કૂલમાં શિક્ષિકાની નોકરી મળવાથી તથા સારા એવાં ટ્યૂશન પણ મળતાં તેણે પછી જૂનો એક રૂમ-રસોડાનો ફ્લેટ પણ લોન લઈને લીધો હતો. અને આમ... તેની જિંદગી થાળે પડી રહી હતી.

અને ત્યાં જ...!!?

મમતાને પેટનું કેન્સર થયું હતું. અને તે લાસ્ટ સ્ટેજમાં પહોંચી ગયું હતું. આ રોગના નિષ્ણાત ડૉક્ટરના અભિપ્રાય પ્રમાણે ઓપરેશન પછી પણ બચવાના ચાન્સીસ ઓછા હતા. તેને તેના કરતાં દીકરીઓની ચિંતા વધારે હતી. પતિ પાસેથી તો કશી આશા રખાય તેમ હતું નહીં ! તેણે તો પોતાની દુનિયા વસાવી દીધી હતી. તો ભાઈને બીમાર ભાભી અને ત્રણ સંતાનોનું પૂરું કરવામાં કેટલી દોડાદોડી રહેતી હતી તેની તેને ખબર હતી. એટલે તો જેમ બને તેમ તેણે પોતાનો અલગ સંસાર ચાલુ કર્યો હતો. હવે ફરીથી ભાઈ-ભાભીની મુશ્કેલીઓમાં વધારો કરવો ન હતો. એટલે ત્યાં આશા રાખવી વ્યર્થ હતી. વળી, નાની છોકરીઓ સાથે થતા જાતીય દુર્વ્યવહારો યાદ આવતાં તેણે કંપારી અનુભવી !! અને તે ફરીથી હતાશ થઈ ગઈ !! તેણે ઉપર જોયું અને આકાશના તારાઓમાં પોતાનાં માતા પિતાને શોધવા લાગી, એ આશાએ કે તેમની મદદથી તેની આ સમસ્યાનો જાણે કે ઉકેલ આવી જશે !!

અને આમ જ સવાર પડી.

સ્કૂલે જવાનું તેને ગમતું. બાળકો સાથે તે પોતાનું દુઃખ ભૂલી જતી. વિજ્ઞાન અને ગણિત તે એટલી સરસ રીતે શીખવતી કે ક્લાસમાં કોઈને કંટાળો આવતો નહીં. આજે પણ વિજ્ઞાન શિખવતા તે પ્રાણી જગત અને તેમની ખાસિયત વિશે શિખવાડી રહી હતી. પાંચમા ધોરણનાં બાળકો ધ્યાનથી સાંભળી રહ્યા હતા.પ્રાણીઓની ખાસિયતો વિશે જાણીને તેમને અત્યંત આશ્ચર્ય થઈ રહ્યું હતું. તો કોઈ કોઈ વિદ્યાર્થી પ્રશ્નો પૂછીને પોતાની જિજ્ઞાસા સંતોષી રહ્યા હતા. જો કે તે બધાને તો 'સાપણ જન્મ આપીને પછી પોતાનાં જ ઈંડાં ખાઈ જાય છે! ' તેનું આશ્ચર્ય થતું હતું ' એક મા થઈને પોતાના બાળકોને ખાઈ જાય !? 'તેમના માટે તે નવાઈની બાબત હતી !! અને પછી તો તેની ઉપર જ બધા વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછ્યા કર્યા અને આમ, જ પિરિયડ પૂરો થયો.

ઘરે આવીને બધાં કામ આટોપતાં પણ મમતાના મનમાંથી પેલી 'સાપણ'વાળી વાત ખસતી ન હતી. 'મા હોવા છતાં !!' અને એકાએક તેને જાણે કે તેની સમસ્યાનો ઉકેલ મળી ગયો હોય તેમ તેણે હાશ અનુભવી !! અને પછી વાસણ સાફ કરવાની ચોકડી આગળથી એક પેકેટ લઈને પ્લેટફોર્મ પર મુક્યું અને પછી ત્રણેયનાં દુધના ગ્લાસ ભરવા લાગી !

'સ્વર્ગમ', ૪૭૩-૨,
સેક્ટર-૨-બી,
ગાંધીનગર-૩૮૨૦૦૨.



બફારો

- આશિષ આચાર્ય

વાદળોએ આખું આકાશ ઘેરી લીધું હતું. કાળાંડીબાંગ વાદળો હમણાં ધોધમાર વરસી પડશે, એવા વિચારે વાઘજી રસ્તાની બાજુએ રડ્યાખડ્યા એક વૃક્ષ નીચે આવીને બેસી ગયો. બાફ અને ભેજ વચ્ચે માણસને અકળાવવાની હોડ જામી હતી પણ ઈચ્છે તોય વાઘજીને અકળાવું પોસાય તેમ નહોતું. પરસેવાથી વાઘજીનું આખું શરીર પચપચી ગયું હતું. ચીકણું થઈ ગયું હતું. હવાની નાની સરખી લહેર પણ નહોતી. એક પાંદડું ક્યારનું એમનું એમ પડી રહ્યું હતું. વાઘજી નસીબ આડેથી પાંદડું ખસવાની રાહ જોતો હોય એમ એ પાંદડા સામે તાકી રહ્યો હતો પણ પાંદડું હલતું નહોતું. રોજની જેમ આજે પણ બપોરે પડી ગઈ, છૂટક મજૂરી કરી પેટિયું રળતા વાઘજીને હજી સુધી કોઈ કામ મળ્યું નહોતું. ઉપરથી કોઈ મજૂરીકામ મળવાનું હોય એમ વાઘજીએ પાંદડા પરથી નજર હટાવીને આકાશ સામે મીટ માંડી કકડીને ભૂખ લાગી હતી પણ શોષ પડતો હોય એમ ગળા પર હાથ ફેરવી વાઘજીએ પોતાને જ છેતર્યો. રસ્તાની સામી બાજુએ ચાની રેંકડી પર કેટલાક લોકો બેઠાં બેઠાં ટોળટપ્પા કરતાં કરતાં ચાની ચૂસકી સાથે ખારી બિસ્કિટ ખાતા હતા. એને ખબર હતી કે, ખીસામાં એક રૂપિયોય નથી છતાં ખીસામાં હાથ નાખ્યો. પછી ફરી પાછો પાંદડા પર નજર ટેકવીને બેસી રહ્યો. આકાશ હજી વાદળોથી ઘેરાયેલું હતું. વાતાવરણમાં જેટલા બફારા અને ઉકળાટ હતા એટલા જ વાઘજીના મનમાં પણ હતાં.

સાંજ પડતાં પડતાં વાઘજી નિરાશાથી થાક્યો એટલે નજીકમાં જ ફૂટપાથ પર બાંધેલા પોતાના ઝૂંપડા તરફ ધીમા પગલે ચાલવા લાગ્યો. વજનદાર સામાન ઊંચકીને વીજળી વેગે ચાલતા વાઘજીને આજે ખાલી ખીસાનો ભાર લાગતો હતો. વાઘજીનો ઉતરેલો ચહેરો જોઈને સંતુ પરિસ્થિતિ પામી ગઈ. પામી જ જાય ને ! આ આજનું નહોતું, છેલ્લા અઠવાડિયાથી વાઘજી આવી જ રીતે ઘરે આવતો હતો. પોતે સમજી ગઈ છે, એવું વાઘજી જાણી ન જાય એ રીતે સંતુ ચહેરા પર પરાણે સ્મિત લાવીને બોલી,

'આવી ગ્યા ? ખમો, હું તમારા માટે પાણી લાવું.'

વાઘજીએ પણ સંતુ સમજી નથી, એવું જ રાખ્યું. પાણી ભરેલો લોટો ધરતાં સંતુએ વાતાવરણ હળવું કરવા પ્રયત્ન કર્યો, 'આજે બહુ બફારો છે, કાં !?'

'હા, રોજની જેમ... ડોળ કરે છે પણ વરસતો નથી !' છાપરાની છતમાં પડેલાં બાકોરાંમાંથી આકાશ સામે જોતાંજોતાં વાઘજીએ નિસાસો નાખ્યો.

'પડશે... પડશે.. એનું ટાણું આવશે ત્યારે પડશે... તમે ખોટા નિરાશ થાવ છો.' વાઘજી અને સંતુ બેયના હોઠે વાત વરસાદની હતી પણ હૈયામાં મજૂરી કામના મહેનતાણાનું રટણ ચાલતું હતું. અઠવાડિયાથી નાનું એવું નહોતું મળ્યું. એટલે નાના છોકરાના ગલ્લામાં હોય, તેનાથીય ઓછી બચતના રૂપિયા પણ ખૂટી પડ્યા હતા. સંતુને આગળ બોલવાનું સૂઝ્યું નહીં એટલે એમ જ ખાટલા પર બેસી રહી અને કામની રાહ જોઈ જોઈને થાકેલો વાઘજી આડો પડ્યો.

'એય... મારું એક કામ કરીશ ?' વાઘજીના કાન ચમક્યા. સડક દઈને ઊભો થયો ને ઝૂંપડાંની બહાર આવ્યો. બહાર ઊભેલા માણસે ફરી પૂછ્યું, 'મારું એક કામ છે, કરીશ ?'

વાઘજીને એ માણસ દેવદૂત જેવો લાગ્યો. 'હા... હા... શું કરવાનું છે ?'

'મારી કારમાંથી બોક્સ લઈને પેલ્લા શો-રૂમમાં મૂકવાનાં છે. કાર ત્યાં લઈ જવાય એટલી જગ્યા નથી.' 'ડેકી ખોલો, સાહેબ કહેતો વાઘજી કારની પાછળ આવીને ઊભો રહી ગયો. એક પછી એક વનજદાર દસ ખોખાં શો-રૂમમાં પહોંચતાં કરી વાઘજી એ માણસ પાસે આયો. એ માણસે વાઘજી સામે પાંચ સો રૂપિયાની નોટ ધરી. વાઘજીએ નોટ હાથમાં લીધી અને પહેલી વાર રૂપિયા જોતો હોય એમ વાઘજી એ નોટ સામે જોઈ રહ્યો. વાઘજીની આંખમાંથી આંસુ ટપકીને નોટ પર પડ્યાં. નોટ ખીસામાં મૂકી ઝૂંપડા તરફ ચાલતો થયો. વાઘજી અંદર ગયો અને ધોધમાર વરસાદ શરૂ થયો.'

બી-બી/૬, રૂદ્રાક્ષ એપાર્ટમેન્ટ,
ઓન્લી ઢોસાની પાછળ, મેનેજમેન્ટ એન્કલેવ પાસે,
વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.





" ફૂંકનો જાદુ "
- રસિક ગલચર
મો.- ૯૮૨૫૩૯૯૦૦૬



" અપરાહન "

- તેજસ દોષી

મો.-૯૪૨૬૪૫૪૧૦૦



રતિલાલ બોરીસાગર

નિરંજન ત્રિવેદી

પ્રવીણ દરજી

હરિકૃષ્ણ પાઠક

હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

ડૉ. નલિની ગણાત્રા

પરાગ ત્રિવેદી

ડૉ. જગદીશ ત્રિવેદી

અધીર અમદાવાદી

જીતેન્દ્ર ઠક્કર

કિશોર અંધારિયા

નગીન દવે

મધુકર દિ. ધ્રુવ

ભર્ગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

કૃષ્ણ પંડિત

કલ્પના દેસાઈ

પ્રદ્યુમન આચાર્ય

દિલીપ આર. શાહ 'રસીલા'

નિપુણ. સી ચોકસી









“ વાટ નિરખુ વાલમની ”

- જય પંચોલી
મો. - ૯૬૨૪૨૨૭૧૪૦

લૉકડાઉનનાં લેખાં-જોખાં

- રતિલાલ બોરીસાગર

લૉકડાઉનનું પહેલું ચરણ વિધિવત્ ૨૫મી માર્ચ, ૨૦૨૦થી આરંભાયું; પરંતુ, મારું લૉકડાઉન એ પહેલાં એક મહિનાથી શરૂ થઈ ગયું હતું - મારી કમર લૉક થઈ જવાને કારણે ! એટલે લૉકડાઉનના અનુભવની દૃષ્ટિએ હું ઘણો સિનિયર છું.

લૉકડાઉનના પ્રારંભે મોટા ભાગના લોકો એકદમ ડાઉન થઈ ગયા હતા; પણ, પછીથી લૉકડાઉન લંબાતું ગયું અને એની અનિવાર્યતા સમજાતી ગઈ તેમ ડાઉન થઈ ગયેલા ટટ્ટાર પાછા થતા ગયા - 'દર્દ કા હદસે ગુજરના હૈ દવા હો જાના' એ ન્યાયે! લૉકડાઉન પૂર્વે ઘર બહાર ન નીકળનારા કે ઓછું નીકળનારા લોકો પણ લૉકડાઉન અમલમાં આવ્યા પછી અકળાયેલા. સ્વાતંત્ર્યની ઝંખના માત્ર મનુષ્યજાતિની નહીં, પ્રાણીમાત્રની ઝંખના છે. ફરજિયાતપણું જ્યાં અને જ્યારે આવે છે ત્યાં ને ત્યારે માણસનું મન બળવો પોકારે છે. પોતાનું આખું મોં દુપટ્ટાથી ઢાંકીને ઍક્ટિવા પર માર-માર જતી આજની યુવતી સાસરે જાય ત્યારે સાસરિયાં જો લાજ કાઢવાનું કહે તો બંડ પોકાર્યા વગર ન રહે ! જ્યોતીન્દ્ર દવેએ 'શિખામણ' નામના હાસ્યનિબંધમાં કહ્યું છે કે 'કાદવમાં ન રમીશ ને કેળું ન ખાઈશ' એ બાળકને કહેવું તે એને કાદવમાં બોળીને કેળું ખાવાને ઉશ્કેરવા જેવું જ છે'. આવું બાળકપણું દરેક માણસમાં આજીવન ટકી રહે છે એટલે જ એક વાર પણ બહાર જવાની આળસ ચડતી હતી એવા માણસોને પણ લૉકડાઉન દરમિયાન ચાર-પાંચ વાર બહાર જવાની ઇચ્છા થતી હતી !

લૉકડાઉન દરમિયાન મારું શું થયું તેની કેફિયત રજૂ કરવા આ લેખ લખી રહ્યો છું.

મારી નિવૃત્તિ પછીનું આ બાવીસમું વરસ ચાલી રહ્યું છે. (જૂના જમાનામાં કોઈ ફિલ્મ એક જ થિયેટરમાં ૨૫ અઠવાડિયાં પૂરાં કરતી તો 'સાઇન બોર્ડ' પર લખાતું 'કીર્તિવંત ૨૫મું અઠવાડિયું' - એમ મને 'નિવૃત્તિનું કીર્તિવંત ૨૨મું વરસ' એમ લખવાનો વિચાર તો આવ્યો જ પણ વિવેકને કારણે એ વિચારનો અમલ મોકૂફ રાખ્યો છે.) આ બાવીસ વરસ દરમિયાન જુદી જુદી સાહિત્યિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ સાથે જોડાવાને કારણે તેમજ જુદી જુદી સંસ્થાઓનું સંચાલન કરી રહેલા અનેક મિત્રોને કારણે મારા કાર્યક્રમો, સેમિનારો, મિટિંગોની પ્રવૃત્તિ સતત ચાલતી રહી. પગ વાળીને બેસવાનો અવસર જ ન મળ્યો. ઈ. સ. ૨૦૦૭માં સ્કૂટરનો અકસ્માત થયો ત્યારેય પગ વાળીને બેસવાનું ન થયું, કારણ કે, પ્લાસ્ટરને કારણે પગ વળતો જ નહોતો! જોકે એ વખતે ચાર મહિના સૂઈ રહેવાનું થયું; પણ, બાણશય્યા પર સૂતાં સૂતાં ભીષ્મપિતામહે યુધિષ્ઠિરને રાજધર્મનું કોચિંગ આપ્યું હતું, એમ મેં બાણશય્યા જેવી જ લાગતી પથારીમાં સૂતાં સૂતાં મારા 'ભજ આનંદમ્' પુસ્તકની હસ્તપ્રત તૈયાર કરવાથી માંડીને એનાં ફાઈનલ પ્રૂફ વાંચવા સુધીની કામગીરી કરેલી. પણ એ ચાર મહિના બાદ કરતાં મારી પ્રકૃતિ અને પ્રવૃત્તિને કારણે મારે સતત બહાર રહેવાનું થતું. યશવંતભાઈ (યશવંત શુક્લ) સાથે બીજી કોઈ રીતે મારી તુલના થઈ શકે તેમ નથી, પણ યશવંતભાઈની જેમ જ હું ક્યારેય કોઈ સંસ્થાના નિમંત્રણને નકારી શક્યો નથી. સંસ્થા નાની હોય કે મોટી, પુરસ્કાર આપી શકે કે ન આપી શકે, કમ્ફર્ટેબલ વાહનની વ્યવસ્થા થાય કે ન થાય - યશવંતભાઈ કોઈને ના ન પાડી શકતા. મારા એક મિત્રની સંસ્થાના કાર્યક્રમમાં હું યશવંતભાઈને મારા સ્કૂટર પર બેસાડી એમના નિવાસસ્થાનેથી કાર્યક્રમના સ્થળે લઈ ગયો હતો. આમાં અમારા બંનેના પક્ષે જોખમ હતું. યશવંતભાઈ જેવા શબ્દના બધા અર્થમાં 'વજનદાર' વ્યક્તિને સ્કૂટર પર બેસાડવામાં જોખમ હતું તો મારા જેવા એ સમયે નવાસવા સ્કૂટરચાલકની પાછળ બેસવામાં યશવંતભાઈના પક્ષે વધુ જોખમ હતું - ને છતાં, અમે બંનેએ એ જોખમ ખેડેલું. કોઈ સંસ્થામાં અતિથિ તરીકે જવામાં હું તો યશવંતભાઈ કરતાં બે ડગલાં આગળ હતો. યશવંતભાઈને ક્યારેય કોઈના બદલે ભાષણ કરવા જવાનું નહોતું થતું. મારે તો એ રીતેય અનેક વાર જવાનું થયેલું ને મેં ક્યારેય કોઈને ના પાડી નહોતી. (ખુદ યશવંતભાઈને બદલે હું પાલનપુર કૉલેજના વાર્ષિકોત્સવ પ્રસંગે અતિથિવિશેષ તરીકે ગયેલો, જ્યાં બીજા અતિથિવિશેષ પાટણ યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક હતા.) હાસ્યલેખક નિરંજન ત્રિવેદી મને 'સદાબહાર સાગર' કહે છે. એમણે પહેલી વાર આ બિરુદ આપ્યું ત્યારે જ એનો વ્યંજનાર્થ હું તો પામી ગયેલો; પણ, કોઈએ એમને પૂછેલું, ''તમે રતિલાલ બોરીસાગરને 'સદાબહાર' વિશેષણથી કેમ નવાજો છો ? દેવ આનંદ એમના પ્રિય હીરો છે એટલે એમની જેમ 'એવરગ્રીન' વ્યક્તિ તરીકે ?'' નિરંજને હા પાડી હોત તો મને જરૂર ગમત, પણ નિરંજને 'સારું' ને 'સાચું' વચ્ચે સાચું કહેવાનું પસંદ કર્યું ! એમણે કહ્યું, 'સદાબહાર' એટલે 'એવરગ્રીન' નહીં, 'સદાબહાર' એટલે સદા - હંમેશાં બહાર ! એમને ઘેર ફોન કરો તો દસમાંથી નવ વખત જવાબ મળે : 'સેમિનારમાં ગયા

છે', 'પુસ્તકવિમોચનના કાર્યક્રમમાં ગયા છે', 'માતૃભાષાના વર્ગમાં ભણાવવા ગયા છે' ટૂંકમાં 'સાગર સદા ઘરબહાર' !

'ગૃહસ્થ' શબ્દનો અર્થ થાય - 'ઘરમાં રહેનાર' - પણ આ 'ગૃહસ્થ' હંમેશાં 'ઘર બહાર' ! પણ લૉકડાઉને મને શબ્દના મૂળ અર્થ મુજબ 'ઘરમાં રહેનાર' બનાવી દીધો. આ અઠંગ ભાષણબાજ માણસનાં બધાં ભાષણો ગળામાં ગૂંગળાઈ ગયાં છે. આ ભાષણવીરના અગાઉથી ગોઠવાઈ ગયેલા ત્રણ કાર્યક્રમો લૉકડાઉનને કારણે રદ થઈ ગયા. કંકોતરી લખાઈ ગઈ હોય, નવાં કપડાં સિવાઈને આવી ગયાં હોય, અતિ દુર્લભ એવો પાર્ટીપ્લૉટ બુક થઈ ગયો હોય, ડેકોરેશનનો ઑર્ડર અપાઈ ગયો હોય, જમણવારનો કૉન્ટ્રેક્ટ અપાઈ ગયો હોય ને લગ્ન એકાએક બંધ રહે તો પરણવા થનગની રહ્યાં હોય એવાં યુવક-યુવતીની શી દશા થાય ? મારી દશા એમનાથી સહેજે ઓછી કરુણ નથી !

— પણ, ચમત્કાર કહો તો ચમત્કાર - મારામાં એકાએક જ્ઞાનનો ઉદય થયો. મને થયું દરેક કાર્યક્રમ વખતે હું આયોજકોને અનુકૂળ થવાનો પ્રયત્ન કરું છું. તારીખ મને અનુકૂળ ન હોય તોપણ ગમે તેમ કરીને અનુકૂળ કરવા પ્રયત્ન કરું છું. કાર્યક્રમનો સમય સાચવવા વહેલા ઊઠવું પડે તો ઊઠું છું. મને બોલવા માટે ચાલીસ મિનિટ આપી હોય ને મારા પૂર્વવક્તાઓ લાંબું બોલે ને આયોજકશ્રી મને પંદર મિનિટમાં મારું ભાષણ સમેટી લેવા કહે છે તો સમેટી લઉં છું. જમવામાં મોળું બનાવવાનું કહું છું, પણ યજમાન કાર્યક્રમના ટેન્શનમાં ભૂલી જાય તો તીખું ખાઈ લઉં છું તો પછી ઘરમાં અનુકૂલન કેમ ન સાધું ? ને મેં ખાસ કરીને ભોજનમાં અનુકૂલન સાધવાનો નિર્ણય લીધો. અત્યાર સુધી જે ભાવતું હતું તે ફાવતું નહોતું ને જે ફાવતું હતું તે ભાવતું નહોતું એટલે મારી તબિયતને અનુકૂળ આવે એવી રસોઈ મારા એકલા માટે મહારાજ અલગ બનાવતા. પણ, લૉકડાઉનને કારણે ઘરકામ અને રસોઈની બેવડી જવાબદારી પુત્રવધૂ પર આવી. પુત્રવધૂએ હૃદયપૂર્વક આ જવાબદારી સ્વીકારી, તેમ છતાં એને રાહત રહે એવી ભાવનાથી લૉકડાઉનના પ્રારંભે જ મેં પુત્રવધૂને કહી દીધું, 'હવેથી મારે માટે કશું અલગ ન બનાવવું, તું જે બનાવીશ તે હું ખાઈશ.' આટલાં વરસોથી ખાવાની બાબતમાં મારાં જે વૈવિધ્યપૂર્ણ નખરાં હતાં તેના સઘન અનુભવ પછી મારી 'તું જે બનાવીશ તે ખાઈશ' એવી વાત સાંભળી ઘડીભર તો પુત્રવધૂ અવાક્ થઈ ગઈ. મારા શરીરમાં સોડિયમ ઘટી ગયું છે કે શું ? - એવી એને શંકા ગઈ. થોડાં વરસ પહેલાં મારા શરીરમાં સોડિયમ ઘટી ગયું હતું ત્યારે હું અસંબદ્ધ બોલવા લાગ્યો હતો એ ઘરનાં બધાંને યાદ છે એટલે પુત્રવધૂની શંકા સકારણ જ ગણાય. પણ, હું પૂરા સાનભાન સાથે બોલું છું એની એને ખાતરી થઈ એટલે એ ખૂબ રાજી થઈ. પોતાની ખુશી એણે બહેનપણીઓમાં વહેંચી પણ ખરી. મેં આવી સમજદારી દાખવી હોય એવો આ પ્રથમ પ્રસંગ હતો. એટલે ઘરમાં મારી સમજદારીની સર્વાનુમતે પ્રશંસા પણ થઈ. આટલી ઉંમરમાં મારી સમજદારીની સર્વાનુમતે પ્રશંસા થઈ હોય એવી પણ આ પહેલી ઘટના હતી !

ઘરનાં કામકાજ માટે ઘરગૃહસ્થી શરૂ થઈ ત્યારથી આજ સુધી મારી છાપ 'ગૂડ ફોર નથિંગ'ની રહી છે. (હું નાનો હતો ત્યારે મારાં બા ઘરનાં કામકાજના સંદર્ભમાં મારા માટે 'માંડી વાળેલ' એવો ભાષાપ્રયોગ કરતાં. 'માંડી વાળેલ' એ 'ગૂડ ફોર નથિંગ'નો ગુજરાતી અનુવાદ છે.) 'ગૂડ ફોર નથિંગ'નું બિરુદ મેં હોંશેહોંશે સ્વીકારી લીધું હતું. એટલે આ છાપ દૂર કરવાનો મેં ક્યારેય પ્રયત્ન ન કર્યો. પણ, લૉકડાઉન દરમિયાન હું એકદમ સક્રિય થઈ ગયો. સેનેટાઇઝેશનની સવારના સમયની જવાબદારી મેં ઉપાડી લીધી છે. દૂધની કોથળીઓ સાબુના પાણીમાં ધોવાની કામગીરી મારે હસ્તક છે. આ જવાબદારી પૂરી નિષ્ઠાથી અદા કરું છું. છાપાને સેનેટાઇઝ કરવાની કદાચ જરૂર નહીં, તોપણ હું છાપાને પણ રોજ સેનેટાઇઝ કરું છું. ક્યારેક હાથ ધોયા વગર સેનેટાઇઝરની બૉટલને હાથ લગાડાઈ જાય છે તો હું સેનેટાઇઝરની બૉટલની બહારની સપાટીને પણ સેનેટાઇઝ કરું છું. મારી પૌત્રી એની બહેનપણીઓને કહે છે, 'દાદા સાબુને બીજા સાબુથી નથી ધોતા એટલું સારું છે, પણ ક્યારેક એમ પણ કરે તો નવાઈ નહીં !' આમ છતાં, મારી કામગીરીને કારણે ઘરનાં સૌ મારા પર પ્રસન્ન છે. ઘરનાં સૌ સભ્યો મારા પર પ્રસન્ન હોય એવું આ પૂર્વે કદી બન્યું નહોતું એટલે હું પોતે પણ આ કારણે ખુશ છું !

એફ/૬૭, રતિલાલ પાર્ક,
દર્પણ છ રસ્તા પાસે, અમદાવાદ-૧૪.
ફોન : ૦૭૯-૨૭૬૮૦૨૬૪



ઈસરોની એક શોધ

- નિરંજન ત્રિવેદી

ઈસરો આપણા દેશની એક વૈજ્ઞાનિક સંસ્થા છે.

તે જાતપાતની શોધ કરે છે. આપણને ચોકાવે છે. હમણાં જ ઈસરોએ તેના ઉપગ્રહની મદદથી ભારત-ગુજરાતના કેટલાક ભાગની ભૂર્ગભની તસવીરો લીધી તેમાં કેટલીક ચોંકાવનારી ખબરો મળી. જેની ઘણાને ખબર નથી. આ નાચીઝ તેમને એ અંગે વાત કરશે. એ તસવીરોમાં શું હતું તેની વાત કરું.

મૂળ વાત છે કે, ઉપગ્રહ જ્યારે અમદાવાદના ખાડિયા વિસ્તાર ઉપરથી પસાર થયો ત્યારે ભૂગર્ભની તસવીર લીધી તેમાં દેખાયું કે ખાડિયાના પેટાળમાં હાસ્યગંગા વહી રહી છે. આ પેટાળની હાસ્યગંગાએ ગુજરાતી હાસ્યસાહિત્યની જોરદાર સેવા કરી છે.

આપણે એક 'જનરેશન' પાછળ જઈએ ત્યારે હાસ્યસાહિત્યમાં બકોર પટેલની વાતોનું વર્ચસ્વ હતું. તેના લેખક ડૉ. હરિપ્રસાદ વ્યાસ તેઓ ઝળોવાળી પોળના નાકે જ રહેતા હતા. બકોર પટેલની વાર્તાઓનાં પાત્રો હાથીભાઈ, વાઘજીભાઈ, શકરીબેન બાળકોમાં ખૂબ જ જાણીતા થયેલાં. આ ખાડિયાના રહેવાસીનો પ્રભાવ હતો. બકોર પટેલની એટલી લોકપ્રિયતા હતી કે હમણાં જ બકોર પટેલની વાર્તાઓનો સેટ ગૂર્જર ગ્રંથરત્ને બહાર પાડ્યો છે. (આ જાહેરાત નથી, માહિતી છે.)

આ બકોર પટેલે ગુજરાતી બાળકોના હાસ્યરસને પોષણ આપ્યું. પછી ખાડિયાના બીજા હાસ્ય ધૂરંધર શ્રી તારક મહેતા, સમગ્ર વિશ્વને હાસ્યરસ પાયો.

'તારક મહેતાનાં ઊલટાં ચશ્માં' એ આ હાસ્ય ધૂરંધર ખાડિયા સાંકડી શેરીમાં રહેતા હતા. એમનો હાસ્યરસ જગતમાં છવાઈ ગયો.

તારક મહેતાની વાત કરતા થોડીક આપવડાઈ કરી લઉં. એકવાર હું મુંબઈ ગયો હતો, બેન્કની ટ્રેનિંગના સબબે. ત્યારે તારકને ફોન કરી તેમના ઘેર ગયો. મને પૂછ્યું શરાબ ફાવશે ? ત્યારે મેં કહ્યું 'તારકભાઈ તમે મદિરા પાન કરજો, હું ચાહ લઈશ.' પછી વાતોનો દોર ચાલ્યો સંજોગોવશાત્ અમે સંદેશ પૂર્તિમાં સાથે જ લખતા એટલે એમણે મારું ઠીક ઠીક વાંચેલું. આ વાત દરમિયાન કોઈ અધિકારીનો ફોન આવ્યો. (ડેપ્યુટી મ્યુ. કમિશનરનો) એમણે તુરત કહ્યું આપણે પછી વાત કરીશું, તમે જેમ મારા ચાહક છો, તેમ હું જેમનો ચાહક છું તે નિરંજન ત્રિવેદી મારે ત્યાં આવ્યા છે. આને કહેવાય મારી આપવડાઈ, અને તારક ભાઈની 'ઝરાનવાઝી.'

'હાસ્યગંગા'નો બીજો પરિચય-વ્યંગ એ હાસ્યનો એક પ્રકાર ગણાય. મહાન વ્યંગ કવિ - અખાભગત પણ ખાડિયામાં જ રહેલા. દેસાઈની પોળમાં એમનું મકાન. પોળમાં સરકારે તેમનું બાવલું પણ મૂક્યું છે. 'તિલક કરતા ત્રેપન ગયા જપમાળાનાં નાકાં ગયાં' આ તેમની પ્રસિદ્ધ પંક્તિ છે.

સાહિત્યના હાસ્યરસના ધધૂપપૂ કહી શકાય તે બકુલ ત્રિપાઠી. એમણે હાસ્ય-વ્યંગ સાહિત્યનું વિપુલ સર્જન કર્યું. 'ગુજરાત સમાચાર'માં તેમની 'કક્કો બારખડી' સોમવારની સવારે લખ્યું. તેમણે જન્મભૂમિમાં દસેક વરસ હાસ્યગંગા વહેવડાવી.

બકુલભાઈએ રેડિયો નાટક દ્વારા હાસ્યરસ પીરસેલો જે યાદગાર છે. 'રંગલો બની ગયો સંન્યાસી' તેમની હાસ્ય નાટકની વાત અમને યાદ છે.

બકુલભાઈ વાતો કરે ત્યારે તેમની શક્તિનો ખ્યાલ આવે. અમે ૧૯૬૭માં દિલ્હી સાહિત્ય પરિષદમાં ગયા હતા. ચાહ પીને અમે બધા લોનમાં બેઠેલા. એક કાર્યકર્તા ચાહની કિટલી લઈને ચાહ આપવા આવ્યા.

'સાહેબ, ચાહ લેશો ?' યુવકે પૂછ્યું.

'અમે પીધી છે. બકુલભાઈએ કહ્યું.'

'એમ !'

'હા કેમ ! અમે પીધેલા નથી લાગતા ?' બકુલભાઈ ઉવાચ.

હાજર હતા એ બધા ખડખડાટ હસી પડેલા.

બકુલભાઈ આકાશ શેઠ કુવાની પોળમાં રહે. (ખાડિયા) અને સાહિત્યજગતની એક વક્તા યાદ કરું. આ હાસ્ય ધૂરંધરને જ્યોતિન્દ્ર દવે (પરિષદનું) પારિતોષક મળ્યું ત્યારે અમને તે વખતે પરીક્ષકનું કાર્ય અપાયેલું.

ભોજ અને ગંગુ તેલી જેવું લાગે. પણ ટેકનાલીટી ખાતર તેમ થયેલું.

પત્તાની જોડ વાળા પ્રબોધ જોષીએ હાસ્ય લેખકોનું સર્જન કરેલું એ પ્રતાપ પણ ખાડિયાની હાસ્ય ગંગાનો. બીજા એક ખૂબ જ લોકપ્રિય હાસ્ય લેખક અશોક દવે ખાડિયા ગોટીની શેરીમાં રહેલા. તેમની 'બુધવારની બપોર' થી ખૂબ જ ખ્યાતિ પામ્યા. એમની 'એન્કાઉટર' કોલમ પણ. ખાડિયાના સાથી તો ખરા પણ અમારા જ્ઞાતિબંધુ પણ ખરા અમે બંને શ્રીમાળી બ્રાહ્મણ, (દલપતરામ કવિ વાળા) તારક મહેતાનાં પત્ની ઈન્દુબેન પણ અમારી ન્યાતના જ હતા. એટલે અમે તારકભાઈને અરધા શ્રીમાળી બ્રાહ્મણ કહેતા.

અશોક દવેને ખાડિયાની હાસ્યગંગાના કારણે નામના મળી એમ કહી શકાય.

હાસ્ય સાહિત્યના બીજા ધધૂપપૂ મધુસુદન પારેખ પણ ખાડિયામાં વરસો રહ્યા. હું શાણી અને શકરાભાઈ તમામ હાસ્યરસના પ્રેમીઓને ગમી ગએલી 'ગુજરાત સમાચાર'ની તેમની કોલમ એ સિવાય બૂધિયાના પરાક્રમો જેવી કોલમથી તેમણે હાસ્ય સાહિત્યની ઘણી સેવા કરેલી.

હું અને વિનોદ ભટ્ટ રવિવારની રખડપટ્ટી નિમિત્તે તેમની પાસે જતા. સૂરતી વાનગીઓ અમને પ્રેમથી પીરસતા. તેમને માટે કહી શકાય, 'હું ખાઉં છું અને ખાવા દઉં પણ છું.' શામસંગાની પોળમાં (ખાડિયા) કેટલાંક વરસો રહેલા. સાહિત્ય પ્રેમીઓ માટે મધુસુદન પારેખ, તો મધુભાઈ હતા.

ભાઉની પોળમાં હાસ્યરસના એક સેવક વરસો રહ્યા. શિક્ષણ જગતમાં મામાસાહેબ તરીકે ઓળખાય. (SPI ક્લાસ) તે શ્રી બાબુભાઈ વ્યાસ. 'સંદેશ'માં દોઢડાહ્યાની ડાયરીથી તેમણે ભરપૂર હાસ્યરસ પીરસ્યો. ખાડિયા ભાઉની પોળના તે મારા પડોશી. ઘણી બેઠકો તેમની સાથે થઈ હતી. હાસ્ય ધૂરંધર વિનોદ ભટ્ટ આમ તો શાહપુરના કહેવાય પણ તેમનું બીજું સાસરું ભાઉની પોળમાં એટલે અવારનવાર ભાઉની પોળમાં આવે. અસાર સંસારમાં સાસરામાં સાર છે, એ ન્યાયે તે ભાઉની પોળના સાસરે આવે. ત્યારે ત્યાં વહેતી ભૂગર્ભ હાસ્યગંગાના છાંટા એમને ઉડેલા.

અમે એકડિયાથી એલએલબી સુધી ખાડિયામાં જ રહેલા. ખાડિયાની મશહૂર લાયબ્રેરી 'ભાનાલા' (ભાઈશંકર લાયબ્રેરી) માં અમે પડ્યા પાથર્યા રહીએ. લાયબ્રેરીનો ચોકીદાર અમને પરાણે ઉઠાડે ત્યારે ઊઠીએ. અમને પણ ખાડિયાએ ઘણું આપ્યું.

સરેરાશ ખાડિયાવાસી બિન્દાસ, રાજકારણ, ક્રિકેટ, સાહિત્ય બધું જ ત્યાં મળે.

ખાડિયાવાસી માટે કેટલાક લોકો તોફાની લોકોનો વિસ્તાર ગણે. આ ખોટું છે. અહીંના લોકો ટીખળી છે. મારા ટીખળની એક વાત કરું, માણેકચોકમાં જૂની નોટો બદલવાની દુકાન હતી. નિશાળે અમે ત્યાંથી જતા. હું અને મારો મિત્ર જગદીશ વ્યાસ પસાર થતા, નોટો બદલવાવાળાની દુકાને ગયા પૂછ્યું 'તમે નોટો બદલી આપો છો ?'

હા... હા... કઈ નોટો છે. સો કે પચાસની ?

'ના મારી પાસે તો ઇતિહાસ અને ભૂગોળની જૂની નોટો છે.'

આ સાંભળતા જ દુકાનદાર ખીજાયો.

ગલ્લા ઉપરથી કૂદ્યો, અમને મારવા.


હું અને જગદીશ દોડ્યા.

૧૦૦ મીટર દોડનો રેકોર્ડ અમે તોડ્યો હશે.

ત્યારે,

ખાડિયાની રમૂજ ટીખળના ઘણા દાખલા છે. પણ પછી ક્યારેક... જય ખાડિયા...

C/o. જનાર્દન ત્રિવેદી, શરણમ્ ૯,
ફ્લેટ નં. ૩૨-સી, પ્રહલાદનગર, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૪૨૬૪૫૧૪૬૭



ન્યૂ-નોર્મલ અને બુધાલાલ

- પ્રવીણ દરજી

આનંદો, આનંદો. નૂતન વર્ષનાં વધામણાં જેવા અતિ ઉત્તમ સમાચાર છે - બુધાલાલનું કેનેડાથી સ્વદેશમાં થયેલું આગમન. મિત્ર તરીકે અમે અતિ હર્ષિત છીએ. હવેના બુધાલાલ માત્ર બુધાલાલ નથી. હવે એ લાલ લાલ છે. પિત્તળના લોટાની જેમ તેમનું મુખારવિંદ ઝળહળી રહ્યું છે. સંબંધોનાં સૂત્રો માત્ર પાકાં જ નથી કર્યાં, વિસ્તાર્યાં પણ છે. તેમની ડાયરીમાં તેમણે કેનેડાના વિવિધ પ્રદેશોની ગોઠવેલી મુલાકાતોની યાદી છે. ક્યાં જમ્યા, શું જમ્યા, કેવી રીતે જમ્યા, સાથે યજમાનો સાથેના સ્નેહ સૂત્રને કાચા તાંતણાની જેમ જાળવી તેઓને ક્યાં ને કેવી રીતે ભાવવિભોર કર્યાં તેની અથેતિ માહિતી છે. યજમાનો ત્યાં કૃપાળુ લેખાતા આવ્યા છે. તેમના વિશે થોડુંક બોલો, લખો એટલે થોડાક ચમકીલા ડોલર અતિથિની ઝોળીમાં આવી પડે. બુધાલાલ સર્વ વાતે માહેર છે એ તો સર્વવિદિત છે. પણ તે ઉપરાંત તેઓ ત્યાં જઈને ન્યૂ - નોર્મલનું આખું નવું જીવનશાસ્ત્ર પણ શીખી લાવ્યા છે. ત્યાં તો તેનો તેમણે ભરપટ્ટે ઉપયોગ કર્યો જ પણ ગુજરાતની ભૂમિ પર પણ તેનો ઝળહળાટ તેમણે અનેક રૂપે દર્શાવ્યો. પેલા ડોલર તો ખરા જ, હવે પુસ્તક જેવું કરીને તેની રોયલ્ટી, સાથે વધુ ડોલર મળે એ માટે ન્યૂ-નોર્મલની કોમ્યુનિકેશન સ્કીલ પણ તેમણે દર્શાવી. તરત જ પ્રશસ્તિ વચનોનો પ્રબંધ પણ જારી કર્યો ને તેનેય પરદેશમાં હોમિયોપેથની આલ્બ-૩૦ની જેમ પ્રતીકારશક્તિ વધારવા શક્ય તેટલા બહોળા પ્રમાણમાં લોકો સુધી પહોંચાડ્યાં. ભાવુક પરદેશીજનોને બુધાલાલનું એવું ઘેલું લાગ્યું છે કે હવે બુધાલાલ સૌને માટે ‘મસ્ટ’ બની ગયા છે. કોઈક કહે છે કે, બુધાલાલ કેનેડાથી પરત ફરતાં મૂંગા થઈ ગયા છે, મૌની બાબુ બની ગયા છે. કોઈક કહે છે કે, ગહનથી અતિગહન સુધીના ગ્રંથોના વાચનમાં પડી ગયા છે. કોઈક કહે છે કે, ટાગોરની જેમ એ દિવસો સુધી પ્રવાહી લઈને પોતાના જ વિશેની હળવી નવલકથા લખી રહ્યા છે. કોઈક કહે છે કે, એવું કશું નથી. બુધાલાલ તેમની ભવિષ્ય માટેની નવી કુંડળી રચી રહ્યા છે. વિરોધીઓને ચીત કરવા નવી વ્યૂહરચના સાથે ક્યાંક મોટું આસન મળે, કોઈક મોટા એવોર્ડથી અલંકૃત થઈ રહે તેની પેરવીમાં પડ્યા છે. બુધાલાલ અને બ્રૂટ્સની રાશિ એક છે. એટલે એ દિશામાં પણ બ્રૂટસને તંતોતંત પામવા કશુંક તેઓ વાંચી રહ્યા છે તેવા સમાચાર છે.

લોકડાઉન પછી અમે મિત્ર બુધાલાલને મળી શક્યા નથી, પણ અમે મિત્ર દાવે છાતી ઠોકીને કહીએ છીએ કે બુધાલાલ સૌની ધારણાઓથી હંમેશાં જુદા જ પુરવાર થતા રહ્યા છે. ચેસની રમતના દરેક પ્યાદાને તે ઓળખે છે અને રાજા-વજીરને ખિસ્સામાં કેમ રાખવા તે પણ બરાબર જાણે છે. માત્ર તેઓ તક શોધતા હોય છે. ન્યૂ-નોર્મલના આ શાસ્ત્રજ્ઞ મિત્ર તેથી જરૂર પડતાં માસ્ક પહેરી મૂંગા રહી શકે છે તો જરૂર પડતાં અંગત મિત્રોને ફંટાવી-ફંગોળી, દડાની જેમ ઉછાળી તેમની સાથે ડિસ્ટન્સ કેમ જાળવવું તેનાથી પણ તે સુજ્ઞાત છે. હમણાં હમણાં ઘેર રહીને તેઓ ‘સેફ’ હોવાનું કહે છે. વળી કોવિડ-૧૯માં ઈન્ટરનેટ ઓનલાઈનથી સઘળું શક્ય છે. અમારા મિત્ર બુધાલાલ જરા જેટલા હાથ ગંદા થાય તો તરત સેનેટાઈઝેશન કરી ચોખ્ખાચટ કરી દે છે. ક્યારે ક્યા ગ્રૂપને મળવું - ઓનલાઈનથી ને ક્યાં અંતર જાળવવું તે પણ નફા તોટાના હિસાબની જેમ તે નજરમાં રાખી રહ્યા છે. વળી ઘણું બધું તો તેમની કેટલુંક પ્રકૃતિમાં હતું ને હવે વૈદ્યરાજે સૂચન કર્યું એવો ઘાટ થયો એટલે વર્ચ્યુઅલ ભાવતું - ફાવતું થઈ ગયું છે. બજારનું તો તેઓને સદતું નહોતું તેના વિકલ્પે ગામે ગામ તેમણે જયાં જાય ત્યાં - ઘરનાં બનાવેલાં રોટલી - થેપલાં મળી રહે તેવું દીર્ઘદૃષ્ટિવાળું આયોજન કરી જ રાખ્યું છે. તેઓ પોતાના તાપમાનને પણ ઇચ્છે ત્યારે વધારી શકે છે, ઇચ્છે ત્યારે ઘટાડી શકે છે તેવું કૌશલ દાખલતા હોઈને તાપમાન તપાસતા રહેવાનો પ્રશ્ન પણ તેઓને નડતો નથી. પોતાના જોખમે - ખર્ચે એ ભાગ્યે જ બહાર નીકળતા હોય છે. મિત્રો, આગ્રહ કરીને તેઓ જોખમ લેવા - બધા પ્રકારનું - તૈયાર હોય તો જ બુધાલાલ તેમનું નિવાસસ્થાન છોડે છે. વિમાનમાં જવાનું ટાળવું જોઈએ તેવું મિત્ર બુધાલાલ માને છે જરૂર પણ તેઓ એવા ‘મસ્ટ’ છે કે, ક્યારેક જો જવું જ પડે તો જાય છે પણ આગોતરા તે વિશે છાપામાં સમાચાર આપીને જાય છે. પરિણામે હિતચિંતકોની પ્રાર્થનાથી એમની મુસાફરીમાં પડનાર મુશ્કેલીઓ ટળી જાય છે. ન્યૂ - નોર્મલમાં યોગ-ધ્યાનની વાત પણ છે. બુધાલાલ-સાંભળ્યું છે તેમ-ધ્યાન-યોગ બંને કરે છે પણ તેમણે એ બંને શબ્દોનું અર્થઘટન પોતાની રીતે કર્યું છે. ધ્યાન કરવા જેવું, ધરવા જેવું હોય ત્યાં ધ્યાન, ને યોગ - મેળાપ અનિવાર્ય હોય ત્યાં યોગ

એટલે એમની રીતે તેઓ તંતોતંત ન્યૂ - નોર્મલ છે. કુટુંબને સમય આપવાની વાત ન્યૂ-નોર્મલમાં છે. પણ મિત્ર બુધાલાલ 'કુટુંબ'માં પુરાઈ રહે તેવા સંકુચિત મનોવૃત્તિવાળા નથી. તેમણે તો આખા વિશ્વને પોતાનું કુટુંબ લેખ્યું છે. એટલે કુટુંબ વચ્ચે જીવીને પણ અનેકોને તેઓ સમય આપે છે, સૌને કૃતાર્થ કરી રહે છે. મહાપુરુષોની પંગતમાં ભલે ઈર્ષ્યાળુ જન તેઓને ન બેસાડે પણ અમે તો ચોક્કસ તેઓને મહાપુરુષ જ કહીએ છીએ. જન્મતિથિ, અભિનંદનો, દુવાઓ વગેરેમાં આપણી આ ન્યૂ નોર્મલમાં સમજ બદલાઈ છે. ઓનલાઈનથી બધું હવે થતું જાય છે. પણ અમારા બુધાલાલને તો વર્ષોથી કોવિડ-૧૯ની ગંધ આવી ગયેલી તેથી તેઓ અભિનંદનો સ્વીકારે છે પણ ભાગ્યે જ કોઈને અભિનંદન આપે છે. આને તેમનો દુર્ગુણ નહીં, અમે સદગુણ લેખીએ છીએ. કારણ કે, બુધાલાલ કોઈપણ છોડને બિનજરૂરી પાણી સીંચીને તે કહોવાઈ જાય તેવું ઇચ્છતા નથી. માણસને પોરસાવો નહીં, મથામણ કરવા દો - આ તેમનું પ્રિય સૂત્ર છે. અલબત્ત, 'મથામણ' ને તેમણે સર્વ ક્ષેત્રે સાકાર કરી બતાવી છે. તેથી તેવું સૂત્ર આપવાનો તેમનો અધિકાર રહ્યો છે. ઓનલાઈન શિક્ષણ એ ન્યૂ નોર્મલનો જ ભાગ છે. મિત્ર બુધાલાલને આ વાતનો પૂર્વાભાસ હતો જ તેથી તેમણે પૂર્વે પણ અનેકોને ટેલિફોનથી, પત્રોથી, ઓનલાઈનથી સુંદર રીતે પ્રશિક્ષિત કર્યા છે. કોવિડ-૧૯ના ફાયદામાં લોકો ઓછી આવકમાં ઘર ચલાવતા થયા તેવું કહે છે. અમારા બુધાલાલ અહીં પણ ગાંધીજીની જેમ જરૂર પૂરતો જ ખર્ચ કરતા. ટાંચા



સાધનોથી ચલાવતા. હા, તેમના અનુયાયીઓ બુધાલાલ માટે મરી ફીટે. પોતાનાં ખિસ્સાં ખુલ્લાં મૂકી દે. ગાડી - પેટ્રોલ પણ ચરણોમાં ધરી દે. અને મુસાફરી દરમિયાન રસ્તે ચ્હા-નાસ્તાનો ખર્ચ પણ બુધાલાલ પ્રત્યે પૂજ્ય ભાવ દાખવી પોતે જ ઉપાડી લેતા. પરિણામે મિત્ર બુધાલાલ સરવાળે કહીએ તો આપણા સમયના ગાંધીનું બિરુદ શોભાવી શકે તેમ છે તેવું કશી પણ અતિશયોક્તિ વિના કહી શકાય. જો તમે ન્યૂ નોર્મલમાં ફાયદા રૂપે કહેતા હો કે કોવિડ-૧૯એ શારીરિક- માનસિક આરામ કરતાં શીખવ્યું તો અમારે કહેવું જોઈશે કે આ ગુણવિશેષ તો બુધાલાલમાં જન્મથી જ જોવા મળે છે ને આજ સુધી તે સચવાઈ રહ્યો છે. શરીરને તે પૂજનીય લેખે છે એટલે દરેક ભોગ-રોગથી મુક્ત રહે તેની તે કાળજી રાખે છે જ. વાંચન-લેખનમાં પણ સીધી સંડોવણી જરૂર પૂરતી જ. બાકી સહયોગીઓનો જરૂર પડતાં તે ઉપયોગ કરે, તેઓને પણ નવું કામ શીખ્યાનો આનંદ મળે ને બુધાલાલને પણ એટલો આરામ. વ્યાખ્યાનાદિમાં પણ વિષય વૈવિધ્યના તેઓ મોહ રાખવાને બદલે શબ્દફેરે એક જ વિષયને કેટલી જગાએ વિસ્તારી શકાય તેનું ધ્યાન રાખતા રહ્યા છે. મિત્ર બુધાલાલ ક્યાં કેટલું બોલવું, કેટલું નબોલવું, ક્યાં છટકી જવું - તે વિશે પણ સતર્ક રહે છે. ગાંધીજીની જેમ તે પણ પોતાને ગમે તેવું, તેટલું, મર્યાદિત વાંચીને પ્રસન્ન રહે છે અને શરીરને આરામ ફરમાવે છે.

કોઈકને લાગશે કે અમે મિત્ર બુધાલાલની સદા તરફદારી કરતા રહ્યા છીએ. એક રીતે એ વાતમાં તથ્ય જરૂર છે પણ અમારે ઉમેરવું જોઈએ કે કોવિડ-૧૯ તો હજી ચાર-છ મહિનાની વાત છે પણ તે પૂર્વે જ કોવિડ-૧૯માં શી તકેદારી રાખવી, કેવી રીતે જીવવું, શું ખાવું-પીવું વગેરેની જે વાત આવે છે તે સઘળું મિત્ર બુધાલાલ સૌને કહેતા હતા, કેટલુંક તેવું જાતે કરતા પણ હતા. કોવિડ-૧૯ના ફાયદા આજે ભલે દેખાતા હોય, મિત્ર બુધાલાલે સ્વયં તેવા લાભ વર્ષો પૂર્વેથી અર્જિત કર્યા છે અને હજી કરતા રહ્યા છે. બુધાલાલ આપણા સૌ માટે એક મિસાલ છે. તેઓનું મૂલ્યાંકન કરવામાં આપણે હજી કંજૂસ છીએ બાકી આવનાર પેઢી તેઓને કોવિડ-૧૯ સાથે મૂકી આર્ષદૃષ્ટારૂપે જ જોશે... મિત્ર, બુધાલાલને સાષ્ટાંગ દંડવત્ પ્રમાણ માસ્ક સાથે દૂરથી કરીએ છીએ.

ફુવારા પાસે, લુણાવાડા,
જિ મહિસાગર.
મો. ૯૮૨૫૩૫૬૫૫૧

વાણીનો વ્યવહાર ને હરકતો

- હરિકૃષ્ણ પાઠક

તમે કેમ રહૈ ગ્યા ?

અચાનક આવી ચડેલ સજ્જને વિચિત્ર લાગે તેવો, કંઈક અકળાવનારો પ્રશ્ન કર્યો.

રહૈ ગ્યા એટલે શું ? ક્યાં રહૈ ગ્યા ? શેની વાત કરો છો ? - મેં પૂછ્યું. સજ્જને મને ઉપકૃત કરતા હોય તેમ, મારી સમજણ વિશે અચરજ કરતા હોય તમે, વાત માંડી : આપણા નગરના અખબારે નગર વિશે લખવાનાં નિમંત્રણો મોકલેલાં. તેનો વિશેષાંક પ્રગટ થયો. તેમાં તમારો લેખ નથી, તો શું તમને નિમંત્રણ નહીં મળેલું ? - તેથી પૂછું છું કે, તમે કેમ રહૈ ગ્યા ?

મેં ચોખવટ કરી, નિમંત્રણ તો મને ય મળેલું, પરંતુ તેમાં એવું કશું સૂચન કે અપેક્ષા વ્યક્ત કર્યા ન હતાં કે માત્ર નગરની પ્રશંસા અને ગૌરવગાથા જ ગાવાની હતી. તેથી નગર વસવાનું શરૂ થયું, તેનો પ્રારંભ થયો તે વખતની સ્થિતિ વિશે લખી મોકલ્યું. તંત્રીને અનુકૂળ ન લાગે તો પ્રગટ ન કરે, એ તો એમનો અધિકાર ગણાય. પણ હું 'રહૈ ગ્યો' નહોતો, કે મને કોઈએ 'રાખી' દીધો યે ન હતો. મારે જ્યાં રહેવું જોઈતું હતું ત્યાં જાતે જ રહેલો...

પછી મેં તમને પૂછ્યું : આપણી એક સંસ્કાર સંસ્થાએ પચીસ વર્ષ થયાં તેનો મજાનો ઉત્સવ કરેલો. ત્યારે પચીસ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યનો વિધિ પણ કરેલો. તેમાં આપણે બંને મંચ પર હતા તે અંગે ઓડિયન્સમાં આશ્ચર્ય અને ગણગણાટ હતો તેવું બે-પાંચ જણ મને કહી ગયેલા. તમને પણ આવો અનુભવ થયો હતો, પરંતુ જો કોઈ તમને પ્રશ્ન કરે કે - 'ભાઈસાબ, આંઈ સુધી કેમના પૂગી ગ્યા ? ' - તો તમને કેવું લાગે ?

સજ્જને કંઈક વિમાસણથી મારી સામે જોયું.

મેં વાત આગળ ચલાવી...

ઉપરની ઘટના ઘટી ત્યારે મહાનુભાવો એક પછી એક ધીરે ધીરે આવી રહ્યા હતા. તમારી પાસેની એક ખુરશી ખાલી હતી ને મારી બાજુનીયે ખાલી હતી. ત્યાં આપણી ગુજરાતી ફિલ્મોના એક કલાકાર મંચ તરફ આવતા દેખાયા. તેઓ તમારી બાજુમાં બેસે તેવી તમારી તાલાવેલી તમારી ચેષ્ટાઓથી - કહો કે બોડી લેન્ગ્વેજથી પ્રગટ થતી હતી, પણ ભાગ્યયોગે કે ભોગજોગે તેમણે મારી બાજુની ખુરશીમાં બેઠક લીધી. હવે જો હું તમને પૂછું કે તમે કેવા રહૈ ગ્યા ? - કે કેમ રહૈ ગ્યા ? તો તમને કેવું લાગે ? - ફરી મળશું, નિરાંતે વાત, એવું કહીને તેમણે વિદાય લીધી. આવા અનુભવો ઘણાને થતા હોય છે, પરંતુ તેની નોંધ લેવાતી હોતી નથી. વાણી વ્યવહારમાં થતા આવા અપ્રસ્તુત, અનુચિત અને ઘણીવાર હાસ્યાસ્પદ બને તેવા ઉદ્ગારોની નોંધ રહેતી નથી.

ક્યારેક કોઈની શોકસભામાં બોલવા ઉત્સુક હોંશીલાઓ જોવા મળે છે. શરૂઆત જ આ રીતે કરે : સદ્ગતને મારા માટે ખૂબ માન હતું. તેઓ તેમની કોઈપણ મૂંઝવણ કે સમસ્યા હોય તો પહેલ પ્રથમ મારી જ સલાહ લેતા... વગેરે... સભામાં બેઠેલા તો સદ્ગતનેય ઓળખતા હોય તેથી નીચું જોઈ થોડું હસી લે, પણ કશો પ્રતિભાવ પણ ન આપે ને આવું ચાલતું રહે...

ક્યારેક તો શોકસભાના હૉલની બહાર જ આવો સંવાદ સાંભળવા મળે - અરે ભાઈ, આપણે તો કેટલા દહાડે મળ્યા ? મન તો થાય પણ મળાતું નહોતું. અને ઉત્તર મળે : હા, ખરી વાત છે, પણ હવે તો અવસર હોય કે પ્રસંગ હોય તો જ મળવાનું બને છે, શું થાય ?

શોકસભાને 'અવસર' કે 'પ્રસંગ' કહેવામાં ઔચિત્ય કેટલું ? પણ એની તો કોઈને કશી પડી હોતી નથી.

ક્યારેક તો બોલનાર એવી રીતે બોલે કે તે જે કહેતો હોય તેનાથી વિપરીત ભાવ તેના મનમાં પડ્યો હોય તે પકડાયા વિના રહેતો નથી.

આંગણે આવી ચડેલ જણને ઘરનું કોઈ કહે, અલે લે, આવી ગ્યો ? - તો તેમાં ઉમળકો કે સ્વાગતનો ભાવ આપોઆપ

પ્રગટે, પણ જો તેના બદલે કહે - બસ, આવી ગ્યાને ? - તો અર્થ સાવ બદલાઈ જાય.

મારો એક બાલગોઠિયો ઘણા લાંબા સમય બાદ મળ્યો. હું કવિતા લખું છું તે તે અંગે તેને વિશ્વાસ પડતો ન હતો. જૂના મિત્રોને પૂછીને ખરાઈ કરતો રહે. આમાં મારાં બાલ-કિશોર વયનાં લક્ષણો અને પરાક્રમો જવાબદાર હતાં. હું કે તે નહીં ! મળ્યા એવો ભેટી પડ્યો ને પછી કહે : 'કવિતા'માં તારો એવો સરસ ફોટો જોયો ! - 'એવો સરસ'નો ઉદ્‌ગાર જે લહેકામાં મને સંભળાયો તેનો અર્થ એવો હતો કે 'ન આવવો જોઈએ એવો સરસ' એ ફોટોગ્રાફ હતો. પણ એ તો તસવીરકારની કલા ને કરામત હતાં. તેમાં મારો કોઈ ફાળો ન હતો. પણ સમજાવુંયે કઈ રીતે આવી હરકતો ઘણીવાર નિર્દોષભાવે, કશા ઈરાદા વિના થતી હોય છે, પણ ક્યારેક ટીખળ ખાતર પણ ખરી.


શબ્દના ઉદ્‌ગારથી લહેકાથી શબ્દના અર્થ અને ભાવ ભળતા કે જુદી રીતે સંભળાય તેને કાવ્યશાસ્ત્રીઓ 'કાકુ'ની ઓળખથી સમજાવે છે, એટલે કહી શકાય કે આવા 'કાકુ'ના પ્રયોજનથી કવિતા સદા પ્રગટતી રહે છે.

મનુષ્ય-મનુષ્ય વચ્ચે, દેશ-દેશ વચ્ચે, વેપારીને ગ્રાહક વચ્ચે - અરે, પતિ ને પત્ની વચ્ચેનો વ્યવહાર મહદ્‌અંશે તો વાણીનો જ હોય છે, તે છતાં તેમાં થતી હરકતોની નોંધ ક્યારેય લેવાતી નથી.

સંગીતના જલસામાં સંગીતકાર બરાબરની જમાવટ કરે ને આખા સપ્તકમાં ઝીણી ઝીણી હરકતો કરે તો સભાગૃહ શ્રોતાઓની દાદાને તાળીઓના ગડગડાટથી ગૂંજી ઊઠે...

મને લાગે છે કે, વાણીના વ્યવહારની હરકતોનીયે નોંધ લેવાય છે તે બાબત હવે અનિવાર્ય ગણાવી જોઈએ.

પ્લોટ નં. ૬૨/૨, સેક્ટર-૨-એ,
ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૯૪૨૮૯૦૬૭૭૪



સ્કૂલ ઍડ્મિશનની રામાયણ !

- *હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'*

કોરોનાએ સંબંધોનાં જ નહીં, શિક્ષણનાં સમીકરણોય બદલી નાખ્યાં છે. એક સમય હતો કે જ્યારે ખુદ શિક્ષણ સંચાલકો, શિક્ષણપ્રેમીઓ અને શિક્ષકો - આચાર્યો એવું કહેતા કે ખબરદાર જો કોઈ વિદ્યાર્થી મોબાઇલ ફોન લઈને શાળાએ આવ્યો છે તો...? મોટાભાગના પૅરન્ટ્સ અને વાલીઓ પણ બાળકોને એવું કહેતા'તા કે મોબાઇલને હાથ અડાડ્યો છે, તો તારી ખેર નથી...

આજે એ જ મોબાઇલ ફોને પોતાનો પરિચય આપ્યા પહેલાં જ પોતાનો પરચો બતાવી દીધો છે. સંચાલકો, શિક્ષકો, આચાર્યો, પૅરન્ટ્સ, વાલીઓ... અરે ખુદ શિક્ષણ વિભાગ મોબાઇલ ફોનની શૈક્ષણિક ઉપયોગિતા સમજીને વિદ્યાર્થીઓને સમજાવવા માંડ્યા છે!

વાજતે ગાતે જાન લઈને નીકળવું હોય તો એ પહેલાં, હાથે મીંઢળ તો બંધાવવું જ પડે ને ? એમ ઑન લાઇન શિક્ષણ મેળવવા માટે કોઈને કોઈ શિક્ષણ સંસ્થામાં ઍડમિશન તો મેળવવું જ પડે ને !

વરસો પહેલાં જ આવું બનતું'તું એમ નહીં, આજે પણ બને જ છે. આજે પણ કેટલાક પૅરન્ટ્સને એવું લાગતું હોય છે કે સ્ટાન્ડર્ડ સ્કૂલમાં ઍડ્મિશન મળી જાય તો ગંગા નાહ્યા ! અને એટલે જ કેટલાક ચિંતાગ્રસ્ત પૅરન્ટ્સ વૅકેશન પહેલાં જ પોતાનાં સંતાનોનાં ઍડ્મિશન માટે જે તે સ્કૂલોના મુખ્ય દરવાજા પાસે બિસ્તરા પોટલાં લઈને લાઈનોમાં 'રહેવા' આવી જતાં હોય છે. ઍડમિશન માટે ક્યારે નંબર લાગે એનું કાંઈ નક્કી નહીં. ક્યારેક તો બે-ત્રણ દિવસ સુધી લાઇનમાં જ અઠેદ્વારકા કરી લેવાં પડે.

મારા મિત્ર બાબુના પપ્પા, બાબુના પુત્રને લઈને નવી શરૂ થઈ રહેલી સ્કૂલે ઍડ્મિશન માટે ગયા :

"કેમ ભાઈ, તમે અહીં ક્યારના આંટા કેમ મારો છો ?"

"મારે ઍડમિશન જોઈએ છે", બાબુના પિતાશ્રી અને ટિંચુના દાદાશ્રી બચુભાઈએ કહ્યું, "હું ઍડ્મિશન માટે આવ્યો છું."

"અમે પ્રૌઢોને દાખલ નથી કરતા."

"મારા માટે નહીં, હું મારા પૌત્રના ઍડ્મિશન માટે આવ્યો છું."

"પૌત્રને લઈને આવો."

"મારી આંગળી પકડીને ઊભો છે એ મારો પૌત્ર છે."

"એની સાબિતી શું ? તમારી પાસે એનો કોઈ પુરાવો છે ?"

"અરે ભાઈ... આ મને 'દાદા' કહીને બોલાવે છે એ જ એનો પુરાવો, પૂછી જુઓ."

"એમ તો હું પણ તમને દાદા કહીને બોલાવું, એટલે હું તમારો પૌત્ર થઈ ગયો ?"

"અરે યાર", બચુભાઈ અકળાયા, "આ બાલમંદિરના સંચાલક સાહેબ ક્યાં છે ? મારે એમને મળવું છે."

"હું પોતે જ સંચાલક છું. બોલો, કેમ મળવું છે ?"

"મારા આ પૌત્રના ઍડમિશન માટે આવ્યો છું."

"તમારા પૌત્રનાં મમ્મી-પપ્પા નથી?"

"છે ને! પણ એ બંને જણાં સર્વિસ કરે છે."

"લો, આ ફૉર્મ ભરી દો અને પરમદિવસે સોમવારે સવારે આઠ વાગ્યે ઇન્ટરવ્યૂ માટે મોકલજો, ચોઘડિયું સારું છે."

"હજુ તો આ માંડ બોલતાં શીખ્યો છે, એનો શું ઇન્ટરવ્યૂ લેશો?"

"એનો નહીં, એના મમ્મી-પપ્પાનો ઇન્ટરવ્યૂ લેવાશે. ઇન્ટરવ્યૂમાં જો એ બંને જણાં પાસ થશે તો જ તમારા પૌત્રને ઍડમિશન મળશે."

"ઓ.કે. ઑફિસ ક્યાં છે ?"

"અત્યારે તમે ઑફિસમાં જ ઊભા છો."

"આ? આ ઑફિસ છે તમારી ? અહીં તો ગાયો અને ભેંસો બંધાતી હોય એવું લાગે છે..."

"યુ આર રાઇટ ! તમારી અવલોકન શક્તિને હું બિરદાવું છું. અઠવાડિયા પહેલાં અહીં ગાયો અને ભેંસો જ બંધાતી'તી પણ હવે અમે થોડી સાફસૂફી કરી છે."

"ટેબલ ખુરશી પણ નથી? મારે ફૉર્મ ભરવું હોય તો ક્યાં બેસીને ભરું ?"

"ટેબલ ખુરશી હોત તો હું પોતે ઊભો રહ્યો હોત?" સંચાલક સાહેબે ઝાડના છાંયડે જઈ પરસેવો લૂછતાં કહ્યું, "અને સગવડ થશે એટલે ટેબલ ખુરશી અમે ખરીદી જ લેવાના છીએ."

"સગવડ માટે પૈસાની રાહ જુઓ છો ?"

"એ... ઇ... વડીલ, આ સંસ્થાની નાણાકીય સધ્ધરતા વિશે શંકા કરતાં તમને શરમ નથી આવતી ?"

"માફ કરજો સંચાલક સાહેબ, આ તો તમે 'સગવડ થશે' એમ બોલ્યા એટલે મેં પૂછ્યું."

"અમે અત્યારે રાહ જોઈએ છીએ. પૈસાની નહીં, ડોનેશનની. કોઈ ડોનર મળી જાય અને ખુરશી ટેબલનું દાન કરે કે તરત જ અમે બેસવાની સગવડ કરવાના છીએ. અત્યારે તો અહીં પગથિયાં પર બેસીને ફૉર્મ ભરી દો. લાલ બહાદુર શાસ્ત્રી પણ આવી જ વિષમ સ્થિતિમાં ભણીને ભારતના વડાપ્રધાન પદ સુધી પહોંચ્યા'તા. અમારા બાલમંદિરનો પણ એજ આદર્શ છે કે અહીં ભણેલો વિદ્યાર્થી ટોચના સ્થાને પહોંચે !"

"અને બ્લેક બૉર્ડ તો ક્યાંય દેખાતું નથી..."

"પેલી સામેની દીવાલ જુઓ છો ને તમે ?" સંચાલકે હાથનો ઈશારો કરી દીવાલ બતાવતાં કહ્યું, "એના પર અમે છ બાય ચાર ફૂટનું લંબચોરસ બોર્ડ બનાવવા માટે કાળો રંગ લગાવવાના છીએ."

"પણ હજુ તો એ દીવાલ પર પોપડા ઊખડી ગયેલા દેખાય છે, તમે કાળો રંગ લગાડશો ક્યારે ? વૅકેશન તો પૂરું થઈને સ્કૂલોય ખૂલી ગઈ... જૂન પણ પૂરો થવા આવશે..."

"બસ, પહેલાં પાંચ ઍડમિશનની ફી આવે એમાંથી અમે પહેલું કામ 'કલર' કરવાનું કરવાના છીએ."

"કલર? કોનો કલર ?"

"હાલ પૂરતો તો પેલી દીવાલનો... આગળ ઉપર પછી જોયું જશે."

"વિદ્યાર્થીઓની કુલ સંખ્યા કેટલી થઈ છે ?"

"જો બધા જ વાલીઓ આ રીતે વિદ્યાર્થીઓની સંખ્યા વિશે પૂછતા રહે અને પૂછીને પછી જતા રહે તો સંખ્યા ક્યાંથી થાય ?"

"મતલબ ?!" બચુભાઈને આશ્ચર્ય થયું.

"મતલબ એ જ વડીલ, કે તમે આવ્યા એ પહેલાં ચાર-પાંચ વાલીઓ સંખ્યાનું પૂછીને જતા રહ્યા."

"પણ સંખ્યા તો હોવી જોઈએ ને સાહેબ ?"

"અરે વાલીભાઈ, ત્યાં જ તમારી ભૂલ થાય છે ! અમે ઘેટા-બકરાંની જેમ છોકરાં ભરવા નથી માગતા. આ સંસ્થામાં અમે પરિવાર નિયોજનનો ચુસ્તપણે અમલ કરવા માંગીએ છીએ. જે ભૂલ અમારા ગૃહસ્થ જીવનમાં કરી એ ભૂલને અમે અમારા વ્યવસાયના ક્ષેત્રમાં દોહરાવવા નથી માગતા."

"સ્ટાફ કેવો છે ?"

"બેસ્ટ ક્વૉલિટીનો છે, ભણેલો પણ છે."

"કુલ સ્ટાફ કેટલો ?"

"એ તો બાળકોની સંખ્યા પર આધાર રાખે ને? સંખ્યા થવા માંડશે કે તરત જ અમે છાપામાં જાહેરખબર આપીશું કે અમારી સ્કૂલ માટે અમારે શિક્ષકો અને શિક્ષિકાઓ જોઈએ છે !"

"તમારો સ્ટાફ ટ્રેઈન્ડ તો હશે ને ?"

"અરે, એ શું બોલ્યા સાહેબ! અમે તો વેલ એક્સપિરિયન્સ્ડ સ્ટાફ રાખવાના છીએ. અમારો સ્ટાફ પૂરેપૂરો અનુભવી હશે."

"ઘણીવાર સાહેબ એવું પણ બનતું હોય છે કે શિક્ષક કે શિક્ષિકાનાં લગ્ન થઈ ગયા પછી એ લોકો નોકરી છોડી દેતાં હોય છે એટલે બાળકોનું ભણતર અધવચ્ચે જ કાં તો અટકી જાય કાં તો બગડી જાય... આવાં જુવાનિયાં શિક્ષકો પાસે તમારે ઓછામાં ઓછું પાંચ વરસનું બોન્ડ લખાવી લેવું જોઈએ."

"તો તો અમે કમાઈ રહ્યા સાહેબ... પણ તમે ચિંતા ના કરો. તમે માનો છો એવી કોઈ મુશ્કેલી ઊભી ન થાય એટલા માટે અમે તમારી ઉંમરનાં દાદા-દાદીને - સ્ટાફમાં ભરતી કરવાનું વિચાર્યું છે, એટલે બીજા કોઈ નાના-મોટા પ્રોબ્લેમ તો ઊભા ન થાય !"

"તમે બાલમંદિરનું પાટિયું પણ ક્યાંય મૂક્યું નથી... ખબર કેવી રીતે પડે કે અહીં બાલમંદિર ચાલે છે ? આ તો છાપામાં આપેલી જાહેરાતના આધારે એડ્રેસ શોધતો શોધતો અહીં આવી પહોંચ્યો. બાલમંદિરના નામનું બોર્ડ તો ક્યાંક મૂકો..."

"બોર્ડ તો તૈયાર જ છે સાહેબ, પણ શિક્ષણ બોર્ડ હજુ તૈયાર નથી."

"હું સમજ્યો નહીં."

"જુઓ, બોર્ડ તો આ રહ્યું મારી પાછળ, છે ને ? બસ એમાં નામ લખવાનું જ બાકી છે."

"તો લખાવી દોને, વાર કેટલી ?"

"એમાં જ વાર લાગે છે સાહેબ... એમાં જ વાર લાગે છે ! શિક્ષણ બોર્ડમાંથી બાલમંદિરની માન્યતા મળશે કે તરત જ નામ લખાવી દઈશું, લખાવતાં વળી કેટલી વાર ?"

"એટલે ? તમારા બાલમંદિરને હજી માન્યતા પણ નથી મળી ?"

"મળી જશે, કેટલીક વિધિઓ કરવાની હોય ને ! બસ, અત્યારે એ બધી વિધિઓ ચાલી જ રહી છે."

"પણ જુલાઈનાય દસ દહાડા તો જતાય રહ્યા, આજે બારમી તારીખ થઈ, તમે માન્યતા ક્યારે મેળવશો, શિક્ષકોની ભરતી ક્યારે કરશો... અને ક્યારે ઍડમિશનનું ઠેકાણું પડશે ?"

"એ બધી ચિંતા અમારે કરવાની છે, તમારે નહીં ! તમારે તો બસ તમારા પૌત્રને અહીં દાખલ કરી દો એટલે... ગંગા નાહ્યા !"

"ફી કેટલી છે ?"

"૨૫ હજાર રૂપિયા."

"મેં આખા વરસની નથી પૂછી સાહેબ, મહિનાની પૂછી છે."

"આ ફી મહિનાની જ છે વડીલ !"

"ક્યાંય બેન્ચિસ કે પાટલીઓ પણ દેખાતી નથી, બાળકોને બેસવા માટે કોઈ સગવડતા કરી છે કે નહીં ?"

"જે બાળકની ફી આવે એમાંથી એ બાળક માટે અમે સગવડતા કરી આપીશું. બોલો ઍડમિશન આપી દઉં ?"

"ઍડમિશન માટે કોઈ ડિસ્કાઉન્ટ સ્કીમ ખરી ?"

"ખરીને," સંચાલક સાહેબે સ્મિત કર્યું, "બે બાળકોને સાથે ઍડ્મિશન જોઈતું હોય તો એકને ફ્રી ઍડમિશન આપવામાં આવશે."

"ઓ.કે. હું મારા પૌત્રનાં મમ્મી-પપ્પાને પૂછી જોઈશ."

- છેલ્લા સમાચાર પ્રમાણે, હજી સુધી બાબુ બૉસના પુત્રના ઍડમિશનનું ઠેકાણું નથી પડ્યું.

બી/૧૦, દેવસીટી બંગલોઝ, આર. સી. ટૅક્નિકલ રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૭૨૪૫૦૧૯૮૭

કોરોનાને પાંચમો મહિનો જાય છે...!

- ડૉ. નલિની ગણાત્રા

ના... ના કરીનાને નહીં, કોરોનાને જ ! હા, હું આ લેખ લખી રહી છું ત્યારે 'કોરોના'ને પાંચમો મહિનો જાય છે. જોકે તમે આ લેખ વાંચતા હશો ત્યારે શક્ય છે કે, કોરોનાની કુદરતી કે કૃત્રિમ ડિલિવરી થઈ ગઈ હોય અને તે પોતાના પિયર (ચીન) માં આરામ ફરમાવવા ચાલી ગઈ હોય ! કિંતુ અત્યારે કોરોના અત્રે હયાત હતી અને તાકડે જ મને લેખ લખવાનું નિમંત્રણ મળ્યું એટલે હું - બે ઘડી વિધાતા બની એના (વિશે) જ લેખ લખવા બેસી ગઈ. હું પાછી લાઈવ ઢોકળાંની ચાહક પણ ખરી એટલે મેં આ લાઈવ લેખ ઉતારવાનું બીડું ઝડપી લીધું. આ જ વિષય પર આવતા વરસે લખું તો ત્યાં સુધીમાં તો આ 'ખાટા વિષયમાં આથો આવી જાય તો પાછું એસિડિટીવાળાને અનુકૂળ ન આવે. અને એસિડિટીનો આંકડો તો રોજેરોજ કોરોનાની ઝડપે વધતો જાય છે. એટલે મારા વાચકોમાં તો ધરખમ કરતાંય વધારે ઘટાડો થઈ જાય ને ?!! એટલે વાંચકોનો ઘટાડો ઘટાડવા મેં લાઈવ ઘાણ જ ઉતારવાનું રાખ્યું. 'કચ્ચરઘાણ તો નહીં ને ?!' એવું કોણ બોલ્યું ?... એ તો નીવડ્યે ખબર.

વિલામાં રહેતા 'વીલાબહેન'ની વહુની પ્રેગનન્સી કરતાં એ વહુને શું આવ્યું ? બાબો કે બેબી ? એ જાણવામાં સોસાયટીની સાસુઓને વધારે રસ હોય. એટલે સાસુઓને ખુશ કરવા હું કોરોનાની નહીં, પણ કોરોનાના બાળક એવા લોકડાઉનની જ વાત કરવાની છું.

કોરોના આયોજિત લોકડાઉનનું હાલ અઢારમું અઠવાડિયું ચાલી રહ્યું છે. આ અઢાર અઠવાડિયામાં લોકડાઉને જાણે કાળસ્વરૂપ બદલી નાખ્યું. આખો યુગ બદલી નાખ્યો. આવું તો કોઈ યુગપુરુષ પણ ન કરી શકે. એ તો યોગેશ્વરનું જ કામ ! કેટલા લાં...બા સમયથી લોકો ધમાલિયું જીવન જીવી રહ્યા હતા. લોકડાઉનને કારણે શાંતિથી ઘરમાં બેસીને પરિવાર સાથે સાદાઈથી જીવવા લાગ્યા અને સાદગીમાં સુંદરતાની અનુભૂતિ કરી. જી હા, કોરોના વાઈરસને નિમિત્ત બનાવી શ્રીકૃષ્ણએ ''સંભવામિ યુગે યુગે''નું વચન પાળી બતાવ્યું. મંત્રી મૂળચંદ વચન આપીને પાંચ વરસ પાળી ઉપર બેસી જાય, જ્યારે 'મોહન' વચન પાળી બતાવે... એટલો જ અધધધ ફરક બંને વચ્ચે !

કોરોના કંપને કારણે ઘણું બધું હલી ગયું. ખાસ તો અર્થતંત્રમાં ખાસ્સી અફડાતફડી બોલી ગઈ અને એનાથી ઘરનો મોભી ચાલ્યો ગયો હોય એવો ફટકો પડ્યો. એનો ખેદ સહુ સાથે વહુને એટલે કે મને પણ છે જ. કિંતુ રોમ સળગતું હતું ત્યારે જો નીરો સંગીત વગાડી શકતો હોય તો નલિની કેમ નહીં ?! એટલે હું કોરોના કહેરની વાતો ન કરતાં કોરોનાની સુંદર સાઈડ ઈફેક્ટ જેવા લોકડાઉનમાં કેવી લ્હેર પડી એની જ વાતો કરીશ. હા, આ લોકડાઉને એક મોટું વેકેશન આપણા હાથમાં થમાવી દઈ કીધું કે, ''જા સિમરન, જી લે અપની જિંદગી !'' આ ઈશ્વરીય - આશીર્વાદ જેવા ડાયલોગમાં પણ વાંધા અરજદારો કહેવાના કે... ''તે આપણે ક્યાં મરી ગ્યા'તા ? જીવતા તો હતા પછી 'જી લે અપની જિંદગી...' કહેવાની ક્યાં જરૂર હતી ? આ 'વાંધા વિલાસો'ને જત જણાવવાનું કે આપણી જાણ બહાર આપણી પર્સનાલિટી 'જીવતા મૂઆ'ની થઈ ગઈ હતી. એટલે ઈશ્વરે લોકડાઉનની સંજીવની છાંટીને કીધું કે, 'ઊઠ, ઊભો થા અને તારી 'અઢાર' અંતિમ ઈચ્છાઓ પૂરી કરી લે !'

જી હા, મિથ્યા ભાગદોડમાં આપણે સાચા અર્થમાં જિંદગી જીવવાનું ભૂલી ગયા હતા. નર્સરીમાં જતી આપણી 'નાસિકા' દીકરી એનો નાક રૂમાલ લઈ જવાનું ભૂલી ગઈ હોય તો એ આપવા માટે પણ આપણે રઘવાયા થઈને સ્કૂલ વેનની પાછળ દોડી જઈએ છીએ, તો પોતાનાં બાબલો બેબલી જિંદગી જીવવાનું જ ઠામુકુ ભૂલી ગયા હોય તો ભગવાન શું 'ધ્યાન'માં બેસીને જોયા કરે ? ના, એ પણ કોરોના કારમાં બેસીને આવ્યા. અને લોકડાઉનની સ્કીમ આપીને 'ખાંસી ખાંસીને' કીધું કે, 'નાઉ સીટ ડાઉન, સ્ટે હોમ એન્ડ રિચાર્જ યોર લાઈફ !' અચાનક લોકડાઉનથી જાણે લોક અપમાં 'અંદર' કરી દીધા હોય એમ 'Tide'ના દીકરા'વ ઘડીક ચોંકી ગયા. પણ ચોંકવાનું આયુષ્ય આખરે કેટલું ? ચપ્પલ પહેરીને ચાલવા માંડીએ એટલું !

અને, કોઈપણ પરિસ્થિતિ... આખરે તો સ્ત્રી જાતિની જ ને ?! એટલે એનું જોર કેટલું ચાલે ? થોડો ઉત્પાત કરીને શમી જ જવું પડે એણે !! એ કુરિવાજ મુજબ આ પરિસ્થિતિ પણ શમી ગઈ. મતલબ લોકડાઉન લાઈફને સહુએ મને - કમને સ્વીકારી લીધી. અને ચૂપચાપ ઘરમાં બેસી ગયા. બસ, આ ચૂપચાપ શાંતિથી બેઠા, એ બીજું કંઈ નહીં, પણ એક પ્રકારનું એનેસ્થેશિયા હતું અને હવે જિંદગીની સારવાર - મરમ્મત શરૂ થવાની હતી અને થવા માંડી. તમે જ કહો, દોડમદોડ કરતા માણસનું ઓપરેશન થઈ શકે ખરું ? એને સુવાડવો તો પડે ને ? અને ઓપરેશન શરૂ થયું.

રવિવારેય ઘરમાં ન રહેતા રમતા જોગીઓ લોકડાઉનને કારણે ૨૪ x ૭ પોતાના જ ઘરમાં પડ્યા રહ્યા ! ઘર માંડ્યા પછી પહેલી જ વાર આટલો લાં... બો સમય ઘરમાં રહેવા છતાં એમની તબિયતમાં કોઈ નોંધપાત્ર બગાડો (!) થયો નહીં. મતલબ રહ્યા તો રહ્યે રહ્યે ફાવી ગયું. એટલું જ નહીં, એને એ પણ સમજાઈ ગયું કે, કપરાકાળમાં પરિવાર જ સાથ આપે છે. કોરોનામાં એણે 'ટેસ્ટ' કરી લીધો કે હું આખો દિવસ બહાર ભટકતો હતો પણ કોરોનામાં એ બહારનું કોઈ હાથ મિલાવીને હાય-હલ્લો કરવા આવ્યું નહીં. જ્યારે પરિવારના સભ્યો કોરોનામાં પણ મને અડીને રહ્યાં ! એટલે 'મારો પરિવાર જ મારો છે અને મારો છે તોય સારો છે.' એવું સામાન્ય જ્ઞાન આ G.K. (ગમારચંદ કાવડિયા)ના દીકરાને થયું !! એટલે એણે હવેથી પોતાના ઘર સાથે જ ઘરોબો રાખવાનું નક્કી કર્યું. પછી તો ટાઈમ પસાર કરવા બાળકો સાથે રમ્યો અને બાળકોને તો પોતાની સાથે જે રમે એ બહુ જ ગમે. આમ બાળકોને પણ 'નવા પપ્પા' મળ્યા હોય એવો આનંદ થયો ! પત્નીને પણ આછો પાતળો અહેસાસ થયો કે 'મેરા પતિ મેરા ભી હૈ...' નહીં તો Covidમાં પણ શું કામ ઘરમાં રહે ?!! આમ મેળા વગર વિખૂટા પડી ગયેલા પરિવારનો આ લોકડાઉને પુનઃ મેળાપ કરાવ્યો ! મૂળચંદને પણ સમજાયું કે આનંદનો ગરબો ઘેર બેઠાં પણ લઈ શકાય. ચોકમાં જ જવું જરૂરી નહીં ! આમ પારિવારિક ગઠબંધન

મજબૂત બન્યું. આ લોકો આગામી ચૂંટણીમાં ઝંપલાવી શકે છે !!

લોકડાઉનને કારણે સમગ્ર કામવાળાઓ ચાલુ પગારે 'હક્ક રજા' ભોગવવામાં પડ્યા'તા. એટલે બહેનોને 'સેલ્ફ સર્વિસના દા'ડા આ'યા. જોકે આ દા'ડાએ જ દી વાળવાનું કામ કર્યું. બીજો કોઈ ઓપ્શન હતો નહીં, એટલે તન-મનની બધી તાકાત કામે લાગી ગઈ. આજીવન કેડના દુખાવાની ફરિયાદ કરતી બહેનો વાંકી રહીને કામ કરવા માંડી ! જાતે કામ કરવાથી અનેક ફાયદા થયા. કામવાળીની રાહ જોવાની ઉપાધિ નહોતી એટલે શાંતિથી પોતાના સમયે કામ કરવા મળ્યું. એટલે 'અહો નિરાંતમ્'ની લાગણી થઈ. બાકી તો કામવાળી આવે એટલે ભગવાનની પૂજા કરતા હો તો પણ પૂજાને પડતી મૂકીને એને 'સંભાળી લેવી પડે !' એની ફિલિંગ ભરવા રેડી રહેવું પડે. એવું તો મેન્ટલ હેરેસમેન્ટ ! ઘરકામ એ સંપૂર્ણ કસરત છે. ઘરકામ જાતે કર્યું એટલે 'ભારેથી અતિભારે' બની બેઠેલી બહેનોના વજનમાં માન્યામાં આવે એવો જ, પણ ઘટાડો થયો !! જે કામ ''જિમ' નહોતું કરી શક્યું એ આ 'ચીનનાં 'જીન'''થી શક્ય બન્યું ! વળી પોતે કામ કર્યું એટલે કપડાં-વાસણના મૂળ રંગ પાછા ફર્યા ! અને કચરા-પોતા કરવાને કારણે જણાયું કે કામવાળી આપણા ઘરના ખૂણા-ખાંચાને કારપેટ એરિયામાં ગણતી જ નહોતી. એટલે ખૂણે-ખાંચરે-કચરાલાલ ઢગલો થઈને પડ્યા'તા. એને બરાબરના ઝાડુ-પોછા મારી મારીને બહાર તગેડ્યા. છત પર આરામ ફરમાવતા બાવાઓનેય વિદાય કર્યા. પરિણામે ઘર ઓળખાય નહીં એવું મજાનું થઈ ગયું ! આમ કામવાળીની નિષ્કામ ભક્તિથી અપ્રસન્ન થયેલી બહેનોએ કાયમ માટે કામ જાતે કરવાનું પ્રણ લીધું. આ કોરોના ક્રાંતિ નહીં, તો બીજું શું ?! એક બહેને તો કોપિત થઈને કહી દીધું કે, હવે આવવા દે એને... કાઢી ન મૂકું તો મારું નામ મંગુ નહીં ! જોકે કદાચ એવું ય હોય કે મંગુબેનને પોતાનું નામ બદલવું જ હશે અને બહાનું મળ્યું. ટૂંકમાં બહેનોને જ્ઞાન લાધ્યું કે કચરલી આપણી કાયામાં નહીં, આપણા કોન્ફિડન્સમાં પડી હતી. એ લોકડાઉનથી દૂર થઈ !!

આળસુમાંથી 'ઍક્ટિવા' થઈ ગયેલી બહેનોએ કૂકની ગેરહાજરીમાં જ વાનગીઓની વણથંભી વણઝાર ખડી કરી દીધી. અને 'વણઝારા' એ હોંશે હોંશે ખાધી પણ ખરી ! અરે કેટલીક વનિતાઓએ તો પોતાને નહોતી આવડતી એવી વાનગીઓ પણ બનાવી... યુ ટ્યૂબમાંથી જોઈને !!! શું તમેય તે પૂરું વાંચ્યા વગર દાઢમાં હસો છો ? ભગવાને દાઢ, સોપારી અને અખરોટ તોડવા આપી છે, હસવા માટે નહીં ! સ્વીટ કે સારું જમણ એ સ્ટ્રેસને ઓછો કરે છે. જે સાયન્ટિફિકલી પ્રૂવ થયેલું છે. જો કે વિજ્ઞાનથી અજાણ બહેનોએ તો હોટલો બંધ હોવાથી આ સત્કાર્ય કર્યું. આમ સ્વાદિષ્ટ જમણવારે કોરોના સ્ટ્રેસને દૂબળો કરી નાખ્યો. અને બહેનોને પરિવાર તરફથી મળ્યું. 'તુમ કૂકસે કમ નહીં'નું પારિતોષિક !! કેટલીક બહેનોને પોતાની જ આવડતનો ખ્યાલ આવતાં આવડતને આવકમાં તબદીલ કરી દીધી. એમણે હોમમેડ સૂકાં ભીનાં નાસ્તા-સ્વીટ્સનો બિઝનેસ ચાલુ કર્યો જે ધમધોકાર ચાલે પણ છે. આ મારો આંખે દેખ્યો અહેવાલ છે. મોદી ભૈયાને બોલા હૈ - આત્મનિર્ભર બનના હૈ તો બનના હૈ !

ધંધાની જ વાત નીકળી છે તો એક સુપર-શિક્ષિત યુવાનની વાત કરી લઉં. આ યુવાન છેલ્લાં 'એક-બે અને સાડા ત્રણ' વરસથી 'વ્હાઈટ કોલર' જોબની રાહમાં બેકાર બેઠો હતો. કિંતુ આ મહામારીની મંદીમાં વ્હાઈટ કોલર તો શું બ્લુ, બ્લેક કે બદામી કોલરની જોબ પણ દૂર દૂર સુધી ન દેખાતાં અહમ્ પર નિર્દયતાથી કાપ મૂકીને અને શરમને શેરીમાં રમતી મૂકીને કાંદા-બટાટાનો વેપાર ચાલુ કર્યો અને ખિસ્સા ખર્ચ જ નહીં, ઘર-ખર્ચ પણ કાઢી લીધો. આ ઘટના કેટલાય માટે આઈકોન બની રહી.

આ તો પૈસાની જરૂરિયાતવાળાની વાત થઈ. પણ જેની પાસે પૈસાનો પાર નહોતો એમને ઉપાધિનોય પાર નહોતો. એવા કેટલાક લોકોએ કોરોનાના મૃત્યુદરથી ડરીને ધર્મ કે અધ્યાત્મ તરફ આંધળી દોટ મૂકી. આજે આંધળી દોટ મૂકી છે તો કાલે દેખતી દોટ મૂકશે... આ કેટલાકનું કંઈ કહેવાય નહીં. આ માર્ગે જનારાને સંસારી રસ્તા પર ટ્રાફિક ઓછો કરવાનું પુણ્ય તો પ્રાપ્ત થશે જ થશે !

આ નવરાશના સમયમાં શાંતિનો સ્વાદ ચાખી ગયેલા એક ડૉક્ટરે સાચ્ચે જ... સાચ્ચે જ નક્કી કરી નાંખ્યું કે, હવે રોજ આઠ કલાકને બદલે સવારે ફક્ત ત્રણ કલાક જ પ્રેક્ટિસ કરવી છે. એમને ફાવટ આવી ગઈ હશે. પછી 'પ્રેક્ટિસ' શું કામ કરે ?! મૂળ ધંધે જ લાગી જાય ને ? આ કોરોના યુદ્ધમાં નર્સ, સફાઈ કર્મચારી, સુરક્ષાકર્મી વગેરે યોદ્ધાઓનો સન્માનીય ફાળો છે. પરંતુ ડૉક્ટરો માટે તો 'ગ્રાહક સુરક્ષા'માં ફરિયાદ કરવી પડે કે, આ લોકોએ જાનના જોખમે કામ કર્યું છે... એવું ના ચાલે. એમને આપણા દિલમાં પૂરી દો !! આ સહુ યોદ્ધાઓને હું દેશવતી શત્ શત્ સલામ કરું છું. આ સમયે દેશ એકજૂટ થયો એ કોરોનાનો કારમો ઉપકાર ગણવો જ રહ્યો !

લોકડાઉનની લોકકથા તો ઘણી લાંબી ચાલે તેવી છે. પરંતુ સ્થળ સંકોચ (જગ્યાનો અભાવ)ને કારણે અંતે, પહેલી હરોળમાં આવે એવી છેલ્લી વાત કહીને વાચકોને વિરામ આપીશ.

આ C.L. એટલે કે 'Corona Lockdown'માં માણસે માણસને મળવા પર કડક પ્રતિબંધ હતો. એમાં માણસ ઢીલો પડી ગયો ! કોરોના પૂર્વે માણસ અમથો અમથો માણસથી દૂર ભાગતો રહેતો હતો. પણ જેમ ગોર્યોમાં (ગૌરીવ્રત) ચટપટું ખાવાનો નિષેધ હોય ત્યારે જ છોકરીઓને અથાણું ખાવાની વધારે ઈચ્છા થાય એમ મિલન-બંધી થતા માણસ જેને 'હગલાઓ' કહીને સંબોધતો હતો એવા હગલાઓનેય મળવાની ઈચ્છા થવા માંડી. લેણિયાતનો ફોન આવે તોય વાત-ભૂખ્યો રાજી થઈ જતો. ટૂંકમાં માણસને માણસની ભૂખ ઊઘડી ! આ બહુ મહત્ત્વની ચિકિત્સા થઈ. કોરોનાએ જ માણસને માણસથી દૂર રાખ્યો અને એણે જ માણસને માણસથી નજીક લાવી દીધો ! એ તો કેવી અજબ જેવી વાત છે ?!

કોરોનાનો પંજો ક્યારે કોના શિરે પડે એ કહેવાય નહીં. એની ગમગીનીમાં ગમતાને ઉદ્દેશીને એક જ ગીત ગવાઈ જતું હતું :

...'લગ જા ગલે... કે ફિર યે હસી' નિરાંત 'હો ન હો,
શાયદ ફિર ઈસ જનમ મેં મુલાકાત હો ન હો...'

આ ચમત્કાર બદલ કોરોનાને પ્રણામ જ કરવા રહ્યા. અલબત્ત દૂરથી જ !!! જય ચીન, સોરી, જય હિંદ.

છમ્મવડું: ''આ કોરોના-કંપ કરતાં ધરતીકંપ સારો હતો. બહાર તો નીકળાતું હતું !''

- મૂળચંદને આફતમાંય Choice જોઈએ બોલો ?!

એ-૭૦૪, સંપાર્ય ટાવર, નંદદીપ બંગલો પાસે, વસ્ત્રાપુર,
અમદાવાદ-૩૮૦૦૫૪. મો. ૯૮૨૮૩૫૧૧૨૦

પાર્ટીનું પંચનામું

- પરાગ ત્રિવેદી

બાર વ્યક્તિના સ્ટાફવાળી ઓફિસમાંથી એક વ્યક્તિ, ફોન ઉપર વાત કરી, ફોન નીચે મૂકતા - ''આનંદો, આનંદો, ભાઈઓ... આનંદો...!''

તેના ગ્રૂપના ચાર જણ (બાર જણના સ્ટાફમાં ઓછામાં ઓછા બે ગ્રૂપ તો હોય ને, એ કંઈ કહેવાની વાત છે ?) પોતપોતાના હાથમાં રહેલ છાપું, મોબાઈલ, મેગેઝિન અને ચાનો કપ ટેબલ પર મૂકી તેની પાસે દોડી આવ્યા. તેમના વિરુદ્ધ ગ્રૂપના સાત જણમાંથી બેએ ડોકું એ તરફ ઘુમાવ્યું, બાકીના પાંચે કામમાં તલ્લીન હોવાનો દેખાવ કરી કાન સરવા કર્યા.

પોતાનું ટેબલ છોડી આવી પહોંચેલા ચાર જણ પૂછવા લાગ્યા, ''શું છે ?'' શેનું આનંદો ? ''શું ખુશખબર છે ?'' ''ટી. એ. - ડીએ.માં વધારો ?'' ફોન ઉપર વાત કરનાર વ્યક્તિ પોતાની ખુરશીમાંથી ઊભા થઈ જતા - ''પાર્ટી... પાર્ટી...!''

''શાની ?''

''૨૦૧૭ના વર્ષ માટે આપણી ઓફિસને રૂપિયા ત્રણ હજાર પાંચસોનું ઇનામ મળ્યું છે. પાર્ટી''

ઓફિસમાંના બધા કર્મચારી વિચારવા લાગ્યા - 'આપણી ઓફિસે ૨૦૧૭ના વરસે એવું શું કર્યું હતું કે આપણને ઇનામ...?'

ખુશખબર આપનારે વધુ માહિતી આપી ''આપણી ઓફિસના બધા રેકર્ડ સૌથી પહેલાં ''ડિજિટલાઈઝ'' કરવા બદલ આપણને આ ઇનામ મળ્યું છે.''

સ્ટાફમાં ગણગણાટ થવા માંડ્યો -

''ડિજિટલાઈઝ ?''

''રેકર્ડ ?''

''ક્યારે કર્યો ?''

''કોણે કર્યો ?''

''હું તો પાંચ વર્ષથી અહીં છું મેં તો જોયું નથી !''

''અરે હું તેર વર્ષથી અહીં ટિચાઉં છું. અને તોય મને ખબર નથી !''

''બીજી કોઈ ઓફિસનું ઇનામ તો આપણને... ?''

''ના, ભાઈ, ના. એ વરસે બે જણને સ્પેશ્યલ આપણે ત્યાં મૂકેલા, યાદ છે - રેકર્ડ ડિજિટલાઈઝ કરવા માટે ? તેઓ બંને, આપણો ઓફિસ ટાઈમ પૂરો થાય પછી ઓફિસમાં આવતા અને રેકર્ડ ડિજિટલાઈઝ કરતા. બે'ક મહિના ચાલ્યું હતું એ કામ.''

''હં... અ... અ... તો સાચું.''

''આપણે ઓફિસ ટાઈમ પછી ક્યારેય ઓફિસમાં બેઠેલા નહીં એટલે આપણને ક્યાંથી ખબર પડે !''

''એ બંને બીજી ઓફિસમાં જુનિયર હતા અને એમને ફરજિયાત અહીં વધારાનું કામ કરવા મૂકેલા - એમની જરા પણ ઇચ્છા ન હતી, છતાંય... કોઈ વધારાનું ભથ્થું આપ્યા વિના.''

''હં... અ... અ...''

''તો આ ઇનામ એમનું...''

''અરે, આ ઇનામ તો ઓફિસનું... આપણી ઓફિસનું... એટલે... એટલે આપણું...!''

''આ ઇનામ ઓફિસને અપાયું છે, કોઈ વ્યક્તિને અપાયું નથી, અને આ ઓફિસમાં છે કોણ ? - આપણે !''

''ગોઠવો પાર્ટી.''

''આવતા સોમવારે...''

''પેલા બે જણને... જે ડિજિટલાઈઝેશન કરી ગયા...?''

''અરે, એમને હવે ક્યાં શોધવા જવા ? ત્રણ વર્ષ થયાં... એ તો બદલી થઈને ક્યાં ના ક્યાં જતા રહ્યા હોય, કદાચ ટ્રાન્સફર વીથ પ્રમોશન પણ લઈ લીધી હોય. નવે-નવા જોડાયા હોય ને, ત્યારે દૂરથી આવ્યા હોય.... હે તો લગ્ન ય કરી લીધા હોય અને બાળબચ્ચાં લઈ વતન ભેગા થઈ ગયા હોય... !''

''એ હવે મળતા હશે !''

''તો પછી રૂપિયા ત્રણ હજાર પાંચસો ને આપણે વ્યક્તિ બાર...''

''જમણવાર થઈ જાય.''

''કરો મેનુ નક્કી''

''સારા રસોઇયાને બોલાવી લો.''

"બાજુના ખાલી બિલ્ડિંગમાં રસોડું અને ત્યાંજ હોલમાં જમણવાર."

જે ઓફિસનું અમુક કામ કોણે કરવું એ બે વર્ષથી નક્કી થતું નહોતું અને એને કારણે એ નિશ્ચિત પ્રકારનું કામ થયા વિનાનું અઢી વર્ષથી પેન્ડિંગ રહેતું હતું એ ઓફિસમાં પાર્ટી કરવી કે નહીં, કરવી તો ક્યારે કરવી, જમણવાર ક્યાં રાખવો - આ બધી બાબતમાં મિનિટોની અંદર સર્વસંમતિ સધાઈ ગઈ. પરિસ્થિતિને સમજી બંને ગ્રૂપ આ બાબતમાં એક થઈ ગયા. રસોઈયાઓને ફોન લાગવા માંડ્યા, મેનુ નક્કી થવા લાગ્યું - દૂધપાક, પૂરી, ઊંધિયુ, પનીર ટીકા મસાલા, કટલેસ, ચટણી, સલાડ,પાપડ, છાશ, કઢી પુલાવ.

સૌ સોમવારનો વિચાર કરતા પોતપોતાના ટેબલ પર કામ કરવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ત્રણ દિવસ સુધી રસોઈયાને વિવિધ સૂચનાઓ અપાઈ, રવિવારે સાંજે ઘરે વધુ જમાય ન જાય એની કાળજી લેવામાં આવી. સોમવારે સવારે નાસ્તાને ડ્રોપ કરવામાં આવ્યો. તે દિવસે રોજ કરતાં પાંચ મિનિટ વહેલાં ઓફિસે પહોંચાયું.

પેલુ પાંચ જણનું ગ્રૂપ, સાત જણાના ગ્રૂપ કરતાં ઓફિસ કામમાં સામાન્ય રીતે શક્ય એટલું નિષ્ક્રિય રહેતું. પણ આજે એ "પાંચજણ ગ્રૂપ", "સાતજણ ગ્રૂપ"ની જાણ બહાર કંઈક વિશેષ સક્રિય થયું હતું. ઓફિસે આવતા વેંત તેમના સભ્યો દ્વારા ધીમા અવાજે ફોન થતા હતા. ક્યારેક બાથરૂમમાં જઈને ફોન થતો હતો.



જમણવારની અન્ય બાબતો જેમ સર્વાનુમતે નક્કી થઈ હતી, એમ જમણવારનો સમય પણ સર્વાનુમતે નક્કી થયો હતો - બપોરે ૦૧.૩૦.

સામે પક્ષે 'સાતજણ ગ્રૂપ'નો પ્લાન આવો હતો - 'ભારેથી અતિભારે જમ્યા પછી કંઈ કામ થઈ શકશે નહીં, આજે કરવાનું બધું કામ જમ્યા પહેલાં જ પતાવી દેવું છે. અને પછી જમ્યા બાદ 'સંપૂર્ણ આરામ' ફરમાવવો છે. વળી, જમ્યા પછી કંઈ કામ નહીં હોય, એટલે એકાદ કલાક વહેલું નીકળી શકાશે ને ઘરે જઈ એકાદ મીઠી ઊંઘ...'

પણ 'પાંચજણ ગ્રૂપ'નો પ્લાન 'સાતજણ ગ્રૂપ' કરતાં વધુ 'ડિજિટલાઈઝ' હતો - મોબાઈલ ઉપર જ તેમનો પ્લાન આકાર લઈ રહ્યો હતો. ઓફિસે આવ્યા ત્યારથી મોબાઈલ ફોન દ્વારા આકાર લઈ રહેલો તેમનો પ્લાન 'સાતજણ ગ્રૂપ'ના સભ્યોથી અજાણ્યો રહી ગયો કારણ કે તેઓ તેમના પ્લાન પ્રમાણે આખા દિવસનું કામ બે કલાકમાં પતાવવાની પળોજણમાં હતા - કામમાં ગળાડૂબ હતા. હજી તો પોણા બાર થયા છે, દોઢ વાગ્યા સુધી ઝડપથી, એકધારું કામ કરીએ તો આખા દિવસનું કામ પતી જશે.' - આવું તે ગ્રૂપના સભ્યોના મનમાં હતું. આજુબાજુ શું થાય છે એ જોવાનો પણ તેમની પાસે સમય ન હતો.

૧૧.૫૦ વાગ્યે 'પાંચજણ ગ્રૂપ'માંથી એક જણ ઊભો થયો, ધીમેથી ઓફિસની બહાર નીકળી બાજુમાં જ આવેલા જમણવારના હોલે જઈ પહોંચ્યો. એ ગ્રૂપે, આખી ઓફિસ વતી આપતા હોય એ રીતે રસોઈયાને સૂચના આપી હતી - બાર વાગ્યા સુધીમાં રસોઈ 'કમ્પલીટ' કરી રાખવાની. રસોઈ બની જવા જ આવી હતી. મોબાઈલ પર વાત કરીને જોખમ લેવાય એવું ન હોતું. આથી 'પાંચજણ ગ્રૂપ'ના એ સભ્યે તેના ગ્રૂપના બાકીના ચારે સભ્યોને અગાઉથી નક્કી થયા મુજબ વ્હોટસએપ - મેસેજ કર્યા. પેલો ઓફિસની બહાર નીકળ્યો, ત્યારથી પોતપોતાના મોબાઈલ સામે તાકી રહેલા ચારેય જણ ખુરશીમાંથી અડધા ઊભા થઈ ગયા - પણ પ્રસંગની ગંભીરતા જોતાં પાછા ખુરશીમાં બેસી ગયા. એક મિનિટ પછી એક જણ ઊભો થઈ બાથરૂમ બાજુ ગયો, ત્યાંથી ધીમે-ધીમે દરવાજા તરફ ગયો અને બહાર નીકળી ગયો. બે મિનિટ પછી અન્ય એક સભ્ય બાથરૂમની અંદર ગયો, હાથ ધોઈ, બહાર નીકળી પેલાના પદચિહ્નને અનુસર્યો. ત્રણ મિનિટ પછી ત્રીજો જણ મોબાઈલ

પર વાત કરતાં - કરતાં ઓફિસની બહાર ગયો અને દોઢ મિનિટ પછી (આવા વખતે સમય બગાડવો પોસાય ?) ચોથો.

બાર વાગ્યાને પાંચ મિનિટે 'પાંચજણ ગ્રૂપ'ના પાંચેય સભ્યો જમણવારના હોલમાં હાજર હતા !

''લો, સાહેબ, ઉપાડો ડિશ !!''

''અરે, પહેલાં તમે લો મારાભાઈ !''

''એ ભાઈસા'બ ! અત્યારે આગ્રહ કરવાનો ટાઈમ નથી.. ઉપાડો ઝટ !'' કહી એક સભ્યે ડિશ ઉપાડી, તેની પાછળ - પાછળ તરત બીજા ચારેયે પણ ડિશ લીધી. ડિશમાં વાટકા લીધા અને બધું ભરવા માંડ્યા. ભરી લીધા પછી તરત ખાલી કરવા માંડ્યા - પેટમાં સ્તો ! હજુ તો લગભગ અડધું જમ્યા ત્યાં એક જણે ડિશ એક બાજુ મૂકી દીધી ! એની ઉપર બીજી ડિશ ઢાંકી દીધી. ઊપડ્યો સીધો ઓફિસમાં...! ટેબલ - ખુરશી પર પાંચ મિનિટ બેઠો ત્યાં તેના જ ગ્રૂપનો બીજો સભ્ય આવ્યો, એ પણ પોતાના ટેબલે ગયો, આમ, વારાફરતી પાંચેય જણ આવ્યા અને પોતપોતાની ટેબલ ખુરશી પર ગોઠવાઈ ગયા - અડધું જમી-જમીને પોતાની થાળી ઢાંકીને ! - જાણે ક્યાંય ગયા જ નથી !

'સાતજણ ગ્રૂપ'ના સભ્યો મોબાઈલમાં ટાઈમ જોતા રહેતા હતા - ૧૨.૩૦, 'હંમ - હવે કલાક રહ્યો... પણ મારે તો એક વાગતા જ પહોંચી જવું છે ને બધાની પહેલા ડિશ ઉપાડી લેવી છે - પેલો ઘા શૂરાનો...'

'પાંચજણ ગ્રૂપ'ના સભ્યો પણ મોબાઈલમાં ટાઈમ જોતા હતા - ૧૨.૩૫. જે રીતે ૧૧.૫૦ વાગ્યે વારાફરતી પાંચેયે 'ભોજન ગૃહ' તરફ 'પ્રયાણ' કર્યું હતું, તેમાં થોડા ફેરફાર સાથે, બદલાયેલા ક્રમમાં 'ભોજન ગૃહ' તરફ 'પુનઃ પ્રયાણ' કર્યું.

૧૨.૪૦ - પાંચેય જણ ઢાંકેલી ડિશો ઉપાડી દૂધપાક, પૂરી ઊંધિયું, પનીર ટીકા... વગેરેનો ખાતમો કરી રહ્યા હતા ! પાણી પણ ગળા નીચે ન ઊતરે - પેટમાં જગ્યા ન હોવાનાં કારણે - એ સ્થિતિએ પહોંચી, ૧૨.૫૫થી ૦૧.૦૦ની વચ્ચે પાંચેયે ખાલી ડિશોને મુક્તિ આપી. એજ વખતે 'સાતજણ ગ્રૂપ'નો પેલો સભ્ય, આખા દિવસનું કામ બે કલાકમાં પતાવી, પ્લાનિંગ પ્રમાણે બરાબર ૦૧.૦૦ વાગ્યે જમવા જવા ઊભો થયો. પણ આજુબાજુ 'પાંચજણ ગ્રૂપ'ના એકે સભ્ય ન દેખાતા તેને ફાળ પડી ! તેણે બાકીના છ સાંભળે એમ બૂમ પાડી - 'આ બધા ગયા ક્યાં ?' તેઓ એકબીજાની સામે જોઈ, એક પણ ક્ષણના વિલંબ વિના દોડ્યા - 'ભોજનગૃહ' પર પહોંચીને જુએ છે તો 'પાંચજણ ગ્રૂપ' ઓડકાર ખાતા-ખાતા મુખવાસ લઈ રહ્યું છે.

'અરે ! તમે બધાએ જમી લીધું...?'

'હા, બસ ! જુઓ, આ હમણાં જ ડિશ મૂકી !'

'શરમ નથી આવતી ? (ચાળા પાડતા) હમણાં... જ ડિશ મૂકી ! આ આપણી આખી ઓફિસનો જમણવાર છે. તમે અગાઉ આવીને આમ જમી લો એટલે !' (ઠંડે કલેજે) ''વાત એમ છે કે, આજે કામ ખૂબ છે, સવારે નાસ્તો નહોતો કર્યો એટલે ભૂખ બહુ લાગી હતી ને ભૂખ્યા પેટે ભજન ય ન થાય. તો કામ કેમ થાય ? એટલે અમને થયું કે જમી આવીએ, એક કામ પતે ! પછી ઓફિસમાં ઢગલો એક કામ પડ્યું છે એ કરવા લાગીએ ને ! અને આમેય આ હોલમાં બે જ પંખા છે. એક સાથે બાર જણે જમવુંય કેમ ? બરાબરને ?'' કહી પાંચેય ચાલવા માંડ્યા. ''અરે, શું બરાબર ? શરમાવ, શરમાવ હવે ! આમ ચોરની જેમ આવીને જમી લીધું ? પણ તમે જો એમ માનતા હો કે તમે અમારી પહેલાં ઓફિસનું કામ પૂરું કરી નાખશો, તો તમે બધા ખાંડ ખાવ છો... અમે તો આજનું કામ બધું પતાવી દીધું છે અમારું - અત્યાર માં જ... હવે અમે બધી રસોઈ એ... યને નિરાંતે જમીશું...'' આ છેલ્લા શબ્દો ઓફિસમાં પ્રવેશતા ''પાંચજણ ગ્રૂપ''ના છેલ્લા સભ્યના કાને પડ્યા ને તેનાથી હસવું ન રોકાયું !

'સાતજણ ગ્રૂપ'ના સભ્યોએ ગાળો બબડતા-બબડતા ડિશ લીધી. પણ ડિશમાં શું લેવું ? પૂરી પૂરી થવા આવી હતી. દૂધપાકના તપેલામાં મૂકેલો ડોયો આખો દેખાતો હતો. ઊંધિયાનાં વાસણમાં તેલનું ખાબોચિયું ભર્યું હોય તેવું લાગતું હતું. 'પનીર ટીકા'ની સબ્જીમાંથી 'પનીર-પનીર' ખવાઈ ગયું હતું અને માત્ર ગ્રેવી બચી હતી, જેની સાતે સભ્યોએ સર્વાનુમતે



જોરદાર 'ટીકા' કરી ! કટલેસ સાવ 'લેસ' બચી હતી અને જે હતી, એમાં પણ ઘણા 'કટકા' હતા.

''આ હરામખોરો 'ચટણી' યે 'ચટ' કરી ગયા છે…'' એકનો અવાજ તરડાઈ ગયો.

'તો શું આપણે ખાલી 'સલાડ'થી જ ભૂખ્યા પેટને 'લાડ' લડાવવાના ?'

બીજો સભ્ય ગળગળો થઈ ગયો.

''હવે આ 'છાસ' પી ને જ 'હાશ' કરો, બીજું શું ?'' ત્રીજાએ નિસાસો મૂકતા કહ્યું.

''ઓલા પાપીઓના વાંકે આપણે ખાલી 'પાપડ' ખાઈ લેવાના ?''

ચોથાએ પુણ્યપ્રકોપ પ્રગટ કરવા પ્રયત્ન કર્યો.

ત્યાં તો ખૂણામાં રહેલા એક ટેબલ પાસે જઈ, પાંચમાએ દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં ફૂટપેકેટ મળતા જેવી ચિચિયારી પડે, એવી ચિચિયારી સાથે જાહેરાત કરી - ''પુલાવ પુષ્કળ પડ્યો છે.'' ડિશ લઈ બધા એ બાજુ દોડ્યા. 'પુલાવ' માટે 'લાવ-લાવ' થયું. છઠ્ઠાએ રસોડામાં તપાસ કરી કઢી પણ ઠીક-ઠીક પ્રમાણમાં હોવાનું જાણી આખું તપેલું જ બહાર મંગાવી લીધું અને બધાને ખુશખબર આપ્યા. ખુશખબર સાંભળી ત્રણ જણ એક સાથે કઢીના તપેલામાંથી 'કઢી' લેવા ગયા, એમાં એકબીજાને 'ઢીંક' વાગી - માથાં ભટકાયાં ! દુકાળમાં અધિક માસની જેમ એકની ડિશ પડી નીચે - મહામહેનતે મેળવેલો પુલાવ ડિશમાંથી ઊછળીને લાદી પર ઢળી પડ્યો. તે ડિશવાળો જમીન પરથી ડિશ લેતા લગભગ રડી પડ્યો ! એ કતરાતી નજરે બધાની ડિશમાં પુલાવ જોઈ રહ્યો. 'મારો જ ગ્રૂપના સભ્યોએ મારા જ પુલાવ ઢોળી નાખ્યો ?' - ખીજમાંને ખીજમાં કઢી ભરેલો વાટકો મોંએ માંડી જોરથી સબડકો ભર્યો. અને છેલ્લી-છેલ્લી કઢી-મરચાની વધુ તીખાશવાળી અંતરાસ ગઈ ! જોરદાર આંચકા સાથે એને ઉધરસ ચડી… ડિશ હાથમાંથી ફરી ઊછળી…ને બાજુવાળા પર પડી ! હજુ હાથમાં રહી ગયેલા વાટકામાંથી કઢી પણ બાજુવાળા ના શર્ટ પર ઊડી. બાજુવાળો ઝડપથી દૂર હટવા ગયો, એમાં એનો પાપડ નીચે પડ્યો અને એ પોતે ત્રીજા જણ સાથે ભટકાયો! તે સભ્યની ડિશમાંનો છાશનો ગ્લાસ ઢોળાયો…

જેમ-તેમ કરીને થોડું-થોડું પેટમાં નાખીને બધા હાથ ધોઈ, કૂંડાળું વળી ઊભા રહ્યા. રસોઇયા''ને બોલાવ્યો, રસોઇયો કહે, ''તમારી સાથે છેલ્લે વાત કરતા'તા ઈ સાહેબે ઊંધિયામાંથી ગોતી ગોતીને ૩ર મુઠિયા ખાધા સાહેબ ! બીજો એક ભાઈએ કઢી-પુલાવ ન ખાધાં - એણે કઢીના વાટકામાં પનીરના પીસ ભર્યા અને વાટકો ભરીને ખાધા !''

''એ કઢી-પુલાવ શું કામ ખાય ? અમે છીએ ને… કઢી-પુલાવ ખાવા… અમારા માટે ખાલી કઢી-પુલાવ જ રહેવા દીધાં સાલ્લાઓએ… હવે બીજી વખત જમણવાર થવા દ્યો… ગધેડા માટે શાકમાં નાખેલ ટમેટાં સિવાય બીજું કંઈ રહેવા દઉં તો કહેજો…!''

રસોઇયો - ''સાહેબ પેલા ભાઈએ મને કીધું કે 'ઓફિસ ખાલી ન કરાય, અમે વારાફરતી જમવા આવશું… વહેલું બનાવવું પડશે !'''

''અરે, વારાફરતી નહીં એક સાથે, એક સાથે…'' ત્રાડ સંભળાણી ! બધા બોલનાર સભ્ય તરફ જોવા લાગ્યા… ''વારાફરતી નહીં એક સાથે… એ બધાને હું એક સાથે 'મેથીપાક' ખવરાવીશ…'' એમ બોલતા-બોલતા એ ગુસ્સાથી ધ્રૂજવા માંડ્યા !

પછી શું થયું એ ખબર નથી. તમને ખબર હોય તો જણાવજો, કારણ કે કદાચ આ ઓફિસ તમારી પણ હોય ! ના, આ ઓફિસ મારી તો નથી…

સી-૧૦૪, સત્યમ સ્કાયલેન, એ.ઈ.સી. ચાર રસ્તા,
ટોરેન્ટ પાવર સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. ૯૮૯૮૩૫૭૩૫૭



કોરોનાની આત્મકથા

- ડૉ. જગદીશ ત્રિવેદી

મારો જન્મ ૨૦૧૯માં ચીનના વુહાન શહેરમાં થયો હતો. અમેરિકાના સનકી પ્રમુખ મને ચાયનીઝ વાઈરસ કહે છે. આમ તો ચાયનાની બનાવટ માટે એવો લોકમત પ્રવર્તે છે કે, એ ટકાઉ હોતી નથી. ચાયના ભારત સાથે જે બનાવટ એટલે કે ભારતને મુરખ બનાવવા માટે જે પેતરાં કરે છે એ કાયમી ધોરણે ટકાઉ સાબિત થયા છે. પરંતુ દુર્ભાગ્યવશ હું ચીનનું ઉત્પાદન હોવા છતાં અત્યંત ટકાઉ પુરવાર થયો છું. મેં મારું નામ સાર્થક કર્યું છે. કોરોનાનો એક જ મંત્ર છે કે, કોઈપણ દેશ કોરો ના રહી જવો જોઈએ. મારું બીજું એક નામ કોવિડ-૧૯ પણ છે.

અમેરિકામાં રહેતા દાનવીર અને ચિંતક બિલ ગેટ્સ વિશ્વના બીજા નંબરના અમીર માણસ છે. આ બિલભાઈએ મને ખત્મ કરવા માટે અમેરિકાની સરકારને અનુક્રમે ૧૫૦ મિલિયન્સ અને ૧૦૦ મિલિયન્સ મળીને કુલ ૨૫૦ મિલિયન્સ અમેરિકન ડોલરનું દાન કર્યું છે. આ રકમને તમારા ભારતના રૂપિયામાં બદલીએ તો માત્ર એક હજાર નવસો કરોડ રૂપિયા આશરે થાય છે. મને મારી શકે એવી વૅક્સિન અથવા રસી શોધવા માટે આવડી મોટી રકમનું દાન કરનાર બિલનું દિલ ભલે વિશાળ હશે પરંતુ મારા માટે તો એ દિલેર દુશ્મન સિદ્ધ થયો ગણાય. હું વાઈરસ ઉર્ફે વિષાણુ હોવા છતાં મારા દુશ્મન એવા બિલ ગેટ્સના એક વિધાનને ઉદારતાથી વધાવું છું.

બિલભાઈએ ૨૦૨૦ની શરૂઆતમાં જ મારા વિશે એમ કહ્યું હતું કે, કોવિડ૧૯ને વિશ્વ ભલે સંકટ માને પરંતુ હું એને બહુ મોટો સમાજ સુધારક માનું છું. બિલભાઈએ ભલે મને મારવા માટે કરોડો રૂપિયાનું દાન કર્યું પરંતુ એમના આ નિખાલસ અભિપ્રાય બાદ હું એ માણસના પ્રેમમાં પડી ગયો છું.

આજે મારે મારી આત્મકથા દ્વારા સાબિત કરવું છે કે, હું ખરેખર સમાજ સુધારક છું. મને અંગ્રેજીમાં વાઈરસ કહેવામાં આવે છે અને ગુજરાતીમાં વિષાણુ કહેવામાં આવે છે. જે રીતે અણુ અને પરમાણુ છે એમ વિષાણુ છે. જો મારી સંધિ છૂટી પાડો તો મારું ગુણદર્શન થઈ શકશે. જે અણુમાં વિષ છે એ વિષાણુ છે.

વાઈરસ જેવો જ એક શબ્દ સોમરસ છે. આ બંને શબ્દોમાં માત્ર અંત્યાનુપ્રાસનું જ સામ્ય છે એવું નથી. એ સિવાય પણ ઘણી બાબતોમાં વાઈરસ અને સોમરસ વચ્ચે સમાનતા જોવા મળી છે. જે રીતે વાઈરસ દરેક માણસ સાથે સમભાવ રાખે છે એવી જ રીતે સોમરસ પણ અમીર-ગરીબ, ઉચ્ચ-નિમ્ન, શિક્ષિત-અભણ, ગોરા-કાળા સૌની સાથે સમભાવ રાખી જાણે છે.

"સમભાવ ધરીને સૌનું સ્વાગત અહીં કરે સાકીબાળા
ભોટ-ચતુરમાં અંતર ક્યાં છે ? અગર થયા જો મતવાલા
ભેદ થયો છે રંક-રાયમાં ના કદીએ મદિરાલયમાં
સામ્યવાદની પ્રથમ પ્રચારક છે આ મારી મધુશાલા."

માણસે સમરસતા અને સમભાવની માત્ર વાતો જ કરી પરંતુ અમે વાઈરસ અને બીજો સોમરસ બંને સમભાવનું ઉત્તમોત્તમ ઉદાહરણ બનીને ઊભા છીએ.

હું બ્રિટનના વડાપ્રધાનને પણ વળગી શકું અને વડાર્યાઉવાળાને પણ ભેટી શકું છું. હું પ્રેસિડન્ટથી માંડીને પટ્ટાવાળા સુધી સૌને સમાન રીતે મળું છું. સોમરસ પણ જેટલો શાહુકારને ચડે એટલો જ મુફલિસને ચડે છે. આમ સમભાવ મારો પ્રથમ સદ્‌ગુણ છે.

મિ. લોર્ડ, મારી જાતને સમાજ સુધારક સાબિત કરવા માટે બીજું ઠોસ સબૂત એ છે કે, મેં વિશ્વના કરોડો મકાનને ઘર બનાવી દીધાં અને એનાથી પણ આગળ વધીને મંદિર બનાવી દીધાં છે. મારી આ વાતને જરા સરળતાથી સમજાવવાની રજા લઉં છું.

ઈંટ, સિમેન્ટ અને રેતીથી બને છે એ ઘર નથી પરંતુ મકાન છે. એ મકાન જ્યારે પોતાની ગોદમાં કોઈ કિલ્લોલ કરતાં પૂર્ણ પરિવારને આશ્રય આપે છે ત્યારે મકાનને પહેલું પ્રમોશન મળે છે. એ મકાનમાંથી ઘર બને છે. એ ઘરમાં જ્યારે ધર્મ ભળે છે ત્યારે મકાનને બીજું અને છેલ્લું પ્રમોશન મળે છે. એ ઘરમાંથી મંદિર બને છે. હવે તમને મારી વાત બરાબર સમજાઈ જશે.

હું જ્યાં સુધી આ વિશ્વમાં આવ્યો નહોતો ત્યાં સુધી મકાનમાં એક જ સમયે પૂરો પરિવાર હાજર હોય એવું ભાગ્યે જ બનતું હતું. રેશનકાર્ડમાં નામ હોય એ બધા જ સભ્યો હાજર હોય એવું રાત્રે જ થતું હતું. ઘણા પરિવારમાં તો કોઈની રાતપાળીની નોકરી હોય તો રાત્રે પણ તમામ સભ્યો હાજર ન હોય એવું બનતું હતું. હું જેવો આ વિશ્વમાં આવ્યો અને રેશનકાર્ડમાંથી નામ નીકળી જવાના ડરથી રેશનકાર્ડમાં જેટલા નામ હોય એ બધા ૨૪૮૭ ઘરમાં સાથે રહેવા લાગ્યા જેને દુનિયા લોકડાઉન કહે છે. આમ મેં કરોડો મકાનને ઘર બનાવી દીધા હતાં.

ત્યારબાદ થયું એવું કે મંદિર, મસ્જિદ, ચર્ચ અને ગુરુદ્વારા જેવાં તમામ ધાર્મિક સ્થળો પણ બંધ થયાં એટલે માણસો ઘરમાં જ પૂજા-ઇબાદત કરવા લાગ્યા. આમ ઘરમાં ધર્મ ભળ્યો એટલે તમામ ઘર મંદિર થયાં. એ કામ પણ મારા વરદ્ હસ્તે થયું ગણાય.

જે લોકો ભગવાનની સામે પણ જોતાં નહોતા એ સવારના પહોરમાં દીવો અને અગરબત્તી કરીને માળા ફેરવવા લાગ્યા હતા. જે લોકો ક્યારેય પાણીનો ગ્લાસ પણ જાતે ભરતાં નહોતા એ બરમૂડો પહેરીને પોતાના ઘરમાં પોતાં કરતાં નજરે પડતા હતા. એ બરમૂડામાંથી સાવરણી જેવા પગ બહાર નીકળ્યા હોય. એ પગ ઉપર એટલી બધી વિપુલ માત્રામાં વાળ હોય કે એ પગ છે કે પગલૂછણિયું છે એ નક્કી થતું ન હોય.જે લોકો દિવસમાં દસ વખત રેસ્ટોરંટમાં કે ચાયની કિટલી ઉપર જઈને 'એય વેઈટર... ઈધર ફટકા લગાઓ.' જેવા ઓર્ડર ફટકારતાં હતા એ પોતાના ઘરના ફળિયામાં ટુવાલ પહેરીને પાણીનો ટાંકો ભરતા જોવા મળ્યા હતા. આ તમામ પ્રકારનું અશક્ય પરિવર્તન કેવળ અને કેવળ મારા કારણે શક્ય બન્યું છે.

હું મારી જાતને સમાજ સુધારક સાબિત કરી શકું એવું ત્રીજું કામ એ કર્યું કે ૨૦૧૯ સુધી Outline હતો એ માણસને

૨૦૨૦માં Online કરી દીધો છે. અત્યારે બધું ઓનલાઈન થઈ ગયું છે. જોબ, મિટિંગ, ટીચિંગથી લઈને ચીટિંગ સુધી બધું જ ઓનલાઈન છે. મેં છેલ્લાં ઘણાં વર્ષોથી માનવતાની લાઈન ઉપરથી ઊતરી ગયેલા માણસને લાઈન પર લાવીને સાચા અર્થમાં ઓનલાઈન કરી દીધો છે. માણસાઈના પાટા ઉપરથી ઊતરી ગયેલી ઇન્સાનની ગાડીને મેં પાટા ઉપર ચડાવી દીધી છે.

મેં અત્યારે આખા વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે પરંતુ હું ભારતમાં આવીને જેટલો કન્ફ્યુઝ થયો છું એટલો વિશ્વના બીજા કોઈ દેશમાં જઈને કન્ફ્યુઝ થયો નથી. ભારતમાં જ્યારે મારા આગમનની શરૂઆત હતી ત્યારે જ તમારા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમયસર લોકડાઉન જાહેર કર્યું. ઓશોએ કહ્યું હતું કે, જે આફતને અવસરમાં બદલી શકે એને સફળતા મળે છે. હું જ્યારે ભારતમાં આવ્યો ત્યારે લોકો ઘરની બહાર રખડવાને બદલે ઘરમાં ભરાઈ ગયા. હું ભારતની શેરીઓમાં ફરતો હતો તો કૂતરાં સિવાય કશું જોવા મળતું નહોતું. એક શેરીમાં બે કૂતરાં વાત કરતાં હતાં જે મેં મારા સગા કાને સાંભળી તે તમને કહું છું.

એક કૂતરાએ બીજા કૂતરાને કહ્યું કે, આ માણસની જાત સામૂહિક રીતે મરી ગઈ લાગે છે. છેલ્લા ઘણાં દિવસોથી કોઈ આપણને પથ્થર મારતું નથી, પગરખું મારતું નથી કે ગાળ પણ આપતું નથી. જો આમ જ ચાલ્યું તો આપણી ભાવિ પેઢી કરડવાનું ભૂલી જશે. ત્યારે વડીલ કૂતરાએ પોતાના અનુભવે કારણે જવાબ આપ્યો કે માણસો મરી ગયા નથી પરંતુ મોતની બીકે ઘરમાં ઘૂસી ગયા છે.

હું ભારતમાં આવીને એટલા માટે કન્ફ્યુઝ થઈ ગયો છું કે, જ્યારે બહાર નીકળી શકાય એવું હતું ત્યારે બધાં ઘરમાં ભરાઈ ગયાં હતાં અને જુલાઈ-ઓગસ્ટમાં જ્યારે ઘરમાં ભરાઈ રહેવાની ખાસ જરૂર હતી ત્યારે બધાં બહાર રખડતાં હતાં. હું માર્ચ મહિનામાં શિકારની શોધમાં ભારતની શેરીઓમાં ભટકતો હતો ત્યારે મને શિકાર મળતા નહોતા અને લોકો પોતાના ઘરમાં રહીને થાળી, ઘંટડી અને શંખ વગાડી મને ચીડવતાં હતા. એક સમય તો મને એવું થયું કે, મારે ભારતમાંથી ભૂંડે હાલ ભાગી જવું પડશે. હું બિસ્તરા-પોટલાં બાંધી દેશ છોડવા તૈયાર થયો ત્યાં જ અનલોક-૧ શરૂ થયું અને મને લોટરી લાગી ગઈ.

આજરોજ ભારતમાં ગુરુપૂર્ણિમાનો તહેવાર છે. પરંતુ ઘણા લોકોએ મારો ગુરુ તરીકે સ્વીકાર કરી મને ઈજ્જત આપી છે. ભલે હું વિષાણુ હોવાથી મને સદ્‌ગુરુ બદલે બદગુરુ કહેવો પડે પરંતુ હું માણસનું ગુરૂર તોડીને ગુરુ થઈ શક્યો એનો મને આનંદ છે. મેં માણસને પરિવાર સાથે રહેતા શીખવ્યું મેં માણસને કરકસરથી જીવતાં શીખવ્યું. મેં માણસને ઘરકામ કરતા શીખવ્યું. મેં માણસને મોજશોખ વગર સંયમથી રહેતા શીખવ્યું. મેં માણસને સાદગીપૂર્વક અને સત્સંગમાં જીવતાં શીખવ્યું આમ એક ગુરુ શિષ્યને શીખવે એ બધા પાઠ મેં ઈન્સાનને શીખવી દીધા છે.

અત્યારે મને એક જાતનું દુઃખ છે કે, ભારતમાં હજુ એવા નમૂના પણ છે જે મને ઓળખતા જ નથી. થોડા દિવસ પહેલા સુરતથી એક ભાઈએ પોતાનાં નેવું વરસનાં દાદીને ગામડે ફોન કરીને કહ્યું કે, બા, આપણા નરેન્દ્રની વહુને કોરોના આવ્યો છે. આ સાંભળી અભણ દાદી રાજી થતાં બોલ્યાં કે ભલે મોડી મોડી પણ માતાજીએ વેળા વાળી છે. એને બિચારીને લગ્નના દસ વરસ પછી પણ કંઈ જ નહોતું એમાં કોરોના આવ્યો એ સારું કર્યું. મને કોરોનાનો ફોટો પાડીને મોકલજો અહીંથી કોઈ આવતું હશે તો અમે એની સાથે કોરોના માટે ઝભલું મોકલશું.

તમારા દેશના લોકોએ કોરોના વિશે જેટલા વોટ્સેપ અને એસ.એમ.એસ. કર્યા એના બદલે માત્ર એસ.એમ.એસ. એક શબ્દનું ધ્યાન રાખ્યું હોત તો અત્યારે ભારત બીમારીમાં વિશ્વમાં ત્રીજા નંબર પર છે તે ન હોત. એસએમ.એસ. એટલે સરદાર મનમોહન સિંહ નહીં પરંતુ એસ.એસ.એસ. એટલે સેનિટાઈઝર, માસ્ક અને સોશ્યલ ડિસ્ટન્સ. મને તો એવું લાગે છેકે, ઈન્સાનને માસ્ક એટલે પહેરવું પડ્યું છે કારણ કે કુદરતને મોઢું દેખાડવા લાયક રહ્યો નથી. જાહેર સ્થળોએ સેનિટાઈઝર આપવામાં આવે છે. પણ અમુક અક્કલમઠ્ઠા એને ચરણામૃત સમજીને પી જાય છે. સોશ્યલ ડિસ્ટન્સની બાબતમાં એવું છે કે, ટોળું એકઠું ન કરવા માટે મિટિંગ રાખવામાં આવે છે અને એ મિટિંગમાં સૌથી વધુ માણસો એકઠા થઈ જાય છે.

આમ ભારતમાં મને અનુકૂળ વાતાવરણ હોવાથી મેં છેલ્લા ઘણા મહિનાથી ભારતમાં ધામા નાખ્યા છે પરંતુ અત્યારે મને ચિંતા એક જ વાતની છે કે, મને મારી શકે એવી વૅક્સિન પણ કદાચ ભારતમાંથી જ શોધાય એવી શક્યતાઓ છે. જો મારા નસીબ નબળા હશે તો મારી આ આત્મકથા ‘ગુજરાત’ના વાચકો વાંચતા હશે ત્યારે મને હણી શકે એવી રસી બજારમાં આવી પણ ગઈ હશે. અમે વાઈરસની જાત એટલે એક જશે તો બીજો આવશે. જગદીશ ત્રિવેદી નામના એક લેખકનો એક મૌલિક વિચાર અહીં ટપકાવું છું.

જે રીતે ટ્રાફિક સિગ્નલ ઉપર ગ્રીન, યલો અને રેડ ત્રણ લાઈટ હોય છે એમ કુદરત પાસે પણ ગ્રીન, યલો અને રેડ એમ ત્રણ બટન છે. ગ્રીન બટન એવું છે જે આખા વિશ્વને નહીં પરંતુ અમુક પ્રદેશને જ પ્રભાવિત કરે છે. ઉ.ત. કંડલાનું વાવાઝોડું, કચ્છનો ધરતીકંપ, સુરતનો પ્લેગ, મોરબીનું પૂર, સુરતનું પૂર, ત્રણ વરસનો દુષ્કાળ આ બધા લીલા રંગનાં બટન છે. કુદરત એમ કહે છે કે મેં લીલાં બટન બહુ દબાવ્યાં પરંતુ માણસે એની લીલા બંધ ન કરી.

કુદરત સો વરસે એકવાર Out line માનવજાતને Online કરવા માટે યલો બટન દબાવે છે આજથી સો વરસ પહેલાં ૧૯૧૮માં સ્પેનીસ ફ્લૂ નામનું યલો બટન દબાવ્યું હતું ત્યારબાદ ૨૦૧૯માં મારા સ્વરૂપે યલો બટન દબાવ્યું છે. યલો બટન આખા વિશ્વને પ્રભાવિત કરે છે. કુદરત તમારી માનવજાતને એમ કહેવા માંગે છે કે ચાર પાંચ વખત યલો બટન દબાવ્યા પછી પણ તમે સુધરશો નહીં તો મારે નાછૂટકે લાલ બટન દબાવવું પડશે અને એ પૃથ્વીના પ્રલયનું બટન છે.

હું વિષાણુ છું. મારો એકમાત્ર એજન્ડા જીવસૃષ્ટિને ખત્મ કરવાનો છે છતાં હું માણસ જેટલો નિર્દય નથી એટલે હું શુભકામના આપું છું કે મને પરાસ્ત કરી શકે એવી દવા શોધવાનો શ્રેય ભારતને જ મળે અને મારા પ્રકોપથી માનવજાત સાચા અર્થમાં માણસ બની જાય જેથી કુદરતને ક્યારેય લાલ બટન દબાવવાનો સમય આવે નહીં.

૨૦, શારદા સોસાયટી,
જીનતાન રોડ, સુરેન્દ્રનગર.
મો. ૯૮૨૫૨૩૦૯૦૩

રિપૅરિંગના અનુભવો

- અધીર અમદાવાદી

અર્વાચીન યુગમાં આપણે કદાચ જેટ યુગ, ઇન્ફર્મેશન યુગ પછીના કોઈ યુગમાં પ્રવેશી ગયા હોઈશું. અત્યારે કોઈ જૂનો યુગ ચાલે છે કે કોઈ નવો યુગ આવી ગયો એની અમને જાણકારી નથી. આ યુગની એક ખાસિયત એ છે કે હજારો કલાક અર્થ વગરના વીડિઓ અને સુવિચારો મોકલવા અને વાંચવામાં વીતી જાય છે પરંતુ કરવા જેવાં કામ કરવા માટે આપણી પાસે સમય નથી હોતો. આ પ્રકારના વિચારો અમારા એરકન્ડિશન મશીનનું પ્રિન્ટેડ સર્કિટ-બોર્ડ એટલે કે પીસીબી બદલી કંપનીનો મિકેનિક પંદર મિનિટમાં ત્રણ હજાર રૂપિયા ખંખેરી ગયો ત્યારે અમને આવ્યા. આજકાલ રિપેરિંગ તો થતું જ નથી. રીપ્લેસમેન્ટ જ થાય છે. હવે શહેરોમાં આંખનાં પોપચાં ઉપરના ખાડામાં બિલોરી કાચ ભરાવી ઘડિયાળ રિપેર કરતા, કે જેના ત્યાં રિપેર ન થઈ શક્યા હોય તેવા અસંખ્ય રેડિયો-ટીવી પડ્યા હોવા છતાં રિપેરિંગના ખાં ગણાતાં રિપેર ઉસ્તાદો લુપ્ત થવા લાગ્યા છે. કમસેકમ તેઓ સુલભ તો નથી જ.

નવલકથાની જેમ રિપેરિંગમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ હોય છે. રિપેરિંગની પૂર્વભૂમિકા અને શરૂ કરતા પહેલાં કરવા થતી કામગીરી અને રિપેરિંગ પછીની કામગીરીનો સમાવેશ થાય છે.

રિપેરિંગ અમારા ઘરમાં વારસાગત છે એવું પણ સાવ નથી. મા-બાપ જે ના કરી શકે તે પોતાના સંતાનો કરે તેવું ઇચ્છે છે. પપ્પા લગભગ તો આળસના લીધે જાતે રિપેરિંગ કરતા નહીં, પરંતુ અમારી કોઈ વસ્તુ તૂટી કે બગડી જાય તો અમે જાતે રિપેર કરીએ તે માટે પ્રોત્સાહિત જરૂર કરતા. આમ કરવામાં ખર્ચ વધી જાય કે વસ્તુ સાવ નકામી થઈ જાય એની પણ પરવા એમને નહોતી. એમની જુવાનીમાં એમણે પોતે પણ રિપેરિંગની કોશિશ કરી હશે પણ ભાગ્યે સાથ ના આપ્યો કે ગમે તેમ, પણ એમના પ્રોત્સાહનથી અમે ત્રણેય ભાઈઓ રિપેરિંગ કળામાં સારા એવા પારંગત બન્યા છીએ; એટલે સુધી કે અમારા પડોશીઓ અને મિત્રોની પત્નીઓ માટે પતિને આપવા માટેના ઉદાહરણરૂપ પણ બની શક્યા છીએ.

રિપેરિંગ કરીને બહારના લોકોમાં ઉદાહરણરૂપ બનવા માટે ઘરના લોકોનો સહકાર જરૂરી છે. ખાસ કરીને તમે પરણેલા હોવ તો પત્નીનો. જો તમે એના હેન્ડ-બ્લેન્ડરનું રિપેરિંગ કરી આપતા હોવ તો તમને એનો સહકાર મળી રહે છે, પરંતુ જો તમે તમારા શેવરને રિપેર કરવાની કોશિશ કરતા હોવ, અને તમને સહકાર મળે, તો એને અમારા જેવા ઘણાં વિદ્વાનો સાચો સહકાર માને છે. તમે ચોમાસામાં બંધ ના થતાં બારણાનું કામ હાથમાં લો તો એ કાર્ય સંપન્ન થયા બાદ તમને ચા વડે અને બારણું બાથરૂમનું હોય તો ચા-નાસ્તા વડે નવાજવામાં આવે છે. પરંતુ જો તમે તમારા મિત્રને કમ્પ્યૂટર કઈ રીતે રિપેર કરવું એ અંગે જો ફોન પર માર્ગદર્શન આપતા હોવ તો તમે ખોટી લપ કરો છો, એવું સાંભળવા પામો છો. જોકે અસહકારની ચળવળથી અંગ્રેજો ભાગી જાય, પરંતુ ભારતીય પુરુષ એમ જલદી હથિયાર હેઠાં મૂકતો નથી એટલે કે આ કિસ્સામાં હથિયાર હાથમાં ના લે તેવું બનતું નથી.

સંસ્કૃતમાં કહ્યું છે કેઃ

अश्वस्य भूषणं वेगो मतं स्याद गव्ज्ञभूषणम् ।
चातुर्यं भूषणं नार्या उद्योगो नरभूषणम् ॥

તેજ ચાલ ઘોડાનું આભૂષણ છે, મદમસ્ત ચાલ હાથીનું આભૂષણ છે, ચાતુર્ય નારીનું આભૂષણ છે અને કામમાં મચ્યા રહેવું તે નરનું આભૂષણ છે. છેલ્લે કામમાં મચ્યા રહેવું લખ્યું છે તે એકલા નરનું આભૂષણ નથી, ગધેડો પણ કામમાં મચ્યો રહે છે. એટલે જ આ ઉક્તિ અમને અત્યંત અને હદ વગરની યથાર્થ જણાય છે; સ્ત્રી ચાતુર્ય ધરાવે છે એટલે ગધેડા જેવા પુરુષ કામમાં રચ્યાપચ્યા રહે છે. આવું અમને સમજાયું. વળી દરેક પુરુષ એમ સમજે છે કે આ પ્રકારનાં કામ કરવામાં પોતે બહુ હોશિયાર છે. આવી માન્યતા પાછળ અગાઉ એકાદ-બે સ્વિચ કે ફ્યૂઝ બદલવામાં, શાવરમાંથી કચરો દૂર કરવામાં, કે કમ્પ્યૂટરની મેમરી બદલવા જેવાં સહેલાં કામોમાં મળેલી ભવ્યતમ સફળતા જવાબદાર હોય છે. અમેરિકા જેવા દેશમાં તો આવા નાનાં-મોટાં રિપેરિંગ માટે કારીગરો જલદી મળતા નથી, અને જે મળે તે ટીંચર ભાવ લે છે. આવામાં આપણો જયકિશન ઉર્ફે જેક અને સૌમિલ ઉર્ફે સૅમ જાતે સઘળાં કામ કરતો થઈ જાય છે. રિપેરિંગમાં મહિલાઓનો રોલ અમેરિકા હોય કે ભારત, અમિતાભની ફિલ્મોમાં હિરોઈનના રોલ જેટલો હોય છે. એટલે જ રિપેરિંગ પુરુષપ્રધાન ક્રિયા છે તેવું ફેમિનીસ્ટસના રોષ વહોરી લેવાના જોખમ સાથે અમે કહીએ છીએ.

રિપેર શરૂ કરતા પહેલાં તમારે સંસાધન ભેગાં કરવા પડે છે. એમાં ગાભા-ડૂચા, પેચીયા-પક્કડ, તેલ-કેરોસીન, સ્ક્રૂ-ચાકી, હથોડી અને વાંદરીપાના સુધીની જરૂર પડે છે.

ગૃહ-રિપેરવિદો અમુક વર્ષોમાં આવી અનેક વસ્તુઓ વસાવીને પોતાની રિપેરપેટી કે મોટા ડબ્બા સમૃદ્ધ કરે છે. જે ડબ્બો સમય જતાં સ્ત્રીઓની આંખમાં ખૂંચે છે, છતાં રિપેરિંગનું યુદ્ધ આવા મોટા ડબ્બા અને એમાં રહેલાં અનેક નાના ડબ્બા-ડુબ્બી વગર જીતી શકાતું નથી એ હકીકત છે.

હિન્દી ફિલ્મ 'આહિસ્તા આહિસ્તા'માં નિદા ફાઝલીની એક ગઝલ છે જેનો મતલા આવો છેઃ

कभी किसी को मुकम्मल ज़्महाँ नहीं मिलता ।
कहीं ज़्मीन तो कहीं आसमान नहीं मिलता ॥

જો લોકોને આટલાં મોટાં જમીન અને આસમાન ના મળતાં હોય તો પછી અમુક ચોક્કસ નંબરના પાનાં કે સ્ક્રૂ ન મળવાથી આપણે અમુક કામો હાથ ના ધરી શકીએ તો એમાં શું નવાઈ ? એટલે જ ઘણીવાર આવું સાંભળવા મળે છેઃ

'આ તારું મિક્સર એકવાર ખૂલે તો બે મિનિટમાં રિપેર કરી આપું, પણ ખોલવા માટે ૧/૮ નંબરની એલન કી જોઈએ, જે આપણી પાસે નથી'.

'તો બાજુવાળા સંજયભાઈને ત્યાંથી લઈ આવો'

'તંબૂરો લઈ આવો, એ સંજય તો ડિસમિસ પણ નથી રાખતો, હું કાલે છાપું લેવા ગયો ત્યારે ચપ્પાના ફણાથી એસીનું ઢાંકણું ખોલતો'તો'.

પરંતુ આમ સંસાધનના અભાવે કામ શરૂ જ ના થાય તે કારણે પુરુષો કામ હાથમાં લીધા બાદ પૂરું ના કરી શકવાની નાલેશીમાંથી બચી જાય છે, એ અલગ વાત છે.

'રિપેર કરવા ધારેલી વસ્તુને ખોલવી તે સૌથી કઠિન કામ છે' એવું અમારા રિપેરિંગના વૈવિધ્યપૂર્ણ અનુભવના નિચોડસ્વરૂપ નીપજેલું જ્ઞાન છે. તમે જોયું હશે કે કોઈના



હાથમાંથી, કોઈના શું કામ તમારા હાથમાંથી પણ, મોબાઈલ પડે તો એના બે ત્રણ ભાગ- ધડ, કવર, બેટરી- જુદા થઈને જુદી જુદી જગ્યાએ વેરાઈ જાય છે. પરંતુ આજ મોબાઈલ તમે ખોલવા ધારો, અને ડિસમિસ ભરાવી ખોલવા જાવ તો પ્લાસ્ટિકનું પડ ઊંચું તો થાય છે, પણ જેવું એ છોડો ત્યારે આંગળીની ચીપટી આવી જાય એમ સજ્જડ, જાતે બંધ થઈ જાય છે. આ પ્રમાણે ન થાય તો પ્લાસ્ટિકનો એકાદો નાનકડો ટુકડો હવામાં ઊડે છે; અને પછી કવર ખૂલે છે. અમે હમણાં રિમોટનું કવર ખોલ્યું ત્યારે લગભગ આ પ્રકારે જ થયું હતું. જોકે અમારા રિમોટ-કન્ટ્રોલને પછડાવાની કોઈ નવાઈ નથી એટલે એને ખોટું નહીં જ લાગ્યું હોય.

આમ હાથમાંથી પછડાઈને સહેલાઈથી ખૂલી જતી વસ્તુઓ તમે જ્યારે ખોલવા ધારો ત્યારે આસાનીથી શું ઘણીવાર તો બિલકુલ ખૂલતી નથી, ખાસ કરીને તમે બળથી નહીં પરંતુ કળથી કામ લેવામાં માનતા હોવ તો. આ મુજબ થવાથી ભૂતકાળમાં ઘણી બધી વસ્તુઓ અમે ખોલવાનું માંડી વાળેલું છે અને જે પેલાં 'ભગવાન જે કરે છે તે સારા માટે જ કરે છે' સુવિચાર મુજબ યોગ્ય જ છે. તેમ છતાં જો તમે 'આજે તો ખોલીને જ રહીશ' પ્રકારના પ્રયત્ન કરો તો બહાર જે પચાસ રૂપિયામાં રિપેર થઈ શકે તેમ હોય તેવી વસ્તુ આખી નવી લેવી પડે છે. આ બધું અમે રિપેરિંગના બહોળા અનુભવને આધારે કહીએ છીએ. જોકે બળથી તમે લગભગ કોઈપણ વસ્તુ ખોલી અથવા તોડી શકો છો.

આવા મુશ્કેલીના સમયે પરાણે માનદ રિપેર-આસિસ્ટન્ટ બનાવેલી અમારી પુત્રી અમને યુ-ટ્યૂબમાંથી વીડિઓ શોધીને એમાંથી માર્ગદર્શન લેવડાવવા માટે તૈયાર હોય છે. જોકે યુ-ટ્યૂબના વીડિઓમાં દર્શાવ્યા મુજબ જે જગ્યાએ સ્ક્રૂ હોવા જોઈએ ત્યાં અમારા ઉપકરણમાં સ્ક્રૂ વગર ઇન્ટરલોક થાય તેવું મિકેનિઝમ નીકળે છે. વીડિઓમાં જ્યાં ડિસમિસ ભરાવવાથી આસાનીથી કવર ઊંચું જતું દેખાય છે તે કવરમાં ડિસમિસ ઘૂસતું જ નથી. એકંદરે પુત્રી બીજા વીડિઓ શોધે તેટલામાં અમે બળથી કવર ખોલી અથવા તોડી નાખ્યું હોય છે. સાવ એવું પણ નથી કે બધાં ઉપકરણ ખૂલતાં જ નથી. પરંતુ જે આસાનીથી ખૂલે છે તેમાં કરવા યોગ્ય માત્ર સાફસૂફી જ હોય છે, અને એ સિવાય કરવા યોગ્ય કશું હોય તો એ વિષે આપણને જાણકારી નથી હોતી. જાણકારીના અભાવે સાફસૂફી બાદ અમે દરેક વસ્તુ હલાવીને એની મજબૂતી ચકાસીને છોડી દઈએ છીએ.

એવું મનાય છે કે સંઘરેલા સાપ કામમાં આવે, આ માન્યતાને આધારે ઘરમાં પેટી-પટારાઓ ભરી ભરીને સાપ

ભેગા થાય છે. પરંતુ અગાઉ જે સાપ સંઘર્યા હોય તેનાથી જુદી પ્રજાતિના સાપની રિપેરિંગ વખતે જરૂર પડે છે. તમે કૉબ્રા સંગ્રહ કર્યા હોય, અને જરૂર સાદી ધામણની પડે એવું પણ બને. એ સિવાય સંઘરેલા સાપ ઘણીવાર ખોવાઈ જતા હોય છે. આમ ઘણા રિપેરિંગના પ્રોજેક્ટ રિપેરિંગના પ્રોજેક્ટ મટીને સાપ શોધવાના પ્રોજેક્ટમાં ફેરવાઈ જાય છે.

આટલી આટલી તકલીફો પાર કર્યા બાદ ખરું રિપેરિંગ શરૂ થાય છે. પણ રિપેરિંગ દરમિયાન વસ્તુઓ ખોલવા જતાં એ અચાનક ઊછળે છે અને ઊછળીને એવી જગ્યાએ જઈને પડે છે જ્યાં પહોંચવું આપણા શરીરસૌષ્ઠવને અનુકૂળ ના પણ આવે. ઘરમાં નાનાં બાળક હોય તો સોફા કે કબાટ નીચે જતો રહેલો આવો ટુકડો બહાર કાઢવા તમે એમનો સદુપયોગ કરી શકો છો. સમય જતાં કુતુહલવશ તમારી આજુબાજુ આંટાફેરા કરતાં બાળકો પાસે આવાં નાનાં નાનાં કામ કરાવી તમે એમને ટ્રેઈન કર્યાનો જશ પણ લઈ શકો છો.

પુરુષો કેમ રિપેરિંગને મહાન સિદ્ધિ ગણે છે એ તમે ખોલવાથી બંધ કરવા વચ્ચે પડતી તકલીફોનો અનુભવ કરો તો જ ખબર પડે. પહેલું તો દિવસમાં ૧૮ કલાક એસીમાં કામ કરનારે બાલ્કનીમાં કે ચોકડીમાં બેસીને કામ કરવાનું થાય છે. એમાં જો ઓઈલ-ગ્રીઝવાળી વસ્તુ હોય તો હાથ ગંદા થાય. હાથ ગંદા થવાથી વિજ્ઞાનના કોઈ ન શોધાયેલા નિયમ મુજબ નાક પર ખણ આવવાની શરૂઆત થાય છે. એમાં ગાભા ધાર્યા જડતા નથી, અને જે જડે તે નાકને અડાડવા યોગ્ય નથી હોતા. આવા સમયે ઘરમાં ચોખ્ખા કપડાના ટુકડાનું મહત્ત્વ એ વિષય પર મિનિ-લેક્ચરનું આયોજન પણ થઈ જાય છે.

અંતે બંધ ઉપકરણને બંધ કરવાનું આવે ત્યારે નવી તકલીફો શરૂ થાય છે, જે મુખ્યત્વે બે પ્રકારની હોય છે. પહેલી એ કે છેલ્લે ઢાંકણું બંધ કરવા જઈએ ત્યારે અમુક પાર્ટ્સ કે સ્ક્રૂ અચાનક મળી આવે છે જે ક્યારે ખોલ્યા હતા ? ક્યાંથી ખોલ્યા હતા ? એ વિષે રિપેરકર્તા સદંતર અજાણ હોય છે. આ સમયે ફરી ઘરનાં નાનાં બાળકો મદદે આવી શકે. બાળકો બિલ્ડિંગ બ્લૉકસથી રમેલા હોય એટલે એમને પાર્ટ આપીને કહી શકાય કે 'જો તો દિકા આ પાર્ટ ક્યાં ફીટ થાય એમ છે જોતો ?' તમારા સદનસીબે જો દિકાને એમાં રસ પડે તો શક્ય છે કે પાર્ટને પોતાનું મૂળસ્થાન પાછું મળે, પરંતુ ૯૯ ટકા કિસ્સામાં આવા વધેલા પાર્ટ મઠ્ઠાના ખાલી થયેલ પ્લાસ્ટિકના ડબ્બામાં સાપ બનીને સંઘરવામાં આવે છે.



બંધ કરવાનું કાર્ય ખોલવા કરતાં ક્યાંય વધારે અઘરું છે. આ બીજી અને ફાઈનલ તકલીફ છે. તમને યુ-ટ્યૂબ ઉપર ઉપકરણ કઈ રીતે ખોલવું એના વીડિઓ જોવા મળશે, પરંતુ કઈ રીતે બંધ કરવું તે રિપેરકર્તા પર ઢોળી દેવામાં આવે છે. અથવા તો એવું ધારી લેવામાં આવે છે કે જે ખોલી શક્યો છે તે બંધ પણ કરી જ દેશે. પણ એવું થતું નથી. જે સહેલાઈથી ખૂલે છે એ સહેલાઈથી બંધ નથી થતું. જે મુશ્કેલીથી ખૂલે છે એ તો કદી બંધ નથી થતું. બંધ કરવામાં બધી ગડમથલ બાદ થાકીએ ત્યારે ઘરનું કોક બાળક, લાવો હું બંધ કરી આપું એવું કહી રિમોટ-કન્ટ્રોલ રમકડાના સેલનું ઢાંકણું બંધ કરતું હોય તેટલી આસાનીથી સાધન બંધ કરી આપે ત્યારે આપણને ઢાંકણીમાં પાણી ભરીને ડૂબી મરવાનું મન થાય છે. જોકે એ વખતે ઢાંકણીમાં સ્ક્રૂ અને ચાકીઓ પડ્યા હોઈ, વિચાર માંડી વાળવો પડે છે !

એકંદરે રિપેરિંગનો મારગ છે ધીરજવાળાનો, એમાં અમારા જેવા અધીરાઓનું કામ નથી એ પ્રકારનું જ્ઞાન બધામાં ન હોવાથી સૌ પ્રયત્ન કર્યા કરે છે. પરંતુ આવા હર્ક્યુલીઅન કાર્યમાં પ્રવૃત્ત થવાના પુરસ્કાર સ્વરૂપે જો ખાલી ચા પણ મળે તો કર્મના સિદ્ધાંત મુજબ એ પ્રેમથી પીને સોશિયલ મીડિયા પર રિપેરગાથા સુણાવવા પર ધ્યાન આપવું જોઈએ, કારણ કે વાઈરસની રસી શોધી કાઢનારને પણ ઘરમાં કદાચ નળનું વાઈસર બદલી આપનાર જેટલી શાબાશી નથી મળતી. હા, ભાઈ વાઈસર નહીં વૉશર કહેવાય, ખબર છે, પણ અહીં વાઈરસ સાથે પ્રાસ બેસે છે માટે આટલું ચલાવી લો. આખો લેખ ચલાવી લીધો જ ને? ?

બી-૭૦૪ લા ગ્રાસિઆ રેસિડેન્શિયલ,
વિવેકાનંદ સર્કલ પાસે, મેમનગર, અમદાવાદ ૩૮૦ ૦૫૨.
ફોન: ૦૭૯-૨૬૫૮ ૦૧૦૨


QR Code for website link





Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.net


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

નવરી બજાર

- જીતેન્દ્ર ઠક્કર

"કોરોનામાં કરોળિયા જેવો બન્યો નવરી બજાર"

વિનીયો અને પદિયો વીડિયો કોન્ફરન્સ ઉપર મળ્યા. પદિયો, "અલ્યા હિતીયો દેખાતો નથી ! ફોન પણ ઉપાડતો નથી ! ઉકલી ગયો કે શું ?" વિનીયાએ વાત કાપતાં કહ્યું, "હિતીયો હરખપદુડો છે, એ કંઈ ઉકલે એમ નથી... કોરોનાને એના ઘેર કોરોન્ટાઈન કરીને રાખે એ માંઈલો છે." પદિયાએ જવાબ આપ્યો, "પણ કંઈક ઘટના ગંભીર હશે, નહીંતર હિતીયો પ્રગટ થયા વગર રહે એવો નથી. તારું કહે, તારે શું ચાલે છે ?" વિનીયાએ ઉત્સાહથી કહ્યું, "બાવીસ વીડિયો સોંગમાં કામ કર્યું બોસ !" પદીયાએ ખુશ થતાં કહ્યું, "વાહ, તારે તો મહામારીના સમયમાં પણ ચાંદી ! કેટલા કમાયો ? બાવીસ વીડિયો સોંગ એટલે... વાહ !" વિનીયાની હવા નીકળી ગઈ, એણે ઢીલી ખીચડીની જેમ શરૂ કર્યું, "શું કમાયો! આ તો બધા ઉત્સાહી મિત્રો કોરોનાનાં ગીતો બનાવતા હતા, એમાં એક એક લીટીમાં હું દેખાયો... ઘેરથી મારા જ મોબાઈલ ઉપર જાતે આવડ્યું એવું શુટિંગ કરીને મોકલી આપ્યું... એ લોકોએ બધું ભેગું કરીને નડિયાદના ભૂસા (ચવાણા)ની જેમ યુ-ટ્યૂબ ઉપર મૂકી દીધું..." પદીયાને શાંતિ થઈ તેણે ઉમેરતાં કહ્યું, "હા યાર યુ-ટ્યૂબની હાલત તો "ડસ્ટબિન" જેવી થઈ ગઈ છે... લોકો લીલો-સૂકો કચરો, બધું ત્યાં ઠાલવે છે..." વિનીયો બબડ્યો... "યાર આ ગીતોની લાયમાં અને લાઈવ થવાની હોંશિયારીમાં નેટનું બીલ, ખાધા-ખોરાકીના બીલ કરતાં વધારે આવ્યું. પાડોશી પાસેથી ચાર ટકા વ્યાજે લીધા ત્યારે બધું સેટ થયું." પદિયો, "વાદે ચડવા જઈએ તો આવું જ થાય. મેં તો ચૂપચાપ ઘેર બેઠાં "મહાભારત" અને "રામાયણ" ફ્રીમાં જોઈ નાખ્યાં... એમાં મેં પણ રોલ કરેલોને !" વિનીયાએ ઉમેર્યું, "હા રામાયણમાં તેં વાંદરાની ભૂમિકા ભજવેલીને ! વાનર યુદ્ધ વખતે આપણી ટીમના વીસ વાંદરા લઈ ગયેલા. યાદ છે મને..." પદિયો ભડક્યો, "ભાઈ એ એ દુઃખતી રગ ઉપર હાથ ના મૂકને ! હિતીયાને જોડ... બાપડાની હાલત શું છે ! પૂછીએ તો ખરા !!!"

વિનીયાએ વોટ્સએપ વીડિયો કોલિંગમાં હિતીયાને જોડ્યો... સદનસીબે હિતીયો લાગ્યો... વિનીયો અને પદિયો ઉત્સાહમાં આવી ગયા. સ્ક્રીન ઉપર કોઈ દેખાયું... કોઈ વડીલ લાગતા હતા. પદીયાએ કહ્યું, "કાકા હિતેશનું કામ હતું... એને આપોને !" હિતીયો ઉકાળાઓની આડઅસરના કારણે વૃદ્ધ જેવો લાગતો હતો. એ ભડક્યો... એણે શરૂ કર્યું... "હિતીયો જ છું સાલાઓ... બાજુમાં મારી માસી બેઠી ના હોત તો મોટામાં મોટી સંભળાવેત..." વિનીયાએ હિતીયાના ઉત્સાહની ઐસી-તૈસી કરતાં ઉમેર્યું, "અલ્યા જાન્યુઆરીમાં તો સલમાનખાન જેવો લાગતો હતો, જૂનમાં શૂપર્ણખા જેવો કેમ દેખાય છે ?"

હિતીયાએ વેદનાના સૂર સાથે શરૂ કર્યું, "ભઈ શું કહું તમને... આ કોરોના એ તો ઘેર ઘેર વૈદો (ઊંટવૈદો) પેદા કરી દીધા છે... સોથી પહેલા અમારા પાડોશી... બાજુમાં ગંગાબા રહે છે... એ મોઢે લાલ કલરનું માસ્ક પહેરીને ઘેર આવ્યાં... એ જનમ્યાં ત્યારથી જ કોરોના જેવાં દેખાય છે... એમના મોઢા ઉપર વીસથી ત્રીસ મસા છે... મારા માટે ઉકાળો લઈને આવેલો... મને કહે, લે પી જા... જાવીંત્રી-લવીંગ-તજ-સૂંઠ અને ખસખસ અને સાકર છે... કોરોનાને આવવા નહીં દે... આવું કહીને એમની હાજરીમાં મને લોટો ભરીને ઉકાળો પિવડાવી દીધો... કોણ જાણે કયા જનમનું વેર વારીને એમના ઘેર ગયાં... થોડી વાર પછી મારા કાકાનો ફોન આવ્યો... "હિતીયા, સાચવજે... અને સાંભળ... હાલ જ હું કહું તેમ કર... ગુગળનો ધૂપ કર... ચાર લવીંગ - બે ઈલાયચી - મધ અને લીંબુનો રસ ભેગો કરીને ચાટી જા... ના કરે તો તારી બા ના સમ છે... તને કંઈ થઈ ગયું તો મારું કોણ ?" આટલું

કહીને મારા નામનો ઠૂંઠવો મૂક્યો... મેં કહ્યું, કાકા તમારા સમ હું પી લઈશ..." કાકાના આત્માની શાંતિ માટે એમણે સૂચવેલો પ્રયોગ પણ મેં કર્યો... લંચ પછી... મારા સસરાનો ફોન આયો... "હિતેશકુમાર છો ને ! હું ભડક્યો... મેં કીધું "હું હિતેશકુમાર સાક્ષાત વાત કરું છું, તોય પૂછો છો કે છોને !" સસરાએ વળતો પ્રહાર કર્યો, "ના ભઈ પૂછવું સારું... તમારો વિસ્તાર રેડ ઝોનમાં છે... રોજના વીસ જણા ગુજરી જાય છે, એટલે પૂછવું સારું... ચાલો છો, તો પછી હું કહું એમ કરો... ચાલીસ લીંબુ લો... એમાં સુદર્શન ઘનવટી વાટીને નાખો... થોડી તજ વાટીને નાખો... સો ગ્રામ મરીનો ભૂકો નાખો... આ દ્રાવણને હલાવો... સાંજ સુધી હલાવતા રહેવાનું... પછી એને ગાળીને બાટલીમાં ભરી લો... દસ દિવસ સુધી રોજ સવારે નરણાકોઠે ચાર ચાર ચમચી પીતા રહેજો... જીવતા હોઈશું તો બધુંય છે... પૈસાને ના રોતા... આટલું કરજો... તમને કંઈ થશે તો, આ સંજોગોમાં અમારે ત્યાં આવશે પણ નહીં એટલે કહું છું..." સસરાની શિખામણ પ્રમાણે પણ કર્યું... બૈરીએ માથે રહીને કરાવડાવ્યું... આ સિવાય બીજી ત્રીસેક રેસિપી લોકોએ આપી... એમાંથી વીસ અમલમાં મૂકી... છેલ્લા ચાર દિવસથી કાંઈ ખાતો જ નથી... બાવીસ પ્રકારના ઉકાળા અને કાવા જ પીવું છું... મને લાગે છે કે કોરોના કરતાં આ ઊંટવૈદોના ઉકાળા જ મને મારી નાંખશે..." આટલું કહીને હિતીયો ધ્રુસકે ને ધ્રુસકે રડી પડ્યો.

વિનીયાએ સાંત્વન આપતાં કહ્યું, "ભાઈ આવું તો રહેવાનું જ... વરસાદની જીવાતોની જેમ ઊંટવૈદો તો પ્રગટ થવાના જ, પણ આપણે એને જંતુનાશક છાંટીને પતાવી દેવાના... આવા સમયે જ આપણી કલાકારીગરી કામમાં લેવાની... સાંભળવાનું બધાયનું પણ આપણે આપણી સ્ક્રિપ્ટ બહાર જવાનું નહીં, શું ?" આનું પતે એ પહેલાં પદિયાએ બ્રહ્મજ્ઞાન આપવાનું શરૂ કર્યું... "હિતીયા મારી વાત સાંભળ... રડીશ નહીં, તેં કંઈકને રોવડાવ્યા છે. આજે તારો વારો છે. સાંભળ હવે કંઈ કરતો નહીં... બધા ઉકાળા ગટરમાં નાખી દે... હું કહું એમ કર... તુલસી-સૂંઠ-લવિંગનો પાવડર બનાવ. દિવસમાં ત્રણવાર દૂધ સાથે પીવાનો... રાત્રે મસાની ટ્યૂબ લગાડીને સૂઈ જવાનું... કોઈ તારું કંઈ પણ બગાડી શકશે નહીં... ઓકે !"

હિતીયાએ આ સાંભળીને તરત જ ફોન કાપી નાખ્યો... કોરોના કરતાં આવા લોકો જ ખતરનાક હોય છે. કોરોના તો ચૌદ દિવસ કોરોન્ટાઈનમાં રહો એટલે જાય. આવા લોકો તો જીવો ત્યાં સુધી પીછો ના છોડે...

૩, સંજયપાર્ક, સુંદરવન પાછળ,
ઈસરો પાસે, સેટેલાઈટ રોડ, અમદાવાદ.
મો, ૯૮૨૫૩૬૫૪૪૪





હું આમ તો બીઝી હોઉં છું !

- કિશોર અંધારિયા

કામમાં હોવું અને કામમાં હોવાનું દેખાવું એ બેમાં જમીન આસમાન જેટલો ફરક હોય છે. જેમ આસમાન એટલે કે આકાશ જેવું કંઈ હોતું નથી પણ દેખાય છે એવું જ કેટલીક વ્યક્તિઓનું હોય છે. કામમાં હોતા નથી પણ દેખાય છે. કામમાં હોય અને દેખાય પણ એમાં શું નવાઈ ? કામમાં નહીં હોવા છતાં બીઝી દેખાવું એ પાંસઠમી કળા છે.

'તમે આવો છો ?' રમીલાએ જ્યારે એના પતિને પૂછ્યું ત્યારે કેટલીક ક્ષણો તો એવી વહી ગઈ કે જાણે મનહરલાલે કશું સાંભળ્યું જ ન હોય ! આ ગંભીર-ભારે પળોને પારખી રમીલા શબ્દોમાં વિવેક અને આમન્યા ભારોભાર ઠાલવી ફરી કહે છે, 'તમે આવી શકશો મારી સાથે ?'

હવે મનહરલાલ માથું ઊંચકે છે. મતલબ એ બેઠાં બેઠાં નીચું માથું કરી કંઈક કામ કરી રહ્યા હતા એટલે માથું ઊંચું કરે છે, 'શું છે રમીલા ? તું જોતી નથી હું કેટલું અગત્યનું કામ કરી રહ્યો છું ?'

'જોઉં છું ને ! પણ મને એમ તો કઈ રીતે ખબર પડે કે તમે અગત્યનું કામ કરી રહ્યા છો ?'

'એટલે તું શું કહેવા માગે છે રમીલા ?' એમના અવાજમાં રોષ ભળ્યો.

'હું માત્ર એટલું જ કહેવા માંગું છું કે તમે મારી સાથે બજારમાં આવી શકશો ?'

'તને નથી લાગતું કે, હું આટલો કામમાં હોઉં તો બજારમાં તારી સાથે આંટો મારવા ક્યાંથી આવું ?'

'કેવી વાહિયાત વાત કરો છો ? હું બજારમાં થોડી આંટો મારવા જતી હોઈશ ?'

'થોડી તો ન જ જઈ શકે ને ? જવું તો પૂર્ણ સ્વરૂપે જ પડે ને રમીલા !' મનહરલાલે મજાક કરતાં આગળ કહ્યું, 'પણ તું શું કામ જઈ રહી છે એ જણાવીશ ?'

'હું શું કામે જઈ રહી છું એ હું તમને શા માટે કહું ?'

'કેમ, હમણાં તો તું મને સાથે આવવાનું કહેતી હતી...'

'કહેતી નહીં પણ પૂછતી હતી ! પરંતુ હવે મને એક વાતની ખબર પડી ગઈ...' જવા દો.. એ વાત હવે નથી કરવી.

'કેમ નથી કરવી ? તું તારે કરને, હુંય સાંભળું !'

'તો સાંભળો' રમીલાએ કહ્યું, 'મને એ ખબર પડી ગઈ કે તમે કોઈ અગત્યનું કામ નથી કરતા.'

'કેમ એવી શંકા કરે છે ?'

'શંકા નહીં, સાચું અનુમાન કરું છું... એક આટલું અમથું મેં પૂછ્યું એમાં તમે વાતનું વતેસર કર્યું ! બહુ અગત્યના કામમાં હો તો મારી સાથે આમ આટલી બધી ચર્ચા કરવામાં સમય ગાળો ખરા ?'

મનહરલાલ ફરી નીચું માથું નાખી કામ કરવા લાગ્યા. જૂનાં અર્ધફાટેલાં બીલો કાઢી વીસ વરસ પહેલાં ઘર રિપેર કરાવ્યું ત્યારે કેટલો ખર્ચો થયો હતો તેનો એ જસ્ટ હિસાબ જોતા હતા !

ઘણી વ્યક્તિઓ કલાકો કામ કરે છે તો કેટલીક એકાદ કામમાં કલાકો કરી શકે છે. એટલે જ વ્યસ્તતા એ સાપેક્ષ શબ્દ છે. 'હમણાં મને નવરાશ નથી.' એવું કહેનારાને કદાચ પછી પણ નવરાશ નહીં હોય કારણ એ માત્ર કામ આરંભ કરવાનો આનંદ જ માણે છે. કામ પૂરું કરવાનું એનું કામ નહીં. વાસ્તવમાં કામમાં રચ્યાપચ્યા રહેવાનું એ આનંદ કે દુઃખનું નહીં, એના સ્વભાવનું કારણ બની રહેતું હશે.

વ્યસ્તતા સાચી કે ખોટી એવું કંઈ હોતું નથી. ગમે તેવા નાના કામમાં પણ બીઝી રહી શકાય છે. અરે, પડોશમાં રહેતું યુગલ ઝઘડવામાં આખો દિવસ કેટલું વ્યસ્ત રહે છે એ નિરીક્ષણ કરવામાં પણ વ્યસ્ત રહી શકાય છે. હા, તમારા એ નિરીક્ષણ કરવાના અભિયાનનું નિરીક્ષણ કરવામાં કોઈ વ્યસ્ત ન હોય તે ખ્યાલ રાખવો રહ્યો. એ જ રીતે સોસાયટીમાં એક દિવસમાં શાક વેચવાવાળા કેટલા આવ્યા ? સેલ્સમેન કેટલા આવ્યા ? કોના ઘરે મહેમાન આવ્યા ? રહીશોમાંના કેટલા ઘરની બહાર વારંવાર જાય છે ? વગેરે અભ્યાસ પ્રવૃત્તિમાં પણ વ્યસ્ત રહી શકાય છે.

કોઈનો મોબાઈલ આવે અને તરત ઉપાડી લઈએ એમાં આપણું વ્યક્તિત્વ થોડું ઝાંખું પડે છે. બે-ત્રણ વાર રીંગ વાગ્યા પછી મોબાઈલ હાથમાં લઈ, 'સોરી, જરા બીઝી હતો... બીજા ફોન પર એન્ગેજ હતો...' જેવું કંઈક કહેવાથી સ્ટેટ્સને ચાર-પાંચ ચાંદ લાગી શકે છે. એ જ રીતે ઓફિસમાં આપણી પાસે કોઈક કામ માટે આવી રહ્યું છે એવું ત્રાંસી આંખે જોતાં જાણ થઈ જઈ ત્યારે જે કોઈ ફાઈલ ટેબલ પર પડી હોય તે ખોલીને ભલે તેમાંનું વાંચવું નહીં પરંતુ નજર તેમાં સ્થિર કરી દેવી. જિજ્ઞાસાવૃત્તિ પર કાબૂ રાખવોને અમુક સમય જાય પછી પણ એ વ્યક્તિ હજુ સામે ઊભી થઈ હશે કે ચાલી ગઈ હશે એવું જોવા માથું ઊંચુ કરવાની ચેષ્ટા કરવા જવાથી તમારી બીઝી હોવાની છાપ ખરડાશે.

'મારે તો કેટલું કામ હોય છે !' બીજી જ્ઞાતિઓમાં હોય છે એવા જ અમારી જ્ઞાતિના એક અગ્રણી વડીલનો આ તકિયા કલામ. એટલી બધી વાર એ આમ બોલ્યા કરતા હોય કે આપણને લાગે એ હકીકતમાં તો આ વાક્ય બોલવામાં જ ખરા બીઝી રહેતા હશે ! છતાં એકવાર એની વ્યસ્તતામાં ખલેલ પડે તો ભલે પડે, એમ વિચારી અમે તેમને પૂછવું 'કાકા, તમે કહો છો કે તમે બહુ બીઝી હો છો' અને કેટલાં બધાં કામો હોય છે... એકવાર કહો તો ખરા, તમારે કયાં કયાં કામો હોય છે ?

'કેમ સંતોષ નથી થતો ભઈલા ? હજુ મારા કામ વધારવા

છે ?' તેમણે સામો સવાલ કર્યો.

'કેમ એવું કહો છો ?'

'હું કયાં કયાં કામ કરતો હોઉં એ તમને કહેવાનું રાખું તો એ એક કામ મારે વધી ન જાય ?'

બેન્ઝામિન ફ્રેંકલીને કહ્યું છે - 'પરિશ્રમથી જ સફળતા મળે છે, વિચાર કરવાથી નહીં.' ઊંચી વિદ્વતા ધરાવતો જયસુખ પરિશ્રમને પારસમણિ ગણી જાતને ઘસી નાખે છે. ફળની આશા રાખ્યા વગર એ સતત કામમાં વ્યસ્ત રહે છે. રોજ સવારે પોતાનું સ્કૂટર કલાકો સુધી લૂછી, ધોઈને ચકચકિત કરે છે. પછી ચાલતા ઓફિસે જવા નીકળી પડે છે. સાંજે પાછાં ફરતી વખતે શાકભાજી લેતો આવે છે. શાક સસ્તુ મળે એ માટે દૂરની મોટી શાકમાર્કેટ સુધી જવાનું પસંદ કરે છે. ચાલતા ઘરે પહોંચીને શાક સમારવા જેવા નાનાં-મોટાં કામમાં પત્નીને મદદરૂપ થાય છે એવું કહેવાની બદલે કહેવું જોઈએ કે એ બધાં કામમાં પત્ની તેને મદદરૂપ થાય છે. રવિવારની રજા મઝા લઈને આવતી હોય છે જયસુખ માટે. નવું જથ્થાબંધ કામ મળે છે. એક રવિવારે સઘળાં સીલિંગ ફેન, ડાઈનિંગ ટેબલ વગેરે, બીજા રવિવારે આખા ઘરનું ફર્નિચર વગેરે... એવી રીતે પત્નીના આદેશ અને ટાઈમ ટેબલ અનુસાર વારાફરતી સાફ-સફાઈનું કામ જયસુખ બહુ સફાઈ પૂર્વક કરે છે.

કેટલાકની સમજણ એવી હોય છે કે એ બહુ બીઝી હોય છે.. 'કેમ આજકાલ દેખાતા નથી ?' એવું જો ભૂલથી પણ આપણાથી એમને પૂછાઈ જાય તો એ વાતને જીવનથી મરણ સુધી ખેંચી જાય છે. અર્થાત્ જવાબમાં તે કહે છે, 'આજકાલ મરવાનીય ફુરસદ નથી મળતી પછી મળવાની વાત ક્યાંથી વિચારી પણ શકું ?'

જોકે એને ભૂલેચૂકે કોઈક બીમારી આવી ગઈ તો એને મળવાનું સરનામું હોસ્પિટલ થઈ જાય છે. તે ઈલાજની પ્રોસિજરમાં વ્યસ્ત થઈ જાય છે. 'ઘરમાં મારું ચલણ છે !' એવું કહેનારો પુરુષ પછી બીજા જુઠાણાં પણ નહીં બોલતો હોય એની શી ખાતરી ? જે રીતે એ કહેતો હોય હું બહુ બીઝી હોઉં છું... અને ખરેખર એ બેઠો બેઠો માખી નહીં તો મચ્છર મારતો હોય છે !

આજકાલ મોબાઈલ સ્ટાર્ટ કરી સોશિયલ મીડિયામાં ઊંધુ ઘાલીને પડ્યા રહેતા કેટલાકને જો બોલાવો તો એને હોંકારો દેવાનીય તકલીફ પડે છે. તેથી એ બિચારા ચોક્કસ સાચા છે જ્યારે તે કહે છે - 'હું બીઝી છું !' ચેટિંગ-બેટિંગમાં સતત ઓનલાઈન રહેવું એ બીઝી હોવાની અપર હાઈટ છે.

તમે ખરેખર કોઈ કામ કરાવવા માંગો છો ? તો એ તમે ખરા અર્થમાં કોઈ સૌથી વધુ બીઝી હોય એને સોંપી દો. એવી વ્યક્તિને ગમે તે કામ કરવાનો સમય મળી રહેતો હોય છે. અન્યથા પોતાની જાતને 'બીઝી' માનતા ઘણાખરાને એકાદ કામ ચીંધી જોવા ટ્રાય તો કરો, ખબર પડી જશે !

'આજે સાંજે તમે ફ્રી હશો ? મારે એક કામ છે.'

'કેમ સાંજ પડે એટલે હું ફ્રી થઈ જતો હોઉં છું ?'

'હું તો ખાલી પૂછું છું'

'...તો ખાલી ખાલી શા માટે પૂછો છો ?'

'નહીં કામ તો હોય જ ને !'

'...પણ બીજા કામમાં ન હોય ? મતલબ હું કામમાં ન હોઉં ?'

'ભાઈ, એટલે તો પૂછું છું કે સાંજે તમે ફ્રી છો ?'

'પૂછતાં પહેલાં બીજાની વ્યસ્તતાનો ખ્યાલ રાખવો પડે મિત્ર...'

'એવો ખ્યાલ રાખ્યો જ છે ને હું સાચો પડ્યો છું... મારું અહોભાગ્ય છે કે અત્યારે મારી સાથે આ વાત કરવા પૂરતા તો તમે ફ્રી જ છો !'

જો કે ખરા અહોભાગ્યની વાત તો કોઈ અભિનેતા કે નેતા અથવા સતત અભિનયમાં રત નેતાને આપણે ઉદ્ઘાટનમાં બોલાવવાનું થાય અને એ પ્રોજેક્ટ પૂરો પણ થાય એને કહેવાય. કારણ એ જ. એની વ્યસ્તતા ગજબની હોય છે. એમને ઘરે જઈ જ્યારે આમંત્રણ આપવામાં આવે ત્યારે પહેલાં તો એ તમને ચોખ્ખી ના પાડી દેશે, 'યુ ઓલ નો વેરી વેલ... ઈટ્સ નોટ ઈઝી ફોર મી, આઈ એમ વેરી બીઝી...'

'સોરી સર, ઓ.કે. તો અમે જઈએ ? આપનાથી ન આવી શકાય તેમ હોય તો ભલે...'

તરત એ બોલી ઊઠે છે, 'અરે, અરે... તમારો આટલો બધો આગ્રહ હોય તો હું ટાળી નહીં શકું.'

'નહીં સર, અમારો આટલો બધો નહીં, આટલો અમથો આગ્રહ પણ નથી...! આપની વ્યસ્તતાનો અમે આદર કરીએ છીએ.'

'નહીં, હું જરૂર આવીશ. તમે ભલે આગ્રહ ન કરો, તમારી અંતરની લાગણી શું હોય એ હું સમજી શકું છું ! મારાં સો કામ પડતા મૂકી હું તમારા ઉદઘાટનના કાર્યક્રમમાં આવીશ.'

કેટલાક પોતાની જાતને બીઝી દેખાડવા એટલા પ્રયત્નશીલ હોય છે કે, આપણે એને જ્યારે જોઈએ ત્યારે ઘાંઘા ને બાઘા થઈ ફરતા દેખાય. તેઓ ખૂબ કામ કરીને થાક્યા હોય છે કે, આરામ કરીને એ જ ખબર ન પડે. વળી એમાંના કોઈ બોલતા હોય, 'આ ભગવાને દિવસ ચોવીસ કલાકનો બનાવવાને બદલે પચીસ કલાકનો બનવ્યો હોત તો સારું હતું... પહોંચાતું નથી...'

અરે ભાઈ, ભગવાનની ભૂલ કાઢવાને બદલે રોજની ઊંઘમાં એક કલાકનો કાપ મૂકી દે ને !

આ લેખ વાંચવાનો 'બીઝી' લોકોને તો સમય જ ક્યાંથી મળે ? બહુ વ્યસ્ત રહેતા વાંચી લે એટલે ઘણું !

૩૦૩, દેવાશિષ સ્કવેર, સિગ્નસ સ્કૂલ સામે,
મોટનાથ રોડ, હરણી, વડોદરા-૩૯૦૦૨૨.
મો. ૯૪૨૮૧૮૨૭૪૭

ગૃહ, ગૃહસ્થ અને ગૃહિણી

- નગીન દવે

લોન લઈને ખરીદેલ ગૃહ કે જેના હપ્તા હજી ચાલુ છે તે ગૃહ પૂરેપૂરી ચકાસણી પછી ખરીદ્યું હોવા છતાં આ ગૃહથી હું સંપૂર્ણપણે પરિચિત નહોતો પરંતુ સને ૨૦૨૦ના માર્ચ માસની ચોવીસ તારીખથી લોકડાઉન જાહેર થતાં મને પૂરેપૂરો સમય આ ગૃહનિવાસી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. હું એક કંપનીમાં એકાઉટન્ટ છું અને મારી પત્ની એક જાણીતી કોલેજમાં પ્રાધ્યાપિકા છે. સવારે નવેક વાગ્યે નિજગૃહેથી નીકળી હું મોડી સાંજે સ્વગૃહે પરત ફરતો અને હું ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરતો હોઉં એવું લાગતું. પત્નીનું જીવન પણ આમ જ ચાલ્યા કરતું.

કોરોના મહામારીના કારણે થયેલા લોકડાઉનના કારણે અમે બંને પતિ-પત્ની હવે ફૂલટાઈમ ગૃહસ્થ ગૃહિણી બન્યાં. અમે બંને અર્થપ્રાપ્તિનાં અમારાં કામમાં એકકા હતાં પરંતુ નિજગૃહમાં અમે સંપૂર્ણપણે પરાવલંબી હતાં. સઘળાં ઘરકામ માટે અમે સારા પગારથી બહેનો રોકેલાં, રસોઈ બનાવવા માટે અમે બુધા મહારાજને રોકેલા. આમ અમારો ગૃહસ્થાશ્રમ સુપેરે ચાલી રહ્યો હતો.

લોકડાઉનમાં સૌને ઘરમાં જ સુરક્ષિત રહેવાનું હતું. ઘરકામવાળાં બહેનો અને મહારાજ આવી શકે એમ નહોતાં એટલે હવે અમારે ગૃહકાર્યમાં સ્વનિર્ભર - આત્મનિર્ભર બનવાનું હતું. અમે જ્યાં ફરજ બજાવતાં એ ક્ષેત્રમાં અમે તજજ્ઞ ગણાતાં. અમારા જ્ઞાન અને વિદ્વતાની નોંધ લેવાતી પરંતુ હાલ સ્વગૃહ સંચાલનમાં અમે કંઈક બાધાઈ અનુભવી રહ્યાં હતાં. અમે અમારી કર્મઠતાથી બહારનું ઘણું શીખેલાં પરંતુ અહીં ઘરકામમાં ફીફાં ખાંડવા પડે એમ હતું.

ગૃહમાં અમે બે જ જણા હતાં છતાં તાંબાની તોલડી તેર વાના માગે એમ જરૂરિયાત બધી જ હતી અને સર્વ ઘરકામ અથથી ઈતિ અમારે જાતે જ કરવાનું હતું. બજારમાંથી તૈયાર ફૂડપાર્સલ કે એવું કાંઈ મળી શકે એમ નહોતું એટલે જાત મહેનત જિંદાબાદ કરવા જ રહ્યા. પત્ની અર્થશાસ્ત્રની પ્રાધ્યાપિકા હોવા છતાં તે સુંદર કાવ્યો રચતી. તેનાં પિરિયડમાં વિદ્યાર્થીઓને ભણવામાં પણ ગીત ગઝલ અછાંદસનો મૃદુ સ્પર્શ થતો. તેનો કંઠ એવો હતો કે જાણે તેના ગળામાં કોયલે માળો બાંધ્યો હોય ! હું પણ મારી સર્વિસમાં આંકડાની આંટીઘૂંટી ઉકેલવામાં એક્કો ગણાતો. જો કે મને પહેલેથી જ નાટકમાં રસ હતો. ઘણીવાર માસમાં નટસમ્રાટ પ્રગટી જતો. ઘણાંને એવું કહેતાં સાંભળ્યાં છે કે દરેક પુરુષમાં એક નટ છૂપાયેલો હોય છે અને તે ધારે ત્યારે નૌટંકી કરી શકે છે.

મારી પ્રાધ્યાપિકા કમ કવયિત્રી કમ ગાયિકા પત્ની અને હું એકાઉન્ટન્ટ કમ નટ અત્યારે ગૃહ કાર્યમાં નિઃસહાયતા અનુભવી રહ્યાં હતાં. ઊઠીને બ્રશ કર્યા પછી એકાદ કલાક અને બંને શૂન્યમનસ્ક બેસી રહ્યાં. હવે જે પરિસ્થિતિ છે તેને વશ થઈ દરેક કામ જાતે જ કરવું પડશે તેથી એક સઘળું રસોડાનું કામ કરે અને એક બીજું ફરતું વાસણ કપડાં કચરાંપોતા વગેરે જેવું કામ કરે એવું નક્કી કર્યું. ભલે અમે બંને આ કામમાં બિનકુશળ હોઈએ પણ પડશે એવા દેવાશે એમ માની આરંભ તો કરવો જ રહ્યો. આ કામની વહેંચણી કેવી રીતે કરવી તે માટે અમે ચિઠ્ઠીઓ બનાવી, આંખો મીંચીને બંનેને એક એક ચિઠ્ઠી ઉપાડવાની હતી. સાથે એવી શરત પણ કરેલી કે કોઈનાં કામમાં કોઈએ દખલ કરવી નહીં. ચિઠ્ઠી ઉપાડતાં મારા ભાગે રસોઈ-રસોડાનું કામ આવ્યું અને પત્નીના ભાગે અન્ય ફરતું કામ. એટલે રસોડાનું પ્રથમ કામ ચા મારે જ બનાવવાની હતી. રસોડામાં રહેલી ચા બનાવવા માટેની સઘળી સામગ્રી શોધતાં સારી વાર લાગી. મારા જ ઘરમાં હું આટલો અજાણ્યો હતો તે મને પ્રથમવાર જ સમજાયું. અંતે નિશાન ચૂક માફ, નહીં માફ નીચું નિશાન એ ન્યાયે મેં બે કપ ચા બનાવી, પ્રથમ તો એ ઉભરાણી પણ પછી ભૂલ સુધારી લીધી. જો કે ચાની ચૂસકી લેતાં પત્નીએ મોં મચકોડીને કહેલું કે ખાંડ બહુ ઓછી પડી છે. એક કામ પત્યું એટલે વિજયી મુદ્રામાં મેં સ્મિત કર્યું પણ પત્નીનો કશો પ્રતિભાવ સાંપડ્યો નહીં. સપ્રમાણ કામની વહેંચણી પ્રમાણે પત્નીએ કપરકાબી વીછળી નાખ્યાં અને ઊભરાયેલી ચાથી બગડેલો સ્ટવ મોં મચકોડી સાફ કર્યો.

સ્નાનાદિ પત્યા પછી હવે કપડાં ધોવાનું તથા કચરા પોતાનું કામ પત્નીએ કરવાનું હતું. કપડાં વોશિંગ મશીનમાં નાખી દીધાં અને બે ડોલ જેટલું પાણી નાખ્યું પરંતુ કેટલો પાવડર જોઈશે તેની દ્વિધા ઉત્પન્ન થઈ. તેણે ત્યાં જ સ્માર્ટફોનમાં ગૂગલમાં શોધ આદરી ત્યાં અચાનક ફોન છટકીને મશીનમાં પડી ગયો. સંપૂર્ણ પલળી ગયેલો ફોન બહાર કાઢ્યો તો તે સાવ નિષ્ચેષ્ટ થઈ ગયો હતો. તેની ભ્રૂકુટી તણાઈ... મારી જેમ તેનો પણ પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો. લાગે છે કે, કદાચ આજે એ મોબાઈલ વિરહોર્મિની ગઝલનું સર્જન કરશે. એણે મારો મોબાઈલ માગ્યો અને દૂર રહી સર્ચ આદર્યું કારણ કે બંને વચ્ચે આ એક જ સ્માર્ટ ફોન બચ્યો હતો. મૃતપ્રાય મોબાઈલને જીવંત કરનારાઓની દુકાનો સદંતર બંધ હતી. હું વોશિંગ મશીન વિશે તેને સલાહ સૂચનો આપી શકું તેમ હતો પરંતુ અમે એકબીજાના કામમાં દખલ ન કરવાનો કરાર કરી બેઠાં હતાં. સર્ચનાં આધારે અને કંઈક ભગવાન ભરોસે તેણે વસ્ત્ર ધોલાઈનું ભગીરથ કાર્ય પૂર્ણ કર્યું. આ કામ પતાવતાં જ તેને બગાસાનો મારો ચાલુ થઈ ગયો હતો.

તેણે બીજાં કામો પણ ધીમેધીમે થોડા શ્રમ અને થોડા વિશ્રામ સાથે પતાવ્યાં ત્યારે જાણે કે તેના અંગમાંથી વિરહ રાગની કવિતા અને દર્દીલા કંઠની સૂરાવલિઓ પ્રગટી રહી હતી !

ઘણાં વર્ષોથી બુધા મહારાજ અમારા રસોઈયા હતા. પરંપરાગત રસોઈમાં તેઓ પારંગત હતા. હવે મારે આ મહારાજનું પાત્ર વાસ્તવિક રીતે ભજવવાનું હતું. મને હંમેશાં સૂટેડબુટેડ રહેવાની આદત પડી ગઈ હતી. આમ તો અમારો પેઢીગત ધંધો કલમ બરછી અને કડછીનો હતો પરંતુ મેં કલમ ધારણ કરી હતી. જોકે જુવાનીમાં એકલા રહેવાનું થતાં માત્ર શાક ભાખરી બનાવતાં આવડી ગયેલું. હવે તો એ કલા પણ વિસ્મૃતિના આરે હતી. મારા દેહમાં બુધા મહારાજ પરકાયા

પ્રવેશ કરી પૂર્ણપણે પ્રગટ થાય એટલે મેં તેમનાં જેવું સહેજ મેલું એવું ટૂંકું ઢીંચણ સુધીનું ધોતિયું ધારણ કર્યું. જાડી રાંઢવા જેવી મેલી જનોઈ ધારણ કરી નીચે કુંચીઓ બાંધી દીધી. મેં વટભેર ભૂમિને નમન કરી રસોઈ ગૃહમાં પ્રવેશ કર્યો. ભોજનનો હું પહેલેથી જ શોખીન એટલે બજારમાં મળે છે તેવી ચટાકેદાર રસોઈ બનાવવા કમર કરી. ખાઉધરી ગલીને યાદ કરતાં મારાં મોંમાં પાણી આવી ગયું. કાશ ! એવી સ્વાદિષ્ટ ચટપટી વાનગી મારા હાથે બનાવવામાં હું સફળ થાઉં ?

મેં બજરંગબલીનું નામ લઈ કૂકર હાથમાં લીધું. મુહૂર્તમાં જ મારે મારાં પ્રિય બટાટાવડાં બનાવવા હતાં. યુ-ટ્યૂબની રેસિપી પ્રમાણે મેં સઘળી સામગ્રી એકઠી કરી લીધી, જો કે શોધવામાં ખાસ્સો સમય લાગ્યો. બટાટાં હાજર હતાં. કૂકરમાં પાણી નાખી મેં તેને ગેસ પર ચડાવ્યું. બે સીટી વાગે એટલે કૂકર ઉતારી લેવાનું હતું. ચાર પાંચ મિનિટ થઈ પણ સીટી ન વાગી. બીજી ચાર પાંચ મિનિટ થઈ પણ સીટી ન વાગી સિટી શા માટે રિસાઈ હશે એનું કારણ હું ન શોધી શક્યો. જો સીટી છે તો ચોક્કસ વાગશે જ એવી આશાએ મેં રાહ જોઈ અને કદાચ ધીમી આંચ હોવાથી સીટી નહીં વાગી હોય એમ માની મેં આંચ ફૂલ કરી. એકાએક બોંબ ફૂટે એવા ધડાકો થયો... કૂકરનું ઢાંકણું ઉછળ્યું અને ઉપરની છતે અથડાયું અને લોંદા થઈ ગયેલાં બટાટાં ત્યાં ચોંટી ગયાં. હું તરત જ દૂર ભાગેલો એટલે દાઝ્યો નહીં. ગઝલ સર્જનમાં મસ્ત પત્ની એકાએક બહાવરી બની દોડી આવી.. બધું વેરણછેરણ થઈ ગયું હતું. શેલ્ફમાંથી ઘણા ડબ્બાઓ ઉછળીને નીચે પડી ગયા હતા અને વસ્તુઓની ભેળસેળ થઈ ગઈ હતી. માંડ માંડ મેં ગેસ બંધ કર્યો. આડોશી-પાડોશીએ પણ દોડી આવ્યા કે લોકડાઉનમાં ધડાકો શેનો થયો ?

પત્નીએ મારી પર ભંવાં ચડાવી દૃષ્ટિ કરી શિવજીએ દક્ષ પ્રજાપતિના યજ્ઞનો ધ્વંશ કર્યો ત્યારે માતા પાર્વતીમાં જે ક્રોધ પ્રગટ્યો હતો તેવું રૌદ્ર સ્વરૂપ તેનું બનતું જતું હતું. મારામાં છુપાયેલો નટ પ્રગટ થયો અને નાટકીય ઢબે તેને સમજાવવા લાગ્યો. ફોસલાવવા લાગ્યો કરાર પ્રમાણે રસોઈ પછીનું કામ એને કરવાનું હતું પરંતુ એ સાફસૂફી કરવાનો તેણે સ્પષ્ટ નનૈયો ભણી દીધો અને મારા હાથમાં ઝાડું પકડાવી દીધું. રસોડામાં રમખાણ મચી ગયું હતું. એકાદ બે કલાકે સ્થિતિ કંઈક નિયંત્રણમાં આવી પરંતુ છત પર ચોંટી ગયેલા લોંદા હટાવવા ટેબલ પર ચડીને ઘણા પ્રયત્નો કર્યા પરંતુ તે ન ઉખડ્યા તે ન જ ઉખડ્યા. હશે, આ લોકડાઉનમાં અમસ્તુ ય ક્યાં કોઈ આપણા ઘરે આવવાનું છે ?

અમારાં બંનેનાં પેટમાં ઉંદરડા ઉછળકૂદ કરી રહ્યા હતા. કરિયાણાની દુકાનો ખૂલી રહેતી અને ત્યાં નમકીન વેફર જેવું મળી રહેતું. ત્યાં જઈને તાબડતોબ એવી ચીજો ખરીદી લાવ્યો. જંકફૂડ ખાધા વગર છૂટકો નહોતો. ફ્રૂટની કેબિનેથી બે અઢી કિલો ફળો પણ ખરીદી લીધાં. આમ આજનું લંચ હસતાં મોંએ લઈ લીધું.

પેટને ભાડુ આપ્યું હોય એવું લાગે તેવું લંચ પતાવ્યા પછી હવે ડિનરનો પ્રશ્ન ઊભો હતો. સાથે સાથે લોકડાઉનમાં ભોજન પ્રબંધ વિશે પણ વિચારવાનું હતું. રસોડાની હાલત જોઈ તેમાં જવાની ઇચ્છા થતી નહોતી એટલે રસોઈ ગૃહમાં પ્રવેશ્યા સિવાય પેટપૂજા સારી રીતે થઈ શકે તેવા ઉપાયોનું સર્ચ કરવા માંડ્યું. ઘણી ઉપયોગી માહિતી મળી પણ ફળાહાર શ્રેષ્ઠ લાગવાથી ફળો આરોગી ડિનર સમાપ્ત કર્યું. આમ કસોટીભર્યો પ્રથમ દિવસ પસાર કર્યો.

માનુનીનો રોષ ઓછો થતો નહોતો તુમ રૂઠી રહો મૈં મનાતા રહું... એ ફિલ્મમાં શક્ય બને. અહીં એ દુષ્કર હતું. જો કે દુઃખનું ઓસડ દહાડા, એમ ધીરેધીરે પત્નીનો રોષ ઓછો થતો ગયો, હું એક નાટકનો હીરો બનવાના ખ્વાબો જોતો હતો તે વિદૂષક બની રહ્યો.

ટીવીની અનેકવિધ ચેનલોમાં ખાણીપીણીની પણ ચેનલો ચોવીસ કલાક પ્રસારણ કરી રહી છે. એ જોવાનું ચાલુ કર્યું. એક એન્કર બતાવી રહ્યો હતો કે, શરીરને તાજુંમાજું રાખવા કાચું ખાવાનું રાખો. રાંધેલી રસોઈ કરતાં કાચું ભોજન અનેકગણું શ્રેષ્ઠ છે તેણે કહ્યું કે, કાચું ખાનારા હાથી ઊંટ ઘોડા કેટલા તાકાતવાન અને મજબૂત છે. માણસોએ પણ કાચું જ ખાવું જોઈએ. તદ્દન કાચી વાનગીઓ બનાવવાની રેસિપી પણ તેઓ જણાવતાં હતા. આપણે મનોમન નક્કી કરી લીધું કે, રાંધવાની ઝંઝટમાંથી છૂટી હવે કાચા પર આવી જવું એ શ્રેષ્ઠ છે. શરીર સ્ફૂર્તિલું થઈ જાય અને તાકાત આવે એ નફામાં, પાકા ઘડે કાંઠા ન ચડે એમ અમને હવે પાકશાસ્ત્રમાં પ્રવીણતા આવવી શક્ય નથી એમ લાગવાથી કાચું ખાવા વિશે અમારા ફેમિલી ફિઝિશિયન ડૉ. લાકડાવાલાની સલાહ લેવા માટે ફોન કર્યો. ડૉક્ટરે કહ્યું કે કાચું ખાવામાં હરકત નથી પણ પ્રમાણસર ખાવું અને બત્રીસીનું ખાસ ધ્યાન રાખવું કે જેથી ગુજરાત લેતા હવેલી ખોઈ એવો ઘાટ ન થાય. હવે આ પ્રમાણે નવેસરથી મેનુ બનાવવાનું નક્કી કર્યું.

ક્યારેક તીખી કડવી, ખટમીઠી વ્યંગવાણી અમારા દાંપત્યજીવનમાં થયા કરતી પણ છેવટે એ મીઠી મધુરી વાણીમાં પલટી જતી હતી કારણ કે પત્નીનું નામ જ પ્રિયંવદા હતું. લોકડાઉન એ સૌને નિરોગી અને સલામત રહેવા માટે જરૂરી હતું. હવે આ સંજોગોમાં બધું જ કામ જાતે કરવાનું છે એટલે અમે પતિ-પત્નીએ કામની વહેંચણીનો કરેલો કરાર રદ કરી બધાં ગૃહકાર્યો સાથે મળીને કરવા એમ નક્કી કર્યું. અમલ તુરત જ કર્યો.

કપડાં, વાસણ, કચરા-પોતાં, રસોઈમાં હવે અમારો હાથ બેસી ગયો છે. કામમાં તે વળી લાજ શાની ? હું પણ વસ્ત્રો ધોઉં છું, ઈસ્ત્રી કરું છું અને વાસણ માંજીને લૂછી નાખું છું. પત્નીને રસભરી રસનાને પ્યારી એવી રસોઈમાં પ્રાવીણ્ય આવી ગયું છે. ધન્ય ગૃહસ્થાશ્રમ સાથે કામ કરતાં કરતાં અમે ઘરમાં સલામત રહીને ફિલ્મ નયાદૌરનું આ ગીત ગણગણીએ છીએઃ

સાથી હાથ બઢાના સાથી રે...
એક અકેલા થક જાયેગા મિલકર બોજ ઉઠાના
સાથી હાથ બઢાના... સાથી રે....

૨૪૨, પુષ્કરધામ સોસાયટી,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
મો. ૬૩૫૨૧૫૫૮૪૯

કોર્ટની રમૂજ

- મધુકર દિ. ધ્રુવ

ન્યાયાધીશ : તમારા ઉપર આરોપ છે કે તમે ભારતનું ચલણી નાણું છાપેલું અને છાપવાનું શરૂ કરેલું.

આરોપી : નામદાર સાહેબ, મેં તો ભારત સરકારના નીતિ નિયમોનું પાલન કરેલું છે. સરકારશ્રીએ કહ્યું કે આત્મનિર્ભર બનો એટલે મેં બેન્કમાંથી લોન લેવાને બદલે જાતે જ નાણાં ઊભાં કરી દીધાં.

★★★

ન્યાયાધીશ : પુરાવામાં એવું આવે છે કે, કાર્યક્રમમાં મહંમદઅલી એકલા જ આવવાના હતા છતાં તમે ત્રણ જણા આવવાના છે એવો મેસેજ છે એમ કહીને વ્યવસ્થાનો ખોટો ખર્ચ કરાવ્યો.

તાહેરઅલી : નામદાર સાહેબ હું નિર્દોષ છું મારો એવો કોઈ ઈરાદો ન હતો પણ અંગ્રેજીમાં વોટ્સપ મેસેજ સમજવામાં ભૂલ થયેલી.

ન્યાયાધીશ : એટલે તમે શું કહેવા માંગો છો ?

તાહેરઅલી : નામદાર સાહેબ, મેસેજ હતો કે મહંમદઅલી ચોક્કસ જાતે આવે છે. તે આવવાના છે તે અંગ્રેજીમાં લખેલું.

ન્યાયાધીશ : પણ તમારું કહેવાનું શું છે ?

તાહેરઅલી : સાહેબ તેમાં લખેલું, મહમદઅલી સર્ટનલી, પર્સનલી કમિંગ. ને હું સમજ્યો મહંમદઅલી, સરટનઅલી પરસનઅલી એમ ત્રણ જણા આવશે.

★★★

ન્યાયાધીશ : તમે મિલકતમાં ભાગ માંગો છો પણ જેનું કોઈ ના હોય તેનું કોણ હોય છે ?

પક્ષકાર : માનનીય સાહેબ, જેનું કોઈ ના હોય તેનો મોબાઈલ હોય છે.

★★★

ન્યાયાધીશ : પુરાવામાં એવું આવે છે કે, તમે એવું બોલેલા કે નેતાઓ ખાલી વાયદાઓ જ કરે છે.

આરોપી : જી, સાહેબ પણ મેં પોલીસને કહેલું કે હું આપણા દેશની વાત નથી કરતો. પણ પોલીસ કહે અમને બુદ્ધિ વગરના સમજે છે ? અમે નથી જાણતા કે તું કોની વાત કરે છે ?

★★★

ન્યાયધીશ : પુરાવામાં એવું આવે છે કે, તમે જ્યારે કુટુંબ સાથે ટીવી જોવા બેઠા હતા ત્યારે તો કેટી ન્યૂઝ ચેનલવાળા બોલેલા કે 'આપ દેખ રહે હૈ કેટી ન્યૂઝ' આમાં તમારો શું મુદ્દો છે ?

ફરિયાદી : નામદાર સાહેબ એટલે જ મેં ફરિયાદ કરી છે કે એમને કઈ રીતે ખબર પડી કે અમે તેમની ચેનલ કેટી ન્યૂઝ જોઈ રહ્યા છીએ. આમાં અમારી પ્રાઈવસીનો ભંગ થાય.

★★★

ન્યાયાધીશ : તો ક્યા સંજોગોમાં તેમની વાત ન માની.

બચાવ પક્ષના વકીલ : સાહેબ, તેઓશ્રી પાગલખાનામાં કાર્યક્રમમાં ગયા હતા અને ત્યાંથી ફોન કરેલો અને બોલેલા કે તમે જાણો છો કે હું કોણ બોલું છું ? તેના જવાબમાં મારા અસીલે એટલું જ કહ્યું કે તમે કોણ બોલો છો તે હું નથી જાણતો પણ ક્યાંથી

બોલો છો તે જાણું છું.

★★★

ન્યાયાધીશ : તેં આટલી બધી ચોરીઓ કઈ રીતે, કેવી રીતે કરી ?

આરોપી : નામદાર સાહેબ, આપ શીખીને શું કરશો ?

★★★

ન્યાયાધીશ :

(ફેમિલી કોર્ટ) પરંતુ તમે તમારા સાસુ પ્રત્યે આદરભાવ બતાવી વખાણ કરો છો તેનું શું કારણ ?

પક્ષકાર(પતિ) : સાહેબ, અમારા વચ્ચે બોલાચાલી થઈ ત્યારે મારી પત્નીએ કહ્યું કે, મારી મા તો તમારી સાથે મારા લગ્ન કરવાની ના પાડતી હતી.

★★★

ન્યાયાધીશ : પુરાવામાં એવું આવે છે કે ફરિયાદી તમારી આંખની હોસ્પિટલમાં આંખ બતાવવા આવેલા.

આંખના ડૉક્ટરઃ જી સાહેબ, તે વાત ખરી છે.



ન્યાયાધીશ : તમે ફરિયાદીને કહેલું કે ચશ્માંના નંબર કઢાવશો અને ચશ્માંથી જોશો એટલે તમને વંચાશે. પરંતુ, તેમની રજૂઆત છે કે તે વાંચી શકતા નથી.

ડૉક્ટર : નામદાર સાહેબ, તેની ગેરસમજ અને નાસમજ માટે હું જવાબદર નથી.

ન્યાયાધીશ : એટલે તમે શું કહેવા માંગો છો ?

ડૉક્ટર : નામદાર સાહેબ ફરિયાદી અભણ છે.

★★★

ન્યાયાધીશ : આ પહેલાં કોઈ વખત તમારી ઉલટ તપાસ થઈ છે ?

સાક્ષી : જી, સાહેબ થઈ છે. હું પરણેલો છું.

★★★

વકીલ : તો તમારા કહેવા પ્રમાણે તમારી યાદશક્તિ નબળી પડી ગઈ છે એમ ને ?

સાક્ષી : હા, જી.

વકીલ : એટલે તમે બનાવ કે પ્રસંગ બાબત ભૂલી જાઓ છે અને યાદ રહેતું નથી ખરું ?

સાક્ષી : જી, સાહેબ.

વકીલ : તમે એવો કોઈ દાખલો આપી શકો તેમ છો કે જે તમને યાદ નથી ?

એ-૩૭, રો-હાઉસ સોમેશ્વર-૨,
જોધપુર ચાર રસ્તા પાસે,
સ્ટાર બજાર સામે, સેટેલાઈટ રોડ,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૮૨૫૩૨૫૪૯૨

વનસ્પતિનાં વિચિત્ર નામો (હળવે હૈયે)

- ભગદેવ ભટ્ટ 'હાસ્યાયન'

ઈશ્વરે રચેલી સૃષ્ટિમાં કેલું બધું વૈવિધ્ય છે ! માણસો, પ્રાણીઓ, જીવજંતુ, પક્ષીઓ, જળસૃષ્ટિ અને વનસ્પતિ. પાછી દરેક રચનામા ંપણ ભાતભાતનું વૈવિધ્ય. આ પૈકી વનસ્પતિ કે જેનો મહદઅંશે આપણા ઋષિ-વૈદ્યોએ તેનો ઔષધિ તરીકે પણ ઉપયોગ દર્શાવ્યો છે. વનસ્પતિ જળ ઉપર આધારિત છે. તો આપણે વનસ્પતિ ઉપર, આપણે ખાઈએ છીએ એ સર્વ અનાજ, શાક, ફળ વગેરે વનસ્પતિ જ છે ને ! આયુર્વેદના ગ્રંથોમાં જાતજાતની અને ભાતભાતની વનસ્પતિનાં નામો અને તેના ગુણો (જે તે રોગ અનુસાર) દર્શાવ્યા છે. મારો આશય વૈદ્યકીય નથી પણ હળવાશ ભર્યો છે. એવાં એવાં નામો છે કે કાં વાંચીને/સાંભળીને હસવું આવે અથવા મનમાં થાય કે આવું તે નામ હોય ! વળી ઘણી વનસ્પતિનાં નામો પ્રાસમાં છે. કાનામાતર વગરના છે તો પુરુષ કે સ્ત્રી એટલે કે શેઠ-શેઠાણી એ રીતનાં નામો પણ છે. ઉપરાંત ઘણાં નામો વસ્તુ જેવા કે ધંધાને મળતાં પણ છે. રામાયણ/મહાભારતમાં આવતાં પાત્રો જેવાં નામો પણ છે.

આપણે પ્રથમ કાનો માતર વગરનાં નામો જોઈએ.

બે અક્ષરવાળીઃ કઠ, જવ, તજ, તલ, ધવ, નળ, બળ, મગ, મઠ, વજ, વડ, શણ.

ત્રણ અક્ષરવાળીઃ અંજન, અડદ, અનંત, અબઈ, અરસ, અળઈ, ઈફળ, ઉંડણ, કદંબ, કરંજ, કનક, કમળ, ચંદન, તગર, પતંગ, ફણસ, લસણ.

ચાર અક્ષરવાળીઃ કરંબળ, ખસખસ, ગરમર, તલવણ, પરવળ, સરસવ, હળદર.

પાંચ અક્ષરવાળીઃ રક્ત ચંદન.

હવે પ્રાસવાળાં નામો જોઈએ.

(૧) જાયફળ-કાયફળ-માયફળ (૨) નારંગી-ભારંગી-સોરંગી (૩) અરણી-ગરણી (૪) ગુવાર-જુવાર (૫) અગર-તગર (૬) આવળ-બાવળ (૭) જામફળ-રામફળ (૮) પાઠ-માઠ (૯) રાઈ-જાઈ (૧૦) વજ-તજ (૧૧) કાંગ-ભાંગ-ફાંગ (૧૨) ખેર-ચેર (૧૩) બીલી-લીલી (૧૪) આલ-નાલ (૧૫) નળ-બળ.

હવે શેઠ-શેઠાણી જેવાં નામો જોઈએ.

(૧) અંજન છે તો અંજની પણ છે. (૨) ગળી છે તો ગળો પણ છે. (૪) ભીંડી છે તો ભીંડા પણ છે. (૪) પાટલી છે તો પાટલા પણ છે. (૫) કુબી છે તો કુબો પણ છે. (૬) સીતાફળી છે તો રામફળી પણ છે. (૭) ફણસ છે તો ફણસી પણ છે. (૮) નેવરી છે તો નેવારી પણ છે.

પ્રાણીઓ જેવાં નામો પણ છે. આ રહ્યા ને !

(૧) અજગરી (૨) આગિયો (૩) ઉંદરકની (૪) કીડામારી (૫) ગજકર્ણી (૬) ડુક્કરકંદ (૭) ધામણ (૮) નાગછત્ર (૯) નાગફણી (૧૦) નાગલી (૧૧) ભૂંડ (૧૨) વછનાગ (૧૩) વાંદો (૧૪) વીંછુડા (૧૫) સાપસૂન (૧૬) હરણસૂરી (૧૭) માંકડી આ બધા ખાઈ ખાઈને પાછા જે કાઢે તેને જે કહે છે તે નામ છે ''લેંડી''.

આપણા ઘરમાંની કેટલીક વસ્તુઓ જેવા નામો છે.

(૧) ઉંબરો (૨) કચરો (૩) ગરણી (૪) ચિત્રો (૫) જરસી (૬) ટાંકો (૭) તોરણ (૮) નાલ (૯) પતંગ (૧૦) પાટલા-પાટલી (૧૧) કડુ (૧૨) વાળો (૧૩) ચેર (૧૪) દીપમાળ.

કેટલાંક દ્રવ્યો કે ખાવાની વસ્તુ ઘરમાં હોય છે તેવા નામની વનસ્પતિ છે.

(૧) કાંજળ (જો. છૂ.) (૨) ગળી (૩) ગોળ (૪) ડામર (૫) દારૂડી (૬) માખણી (૭) મોરસ (૮) ખાખરો.

રામાયણ-મહાભારત સુધી પાછા જવું પડે એવાં નામોય છે.

સીતાફળી, રામફળી તો રામબાણ પણ છે.

મહાભારતનાં નામોમાં અર્જુન, સહદેવી અને રોહિણી (વસુદેવનાં પત્ની). તો કાળચવનને ભસ્ક કરનાર મુચુકંદ ઋષિ જેવું નામ પણ છે મુચકંદ.

આમાં આગળ ઉપર રોહિણી નામ દર્શાવ્યું છે તેને જો આકાશ દર્શન સાથે સાંકળીએ તો તે નક્ષત્રનું નામ છે અને આવું બીજું નામ દેશી ઉચ્ચાર પ્રમાણે છે તે વીંછુડા (જેને વૃશ્ચિક રાશી કહે છે.)

કોઈને ઘર હોય કોઈને ઝૂંપડું તો કોઈને કુબો. આ કુબો પણ વનસ્પતિનું નામ છે. હવે કુબો હોય પણ પાણી તો જોઈએને તે લેવા પાછું અહીં જવું પડે (૧) નળ (૨) કુવા. આ બંને વનસ્પતિ જ છે.

આ નામો ઘણું કરીને સ્ત્રીનાં છે. પણ છે બધી વનસ્પતિ !

(૧) વસુ (૨) કનક (૩) આશા (૪) રોહિણી (૫) વિષ્ણુકાંતા (૬) સહદેવી (૭) ગંગાવતી.

સ્ત્રીનું બીજુ નામ નારી છે તે નામની પણ વનસ્પતિ છે. હવે તેમાં પણ કોઈ લાંબી (નારી) હોય તો તેને સૌ ''લાંબડી'' કહી ખીજવે. આ પણ વનસ્પતિ છે. એમ તો 'માંકડી' પણ છે. પાછી સ્ત્રીઓમાં કોઈ ધોળી હોય તો કોઈ કાળી હોય. આ ધોળી અને કાળી પણ વનસ્પતિ જ છે. એમ તો કોઈ સ્ત્રીની કાયા 'મખમલી' હોય એ 'મખમલી' પણ વનસ્પતિ છે. એમ તો 'અબોલી' પણ છે. જે સ્ત્રી સહજ છે.

હવે આ નામો પણ જુઓ (૧) વાપુંભા (૨) પાણકુંભા. પાછળ ભા લગાવવાથી એમ ક્ષત્રિય થોડું થવાય ! આ તો વનસ્પતિ છે. આ પુરુષો જેવાં નામ છે. અને પુરુષ છે તો શવળા (જો. છૂ.) પૂજ્યા હોય ત્યાં સુધી ઠીક છે નહીં તો 'સામો' થઈ જાય. આ શવળા અને સામો પણ વનસ્પતિ છે.

ઉપર જે દ્રવ્યો અને વસ્તુઓ દર્શાવી છે તે લેવા નાણાં તો જોઈએ જ. તો 'નાણા' નામની પણ વનસ્પતિ છે.

એમ તો અમારા ભૂદેવોમાં હોય છે એ નામ 'જટાશંકર' પણ વનસ્પતિ રૂપે મળે. એનું બીજું નામ 'જટામાશી.' છે ને નામ માશીને માથે જટા હોય એવું !

દરજીના ધંધા સાથે સંકળાયેલ નામો પણ છે. (૧) સીવણ (૨) ટાંકો (૩) દાંતી (૪) કાતરવેલ.

તો નાઈના ધંધા સાથે સંકળાયેલ નામ પણ છે (૧) કાંસકી (૨) ચેર (ખુરશીના સંદર્ભે) (૩) કાતરવેલ.

જેમ ફોજદાર, મામલતદાર, હવાલદાર છે તેવી જ વનસ્પતિ 'દેવદાર' છે. ઈ-મેઈલ, ઈ કોમર્સને મળતા નામે જવી વનસ્પતિ છે 'ઈફળ.'

આપણા શરીર સાથે નિસ્બત છે તેવાં નામોય છે. આ રહ્યા : (૧) અળઈ (૨) ઉધરસી (૩) અક્કલ કરો (૪) ઘોંટી (સૂઈ જવાના સંદર્ભે) (૫) કાનફોડી.

લ્યો ત્યારે રજા લઉં. આ યાદીને સંપૂર્ણ ન ગણતા. તમને પણ આથી વધુ મળી શકે. પ્રયત્ન કરી જોજો.

'વરેણ્યમ્', પ્લોટ નં. ૪૩૮/એ/૨, ગીતાંજલિ પાર્ક,
સેક્ટર-૮-બી, ગાંધીનગર-૩૮૨૦૦૭.
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૨૫૩









" વિઘ્નેશ્વર રથ "
- રમેશભાઈ ગોહિલ
મો.-૯૪૨૭૫૫૯૮૭૫


" કઠપૂતળી "
- દુર્ગેશ ઉપાધ્યાય
મો.-૯૮૨૪૩૧૦૬૭૯

“ રાસ રમંતા ”

- ભૂમિકા ભાવસાર

મો.-૯૮૨૪૦૮૯૬૭૭



"ગણપતિ બાપા મોરીયા"
- દામોદર ગજજર
મો.-૯૮૨૪૩૧૦૬૭૯

અધોવાયા ફડેશનાં લગ્ન !

- કૃષ્ણ પંડિત

અયોગ્ય વરો માટે સુયોગ્ય સુંદરી જેવી કન્યાઓ ઢૂંઢવાની, ચયન કરવાની, અહીં 'એક્સસરસાઈઝ' છે. નોટબૂકને પણ કેટલાક એક્સસરસાઈઝ કહે છે. કસરતને પણ કેટલાક 'એક્સસરસાઈઝ' કહે છે. કન્યા ઢૂંઢવી એ રૂા. ૨૦ની નોટબુક ખરીદવા જેવું સહેલું કર્મ નથી. વળી કસરતનું કામ પણ થોડુંક અણમાનીતું છે, કારણ કે, આ અબળા જેવા આ નિરાધાર શરીરને એમાં ત્રાસ આપવાની વાત છે. ઈશ્વરે, શરીર અથવા જીવન કસરત પાછળ વેડફવા નહીં પણ મહાન કામો કરવા આપ્યું છે એવું શાસ્ત્રો કહે છે.

હું નરેશ, ને સોમાજી, ત્રણ મિત્રો છીએ. ગામડામાં ભણ્યા છીએ, રહ્યા છીએ, એટલે ગામડિયા છીએ. અમારા જમાનામાં ફાણસ હતા. આમ ગામમાં લાઈટ ન હોવાથી અમો ઝાઝું ભણી શક્યા નહીં. નહીં ભણવાનો પસ્તાવો થાય છે. ને મિત્ર સોમાજી તો કહે છે કે, ગામમાં લાઈટ હોત તો હું ખૂબ ભણી દેશનો નાણા મંત્રી થાત.

મેં કહ્યું : 'સોમા, તારું મેથ્સ ને અંગ્રેજી એટલું બધું કાચું છે કે ; તું આપણામાં મા. નાણામંત્રી બહેન જેમ અંગ્રેજી બોલી શકીશ નહીં.

તે વઘો : 'દેશમાં બહુમતીને સરખું હિન્દી બોલતાં નથી આવડતું ત્યાં અંગ્રેજી ફાડવાની શી જરૂર !'

મિત્ર નરેશ, હાયર મીડલ ક્લાસ ખેડૂત ફેમિલીમાં જન્મેલો. મારા ઘેર એક ભેંસ હતી. નરેશને ત્યાં બે ભેંસ, બે બળદ ને ઘોડી હતી. જેના પર અમો ત્રણ બાળ મિત્રો બેસી, ઘોડીને પાણી ન પીવું હોય તો પણ પીવા લઈ જતા. અમારા માન ખાતર, તે પાણી પીતી. એકદા અમો હવાડે લઈ ગયા. ત્યાં પાણી પીવા આવેલ તંદુરસ્ત એક ઘોડો તેણે જોયો. આ સીન થકી અમે કંઈ સમજ્યા કે - અમારી ઘોડીની ફોઈનો દીકરો ઘણાં વર્ષે બેનને મળ્યો છે. એટલે ભાઈ-બહેન વાતો કરે છે, તો ભલે કરતાઃ અમો ત્રણેય ઘોડી પર બેસી એમનો કોડ લેન્ગ્વેજમાં ચાલતી વાતોનો આનંદ લૂંટતા હતા, ત્યાં બંનેના દિમાગ (ઘોડા-ઘોડીના) ફર્યા. તેમણે દોડાદોડી, પકડાપકડી કરી અમને ત્રણેયને અમારી ઘોડીએ એવી સ્પેશિયલ જગાએ પટક્યા કે જ્યાં, ગામનું સાર્વજનિક ઓપન એર થિયેટર જેવું ટોયલેટ હતું.

અમારો મિત્ર સોમો, અમારું ઘણું ખરું ગામ સાવ ગરીબી પ્રધાન હોવાથી, તે ગામની ગરીબીનું ગૌરવભેર પ્રતિનિધિત્વ કરે છે તેમ કહેતો. આપણી ફિલ્મોવાળા, ગામ જોવાની લાલસા થાય, તેવા લીલાછમ મોલથી લહલહાતાં ખેતરોને નાનાકડા મોલના ભારા માથે મૂકી, મેકઅપ થકી રંગીન ને ખુશખુશાલ સંગીતમય ગીતો ગાતી ગ્રામીણ સુંદરીઓ જોવા ગામડે જવાનું મન થાય તેવું ચિત્ર પેશ કરે છે જે વાસ્તવમાં તેમ હોતું નથી. ગામની રિયલ જમીની હકીકતોમાં ગરીબી, ધૂળ, ગંદકી જોતાં હૃદય દ્રવી ઊઠે ને મન ક્ષુબ્ધ થાય તેવું હોય છે એ દશ્યો આમેય શબ્દાતીત નથી ! ચામડી દઝાડતા ઉના વાયરા, તાપ, ટાઢ, રાતદિના ઉજાગરા, કાળી મજૂરીને અંતે સૂકો રોટલો. આવું ગ્રામીણ કલ્ચર મારા માદરે વતનનું હતું.

મારા ગામનો આપાદ મસ્તક બેવકૂફ જ્યોતિષ કે જેનું ભવિષ્ય કથન ફેક ન્યૂઝ જેવું હતું, તે નરભેરામે આ બંને બુદ્ધુઓનું, ભવિષ્ય જોયું હતું પ્રથમ સોમાનું ઉજ્જવળ ને ગોલ્ડન ભવિષ્ય જોઈએ.

નરભેરામ ઉવાચ ! જો સોમા... શુક્ર તુલાનો થશે, તે દી ફિલ્મી હીરોઇન જેવી કન્યા આપણા ગામમાં ગુલાબનો હાર લઈ તને મારવા આવશે.

સોમો : હેં ! મને મારવા ? મેં શો ગુનો કર્યો છે ? તે મારવા આવે, નરભેરામ ? તારું મગજ તો ઠેકાણે છે ! ભાંગ તો નથી પીધીને ?

નરભેરામ : સોરી ! સોમા, મારવા નહીં, પણ તને વરવા... આઈ મીન પરણવા આવશે. કારણ ગરીબી પૂરતો તું પતિવ્રતા નારી જેવો છે. ગરીબીમાં સડી, તું ગામના કેટલાક ડાઘુઓ તથા મિત્ર નરેશ ને પંડિતના કાંધે સવાર થઈ સ્મશાને જઈશ. એમ તારી કુંડળીના ગ્રહો મને કહે છે.

સોમોઃ હા ? ચૂપ કર, અલ્યા નરભે, તું જોષી છે કે, હજામ કે પછી યમરાજ ? નરભેરામઃ પ્લીઝ... સોમા, તારો ભાગ્યેશ તને કરોડાધિપતિ કન્યા સાથે પરણાવશે, કારણ 'ચંદા-નંદા' નામની બે હીરોઈનોએ તારા જેવા દુર્લભ ગરીબ પતિ સાથે, પરણવાની પ્રતિજ્ઞા લીધી છે.

જે રીતે પ્રિયંકા ચોપરાએ વિદેશી સાથે પરણવાની પ્રતિજ્ઞા (દેશમાં યુવાનોની ક્રાઈસીસ હોઈ) લીધી હતી તથા કરીનાએ સૈફઅલીખાન સાથે શાદી મુરતિયાની ખેંચને લીધે રચાવી. આમ દેશમાં કન્યાઓ આઝાદીનું મહત્ત્વ ને મૂલ્ય સમજવા માંડી છે. લગ્ન પૂરતી આઝાદીની ચળવળ બહેનો ચલાવે તે આવકાર્ય છે.

હુંઃ સોમા, આજ મહાશિવરાત્રીનો તહેવાર હોઈ, નરભેરામે ભાંગ વધારે પીધી છે. જો, ખખડીને પાગલ જેમ હસ્યા જ કરે છે ! માટે ચાલો ભાગીએ.

એકદા સોમાને લઈ, નરેશ... મારે ત્યાં આવ્યો ને બોલ્યો : પંડિત ગઈ રાત પરોઢના અને એક લગ્નોત્સવ જેવું માંગલિક સપનું આવ્યું. જેમાં મેં મારા લગ્ન સમારંભની છપાયેલી કંકોતરી જોઈ ને આમેય પરોઢનું પ્રત્યેક સપનું હંમેશાં સાચું જ પડે છે ને !

હું : 'એમ... !? તો એ કંકોતરીમાં શું શું છપાયું હતું ? મતલબ કે, ડેટ, સંવત કન્યાનું નામ, લગ્ન સ્થળ, જાન પ્રસ્થાન સમય જાન (કન્યા) વિદાય સમય વગેરે... નરેશ જરા ડીટેઈલ્સમાં કહે તો સમજાયને !'

નરેશ : 'શું વાત કરું ધૂળ ! કંકોતરી આપણા 'રામ પ્રિન્ટરે' વિના મૂલ્યે છાપી આપી હતી જેથી તેમાં જે કંઈ લખાણું અથવા છપાણું હતું એમાં ૮૦ ટકા મૌલિક મુદ્રણ દોષો હતા. યા ને ભળતું ખોટું તે છપાણું હતું.'

સોમો : અલ્યા, નરેશ. તને રામ પ્રિન્ટર સિવાય બીજો કોઈ ન મળ્યો ?

નરેશ : હેં ! દા.ત. લગ્ન સમારંભની જગાએ નગ્ન ને (ભગ્ન) સમારંભ છાપ્યું હતું. કન્યાનું નામ શ્રીમતી સુર્પંખા, ને મારું નામ નરેશ... ને બદલે ઢોરની લેવેચ કરનાર અધોવાયા, ફડેશકુમાર લખ્યું હતું. તારીખમાં ઈ.સ. પૂર્વે ૫૪૨ લખ્યું હતું. કન્યાના બાપની અટક કંકોડીવાળા હતી.

સોમો : હેં !? પણ નરેશ તારી કંકોતરીમાં પ્રિન્ટરે અનેક મિસ્ટેકો કરી હતી. એ તો જાણે સમજ્યા. પણ

હું : ! ને લગ્ન સ્થળ અર્થાત્ નગ્ન સ્થળ કે ભગ્ન સ્થળ ગામના કોઈને લગ્નમાં આમંત્રવા ન પડે, ને એસ.ટી. ભાડે કરી લઈ જવા ન પડે, બેન્ડવાજાનો ખરચ ન પડે, એ માટે તેં એ વિગતો ગોપનીય રાખી. તે બરાબર કર્યું નથી. પ્રિય. નરેશ, તે અમને મિત્રો ને છેતર્યા છે. આમ તો હું પરણી ગયેલ છું. કદાચ સેકન્ડ મેરેજ કરું તો, તારા, યાને ચિનના જિનપિંગ જેવા દગાબાજ મિત્રને જાનમાં નહીં લઈ જાઉં !

નરેશઃ 'હેં !? મિત્ર, પંડિત ને મિત્ર સોમા, આપણો આ મિત્ર પંડિત ગાંડુ ગાંડુ બોલે છે. મેં તમારી બંને સાથે કોઈ છળકપટ કર્યું નથી મારી જાનમાં હું તમને લઈ ગયો હતો. સપના મુજબ મારી લગ્ન વિધિ, ધી એન્ડ પર આવી. ત્યાં પિતાશ્રીએ મારી નિદ્રામાં ખલેલ ઊભી કરવા વિલન જેમ લાત પ્રહાર, યા પાદ પ્રહાર કર્યો. તે થકી હું ઓઢેલ રજાઈ સાથે પાટીવાળા તકલાદી પાઈપના ખાટલામાંથી નીચે પડ્યો. લોખંડની પાઈપનો ખાટલો નોન સિસ્ટમેટીક તૂટ્યો. જેની નીચે પિતાશ્રીનો લાત વાળો પગ દબાણો, ઢીંચણ નીચેનું હાડકું તૂટ્યું... પિતાશ્રીને તત્કાલ યાદ આવ્યાં તે બધાં સ્વસ્તિ વચનો ઉચ્ચાર્યાને હું ફટંતી કરી ગયો. બકવાસ, ભાષણ થકી ત્રસ્ત શ્રોતા ફટંતી કરી જાય તેમ...'

સોમાએ એકદા છાપાના ન્યૂઝ વંચાવતાં કહ્યું કેઃ 'પંડિત દેશમાં ૧૦૦ યુવક સામે ૭૦ યુવતી છે. પરિણામે ૩૦ યુવકોએ કમ્પલસરી કુંવારા રહેવું પડશે, જે દેશ માટે ચિંતાનો વિષય છે. સરકારે, સંસદમાં કાયદો (વટહુકમથી) લાવવો, જેમાં જે જે યુવકો કુંવારા રહેશે તેમને, આશ્વાસન ઈનામ રૂપે સરકાર પેન્શન આપશે. બોર્ડર ઉપર મોકલી તેમની સેવા લેશે. ૧૦ ટકા રિઝર્વેશન આપશે. દેશની અબળા તરુણીઓ ગાય જેવી પવિત્ર ને ગરીબ છે એટલે તેમની શાદીને ડાયવર્સ બાબતે તેમની આઝાદી સરકાર છીનવી નહીં શકે ! એક વિદ્વાને (કદાચ અવિદ્વાન પણ હોય) કહ્યું છે કે, અંધા ખંભેસે ટકરાય ઇસમેં ખંભે કા ક્યા દોષ ? મારી સલાહ છતાં તરુણ તરુણીઓ શાદી કરે તો એમાં મારો શો દોષ ?'

એ પછી અમો મિત્રો છૂટા પડ્યા, બંને મિત્ર પ્રત્યેની મારી વફાદારી પ્રૂવ કરવા હું બંનેના લગ્ન કેવી રીતે થઈ શકે તે વિશે આમ તેમ વિચારતો હતો, ત્યાં હું પડી જાઉં એટલા જોરથી પીઠ પર ધબ્બો મારી મિત્ર નરભેરામ શાસ્ત્રી ઉવાચ, પંડિત, તારા મહોલ્લાના સ્વર્ગવાસી નાથાકાકાની ઉત્તરક્રિયાનું તું વિચારે છે ? પણ એ જવાબદારી મેં મારા યજમાન હોઈ મારે જ અદા કરવાની છે. એટલે એ ચિંતા તું છોડી દે.

હું : (ગુસ્સે થઈ) ભાડમાં જાય નાથુકાકા ને ભાડમાં જાય તારી ઉતરક્રિયા ? એકતો હું અદકપાંસળિયો છું, ત્યાં તું પીઠ પર આ રીતે ધબ્બો મારી પાંસળી તોડી નાખીશ તો મારી શી દશા થશે, વ્રજમુર્ખ.

નરભેરામ : 'સૉરી... પણ તું શેની ચિંતા લઈ ફરે છે ?'

હું : 'મિત્ર સોમા, તથા નરેશના લગ્નની ચિંતા મને સતાવે છે.'

નરભે : તું એ ચિંતા મારા પર છોડી દે... દિન દસમાં હું કન્યાઓનો મોં મેળો કરાવી મારા વરદ હસ્તે જ મહાદેવના મંદિરમાં નરેશનાં લગ્ન ન કરાવું તો મારું જોડું ને તારું મોં.

હેં ! પણ કન્યાઓના ગોડાઉનનો તું મેનેજર છે ? ને અક્કલમઠા તારું જોડું ને મારું મોં એમ બોલ.

નરભે : હેં ! એમ જ સમજ ને.

હું : 'તું દિમાગ ચાટ્યા સિવાય હકીકત પેશ કર તો કંઈક સમજાય.'

તે : 'જો આપણા ગામનો જયંતિ ગાંધીનગરમાં P.W.D.માં એન્જિનિયર છે. તે હાલમાં ગાંધીનગર નવું બનતું હોઈ, ચારેકોર મોટા મોટા કન્ટ્રાક્ટરનાં કામ ચાલે છે. જ્યાં દાહોદ, ગોધરા, કચ્છ, રાપર, આહવા, ડાંગના હજારો મજૂરો કામ કરે છે. જયંતિની ઓળખાણ થકી અહીં ગામ કરતાં ત્યાં મને બામણીયું કામ ખૂબ મળે છે. જે થકી બે ચાર મજૂરને કામગાર ફેમિલીની કન્યાઓ માટે મુરતિયા સેટ કરવાની કામગીરી મને મળી છે. પણ...'

'પણ શું ?'

તે : 'કન્યાનો બાપ બે થી ત્રણ લાખ માગે છે. જેથી વ્યવસ્થા તારે નરેશના ફાધરને કહી કરવી પડે.'

હું : 'નરભેરામ, બે થી ત્રણ લાખ જેવી રકમ આપવાનું સોમાના ફાધરનું ગજુ નથી. એટલે પક્ષ ટિકિટ ન આપે તેમ કન્યાનો બાપ કન્યા સોમાને નહીં આપે. વળી જયંતિ મારફત દબાણ લાવી રકમ જો રૂા. ૧ લાખ સુધી કરાવે તો કદાચ નરેશના ફાધર હા પાડે, તો આપણે કાલે જ ગાંધીનગરના સે. ૩ના મહાદેવ મંદિરમાં એનાં લગ્ન આટોપી કન્યા લઈ ઘેર આવી જઈએ.'

નરેશના ફાધરે રૂપિયો પણ ન પરખાવ્યો છતાં જંયતિના કોન્ટ્રાકટરે ૧ લાખ આપવાની મૌખિક બાંયધરી લીધી. જયંતિને થેન્કસ કહી ! કન્યા લઈ, ઘર અમે આવ્યા. બીજે દિ સવારે કન્યાનો બાપને કન્ટ્રાટીનો મહેતો Police લઈ નરેશને ઘેર આવ્યા ને કહ્યું કેઃ

ચારસોવીસ નરેશ નામનો યુવક અંદર એજ કન્યાને ભગાડી ગયો છે. અમે જોતા રહ્યા ને પોલીસ નરેશ તથા કન્યાને લઈ જતી રહી.

૧૩૨૯/૨, સેક્ટર-૩-બી,
ગાંધીનગર-૩૮૨૦૦૩. મો. ૯૬૮૭૪૮૫૮૮૦

છેલ્લી ઘડી

- કલ્પના દેસાઈ

ઘણી વાર વિચાર આવે કે માણસે ઘડિયાળ શા માટે બનાવી હશે? સમય જોયા વગર શું એનું કોઈ કામ અટકી પડ્યું હશે ? કે સમય મેળવવા માટે અથવા કેટલો સમય ગુમાવ્યો તે જાણવા માટે એને ઘડિયાળની જરૂર પડી હશે ? લાગે છે કે માણસે એક એક ઘડી જોવા માટે ને એનો હિસાબ રાખવા માટે જ ઘડિયાળ બનાવી હશે, પણ દરેક ઘડી પાસે અટકીને, એને જોઈને પછી એને સમજી પણ શકાય એટલી ધીરજ એ કેળવી ન શક્યો. એમાં ને એમાં તો આજની રળિયામણી ઘડી ને કાલની વીતેલી ઘડી કે પછી છેલ્લી ઘડીના કેટલાય ખેલ ભજવાઈ જાય તે એને ક્યાંથી ખબર પડે?

ખરેખર, આપણે આ બધા ઘડી, બે ઘડીના ખેલ વિચારી પણ નથી શકતા. એમાંય બહુ અજબ તો છે, છેલ્લી ઘડી. એને ભજવવા માટે કેટલાય સ્ટેજ તો ચોવીસે કલાક હાજર જ હોય. ઘરમાં જ જોઈ લો ને ! સવારથી રાત સુધીમાં, ગૃહિણીની એવી તો કેટલીય છેલ્લી ઘડીઓ રોજ જ આવીને જતી રહેતી હોય. કોઈ વાર છેલ્લી ઘડીએ જ, ગૅસ પાસેથી જરાક જ ખસતાં દૂધ કે ચા ઉભરાઈ જાય, તો ઘણી વાર એ જ છેલ્લી ઘડીએ ગેસ બંધ કરવા પહોંચી જતાં દૂધ કે ચા ઉભરાઈ જતાં બચી પણ જાય ! છેલ્લી ઘડીની પેલી પાતળી રેખાની આરપારનો ખેલ છે બધો. કોઈ વાર છેલ્લી ઘડીએ જ ગેસ ખલાસ થઈ જાય ! એનો અર્થ એવો, કે હજી તો બધાંની ચા બાકી છે, નાસ્તો બાકી છે અને જમવાનું પણ બાકી છે ! ધારો કે, આ બધું જ થઈ ગયું હોય અને ગેસ જાય તો છેલ્લી ઘડી બદલાઈ જાય ! 'હાશ ! છેલ્લી ઘડીએ ગેસ ખલાસ થયો. નહીં તો, આજે ફિયાસ્કો થાત.'

તૈયાર થઈને ઘરની બહાર ઓફિસ જવા કે સ્કૂલ-કૉલેજ જવા કે શૉપિંગ કરવા કે પછી ફિલ્મ જોવા નીકળતી વખતે, છેલ્લી ઘડીએ જ વરસાદ તૂટી પડ્યાના તો કેટલાય અનુભવો લોકોનાં જીવનમાં વણાઈ ગયા હોય. આ જ બધી જગ્યાએ હેમખેમ પહોંચી ગયા અને પછી વરસાદ પડ્યો તો ? પેલી છેલ્લી ઘડી તરત જ બદલાઈ જાય કે નહીં ? 'હાશ ! છેલ્લી ઘડીએ હૉલમાં દાખલ થયાં ને વરસાદ તૂટી પડ્યો, બાકી તો પલળી જ જાત.' આવી છેલ્લી ઘડીએ, સંજોગો મુજબ સુખ, દુઃખ, ખુશી, નિરાશા, ઉત્સાહ કે કંટાળાની લાગણીઓ ઉછળી આવે અને આનંદ કે અફસોસની અસર છોડતી જાય.

આપણને કોઈને છેલ્લી ઘડી વગર ચાલતું નથી એ પણ હકીકત છે. ઘરેથી થોડા વહેલા નીકળવાને બદલે, બસ કે ટ્રેન ચૂકી ન જવાય તે માટે આપણે છેલ્લી ઘડીએ દેખાયેલી અને જાણે આપણા માટે જ ઊભેલી એ ઘડી સુધી, એને પકડવાના મરણિયા પ્રયાસો કરીએ છીએ. આ પ્રયાસોમાં ઝડપથી ચાલવું અને વચ્ચે વચ્ચે થોડાં ડગલાં દોડવું, કોઈની પરવા કર્યા વગર રસ્તે આવતા અંતરાયોને એક હાથે હળવે ધક્કે ખસેડતાં જવું (જોરમાં ધક્કો મારતાં પેલી છેલ્લી ઘડીને બદલે બીજી જ કોઈ છેલ્લી ઘડીની નોબત આવી જાય તો કહેવાય નહીં), બ્લડ પ્રેશર વધારતાં જવું, વચ્ચે કોઈ અડફટે ચડી જાય તો ઝઘડી પડવું, આજુબાજુની દુનિયા ભૂલીને સમગ્ર ધ્યાન દરવાજે ટાંગવું, કાનને ટ્રેનની વ્હીસલ કે બસના હૉર્ન પર તાણીને રાખવા જેવા નાના મોટા બે બે ઘડીના પ્રયાસોનો સમાવેશ થાય છે, ફક્ત પેલી ન ચૂકવાની છેલ્લી ઘડીને સાચવવા માટે !

ઘણીવાર તો, છેક છેલ્લી ઘડીએ યાદ આવે, કે ઊતરવાનું સ્ટેશન આવ્યું અને હાંફળા-ફાંફળા ઊભા થઈ, ધક્કા-મુક્કી કરીને પણ આપણે ઊતરી જઈએ. એ તો ટ્રેનમાં બધા સમજુ હોય અથવા દરવાજે જો ભીડમાંથી રસ્તો થઈ શકે તો સાચા સ્ટેશને ઊતરવા મળે, બાકી તો છેલ્લી ઘડીએ યાદ આવેલા સ્ટેશને પણ છેલ્લી ઘડીએ ઊતરવા ન મળે ! સતત જાતની કાળજી કરનારા આપણે, આપણી કાયમની ને છેલ્લી વાર જ આવતી, છેલ્લી ઘડીને સામેથી આમંત્રણ આપી બેસીએ, અને પછી દિવસો ને વરસો સુધી છેલ્લી ઘડીએ ઉગરી ગયાનો આનંદ માણીએ. હાશ, બચી ગયા ! રસ્તો ક્રોસ કરવો હોય કે સિગ્નલ બંધ થાય તે પહેલાં વાહન હંકારી જવું હોય, હાજર છે પેલી છેલ્લી ઘડી ! એ સમયે આપણને ઊંચા જીવે જોનારને આપણે ભલભલા દોડવીરની યાદ અપાવી દઈએ, કે રેસમાં ઊતરનાર વાહનની ઝડપ કેટલી હોઈ શકે તેનો અંદાજ પણ આપી દઈએ. બે ઘડીમાં આસપાસની દુનિયાને ભૂલી જનાર, ખરેખર તો દુનિયા ક્યારે અને કઈ ઘડીએ એને ભૂલી જશે તે જાણી શકતું નથી.

રાહ જોવાની બાબતમાં તો, છેલ્લી ઘડી બહુ કામમાં આવે છે. આ રાહ પાછી જુદા જુદા સ્થળે, સમયે અને કારણે જોવાતી હોય. કોઈના આવવાની રાહ જોવાતી હોય, ત્યારે આપેલા સમયની છેલ્લી ઘડીનું બહુ મહત્ત્વ રહેતું નથી. રાહ જોવાનો તો એમ પણ આપણો ઇતિહાસ બહુ જૂનો અને જાણીતો છે. જમાનાઓથી આપણને છેલ્લી ઘડી વીતી ગયા પછી પણ આશા ટકાવી રાખવાની ટેવ છે, એટલે રાહ જોવી તો આપણા સૌના સ્વભાવમાં જ છે. આને લીધે લોકોમાં ધીરજના સારામાં

સારા ગુણનો વિકાસ પણ થાય છે. લોકો કંટાળી જાય પણ બોલે નહીં ને હસીને આવનારનું સ્વાગત કરે એવું બીજે ક્યાંય જોયું છે ? એ સમયે કોઈ જ કહેતું નથી, કે 'તમને આપેલા સમયની છેલ્લી ઘડી સુધી તમારી રાહ જોઈ અને પછી શિસ્તપ્રિય લોકો જતા રહ્યા.' આવું ક્યારેય કોઈએ સાંભળ્યું છે ? ના, કારણકે એ સમયે, સમયનું મહત્ત્વ જ ન રહેતું હોય, તો છેલ્લી ઘડી વળી કઈ બલાનું નામ છે ? હા ઘણી વાર છેલ્લી ઘડીએ, રાહ જોવડાવનાર કે ન આવનારની જગ્યાએ બીજાને હાજર કરી દેવાના દાખલા પણ બને છે. એમાં તો કોઈને ફાયદો ને કોઈને નુકસાન પણ થાય. ખેર, છેલ્લી ઘડી રળિયામણી પણ હોઈ શકે અને ડરામણી પણ હોઈ શકે.

અસલ તો લોકો, પોતાની છેલ્લી ઘડી સુધારી લેવા માટે જાતજાતનાં દાન-ધરમ કરતાં રહેતા. આજે પણ એવા લોકોની ખોટ નથી, જે છેલ્લી ઘડીને નજર સામે રાખીને રહેતા હોય. ઘણી વાર તો, એટલી એક ઘડી સુધારવા, વર્તમાનની કેટલીય ઘડીઓ બરબાદ કરી નાંખે. ઘણાં તો, છેલ્લી ઘડીએ પોતાને કે બીજાને કોઈ તકલીફ ના પડે એટલે અગાઉથી બધું આયોજન પણ કરી રાખે. કોઈ કહી તો ના શકે ને, 'છેલ્લી ઘડીએ ફલાણું ન મળ્યુ કે ઢીંકણું ન મળ્યું.' જતાં જતાં પણ પોતાના સ્વભાવની સુવાસ મૂકતા જાય ! (કે પછી, ઘરનાંની ગાળ મર્યા પછી પણ ન પડે એની કાળજી રાખતાં જાય ? કોણ જાણે.)

અંગ્રેજીમાં પણ 'ડેડ લાઈન' એટલે છેલ્લો સમય કે કોઈ કામ પૂરું કરવાના સંદર્ભમાં અંતિમ સમય એવો અર્થ થાય. બહુ ઓછા લોકોને સમયસર કામ કરવાની ટેવ હોય. મોટે ભાગે લોકો ડેડલાઈનના સહારે જ કામ કરતા હોય. ડેડલાઈન સાચવવા તો આરપારની લડાઈ થતાં રહી જાય, ગભરાટ, ઉશ્કેરાટ, ગરબડ, ગોટાળાનો પાર ના રહે. જો ડેડલાઈન સચવાઈ ગઈ તો હાશ નહીં તો કાશ ! કાશ, પહેલેથી થોડી તૈયારી કરી હોત ! પણ ડેડલાઈન સાચવીને ગભરાટમાં કામ કરવાની જે મજા છે, આહાહા ! ઘડિયાળ કે કેલેન્ડરમાં જોતાં જોતાં છેક છેલ્લી ઘડીએ કામ પૂરું થાય, કામની જે ઝડપ વધી જાય અને કામની ગુણવત્તા ? એમાં તો કંઈ કહેવું જ ન પડે. (એવી ડેડલાઈન ચૂકવાનું મારા સિવાય કોણ વધારે સારી રીતે સમજી શકે ?)

'ગુલમહોર', મુ. પો. ઉચ્છલ-૩૯૪૩૭૫,
જિ. તાપી. ફોન : ૦૨૬૨૮-૨૩૧૧૯૧

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF www. gujaratinformation.net લીંક પરથી ડાઉન લોડ કરી શકાશે.

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

વાર્ષિક લવાજમ માત્ર રૂ. 30/-

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

કાનને દોષ છે...

- પ્રદ્યુમન આચાર્ય

એક વખત મનજી મતલબી રસ્તામાં મળી ગયો. મેં પૂછ્યું 'ચંદુ ચોવટિયાનું કાંઈ સાંભળ્યું ? તે કહે 'ના. તમે કહો ત્યારે ખબર પડે ને ?' મેં કહ્યું' જવા દો. જ્યાં સુધી આપણે જાતે ન જોયું હોય ત્યાં સુધી વાત કરવાનો મતલબ નહીં' બીજાને અન્યાય કરી બેસીએ.'

એમ મોણ નાખ્યા વિના કહી દો. શું બાબત છે ? આપણે ક્યાં કોઈ બીજાને કહેવાની છે. તમારું નામ ક્યાંય નહીં આવે તેની ખાત્રી રાખશો.'

એટલી વારમાં કાનજી ગોકળી ત્યાં આવ્યો. જે સોસાયટીમાં દૂધ આપે છે. તે બોલ્યો ખબર છે. 'ચંદુ ચોવટિયાની દીકરી પાડોશીના છોકરા સાથે ભાગી ગઈ. આ તો ભઈ સાંભળેલી વાત છે. કાનને દોષ છે.'

ચોવટિયો ગામ આખાની ચોવટ કરતો હતો. પણ ઘરમાં નાક નીચે શું ચાલે છે, તે જાણવાની સહેજ દરકાર રાખી હોત તો આમ બેઆબરુ થવાનો વારો ન આવત.

મેં કહ્યું 'ચંદુભાઈએ ઘરમાં થોડું ધ્યાન આપ્યું હોત તો આજ જે પરિસ્થિતિ ઊભી થઈ તે ન થઈ હોત. છોકરાઓ મોટા થાય ત્યારે તેની ઈચ્છા પણ ધ્યાને લેવી જોઈએ.'

આ 'કાનને દોષ છે 'વાળી વાત જ રસિક છે. ઉત્કંઠા જગાડે તેવી છે. આમાં કોઈનું કર્તૃત્વ નથી. કર્ણોપકર્ણ સાંભળેલી વાત છે.'

એટલી વારમાં ચંદુભાઈ હરસુખભાઈ સાથે ઝઘડવાનો અવાજ આવ્યો. 'હરસુખ બહાર નીકળ આજે તારી ખેર નથી. કોઈની બહેન-દીકરી વિશે આવી વાતો ઉડાડતા શરમ નથી આવતી ? હરસુખ બહાર આવ્યો. શું વાત છે આમ બરાડા શાના પાડો છો ?'

'ઓહોહો, જુઓ સતવાદીના દીકરા. જાણે કાંઈ જ ખબર નથી. પણ જાણી લો, હું સારો ત્યાં સુધી જ સારો, બાકી મારા જેવો ભૂંડો બીજો કોઈ નથી.' ચંદુભાઈએ પોતાની ઓળખાણ આપી.

આમ ડરાવવા ધમકાવાની વાત છોડો. મને પણ જેવા સાથે તેવા થતાં આવડે છે.

એટલીવારમાં, લોકોનું ટોળુ ભેગું થઈ ગયું. તમાશાને તેડું ન હોય. એટલી વારમાં ધનસુખભાઈ સમાધાન કરાવવા વચ્ચે કૂદી પડ્યા.

'ચંદુભાઈ, આમ બેફામ થઈ ન બોલો. વાત તો શાંતિથી પણ થઈ શકે.'

'તો તમે મને શિખામણ આપવા આવ્યા કેમ ? મને તો લાગે છે મારી દીકરીની વાત ઉડાડવાના મૂળમાં તમે જ છો.'

'ચંદુભાઈ, આમ કાંઈ જોયા જાણ્યા વિના આળ ઓઢાડો તે બરાબર નથી. બાકી મનેય બૂમબરાડા પાડતા આવડે છે.'

'હા, થાય તે કરી લો. મને લાગે તે સાડી સત્તરવાર કહેવાનો.'

આમ હરસુખભાઈને પડતા મૂકી ધનસુખભાઈ જોડે ઝઘડવા માંડ્યા એટલીવારમાં તનસુખભાઈ કૂદી પડ્યા.

'ચંદુભાઈ, તમને પૂરી ખાત્રી છે કે, ધનસુખભાઈએ વાત ઉડાડી છે ?'

'તમને વચ્ચે ડહાપણ કરવાનું કોણ કહે છે ?'

'મારું કહેવાનું છે તમે મનજીભાઈને પૂછ્યું છે', તનસુખભાઈએ દડાને દિશા આપી. ચંદુભાઈ પહોંચ્યા મનજીભાઈની પાસે. મનજીભાઈ સાથે ઝઘડવા માંડ્યા. મનજીભાઈ કહે 'મને આચાર્યભાઈએ વાત કરી હતી.' ઓળિયો ઘોળિયો આવ્યો મારા પર.

મેં કહ્યું, 'જુઓ ચંદુભાઈ, હું અને મનજીભાઈ ઊભા હતા ત્યાં કાનજી ગોકળી આવ્યો.' તેણે આ વાત કરી હતી બાકી મને તો ખબર પણ ન હતી કે, તમારે કેટલાં સંતાનો છે. મેં એટલું કહ્યું હતું, છોકરાઓ મોટા થાય ત્યારે તેની ઈચ્છાને માન આપવું જોઈએ. આમાં એક અક્ષર ખોટો હોય તો પૂછો મનજીભાઈને,' મનજીભાઈએ ટાપશી પૂરાવી.

'તમે કહો છો, તે માની લઉં છું. તમે પણ ઓછી માયા નથી. ઉપરથી સાધુ હોવાનો દેખાવ કરો છો. પણ અંદરથી શયતાન છો.'

મેં કહ્યું ચંદુભાઈ સંભાળીને બોલો. આ મનજીભાઈ પણ કહે છે કાનજી ગોકળીએ વાત કરી હતી. પછી મને શા માટે દોષ આપો છો ? તમારામાં તાકાત હોય તો જાવ, કાનજી ગોકળી પાસે. ગોકળપરા ક્યાં આઘું છે ?

'હું કાનજી ગોકળીથી ડરું છું એમ ? હવે તો ગોકળીનું આવી બન્યું.' ચંદુભાઈ તો ઉપડ્યા ગોકળી સાથે લડવા. સાથે ધામચડું પણ ઊપડ્યું. ગોકળીનું ઘર ગોતી કાઢ્યું. પણ પછી ખબર પડી કે કાનજી ગોકળી બહારગામ ગયો છે. અઠવાડિયા પછી આવશે. ચંદુભાઈની મનની મનમાં રહી ગઈ. દરમિયાનમાં તાજિયા ટાઢા પડી ગયા.

શ્રી ઉમાશંકર કહે છે, 'કવિતા એ કાનની કળા છે.' પણ

હું કહું છું. 'કાનને દોષ' એ કાનની કળા છે. કાનને દોષની વાત સાંભળતા માણસ એક ધ્યાન થઈ જાય છે, વાત હંમેશાં રસિક હોય છે, જ્યારે કવિતાનું એવું નથી. તે અરસિક પણ હોઈ શકે, કરુણ પણ હોઈ શકે. મોટા ભાગના લોકોનું વલણ કવિઓથી ભાગવાનું હોય છે, જ્યારે કાનને દોષની વાતમાં સૌ એકત્ર થઈ જાય છે, વાત કહેનારને વીંટળાઈ વળે છે. વાત સાંભળતા તૃપ્તિ નથી થતી, ધ્યાનથી વાત સાંભળે છે.

'કાનને દોષ છે.' તેનાથી એક બાબત નિશંક પુરવાર થાય છે કે પોતે પોતાના કાનથી અલગ છે. તે પોતે સમગ્ર બાબતમાં નિર્દોષ છે. નિર્લેપ છે. જે કાંઈ દોષ હોય તો તે કાનનો છે. પોતે તટસ્થ છે. નિર્દોષ છે. કાનને સ્વતંત્ર અસ્તિત્વ છે. કાન સજીવ બની જાય છે. આવા લોકો દેહાત્મભાવથી ઉપર ઊઠી ગયા હોય છે. અધ્યાત્મની ઉચ્ચ ભૂમિકા પર વિહાર કરે છે. 'કાનને દોષ' છે તેમાં પોતે નિર્લિપ્ત હોય છે, તેમાં તેનું પોતાનું કોઈ કર્તૃત્વ નથી. 'કાનને દોષ' છે, ની વાત સાંભળનાર ક્યારે પણ તેના મૂળમાં જવાની, અગર પુરાવા માગવાની વાત વિચારી જ શકતો નથી. તે તો જ સ્વરૂપમાં વાત સાંભળી, તેમાં વ્યક્તિગત રીતે તેમાં યથાશક્તિ ઉમેરો કરી, બીજાને કહેશે અને છેલ્લેય દોષ તો કાનને છે. તેથી તે નચિંત બની જાય છે.

'કાનને દોષ' છે, તે નિંદાપરક છે. પણ રસિક છે. જો તે વાતમાં કોઈની નિંદા ન હોય, ખોદણી ન હોય તો, કોઈને રસ પડતો નથી. તમે જો કોઈની પ્રશંસા કરો ત્યારે 'કાનને દોષ છે' તેમ કહેવાની જરૂર નહીં પડે. કોઈને તમે કહો કે, 'ફલાણાભાઈને સાહિત્યનો એવોર્ડ મળ્યો છે.' તો સંભવ છે કે, સામો માણસ બગાસાં ખાશે. કારણ કે તેમાં કોઈને રસ પડે, ઉત્કંઠા જાગે તેવું, અગર પંચાત કરી શકાય તેવું કશું જ હોતું નથી. તો પણ કેટલાક વીરલા તેમાંથી પણ ખોચરા કાઢશે. જેવું તમે કહો કે 'ફલાણાભાઈને એવોર્ડ મળ્યો.' તો તરત તમારી ભૂલ સુધારશે અને કહેશે 'એવોર્ડ' મળ્યો. 'નહીં મેળવ્યો' એમ કહો. હું એને બરાબર જાણું છું. એવોર્ડ મેળવવા તે કાંઈ પણ કરી છૂટશે. પૈસાથી શું ખરીદી શકાતું નથી ? 'એમની વાત વાસ્તવિક જગત માટે કદાચ સાચી હશે, પણ સૌને એક લાકડીએ હાંકવા તે ખોટું છે. નિંદા રસ જેવો બીજો કોઈ રસ નથી. 'એકો રસ નિંદા રસ એવ' 'કાનને દોષ'ની એક વાત વહેતી મૂકો સાત-આઠ કલાક આરામથી નીકળી જશે. કારણ કોઈને તે વાતમાં શંકા લાગતી નથી. કોઈ પુરાવા માગતું નથી. કોઈ ઉલટ તપાસ થથી નથી હકીકતની કોઈ ખરાઈ કરવા બેસતું નથી. શરીરનાં તમામ અંગોમાં મગજ અને હૃદય મજબૂત અંગો ગણાય છે. પણ આવી બાબતમાં કાન તે બંને પર હાવી થઈ જાય છે. માત્ર કાનનું જ અસ્તિત્વ જણાય છે. અનુભવાય છે, એટલે 'કાનને દોષ' છે, તેવો આરોપ પણ કાન બહુ ધ્યાને લેતું નથી. જો કે જેને 'કાને દોષ છે તે નહીં, પણ જેને કાનમાં દોષ છે, એટલે કે બહેરા છે તે આ સ્વર્ગીય સુખથી વંચિત રહી જાય છે. પણ કેટલાક સાવ બહેરા હોતા નથી. કેટલાક ધ્યાન બહેરા હોય છે. કેટલાક સ્વાર્થ બહેરા હોય છે. આવા લોકો માત્ર પોતાના સ્વાર્થની જ વાત સાંભળે છે. અને કેટલાક પંચાત બહેરા હોય છે. જ્યાં પંચાત કરવાની હોય ત્યાં, સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાત સાંભળી શકે છે. અમારા એક વડીલ હતા. આમ તો વાતચીત કરવા, સાંભળવા, કાનમાં ભૂંગળું રાખતા. પણ જેવી કોઈના વેવિશાળની વાત આવે ત્યાં, ટટાર થઈ જાય. ભૂંગળું બાજુમાં મૂકી દે, અને રસપૂર્વક સાંભળે. તે ન્યાતના આગેવાન હતા. તેનું કામ જ કોઈના વેવિશાળ કરાવવાનું અગર ભંગાવવાનું રહેતું. આવા વડીલો લગભગ હરેક ન્યાતમાં હોય છે.'

'કાનને દોષ છે,' તે સોશ્યલ મીડિયા જેવું છે. તેમાં પણ એક વાત વહેતી મૂકો. તે આગની જેમ ફેલાઈ જાય છે. જેને લક્ષ્યમાં રાખીને વાત વહેતી મૂકી હોય, તે જાહેરમાં ખુલાસો કરે. સ્પષ્ટતા કરે, તે કોઈ ધ્યાને લેતું નથી અને તે દરમિયાન તે વ્યક્તિને નુકસાન થઈ ચૂક્યું હોય છે. તેનું બદનક્ષીના કેસ જેવું છે. જ્યાં સુધી કેસ ચાલતો હોય ત્યાં સુધી, સૌ તેમાં ઊંડાણપૂર્વક રસ લે છે, ચર્ચા કરે છે. પોત-પોતાના ચુકાદાઓ પણ આપે છે, પરંતુ જ્યારે ખરેખર કોર્ટનો ચુકાદો આવે ત્યાં સુધીમાં વાત ભુલાઈ ગઈ હોય છે, અને હવે તેમાં કોઈને રસ નથી. હવે તેની કોઈ વાત પણ કરતું નથી. 'કાનને દોષ' તે સોશિયલ મીડિયા કરતાં ચઢિયાતું છે કારણ કે, સોશિયલ મીડિયામાં સૌ પ્રથમ વાત કોણે વહેતી મૂકી, તે થોડી મહેતન કરવાથી તેના મૂળ સુધી પહોંચી શકાય છે. પરંતુ 'કાનને દોષ'ના ઉદ્‌ભવ સ્થાનને ક્યારેય પકડી શકાતું નથી. તેથી સૌ 'કાનને દોષ છે' તેની છત્રછાયામાં બિન્દાસ નચિંત થઈને રસપૂર્વક જોડાય છે અને તેમાં યથાશક્તિ યોગદાન આપતા જાય છે. જેમ ઋષિના કૂળ અને નદીના મૂળ સુધી જવાનું મુશ્કેલ છે, 'કાનને દોષ'ના મૂળ સુધી જવાનું મુશ્કેલ જ નહીં, ના - મુમકીન છે.

સોશિયલ મીડિયામાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાનો પણ સમાવેશ થઈ જાય છે. ટીવીમાં ન્યૂઝ એન્કર 'બ્રેકિંગ ન્યૂઝ' આપે ત્યારે, માત્ર, 'કાનને દોષ છે' તેવું બોલતા નથી પણ લોકો સમજી જાય છે. તેવી પ્રતિષ્ઠા ટીવીએ હાંસલ કરી છે.

'કાનને દોષ'ને પડીકાં સાથે સરખાવી શકાય. પડીકાં એટલે અફવાના પડીકાં. અમદાવાદમાં કોમી હુલ્લડ થયાં. અને લાંબા સમય સુધી ચાલ્યાં. તેના મૂળમાં આ પડીકાં હતાં. 'ફલાણે ઠેકાણે એટલા માણસો રહેંસાઈ ગયા. આ વિસ્તારમાં દુકાનો ભડકે બળે છે. પોલીસ દેખતી રહી ગઈ. ફલાણે ઠેકાણે ટીયરગેસની, લાઠીચાર્જની રમઝટ બોલે છે. આટલા માણસોને છરી મારી. પત્યું માણસોને ઉશ્કેરવા માટે આ પર્યાપ્ત હતું. તે

પણ તેટલો જ ઉશ્કેરાટ સાથે બદલો લેવા ધસી જાય છે. આ પડીકાનો ઉદ્‌ભવ ક્યાંથી થયો કોણે કર્યો તેની ખરાઈ કે ચિંતા કરવાની જરૂર નહીં, જો કે 'કાનને દોષ' આટલા મોટા પાયે વિસ્તૃત રીતે નુકશાન કરી શકે નહીં. પણ ધરતીકંપ જરૂર પેદા કરી શકે.

મારો મિત્ર નરહરિ કહે છે, આપણા વેદોમાં કહ્યું છે 'શતમ્ શ્રૃણુયામ શરદઃ' એટલે કે સો વર્ષ સુધી સારું સાંભળી શકીએ. 'કાનને દોષ' છે તેમાં માત્ર નિંદા જ છે. જે કાંઈ વાત કરે છે, તેની જવાબદારી તો કોઈ લેતું નથી. આવી વાતને આપણે ઉત્તેજન આપવું જોઈએ નહીં. તમારું શું કહેવું છે ? મેં કહ્યું તમારી વાત તો સાચી છે. પણ તમે હરિહરભાઈ વિશે કાંઈ સાંભળ્યું ?' મને ખબર હતી તેમને હરિહરભાઈ સાથે બાપે માર્યા વેર છે.

ના, શું છે તે વાત તો કરો.

મેં કહ્યું 'જવા દો ને. નકામું આપણે જોયું હોય તો નહીં ને, કોઈને અન્યાય કરી બેસીએ.'

ના, હવે તો તમારે કહેવું જ પડશે.

'કાનને દોષ છે,' વાળી વાત તમને પસંદ નથી. એટલે આપણે અહીં જ વાત સમાપ્ત કરીએ.

નરહરિભાઈ જેવા બીજા ઘણા છે જેને કાનને દોષ છે તેની નિંદા કરવી છે. પરંતુ તેનાથી અળગા રહી શકતા નથી. કેમ કે 'કાનને દોષ' છે તે જીવનરસ પૂરો પાડે છે. કાનને દોષ ન હોત તો જીવનમાં કોઈ રોમાંચ રહેત નહીં. તડાકા, ભડાકાને અવકાશ જ રહેત નહીં. જીવન સાવ શુષ્ક થઈ જાત. માણસોના કાલ નિર્ગમનમાં આથી વિશેષ ઉપયોગી લાભકારી બીજું શું હોઈ શકે ? કાનને દોષમાં ગેરસમજ, મારામારી, ઝઘડા હાકલા પડકારા દેકારાનું જે નિર્માણ થાય છે, તે જીવન રસને સીંચવામાં મોટી ભૂમિકા નિભાવે છે. કાનને દોષના પ્રણેતા મહર્ષિ નારદ હતા. તેને લીધે ત્રણેય લોક, સમસ્ત બ્રહ્માંડ જીવંત રહેતું. તેમાં વ્યક્તિગત રીતે કોઈ સ્વાર્થ ન હતો, માત્ર નિર્દોષ આનંદ લેવાની જ પ્રવૃત્તિ હતી. આશય હતો. 'કાનને દોષ'ની વાત કહેનારાને પણ કોઈ વ્યક્તિગત સ્વાર્થ નથી માત્ર તેનાથી ઉત્પન્ન થતી લીલા માણસવાનો જ આશય હોય છે.

ભગવાને કાન આપ્યા તેને બદલે બે છિદ્રો આપ્યા હોત તો, પણ ચાલત. પણ ભગવાને બહારનો કાન આપ્યો. તે દીર્ઘદષ્ટા હતા તેને ખબર હતો કે સમય જતાં માણસની નજર નબળી પડશે, તેને ચશ્માંની જરૂર પડશે, તે ચશ્માંની દાંડલી ટેકવવા બહારના કાન આપ્યા છે. કાનના ત્રણ વિભાગો છે. એક બહારથી દેખાતો બાહ્ય-કાન, કે જ્યાં સ્ત્રીઓ બુટી, એરીંગ પહેરી શકે છે. ચશ્માંની દાંડી અટકાવી શકાય છે અને શિક્ષક શિક્ષા કરવા આમળી શકે છે. બીજું મધ્ય કાન, કે જેમાં સળી પર રૂ લગાવી ગોળ ગોળ ફેરવવાથી આંખ બંધ થઈ જાય છે, સ્વર્ગનું સુખ પ્રાપ્ત થાય છે. ત્રીજો અંદરનો આંતર કર્ણ કે જે આપણે જે કાંઈ સાંભળીએ છીએ, તેમાં મહદ અંશે કારણભૂત છે. પણ 'કાનને દોષ' છે, વાળી બાબતમાં આ સર્વ ભેદ ભુલાઈ જાય છે. આંતર કર્ણમાં આખા શરીરનું સૌથી નાનું હાડકું આવેલ છે, તેને સામાન્ય ભાષામાં શીંગડી કહે છે - કોકલિયા ? આ શીંગડી જ ભલભલાને શીંગડે ચડાવે છે. શીંગડી બહુ નાની છે પણ કામ બહુ મોટા કરે છે. જેમ મગજના બે વિભાગ છે. નાનું મગજ અને મોટું મગજ. તેમાં અગત્યનાં કામો નાનું મગજ કરે છે. તેથી જ કવિએ કહ્યું છે. 'તું નાનો, હું મોટા તેવો ખ્યાલ જગતનો ખોટો.' આપણે જે બોલીએ છીએ, તેનાથી અવાજનાં મોજાથી તેમાં ધ્રુજારી, કંપન પેદા થાય છે તે મગજ સુધી પહોંચે છે તેથી આપણે સાંભળી શકીએ છીએ. તેમાં ઊભું થતું કંપન ધરતી કંપ સર્જી શકે છે. 'કાનને દોષ'ના મૂળમાં આ શીંગડી છે. સ્ત્રીઓની બાબતમાં આ શીંગડી લાંબા સમય સુધી બળવાન અને અસરકારક રહે છે, તેથી ઝીણામાં ઝીણી સૂક્ષ્મ વાત પણ હવામાંથી પકડી શકે છે. જેનો લાભ ઉદાર જીભ વડે અન્ય સૌને આપી શકે છે. પુરુષો આ બાબતે બહુ ઉદાસીન છે. તે વાત સાંભળે છે. પણ રસપૂર્વક ઓછું સાંભળે છે. ધીમે ધીમે સાંભળવાનું ઓછું થતું જાય છે. આ એક મુખ્ય કારણ છે, પુરુષ વહેલો બહેરો થાય છે અને વહેલો ઘરડો થાય છે. સ્ત્રીઓનો રસ જ વાતો છે અને પોતે સાંભળેલી વાત બીજાને કહે નહીં, ત્યાં સુધી ચેન પડે નહીં એટલે કહેવાય છે કે, બિલાડીના પેટમાં ખીર ટકે તો સ્ત્રીઓના પેટમાં વાત ટકે. આ જ તેઓનો જીવનાધાર છે. તેનાથી દુનિયા રંગીન બને છે. રોચક બને છે રસિક બને છે અને સાંભળેલી વાત જે સ્વરૂપમાં સાંભળી તે જ સ્વરૂપે બહાર નથી પાડતી પણ પોતાની કલ્પનાના રંગ ઉમેરીને, મલાવી મલાવીને કહે છે અને તેનું એક મુખ્ય કારણ છે. સ્ત્રીઓના મોટી ઉંમરે પણ કાન સરવા રહે છે. પુરુષની સરખામણીમાં સ્ત્રીઓ લાંબી આવરદા ભોગવે છે. કારણ તેણે જીવનરસ શોધી લીધો છે. માત્ર વાત તેના કાને પડવી જોઈએ ! જો કે સ્ત્રીઓ તેની પણ મોહતાજ નથી.

મેં મારી પત્નીને કહ્યું 'તેં ગમનભાઈ અને સુધાબહેનનું કાંઈ સાંભળ્યું ?'

ના, તમે કહો ત્યારે ખબર પડેને ?

મેં કહ્યું જવા દો, આપણે નજરે જોયું ન હોય ને વાત કરીએ તો આપણે દોષમાં પડીએ.

હવે વાત શરૂ કરી છે, તે પૂરી કહી નાખોને.

'પણ તારા પેટમાં વાત ક્યાં ટકે છે ?'

'કાંઈ નહીં, તમારે ન કહેવી હોય તો પણ મારા પર આમ આળ ન ઓઢાડો.'

'ગયા વખતે માત્ર પ્રેમીલાબહેનની સાંભળેલી વાત કહેલી તેની તરત પ્રેમીલાબહેનને જાણ થઈ અને મારી જોડે ઝઘડવા આવ્યાં હતાં તે યાદ છે ?'

'હા, પણ તમે વાત કરતા હતા ત્યારે, પેલી નીલુડી હાજર હતી, તેણે વાત ફેલાવેલી. બાકી મને પંચાત કરવાની ફુરસદ જ ક્યાં છે ? આ તો હું ભલી અને મારું કામ ભલું.'

'જો સાંભળ, મેં તો સાંભળેલી વાત છે. કોઈને કહીશ નહીં. નાહક વચમાં આપણું નામ આવી જાય.'

'તમે ભરોસો રાખશો, હું કોઈને નહીં કહું.'

મેં હ્યું, 'સાંભળેલી વાત છે, સુધાબેને ગમનભાઈ પર રકાબી પ્યાલાના છૂટા ઘા કર્યા.'

'મને ક્યાં ખબર નથી સુધાબહેન વાઘણ છે વાઘણ. તે કાંઈ પણ કરી શકે છે. ગમનભાઈનું બિચારાનું કાંઈ ચાલતું નથી.'

પણ થોડીવાર થઈને સોસાયટીમાં આ સમાચાર આગની જેમ ફેલાઈ ગયા.

મારાં પત્નીએ નીલુબહેનને પૂછ્યું. 'સુધાબહેન ગમનભાઈ વિશે કાંઈ સાંભળ્યું. આ તો ભાઈકાનને દોષ છે. તમને તો ખબર છે, મને તો પંચાત કરવાની બિલકુલ ટેવ નહીં. આ તો થયું કે તમને વાત કરું. સુધાબહેને ગમનભાઈ પર રકાબી પ્યાલાનો છૂટો ઘા કર્યો. મને તો કોઈની પંચાત ગમે જ નહીં. બાકી તો હું ભલી અને મારું કામ ભલું.'

નીલુબહેને રંભાબહેનને કહ્યું કાંઈ સાંભળ્યું, સુધાબહેને ગમનભાઈ પર રકાબી પ્યાલાનો છૂટો ઘા કર્યો તે ગમનભાઈને તમ્મર આવી ગઈ. આ તો ભઈ સાંભળેલી વાત છે. 'કાનને દોષ' છે. બાકી સુધાબેન છે વાઘણ જેવી. હા, પણ આ તો તમને પોતાના જાણીને વાત કરી છે. બીજા કોઈને કહેશો નહીં.



રંભાબહેને સવિતાબહેનને વાત કરી. 'કાંઈ સાંભળ્યું? આજ તો બિચારા ગમનભાઈની કઠણાઈ બેઠી. ખબર નહીં શેમાંથી ઝઘડો થયો તે. સુધાબહેને ગમનભાઈ પર રકાબી પ્યાલાનો છૂટો ઘા કર્યો. તે ગમનભાઈને તમ્મર આવી ગઈ અને બેભાન થઈ ગયા. આ તો ભઈ સાંભળેલી વાત છે. બીજા કોઈને કહેશો નહીં, નકામું આપણું નામ વચ્ચે આવી જાય. આ તો તમારા પર ભરોસો રાખીને વાત કરી છે.'

સવિતા બહેને પ્રેમિલાબહેનને વાત કરી કાંઈ સાંભળ્યું ?

સુધાબહેન અને ગમનભાઈ વચ્ચે ઝઘડો થઈ ગયો કે, સુધાબહેને ગમનભાઈ પર રકાબી-પ્યાલાનો છૂટો ઘા કર્યો કે ગમનભાઈને તમ્મર આવી ગઈ, બેભાન થઈ ગયા અને હોસ્પિટલ લઈ ગયા છે. હું ખબર કાઢવા જવાનું વિચાર છું. તમારે આવવું હોય તો સાથે જઈશું.

પ્રેમિલાબહેને તેના પતિ પ્રમોદભાઈને વાત કરી, કાંઈ સાંભળ્યું ? સુધાબહેન અને ગમનભાઈ વચ્ચે ઝઘડો થઈ ગયો. તેમાં સુધાબહેને ગમનભાઈ પર રકાબી પ્યાલાનો છૂટો ઘા કર્યો તે ગમનભાઈને તમ્મર આવી ગઈ. બેભાન થઈ ગયા. તેમને હોસ્પિટલમાં લઈ ગાય છે. હવે ગમનભાઈ ઘડી-બ-ઘડી છે. તમારે ખબર કાઢવા નથી જવું ? આ તો આપણો પાડોશી ધરમ કહેવાય. પ્રમોદભાઈએ કહ્યું પણ ખબર કાઢવા કઈ હોસ્પિટલમાં જવું ? હોસ્પિટલનું કાંઈક નામ તો હશે ને ?

પ્રેમિલાબહેને કહ્યું, 'તે આચાર્યભાઈને પૂછોને, તેઓ ગામ આખાની પંચાત કરે છે, તેમને ખબર હશે.'

પ્રમોદભાઈનો મારા પર ફોન આવ્યો, 'કાંઈ સાંભળ્યું ? સુધાબહેન અને ગમનભાઈ વચ્ચે ઝઘડો થઈ ગયો. સુધાબહેને ગુસ્સે થઈને ગમનભાઈ પર રકાબી પ્યાલાના છૂટો ઘા કર્યો, તે ગમનભાઈને તમ્મર આવી. બેભાન થઈ ગયા, અને તેમને હોસ્પિટલ લઈ ગયા છે. હવે ગમનભાઈ ઘડી-બ-ઘડી છે. તેની ખબર કાઢવા જવું હોય તો સાથે જઈએ. કંઈ હોસ્પિટલમાં છે તે ખબર નથી. પ્રેમિલા કહે છે, તમને તેની ખબર હશે, કારણ તમે ગામ આખાની પંચાત કરો છો.' મને તમ્મર આવે તેવું થઈ ગયું.

મેં કહ્યું 'ફોન ચાલુ રાખો. ગમનભાઈ મારી સામે જ બેઠા છે લો, તેની સાથે વાત કરો. 'પ્રમોદભાઈએ ઝડપથી ફોન મૂકી દીધો. આ સઘળું ગમનભાઈ સાંભળતા હતા. તે ગુસ્સાથી લાલ પીળા થઈ ગયા. અને મોટા અવાજે બોલ્યા. 'આવું કોણ ફેલાવે છે. એક વખત જો મારા હાથમાં આવી જાય તો ખબર પાડી દઉ. હાથમાં આવે એટલી વાર છે.

મારાં પત્ની ઝડપથી દોડીને રસોડામાં જતાં રહ્યાં.

પ્લોટ નં. ૨૮૫,
સેક્ટર-૧-સી, ગાંધીનગર.
મો. ૯૪૨૭૦૨૬૮૪૨

ચંદ્રયાન... થ્રી

- દિલીપ આર. શાહ 'રસીલા'

મા-બાપે ચાલતાં ચાલતાં પૂરી પંદર પૂનમ ડાકોરના રણછોડરાયની ભરેલી તે ફળી ખરી સૌથી સિનિયર મોસ્ટ પૂનમ શરદ-પૂનમના દિવસે મારો જન્મ. એક ચંદ્ર આકાશમાં ને બીજો ચંદ્ર જેવો રૂપાળો હું. આમ ડબલ ચંદ્રના ગઠબંધનને વધાવી લઈ મારા ફોઈએ મારા નામમાં બબ્બે ચંદ્ર એડજસ્ટ કરી દીધા અને રૂા. ૧૦૧ અને ગોળધાણાની સાક્ષીએ મારું નામ 'ચંદ્રકાન્ત' ફીટ કરી દીધું (જે આજ સુધી આ આખું નામ દઈ મને કોઈ લગભગ ઓળખતું જ નથી. ચંદાભાઈ... ચંદા... ચાંદિયો... ચંદર... વિષ્ણુસહસ્ત્ર નામાવલિની હરોળમાં આવી ગયો છું.) પિતા ચંદ્રવદન અને માતા ચંદ્રિકાગૌરી, મકાનનું નામ પણ 'ચંદ્રનિવાસ' (કદાચ ગાંધીરોડની ચંદ્રવિલાસની સાઈડ ઈફેકટ્સ) ચંદ્રની કલાની જેમ મારી કાયામાં પણ તંદુરસ્તીની કાયમ વધઘટ થયા કરતી. જેમ વાદળની ઓથમાં ચંદ્રને વારંવાર સંતાકૂકડી રમતો જોઈએ છીએ તેમ મારા જીવનમાં પણ કારકિર્દીને આ રમત પર માસ્ટરી આવી ગઈ છે.

નોકરીમાં પણ બોસ અવારનવાર ટોન્ટમાં કહી દે છે... મિસ્ટર ચંદ્રકાન્ત, ચાલુ નોકરીએ અમાસની જેમ વચ્ચે વચ્ચે ક્યાં ગાયબ થઈ જાવ છો ? યાદ રાખજો પછી ચંદ્રગ્રહણની જેમ તમારું પણ...

ડૉક્ટર સાહેબ પણ સાહિત્યિક ભાષામાં નિદાન કરતા, "આ તમારી બોડી જબરી ફ્લેક્સિબલ છે. ક્યારેક બીજના ચંદ્ર જેવી સાવ સૂકલકડી લાગે તો ક્યારેક પૂનમના ચાંદ જેવી ગોળમટોળ... જરા મેઈન્ટેઈન કરતાં શીખો..."

ડૉક્ટર સાહેબની 'મેઈન્ટેઈન' કરવાની સલાહને ધમકી સમજી મેં 'જિંદગી જીતવાની જડીબુટ્ટી'ના પ્રસાદ તરીકે લગ્નની પીચ પર જિંદગીની ઈનિંગ્ઝ ફીટ કરી દીધી. જોગાનુજોગ પત્નીનું નામ પણ ચાંદની. (તૂં ચંદા... મૈં ચાંદની..!) પ્રસન્ન દાંપત્યવેલ ઉપર ક્રમેક્રમે પુષ્પો ઊગતાં ગયા. 'ચંદ્ર અભિયાન' હેઠળ વારસદારોના રજિસ્ટર્ડ નામ પુત્રનું ચંદ્રશીલ અને પુત્રી મારી જેમ ડબલ ચંદ્રવાળી બની મુન-મુન.

ચંદ્ર કુંડળીમાં ઉચ્ચનો હોવો જોઈએ એમ મને જ્યારે સમુદ્રમાં ભરતીને જોતો ત્યારે અચૂક વહેમ જતો. એપોલો-યાન જ્યારે ગગન વિહાર કરતા થયાં ત્યારથી મને પાકી ખાતરી થઈ ગઈ 'મિશન ટૂ મુન' વહેલું મોડું મને ફળશે જ ! એમાંય ચંદ્રયાન-૧ અને પછી ચંદ્રયાન-૨ મારી ડીપફ્રીજરમાં મૂકેલી અતૃપ્ત ઈચ્છાઓ સળવળવા માંડી અને પછી મનોબળ મક્કમ કરી વિચાર્યું. ચંદ્રકાન્ત નામની આગળ 'ડૉ.' લાગે તો કેવું તગડું લાગે ! બસ, નોકરીમાં લાં...બું વેકેશન લઈ પીએચ.ડી. કરવાનું વિચાર્યું. જિંદગીભર 'ગાઈડ'નો હું પ્રખર વિરોધી પણ આ પદવી મેળવવા 'ગાઈડ' ફરજિયાત હોઈ, પસંદ કરવા પડ્યા. સદ્‌ભાગ્યે ગાઈડ - બાનુ પણ મેડમ ચંદા અને વિષય પણ એકદમ મેચિંગ આપ્યો... 'હિન્દી ફિલ્મોમાં ચાંદ.'

ભાવતું'તું ને વૈદ્યે કીધું. બગાસું ખાતાં જ મોંમાં પતાસું. ખાંખાંખોળા શરૂ. વિવિધભારતીનું શ્રવણ અને ફિલ્મી ગીતકોષનું અધ્યયન. શકીલ બદાયુની, સાહિર બુધિયાનવી, મઝરુહ સુલતાનપુરી, કૈફી આઝમીથી માંડી શૈલેન્દ્ર, ઈન્દિવર, આનંદ બક્ષી, રાજેન્દ્રકૃષ્ણ... બધાને હડફેટે લઈ લીધા... તારાઓની વચ્ચે લાં...બા સમયથી ફિલ્ડિંગ ભરતા આ ચાંદ, ચંદ્રમાને કેવો અધમૂઓ કરી નાંખ્યો છે આ શબ્દોના સોદાગરોએ...!

★ ચલો દિલદાર ચલો... ચાંદ કે પાર ચલો... ખલ્લાસ! જાણે ઈન્વિટેશન મળી ગયું. અમેરિકા... રશિયાવાળાઓ ત્યાં જવામાં મંડી પડ્યા એટલે હવે આપણાવાળા સખણાં રહે ? ચંદ્રયાન... વન... પછી ચંદ્રયાન... ટુ ભલે પનો સહેજ ટૂંકો પડ્યો અને વચ્ચે આ કોરોના-કાળ આવ્યો અરે ! દુનિયા વાલો જોજો ફાઈનલી મુન ઈઝ અવર્સ. નાનપણમાં પ્રભુ રામને જો થાળીમાં ચંદ્ર બતાવી શક્યા હોઈએ એ ઘટના ભૂલી ગયા ?

★ ધીરે ધીરે ચલ ચાંદ ગગનમેં... જોયું ચંદ્રની સ્પીડનું

રિમોટ પણ આપણા કવિઓના હાથમાં છે. ધીરે ધીરે ચાલવાનું જેથી હડફેટમાં નાના લઘુતારા ના આવી જાય ! ધૂમકેતુ.. નક્ષત્રો ભરઊંઘમાં હોય ને કદાચ જાગી જાય તો ? કવિનું ઋજુ હૃદય ચંદ્રને કેવી સરસ શિખામણ આપે છે !

★ ખોયા ખોયા ચાંદ... એક રાતમેં દો દો ચાંદ ખીલે... આધા હે ચંદ્રમા રાત આધી...

જુઓ તપાસપંચનો અહેવાલ, ચંદ્રમાં થતી ઉથલપાથલનો લેટેસ્ટ રિપોર્ટ. વારાફરતી આ અવકાશયાનો મોકલી મોકલીને ચંદ્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. બિચારો દેવદાસની જેમ 'ખોવાયેલો' રહે છે. જુઓને બિચારો 'અડધો' થઈ ગયો લાગે છે. એને બીક એટલી બધી પેસી ગઈ છે કે એણે એક 'બીજો' બનાવટી ચંદ્ર પણ ઊભો કરી દીધો છે ! પરિણામે નીચેથી જોનારને એક નહીં પણ બબ્બે ચંદ્ર દેખાય છે. (એક સાથે એક ફ્રીની યોજના ત્યાં શરૂ થઈ લાગે છે !)

★ ચંદા કો ઢૂંઢને તારે નિકલ પડે... જોયું ? જોયું ? આ ચંદ્રની દાદાગીરી ? ઈદનો તહેવાર છે... દર્શન આપવાનાં છે છતાંય આટલી બધી વાર ? રોઝા રાખનારને દર્શન આપવામાં આટલો વિલંબ ? ના પોષાય... ને જુઓ.... સમગ્ર તારાની પલટન ચંદ્રને ઢૂંઢવા નીકળી પડી છે. શું મળશે પેલી કોવિડ-૧૯ની રસીની જેમ ? છતાંય આશાવાદ રાખો. લાખો તારે આસમાન મેં...



★ તું મેરા ચાંદ... મૈં તેરી ચાંદની... તુમ ગગન કે ચંદ્રમા મેં ધરા કી ધૂલ હૂં... ચૌદહવીંકા ચાંદ હો... ચાંદ સી મહેબૂબા હો મેરી...

પ્રેમીજનો માટે ચાંદ ઉદ્દીપક છે. ડૂબતાનું શરણું છે. સંકટ સમયે બહાર નીકળવાનો રસ્તો છે. રામબાણ ઈલાજ છે. માશૂકાના હૃદયને જીતવાની અકસીર જડીબુટ્ટી છે. 'તૂં મેરા ચાંદ મૈં તેરી ચાંદની' અતૂટ ગઠબંધન. ડીએનએ (DNA) લગભગ મેચ થઈ ગયા. હવે આ બંધન ના તૂટે. તુમ ગગનકે ચંદ્રમા... મૈં ધરા કી ધૂલ ! કેવું અલૌકિક મિલન યુગોયુગોનું ! ઊંચ-નીચના ના કોઈ ભેદભાવ. તું ટોચે ને હુ ંતળિયે, કહે હવે કેમ કરીને મળીએ ? જેવી વિકટ પરિસ્થિતિ છે છતાંય નિકટ આવવાનો તલસાટ છે ! ચૌદહવીંકા ચાંદ હો... બોલો, આનાથી મોટું કોઈ સર્ટિફિકેટ ખરું ? જો ભી હો તુમ ખુદા કી કસમ લાજવાબ હો... લ્યો ભગવાનના સમ ખાધા ઈનફ ! ચાંદ સી મહેબૂબા હો મેરી... નાનપણમાં પરીનાં સ્વપ્ન આવે... રાજકુમારીનાં સપનાં તો રીપીટ થતાં રહે અને એ પણ કેવી... ચાંદ જેવી... ફેર એન્ડ લવલી વાળી... ધારવામાં શું કામ કરકસર કરવી ?

★ ચાંદ કો ક્યા માલુમ... ચાહતા હૈ ઉસે કોઈ ચકોર...

હવે બિચારો ચાંદ કેટકેટલાને પહોંચી વળે ? માણસજાતનું તો ભઈ સમજ્યા હવે પાછું આ પક્ષી વિભાગનુંય વિચારવાનું ? પશુ-પક્ષી ખાતાના મેનકા ગાંધીને પાછી કોઈ ફરિયાદ કરે તો? લાગે છે હવે ચંદ્રને પણ એક મદદનીશ આપવો જોઈએ જેથી આ મૂંગા ઢોર... ભોળાં પક્ષીઓને અન્યાય ના થાય શ્યોર !

★ બદલી સે નિકલા હૈ ચાંદ, પરદેશી પિયા અબ તૂ ઘર આ જા...

કેવી ઉઘરાણી પ્રિયતમ માટે. ધ મુન ઈન ધ સ્કાય... યુ ફાર અવે ? હાય... હાય... ! જલ્દી રીટર્ન થા, નહીં તો પછી તને બાય... બાય... હેં ! ભૂલકણાં ભરથાર, લૂક... એટ ધ મૂન યોર વાઈફ્સ ડીમાન્ડ સૂન... અધરવાઈઝ તોબરો ચઢાવી બાઈણું ખોલશે, બુન... સુનમુન ! (થીસીસ તપાસતાં મેડમ ગાઈડ ચંદા)

"ચંદ્રકાન્તભાઈ... ગીતો તો તમે સરસ પસંદ કર્યાં

છે છતાંય જે કવિઓએ ભાર મૂકીને ચંદ્રની બીજી બાજુને પણ તપાસી છે એ આ મહાનિબંધમાં તમે ક્યાંય મૂકી નથી... આમ કેમ ?''

''મેડમ, ચંદ્રની જે સાઈડ આપણી બાજુ હતી એમાં આવી જતાં બધાં ગીતો લગભગ તો મેં લઈ લીધાં છે... હવે મેડમ તમે તો મારા ગાઈડ, તમારો અનુભવ બહુ વાઈડ.. બોલો શું ઉમેરવાનું તમારી સાઈડ ?''

''જુઓ... ચંદાભાઈ... મારા વખતના અને મારી પસંદગીનાં અમુક ગીતો તમે આમા સમાવી લો જેથી લાગે કે મીઠાઈ તો પીરસી છે ઉપર સોનેરી વરખ પણ છે જેમ કે....''

ચાંદસા મુખડા ક્યું શરમાયા....? મને હજીય બે દાયકા પહેલા ગાર્ડનમાં તમારા ભાઈએ મારા કાનની નજીક મારી લટને સરખી કરતાં ગાયું હતું હજી ય કાનમાં પડઘા પડે છે ! સહેજ દૂ... ર... બીજા બાંકડાવાળા ઉપર પણ આ જ ગીત રીપીટ થતું હતું. એટલે જૂની યાદોનાં સંભારણારૂપ આ ને ઉમેરી દેજો... ભુલાય નહીં.

શ્યોર મેડમ. હજી ય તમારી લટ ને ચહેરાનો વટ એવો જ છે... બોલો બીજી ફરમાયશ...?

મુજે મિલ ગયા બહાના તેરી જીદકા

કૈસી ખુશી લેકે આયા ચાંદ ઈદકા

જુઓ ચંદાભાઈ પર્વના આગમનની પાવન અસર. ગમે તેવી હઠ જીદ લઈને બંનેમાંથી કોઈ એક જણ પણ રિસાયું હોય તો તરત જ સમાધાન કરાવી દે છે આ હાજરી ચંદ્રની આ ગીત તમે જરૂરથી લઈ જ લો જેથી ''સર્વ ધર્મ સમાનની'' ભાવનાનો પડઘો પણ ઝિલાશે.

''મેડમ આદર્શ ગાઈડ તો તમે કહેવાવ ! 'ધર્મ-નિરપેક્ષતા'નો ખ્યાલ રાખી મૂલ્યાંકન કરે. મેડમ લો આ ખીર ડ્રાયફ્રૂટવાળી તમારી પસંદગીની. મારાં વાઈફે ખાસ તમારા માટે જ મોકલી છે. બોલો હજી કાંઈ એડીશન ?''

''આમ તો લગભગ ચંદ્રની 'ઓળખ-પરેડ' તમારા નિબંધમાં થઈ ગઈ છે છતાંય અમારા એમનું એક ફેવરિટ ગીત એમાં તમે વચ્ચે ક્યાંક ગોઠવી દો...''

''મેડમ એક નહીં... બીજાં બે... ત્રણની હજી જગ્યાઓ છે. એવું હશે તો મારા બે પડતાં મૂકીશ.''

''ના ચંદ્રાભાઈ... તમારું અને મારું બંનેનું સચવાઈ જાય એટલે આપણું ચંદ્રયાન...૩ પૂરું ભયોભયો...''

''બોલો મેડમ... એમની પસંદ...''

મૈંને ચાંદ સિતારોં કી તમન્ના કી થી મુઝકો રાત કી સિયાહી કે સિવા કુછ ના મિલા...

મેડમ... તમે કહો છો એટલે મૂકી દઉં. પણ એમની આ પસંદગીમાં પરોક્ષ રીતે તમારી ઘરેલૂ જિંદગીનો ઉલ્લેખ થતો લાગે છે. જુઓ શરૂની લીટીમાં 'મૈંને ચાંદ સિતારોં કી તમન્ના કી થી...' એમ કહી એમણે એમનો પ્રેફરન્સ જણાવી દીધો... ને પછીની લીટીમાં જુઓ... 'મુઝકો રાત કી સિયાહી કે સિવા કુછ ના મિલા...' મેડમ, આ શૂન્યાવકાશ માટે જવાબદાર પછી તમે જ હોવ એવો ભાસ થાય છે....! બોલો. આ રાખું કે કાઢી નાંખુ ? મેડમ, આ તો સ્ટ્રેઈટ તમારા પર જ આરોપ જતો લાગે... ભણેલા ગણેલા માણસનો આવો બફાટ ? ના ચલાવી લેવાય એમ ? ચંદાભાઈ... સારું થયું તમે મારું ધ્યાન ખેંચ્યું. હવે ઘેર જઈને વાત... આવી બનાવટ ? એ પોતે તો પાછા 'અનાજ ગુણવત્તા કાર્યાલયમાં હેડ છે ને મારી લાગણી માટે આવી ભેળસેળ ! ચંદરજી, થેન્કસ ટૂ યોર ટાઈમલી સજેશન.. એ ગીત ના લેતા...'



સારું મેડમ... દાંપત્યજીવનમાં આવી નાની નાની તિરાડો પછી જલદી પૂરાતી નથી. મેડમ બીજું એક સજેશન કરું તમે કોકની યાદમાં એક ગીત ફોન પર ગઈકાલે તમે મને સજેસ્ટ કર્યું હતું તે રાખવાનું છે ? કેમ ? એમાંય પાછી ઉલટ તપાસ... બોલો ચંદર.. ક્યા ગીતની વાત છે ?

ચાંદ આહે ભરેગા... યુહી દિલ થામ લેંગે હુ હુશ્નકી બાત ચલી તો હમ તેરા નામ લેંગે...

મેડમ...જુઓ બીગીનિંગમાં કેવો મસ્કો મારેલો છે. ચાંદને નિસાસા નાંખતો કહ્યો છે. દિલને કંટ્રોલમાં રાખવાનું છે... પછીની લીટીમાં મેડમ જુઓ હુશ્નની... ઈશ્કની વાતમાં બધા દોષનો ટોપલો તમારા નામે નાંખવાની વાત... પેલા ચીન... પાકિસ્તાનની જેમ ! મેડમ, મને લાગે છે આમાં પણ તમારી સાથે છેતરપીંડી થઈ લાગે છે... આઈ ફીલ મચ મેડમ. એમ છે ચંદર... તમે જ કહો આ બાબતમાં હું તમારી ગાઈડ નહીં. તમે મારા ગાઈડ બનો. સોલ્યુશન શોધો. આ ચાંદે તો મને ધોળે દા'ડે તારા દેખાડ્યા... ચંદર કૈંક ઉકેલ કરો.

જુઓ, મેડમ જેટલી વ્યથા તમારી કથામાં છે એટલી જ ભારોભાર મારા જીવનમાં છે. એમ જ માનોને આપણા જેવા સમદુખિયાં અનાયાસે આ 'ચંદ્ર'ના પ્રતાપે મળ્યા છે. આમાંય મને ગેબી સંકેત લાગે છે. એક ગીત આપણા બંને માટે કદાચ 'આસમાન સે આયા ફરિશ્તા... પ્યાર કા સબક સિખલાને...' જેવું છે...

બોલો ચંદર... મને કાંઈ સૂઝ પડતી નથી... જલદી જણાવો.

મેડમ.. પ્રેમપત્રના જમાના તો ગયા પણ પ્રેમપત્રની એક લીટી બરોબર સમજવા જેવી છે. પચાવવા જેવી છે... ધ્યાનથી વાંચો...

તુઝે સૂરજ મૈં કહેતા થા મગર ઉસમેં ભી આગ હૈ...

તુઝે મૈં ચાંદ કહેતા થા ઉસમેં ભી દાગ હૈ...

મેડમ... ચાંદ હોય એટલે ડાઘ હોવાનો જ આ પેલા ડિટરજન્ટની જાહેરખબરની જેમ ડાઘ પાછા જિદ્દી જલદી જાય નહીં એટલે 'દાગ અચ્છે હૈં'નું સનાતન સત્ય પચાવી લઈએ... અને ચાલો ભાવિ પેઢીના આ મામાને બે ઘડી ફરિયાદ કરી લઈએ.

ચાંદામામા દૂર કે...

★★★

હલો... મિસ્ટર ચંદ્રકાન્તજી... મૈં સાહિત્ય સંઘ સે બોલ રહા હૂં... આપને જો હિન્દી 'ફિલમો મેં ચાંદ' કી જો થીસીસ કી રજિસ્ટ્રી કે લિયે ભેજી થી ઉસમેં એક દિક્કત હૈ... જરા ગૌરસે સુનિયે. અપ્સર સાહબને સુઝાવ દિયા હૈ કિ આપને જો જો ગીત ઈસમેં સમ્મિલિત કિયે હૈ ઉસકી રોયલ્ટી દેની હોગી વે કમિટિ કે અધ્યક્ષ હૈ ઔર આપને ઉનકા કોઈ ભી ગીત નહીં લિયા હૈ ઈસલિયે વો પરેશાન હૈ... બહેતર યે હોગા ઉનકા ગીત જોડ દો... ઉનકે સસુરકા ગીત હૈ ઈસલિયે ઉન્હોંને થોડી જ્યાદતી નહીં કી, નર્મી બતાઈ હૈ... મેડમ ચાંદ કો મેરી યાદ દેના કિ શુકલાજી યાદ કરતે હૈં... આપ ફૌરન કાટછાંટ કર નઈ પ્રતિ ભેજ દેના'

★★★

મરી મસાલાઃ

વડીલ, આ નવા ચંદ્રયાન...૩ જે સમાનવ મોકલવાનું છે એમાં આપ જવાના છો તે ઉપર જઈ શું કરશો ?

જુઓ મિત્ર, ચંદ્ર ઉપર કોઈક દેશે ઓટોમેટિક કેમેરા મૂક્યા છે... તો વળી બીજા કોઈક દેશ સ્વયં સંચાલિત વાયરલેસ સેટ ગોઠવ્યા છે... તો કોકે ડાયરેક્ટ મિનરલ ડિટેક્શન ડિવાઈસ ફીટ કરી છે... આપણી તો ફરજ છે કે ભૂલેચૂકે ચંદ્ર ઉપર કૈંક કુદરતી આપત્તિ આવે અને આ બધું વેરવિખેર થઈ એ પહેલા એ બધું ઉખેડી અહીં રિટર્નમાં લેતા આવીશું... પછી જેનું જે હોય.. ખાતરી આપીને લઈ જાય !

એમ-૫, ૨/૧૨, શાસ્ત્રીનગર, NEO હોસ્પિટલની બાજુમાં,
નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩.
મો. ૯૯૭૯૯૪૬૧૪૨

વાઇરસ

- નિપુણ. સી ચોકસી

આ નામ સાંભળતા જ તમારા કાન, નાક ઓટોમેટિક બંધ થઈ જતાં હશે નહીં ? ગળું વિચિત્ર અવાજથી વાજિંત્ર વગાડતું હશે કેમ ? આંખો ડરથી ફરકતી હશે કેમ ? મનુષ્યથી લાખો ઘણા નાના વાઈરસ જે રીતે માનવ શરીરમાં પરમિશન વગર ઘૂસીને ઉથલપાથલ મચાવે જાણે એક કીડી હાથીને ભારે પડે. કોમ્પ્યૂટરના સૉફ્ટવેરમાં ઘૂસેલ વાઈરસ તમારા ડેટાને વોશ કરી નાખે... નળની અંદર રહેલું વાઈસર જો બરાબર કામ ન કરે તો આખું ઘર પાણી પાણી કરી નાખે. માનવ શરીરમાં રહેલો વાઈરસ જો વધારે પડતું કામ કરી નાખે તો એ માનવના નામનું બીજા માનવો પાણીથી નહીં નાખે એવું બને...

કહેવાતી મહાસતાઓએ ભેગા મળી એકબીજા પર આધિપત્ય સ્થાપવા બીજા દેશ પર, જમીન પર, તેલના કૂવાઓ પર કબજો જમાવવા હજારો ટન અણુબોમ્બ બનાવ્યા કે જે આખી પૃથ્વીનો અનેક વાર વિનાશ કરી શકે. પણ પ્રકૃતિએ સાવ નાનું નેનોમીમી કદના વાઈરસનું સર્જન કરી બતાવી આપ્યું કે લો બધા ડૉકટરો અને સાયંટિસ્ટ ભેગા થઈ આ ટેણિયા વાઈરસનો નાશ કરી બતાવો..! અને સદીઓથી નવા નવા નામે પ્રગટ થાય ઈબોલા, સાર્સ, સ્પેનિશ ફ્લૂ, ઈન્ફ્લુએંજા અને અત્યારે લેટેસ્ટ કોવિડનો કકળાટ...

હવે જેનો કોઈ ઉપાય જ ના હોય, દવા જ ના હોય તો પછી એક જ રસ્તો બચે છે. ચેપ ના લાગે એના માટે તમારી જાતને અને બીજાની જાતને બચાવો. ચાઈના આખા વિશ્વને દુનિયાની બધી વસ્તુ સાવ સસ્તા ભાવે વેચે છે. જોકે મોટાભાગની તકલાદી હોય છે. પણ આ વાઈરસ એણે મફતમાં જ આખા વિશ્વને સમાજસેવાની ભાવનાથી મોકલ્યો. એની બધી વસ્તુ તકલાદી હોય પણ આ વાઈરસ બહુ મજબૂત નીકળ્યો. કાબૂમાં આવતો જ નથી. જો કે ચાઈના એની ચૂંચી આંખમાં ચામાચીડિયું છુપાવીને જાહેર કરે છે કે અમે ૧૪૦ કરોડ છીએ પણ અમારે ત્યાં કંટ્રોલ છે બધું. એટલે કે આખું વિશ્વ જેને કંટ્રોલ નથી કરી શક્યું એને અમે વશમાં રાખ્યું છે. એટલે સાચા સુપર પાવર અમે છીએ, અમેરિકા નહીં.

આખા વિશ્વ પાસે આનાથી બચવાનો એક જ ઉપાય હતો. જે સદીઓ પહેલાં પણ આ જ હતો. માસ્ક, સેનિટાયઝર થી હેંડવોશ અને સોશિયલ ડિસ્ટન્સિંગ... સોશિયલ ડિસ્ટન્સિંગ માટે લોકડાઉન સંપૂર્ણ અને પછી અંશતઃ

આ લોકડાઉનથી ઘણી ઘટનાઓ બની, વિશ્વમાં ક્યારેય કોઈએ વિચાર્યું ન હોય એવી. અમેરિકા જેવા દેશમાં કે જ્યાં અન્નનો ખાવા કરતાં વધારે લોકો બગાડ કરતા હતા, એ જ અમેરિકનો મોંઘી ગાડીઓ લઈ ફૂડ પાર્સલ મેળવવા કલાકો સુધી લાઇનમાં ઊભા રહેતા થયા. અણુબોમ્બ કે મિસાઇલ લોકોને ઘરે ભોજન પહોંચાડવા કામ ન લાગ્યાં. ફર્યા વગર જેને ચેન ન પડે એવા ફરકડા લોકો ઘરનું બારણું બંધ કરી ઘરમાં જ કેદ થઈ ગયા. જેને ક્યાય ચેન ન પડયું એ લોકો બીચ પર અને બારમાં બીજાનાં ચેન ઉડાડવા ફરવા લાગ્યા... વાઈરસ કી તો ઐસી કી તૈસી... સોશિયલ ડિસ્ટન્સિંગમાં વધારે પડતાં ફિઝિકલી સોશિયલ થવા લાગ્યા...! આ કોરોના વાઈરસને મોટી ઉંમરના અને બીમાર લોકો જોડે વધારે ફાવવા લાગ્યું એટલે આ વાઈરસ જમાતે નક્કી કર્યું કે સિનિયર લોકો જોડે લાડપ્યાર વધારે મળે એટલે એમની છત્રછાયામાં રહીએ તો આપણો વિકાસ થાય. જો કે ઘણા બધા વડીલોએ મક્કમ મનોબળથી મુકાબલો કરી, કોરોના પોઝિટિવમાંથી નેગેટિવ થઈ ગયા.

આપણા દેશમાં પણ પી.એમ. સાહેબે સોશિયલ ડિસ્ટન્સિંગનું મહત્ત્વ સમજાવવા માટે શરૂઆતમાં રવિવારે એક દિવસ સપૂર્ણ લોકડાઉનનું પાલન અને સાંજે પાંચ વાગે પાંચ મિનિટ માટે કોરોના સામેના યુદ્ધમાં ફિલ્ડ પર લડતા ડૉક્ટર, નર્સ ,પોલીસ, સામાજિક સંસ્થાઓ, સરકારી અધિકારીઓ વગેરેનો આભાર વ્યક્ત કરવા તેમજ જુસ્સો વધારવા, તાળી પાડી, વાસણ ખખડાવી ઘરમાં, બાલ્કનીમાં રહીને જ અભિવાદન કરવા જણાવ્યું હતું. મોટાભાગના લોકોએ શિસ્તબદ્ધ અને અદ્ભુત રીતે કર્યું. પણ ઘણા અતિ ઉત્સાહી લોકો થાળી, વેલણ લઈ બહાર નીકળી ટોળામાં સરઘસ કાઢી થાળી -વેલણના અવાજથી કોરોનાને બહેરો કરી મારી નાખવા મેદાને પડયા. એનાથી કોરોના બહેરો થયો કે નહીં એ ખબર નથી પણ કોરોના ને એક સાથે ઘણા બધા કાન, નાક મળી ગયા પ્રવેશ માટે.

એક દિવસના લોકડાઉન પછી સંપૂર્ણ લોકડાઉન શરૂ થયું. જ્યાં હોય ત્યાં કેદ થઈ જવાનું. સદીઓમાં આ ઘટના પહેલી જ વાર બની. કોઈએ કોઈને ઘેર જવું નહીં... નહાવા નિચોવાનો વહેવાર રાખવો નહીં. જે હોય એ બધુ ફોન પર જ પતાવી નાખવું. સવારથી જ વાઈફોનો કકળાટ ચાલુ થઈ ગયો ઘેર ઘેર. હસબંડો સાથે...

આ તમે સાંભળ્યું ?... આમેય પતિઓને સાંભળવાની એલર્જી હોય છે...

અને પતિ શહેર દીઠ છાપામાં કોરોનાના પોઝિટિવ

કેસનો સરવાળો ગણતા ગણતાં પૂછે... શું છે હવે...? કોને કોરોના થયો...? અરે... કોરોના થશે ત્યારે થશે...! મને તો ગભરામણ થાય છે...! અરે ચિંતા ન કર... કોરોના તારું નામ નૈ લે...! કેમ...? જેની લડાયક શક્તિ જોરદાર હોય એનું કોરોના નામ ન લે...? ...શું કહ્યું...? શું કહ્યું...? ...એટલે કે હું ઝઘડાખોર છું એમ ?... અરે હોય કંઈ...! અરે હું એમ કહું છું કે જેનામાં ઈમ્યુનિટી પાવર સારો હોય. એ કોરોનાને ફાઈટ આપી શકે...! પતિએ ડિફેન્સિવ સ્ટ્રોક લગાવતા કહ્યું... તો ઠીક...! પત્ની ઉવાચ...! હું એમ કહું છું કે આ લોકડાઉનમાં રામલાઓ, રસોઈયા કે કામવાળી કોઈ જ આવશે નહીં...! ...અને તમને કોઈ ઓફિસે બોલાવશે પણ નહીં... ખરું ને...? ....સાંભળીને જ મારા કાનમાં ખતરાની ઘંટી વાગવા લાગી... હૃદયના ધબકારા વધી ગયા... આંખો ફરકવા લાગી...! આ લોકડાઉનમાં પતિ પરમેશ્વરો પર આવી પડનારી આફતની આંધીની કલ્પના કરી શરીરમાંથી કંપારી છૂટી ગઈ...! ફરી એક વાર બચવાના આખરી ઉપાય તરીકે મેં જોરદાર છીંક ખાધી...! મને એમ કે છીંક ખાવાથી આરામ મળશે અને આપણું કોઈ નામ નૈ લે...! પણ શ્રીમતીજી હંમેશની જેમ બોલ્યાં... નાટકબાજી રહેવા દો... તમને તો આખે આખા ઓળખું છું...! એમ આખો દિવસ ટીવી પર કોરોના ના સમાચાર જોઈ કંઈ કોરોના ના થાય હોં... ઘોડા જેવી તબિયત છે તમારી...! આ વીડિયો જુઓ, બધા જ સેલિબ્રિટીઓ ઘરે કામ કરાવે છે...! પત્નીઓને...! ...મેં બીતાં બીતાં કહ્યું પત્નીઓને નહીં ગર્લફ્રેંડોને મદદ કરે છે...! ...હવે જે હોય એ બધું એક નું એક... લો જરા શાક સમારી આપો... એટલે મને બીજા કામની સૂઝ પડે...! જો જો પાછા ચપ્પુ વગાડી ના બેસતા... અત્યારે કોઈ ડૉક્ટર તમને મળશે નહીં...! અત્યારે



તો કોરોના હોય તો જ સારવાર મળશે... નહીં તો જાતે જ સારા થઈ જવાનું...! એક તો શાક વાળો દેખાય નહીં...! આવે તો પણ જે શાક લાવે તે ...જે કહે એ ભાવે લેવું પડે... ના ભાવતું શાક પણ જાતે જ સમારવું પડે . મહિલાઓ વચ્ચે વોટ્સએપના ગ્રૂપ ચેટ થાય... ક્યાં કરિયાણું મળે છે... કઈ દુકાન ખુલ્લી છે... અને શાકવાળાનું પણ મિનિટ ટુ મિનિટ ટ્રેકિંગ થાય... આપણને એમ કે આ શાક સમારી આપીએ એટલે આપણે છૂટા... ટીવી પર નેટફ્લિક્સ, અમેઝોન પ્રાઈમ પર સારી સિરિયલ અને ફિલ્મોનું લિસ્ટ બનાવી આખા દિવસના મનોરંજનનું પ્લાનિંગ કરીએ... એવું વિચારી સર્ફિંગ કરી લિસ્ટ બનાવીએ એ પહેલાં જ... રસોડામાંથી અવાજ આવે... અરે કેટલું બધું કામ બાકી છે... કચરા, પોતા, કપડાં, વાસણ, સાફ-સફાઈ... હે ભગવાન કોણ કરશે આ બધું...??? ...તરત જ ભગવાન સ્ત્રીઓની છઠ્ઠી ઇન્દ્રિય એક્ટિવ કરી જ્ઞાન આપે કે હે... દેવી ચિંતા ન કર... તારી દરેક મુશ્કેલી અને કાર્યભારમાં સાથ આપવા માટે જ લગ્ન સંસ્થાનું સર્જન થયેલું છે... તારો જીવનસાથી તારું દરેક દુઃખ હરી લેશે...!

...એટલે તમને વોટ્સએપમાં તમારા મિત્રોએ પોતે ઘરકામ કરેલા વીડિયો... સેલિબ્રિટીના ઘરકામ કરતાં વીડિયો ફોરવર્ડ કરી તમારું બ્રેઈનવોશ કરી નાખે...! આ લોકડાઉનમાં અલગ-અલગ ટેલેન્ટ અને કારીગીરી કરવાનો દરેકને અવસર આપ્યો... પ્લમ્બર, ઇલેક્ટ્રિશિયન, માળી, રામલા, ધોબી, એસી રીપેર વગેરે કામોનું વત્તાઓછા અંશે લોક શિક્ષણ દરેકને પ્રાપ્ત થયું હશે... જેણે ક્યારેય કિચન જોયું જ નહોતું એવી હિરોઈનો યુ ટ્યૂબ જોઈ અથવા એમની મમ્મીઓને પૂછી રસોઈ બનાવતી થઈ ગઈ...!!!

ખાસ કરીને પતિઓને શરૂઆતમાં તો ઘણું સારું લાગ્યું... જિંદગીમાં ઘણા વર્ષે આવી રજાઓ મળી... ઓફિસની બોસીઝમ માંથી મુક્તિ મળી એમ લાગ્યું... પરંતુ જેમ જેમ સમય ગયો એમ ખબર પડી કે આ તો એક બોસની ચુંગાલમાંથી બચી, બીજા ચોવીસ કલાકવાળા બોસની ચુંગાલમાં ફસાયા...!!! ...ઘણા પતિઓએ વાસણ ઘસતા બોસને ફોન કર્યો... કે સાહેબ ઓફિસ જલદી ચાલુ કરો હવે તો નથી સહેવાતું...! બોસે કહ્યું... હું પણ એ જ વિચારું છું ... આ કપડાં ધોઈ લઉં એટલી જ વાર છે...! હા સાહેબ પ્લીઝ... જલદી ઓફિસ ચાલુ કરો અને પહેલા પચાસ ટકા સ્ટાફમાં મારું નામ રાખજો... આ 'વર્ક ફ્રોમ હોમ' તો થતું નથી પણ 'વર્ક ફોર હોમ' જ ચાલ્યા કરે છે ... નવી ડિશ અને વાનગી ખાવાની ઇચ્છા થાય તો કહે કે... એ જાતે બનાવી લો... હવે તો તમે શીખી જ ગયા છો ને...!

આ લોકડાઉનમાં બધાને જાત જાતના અનુભવ થયા...

આખો દિવસ ધંધા અને ઓફિસમાં રચ્યાપચ્યા લોકો કે જેમને ઘર માટે બિલકુલ ટાઈમ નહોતો એમાંથી ઘણાને એમ લાગ્યું કે અરે... ઘરના બધા માણસો તો બહુ સારા છે... આટલાં વર્ષોથી સાથે રહેવા છતાં ખબર જ ના પડી... અને ઘણા લોકોને એવો પણ અનુભવ થયો કે... હેં... આની સાથે મેં આટલાં બધાં વર્ષો કેવી રીતે કાઢ્યાં હશે ??? ...ઘણાને એવા પણ અનુભવ થયા કે બહારના કરતાં ઘરનું જમવાનું ખરેખર સારું હોય છે... વીકએન્ડમાં હોટલમાં જમવા માટે લાઇનમાં ઊભા રહેતા લોકોને ઘરના ભોજનની કિંમત સમજાઈ... એ પણ ખબર પડી કે ઘરના કામ કરવા એ કોર્પોરેટ ઓફિસના કામ કરવા કરતાં પણ અઘરાં હોય છે...! લોકડાઉન વખતે પોલીસ લોકોને ડંડા મારીને ઘરે રહેવા સમજાવતી હતી. હવે લોકડાઉન બાદ ઓફિસ ચાલુ થઈ ગયા પછી જે લોકોને નવરા બેઠા ઘરે પિક્ચરો જોવાની મજા આવતી હતી એમને પોલીસ, પત્નીઓના કહેવાથી ધક્કા મારીને ઓફિસ મોકલતી હતી...!!!

બાળકોને મોટું વેકેશન મળ્યું... પણ એ ઘરમાં પુરાઈને રહેવા માટે જ... પુસ્તકો અને જૂની રમતો ફરી લોકપ્રિય થવા લાગી. પણ સ્કૂલ અને ટ્યૂશનના ઓનલાઈન ક્લાસ થવા લાગ્યા. જે બાળકોને મોબાઈલ અને ઈન્ટરનેટથી દૂર રાખવાનાં હતાં એમને ફરજિયાત ઈન્ટરનેટ સામે બેસાડી દેવામાં આવ્યાં...! બાળકો મા-બાપ ને ખબર ના પડે એમ ગેમ રમવા લાગ્યાં... એટલે મા-બાપ પણ એમની સાથે ફરજિયાત ઈન્ટરનેટ પર ભણવા બેસવા લાગ્યાં... એમને પણ પાકું થાય...! આ મહામારીએ બધાના જીવન ધરમૂળથી બદલી નાખ્યા...!

પહેલી વાર પ્રાઈવેટ ડૉક્ટરનાં દવાખાના, લેબોરેટરીએ બંધ હતાં... છતાં પણ લોકો તંદુરસ્ત હતા... જાતે જ ઘરગથ્થુ ઉપચાર કરીને સાજા થવા લાગ્યા...! ...મીડિયા, ઈન્ટરનેટ અને વર્તમાનપત્રોને કારણે બધા જ કોરોનાના પંડિત થઈ ગયા... કોરોનાના પીએચડી...!!!

કોરોનાની શરૂઆતમાં તો એકાદ કોરોના કેસની ખબર પડે... એટલે ડૉક્ટરોની ટીમ જાનના જોખમે એને શોધવા દોડે... અને ઘણા બીકણ લોકો ડૉક્ટરથી બચવા સંતાકૂકડી રમે... એમની સેવાના બદલામાં પુષ્પવર્ષાને બદલે પથ્થરવર્ષા કરે...! તોય કોરોના વૉરિયર ડૉક્ટર એમની સેવા કરવાનું ન ચૂકે... આવું તો હિંદુસ્તાનમાં જ થાય...!! પોલીસે પણ કરફ્યુનું પાલન કરવામાં જાનના જોખમે દિવસ-રાત કામ કરીને લોકોને ડિસિપ્લિન શીખવી... કરફ્યુ ભંગ કરનારને રસ્તા પર જ ઊઠબેસ કરાવી... યોગાસન અને તંદુરસ્તીના પાઠ ભણાવ્યા....! ...કારણ વગર વારંવાર કરિયાણું, શાકભાજી... એકની એક દવાના પ્રિસ્ક્રિપ્શન લઈને ખાલી રસ્તા પર લટાર મારવાના શોખીનોને હાઈજેનિક મેથીપાક અને બામ્બુપાક (લાકડીથી સેવા) એમની અને બીજાનો જાન બચાવવા માટેના પાઠ ભણાવ્યા...! એ પણ ડંડાને સેનિટાઈઝ કરી... હોસ્પિટલમાં જેમ સેનેટાઈઝર ક્યારેક ખૂટી ગયા તો ક્યારેક પોલીસ પાસેના ડંડા પણ ખૂટી ગયા...!!!! ઘણા તો એનાથી બચવા માટે જાડા જેકેટ અને નીચે બે બે જીન્સ પહેરીને નીકળતા... ઘણા જીન્સના પાછળના ખિસ્સામાં અખરોટ પણ ભરીને જતાં... એક પંથ દો કાજ... કેટલાક ખાલી રસ્તાઓ પર ભેગા મળી ખુરસીઓ ગોઠવી કોરોનાને નાબૂદ કરવાના ઉપાયો વિચારતા... અને સુવિચારોની આપલે કરતાં... પણ જેવી પોલીસની ગાડી આવે એટલે ઊભી પૂંછડીએ ખુરસીનો ત્યાગ કરી ભાગી જતાં... એ ખુરસીઓને સેનિટાઈઝ કરવાનું કામ પોલીસ કરે...!!! અને કોઈ પકડાય તો લાકડીથી એ ભાઈ ને સેનિટાઈઝ કરે...! ...પોલીસ દ્વારા ક્યારેક શાકમાં પણ કોરોના હશે એમ સમજીને શાકની લારી ઊંધી કરી નાખવાના બનાવ પણ બન્યા...!

સૌથી વધુ તકલીફ પાન-મસાલા, ગુટકા, સિગારેટ, બીડી વાળાને થઈ... સવારથી જ બેચેન... આંટા-ફેરા આદતથી મજબૂર લોકોને શરીર શુદ્ધિમાં જ તકલીફ થવા લાગી... પ્રેસર જ ના આવે...! ના કહેવાય ના સહેવાય... જો કે ખાનગીમાં દવા અને કરિયાણાના વિક્રેતાઓ જોડે જુગાડ કરી લીધો... જ્યારે આ બહાને કેટલાયના વ્યસન પણ છૂટી ગયા. ગામોમાં નીચે રસ્તા પર પડેલા બીડીના ઠૂંઠા માટે પણ જોરદાર મારામારીનાં દશ્યો થયાં... પોલીસે બીડી ચોરવાના કેસ પણ કર્યા... એક ભાઈનું આખું મોઢું લાલ લાલ... પોલીસ એમને દવાખાને લઈ ગઈ... ડૉક્ટરોએ વિચાર્યું અરે... આ તો કઈ



જાતનો નવો કોરોના છે જે મોઢામાંથી લોહી કાઢે છે... થોડી વાર પછી પેલા ભાઈએ માસ્ક હટાવ્યો અને કહ્યું... મને કોરોના નથી. આ તો માસ્ક કાઢ્યા વિના માવો થૂંકયો એનું છે...! ગુજરાતમાં તો દારૂબંધી છે એટલે જેવું લોકડાઉન ખૂલ્યું કે તરત જ ગુજરાતથી કોરોના ભગાવ યાત્રાના અભિયાન હેઠળ ગળું ભીનું કરવા શોખીન લોકો આબુ, દીવ, ગોવા જેવી જગ્યાએ કોરોના ટૂરો કાઢી... આમેય સેનેટાઇઝરમાં આલ્કોહોલ હોય છે... જો એ વાઇરસને મારી શકતો હોય તો શરીરની અંદર આલ્કોહોલ કેવું સારું પરિણામ આપે...! એવું પીવાના સમર્થકોએ નક્કી કર્યું...! ગુજરાત જેવા ડ્રાયસ્ટેટ સિવાય બીજા રાજ્યોમાં જેવી લીકર શોપ ખોલવાની મંજૂરી મળી કે તરત રાતથી જ જેનાં ગળાં ઘણા દિવસથી સૂકાં હતાં એવા લોકોએ ધક્કામુક્કી કરી આ અદ્ભુત રસાયણની બોટલ અને કારબા ઘર ભેગા કર્યા... ફરી દુકાનો ખૂલે કે ન ખૂલે...!!!! કોરોનાથી બચી જવાશે પણ પીધા વિના કેમ જિવાશે ?

લોકડાઉન ખૂલ્યા પછી આજે પણ કોઇ ઓફિસમાં છીંક ખાય છે તો સામેથી એને રજા મળી જાય છે... બસમાં અને ટ્રેનમાં કોઈ એક જ છીંક ખાય કે તરત બધા જગ્યા ખાલી કરી દૂર જતાં રહે...! વર્ષોથી ઉધારી ન ચૂકવતા લોકો માસ્ક પહેરી ને બિન્દાસ લેણદારના ઘરની આજુબાજુ આંટા મારી આવે...! પહેલા તો લેડીઝ વર્ગ મોંઢે દુપટ્ટો ઢાંકીને બહાર નીકળે... હવે તો દરેકે માસ્ક પહેરીને જ નીકળવાનું... લેડીઝ વર્ગને મેકઅપના ખર્ચા બચી ગયા અને જેંટ્સ વર્ગને દાઢી કરવાની માથાકૂટમાંથી મુક્તિ મળી... એટલે ઘેર ઘેર જાત જાતની દાઢીઓની ખેતી થવા લાગી...! ઘરે બેઠા જ દરેકે એકબીજાની મુંડીઓ પર કેશ-કર્તનનું આર્ટ વર્ક કર્યું... આર્ટમાં વિશ્વાસ ન રાખનાર ઘણા લોકોએ ટકોમુંડો કરવી નાખ્યો..." ભલું થયું ભાંગી જંજાળ" રંગ બે રંગી ડિઝાઈનવાળા મેચિંગ માસ્ક પણ મળવા લાગ્યા એટલે લેડીઝ વર્ગને શાંતિ થઈ... અલગ અલગ સુગંધ વાળા સેનેટાઇઝર મળે તો લોકો હાથ ભીના



કરતાં રહે...! જોકે પોતાનું સેનેટાઇઝર હોય તો ટીપે ટીપે વાપરવાનું અને બીજાનું હોય તો... પુચ... પુચ... પુચ...!! હવે તો માસ્કની ડિઝાઈન પ્રમાણે ડ્રેસ અને સાડીઓ માર્કેટમાં આવી ગઈ છે...! અને ઘણા પુરુષો શર્ટના કાપડના મેચિંગ માસ્ક દરજી પાસે બનાવડાવે છે અને સ્ત્રીઓ ડ્રેસ અને સાડીના મટિરિયલમાંથી મેચિંગ માસ્ક બનાવડાવે છે..." મેંચિંગ નું મેચિંગ અને સેવિંગનું સેવિંગ" ...સ્મશાનમાં ૨૦ લોકોને જ જોડવાની છૂટ... ફરજિયાત ઓનલાઈન જ ખરખરો કરવો પડે... અને શાદીમાં ૫૦ લોકોને... તમે ૫૧મા છો તો બહાર બેસો... કોઈનું કેન્સલ થાય તો જ લાસ્ટ મોમેન્ટ પર કન્ફર્મેશન મળે...!

કોમ્પ્યૂટરમાં વાઈરસ એન્ટ્રી મારે તો તમારી આખી સિસ્ટિમ તોડી નાખે, તમારા ડેટા ને ટેટાની જેમ ફોડી નાખે અને ધુમાડો કરી ઉડાડી મૂકે. વાઈરસ ક્લીનર નામના કોઈ જ સૉફ્ટવેર રૂપી દવા કામ જ ન કરે. આખરે તમારે ફોર્મેટ મારી બધું ફરીથી ફોર્મ (ઇન્સ્ટોલ)કરવું જ પડે. એવી જ રીતે પૃથ્વીની ઉત્પતિથી સક્રિય એવા વાઇરસો અચાનક ગમે ત્યારે ત્રાટકીને માણસજાતની વાટ લગાવી દે છે. આવા વાઈરસ પર મારી લખેલી કવિતા વાંચો...!

એક વાઈરસ... (હાસ્ય રચના)

મારું બેટું એક 'વાઈરસ' મારી 'રજીસ્ટ્રી' બગાડી ગયું...
મારી મનગમતી 'વિન્ડો' ને એ બંધ કરાવી ગયું...
મારા 'સી.પી.યુ.'ની તો સાલી વાટ લગાવીને ગયું...
મારી 'હાર્ડ ડિસ્ક' ને 'સોફ્ટ ડિસ્ક' બનાવી ગયું...
મારા 'પ્રોસેસર' ને ઢીલું ઢફ કરી ચાલ્યું ગયું...
મારી આખી 'સિસ્ટિમ' ને જાણે 'હેંગ' કરી ગયું...
'મેં કાફે'ની ફાકી એણે જાણે કાફેમાં બેસી ખાધી...
'ક્વિક હિલ'ની હિલ પર ચઢી કુદકા મારવા લાગ્યું...
'અવસ્ત'ની સાથે તો એ જબરું સ્વસ્થ થઇ ગયું...
થયું 'વિરેચન કર્મ'થી 'ફોર્મેટ મારી એને સીધું દોર કરી દઉં'...

અંતે 'એન્ટીબાયોટિક'ના ડોઝથી એને સીધું દોર કરી દીધું...

મારું બેટું એક 'વાઈરસ' મારી પથારી ફેરવી ગયું...!!!

- નિપુણ ચોક્સી

ચાર્જરઃ અમુક લોકો પણ વાઈરસ જેવા હોય છે. જેની કોઈ દવા જ ન હોય. યા તો એમને સહન કરો યા તો એમની સાથે સોસિયલ ડિસ્ટન્સિંગ બનાવો...!

પ્લોટ નં-૯૮૨/૨, સેક્ટર-૪-ડી,
ગાંધીનગર૩-૮૨૦૦૬.
મો. ૯૩૨૭૦૮૮૮૭૪


" બાંકડા સુખ "
- હેતલ દવે
મો.- ૯૮૨૫૫૯૯૧૪૯



" ઘમ્મર વલોણું "
- રમેશ હાલારી
મો.-૯૮૯૮૩૩૮૬૮૧



પ્રકાશ લાલા

વિનોદ સી. દવે

રવીન્દ્ર પારેખ

શૈલેષ ટેવાણી

દુર્ગેશ ઓઝા

મનસુખ વાઘેલા

તારિણીબહેન દેસાઈ

ડૉ. નિરંજન રાજ્યગુરુ









" પિયુ મિલન "
- જેસલબા જાડેજા
મો. - ૮૮૬૬૧૦૩૫૩૬

સુખદ અકસ્માત (એકાંકી)

- *પ્રકાશ લાલા*

પાત્રો : રાધિકા - (વય : ૩૫ વર્ષ આસપાસ)
મીરાં - (વય : ૩૨ વર્ષ આસપાસ)

(પડદો ખૂલે.. ધીરે ધીરે સંગીત સાથે પ્રકાશ વધે.. રંગમંચ ઉપર સુખી ઘરનો બેઠક ખંડ નજરે પડે છે.. બેઠક ખંડ ખાલી છે.. ડાબી તરફનું મેઈનડોર બહારથી બંધ છે. સંગીત .. અચાનક બહાર સ્કૂટરની બ્રેક મારવાનો, સામે જ કોઈના જોરથી નીચે પડવાનો અને સ્ત્રી સ્વરમાં "ઓ... મા.. રે.. ઓહ..."ના અવાજો સંભળાય.. એ પછી બીજો સ્ત્રી સ્વર : "બાપરે .. તમે એમ જ બેસી રહો.. હું તમને હેલ્પ કરું." થોડી વારે બહારથી તાળું ખોલી, મેઈન ડોર ઉઘાડી રાધિકાબહેન તેમની સાથે બીજાં બહેન મીરાંબહેનને લઈને પ્રવેશે. મીરાં બહેનને પડી જવાથી પગે ને હાથે વાગ્યું છે. એટલે એ લંગડાતી ચાલે, વદન પર વેદના સાથે, રાધિકાબહેનના ટેકાથી ચાલતાં અંદર આવે છે...)

રાધિકા : (ટેકો આપી, સોફા પાસે લાવી) ધીરે...હં.. સંભાળીને...બેસો.
(મીરાંબહેનને સાચવીને - હળવેથી સોફા ઉપર બેસાડે) પ્રભુનો પાડ માનીએ કે વધારે વાગ્યું નથી. માથામાં ઈન્જરી નથી થઈ ને હાથે-પગે ફ્રેક્ચર જેવું નથી...

મીરાં : (પીડા સાથે) હં.. થેન્ક ગોડ બચી ગઈ...

રાધિકા : સૉરી, મારે લીધે..

મીરાં : ના, ના.. આમાં તમારો કોઈ વાંક જ નથી.. સામેથી ગાયને દોડતી આવતી જોઈ હું ગભરાઈને બાજુમાં ખસીને તમારા સ્કૂટર સાથે ભટકાતાં નીચે પડી ગઈ !

રાધિકા : હા.. મારું ઘર આગળ સ્કૂટર વાળવું ને તમારું દોડીને આવવું..સમયસર બ્રેક મારી નહીં તો..

મીરાં : આનું નામ જ અકસ્માત..

રાધિકા : બેઠો માર છે.. બે-ચાર દિવસ દુઃખશે પણ ધીરે ધીરે મટી જશે દુખાવો...હું તમારા માટે પાણી લાવું, હોં...
(કિચનમાં જાય. મીરાંબહેન દુઃખથી કણસે.. સ્વસ્થ થવા પ્રયત્ન કરે... ત્યાં રાધિકાબહેન પાણી લઈને આવે.)

રાધિકા : લો, પાણી પીવો.. હું કોફી બનાવી દઉં...

મીરાં : ના, ના... બહેન... તમે એવી બધી તકલીફ ના લો..

રાધિકા : એમાં તકલીફ શાની? ગરમ કોફી પીશો તો થોડું સારું લાગશે તમને...

મીરાં : અરે પણ...

રાધિકા : (હસીને) મારેય પીવી છે કોફી.. મને કંપની તો આપશોને?

મીરાં : (પરાણે હસતાં) ઓ.કે..
(રાધિકાબહેન પાણીનો ગ્લાસ લઈને કિચનમાં જાય...)

રાધિકા : (કિચનમાંથી, જોરથી કહે) અને હા.. તમે ક્યાં રહો છો? ઘરે ફોન કહીને કહી દો તો કોઈ આવીને તમને લઈ જશે...
(મીરાંબહેન સાંભળીને (ફિક્કું હસે..નિસાસો નાખે..ઊભાં થવા પ્રયાસ કરે...પણ પગમાં દુખે એટલે 'ઓહ...' કરમાં પાછાં બેસી પડે છે...)

રાધિકા : (કોફીના બે કપ સાથે પ્રવેશતાં)
યસ...લો આ ગરમ ગરમ કોફી પીવો પણ ફૂંકી ફૂંકીને, હોં..સાથે સાથે આપણે વાતોય કરીએ..ખાસ તો પરસ્પરનો પરિચય મેળવીએ, રાઈટ?

મીરાં : (થોડું હસીને) યસ, રાઈટ!!

રાધિકા : (યાદ આવ્યું હોય એમ) અરે, હા.. તમે ફોન કર્યો ઘરે?



મીરાં : ના...

રાધિકા : કેમ? મોબાઈલ ભૂલી ગયાં છો ઘરે..ખરું ને? કંઈ વાંધો નહીં..કોફી પીને નિરાંતે મારા મોબાઈલ પરથી કરી દેજો...
(મીરાંબહેન કંઈ જવાબ નથી આપતાં..બંને કોફી પીવે...)

મીરાં : તમારું નામ?

રાધિકા : રાધિકા... રાધિકા જોબનપુત્રા...

મીરાં : (સાંભળીને ચમકે...બબડે)જોબનપુત્રા ?

રાધિકા : ને તમે? આઈ મીન તમારું નામ?

મીરાં : મીરાં...

રાધિકા : (નામ સાંભળીને જરા ચોંકે..કંઈ બોલતાં નથી. થોડીવાર મૌન છવાય છે..ફક્ત કોફી પીવાનો અવાજ.. દરમિયાન બંને ચોરીછૂપીથી એકબીજાની સામે જોઈ લે... કંઈક યાદ કરવા પ્રયત્ન કરે... કોફી પિવાઈ જાય.
કોફીના ખાલી કપ ટિપોય પર મૂકે, લો, મારો મોબાઈલ..ઘરે ફોન કરીને જણાવી દો, મીરાંબેન...

મીરાં : (નિસાસો નાંખતાં) ઘરે કોને ફોન કરું ?

રાધિકા : કેમ એમ બોલો છો ?

મીરાં : મારા ઘરે કોઈ જ નથી... આઈ મીન ઘરમાં હું એકલી જ છું...

રાધિકા : (અચકાઈને) કેમ, તમારા હસબન્ડ, ? બાળકો... બીજું કોઈ ?

મીરા : :(ગ્લાનિ સાથે) ના..કોઈ જ નથી!!

રાધિકા : સોરી, હોં...રિયલી સોરી...

મીરાં : ઈટ્સ ઓલરાઈટ...પણ રાધિકાબહેન, તમારા પરિવારમાં ..?



રાધિકા : મારો પરિવાર? મીરાં બહેન...

મીરાં : બહેન નહીં..ખાલી મીરાં...ગમશે મને.

રાધિકા : તને પછી હું પણ રાધિકા જ..ફક્ત રાધિકા... ઓ.કે.?

મીરાં : ભલે...તમારું ફેમિલી?

રાધિકા : મારું ફેમિલી એટલે અમે બે..હું ને મારા એ... અમે બંને ...હુતો..હુતી..પ્રેમથી-સુખેથી રહીએ છીએ.

મીરાં : વાહ.. ને બાળકો?

રાધિકા : (સંકોચથી) ના, મીરાં..ઈશ્વરે અમને એ સુખથી વંચિત રાખ્યાં છે !!

મીરાં : ઓહ...(સ્વગત) ઈશ્વર આવું કેમ કરતો હશે.. આવા પ્રેમાળ દંપતીને બાળકનું સુખ નથી આપ્યું ને...(ખૂબ દ્રવિત હૃદયે)ને મને મારા મનના માણીગરથી અલગ કરી દીધી !?

રાધિકા : એટલે ?

મીરાં : અમે બંને એક જ કોલેજમાં સાથે ભણતા હતાં.. એકબીજાને ગમતાં હતાં, ખૂબ પ્રેમ કરતાં હતાં, એક બીજાને, ખુશી ખુશી સંસાર સાગરમાં સફર કરવાના અમારા અરમાન હતા.

રાધિકા : તો?

મીરાં : એ જ. નાતજાતની સમાજે ઊભી કરેલી દીવાલે અમને બંનેને અલગ કરી દીધાં!!

રાધિકા : ઓહ...પ્રેમીઓના અરમાન-લાગણીઓને આ પથ્થર હૃદય સમાજ કેમ સમજી શકતો નથી! (થોડીવાર ચૂપ થઈ જાય...)
પણ...

મીરાં : પણ શું, બહેન?

રાધિકા : તમે બંનેએ એ દીવાલ તોડવાની હિંમત કેમ ના કરી!

મીરાં : હં..હા..એ તો તૈયાર હતો..ભાગી જઈને લગ્ન કરી લેવા મને બહુ સમજાવી..પણ..
(રાધાબહેન પ્રશ્નાર્થ નજરે મીરાંને જોઈ રહે..) પણ હું મજબૂર હતી.. મારાં મા-બાપુએ ઝેર ખાલી લેવાની ધમકી આપી...અને માતાપિતાના વાત્સલ્ય સામે મારો પ્રેમ હારી ગયો..(રડી પડે.. પછી પોતાને સંભાળી લે છે...) પણ રાધિકા, હવે આ બધી વાતનો શો અર્થ છે?

રાધિકા : હા..પણ પછી તે લગ્ન ના કર્યાં ?

મીરાં : ના,.. મા-બાપુએ બહુ છોકરા બતાવ્યા ને પસંદ કરી પરણી જવા બહુ સમજાવી... પણ મારું મન માનતું ન હતું. હું ના પાડતી રહી. અમારો પ્રેમ ભુલાતો ન હતો..છેવટે મેં કહી દીધું કે મારે લગ્ન જ નથી કરવાં. મા-બાપુ દુઃખી થતાં છેવટે એમણે મને મારા ગમતા પાત્ર સાથે લગ્ન કરી લેવાય સંમતિ આપી...પણ ..પણ ત્યારે બહુ લેટ થઈ ગયું હતું. એણે થાકીને લગ્ન કરી લીધાં હતાં ને દૂર ક્યાંક સેટલ થયો છે. એવા ખબર મને મળ્યા હતા...

રાધિકા : ઓહ...(બંને પક્ષે શું વાત કરવી તેની મુંઝવણમાં થોડી વાર મૌન છવાય છે..પછી)

મીરાં : તમને સંતાન ન હોવાનું બહુ દુઃખ હશે, નહીં?

રાધિકા : હા..ખામીય મારામાં જ છે. પણ મારા એ મને એ વાતે જરાય ઓછું નથી આવવા દેતા.. મને ભરપૂર પ્રેમ આપે છે..

મીરાં : બહુ લકી છો તમે, રાધિકા..

રાધિકા : હા..તું ક્યાં રહે છે, મીરાં?

મીરાં : અહીં નજીકમાં જ...તમારી સોસાયટીની પાછળના એપાર્ટમેન્ટમાં.

રાધિકા : દર્શન એપાર્ટમેન્ટમાં?

મીરાં : હા.

રાધિકા : ક્યારની રહે છે ત્યાં? તો મેં તને કદી શાકવાળાને ત્યાં કે ગ્રોસરી શોપ પર, મહાદેવના મંદિરે કેમ જોઈ નથી?

મીરાં : ક્યાંથી જોઈ હોય તમે મને? મને અહીં ભાડે રહેવા આવ્યાને હજી એક વીક જ થયું છે..

રાધિકા : એટલે ન જ જોઈ હોયને...

મીરાં : હું એલઆઈસીમાં જોબ કરું છું..મારી ટ્રાન્સફર અહીં થતાં આવી છું.

રાધિકા : હં...(વિચારીને-કંઈક યાદ કરતાં) પહેલાં ક્યાં હતી?

મીરાં : રાજકોટ ને આ પહેલાં વડોદરા, સુરત...

રાધિકા : એમ નહીં..તારું વતન કયું?

મીરાં : આણંદ..આમ તો આણંદ પાસેનું નાનકડું ગામ મારું મૂળ વતન...પણ પપ્પા ધંધાર્થે આણંદમાં આવી ગયેલા, એટલે પછી આણંદ જ વતન થઈ ગયું...હું આણંદમાં જ મોટી થઈ, ભણી પણ ત્યાં જ ને પછી જોબ મળતાં ઠેર ઠેર ફરવાનું ચાલે છે મારું...

રાધિકા : (સાંભળે છે) પણ વિચારે ચઢે છે...) મીરાં... આણંદ...

મીરાં : રાધાબહેન...સોરી, રાધા હું હવે ઘરે જાઉં મારા...

રાધિકા : અરે પણ તું એકલી કેમ જઈશ? તારાથી ચલાતું નથી ને!

મીરાં : હવે થોડું સારું લાગે છે..જતી રહીશ ધીરે ધીરે..

રાધિકા : ના, ના..ચાલ હું તને મૂકી જાઉં..

મીરાં : કેટલી તકલીફ લેશો મારા માટે? સાચવીને ઘરમાં લાવ્યાં...બેસાડી, એટલું જ નહીં...પાણી ને કોફી પાયાં...હવે થોડી કળ વળી છે..

રાધિકા : મેં માનવી તરીકે મારી ફરજ બજાવી છે..પણ ફાયદો તો મને જ થયોને ?

મીરાં : ફાયદો..?

રાધિકા : હા..મને એક ફ્રેન્ડ...નહીં નહીં બહેન મળી...ખરુંને?

મીરાં : હા...મને પણ ..(બંને હસે...) હવે થોડી વધારે તકલીફ લો...મને ઘરે પહોંચાડો...

રાધિકા : ભલે...ને મીરાં, લે આ મારો ફોન નંબર (લખીને આપતાં) ફોન કરજે ને મળતાં રહીશું આપણે..

મીરાં : સ્યોર...થેન્ક્સ એ લોટ...ચાલો..
(એને ટેકો આપી, ઊભાં કરે છે...મીરાં એના સહારે સહેજ ચાલે..ત્યાં એની દૃષ્ટિ દીવાલ પરની તસવીર પર પડે છે.)
આ...

રાધિકા : અમારાં બંનેનો ફોટો છે.. (ખેંચીને એ તરફ લઈ જાય છે.. પાસે જઈ ફોટો ધ્યાનથી જુએ છે ને ચોંકે છે..)



મીરાં : (સ્વગત...) કિશન..ના, ના...આ તો ...આ તો...

રાધિકા : કિશન..મારા હસબન્ડ...

મીરાં : શું ? કિશન જોબનપુત્રા...આ એનું ઘર છે? તું એની વાઈફ છે?

રાધિકા : હા...મીરાં...મારા હસબન્ડ અને એક વખતનો તારો મનનો માણીગર!! (કહેતાં પાછી પકડીને લાવી સોફા પર બેસાડે છે..) ગાંડી...તે તારું નામ ને વતન આણંદ કહ્યું ત્યારે જ અને 'જોબનપુત્રા' સાંભળીને તું જે રીતે ચોંકી ગઈ હતી તે પરથી મને થોડો વહેમ તો પડી જ ગયો હતો કે...

મીરાં : હેં? એટલે તને..

રાધિકા : હા.. બધી ખબર છે... કિશને તમારા બંનેના પ્રણય વિશે મને બધી વાત કરી છે... ઘણીય વાર વાતો કરતાં તને યાદ કરતો હોય છે... એના હૈયામાં તમારો પ્રેમ અકબંધ સચવાયેલો છે.

મીરાં : સોરી... રાધિકાબહેન... માફ કરજો મેં તમને દુઃખ પહોંચાડ્યું.

રાધિકા : એઈ મીરાં, આ શું માંડ્યું તે પાછું... 'રાધિકાબહેન' ને 'તમને' ...હેં? ગાંડી.. તને કહ્યું હતું ને મેં કે મારા હસબન્ડ મને બહુ પ્રેમ કરે છે. બહુ જ સાચવે છે...

મીરાં : પણ...

રાધિકા : તારા માટેનો પ્રેમ છતાં મને એટલો જ પ્રેમ કરે છે.. અને કહે છે કે 'મીરાં' મારો ભૂતકાળ છે... રાધિકા, તું મારો વર્તમાન છે..

મીરાં : ઓહ...કિશન યુ યાર ગ્રેટ..(રડે..સ્વસ્થ થાય..) ચાલ,હું જાઉં...

રાધિકા : (બાજુમાં બેસી, પકડી રાખતાં) મીરાં, હવે ક્યાં જવું છે તારે? આ રાધિકાના કિશનનું ઘર છે તો મીરાંના કિશનનું ય ઘર છે. તારે હવે અહીં જ રહેવાનું છે...

મીરાં : હં..(સ્તબ્ધ બની જાય છે.. શું જવાબ આપવો ને સૂઝતું નથી...) હં...ના, નો...

રાધિકા : યસ...જોગાનુંજોગ આજે અમારો 'મેરેજ ડે' છે. કિશન 'મેરેજ ડે'ની મારા માટે જે પ્રેઝન્ટ લાવે તે..પણ હું એને મારા તરફથી આજે સરપ્રાઈઝ આપીશ...તને જોઈને એ પહેલાં ચોંકી જશે ને પછી રાજી રાજી થઈ જશે..ને તું નહીં થાય રાજી?

મીરાં : હેં...હા..કિશનને ઘણાં વર્ષે જોઈને ખુશી જરૂર થશે..(સ્હેજ વિચારીને) પણ ના...હવે એ મને તમારા બંનેની વચ્ચે આવવાનો કોઈ અધિકાર નથી...


રાધિકા : એવું ના વિચાર, મીરાં...મારી બહેન, તમારાં બંનેનાં મન નિર્મળ છે..એટલે મને જરાય દુઃખ નથી થાતું..કિશન મને એટલો બધો પ્રેમ કરે છે ને સદા ખુશ રાખે છે કે સાચે એને ખુશી થાય એવું આજે મારેય કરવું છે...

મીરાં : અરે પણ..

રાધિકા : નાઉ નો અરે... નો પણ... કશું જ નહીં... હવે તો તું અહીં છે ત્યાં સુધી અમારી સાથે જ રહીશ... કાલે આપણે તારો સામાન અહીં શિફ્ટ કરી દઈ, ભાડાનું ઘર ખાલી કરી દઈશું... અરે યાર, પોતાનાનું ઘર ગામમાં હોય ને ભાડે-બીજે થોડું રહેવાય?

મીરાં : (ભેટી પડતાં) રાધિકા, યુ આર રિયલી ગ્રેટ... (ત્યાં બેકગ્રાઉન્ડમાં ગીત વાગે છે : "સાંવરે કી બંસી કો બજને સે કામ...રાધા કા ભી શ્યામ હો તૂ મીરાં કા ભી શ્યામ"
ધીરે ધીરે ગીત-મ્યુઝિક-લાઈટ્સ ફેડ આઉટ.... પડદો)

'વ્રજ' પ્લોટ નં. ૧૫૨૮/૨,
સેક્ટર - ૨સી, ગાંધીનગર
મો. ૯૪૨૬૦૮૪૬૩૨



સંબંધોના સથવારે...!

- વિનોદ સી. દવે

= પાત્રો અને પરિચય =

(૧) રમેશભાઈ (પતિ) ઉંમર - ૪૮

(૨) મંજુબહેન (પત્ની) ઉંમર - ૪૫

(૩) ચંદા (પુત્રી) ઉંમર - ૨૨

(૪) જયેશભાઈ (પતિ) ઉંમર - ૫૦

(૫) સવિતાબહેન (પત્ની) ઉંમર - ૪૫

(૬) સૂરજ (પુત્ર) ઉંમર-૨૫

(૭) જટાશંકર (દાદા) ઉંમર-૬૦

(૮) રમાબહેન(દાદી) ઉંમર -૫૫

(૯) રાવલસાહેબ (પતિ) ઉંમર-૫૦

(૧૦) ભાવનાબહેન (પત્ની) ઉંમર-૪૫

(૧૧) તારા(પુત્રી) ઉંમર-૨૪

(૧૨) આકાશ (પુત્ર) ઉંમર-૨૫

સ્ટેજ ડેકોરેશન-ગીત-સંગીત-તેમજ લાઈટ, સમય અને જરૂરિયાત પ્રમાણે

પ્રવેશ પહેલો

(દશ્યસ્થળ : ઘરનો બેઠક ખંડ - સમય સાંજનો) પડદો ખૂલે ત્યારે સામે ઘરના બેઠક ખંડનું દશ્ય) સોફા ઉપર બેઠા બેઠા નિરાંતે ઝભ્ભો લેંઘો પહેરેલ (નાઈટ ડ્રેસ)માં છાપું વાંચતા રમેશભાઈ તેમજ બાજુના સોફામાં થાળીમાં શાકભાજી સમારતાં મંજુબહેન... નીરવ શાંતિનો અનુભવ-પડદો ખૂલે છે...)

મંજુબહેન : સાંભળો છો...? (શાકભાજી સુધારતાં...) રમેશભાઈ હકારમાં માથું હલાવતાં...

મંજુબહેન : (સહેજ ઊંચા અવાજે) અરે... ચંદાના પપ્પા તમને કહું છું... સાંભળો છો? જરા જવાબ તો આપો...!

રમેશભાઈ : હા... બોલને મંજુ... હું સાંભળું છું, શું... છે... તારે...!

મંજુબહેન : આ... છાપામાં માથું ઘાલીને પડ્યા છો? તો શું તમને મારા સામું જોવાનો ટાઈમ નથી? મોઢામાં મગ ભર્યા છે...!

રમેશભાઈ : ના... ના... મંજુ એવું કાંઈ નથી..

મંજુબહેન : છાપામાં કાંઈ છે...? જો- તમને તમારા સમાચારમાં રસ હોય તો હું- થાળી લઈ અંદર ચાલી જાઉં.

રમેશભાઈ : ના. મંજુ...ના... લે આ... છાપું (આંખોથી દૂર કરતાં...) મંજુ તરફ નજર કરીને) હા... બોલ તું... શું કહેવા જતી હતી...!

મંજુબહેન : તમને હું એમ કહેતી હતી કે... આપણને આ શહેરમાં દોઢ મહિનો થવા આવ્યો તમને સરકારી ક્વાર્ટર છ-આઠ માસમાં મળી તો જશે ને...?

રમેશભાઈ : હા... છ... સાત... માસમાં જરૂરથી મને સરકારી મકાન મળી જશે...!

મંજુબહેન : આ શહેરમાં તમારી બદલી થઈ તે- આપણા માટે સાવ અજાણ્યું જ છે? અને હા... (યાદ આવતા...) એટલું ખરું કે મારી એક બહેનપણી ભાવનાને આ શહેરમાં પરણાવેલી છે. અને તેના પતિ એ વખતે બેન્કમાં ક્લાર્ક હતા...!

રમેશભાઈ : અરે...મંજુ તું શું કામ ખોટી ચિંતા કરે છે? હું હજુ બેઠો છું...ને!

મંજુબહેન : તમારી ચિંતા હું નહીં કરું તો કોણ કરશે? તમારે, રોજ ગામડેથી અહીં નોકરી માટે અપ-ડાઉન-કરવા કરતાં શાંતિ તો ખરી...!....અને. મારે પણ,

રમેશભાઈ : થોડી નિરાંત તો મળે ખરી અને ...!

મંજુબહેન : અને..., શું...કેમ...અટકી..ગયા...?

રમેશભાઈ : અને...નવરાશની થોડીક ક્ષણોને અહીં તારી સાથે નિરાંતમાં માણી શકાય...! કેમ ...ખરું...ને?

મંજુબહેન : જાવ...જાવ...હવે..તમને વળી નવરાશ મળે છે જ ક્યાં...? અને એય વળી મારા માટે...! તો...તો...મારા ભાગ્ય ઊઘડી

જાય...! સાવ-સાચ્ચું જ કહેજો, આટલાં વર્ષ લગ્નને થઈ ગયાં કોઈદિ' તમને ફુરસદ મળી છે? તમે તમારી ઓફિસમાંથી અને ગામના કામકાજમાંથી નવરા જ નથી થતા...! અને- અધૂરામાં પૂરું વળી તમને 'ઓફિસર'નું પ્રમોશન પણ મળ્યું અને હવે તમે તો- 'સાહેબ' બની ગયા...! અને સાહેબને ફુરસદ શેની...!

રમેશભાઈ : (મંજુબહેનની પાસે નજીકમાં જતાં...હાથ... પકડવાની.. પાસે ખેંચવાની કોશિશ...)

મંજુબહેન : રહેવા ...દો...(છણકો કરી હાથ-છોડાવતાં મારે હમણાં રસોઈ બનાવવાનું મોડું થાય છે. સાડા-આઠ-નવ- થશે એટલે તમે બૂમ પાડશો- મંજુ...કેટલી...વાર.. છે...! લાવો...થાળી..(અને પેલી તમારી લાડલી ચંદા પણ કહેશે- મમ્મી મને પણ ખૂબ ભૂખ લાગી છે...! મારે એકલે હાથે બધે પહોચવું કેવી રીતે...? વતનમાં સારું હતું! કોઈ આડોશી-પાડોશી મદદ તો કરતા...! અહીં છે કોઈ નથી...!

(ટ્રીન...ટ્રીન...ટ્રીન...ઘરની ડોરબેલનો અવાજ, ડોરબેલ થોડી-થોડી વારે વાગે રાખે છે)...(મોટા અવાજે) રમેશભાઈ મંજુ જોતો...

મંજુબહેન : (ઊંચા અવાજમાં) એ...આવી...ઊભા રહો...કોણ છે..અત્યારે...!

રમેશભાઈ : મંજુ...જો તો...કોણ આવ્યું? જરા...!

મંજુબહેન : મને કહો છો...તો તમે જ દરવાજો ખોલો ને...? તમારા છાપાના સમાચાર કાંઈ ભાગી નહીં જાય...!

(રમેશભાઈનો અંદરના રૂમમાં પ્રવેશ)

મંજુબહેન... બબડતાં... બબડતાં... સવારે છાપું વાંચવાનો ટાઈમ નથી મળતો- અને અત્યારે દિ'આથમે છાપું ખોલીને.. બેઠા છે? (ઊભા થઈ શાકની થાળી બાજુમાં રાખી દરવાજો ખોલવા જાય છે...) દરવાજો ખોલતા... કોણ...છે? જરા... બોલો તો... ખરા...?

સવિતાબહેન: નમસ્તે! હું અંદર આવી શકું?

મંજુબહેન : હા...હા...જરૂર આવો ને...બેસો..., તમે કોણ...?

સવિતાબહેન: (ઘરમાં પ્રવેશીને સોફા ઉપર બેઠક લેતા...) (અને પોતાનો પરિચય -ઓળખાણ આપતાં...) બહેન, મારું નામ સવિતા છે. મારા એ પંચાયતમાં નોકરી કરે છે. તેમનું નામ-જયેશભાઈ છે. મારે બે, બાળકો છે જેમાં એક બેબી રેખાના મેરેજ થઈ ગયા છે. અને બાબો સૂરજ હાલે કોલેજના છેલ્લા વર્ષમાં ભણે છે. અને હું આ તમારી સોસાયટીના બંગલા-મકાન નંબર ૧૦માં રહું છું. વગેરે... વગેરે... હાવભાવથી વાતો કરતા...

મંજુબહેન : બસ...બસ..બસ..હવે, સવિતાબહેન, તમે ચા-કોફી- કે ઠંડુ કાંઈ લેશો! (રસોડામાંથી પાણી લઈ આવી ગ્લાસ હાથમાં આપતા...) કે વાતો જ કરશો, જ!

સવિતાબહેન: (પાણી...પીતાં...ના...બહેન...ના...!)

મંજુબહેન : તમે, પહેલીવાર મારા ઘરે આવ્યા છો? એમ ન જવાય! અમો આ સોસાયટીમાં નવા છીએ! અને ભાડે રહીએ છીએ...!

સવિતાબહેન: પાડોશીના નાતે તો મારે તમને પહેલા મદદ કરવી જોઈએ- પણ- હું, કેટલાય દિવસથી તમારે ઘરે આવવાનું ...વિચારતી હતી...! આજે ટાઈમ મળ્યો!

મંજુબહેન : અમે આ શહેરમાં નવા છીએ! તમારાભાઈ (PWD) મોં નોકરી કરે છે. તેમણે હમણાં જ પ્રમોશન મળ્યું છે અને હા, એ બધું તો ઠીક...બોલો પણ તમને હું શું- મદદ કરી શકું?

સવિતાબહેન: વાત- એમ છે કે મંજુબહેન, મારા વતનમાંથી મારાં સાસુ-સસરા રાત્રે આવવાનાં છે. અને મારા ઘરે ગેસનું સિલિન્ડર ખલાસ થઈ ગયું છે! મારી બાજુમાં રહેતા સુધાબહેનના ઘરે લેવા ગઈ હતી. પરંતુ- તે લોકો બહારગામ

ગયા હોઈ- તેમનું મકાન બંધ છે. - અને, મારો એક ખાલી બાટલો બુક કરાવેલ છે પરંતુ ગેસના બાટલાની અછતના કારણે સંજોગોવશાત્ હજુ સુધી બાટલાવાળો આવ્યો નથી...? અને તમારાભાઈ ઓફિસેથી હજુ સુધી ઘરે જ આવ્યા નથી! ઘરે મહેમાન આવવાના હોઈ હું ઘર સાફ-સફાઈ અને કપડા ધોવાના કામકાજમાંથી નવરી જ નથી થઈ અને ભૂલી ગઈ! અત્યારે યાદ આવ્યું કે લાવ તમારા ઘરે તપાસ કરી લઉં- અને એ બહાને તમારો પરિચય તથા બાટલાની તપાસ પણ થઈ જાય, નહીંતર પછી...મારે ઘરે...પ્રાઈમસે રસોઈ બનાવવાનો વારો આવશે...!

મંજુબહેન : ના...ના...ના...એવું કાંઈ કરવાની જરૂર નથી, સવિતાબહેન- અમે- તમારા પાડોશી બન્યા છીએ તો- પછી ખરા ટાઈમે તમને મદદ ન કરીએ તે કેમ ચાલે...! તમે, જરૂરથી ગેસનો બાટલો લઈ જાવ અને અઠવાડિયા સુધીમાં પરત મોકલી આપશો. મેં, હજુ હમણાં જ ગયા વીકમાં સિલિન્ડર લગાવ્યું છે. આ શહેરમાં બદલીમાં આવવાનું હતું તેથી અગાઉથી જ અમે વ્યવસ્થા કરી રાખી હતી...!

સવિતાબહેનઃ ઠીક છે...ઊભા...થતાં...જ હું, હમણાં જ મારા દીકરા સૂરજને મોકલું છું. જે થોડીવારમાં બાટલો લઈ જશે...ભલે... તમારો ખૂબ..ખૂબ...આભાર...

મંજુબહેન : હા...હા...સવિતાબહેન..તમે બિલકુલ ચિંતા કરશો નહીં. હું હમણાં જ બાટલો... રસોડામાંથી કઢાવી દરવાજા પાસે મુકાવી દઉં છું...(સવિતાબહેન જાય છે... જયશ્રીકૃષ્ણા...)

અરે,...સાંભળો છો ?

રમેશભાઈ : (અંદરથી અવાજ આવે છે...) બોલને શું કામ છે...?

મંજુબહેન : પેલો, રસોડામાં ભરેલો બાટલો છે ને તે ઉપાડીને આ દરવાજા પાસે રાખી દ્યો ને!

રમેશભાઈ : (બાટલો દરવાજા પાસે મૂકતા...!) કાં.. શું થયું છે? આ બાટલો તો ભરેલો છે...! કોણ આવ્યું હતું...?

મંજુબહેન : હા, મને ખબર છે ! પરંતુ પેલા સવિતાબહેન આવ્યાં હતાં ને- તેમને ગેસના બાટલાની તાત્કાલિક જરૂર છે ! તેમના ઘરે મહેમાન આવવાના હોઈ, માંગવા આવ્યાં હતાં...

રમેશભાઈ : મંજુ, તું - તો એવી ઉતાવળ કરે છે ને કે હરખઘેલી થાય છે! કે આપણા ઘરે જ મહેમાન આવવાના ન હોય....! અરે...વાહ...શું- વાત છે! તારી તો આ સોસાયટીમાં આવતા વેંત જ ઓળખાણ થવા લાગી છે! મને તો હુજ સુધી કોઈ ઓળખતું પણ નથી? હું-તારી પહેલાનો આ શહેરમાં અપડાઉન કરું છું અને ઓફિસમાં નોકરી કરું છું. તોય ઓફિસવાળા સિવાય કોઈ ઓળખતું નથી...?

મંજુબહેન : આ...તો મુશ્કેલીમાં કોઈને ઉપયોગી થઈએ તો' આપણને પણ કોઈ મદદ કરે!

રમેશભાઈ : મંજુ, તું ઘરે આવેલાં પેલાં, બહેનને ઓળખે છે? તેઓ ક્યાં રહે છે? તેના પતિ શું નોકરી-ધંધો કરે છે? તેનો ફોન નંબર- મકાન-નંબર કે સરનામું કે આધાર છે કાંઈ તારી પાસે?

મંજુબહેન : તમે તો મને જાણે કોઈ મે જબરો અપરાધ કરી નાંખ્યો હોય તેમ પૂછપરછ કરવા મંડ્યા છો? જાણે મેં કોઈ મોટો ગુનો કર્યો હોય! અને પોલીસ સ્ટેશનમાં મને લાવવામાં આવી હોય તેમ લાગે છે? અને -મેં હજુ કયાં તેને ગેસનો ભરેલો બાટલો આપી દીધો છે? તેણે, કહ્યું છે કે મારો દીકરો ઘરે આવશે ત્યારે સ્કૂટી ઉપર લઈ જાશે!

તમે તો નાહકના ખોટી ચિંતા કરો છો? જાણે તમારો ભરેલો ગેસનો બાટલો ચોરાઈ ગયો ન હોય? મારા કરતાં તમને ગેસનો બાટલો વધારે કિંમતી લાગે છે...? મારી

કાંઈ કિંમત જ નહી...? અંદર જતાં...

રમેશભાઈ : મંજુ, મંજુ ઊભી રહે તો, તું હજુ ભોળી છે, આ શહેરમાં સોસાયટીમાં આપણે મકાન માલિક સિવાય કોઈને હજુ ઓળખતા નથી, અને સમજો કે ગેસનો બાટલો પાછો ન મળે તો તું જ પાછળથી હેરાન થઈ જઈશ? પછી આપણે કોનો બાટલો લેવા જઈશું! અને હજુ આપણું ગેસ કનેકશન આ શહેરમાં ટ્રાન્સફર થતાં એકાદ મહિનો નીકળી જશે! તેનો તને ખ્યાલ છે? હું- ખોટું કહું છું?

મંજુબહેન : તમે-ખોટી ચિંતા કરો મા, હું પણ તમારી ઘરવાળી છું. આ તો અમારો નવો સંબંધ બાંધવાની મહિલાઓની ભારતીય સંસ્કૃતિ પ્રણાલી-કળા છે, જેને ગુજરાતીમાં પાડોશી સાથે (વાટકી વહેવાર રાખવો પડે) અને જો તમારી ઇચ્છા ન હોય તો હું-હજુ ના પાડી દઉં, હજુ બાટલો આપણે ક્યાં આપ્યો છે! (ત્યાં જ પુત્રી ચંદાનો પ્રવેશ- જે પગે પોલિયોના કારણે સાધારણ ખોડ હોય- કાંખઘોડીથી લંગડાતી ચાલે તેની બહેનપણી સાથે બેઠક ખંડમાં આવી સોફા ઉપર કોલેજનાં પુસ્તકો લઈ સોફા ઉપર બેઠક ધારણ કરે છે...) (ઓકે..ઓકે..) (કરતા રમેશભાઈ પોતાના રૂમમાં જાય છે ઠીક છે- ત્યારે મંજુ તને ઠીક-અનુકૂળ લાગે તેમ કરે! તારી મરજી...)

મંજુબહેન : (ચંદાને પૂછતાં, આવી ગઈ બેટા! કેમ રહી તારી કોલેજની આજની ટેસ્ટ- કેવી લાગી નવી કોલેજ અને હા,- આ ગેસનો બાટલો અહીં દરવાજે રાખ્યો છે! સૂરજ કરીને પાડોશીનો દીકરો લેવા આવશે. તારી-જાણ માટે- હું રસોડામાં રસોઈ બનાવવા જાઉં છું- અને હા- બેટા આ કોણ છે?

ચંદા : મમ્મી આ મારી કોલેજની બહેનપણી(સહેલી) છે. જેનું નામ તારા છે. તે આપણા જેવા જ જ્ઞાતિએ બ્રાહ્મણ છે! અને મારી સાથે જ ક્લાસમાં ભણે છે. તે મારો બહુ જ ખ્યાલ રાખે છે. (સારું, બેટા- ભગવાન- તને સુખી રાખે કહી મંજુ તારાને માથે હાથ ફેરવે છે- આંખમાં થોડા ઝળઝળિયાં સાથે...)

પ્રવેશ બીજો

(સવિતાબહેનનું ઘર)

(સમય સાંજનો દીવાબત્તી વખતનો) (બેઠકરૂમમાં થોડા ફેરફાર સાથે જુદો જ બીજા કોઈનો રૂમ લાગે તે રીતેનું પરિવર્તન કરેલું જોઈએ)

જયેશભાઈ પોતાની ઓફિસની ફાઈલોને ટેબલ-ખુરશી ઉપર બેસી ચશ્માં પહેરીને ઉથલાવતાં..કશુંક.. ડાયરીમાં નોંધ કરતા હોય તેવું દશ્ય) (બેઠક રૂમ- ડ્રોંઈંગ રૂમનું દશ્ય)

સવિતાબહેન: (અંદરના રૂમમાંથી બહાર સંભળાય તેમ અવાજ...) સૂરજ.. ઓ...સૂરજ... ક્યાં...ગયો...(મેઈનહોલમાં-બેઠકખંડમાં પ્રવેશતાં....) અરે...! તમે...! ક્યારે આવ્યા? ઓફિસેથી?...સૂરજ ક્યાં ગયો...?

જયેશભાઈ: અરે..સવિતા..તું ક્યાં ગઈ હતી? હું તો મારું જરૂરી કામ પૂરું કરવામાં લાગી ગયો છું?- અને - અરે-સવિતા- તને શું ખબર નથી ?

મારાં-બા - બાપુજી હમણાં આવવાનાં... છે ! અને તું - જ્યાં ત્યાં ભાટકવા જતી રહે છે !

સવિતા : શું. બોલ્યા...તમે? (તાડૂકતાં) ફરીથી બોલો તો...? (ગુસ્સામાં..., હું કાંઈ નવરી નથી..કે...કોઈના ઘરે દિ' આથમે ભટકવા જાઉં શું- સમજ્યા...? તમને કાંઈ પડી છે ઘરની...? આ જોને ઘરમાં ઓફિસ ખોલી બેઠા છો- દિ' આથમે? બસ, રાત દિવસ સરકારશ્રીની સેવામાંથી જ ઊંચા નથી આવતા? તમને... ક્યારની ફોન કરું છું. તો ફોન ઉપાડતા નથી? મોબાઈલ બંધ રાખ્યો છે? હું છેલ્લા આઠ દિવસથી બાપ-દીકરાને કહું છું કે ગેસનો બાટલો ખાલી થઈ જશે! - તો પણ કોઈને ક્યાં પડી

છે? મારું આ ઘરમાં સાંભળે છે જ કોણ? આજકાલ કરતા-આઠ-દિવસ થઈ ગયા. બે દિવસની રજા આવી ગઈ પરતું હજુ નવો બાટલો નથી આવ્યો...? અને આંખમાં આંસું સાથે રિસાતા...(જયેશભાઈ ઉપર ગુસ્સો ઠાલવતાં...) તમને બાપ-દીકરાને ઘરની પડી છે જ ક્યાં? બે ટાઈમ સમયસર ખાવાનું મળી જાય પછી શું પડી હોય તમને? હું છું ને ઘરમાં મજૂરી અને ઘરકામ-ઉપાધિ કરવાવાળી....એક દીકરી હતી- મારી જે મને ઘરકામમાં મદદ કરતી- જે પરણીને સાસરે જતી રહી...! આ ઘરની ઉપાધિ મારે જ કરવાની છે ને?

જયેશભાઈ : બૂમો... પાડતા.. સૂરજ... એ સૂરજ... ક્યાં... ગયો...? અરે સવિતા. તારે સૂરજને કહેવું હતું ને કે ગેસ એજન્સીમાંથી સ્કૂટી ઉપર ખાલી બાટલો જમા કરાવી નવો લઈ આવે...

સવિતા : સૂરજ... તેના... ભાઈબંધો અને કોલેજના પ્રોગ્રામોમાંથી નવરો થાય તો ઘરમાં ધ્યાન આપે ને? બાપ-દીકરો ભૂખ-લાગે એટલે ટાઈમ-સર-ડાઈનિંગ ટેબલ પર ગોઠવાઈ જાવ છો? બધો ઢસરડો શું ... મારે કરવાનો છે?... કોઈની જવાબદારી કાંઈ છે જ નહીં...?

જયેશભાઈ : સવિતા..પ્લીઝ...ગુસ્સે થા મા. હજુ સૂરજ નાનો છે. સમય આવે તેને જવાબદારીનું ભાન થશે...! નાહકની ચિંતા કરે છે તું...' સૂરજની...!

સવિતા : રહેવા દો, હવે દીકરાનું ખોટું ઉપરાણું ન લો, નાનો નથી હવે તે- કોલેજમાં ભણે છે- એ પણ, તમારા ઉપર જ ગયો છે...!

જયશેભાઈ : (છાતી ફુલાવી-પોરસાતાં...) દીકરો કોનો... જયેશ જટાશંકર જોષીનો...!

સવિતા : બહુ લાડ લડાવો મા... કાલે સવારે વહુ આવશે... પછી...? કોલેજમાં આવ્યો પણ જવાબદારી જેવું કાંઈ નથી? સમયસર કામ કરવું-ઊઠવું -ઘરે સમયસર પહોંચવું. મમ્મી રાહ જોતી હોય ચિંતા જેવું કશું નથી? કારણ વગરનો તમે ફટવી માર્યો છે, લાડકોડમાં, બે શબ્દો કડવા કહો તો ચાર દિ' ખાતો નથી? માથે ચડાવ્યો છે- તમે તો છોકરાને...?

જયેશભાઈ : પ્લીઝ-સવિતા... પ્લીઝ. શાંતિ રાખ... સમય આવ્યે તેને તેની જવાબદારીનું ભાવ અવશ્ય થશે જ! તું - શા માટે આટલી ચિંતા, ઉપાધિ કરે છે? અત્યારે તેની ઉંમર છે- એન્જોય કરવાની-કરવા-દેને?

સવિતા : રહેવા દો, બહુ થયું હવે, દીકરાને પણ બે શબ્દો સાચા કહેવાય, તમે કીધા? મને ઘરનું કામકાજ કરવા દો, રાતના આઠ થવા આવ્યા છે. અને તમારા બા-બાપુજી આવીને ઊભા રહેશે...હજુ રાંધવાનાં કાંઈ ઠેકાણાં નથી? મૂકો લપ બધી...(ઊંચા અવાજે) બહાર બૂમો પાડતા... સૂરજ... એ... સૂરજ... હા...મમ્મી... બોલ ને. સૂરજનો બેઠકખંડમાં પ્રવેશ...)

સૂરજ : બોલ-મમ્મી- શું કામ હતું...?

સવિતા : સાંભળ, તારા બાજુના નવા મકાનમાં રહેવા આવેલા પાડોશી -મકાન નં.૨૦માં મંજુબહેન- નામ છે. તેમને ત્યાંથી ભરેલો ગેસનો બાટલો સ્કૂટી ઉપર લાવવાનો છે! ઘરમાં બાટલો ખાલી છે... અને આજે આઠ દિ' થઈ ગયા છે? તમને બાપ-દીકરાને કોઈ ટાઈમ જ નથી? અને સાંભળ નહીંતર રાત્રે કોઈને જમવા નહીં મળે! તારા દાદા-દાદી રાત્રે આવવાનાં છે- મારે હજુ રસોઈ બનાવવાની બાકી છે? તો - તું- જલદી જા અને મારું નામ આપી સ્કૂટી ઉપર બાટલો લઈ આવ, નહીંતર પછી બધા બહારથી જમવાનું મંગાવી લેજો!

સૂરજ : હા...મમ્મી...હા...હું...હમણાં જ જાવ છું...(સ્કૂટી ચાલુ કરવાનો અવાજ...)

સવિતા : સૂરજને સંભળાવતાં..નહીંતર પછી હું આજે રાત્રે રાંધવાની નથી? સમજયો...!

તું જાણ ને તારા-પપ્પા જાણે...?

પ્રવેશ ત્રીજો

(મંજુબહેનના બેઠક ખંડનું દૃશ્ય)

(બહાર સ્કૂટી ઊભા રહેવાનો અવાજ...) ટ્રીન... ટ્રીન...ટ્રીન...ડોરબેલનો અવાજ

સૂરજ : હલ્લો...હલ્લો...! મંજુબહેન...?

ચંદા : (તેની બહેનપણી તારા સાથે સોફા ઉપર બેસીને હોમવર્ક પૂરું કરતી હોય છે...) ધક્કો-મારો, દરવાજો ખુલ્લો જ છે! કોણ... છે? (બહાથી જવાબ દેતો (હું ...સૂરજ... છું!)

સૂરજ : (દરવાજો ધીરેથી ખોલીને અંદર પ્રવેશતા...) (સૂરજની નજર સોફામાં બેઠેલી તારા સાથે ટકરાય છે...! હું અંદર...આવી શકું?

ચંદા : તમે મિસ્ટર, પહેલેથી જ ઘરમાં પ્રવેશ કરી ચૂક્યા છો? હવે મંજૂરી લેવાની જરૂર નથી...?

તારા : (હા...હા...હા...ઘડીક હાસ્ય...) પછી સોરી...! (બંનેની નજરમાં પ્રેમ-લાગણીના ભાવ જન્મે છે)

સૂરજ : (બે હાથ જોડીને) નમસ્કાર...! (પોતાનો પરિચય આપતાં...)
મારા મમ્મી સાંજે વાત કરી ગયા હતા કે ગેસનો બાટલો-લેવા આવ્યો છું. અમો આ જ સોસાયટીમાં ૧૦ નંબરમાં રહીએ છીએ...તમારું નામ...? ચંદા સામે જોઈને!

ચંદા : મારું નામ ચંદા છે. આ મારી સહેલી તારા છે. બંને કોલેજમાં બી.એ. ફાઈનલમાં છીએ...!

સૂરજ : તમને કોલેજમાં જોયાં છે. હમણાં જ પ્રવેશ લીધો લાગે છે. હું પણ કોલેજના બી.એ.ના છેલ્લા વર્ષમાં છું.!
(વાતચીતનો અવાજ થતાં જ...મંજુબહેનનો રૂમમાંથી બેઠકખંડમાં પ્રવેશ) કોણ છે. બેટા...ચંદા...કોણ...આવ્યું છે?
(સૂરજ- બે હાથે- નમસ્કાર કરતાં...) હું... (માસી). સૂરજ સવિતાબહેનનો દીકરો... મારા મમ્મી વાત કરી ગ્યા હતા ને તે ગેસના સિલિન્ડર માટે આવ્યો છું.

મંજુબહેન : (સૂરજને દેખાવડો-હેન્ડસમ-જોઈ ખુશી થઈ, બેસને બેટા, તારા માટે ચા-ઠંડુ-કાંઈ લઈ આવું ?
ના- મંજુમાસી...

સૂરજ : ના...ના...અત્યારે કાંઈ નહીં અત્યારે મારી મમ્મી મારી રાહ જોઈ રહ્યા છે. ઘરે મહેમાન પણ આવવાના છે. આ બાટલો આજકાલમાં તમારા ઘરે પરત મૂકી જઈશ...સ્કૂટી... ચાલુ કરી જતાં રહેવાનો અવાજ...)

(પ્રવેશ-૪)

(જયેશભાઈનો બેઠકખંડ) (સમય રાત્રિનો)

(બેઠકખંડમાં જયેશભાઈના પિતાજી જટાશંકરનો પ્રવેશ) સોફામાં બેઠક લેતાં.

જટાશંકર : સૂરજ બેટા... ઓ... સૂરજ

સૂરજ : હા... દાદાજી... બોલોને...

જટાશંકર : તારી દાદી, તારાં મમ્મી-પપ્પાએ જમી લીધું હોય તો અહીં મોકલ. કહે દાદાજી તમને બધાંને બોલાવે છે. મારે કામ છે? ખૂબ જરૂરી...!
(રમાબહેન, સવિતાબહેન, અને જયેશભાઈ તથા સૂરજ સૌ બેઠકખંડમાં દાદાજી સામે બેઠક ગ્રહણ કરતાં...)

જટાશંકર : સાંભળ-જયેશ. હવે- મારી ઉંમર થઈ, તારી મા રમાની તબિયત સારી નથી રહેતી. અવારનવાર બીમાર પડી જાય છે. મારી ઈચ્છા છે કે રમાની અને મારી હયાતીમાં સૂરજનું ક્યાંક ગોઠવાઈ જાય તો સારું...!

રમાબહેન : હા...સારી...વાત...છે- જયેશ તારા-પપ્પાની. આ બારામાં શું કહેવું છે તારું સવિતા...!

સવિતાબહેન: મને શું વાંધો હોય? બા. મારે તો આમેય એકલા કામકાજમાં પહોંચી શકાતું નથી અને થાકી જવાય છે અને દીકરી રેખા હતી તો મને થોડો ટેકો રહેતો! મા-દીકરી અમે બંને કામકાજ વહેંચી લેતાં...!

જયેશભાઈ: પણ... બાપુજી.. હજુ સૂરજ નાનો છે. તેને ક્યાં નોકરી મળી છે? અભ્યાસ પૂરો થાય પછી કોઈ સારું પાત્ર જોઈ સગાઈ કરી નાખીએ-

જટાશંકર : જયેશ- તું ભણતો હતો ને ત્યારે જ તારી સગાઈ કરી નાખેલી યાદ છે તને...? પૂછ તારી મા રમાને?

જયેશભાઈ: હા, બાપુજી. પરંતુ એ વખતે સમય જ જુદો હતો! એ વખતે નોકરી તો ઓળખાણથી મળી જતી હતી...! આજે પરિસ્થિતિ જુદી જ છે? સમય બહુ ખરાબ આવ્યો છે!

જટાશંકર : તું-સૂરજની વધુ પડતી ચિંતા કરે છે. તેને તેં ભણાવ્યો છે. તો કાંઈક કામધંધો-નોકરી તો મળી જ જશેને? સાવ-બેકાર-થોડો રહેશે...!

સવિતાબહેન: વાત તો સાચી છે- કાં...બા બાપુજીની! (રમાબહેન માથું હકારમાં હલાવતાં...!)

જટાશંકર : કાલે હું સવારે તારી મા રમાને દવાખાને બતાવી પરત ગામડે જતો રહેવાનો છું. તો જલ્દી નિર્ણય લઈ મને તું જણાવજે, આ જિંદગીનો કાંઈ ભરોસો નહીં.. આજે હોઈએ અને કાલે ન-પણ હોઈએ-

સવિતાબહેન: એવું ન બોલો દાદાજી...ભગવાન તમને લાંબું આયુષ્ય આપે- ખોટી ચિંતા કરો મા- શાંતિથી સૂઈ જાઓ.

(લાઈટ ઓફ - અંધારું)

(સવિતા...રૂમમાં જતાં...જતાં... સૂરજને...આવતીકાલે બાટલો આવે તો મંજુબહેનના ઘરે પાછો મૂકી આવજે સૂચના...આપતાં...!)

(પ્રવેશ-૫)

(મંજુબહેનના ઘરનો દીવાનખંડ) (સાંજનો સમય)ડોરબેલનો અવાજ ટ્રીન...ટ્રીન...ટ્રીન...! અંદરથી અવાજ સંભળાય છે. ધક્કો મારો... દરવાજો...ખુલ્લો...જ છે...!

સૂરજ : ઘરમાં પ્રવેશતાં. માસી આ...તમારું ગેસ સિલિન્ડર પરત અહીં રાખું છું...અને તારા અને ચંદાને સોફામાં બેઠેલાં જોતાં...! અરે...તારાને પૂછતા...કે તમે આજે કોલેજ નથી આવ્યાં...?

તારા : ના, મારા મમ્મીની તબિયત બરોબર નહોતી, હું હમણાં કોલેજ નથી આવી...! તેથી જ તો અધૂરું હોમવર્ક પૂરું કરવા અહીં બેઠી છું. (ત્યાં જ અંદરથી મંજુબહેનનો પ્રવેશ)

સૂરજ : નમસ્તે...માસી...કેમ...છો? આ તમારું ગેસ સિલિન્ડર મૂકવા આવ્યો હતો...!

મંજુબહેન : બેસને બેટા...! આવ ને...! તારી મમ્મી મજામાં છે ને...? મહેમાન આવી ગયા!

સૂરજ : હા...માસી. હું જાવ છું. મારે કામ છે. ફરી કોઈવાર વાત.(તારાને મંજુબહેનની પુત્રી સમજી પ્રેમની લાગણી અનુભવે છે!) એક તરફ પ્રેમમાં પડવાનો પ્રયાસ) જતાં... જતાં...બાય...બાય...આવજો (હાથ હલાવતા...)

મંજુબહેન : દરવાજો બંધ કરવા જતાં...

તારા : ઊભા રહો. માસી...હું પણ મારા ઘરે જાઉં છું. તૈયારી કરતા..જાય...છે. બાય... ચંદા...ગુડ..નાઈટ...(ચંદા ધીરે ધીરે વળાવવા જાય છે...! બાય...)

મંજુબહેન : ચંદા, તને એક વાત કહું...? અહીં બેસ મારી પાસે, સોફા ઉપર

ચંદા : હા...બોલને મમ્મી શું...છે? (ચંદા... મોબાઈલ... ઠેકાણે મૂકતા... સોફામાં બેસતા.)

મંજુબહેન : હું તને સૂરજની વાત કરતી હતી. આ છોકરો તને કેમ લાગ્યો...? વાતચીતમાં- સંસ્કારમાં અને તે પણ કોલેજમાં તારી સાથે જ છે...!

તેમ તું... કાલે... કહેતી હતી...! છોકરો હેન્ડસમ છે. એકનો એક છે. અને આ સોસાયટીમાં તેમનું મકાન છે ! તારી ઈચ્છા હોય તો હું તારા પપ્પાને વાત કરું તે બધી તપાસ કરી આવશે...! તેની મમ્મી પણ મને બરોબર લાગી છે...! અને બાજુ વાળા કહેતા હતા કે તે પણ બ્રાહ્મણ જ છે! વિચારી જો...!

ચંદા : (શરમાતાં... શરમાતાં... સૂરજના વિચારોમાં...)મમ્મી હું એક વાત કહું...?(શરમાતાં...)

મંજુબહેન : હા...બોલને બેટા શી વાત છે!

ચંદા : ભગવાને મને જ શા માટે દુઃખ આપ્યું છે? મને જ નાનપણમાં પોલિયોનો શિકાર કેમ બનાવી? જરૂર મમ્મી-પૂર્વ જન્મમાં મેં ખૂબ જ પાપ કર્યા હશે...! મારી સાથે જ ભગવાને દગો કર્યો છે...! આંખમાં આંસુ સાથે...!

મંજુબહેન : (રડતાં...રડતાં...) ના... બેટા... ના... તું નાની હતી ને ત્યારે હું મારા બાપના ઘરે સુવાવડ કરવા ગયેલી...પરંતુ ત્યાં ગામડામાં પૂરતી સારવાર ન મળવાથી... તારી... આ... હાલત.. થઈ છે.. ત્યારે મારાં મા-બાપની પરિસ્થિતિ પણ બહુ જ ખરાબ હતી..! કોઈ મા એવું ન ઇચ્છતી હોય કે પોતાનું બાળક અપંગ જન્મે...! કુદરત રૂઠે તે કોને કહેવું...! ઈશ્વર આ પરિસ્થિતિનું બધું જ નિર્માણ કરે છે.. આપણે તો તેનાં મહોરાં કહેવાઈએ...જેમ રમત રમાડે રામ તેમ રમવું પડે...! આપણું શું ચાલે...? (રડતાં...રડતાં...ચંદાને ગળે લગાડતાં...)

(રમેશભાઈનો બેઠક ખંડમાં આવવાનો અવાજ)....મંજુ...ઓ...મંજુ..ક્યાં ગઈ...! પાણી આપ તો...

રમેશભાઈ : અરે..વાહ..શું...વાત છે..? મા-દીકરી વચ્ચે શું વિચાર-વિમર્શ-ચાલે છે...?

મંજુબહેન : (પાણીનો પ્યાલો આપતાં-જરાક સ્વસ્થ.... થતાં...)

રમેશભાઈ : (સોફામાં બેઠક લેતાં...)
અરે...ચંદા...મંજુ...સાંભળ એક વાત કહું છું... મારા એક પી.ડબલ્યુ.ડી.ના કોન્ટ્રાક્ટર મિત્ર સાથે બેન્કની એસબીઆઈ. શાખામાં જવાનું થયું-ત્યાં મારા મિત્રના સરતચૂકથી રૂપિયા પાંચસોનું એક બંડલ ઉપરથી નીચે પડી ગયું! જે ત્યાંથી સામેની ચેમ્બર્સમાંથી બહાર નીકળતા બેંકના બ્રાંન્ચ મેનેજર રાવલ સાહેબની નજરમાં આવ્યું! તેમણે મને જાણ કરી...! અને તુરંત જ પૈસા બેન્કમાં જમા કરાવ્યા! નહીંતર મારા કોન્ટ્રાક્ટર મિત્રની હાલત ખરાબ થઈ જાત...! રૂપિયા પચ્ચાસ હજારનો ચૂનો લાગી જાત...! (નુકસાન જાત) સાચું કહું મંજુ... આજકાલ - આવા ઈમાનદાર-સાચા અને સજ્જન માણસો આ શહેરમાં કળિયુગમાં બહુ ઓછા જોવા મળે છે?

મંજુબહેન : થોડીવાર બેસો, હું ચા બનાવી લાવું છું. તમારા માટે

રમેશભાઈ : ના...ના...કાંઈ જરૂર નથી.

મંજુબહેન : સાંભળો, હું આજે તમને એક વાત કહું છું. આપણા ઘરે પેલા...સવિતાબહેન ગેસનો બાટલો લેવા નહોતાં આવ્યાં ?

રમેશભાઈ : (યાદ-કરતા...હા...હા...) યાદ આવ્યું. આપણી સોસાયટીવાળા...!

મંજુબહેન : તેમના પતિ-જયેશભાઈ પંચાયતમાં છે. તેમનો એક દીકરો નામે સૂરજ છે. જે ચંદાની સાથે કોલેજમાં ભણે છે અને જ્ઞાતિએ આપણા જેવા છે. તો તમારી ઇચ્છા હોય તો હું ચંદા માટે આગળ વિચારું...! ઘર-પરિવાર માણસો સારા છે! તેવું મને આ સોસાયટીમાંથી જાણવા મળ્યું છે! તમારી મરજી હોય તો...પછી કહેતા નહીં કે મને પૂછ્યું જ નહીં...!

રમેશભાઈ : મંજુ, પહેલા તું ઉતાવળી થા મા, ચંદાને પૂછી તો, જો,- ચંદા, શું કહે છે એને ગમે તો મને કોઈ વાંધો નથી...! અને આજે નહીં તો કાલે આ બાબતે આપણે કોઈ નિર્ણય તો લેવાનો જ છે?

ચંદા : (ફોનમાં તારા સાથે વાત કરતાં...) મમ્મી, તું-પૂછપરછ કરી લે જે, મારે તારાનો ફોન છે. તેની મમ્મી બીમાર છે તો તેની ખબર કાઢવા જાવું છે. તું મારી સાથે આવીશ!

મંજુબહેન : (અંદરના રૂમમાં જતાં...) હા...ઠીક છે બેટા, હું તને કંપની આપીશ...! આમેય ઘણા દિવસથી ઘરની બહાર નીકળી જ નથી એ-બ્હાને મન મોકળું થાય...!

પ્રવેશ - ૬

(બેડ રૂમનું દૃશ્ય ...પલંગ ઉપર ભાવનાબહેન સૂતાં છે તેમના માથા ઉપર તારા હાથ ફેરવતી હોય છે. બાજુમાં ટિપોઈ ઉપર દવાની બોટલ-ટીકડીઓ-ફ્રૂટ-ચીકુ-સફરજનની પ્લેટ, પાણીનો ગ્લાસ પાણીનો જગ-કપ-રકાબી-પડેલાં હોય છે.)

ચંદા : (બંધ દરવાજે ડોરબેલ વગાડતાં...ટ્રીન... ટ્રીન...ટ્રીન...!) થોડીવાર રહીને દરવાજો ખૂલે છે- (આકાશ હાય)

આકાશ : નમસ્તે- (બે હાથ જોડીને) ચંદા..!

ચંદા : નમસ્તે - આકાશ, આ મારા મમ્મી છે- (મંજુબહેન- નમસ્તે કરતાં...!) તારા ઘરમાં છે...

આકાશ : હા...હા...ચંદા...એ..મમ્મી પાસે બેડરૂમમાં બેઠી છે...! (બંનેને આંગળીથી ઈશારો કરી બતાવતા...ધીરે ધીરે..આકાશ લંગડાતી ચાલે તેની મમ્મીના બેડરૂમ સુધી દોરી જાય છે...)

મંજુબહેન : આકાશના સામું જોઈ વિચાર કરે છે કે આવા યુવાન સરસ છોકરાને પગે શું થઈ ગયું છે! મકાનમાં નજર ફેરવતા. સરસ છે. ઘર મજાનું!

તારા : (ઊભી થઈ મંજુબહેનને આવકારતા) આવો...માસી...આવો...અહીં બેસો, આ...મારાં મમ્મી છે! (પરિચય કરાવતા)

ચંદા : (તારાનાં મમ્મીને નમસ્કાર કરતાં) (આ- મારાં મમ્મી છે...)ની ઓળખાણ કરાવતા...!) (મંજુ બે હાથે નમસ્કાર કરતાં...)

તારા : બેસો-બેસો માસી હું તમારા માટે પાણી લઈ આવું છું. ચંદા તું, પણ મારી મમ્મી પાસે બેસ! હું, હમણાં જ આવું છું. (અંદરના રૂમમાં તારા પાણી ભરવા જતાં...) (ભાવનાબહેન અને મંજુબહેનની આંખો મળે છે...!)

મંજુબહેન : કાંઈક ભૂતકાળમાં ખોવાઈ જતા..તમારું નામ...ભા...વ...ના...રા...વ તો, નથી ને?

ભાવના : હા...હા...પથારીમાંથી ઊભા થવા પ્રયાસ કરતા...! હા...પણ...તમે જરાક, સ્વસ્થતા ધારણ કરતા..મંજુબહેન સામે જોઈ ને, ભૂતકાળ યાદ કરતા...અરે... તું...મંજુ તો...નથી...ને?

ચંદા : હા...મમ્મી તેમનું નામ ભાવના રાવલ છે.

મંજુબહેન : અચાનક યાદ આવતાં...તમે...! (બંનેની સ્મૃતિ તાજી થતાં) અરે,.મંજુડી...તું! અહીં...? અને તું... ભાવના અહીં...કેટલાં વર્ષે મળ્યા આપણે? (બંને એકબીજાને ભેટી પડે છે) તું અહીં ક્યાંથી? (બંને ભેટી હર્ષનાં આંસુ)

તારા : (પાણી ભરીને લાવે છે!) ચંદાને અને તેની મમ્મીને આપતા અવાચક-અચરજ-થતાં...!

ચંદા : મમ્મી...શું-તમે બંને એકબીજાને ઓળખો છો? (ભાવનાના મોઢા ઉપર થોડું લાઈટ આવતા...!)

તારા : મમ્મી તું- ચંદાના મમ્મીને જાણે છે?

મંજુબહેન : અરે-ગાંડી તમે જેમ બંને બહેનપણી છો-તેમ અમે બંને એક સાથે એક જ ક્લાસમાં એક જ બેન્ચ ઉપર બેસી ભણતાં...! અને ગામડામાં અમારી સામેના ભાગે જ પાડોશમાં જ રહેતા...!

તારા : શું વાત કરો છો! માસી... હેં... તો... તો... તમારે આજે અહીં જમીને જ જવાનું છે હો! ખૂબ મજા આવશે. મારા પપ્પા પણ આવતા જ હશે...!

મંજુબહેન : (ભાવનાને પૂછતાં...) તારાના પપ્પા શું કરે છે?

ભાવના : તારાના પપ્પા. SBI બેન્કમાં મેનેજર છે અને આ મકાનમાં તેમ જ શહેરમાં ૨૦ વર્ષથી રહીએ છીએ! અને દીકરો આકાશ શહેરમાં આવેલી કંપનીમાં મેનેજર છે. જે પહેલા લશ્કરમાં હતો અને જમ્મુ સરહદે કારગીલ યુદ્ધ વખતે પગે ગોળી વાગી છે. તેથી થોડી ખોડ આવી છે. તે પણ હજુ કુંવારો છે.

મંજુબહેન : તારા બનેવી -ચંદાના પપ્પા PWDમાં ઓફિસર છે. અમે હજુ બે મહિનાથી આ શહેરમાં રહેવા આવ્યા. આટલાં વર્ષે તું મળી મને ખૂબ જ આનંદ થયો, મને તો એમ કે તું પરણીને સાસરે ગઈ પછી- બધાંને ભૂલી જ ગઈ- કેમ ખરું ને!

ભાવનાબહેન : ના, મંજુ-ના-ભૂતકાળ કોઈ દી-ભૂલાય ખરો! વર્તમાનમાં જીવીએ છીએ. પરંતુ જૂની યાદો-એ ગામ- મોટું ફળિયું બહેનપણીઓ- તેમજ ગામડાના ખેતરમાં જે દોરડા કૂદતા- કૂવામાંથી પાણી ભરી લાવતા- દિવસો કેમ ભૂલાય! સમય જતા વાર નથી લાગતી! આ જો ને આપણા છોકરા મોટા થઈ ગયા! (તારા...ઓ.તારા...) અવાજ કરતા...જા- રસોડામાં તારી મંજુ માસી અને મારા માટે સારી કડક મસાલાવાળી ચા-બનાવી લાવ...!

તારા : (હા..મમ્મી હમણાં જ બનાવી લાવું છું.) મંજુમાસી તમે આજે અહીં આવ્યા ને તે ખૂબ જ સારું થયું છે! મારી મમ્મી એટલી તમને મળીને ખુશ થઈ ગઈ છે કે આજે સામેથી 'ચા' પીવાની ઇચ્છા દર્શાવી છે.
(રસોડામાં 'ચા' બનાવવા જતાં...)

આકાશ : (અચાનક કાંઈક ભૂલી જવાથી પરત આવતાં...) તારા ...ઓ...તારા...(શો કેસના કબાટમાં મારી કારની ચાવી પડી છે જરા જો તો?

તારા : હું. ચા બનાવું છુ....આવું...છું..એક મિનિટ...! (ચંદાને અવાજ કરતા... ચંદા...જો તો...!)

ચંદા : શો-કેસમાંથી તપાસ કરી કારની 'ચાવી' શોધી-આકાશને સોંપતાં...
(બંનેના હાથનો સ્પર્શ-હાસ્ય, લાગણી-અને થોડોક પ્રેમનો અહેસાસ...!)

આકાશ : થેન્ક્યુ- તારા...! સોરી - થેન્ક્યુ-ચંદા થેન્ક્યુ...! તેની સામું-હસતાં...હસતાં-

ભાવના : મંજુ- તું ક્યાં રહે છે? કંઈ સોસાયટીમાં?

ચંદા : માસી -અમે ગાયત્રી સોસાયટી ૨૦ નંબરમાં રહીએ છીએ અને વિસ્તાર સારો છે.

ભાવના : મંજુ તું. મારું એક કામ કરજે મારે તને એક જવાબદારી સોંપવી છે!

મંજુ : બોલ ને હવે, ભાવના! તું આટલા વર્ષે મળી છે તો એક શું- જે હોય તે તારું કામ હું કરીશ! હવે તને નહીં ગુમાવું-!

ભાવના : તે સોસાયટીમાં પેલા જયેશભાઈ જોષી- ! અરે... તેમના પત્ની-સવિતાબહેન... ખરાને ! ઓળખો છો? બહુ જ હસમુખા છે.

મંજુ : હા...હા...હજુ ગયા અઠવાડિયે જ મારા ઘરે બાટલો લેવા માટે આવ્યા હતા. બહુ જ સારા છે!

ભાવના : તેમનો દીકરો સૂરજ કરીને છે- જે કોલેજમાં ભણે છે! તેનું મારી દીકરી તારા સાથે(સગપણ)-સંબંધ ગોઠવવા વિચાર કરું છું- સૂરજ નામ છે છોકરાનું સારો- હસમુખો-દેખાવડો છે અને હજુ અભ્યાસ કરે છે! તો, તું તપાસ કરી મને જણાવજે અને મારા ફોન નંબર-તારી દીકરી ચંદા પાસે તો છે જ!
(વાત સાંભળી- મંજુ અને ચંદાના મોઢા ઉપરથી નૂર ઊડી જાય છે! - અને પરસેવો વળી જાય છે. ઘડીભર ધ્રાસકો-સ્વસ્થતા થોડી ધારણ કરતાં.

મંજુ : ભાવના, તું એક કામ કર, હું તપાસ કરીને રાખીશ! તું સ્વસ્થ થા પછી આવતા રવિવારે મારા ઘરે તારા પતિદેવ મારા

(જીજાજી)ને લઈને ચોક્કસ ઘરે આવશે... અને હા...તારા દીકરા આકાશને પણ સાથે લાવજે....! કારણ કે તે દિવસે તેને પણ રજા હોય ને...?

ભાવના : મંજુ, સારું થયું તું મળી...! મારા બધાં જ સગા-વહાલા બહાર રહે છે. મારી ઈચ્છા હતી કે હું આ બીમારીમાં કાંઈ થાય તે પહેલા બંને છોકરાઓનું ક્યાંય ગોઠવાઈ જાય...! આ તો દીકરી તારા છે એટલે ઘરનું કામકાજ સંભાળી લે છે! અને આકાશ તો લગ્નનું નામ સાંભળીને ભડકે છે! અને આમેય આર્મીમાં પહેલેથી એકલો જ રહેલો ને! અને અધૂરામાં પૂરું યુદ્ધ વખતે પગે ગોળી લાગી હતી! હવે કોણ પરણવા તૈયાર થાય?

મંજુ : ભાવના, ચિંતા કર મા- ઉપરવાળાએ બધાનું નિર્માણ કરેલું જ હોય છે! કીડીને કણ અને હાથીને મણ મળી જ રહે છે ને...!

ભાવના : હા- મંજુ, તારી વાત તો સાચી છે. તો, તું મારી દીકરી તારા માટેની વાત ધ્યાનમાં રાખજે અને તપાસ કરીને કહેજે...

મંજુ : ઠીક છે.ભાવના... ચાલો... ત્યારે અમે ઘેર જઈએ... તને મળી આનંદ થયો...!

(મંજુ-ચંદા, ઘરની બહાર નીકળતાં)

પ્રવેશ-૭

(રમેશભાઈ-મંજુબહેન-ચંદા સૌ પોતાના ઘરના સભ્યો સાથે બેઠકખંડમાં બેઠાં હોય છે. (મોબાઈલ જોતા...)

રમેશભાઈ : હા..તો મંજુ તમે ચંદાની બહેનપણીના ઘરે જઈ આવ્યા...? ગયા રવિવારે...

મંજુ : હા...(ચંદા-ટાપશી પુરાવતા) (હા.... પપ્પા...)

અને, તમને કહું- તારા આપણા ઘરે આવે છે ને તે મારી સહેલી- ભાવનાની દીકરી છે...! ઘણાં વર્ષો પછી અમે બંને બહેનપણીઓ સાથે મળી...! હું તમને યાદ કરી કહેતી હતી કે મારી સહેલી આ શહેરમાં પરણાવી છે...! અને આ શહેરમાં અહીં રહે છે...!

રમેશભાઈ : તેના પતિ તો બેન્કમાં હતા કે નહીં...?

મંજુ : હા...તેઓની અટક રાવલ છે અને તે SBI બેન્કમાં મેનેજર છે. જે તમારી ઓફિસ બાજુ આવેલી છે!

રમેશભાઈ : હા...હા....ઓળખ્યા...મેં તને વાત નહોતી કરી પેલા મારા મિત્રના બેન્કમાં પૈસા પડી ગયા હતા! હા...તે જ હશે કદાચ રાવલ સાહેબ...!

મંજુ : તમને એક વાત કહું...! અટકી જતાં...

રમેશભાઈ : હા...બોલને...તું, શું કહેવા જતી હતી...!

મંજુ : મારી ઈચ્છા...આપણી ચંદા માટે પેલા સવિતાબહેનના દીકરા જોડે કરવાની હતી પરંતુ...!.

રમેશભાઈ : પરંતુ...! શું...? માંડીને વાત કર...

મંજુ : મારી બહેનપણી ભાવના એ તેની દીકરી તારા માટે સંબંધ બાંધવાની ઈચ્છા દર્શાવી તપાસ કરવા કહ્યું છે...? હવે - હું તો ધર્મસંકટમાં મુકાઈ ગઈ છું.!

રમેશભાઈ : મંજુ, તું- શું કામ ચિંતા કરે છે... તું, તારો અભિપ્રાય-સવિતાબહેનના દીકરાનો તારી બહેનપણી ભાવનાને તપાસ કરીને આપી દે...!

મંજુ : કેવી વાત કરો છો તમે ? મેં તો મારી દીકરી ચંદા માટે વિચાર્યું હતું?

રમેશભાઈ : જો! મંજુ તારું વિચારેલ નહીં ચાલે...! ઉપરવાળાએ જે નક્કી કર્યું હોય તે તેમજ થાશે...! અને હા...જો એ લોકોને પાત્ર અનુકૂળ ના આવે તો પછી આપડે વાત ચલાવીશું...? (ચંદા સામું જોતાં...)

ચંદા : હા...મમ્મી...પપ્પા...સાચું કહે છે...?

(ત્યાં જ ઘરમાં જયેશભાઈ અને સવિતાબહેનનો પ્રવેશ...)

મંજુ : આવકાર આપતા... આવો... આવો... સવિતાબહેન... પધારો... જયશ્રીકૃષ્ણ... ભાઈ...!)

(સોફા ઉપર બંને જણા બેસતાં..)
(ચંદા, ધીરે ધીરે લંગડાતી ચાલે રસોડામાં જતા...)

જયેશભાઈ : કેમ છો! આજે અમે તો પહેલીવાર તમારા ઘરે અંગત કામે આવ્યા છીએ...!

મંજુ : બોલો..બોલો..ને...સવિતાબહેન શી વાત છે...?
(પાણીનો ગ્લાસ આપતા...)

સવિતા : વાત એમ છે કે મારા 'સૂરજ' માટે તમારી દીકરી 'તારા' માટે વાત કરવા આવ્યા છીએ...!

મંજુબહેન : તારા...મારી...નહીં...? મારી સહેલી ભાવનાની દીકરી છે...! મારી એ તો દીકરી સમાન જ છે. મારી પુત્રી ચંદાની સહેલી છે. તમને સારું જણાય તો છે સારું છે.

સવિતા : મારાં સાસુ-સસરા, પણ કહેતા હતાં કે સૂરજનું ક્યાંય ગોઠવાય તો સારું! એ બ્હાને-તમને મળવા-અને અભિપ્રાય પૂછવા-માટે આવ્યા છીએ...! પાડોશમાં છીએ...તો વિચારી શકાય...!
(બહાર કાર ઊભી રહેવાનો અવાજ...:
(ભાવના-તેના પતિ અને તારાનો પ્રવેશ)

મંજુબહેન : અરે...આવો...આવો...ભાવના...કેમ છો? જીજાજી ઓળખાણ પડી...?

રાવલસાહેબ : હા... હા... મંજુ... મને ભાવનાએ બધી વાત કરી હતી...?
(ચંદા- (નમસ્તે અંકલ : કરતાં...અંદર જતી રહે છે.)

રાવલસાહેબ : 'જયેશભાઈ સાથે પરિચય હોઈ, ઓળખતા હોઈ વધુ રસ લેતાં) સૂરજ- તમારો દીકરો છે?

જયેશભાઈ : હા- મારો દીકરો છે!

ભાવના : તમે, આ જયેશભાઈને ઓળખો છો?

રાવલસાહેબ : મજાક કરતાં... અરે... ભાવના અમે બેન્કવાળા... આખા ગામને ઓળખતા હોઈએ...!

રમેશભાઈ : હસતાં... હસતાં... હા... સાચી વાત છે...? બધાની કુંડળી (બેન્ક-બેલેન્સની માહિતી બેન્કવાળા પાસે જ હોય ને...?

જયેશભાઈ : પેલી (અંદર ગઈ એ) બેબી તમારી છે?

સવિતાબહેન : હા, મને તેના 'ચહેરા'ઉપરથી ખ્યાલ આવી ગયો કે આ-બેબી તેમની છે.

મંજુબહેન : (અવાજ કરતાં... ચંદા... તારા... બંને ચા-પાણી નાસ્તો ટ્રે ઉપર રાખી જાય છે.)
(ભાવનાની ઓળખાણ કરાવતા)

સવિતા : અમે, સૂરજ માટે 'તારા'ની વાત લઈ આવ્યા હતા...! પરંતુ તમને મળ્યા પછી અમારી તો ઈચ્છા છે જ!

ભાવના : અમે પણ તમારી જેમ જ 'માંગુ' નાખવા આવ્યા છીએ, મંજુ, સાચું કહું હું તારા માટે તો ઠીક, પણ અમારા આકાશ માટે તારી દીકરી 'ચંદા'નું માંગુ લેવા આવી છું.! કારણ કે તારાએ મને કહ્યું કે ચંદાને આકાશની જોડી બનાવીએ તો! ઘણી વખત આકાશ ચંદાનું માન રાખે છે! તેની વાત ટાળતો નથી, હું પણ તેને સારી રીતે જાણું છું! બંને એકબીજાથી સારી રીતે પરિચિત છે...!

મંજુ : મને શું વાંધો હોય...? આકાશ રાજી હોય તો- મારે ક્યાં ઘર બીજા શહેરમાં ગોતવા જાવું...? (ત્યાં જ સૂરજ અને આકાશનો ઘરમાં પ્રવેશ...) લો, જેની વાત કરતા હતા. તે બંને જણા આવી ગયા...!

જયેશભાઈ : (સૂરજને પૂછતાં, તું! આકાશને કેવી રીતે ઓળખે છે?)

સૂરજ : પપ્પા, આ મારી સ્કૂલમાં "કારગીલ-યુદ્ધ" વિશે (પ્રત્યક્ષ અનુભવ ત્રણ લેકચર આપવા માટે આવેલા ત્યારથી હું-ઓળખું છું...! અને તેઓ... આર્મી-મેન છે.

આકાશ : (બધાને હાથ જોડી-નમસ્કાર! કરતાં...) ખુરશીમાં બેઠક લેતા-

મંજુ : (ચંદાને-અવાજ કરતાં...પાણી આપજે બેટા...') (ગ્લાસ- આકાશને આપતા)

તારા : પણ સાથે પાણી લઈ મદદ માટે આવે છે.- (જે સૂરજને આપે છે)
(બધા જ વડીલોની નજર આ બંને જોડી ઉપર કેન્દ્રિત થાય છે...!)
આકાશ-ચંદા-સૂરજ અને તારા....!

રમેશભાઈ : તમે બધાં એકબીજાને ઓળખો છો? મળેલા હશો ક્યાંક...?

સવિતા : ભાવના-મંજુ ગુફતેગુ કરતાં...)

રમેશભાઈ : મંજુ- તારી વાત સાચી છે? આ જો તો ઈશ્વરે કેવી સરસ મજાની જોડી બનાવી છે...? આપણે બીજે શોધીએ છીએ...?

જયેશભાઈ : હા...સાચી વાત છે...ઉપરવાળાની ઇચ્છા હોય તો જ બધું નક્કી થાય...! પૂછોને આ લોકોને...!
(સૂરજ - ચંદા - આકાશ - તારા - બધાં અંદરોઅંદર હસી મજાક કરતાં હોય છે અને વાતો કરતા હોય છે...)
(રમેશભાઈ, જયેશભાઈ, રાવલ સાહેબ ભાવના, મંજુ અને સવિતા...સૌ હરખાતાં...)

મંજુ : અમે તમારી જ વાતો કરીએ છીએ! તમે બધા મળેલા છો? (છોકરાઓ સામે જોતા)
(સંબંધો માટે સહમતી મળતા બધા જ ખુશીથી ઉછળી પડે છે...!) આનંદ, ઉલ્લાસ ને જલસાનું વાતાવરણ...!

રાવલસાહેબ: (ભાવનાના ચહેરા ઉપર ખુશી જોતાં) વાહ, તારું કામ થઈ ગયું...?

રમેશભાઈ : મંજુ- ખરેખર તે કમાલ કરી હો... આ અજાણ્યા ગામમાં મારી બધી જ સમસ્યાને ઉકેલી નાખી...! નવી જિંદગીના પડાવ ઉપર લાવી દીધો મને....!

જયેશભાઈ : સવિતાને...બસ..તારી ઈચ્છા પૂરી થઈ... ને...!
(બધાં ભેગા મળી હસી ખુશીથી આનંદથી વાતો કરતાં...!)

ભાવના : (ચંદાને માથે હાથ ફેરવતા...) તું તો મારી તારાની ખાસ છે!...સહેલી...!

મંજુ : સવિતા સાથે મજાક કરતા...અમે માંગ્યો સૂરજ અને મળ્યો અમને આકાશ...!
(ચંદાને માથે હાથ ફેરવી વ્હાલ કરતા.)
બેટી...જિંદગી આમ જ સંબંધોના તાંતણે-સંબંધોના સથવારે જ જિવાતી રહે છે...! કોનું નસીબ કોની સાથે ક્યાં જોડાયેલું છે તેની કોને ખબર છે...!

ભાવના : અરે મંજુ, મા દીકરી વાતો જ કરશો કે કાંઈ...! કરો..કંકુ..ના...!
બધાં હસતાં...હસતાં...

મંજુ : હવે, બધુ પંડિતજીને બોલાવી પછી નક્કી કરીશું...!

સવિતા : (ભાવનાની વાતમાં ટાપશી પુરાવીને) અરે... મંજુ... એમ... નહીં... બધાની મનોકામના પૂરી થઈ... જેની ખુશીમાં... હા... હા... હા...'' કુછ મીઠા હો... જાયે...!'' અને (અંદરથી ફ્રીઝમાં રાખેલી મીઠાઈ મંજુ લઈ આવે છે) બધાને મીઠું મોઢું કરાવતા હવે બધા સંબંધોથી જોડાઈ ગયાં...એકબીજાને મોઢું મીઠું કરાવતાં... રમેશ-જયેશ, રાવલ સાહેબ, બધા ફ્રિજ થઈ જાય છે.

(પડદો પડે છે, ધીમું-સંગીત...! સ્ટેજ ઉપર ધીમે ધીમે અંધારું થાય છે. સૌ એકબીજાને મોઢું મીઠું કરાવતા ગળે લાગી-ફ્રીઝ થઈ જાય છે. ધીમું-સંગીત. (એક દૂજે કે લિયે ફિલ્મનું) (તેરે મેરે બીચ મે યે બંધન...)

''ગાયત્રીકૃપા'' પ્લોટ નં. ૧૩૨/૪,
વોર્ડ નં. ૪/એ, આદીપુર, (કચ્છ) - ૩૭૦૨૦૫
મો. ૯૯૨૪૭૭૨૩૪૮









Directorate of Information
Gujarat

Social Media




gujaratinformation.net


gujaratinformation.official


@infogujarat


gujarat.information


Gujarat Information



the GUJARAT
An English Quarterly Magazine

19/1 Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar 382 010
Gujarat - India.(079)-23253391

કટ-ઓફ (એકાંકી)

- રવીન્દ્ર પારેખ

પાત્રો : નિકેત, દાદા, રશ્મિ, ડૉક્ટર, એક, બે, ત્રણ (આ ત્રણમાં એક મહિલા હોય)

(પડદો ઊપડે ત્યારે મધ્યમાં એક કાથીનો ખાટલો દેખાય. તેના પર દાદા પગ લબડાવીને બેઠા છે. તેની બાજુમાં નિકેત ઊભો છે.)

નિકેત : (પ્રેક્ષકોને) હું નિકેત શુક્લ. અગ્નિહોત્રી બ્રાહ્મણ. (દાદાને બતાવતાં) આ મારા દાદા દિનમણિશંકર. નેવુંના થયા છે. એમનો પ્રોબ્લેમ એ છે કે એ પોતાને જ ભૂલી જાય છે. એ એમ જ માને છે કે તે હવે નથી. ઘણા દિવસથી કહું છું કે તમે છો ને કડેધડે છો.પણ એ તો હસ્યા જ કરે છે. એ હસે છે(દાદા હસે) ને મારું ખસે છે. પહેલાં આવું નો'તું. એક દિવસ એવું થયું કે -(સંગીત)

દાદા : નિકેત, અલ્યા નિકેત, નિકેતિયા...

નિકેત : બોલો દાદા.

રશ્મિ : (દોડી આવતાં) કેમ બૂમ પાડી, દાદા?

દાદા : વહુ બેટા, સારું થયું, તું આવી.

રશ્મિ : કંઈ કામ હતું?

દાદા : કામ તો ખાસ નથી... પણ.. મને કંઈ સારું નથી લાગતું.

નિકેત : શું થાય છે, દાદા?

દાદા : કંઈ સમજાતું નથી. ટાઢ વાગતી હોય એવું લાગે છે. આવામાં થોડી મસાલાવાળી ચા મળી જાય તો જરા ગરમાટો આવે.

રશ્મિ : હમણાં લાવી, દાદા. (જાય)

નિકેત : જરા ઓઢવાનું રાખો.(શાલ ઓઢાડે) આ ઉંમરે ટાઢ તો વાગે જ ને! મને લાગે છે, તો તમને તો...

દાદા : મને લાગે છે કે હું હવે લાંબુ નહિ કાઢું.

નિકેત : (હસતાં)હવે આનાથી તો કેટલુંક વધારે લાંબું કાઢશો, દાદા? નેવું કંઈ ઓછા તો નથી!

દાદા : હા.(હસતાં) વધારે તો છે જ. એટલે જ થાય છે કે હવે તૈયારી કરું, ઉપર જવાની.આમેય દા'ડા તો ભરાઈ જ ગયા છે.

નિકેત : મારા?

દાદા : ડોબા, તારા નહીં, મારા.(હસે) બેસ, તારી સાથે થોડી વાત કરવી છે.

નિકેત : બિન્દાસ્ત બોલો, દાદા, કંઈ મનમાં ના રાખશો.

દાદા : વાત એમ છે કે તારા માબાપ તો હવે રહ્યાં નથી તો...

નિકેત : હા. જવા જેવા રહી ગયા છે ને રહેવા જેવાં ગયાં છે.

દાદા : હવે જવા જેવા પણ જવાના જ છે. ચિંતા ના કર. હું શું કહું છું કે જે મારું છે તે તારું છે.

નિકેત : મારે કંઈ નથી જોઈતું. આશીર્વાદ આપો કે-

દાદા : તારે નથી જોઈતું, પણ મારે આપવું છે.

નિકેત : તો ના પાડનારો હું તે કોણ? (બંને હસે)

રશ્મિ : (પિત્તળના કપ રકાબીમાં ચા લઈને આવે. દાદાને આપતાં)લો, દાદા ગરમ છે. સાચવીને પીજો.

દાદા : (પંચિયામાં કપરકાબી પકડે) લાવ, લાવ. જરા સારું લાગે. (રકાબીમાં ચા રેડે. ચૂસકી ભરે) સારી થઇ છે. (પીએ)

નિકેત : દાદા, ધીરે. દાઝી જશો.

દાદા : દૂધનો દાઝેલો છું...એટલે.. (ઝડપથી પી જાય.કપ રકાબી સોંપતા) લે, મૂક આને.(નિકેત મૂકે) તારો બાપ બહુ યાદ આવે છે આજે- એ હોત તો...બધું એને જ સોંપી દેત, પણ... હવે તો હું જ એની પાસે... (પગ ખાટલા પર લેવા જતાં એકદમ ઢળી પડે. સંગીત)

નિકેત : (બરાડે) દાદા...દાદા... આ શું કરો છો? દાદા. (ઢંઢોળે) (રસોડા તરફ જોઇને)રશ્મિ! દોડ... દોડ...દાદાને કંઈ... થઇ ગયું... છે... (રડવા જેવો થઇ જાય)દાદા... બોલોને, દાદા...

રશ્મિ : (દોડી આવતાં) હે,ભગવાન...શું થયું? (દાદાને હલાવતાં)દાદા, દાદા! ઊઠો...ઊઠો, દાદા... (રડી ઊઠે)

નિકેત : (મોબાઈલ પર) હેલો, ડૉક્ટર... હું,,, નિકેત શુક્લ. હા.. એ જ. જરા જલદી આવોને, પ્લીઝ! દાદા... અચાનક જ...(રડે)
(ત્રણ જણા ધસી આવે)

એક : શું થયું, દાદાને? દાદા,દાદા...

બે : મને જરા જોવા દો, ખસો.(દાદાને કપાળે હાથ મૂકે.નાક આગળ હાથ મૂકે) નૈનમ છિન્દંતિ...શસ્ત્રાણિ...નૈનમ દહતિ પાવકઃ... અરે! ગંગાજળ... લાવો... કોઈ...

ત્રણ : (ગાય)હરિને ભજતાં હજી કોઈની લાજ.. જતાં નથી જાણી રે... દાદા, ગયા...(રડે)

નિકેત : (રડતાં) દાદા... ઊઠો...

ત્રણ : દાદા હવે નહીં ઊઠે...

ડૉક્ટર : (પ્રવેશતાં)શું થયું, દાદાને?... દાદા..

નિકેત : ચા પીધી ને અચાનક જ ઢળી પડ્યા.

ડૉક્ટર : ઓકે. જરા બાજુએ થાવ બધા.મને જોવા દો. (તપાસે. નાડી જુએ. સ્ટેથોસ્કોપ મૂકે. છાતીએ માથું મૂકે. હાથથી છાતી દબાવે.) હવે કંઈ નથી આમાં. દાદા, ગુજરી ગયા છે. જેવી ઈશ્વરની ઇચ્છા! સગાંઓને જાણ કરી દો...
(બધાં રડે. ડૉકટર જવા જાય. ત્યાં જ-દાદા સળવળે. બેઠા થાય. બધા ચોંકે. ડૉકટર આવીને તપાસે. હસે)

ડૉકટર : દાદા, તમે તો બેઠા થઈ ગયા. (નિકેતને) ચમત્કાર જ છે આ તો! દાદા, પાછા આવ્યા.

નિકેત : (ખુશ થતાં) દાદા, કેમ લાગે છે હવે?

રશ્મિ : તમે ઠીક તો છો ને?

નિકેત : તમે નવા અવતારે પાછા આવ્યા છો. (બધાં ખુશ)

દાદા : હું...હવે નથી.હું... મરી ગયો છું. (શબ્દો પડઘાય) હું હવે નથી... હું મરી ગયો છું...
(બધાં આશ્ચર્યચકિત)
(અંધકાર. સમય પસાર થતું સંગીત. પ્રકાશ થાય ત્યારે નિકેત દાદાની બાજુમાં ઊભેલો દેખાય)

નિકેત : (પ્રેક્ષકોને...) એ દિવસથી દાદા ઓળખતા નથી ને ઓળખાતાય નથી. દીવો હોલવાઈ જાય પછી પણ વાટ બળતી રહે ને તેનો તીખો લાલ પ્રકાશ જેવો લાગે, દાદા, તેવા લાગે છે. એ મને જુએ છે તે એવી રીતે કે સામે જાણે હું છું જ નહીં! હું જાણે હવા હોઉં તેમ એ જુએ છે મને. કોઈ ગેબી અવાજ આવતો હોય તેમ એ બોલતા રહે છે.

દાદા : હું મરી ગયો છું. હું હવે નથી. મૃત નથી ને અમૃત પણ નથી. આકાશમાં નથી તો ધરતી પર પણ નથી.(રશ્મિ આવે)

નિકેત : દાદા, આ શું માંડ્યું છે? તમે છો ને પૂરેપૂરા છો. તમે મને નથી ઓળખતા? હું નિકેત. તમારો પૌત્ર.

રશ્મિ : ને હું તમારી વહુબેટા, રશ્મિ! મને ઓળખોને દાદા! હું.. (રડે)

નિકેત : (પ્રેક્ષકોને) પણ દાદા કંઈ બોલતા નથી. મારે બદલે મારી બાજુમાં જોઈ રહે છે. જાણે સામે હું નથી. શૂન્યમાં તાકી રહે છે.. વાતો બધી મને સંબોધીને કરે છે, પણ સીધું કંઈ નથી કહેતા.

દાદા : નિકેત, સાંભળે છે?

નિકેત : (પાસે જતાં) બોલો, દાદા.

દાદા : (એની સામે નહીં, પણ એની બાજુમાં જોતાં) નિકેત, દીકરા. મને એક વિચાર આવે છે.

નિકેત : બોલો, દાદા.

દાદા : (તેને અવગણતાં) હું હવે જયારે નથી જ તો મને વિચાર આવે છે કે બારમું કરવું જોઈએ.

નિકેત : કેવી વાત કરો છો, દાદા? તમે છો ને ઘણાબધા છો. પૂરેપૂરા જીવો છો. પછી બારમું કેવી રીતે થાય?

દાદા : (તેને ન સંભાળતાં)બારમું એવું કરીએ કે લોકો યાદ કરે. લાડુ-દૂધપાક કરીએ તો ચાલેને? બધાંને બોલાવવાના.

નિકેત : દાદા, લવારા ના કરો.

દાદા : (ન સાંભળ્યું કરીને) પરસોત્તમને કહી દે. રસોઈ એવી થવી જોઈએ કે લોકો આંગળાં કરડી ખાય.

નિકેત : દાદા, લોકો આંગળાં નહીં કરડે, મને કરડી ખાશે.લોકો કહેશે કે દાદામાં તો અક્કલ નથી, પણ તારી અક્કલ ક્યાં ઘાસ ચરવા ગઈ? (પ્રેક્ષકોને) પણ, દાદા માને? મને તો એ લેખામાં લેતા જ નથીને! કર્યું. ધરાર બારમું કર્યું.(ઘોંઘાટ. બૂમાબૂમ. અવાજો.'એય, પહેલી

લાઈનમાં ભાત નથી. ત્યાં ભાત મોકલો.''અરે, ભાઈ, આવે, આવે, દૂધપાક પણ આવે.''હા, હા, લો, પાણી.''ભાઈ, પેલી બાજુ મેથીનાં ભજિયાં જવા દો.') (પ્રેક્ષકોને) દાદા, ફળિયામાં બાંકડો નાખીને બધાંની સામે બેઠાં.(દાદા બાંકડે આવીને બેસે)

એક : દાદા, કેમ છો? તબિયત તો સારી છેને?

બે : ખરું કર્યું, તમે તો! જીવતે જીવ જ જગતિયું! જેવી ભગવાનની મરજી. (દાદા જોઈ રહે, આકાશ તરફ)

નિકેત : (પ્રેક્ષકોને) પણ દાદા કોઈને ઓળખતા નો'તા. શૂન્યમાં તાકી રહેતા. (દાદાની પાસે બેસે) (ત્રણ જણા વાતો કરતા પસાર થાય.)

એક : ખરા છે, ડોસા તો-

બે : તો શું? પોતાનું બારમું ને પોતે બાંકડે બેઠા.

ત્રણ : માણસ બાંકડે બેઠું હોય, તો કોળિયોય ગળે કેમ ઊતરે?

એક : ઊતરે, બધુંય ઊતરે. બાકી, રસોઈ બહુ સરસ. દૂધપાક તો...ક્યા બાત હૈ!

બે : મેં તો દાદા સામે પીઠ કરીને ઝાપટી લીધું. એમાં વળી શરમ શાની?

ત્રણ : તો શું? ખાઈ લેવાનું. મારા બાપા વખતે પણ મેં તો લાડુ દબાવી જ દીધેલા.

એક : સાલું. મારા બાપા વખતે તો હું જ હોઈશ કે કેમ તે નથી ખબર.

બે : એવું હોય તો તુંય જગતિયું કરાવી દેને.

એક : ક્યાંથી કરાવું? એની જ હોજરી એટલી મોટી છે કે બીજા હાજરી આપી જ ના શકે.

ત્રણ : જોકે ઘણાં મરણનું નથી ખાતાં.

એક : બધું કહેવાનું છે. લાડુને થોડી ખબર છે કે એ બાપાના છે કે ગણપતિ બાપાના?

બે : અનાજનો અનાદર ના થાય. ચાલો હવે ઘરે જઈને ઘોરીએ.

ત્રણ : હા, હા, ચાલો. (ત્રણે જાય)

દાદા : લોકો ખાસ આવ્યા નહીં. હોય એ તો. ઘણાં બારમાનું નથી ખાતાં. જેવી ઉપરવાળાની મરજી.ચાલો... જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું.. તેહને તે સમે તે જ મળશે.

(ઊઠે. અંધકાર. સમય પસાર થતું સંગીત.પ્રકાશ થાય ત્યારે દાદા ખાટલા પર બેઠેલા દેખાય.)

નિકેત : (પ્રેક્ષકોને) બારમું ઉજવાયું ને દાદા વધારે ટટાર થયા. જોકે એ તો પોતાને ગુજરી ગયેલા જ માને છે. હું વારંવાર એમને યાદ અપાવું છું કે તેઓ છે ને વધારે મજબૂત છે. પણ માનતા નથી.

દાદા : ત્ર્યંબકમ યજા મહે, સુગંધિમ પુષ્ટિ વર્ધનમ...

નિકેત : (પ્રેક્ષકોને)દાદા ખાય છે,પીએ છે, પણ સાંભળતા નથી. એટલે કે બહેરા છે એવું નથી. એવું પણ નથી કે એમણે સાંભળવું નથી.સાંભળવું તો છે, પણ તેમના સુધી કંઈ પહોંચતું નથી. વિધિઓ પણ કરે છે. પણ કોઈ બીજું કરતુ હોય તેમ! સાવ તટસ્થ થઇ ગયા છે. કોઈ દાતણ આપે તો કરે છે. (રશ્મિ દાતણ આપે. દાદા દાતણ કરે. પાણી આપે .મોઢું ધૂએ)રશ્મિ બધું મન મૂકીને કરે છે.હું પણ બધી જવાબદારી મૂંગે મોઢે પાર પાડું છું,પણ બધું એકમાર્ગી થઇ ગયું છે.દાદા બોલે તે મને પહોંચે છે,પણ અમે બોલીએ તે એમને પહોંચતું નથી.એ તો પોતાનામાં જ ખોવાયેલા રહે છે.

દાદા : હું હવે નથી.

રશ્મિ : એવું ન બોલો, દાદા! તમે છો.હું તમારે માટે ચા લાવી છું.(ચા નો કપ પકડાવે.દાદા પીએ. પણ ધ્યાન આપ્યા વગર.) હું તમારી વહુબેટા છું. મારી સામે જુઓને! (દાદાનું એ તરફ ધ્યાન જ નથી.)

નિકેત : (પ્રેક્ષકોને) એમ લાગે છે કે ફરતે પાણી ભરીને દાદા જાણે ટાપુ થઇ બેઠા છે. કદાચ કિલ્લો કરી લીધો છે. જેમાં તે છે ને સામે તેમના સુધી ન પહોંચતો વર્તમાન છે. એક વાર તો એવું થયું કે-(સંગીત)

રશ્મિ : દાદા, દાદા, આ શું માંડ્યું છે? છો તો કહેતા કેમ નથી કે છો? હું રશ્મિ. તમારી વહુબેટા.

નિકેત : (નજીક જઈને)ને હું નિકેત. મને ઓળખોને, દાદા. (દાદા જોતા નથી) સામે તો જુઓ.

દાદા : (એ તરફ જોયા વગર જ બરાડતાં) નિકેત... 'લ્યા, નિકેતિયા... ક્યાં મરી ગયો?મારી વાત કોઈ સાંભળતું કેમ નથી? અલ્યા નિકેત, આજે

પેલા રમાશંકરની છોકરીને જોવા જવાનું છે તે ક્યારે જવાનો છે? ..કોણ જાણે ક્યારે થશે બધું? પેલા લોકો રાહ જોતાં હશે. જલદી કરને... ભાઈ... ક્યાં છે આ? નિકેત... એ નિકેત...

નિકેત : દાદા,હું તો અહીં જ છું, પણ તમે ક્યાં છો? જ્યાં છો ત્યાંથી પાછા આવો. રમાશંકરની રશ્મિને પરણી લાવ્યાનેય વરસ થયું. આ રહી રશ્મિ! એને જોઈ પણ આવ્યો ને પરણી પણ લાવ્યો.લો, જુઓ, આ રહી રશ્મિ! એને આશીર્વાદ આપો. (દાદા શૂન્યમનસ્ક) દાદા, દાદા... (બરાડે) દાદા. શું છે આ બધું? અમારે તમારી સામે રોજ અમને પુરવાર જ કર્યા કરવાના છે? (રશ્મિ રડતી રડતી અંદર દોડી જાય) તમે અમને સાંભળતા કેમ નથી? હું જીવું છું. મરી ગયો નથી. મને મરેલો ન માનો, દાદા, હું જીવું છું. જેમ તમે છો તેમ જ હું પણ છું. (દાદાની કોઈ પ્રતિક્રિયા નથી. રડતાં) દાદા, એવું શું કરો છો? મને સાંભળોને! (રશ્મિને બૂમ પાડતાં) રશ્મિ, એ રશ્મિ! પેલાં કાગળિયાં લાવ!

રશ્મિ : (આવીને આપતાં) લો.

નિકેત : (સર્ટિફિકેટ બતાવતાં) આ જુઓ, આ મારી હયાતીનું સર્ટિફિકેટ! હવે તો માનો કે હું જીવું છું. મારી સાથે વાત કરો, દાદા! (રશ્મિ રડે) જુઓ, આ-આ- સર્ટિફિકેટ! દેખાય છે? એમાં લખેલું છે કે હું, નિકેત શુક્લ, તમારો પૌત્ર જીવું છું. આ રશ્મિનું સર્ટિફિકેટ..., લો, જુઓ... (દાદા એ તરફ જોવાને બદલે શૂન્યમાં તાકી રહે)

રશ્મિ : દાદા, અમારી કોઈ ભૂલ હોય તો અમને માફ કરો, પણ આવું ન કરો. બોલો.

નિકેત : વાયરના છેડા કપાઈને છૂટા પડી ગયા હોય એમ અલગ ના પડી જાવ. દાદા, પ્લીઝ! બોલો... બોલો... (દાદાને હચમચાવે...) દાદા... દાદા... (રશ્મિ રડતી રડતી દોડી જાય) (નિકેત પ્રેક્ષકોને) પણ દાદા પોતાનામાં જ ક્યાંક ઊંડે સમાધિમાં ઊતરી ગયા છે. એમને કોઈ ફેર પડતો નથી. એ તો નિર્વિકાર જ રહે છે, પણ, હું જીદ પર આવી ગયો છું. એક વાર તો એટલો ગુસ્સો આવ્યો દાદા પર કે -(સંગીત)(નિકેત અંદર જાય ને ધારદાર ચપ્પુ લઈને સીધો દાદા તરફ ધસી જાય) દાદા, આજે તો ફેંસલો જ કરી નાખું છું. મારી સાથે બોલો છો કે નહીં? (બરાડે) દાદા, સાચું કહું છું. આજે જો વાત નથી કરીને તો હું કંઈ કરી નાખીશ. દાદા... (ચપ્પુ સામે ધરતાં. દાદાને કોઈ ફેર નથી પડતો.) બોલો છો કે નહીં? દાદા... દાદા...(એકદમ ચપ્પુ પોતાનાં કાંડા પર ફેરવી દેતાં) નથી બોલવુંને! ભલે, હવે હુંય નહીં બોલું. (લોહી નીકળે. રશ્મિ દોડતી પ્રવેશે)

રશ્મિ : અરે, ભગવાન આ શું કર્યું તમે? આવું કરવાનું? જરા મારો તો વિચાર કરો. શું કર્યું આ?

નિકેત : કંઈ નહીં!


રશ્મિ : હાથ કાપી નાખ્યો ને કહો છો, કંઈ નહી? (દોડે) અરે, કોઈ છે? આવો રે...કોઈ...

નિકેત : (દાદાને) કોઈ સ્વીકારે જ નહીં તો જાતને પુરવાર કરવાનું કેટલું...અઘરું છે, નહીં? હવે બરાબર... હવે કંઈ પુરવાર કરવાનું નથી. તમે નથી અને છો.. અને હું છું અને નથી...

દાદા : હું નથી...

નિકેત : હું છું..(શબ્દો પડઘાતા રહે) રડવાના અવાજો વધે. બધા અંદર ધસી આવે. સ્તબ્ધ.)

૧, યુનિયનધારા, સતશ્રી સોસાયટી પાછળ,
અઠવા લાઈન્સ, સુરત.
મો. ૯૩૭૭૯૩૯૧૨૩



વિદાય

- શૈલેષ ટેવાણી

(ઊલૂપી પરદાઓ ઊતારી સાફ કર્યા કરે છે. પછી ફલાવરવાઝ સાફ કર્યા કરે છે. ધીમું સંગીત વાગે છે. થોડીવારે સોફા, કવર, ગાદી બધું ઝાપટે છે. એકતરફ શ્રીનાથજીની છબી ટીંગાડેલી છે. બીજી તરફ કેલેન્ડર લટકે છે. ફોનની રિંગ વાગે છે. પ્રેક્ષકોને ફોન પર વાત કરતી ઊલૂપીનો અવાજ થોડીવાર સંભળાતો નથી. પછી મોટેથી અવાજ સંભળાય છે.)

ઊલૂપી : શું કરવાનું? એ હતા ત્યારે તો બધું કામ જાણે એમનું. હું ઓફિસથી આવું ત્યાં કંઈ નવું નવું કર્યા કરે. કંઈ નવું કરી નાખ્યું હોય. એ નિવૃત્ત થયા પછી ત્રણ વર્ષમાં જાણે તેની દુનિયા ઘરમાં જ સીમિત થઈ ગઈ હતી. હા. હા, ધ્યાન તો રાખું છું આવે છે ને? બધાંનો ફોન આવે છે. રમ્યા, સિદ્ધ, બેબો રોજ લગભગ એક ફોન કરે. ના, ના, એમ રડ્યા કરવાથી થોડું ચાલશે? મને સંભાળું છું અને સમજાવતી રહું છું...પણ.. કોઈ...કોઈ વડીલ હોય તો બધું કહીએ. એ હોય તો એમને પણ કહ્યા કરીએ. હવે કોને ? કોનો આ બધું કહેવાનું ? અરે, કબાટમાં મૂકેલા આલબમને જોવાની હિંમત નથી થતી. એ તો કર્નલ. શૂરવીર, સાહસી, હું...હું તો પહેલેથી જ ખિસકોલી જેવી. હા, આવજે જરૂર. મને પણ સારું લાગશે.(ફોન કટ કરે છે.)

(ડોરબેલ વાગે. નોકરનો પ્રવેશ)

નોકર : મે'મ બધાં કવર પોસ્ટ કર્યાં. હું શું કે'તો તો? હા, ત્રણ દિવસ પછી ગામડે જઈશ. હું શું કે'તો તો? શુક્રવારે જઈશ. પછી દશ દિવસે આવીશ. ને પેલું શું કે'તો તો? ફ્રીઝ પછી રિપેર કરાવશું. ને હજુ કંઈ ભુલાયું...હું શું કે'તો તો?

ઊલૂપી : હે, ભગવાન! મૂક ને રામાયણ? તું શું કે'તો તો એ દરવખતે મને ખબર હોય? અને જો, હું જરા બજારમાં જઉં છું. બેબોનો ફોન આવે તો કહેજે, શું કે'તી તી?

(કર્નલ મિશ્રા (પતિ)ના ફોટો પાસે જઈ ઊભે. પછી વિદાય લેતી હોય તેમ હસતાં...જાઉં છું.. આવું છું હમણાં.)

(નોકર ચા નો કપ લઈ આવે. સોફા પર બાદશાહીથી બેસે. ચા પીએ અને બબડે.)

નોકર : મૈં તો દીવાના, દીવાના, દીવાના મુબારક હો સબકો સમા યે સુહાના

(માથું ખંજવાળતાં)

પછી શું? હું શું કે'તો તો? આ હાળું સાયકલ ભટકાઈ, માથું ભાંગ્યું તે દિ'નો વારે વારે ભૂલી જાઉં છું. ખેર, જવા દો હમણાં મે'મ આવશે ને હજુ રસોઈ બનાવવાની છે. (અંદર જાય. પ્રકાશ ધીમો અને ફરી ફૂલ)

(ઊલૂપી પ્રવેશે)

ઊલૂપી : ક્યાં ગયો? શું કે'તો તો?

નોકર : હાજર મે'મ બોલો ને?

ઊલૂપી : કર્નલસાહેબને ભાવે તેવું પરવળનું શાક. થોડો પુલાવ બનાવજે. પરોઠા અને દહીં. (ફોટા સામું જોઈ.) ઓ.કે. ? (નોકર 'હા' કહી જતો રહે.) ડોરબેલ વાગે છે) (મેજર સક્સેના પ્રવેશે.)

મેજર : ઓહો...હજુ આટલું જ ચોખ્ખું ઘર?

ઊલૂપી : આવો, મેજર સા'બ. હા, કર્નલને ગમે તેવું જ.

મેજર : તમે હવે ગોઠવાતા જાઓ છો.

ઊલૂપી : હા, તેઓ હજુ છે. સાથે છે તેવી પ્રતીતિ છે.

મેજર : એવી ભ્રમણાઓમાં શું રહેવાનું ?

ઊલૂપી : તમને ભ્રમણાઓ લાગે. મારું તો જીવન જ એ.

મેજર : ઊલૂપી બહાર આવો હવે આમાંથી.

ઊલૂપી : કેમ?

મેજર : જીવનમાં બીજા લોકો પણ છે તે સ્વીકારો.

ઊલૂપી : કેમ?

મેજર : તમે કહો તો હું જીવનને કોઈ અર્થ આપું.

ઊલૂપી : સોરી સર! હવે આપણે નહિ મળીએ. (દબાવેલા ગુસ્સાથી) (અટકીને વિવેકથી) લેટ મી લિવ ઓન માય વે. આપનો આભાર.

મેજર : સિમ્પલી રહીશ.(મેજરની એક્ઝીટ)

(ઘરમાં અંધારું છવાયું છે. લાઈટ ગઈ હોય તેમ ઊલૂપી ટોર્ચ, કેન્ડલ શોધે છે. ધીમા પણ બિહામણા અવાજો આવે છે.)

ઊલૂપી : ઓહ, અત્યારે જ લાઈટ ગઈ. શું થવા બેઠું છે

? ટોર્ચ, મીણબત્તી બધું અહીં જ હતું. અત્યારે કેમ મળતું નથી?
(ફોનની રિંગ વાગે છે. અંધારામાં દોડીને ફોન લેવા જાય છે.) અરે, ખમો. ખમો. ફોન પર જે હો તે. આ હું બધું એક સાથે? (ફોન માંડ હાથમાં આવે.) હા, બોલું છું. ના, ના, જો ને લાઈટ ગઈ છે બેબો. તારા ફોનની જ રાહ જોતી હતી. અરે, જીવનમાં એવું તો બન્યા કરે. પૃથુલ બીમાર છે ને? તેને હિંમત આપ. ટ્રીટમેન્ટ કરાવ. તું હવે થોડી બાળક છો? મારી બેબો! એટલી ચિંતા ના કરાય. બાળક છે, સાજું થઈ જશે. હા, કલાક પછી ફોન કરું- (ફોન મૂકે) (મોટેથી) એ શું કે'તો તો? ક્યાં ગયો?

નોકર : આવું મે'મ આવું. બોલો ને?

ઊલૂપી : તારું કપાળ. મીણબત્તી કે ટોર્ચ કંઈ મળતું નથી. લાવ, જલદી.

નોકર : મારું કપાળ પણ મળતું નથી. ના, મીણબત્તી, ના, ટોર્ચ. ઓ...હ શું કે'તો તો?

ઊલૂપી : જલદી કર હવે.

નોકર : હા...હા...લો...ટોર્ચ લો, મળી. લાઈટ આવે પછી કહું કે શું કે'તો તો...ઓ.કે.!

ઊલૂપી : હા, ભાગ અહીંથી.
(ઊલૂપી લાઈટ આવતાં હાશકારો અનુભવે. કંઈક લખે છે. બાજુમાં ટેબલલેમ્પ ઓન છે. ધીમું સંગીત વાગે છે.)
(લખે તે પ્રેક્ષકોને અવાજથી વંચાય)

ઊલૂપી : પ્રિય બેબો! તને અને રમ્યાને એક વાત કહેવી છે. સિદ્ધ તો તારા ડેડી જેવો જ ભોળો છે. હમણાંથી પગ કામ જ નથી કરતા. માથું ભમ્યા કરે છે. નોકર સાથે મજાક મશ્કરી કરી લઉં છું. ઘરમાં કંઈને કંઈ કર્યા કરું છું. વધુ તો તારા ડેડના ફોટા સાથે વાતો કરું છું. આજે મેજર આવ્યા હતા. તેની નિયત કંઈ ઠીક ન લાગી. એકલી સ્ત્રી કોઈ પણ ઉંમરે ભયભીત જ રહે. થોડી વાતો કરી. પછી મૂળ વાત પર આવ્યા. મારા જીવનમાં, અંગત જીવનમાં પ્રવેશવાની ઈચ્છા હતી. મેં ફરી આપણા ઘરે ન આવવાની વિવેકપૂર્વક ના કહી. જતા રહ્યા. તું અને સિદ્ધ તો પરણી ગયાં. રમ્યાની ચિંતા છે. શરીરનો શું ભરોસો? આવી વ્યક્તિ મારા ગયા પછી પોતાનાં સંતાનો માટે રમ્યાનો હાથ માંગે તો પણ ના પાડવી. મારી વાતો તો ચાલ્યા કરશે. ક્યારેક વાંચજે. વાંચીશ ને?
(નોંધ કરવાનું મૂકે. ટેબલલેમ્પ ઓફ કરે. નોકરને બોલાવે.)

ઊલૂપી : ક્યાં ગયો? કહે હવે શું? કંઈ કહેતો' તો?

નોકર : બોલોને મે'મ !

ઊલૂપી : બાજુમાં ડૉક્ટર જૈનના દવાખાને જા અને કહે કે મિસિસ કર્નલની તબિયત જોઈ જશો. ઉતાવળ નથી પણ સમય મળે તો આજે જ સમજ્યો?

નોકર : હા, મે'મ.કેમ શું થયું? સારું નથી? સિદ્ધભાઈને ફોન કરું?

ઊલૂપી : અરે, ના.,ના. સારું છે. જા હવે...

નોકર : હા, કહેવું તો હતું પણ પછી...

ઊલૂપી : સ્હેજ હસે. (ફરી દરવાજો ખટખટાવવાનો, વળી બેલનો અવાજ)
અરે, ફરી કોણ? વળી, પાછો આવ્યો તું?
એક કામ બરાબર થતું નથી. ભૂલી ગયો હશે. કહેશે શું કે'તો તો? (દરવાજો ખોલે)
અરે! તમે? અચાનક? મને એમ કે નોકરને બહાર મોકલ્યો છે તે હશે. (ડૉક્ટર પ્રવેશે)

ડૉક્ટર : હા, તેણે જ મને કહ્યું. હું ક્લિનિક પરથી નીકળતો જ હતો. થયું અત્યારે જ જોઈ લઉ. જો કે, મેજર સાહેબે કહ્યું હતું કે, 'યુ આર નોટ ફિલિંગ વેલ.''

ઊલૂપી : અરે, મેજર સાહેબે? આવ્યા તો હતા પરંતુ, ત્યારે કશું જ નહોતું મને. બિલકુલ બરાબર હતી.

ડૉક્ટર : એમને એવું લાગ્યું હશે.

ઊલૂપી : (ફિક્કું હસીને) હમ...તમે તો સમજો છો ડૉક્ટર કર્નલ ગયા પછી ઘણાંને ઘણું લાગે છે. આ મિરેકલ નથી. એક એકાકી સ્ત્રીની નિયતિ છે. છોકરાઓ અહીં હોત તો વાત જુદી હોત.

ડૉક્ટર : સારું. હવે બહુ ન વિચારો. બહુ વિચારવું પણ તમારી તબિયત માટે સારું નથી. કહો, શું થાય છે?

ઊલૂપી : બસ, અચાનક બી.પી. લૉ થઈ જાય છે. કશું કામ કરવાનું મન નથી થતું. અજીબ બેચેની અનુભવું છું. હસવાની કોશિશ કરું છું ને ફરી ઉદાસ થઈ જાઉં છું. લાગે છે હું ક્યાંક જતી

રહીશ, કે કશુંક કરી તો નહિ બેસું?

ડૉક્ટર : જુઓ મે'મ, તમારે આરામની જરૂર છે. ફ્રેશ થાઓ એટલે સંગીત જે તમને ગમે છે. થોડું ચાલવાનું, ગાર્ડનમાં બેસવાનું, થોડું ટી.વી. જોવાનું અને મિત્રોને ફોન કરવાનું રાખો. અત્યારે તો હું પ્રિસ્ક્રિપ્શન લખી દઉં છું. તે દવાઓ લઈ લેજો.

ઊલૂપી : થેન્ક્યુ ડૉક્ટર ! તમારા માટે ચા બનાવું કે કોફી?

ડૉક્ટર : નો થેન્ક્સ. પણ કાલે મને જણાવજો. દવા પછી કેવું ફીલ કરો છો.

ઊલૂપી : સ્યોર ડૉક્ટર ! બાય!

(નોકર અને ડૉક્ટર સામસામે પસાર થાય છે.)

નોકર : જોયું? આવી ગયા ને? ડૉક્ટર તરત આવી ગયા. હું એ જ કહેતો હતો. લાવો, ચિઠ્ઠી! દવા લઈ આવું હમણાં જ.

ઊલૂપી : હા, એક તું જ જે કહે તે ઠીક કહે છે. (ઉદાસ થઈ પ્રિસ્ક્રિપ્શન અને પૈસા આપે છે. ફોનની રિંગ વાગે છે. આ વખતે મોબાઈલ છે.) હલ્લો! હા રમ્યા! વાહ દીકરી! ના, સારું છે. તને કોણે કહ્યું? તેં ડૉક્ટરને ફોન કર્યો? હજુ તો હમણાં જ ગયા. જો બેટા આટલી ચિંતા નહિ કરવાની. તું સાસરે જઈશ પછી આમ ફોન કર્યા કરીશ તો બંને વચ્ચે ઝઘડો થશે. (હસે) હા, દવા મંગાવી છે. હમણાં લાવશે. અરે, લઈ લઈશ બેટા! હા, જમીશ પણ બરાબર. તું કહે, તારું કામ કેમ ચાલે છે? જોબ? અને ફાઈનલની તૈયારી? હા, બેબોનો ફોન આવ્યો હતો. સિદ્ધનો રાત્રે આવશે. તું ચિંતા ના કર. બધું જ સારું થશે. ઓ.કે. બેટા! બાય.

નોકર : મે'મ ક્યાં ગયાં? હું કહેતો જ હતો કે દવા મળી જશે. ને મોંઘી હશે. આ ડૉક્ટર પણ મોંઘો છે. ને પાછો મેજરસા'બનો ભાઈબંધ. લ્યો દવા. આ પીળી ત્રણ વખત, લાલ બે વખત. ને ઓલી તકિયા જેવી લંબગોળ બ્લુ તે રાતે એક વખત. ને આ શક્તિની પીવાની દવા. સરપ. ના, સિરપ, તમે જમી લીધું? આજે તો પરવળનું શાક હતું. કાલ માટે કંઈ લાવું? પપૈયું ફ્રીઝમાં સુધારીને રાખ્યું છે. તમને સારું રહે છે. ઓશીકાનાં 'કુંવર' બદલાવ્યાં છે. 'બેડ'ની શિટ પણ બદલી છે? ઓઢવાની ચાદર તો નવી છે. ને સિદ્ધભાઈને ફોન કઈરો? હું શું કે'તો તો? બહુ વિચારવું નૈં એમ ડૉક્ટર કહેતા'તા. એક અઠવાડિયામાં તબિયત સુધરી જશે. લ્યો, હવે હું બગીચામાં સફાઈ કરું. તમે આરામ કરી લો પછી બહાર આવો. પછી હું જાઉં.

(એક ધારું બધું કામ કરતાં કરતાં બોલ્યા જ કરે. ઊલૂપી અંદરના રૂમમાં છે. તેનો કોઈ પ્રત્યુત્તર નથી. દરવાજો અધખુલ્લો છે. સાંજનું સ્હેજ ઝાંખું અંધારું છે. નોકર ગાર્ડનમાં જાય છે.)

(અંધારું સહેજ ઢળતું, વધુ ઢળતું રહે છે. નોકરનો ફરી પ્રવેશ)

નોકર : લે, હજુ સૂતાં છો? બહાર નથી આવ્યા? દવા લીધી? હા, આમાં ટેબલ પર બે ઓછી છે. સારું થયું દવા લીધી તો આરામ કરો. મે'મ હું જાઉં છું. સવારે વહેલો આવીશ. પણ જાગો છો ને? ખાલી અમસ્તાં જ આરામ ને? તો આ દરવાજો બંધ કરવાનું ભૂલતાં નહિ. હું ફળિયાની ઝાંપલી અટકાવું છું. દૂધવાળા માટે તપેલી બહાર લટકાવું છું. ને કહેવાનું હાવ ભૂલી ગ્યો. સું કે'તો તો? ઠીક, કાલે વાત. લ્યો, રામે રામ. આરામ કરજો હોં !

દશ્ય : (સવાર. નોકરનો પ્રવેશ.. દોડધામ. પછી ફોન)

નોકર : હલ્લો સિદ્ધભાઈ, હલ્લો : ૭૯૫૦૫૮૧૧. .. ને સિદ્ધભાઈ! જાગી ગયા? એ...આમ કંઈ વાંધો નથી. પરંતુ, સવારે હું આવ્યો ત્યારથી મે'મ બહાર નથી આવ્યા. આગળના રૂમમાં બધું જેમ તેમ. તમે રમ્યાદીદીને ફોન કરો ને? જલદી પહોંચે. કાલે દવા બદલી છે હેં? હેં? હંભળાતું નથી...

(બીજો ફોન લગાવે)

નોકર : બે'બો બેન! સિદ્ધભાઈને ફોન કઈરો. કાલ સુધી બરાબર હતું. અત્યારે આઈવો ને બધું જેમ તેમ પઈડું છે. મે'મ બહાર આવતા નથી. તમે આવો તો કેટલા કલાક થાય? આવો તો સારું...ધ્યાન રાખજો.

(ત્રીજો ફોન લગાવે)

નોકર : એ...રમ્યા દી' નીકળી ગયા? સિદ્ધભાઈએ વાત કરી? મેં અંદરનો દરવાજો બહુ ખખડાઈવો...બે કલાક થયા. શું? હજુ અરધો કલાક થશે? વાંધો નહીં. નીકળી ગયા તે સારું થયું.

(લગભગ ત્રણેક કલાક પછી રમ્યા, સિદ્ધ, બેબો ઊલૂપીના બંધ દરવાજા નજીક ઊભા છે. થોડી બૂમાબૂમ કરે. પછી ડ્રોઈંગરૂમમાં પડેલી વસ્તુઓ ફંફોસે. નોકર બધાની સામે જોઈ, પાછળ ફરી મુંઝવણ વ્યક્તિ કરે. ક્યારેક બોલે. છેલ્લે રમ્યાને ઊલૂપીને ચિઠ્ઠી હાથ લાગે છે. એ મોટેથી વાંચે છે. બધા ઊલૂપીને બૂમ મારે. ફ્રીઝ થાય અને પરદો પડે છે.)

રમ્યા : મમ્મા! મમ્મા! પ્લીઝ ઓપન ધ ડોર.

બેબો : તને ક્યારે ફોન કર્યો હતો? મમ્મા શું કહેતી હતી? ઓહ ગોડ ! મમ્મા! સાંભળો છો?

સિદ્ધ : મને ફોન આવ્યો તેને ત્રણેક કલાક થઈ. હું પણ તારી જેમ તરત જ ટેક્સી કરી નીકળી ગયો. સાંભળ! તું શું કે'તો તો? કાલે શું જમ્યા હતા? છેલ્લે તું ક્યારે મળ્યો હતો? કઈ દવા ખાધી હતી? રમ્યા બધું ચેક કર. મોમ ખોલો દરવાજો. જાગો છો મો'મ? પોલીસને ફોન કરીએ.' ડૉક્ટર અંકલને ?.

રમ્યા : ના, બધું જોવા દે પહેલાં. બેબો તું બાજુના રૂમમાં બધી વસ્તુઓ ચેક કર. સિદ્ધ તું આને પૂછીને દવાઓ ચેક કર.

બેબો : બધું જોઈને પછી દરવાજો તોડીએ. પછી કોઈને ફોન કરીએ.

નોકર : મારું કોઈ સાંભળો સિદ્ધભાઈ (ધીમેથી) કાલે દવા લઈ આવ્યો. ગાર્ડન સાફ કર્યું. અંદરના રૂમમાં ગયા પછી મેં શું શું કહ્યું તે બધું તમને કહ્યું. ગઈકાલ પછી મેં જોયા નથી. તમને બધાને ફોન કર્યો તેને ત્રણેક કલાક થયા. હું અહીં જ છું. દરવાજો હમણાં ન તોડશો. હું શું કે'તો તો કંઈ વધુ પડતું થયું હોય તો પોલીસની માથાકૂટમાં પડશો.

સિદ્ધ : હા, તું સાચું કહે છે.

રમ્યા : સિદ્ધ! બેબો! જો મમાની ડાયરી. આમાં કંઈ લખ્યું છે. કાલે રાતે જ. તારીખ અને ટાઈમ છે જો, જો હું વાંચું છું.
(ચિઠ્ઠી ઊલૂપીના અવાજમાં વંચાય.)

પ્રિય બાળકો,

સવારે ડૉક્ટરે દવાઓ લખી. મેજરની વાત કરી ત્યારે જ થોડી શંકા ગઈ હતી. મેજર સા'બ હર્ટ થયા હશે. મેં તેને જતા રહેવાનું કહેલું. તમે જાણો છો કે એ ડૉક્ટરના પણ મિત્ર છે. દવાઓ જે મારી તબિયત કરતાં વધુ હાઈડોઝ છે. બે વખત લઈ લીધા પછી જે શરીરની સ્થિતિ થઈ તેના પરથી લાગ્યું કે ન હત્યા ન આત્મહત્યા. મારો કાંટો એમ જ નીકળી જાય તેવું આ લોકોએ કર્યું. ડૉક્ટરને મારી તાસીરની ખબર છે. અમુક દવાઓ મારા શરીરને નિષ્ક્રિય કરે છે. હું ડઘાઈ ગઈ નથી. હારી ગઈ નથી. કર્નલના ગયા પછી તમને તમારી દિશામાં ઊડવા દીધા. તમને મન પડે તે વ્યવસાય અને શિક્ષણમાં જોડાવા દીધા તે તમારા ભવિષ્ય માટે મારું કર્તવ્ય હતું. તમારામાંથી એકાદ જણ સાથે હોત તો મને એકલવાયું ન લાગત. પણ કદાચ, આ છેલ્લો પત્ર છે. સવારે ન ઊઠું તો ગભરાશો નહિ. બહુ રડશો તે મને ગમશે નહિ. કોઈ સાથે બદલાની ભાવનાથી તપાસ ન કરાવશો. કદાચ, આ જ મારી વિદાયનું કારણ હશે. લવ યુ ઓલ. જય શ્રીકૃષ્ણ.

બધા : મમા! (રમ્યા-બેબો રડે. સિદ્ધ તેના ખભે હાથ રાખે.)
(બધા દરવાજા તરફ જુએ અને બોલે)
મમા! કમબેક! મમા! પ્લીઝ...

"પ્રેમ મંગલ" બી-૧૮૬,
શાસ્ત્રીનગર(અજમેરા) નાના મવા રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
મો.૯૮૨૫૬૩૧૩૦૪





“ મેળામાં ”
- રેખા ચૌહાણ
મો.-૯૮૨૫૩૮૮૦૦૬


" શુભમ કરોતિ "
- હરિશ મકવાણા



“ વિઘ્નેશ્વરાય... ”

- ફાલ્ગુની પારેખ

મો.- ૯૮૨૪૧૬૮૩૮૩



“ બ્રહ્માંડ ”
- ગજુ પટેલ
મો.-૯૭૧૨૮૩૨૯૨૮

નામકરણ રાખ્યું છે

- દુર્ગેશ ઓઝા

(પાત્રવરણી : ધરતી અને ધ્વનિ - બંને બહેનો. નિમિષા અને યશ- ધરતી અને ધ્વનિનાં માતાપિતા, દામોદર - યશને ઘરે કામ કરતો નોકર. અમથાલાલ - પડોશી. દિવાકર ઉર્ફે મિ.ગુપ્ત - ઉદઘોષક, જયશ્રી અને જયેશભાઈ - કવિતનાં માતાપિતા, પડોશી. કવિત અને મુરલી - પતિ-પત્ની, તારા - કવિતની બહેન. આ ઉપરાંત નામકરણ પ્રસંગમાં ઉપસ્થિત અન્ય)

સ્થળ : યશ-નિમિષાનું ઘર

ધરતી : (હાથમાં માર્કશીટ ફરકાવતી હરખભેર ઘરમાં પ્રવેશે) પપ્પા, પપ્પા, મને બારમામાં ૮૫% આવ્યા. હવે પાર્ટી આપો પાર્ટી. (બાપ-દીકરી હાથ ઊંચા કરી સામસામી તાળી આપે)

યશ : વાહ ધરતી, વન્ડરફુલ! આપણા કુટુંબમાં આ બીજી જ વાર કોઈએ આટલા બધા ટકા મેળવ્યા છે. એક તું ને બીજી ધ્વનિ. હવે બાપનો ટકો થવાનો. ભલે થાય. વાહ મારી દીકરી. (ધરતીનો વાંસો થાબડે) અરે પણ ધ્વનિ ક્યાં? ધ્વનિનો ધ્વનિ કાં નથી સંભળાતો?

ધરતી : મારું રિઝલ્ટ જોઈ એ ખુશીથી પાગલ થઇ ગઈ છે. મીઠાઇ લેવા ગઈ છે.

નિમિષા : એ પાગલ નહીં, પપ્પાની પગલી છે. જે ઘરમાં દીકરીની કુમકુમ પગલી થાય ત્યાં ખુશીની અનેક ઢગલી થાય. આ ધ્વનિ આવી લ્યો.

યશ : તમે બેય દીકરીઓ દરેક પરીક્ષામાં (હાથ ઊંચા કરે) ઊં..ચા માર્કે પાસ થાવ છો. તમને નીચું તો કાંઈ ખપે જ નહીં એ સાચું, પણ મોંઘવારી કેટલી છે એ તો જરા વિચારો! બધી વસ્તુ ઊંચા ભાવે જ લેવાની? તમે બેય ૮૦-૮૦ % ઉપર માર્ક્સ લ્યો, જયારે મેં બારમામાં માત્ર ૫૦ % જ લીધા'તા! આનું નામ કરકસર. કાં ગીતાજીમાંથી, કાં આ પિતાજીમાંથી, પણ કંઈક તો શીખો! (સોગિયું મોઢું કરવાનો ડોળ કરે)

ધ્વનિ : (ઘરમાં પ્રવેશતાં) હવે નાટક મૂકો પડતું હો પપ્પા. અમને ખબર છે તમે કેટલા બધા ખુશ છો! હું તમારા પારદર્શક હૃદયને આરપાર જોનારી દર્શક છું. ને હું પેંડા નથી લાવી. ધરતીને બહુ ભાવે છે એ ઊં..ચા, મોંઘા ભાવના મસાલેદાર અડદિયા લાવી છું. (યશ 'હે..' એમ બોલી હદય પર હાથ રાખી આઘાત લાગ્યાનો ઢોંગ કરે, પછી હસી પડે છે, બેય દીકરીઓને નજીક બોલાવે છે)

યશ : જે ઘરમાં દીકરી એ ઘરનાને ભગવાન શોધવા બીજે ક્યાંય જવાની જરૂર નથી. ને મારે તો બબ્બે દીકરીઓ. આનું નામ સ્વર્ગ. (એક બાજુ ધ્વનિ, બીજી બાજુ ધરતી. વચ્ચે હસતા પપ્પા. આ પોઝ) મારે આનાથી વધુ શું જોઈએ? (ધરતી સામે જોઈ) વાહ બેટા, બોલો ધરતીમાતકી જય.

અમથાલાલ : (યશના ઘરમાં પ્રવેશે, હાથનો ઈશારો કરે) આ શેની જય બોલાવો છો તમે બધા? ધરતીને બારમાં ધોરણમાં ૮૫ % આવ્યા એની? (ખુરશીમાં બેસે) કેમ બાકી ખબર પડી ગઈ ને?

યશ : લ્યો મોં કાળું..અ..અ..એટલે કે મીઠું કરો. તમે અમથાલાલ, ને આ અડદિયા કાળા એટલે..
જીભમાંથી અમથું આમ નીકળી ગ્યું! અડદિયા કાળા પણ કામણગારા, ગુણવાન શ્યામસુંદર જેવા.

અમથાલાલ : મશ્કરી ન કરો. રહેવા દયો. રાખો રાખો હવે.

નિમિષા : રહેવા દઉં? સાચે જ રાખી દઉં? અડદિયો નથી ખાવો? તો આ રાખ્યો પાછો.

અમથાલાલ : અરે એમ નહીં! રાખો રાખો હવે એટલે મને ન બનાવો એમ કહું છું. (અડદિયો આંચકી ઝટપટ ખાઈ જાય છે) બાકી વાહ ધરતી, અભિનંદન. તે તો આજ છાકો પાડી દીધો છાકો.

દામોદર : (બાથરૂમમાંથી બહાર આવી) શું કીધું? કાકો પાડી દીધો? ક્યાં કાકાને નીચે પાડ્યા? આ

ધરતી ધરતી પર ધબધબ કરતી ચાલી જાય, અથડાય તો કાકો બિચારો પડી જ જાય ને?

ધરતી : તમેય શું દામુકાકા વગર મંજીરે ધીનચક ધીનચક કરવા મંડી પડ્યા છો હ? કપડાં ધોવાનો ધોકો મૂકીને કાકો કાં પકડો? કાકો નહીં, છાકો પડ્યો છાકો એટલે કે રંગ રાખ્યો રંગ.

ધ્વનિ : સમજયા કે પછી દે દામોદર દાળમાં પાણી? પરીક્ષામાં ધરતી આકાશે ચડી, એટલે કે એનો પહેલો નંબર આવ્યો, તેથી પપ્પા એમ કહે છે કે વટ પાડી દીધો વટ. (દામોદર જવા જાય) ઊભા રયો. કપડાં પછી ધોજો. પહેલાં મોં મીઠું કરો. (ધ્વનિ દામોદરના મોંમાં અડદિયો ખોસે છે)ી

દામોદર : (ખુશીનાં આંસુ લૂછે, અર્ધો અડદિયો તોડી હાથમાં લઇ) બધા આમ જ પલાળી જાય છે;મને ને કપડાંને. આ ઘરના બધા મને ઘરનો સભ્ય જ ગણે છે. કોઈ નોકર નથી ગણતું. મને એમ જ લાગે છે કે હું આ ઘરનો નોકર નથી, પણ.. શેઠ છું શેઠ. એ. એ.. એટલે મારું કહેવું એમ છે કે આ ઘરનાં બધાં બહુ મીઠાં છે; શબરીનાં બોર જેવાં. એટલાં બધાં મીઠાં, એટલાં બધાં મીઠાં, કે મને નક્કી ડાયાબિટીસ થઇ જાવાનો. ડાયાબિટીસ નહી થાય તો ગાંડાબીટીશ તો થાવાનો જ. વાહ ધરતી, તે તો કાકો.. ભૂલ્યો છાકો પાડી દીધો. ને આપણા ધનીબેન પણ ભારે હોશિયાર.

અમથાલાલ : યશભાઈ, મને એ તો કહો કે તમે આ નવો નોકર કેદી' રાખ્યો? ધ્વનિબેનને ધનીબેન કહે છે! ધની! વેરી ફની! આપો છો ને એને વધુ મની? હી હી હી.. એ જે હોય તે, બાકી છે આ માણસ મજાનો. ને યશભાઈ, તમે એટલે બસ ખેલ ખલાસ. અ..એટલે કે ખલાસ. મજાક કરવાની સ્પર્ધા રાખી હોય તો એમાં તમારો નંબર જ પહેલો આવે. ખાતા હોય કે પીતા, આવતા હોય કે જતા, જાગતા હોય કે સૂતા..મજાક બસ ચાલુ જ હોય. મજાકની બસ ચાલતી જ રહે.

દામોદર : હસે એનું ઘર કદી ન ખસે. પણ હવે હું અહીંથી ખસું, ઘરે જાઉં. (નિમિષા સામે જોઈ) તમે આમ ખીજાવ મા! મેં બધાને ધોઈ નાખ્યા છે. એટલે કે બધાં કપડાં ધોઈ નાખ્યાં છે.

નિમિષા : હું ક્યાં ખીજાઉં છું? હું તો ખાલી આખેઆખી આંખો જ કાઢું છું. લે આ અડદિયા,ઘર માટે.

અમથાલાલ : ચાલો અડદિયો તો મેં લીધો, હવે હું રજા પણ લઉં ને?

દામોદર : અમથાલાલ, ઊભા રો'. એક વાત તો કહેવાની રહી જ ગઈ. જેવાં આ ધરતીબુન, એવાં જ હોશિયાર આપણાં આ ધનીબુન. બરાબર ને ધની? ઓ ધની..

ધ્વનિ : પપ્પા, જો ને આ દામુકાકા ચાય કરીને મારું નામ બગાડે છે! ધ્વનિને બદલે ધની..

યશ : દામુ, આમ મશ્કરી કરાય? આમ જ કરાય. ખુલ્લા દિલે મશ્કરી કોની થાય? જે પોતાના લાગતા હોય એની! એમાં ખોટું ન લગાડાય. ધનીબુન એટલે કે ધની. ધની ધની સા.. સાનીધની.

ધ્વનિ : મમ્મી, પપ્પાએ એમ કરીને મને ચીડવી! હવે તો હુંય ચીડવીશ. આ યશ યસ કહીને નો કરે એવા છે. નામ યશ, પત્નીને વશ. (ધ્વનિ-ધરતી એકબીજાને તાળી દે છે. બધાં હસી પડે છે)

યશ : અમથાલાલ, અમારા ઘરમાં તો આવું જ જોવા મળશે. ટેલિવિઝન જોતી વખતે કોઈને ખાસ વાત કરવાની હોય, તો ત્યારે જેમ આપણે ટી.વી.નો વોઈસ બંધ કે ઝીરો કરી નાખી ટી.વી. જોવાનું ચાલુ રાખીએ છીએ એમ અમે જયારે મજાક કરીએ ત્યારે અમારી ઉંમરનું વોલ્યુમ અમે ઝીરો ઉપર મૂકી દઈએ છીએ. ત્યાં પછી ઉમર-પદ- એ બધું નથી જોવાતું. પોતીકાપણું, લાગણી એ બધું જ જોવાય ને એન્જોય થાય. બધા જાણે નાનાં બાળક. તમે આમ નવાઈ ન પામો.

અમથાલાલ : (આંસુ લૂછતાં) હું નવાઈ નહીં, આનંદ પામ્યો છું. ઘર એ જ મંદિર, એ જ સ્વર્ગ.. એવું વાંચ્યું ને સાંભળ્યું તો હતું, પણ આજે એનાં સાક્ષાત દર્શન થયાં. વાહ યશભાઈ, બધો યશ તમને બધાને જાય છે. આવું ઘર બધાને મળજો. (ખુરશીમાંથી ઊઠે) અરે યાદ છે ને આજે આપણે સૌએ પડોશી

જયેશભાઈને ત્યાં જવાનું છે? એના બાબાને એટલે કે એના બાબા કવિતની પત્ની મુરલીને બેબલી આવી ને? એનું આજે નામ પાડવાનું છે. જમવાનું પણ ત્યાં જ છે એટલે તો ખાસ! ત્યાં જવાનો સમય થતો આવે છે એટલે હવે જરા જલદી કરજો. ત્યાં ફરી મળીએ. (જાય છે)

દૃશ્ય બીજું-

જયેશભાઈના ઘરનો ફૂલ, ફુગ્ગા વગેરેથી સજાવેલો મોટો દીવાનખંડ

ગુપ્ત : (માઈકમાં) સાંભળો સાંભળો બધા. જયેશભાઈ-જયશ્રીબહેન વતી હું આપ સૌનું સ્વાગત કરું છું. મુરલી -કવિત માબાપ બન્યાં છે. મુરલીએ સુંદર દીકરીને જન્મ આપ્યો છે એનું આજે નામકરણ રાખ્યું છે. (જયેશ-જયશ્રી બધાને સસ્મિત આવકારતાં હોય છે. ધરતી ઘરના બધાંને, અમથાલાલને બાજુમાં બોલાવી કંઈક કહે ને બધાં જયેશભાઈના ઘરમાંથી બહાર નીકળવા જાય)

જયેશ : અરે આ શું! તમે બધા આમ અચાનક કેમ ભાગ્યા? અમારી કાંઈ ભૂલ થઇ કે શું?

અમથાલાલ : તમે જ હમણાં જાહેરાત કરાવી ને કે દીકરીનું નામકરણ રાખ્યું છે. જો તમે એનું નામ પહેલેથી કરણ રાખી જ દીધું હોય તો પછી હવે અહીં અમારું શું કામ? હમ યહાં આયે કીસ લીયે? શોભાના ગાંઠિયા તરીકે?

જયશ્રી : અરે વાત એમ નથી. તમેય શું સમજ્યા વિના..? ને છોકરીનું નામ કોઈ દિ' કરણ હોય?

અમથાલાલ : શું કામે ન હોય? આ જમાનામાં કંઈ ન કહેવાય. બધું થાય. આ જો ને છોકરીનાં કપડાં છોકરા પહેરે ને છોકરાનાં કપડાં છોકરી. એક વાર તો હુંય ભૂલ ખાઈ ગયો હતો.
એટલે નામ કરણ હોઈ શકે. જો પડી ગ્યું હોય નામ કરણ, તો હવે કેમ ટકે અહીં અમારા ચરણ?

ગુપ્ત : અરે! નામ ને કરણ બેય છૂટ્ટું પાડીને ન વિચારો. દીકરીનું નામકરણ રાખ્યું છે એટલે એમ કે એના નામકરણની વિધિ રાખી છે. ટૂંકમાં એ વિધિ છે વિધિ. બાત કો સમજો પ્યારે.

ધરતી : પણ એ તો એકનું એક જ થયું ને? સીદીભાઈનો ડાબો કાન. કરણ નામ નથી રાખ્યું ઓ.કે. ફાઈન, પણ વિધિ નામ તો પડી ગ્યું ને? વિધિ પતી ગયા પછી હવે અહીં અમારું શું કામ?

જયેશ : અરે ભાઈ, વાત કંઈ છે ને લશ્કર ક્યાં લડે છે! નામકરણની વિધિ રાખી છે. નામ વિધિ નથી રાખ્યું. બેબીનું નામકરણ રાખ્યું છે. અ.અ..એટલે કે બેબીનું નામ પાડવાનો પ્રસંગ રાખ્યો છે. ને નામ પાડવાનું હજી બાકી જ છે. તમે બધા નકામા અડદ હારે મગ ભરડો મા.

અમથાલાલ : (હસે છે) એ તો અમનેય ખબર છે કે નામ હવે પડશે. તમે કહેશો તોય જમ્યા વિના આમાંનું કોઈ અહીંથી બહાર નહીં જાય. અમે તો અમથી અમથી મજાક કરતા'તા. કેમ બાકી એક્ટિંગ કેવી લાગી? મને આ બધું કરવાનું ધરતી દીકરીએ કીધું હતું હો! (બધાં ખડખડાટ હસે)

ગુપ્ત : આ તો મજા પડી ગઈ હો! ને અહીં બીજી મજાની વાત એ છે કે અહીં ઉપસ્થિત સૌને ફઈ થવાનો મોકો અપાશે. તમે સૌ નામ સૂચવજો. જે વધુ સારું લાગશે એ નામ રાખવામાં આવશે.

ધરતી : (ગુપ્ત સામે જોઈને) ચાલો, બેબીનું નામ તો પડતાં પડશે, પણ હે ભાઈ, તમે આમ નામના નામે સરસ રજૂઆતનું કામ કરો છો. તો પહેલાં તમારું નામ તો કહો?

ગુપ્ત : મારું નામ ગુપ્ત છે.(આ દરમિયાન મહેમાનોને પાણી -શરબત આપવાનું ચાલુ હોય છે)

ધરતી : ભાઈ, તમારે તમારું નામ તો કહેવું જ પડે. અહીં નામનો મહિમા થવાનો છે ને બધાની હાજરીની નામ સાથે સાદર, સાનંદ નોંધ લેવાય છે એટલે તમે તમારું નામ ન કહો એ ન ચાલે. (બધાં સામે જોઈ) બરાબર છે ને મારી વાત? (સંમતિમાં કોઈ ડોકું હલાવે, કોઈ આંગળી ઊંચી કરે)

ગુપ્ત : પણ મેં એની ક્યાં ના પાડી? હું એ જ તો કહું છું. મારું નામ ગુપ્ત જ રાખ્યું છે.

ધ્વનિ : વળી પાછી એની એ જ વાત? જુઓ મારું

નામ ધ્વનિ, આ ધરતી, બાજુમાં નિમિષા, સામે યશ, ઓલા અમથાલાલ.. પેલો કવિત, વગેરે વગેરે. આ જેમ અમારાં નામ છે એમ તમારુંય કંઈક નામ તો હોય જ ને? ગીતા ઉપર હાથ રાખી તમારું નામ બોલો. નામ છુપાવો છો શા માટે?

ગુપ્ત : અરે ભાઈસા'બ, હું નામ નથી છુપાવતો. મારું નામ જ ગુપ્ત છે. ને ગીતા મારા મામાના દોસ્તની દીકરીના કાકાના જમાઈની દીકરીનું નામ છે, જે અત્યારે અહીં હાજર નથી.

યશ : (પાણી પીવે પછી) અમે પાણીને ભૂ નથી કહેતા એટલે હવે લાંબીટૂંકી ન કરતા સીધેસીધું નામ કહી દે ને? ભાવ ખા મા. નામ શું કામે સંતાડે છે? અરે ઓ ગુપ્તધન, તું હસે છે શાનો? અહીં તારો કચરો થાય છે. તારું નામ ઘેલાભાઈ કે ગાંડાભાઈ છે? કચરો કે પૂંજો છે તે બોલતા શરમાય છે (પેલો ડોકી હલાવી ના પાડે) તો પછી મોઢામાંથી ફાટ ને? ક્યારનો ગુપ્ત ગુપ્ત મંડ્યો છે તે! ગુપ્ત ગુપ્ત કહીને તે તો લોહી પીધાં! સાવ પછી હાલી મળ મા. નામ શું કામ ગુપ્ત રાખે છે?

ગુપ્ત : (ગુસ્સામાં) ચુપ..! સાવ ચુપ! હું જ્યાં જાઉં ત્યાં બધેય આવું જ થાય છે. સમજાવી સમજાવીને જીભ થાકી જાય, મગજ પાકી જાય પણ તોય..! અરે મારું નામ જ ગુપ્ત છે. માય નેમ ઇસ ગુપ્ત. જી યુ પી ટી. જેમ સમુદ્રગુપ્ત છે, ચંદ્રગુપ્ત છે, એમ મારું નામ જ ગુપ્ત છે. ક્યારના શું બધા જળોની જેમ ચોંટી પડ્યાં છો? ચિત્રગુપ્તને કહી દઈશ. જો એ ચોપડો ખોલશે ને તો..તો..!

અમથાલાલ : ઓ મિત્રગુપ્ત, તો પહેલેથી કહી દેવાય ને કે મારું નામ ગુપ્ત છે! તમેય ખરા છો!

જયશ્રી : ઈ તો બિચારો પહેલેથી કે'તો જ તો કે મારું નામ ગુપ્ત છે. પણ આપણે જ..! આમાં ભૂલ એના ફઈની છે. પૂછનારનું મગજ ફરી જાય ને આ ગુપ્તભાઈના મગજની નસ ખેંચાઈ જાય. એલા તારા ફઈનું શું નામ? ને લાખ સમજાવો તોય કોઈ ન સમજે એવું નામ તેણે કાં પાડ્યું?

જયેશ : એનાં ફઈની એવી ઇચ્છા હશે કે આ ગગો મોટો થઈ સી.આઈ.ડી. બને, એટલે તેણે એનું નામ 'ગુપ્ત' પાડી એને બરાબરનો પાડી દીધો. હા..એનાં ફઈનું નામ તારા. ગુપ્ત, તારા ફઈનું નામ તારા. ફુઆનું નામ ગગન. દીકરી કૌમુદી. ફઈની બહેનનું નામ નિહારિકા. ફુઆના નાના ભાઈ સૂરજ..

યશ : આખું સૂર્યમંડળ ભેગું કર્યું લાગે છે. હવે એમ ન કહેતા કે ફુઆના પુત્રનું નામ નક્ષત્ર છે.

જયેશ : હજી પૂરી વાત તો સાંભળો! કૌમુદી જન્મી પછી ફઈને જોડકાં જન્મ્યાં. એક દીકરો, ને એક દીકરી. તો એણે નામ શું રાખ્યું ખબર છે? આકાશગંગા..!! (બધાં હસે છે.) એક વાર કોઈએ ગગનફુઆને ધમકી આપી કે ' વટ કર મા, બાકી ધોળા દી'એ તારા દેખાડી દઈશ.' ફુઆ તો ધુઆંપુઆં. તે પત્ની તારાને લાવીને ગર્જ્યા, ' એલા, તું શું ધોળા દિવસે તારા દેખાડીશ? હું અત્યારે જ, આ જ ઘડીએ તને ધોળા દિવસે તારા દેખાડું છું. લે જોઈ લે.' ને પેલો છ ન ન ન છું..

ધરતી : પણ તારા નામ તો ન જ રખાય. મારી સામે એક તારાબેન રહે છે. શેરીમાં રમતા છોકરાંવ એમની મશ્કરી કઈ રીતે કરે ખબર છે? ધારણા બકુલને કહેતી હોય કે 'તારા'માં તો બુદ્ધિ નથી. 'તારા'માં તો વેતા નથી..' ખરેખર તો એ આ બધું તારાબેનને સંભળાવતી હોય!!

જયશ્રી : છોડો હવે એ બધું. અત્યારે એ વિચારો કે કવિત-મુરલીની આ દીકરીનું નામ શું રાખવું જોઈએ? રાશિ તુલા છે. ર ને ત શબ્દ. તો એના પર નામ ગોતો.

(ગુપ્ત ટેબલ, ખુરશી વગેરે જુએ, ફંફોળે. અમથાલાલ કુતૂહલવશ એની પાસે જાય, તો એ ઊભો થઈ જાય. બેય પરસ્પર જુએ. હેં હેં કરે. પછી જયેશ જોવા આવે ને વળી પાછું એ જ.)

જયશ્રી : આ શું કરો છો તમે મિ.ગુપ્ત? કશું થઈ ગયું છે લુપ્ત? આ શેનાં ડાફોળિયાં મારો છો?

ગુપ્ત : તમે જ હમણાં કીધું કે નામ ગોતો. તો હું નામ ગોતું છું. ક્યાં ખોવાઈ ગ્યું સાલું નામ? મારે સી.આઈ.ડી. ઓફિસર થવું છે. આવી પ્રેક્ટિસ કરી હોય તો ત્યારે કામ લાગે.

જયેશ : ઘરમાં પોતાનું ગંજી ગોતી ન શકે, ને થવું છે મોટે ઉપાડે સી.આઈ.ડી.ઓફિસર,લે બોલ!

ધ્વનિ : તમારા ફઈએ તમારું નામ સમજીને જ 'ગુપ્ત' રાખ્યું છે. ઓ વિચિત્રગુપ્ત, નામ આમ નથી ગોતવાનું. નામ ગોતો એટલે નામ શોધો. અ..એટલે કે નામ વિચારો. રાશિ તુલા, તો નામ તુલા જ રાખી દઈએ તો? રાશિ નામેય સારું. કેવી અદભૂત રાશિ! જે નામની રાશિ એ જ નામ રાખી શકાય. તુલા કે રાશિ. આ એક જ રાશિ એવી જેમાં આવું બને છે! બીજાં નામ પણ સૂચવો.

અમથાલાલ : (વિચારે છે, પછી એક હાથ થોડો ઊંચો કરે) એક કામ કરો. રમ્યા રાખો રમ્યા.

ધ્વનિ : આપણે અહીં રમવા આવ્યાં છીએ કે નામ પાડવા? બોલ્યા રમ્યા રાખો. હ..!

ધરતી : તુંયે શું સમજયા વિના હાંકે છે? અરે રમ્યા રાખો એટલે ર ઉપર 'રમ્યા' નામ રાખો એમ સમજવાનું છે. રમત રમ્યા રાખો એમ નહીં. જો કે પછી બધાં ચીડવશે. ' રમ્યા, તમે જમ્યા? '

ધ્વનિ : અરે હું તો અમથાલાલની અમથી અમથી મજાક કરતી'તી. 'બજરંગી ભાઈજાન' ફિલ્મમાં નામ હતું એ 'રસિકા' નામ પણ સરસ. ત્વિષા કે ત્રિશા, ત્વષ્ટા કે તુષ્યા પણ સરસ..

ધરતી : જીભને પંચર પડે કે બોલતા થૂંક ઊડે એવું નામ રહેવા દયો. તિથિતોરણ જોઈને નામ પાડો. હા, તિથિ નામ મસ્ત છે. નવરાત્રીમાં જન્મ તો રાંદલ કે રૂદ્રા પણ ચાલે. પ્રેમસે બોલો જય માતાજી. જય પિતાજી. રસિકા બોલો તો ઓશીકાં યાદ આવે. એટલે એ નામ કરો કેન્સલ.

ગુપ્ત : કોશા હોય એમ તોષા, શ્રેયા જેવું ત્રેયા અથવા મુરલીની તારલી. રીધમ એટલે લય. રૈના એટલે રાત્રિ. રિયા, રચના, તૃપ્તિ કે રીતિ નામ પણ શોભે. તાપ્તિ એટલે સૂર્યપુત્રી. તન્વી એટલે દુર્ગા. ઋજુ એટલે કોમળ. વેદની ઋચા જેનું ગાન થાય. તાપસી. તુર્યા એટલે આધ્યાત્મિક ઊર્જા. રોમા નામેય મસ્ત. પ્રખ્યાત ફ્રેંચ લેખિકા રોમાં રોલા. કેમ બરાબર ને મુરલીના કેસરભીના કંથ અર્થાત્ મુરલીધરન એટલે કે કવિત?

કવિત : તમે તો જબરા વિદ્વાન. ગુપ્ત એટલે કે છૂપા રૂસ્તમ નીકળ્યા! ઘણાં નામને તેનાં અર્થ સાથે રજૂ કર્યાં. તમારી તુલના ન થાય હો. તુલના નામ પણ મજાનું. તુર્યા નામેય સુંદર, પણ લોકો તુર્યાનું તુરિયાં કરી નાખે તો શાકભાજી યાદ આવે. તુરિયાંગલકાં.' આલુ લે લો. કાંદા લે લો.' રૈનામા ક્રિકેટર સુરેશ રૈના યાદ આવે. રોમાં નામમાં કોઈ એમ કહે કે શું થ્યું દીકરી રોમા? તું રો મા. છાની રહી જા હો. (કોઈ શરબત લાવે) આ શું? હું નથી રોતો. મારે પાણી નથી જોતું.

યશ : આ પાણી નથી, તમારા માટે શરબત છે. રસના.. અરે હા, રસના નામ પણ રાખી શકાય. જો કે તો પછી બધા એમ કહીને ફીરકી ઉતારશે કે એય રસના..રસના પિવડાવ. તુલા રાશિ પર બીજાંય ઘણાં સરસ નામ છે હો! રૂમઝૂમ, રેશમ, રાજુલ, ઋત્વી, ઋત, ત્રિજટા, તિતિક્ષા, તન્વી. તુલિકા, તાજગી. નવજાત બેબી અપ્સરા જેવી છે એટલે 'રંભા' નામ પણ બરાબરનું જચે.

ગુપ્ત : રંભા! આ તો ગાવાનું નામ આવ્યું. ગાવ બધા. રંભા હો હો હો.હો..(બધાં હો હો કરી નાચે-ગાય છે) ને કોઈ ભરાવદાર બાળક જન્મે તો ' ભંભા હો હો. હો હો..) એને લાલ કલરનું ઝભલું પહેરાવી ગાવાનું કે ભંભા હો હો હો હો, બંબા હો હો હો હો.. (બધાં ગીત ગાય,પેટ પકડીને હસે છે)

નિમિષા : નામ એવું રાખો કે મનને તુષ્ટિ થાય, રુચિ ઉપજે. હા, તુષ્ટિ, રુચિ કે રુચિતા નામ સારું. (કવિત ડોકું હલાવી હાથ ઊંચાનીચા કરે) અરે આને અચાનક શું તાન ચડ્યું? હા તાન ચડાવે એવું નામ તાની કે તાન્યા કે તાના પણ ચાલે. રીરી પણ ચાલે. તાનારીરી. તનયા કે તનુશ્રી..

ધરતી : (કશુંક વિચારે) એક મિનિટ, મને માઈક આપશો? મને એક અદ્ભુત વિચાર આવ્યો. સૌ ધ્યાન દઈ સાંભળો. આપણે નામકરણની ચર્ચામાં પડ્યા છીએ, પણ એના કરતાં માણસનું કોઈ નામ જ ન હોય તો કેવું સારું? (અહીં ધીમું ધીમું વાંસળીનું સંગીત વાગે) તો કોમ-કોમ, જાત-પાતના ઝઘડા જ ન રહે.

નામ બોલો તો પ્રોબ્લેમ ને? નામ હોય તો કોઈ જાતિ-ધર્મનું અનુમાન કરી હુલ્લડ કે ભેદ કરે ને!? નામ ને બદલે નંબર રાખ્યા હોય તો કેવું મજાનું? એક દો તીન.

જયેશ : તારી વાતમાં દમ છે. (ખોટી ઉધરસ ખાય છે, પછી હસે છે) જો કે મને દમ નથી હો! આ વરસાદ પડે છે, ફૂલ સૌરભ, ને સૂરજ તેજ વરસાવે છે એ બધા પર સમાન રીતે. કોઈ દિ' એવું જોયું કે રામ નામનો માણસ આવ્યો તો વરસાદ એના પર પડ્યો ને રહીમ નીકળ્યો તો એના પર નહીં? એક જાતિના માણસને ફૂલની સુગંધ મળી ને બીજી જાતિનાને નહીં એવું બન્યું? ના, એવું કદી નથી બન્યું. જાતપાત શું એ કુદરતને ખબર જ નથી, કારણ કે વાસ્તવમાં આવું કાંઈ છે જ નહીં. ત્યાં આવા કોઈ ભેદ જ નથી. એટલે દીકરી, તારી આ નંબરની વાત પાણીદાર છે હો. (સંગીત વાગે, સૌ તાળીઓ પાડે) દુનિયામાં બાળક જે ક્રમમાં જન્મ લઈ આવે તેને તે નંબરથી બોલાવવાનો. એય એક નંબર, અહીં આવ. એય વન ટુ કા ફોર નં.૧૨૪. આઘો જા. પણ કોનો કયો નંબર એ કેમ નક્કી કરવું? આ એક સમસ્યા છે હો! હા, એક ઉપાય છે. બાળક જન્મે ત્યારે એના શરીર પર ઉપરથી જ, પહેલેથી જ નંબર પ્રિન્ટ થયેલો આવે એવી વ્યવસ્થા જો ભગવાન ગોઠવે તો કામ થઇ જાય.

યશ : કામ ન થઈ જાય, કામતમામ થઈ જાય જયેશભાઈ, વિશ્વની વસ્તી તો અબજોમાં છે. તો આ બેબલીનો નંબર કેટલામો આવે? જો આંકડાથી બધાને બોલાવવાના હોય તો શું ભગા થાય ખબર છે? માની લ્યો કે બધા ટ્રેનમાં બેસી ગયા હોય ને માત્ર આ નવી બેબી જે મોટી થઇ હોય, મોડી થઈ હોય, કોચ ગોતતી હોય. ગાડી ઊપડવામાં જ હોય ને કોઈ એને કહે કે..' ઓ નંબર એક અબજ સાત કરોડ પચીસ લાખ નવ હજાર સાતસો નેવું. જો પેલો નંબર ૨૨ લાખ ૨૨ હજાર બસ્સો વીસ તને હાથ ઊંચા કરીને બોલાવે છે. કોઈ એના સ્વજનને એમ કહે કે ' અરે નંબર ૩૫ લાખ, ૫૫ હજાર ૫૫૫. એનું ધ્યાન નથી. તું સામે જા. ઓયે ઓ એક અબજ સાત કરોડ, ઝપટ કર.' પણ ત્યાં સુધીમાં તો ગાડી ઝપાટાબંધ ઊપડી ગઈ હોય. આવા તો ઘણા પ્રશ્નો ઊભા થાય.

નિમિષા : સાચું. આ વિશ્વમાં માણસ, વસ્તુ..વગેરેનું નામકરણ એ બધું વ્યવસ્થા અને ઓળખ માટે હતું. આ વેરાયટીનો આનંદ લેવાનો હતો, પણ પછી માણસે એને જુદી રીતે લઈ આ બધા ભેદ પાડી ખુદને નીચે પાડી દીધો છે. વિવિધતાને અલગતાનું ખોટું રૂપ આપી દીધું એટલે આ બધી માથાકૂટ છે. આ વાત સમજી બીજું કશું સુધારવા કરતાં માણસ જો પોતે સુધરી જાય તો બધી તકલીફ જાય. માટે નંબરની વાત ઘણી સારી હોવા છતાં હવે એને વિસારે પાડો ને નામ પાડો.

જયશ્રી : આ તો લક્ષ્મી છે. સરસ્વતી છે. એને ભણાવો-ગણાવો. દીકરી એટલે મહાશક્તિ પાર્વતી. પ્રેમસે બોલો, 'અંબે અંબે,' (બધાં ઝીલે છે) ' જય જય અંબે,' 'અંબે અંબે,' 'જય જય અંબે.'

અમથાલાલ : દીકરી તો સ્નેહનું વહેતું ઝરણું. કન્યારતનનું જતન કરો તો કદી પતન ન થાય.

મુરલી : દીકરી એટલે વહાલપની વાંસળી ને વાદળી. નિત્ય ગુંજે ને વરસે. તુલસીક્યારા જેવી. નામકરણની સાથે ' બેટી બચાવો, બેટી વધાવો' એ સંદેશ પણ ફેલાવીએ તો સોનામાં સુગંધ ભળે.

ગુપ્ત : બોલી બોલી, અંતે મુરલી વાગી હો! વાત તો સોળ આના સાચી. પણ ઝાઝા માણસો એક જ સેટી ઉપર ઠલવાયા હોય, પેટી પર જોરજોરથી ઠોકમઠોક કરતા 'બેટી બચાવો' એ સૂત્ર બોલતા હોય તો એમ પણ કહેવું પડે કે બેટી બચાઓ! પણ પહેલાં સેટી બચાઓ! પેટી બચાઓ!

ધરતી : તુલા રાશિમાં બે શબ્દ છે. ૨ ને ત. એ બેય અક્ષર આવે, બેમાંથી કોઈને ખોટું ન લાગે એવું એક મસ્ત નામ મને સૂઝે છે. છે ટૂંકું ને ટચ. સાંભળી તમે કહેશો થેંક્યુ વેરી મચ. બોલો કહું? જયશ્રી : કહી દે. પુત્રી તો અંતરનો કલરવ. એ હોય તો લાગે કે સુધરી ગ્યો ભવ. જો કે દીકરોય લાખેણો હો! એને

હાંસિયામાં ધકેલી નહીં દેવાનો. દીકરો હોય કે દીકરી, વહાલ બેયને કરવાનું.

ધરતી : દીકરી તો સ્નેહનો સુગંધી સમીર. દીકરો પ્રેમનું પુષ્પ. હવે પેલું મસ્ત નામ કહું ને?

ધ્વનિ : અરે બેનબા, હવે ઝટ બોલ ને મોણ નાખ્યા વિના..

ધરતી : સાચે જ કહી દઉં? તો સાંભળો. એ નામ છે. ત..ત..ત..' તારા.' બધાઃ (સૌ હો હો..કરી બુમરાણ મચાવે, બોલે છે): ના ના ના.(નિમિષા):- હાય હાય આ 'તારા' નામ પાછું આવ્યું? (જયેશ):- તું જ કહેતી'તી કે આવું નામ ન રખાય ને હવે તું જ..! (ધ્વનિ):-તારાને સબકો મારા! (ગુપ્ત):- 'તારા'માં તો બુદ્ધિ નથી. (અમથાલાલ):-'તારા'માં તો અક્કલ નથી. (કવિત): -નામ નહીં, હવે બધાં આને, આ ધરતીને પાડો. (કવિત હસે છે ને બધાને એક વાક્ય બોલવા કહે છે)

બધાં : (સાથે મળી બોલે) ન જોઈએ કોઈ કાળે નામ તારા. દેખાય ધોળે દિવસે તારા.'

ગુપ્ત : તારા કે મારા, પણ સાંભળો આ ધડાકો. મારું નામ ગુપ્ત નથી. એ ગુપ્ત જ રાખવાનું હતું, પણ નામકરણ વખતે હું ફઈ સામે જોઈ બહુ રોયો એટલે ફઈ કહે, ' મારા રોયા. જા તારું નામ ગુપ્ત નહીં રાખું, બસ રાજી? હું ગુપ્ત, ઉર્ફે દિવાકર, પણ હું મારું નામ નહીં કહું. ગુપ્ત જ રાખીશ.

ધરતી : 'નહીં કહું' એમ કહીને નામ તો કહી દીધું! ને તમે હવે છેક આ કીધું? અમથાલાલ, આણે અત્યાર સુધી અમથેઅમથી જ આ બધી આદરી ને? નામ દિવાકર. સાંજે આરતી કર, દીવા કર.

ધ્વનિ : ધરતી હવે બસ કર. હવે નામ પાડવાનું મુહૂર્ત થવા આવ્યું. હવે મોડું ન કરો. ત્વરા દાખવો ત્વરા. બેબીના ફઈ બીજા કામમાં વ્યસ્ત હોઈ શાંત હતાં. હવે એમને નામ પાડવા દયો.


તારા : વાહ ધ્વનિ, મારા હૈયે હતું એ જ નામ તારા હોઠે આવ્યું. (બધા ગાય) ઓળીઝોળી પીપળ પાન, ફઈએ પાડ્યું 'ત્વરા' નામ.(તાળીઓ પડે, ફૂલ ઊડે, ફુગ્ગા ફૂટે) હવે દોડો જમવા, ત્વરા રાખો.

ગુપ્ત : ગુપ્ત મારું હુલામણું નામ છે. પણ હા, કોઈને ત્યાં દીકરો જન્મે તો કાળાચોરનું નામ રાખજો, નામ કચરો કે પૂંજો રાખજો, ધરતી-ગગન..આખું સૂર્યમંડળ તમારું જાવ, પણ ગુપ્ત નામ તો(બધાં સાથે બોલેઃ નહીં નહીં ને નહીં જ) ને બીજું, જેમણે આ ત્વરા નામ હમણાં પાડ્યું એ ફઈનું નામ તારા છે! (હસાહસ) હા, આ ફઈ બુદ્ધિશાળી ને શક્તિશાળી છે હો! એ નામ પણ સારું જ છે.

જયશ્રી : ને હા, તમારા કુટુંબમાં કોઈના નામકરણ સંસ્કારમાં બોલાવશો તો દિવાકર એટલે કે આ ગુપ્તભાઈ જરૂર આવશે. દિવાકર એટલે ઝળહળતો સૂરજ જે તમારા પ્રસંગને ચાર ચાંદ લગાવી દેશે. હા, નામ પાડજો, ભેદ નહીં. નામ પાડો, માણસને ન પાડો. જયશ્રી રામ. જયશ્રી મારું નામ.

ધરતી : આપણા બધામાં એક ગજબનો સંપ છે. સંપ ત્યાં પંપ. ભૂલી, સંપ ત્યાં જંપ. બધાને એકબીજા પ્રત્યે કૂણી માખણ જેવી લાગણી છે, આદર છે. હૈયે પવિત્રતા છે. આ બધા સદગુણોનો સરવાળો એનું નામ જીવન. તો બોલો, આવા જીવનની..જય. (બધા બે વાર જય બોલાવે છે)

૧, જલારામનગર, નરસંગ ટેકરી,
હીરો શો રૂમ પાછળ,
ડૉ. ગઢવીસાહેબના મકાન નજીક,
પોરબંદર. ૩૬૦૫૭૫. મો-૯૮૯૮૧૬૪૯૮૮





મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ❒ ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ❒ ગુજરાત વસ્યું લોકહૈયે...

કારણ ?

- ❒ સામયિકની લોકાભિમુખ નીતિ,
- ❒ સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

જેમાં,

- ❒ નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- ❒ અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

પરિણામ ?

- ❒ લોકોનો અદમ્ય ઉત્સાહ,
- ❒ વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- ❒ વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

અને ફેલાવામાં અગ્રહરોળ ?

- ❒ ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં અગ્રેસર ફેલાવો...!
- ❒ સમસ્યા અને સંવેદનાની વાતો...
- ❒ જન કલ્યાણની યોજનાની વાતો...
- ❒ લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- ❒ કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો.

ગુજરાત પાક્ષિકની PDF
www.gujaratinformation.net
લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.



ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫

ઈ-મેઈલ : gujaratmagazine@gmail.com
વેબસાઈટ : www.gujaratinformation.net

• લવાજમ •
કોઈપણ કોમ્પ્યૂટરાઈઝ પોસ્ટ ઓફિસમાં અથવા જિલ્લા માહિતી કચેરીઓ ખાતે ભરી શકાશે

છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...

ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...

સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...

વાર્ષિક લવાજમ ફક્ત
₹ ૫૦.૦૦

ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે લોકકલ્યાણની વાત, લોકોને ઉપયોગી જાણકારીની વાત, સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના વણથંભ્યા વિકાસની વાત

ભારત મા કી...

- *મનસુખ વાઘેલા*

દૃશ્ય-૧

સ્થળ : નાનકડું નગર, સમય : સવાર.

(મધ્યમ વર્ગનું ઘર. લાલભાઈ ઓટલે બેઠા બેઠા છાપું વાંચે છે. 'ટપાલ'ની બૂમ સાથે છાપું બાજૂએ રાખી ઝાંપે જાય. ટપાલી કવર આપે. લાલભાઈ કવર ખોલે. અંગ્રેજીમાં લખાણ હોવાથી કશું ના સમજાતાં ઘરના બારણે પહોંચી બૂમ મારે...)

લાલભાઈ : અરે, સુરેશની મા. જરા જલદી બહાર આય તો. (લીલાબહેન વેલણ સહિત પ્રવેશ કરે)

લાલભાઈ : ઓહોહો ! હવે તો સુધર. જ્યારે બોલાઈયે ત્યારે વેલણ કે ધોકો તો હાથમાં હોય જ.

લીલા : કામ શું છે એ કહી દોને. રોટલી તાવડીમાં નાખીને આઈ છું.

લાલભાઈ : આ કંઈ કાગળ આયો છે.

લીલા : તો તો નક્કી વેવઈનો હશે.

લાલભાઈ : આપણાં વેવઈ આપણી જેમ જ બાળ મેટ્રિક ફેઈલ છે. આ તો અંગરેજીમાં કંઈક લખેલું છે.

લીલા : ટેઈપ કરેલું લાગે છે.

લાલભાઈ : ટેઈપ નહીં, ટાઈપ કરેલું છે.

લીલા : તો તો સુરેશની નોકરીનો હશે. અલ્યા સુરુ ! બેટા બહાર આય તો.

લાલભાઈ : ઘોરતો હશે. મોડી રાત સુધી રખડ્યા કરે ને બાર વાગે એટલે સૂરજદાદાને નજરે ભરે,.

લીલા : તમેય શું ભઈસાબ ! છોકરો યુવાન થયો તે...

લાલભાઈ : તે આમ રખડ્યા કરવાનું ! એ આશાએ ભણાયો કે ક્યાંક નોકરીએ લાગે તો મારા જેવી મજૂરી ના કરવી. (સુરેશ લૂંગી-ગંજીમાં બહાર આવે) લો, આવી ગયા તમારા ગંજીરાજા !

સુરેશ : શું છે મમ્મી ?

લાલભાઈ : ઓત્તારી ! કાગળ મારા હાથમાં છે ને સવાલ એની માને પૂછે છે !

સુરેશ : બૂમ એમણે પાડી'તી.

લીલા : આ કંઈ કાગળ આયો છે - અંગરેજીમાં. (સુરેશ કાગળ લે. વાંચે ને હરખાઈને લીલાબહેનને વળગી પડે)
અરે... અરે... આ શું ?

સુરેશ : મમ્મી, મને નોકરી મળી ગઈ.

લાલભાઈ : તો ગધેડા ! ક્યારનો કહેતો કેમ નથી !

સુરેશ : પાપા તમે મને બોલવા દો ત્યારે કહું ને કે...

લીલા : ક્યાં મળી ?

સુરેશ : કચ્છમાં

લીલા : હેં ! ત્યાં તો દુષ્કાળ છે. પીવાનું પાણીય...

સુરેશ : એકવાર નોકરી મળે તે પીવાના પાણીની ચિંતાય એ લોકોના માથે.

લાલભાઈ : રહેવાનું ?

સુરેશ : ભૂજમાં જ હશે. ત્યાં ક્વાટર્સ છે.

લાલભાઈ : એટલે ? આ નોકરી સરકારી છે ?

સુરેશ : સરકારી જ.

લીલા : હાશ ! હવે માતાજીને હું પાંચ નાળિયેર વધેરીને માનતા પૂરી કરું.

લાલભાઈ : પગાર કેટલો ?

સુરેશ : મહિને અઢી-ત્રણ હજાર થઈ જશે. બોર્ડર પર ડ્યૂટી હોય ત્યારે...

લાલભાઈ : બોર્ડર ?!

સુરેશ : હા પપ્પા, લશ્કરની નોકરીમાં બોર્ડર પર તો જવું જ પડે ને ? (લાલભાઈનો ચહેરો ઉદાસ થઈ જાય)

લીલા : એટલે તારે બંદૂક લઈને લડવાનું ? આયહાય, એ તો જાનનું જોખમ. ના, આપણે કંઈ એવી નોકરી નથી કરવી.

લાલભાઈ : એના કરતાં તું નોકરી ના કરે તોય હું તારો ખર્ચો...

સુરેશ : તમેય શું પપ્પા ! આ તો લશ્કરમાં જાસૂસની નોકરી છે. એમાં બંદૂકની નહીં. બુદ્ધિથી કામ લેવાનું હોય છે.

લીલા : એમાં તો વધુ જોખમ. આપણી પાસે હથિયાર ન હોય તો સામેવાળા ખતમ જ કરી નાખે.

સુરેશ : મમ્મી, મેં આ જ નોકરી કરવાનો અડગ નિર્ણય કર્યો છે. જ્યારે ઈન્ટરવ્યૂ લેનારે મને પૂછ્યું કે...

ફ્લેશબેક :

મેજર : તમે ઘર છોડીને દુશ્મનના મુલકમાં જવાનું પસંદ કરશો મિસ્ટર સુરેશ ?

સુરેશ : સર, વતનને ખાતર હું ઘર તો શું, આ જાન પણ છોડી દેવા તૈયાર છું.

મેજર : ગૂડ, તમારા માતા-પિતાને પૂછ્યું છે ?

સુરેશ : મારા પિતા ખેડૂત છે. જો ખેતરને માટે એમને અતૂટ લાગણી હોય તો જેના ઉપર એ ખેતર છે એ માદરે વતન માટે એમના મનમાં કેટલી લાગણી હશે ? હા, મા જરા ઢીલી પડે પણ પપ્પા એમને સમજાવી લે એવા છે.

ફ્લેશબેક આગળ :

દૃશ્ય-૧ (જારી)

લાલભાઈ : તારી વાત તો ખરી છે પણ હું વેવઈને શું કહું?

સુરેશ : સુધાને હું સમજાવી લઈશ. એના પપ્પાને એના પ્રત્યે ખૂબ લાગણી છે તે એનું કહ્યું માનશે.

લીલા : પણ બેટા...

લાલભાઈ : જો સુરેશની મા. આપણે ૧૫ વર્ષ સુધી સંતાન ન થયું ત્યારે મેં જ બાધા રાખી'તી કે છોકરો થશે તો એને માતાજીના ખોળે જ મૂકી દઈશ. આપણો દેશ- આપણી ભારતમાતા જ છે.



એના સિવાય પરમ શાંતિ અને સમૃદ્ધિભર્યો બીજો કોઈ ખોળો ન હોઈ શકે. સુરેશ, તું આજે જ સુધાવહુને મળી...

દૃશ્ય-૨

(બાગ-સુરેશ સુધાના ખોળામાં માથું નાખીને પડ્યો છે. સુધા એના માથે હાથ ફેરવી રહી છે.)

સુરેશ : બહુ જોરથી આંગળા ન ફેરવો વહુ, ક્યાંક વાળ ખરી પડતા તમારે ટાલીયા વર સાથે પરણવું પડશે.

સુધા : ચલ ! તને તો વ્હાલ કરીએ તોય મશ્કરી કરવા માંડે છે ! તને તો વ્હાલના બદલે લશ્કરી ઓર્ડર આપે એવી પત્ની મળવી જોઈએ.

સુરેશ : તો આપણે તને એ તક આપી.

સુધા : શેની ?

સુરેશ : લશ્કરી બૈરી બનવાની.

સુધા : પાછી મજાક !

સુરેશ : મજાક નથી કરતો રાણી. મને આજે જ નોકરી મળ્યાનો કાગળ મળ્યો છે.

સુધા : કઈ કંપનીમાં ?

સુરેશ : કહ્યું તો ખરું કે લશ્કરમાં નોકરી મળી છે.

સુધા : શું ?

સુરેશ : એ પણ બંદુકવાળા તરીકે નહીં-લશ્કરી ગુપ્તચર સંસ્થામાં.

સુધા : અંતે તો લશ્કર એ લશ્કર જ ને ? ના, બાબા ના. આપણે નથી કરવી આવી નોકરી.

સુરેશ : પત્યું ! મને તો હતું કે તારા દ્વારા જ તારા પપ્પાને સમજાવીશું ત્યાં તુ જ પાણીમાં બેસી ગઈ !

સુધા : એવું નથી સૂરુ. મારો પતિ ક્યાંક કારકુની કરી જિંદગી વેડફી નાખે એના કરતા દેશ માટે કશું કરી છૂટે એ મને ગમે પણ મારાં પપ્પા-મમ્મીને કેમ સમજાવવા ? વળી એમને તો આમાં જાનનું જોખમ જ લાગે. એ વિચારે જ મારાથી અગાઉનું વાક્ય બોલાઈ ગયું.

સુરેશ : તું મને એટલું જ કહે કે તને મારો આ નિર્ણય ગમ્યો કે નહીં ?

સુધા : મેં કહ્યું તો ખરું કે તું જે કરે એ મને મંજૂર છે.

સુરેશ : બસ- તો પછી મને બીજી કોઈ ચિંતા નથી- હમણાં તો તારા પપ્પાને પત્ર લખી નાખ કે મને ભૂજમાં નોકરી મળી ગઈ છે.

સુધા : એમને પછીથી ખબર તો પડવાની જ ને ?

સુરેશ : ખબર પડશે ત્યારે જોયું જશે. તું મક્કમ હોય તો પછી મને બીજી કોઈ પરવા નથી.

સુધા : મને બીજી ચિંતા સતાવે છે ક્યાંક એ લોકો આપણી સગાઈ...

દૃશ્ય-૩

(મેજરની ઓફિસ : સવાર)

મેજર : વેલકમ સુરેશ. આપણી બટાલિયનમાં એક ગુજરાતી યુવાનનો ઉમેરો થાય છે ત્યારે મને અંગત રીતે આનંદ થાય છે.

સુરેશ : કેમ સર ?

મેજર : એટલા માટે કે દાળ-ભાત ખાઉ ગુજ્જુઓ લશ્કરનું નામ પડતાં જ ભયભીત થઈ જાય છે એ મહેણું હવે ધીમે ધીમે ભાંગી રહ્યું છે. યુ નો, અમારા જમાનામાં લશ્કરમાં જોડાવાનું નામ પડતાં જ મા-બાપ તારા નામનું નાહી નાખ્યું એવો રોષ વ્યક્ત કરતા.

સુરેશ : હજીયે માતા પિતાઓના માનસમાં બહુ ફેર પડ્યો નથી સર.

મેજર : ખેર, તમારે તાત્કાલિક ટ્રેનિંગમાં જોડાવાનું છે. છ મહિનામાં જ ટ્રેનિંગ પછી તમને સરહદે કામ સોંપાશે. વેલકમ એન્ડ ઑલ ધ બેસ્ટ માય બોય.

(- અહીં લશ્કરની વિવિધ ટ્રેનિંગનાં દૃશ્યો)

દૃશ્ય-૪

(લશ્કરના ક્વાટર્સનો એક રૂમ.)

સુરેશ બુટ પહેરી રહ્યો છે. એનો રૂમ પાર્ટનર મહેશ સૂઈ રહ્યો છે. સુરેશ એને જગાડવા મથે)

સુરેશ : જાગો મહેશ પ્યારે જાગો. આ કૂકડોય બાંગ પોકારી પોકારીને થાક્યો.

મહેશ : (જાગીને ઘડિયાળ જુએ - ચોંકે ! સુરીયા ! મને જગાડ્યોય નહીં. ?

સુરેશ : લે કર વાત ! અલ્યા, એક કલાકથી જગાડી રહ્યો છું. આ તો કુંભકર્ણ કુકડાને દંડે એવું કરે છે ! ચાલ, જલદી તૈયાર થઈ જાય.

મહેશ : યાર, સપનામાં માલા આવી'તી તે આંખ ખોલી એને દૂર કરવાનું મન થતું નહોતું. એ સુરેશ એ મને કહેતી'તી કે હું લશ્કરમાં જોડાયો એટલે એના પપ્પા અમારી સગાઈ તોડી નાખવાના છે.

સુરેશ : એ સપનું જ હશે એમ માનીને તૈયાર થઈ જા. મેજરસાહેબ આપણી રાહ જોતા હશે.

દૃશ્ય-૫

(સુરેશ અને મહેશ ચાલતાં ચાલતાં મેજરની ઓફિસે પહોંચે છે...)

દૃશ્ય-૬

(સુરેશના સસરા મગનભાઈનું ઘર. મગનભાઈ બહારથી આવે. ખુરશી પર બેસે ને પત્નીને બૂમ પાડે.)

મગન : કહું છું સાંભળે છે ?

શારદા : (પાણીના ગ્લાસ સાથે આવે) લો.

મગન : આપણી સુધાનો કાગળ આયો છે.

શારદા : શું લખે છે ?

મગન : સુરેશલાલને નોકરી મળી ગઈ છે- બે મહિના પહેલાં.

શારદા : તે આટલું મોડું લખવાનું ?

મગન : એણે તો દોઢ મહિના પહેલાં લખ્યું'તું પણ કાગળ જ અધવચ્ચે રહી ગયો.

શારદા : ક્યાં નોકરી મળી ?

મગન : એ તો લખ્યું નથી પણ કે'છે ભૂજમાં હાજર થઈ ગયા છે.



શારદા : તો તો હવે વેવાઈને લગનની વાત કરી આઈયે.

મગન : હા, હવે તો જમાઈ કમાતા થયા એટલે એમનેય નિરાંત થઈ હશે.

શારદા : તો ક્યારે જઈએ ?

મગન : કાલે જ. જા હવે ચા મૂક.

દશ્ય-૮

(મેજરની ઓફિસ. સુરેશ અને મહેશ સામે બેઠા છે. મેજર ફોન પર વાત કરે છે)

મેજર : જી... હાં... જી... યસ સર હમ બોર્ડર પર હી ઉન્હે પકડ લેંગે. હા, હમારે દો જવાન કો પતા લગાને ભેજ દૂંગા... જી... ગુડ ડે સર. (ફોન મૂકે છે)
ધીઝ સ્મગલર્સ !

સુરેશ : શું થયું સર ?

મેજર : દિલ્હીથી નાર્કોટિક્સ ડિપાર્ટમેન્ટના વડાનો ફોન હતો. દાણચોરો આ સરહદેથી કેફી પદાર્થો ભારતમાં ઘૂસાડી દે છે જે પછી વિવિધ શહેરોમાંથી વિદેશોમાં મોકલે છે. એના અહેવાલ આપણે જ તેમને આપ્યા હતા. એમણે પૂરતી તપાસ કરી તો જાણવા મળ્યું કે એ દાણચોરોને દુશ્મન દેશ જ પ્રોત્સાહન આપે છે ને એ દાણચોરીનાં નાણાંમાંથી આપણા રાષ્ટ્રદ્રોહીઓને શસ્ત્ર અપાય છે.

મહેશ : એટલે કે એનું ખાવું એને જ મારવા !

મેજર : મુશ્કેલી એ છે કે આપણાં દેશમાં જ રહીને દેશદ્રોહીઓ આ પ્રવૃત્તિ કરે છે. આજે પહેલી જ વાર એ ખબર પડી કે દુશ્મન દેશે શસ્ત્ર સરંજામ ઉગ્રવાદીઓને પહોંચાડવા એક કાફલો આપણી કચ્છ સરહદ તરફ રવાના કર્યો છે.

સુરેશ : તો તો આપણે એમને ઝડપી લેવા જોઈએ.

મેજર : એ જ કરવું પડે. But who will do the work? મારા ચાર ચુનંદા જાસૂસોને તો કાશ્મીર ફરજ પર બોલાવાયા છે.

મહેશ : અમે જઈશું સર.

મેજર : નો, તમે હજી નવા છો. આપણી સરહદનું તમે પૂરું નિરીક્ષણ કર્યું નથી. કચ્છના આ રણમાં જો ભૂલા પડ્યા તો... ખેર, જોઈએ. મેં આપણાં વડાને કાશ્મીર મોકલાયેલા ચારમાંથી બે જણને તત્કાળ પરત મોકલવા વિનંતી કરી છે. બાય ધ વે, તમે બંને કાલે સવારે વહેલા મને મળવા આવી જજો. ને હા, સુરેશ. આ તમારો લેટર આવ્યો છે. અક્ષર પરથી એ તમારી મંગેતરનો લાગે છે. (મેજર પત્ર આપે છે)

સુરેશ : થેંક્યુ સર.

દશ્ય-૯

(સુરેશનું ઘર- મગન અને શારદા. પ્રવેશે. બેલ મારે- લાલભાઈ બારણું ખોલે...)

લાલભાઈ : ઓહોહો ! આવો આવો. કહું છું જો તો ખરી કે કોણ આયું છે ?
લીલાબહેન બહાર આવે)

લીલા : અરે ! આવો આવો વેવઈ.

મગન : આમ તો કાગળ લખીને આવત પણ પછી થયું કે કાગળ તો અમે આવીને ત્યાં પાછા જઈએ ત્યારે મળે તે સીધા જ...

શારદા : આ જૂઓને, અમારી સુધાનો કાગળ જ અમને દોઢ મહિને મળ્યો !

લાલભાઈ : અરે, બેસો તો ખરા. ના, તું ચા મૂક. (લીલા ચા મૂકવા રસોડામાં જાય)

મગન : સુધાએ લખ્યું છે કે સુરેશકુમારને નોકરી મળી ગઈ છે.

લાલભાઈ : હા, એ દોઢ મહિનાથી ભૂજ જ છે. હમણાં છ મહિના તો રજા મળે એમ નથી.

શારદા : હા, એ ખરું. શરૂઆતમાં તો રજા લેવીય ના જોઈએ.

લાલભાઈ : પગારેય ત્રણેક હજાર રૂપિયા જેટલો થઈ જાય છે.

શારદા : તો તો મેનેજર હશે.

લાલભાઈ : ઉપરથી પેલું શું કે' છે... ટી.ડી.એ. એવું ય પાંચેક હજાર રૂપિયા થઈ જાય.

મગન : કઈ કંપનીમાં નોકરી મળી ? (લીલા ચા લઈને આવે)

લાલભાઈ : લો, ચા પીવો પહેલા. વાતો ઠંડી નહીં પડી જાય.

શારદા : હા, એ ખરું. કહું છું લીલાબુન તમેય બેસો તો લગનની તારીખેય નક્કી કરી નાખીએ.

મગન : ભઈ તું તો બહુ ઉતાવળી ! પહેલાં એમણે સુરેશકુમારનેય પુછાવવું તો પડેને.

લાલભાઈ : એ તો આપણે જે નક્કી કરીએ એમાં ક્યાં ના પાડે એમ છે. તમે સુધાવહુને પૂછી લો એટલે...

શારદા : અહીંથી એની હોસ્ટેલે જ જવાના છીએ.

લીલા : છ એક મહિના પછીની તારીખ નક્કી કરીએ સુરેશને રજા મળવી જોઈએ ને.

મગન : હા, એ ખરું.

લીલા : વળી લશ્કરમાં તો...

મગન : શેમાં ?

લાલભાઈ : હવે એ બોલી જ ગઈ છે તો હું આપને જણાવું કે સુરેશ લશ્કરમાં જોડાયો છે.

મગન : લશ્કરમાં ! કેમ એમને બીજે ક્યાંય સારી નોકરી ના જડી ?

લાલભાઈ : જુઓ વેવાઈ...

મગન : ખબરદાર, જો મને વેવાઈ કહ્યો છે તો ! સગાઈ પહેલાં જ તમારે આ કહી દેવું જોઈતું'તું.

લીલા : તમે જરા...

શારદા : અમારે કંઈ જ સાંભળવું નહીં. અમારે અમારી દીકરીને લગન પહેલાં જ વિધવારૂપે કલ્પવી ને.

મગન : સુધાની મા. તું જરા...

શારદા : તમે અહીંથી અબઘડી ઊઠો ! મારા ભોગ લાગ્યા કે મારી એકની એક દીકરીને હું વિધવા કરી મેલું !

લાલભાઈ : જો તમારી એ જ માન્યતા હોય તો...

મગન : માન્યતા નહીં અમને તો ખાતરી જ છે કે લશ્કરમાં નોકરી કરનારને છોકરી આપીએ એટલે એને વિધવા માનીને જ...

લીલા : વેવાઈ ! જરા મોં સંભાળીને બોલો. અમે કંઈ અમારા એકના એક દીકરાને...

શારદા : તો આ સગાઈ...

દૃશ્ય-૧૦

(હોસ્ટેલનો રૂમ-સુરેશ અને મહેશ બેઠાં છે)

મહેશ : યાર, સગાઈ તૂટી ગઈ એમાં તું આટલો નિરાશ થઈ જાય એ ખોટું.

સુરેશ : યાર, એણે તો મને લખવું જોઈએને.

મહેશ : લખ્યું હશે.

સુરેશ : મને મારાં મા-બાપ તરફથી પહેલી ખબર પડી કે આ પત્ર મારી મમ્મીએ લખ્યો છે. એ દિવસ પછી સુધા હોસ્ટેલમાં દેખાઈ નથી !

મહેશ : યાર સુરીયા, એ ક્યાંક મા-બાપની બંદી તો...

સુરેશ : શક્ય છે. એ મયના, આજે હું મેજરને કહી દેવાનો છું કે સર, આઈ એમ રેડી ફોર ડેથ.

મહેશ : કઈ રીતે ?

સુરેશ : પેલું દાણચોરોને ઝડપવાનું કામ છે ને.

મહેશ : ના, યાર એમાં તો જાનનું...

સુરેશ : સુધા જ જ્યાં જિંદગીમાં નથી ત્યાં...

મહેશ : એક છોકરી પાછળ આટલું બધું...

સુરેશ : She was going to be my wife.

મહેશ : યાર, તું ગુજરાતીમાં બોલને.

સુરેશ : એ નહીં તો બીજી કોઈ નહીં.

દૃશ્ય-૧૧

(સુધા એની સખી નેહાને ત્યાં છે)

નેહા : જો સુધા તું ખરેખર સુરેશને જ પરણવા ચાહતી હોય તો હું તને હેલ્પ કરવા તૈયાર છું.

સુધા : એમ ન હોત તો હું મમ્મી-પપ્પા સાથે જતી રહી હોત.

નેહા : યુ મીન, તેં એમને...

ફ્લેશબેક

(સુધાનો હોસ્ટેલનો રૂમ)

સુધા : (બારણે ટકોરા સાંભળી) કોણ ?

મગન : સુધા ? બેટા હું... (સુધા બારણું ખોલે)

સુધા : ઓ પપ્પા ! અરે મમ્મી તુંય...

શારદા : હા. અમે તારી સગાઈ ફોક કરી છે.

સુધા : શું ?

શારદા : તે અમને લખ્યુંય નહીં કે જમાઈ લશ્કરમાં...

સુધા : મમ્મી, એમણે તો કહ્યું'તું પણ મને જ થયું કે લખીશ તો તમે કદાચ વાંધો લેશો.

મગન : જો બેટા, અમને તારા સુખની ચિંતા છે. એટલે જ અમે તારી સગાઈ ફોક કરીને...

સુધા : ઓ પપ્પા ! આ તમે શું કર્યું ?!

શારદા : મારું સુખ સુરેશ જ છે મમ્મી. અમે બંને પ્રેમમાં પડ્યા ત્યારે ખ્યાલેય નહોતો કે એક જ જ્ઞાતિના હોઈશું. એવું ન હોત તો તમને જાણ કર્યા વગર હું એની સાથે પરણી ગઈ હોત. I Love him.

મગન : બેટા, અમે તો...

સુધા : એ જ મારું સુખ - મારું સર્વસ્વ છે મમ્મી. (રડતી રડતી બહાર જતી રહે - માતા-પિતા અવાક્)

ફ્લેશબેક પૂર્ણ

નેહા : તો પછી હું તને માર્ગ એ જ સૂચવું છું કે...

દૃશ્ય-૧૨

(સુધા ભૂજ ટ્રાવેલ્સની બસમાં જતી દેખાય)

દૃશ્ય-૧૩

સુરેશ : મેજર, પેલા કામ માટે હું મારી જાત સમર્પિત કરું છું.

મેજર : જો સુરેશ, તું હજી આ કામમાં નવો છે.

સુરેશ : નવો કે જૂનો. દેશ માટે હું...

મેજર : કે સુધા માટે ?

સુરેશ : શું ?

મેજર : જો સુરેશ. આપણે આ બધા જાસૂસીમાં છીએ એટલે એકમેકનાં અંગત જીવન આપણાં માટે જાહેર જ હોય છે. મને જાણ છે કે સુધા સાથેની તારી સગાઈ તૂટી ગયા પછી જ તું જાન જાય એવા કામમાં તૈયાર થયો છે. યંગમેન, મને આત્મહત્યા કરવા ચાહનારાઓની નહીં, શહીદોની જરૂર છે. સોરી, તને હું એ કામ માટે નહીં મોકલું.

દૃશ્ય-૧૪

(સુધા આર્મીના કેમ્પસમાં આવે તપાસ કરતી કરતી મેજર સુધી પહોંચે)

મેજર : મેં એને દેશ સેવાના એક એવા કામ માટે અહીંથી બોર્ડર પર મોકલ્યો છે. એમાં એ કદાચ જીવતો પાછો નહીં ફરે.

સુધા : તોય હું એની રાહ જોઈશ.

મેજર : જાનનો ખતરો છે છોકરી.

સુધા : મેજર સાહેબ, આપને જાણ છે કે ગુજરાતમાં જો કોઈ યુવાન કુંવારો અવસાન પામે તો એના લીલ પરણાવાય. જો મારો સુરેશ અવસાન પામશે તો લીલ પરણાવાય ત્યારે ગાયના સ્થાને હું એની મૃતેચ્છા સાથે ફેરા ફરીશ. (સુરેશ પ્રવેશે છે.)

સુરેશ : સર, તમે ભલે ના કહો પણ... અરે, સુધા તું !!!

મેજર : મારો આખો ખેલ બગાડી નાખ્યો !

સુધા : સુરુ !

સુરેશ : સુધા !

મેજર : ચાલે, હવે તુમને પુકારા ઔર હમ ચલે આયેનું ગાયન પૂરું થયું. સુરેશ તું અને સુધા અહીં લગ્ન કરીને...

સુધા : નો સર, પહેલાં એ એનું કામ પૂર્ણ કરશે.

સરેશ : યર સર, હજી તો પ્રેમની તાકાત મને જિવાડશે.

મેજર : ઓત્તારી !

દૃશ્ય-૧૫

મહેશ અને સુરેશ સરહદ પર.

ઊંટ પર શસ્ત્રો ભરીને આવતા દાણચોરો.

સુરેશ ઊંટને જ ગોળી મારી ઢાળી દે.

મહેશ બંને દાણચોરોને વીંધી નાખે.

બંને મૃતદેહો પાસે જઈ...

મહેશ : સાલા ગદ્દારો ! આ રણ જ તમારી કબર બનશે.

સુરેશ : મેરા ભારત મહાન !


૪૧-બી, નીલદીપ એવન્યુ, દેવઆશિષ કુપ્લેક્ષ સામે,
મધર ડેરીવાળી ગલી, બોડકદેવ,
જજીસ બંગલા રોડ, અમદાવાદ-૧૫.
મો.-૯૩૧૬૧૪૯૯૭૦




" નૌકા વિહાર "
- પરેશ પ્રજાપતિ
મો.-૯૮૨૪૩૬૩૩૨૬



" શિસ્ત "
- વિક્રમ બી. પગી
મો.-૯૪૨૬૪૦૮૨૨૫



" વાજતે ગાજતે "
- પિનલ પંચાલ
મો.-૮૦૦૦૧૯૧૫૫૬



" કર્ણાવતીનું વિહંગ દર્શન "
- અર્પણ કાપડિયા
મો.-૮૯૦૫૨૩૯૫૭૮

પંગુમ્ લંઘયતે ગિરિમ્

- તારિણીબહેન દેસાઈ

પાત્રસૂચિ

પલ્લવી - આધેડ ઉંમરની સ્ત્રી
રાકેશ - પલ્લવીનો પતિ
રમેશ - રાકેશનો મિત્ર
રાજ - અકસ્માત થયેલો છોકરો
ડૉક્ટર - હોસ્પિટલનો ડૉક્ટર
આગંતુક - બહારથી આવેલા માણસો

(ડ્રોઈંગ રૂમ)

(પલ્લવી ખુરશીમાં બેસીને કાંઈક વાંચે છે. બહારથી રાકેશ એદમ હાંફળો હાંફળો દોડીને આવે છે.)

પલ્લવી : (રાકેશની સામે જોતાં) કેમ શું થયું... રાકેશ? કેમ આમ ગભરાયેલો લાગે છે ?

રાકેશ : (ગભરાયેલા અવાજમાં)ના.. ના.. કાંઈ નહીં... કાંઈ નહીં... આ તો અમસ્તુ જ.

પલ્લવી : અરે... પણ...હમણાં તો તું ઑફિસે જવા નીકળ્યો હતો અને એટલામાં કેમ પાછો ઘેર આવી ગયો ? પાછું શું થયું નવું ?

રાકેશ : ના... ના... કાંઈ જ નહીં...

પલ્લવી : રાકેશ... પ્લીઝ.. જે કાંઈ થયું હોય તે કહી દે જોઉં...

રાકેશ : (ગભરાઈને)ના...ના કાંઈ એવું થયું નથી. તું નાહકની ચિંતા કરી મારી પાછળ પડે છે.

પલ્લવી : ગમે તે હોય...પણ આજે ચોક્કસ જ તું ઘણો જ અસ્વસ્થ દેખાય છે. જરૂર કાંઈક બની ગયું લાગે છે.

રાકેશ : (થોથવાતી જીભે) જો...પલ્લુ... આમ તો એવું થયું છે કે મેં જેવી ગાડી ચલાવવાની શરૂ કરી કે સામેથી એક બાળક દોડતું દોડતું આવ્યું અને હું ગાડીને તરત રોકી શક્યો નહીં. તેથી તે બાળક મારી ગાડીની નીચે આવી ગયું.પછી... તો...

પલ્લવી : (ગભરાઈને)શું કહ્યું રાકેશ ? એક માસુમ બાળક તારી ગાડી નીચે... હાય... રામ! શું મરી તો ગયું નથી ને ? અને તું... અહીં ઘેર આવી ગયો? શરમજનક કહેવાય.

રાકેશ : (ચિઢાઈને) શેનું ? વળી શરમજનક ? બાળક તો હજી જીવે છે.બાળક સાથે એક માણસ પણ હતો એને પૈસા આપી દીધા ને કહ્યું કે એને હોસ્પિટલમાં લઈ જજો.

પલ્લવી : (ચિઢાઈને) તેં એને પૈસા આપી દીધા એટલે શું... એટલું પૂરતું થયું રાકેશ! કોઈ બાળકની જિંદગીનો સોદો ?

રાકેશ : (ચિઢાઈને) એ કાંઈ મરવાનો નથી.તું ખોટી ચિંતા કરે છે પલ્લુ !

પલ્લવી : (ગભરાઈને)ક્યાં વાગ્યું હતું એને ? લોહી નીકળતું હતું કે ?

રાકેશ : (ચિઢાઈને)નકામું મારું માથું ના ખા...જા... જોઈ આવ એને. અહીં રસ્તામાં તો પડ્યો હશે.

પલ્લવી : (ચિઢાઈને) શું બોલ્યો રાકેશ? તું એને રસ્તામાં રાખીને આવ્યો? એને હૉસ્પિટલમાં ન લઈ ગયો અને તું ઘેર આવી ગયો? હલકટ જેવું કહેવાય. ક્યાંક એ બાળક.

રાકેશ : (ચિઢાઈને) પડ્યો હશે...કોઈ જગ્યાએ રસ્તામાં...કોઈ એને હોસ્પિટલમાંલઈ જશે.

પલ્લવી : (ચિઢાઈને)મારે તારું કાંઈ જ સાંભળવું નથી હું અત્યારે જ એને શોધવા જાઉં છું. (પલ્લવી જાય છે.)

(રાકેશ ઘરમાં એકલો બેઠો છે.)

રાકેશ : (એકલો બોલે છે) હે ભગવાન! નાહકની મેં ઉતાવળ કરી ગાડી સ્ટાર્ટ કરવામાં. એ તો સારું થયું કે ભગવાને મને બચાવી લીધો.વળી મેં પેલા માણસને પૈસા-બૈસા પણ આપી દીધા છે. એટલે હું તો છૂટી ગયો. બાકી નકામી ઉપાધિમાં આવી પડત.

(બહારથી રાકેશનો મિત્ર રમેશ આવે છે.)

રમેશ : હેલો...રાકેશ! (સામે જોઈને) કેમ...કેમ... આજે જરા ગભરાયેલો મૂંઝાયેલો દેખાય છે? કેમ દોસ્ત! આમ કેમ સૂનમૂન થઈને બેઠો છે ?

રાકેશ : (ગૂંચવાતા) અરે...યાર રમેશ! શું કહું તને... અત્યારે મારાથી એક એક્સીડન્ટ થઈ ગયો છે.

રમેશ : (ગભરાઈને) એમ કે...કોની સાથે થયો..? લારી...બસ. કે પછી ગાડી સાથે...

રાકેશ : એક બાળક મારી ગાડી નીચે ચગડાઈ ગયું.

રમેશ : અરે...રામ...નહીંસ્ત્રી કે નહીં પુરુષ અને બાળક માટે તું આટલો બધો ગભરાઈ ગયો છે. ગૂંચવાઈ ગયો છે ? ફૂલ તો રોજ ને રોજ કરમાતાં હોય છે. કેટલાં ફૂલ માટે રડીશ...ગાંડા?

રાકેશ : (સમજાવતાં) જો કે પૈસા...બૈસા... તો આપી દીધા છે. આમ તો બધું પતી ગયું છે પણ...

રમેશ : બસ...બસ...તો પછી એ વાત ઉપર પલ્લવી પાસે સરસ ચા બનાવડાવ. એવા તો કેટલા લોકો રોજ મરતા હોય છે. જો...દોસ્ત! આપણે તો કર્મની થિયરીમાં માનવાવાળા છીએ. તેં કાંઈ જાણી જોઈને તો એને માર્યો નથી. પછી ભગવાન પણ એવું બધું જોતા હોય છે.

રાકેશ : હા...એ તો ખરું છે. જેવાં કર્મ એવાં એનાં ફળ આપણે તો ફક્ત એમાં નિમિત્ત જ છીએ ને?

રમેશ : જો..ભાઈ રાકેશ! આપણે તો કઠપૂતળી જેવા જ છીએ. એટલે કે પપેટ્સ અને આપણને ચલાવનારી દોરી તો બીજાનાં હાથમાં જ તો હોય છે. આવી સરળ વાત પણ તું સમજતો નથી લાગતો. એટલે જ તો આમ ગભરાયેલો બેઠો છે.

રાકેશ : અરે...પણ...રમેશ ! એક નાનું બાળક બિચારું ચગદાઈ જાય તે તો...

રમેશ : જો...રાકેશ...એ જો મરી ગયું હોય તો...તો એનો આ જનમ પૂરો થઈ ગયો એમ સમજવાનું. કારણ આ કળિયુગમાં જન્મીને બધાને હેરાનગતિ જ છે ને?

રાકેશ : જે હોય તે...પણ આપણાથી તો એને તકલીફ પડીને?

રમેશ : હા.. તે તો ખરું જ પણ...તું તો નિમિત્ત માત્ર જ છે. કારણ ઈશ્વર કાંઈ એને તકલીફ આપવા જાતે આવી શક્તો નથી તેથી એણે તારા દ્વારા એ કામ કર્યું. માટે મનમાંથી એ વાત કે એ ગિલ્ટ કેઅફસોસ તું કાઢી નાંખ. એના નસીબમાં હતું તે થયું છે. તે કર્યું નથી જ એમ માનીને ચાલ. તેથી જલદી તૈયાર થઈ જા અને કામ ઉપર જતાં પહેલાં પલ્લવી પાસે ચા બનાવડાવ.

રાકેશ : (સમજાવતાં) શું કહું રમેશ! પલ્લવી તો આવું સાંભળીને તરત જ ચિઢાઈને પેલા બાળકને મદદ કરવા જતી રહી છે.

રમેશ : કાંઈ નહીં...તો પછી ચાલ ત્યારે... હું જઉં છું અને તું પણ કામ પર જવાની તૈયારી કર.

(રમેશ જાય છે અને રાકેશ પણ વિચાર કરતો કરતો ચાલવા માંડે છે.)

(હોસ્પિટલમાં -રાજુ પલંગ ઉપર સૂતો છે.)

પલ્લવી : (રૂમમાં પ્રવેશી) હલો...રાજુ! કેમ છે...તને... હવે થોડું સારું લાગે છે કે?

રાજુ : (આશ્ચર્યથી) પણ...તમે છો કોણ...તમારું નામ શું છે?

પલ્લવી : (સમજાવતાં) હું છે ને તે...તારી આન્ટી છું...

રાજુ : (ગૂંચવાઈને) એમ... તમે આન્ટી છો... મારાં...પણ મેં તમને ક્યારેય જોયાં તો નથી.

પલ્લવી : એમ કે.... તેં મને ખરેખર નથી જોઈ.. યાદ કર... યાદ કર....શું...યાદ નથી આવતું કે?

રાજુ : (યાદ કરતાં) હા...હા...યાદ આવ્યું...તમે જ મને રસ્તામાંથી અહીં હોસ્પિટલમાં લઈ આવ્યાં છો. હું તો રસ્તામાં અકસ્માત થઈ પડ્યો હતો. કોઈ એક માણસે મને ગાડી અથડાવી દીધી એટલે પછી તો...

પલ્લવી : હા...રાજુ...ત્યારે તો તું ખાસ ભાનમાં જ નહોતો.

રાજુ : મને વાગ્યું હતું ને તેથી ત્યાં મને બહુ જ દુઃખતું હતું. બાકી મેં તમને જોયાં તો હતા જ. તમે જ બધું ડૉક્ટરને સમજાવતાં હતા ને?

પલ્લવી : હા... રાજુ! ડૉક્ટરને બરાબર સમજાવવું તો પડે જ ને? શું થયું હતું. કેવી રીતે થયું હતું...તે ..(બરાબર સમજાવતાં) જો...રાજુ...તું બરાબર આરામ કરજે અને ડૉક્ટર કહે એ પ્રમાણે બધું જ કરજે. ખાસ તો...દવા બરાબર લેજે હોં.

રાજુ : આન્ટી...એટલે હું દવા બરાબર ખાઈશ તો .. મને સારું થઈ જશે કે? મને પગમાં તો બહુ જ દુઃખે છે. જો કે મારી બા તો મને હંમેશ કહેતી હતી- બેટા...રસ્તા ઉપર ચાલતી વખતે કાયમ સંભાળીને જ ચાલજે હોં...દોડા દોડી... ના કરતો...પણ - એનું ના માન્યું એટલે આવું થઈ ગયું...આન્ટી!

પલ્લવી : તારી બા...ક્યારે તને મળવા આવે છે?

રાજુ : બા પણ નથી આવતી અને બાપુ પણ નથી આવતા. આન્ટી મારા બાપુને પણ મારી માફક થોડા દિવસો પહેલા એક્સીડન્ટ થઈ ગયો હતો તેથી તો નથી આવી શક્તા.

પલ્લવી : અને તારી બા...

રાજુ : અને બા તો એમની કાળજી રાખવામાં પડી હશે. કાકી-કાકા આવે છે- અહીંયા. તેઓ કહેતાં હતાં કે એમને થોડું સારું થશે એટલે તેઓ જરૂર તને મળવા આવશે જ... થોડા દિવસોમાં...

પલ્લવી : તે તારા બાપુને શું હોસ્પિટલમાં રાખ્યા હતા કે?

રાજુ : હા...હા...અને ત્યારે એમને હોસ્પિટલમાં હું મળવા પણ જતો હતો. પછી તો... કાકીમાએ

કહ્યું કે એમને મટ્યું નથી એટલે બીજી મોટી હોસ્પિટલમાં લઈ ગયા છે. (મોટેથી રડતાં) ઓહ...આન્ટી...મારી બા ને બાપુ ક્યારે આવશે મારી પાસે?

પલ્લવી : (સમજાવીને) જો...રાજુ...એમ રડવાનું નહીં જ. એમને સારું થાય ત્યારે જ આવી શકે ને? અને જો....તું રડીશ તો પછી તારી તબિયત વધારે બગડશે. પછી સારું થતાં ખૂબ વાર લાગશે. એટલે એવું રડવાનું નહીં. ચાલ... આપણે કોઈક રમત રમીએ.

રાજુ : (ખુશ થતાં) હા...હા...શું રમીશું..સંતાકૂકડી કે પછી દોડમદોડી કે પછી આંધળોપાટો..કે પછી...

પલ્લવી : ના...ના...ના..રાજુ બેટા! એવું બધું હમણાં ના રમાય હોં?

રાજુ : (ચિઢાઈને) કેમ ના રમાય?

પલ્લવી : (સમજાવીને) જો...તારામાં હજી બરાબર તાકાત આવી નથીને એટલે.

રાજુ : ના....ના..આન્ટી એવું જરાયે નથી. જુઓને... (હાથનાં મસલ્સ બતાવીને) મારામાં તો બહુ જ તાકાત છે હોં...જુઓ....જુઓ...મારા હાથનાં બાવડાં...

પલ્લવી : હા...હા...જોઈ લીધું...બસ! પણ...હમણાં એવું બધું કરવાનું નથી...હવે જો...તારું જમવાનું આવશે. બરાબર જમજે અને પછી આરામ કરજે..હું પાછી સાંજે આવી પહોંચીશ. ચાલ... ત્યારે હું હવે જાઉં કે? મારે પણ જમવાનું બાકી છે. જાઉં છું હોં કે!

રાજુ : આવજો આન્ટી...(પલ્લવી જાય છે.)

(થોડા દિવસો પછી પલ્લવી ડો ડોક્ટર ક્ટરને મળે છે.)

પલ્લવી : ડૉક્ટર સાહેબ! રાજુને કેમ લાગે છે?

ડૉક્ટર : આમ તો વાંધો નહીં આવે...પણ પગ ઉપર જ ગાડીનું પૈડું ફરી ગયું છે. એટલે તો પગ ગયા જેવા જ છે.

પલ્લવી : (ગભરાઈને) હેં...શું કહ્યું ડૉક્ટર? રાજુનાં પગ તો...તો શું...રાજુ અપંગ થશે? હે ભગવાન! રાકેશ... તેં આ ..શું કર્યું? ડૉક્ટર સાહેબ... કદાચ ભગવાન કરેને એનાં પગ ચાલવા પણ માંડે...તમે એવો પ્રયત્ન ચોક્કસ કરજો!

ડૉક્ટર : જુઓ...પલ્લવીબહેન. હું તો નક્કી જ એવો પ્રયત્ન કરીશ..પણ..જે થવાનું હતું ને તે તો થઈ જ ગયું છે ને? એમ કહોને કે એ મરી ન ગયો.. પણ હવે..આવી પડેલી પરિસ્થિતિને આનંદથી અપનાવવી જોઈએ..બહેન!

પલ્લવી : (આંખો લૂછીને) હા..હા..રાજુ મરી ન ગયો એ તો ખરું જ! પણ આવું થયું છે તે સારું કે ખોટું... સારું કે ખોટું?

(હોસ્પિટલના રૂમમાં દાખલ થઈ)

પલ્લવી : હલ્લો...રાજુ...

રાજુ : (ધ્યાન બીજે હતું પછી ખુશ થઈને ? આવો... આવો..આન્ટી..તમે આવ્યાં તે મને બહુ જ ગમ્યું. કારણ કે મને બહુ જ એકલું એકલું લાગે છે.

પલ્લવી : પણ...આજે તને કેમ છે..તું મજામાં તો છે ને?

રાજુ : મને તો અહીં જરાયે ગમતું નથી. થાય છે કે દોડીને ઘેર જતો રહું. પણ જઉં પણ કેવી રીતે... મારા પગ તો ...અને મારાં કાકા-કાકી પણ હવે તો આવતા નથી. મારા ભાઈબંધો સાથે રમવાનું પણ મળતું નથી. તેથી તો...

પલ્લવી : (વ્હાલથી) તું ભાઈબંધો સાથે રોજ રમતો હતો કે?

રાજુ : હા...આન્ટી..રોજ જ...

પલ્લવી : તારા ભાઈબંધોના નામ શું છે?

રાજુ : મનુ..., કનુ..., ગનુ...બચુ... ભગુ... ભીખો... આવાં બધાં નામ તો તમને સાવ જ જુદાં અને નકામા લાગતા હશે, નહીં ?

પલ્લવી : ના...ના...એવું કાંઈ નહીં. દરેક વ્યક્તિનાં જુદાં જુદાં નામ હોઈ જ શકે ને? તું એ બધા સાથે શું રમતો હતો ?

રાજુ : એ બધાની સાથે તો... સંતાકૂકડી... દોડમ દોડી... આંધળા પાટા... લખોટી દાવ... ગિલ્લીદંડા... એવું બધું.

પલ્લવી : એવું બધું રમવામાં તને મજા આવતી હતી કે?

રાજુ : બહુ જ મઝા પડે અને હું દોડવામાં તો એકલો બધાંને જ પકડી પાડું. અને કોઈનાથી પકડાઉ નહીં...જુઓ...દોડી બતાવું.

પલ્લવી : (ગભરાઈને) અરે...અરે...રાજુ આ શું કરે છે.

રાજુ : આન્ટી..તમે દોડો અને જુઓ કે હું તમને પકડી લઉં છું કે નહીં? તો...ચાલો...ચાલો...દોડવા માંડો જલદી...જલદી.

પલ્લવી : અરે...પણ રાજુ! રહેવા દે હમણાં...અત્યારે નહીં. પછી ક્યારેક...

રાજુ : અરે..પણ આન્ટી! જોજોને મઝા આવશે..તમને

પણ ....એકલાં એકલાં તો વખત જ નથી જતો મારો...

પલ્લવી : (ગૂંચવાઈને) પણ...હમણાં તો તારાથી ના દોડાય....

રાજુ : (પલંગમાંથી ઊતરીને) ના...કેમ દોડાય... જુઓ...હું દોડી બતાવું છું...આન્ટી..જુઓ જુઓ..

(અને રાજુ ધડામ દઈને પડે છે.)

પલ્લવી : (ગળગળી થઈને) અરે...બેટા...પડી ગયોને... મેં તને દોડવાની ના કહી હતી ને?

રાજુ : (રડીને) પણ...આમ કેમ થયું? હવે તો હું સાજો થઈ ગયો છું ને? તો પણ...આવું કેવી રીતે થયું?

પલ્લવી : (દુઃખી થઈને) નો બેટા... તું જો એકદમ જ સાજો થઈ ગયો હોઉં તો પછી તને હોસ્પિટલમાંથી રજા ના મળે? કારણ હજી તો... તું પૂરેપૂરો સાજો થયો નથી. પણ..સાજો ચોક્કસ જ થઈ રહ્યો છે ખરો..સમજ્યો હવે!

રાજુ : પણ...મારાથી દોડાતું પણ નથી અને ચલાતું પણ નથી. એમ કેમ થયું છે?

પલ્લવી : (સમજાવતાં) જો...ધીરે ધીરે બધું સારું થશે હોં?

રાજુ : પણ..તમે ડૉક્ટરને પૂછી તો જોજો.

પલ્લવી : શું પૂછું...બોલ...

રાજુ : એમ પૂછજો કે....રાજુ ક્યારે પાછો એનાં ભાઈબંધો સાથે દોડી શકશે?

પલ્લવી : સારું...સારું..પૂછી જોઈશ.

રાજુ : સારું ...નહીં...હમણાં જ પૂછી આવો...

પલ્લવી : જો...રાજુ! હમણાં મારે છે ને ઘેર જવાની ઉતાવળ છે. કારણ અંકલને માટે રસોઈ બનાવવાની પણ બાકી છે. પછી પૂછીશ ક્યારેક...હું જાઉં ત્યારે ...રાજુ.

રાજુ : એમ...જાઓ છો તમે...સારું આવજો ત્યારે...

(પલ્લવી જાય છે.)

(હોસ્પિટલમાં થોડા દિવસો પછી પલ્લવી પાછળથી આવીને રાજુને માથે હાથ ફેરવે છે.)

રાજુ : અરે...અરે...બા...તું ક્યાંથી આવી ગઈ મારી પાસે.. આકાશને પેલે પારથી... મને બહુ સારું લાગ્યું.. તારો હાથ માથે ફર્યોને તેથી...

પલ્લવી : રાજુ...તું થાપ ખાઈ ગયો છે. આ ...તો આન્ટીનો હાથ છે, તારી બાનો નહીં.

રાજુ : પણ...આન્ટી બા પણ આવી જ રીતે વ્હાલથી મારે માથે હાથ ફેરવતી હતી ને?

પલ્લવી : હા...હા...તો તે પણ આવી પહોંચશે..પાછી.. તારે માથે હાથ ફેરવવા.

રાજુ : ના- રે ના આન્ટી! મારી બા તો ક્યારેય નહીં આવે. કારણ કાકી કહેતા હતા કે બાપુ પણ ભગવાનને ઘેર જતા રહ્યા છે અને બા પણ એમની કાળજી લેવા એમની પાસે જ જતી રહી છે.

પલ્લવી : (ચિઢાઈને) એવું ગાંડુ ગાંડુ શું વિચારે છે? તારે તો પહેલાં જલદી સાજા થવાનું જ વિચારવાનું. જો...જો...રાજુ...આજે છે ને તે હું તારે માટે કાંઈક લાવી છું. બોલ જોઈએ, શું લાવી હોઈશ? (વ્હાલથી તેને માથે હાથ ફેરવે છે.)

રાજુ : આન્ટી...મને તે કાંઈ જ યાદ નથી આવતું. પણ તમે માથે હાથ ફેરવો છો ને એટલે તો જાણે મોટો દલ્લો મળી ગયો હોય તેમ લાગે છે.

પલ્લવી : જો ..તને યાદ નથી આવતું ને...એટલે તું તો મારી પરીક્ષામાં નાપાસ થઈ ગયો. લે...આ તારે માટે પિપરમીટ અને જુદી જુદી રમતો... ગમ્યું તને બધું.

રાજુ : આન્ટી...આજે તમે મારા બાપુ પણ બનીય ગયાં અને બા પણ... કારણ બાપુ પણ મારે માટે હંમેશ કાંઈને કાંઈ લઈ આવતા હતા અને બા... તમારી માફક મારે માથે વ્હાલથી હાથ ફેરવતી હતી.

પલ્લવી : કેમ છે તને...આજે રાજુ! તું મજામાં છેને?

રાજુ : પણ- તમે પછી ડૉક્ટરને પૂછી જોયું કે નહીં...

પલ્લવી : પૂછી જોઈશ, પછી- ભઈ!

રાજુ : તો પછી, ક્યારે પૂછશો?

પલ્લવી : પૂછીશ...બેટા! શી ઉતાવળ છે એટલી? જરા બરાબર સાજો થઈ જા. શરીરમાં તાકાત તો આવવા દે.

રાજુ : પણ...તમે ચોક્કસ જ એમને પૂછી જોજો કે હું ક્યારે દોડી શકીશ? મને એ સમજાતું નથી કે હું બોલી શકું છું. હાથ હલાવી શકું છું પણ-મારા પગ કેમ હલાવી શકતો નથી?

પલ્લવી : થશે..બધું બરાબર...ધીરે ધીરે..

રાજુ : પણ...આમ પથારીમાં પડ્યા પડ્યા મારો વખત જ જતો નથી. તેનું શું...હું ચાલી શકું તો બધે જઈ શકું. બધે જઈ શકું. .. એ તો ખરું પણ.. સાથે સાથે દોડી શકું તો....દોસ્તો સાથે રમી શકું...

પલ્લવી : જો...રાજુ! હું છે ને હવે તારે માટે સરસ મઝાની

વાર્તાની ચોપડીઓ લઈ આવીશ. એટલે પછી તારો સમય એ વાંચવામાં સારી રીતે પસાર થશે.

રાજુ : પણ આન્ટી...પણ...મને તો કશું વાંચતાં જ નથી આવડતું.

પલ્લવી : કેમ એમ...તું સ્કૂલમાં ભણવા નથી ગયો?

રાજુ : ના...ના...કારણ...મારાથી નાની બે બહેનો તો હંમેશ માંદા જેવી જ રહેતી હતી. તેથી એમને સંભાળવા માટે મારે ઘેર જ રહેવું પડતું. વળી બા-બાપુજી કામે જાય પછી કામે જઈ પૈસા લાવે એટલે પછી અમે રોટલો-કાંદો અને છાશ-ખાઈ શકતા હતા.

પલ્લવી : એટલે તો પછી કાળા અક્ષર ભેંસ બરાબર થયું હશે, નહીં?

રાજુ : શું કરું આન્ટી? એવું જ બધું થયું. પણ ...પછી રોજ ભાઈબંધો સાથે રમવામાં મારો સમય સરસ મજાનો પસાર થતો હતો. પણ...અહીં તો મારો સમય જ પસાર થતો નથી. તેથી તમે જ્યારે આવો છો ત્યારે થોડું સારું લાગે છે.

પલ્લવી : સારું...ચાલ તો આપણે અંતાક્ષરી રમીએ. તને એવું બધું રમવાનું ગમશે?

રાજુ : હા...હા... ચોક્કસ જ. અમે ભાઈબંધો પણ ક્યારેક અંતાક્ષરી રમતા હતા ખરા હોં કે.

પલ્લવી : ચાલ ત્યારે હું શરૂ કરું છું...
'વાજા વાગે પડઘમ વાગે ઢોલ વાગે સૈઈ જેને અંતકડી રમવી હોય તેણે ગરબડ કરવી નહીં'
છેલ્લે 'હ' અક્ષર આવ્યો .... ચાલ હવે 'હ'ઉપર કોઈ ગીત ગાવા માંડ - રાજુ...

રાજુ : શું કહ્યું -'હ' આવ્યો...'હ' આવ્યો..પણ એનાં ઉપર તો મને એકેય ભજન આવડતું નથી..તો શું કરું?

પલ્લવી : તો પછી તું તો હારી જ જશે તરત જ ...પછી આગળ કેવી રીતે?

રાજુ : પણ છેને રમતી વખતે દોસ્તદારોને ન આવડતું હોય તો બીજો અક્ષર પણ આપતા હતા-રમત ચાલુ રહે એટલા માટે.

પલ્લવી : હા...એમ તેં સારો રસ્તો બતાવ્યો. ચાલ તો પછી તને અક્ષર આપ્યો - બારાખડીનો પહેલો અક્ષર- 'અ' એમાં 'આ' પણ ચાલે, એ પણ ચાલે- ઐ પણ ચાલે. કોઈપણ અક્ષર ઉપર આમાંથી ગાઈ શકાય હોં!

રાજુ : હા...હા...તો યાદ આવી ગયું એક ભજન-

પલ્લવી : વાહ...બહુ સરસ...તો પછી શરૂ કરને?

રાજુ : (ખોંખારો ખાઈને)
ઐસી લાગી લગન...મીરાં હો ગઈ મગન
વો તો ગલી ગલી હારિ ગુણ ગાને લગી-
ઐસી લાગી લગન-

પલ્લવી : (સ્તબ્ધ થઈ) વાહ...વાહ...રાજુ ભઈ! તું તો અલૌકિક ગાવા માંડ્યો છે. આ તને કોણે શીખવાડ્યું?

રાજુ : મને વળી કોણ શીખવાડે...આ તો એવું છે ને કે મારા ઘરની બાજુમાં જ એક મંદિર છે તેમાં રોજ ભજન ગવાય છે. ત્યારે હું ત્યાં રોજ સાંભળવા જાઉં છું. એટલે મને તે આવડી ગયું છે.

પલ્લવી : આ...તો મીરાંબાઈનું ભજન છે એ શ્રી અનુપ જલોટાએ ગાયું છે એ તને ખબર છે?

રાજુ : કોણે લખ્યું છે કે કોણે ગાયું છે તે તો બધું ખબર નથી પણ મંદિરમાં રોજ જ ગવાય છે ખરું. અને બધાય એને ઝીલે છે. સાથે સાથે હું પણ ગાઉં છું.

પલ્લવી : તું રોજ મંદિરમાં જાય છે કે?

રાજુ : હા- આન્ટી રોજ જ કારણ ત્યાં બેસવાના પૈસા પડતા નથી. અને મંદિરમાં આરતી થયા પછી પ્રસાદ પણ મળે છે તેથી સારું પડે છે.

પલ્લવી : તારા બધા ભાઈબંધો મંદિરમાં ભજન ગાવા રોજ બેસે છે?

રાજુ : ના....રે...ના...એમને તો રોજ ભજન ગાવા ગમે ન ગમે. તેઓ તો...કોઈ દિવસ સિનેમા જોવા જાય ..નાટક જોવા જાય...તીનપત્તી રમે અને પછી ચોરીચપાટી એવું બધું

પલ્લવી : તારા ભાઈબંધો એવા છે તો પછી તને પણ એમની સાથે એવું બધું કરવાનું મન નથી થતું કે?

રાજુ : ના..જરાય નહીં. બા-બાપુજીએ કહ્યું છે કે ભગવાન હંમેશ આપણી પ્રાર્થના સાંભળે છે અને રોજ તું ભજનો સાંભળીશ અને ગાઈશ તો...આ જન્મ તો આપણો આવો ગયો છે પણ...આવતે જન્મે ચોક્કસ જ આવી બધી તકલીફોમાંથી મુક્ત થવાશે જ.

પલ્લવી : તારા ગરીબ મા-બાપે સારા સંસ્કાર આપ્યા છે તેથી જ તું સારો છો.

રાજુ : અને ભગવાને મારી રોજની પ્રાર્થના સાંભળીને....તમને મારી પાસે કેવાં મોકલ્યાં છે?

પલ્લવી : તું કયા મંદિરમાં જાય છે, કયા ભગવાનનું એ મંદિર છે?

રાજુ : આમ તો એ રામચંદ્રજીનું મંદિર છે..પણ એમાં તો બધા જ ભગવાનની મૂર્તિઓ છે.-રામચંદ્રજી, હનુમાનદાદા, કૃષ્ણ ભગવાન, ગણપતિદાદા, અંબામા વગેરે બધાની જ !

પલ્લવી : એમ તો..તો ..તને રામચંદ્રજીનું ભજન આવડતું જ હશે!

રાજુ : હા...રે...હા..તે તો આવડે જ ને?

પલ્લવી : એમ...તો પછી એ ભજન ગાવાનું શરૂ કરને?

રાજુ : (ખોંખારો ખાઈને)
શ્રી રામચંદ્ર કૃપાળુ ભજમન હરણ ભવન ભયદારૂણમ...શ્રીરામ...

પલ્લવી : અરે...અરે..રાજુરામ! તેં તો કમાલ કરી દીધી તારા ભજનથી...

રાજુ : આન્ટી! રામચંદ્રજીનું બીજું પણ ભજન મને આવડે છે હોં કે...

પલ્લવી : તો પછી...રાહ શેની જુએ છે? શરૂ કર... જલદી...

રાજુ : (ગાવા માંડે છે.)
ઠુમકચલત રામચંદ્ર બાજત પૈંજનિયા
કિલકી કિલકી ઉઠતધાયગીરત ભૂમિ લટપટાયે
ધાયમાત ગોદ લેત દશરથકી રનિયા
ઠુમક ચલત રામચંદ્ર બાજત પૈંજનિયા...

પલ્લવી : ભાઈ વાહ! આ..તો પિકચરનું ગાયન છે અને લતાજીએ ગાયું છે. એમનાં જેવી જ મીઠાશ તારા ગળામાં છે એટલે તું બહુ મીઠું ગાય છે! આમ તો આ ભજન તુલસીદાસે લખ્યું છે.

રાજુ : અને આવું જ ગાઈને મારી રોજની સાંજ પસાર થાય છે. ભગવાનનું નામ લેવાનું અને મંદિરમાં બેસી ગાવાનું. એને લીધે જ મગજને શાંતિ મળે છે.

પલ્લવી : તું તો ખરેખર બહુ સરસ રીતે જીવે છે. જો કે દુનિયાનાં લોકો તો...ધમાલમાં અને લડવામાં જ જીવન પસાર કરે છે. હજી વધારે ભજન તને આવડે છે?

રાજુ : અરે...શું કહું આન્ટી.. તમને? આખી ચોપડીઓની ચોપડીઓ ભરાય એટલાં બધા ભજનો મને આવડે છે. પણ મારે ચોપડીઓમાં જોઈને ગાવાની જરૂર જ નહીં. બધાં જ મને મોઢે અને મનમાં જ....

પલ્લવી : તારા ભજનો સાંભળીને તો હું તરબતર થઈ ગઈ. હું મનથી અને સંગીતથી સમૃદ્ધ થઈ રહી છું. હવે...તું શાંતિથી સૂઈ જા...અને આરામ કર...હું પાછી આવી પહોંચીશ- સમય મળશે એટલે...અત્યારે તો મારે ઘેર જવું પડશે.

રાજુ : સારું ત્યારે આવજો...(પલ્લવી જાય છે.)
(પલ્લવી પોતાનાં ઘરમાં બેઠી છે. રાજુ બાજુનાં પલંગમાં બેઠો છે અને પલ્લવી એની સાથે પત્તા રમે છે. રાજુ બહુ જ ખુશમાં છે.)

રાકેશ : (બહારથી આવીને) અરે..અરે..પલ્લવી આ શું કરે છે તું...કોની સાથે પત્તા રમે છે..આ કોણ છે..છે કોણ?

પલ્લવી : (ગૂંચવાઈને) આ...આ .. આ તો રાજુ છે.

રાકેશ : (કોઈ સમજ ન પડતાં) રાજુ...રાજુ...એ વળી કોણ છે?

પલ્લવી : (ભારપૂર્વક કેમ વળી..પેલો...જેને એક્સીડન્ટ થયો હતો તે છોકરો...

રાકેશ : (ચિઢાઈને)પણ- તેનું અહીંયા શું કામ છે? એ શું કામ અહીં આવ્યો છે?

પલ્લવી : રાકેશ...હું એને આપણે ઘેર લઈ આવી છું.

રાકેશ : (ચિઢાઈને) અરે....પણ..તું તો એને હોસ્પિટલમાં મૂકી આવી હતી...એને તો ઘણા બધા દિવસો થઈ ગયા છે.

પલ્લવી : હા..હા...ઘણાં દિવસો પહેલા એને ત્યાં મૂકી આવી હતી.

રાજુ : પણ અંકલ...આન્ટી તો મને રોજ જ મળવા આવતા હતાં.

પલ્લવી : અને પછી તો...એની સાથે એવી તો માયા બંધાઈ ગઈ છે!

રાજુ : અને અંકલ...હું તો આન્ટીની રોજ રાહ જોઈને બેસતો હતો.

પલ્લવી : અરે...અરે...રમેશ! હું કહું તને- સૂરજનાં ઊગવાની રાહ જોવાને બદલે આ છોકરો મારા આવવાની રાહ જોતો હતો.

રાકેશ : પણ...હવે એને સારું થયું હોય તો...પછી એને ઘેર મોકલવો જોઈએને?

પલ્લવી : પણ...સારું થયા પછી હું એને છોડી જ શકી નથી.

રાજુ : અંકલ...આન્ટી મને બહુ જ વ્હાલાં લાગે છે.

રાકેશ : કાંઈ નહી..એને થોડા દિવસ અહીં રહેવા દે.. પછી એને ઘેર...

પલ્લવી : પણ...રાકેશ! પેલાં જમુનાકાકી શું કહેતાં હતાં. તે ખબર છે?

રાકેશ : (ચિઢાઈને) એ જે કહેતાં હતાં તે...મારે તેનું કોઈ જ કામ નથી. અત્યારે તો તું થોડું થોડું આ છોકરા પાસે કાંઈક કામ કરાવડાવ. એકલો બેસી રહેશે તો..એને ખાવાનું પચશે નહીં...

પલ્લવી : રાકેશ...જો સાંભળ અને સમજ બરાબર. એનાં પગ ઉપર જ મોટરનું પૈડું ફરી ગયું હતું.

રાકેશ : તો,...શું એ અપંગ થઈ ગયો છે?

પલ્લવી : (જીવ બાળીને) હા... રાકેશ! તારી ભૂલને લીધે સ્તો...

રાકેશ : તો પછી એનાં મા-બાપને થોડા વધારે પૈસા આપી આવ.

પલ્લવી : એનો બાપ તો,..છે જ નહીં અને મા પણ કદાચ.. નથી જ.

રાકેશ : એ રહે છે ક્યાં? હું એને બે-ચાર દિવસ પછી ગાડીમાં એને ઘેર મૂકી આવી શકું.

પલ્લવી : પણ...એનું ઘર તો એવી જગ્યા એ છે કે ત્યાં સૂરજનાં કિરણો પણ પહોંચી શકતા નથી...તેથી તો...

રાકેશ : એમ...એવી તે વળી કઈ જગ્યા છે? અને ..તું ત્યાં કેવી રીતે પહોંચી શકી?

પલ્લવી : એ...તો ઝૂંપડામાં રહે છે. જ્યાં આજુબાજુ ગંદકી જ હોય છે.

રાકેશ : અરે..! અરે...આપણને કેટલી બધી જાતનાં જર્મ્સ લાગી જશે. આવાને અહીં લાવી છે તેથી...!

પલ્લવી : રાકેશ... રાજુ હવે આપણું કિરણ થઈને પ્રકાશશે.

રાકેશ : (ચિઢાઈને) એટલે...કાંઈ સમજયો નહીં.

પલ્લવી : હું તને પહેલાં એજ કહેવા માંગતી હતી કે જમુનાકાકીએ કહ્યું હતું કે- જીવનમાં એકાદ બાળક તો હોવું જ જોઈએ.

રાકેશ : (ગૂંચવાઈને) હા...હા... તે તો ખરું જ છે. પણ..અત્યારે તો કહેવાનો કોઈ જ અર્થ નથી.

પલ્લવી : એ કહેવાનું અત્યારે જરૂરી છે જ. જો...એ જમુનાકાકીના શબ્દો તેમજ તારાં બા-બાપુજી, મંજુમાસી તેમજ રંજન કાકા વગેરેનાં વચનો- મારા મનમાં પડઘાયા જ કરતાં હતાં અને પછી એકદમ જ મારામાં મમતાની સરવાણી ફૂટી- રાજુને અવારનવાર મળવાથી.

રાકેશ : ઓહ...તો...તો સારી વાત છે. તો પછી ક્યાં સુધીમાં નાનું બાળક આવશે?

પલ્લવી : (ખુશ થતાં) ક્યાં સુધીમાં શું...તમારી સામે જ તો છે. આ રહ્યું એ બાળક...

(રાજુ સામે હાથ કરીને-રાજુ હસતો ખુશ થતો બંનેની સામે જુએ છે.)

રાકેશ : (ચિઢાઈને) પલ્લવી શું વાત કરે છે? સાચા અને સ્પષ્ટ શબ્દોમાં મને સમજાવ, બરાબર...સમજુ તો ખરો...કે...

પલ્લવી : આ...જ રાજુ...એ આપણા આકાશને વિસ્તારશે.

રાકેશ : (ગૂંચવાઈને) અરે...અરે...પણ આ તો અપંગ છે!

પલ્લવી : હા...રાજુ ભલે અપંગ હશે- પગથી પણ...એ આખુંય આકાશ એના ખભે ઊંચકવાની શક્તિ ધરાવે છે.

રાકેશ : (ચિઢાઈને) શું...ગાંડી ગાંડી વાત કરે છે, પલ્લવી?

પલ્લવી : રાકેશ....તું નહીં સમજી શકે એ બધું. આ... તો જ્યારે મમતાનો દરિયો ઘૂઘવવા માડે ત્યારે કિનારા ઉપરની રેતીનું તો ગજું જ નથી એની સામે ટકવાનું કે ઊભા રહેવાનું. જો...રાકેશ... હવે તો મારા મનને પાંખો ફૂટી છે. દેખાય છે તને?

(પલ્લવી પોતાની જાતને બતાવીને કહે છે.)

રાકેશ : જો...પલ્લુ..થોડો તો વિચાર કર. થોડા વધારે પૈસા આપી દે એની માને કે એના કોઈ સગાને. આવું અપંગ કાંઈ આપણું બાળક હોઈ શકે?

પલ્લવી : બરાબર સાંભળ...મન અને હૃદયથી અપંગ માણસો તો આપણી આસપાસ ફરતા જ હોય છે. પણ...એમની અપંગતાને આપણે જોઈ શકતા નથી. અને જો..ઈશ્વરની કૃપા હશે તો...'પંગુમ્ લંઘયતે ગિરિમ્' - એવું સંસ્કૃત ભાષામાં કહ્યું છે ને તેવું જ થશે... હો કે અને રાકેશ! જો... જો... મોઢું... ધ્યાનથી અને ભાવથી જોઈશ તો...તને દેખાશે એનાં મોઢા ઉપર અસંખ્ય શક્તિઓની રેખાઓ.

રાજુ : આન્ટી..આન્ટી...અંકલ કેમ આવું બધું બોલે છે?

પલ્લવી : હા...રે...હા...પણ હવે આન્ટી નહીં..પણ શું કહેવાનું બેટા?

રાજુ : હા..હા..હવે તો મમ્મી...મમ્મી...ખરું ને?

પલ્લવી : હા...રે...હા...સાચું. ચાલ અત્યારે તારું કોઈ સરસ ભજન સંભળાવ. અંકલને એટલે પછી એ મજામાં આવી જાય.

રાજુ : હા... ચોક્કસ... મને ગમતું ભજન છે જે મંદિરનાં શાસ્ત્રીજીને પણ બહુ ગમે છે તે ભજન ગાઉં?

પલ્લવી : હા...હા...તો પછી એ જ ગાને?

રાજુ : (ગાય છે-ખોંખારો ખાઈને)
પાયોજી મૈને રામ રતન ધન પાયો
વસ્તુ અમૌલિક દી મેરે સતગુરુ
કીરપાં કર અપનાયો...પાયોજી મૈંને...

રાકેશ : (આંખો બંધ કરીને ડોલે છે.)

રાજુ : મમ્મી... અંકલ... શું કરવા બેઠા... ડોલવા માંડ્યા કે?

પલ્લવી : એ તો એકદમ તલ્લીન થઈ ગયા અને આ ભજન સાંભળી ઈશ્વર સાથે એકાકાર થયા છે.

રાકેશ : રામરતન...રામરતન..રામરતન પાયો....

પલ્લવી : રાકેશ... શું ધ્યાનમાં બેસી ગયો કે...સંભાળ... સંભાળ... જોજે.. પડી ના જાય... ડોલવામાં... ભજન સાથે.. ચાલ... રાજુ આપણે એમને પથારીમાં સુવડાવી દઈએ.

રાજુ : હા... ચાલો... એક બાજુથી હું પકડું છું.

પલ્લવી : ધીમે... ધીમે... બસ... (સુવડાવી દે છે- પલંગમાં)

(થોડા દિવસો પછી- રાકેશ હાથમાં બધો સામાન લઈને આવે છે સાથે માણસ પાસે ઊંચકાવીને પણ...)

પલ્લવી : અરે...અરે..રાકેશ! શું લઈ આવ્યો...આટલું બધું અને તે પણ માણસ પાસે ઊંચકાવીને લાવવું પડ્યું? એટલું બધું વધારે શું છે.

રાકેશ : આ...તો ટેપરેકોર્ડર લાવ્યો છું...રાજુ માટે...

પલ્લવી : અરે... પણ ટેપરેકોર્ડર તો હમણાં થોડા દિવસો પહેલા તો આપણે નવું લીધું છે.

રાકેશ : હા.... એ મને યાદ છે પણ આમાં નવી સિરીઝો ઉપર તેની ઈફેક્ટ બહુ સરસ રીતે ભજનમાં સંભળાય છે. એટલે રાજુને સાંભળવામાં તેમજ સાથે ગાવામાં ઘણી મજા પડશે.

પલ્લવી : અને આ બીજા પેકેટ્સ શાનાં છે?

રાકેશ : એ છે ને તે... મોટા મોટા ગાયકોની ભજનની કેસેટ્સ છે.

પલ્લવી : (ખુશ થઈને) એમ કે... આટલી બધી આણી છે? લાવ તો જોઉં તો ખરી...કંઈ કઈ છે તે...(ખોલીને જુએ છે.) અરે ...અરે આ તો અનુપ જલોટાની છે અને સાથે એમના પિતાશ્રી પુરુષોત્તમ જલોટાની પણ..આ બીજી હરિઓમ શરણની પણ છે અને બીજી કેસેટ્સના કવિ છે કબીરજી, તુલસીદાસજી અને સૂરદાસ... વાહ... ભાઈ વાહ...રાકેશકુમાર... તમે તો કમાલ કરી દીધી..એકસાથે આટલી બધી કેસેટ્સ આણીને...આ જોઈને રાજુ તો ગાંડો ગાંડો થઈ જસે...હા!

રાકેશ : બસ... બસ... એને ગમે એટલે મજા આવી જાય. કેવો તલ્લીન કરી દે છે આપણને એનો સંગીતથી...ઈશ્વરે એનાં ગળામાં વાસ કર્યો લાગે છે એ ક્યાં છે?

પલ્લવી : એ છે ને તે એનાં ગુરુજી પડ્યા હતા તેથી એમની ખબર જોવા ગયો છે. આવશે એટલે એને આ બધું બતાવીશ.

રાકેશ : હા... હા... એ તો સંગીતની દુનિયાનો સિતારો થઈ જશે- હવે આ બધું પામીને..એ આવે ત્યારે આપણે સાથે જ જમીશું.

પલ્લવી : હા...રે...હા..આપણને એવી કાંઈ ઉતાવળ નથી.

(બહારથી બે માણસો આવે છે)

પલ્લવી : આપ કોણ છો? આપને કોનું કામ છે ભાઈઓ?

આગંતુક : નમસ્તે બહેનજી. મુઝે પંડિત રાજેન્દ્ર રાકેશ પલ્લુજીકા દર્શન કરના હૈ! વે યહાં હી રહેતે હૈં ન?

રાકેશ : હા...યહાં હી રહેતે હૈ લેકિન અભી વે બહાર ગયે હૈં...

આગંતુક : કભી આયેંગે... ઔર આપ ઉનકે કૌન લગતે હૈં?

રાકેશ : મૈં ઉનકા પિતા હૂં ઔર વે અભી થોડી દેરમે આતે હી હોંગે. બૈઠીયે... ન... આપ દોનો યહાં...

આગંતુક : નમસ્તે પિતાજી- આપ...બહોત નસીબવાલે હૈ ઐસા લડકા પાકર. ઉનકા ભજન સુનતે હી હમ ઈશ્વરકી શરણમેં પહુંચ જાતે હૈં!

પલ્લવી : સાચું છે...ભાઈઓ!

(રાજુ બહારથી આવે છે.)

રાજુ : બાબા...પંડિતજીને મળી આવ્યો. એમની તબિયત હવે સુધારા ઉપર છે. પણ- તેઓ મને આશીર્વાદ આપવા મારી રાહ જોઈને બેઠા હતા. એટલે પછી તો...

રાકેશ : અરે...ભાઈ...તને તો એમનાં આશીર્વાદ ક્યારના મળી ગયા છે. અને મળતા રહ્યા જ છે પણ... રાજુ આ બે જણ તને મળવા આવ્યા છે.

આગંતુક : પાંવ પડું પંડિત રાજેન્દ્રજી...

રાજુ : નમસ્તે ભાઈઓ! શું કામ છે તમને મારું?

આગંતુક : કુછ કામ તો નહીં હૈં... લેકિન...આપકા... ભજન સુન કર હમેં ઈશ્વરકા સાક્ષાત્કાર હો જાતા હૈ ઈસીલિયે આપકે દર્શન કરને કે લિયે ઔર આપ કે પાંવ પડને કે લિયે હમ આયે હૈં વરના... ઔર કુછ કામ નહીં હૈં.

રાજુ : જુઓ... ભાઈઓ... પહેલાં તો પગે પડો મારાં મમ્મી-પપ્પાને કે જેમને લીધે હું જીવી ગયો છું અને આટલે સુધી પહોંચી શક્યો છું.

રાકેશ : અરે...બેટા! સિદ્ધી તો તેં જાતે મેળવી છે તારી મહેનતથી અને તારા તકદીરથી... એમાં અમે કાંઈ જ કર્યું નથી. એટલે પગે તો આ પંડિત રાજેન્દ્ર. રાકેશ પલ્લુજીને જ લાગો... ભાઈઓ!

રાજુ : બાબા... ખરા હકદાર તો... તમે બંને જ છો. કારણ કે હું તો ક્યાં હતો આટલા વર્ષો સુધી... તમે જ મને નવું જીવન આપ્યું છે.

પલ્લવી : બેટા... રાજુ ! આ ભાઈઓ તો... ખાસ તારા જ દર્શન કરવા આવ્યા છે, અમને મળવા નહીં. માટે એમને એમનું કામ કરવા દો.

આગંતુક : પંડિત રાજેન્દ્ર રાકેશ પલ્લુજી... આપ હમેં આશીર્વાદ દીજીયે કી હમ હમારા જીવન આનંદ, સુખ ઔર ઈશ્વરકી કૃપા સે વ્યતીત કર શકે.

રાજુ : ભાઈઓ... મેરા આશીર્વાદ ક્યા કામ કા...? આપ લોગોં કો યદિ આશીર્વાદ લેના હી હૈ તો... ઈશ્વરસે લીજીયે ઔર મેરે માતા-પિતા સે લીજીયે ક્યોંકિ ઈનકે આશીર્વાદ કી વજહ સે તો મૈં યહાં તક પહોંચ પાયા હું !

આગંતુક : યે આપકા બડપ્પન હૈ પંડિતજી... નમસ્તે... હમારા કામ હો ગયા હૈ હમ તો અબ જાતે હૈ... જય સિયારામ પંડિતજી.. જય સિયારામ... ભાઈ ! (બંને ભાઈઓ જાય છે.)

પલ્લવી : ખરા આવી પહોંચ્યા હતા બંને ભાઈઓ.

રાજુ : (ભાવ વિભોર થઈ) આટલો બધો ભાવ મારા ઉપર... બીજું બાકી આટલી બધી તકલીફ લઈને અહીં આવવાની જરૂર શી ?

રાકેશ : અને બીજું કે તારી નામના તો બહુ આગળ વધી ગઈ છે ને એટલે પછી તો...

પલ્લવી : પણ... રાજુ... મને તો તારું નામ નથી ગમતું. રાજેન્દ્ર રાકેશ પછી પલ્લુ શબ્દ સારો નથી લાગતો. તેને બદલે રાજેન્દ્ર રાકેશ કાપડિયા કે પછી શાસ્ત્રી કે પછી પંડિત એવું કંઈક નામમાં આવવું જોઈએ, કારણ પલ્લુ શબ્દ મને બહુ કથોલો લાગે છે. અટકની જગ્યાએ.

રાજુ : (મક્કમતાથી) પણ... મારે તો એ જ શબ્દ રાખવો છે. કારણ પલ્લુ તો મારો આત્મા છે એ શબ્દ વગર મારું જીવન અશક્ય છે.

પલ્લવી : અરે... પણ રાજુ... મારો કહેવાનો મતલબ છે કે પલ્લુ શબ્દ સાવ જ ઠેકાણાં વગરનો લાગે છે. એને બદલે કોઈક બીજો શબ્દ...

રાજુ : (ચીઢાઈને) શેનો વળી કથોલો લાગે ? મારી સામે રહેતા એક માણસની અટક 'મલ્લું' હતી. તો પછી મારી હું 'પલ્લું' રાખું તે યોગ્ય જ છે, કારણ પલ્લવીમાંથી 'પલ્લુ' બન્યું એવું રાજુની જગ્યાએ રાજેન્દ્ર બનાવ્યું પણ રાકેશ નામ તો વચલું બરાબર જ છે પણ..., 'પલ્લુ' વગર મારા જીવનની કલ્પના જ હું કરી શકતો નથી એટલે એમાં ફેરફાર થવાનો નથી જ.

પલ્લવી : સારું... સારું ભાઈ ! તું જબરો નીકળ્યો.. સમજાવવાવાળો ! આમ પણ.. રાજુ... હું અત્યારે જે રીતે ચાલી આવ્યો ત્યારે મેં જોયું કે તારા પગ તો બહુજ સરસ રીતે પડતા હતા. પગની જરાયે ખોડ જેવું લાગે જ નહીં.

રાજુ : મમ્મી ! જયપુર ફૂટ એકદમ જ ફીટ થઈ ગયો છે.

રાકેશ : અરે... ભાઈ... આપણાં પંડિતજી પહાડ જ નહીં ચડે, આકાશમાં ઊડી પણ શકશે અને આપણને પણ સંગીતની સાધના અને એકાગ્રતાથી આકાશ દ્વારા ઉડ્ડયન કરાવી ઈશ્વર સુધી પહોંચાડી દેશે.

પલ્લવી : રાકેશ... આપણે કેટલાં બધા નસીબદાર છીએ નહીં ?

રાકેશ : હા.. હા... સાચું જ છે.

રાજુ : ખરો તો નસીબદાર હું જ કહેવાઉં.

રાકેશ : હા... ભાઈ સાચે જ રાજેન્દ્ર રાકેશ પલ્લુજી... ચોક્કસ...

૨/સી, નાનિક નિવાસ,
વોર્ડન રોડ, મુંબઈ-૪૦૦૦૨૬



સાત ડગલાં આઘેરાં.. (નાટક)

- ડૉ. નિરંજન રાજ્યગુરુ

પાત્રો :

(૧) રંગલો (૨) રંગલી (૩) યમરાજ (૪) યમદૂત–૧ (૫) યમદૂત–૨ (૬) નારદજી (૭)રમેશ (૮) હેતલ (૯) રવજી (૧૦) ચન્દ્રેશ (૧૧) વિમલ (૧૨) વિરલ (૧૩) મહેશ (૧૪) સવિતા

પ્રવેશ :૧

(સ્ટેજ પર રંગલીનો પ્રવેશ, નૃત્ય કરતાં કરતાં ગીત ગાય છે.)

રંગલી : રે તમે ઓરા આવો તો કહું વાતડી રે..
રે તમે પાસે બેસો તો કરું વ્હાલ મારા વાલમા !....
ઓરા આવો તો કહું વાતડી રે.....
(રંગલાનો પ્રવેશ)

રંગલો : એ રે'વાદે.... રે'વાદે.. રંગલી.... અટાણે આવાં ઓરા આવવાનાં ગીત નો ગવાય... અટાણે તો –
સાત ડગલાં આઘેરા તમે રાખજો રે...
રે ભાઈ ! પાળજો રૂડી રીત...
કળજુગ આવ્યો છે આજ કારમો રે..
તમે બચવાનાં ગાજો ગીત....
સાત ડગલાં આઘેરાં તમે રાખજો રે...' જેવાં ગીત ગાવાનાં હોય...

રંગલી : એલા રંગલા ! તુંય શું મંડાણો છો ? આ તો હંધાય સરકારી કારસ્તાન.. એમ કાંઈ કોઈનો હાથ અડ્યે રોગ ઘરી જાય આપણામાં..?

રંગલો : રંગલી....રંગલી... તને ખબર્ય નથી... આખી દુનિયામાં આ કોરોના નામે મહામારીએ ભરડો લીધો છે.. સાંભળ્ય, આ ગુરુ પૂનમ સુધીમાં આ રોગે સાડા પાંચ લાખથી વધારે માનવ જીવનો ભોગ લીધો છે, હજી દિવાળી લગીમાં કેટલાને ઉપાડી જાશે એની ખબર્ય નથી..

રંગલી : તયેં રંગલા... આપણું શું થાશે ?

રંગલો : રંગલી ! બચી જાવું હોય તો નકામા બહાર નો નીકળવું. શરીર, ઘર,શેરી ને ગામ ચોખ્ખાં રાખવા.. ટોળે વળવું નહીં, બહારનું ખાવું નહીં.. ગરમ પાણી જ પીવું ને આપણા વડવા જે દેશી ઓસડિયાંનો ઉપયોગ કરતા'તા ઈ કરીએ તો આમાંથી બચી જવાય.. સરકાર તો કેટલુંક કરે ?જ્યાં આજ લગી આ મહામારીની દવા જ નથી શોધાણી...

રંગલી : રંગલા ! ઈ તો મને નહીં ફાવે.. મારે તો સરખી સૈયરૂં હાર્યે રાસ લેવા હોય, તારા સમ.. મારા સમ.. કરીને વ્હાલીડાને કોળિયા ભરાવવાના કોડ હોય..

રંગલો : રંગલી..રંગલી...ઈ કોડને હમણેં ધરબી દેજે... સાંભળ્ય ! આજ મુંને એક સપનું આવ્યું'તું

રંગલી : હેં સપનું... કેવું સપનું... કોનું સપનું...? કોણ આવ્યું'તું તારા સપનામાં..?

રંગલો : સપનામાં ?... મારા સપનામાં..? મારા સપનામાં તો આવ્યા'તા નારદજી.. ને જમરાજા પોતે...

રંગલી : મેર્ય મૂવા !.. સપનામાં જમરાજા આવ્યા ..?

રંગલો : ...હા, રંગલી... જમરાજા.... જો તને એની વાત કરું...જમરાજા ને નારદજી શું વાતું કરતા'તા એની...

(પડદો પડે..)

પ્રવેશ : ૨

(સ્ટેજ ઉપર યમરાજા પોતાના સિંહાસન ઉપર બેઠા છે.. બે યમદૂતો સામે ઊભા છે, એને યમરાજા સમજાવે છે..)

યમરાજા : સાંભળો.., તમારાં દોરડાં લાંબા રાખજો, કોઈ જીવ તમને અડી નો જાય એનું ધ્યાન

રાખજો.. ને આપણે દરવાજે હાથ–પગ ને તમારાં લૂગડાંને સેનેટાઈઝ કરવાની વ્યવસ્થા ગોઠવી લેજો.. ને જે જીવને તમે લઈ આવો એને માટે નોખા જ ઉતારાની વ્યવસ્થા કરી નાંખી ? .. સ્વર્ગ કે નરકમાં રહેતા જૂના જીવોને ઈ અડી નો જાય એની સાવચેતી રાખવાની છે..

યમદૂતો : હા, મહારાજ ! એના ઉતારા તો આઘે રાખ્યા છે, પણ આ મહામારીમાં મરેલા જીવ ભાર્યે અટકચાળાં કરે છે.. કોક કોક તો અમારા ઉપર થૂંક ઉડાડે.. કોક કોક માગે છે સારું સારું ખાવાનું.. ને અંદરોઅંદર પણ સખણા નથી રે'તા..

(આ વાતો ચાલે છે ત્યાં નારદજીનું આગમન.)

નારદજી : નારાયણ...નારાયણ..નારાયણ... નમસ્કાર યમરાજ ! અરે ! તમે ને તમારા આ જમદૂતોએ શું વેદ બહારના જૈન ધર્મમાં દીક્ષા લઈ લીધી ..? આ મોઢે મોપત્તી બાંધીને બેઠા છો ?.. હમણાં તો તમારો ધંધો ભાર્યે તેજીમાં છે !..

યમરાજ : આવો..આવો નારદજી ! ના ..ના... ધરમ નથી બદલાવ્યો.. ને આ મોઢે બાંધેલ છે ઈ મોંપત્તી નથી.. ઈ તો છે માસ્ક...મોંપત્તી તો ખાલી મોઢું ઢાંકે.. અમે તો નાક ને મોઢું બેય ઢાંક્યા છે.. ને ધંધો તો તેજીમાં છે પણ....

નારદજી : શું પણ... કેમ અટકી ગ્યા મહારાજ..?

યમરાજ : નારદજી ! કાંઈ કીધા જેવું નથી.. આ મારા બેટા મરતલોકના માનવી !.. એને હવે મોતની કે અમારી બીક જ નથી રહી...!

નારદજી : શું વાત છે મહારાજ...

યમરાજ : ..હા, નારદજી ! હવે તો મારા જમદૂતોય થાકી ગ્યા છે.. મારો પાડોય થાકી ગ્યો..

નારદજી : અરે નો હોય.. મોતની બીક માણસ જાતને મટી જાય ? શું સંધાય સંત થઈ ગ્યા ?

યમરાજ : ના.. ના.. સંત નથી થઈ ગ્યા, વૈરાગ નથી આવ્યો.. પણ , અમારા દૂતો લાંબા દોરડાંથી જીવને આમ ખેંચે ને ધરતીનો ઈન્દ્ર પોતાના દાકતરુંને પાનો ચડાવી ચડાવીને આમ ખેંચે..

નારદજી : મહારાજ.. તમને ખબર્ય છે ? ઈ ઈન્દ્રની સામે ધરતીનો રાહુ નારાજ થઈ ગ્યો છે..?

યમરાજ : નારદજી ! તમે તો ત્રણેય લોકમાં ફરનારા.. પૃથ્વી,સ્વર્ગ,પાતાળ... તમે શું નવા સમાચાર લઈ આવ્યા છો ઈ તો ક્યો..

નારદજી : અરે મહારાજ.. ત્રણ્ય ત્રણ્ય મહિના ધરતીના નવેય ખંડમાં લોકડાઉન... મંદિર,મસ્જિદ,દેવળ,ગુરુદ્વારા બધુંય બંધ.. ને થોડુંક ખૂલ્યું તો ધરતીના દેવી–દેવતા બધાંય મૂંઝાણાં છે..

યમરાજ : અરે વાહ ! બીજું કાંઈ ?

નારદજી : યમરાજ ! આ ધરતીના માનવીથી ચેતવા જેવું છે હો ! એક વાર મારી હાર્યે આવો.. અટાણે આ ધરતીના માનવી કેવી વાતું કરે છે ઈ સાંભળવા જાયીં... હાલો મારી ભેળા..

(પડદો પડે...)

રંગલો : જોયું ને રંગલી.. આ નારદજી ને જમરાજા હવે ઊતરશે હેઠા... આપણી આ ધરતીનો તાગ લેવા..

રંગલી : જમરાજાનું ને નારદજીનું કામ નૈં.. આ ધરતીનો તાગ લેવાનું...

રંગલો : ..હા, રંગલી... રંગલી.. તારી ઈ વાત વિચારવા જેવી હો !

રંગલી : વિચારવા જેવી ?.. રંગલા તનેય વિચાર આવે?..

રંગલો : હવે છાની મુની બેસ્ય ને હાલ્ય આપણેય નારદજી ને જમરાજા હાર્યે નવા સમાચાર લેવા પોગી જાંઈ......

(પડદો પડે.)

પ્રવેશ : ૩

(મોઢાં ઉપર માસ્ક બાંધીને બે યુવાનો અને એક યુવતી બેઠાં છે.)

રમેશ : અરરર... આ કોરોનાએ તો કેર વર્તાવ્યો છે

ને કાંઈ... શું થાવા બેઠું છે આ માનવજાતનું.?

હેતલ : કર્યા ભોગવો.. ભાઈ ! તને ખબર છે ? આ ઉપદ્રવ આપણી માનવ જાતે જ પેદા કર્યો છે.. આપણે આપણી જીવનરીતિ બદલાવી નાંખી, ખોરાક બદલાવ્યા, રીત રિવાજો બદલાવ્યા, આપણી મૂળ સંસ્કૃતિ કે પરંપરાને ભૂલીને પરદેશીઓને રવાડે ચડ્યા.. ચાળે ચડ્યા.. પછી આવું જ થાય ને ?

રવજી : સાચી વાત છે, આપણે જ આપણી મા ધરતીને વખડાના ઘુંટડા પાયા કર્યા છે, ઝેરી દવા ને ઝેરી ખાતર, એમાં ઝેરના પટ દીધેલાં કે પરદેશથી આણેલા બિયારણ વાવ્યાં.. છાણિયાં ખાતર છોડ્યાં, ધરતીના થરેથરમાં ઊભરાતી જીવસૃષ્ટિનું નિકંદન કાઢી નાંખ્યું.. હવે ખબર પડી ?

હેતલ : રવજીભાઈ ! ગાંધારીની જેમ આંખે પાટા બાંધીને ધર્મને તો છોડ્યો પણ અધર્મની આંગળી પકડી, એની આસક્તિમાંથી કોણ છોડાવશે ?

રવજી : છોડાવે કોણ ! આ કાળમુખો કોરોના... (ચન્દ્રેશનું આગમન) અરે ! આવ આવ ચન્દ્રેશ.. લે હેતલ ! આ વિદ્વાન પંડિત આવી ગયા.. એને પૂછી લે..

હેતલ : ચન્દ્રેશભાઈ ! અમે તો અત્યારના કપરા કાળની વાત કરતા હતા, આમાંથી આખી માનવજાતને કોણ બચાવશે ?



ચન્દ્રેશ : આપણા શાસ્ત્રગ્રંથોમાં.....

વિમલ : અરે ! તું ક્યાં શાસ્ત્રગ્રંથોની માંડી બેઠો.. એમાં તો નકરી કપોળ કલ્પનાયું.. શરાપ, આશીર્વાદ ને ચમત્કારો...

ચન્દ્રેશ : ના ભાઈ ! એમાં નકરી કપોળ કલ્પનાયું જ નથી, એનું રહસ્ય આપણે નથી સમજ્યા, પરદેશના કેટલાક વિદ્વાનો સમજ્યા અને ઈ તો આપણાં શાસ્ત્રો માથા ઉપર મૂકીને નાચ્યા'તા.. ઈ ખબર છે તને ?

વિમલ : પણ, આજ તો આ શાસ્ત્રગ્રંથોને લઈને જુદા જુદા ધર્મોવાળા બથોબથ આવે છે..પોતાનો ધર્મ ને પોતાનો જ ધર્મગ્રંથ સાચો, બીજા બધાય સાવ ખોટા એમ કહી કહીને તલવારો તાણે છે...

ચન્દ્રેશ : ભારતીય સંસ્કૃતિ અને દર્શનોમાં આસ્તિક અને નાસ્તિક બેય વિચારોનો સ્વીકાર થયો છે, આસ્તિક એને કહેવાય કે જે વેદનો સ્વીકાર કરતા હોય, વેદમાં માનતા હોય અને નાસ્તિક એને કહેવાય કે જે વેદને ન સ્વીકારતા હોય.. પણ આપણી ભારતીય સંસ્કૃતિમાં તો ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનો કે જે વેદોને નથી સ્વીકારતા એને પણ આવકારીને વિવિધ દર્શન રૂપે સમાવેશ કરવામાં આવ્યો છે.

રમેશ : પણ આ ધર્મે તો નખ્ખોદ વાળ્યું છે.. જ્યાં જોવો ન્યાં..દુકાનું માંડીને બેઠા છે, મને તો કાંઈ સમજાતું નથી કે કયો ધરમ સાચો..!

વિમલ : તો પછી આ ધર્મ–સંપ્રદાયો વચ્ચે આટલી મારામારી અને વિખવાદ શું કામ ?

ચન્દ્રેશ : એનું નામ જ સનાતન ધર્મની સ્વતંત્રતા.. જેને જે દેવી–દેવતાની ઉપાસના કરવી હોય, આરાધના કે સાધના કરવી હોય એની છૂટ..

રમેશ : ઈ બધી ધર્મ–સંપ્રદાયોની વાતું પડતી મેલો અને ઈ વિચાર કરો કે આવી મહામારીમાં આપણને કોણ બચાવે ?

ચન્દ્રેશ : રમેશભાઈ ! આમાંથી બચાવે આપણને શુદ્ધ અને સાત્ત્વિક ધર્મ.. સાંભળો.. આ મહામારી

ફેલાણી કઈ રીતે ? આમાં માણસથી માણસને ચેપ લાગે, નજીક આવવાથી, સ્પર્શ કરવાથી, એનું એઠું–જૂઠું ખાવાથી..

રમેશ : અરે ! કેટલાક તો ક્યે છે હવામાંથીય ચેપ લાગી જાય...

ચન્દ્રેશ : હા.. આપણે પૃથ્વી, પાણી,પવન, અગ્નિ અને આકાશને દૂષિત કરી મૂક્યાં છે..એનું શુદ્ધીકરણ કરીએ તો માનવજાત આ વિનાશક વાવાઝોડાંથી બચી જાય.

હેતલ : આજે આપણે પરાણે પરાણે સેનેટાઈઝરથી હાથ ચોખ્ખા રાખવાનો પ્રયત્ન તો કરીએ છીએ જ ને ! મોઢા ઉપર માસ્ક બાંધીએ છીએ..

ચન્દ્રેશ : હા, પણ ઈ તો પરાણે પરાણે.. પહેલાં આપણા વડવાઓ કોઈપણ ધાર્મિક કે સામાજિક પ્રવૃત્તિ કરતા પહેલાં અંગ શુદ્ધિ માટે ગાયના ગોબર, ગોમૂત્ર, રાફડાની માટી, દૂધ, દહી, ઘી, મધ, તુલસી, બીલી, લીમડો અને એવાં જંતુનાશક અનેક વૃક્ષોનાં પાન, ફળ, ફૂલના ભૂકાનો સ્નાન માટે ઉપયોગ કરતા હતા. ઈતો બધું ભૂલી જ ગયા ને !

વિમલ : ચન્દ્રેશ ! મારા દાદા કહેતા'તા કે આપણી ભારતીય પરંપરામાં વાતાવરણની શુદ્ધિ માટે જ ધૂપ, દીપ, યજ્ઞ, હવન, આરતીનું મહત્ત્વ હતું.

રમેશ : હવન – યજ્ઞ..... !! માનવ જાતને ઉપયોગી કિંમતી વસ્તુઓને બાળીને ધૂમાડો કરવો..!

ચન્દ્રેશ : વાયુને શુદ્ધ કરવા માટે અગ્નિમાં ગાયનું ઘી તથા અન્ય એવી ચીજવસ્તુઓ કે વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવતો કે જે બાળવાથી શુદ્ધ પ્રાણવાયુ મળી જાય.. એ કિંમતી ચીજો–વસ્તુઓનો ધૂમાડો આ જગતની જીવસૃષ્ટિ માટે કેટલો ઉપયોગી છે એની આપણને નવી પેઢીને તો ખબર જ નથી..

રમેશ : પણ આજના વિચારકો ને વૈજ્ઞાનિકો તો આવા ક્રિયાકાંડોને ધતિંગ માને છે!

ચન્દ્રેશ : રમેશ ! તને ખબર નથી, આપણા ઋષિ-મુનિઓ પૂરા વૈજ્ઞાનિક હતા, એમણે આ સૃષ્ટિના પંચમહાભૂત એટલે કે પાંચ અનિવાર્ય તત્ત્વો- પૃથ્વી, પાણી, તેજ, આકાશ ને વાયુની અશુદ્ધિઓ દૂર કરવા અને એના શુદ્ધીકરણ માટે કેટલાં સંશોધનો કરેલાં..

વિમલ : એલા રમેશ ! આજે આ કોરોનાને નાથવા ને હવામાન શુદ્ધ કરવા દુનિયાભરમાં મશીનો લઈ લઈને - જંતુનાશક કેમિકલોના ધૂવાડા કરવા મંડી પડ્યા છે પણ ઈ તો ઉલમાંથી ચૂલમાં પડવા જેવું છે નહી ?

ચન્દ્રેશ : આપણા ઋષિ-મુનિઓ જાણતા હતા કે કઈ કઈ ચીજ વસ્તુઓ અગ્નિમાં બાળવાથી વાતાવરણ શુદ્ધ અને પવિત્ર થાય છે, ઝેરીલા વિષાણુ, રોગકારક જીવાણુ (વાઈરસ-બેકટેરિયા) કે કીટાણુઓનો નાશ કરીને આસપાસના પર્યાવરણને જંતુમુક્ત બનાવી શુદ્ધ પ્રાણવાયુ મેળવી શકાય છે અને અનેક પ્રકારના રોગમાંથી મુક્તિ મેળવી શકાય છે.

વિમલ : તને યાદ છે રવજી ! તારાં બાપા ગામડે કોઈકને અગ્નિદાહ આપીને સ્મશાનેથી પાછા ઘરે આવે ત્યારે તારાં દાદીમા એને ફળિયામાં જ ઊભા રાખીને નાહી લેવાનું કહેતા ને તારા બાપા પાણીમાં લીમડાના પાન નાંખીને નાહ્યા પછી છાણાં ઉપર ઘી અને ગુગળનો ધૂપ લીધા પછી જ ઘરમાં પ્રવેશ કરતા.. ઈ શું હતું ???

રમેશ : સોશિયલ ડિસ્ટન્સ... સોશિયલ ડિસ્ટન્સ... હવે તો થાકી ગ્યો ભાઈ આવું સાંભળી સાંભળીને.. આ મોબાઈલમાં કોઈની સાથે વાત કરવી હોય ને નંબર જોડીએ ત્યારેય પહેલાં તો આ ઉપદેશ જ સાંભળવાનો ??

ચન્દ્રેશ : ભઈલા ! તને ખબર તો છે કે આખી દુનિયા આજ થરથરે છે.. કેટલા ખપી ગ્યા... કેટલા એનો શિકાર થઈ ગ્યા... આ કાળમુખા કોરોનામાં..? ને અત્યારેય દવાખાનાં ઊભરાણાં છે... પથારીયું ઓછી પડે છે,

અરે ! એની સારવાર કરનારા ડોકટરો, નર્સો, સફાઈ કામદારો કે વ્યવસ્થા સાચવવા ચોવીસ કલાક ખડે પગે ફરજ બજાવે છે. લોકડાઉનમાં જેના ધંધા રોજગાર બંધ હતા એને ભોજન દેનારા સેવા સંસ્થાઓના કાર્યકરોય બિચારા કોરોનાના ભોગ બની ગયા. ને તો ય માનવ જાતની આટલી બધી બેદરકારી ??..

(વિરલનું આગમન)

રમેશ : જો આ વિરલ આવ્યો. આવ્ય ભાઈ, બેસ.. ક્યાં હતો અટાણ લગી ?

વિરલ : હું તો અમારી ધર્મ શિબિરમાં ગયો હતો. અત્યારે અમારા સંપ્રદાય ઉપર આપત્તિ આવી છે, કેટલાય વિરોધીઓ અમારી ધાર્મિક માન્યતાઓ વિશે ખરાબ બોલે અને લખે છે...

ચન્દ્રેશ : એલા વિરલ ! તમે વૈષ્ણવ ધર્મ પાળો છો કાં .... વિષ્ણુના અંશ એવા શ્રીકૃષ્ણના ઉપાસકો છો... પણ તમારા વૈષ્ણવોમાંય કોક બોલે જયશ્રીકૃષ્ણ, કોક બોલે જય ગોપાલ, કોક બોલે રાધેકૃષ્ણ, કોક બોલે જય રણછોડ તો કોક બોલે જય જગન્નાથ કે જય યોગેશ્વર..

હેતલ : ચન્દ્રેશભાઈ ! વિચિત્ર વાત તો મને ઈ લાગે કે શ્રીકૃષ્ણના બાળસ્વરૂપને માનનારા અને પૂજનારા કિશોર કૃષ્ણને ન માને, કિશોર કૃષ્ણને માનનારા યુવાન કૃષ્ણને ન માને.. યુવાન કૃષ્ણને માનનારા પૂર્ણ પુરુષોત્તમ યોગેશ્વરને ન માને... કેવી વિચિત્રતા ? આવી કટ્ટરતા માત્ર આ એક જ ધર્મના અનુયાયીઓમાં હોય... પછી એ બીજા ધર્મ–પંથ–સંપ્રદાયની માન્યતાઓને ક્યાંથી સ્વીકારે ?

ચન્દ્રેશ : અધ્યાત્મ અને ધર્મ વચ્ચે ઘણું અંતર છે. અધ્યાત્મ એટલે આત્મા તરફની ગતિ. આત્માને જાણવાની મથામણ, આત્માની ઓળખ કરાવનારી કેડી. જ્યારે ધર્મ, પંથ, સંપ્રદાયો, એની શાખાઓ, એના ફાંટાઓ એક જાતની બાહ્ય વ્યવસ્થા છે, ગોઠવણ છે. જે તે ધર્મના મૂળ સ્થાપક તો અધ્યાત્મપંથના જ પ્રવાસી હતા પણ એમની પાછળની પેઢીઓમાં– શિષ્ય પરંપરા કે વંશ પરંપરાઓમાં જેમ જેમ સંકુચિતતા, કટ્ટરતા અને વ્યાવસાયિકતા આવતી ગઈ એમ ધર્મે ઉદ્યોગનું સ્થાન લેવાનું શરૂ કર્યું.

રમેશ : પણ આજે તો જુદા જુદા ધર્મોના સંતોએ ઉપાડો લીધો છે...

ચન્દ્રેશ : એલા ! સંત કોને કહેવા ? હિન્દુત્વ, બૌદ્ધત્વ કે જૈનત્વના રૂઢિચુસ્ત જડ બંધનોથી મુક્ત અને ઈસ્લામના કટ્ટરવાદથી મુક્ત હોય તે જ સાચો સંત, સાચો ભક્ત, સાચો સાંઈ, સાચો સૂફી. તેની જ્ઞાતિ–જાતિ–ધર્મ–ભાષા–સંસ્કૃતિ કોઈ પણ હોય પણ આત્મજ્ઞાન ને જનસેવા, પિંડશોધન દ્વારા બ્રહ્માંડનાં રહસ્યોના જ્ઞાનની પ્રાપ્તિ અને તે દ્વારા સમાજઉત્થાન માટેની શક્ય તેટલી તમામ સેવા પ્રવૃત્તિઓ કરવી એ જ જેમનું જીવનધ્યેય હોય તેને જ આપણે સંત કહી શકીએ.

હેતલ : સાચી વાત છે – શાંતિ પમાડે એને સંત કહીએ... પણ આજ કહેવાતા સંતો પણ પોતપોતાનો વેપાર માંડીને બેઠા છે.

ચન્દ્રેશ : ખરેખર, હેતલ ! આજે ખમીર, ખાનદાની, ત્યાગ, વૈરાગ, આતિથ્યભાવના, સ્નેહ, ઉદારતા જેવાં તત્ત્વો ધીરે ધીરે નગરજીવનમાંથી વિદાય લઈ રહ્યા છે, મનુષ્ય એકાંગી બનતો જાય છે, તદ્દન છીછરાં–ક્ષુલ્લક મનોરંજન દ્વારા પોતાની માનસિક તાણને દૂર કરવાના વ્યર્થ પ્રયત્નો કરી રહ્યો છે ત્યારે વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અંતર વધતું જાય છે. ધર્મ, જાતિ, પ્રદેશ, ભાષા, કોમ, સંપ્રદાય, પંથ, વિચારધારા, સાહિત્યના વિવિધ વાદ કે ફાંટાઓ, રાજકીય પક્ષો.. એમ માનવ સમાજ વિખરાતો રહ્યો છે. એમાં સમયે સમયે તિરાડો મોટીને મોટી થતી જાય છે.

રવજી : પણ એનો કોઈ ઉકેલ ખરો ?

ચન્દ્રેશ : હા.. આજના યુવાન યુવતીઓમાં જો ત્રણ

બાબતો આવી જાય... એક તો સંપૂર્ણ શારીરિક તંદુરસ્તી– શરીરની સ્વસ્થતા. સુદૃઢતા. બીજું સંપૂર્ણ માનસિક સ્વાસ્થ્ય. વિચારોનું તાટસ્થ્ય, નૈતિકતા, અણીશુદ્ધ ચારિત્ર. હકારાત્મક વલણ. અને ત્રીજું દૃઢ આત્મબળ, જીવમાત્ર પ્રત્યે કરુણા અને પ્રેમની ભાવના, સંવેદનશીલતા. તો ધરમના ધંધા બંધ પડે ને મનુષ્ય જાત ખરેખર માનવ બની જાય. (પડદો પડે.)

પ્રવેશ : ૪

(સ્ટેજ ઉપર નારદજી અને યમરાજા આંટા મારે છે..)

નારદજી : જોયું ને મહારાજ... હજી હાલો બીજી સોસાયટીમાં..

યમરાજ : હા, હાલો.. જોઈ તો ખરા..

(પડદો પડે.)

પ્રવેશ : ૫

(દીવાનખાનામાં એક આદમી છાપું વાંચે છે.)

મહેશ : સાંભળ્યું ! આજથી આખા દેશમાં લોકડાઉન હટે છે પણ ધ્યાન રાખવા જેવું.... ઘરની બહાર નીકળવાનું નહીં... ધ્યાન રાખજે, બહાર નીકળતી નહીં...

સવિતા : હાય ! હાય ! અમારી કીટી પાર્ટીનું શું થાશે? અમે તો બધુંય ગોઠવી રાખ્યું'તું...

મહેશ : તને તો બસ તારી ચોટલા ચોવટની જ પડી છે.. સવાર પડી નથી કે તારાં આયોજનો... આજ તો અમારે ફલાણા મહારાજની કથામાં જાવાનું છે..', 'આજ તો અમારે નારી વિકાસ મંડળની મિટિંગ છે..', આજ તો અમારે હેલ્ધી ફૂડ રેસિપી શિખડાવવાનો કાર્યક્રમ છે..'

સવિતા : તમને એમાં અદેખાઈ આવતી હશે કાં ?

મહેશ : ના, ના, અદેખાઈ નહીં.. દયા આવે છે.. ઘરનાં છોકરાંવને કાચું કોરું, આઠ આઠ દિ'નું ફ્રીજમાં રાખેલું, ગંધાતું વાસી ખવરાવી ખવરાવીને માયકાંગલા જેવા કરી નાંખ્યા છે તોય હજી તારી આંખ્યું નથી ઊઘડતી.. ને બીજી બાયુંને હેલ્ધી ફૂડ બનાવવાની રેસિપી શિખડાવવાનો હરખ માતો નથી.

સવિતા : તો આજથી હવે તમે સારું સારું રાંધીને ખવડાવજોને ! તમારે ક્યાં હમણાં ઓફિસે જાવાનું ને છોકરાંવને ક્યાં સ્કૂલ–કોલેજે જાવાનું છે ? અમે તો અમારી મિટિંગું હવે મોબાઈલ ઉપર ઓનલાઈન કરશું..

મહેશ : ભોગ લાગ્યા મારા !.. (રવજીનું આગમન) અરે ! જો આ રવજી આવ્યો.. આવ આવ રવજી..

રવજી : ગજબ થઈ ગ્યો મહેશભાઈ ! આપણી સોસાયટીમાં રહેતા ડૉક્ટર માંકડસાહેબને ત્યાં એનો દીકરો પરદેશથી આવ્યો ને કોરોનાનો ચેપ લેતો આવ્યો.. ચાર દિવસે ખબર પડી ત્યાં સુધીમાં તો એણે કેટલાયને પરસાદી વહેંચી દીધી હશે.. અટાણે પોલીસ ને ડૉક્ટરોનું ટોળું આવ્યું છે, આખી સોસાયટી સીલ કરી છે, ચૌદ દિવસ કોઈને બહાર નીકળવાની–હળવા–મળવાની બંધી..

સવિતા : હે મારા ઘંટાકર્ણ વીર ! આપણી સોસાયટીમાં કોઈને કોરોના ન આવે તો હું સવા મણની સુખડી ઠેઠ મહુડી આવીને ચડાવી જાઈશ..

રવજી : મહેશભાઈ ! બીજું બધુંય તો ઠીક, પણ કાંઈ જોગ થાય એમ છે ?

મહેશ : શેનો જોગ ?..

રવજી : અરે ભાઈ ! કાંઈક ફાકી–માવાનો.. આ સરકારે તો હદ કરી છે.. પાંચ રૂપિયાની પડીકી આજ પચીસ રૂપિયેય નથી મળતી.. મારી તો નાડ્યું તૂટે છે... કાલે ઠેઠ પંદર કિલોમિટર ગામડે જઈને સંબંધીને ન્યાંથી પડીકાં બંધાવ્યાં તો રસ્તામાં બીજા કોઈ લૂંટી ગ્યા ને ચાર દંડા માર્યા ઈ નફામાં..

સવિતા : હેં રવજીભાઈ ! તમારા મામા જ્યોતિષ જોવે છે તે એને પૂછી જોવોને કે કુંભ રાશિવાળાને ધનલાભ ક્યારે થાશે ?

રવજી : અરે ભાભી ! ધનલાભની ક્યાં માંડો છો ? અટાણે તો જીવ બચી જાય તો ય ભયોભયો..

મહેશ : આ વરસ આકરું તો ખરું હો ! જો ને રવજી... વાવાઝોડું આવ્યું, તીડનાં ટોળાં આવ્યાં, ભૂકંપ આવ્યો, ને આ કોરોના... અંદરોઅંદરનાં યુદ્ધ તો ચાલુ જ છે..હવે તો એક મહાયુદ્ધ થઈ જાય તો કામ થઈ જાય.. બચે એટલા તો નિરાંતે જીવે... પણ આમાંથી કોણ બચાવે ?

રવજી : એમાંથી બચાવે આપણને માનવ ધર્મ.. મૂળ પ્રકૃતિનો ધર્મ... સનાતન ભારતીય ધર્મ.. જે માનવ માનવને સમાન ગણતો હોય.. આવ આવ હેતલ...

(હેતલનું આગમન)

હેતલ : રવજીભાઈ ! શું વાત કરો છો ?

રવજી : હેતલ ! હું તો મહેશભાઈને કહેતો'તો કે – પ્રકૃતિને બચાવો તો પ્રકૃતિ આપણને બચાવે.. આજે તમે ધર્મને નામે પૂજન-અર્ચનને નામે કેવી ચીજો વાપરો છો ? કોલસાની ભૂકીમાંથી બનાવેલી અને વિદેશી ઝેરી કેમિકલોની સુગંધ ધરાવતી અગરબત્તી કે ધૂપસ્ટિક !!!

હેતલ : ને માખી-મચ્છર જેવાં જંતુઓને મારવા ઝેરી કેમિકલમાંથી બનાવેલ સ્પ્રે, ટીકડી, ને અગરબત્તી ..જે વાતાવરણને વધુ ને વધુ ઝેરી બનાવે છે એની ખબર હોવા છતાં ?

મહેશ : એનો કોઈ ઉકેલ ખરો ?

રવજી : હા... છે ને ! આજના સમયે કેટલીક ગૌશાળાઓ શુદ્ધ ઓલાદની ગાયોનાં ગોબર અને પંચગવ્ય (દૂધ, દહી, ઘી, ગોબર અને ગોઝરણ–ગોમૂત્ર)માં કુદરતી સુગંધી પદાર્થો– ગુગળ, લોબાન, કપુર, રાળ ઉપરાંત ચંદન, તુલસી, અગરૂ, મોથ, ડમરો, દર્ભ, દુર્વા, બીલાં, લીમડો, પીપળો... જેવી વનસ્પતિઓનો ઉપયોગ કરીને શુદ્ધ પ્રાકૃતિક ધૂપસળી, અગરબત્તી, સુરભિકા હવન–યજ્ઞ ધૂપ છાણાં, મચ્છર હટાવ અગરબત્તી બનાવે છે, જેમાં કોઈ જ પ્રકારની ઝેરી રસાયણિક ચીજોની મિલાવટ નથી કરવામાં આવતી.. એનો ઉપયોગ તમે કરી જોયો ??

(પડદો પડે.)

પ્રવેશ : ૬

રંગલો : જોયું ને રંગલી....આમ વાત છે...

રંગલી : બચવું હોય તો... નકામા બહાર નો નીકળવું. શરીર, ઘર, શેરી ને ગામ ચોખ્ખાં રાખવા.. ટોળે વળવું નહી, બહારનું ખાવું નહી.. ને આપણા વડવા જે દેશી ઓસડિયાંનો ઉપયોગ કરતા'તા ઈ કરીએ તો આમાંથી બચી જવાય..


રંગલો : હા, રંગલી... રંગલી.. તારી ઈ વાત વિચારવા જેવી હો !

રંગલી : વિચારવા જેવી ?.. રંગલા તનેય વિચાર આવે?..

રંગલો : હવે છાની મુની રે... ને હાલ્ય ગીત ગાઈ લઈએ –

'સાત ડગલાં આઘેરા તમે રાખજો રે...
રે ભાઈ ! પાળજો રૂડી રીત...
કળજુગ આવ્યો છે આજ કારમો રે..
તમે બચવાનાં ગાજો ગીત....
સાત ડગલાં આઘેરાં તમે રાખજો રે...'

'આનંદ આશ્રમ', સંત સાહિત્ય સંશોધન કેન્દ્ર,
ગૌસેવા – ગૌસંવર્ધન - ગૌશાળા,
મુ.પો. ઘોઘાવદર, તા.ગોંડલ,
જિ. રાજકોટ-૩૬૦૩૧૧, મો. ૯૮૨૪૩૭૧૯૦૪




" ચંચળ નારી "
- પ્રિયા પરિયાણી
મો.- ૯૨૬૫૭૧૮૪૦૦


" ચિંતન "
- જસ્મીન દવે
મો.-૯૯૦૯૯૫૫૧૧૭

કાવ્ય સંપુટ



રઘુવીર ચૌધરી
ચંદ્રકાન્ત શેઠ
રાજેન્દ્ર શુક્લ
માધવ રામાનુજ
વિનોદ જોશી
યોસેફ મેકવાન
મનોહર ત્રિવેદી
રાજેશ વ્યાસ 'મિસ્કીન'
હરીશ મીનાશ્રુ
મણિલાલ હ. પટેલ
ધીરેન્દ્ર મહેતા
નીતિન વડગામા
યોગેશ જોશી
ધૂની માંડલિયા
રમણીક સોમેશ્વર
મુસાફિર પાલનપુરી
કિસન સોસા
સતીશ ડણાક
હર્ષદ ચંદારાણા
શિવજી રૂખડા
ગુણવંત ઉપાધ્યાય
બકુલેશ દેસાઈ
દલપત પઢિયાર
સંજુ વાળા
હર્ષ બ્રહ્મભટ્ટ
કૃષ્ણ દવે
અંકિત ત્રિવેદી
હર્ષદ ત્રિવેદી
દિલીપ જોશી
ભાગ્યેશ જહા
ફિલિપ ક્લાર્ક
ગોવિંદ દરજી 'દેવાંશુ'
રાધેશ્યામ શર્મા
રઈશ મનીઆર
અઝીઝ ટંકારવી
રમેશ પટેલ 'ક્ષ'
ઉર્વીશ વસાવડા

કિશોર જિકાદરા
અનંત પટેલ
અનિલ ચાવડા
ભાવેશ ભટ્ટ
ચંદ્રેશ મકવાણા
હરદ્વાર ગોસ્વામી
અશોક ચાવડા 'બેદિલ'
મનીષ પરમાર
સ્નેહી પરમાર
પ્રશાંત કેદાર જાદવ
રમેશ ઠક્કર
ડૉ. એસ. એસ. રાહી
મનીષ પાઠક'શ્વેત'
સતીન દેસાઈ "પરવેઝ"
ભાનુપ્રસાદ પુરાણી
પ્રદીપ સુમિરન
ભસ્માંગ માંકડ "સમ્રાટ"
નટવર આહલપરા
ડૉ. ઈશ્વર સુથાર, 'શિલ્પી'
પ્રફુલ્લ રાવલ
રમેશ પટેલ
મનહર ઠાકર
દિનેશ દેસાઈ
પ્રીતમ લખલાણી
રક્ષા શુક્લ
વિવેક મનહર ટેલર
નયના જાની
ચંદ્રશેખર પંડ્યા
કનૈયાલાલ ભટ્ટ
રમેશ આચાર્ય
ડૉ. ધૈવત શુક્લ, 'આનંદ'
પારસ એસ. હેમાણી
ડૉ. મનોજ જોશી 'મન'
ડૉ. પ્રદીપ આઝાદ
હર્ષિદા દીપક ત્રિવેદી
દીપક ત્રિવેદી
પ્રજ્ઞા પટેલ

ભાવિન ગોપાણી
તેજસ દવે
દર્શક આચાર્ય
રમણ વાઘેલા
ડૉ. મુકેશ જોષી
જયંતિ ધોકાઈ
પ્રશાંત સોમાણી
વિપુલ માંગરોલિયા - વેદાંત
શૈલેષ પંડ્યા 'ભીનાશ'
રેણુકા દવે
ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ',
સંસ્કૃતિરાણી દેસાઈ
વિનોદ ગાંધી
વિનુ બામણીયા 'અતીત'
પ્રતાપસિંહ ડાભી 'હાકલ'
કિરણસિંહ ચૌહાણ
જિગર જોષી 'પ્રેમ'
જિગર ઠક્કર 'ગઝલનાથ'
ઉમેશ જોશી
મધુસૂદન પટેલ 'મધુ'
નટવર હેડાઉ
જિતેન્દ્ર પ્રજાપતિ
બેન્યાઝ ધ્રોલવી
મહેશ દેસાઈ
હાર્દિક વ્યાસ
સ્નેહલ નિમાવત
ભરત વિંઝુડા
યોગેશ પંડ્યા
રવજી ગાબાણી
દિનેશ પોપટ
કુમાર જૈમિનિ શાસ્ત્રી
સાહિલ
અમીચંદભાઈ શા. પટેલ, 'અ'
હરીશ ધોબી
કૌશિક મહેતા



" શહેજાદી "
- જયેશભાઈ જાદવ
મો. - ૯૮૨૫૬૬૯૭૪૨

કન્યાકુમારી

- રઘુવીર ચૌધરી

વિશ્વનાથ તેં કૃપા કરીને નારીને અવતારી,
એક તુલામાં તુંગ હિમાલય શૃંગ ભલે ને
સામે કન્યાકુમારી.
પર્વત પર્વત શ્વેત શિખર થઈ લંબાવે નિજ ભૂજા,
કામરૂપને બંગ કરે તવ ગંગાસાગર પૂજા.
સરિતાનાં શતરૂપ નિહાળું કરું આરતી તારી... વિશ્વનાથ તેં.
રામચંદ્રજી કરે પ્રતિષ્ઠા રામેશ્વરની ન્યારી,
ભૂદેવી સીતાની દૃષ્ટિ શુભમંગલ કરનારી,
પરમહંસના માનસપુત્રે સૃષ્ટિ નિહાળી... વિશ્વનાથ તેં.
સપ્તસિન્ધુથી સારનાથ ને સમેતશિખરે આજે,
વ્રત એકાદશ ગીતા ગાંધી સર્વ ઉદયને કાજે,
પુત્રી, પત્ની, માતા, ધાતા નિત્ય રહે કલ્યાણી... વિશ્વનાથ તેં.
કાલિન્દી-વ્રજ, ચિત્રકૂટ, આ રેવાની હરિયાળી,
વિંધ્યવાહિની, બ્રહ્મવાહિની, શંકર-ગિરા નિરાળી,
એક ચરણ પર કરે તપસ્યા તમને ઉરમાં ધારી...વિશ્વનાથ તેં.

સી-૧૦, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦૦૧૫.
મો. ૯૯૭૪૨૪૨૯૧૦





એક મને ગોઠે છે તારી સાથ !

- ચંદ્રકાન્ત શેઠ

એક મને ગોઠે છે તારી સાથ !
સદા જોઈએ તારો મારા હાથ મહીં બસ, હાથ ! -
ભલે હોય રસ્તા ખરબચડા,
કાંટાળા ને કાઠા;
તારા સથવારે મીઠા એ,
નહીં લાગશે માઠા;
દવ છો તારા ડુંગરિયા પર,
ભરવી એને બાથ ! -
અંધકાર તો કેમ ટકે ?
છે દીવો તારો પાસે;
એમ લાગતું તું ચાહે છે
ત્યાં જ હવે પ્હોંચાશે !
હરદમ મારી અંદર, ક્યાંથી
એકલ રહું અનાથ ?

૯-બી, પૂર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા પર,
અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન: ૦૭૯-૨૬૩૦૦૯૨૮

ગઝલ

- રાજેન્દ્ર શુક્લ

એવાં ય તો મળ્યાં કોક,
અબી બોલા, અબી ફોક !

કાળજામાં કોતરાઈ,
એક અણધારી નોક !

એકીટશે તાક્યા કર્યું,
થાકી આંખો, દુઃખી ડોક !

રાત દિન જાગ્યા કરે,
ઊભી શેરી, ઊભા ચોક !

જીવતાં તો જાણે નહીં,
પછી મૂકે મોટી પોક !

સમ ખાવા યે ન હોય,
મળે ત્યારે થોકેથોક !


છૂટે છૂટું છાઈ ગયા,
હવે કેવી રોકટોક !

એક જેવા લાગે બોય,
જોયા હરખનો શોક !

ભુલાવું ક્યાં સ્હેલું હતું ?
સામર્યા કરે છે લોક !

૨૨/૫૨૯, સત્યાગ્રહ છાવણી,
જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.
ફોન : ૦૭૯-૨૬૮૬૧૭૬૪





સંયમપૂર્વક

- માધવ રામાનુજ

સત્ય, સમય ને સંતોની
અવગણના આમ ન કરીએ
શસ્ત્ર, શાસ્ત્ર ને સમજણમાં
સંયમપૂર્વક સંચરીએ... સત્ય, સમય.

કોણે કર્યું ? લખ્યું કોણે ? ને કોણ, કેમ એ કહે છે ?
શબ્દ શબ્દમાં અગણિત અર્થો ઉકેલવાના રહે છે !
વાણીને નાણીને, પહેલાં અંતરમાં સંઘરીએ... સત્ય.

સદીઓના ઈતિહાસથી અળગી છે પ્રાચીન કથાઓ,
પાવન પ્રભુતા હતી એટલી અઢળક હતી વ્યથાઓ -
કથા-વ્યથાના ભેદ સમજવા થોડી ધીરજ ધરીએ... સત્ય.

સર્જનહારનું તે સંતોનું ઋણ સદાયે રહેશે -
ગમે ના ગમે તોયે એ તો કહેવા જેવું કહેશે !
કરુણાને અજવાળે કાયમ પ્રેમપંથ પર ઠરીએ...

સત્ય, સમય ને સંતોની
અવગણના આમ ન કરીએ,
શસ્ત્ર, શાસ્ત્ર ને સમજણમાં
સંયમપૂર્વક સંચરીએ...

જે-૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ,
શ્રેયસ ક્રોસિંગ પાસે, આંબાવાડી,
અમદાવાદ. મો. ૯૮૭૯૭૬૭૦૦૯

ખેતર ચણી ગયું રે અમને...

- વિનોદ જોશી

ઓલ્યું
ભરચક ખેતર ચણી ગયું રે અમને...
અમે પંખી
લગરીક ચાંચુડીને કાજ ગયા'તા શેઢે દાણો ચણવા,
આખ્ખા
હભળક દઈને ઊંડી ભોંમાં સરી ગયાં !
અમે ખળખળ વહેતાં પતાળપાણી જોયાં.
અમે અમને આલ્લે... સાવ સામટાં ખોયાં,
તરત જ
દીધું ફગાવી આભ અમે જે પહેર્યું.
હવે
અમે અને આ ખેતર,
ખેતર અને અમે;
આ ખેતર અમને ચણી ગયું.
ઘડી પછી આ પાંખો ઢીલીઢફ !
ઘડીમાં ખરી ગયું પીંછાંની માફક દરિયા-ડુંગર સઘળું !
જોયું ઝબાક -
ત્યાં તો
ભરી પાંખમાં ખેતર
આઘ્ઘે ઊડ્યું જાય રે આભ...
આઘ્ઘે ઊડ્યું જાય રે...

'પ્રયાગ' ૩૨, શ્વેતકલમ સોસાયટી,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૧.
મો ૯૮૨૫૯૮૯૭૩૭



આપણાથી એક નવી સવાર !

- યોસેફ મેકવાન

હાથ લંબાવો જરા
તો આ રહ્યું વૈકુંઠ
હાથથી સ્પર્શી શકો બસ એટલે
જન્નત ભલા !
શું તમે શોધી રહ્યા છો સ્વર્ગને ?
(એમ કરવા જ્યાં ગયા ઊભું કર્યું ત્યાં નર્ક ને !)
સાચું કહું તો --
છે બધું કેવલ તમારા શ્વાસમાં ઉચ્છ્વાસમાં !
કેટલું છે પાસમાં !
ના તમે જોશો ઉપર ઓ દોસ્ત,
છે ઉપર તો ખાલી માત્ર આસમા !
વર્તમાન તમારે જીવવો જો હોય --
તો સાંભળો...
દેશ જેવું, વેશ જેવું, ના કશુંયે કલ્પો તમે --
જુઓ... જંગલો જુઓ રહ્યા જીવી
વૃક્ષો પરસ્પર છે ભળ્યાં
સરહદ ક્યાં વરતાય છે !
નિત્ય લીલી શાંતિ ત્યાં લહેરાય છે !
ચાલો, જંગલ થઈએ આપણે...
જંગલ ન મારે કોઈને
કોઈના યે પ્રાણ એ તો ના હરે,
બસ એ જ તો જીવે ખરે !
એવી શાંતિ આપણામાં પણ વહો...
કોઈ પર ના કોઈનો અધિકાર હો
માલિકીનો યે નહીં રે ભાર હો,
બસ, આપણાથી એક નવી સવાર હો !
લોભ,લાલચ, ભૂખમરીની વાત ના
ના એવી કશી હો યાતના
ભાઈચારો હો સહુ સંગાથ
છે પરસ્પરની અમૂલી જાત...
વહેંચવા હા આ ભાવ આવો
તો આ રહ્યું વૈકુંઠ
હાથથી સ્પર્શી શકો બસ એટલે
જન્નત ભલા !
આશા મને છે એટલી કે
ક્યારેક ખીલવશો આવી સવાર !
હાથ લંબાવો જરા...

૩૦૨, એન્જલ ડિવાઈન, સંતકબીર સ્કૂલ સામે,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯.
મો. ૯૮૨૪૧૭૬૬૭૫

બાપુનું સ્મરણ

- મનોહર ત્રિવેદી

ઓગણીસસો એકાણુ છ માર્ચ
પૂર્વાહનની ધીમી પડતી
લથડતી અટકતી ગતિ
સમય પારખી
શાંતચિત્તે લીધી વિદાય
પોતાના પડછાયાસમેતનો દેહ
ચિતાને સોંપી
વિલુપ્ત થયા
નિર્ભાર
એવો એક દિવસ વીત્યો નથી
અમે તમને કોઈને કોઈ નિમિત્તે સ્મર્યા ન હોય ઉત્કટતાથી...
તમારી અવ્યક્ત ઇચ્છા
આજ્ઞા બની
અમારા હાથ-પગને સક્રિયતા આપતી
ભૃકુટિનાં તીર વીંધે...
એ તૉર
એ તપારો
બાળેજાળે તે પહેલાં...
પોતાનાં પછવાડે રાખી
બીજાંઓનાં આગળ કરતા પીડાદુઃખ દ્વિધા
તેમ છતાં --
બધું
બધ્ધું યે ભુલાવી દે
નિર્મળ ખળખળ વહેતા ઝરણા જેવું
એ પ્રચંડ પ્રસન્નકર હાસ્ય
નિર્દંશ ઠૉળઠહાકા
વાત માંડવાની ઢબછબ
એની અનેકાનેક આવૃત્તિઓ
હોય તો પણ તરોતાજા
એ બધી હળવાશ ભારઝલ્લી થઈ જાય છે
જ્યારે પાછલાં વરસોમાં અમે કરેલી તમારી વારંવારની
અવગણના...
વધુ તો ત્યારે કે જ્યારે એવી સર્વ વાતોને તમે અવગણેલી
નિઃશબ્દ
નમેલી આંખે અમારી હા -માં હા ભણેલી !

૨૦, શિવહરિ રો-હાઉસ, ગ્લોરિનાવેલી સામે,
કનકપુર હાઉસીંગ રોડ, સચિન,જિ. સૂરત-૩૯૪૨૩૦.
મો. ૯૩૨૭૭૩૯૦૬૮



ગઝલ

- રાજેશ વ્યાસ 'મિસ્કીન'

અહીં હરકોઈ વિખરાયેલું વિખરાયેલું જીવે છે,
ઉપરથી સ્વસ્થ લાગે છે ને ડહોળાયેલું જીવે છે.

બધે આદર્શ ને મૂલ્યોના સેમીનાર ને વાતો,
નથી ચર્ચા થઈ જે એજ ઢંકાયેલું જીવે છે.

હટાવી દો બધા પરફ્યુમ તો બેભાન થઈ જશો,
અહીં સૌ ખૂબ રંધાયેલું - ગંધાયેલું જીવે છે.

ખરેખર મૌન પણ એનું ઉકેલી આપશે ગુંચો,
પરમ સાથે જ જીવન જે પરોવાયેલું જીવે છે.

ફક્ત બે શબ્દ તારા ખીલવી દેશે જીવન એનું,
સમય સંજોગની વચ્ચે જે મુરઝાયેલું જીવે છે.

ફરે છે દેશમાં પરદેશના એ વસ્ત્ર પ્હેરીને,
પિતાને પૂછજો કેવુંક વ્હેંચાયેલું જીવે છે.

ગઝલ આ ખૂબ લાંબી થઈ જશે અટકાવ તું મિસ્કીન,
બધા નોખું છતાં સરખું જ ભજવાયેલું જીવે છે.

બં. નં. ૧, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૪૨૬૫૯૪૯૩૯

વટેમારગુ

- હરીશ મીનાશ્રુ

ગોતી ગોતીને અમે થાક્યા રે
ક્યાંય નથી જડતાં અમારાં ઉપમાન રે
અમે ઉપમા વછોયા વટેમારગુ

નથી પદ કે ક્રિયાપદનું ભાન રે
ગુમ થયાં શગતળિયાં સાથે ઉપાન રે
અમે પગથી - વછોયા વટેમારગુ

કોઈ નથી કરતું ઝરૂખડે ઝૂકીને ઝૂરી ઝૂરી અમારાં અનુમાન રે
એકલા અટુલા અમે ઊભા કે દર્પણમાં દીઠી પરછાંઈ ઓરમાન રે
અમે ઘરવટનું શીદ કર્યું પારખું
અમે સગપણ - વછોયા વટેમારગુ

કોડિયે ઉજાસની બે પાંદડી ખીલીને ખરી, છાયા ધ્રુજે ભીને વાન રે
ખડિયામાં અજવાળાં ખાંડ્યાં ને તો ય હજી આવી ના શબદુની સાન રે
કેમ કોતરવું કાગળિયે કાળજું
અમે અખ્શર-વછોયા વટેમારગુ

આ પા કપાયેલી પાંખે પારેવડું ને પેલી પા ખંડિત વિમાન રે
કાસદને ઝીણી મૂંઝારી કે આભ મહીં ક્યાંય નથી આંક્યાં નિશાન રે
પતાકડું ઉડાડ્યું આજ છેલવારકું
અમે સમજણ-વછોયા વટેમારગુ

ખલકતના નામે આ ખાલીપે ફાટફાટ સૂસવતાં મનનાં મેદાન રે
માણસ હોવાનાં મળ્યાં એવાં વરદાન નથી ઓળખતો એ કે ભગવાન રે
પડ્યું ભૂલું જો નકશામાં આયખું
અમે અટકળવછોયા વટેમારગુ

બત્રીસે કોઠે કૈં ચાંપ્યા પલીતા કે તેડવાને આવ્યાં સમશાન રે
સપનામાં દીઠા શરાધિયાના દા'ડા કે વાયસને પીરસ્યાં પકવાન રે
કોણ મોભારે બેઠું થૈ પારકું
અમે અંજળવછોયા વટેમારગુ

૯/એ, 'સુમિરન', સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ,
બાકરોલ ૩૮૮૩૧૫, જિ. આણંદ.
મો. ૯૮૨૪૫ ૧૧૯૬૧





મારું વ્હાલું ગામ

- મણિલાલ હ. પટેલ

હું ક્વોરન્ટાઈન થઈને પાછો આવ્યો છું,
માસ્ક બધા ઉતારી દઈને પાછો આવ્યો છું.

શહેર જવાની હઠ છોડી મેં કાયમ માટે
માટીનું ઘર મનમાં લઈને પાછો આવ્યો છું.

ખડકી ખોલોઃ હું જ તમારો ઉડાઉ દીકરો
અઢળક ઠોકર ખાઈને પાછો આવ્યો છું.

બે જોડી કપડાંને ટંકે એક રોટલો ભલો
હું જીવતર જાણી લઈને પાછો આવ્યો છું.

તળાવ સાથે ખેતર વૃક્ષો પાદર છલક્યાં
હું સ્મરણો ભીનાં લઈને પાછો આવ્યો છું.

મને જોઈને મલકી ઊઠ્યાં ચોરો, શેરી, રસ્તા,
હું જાત બચાવી લઈને પાછો આવ્યો છું.

મેં વર્ષો સુધી ગામ જવાની હઠ છોડી ના
હું સમજણ સુખની લઈને પાછો આવ્યો છું.

સહજ બંગલો, બાકરોલ રોડ,
વલ્લભવિદ્યાનગર-૩૮૮૧૨૦.
મો. ૯૪૨૬૮૬૧૭૫૭

પૂતળાં

- ધીરેન્દ્ર મહેતા

આ પળે થતું,
આવું તે હોય !
ને વળતી પળે થાય,
આવું તો હોય..

૨

આ બે પળોની વચ્ચેના અંતરાલમાં
લમ્બાતી રહે મારી સફર...
અવનવા વિસ્તાર વટાવે...
સમય એને જોયા - ન જોયા કરે...
નજર પર્વતો ચઢે
ઘડીકમાં
તળિયે ઊતરે
મેદાને ફેલાય
કૂદે શિખરશિખરે
ને પછી
અહીં
સ્થિર થઈ ઊભાં પૂતળાંમાં ખોડાય..
પેખનારને એનું જોણું થાય.
આવું તે હોય !
હા, આવું તો હોય !

૩

દર્શક એને ફ્લેશને અજવાળે જુએ,
કેદ કરે,
લઈ જાય;
પણ પૂતળાં તો ત્યાંનાં ત્યાં...
ને આગળ વધે સમય,
કોઈના દોરીસંચાર વિના...

૪

રોજેરોજ પ્રવાસી જુએ
વચગાળામાં રોપ્યા
મૃત સમયને,
પણ રોકે નહીં પ્રવાસ,
આગળ વધે,
આગળ નીકળી ગયેલા સમયનું પગેરું શોધે.
પણ પ્રવાસ પૂરો ન થાય,
ન એ ક્યાંય પહોંચે,
પહોંચે તો પહોંચે પૂતળાં આગળ !
આવું તે હોય !
આવું તો હોય !

"જીવનછાયા", હોસ્પિટલ રોડ,
પંડિત દીનદયાળ ઉપાધ્યાય માર્ગ,
ભૂજ (કચ્છ)-૩૭૦૦૦૭. મો. ૯૮૦૦૧૧૦૨૫



હરિયાળી

- નીતિન વડગામા

આંખોમાં આંજી હરિયાળી !
એક-એક અંગમાં મ્હોરે છે જાણે કે લીલપવરણી કૈંક ડાળી !
કોણ અહીં આવીને ધરતીથી આભ લગી
લીલી આ જાજમ લંબાવતું ?
કોણ પછી વહેતાં આ ઝરણાંનાં ઝાંઝરથી
પથ્થરના પગને પંપાળતું ?
સચરાચર સઘળુંયે મ્હેંક મ્હેંક થાય જાત આખીયે એમાં ઓગાળી ?
આંખોમાં આંજી હરિયાળી !
પાણી પણ કેવું થઈ જાય સાવ લીલું
આ પ્હાડોના પડછાયા ઝીલી !
રંગ અને રાગ થાય ભેગાં ને એ જ પળે
નજરું થઈ જાતી રંગીલી !
વ્હાલમની વાટ જોઈ કોઈ અહીં બેઠું છે વર્ષોથી ઢોલિયો ઢાળી !
આંખોમાં આંજી હરિયાળી !

'તાંદુલ', ૨, સ્વાતિ સોસાયટી,
આત્મીય કોલેજ પાછળ, કાલાવડ રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૮૦૦૦૦૦૦૨૦૭


ઊડણ ચરકલડી

- યોગેશ જોશી

દીકરીને
સાસરે વળાવી
પછી
ઘર
સાવ ખાલી ખાલી
સૂનું સૂનું લાગતું
ત્યાં
બારીમાંથી
ઊડી
આવી
એક
ચકલી,
એની ચાંચમાં
ઝીણકી સળેકડી
ને પાંખમાં
આખુંય આકાશ !

બી-૩૦૩, અર્જુન ગ્રીન્સ, મેનારવ હૉલ પાસે,
ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૪૨૭૬૦૯૮૨૫





શ્વાસનો ફોટો

- ધૂની માંડલિયા

સ્પર્શનો નકશો બનાવી મોકલું છું હું તને,
ટેરવાં સઘળાં છપાવી મોકલું છું હું તને.

હાથથી છૂટી પડેલી રેખનો પત્તો નથી,
જોષ અંદાજે લખાવી મોકલું છું હું તને.

છો નસીબે હોય અંધાપો, એ મને મંજૂર છે,
આંખને બેહદ રડાવી મોકલું છું હું તને.

શબ્દ સૌ હિજરત કરીને ક્યાં ગયા ? કોને ખબર ?
ચિત્ર જેવું કંઈ સજાવી મોકલું છું હું તને.

જાણ છે ત્યાં બારસાખ જાગરણ ઝૂલતું હશે,
ઊંઘની શીશી ભરાવી મોકલું છું હું તને.

આપવા જેવું કશુંયે ક્યાં બચ્યું છે આમ પણ,
શ્વાસનો ફોટો મઢાવી મોકલું છું હું તને.

૧૭, દેવભૂમિ બંગલો, ઝુંડાલ બસસ્ટોપ સામે,
રીંગરોડ સર્કલ પાસે, સાબરમતી કલોલ હાઈવે,
મુ.પો. ઝુંડાલ, જિ. ગાંધીનગર. મો. ૯૮૭૯૫૦૯૦૧૭

ગઝલ

- રમણીક સોમેશ્વર

પળમાં જીવું, પળને જાણું
બીજું તો ક્યાં છે પરમાણું

લખ્યો લખાવ્યો અક્ષર ફોગટ
મોજ પડે તે સાચો જાણું

વાટ ભાળતાં વરસો લાગે
ઓચિંતાનું આવે ટાણું

મારગ વચ્ચે મળી જાય તો
છેક લગી શા માટે તાણું

સૂર જરા લાગે જો સાચો
ગાયા કરવું મનનું ગાણું

તેં તો મબલખ આપ્યું બાબા
પણ મારું આ ગજવું કાણું

C/o ડૉ. દર્શના ધોળકિયા, ન્યુ મિન્ટ રોડ,
પેરિસ બેકરી પાસે, ભૂજ (કચ્છ)-૩૭૦૦૦૧.
મો. ૯૪૨૯૩૪૨૧૦૦





મહારાણી

- મુસાફિર પાલનપુરી

હર્ષની, ઉલ્લાસની લ્હાણી જ છે,
જિંદગીનો ક્યાં તમે માણી જ છે.

સત્ય કહેવાથી ડરો છો કેમ આમ ?
છે નસોમાં લોહી કે પાણી જ છે ?

ખાસ મરમી હોય એ સમજી શકે,
આ સુગંધો પુષ્પની વાણી જ છે !

કેટલા આવ્યા સિકંદર ને ગયા,
ક્યાં કોઈની ખોટ વર્તાણી જ છે !

જેણે જેણે પણ અહમ્ પોષ્યો દિલે,
એની લંકા ખાસ લૂંટાણી જ છે.

છે બધા પાવન પ્રકારો પદ્યના,
પણ ગઝલ કંઈ ઓર લેખાણી જ છે.

આપ એને લેખિની માનો ભલે,
મારે મન તો એ મહારાણી જ છે.

ચ્હાય છે સૌનો મુસાફિર આમ તો,
પણ તમારો ખાસ બંધાણી જ છે.

"સુકૂન", જૂના ડાયરા, સલીમપુરા પાસે,
પાલનપુર, જિ. બનાસકાંઠા-૩૮૫૦૦૧.
મો. ૮૮૬૬૨૩૬૪૨૧

કોરોના

- *કિસન સોસા*

સદીઓની
સદીઓ પછી
પોતાની સદ્યસ્નાત
પુષ્પ જેવી દીકરીને
અનામય શ્વાસે શ્વસતી જોઈ
રાજી થયો તાત
સૂર્ય !
સદીઓની
સદીઓ પછી
અનેકવિધ નામ સ્વરૂપે
લદાયેલો બોજો
પોતાના સ્કંધ પરથી
દુકુલ સરી જાય એમ
સરી ગયો...!
અસ્તિત્વ અનુભવ્યું
હળવું ફૂલ !
પ્રસન્ન ચિત્ત પૃથ્વી
દીકરી !
પણ આ શું ?
દિશાઓમાં
ક્યાંથી પડઘાયો શબ્દ : 'કોરોના' ?!
રઘવાયો
'કોવિડ-૧૯ વાઈરસ' ગ્રસ્ત
વ્યગ્ર મનુજ ગણ
બોઝિલ ક્ષણ ક્ષણ
ક્યાંથી વિસ્તર્યું 'સંક્રમણ'નું રણ ?
જોતજોતામાં
તંત્ર... યંત્ર... ધમધમતા સર્વત્ર
અવચેતન
અજગર શા સુસ્ત
મહાનગરો,
શહેરો
ગામ...
સૂસવાતો સન્નાટો સરિયામ !
હર સૂ છવાયું વાદળ કાળું
હવામાં લટકતું વિરાટ તાળું !
હરેક શહેરો
અજ્ઞાત ભયે સ્તબ્ધ,
આશંકિત લાચાર..
હિજરતી કીડીઓની લંગાર
ભૂખ ભમે ભેંકાર !
આ 'આસમાની સુલતાની'થી બચવા
ઉગરવા
અદૃષ્ટ અરિને હણવા
કૃતસંકલ્પ જ્ઞાની-વિજ્ઞાની
શ્વેત-ખાખી...
રક્ષિત કવચે આવૃત્ત
પોતપોતાની શાળા... ક્ષેત્રમાં...
પ્રતિબદ્ધ પ્રવૃત્ત !
સંશોધી રહ્યા 'હથિયાર'
જીવનાધાર
જો કે ઘૃણિત વર્ણાશ્રમી ક્રૂરતાએ કે
રંગભેદી હીનતાએ નહીં, પણ આ તો
સ્વરક્ષણાર્થે
અનિવાર્યતા અનુગ્રહિત
માણસ માણસ વચ્ચે
'બે ગજ'ની દૂરતા !
કાશ, જાગી જાય સૂરતા !
સૂર્ય
મધ્યાકાશે
એ જ ઝગારે ઝગતો
અવિચલિત સ્થિતપજ્ઞ
પૃથ્વી પરની આ બધી હિલચાલ
નીરખી રહ્યો નિસ્પૃહ... નિશ્ચળ...
એને ઊંડી પૂરાતન પ્રતીતિ કે,
આદિ-અનાદિ કાળથી
અનેકાનેક અગનઝાળ
અનેકવિધ કરાળ કાળ
સોંસરવી
ક્ષેમકુશળ નીકળી છે
ખંખેરતી તણખા
સાચવતી સમણાં
'કંચનવર્ણી'
દુહિતા
પૃથ્વી
સીતા !

૧૨/૨૧૯૫, પ્રણામી મંદિર પાસે,
સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩.
મો. ૮૮૬૬૩૭૨૯૩૦

ટહુકે ચીતર્યા તડકા

- સતીશ ડણાક

સાવ અજાણ્યા રસ્તા ઉપર છાપ લઈને ટહુકાઓની ચાલ્યા એમ જ,
ટહુકે ટહુકે ચીતર્યા તડકા : તડકા સંગે ચાલ્યા એમ જ.

તમે હથેળી પર ચીતરેલી રેખા જેવું મૂંગું મૂંગું હસતા,
ધીમે ધીમે પાંપણ ધારે ફૂલ પાંદડી ગુલાબની થૈ ઝરતાં;
તમે કાનમાં વાત કરી તે યાદ કરીને ઝરણા જેવું ઝરતાં,
આંખોમાં વહેતા દરિયાની વાત જાણતાં છાનુછાનું હસતાં !
સાવ અજાણ્યા રસ્તા ઉપર છાપ લઈને ટહુકાઓની ચાલ્યા એમ જ,
ટહુકે ટહુકે ચીતર્યા તડકા : તડકા સંગે ચાલ્યા એમ જ.

અમે હવે તો ભરી વસંતે કેસૂડાના રંગ થઈને થીજ્યાં,
ગીચ ખીચોખીચ ગલીઓ વચ્ચે છાયા થૈને સરતાં,
ભીના નગરમાં અમે સમયની વીતી ક્ષણોનો ભાર લઈને ફરતાં,
કૂંપળ ફૂટ્યાની વેળા આવે ક્યારે એની રાહ જોઈને થીજ્યાં !
સાવ અજાણ્યા રસ્તા ઉપર છાપ લઈને ટહુકાઓની ચાલ્યા એમ જ,
ટહુકે ટહુકે ચીતર્યા તડકા : તડકા સંગે ચાલ્યા એમ જ.

૧૮, સયાજી સોસાયટી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮.
મો. ૯૬૮૭૬૦૦૮૪૭





વસંતમાં

- હર્ષદ ચંદારાણા

સઘળાં સ્થળો ફૂલોની દુકાનો વસંતમાં
મઘમઘ નગર-જનોની જબાનો વસંતમાં.

ઊડ્ ઊડ્ ભ્રમર મનનાં, ફટાફટ ખૂલે કમળ
પુરાઈ જાય એમાં જમાનો વસંતમાં

લૈ ઠેક ઢેલડીની, મધુર કંઠ મોરનો -
નર્તન અને ગાન, બાંધી, કમાનો વસંતમાં.

વેણીની અંગડાઈ, ફૂલોની આ દિલ્લગી
બુઢ્ઢા બધાય થાય, જુવાનો વસંતમાં

સુખમય, શીતળ બધુંય આંખોને ઠારતું
ખળખળ ઝરો, ભીતરમાં ખજાનો વસંતમાં.

પિચકારીનો આ રંગ, ને તારી સમીપતા
હર્ષદ બને છે અંતે દીવાનો વસંતમાં.

સેન્ટર પોઈન્ટ, મહાત્મા ગાંધી રો, ૧
પોસ્ટ બોક્સ નં. ૪૬, અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૮૨૫૦૭૫૧૭૫

ફકીરા

- શિવજી રૂખડા

જાત ઘસી ખેરાત કરે છે બેઠાં બેઠાં રોજ ફકીરા,
જગને પણ રળિયાત કરે છે બેઠાં બેઠાં રોજ ફકીરા.

સરખી નજરોના તોરણથી સૌના ઘરને એ શણગારે,
સમતાની સોગાત કરે છે બેઠાં બેઠાં રોજ ફકીરા.


ચોરા વચ્ચે આસન ઢાળી, અખિલાઈને ગજવે રાખી,
પોતાની પંચાત કરે છે બેઠાં બેઠાં રોજ ફકીરા.

શિખરને આંખોમાં રોપી ફરતી પરકમ્મા એ કરતાં,
તળિયા તાગી વાત કરે છે બેઠાં બેઠાં રોજ ફકીરા.

વાત સમયની સામે આવે એને પણ મુઠ્ઠીમાં રાખી,
ક્ષણને પણ સાક્ષાત કરે છે બેઠાં બેઠાં રોજ ફકીરા.

આંખની હોસ્પિટલ પાસે, અમરપરા,
બગસરા, જિ. અમરેલી.
મો. ૯૪૨૬૧૨૬૬૭૮





ગઝલ

- ગુણવંત ઉપાધ્યાય

કોઈ ઘટના ના ઘટે તો ઘાટ ક્યાંથી સંભવે,
અર્થહીણું ચાલવાથી વાટ ક્યાંથી સંભવે ?

છત અને દીવાનખાનું એવું કંઈ કંઈ જોઈએ,
કલ્પના જેવું કર્યાથી ખાટ ક્યાંથી સંભવે ?

રોજ ચમકાવ્યા કરી તલવારને સાધન ગણી,
એ પછી તો મિત્ર મારા કાટ ક્યાંથી સંભવે ?

વસ્ત્ર જૂનું થઈ ગયું કઈ રીત બદલી જાણીએ ?
રોજરોજે વસ્ત્ર મોંઘુંદાટ ક્યાંથી સંભવે ?

મૂલ્ય જાણો એ છતાં એ ચીજને પામો નહીં,
રત્ન સરખાં નૈન હાટોહાટ ક્યાંથી સંભવે ?

નૃત્યમય આખું જગત છે, સાંભળ્યું તો પ્રશ્ન છે,
જાત સહજા ઝળહળે એ થાટ ક્યાંથી સંભવે ?

કોઈ એવું કહી ગયું કે હોંશને સંભાળીએ,
સપ્તસૂરી છે જ મન ખખડાટ ક્યાંથી સંભવે ?!

બી-૫/૬-૭, ઋષભ એપાર્ટમેન્ટ્સ,
એરપોર્ટ રોડ, મુનીડેરી, ભાવનગર -૩૬૪૦૦૧.
મો. ૯૪૨૬૪ ૫૦૧૩૧

વરસાદની પળો

- બકુલેશ દેસાઈ

લમણે લખાઈ આમ તો વિખવાદની પળો
જીવી જુઓ, અષાઢમાં સંવાદની પળો
થોડી ઘણી મને મળી વરસાદની પળો
એને બનાવે કેમ તું ફરિયાદની પળો ?
ડૂમો બની ભીંસી રહી અવસાદની પળો
ચાહું: મળે નસીબમાં ઉન્માદની પળો.
તોફાની આ નદી, વળી વાયુય ગાંડોતૂર
ને એક તું જીવી રહી મરજાદની પળો !
આંસુ ઘરેણું આંખનું... જો એ મિલનનું હો,
જીરવી શકાય કઈ રીતે તે બાદની પળો ?!
તાળીઓ એટલે કે તબાહીનું માવઠું !
ઝરમર સમી મને મળો બસ, દાદની પળો !
ચેરાપુંજી ન જોઈએ મારે જીવનમાં કંઈ,
થોડાક ઈંચ-દોકડા હો યાદની પળો !!

૩૦૧, 'મહર્ષિ', ભરૂચા સોસાયટી,
નવી ઝોન ઓફિસ સામે, નવયુગ કોલેજ પાછળ,
સુરત-૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧૫૨૯૨૩



માટીના વાસમાં...

- દલપત પઢિયાર

આમ તો
અમે ખેડૂત છીએ.
દફતરે જે હોઈએ તે !
ખેતરો છે, વાડી છે, કૂવો છે
પણ કોને કહેવું :
ડૂબકાં ખાતો વશરામ ભૂવો છે !
પિતાજી કહેતા :
'આવડે તો ખેતી, નહીંતર ફજેતી !'
એમણે અમને
મંદિરની સાથે ખેતર પણ ઓળખાવેલું,
એ
જે હાથે કવિતા લખીએ છીએ તે હાથે
તમાકુના પીલા પણ કાઢેલા !
હા, એ લીલા હતા !
આજે
સાંતીડાં છૂટી ગયાં છે,
હલ્લાકડાં તૂટી ગયાં છે !
ખોઈ નાખ્યાં છે ખળાં
અને વગર સૂપડે વર્ષો બધાં સોઈ નાખ્યાં છે !
માટી તો શું,
મિલકતમાં, રેતી પણ રહી નથી !
અમારા પોતાની અંદર
કોઈ પથ્થર, મકાન બાંધી રહ્યો છે,
અમને હવે,
વરસાદ જેવો વરસાદ પણ અડતો નથી !
ખબર નથી,
અમારી આંખોએ છેલ્લે,
ક્યારે ઝાડ જોયાં હશે ?
ઢેફું ઉપાડતાંની સાથે જ જે હથેળીઓમાં
નદી પીધેલું આખું ભાઠું ઝમઝમતું હતું
તે હાથ જૂઠા પડી ગયા છે.
આ પગ
ખેતરથી વિખૂટા પડી ગયા છે.
મારે,
મારા માટીના વાસમાં પાછા જવું છે.

એચ.આઈ.જી.-૯૨૩, સેક્ટર-૨૭,
ગાંધીનગર-૩૮૨૦૨૭.

વિશે વાત ના કર

- સંજુ વાળા

કથાનક 'ને કથણી વિશે વાત ના કર
જીવન છે ભજવણી વિશે વાત ના કર

છે નકલી આ ઊંચાઈ ને અડચણો સૌ
ચડી જા નિસરણી વિશે વાત ના કર

અહીં જાત સુધ્ધાં ય કોને જડ્યું છે ?
અરે દોસ્ત ! નથણી વિશે વાત ના કર

ન દેખાડ પરલોકનાં કોઈ સ્વપ્નો
તું નાહક પદમણી વિશે વાત ના કર

તને જે ગમ્યું એજ તારું યથાતથ
સકરણી, અકરણી વિશે વાત ના કર

સતત છે જે કુંડાના કેક્ટસમાં તલ્લીન
એને સપ્તાપરણી વિશે વાત ના કર

સહુ પોતપોતાની સમજે છે સાઇઝ
ખતા કે ખતવણી વિશે વાત ના કર

એ-૭૭, આલાપ એવન્યુ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.
મો. ૯૮૨૫૫૫૨૭૮૧





વરસે...

- હર્ષ બ્રહ્મભટ્ટ

એની આંખોથી જ્યારે પણ આદર વરસે,
એવું લાગે મેઘો કાચા ઘર પર વરસે !

હોય નહીં આવી મીઠી ધારા વાદળની,
આકાશેથી સીધેસીધું ઈશ્વર વરસે !

મૂળ સુધી તો કોઈ રેલો પહોંચે ક્યાંથી ?
સગપણનાં ચોમાસાં ઉપર-ઉપર વરસે.

રાતોની રાતો તાકીને મેં જોયો છે,
ઘરની છતથી ઝીણોઝીણો જે ડર વરસે.

કોણ કરે ફરિયાદ તડપની, માફ કરી છે,
તરસાવી તરસાવીને પણ આખર વરસે.

તારા હાથોમાં છત્રી જોઈને અટક્યો છે,
'હર્ષ' બિચારો ખુલ્લા મનથી નહિતર વરસે !

"પ્રસાદ", ७४/૯, જગાભાઈ પાર્ક,
રામબાગ ચાર રસ્તા પાસે, મણિનગર,
અમદાવાદ-૩૮૦૦૦૮.

કોરોનાસૂર વધ !!!

- *કૃષ્ણ દવે*

(કોરોના વાઈરસની સામે પોતાના જીવની પરવા કર્યા વગર દર્દીઓની સેવા કરી રહેલાં ડૉકટર, નર્સ, વિજ્ઞાનિકો, સફાઈ કર્મી અને પોલીસને સમર્પિત)

ડૉક્ટર થઈને હરિ અવતર્યા,નર્સ રૂપે મા અંબા
કોરોનાસૂરનો વધ કરવા રણે ચડયા જગદંબા
સેનેટાઈઝર, માસ્ક ઉગામી ધસ્યા અસૂરની સામે
હસ્તે જીવનરક્ષક આયુધ લઈ ઊતર્યા સંગ્રામે
જાણે વ્હેતી ધવલ વસ્ત્રમાં માનવતાની ગંગા.
કોરોનાસૂરનો વધ કરવા રણે ચડયા જગદંબા...
આઈસોલેટેડ વોર્ડ, વોર્ડમાં સાવ અટૂલી ચીસ
એને નવજીવન અર્પે તે જનની ને જગદીશ
જીવન જીતે જંગ, બધાના ફરકી ઊઠે તિરંગા.
કોરોનાસૂરનો વધ કરવા રણે ચડયા જગદંબા...

એ-૨૦ આદર્શ નગર, બોપલ-ઘુમા રોડ,
ઘુમા, અમદાવાદ-૩૮૦૦૫૮.
મો. ૯૪૨૬૫૬૩૩૮૮





ન સમજો એમ કે

- *અંકિત ત્રિવેદી*

ન સમજો એમ કે ઈશ્વર નથી મારું જ સાંભળતો
ખરેખર એને પ્હેલેથી ગઝલમાં રસ નથી પડતો.
બીજાનો હોય તો તો એ સરળતાથી ઉકેલે છે - ,
બધાને દાખલો ગણતા નથી પોતાનો આવડતો.
ભલે આજે કર્યા જુદા, ફરીથી કાલ એના એ,
ખુમારીને અહમ્‌નો ભેદ તો કાયમનો બાખડતો.
મને ભેટીને છાતીસરસો ચાંપી રાખવા માટે,
નથી રસ્તા ઉપરનો ઢાળ પણ એક્કેય દડદડતો.
બને તો નામ મારું આપજો એને જ શોધું છું -,
દુબારા, વાહ ને ક્યા બાત-જેવી દાદમાં મળતો.

'અમૃતમ્' ૭૦૫, સાંઈ સન્નિધિ, જી. બી. શાહ કોલેજ સામે,
વાસણા બસસ્ટેડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૯૧૩૧૯૬૯૬૯

વાંસળી ઉરની

- *હર્ષદ ત્રિવેદી*

બારણું પહેલાં ઉઘાડું,
ને પછી હું સાદ પાડું !!

હાથ હું લાંબો કરું,
ને યાદનાં પંખી ઉડાડું !

એમ હું ઊગું હવે,
પીપળો થઈ ભીંત ફાડું.

આ ઘડીએ આવ અહીંયા,
સ્વાદ અમૃતનો ચખાડું !

છોડ ગઠરી ક્ષણ તણી,
રોમરોમેથી જગાડું !!

તાલ દે હૈયા તણો તો,
વાંસળી ઉરની વગાડું !

એમ છાતી ઉછળે છે,
શ્વાસનું આવ્યું હો ધાડું !

લે, સમાવી લે હવે તો,
ક્યારનો હું પગ પછાડું !

જામ પૂરો દે ભરી,
ને ચૂકવ હોઠોને ભાડું !

*'સુરતા', એ/૧૧, નેમિશ્વરપાર્ક, તપોવન સર્કલ પાસે,
અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર.
મો. ૯૭૨૩૫૫૫૯૯૪.*





નરસિંહને...

- *દિલીપ જોશી*

ગિરા ગુર્જરીની વહાવી છે ધારા
એ નરસિંહને નિત્ય વંદન અમારા

ઊઠે ગુંજ નિશદિન ગિરિકંદરામાં,
બજે કુંડ-દામોદરે એકતારા !

અલખ ઓથ એને પછી ભેદ શાના ?
બધા એક લાગે છે સારા નઠારા !

રચી રાગમાળા રચી રાસ-લીલા,
ભૂલી ભાન પ્હોંચાયું બાવનની બારા !

અહોરાત આનંદ આનંદ ઊછળે,
ભજનરત રહે એ અલખ ન ઉતારા.

નિરંતર એ હૂંડીનો સ્વીકાર થાશે,
સખા શામળા હોય જ્યાં ચાહનારા...

*૨, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટી,
"દિનકર" ફોરેન્સિક લેબોરેટી પાછળ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૪૨૮૨૦૦૨૦૨*

ભાષાનું ક્વોરેન્ટાઈન

- ભાગ્યેશ જહા

એક નગરની વાત છે,
એના સરિયામ રસ્તા પર એક માણસ જતો હતો,
માણસ હતો માટે જતો હતો એમ નહીં પણ એ જતો હતો માટે
માણસ હતો.
લાલઘૂમ જેવો માસ્ક બાંધેલો માણસ,
જાણે શહેરના કોઈ રસ્તા જેવો,
'રોડ અન્ડર રીપેર'
એના કોતરાયેલા કપાળ પર
થાકેલાં વર્ષોની લીલ જેવી ચીકાશ,
અડધા ખોદેલા ખાડા જેવા એના ગાલ,
માસ્ક હોવા છતાં તમે જોઈ શકો
એવો અવાવરું ચહેરો,
થોડા બણબણતા શબ્દો,
કો'ક મજૂરે દોરેલી લીટીઓ જેવા કાન.
બોલો, આવો માણસ જતો હોય એવા
રસ્તા પરથી કવિને કહે,
'ચાલો.'
'કયા જનમના પાપ અમોએ કીધાં છે, રાણાજી,
કોણે અમને વગડા વચ્ચે શાપ દીધા છે, રાણાજી...'
કવિ બોલ્યા.
પણ રસ્તાને થોડો ધક્કો મરાય,





એના ગાલમાં થોડો કક્કો ભરાય,
રસ્તો એટલે અજગરની જાત,
આખો દિવસ ચગદાઈ જાય અને રાતે અમળાય,
કોર્પોરેશનના થાંભલા અજવાળું છાંટ્યા કરે આખી રાત,
આખી રાત કાળી ભેંસની પીઠની જેમ,
અંધારું ઘસ્યા કરે રાત.
સાલો, રસ્તો અજગરની જાત,
રીપેર નહીં થાય.
એક કાચો કોવિદીયો ડોસો આવીને ખાંસે તો
એને લાગુ પડે, કોરોના,
પછી,
એ વેન્ટિલેટર પરથી ઓક્સિજન સૂંઘ્યા કરે,
અને ઊઠીને પાછો આવીને આળોટે,
રસ્તો એટલે રસ્તો,
એ કાયમ રીપેર થવા જ બંધાતો હોય છે.
અને,
આ છોકરી,
જાણે એમ્બ્યુલન્સની સાયરનનો મનુષ્ય અવતાર,
સ્કૂટર અને પવન ના હોય તેમ છતાં
એના વાળ ઊડ્યા કરે,
એક રોડસાઈડ પર બેઠેલા જોશીએ કીધેલું,
એના ઉડતા વાળમાં કાચાં સપનાં ઊડે છે.
ગાડી ચલાવે તો

એમ્બ્યુલન્સનો રોફ રાખે,
જાણે એક બીમાર માણસ અંદર બેઠું હોય,
એવું સંક્રમિત મૌન.
એટલી ઝડપથી ચાલે,
જાણે લાંચ મળી ગઈ હોય તેવી ફાઈલ હોય તેવું લાગે,
આવા નગરમાં તમારે કાલિદાસની નાયિકાની કવિતા
લખવાની હોય તો !
બોલો, કવિએ અહીં રહેવાનું છે,
એક બગીચામાં હવે તંબુ બંધાય છે,
કહે છે, અહીં હવે કોવિડ વોર્ડ બનાવાનો છે,
અને એક પાંચ મહિનાથી નહીં વપરાયેલી
સ્કૂલવાનને એમ્બ્યુલન્સ તરીકે વાપરશું.
એક જ આશ્વાસન છે,
એસીમ્ટોમેટિક ફૂલો હવે માણસની ભાષા સૂંઘી શકતાં નથી,
અને પે'લી સ્કૂલવાનને કોઈ દિવસ શબવાહિની
તરીકે નહીં વાપરીએ એવી બાંયધરી આપવામાં આવી છે.
છેલ્લા સમાચાર મળ્યા ત્યારે,
પે'લો ખાંસતો માણસ 'કોરોના - નેગેટિવ'
જાહેર થયો છે,
પે'લી છોકરી હવે પ્રેમકહાની નામની ફિલ્મમાં
હીરોઈનનો રોલ કરવાની છે,
અને
બ્રેકિંગ ન્યૂઝ છે કે,
કવિની ભાષાએ સ્વેચ્છાએ 'ક્વોરેન્ટાઈન'
સ્વીકારી લીધું છે.

પ્લોટ નં. ૯૨૧/૧,
સેક્ટર-૪-ડી, ગાંધીનગર.





વાત કર

- ફિલિપ ક્લાર્ક

કૈંક તો અપનાવવાની વાત કર,
ખાલીપો છલકાવવાની વાત કર.

શુભરાત્રી બોલી છૂટી જાય ક્યાં ?
ચાંદનીમાં મ્હાલવાની વાત કર.

હોય મન તો લોક જાતું માળવે,
મનને ના તું મારવાની વાત કર !

શક્યતાની છોડ તું ચિંતા હવે,
શુભને આરંભવાની વાત કર.

યાદ આવી ક્યાં બગાડે ઊંઘને ?
સ્વપ્નને શણગારવાની વાત કર.

આમ તો છોને ભીડેલાં લાગતાં,
બારણાં ખખડાવવાની વાત કર.

તે પહેલાં રોમરોમે વ્યાપ તું,
ને પછી તડપાવવાની વાત કર.

હોય છોને આંગણું વાંકું ભલે,
મન મૂકીને નાચવાની વાત કર.

સાવચેતી સાવધાની કાજ તું,
આજ તો ઘર બાંધવાની વાત કર.

દોરડાને મૂક ઠેકાણે અને,
તું ઘડાને કાઢવાની વાત કર.

પ્લોટ નં. ૩૪૨-૨, સેક્ટર-૨-બી,
ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૬૩૫૯૮૩૯૪૬૭

સ્વર્ગીય ટાણું

(મંદાક્રાંતા)

- ગોવિંદ દરજી 'દેવાંશુ'

જાતાં જાતાં પથપર અહો ! સ્થિર ત્યાં થૈ જવાતું,
ટૌકી ટૌકી પરણ પરણે પંખીઓ ગાન ગાતાં (!)
લીલાં લીલાં તરુ છલકતાં મંન મ્હોરે સવાયું !
મીઠી મીઠી મધમધ અહો ! એ સવારોય માણું.
જાણે આખ્ખું જીવતરભર્યું પર્વ-ખુશી મનાવે.
ભારે હૈયે ડગડગ ભરું પાય ગૃહે ન જાયે.

ને કો' રાત્રે ખખડધજ રે ! ઝાડ લીલાં કપાયાં !
જોઉં વ્હેલો નજર પડતાં ભીતરે શૂળ ભોંકે,
ફૂટ્યો કાળો સડકપથ તો દાહ દેહે જ દેતો !
ક્યાં છે પંખી ? કલરવ અહીં ? છાંયડો ક્યાં મજાનો ?
રે'વું ના, ના, પળપણ હવે આ ધરા જાઉં છોડી
બોલી ઊઠ્યું મન તરત ત્યાં 'ઝાડ ઉછેર વ્હાલા !'

ને ઉછેરું હૃદય સભરે ઝાડવાં પ્રિય ભોમે !
ફાલું ફાલું તરુસમ હવે એજ સ્વર્ગીય ટાણું !

સી-૫, તુલસીકુંજ સોસાયટી,
વૈભવ હોલ પાછળ, ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦.
મો. ૯૪૨૮૧૧૮૦૦૭





ક્યાં ગઈ ?

- રાધેશ્યામ શર્મા

ચકલીઓ...
મ્યુનિસિપાલિટીએ તાણી લીધી ?
પ્રદૂષણનાં આભૂષણો પહેરી કૂવે ડૂબી !
વાવ કૂવા તો ખાલી ખોખાંનાં હાડપિંજર
તરુવરોની ડાળો બંગલાની વસ્તીઓ
સાવ સૂમસામ
ચીચી ચીંચીની કિલકારીઓ
બહેરા બુઝુર્ગ
બાપુને સ્પર્શી
કાશી ભણી
નાસી ગઈ
ખરેખર ?

૨૫, ભુલાભાઈ પાર્ક,
ગીતા મંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.
ફોન: ૦૭૯-૨૫૩૩૨૫૦૦

ગઝલ

- રઈશ મનીઆર

દિવસોને હું જીવનનો દરજ્જો નહીં આપું
થડકાઓને ધડકનનો દરજ્જો નહીં આપું

જ્યાં લગ એ બધા ઘાવને તિલક ન કરી દે,
શબ્દોને હું ચંદનનો દરજ્જો નહીં આપું

એ કેવી મથામણ છે જે નવનીત ન આપે ?
અવઢવને હું મંથનનો દરજ્જો નહીં આપું

બીમાર વિચારો, મને બસ માફ કરી દો !
તમને તો હું સર્જનનો દરજ્જો નહીં આપું

બહુ બહુ તો હું પથ્થર ગણું, નડતર બને એને
હરએકને દુશ્મનનો દરજ્જો નહીં આપું

ઉન્મુક્ત અછાંદસનો વિષય છે તું, તને તો-
હું છંદના બંધનનો દરજ્જો નહીં આપું

એ ઊંચે અગર જાય, થશે દૂર ધરાથી
ગઝલોને હું ચિંતનનો દરજ્જો નહીં આપું

એક સભ્યતા ખાતર તને હું હાથ તો જોડીશ
એ કાર્યને વંદનનો દરજ્જો નહીં આપું

૬-બી, રત્નસાગર એપાર્ટમેન્ટ, ચાંદની ચોક પાસે,
પીપલોદ, સુરત-૩૯૫૦૦૫.
મો. ૯૮૨૫૧૩૭૦૭૭





લહાણી કરી

- અઝીઝ ટંકારવી

ન સમજ્યા જરીકેય જાણી કરી
અમે ન્યાય થૈ ગ્યા લહાણી કરી

કશાની હવે ના જરૂરત રહી
અમે ગાંઠમાં સંત વાણી કરી

નકામા રવાડે ચઢીને પછી -
અમે આબરૂ ધૂળધાણી કરી

પછી એ ભરેલી રહે કેમની ?
ભરી ડોલને તેં જ કાણી કરી

મહેમાન થૈ આવ્યા'તા 'અઝીઝ'
મુકામે ફરી જાવ, માણી કરી.

એ/૨૦, બાગે નવાબ ફ્લેટ્સ, બીજે માળ,
શાહઆલમ, અમદાવાદ-૩૮૦૦૨૮.
મો. ૯૯૭૪૦૮૬૨૨૫

ગઝલ

- રમેશ પટેલ 'ક્ષ'

પ્રીતનો સંદર્ભ, કંઈ ઓછો નથી,
એમનો સંપર્ક કંઈ ઓછો નથી.

પથ્થરોને ચેતના આપી શકે,
એ નજીવો સ્પર્શ કંઈ ઓછો નથી.

છું પીડાનો વૈભવી સમ્રાટ હું,
આટલો ઉત્કર્ષ કંઈ ઓછો નથી.

આંખ ભીની થાય છે કારણ વગર,
આ ક્ષણોમાં હર્ષ કંઈ ઓછો નથી.

જાતથી લડતો રહું આઠે પ્રહર,
ભીતરે સંઘર્ષ કંઈ ઓછો નથી.

જે યુગોના મૌનને તોડી શકે,
એક એવો શબ્દ કંઈ ઓછો નથી.

હું તને ચાહું - ન ચાહે તું મને,
આપણામાં ફર્ક કંઈ ઓછો નથી.

છે નિરર્થક હર અભિવ્યક્તિ છતાં,
જિંદગીનો અર્થ કંઈ ઓછો નથી.

આંખ સામે મોત નાચે છે ભલે,
શ્વાસથી સંબંધ કંઈ ઓછો નથી.

*૨૪, વ્યાપાર ભવન, ન્યાય મંદિર પાસે,
હિંમતનગર, જિ. સાબરકાંઠા-૩૮૩૦૦૧.
મો. ૯૮૨૫૩૪૦૨૩૯*





પ્રથમ વરસાદની વેળા

- ઉર્વીશ વસાવડા

ભૂંસાઈ ગ્રીષ્મની પાટી, પ્રથમ વરસાદની વેળા
પછી મહેકી ઊઠી માટી, પ્રથમ વરસાદની વેળા

ફૂટી નીકળી અચાનક કુંપળો શૈશવની યાદોની
ભીતર જેને હતી દાટી, પ્રથમ વરસાદની વેળા

મળ્યા છે મોતીઓ મબલખ હથેળી જેમણે ખોલી
ખરેખર એ ગયા ખાટી, પ્રથમ વરસાદની વેળા

નર્યા ઉન્માદથી ડોલે બધાંએ વૃક્ષ મસ્તીમાં
કોઈ ભૂરકી ગયું છાંટી, પ્રથમ વરસાદની વેળા

ક્ષણિક ઝબકારમાં પણ વીજનું નર્તન પ્રથમ દીઠું
પછી માણી ઘરેરાટી, પ્રથમ વરસાદની વેળા

*૧૦૮, રાયજીનગર, પાંચમી શેરી,
મોતીબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧.
મો. ૯૮૨૪૨૯૫૨૫૯*

પાછળ પાછળ દોડાવીને !

- કિશોર જિકાદરા

અડધી રાતે આંખો મારી જોર-જુલમથી ખોલાવીને,
વાદી એનું સપનું લૈ ગ્યાં, જામીન ઉપર છોડાવીને !

ફાગરતીની નોટિસ લૈને આવ્યાં તો પણ કેવા ટાણે,
ચાલ્યો હું આવું છું એનું, નામ હૃદય પર ત્રોફાવીને !

ખેર નથી ક્યારેય હવેથી મારા દિલમાં પગ મૂક્યો તો,
આવું તો એ રોજ કહે છે, દિલની અંદર બોલાવીને !

ત્યારે તો તસવીર ફટાફટ ફાડીને ફેંકી દીધી'તી,
સાબિત શું કરવું છે પાછો ટુકડે-ટુકડો જોડાવીને ?

ભૂલી ગ્યાં લાગે છે નક્કી અવળા હાથે પ્રીત મૂકીને,
કેમ કહે છે હરવખતે કે મોકલશું એ શોધાવીને !

ઈચ્છાનો નાનકડો માળો એ જ જગ્યાએ બાંધું પાછો ?
સપનાનો જ્યાં મ્હેલ હતો એ પાયામાંથી તોડાવીને !

તૃષ્ણામાં ને મૃગજળમાં બહુ ફેર નથી, તું સમજી લેજે,
ક્યાંક તને ના મારી નાખે, પાછળ પાછળ દોડાવીને !

૧૪૨, સર્વોદયનગર,
સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨૦૩૦.
મો. ૯૮૭૯૪૭૫૧૩૦





જોડાઇ જાવું છે...

- અનંત પટેલ

તમારી યાદની હેલી મહીં ભીંજાઈ જાવું છે,
અષાઢી મેઘ શી ઝૂલ્ફો મહીં છુપાઈ જાવું છે;

ગગન ગોખે ઝબકતી વીજળી લાગે ઘણી વ્હાલી,
નભે વાગ્યાં નગારાં આજ તો પોંખાઈ જાવું છે;

ઘડી રૂડી મળી જે ના ફરીથી આવવાની છે,
સુગંધી ફૂલ થઈ તારે ચમન ફોરાઈ જાવું છે;

પ્રિયાના રૂપને ઝીલી જવા બાહો પસારી છે,
સદા મારે પ્રણયના રંગમાં ઢોળાઈ જાવું છે;

તમારા ગમ બધાને વ્હેંચવાના છે હજી બાકી
ખુદાની બંદગીમાં એ રીતે જોડાઈ જાવું છે;

૨૨૧/૧/એ. આનંદ વાટિકા સોસાયટી,
સેક્ટર-૨૨, ગાંધીનગર.
મો. ૯૮૯૮૪૦૯૦૫૩

ગઝલ

- અનિલ ચાવડા

આપ્યું ઈશ્વર એક સાથે બેગણું તેં ધન મને;
ગોઠવી દીધા છે મિત્રોમાં જ સૌ દુશ્મન મને.

ના અસર કરતું હવે તો કોઈ પણ સાંત્વન મને !
એમ અંધારામાં ડૂબાડી રહ્યું છે મન મને;

ઝાંઝરી પહેરાવવાનો ઢોલ ટીપ્યો ગામમાં;
બાદમાં પ્હેરાવી દીધું બેડીનું બંધન મને.

તારા બંને હાથ વચ્ચે આવે છે મારું ગળું;
હાથ જોડીને કરે છે જ્યારે તું વંદન મને !

ફોસલાવીને પ્રથમ ગુલમ્હોર મારો લઈ લીધો;
ને હવે દેવા મથે છે હાથમાં તું ગન મને ?

ઘસ વિવેચક તારા પથ્થર પર તું મારાં કાવ્યને;
જેમ ઘસતો જઈશ એમ મ્હેકાવશે ચંદન મને !

જગ સુધી નહિ, હું મથું છું જાત સુધી પ્હોંચવા;
આશા છે કે લઈ જશે આ કાવ્યનું વાહન મને.

સી-૩૦૩, અર્જુનવિલા, કૃષ્ણ બંગ્લોઝ પાછળ,
આનંદ પાર્ટી પ્લોટ નજીક, ન્યુ રાણીપ,
અમદાવાદ. મો. ૯૯૨૫૬૦૪૬૧૩





ધીરે રહીને...

- ભાવેશ ભટ્ટ

જ્યારે કોઈ જિંદગીમાંથી ખસ્યું ધીરે રહીને
એ જગા આકાશ આવીને વસ્યું ધીરે રહીને

તું ઝડપથી પહોંચવાની લ્હાયમાં જોઈ શક્યો નહીં,
એક જણ તારી તરફ જોઈ હસ્યું ધીરે રહીને.

ઝાટકે જડ-મૂળથી ઉખાડી ફેંક્યુ'તું તમે જે,
એ પછી કણકણમાં જઈને ઉપસ્યું ધીરે રહીને.

પાપ, લાલચ, વસવસો, બેશરમી, ઈર્ષા, ને અસંતોષ
ભૂખની થાળીમાં એણે પીરસ્યું ધીરે રહીને

હું અહંકારી હલેસાના ભરોસે છેતરાયો,
એક મોજું એકદમ સામે ધસ્યું ધીરે રહીને.

ચોતરફથી જે ખુમારીને મળ્યો જાકારો, એણે,
ઉંબરા પર શબ્દના માથું ઘસ્યું ધીરે રહીને.

એચ-૫૦૩, સ્વામિનારાયણ કેસલ-૧,
અર્જુન આશ્રમની બાજુમાં, ગ્રીન સીટી રોડ, નિર્ણયનગર,
અમદાવાદ-૩૮૨૪૮૧. મો. ૯૮૨૫૧૫૦૨૪૪

યાદ છે...

- ચંદ્રેશ મકવાણા

એક વેળા આપણે બાઝી પડ્યા'તા યાદ છે ?
ધ્રૂસકેને ધ્રૂસકે બંને રડ્યા'તા યાદ છે ?

કાકડી, તડબૂચ, કોઠમડા અને છલ પોપટા...
કાતરા ખાવા તો ઓ ટોચે ચડ્યા'તા યાદ છે ?

ગામ આખાના ઉકરડા સાંજ લગ ખૂંદયા પછી,
એક જાંબુડી ને બે આંબા જડ્યા'તા યાદ છે ?

બા ગઈતી બહાર ત્યારે શાક દાઝી ગ્યું હતું,
રોટલા પણ આપણે કેવા ઘડ્યા'તા યાદ છે ?

એ સી ડી બી થઈ જતાં પકડ્યા તા કેવા અંગૂઠા ?
આંકડા મૌખિકમાં કેવા નડ્યા'તા યાદ છે ?

આળથી પંપાળથી કે લાડથી ના આવડ્યાં,
એ જ ઘડીયા એક ધોલે આવડ્યા'તા યાદ છે ?

૨૦૨, મહાદેવ કોમ્પલેક્ષ, નવા વાડજ શાકમાર્કેટ,
નવા વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. ૭૮૭૪૮૮૫૦૧૫





ઘરમાં રહો

- હરદ્વાર ગોસ્વામી

આખા જગતને ચાહવા ઘરમાં રહો,
ઘરને સલામત રાખવા ઘરમાં રહો.

આ બ્હાર ભાગમભાગ બહુ દોડ્યા તમે ?
હૈયું ભરીને હાંફવા ઘરમાં રહો.

વાચાળ બાળક, મૌન મા, મક્કમ પિતા,
સઘળાં દરદની છે દવા, ઘરમાં રહો.

ચારે દિશાએ દોડીને શું મેળવ્યું ?
ચારે દીવાલે મ્હાલવા, ઘરમાં રહો.

સોનેરી સપનાં કાયમી કૂદ્યાં કરે,
રાવણ બધાએ નાથવા, ઘરમાં રહો.

કોઈ છટકબારી પ્રવેશી જાય તો ?
આ બારીઓને વાખવા ઘરમાં રહો.

નીંદર બિછાવી ગાદલું રાહે ઊભું,
સપનાં રૂપે બસ ફાલવા ઘરમાં રહો.

જી-૨૦૧, ગણેશ હોમ્સ, પ્રમુખ બંગ્લોઝ પાસે,
ચૈનપુર રોડ, ન્યુ રાણીપ, અમદાવાદ.
મો. ૯૮૭૯૨૪૮૪૮૪

ચાલીને

- અશોક ચાવડા 'બેદિલ'

કાશ ! પ્હોંચાય આમ ચાલીને;
પ્હોંચવું છે જ ગામ : ચાલીને.

આંખમાં ઓગળી રહ્યો ડામર,
પગને દીધા છે ડામ ચાલીને.


મારી માફક નહીં જ ચાલ્યા હોય,
છો ગયા વનમાં રામ ચાલીને !

થાક્યું-પાક્યું શરીર પીંખાયું,
કામ આવ્યા ન શ્યામ ચાલીને.

ના મળ્યો એક પણ ખભો 'બેદિલ',
દેહ પ્હોંચ્યો સ્વધામ ચાલીને.

૩, મધુબન ઍપાર્ટમૅન્ટ, ગાયત્રી જ્ઞાનપીઠ પાસે,
જૂના વાડજ, અમદાવાદ-૩૮૦૦૧૩.
મો. ૯૪૨૬૬ ૮૦૬૩૩





વરસે

- મનીષ પરમાર

ઉનાળો આ તરફ વરસાદ તો પેલી તરફ વરસે,
તડપતી વીજળી; ફરિયાદ તો પેલી તરફ વરસે.

તમારા ગામથી તે પ્હાડ પેલે પાર વીંધીને -
તમે પાડ્યો હતો જે સાદ તો પેલી તરફ વરસે.

મળેલો એક કાગળ ખાનગી વાંચ્યા કરું કાયમ,
મિલન ક્યારે થશે ? ઉન્માદ તો પેલી તરફ વરસે.

સુગંધોમાં લખેલા અક્ષરો વાંચ્યા હવાઓએ,
પ્રણયની વાતનો સંવાદ તો પેલી તરફ વરસે.

અહીં મારી તરફ તો ઘોર અંધારું ઝળહળેલું,
ખિલેલો એકધારો ચાંદ તો પેલી તરફ વરસે.

મુ. વાવડી (ગઢ), પો. ધરોઈ કોલોની-૩૮૪૩૬૦,
જિ. મહેસાણા. મો. ૯૭૧૨૫૬૪૨૯૪

ગઝલ

- સ્નેહી પરમાર

મારી સામે કોણ છે,
મારા માટે ગૌણ છે.

જીવતર છે રંગીન વસ્ત્ર
પ્રેમ એ પહેલું ધોણ છે.

મારી છેલ્લી પસંદ તું,
મારું પહેલું જોણ છે.

રિદ્ધિ ના કે સિદ્ધિના
પૂછો, કોના દ્રોણ છે ?

ગઝલ છે આ વિદ્વાનની
લોટથી ઝાઝું મોણ છે.

તેં મૂકી છે ત્યાં વીણા,
જ્યાં ભમરીનું ભોણ છે.

'હરિનામ', મુ.પો. બગસરા,
જિ. અમરેલી.
મો. ૯૪૨૭૨૮૩૩૮૧





ભેખ લીધો રે...

- પ્રશાંત કેદાર જાદવ

ઉત્તર દિશામાં ઉજેણી નોંમે એક નગરી
એ તો બોણું લાખ માળવાની રાજનગરી
જીયો રે જીયો રે ભરથરી
ઘણી રે ખમ્મા રે ભરથરી
ભત્રી લક્ષણો રાજા મહારાજા ભરથરી
પરચંડ પરતાપી (પણ) વિલાસી રાજા ભરથરી
આઠે પ્હોર, ઈના તનમનમાં માયા અવતરી
જીયો રે જીયો રે ભરથરી
ઘણી રે ખમ્મા રે ભરથરી
પિંગળા રોંણી, મહારોંણી જોંણે સરગની પદમણી
જ્યોં જ્યોં જુવે ત્યોં ત્યોં પિંગળા જ પિંગળા રમણી
ત્રિયા ચરિતર એવાં કીધાં, ઈની જબરી ગણતરી
જીયો રે જીયો રે ભરથરી
ઘણી રે ખમ્મા રે ભરથરી
એક દા'ડો ગોરખનાથજી આયા, આઈ અલખ જગાયા
રાજમ્હેલ પર અંચળો નોંખ્યો જોગી મારગ બતાયા
અમર કરનારું અમરફળ આલ્યું, ગેબી જૂગતિ કરી
જીયો રે જીયો રે ભરથરી
ઘણી રે ખમ્મા રે ભરથરી
રાજાએ પિંગળાને, પિંગળાએ અશ્વપાલને, ખાવા એ ફળ આલ્યું
અશ્વપાલે નર્તકીને, નર્તકીએ રાજાને, હાચું જૂઠ રે ચાલ્યું
જાદવ મોહભંગ, મિથ્યા બધું, ભેખ લીધો રે ભરથરી
જીયો રે જીયો રે ભરથરી
ઘણી રે ખમ્મા રે ભરથરી

બી-૩૦૨, મણીભદ્ર એપાર્ટમેન્ટ, સોમેશ્વરા પાર્ક-૩ પાસે,
ગુલાબ ટાવર, થલતેજ, અમદાવાદ-૩૮૦૦૫૪.
મો. ૯૮૨૫૪૦૯૦૨૭

અવતરે

- રમેશ ઠક્કર

લાગણી અક્ષર બનીને અવતરે
તો ગઝલ અચરજ બનીને અવતરે.

છે હરણની ફાળ જેવી ઝંખના
ને ક્ષિતિજો છળ બનીને અવતરે.

આપણા સંબંધની એકાદ પળ
આભમાં વાદળ બનીને અવતરે ?

વાંસળી હું પ્રેમની લઈને ફરું
આ નગર ગોકુળ બનીને અવતરે ?

તો સજીવન થઈ શકે ખંડેર મન-
સ્પર્શ જો કારણ બનીને અવતરે.

જાનકી આજેય પણ પ્રગટી શકે,
શકયતા જો હળ બનીને અવતરે.

ખાનદાની સાચવે શું છાંયડો ?
વૃક્ષ જો કાગળ બનીને અવતરે.

છે 'રમેશ' અશકય તારું ચાલવું
જો દિશા વળગણ બનીને અવતરે.

૧૦, પારિજાત હોમ્સ, શાંતમ્ પાર્ટી પ્લોટ સામે,
ખ-રોડ, સરગાસણ ચોકડી, ગાંધીનગર.
મો. ૯૮૭૯૫૨૪૬૪૩





હેતનાં ઓઢણાં

- ડૉ. એસ. એસ. રાહી

જે ન જુલ્ફો થયા તે જટા થઈ ગયા,
ગ્રીષ્મનાં ઊંચા વાદળ ઘટા થઈ ગયાં.

મારા ગુલ્શનમાં એવો ફૂંકાયો પવન,
કે બધે ડાંળખાં, ઝાંખરાં થઈ ગયાં.

ડોકાબારી પછી બંધ કરવી પડી,
એક કમરાના બે ભાગલા થઈ ગયા.

મારી માતાના કાગળને જોયા પછી,
કાસિદો પણ ઘણા બાવરા થઈ ગયા.

તો હવામાન ખાતાનું તારણ હતુંઃ
આંસુઓ નભમાં જઈ વાદળાં થઈ ગયાં.

શુભ મંડપ સામી સાંજે સૂનો થયો,
હેતનાં ઓઢણાં પારકાં થઈ ગયાં.

'અલ-અકીક', ફ્લેટ નં. ૨૦૧, શાહીલ આનંદની બાજુમાં,
નિર્માણ સ્કેવરની સામે, કામઠે પાટીલ નગર રોડની સામે, યેવલેવાડી,
કોંઢવા, (બુદ્રક) , પૂના-૪૧૧૦૪૮, મહારાષ્ટ્ર. મો. ૯૮૭૩૧૩૭૯૫૨

મોડું થયું...

- મનીષ પાઠક'શ્વેત'

તમે આવ્યાં ઘણું સારું થયું,
અહીંયા સ્હેજ અજવાળું થયું.

કદી માન્યું હતું મારું કહ્યું ?
પછી શાને કહે આવું થયું !

નથી કૈં કામધંધો આવડ્યો,
છતાં પણ એક ઘર મારું થયું.

નથી મારે ખુલાસા આપવા,
ભલેને ખૂન ઇચ્છાનું થયું.

વચન, વટ, વેર પૂર્યાં મ્યાનમાં,
પછી જે કંઈ વિચારાયું, થયું.

થવાનું હોય છે તે થાય છે,
અરે સાહેબ, આ બ્હાનું થયું.

બધી આળસ મને ચોંટી પડી,
હજીયે 'શ્વેત' ક્યાં મોડું થયું !

૧૩, નરોત્તમ પાર્ક, અગ્રવાલ ટાવરની પાછળ,
ભુયંગદેવ ચાર રસ્તા, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૧.
મો. ૯૮૨૫૦૪૬૬૮૪



"છું જ હું"

- સતીન દેસાઈ "પરવેઝ"

ચારે તરફ અંધાર વચ્ચે, દ્વાર જેવો છું જ હું !
ને તે છતાં ક્યાં સ્હેજ પણ, અંધાર જેવો છું જ હું ?

ઝાકળ કે પરપોટો નથી, જળધાર જેવો છું જ હું !
બંદી કિનારાનો ય જો, સંચાર જેવો છું જ હું !

પોતે જ પરપોટો છે, તો એવું વિચારે એ ભલે,
કોણે કહ્યું આ શ્વાસને, પળવાર જેવો છું જ હું !

મારાં તળે ચોધાર સીંચ્યાં છે, ગઝલનાં મૂળ મેં,
બેસીને માથે તપ કરો, ગિરનાર જેવો છું જ હું !

આ મારી છાતી ભીતરે, જો સૂર્યવંશી હોઉં હું,
બીકણ સમય ના માન, પ્હેરેદાર જેવો છું જ હું !

તાલે ચરણ ને શ્વાસના, નીરવ મને હું સાંભળું,
છોને કહે મીરાં મને, ઝનકાર જેવો છું જ હું !

હું ક્યાં સુધી વહેતો રહું, મારા જનમ અભિશાપને ?
ખોડો મને કે મૂર્તિના, અવતાર જેવો છું જ હું !

જાહોજલાલી દે મને, વેરાન મારા ઓ સમય,
નવ રત્ન ગણ કે અકબરી, દરબાર જેવો છું જ હું !

મારા વિશે ક્યારે અમસ્તો, ભય સતાવે ધોધને !
ખીણો વિશે ઝરણાં સગો, પડકાર જેવો છું જ હું !

નાચ્યું નચાવ્યું વ્રજ ભલે "પરવેઝ" બંસી-નાદથી,
કોની સમાધિનો કહો, ટહુકાર જેવો છું જ હું !

"પરવેઝ" ગઝલોની, ગુનેગારી સબબ જો ક્યાં છું હું !
અખિલાઈની ઝંઝીરમાં, હદપાર જેવો છું જ હું !

એ/૩, અભિલાષા ફ્લેટ, પારિજાત સોસાયટી પાસે,
ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૪૨૮૯૦૭૭૭૫

ગોપીની વ્યથા

- ભાનુપ્રસાદ પુરાણી

બોલ કાના બોલ, જરા એટલું તો બોલ,
મારે રાધા થાવું કે થાવું મીરાં ?
લોક બધું કહે છે : રાધા પ્રેમ દીવાની,
તો, કહે દર્દ દીવાની છે મીરાં !
મારે ક્યાં લગી રહેવું બધિરા ?
રાધા થાવું કે થાવું મીરાં ?
રાધા થાઉં તો બળ્યું ગોકુળિયું ગામ,
કહે : કેમ તારો કાન ગયો છોડી ?
મીરાં થાઉં તો પૂછે આખો મેવાડ,
એવી કેમ ગઈ દ્વારકિા દોડી ?
તને ખોળે આ નયનો અધીરાં !
રાધા થાવું કે થાવું મીરાં ?
રાધા યે નહીં, ના, ના મીરાં યે નહીં,
મારે શીદને ગોકુળ જાવું છોડી ?
એથી તો ઠીક ભલો, જમનાનો કાંટો,
જ્યાં ડાળે કદંબના હું ઝૂલી !
નથી થાવું રાધા કે નથી થાવું મીરાં,
મારે શીદને થાવું રાધા કે મીરાં ?

પ્લોટ નં. ૧૦૩/૨, સેક્ટર-૨-એ,
ગાંધીનગર. મો. ૯૯૪૦૨૫૬૧૧૪





મીરાં મીરાં બોલ સજનવા...

- પ્રદીપ સુમિરન

મીરાં મીરાં બોલ સજનવા, મીરાં મીરાં બોલ,
બાજે મનમાં ઢોલ સજનવા, મીરાં મીરાં બોલ.

ખાલી સૂના હૈયે કોઈ, પાવો રોજ બજાવે,
તું પ્રેમકસુંબો ઘોલ સજનવા, મીરાં મીરાં બોલ.

રોજ મળસ્કે પ્યાસી ગાગર, પનઘટનાં જળ ચૂમે,
પ્રીત બડી અનમોલ સજનવા, મીરાં મીરાં બોલ.

નમતી સાંજે, પંખી સૂના માળાને શણગારે,
વૃક્ષ કરે કિલ્લોલ સજનવા, મીરાં મીરાં બોલ.

અડધી રાતે મંજીરાથી, પ્રેમની ખુશ્બૂ છલકી !
પાવન છે માહોલ સજનવા, મીરાં મીરાં બોલ.

પગમાં પાયલ બાંધી, કોના કાજે મીરાં નાચી ?
ભેદ 'સુમિરન' ખોલ સજનવા મીરાં મીરાં બોલ.

'મા', ૫, મંગલ મૂર્તિ ટેનામેન્ટ, સૂર્યોદય સોસાયટી,
સેન્ટ મેરી સ્કૂલની સામે, કાલાવાડ રોડ,
રાજકોટ. મો. ૯૪૨૮૩૪૫૯૦૮

સ્વપ્ન સમ્રાટ

- ભસ્માંગ માંકડ "સમ્રાટ"

આ સમય તમારો વહી જશે
સારો કે નરસો એ સરી જશે
કસોટી તમારી હર એક પળ
કરતા મારા શામળિયા હશે
કાલની તનો કયાં છે ખબાર
એની ચિંતા સાવ કોરી હશે
અસહ્ય દુ:ખના વાદળ પછી
ઝમાઝમ વરસાદની હેલી હશે
આંખો મિલાવો તમારા 'ડર'ને
હિંમત તામારી બામણી થશે
વિશ્વાસ કરો તમારા જોમ પર
પછી હર રાત દિવાળી હશે
મધદરિયે થપાટ હોડી પર
લાંગરવા એક કિનારો હશે
આખી રાતના અજંપા પછી
સોનેરી પ્રભાતની સુવાસ હશે
હજારો પ્રયત્નો પછી પણ
સફળતાનો ઘુંટ અમૃત હશે
આગાઝ નાના ડગથી તોપણ
હરણફાળ ઊંચા શિખરે હશે
શાંત સરોવરની ધીરજ પછી
ધોધનો ઘુઘવાટ પ્રચંડ હશે
જાતવિશ્વાસથી જ દરેક જણ
પોતાના સપનાનો 'સમ્રાટ' હશે

માંગલ્ય, પ્લોટ નં. ૨૫૫/૨, શ્યામલ-૧,
જૈન દેરાસર પાછળ, સેક્ટર-૨૨,
ગાંધીનગર-૩૮૨૦૨૨. મો. ૯૮૨૫૭ ૨૧૯૨૮





મૂંગી નદીના

- નટવર આહલપરા

મૂંગી નદીના જળથી હું માટલી ભરું છું,
મારી તરસને રોજ કવિતામાં લખું છું.

સાગર શું જાણે ભેદ મારી ભીની આંખનો,
શું કામ ખારા જળને આંખોમાં સંઘરું છું ?

ધબકે છે રોજ મનમાં નામાવલિ અજાણી,
ઓળખ વિના બધાયને હું મારા ગણું છું.

તારા વતી વાતો કરું છું સૌની લાગણીથી,
મનમોજી દીવાલોને હું મનમાં ભણું છું.

સરખાં બધાં દશ્યો છે રંગીનતા અલગ છે,
સાચી વાત બોલવામાં કેમ હું ડરું છું ?

રંગો બધા ઉદાસીન 'નટવર' તું પી ગયો ?
માથું તને નમાવીને વંદના કરું છું.

"શ્રી પવનતનય" પ્લોટ નં. ૬૫-ડી/એ,
વિમલનગર શેરી નં. ૩, આલાપ સેન્ચુરી પાછળ,
યુનિ. રોડ, રાજકોટ-૦૫. મો. ૯૯૭૪૦૦૯૦૪૨

દેખો ઠામે-ઠામ

- ડૉ. ઈશ્વર સુથાર, 'શિલ્પી'

દેખો ઠામે ઠામ,
કોને છે આરામ ?
જ્યાં દેખો ત્યાં દુઃખ
રાવણ હો યા રામ
ખૂણે ખૂણા ભ્રષ્ટ
જ્યાં હો નેતા - ગામ
ક્યાંથી છૂટે ટેવ
આઠે પ્હોરે જામ !
લાભે લાલચ થાય
લોભે જાતું દામ,
'શિલ્પી' એનો નાશ
જેનું પાડ્યું નામ

૩૯, નંદ બંગ્લોઝ, જનતાનગર રોડ,
ઘાટલોડિયા, અમદાવાદ.
ફોનઃ ૦૭૯-૨૭૬૬૦૦૦૮



મારી વહી

- પ્રફુલ્લ રાવલ

વહી ખોલી બેઠો છું
ત્યાં છલકાય છે દશ્યો
કોઈ પરોઢનું, કોઈ અધરાતનું
કોઈ સૂર્યને તેડીને આવતી ક્ષિતિજનું
તો કોઈ અંધારાનું સખ્ય કેળવતી ઊગતી સવારનું
માર્ચના અંતિમ દિવસો હતા
કાલાં ફોલતાં મેં સાંભળેલી મારા નામની બૂમ
દોડીને ગયો'તો ઘરે
વચલા ખંડમાં પિતા સૂતાં સૂતાં જાણે છેલ્લી નજર ફેરવતા હતા
ને બીજે દિવસે તો
અગિયાર વર્ષનો હું પહેલીવાર ગયો'તો સ્મશાને
સ્મશાનેથી પાછા ફર્યા પછી
ઘરમાં દેખાતી-ઘુમરાતી લાચારી
આજે પણ ઊભી છે એમ જ
The April is the cruelest monthની જેમ.
અત્યારે તો મારું ડાબું અંગ લાંબી રજા પર ઊતરી ગયું છે
ને મગજ મનને વશ વર્તતું નથી.
સ્પર્શનો પણ અહેસાસ થતો નથી
ને સાંભળું છું 'કાજલ' ફિલ્મનું ગીત :
'તોરા મન દરપન કહેલાયે'
એ દરપનમાં શોધું હું છું મને
ચિત્રપટ પૂર્ણ થયા પછી
પડદા પર દેખાતા ખાલીપા જેવું જ કંઈક દેખાઈ રહ્યું છે
ને ખાલીપો કાળાશમાં રૂપાન્તર થઈ રહ્યો છે
અચાનક કોણ બંધ કરી રહ્યું છે મારી વહી !
ને દશ્યો થઈ રહ્યાં છે અદશ્ય.

બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ,
મ્યુનિસિપલ ગાર્ડનની સામે, વાસણા,
અમદાવાદ-૩૮૦૦૦૭. મો. ૯૮૭૯૦૧૩૧૭૦

ટહુકો

- રમેશ પટેલ

શબ્દે શબ્દે;
ટહુકો શોધું.
બાળપણનો હું...
ફોટો શોધું....
બાને જોવા-
તારો શોધું !
ઈશ્વર ભજવા
પથરો શોધું...
જૂના ઘરનો,
ચૂલો શોધું...
ગામને પાદર
વડલો શોધું...
ધ્રુવ પ્રદેશે -
તડકો શોધું...
વર્તુળોમાં
ખૂણો શોધું !
કાગળ શોધું,
કીટ્ટો શોધું...
બૉન્સાઈ વડ,
ઝૂલો શોધું !
નાટક કરવા,
તખ્તો શોધું...
સૂરજ જેવા,
શબ્દો શોધું...

ઝાકળ લખવા,
ફૂલો શોધું !
ઝાકળ બુંદે...
સૂર્યો શોધું !
જૂનાગઢમાં...
'મ્હેતો' શોધું...
જામગરીમાં,
તણખો શોધું...
અન્ધારામાં,
દીવો શોધું...
શૂળી ચઢવા..
ખીલો શોધું...
ઘડપણ આવ્યું,
સહારો શોધું...
કેવળ મારી,
ભૂલો શોધું !
હોળી ઠરતાં...
સિક્કો શોધું...
ગલગોટામાં,
ગરબો શોધું !
રણ ભીતર હું,
દરિયો શોધું !
વૃક્ષો ક્યાં છે ?
ટહુકો શોધું !

'પ્રાંજલ', ૩૦, આનંદ વાટિકા સોસાયટી,
સરદાર પુલ પાસે, અડાજણ રોડ,
સૂરત--૩૯૫૦૦૯. મો. ૯૮૨૫૧૦૦૨૫૫







ગીત

- મનહર ઠાકર

આંબા ડાળે કોયલ ઝૂલી આખે આખી વસંત ડોલી,
મનનો માળો બાંધી એણે વાત મજાની હેતે ખોલી.

સાવ અજાણી સરગમ સંગે કંઠ મજાનો,
વન વાંસલડી પરનો આ તો રંગ ખજાનો.

ભરબપ્પોરે વસંત વગડે ટહુકો મીઠો દીધો ઢોળી,
કૂંજ ગલીમાં ટહુકે ટહુકે ઝાડ-પાનની કૂંપળ કોળી.

રાતાં-પીળાં-કેસર-ધોળાં પતંગિયાંની પાંખો ફરકે,
વાયુ સંગે પરાગ પરથી નાજુક નમણા રંગો સરકે.

ગિરિવરે ખોળે મીઠાં ગીતો સાવ અચાનક એવાં બોલી,
સૂર-તાલ ને લય સથવારે નાચી ઊઠી પંખી ટોળી.

રૂડાં ગીતો એવાં ગાતાં વગડો ચહકે,
માળે માળે સાવ ભીતરની જ્યોત ઝબૂકે.

ખળખળ થાતાં ઝરણાં કેરી છાલકમાં જ્યાં કલમ ઝબોળી,
ગીત મજાનું કાગળ પર ત્યાં ઊતરી આવ્યું કેસર ઘોળી.

૪૦, શ્રીનાથજીનગર-૩, ભરતનગર પાછળ,
ભાવનગર-૩૬૪૦૦૨.
મો. ૯૪૨૬૯૮૫૧૨૯૦

"અદાઓ, ચાલાકી અને લાડ પારખું છું."

- *દિનેશ દેસાઈ*

અદાઓ, ચાલાકી અને લાડ પારખું છું,
રગેરગથી છું વાકેફ, હાડ પારખું છું.

તબીબી, યુનાની, હકીમી, તમામ વૈદું,
કરો કૈં પણ ઉપચાર કે નાડ પારખું છું.

નજર તીક્ષ્ણ તલવાર, આંખો અગન ભરેલી,
બધી રાખું છું બાતમી, ધાડ પારખું છું.

ઊઠો, ચાલો, બેસો, છતાં યાદ રાખજો કે,
ખબર છે હદ - સરહદ, બધી વાડ પારખું છું.

હવે છે રણભૂમિ, આર યા પારની લડાઈ,
ભલે પાડી દો રાડ કે રાડ પારખું છું.

તળેટીથી લઈ ટોચ લગ, ભોમિયોય ખુદ છું,
વનેવન, પાનેપાન ને ઝાડ પારખું છું.

ન બતલાવો રસ્તા, મને આવડે હુનર સૌ,
ન જોઈએ ઉપકાર કે પાડ પારખું છું.

જગતભરની ઊંચાઈના તાગ પામેલા છે,
શિખર માપ્યાં છે સામટાં, તાડ પારખું છું.

અમૂલાં મોતી છીપમાં સાચવો ભલે પણ,
રુદાલી, રુદન,આંસુઓ, દ્હાડ પારખું છું.

(દ્હાડઃ- રોવાનો અવાજ - આર્તનાદ)

૩૧, મનીપુર ગ્રીન્સ બંગલોઝ, મનીપુર વડ બસસ્ટેન્ડ પાસે, સંસ્કારધામ સામે, પોસ્ટ ઓફિસ - ગરોડિયા, બોપલ-ઘુમા રોડ, અમદાવાદ-૩૮૨૧૧૫. મો. ૮૩૨૦૪૧૯૦૭૭





ગઝલ

- *પ્રીતમ લખલાણી*

સાવ રમકડાં જેવો કૃત્રિમ માણસ છે, ભાઈ સાચવજે !
ધોળે દિવસે બળબળ બળતું ફાનસ છે, ભાઈ સાચવજે !

છમ્મલીલાં વૃક્ષોને પણ ક્ષણ-ક્ષણ છાની છાની વ્હેરે,
સમય નામની તેજ ધારની કાનસ છે, ભાઈ સાવચજે !

શ્વાસ છૂટતાં વ્હેંત જ પડશે પડદો આખા તખ્તા પર,
જીવન નામે પળ બે પળનું ફારસ છે, ભાઈ સાચવજે !

શ્રદ્ધા ને વિશ્વાસથી જેની પૂજા કરે છે ઝૂકી ઝૂકી,
મૂર્તિ તે ભગવાન નહીં મૃત આરસ છે, ભાઈ સાચવજે !

અડતાંની સાથે જ થશે ચોપાસ બધુંયે ઝળુંઝળું,
"પ્રીતમ" સાચો શબદ તો એવો પારસ છે, ભાઈ સાચવજે!

*65, Falcon Drive,
West Henrietta,
NY 14586, U.S.A.*

અંધારાની ઐસીતૈસી

- *રક્ષા શુક્લ*

કબીર માફક ચાદર સીવો, અંધારાની ઐસીતૈસી,
હોય ભલે ને એક જ દીવો, અંધારાની ઐસીતૈસી.

તડકો-છાંયો, ભરતી-ઓટ ભલેને આવી સૌને તાવે,
ચકલીની ચાંચોમાં ધરપત લઈને સૂરજ રોજ હસાવે,
ઈશ્વરની એરણ પર ઊતરી ખરું, કો'ક કર્મોને વાવે.

ચ્હેરાની પૂનમને પીવો, અંધારાની ઐસીતૈસી,
હોય ભલે ને એક જ દીવો, અંધારાની ઐસીતૈસી.

ભીતર ભરચક, ભીનું ભીનું, ભાર વિના લ્યો, ઊડીએ આજે,
માંહ્ય પડેલા મબલખ મોતી તું ય પરોવી મલંગ થાજે.
માનવતાનો મંત્ર લઈને 'જય હો' બોલો એક અવાજે.

તેજકિરણ થઈ ઝળહળ જીવો, અંધારાની ઐસીતૈસી,
હોય ભલે ને એક જ દીવો, અંધારાની ઐસીતૈસી.

૧૫, નંદન, શાસ્ત્રીનગર,
તળાજા-૩૬૪૧૪૦, જિ. ભાવનગર.
મો. ૯૯૭૯૨૪૪૮૮૪





તંતોતંત

- *વિવેક મનહર ટેલર*

ખબર તમામની જે તંતોતંત રાખે છે,
એ ખુદની વાતના વ્યંજન હલંત રાખે છે.

વિચાર જન્મની સાથે જ અંત રાખે છે,
ન મૂકો તંત તો સંભવ અનંત રાખે છે.

બધા જ શ્વાસ ભલે નાશવંત રાખે છે,
છતાંય જો તું, તને એ જીવંત રાખે છે.

નગર વિરાન છે ગરમીમાં, પણ આ ગરમાળો,
રૂઆબ તો જુઓ, કેવો જ્વલંત રાખે છે !

એ રોમરોમથી છલકે છે એના શી રીતે?
આ સાદગી જે ફક્ત સાધુસંત રાખે છે.

પલક ઝપકશે ને મોસમ ફરી જશે, જોજો,
સ્મરણનો જાદુ છે, ખિસ્સે વસંત રાખે છે.

તમે ગયાં એ છતાં ત્યાં જ રહી ગયાં છો હજી,
એ એક-એક સ્મરણ મૂર્તિમંત રાખે છે.


આયુષ્ય મેડી-કેર હોસ્પિટલ અને કાર્ડિયાક સેન્ટર,
૪૭, સ્વીટી સોસાયટી, ભટાર રોડ,
સુરત-૩૯૫૦૦૧૫. મો. ૯૮૨૪૧૨૫૩૫૫

એક ફરિશ્તો...

- *નયના જાની*

રાતના ટાણે નૂપુરઝંકાર છે,
દિવસના ગલીઓ મહીં સૂનકાર છે.
શ્વાસ છે બોઝિલ, હયાતી ભાર છે,
જિંદગી અંધારનો ઓથાર છે.
છે સુગંધી શ્વાસની અહીં રોશની,
દ્રવ્યના રણકાર કેરો પ્યાર છે.
આપવું, લેવું, લઈને આપવું,
દેહ જેવા દેહનો વ્યાપાર છે.
ફૂલ ને કળીઓની હાલત તો જુઓ,
કોઈ કરતા કોઈ ક્યાં આધાર છે ?
જે ગઈ પાછી કદી ના આવતી,
એટલો એની કથાનો સાર છે !
ક્ષણ ખીલીને રોજ કરમાતી અહીં,
હોઠ હસતા ભીતરે ચિત્કાર છે !
એક ફરિશ્તો આવીને આંસુ લૂછે,
નયનમાં કરુણા તણો અણસાર છે.
એક નિસ્બત હાથ લંબાવે અને
તૂટતી ગલીઓ તણી દીવાર છે !
સહુ જઈ ત્યાં સાથ બે ડગલા ભૂંસે,
બુદ્ધની કરુણાનો જ્યાં અવતાર છે.
એ ચરણની ધૂળથી ત્યાં રોશની
ક્યાં હવે એ જૂગજનો અંધાર છે ?
સહુના એ બંધુ, સખા, પાવન પિતા,
એ પિતાના આવકારી દ્વાર છે !
કોઈ જેનું ના, સહુના એ પિતા,
એ રૂઢિ સામે પરમ પડકાર છે !

૨૨૭૮, સત્યાગ્રહ છાવણી,
જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫.





થાબડભાણું

- *ચંદ્રશેખર પંડ્યા*

મધમાખીને બિરદાવી, તો ભમરાને ઉપરાણું લાગ્યું
ચાતકની ચાંચુડી ખૂલી, વાદળને ઉઘરાણું લાગ્યું

શામળ વખમાં પ્રગટ્યા તેથી, મીરાંને ગળમાણું લાગ્યું
ખાલી વાસણ ખખડ્યું એમાં, પંડિતને તરભાણું લાગ્યું

ચબૂતરે ચણ વધી પડ્યું છે, પારેવું શરમાણું લાગ્યું
પાંપણ બંને જીદે બેઠી, સમણું તો સલવાણું લાગ્યું

એક શ્રમિકની હાલત પૂછી, સૌને થાબડભાણું લાગ્યું
અશ્વ બનીને જાત વેચવી, અમને તો ઘરઘરણું લાગ્યું

સાઠ થયા તો સિનિયર થઈ ગ્યો, કેમ જીવીશ! ઉખાણું લાગ્યું
અર્ધ-પ્રતિશત ઝાઝું મળશે, સઘળું બસ ડીંડવાણું લાગ્યું.

૦૦૧, વાસ્તવ એવન્યુ, મંગલમ ફ્લેટ્સની સામે,
વિદ્યાવિહાર સ્કૂલ પાછળ, સુભાનપુરા,
વડોદરા-૩૯૦૦૨૩. મો. ૯૮૨૫૦૩૦૬૯૮

મધર્સ પછીના દિવસની સંવેદના

- કનૈયાલાલ ભટ્ટ

ગઈ કાલે
આખું ફેસબૂક ખીચોખીચ ભરાઈ ગયું હતું.
અને વોટ્સપ પણ
માતૃપ્રેમની અનેક તસવીરોથી
પગમાંથી કાંટો કાઢતી મા,
બસની સીટ પર ખભે માથું ટેકવી સૂતેલી મા,
ઘરની ઓસરીમાં હીંચકે બેઠેલી મા,
રસોડામાં જમવાનું પીરસતી મા,
સ્કૂલ બેગ તૈયાર કરતી મા,
માથેહાથ મૂકી આશીર્વાદ આપતી મા,
સુનામી આવી હતી માતૃપ્રેમની કવિતાઓની.
'મા' પ્રત્યેની આવી લાગણી-સંવેદના-પીડા-ફીકર
મેં વીતી ગયેલા એકેય યુગમાં ક્યારેય નથી જોઈ
અદ્વિતીય અલંકારો, વિશેષણો અને
અકલ્પનીય કલ્પનોની હારમાળાઓથી
બધી જ 'મા'ના આત્માઓ પણ ગદગદિત થઈ ગયા હશે.
અખબારનાં પાનાઓ પર પણ ગઈ કાલે
છલકાયો હતો માતૃત્વનો મહાસાગર.
જાતજાતના પદાધિકારીઓ, નેતા-અભિનેતાઓએ
મહિમા ગાયો હતો 'મા' નો.
ટી.વી. ચેનલોમાં
'મા'ની ગાથાઓ, પ્રેરક કથાઓનાં રંગીન દશ્યોથી
સંવેદના જાગૃત થઈ ગઈ હતી આખા દેશની. વિશ્વની,
'મા' વિશેના, માતૃત્વ વિશેનાં અનેક પુસ્તકોના
લોકાર્પણ થયાં હતાં.
અનેક રાજ્યની સરકારોએ પણ જાહેરાત કરી હતી
માતૃત્વ યોજનાઓની





અનેક મહાનુભાવોની 'મા' વિશે કહેલી વાતોનો
ધોધ વહેતો હતો વોટ્સપ પર.
દૂધપીતા નવોદિત કવિ-કવયિત્રીઓ
અને
ખુંખાર શબ્દાધિપતિઓએ પણ
ગઈ કાલે 'મા'ને યાદ કરી હતી.
ગઈ કાલે હાથમાં રહેલો સ્માર્ટ ફોન અને લેપટોપ
ઘણાને મન 'મા' સમાન હતા, શ્રદ્ધાપૂર્વક પૂજા કરી હતી,
મોટાભાગનાના ડીપીમાં હતો, 'મા'નો ફોટો
ગઈ કાલે 'મા'ને ઈશ્વરથી, બ્રહ્માંડથી
અને
ચેતન-અચેતન વિશ્વથી વિશેષ દરજ્જો
આપવામાં આવ્યો હતો.
પરંતુ,
આજે - બીજે જ દિવસે
વૃદ્ધાશ્રમમાં રડે છે,
સરકારી હોસ્પિટલોના જનરલ વોર્ડમાં
સારવાર લઈ રહી છે,
મંદિર અને મસ્જિદોનાં દ્વાર પર ભીખ માંગે છે,
વિદેશ ગયેલા દીકરાઓનો એક ફોન ઝંખે છે,
અનેક મા.
ઘરના એક ખૂણે ખાટલામાં સૂતેલી બીમાર મા
સ્પર્શ ઝંખે છે એના દીકરાઓનો.
પરંતુ આપણે સૌ વ્યસ્ત છીએ.
થોડા દિવસ પછી આવનાર
નારી શક્તિ દિવસની ઉજવણી કરવા.
ફેસબૂક-વોટ્સપ પર.

પ્લોટ નં. ૧૧૮૫/૫, હાઈટેક હોસ્પિટલ પાછળ,
સેક્ટર-૩/ડી, ગાંધીનગર-૩૮૨૦૦૬.
મો. ૯૪૨૬૦૬૦૬૦૧

અનાજ ઉપણવાની ક્રિયા

- *રમેશ આચાર્ય*

(૧)

ખળાવાડમાં અનાજનો ઢગલો,
ખેડૂત ઇચ્છે અનાજ ઉપણવા.
પવન નથી.
'ખેડૂત બિચારો વા-નો પણ ઓશિયાળો'
એમ બબડે,
'મારું મહત્ત્વ સ્વીકારે છે ખેડૂત'
એમ વિચારી પવન ફુલાય.
અનાજ ઉપણતા ખેડૂત માટે
મન મૂકીને વાય.

(૨)

કાલાં ફોલવાની ક્રિયા
વેખલા છોકરાની જેમ દાંત કાઢતા
કાલાનો પડ્યો છે ઢગલો.
ઢગલા સામે ફોલવા બેઠા છે છોકરાં,
કોઈ આઢમાં જિંથરા ભાભાની વાત માંડે,
વારતા સાંભળી બાળકો ખી... ખી... ખી... હસે,
વારતા પૂરી થાય.
કાલાંનો ઢગલો ફોલાઈ જાય,
તો ય બાળકોનું ખી... ખી... ખી... ન વિલાય.

(૩)

નગારું વગાડવાની ક્રિયા
સંધ્યા-આરતી,
રામજી મંદિરે ભક્તોની ભરતી.
છોકરાં આવે,
બધાં મનથી માને
તેમને નગારું વગાડવું ફાવે.
નગારું મૂંગું મૂંગું આ બધું જાણે.
જુદા જુદા છોકરાં પાસે રોજ
જુદો જુદો રાગ તાણે.

"કવિતા", ૧૦, અંકુર સોસાયટી,
નવા જંક્શન માર્ગ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
મો. ૭૬૦૦૩૬૫૨૧૦



નાચે

- *ડૉ. ધૈવત શુક્લ, 'આનંદ'*

રંગ સાથે આંગણામાં શ્વાસ નાચે,
એટલે કે આપણામાં પ્રાસ નાચે.

લાલ લીલો, સાવ ભૂરો, જાંબલી પણ
રંગ થઈને ભીતરે તો હાશ નાચે.

ક્યાંક અંધારું નડે તો શું થયું ભૈ,
રંગ છે ને આપણે અજવાસ નાચે.

એ જ રસ્તો, સુખને પણ પામવાનો છે,
હાથ હૈયું, રંગ ભેગા ખાસ નાચે.

જઈ કદી 'આનંદ'ને મળજે ફરી ત્યાં,
રૂપ સાથે રંગનો જ્યાં રાસ નાચે.

બી-૨૦૪, શ્રીનાથ હોમ્સ,
કુડાસણ, ગાંધીનગર.
મો. ૯૭૧૨૯૯૭૪૦૩

જેવું...

- પારસ એસ. હેમાણી

જિંદગીમાં જો ન હો તોફાન જેવું,
એમને ક્યાંથી મળે સન્માન જેવું.

આપવી છે મનભરી શાતા તમોને,
હાથ આવે કાશ ! લીલા પાન જેવું.

સ્મિતની સામે મળે જો સ્મિત પાછું,
લાગતું ભગવાનના વરદાન જેવું.

ક્યાં સમય છે તારી પાસે ઓ ! જીવણજી,
તું હવે તો બાંધી લે સામાન જેવું.

ભીતરે તો ચાલતો સંગ્રામ કાયમ,
હોય છે સૌમાં જ રણમેદાન જેવું.

જો ખરેખર તું નિહાળે આયનામાં,
મનને 'પારસ' તો જ થાશે ભાન જેવું.

ભક્તિનગર સોસાયટી,
કાન્તા સ્ત્રી વિકાસ ગૃહ પાસે,
રાજકોટ-૩૬૦૦૦૨. મો. ૯૯૦૪૯૦૦૦૫૯





ગઝલ

- ડૉ. મનોજ જોશી 'મન'

આંખે છવાયો કાયમી 'આવ્યા નહીં'નો થાક !
પગને સતાવે છે હવે 'ચાલ્યા નહીં'નો થાક !

બીજાની સાથે એમને હસતાં દીઠાં પછી,
ઊતરી ગયો છે એકદમ 'પામ્યા નહીં'નો થાક !

જૂના ગુલાબી પત્ર મેં વાંચ્યા જરાક જ્યાં !
ડોકાયો ત્યાં તો ટેરવે 'ફાડ્યા નહીં'નો થાક !

એક જ વખત જાગી શક્યો ના હું સમય ઉપર !
આજેય કનડે સ્વપ્નને 'જાગ્યા નહીં'નો થાક !

નીકળી ગયો છું ક્યારનો હું આંબલીથી દૂર !
ખીસ્સામાં લઈને 'કાતરાં પાડ્યા નહીં'નો થાક !

૧૦૧, શાંતિ કુંજ એપાર્ટમેન્ટ, ૭, પટેલ કોલોની,
મેઈન રોડ, દિપ ભવન પાછળ, જામનગર.
ફોનઃ ૦૨૮૮-૨૭૫૬૨૬૧

હરપળે

- ડૉ. પ્રદીપ આઝાદ

રાખ ના ડર મોતનો તું જિંદગીમાં હરપળે
જિંદગી લઈ આવશે એ મોતને એક જ પળે

સાચવે છે જિંદગી તુજને હવે તો હરપળે
શીદને તોયે ડગમગે તુજ ભરોસો હરપળે

ના વિશ્વાસ કર તું મોતથી જે ડરે છે હરપળે
દે ફગાવી મોતનો ડર થા મરજીવો હરપળે

તુમૂલ તોફાને જશે નાવ તો ડૂબી અબઘડી
તુજ પુકારે પ્રગટી વિભુ તારશે જો નિજ બળે

એક પળની જિંદગીને લે જીવી તું ભૂજ બળે
તાવ દે મૂછે, કર અમર જિંદગીને હરપળે.

*પ્લોટ નં. ૧૨૪૮/૧, સેક્ટર-૭/ડી,
ચૌધરી સ્કૂલ સામે, ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૯૮૨૪૦૦૩૧૪૦*





નાચે છે મોર...

- હર્ષિદા દીપક ત્રિવેદી

હૈયાના આંગણામાં નાચે છે મોર... મોર નાચે છે મોર...
એની સંગાથે ઢેલ... ઢેલ ખેતર વચાળે રૂડી ઊઘડી છે વેલ...
વેલ વીંટાતી ઝાડવાને પાંદડે ફરી... ફરી ફરતીને હળવો એ કરતી કાંઈ સાદ...
સાદ જીવતરમાં ઘોળ્યો મેં મીઠો સંવાદ..
હો... મેં તો પાણાને ગોઠવીને ચૂલો કર્યો મેં તો ચૂલામાં ઓબાળો હળવે ભર્યો...
મારી કાંસાની તાંબડીને મીઠો પરસાદ મારી લાપસીનો લાગે મીઠેરો સ્વાદ...
સ્વાદ... ઘૂંટ્યો ને ગણગણતી મીઠેરો રાગ... રાગ ગૂંજે ભરીને આજ ગણગણતી જાઉં... જાઉં જોયું તો ઓરડામાં ઓછો ઉજાસ...
ઉજાસ... આજ અંગોમાં ભરી લીધો પાસ... પાસ તુજને દેખીને આજ થાયે છે હાશ...
હાશ તારો ને મારો છે જન્મોનો સાથ...
હો... આજ ઊગી છે આસોની અજવાળી રાત, કેવી ધરતી પર ખીલી છે.
ચાંદનીની વાત, રૂડી દીસે છે પૂનમની રઢિયાળી રાત (એવો) તારો ને મારો છે જન્મોનો સાથ...
સાથ... તુજને દેખીને આજ થાતો ઉજાસ... ઉજાસ આજ ફેલાયો ચારેય કોર...
કોર દલડાનાં આંગણામાં ટહુકે છે મોર... મોર... કાનાના રૂપમાં ને રાધા છે ઢેલ...
ઢેલ... રઢિયાળી રાતોમાં રેલમ છેલ...

*૧, નંદનવન પાર્ક, ૯, સદ્ગુરુ બંગલો,
સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પાછળ, સાધુ વાસવાણી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૭૨૭૭૭૪૭૪૩*

હમણાં બેઠું થાશે ભારત...

- દીપક ત્રિવેદી

હમણાં બેઠ થાશે ભારત, ચિંતા મેલો ભારતવાસી !
સમણાં પૂરાં, પૂરી આરત, ચિંતા મેલો ભારતવાસી !

ઊઘડે નભમાં બધી ક્ષિતિજો, તારક તારક દીવડા હોજો,
રાખો હૈયે આશ - અમરત, ચિંતા મેલો ભારતવાસી !

સહસ્ર માણસ ધસી જશે તો બેઠાં થાતાં વાર ન લાગે,
સાજ સજેલી રાખો ધરપત, ચિંતા મેલો ભારતવાસી !

ડાળે ડાળે સોન-ચીડિયા બોલે એનો કરો પ્રયત્ન,
અખંડ છે આ એક ઈમારત, ચિંતા મેલો ભારતવાસી !

રામાયણ, મહાભારત, ગીતા અને ગ્રંથસાહેબ તો ઝળહળ,
ઋષિ-મુનિના કંઠ અનાહત, ચિંતા મેલો ભારતવાસી !

હાથ હલેસું કરી ત્રાટકો, પરિશ્રમ એ જ મણિ મોંઘેરો,
નિજ-નિર્ભરતા એક જ ચાહત, ચિંતા મેલો ભારતવાસી !

૧, નંદનવન પાર્ક, ૯, સદ્‌ગુરુ બંગલો,
સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા પાછળ, સાધુ વાસવાણી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૭૨૭૭૭૪૭૪૨



મેકલસુતા મા રેવા

- પ્રજ્ઞા પટેલ

જાણું છું,
તારો માર્ગ અતિ વિકટ છે
અને તારી જિજીવિષા એટલી જ બુલંદ.
વનો-જંગલોને વ્હાલ કરતી - વીંધતી તું
વધુ પ્રેમપૂર્ણ થઈને ચિરકુમારી જેમ ધપે છે આગળ
પર્વતો-ખીણો-શિલાઓ તને રોકી શકતાં નથી
પહાડોની છાતી ચીરીને તું એમાં ભરે છે
સંગમેમરમરી સ્પર્શ.
અનેક ઉબડખાબડ કેડીઓ, ટેકરીઓ
સપાટ-ઊંચાનીચા ઢોળાવો
ખેતરખળાં, ગાય, વગડો ને આકાશ
તારો કેવો બહોળો પરિવાર !
ક્યાંક તું અમાપ અસીમ મનોહર પટ-રાણી
ક્યાંક સાવ સાંકડો અવકાશ હૈયે ધરતી.
ગતિ એ જ તારો લય
ઊર્જા એ જ તારો સ્વભાવ
આનંદ એ જ તારી પ્રકૃતિ.
તું રમ્યા, મનોહરા, પુણ્યસલિલા
પ્રસન્નચિત્ત અ-કાલ, અરૂપ-સરૂપા નિરંતરા
સાધુ-સંન્યાસી, સમસ્તની આરાધ્યા
સર્વતીર્થધારિણી મા અમૃતા.
અપાર તુજ લીલા, ના'વે પાર
પશુ-પંખી-પ્રાણી પણ ધરતાં ધ્યાન.
અમારા અનેક જન્મોની તુષા છિપાવતી તું
તારાં કેવાં ગાઈએ મહિમાગાન ?
શબ્દપંખી અમારાં ભૂલતાં ભાન.
કાળના પ્રવાહોની ઝીલીને થપાટો
સમયના ચક્રને ભેદીને તું વહ્યે જ જાય છે
જેટલી બહાર એથીય અધિક ભીતર,
જીવનનું મધુર ગીત ગાતી,
રચીને નિર્મળ જળનું અલૌકિક સંગીત.
હે મા,
તું અખંડ, અનન્યા, અપરંપારા, અભયા
રાજરાજન્તી, રમતી સુરવન્તી, કોટિ રતનજ્યોતિ
કાંઠે કાંઠે ઘાટઘાટે નવ્યા
પળપળ ઝંખું દર્શન તારાં
મેકલસુતા મા રેવા, મા નર્મદા.

પ્લોટ નં. ૧૬૮૭/૧, સેક્ટર-૨-ડી,
ગાંધીનગર-૩૮૨૦૦૭. મો. ૯૮૨૫૪૩૮૩૯૪

ગઝલ...

- *ભાવિન ગોપાણી*

સાવ સામે જ છું તો આવ હવે
યાર થોડી તો હદ વટાવ હવે

જો બચાવી શકે બચાવ હવે
મેં ઉછેર્યો છે અણબનાવ હવે

ચાલ હું આંસુઓ છુપાવું છું
તું ય તારી ખુશી છુપાવ હવે

બેઉ કાંઠા નદીમાં ડૂબે છે
કોણ કોનો કરે બચાવ હવે

ભીંતથી પોપડા ખર્યા છે ત્યાં,
એક ચહેરાનો છે પડાવ હવે

એક બારીનો કાચ ફૂટ્યો છે,
છે કબૂતરની આવજાવ હવે.

ક્યાંક ખીંટી મળે તો ટાંગી દઉં
ખૂબ પહેરી લીધો સ્વભાવ હવે

૨૦, શ્રીગંગાધર સોસાયટી,
સરદાર પટેલ સ્કૂલની સામે, મણિનગર,
અમદાવાદ. મો. ૯૮૨૫૬૯૯૮૬૨૮





મારી આંખોમાં પણ આજે

- *તેજસ દવે*

રોજ હવે આ આંસુ પીને સ્મરણ ઊગ્યાં છે લીલાં,
મારી આંખોમાં પણ આજે,
તેમ છતાં આ છાતી મારી બળબળ બળતી જાય
કહો એ કોને કારણ દાજે ?
આંગણ સૂનાં, સૂની મેડી, સૂનાં ગામનાં પાદર
ઊભો કેમ રહ્યો છું રણમાં ?
પ્રથમ પૂછ્યું મેં મને જ તો મેં જાણ્યું કે કંઈ બીજું નથી
છે ખાલીપો કારણમાં.
ખાલીખમ રસ્તાની ધારે ઊભાં છે આ ઝાડ છતાંયે
કોઈ નથી નો ડૂમો બાઝે,
રોજ હવે આ આંસુ પીને સ્મરણ ઊગ્યાં છે લીલાં
મારી આંખોમાં પણ આજે,
સમી સાંજના ટાણે થાતો ઝાલરનો રણકાર
હવે ત્યાં સૂના મંદિર ગાતાં,
ઊડે હવામાં ધૂળની ડમરી ગોધણ સાથોસાથ
નથી એ દૃશ્ય હવે દેખાતાં,
કોઈ સાપની જેમ જ ડંખે વીત્યો એ ભૂતકાળ મને
મારામાં શાને કાજે ?
રોજ હવે આ આંસુ પીને સ્મરણ ઊગ્યાં છે લીલાં
મારી આંખોમાં પણ આજે.

બંગલા નં. ૧૩, મેઘના એપાર્ટમેન્ટ, મલ્ટી સ્પેશ્યાલિટી
હોસ્પિટલ સામે, ભવ્ય પાર્ક ફ્લેટની સામે, બોપલ,
અમદાવાદ૩૮૦૦૫૮. મો. ૯૯૦૪૩૮૪૭૬૯

વ્હોરી લીધી

- દર્શક આચાર્ય

પંખીની પીડા વૃક્ષો માફક વ્હોરી લીધી,
આભ સમી ઈચ્છા વૃક્ષો માફક વ્હોરી લીધી.

સૂર્ય કિરણના તેજે અસ્તિત્વને ઝળહળ કરવા,
ઝાકળની આશા વૃક્ષો માફક વ્હોરી લીધી.

પંખી સાથે બાળક જેવી માયા બાંધીને,
જંગલની ધખના વૃક્ષો માફક વ્હોરી લીધી.

વહેતા ઝરણાંની સાથે લળીને વાતો કરવા,
પર્ણોની ભાષા વૃક્ષો માફક વ્હોરી લીધી.

ફળની આશા છોડીને ફળ દેવા માણસને,
તડકાની પીડા વૃક્ષો માફક વ્હોરી લીધી.

કાળની એક થપાટે પર્ણો ખરતા જોઈને,
ખુદની જર્જરતા વૃક્ષો માફક વ્હોરી લીધી.

'કવિતા', ૧૦, અંકુર સોસાયટી,
નવા જંક્શન માર્ગ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧.
મો. ૭૬૦૦૩૬૫૨૧૦






પળપળના પરપોટા

- રમણ વાઘેલા

પળપળના પરપોટા !
નથી ખબર અહીં ક્યાંથી ઊતર્યાં તિમિર-જ્યોતના ફોટા ?
પળપળના પરપોટા !

સાચજૂઠ ને પાપ-પુણ્યના ભેદ કોણ પરમાણે ?
સરિતા સ્રોવર નીરની મધ્યે વેદ કોણ મરમાવે ?
અગમ-નિગમના બોધને પરખો-નહીં છોટા કે મોટા !
પળપળના પરપોટા !

સુખ-દુઃખ વચ્ચ જનમ-મરણના ફેર હજી ભરમાવે,
અબુધ જીવને આગળ-પાછળ કેમ હજી તડપાવે ?
આયુની આ જીર્ણ પછેડી, કેમ સીવો તમે ઓટા ?
પળપળના પરપોટા !

જળથળની આ માયા તોયે મનમૃગલું બહુ દોડે,
અલક-મલકનાં દૃશ્યો મોહી કાયાને તરછોડે,
નાવ મ્હારી મઝધારે, ક્યાંથી ઊડે ધૂળ ધૂળના ગોટા ?
પળપળના પરપોટા !

પ્લોટ નં. ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક,
સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૭.
મો. ૬૩૫૮૭૪૦૬૧૬

પ્રસ્તાવના જેવું હતું...

- ડૉ. મુકેશ જોષી

વાતની ચારે તરફ પ્રસ્તાવના જેવું હતું;
એય પાછું આમ તો સંભાવના જેવું હતું.

એ ખરું કે હું કદી સમજી શક્યો ના એમને;
આમ થોડું એમણે સમજાવવા જેવું હતું.

એમને ગમ્યું નહીં કે ખૂબ ગમ્યું શી ખબર ?
જે બન્યું સાચા હ્રદયની ભાવના જેવું હતું.

જે ગમે નહીં આ જગતના નાથને ક્યારેય પણ;
એ ખુશીથી આમ તો સંતાપવા જેવું હતું.

કો'ક પૂછે તો, જીવન, તારા વિષે હું શું કહું ?
એક કેડી આમ બસ કંડારવા જેવું હતું.

શબ્દ ને આ મૌન બન્ને એક સાથે બોલશે;
અર્થનું આખું ફલક વિસ્તારવા જેવું હતું.

"શિવ-સદન", પ્લોટ નં. ૭૬૨/૨,
જાગૃતિ પાર્ક સોસાયટી, સેક્ટર નં. ૩૦,
ગાંધીનગર-૩૮૨૦૩૦. મો. ૯૯૨૫૦૦૨૪૩૫





માંહ્યલો તું જો...

- જયંતિ ધોકાઈ

આંકના અટપટા અક્ષરો વાંચીને
સાવ સીધા માનવીનો માંહ્યલો તું જો.

ચાર ભણતર ભૂલથી ભણ્યો ભલે તું,
આંખની ઊંડાઈ વાંચી, માંહ્યલો તું જો.

પ્રેમના સપના વગર સપડાયો છો ખરો ?
ઊંઘ વેચી જાગરણ લૈ, માંહ્યલો તું જો.

શબ્દના શણગાર ? વ્યર્થ વાતું ના કર,
સ્વાનુભાવના સ્વાદથી, માંહ્યલો તું જો.

જવાહર રોડ, ઓખા,
જિ. દેવભૂમિ દ્વારકા.
ફોન: ૦૨૮૯૨-૨૬૨૬૧૧

વચ્ચે...

- પ્રશાંત સોમાણી

કોણ પડે ઝઘડાની વચ્ચે ?
સત્ય અને સપનાની વચ્ચે.

સાચું પણ દેખાશે તમને,
શંકા ને અફવાની વચ્ચે.

કંકરને શંકર છે નોખા,
ફર્ક પડે શ્રદ્ધાની વચ્ચે.

પોતાને ભીતર શોધું ત્યાં,
દેખાયો રસ્તાની વચ્ચે.

બહું મોટું અંતર છે વ્હાલા,
કરશું ને કરવાની વચ્ચે.

આઈ-૧૩૩, અભિનંદન પેલેસ, શિલ્પા પાર્ક સોસાયટી,
માતાવાડી, લમ્બે હનુમાન રોડ, સુરત-૩૯૫૦૦૬.
મો. ૭૪૦૫૧૩૭૦૦૧





પછડાયો

- વિપુલ માંગરોલિયા - વેદાંત

પટકાયો છું, પછડાયો છું,
ત્યારે ખુદને સમજાયો છું.

વિસ્તાર નથી ઝાઝો મારો,
મધ્યાહ્નનો પડછાયો છું.

અઘરો છે ઉદ્ધાર હવે તો,
હું મારામાં ધરબાયો છું.

સૌએ આપ્યો જાકારો, પણ,
દર્પણમાં હું સચવાયો છું.

મેં જ મને એક પ્રશ્ન કર્યો છે,
છેલ્લે ક્યારે હરખાયો છું ?

ધર્મો ને રંગોની વચ્ચે,
સૌની જેમ જ અટવાયો છું.

૫૭, હેપી બંગલોઝ, ત્રિકમનગર-૧,
લંબે હનુમાન રોડ, સુરત-૩૯૫૦૦૬.
ફોન: ૯૮૨૫૧૩૨૬૧૦

ગઝલ

- શૈલેષ પંડ્યા 'ભીનાશ'

ઘટના નથી દશ્યો નથી તોયે તરત પડ્યો,
મેં આંખ મીંચીને અચાનક ત્યાં ફરક પડ્યો.

હું કાંઈ જાદુગર નથી પણ એટલું ખરું,
કે જાત જેવી ઓગળી, એવો બરફ પડ્યો.

સાચ્ચું બધુંયે ખોટું માની લીધું છે તમે,
સાચ્ચું બધુંયે હું સહન કરવા અલગ પડ્યો.

લાયક નથી પણ એકદમ લાયક બની જશે,
પગ જોઈને સાલો અચાનક જે ચરણ પડ્યો.

કારણ વગર સાચે જ આ 'ભીનાશ' ના મળે,
ઋતુ મળી ના મૌસમી કોઠો ગરમ પડ્યો.

૪, આદિત્યનગર, ઘનશ્યામનગરની બાજુમાં,
ઓ.એન.જી.સી. રોડ, માર્કેટયાર્ડ, કલોલ,
જિ. ગાંધીનગર-૩૮૨૭૨૧. મો. ૯૩૨૮૨૪૬૨૦૭





ધ્યાન છે

- રેણુકા દવે

સાવ ખાલી થઈ જવાની વાત છે - એ ધ્યાન છે.
એમ છલકાઈ જવાની જાત છે - એ ધ્યાન છે.

કોઈ શિખર ખૂબ ઊંચા સર નહીં કરવા પડે,
છેક પાતાળે જતી ઓકાત છે - એ ધ્યાન છે.

ભીતરે હરદમ ઘૂઘવતો મૌનનો દરિયો વહે,
શબ્દ,અર્થો ને ધ્વનિ સૌ મ્હાત છે - એ ધ્યાન છે.

વૃક્ષ, પંખી, પુષ્પ, સાગર, તારલા ને ચંદ્ર પણ
ધ્યાનની સહુએ અનોખી ભાત છે -એ ધ્યાન છે.

કંઈક જૂના પર્વતો ભીતર હશે; તૂટી જશે,
શીત ખળખળ નીરની સોગાત છે - એ ધ્યાન છે.

ઓરડો, આસન, દીવો ને ધૂપ સંગાથે લઈ,
ચાલતા રહેવું દિવસ કે રાત છે - એ ધ્યાન છે.

શક્ય છે પરમાતમા હોવા વિશે શંકા તને,
આતમાની સર્વ સિદ્ધિ જ્ઞાત છે - એ ધ્યાન છે.

ચાખડી ભાવિ અને ભૂતકાળની ઉંબર મૂકી,
આ જ પળમાં મસ્ત કાયમ જાત છે - એ ધ્યાન છે.

જે - ૨૦૧, કનકકલા - ૨, સીમા હૉલ સામે,
સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫
મો. ૯૮૭૯૨૪૫૯૫૪

ભરમાઈ ગઈ...!

- ભૂપેન્દ્ર ત્રિવેદી. 'સ્વયંભૂ',

શ્યામ ! તારી વાંસલડીના સૂરે ભરમાઈ ગઈ,
મદભરી મારી છબછબતી કાયા કરમાઈ ગઈ.
પાંખ પ્રસારી આવેગથી
ઊડવું ગગનની ગોખે
વાલમની મધૂરી અધૂરપ
ઝૂરાપાના નિસાસા જોખે
આયખાની સાંજ વનરાવને જ અટવાઈ ગઈ,
શ્યામ ! તારી વાંસલડીના સૂરે ભરમાઈ ગઈ.
ભર ચોમાસે તરસી કાયા
પ્રેમનાં બે -બૂંદ તલસે
ઊગતા સૂરજની સાખે
સૂનમૂન હૈયું ચોધાર વરસે
કાલિન્દીના જળમહીં વસ્ત્રવિહોણી શરમાઈ ગઈ,
શ્યામ ! તારી વાંસલડીના સૂરે ભરમાઈ ગઈ.
છાતીએ વેદનાનો મૂંઝારો
'ને કાળજે ઉઝરડા ખટકે
કાલાવાલા કરું છતાં
માધવ શમણે જઈ ચટકે
નેહ વગરની પ્રીત તારી આજ પરખાઈ ગઈ,
શ્યામ ! તારી વાંસલડીના સૂરે ભરમાઈ ગઈ.

'અંતરિક્ષ', પ્લોટનંબર : ૩૯૩/૨,
સેક્ટર : ૩/બી, ગાંધીનગર. ૩૮૨ ૦૦૬.
મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨





હાઈપોથિસિસ

- સંસ્કૃતિરાણી દેસાઈ

'આપણે માનવી છીએ,'
એ 'હાઈપોથિસિસ'થી શરૂ કરીએ છીએ આપણી જિંદગી
એ પૂરવાર કરવા પ્રયત્ન કરીએ છીએ આપણા જીવનમાં
અને આખરે પૂરવાર કરીએ છીએ એને.
જો 'હાઈપોથિસિસ' બદલી દઈએ
તો તેને સાબિત કરી શકીએ.
આપણી પાસે ખુલ્લી છે એ શક્યતા
કયા 'હાઈપોથિસિસ' પર ચલાવવી આપણી જિંદગીને
પણ કોણ જાણે કેમ,
એ 'હાઈપોથિસિસ'થી શરૂ કરીએ છીએ આપણી જિંદગી
હંમેશાં.

૨/સી, નાનિક નિવાસ,
વોર્ડન રોડ, મુંબઈ-૪૦૦૦૨૬.
મો. ૯૮૨૦૯૬૦૭૯૮

ગીત

- વિનોદ ગાંધી

ધજા કરો તો ચાલે, ભાઈ, ધજાગરા ના ચાલે
ફૂલછોડ ઊગે માફકસર, ગાંડા બાવળ અઢળક ફાલે !!

બારસાખ પર તોરણ શોભે
ના શોભે ડાળી શાખો,
દેવ ગોખમાં દીવો મૂકો
ના મૂકો સૂરજ આખો
ટપકું કરો તો ચાલે કાજળ ઘસાય ના કંઈ ગાલે,
ધજા કરો તો ચાલે, ભાઈ, ધજાગરા ના ચાલે,
ફૂલછોડ ઊગે માફકસર ગાંડા બાવળ અઢળક ફાલે !

કાગળ પર અઢી અક્ષર શોભે,
ના મંત્ર તંત્રના ભારા,
અઢી સિવાયનું કશું લખો તો
એ તો માત્ર લવારા,
અમૃત બોળી હોય ન એવી કલમ કોઈના ઝાલે,
ધજા કરો તો ચાલે, ભાઈ, ધજાગરા ના ચાલે,
ફૂલછોડ ઊગે માફકસર ગાંડા બાવળ અઢળક ફાલે !

૮૩, સુવિધાનગર, ભુરાવાવ,
ગોધરા-૩૮૯૦૦૧.
મો. ૯૭૨૬૧૬૬૦૩૧



હતું ત્યારે હતું

- વિનુ બામણીયા 'અતીત'

હતું ત્યારે હતું
ગામ ગામ ગતું
ગામને ફળિયું હતું
ફળિયાને ઝાંપો હતો
ઝાંપે તોરણ લટકતું
તોરણ પર શ્રદ્ધા
શ્રદ્ધા ગળે વળગી
ગામ આખામાં ફરતી
ફરતી ચારેકોર
ગલી ગલી
ફળિયે ફળિયે
કુંવારાં સપનાઓ
આંખોમાં ભરી
ગામ છેટે
ગામ જીવતું
તળાવ પાળે
સરોવર આરે
રંગ તરંગે
વડલા ડાળે
એમ જ ઝૂલ્યા કરતાં સપનાં
સપનાં અચંબિત કરી દેનારાં
વારે વારે
રોમરોમ ભળકે બાળી દેનારાં
ગામ હવે તો ક્યાં છે ?
સપનાઓ ઉલેચી થાકેલું ગામ
હવે તો ક્યાં છે ?
વરસો જૂની વાવ પરેથી
ઝણઝણ રણઝણ
ઝાંજરીઓનો પગરવ ક્યાં છે ?
ક્યાં છે રૂપલે મઢેલી
રાત રાતમાં
હરફર કરતી
આગ ઝરંતી
જોગણીઓની ઝાળ
ક્યાં છે ?
ક્યાં છે ધોળે દહાડે
દેખેલાં એ સપનાંઓનો
ભંડાર ક્યાં છે ??

૧૧૮, શિવાશિષ પાર્ક, સ્ટેશન રોડ, કોર્ટ સામે,
હાલોલ, જિ. પંચહાલ-૩૮૯૩૫૦.
મો. ૯૭૨૭૪૫૦૭૫૪

જાતવાસો

- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'

રાત પ્રહરી ઘરવાસ થયો ને બચ્ચા પ્રહર પણ જાતવાસમાં ગાળો,
બને પછી એવું કે રમણા શ્વાસશ્વાસમાં બાંધે કાયમ માળો.

પછી ભલે હો આભે ઊડતા પાંખ પસારી, હોય બધે એ સાથે,
અને ધરા પર ચણતા હો ચણ એ વખતે પણ કર હેતાળો માથે.

પ્રહર પ્રહર એને ઠેકાણે, રાત-દિવસનો ભૂલી જાશો તાળો,
બને પછી એવું કે રમણા શ્વાસશ્વાસમાં બાંધે કાયમ માળો.

નથી જોઈતો ને નહીં આવે, ફરીફરીને અવસર આ તરગાળો,
સાવ જ નોખો વેશ ધર્યો છે, રંગ જુઓ તો કાળીરાતથી કાળો.

જે પણ રૂપે આવ્યો હો એ, ખુદને એના ઢાળ કેડીએ ઢાળો,
બને પછી એવું કે રમણા શ્વાસશ્વાસમાં બાંધે કાયમ માળો.

૨૬, બાલાજી વિલા-૧, ટી. પી. ૪૪,
ચાંદખેડા, અમદાવાદ-૩૮૨૪૨૪.
મો. ૭૫૭૪૯૫૦૦૮૧





વાત જ જવા દે

- કિરણસિંહ ચૌહાણ

ફાલતુ તકરારની વાત જ જવા દે,
ખોખલા પડકારની વાત જ જવા દે.

છોડી દીધો ને ! પછી આ ડોકિયાં કેમ ?
તું હવે સંસારની વાત જ જવા દે.

જેમને કેવળ પતનમાં રસ પડે છે,
એમના ઉદ્ધારની વાત જ જવા દે.

ગામ આ પહેલેથી સુધરેલું જ છે ભાઈ,
તું અહીં સંસ્કારની વાત જ જવા દે.

તારું સુખ જોઈને દુઃખી થઈ ગયા છે,
એ બધાં બીમારની વાત જ જવા દે.

તારા લીધે કેટલાયે ખુશ છે એ જો,
ઊંચકેલા ભારની વાત જ જવા દે.

૧૦૦, શાંતિકુંજ સોસાયટી, પાલનપુર જકાતનાકા,
વિવેકાનંદ ટાઉનશિપની બાજુમાં, સુરત-૯.
મો. ૮૧૪૧૦૩૩૩૧૦

આપણે રે એનાં અજવાળા !

- જિગર જોષી 'પ્રેમ'

ગોખમાં મૂકેલ કોઇ દીવો તે જગ,
અને આપણે રે એનાં અજવાળાં !

કોડિયાનો ઘાટ કોણે ઘડિયો હશે ને કોણે હોંશથી પૂર્યા રે હશે ઘી
કેવો કુંભાર ! વળી કેવા એના ચાક વળી ક્યાંથી લાવ્યા રે હશે માટી
સીધું ગણિત ! સાવ સીધું ગણિત તોય ખોટા પડયા રે સરવાળા
ગોખમાં મૂકેલ કોઇ દીવો તે જગ,
અને આપણે રે એનાં અજવાળાં !

બા'રથી એક હાથ પડે ટપ્પાક-ટીપ અને અંદરથી હૂંફાળો કેમ
કેવા નિભાડામાં પકવ્યા હશે તે હજી અંદરથી છીએ હેમખેમ
એવા તે શોભીએ કે જોનારો જોયા કરે ઉનાળે જાણે ગરમાળા

૫૯, ગંગોત્રી પાર્ક, યુનિવર્સિટી રોડ,
સવાણી કિડની હોસ્પિટલ સામે,
રાજકોટ-૩૬૦૦૦૫. મો. ૯૯૨૫૧૫૭૪૭૫





ગઝલ

- જિગર ઠક્કર 'ગઝલનાથ'

આ જુઓ દરિયાનો કેવો ત્રાસ છે,
સ્વાદ નામે એકલી ખારાશ છે.

ભોગ છપ્પન લૈ નદી દોડે અને,
નાવડીને નિર્જળા ઉપવાસ છે.

હું રહું છું શ્હેરમાં તો પણ મને,
એક ટહુકાનો હજી આભાસ છે.

એક છાનો પ્રશ્ન તમને હું કરું ?
શું તમારાં દિલમાં મારો વાસ છે ?

કેમ એના પાઠ હું ભણતો રહું ?
જેમને તો દંભનો અભ્યાસ છે.

હોય છે સંબંધ નામે શાપ શું ?
કે અહીં સગપણને પણ વનવાસ છે.

આગ ભડકે ને બળે કાગળ છતાં,
શબ્દમાં ઝાકળ સમી ભીનાશ છે.

લોનના હપ્તા બધા પૂરા થયા,
બે ઘડીની જીવને હળવાશ છે.

માનવોની સંગતિનું ફળ હશે,
લીમડામાં એટલે કડવાશ છે.

ભવ્યતા કેવી હશે એ મોતની,
લીલુંછમ છાયું કબર પર ઘાસ છે.

ગોઠવણ કેવી કરે તું યે અહીં !
કે હવા સામે દીવો બિન્દાસ છે.

ભેજ લૂંટાવી દીધો સૌ ફૂલ પર,
પેલું... ઝાકળ જાણે કે અય્યાશ છે.

એ મહારાણા સદા અણનમ રહે,
જેમના તો અશ્વનો ઈતિહાસ છે.

૩, સેવન હેવન એપાર્ટમેન્ટ, સાઈબાબા મંદિર સામે,
નારાણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૭૫૭૪૦૦૧૦૦૨

અંજળ લખો

- ઉમેશ જોશી

આવવું ના હોય તો કાગળ લખો,
યાદ આવે એટલી અટકળ લખો.

સામસામા ઘરની બારી જો ખુલ્લે,
પાન પીળા ઉપર તો કૂંપળ લખો.


માછલીની આંખમાં ડોકાય છે,
એ બચેલા એક બે અંજળ લખો.

આપણાં ચશ્માં છે મજમું આમ તો,
કાચ લૂછીને પછી આગળ લખો.

વાંચવા મજબૂર હૈયું થાય બસ,
જિંદગીની કોઈ એવી પળ લખો.

૫, બ્રહ્મેશ્વર નગર, બ્રાહ્મણ સોસાયટી,
અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૮૭૯૫૬૬૫૯૦





હાલરડું / જાગરડું

- મધુસૂદન પટેલ 'મધુ'

હાલુલુલુ હાલ કહી દેખાડું કોઠા સાત,
યાદ રાખજો દીકરા મારા કાયમ 'મા'ની વાત,
મમતાળી 'મા'ની વાત, હેતાળી 'મા'ની વાત.
હાલુલુલુ હાલ કહી...
કાલે ઊઠી ભણીગણીને જાવ ભલે પરદેશે,
તડકા હો કે છાંયા, રહેજો કાયમ માણસવેશે,
સદ્‌ગુણની ગળથૂથી પાઈ, ધવડાવી છે જાત.
હાલુલુલુ હાલ કહી...
મંગળ ઉપર મહેલ બાંધો કોઈ કદી ના ટોકે,
સતનારણની કથા કરાવો ચંદરમાના ચોકે,
એવાં એવાં કામ કરો કે ગર્વ કરે ગુજરાત.
હાલુલુલુ હાલ કહી...
નાત-જાતને છોડી, તોડો ધરમ-ભરમની વાડો,
આપ ભલા તો જગત ભલું ને રાત ભલી તો દ્હાડો,
દિવસે એવાં કામ કરો કે સુખે વીતે રાત,
હાલુલુલુ હાલ કહી...
શરીર સાધન ધરમ-કરમનું, શરીરને સાચવજો,
અજવાળું આરામ કરે તો તમેય એવું કરજો,
અને લલાટે જાતે લખજો પંખીનું પરભાત.
હાલુલુલુ હાલ કહી...
જંગલ,ઝરણાં, પર્વત,સાગર, પ્રેમ સકળને કરજો,
રહે બનીને જે જમણો કર એ વામાને વરજો,
ગાય, નદી ને પર નારીને કાયમ ગણજો માત.
હાલુલુલુ હાલ કહી...
સખા-સહેલી સૌને કરજો બિનતી સંગ ટકોર,
ખાણ હીરાની છોડી, ખોદો ઘરડાઘરની ઘોર,
'મા'ની આશિષ એ જ કે પામો સમજણની સોગાત.
હાલુલુલુ હાલ કહી...

સી-૧૨૦૪, કવિશા સેલીબ્રેશન્સ, આરોહી ક્લબની સામે,
આમંત્રણ બંગલોની બાજુમાં, દક્ષિણ બોપલ,
અમદાવાદ-૩૮૦૦૫૮. મો. ૯૨૨૭૫૧૦૮૭૨

ગઝલ

- નટવર હેડાઉ

એક હવાની લહેરખી આવી, બન્નેને સ્પર્શી જાય છે,
પથ્થરની મને ખબર શું, પણ ફૂલ તો મલકી જાય છે,

પતંગિયું તેને કહે છે, આવ મળીને નૃત્ય કરીએ,
ભ્રમર આમ તો ખુશ છે, પણ જરા શરમાઈ જાય છે,

રણમાં દૂર ક્યાંક ક્યાંક, પાણી જેવું દેખાતું કંઈક,
આપણને સંસાર યુગોથી, એમ ભરમાવી જાય છે,

સવારના ઝાકળનાં બુંદો, પર્ણો પર વરસે છે એવાં,
લાગે જાણે છુપાઈ કોઈ, મોતી વરસાવી જાય છે,

ફૂલોમાં સુગંધ પણ, કોઈક તો ભરતું હશે ને,
પતંગિયાની પાંખોને, કોણ સજાવી જાય છે,

સિંદૂરવર્ણી સાંજમાં આ કેવી મદહોશી છવાઈ જુઓ,
તેમાં દરેક પંખીડા તો, ગીત ખુશીનાં ગાય છે,

વાદળ તેની પાંપણમાં, પાણીને છુપાવી રાખે ને,
પૂછ્યા વિના જ ધરતીની, એ તરસ બુઝાવી જાય છે,

પ્રતિબિંબોનું આવન-જાવન, એમ ચાલતું રહે સદા,
છેવટ તો દર્પણ ખાલીને, ખાલી બસ રહી જાય છે,

હોઠ ચૂપ છે પણ મનથી, ચાહું છું હું તેને હજુ,
ખુલ્લા પગે મળવા 'નટવર', એ તો આવી જાય છે,

'અરણ્યાલય', ડુપ્લેક્સ-૫, હરિનગર સોસાયટી,
વાવોલ, ગાંધીનગર-૩૮૨૦૧૬.
મો. ૯૪૨૮૪૧૭૪૦૬









છાયા હવે ચાલી

- જિતેન્દ્ર પ્રજાપતિ

હતી અજરાઅમર એ આખરી આશા હવે ચાલી,
જીવનભર દીકારની વાટ જોઈ મા હવે ચાલી.

તમે જોયું જ નહીં, જે ડાળ કાપી ત્યાં હતો માળો,
તમારી ભૂલથી પંખીની લ્યો દુનિયા હે ચાલી.

થયું હોવાપણું સાબિત અહીંયાં આખરે એનું,
ધવલ અજવાસ પહેરીને બધી છાયા હવે ચાલી.

ખબર એવીય છે સૂરજના લીધે ભોર સળગી છે,
કહો, ચિનગારીને લઈને હવાઓ ક્યાં હવે ચાલી ?

ગજા મુજબ બધાંએ સરભરા એની અહીં કીધી,
થયો ઉપચાર તો સામાન લઈ પીડા હવે ચાલી.

મુ. પો. બગદાણા, વાયા-ઠળિયા,
જિ. ભાવનગર-૩૬૪૧૪૫.
મો. ૯૬૨૪૬૫૭૩૫૪

સાહેબજી

- બેન્યાઝ ધ્રોલવી

શબ્દનાં ફૂલો ઉગાડો સાહેબજી,
ખુશ્બૂની ગઝલો જગાડો સાહેબજી.

વ્યોમની શતરંજ પાથરજો રાત દિ',
ચંદ્ર-સૂરજને રમાડો સાહેબજી.

આંગણે અવસર રંગીલો લાગે મને,
ઢોલ શરણાઈ વગાડો સાહેબજી.

બંધ ઘરમાં જખ્મની સાંકળ ખખડેલી,
દર્દનાં દ્વારો ઉઘાડો સાહેબજી.

નામના ફૂલોની બાગે સારી હતી,
નામ ભ્રમરનું કાં બગાડો સાહેબજી ?

ઘા સમયના શ્વાસમાં હું ઝીલ્યા કરું,
જીવ હળવેથી ઉપાડો સાહેબજી.

કલ્પના થાળી પીરસજો ''બેન્યાઝ''ને,
કાવ્યનું ભોજન જમાડો સાહેબજી.

કાઝી વોચ કંપની, જેલરોડ, કાપડ બજાર,
ધ્રોલ-૩૬૧૨૧૦, જિ. જામનગર.
મો. ૮૪૦૧૦૩૫૪૭૭





કોરોના

- મહેશ દેસાઈ

કદી ન ધારેલ
ન જોયેલ, ન જાણેલ.
એવા કાળમુખા કોરોનાના
સકંજામાં સપડાયેલ શહેરમાં
અમલી બનેલ કરફ્યુમાં
સઘળું એકદમ બંધ
જેમનું તેમ અકબંધ
સૂનકારના ઓછાયામાં સૂમસામ !
શહેરની બળબળતા બપોરની
એકધારી શૂન્યતા !
શહેરની આવી આટલી લાંબી
રિક્તતા ક્યાં સુધી ?
કોરોનાવાળા ઉદાસ વાતાવરણમાં
પ્રસન્નતાની ક્ષણોના
પેલા આકાશના
સવાર-સાંજ વિસ્તરતા રંગો,
ઝાકળ ભીની સવારનો
પંખી કલરવ,
ઝરણાનું ખળખળ વહેવું,
સાગરનો ઘુઘવાટ,
ફૂલોનું ખીલવું,
પતંગિયાનું ઊડવું,
ભમરાનો ગુંજારવ,
એક સાથ પક્ષીઓનું ઊડવું,
દૂરથી આવતો કોયલનો
મધુર ટહુકો...
આવી વિસ્મયકારક
પ્રાકૃતિક નયન રમ્યતા
હવે ક્યારે જોવા-સાંભળવા મળશે ?
હવે શહેરમાં
નવો સૂર્ય ક્યારે ઊગશે ?!

બી-૧૫, ત્રીજે માળે, રાજુ ફ્લેટ્સ,
વિશ્વકર્મા મંદિર પાછળ, મજૂરા ગેટ પાસે,
સૂરત-૩૯૫૦૦૨. મો. ૮૨૩૮૫૭૪૪૫૦

છૂટ્ટા પડ્યાનો ભાવ

- હાર્દિક વ્યાસ

મનગમતો એ પડાવ પછી ઓગળી જશે,
છૂટ્ટા પડ્યાનો ભાવ પછી ઓગળી જશે.

પ્રવેશવાને કર હવે તું સામનો સતત,
ભીતરનો એ પ્રભાવ પછી ઓગળી જશે !

પંખીઓ પાળ પરના પથ્થર બની જશે,
બાકી બચ્યું તળાવ પછી ઓગળી જશે !

ભૂતકાળ તારા નામનો ખૂંચ્યા કરે પ્રબળ,
જૂનાં સ્મરણનો ઘાવ પછી ઓગળી જશે.

માણસ ખોવાઈ જાય છે, મળતા નથી સગડ,
'હોવું' - રહસ્યભાવ, પછી ઓગળી જશે !

આયોજનો થયાં ઘણાં ને યોજના ઘડી,
દોડી રહ્યાનો દાવ પછી ઓગળી જશે !

ગાતા ગવાઈ જાય પણ કંઠ ના મળે,
ગીતાના હાવભાવ પછી ઓગળી જશે !

તારા વિચાર અંગે હું કંઈ જ ના વિચારું,
શ્વાસોની આવ-જાવ પછી ઓગળી જશે !

વૃક્ષોને કર વિનંતી ઊભાં રહે ઘડીક,
આકાશનો લગાવ પછી ઓગળી જશે !

રંગોની ભાતમાં પણ કણસે ઉદાસ પીંછી,
ચિત્રોનો આ ઉઠાવ પછી ઓગળી જશે...!

બ્લોક નં. ૦૪, ધરતી પાર્ક-૧, પાઠક સ્કૂલ સામે,
હનુમાનપરા મેઈન રોડ, અમરેલી-૩૬૫૬૦૧.
મો. ૯૮૨૫૪૧૫૬૯૫






ભીતરે જો કેટલો વિષાદ છે...

- સ્નેહલ નિમાવત

ભીતરે જો કેટલો વિષાદ છે,
તે છતાં ઘરમાં ઘણો ઉલ્લાસ છે.

ચાર દીવાલો જ જાણે છે બધું,
કોણ, ક્યારે, કેટલું આઝાદ છે.

શું ફરક પડશે હવે ચિંતા કરી !
આ જીવન તો આમ પણ બરબાદ છે.

ધરપકડ થઈ છે હવાના ચોરની,
સાગરિતો ફૂલ ને ફૂલછાબ છે.

એક કૂવો થઈ ગયો ગોઝારિયો,
ગામની બસ એટલી ફરિયાદ છે...

૧૬, આકાર સોસાયટી, સમાન કોમ્પલેક્સ પાસે,
જોધપુર ચાર રસ્તા, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦૦૧૫. મો. ૯૪૨૯૬૦૫૯૨૪

તમે છો

- ભરત વિંઝુડા

હવે હું છું અને કેવળ તમે છો,
છું અંતિમ પળ ને ગંગાજળ તમે છો.

તમે જ્યાં જાવ ત્યાં આવી રહ્યો છું,
હું પાછળ છું અને આગળ તમે છો.

તમોને સ્પર્શવા કેવી રીતે એ,
કહો, કારણ કે બહુ કોમળ તમે છો.

તમે ધરતી જ હોવા જોઈતા'તા,
હું બેઠો ત્યાં અને વાદળ તમે છો.

તમારી સાથે સાથે વીતવું છે,
જીવું છું હું અહીં તે પળ તમે છો.

તમે પહોંચો તમારા મૂળ સ્થાને,
લખાયેલો કોઈ કાગળ તમે છો.

રામકૃપા, ખાદી કાર્યાલય, પાસે,
સાવરકુંડલા, જિ. અમરેલી.
મો. ૯૪૨૬૪૫૬૯૩૪





ગઝલ

- યોગેશ પંડ્યા

તારી મારી વચ્ચે સાજણ, બારી જેવું ક્યાં છે ?
ખુલ્લાં છે ફળિયાં ને આંગણ, પાળી જેવું ક્યાં છે ?

તો ય છતાં જુદારો રાખી કહ્યા વગરના 'ગ્યા છો !
દિવસો છે દિવાળીના, દિવાળી જેવું ક્યાં છે ?

સરવાળો જો કરો પ્રેમનો, રકમની વધઘટ થાશે,
ઓછુંવત્તું ચાલે, બાકી મંદી... જેવું ક્યાં છે ?

હું તો ટહુકો કર્યા વગર પણ એને આંગણ જાઉં,
એને ખબર નથી, બે દિલમાં ખડકી જેવું ક્યાં છે ?

આવડતું જો હોય સમયની ચાલ ને પારખવાનું,
ઝડપી લેજો ક્ષણને, ક્ષણમાં ભરતી જેવું ક્યાં છે ?

જીવતર રણની જેવું છે ને રણમાં ખાલી રેતી,
તું જે જોવે છે : મૃગજળ છે, પાણી જેવું ક્યાં છે ?

મિત્રો છે તો જલસા છે ને આ જલસા સિવાય છે શું ?
ફાંટ ભરીને લૂંટી લો, પાબંધી જેવું ક્યાં છે ??

૧૪૧, શિવનગર, તળાજા રોડ,
ભાવનગર-૩૬૪૦૦૨.
મો.૯૩ ૭૭ ૧૧ ૪૮ ૯૨

જગથી જુદી મા ગુજરાતા...

- રવજી ગાબાણી

ગુણિયલ ગુર્જર તું છો માતા, જગથી જુદી મા ગુજરાતા,
તારી માટી ચૂમીને સૌ, હરખે મીઠાં ગીતો ગાતા.
ગુણિયલ ગુર્જર તું છો માતા....

તારી ભૂમિ પુણ્ય સલિલા, પકવે મીઠાં અઢળક ધાન,
સંપી રહેતા સહુ કોઈ જ્યાં, મહેમાનોને મળતાં માન,
અરબી સાગર પરથી આવી શીતળ વાયુ હળે વાતા,
ગુણિયલ ગુર્જર તું છો માતા, જગથી જુદી મા ગુજરાતા

કચ્છનું રણ ને સાપુતારા અરવલ્લીના ભૂરા પહાડો,
પાવાગઢ ને, ગઢ ઊંચો જ્યાં સિંહો દે આખો દી દહાડો,
નરસિંહ, મીરાં, તાના-રીરી જેવા સૂત સપૂતા ગાતા,
ગુણિયલ ગુર્જર તું છો માતા, જગથી જુદી મા ગુજરાતા.

ઉત્તર અંબા, પૂરબ કાલી, બે દેવો પશ્ચિમમાં બેઠા,
જન જનને તું રક્ષે માતા ! હાથ કદી ના પડતા હેઠા,
સાબર, મહી, તાપી, રેવા મીઠાં જળથી આપે શાતા,
ગુણિયલ ગુર્જર તું છો માતા, જગથી જુદી મા ગુજરાતા.

શૂરા, સંતો જન્માવ્યા તે નર - નારીઓ પણ ટેકીલાં,
ગાંધી, વલ્લભ, ઈન્દુચાચે પાડ્યા છે જ્યાં નવતર ચીલા,
એવી માના ખોળે માથું મૂકી કવિઓ યશને ગાતા,
ગુણિયલ ગુર્જર તું છો માતા, જગથી જુદી મા ગુજરાતા.
ગુણિયલ ગુર્જર તું છો માતા...

૯, સંકલ્પ બંગ્લોઝ, નાના ચિલોડા સર્કલ પાસે,
એસ. પી. રીંગ રોડ, અમદાવાદ-૩૮૨૩૩૦
મો. ૯૮૯૮૪૪૧૩૭૫



હોવો જોઈએ

- દિનેશ પોપટ

ગમતો જીવનમાં એક તો કિરદાર હોવો જોઈએ,
માણસ ભલે ત્યાગી ન હો દિલદાર હોવો જોઈએ.
છો ને નિવારી ના શકે અસ્તિત્વની ગાંઠો બધી,
એ શેરડી જેવા સદા રસદાર હોવો જોઈએ.
નાખે નજર ના કોઈ દી એ અન્યની જાગીર પર,
તાસીરથી સાવજ સમો ખુદ્દાર હોવો જોઈએ.
સંબંધ હો લાખો ભલે એ ઠાઠ છે ઉપરછલ્લા,
દિલમાં ઊતરવા કોઈના હકદાર હોવો જોઈએ.
યાચક બધાય હો છે શું રંક કે ધનવાન પણ,
આપે ક્ષમા એ એટલો, કલદાર હોવો જોઈએ.
બિરાદરી પર કોઈની એની હકુમત હો ન હો,
મનમાં પ્રગટતી વૃત્તિનો સરદાર હોવો જોઈએ.

બી-૩૦૩, 'નિલામ્બુજ', કમલ એપાર્ટમેન્ટ,
શંકરલેન, કાંદીવલી (વે), મુંબઈ-૪૦૦૦૬૭.
મો. ૯૯૬૭૦૫૯૫૮૭

ગીત

- કુમાર જૈમિનિ શાસ્ત્રી

જળમાં પરપોટાનું હોવું, જળથી પણ અદકેરું,
રજકણ છો ને શિખરે બેઠી, નથી દેખતી મેરુ.
અહમ્ કહો કે સોહમ્ કહો,
એ શબ્દ માત્રનો ફેર,
સ્થિતિ-ગતિની પ્રલંબ લીલા,
પછી ઠેરના ઠેર.
ચરણ ચલે કે દિશા ચલે, ઊભું રહે છે દેરું,
રજકણ છોને શિખરે બેઠી, નથી દેખતી મેરુ.
પગલાં પાછળ પગલાં ચાલે,
કેડી હોય કે રસ્તા,
મારગ આગળ વધે છે હરપળ,
પગલાં પાછળ ખસતા.
ભરમ કહો કે કહી દો વાસ્તવ, સત્ય રહે આઘેરું,
રજકણ છોને શિખરે બેઠી, નથી દેખતી મેરુ.

૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ,
ગોધરા-૩૮૯૦૦૧.
મો. ૯૮૨૫૦૨૯૬૫૭

ગઝલ

- સાહિલ

ડેરા કોઈના એટલે તો કાયમી નથી,
લાગે છે કોઈનેય આ દુનિયા ગમી નથી.

મારા - તમારા સહુના અનુભવની વાત છે,
માણસમાં માણસાઈ વિના કૈં કમી નથી.

બે શ્વાસ ભર પ્રભુ તો તને પણ ખબર પડે,
આ જગમાં જીવવાથી કશું જોખમી નથી.

ના જાણ્યો અંધકાર હજી એવો કોઈએ,
ભીતરમાં જેની જ્યોત કોઈ ટમટમી નથી.

ક્યારેક તો વિચારો મારી લાગણી વિશે,
માણસ છું હરતો ફરતો હું કોઈ મમી નથી.

જોવા મળ્યો ન શખ્સ મને એવો એક પણ,
ક્યારેય ખુદની કામના જેણે દમી નથી.

માણસની વેદના-વ્યથા એ સમજે શી રીતે,
'સાહિલ' ખુદા ખુદા છે. કોઈ આદમી નથી.

'નિશા', ૩-૧૫, દયાનંદનગર,
વાણિયાવાડી, રાજકોટ-૩૬૦૦૦૨.
મો. ૯૪૨૮૭૯૦૦૬૯



શું કરે ?

- અમીચંદભાઈ શા. પટેલ, 'અ'

સદા સમાધિસ્થને ઉપાધિ શું કરે ?
જપ-તપે રતને લપલપ શું કરે ?

જુસ્સો એનો અપાર, ગુસ્સો તેને શું કરે ?
ગાંધીગીરી કરનારને ગુંડાગીરી શું કરે ?

સદ્ગુણની મહોર છે, સોના મહોર શું કરે ?
જિગરથી જવાંમર્દને, દર્દ શું કરે ?

પ્રજ્ઞાપક્ષુ જેને મળ્યા, ચર્મચક્ષુ શું કરે ?
સદા શ્રવણ માવતરનો, તીર્થધામ શું કરે ?

દરિયાદિલીને ખાબોચિયું સુકાઈ શું કરે ?
ઈશની જેને મહેર છે, લીલાલહેર શું કરે ?

'સુમંગલમ્', ૫૧ લક્ષ્મીનારાયણ સોસાયટી,
મહાવીરનગર, હિંમતનગર, સાબરકાંઠા-૩૮૩૦૦૧.
ફોન: ૦૨૭૭૨-૨૩૫૦૦૨

જીવી લીધું

- હરીશ ધોબી

ઓછું - વત્તું, હલકા - ભારી જીવી લીધું,
જેવું તેવું મનને મારી જીવી લીધું.

ખૂબ જ કરતી'તી નખરાં એ મારી આગળ,
ઈચ્છાને ઠોકર ફટકારી જીવી લીધું.

ખુશ કરવી'તી દુનિયાને બસ એ કારણસર,
જીવતરને ચાંપી ચિનગારી જીવી લીધું.

જીવવા જેવું જીવવા ખાતર મૃત્યુને પણ,
ડગલે ને પગલે પડકારી જીવી લીધું.

કોઈ દિલાસો દેનારું ના દેખાયું તો,
મેં ખુદનો વાંસો પસવારી જીવી લીધું.

ઘર આગળના રસ્તાઓ ખામોશ થયા તો,
મેં પણ બંધ કરીને બારી જીવી લીધું.

ગાયત્રીનગર સોસાયટી, કેનરા બેંકની બાજુમાં,
ડેરોલ સ્ટેશન રોડ, મુ. પો. તા. કાલોલ,
જિ. પંચમહાલ-૩૮૯૩૩૦. મો. ૯૯૨૪૪૭૨૩૮૫.

મૃત્યુ કદી મરતું નથી



- કૌશિક મહેતા

મૃત્યુ કેવું હશે?
એકવાર હાર્ટ એટેક આવેલો
ત્યારે થોડો ભાસ થયેલો
પણ ડોક્ટરોએ બચાવી લીધો
એટલે બહુ સમજાયું નહિ
મૃત્યુ....
મૃત્યુ શું ઈરફાન ખાનને
આવ્યું એવું હશે?
એ શું તમને તમારા
ગંતવ્ય સ્થાન પહેલા
ઉતારી દેનારું હશે?
મૃત્યુ શું ઋષિ કપૂરને
આવ્યું એવું છેલ્લે
સુધી હસમુખ બનાવી રાખે
એવું હશે?
કે પછી...
તમે રાહ જોતા રહો અને
આવે જ નહિ
એવા બેવફા પ્રેમી
જેવું હશે?
મૃત્યુ શું મહાભારતમાં
આવતી બ્રહ્માના સર્જનની વાત
જેવું અંધ અને
બધિર હશે?
મૃત્યુ શું જીવનનો
મલાજો પાળે એવું
વિવેકી હશે? કે પછી
હોઠે આવેલો પ્યાલો
છીનવી લઈ તરસ
અતૃપ્ત રહે એવું હશે?
મૃત્યુ શું ઈસુના
વધુ સ્તંભ જેવું ક્રૂર
હોય છે? કે પછી
નાટકનો અંક પૂરો થાય
ને પડી જતા
પડદા જેવું હશે?
મૃત્યુ શું ગોડસેની
ગોળી જેવું નિશાનેબાજ
હશે? કે પછી એને
વળગી પડાય એવું
પ્રિયતમના આગોશ જેવું હોટ
કે માના ખોળા જેવું હૂંફાળું હશે?
મૃત્યુ કેવા પગલે આવતું હશે?
બિલ્લી પગે કે તબડક તબડક
કરતુ ઘોડે ચડી?
એનો અવાજ કાન ફાડું
હશે કે પછી
હશે પંખીઓનો કલશોર?
મૃત્યુની શું કેટેગરી હશે?
ગરીબ માટે ક્રૂર ને
ધનવાન માટે કંફોર્ટબલ
એમ હિન્દુ મુસ્લિમના
ભેદ કરે એવું હશે?
મૃત્યુ ય ક્યાં કોઈને સમજમાં
આવ્યું છે?
એ ય કોરોના વાઈરસની
જેમ વણ ઉકેલ કોયડા
જેવું છે ...
કદાચ એટલે જ
મૃત્યુ કોઈને ગમતું નથી
વણ નોતર્યા મહેમાનની
જેમ આવે છે
સમડીની જેમ શિકાર
કરી ઉડી જાય છે.
ગાવું તો છે
મૃત્યુ મરી ગયું રે લોલ
પણ
મૃત્યુ જ એક એવું છે
જે સાલું કદી મરતું નથી

૧૦૨, શિલ્પા એપાર્ટમેન્ટ,
૧, બાલમુકુંદ પ્લોટ, નિર્મલા સ્કૂલ રોડ
રાજકોટ-૩૬૦૦૦૫
મો.-૯૪૨૭૨૧૪૨૦૩


" રાજ્યાભિષેક "
- પ્રશાંતભાઈ પટેલ
મો. - ૯૪૨૭૫૫૪૧૪૬



પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. ● પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.